लाल बहादुर शास्त्री राष्ट्रीय प्रशासन अकादमी
L.B.S. National Academy of Administration
मसूरी
MUSSOORIE

पुस्तकालय
LIBRARY

अवाप्ति संख्या
Accession No. 8323
वर्ग संख्या
Class No. Gwi 295
पुस्तक संख्या
Book No. Hod

પાક ઇરાનશાહની તવારીખ.

લખનાર :
શાપુરજી કાવસજી હોડીવાલા, બી. એ.

(મુંબઇની જરથોસ્તિ જશન કમીટિએ
સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે.)

પ્રગટ કરનાર :
મુંબઇની જરથોસ્તી જશન કમીટિ.

ઈ. સ. ૧૯૨૭. ય. ઝ. ૧૨૯૬.

પ્રગટ કરનારઃ

મી. નશરવાનજી પેસતનજી મુનશી,
ઑ. સેક્રેટરિ, જરથોસ્તી જશન કમીટિ,
૪૮, નાનાભાઈ લેન, કોટ,–મુંબઈ.

છાપનારઃ

મી. મંચેરશાહ જાલભાઈ દાવર,
તે એલન પ્રીન્ટીંગ પ્રેસના માલેક,
૧૦, મીલીટરી સ્કવેર લેન, કોટ–મુંબઈ.

કીંમત રૂ. ૫.

અર્પણ પત્રિકા.

જુલમાત, રખડાટ, હાદેસા, તથા આફત વગેરેથી આજેજ
ન થતાં, પારસી જરથોસ્તીઓના જે માનવંત આથ્રવન
તથા બેહેદીન ન્યાગાનોએ ધર્મના રક્ષણાર્થે રાતદિવસ
ભારે રંજ ખેંચી આ હિંદુસ્થાન સરજમીન ઉપર
સંજાન બંદરે પ્રથમ બરપા કરેલા તથા
હાલે ઉદવાડામાં ઠરીઠામ થયલા,

પાક ઇરાનશાહ આતશબેહેરામની

રખેવાલી તથા પાસબાની
કરી-કરાવી, પારસી જરથોસ્તી
કોમનાં જીગરોને ૧૨૦૦ વર્ષથી
વધુ મુદત સુધી દિન પ્રતિદીન ભક્તિભાવથી
ઉભરાતાં તથા ઉછળાતાં રાખ્યાં છે, તે ન્યાગાનોને
તથા તેમના હાલના જાયેનશીનો તથા વારસો સર્વેને આ

પાક ઈરાનશાહની તવારીખ

અર્પણ કરવામાં આવે છે.

જશન કમીટી તરફનો દીબાચો.

"આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઓ!". "અહુરમજ્દના પુત્ર, અય આતશ!" એવા મોતેબર શબ્દો વડે અવસ્તા ભણતરો પવિત્ર આતશને માન સાથે યાદ કરે છે, અને તે નુરી કેબલાને અહુરમજદના પુત્રનો એલકાબ આપી તેનો મહાન દરજ્જો સ્વીકારે છે. આતશની સેતાયશ શાહનામાં પ્રમાણે પેશદાદીઆન વંશના શહેનશાહ હુશંગ—કે જેમના અયામમાં આતશની શોધ થઈ હતી—તેમના કદીમ જમાનાથી ઈરાનના પોર્યોતકએશોમાં ચાલુ થઇ હતી, અને આપણાં પુરાતન જશનોમાંનું સર્વથી પહેલું જશન (જશને સદેહ) આ નુરી કેબલાની શોધની યાદમાં હુશંગ પાદશાહે કર્યું હતું. ત્યાર બાદ અનેક શહેનશાહોએ પવિત્ર આતશના કેબલાઓ જુદા જુદા યાદગાર પ્રસંગોની યાદમાં પરથાવ્યા હતા, અને ઝળકતા જરથોશ્તી રાજ અમ્મલ દરમ્યાન સેંકડો આતશ કદેહો ઈરાન સરજમીન ઉપર રોશન રહી ભાવિક ઈરાનીઓ ઉપર મીનોઈ શકિતઓના આશિર્વાદ ઉતારતા રહયા હતા.

જમાનાની ગીરદેશથી જ્યારે સાસાન્યન શહેનશાહ યજદ-જરદની હાર થઈ, અને આપણા કેબલાઓની તથા ધર્મની જાળવણી મુશ્કેલ થઇ પડી, ત્યારે આપણાં દીનદાર ન્યાગાનોનો એક કાફલો પોતાના પ્યારા મજહબને ખાતર પોતાનું વ્હાલું વતન છોડીને હિંદુસ્થાન દેશ તરફ હંકારી આવ્યો. દીવ બંદરે તેઓ ઉતર્યા અને ત્યાં ૧૯) વર્ષ રહયા બાદ ફરી કિશ્તિમાં સ્વાર થયા. ભરદર્યે મોટું તોફાન નડયું અને તે ઈમાનદાર જરથોશ્તી-ઓના જાનો ભયમાં આવી પડયા, ત્યારે તેઓએ કુશ્તી કરી, અને દુવા ચાહી કે જો હમો સલામત કીનારે પહોચીશું તો એક આતશબ્હેરામ પરથીશું. પાક કીરતારની મહેરથી તેઓ સંજાણ બંદરે સહી સલામત ઉતર્યા. ત્યાના રાજકર્તા જાદીરાણાએ

તેમને આશરો આપ્યો, અને ત્યાં પાંચ વર્ષ ઠરી ઠામ થયા પછી દરિયાનાં તોફાન વેળાએ પોતે લીધેલું વ્રત યાદ કરીને આતશબ્હેરામના નુરી કેબલાને પરથવાનું કામ સહનશીલ રાજા જાદીરાણાની દરેક મદદ સાથે તેઓએ શરૂ કર્યું, અને ફતેહમંદીથી દીની તરીકતો મુજબ પાર પાડયું. તે કેબલો ઈરાનશાહનાં મુબારક નામથી ઓળખાવા લાગ્યો. આ બનાવને આપણા લોકની ચાલતી આવેલી માન્યતા પ્રમાણે આવતા આદર મહીના અને આદર રોજે ૧૨૦૬) વર્ષ પૂરાં થશે.

બાર સદીના લાંબા વખત સુધી આતશનો એક કેબલો તેના ભાવિક સેવકોની ફેદાગીરી તથા જાતી ભોગોની બરકકતથી રોશન રહે, એ બનાવ દુન્યાના ઇતિહાસમાં એક નોંધવાજોગ બનાવ લેખાવો જોઇએ. ઉદવાડા ખાતે ઝકઝકતા આ રોશન આતશની સનમુખ તે આપણાં ન્યાગાનોએ ખોદાતાલાની બંદગી કરી હતી કે જેઓ ઈરાન વતનથી પોતાની દીનને ખાતર અત્રે ચાલી આવ્યાં, એટલે આ નુરી કેબલો આપણ અને બાર સદી ઉપરનાં અત્રે આવેલાં તે આપણાં બહાદુર ન્યાગાનોની વચ્ચેનું એક મજબુત જોડાણ તથા એક ઝળકતી સાંકળ છે. ત્યાર પછીના નજદીક ૪૦) પહેડીના આપણા વડવાઓએ પણ આજ નુરી કેબલા સનમુખ પોતાનાં જીગરની પરસ્તેશ તે પાક દાદાર અને તેમના મીનોઈ સરદારોની આલા હજુરમાં પહોચાડી હતી, અને આ આપણની ખુશબખ્તી છે અને શુકરગુ-જારીની બીના છે, કે તેજ પાક નુરની સનમુખ આપણે પણ અષો અહુરમજદ અને પાક અમષાસ્પંદો તથા યજદોની સેતાયશ કર્યે છીયે. અંતઃકરણ પૂર્વક આજ દુવા આપણે ગુજારીશું કે ચાલીસ પહેડીના આપણા ન્યાગાનોની ૧૨૦૦ વર્ષ ઉપરની ખરાં દીલની ફેદાગીરીથી આ નુરી કેબલામાં જે બરકત જાહેર થઈ છે, અને તેના કલ્યાણકારી ખોરહની જે જયાદતી થઈ છે, તેમાં આપણાં પોતાના જમાનાનાં અને હવે પછીની આપણી ઓલાદનાં જરથોશ્તી ભકતોની દુવા, બંદગી તથા અર્પણતાથી વધારો થાય, અને હજારો સાલ સુધી

પાક ઈરાનશાહના કેબલા મારફતે સર્વે મીનોઈ શકિતઓના આશિર્વાદ આપણી કોમ ઉપર ઉતરી, તેને અપોઈના માર્ગમાં આગળ વધારે અને સદા હુમત, હુખ્ત અને હ્વરશ્ત ઉપર ઉસ્તવાર રાખી આપણી પુરાતન કોમની જાહોજલાલી તથા નામ્નામાં વધારો કરાવે!

ઈરાનશાહના પાક કેબલા સાહેબની પાછળ આ દેશમાં બીજાં સાત આતશબ્હેરામો તથા ઘણીક દરેમેહેરો જગેજગ સ્થાપિત થયાં છે, અને પોતાની આસપાસ પોતાનાં પાક ખોરેહની બરકત ફેલાવતાં રહયાં છે. આવતાં આતશનાં પરભને દિવસે જ્યારે ઈરાનશાહની ૧૨૦૭ મી સાલગરેહ આવશે ત્યાર આગમજ બાવીસ લાખ નવસો અને પચાસ બોય તે નુરી આતશ ઉપર દેવાઈ રહેશે, અને તેમની સનમુખ કરોડો આતશ ન્યાએશો ભણાઈ હશે! જેમ જેમ આ ક્રિયાઓ તથા આ સેતાયશ આ કેબલા સાહેબને અર્પણ થાય છે, તેમ તેમ તે કેબ્લા સાહેબની બરકતી અસરમાં ઉમેરો થાય છે. પવિત્ર આતશ ગેતી અને મીનોઈ વચ્ચેનું એક મજબુત જોડાણ છે, આપણ ભાવિક સેવકોની પરસ્તેશ તથા આરાધના મીનોઈ-શકિતઓને તે કેબલા મારફતે પહોંચે છે, અને પાક અહુરમજ્દ અને તેમના મીનોઈ સરદારોના આશિર્વાદ તે કેબલા મારફતે આપણને મળે છે. જરથોશ્તીઓની આ કેબલા તરફની ભકિત તથા જાનફેશાની સદા વધતી રહે, અને આપણી કોમને રક્ષણ કર્તા તથા બરકત આપતા પવિત્ર ઈરાનશાહનું ખોરેહ જ્યાદે અને જ્યાદે બને એવી દુવા ગુજાર્યે છીએ!

યજ્દજરદી સને ૧૨૯૦ ના આદર માહ અને આદર રોજ (તા. ૧૬ મી મે ૧૯૨૧) ને દીને જ્યારે જશન કટીમી તરફથી ઉદવાડા ખાતે પાક ઈરાનશાહની ૧૨૦૧) ના વર્ષની સાલગરેહની ખુશાલીમાં એક મોટું અને યાદગાર જશન કરવામાં આવ્યું હતું, ત્યારે જશનની પવિત્ર ક્રિયા ખતમ થતાં, ત્યાંના બુજોર્ગ મોબેદ સાહેબ દોરાબજી જમશેદજી સીધવાએ ઉદવાડાના જાણીતા તથા કાબેલ મોબેદ સાહેબ ભીખાજી દીનયારજી ઉનવાલા

સાથે મળી ઈરાનશાહનો ઈતિહાસ લખાવવા કાજે જે એક નાનું ફંડ ભેગું કર્યું હતું, તે જશન કમીટીને સ્વાધીન કરી આ ઇતિહાસને પરિપૂર્ણ કરવાનું કામ કમીટીને સોંપ્યું હતું. આ શુભ કાર્ય ઉપાડી લેવાને જશન કમીટી ઘણી ખુશી થઇ હતી, અને તેણે કરેલી કોશેષો પ્રફુલ્લિત થઇ છે અને આ ઐતિહાસિક પુસ્તક પ્રગટ થયું છે તે માટે તે દયાવંત દાદાર-અહુરમજદની દરગાહમાં કમીટી નમ્ર શુકર ગુજારી કરે છે!

આ કાર્ય પાર પાડવામાં જેમણે મદદ કરી છે તેમનો આભાર માનવાની ફરજ અદા કરવાની આ તક જશન કમીટી હાથ ધરે છે. ઉદવાડાના મરહુમ મોબેદ સાહેબો ભીખાજી દીનયારજી ઉનવાલા તથા દોરાબજી જમશેદજી સીધવા જેમણે આ શુભ કાર્ય આરંભ્યું હતું તેમની કમીટી એહસાનમંદ થઈ છે. મરહુમ મોબેદ સાહેબ ભીખાજી દીનયારજી ઉનવાલાએ વળી ઈરાનશાહને લગતાં અનેક અગત્યનાં દસ્તાવેજો, ફેહરીસ્તો પરવાનાઓ વગેરે કીમતી લેખો આ કાર્ય માટે જશન કમીટીને બહુ ઉલટથી સ્વાધીન કર્યાં હતાં, અને આ પુસ્તકના લેખક મી. શાપુરજી કાવસજી હોડીવાલાને વખતો વખત અમૂલ્ય સલાહ આપી પોતાનાં બહોળાં જ્ઞાનનો લાભ આપ્યો હતો, તેની અહેસાનમંદ નોંધ કમીટી લીએ છે. કમીટી દલગીર છે કે મોબેદ સાહેબો ભીખાજી ઉનવાલા તેમજ દોરાબજી સીધવા પોતાનાં આ જાણીતાં કાર્યને પાર પડીને જાહેર થયલું જોઇ શકયા નથી. તેમનાં રૂહ ઉપર અશો શકિતઓની મહેર રહે અને બુલંદ બહેશ્તમાં તેઓ પોતાનાં નેક કાર્યનો રોશન બદલો મેળવે એવી દુવા કમીટી ગુજારે છે!

ઈરાનશાહની તવારીખ લખવાનું બીકટ કાર્ય કોઈ લાયક અભ્યાસીને સોંપવાની જરૂર હતી, અને જશન કમીટી ઉપકાર સાથે નોંધ લે છે કે મી. શાપુરજી કાવશજી હોડીવાલા જેવા જાણીતા વિદ્વાને આ કાર્ય માથે ઉઠાવીને ખરાં દીલની રંજ તથા મહેનત અને સંપૂર્ણ ભકિતભાવ સાથે તેને સરંજામ

ઉતાર્યું છે. મી. શાપુરજી હોડીવાલાનું જરથોસ્તી ધર્મ તેમજ ઈરાની ઈતિહાસ વગેરેનું જ્ઞાન ઘણું બહોળું છે, અને તે ઉપરાંત ઈરાનશાહના પાક કેબલા તરફની એમની જાનફેશાની તારીફ લાયક છે; માટે તિક્ષ્ણ જહેન સાથે ખરાં જીગરની લાગણીથી એમણે આ કાર્ય ફતેહમંદીથી પાર ઉતાર્યું છે, તેની જશન કમીટી પ્રશંસા કરે છે, અને એમનો દીલોજાની ભર્યો આભાર માને છે. એમના જેવા સ્વતંત્ર વિચારના અભ્યાસીને આ કાર્ય સોંપવા તરફ મરહુમ ભીખાજી દી. ઉનવાલાએ પણ દીલસોજી દેખાડી હતી.

આપણી કોમના જાણીતા અભ્યાસી તથા કોમહીતકારી હમદીન અને પારસી પંચાયતના એક માન પામેલા ત્રસ્ટી શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટે પોતાનાં બહોળાં જ્ઞાન તથા ઉંડી વિદ્વતાનો લાભ આ કાર્ય પાર પાડવા માટે આપ્યો છે, અને મી. શાપુરજી હોડીવાલાને અનેક પ્રકારની મદદ કરી છે, તે ઉપરાંત જશન કમીટીની અરજ સ્વિકારી આ પુસ્તકના હસ્ત-લેખને આખો તપાસવાનો શ્રમ લઈ કીમતી સુચનાઓ કરી છે, તે માટે જશન કમીટી આ ભલા, વિદ્વાન અને સાચા જરથોશ્તી નરનો ભારે ઉપકાર માને છે.

આપણાં શહેરના એકમાર્ગી વિદ્વાન એર્વદ માહયારજી નવરોજી કુટાર, તથા ખંતીલા અને બાહોશ મોબેદ એર્વદ ફરેદુન રતનજી કાંગા, તેમજ ઉદવાડાવાલા એર્વદ કેરશાસજી શાપુરજી પટેલ તથા વલસાડવાળા એર્વદ ખુરશેદજી ફીરોજજીનો તેઆએ આપેલી કીમતી મદદ માટે જશન કમીટી આભાર માને છે.

આ કાર્ય સરંજામ ઉતારવાને ખાતર નાણાંની જરૂર હતી, તે માટે આપણા શહેરના જાણીતા "ફ્લોરિસ્ટ" શેઠ હોરમસજી અરદેશર દુબાશ—જેઓ અનેક કોમી કાર્યોમાં પોતાની મદદ આપવાને ભારે ઉત્કંઠા ધરાવે છે—તેમણે રૂ. ૬૦૦૦)ની નાદર રકમ એક તડાકે કાઢી આપીછે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે,

અને જશન કમીટી તેમનો ભારે આભાર માને છે. તે ઉપરાંત આ ચોપડી માટે અનેક ઉપયોગી સુચનાઓ શેઠ હોરમસજી દુબાશે કરીછે, જેનો સ્વિકાર કરતાં જશન કમીટીને ખુશાલી ઉપજે છે.

છેવટે, પાક ઈરાનશાહનો ઈતિહાસ જે પારસીઓના હિંદમાં આવી વસ્યા પછીના ઇતિહાસ સાથે નિકટ સંબંધ ધરાવે છે, તેનું આ પુસ્તક પ્રજા સનમુખ રજુ કરતાં જશન કમીટી દુવા ગુજારે છે કે જરથોસ્તી જીગરોમાં પાક ઈરાનશાહ તરફની ફેદાગીરી વૃદ્ધિ પામો, અને અષો જરથુશ્ત્ર સાહેબની મહેરથી આપણી નાનકડી કોમ પવિત્રાઇ તથા પરમાર્થમાં આગળ વધી પોતાનાં નામાંકીત પૂર્વજોનાં નામને તથા માદર વતન ઇરાનને વધુ અને વધુ જેબ આપનારી થાવો!

અથ જમ્યાત યથ આફ્રીનામિ!

રોજ ગોશ માહ મહેર (શેહેનશાહી)

સાલ ૧૨૯૬ યજદજરદી.

મુંબઈ સોમવાર તા૦ ૨૧ મી માર્ચ ૧૯૨૭.

કર્તાનો ખોલાસો.

શ્રી ઈરાનશાહની સીફતમાં બે બોલ.

પાક શ્રી ઈરાનશાહ આતશબેહેરામનો નૂરી કેબલો ૧૨૦૦ વર્ષથી વધુ મુદત સુધી ધગધગતો જળતો રહ્યો છે, તે યુગોના યુગો સુધી જાગૃત તથા પ્રજવલિત રોશન રહે, એવી દુઆ ખરાં અંતઃકરણથી તે પાક પરવરદેગાર દાદારહોરમજદની દરગાહમાં ચાહીશું. આ પવિત્ર આતશ ઉદવાડાના સંજાણા આથવન સાહેબોની ખંતીલી કાળજીથી તથા ફીદાઈ સેવાથી આટલી લાંબી મુદત સુધી પ્રકાશિત રહ્યો છે, તે સાહેબોએ પારસી કોમ ઉપર બેશક મોટો ઉપકાર કર્યો છે. આ વાત એવી આશ્ચર્યજનક છે, કે પાશ્ચાત્ય મુલકોના લોકો કદાચિત્ માને પણ નહિ. ઉપલા ૧૨૦૦ થી વધુ વર્ષોના લાંબા અરસામાં લાખો બલકે કરોડો જરથોસ્તી નરનારીઓએ આ નૂરી કેબલાને નમન કરી, તેને સરોચશ્મથી ચાહી, ધાર્મિક જરથોસ્તી તરીકે પોતાનો ભકિતભાવ દૃઢ કર્યો છે, તે નિઃસંદેહ છે. આખી દુનિયામાં જરથોસ્તી કોમ સિવાય એકે બીજી પ્રજા પવિત્ર આતશ તરફ આવી ઉચ્ચ પ્રકારની જાનફેશાની તથા અંતઃકરણની લાગણી બતાવી શકી નથી, અને કદાચિત્ હવે પછી પણ બતાવશે નહિ, એવી મગરૂરી આપણી કોમ વાજબી રીતે લઈ શકે. સખ્તસાં સખ્ત પવિત્રાઈથી સ્વચ્છમાં સ્વચ્છ રીતે પ્રકાશમય જાગૃત રહેલા આ આતશબેહેરામનાં સ્થળે લાખો સ્ત્રીપુરૂષોને અષોઇનાં પવિત્ર તીર્થની ગરજ પૂરી પાડી છે, એ કાંઈ જેવો તેવો બનાવ નથી. શ્રી ઈરાનશાહ આતશબેહેરામનાં જેવાં પૂજ્ય પુરાતન સ્થળો આ જગતમાં બહુજ જુજ હશે. જગતમાં કયાં છે, પવિત્ર નુર કે જે આ આતશ કરતાં વધુ પૂજ્ય, વધુ પ્રકાશિત, વધુ મનોહર તથા વધુ તેજોમય હોય? કયો મૂઢ

માનવી માનવા ના પાડશે, કે મહાન મીનોઈ શક્તિઓનું બળવાન ખોરેહ તથા ચપલ હોશ આ આતશમાં ઉતર્યાં હોવાંજ જોઇએ? ઘરના રખેવાલ, કુટુંબના પ્રતિપાલ, ક્રિયાના સાથી, આદર યજદ તથા અષવહિશ્તનાં સોહામણાં ભભકદાર શરીર તથા અહુરમજદના પુથ્ર, એવા નૂરી આતશની આરાધનાનું રહસ્ય છુપું નથી. માણસની બંદગીનો અવાજ આતશ મારફતે મીનોઆન મીનોને પહોંચે છે, તેની ભકિતથી માણસો, પોતાનાં બચ્ચાં છોકરાં ગાયઢોર ગર્થ વગેરે સાથે સુખનું આગમન, દુઃખનું નિરાકરણ, તથા ભયનું નિવારણ મેળવેછે. જ્યારથી આપણા વડિલો આરબોને હાથે પરાજય પામ્યા કેડે ઇરાન સરજમીન છોડી હિંદમાં નાહાસી આવ્યા, ત્યારથી શ્રી ઇરાનશાહ આતશબેહેરામે ગોયા એક પાદશાહની જગા રાખી છે, અને તે પારસી ટોળાને માથેવાંસે દૃઢ ખડો રહ્યો છે. તેની પાદશાહીમાં જેમ પારસી કોમે અનેક પ્રકારની હાડમારીઓ વેઠી છે, તેમ તેણે પોતે પણ વેઠી છે. પરંતુ અત્યારે તે સઘળી ગઈગુજરી વાતો વીસરાઇ જઇ પારસી લાગવગ, પારસી સાહસ, પારસી દોરદમામ, પારસી કીર્તિ તથા પારસી જાહોજલાલીની વાતો જનસમાજને મોઢે રમી રહી છે. શુક્ર પાક પરવરદેગારના કે આજે મુઠ્ઠીભર પારસી કોમની કીર્તિ જગેજગ ફેલાઇ છે. આપણે દુઆ ગુજારીશું કે જ્યાં સુધી સૂય ચંદ્ર તથા પૃથ્વી ફરતાં રહે, ત્યાં સુધી આપણી કોમ પોતાની કીર્તિ જાળવી રાખી તથા વિખ્યાતી વધારી કુલ દુનિયાની પ્રજાને ઉપયોગી થઇ પડે એવી અખંડ હૈયાતી ભોગવતી રહે. આમીન!*

આ તવારીખના ત્રણ વિભાગો.

શ્રી ઇરાનશાહ આતશબેહેરામની તવારીખ તે ગોયા પારસી કોમની તવારીખ છે, તે વાંચનાર સહેલાઇથી સમજી

---

*ઉપલાં લખાણની એબારત કેટલાક ફેરફાર સાથે મુબાઈની જશન કમિટિનાં "રાહે જરથુસ્ત્ર"નાં પુસ્તક ૩ જા ના બીજા અંકમાં માસ જુન ૧૯૨૧ માં અધિપતિ મી. ફરેદુનજી કે. દાદાચાનજી બી. એ., એલ. એલ. બી. સોલીસીટરની કલમથી લખાયલી નોંધ ઉપરથી લીધી છે.

શકશે. આ તવારીખ લખવાનું કામ મુંબાઈની દીનચાશીદાર "જશન કમિટિએ" આ અદનાને સોપ્યું હતું, તે લગભગ પાંચ વર્ષના અરસા પછી સંપૂર્ણ થયું છે. આ તવારીખના મુખ્ય ત્રણ વિભાગો પાડી શકાય. પહેલા વિભાગમાં હિંદના પારસીઓનો પુરાતન ઇતિહાસ, શ્રી ઇરાનશાહ આતશબેહેરામની સંજાણ શેહેરમાં સ્થાપના, ત્યાંથી તે કેબલાને ખસેડી જુદી જુદી જગ્યાએથી નવસારીમાં તેનું તખ્તનશીન કરવું, આ તથા બીજી બીનાઓ છે. બીજા વિભાગમાં જુદાં જુદાં પંથકોના મોબેદો વચ્ચેની મતફેરી તથા ખાસ કરીને નવસારીમાં વસેલા ભગરીઆ તથા સંજાણા મોબેદો વચ્ચેની ખટપટની દિલગીરી ભરેલી બીના છે. અને ત્રીજા વિભાગમાં ઉદવાડાની અનજુમનની કાર્યવાહક કમિટિનું બંધન તથા તેને લગતી ખટપટ તથા આતશબેહેરામના દરવાજા કેસની બાબતો તથા દસ્તુરી વગેરેના વાંધાઓની હકીકત છે. આ સઘળી બાબતોનાં લખાણો, કાગજ્યાં, દસ્તાવેજો, પરવાનાઓ, નોંધો, શ્લોકો, હસ્તલેખો, એકઝીબીટો, ફાઇલો, વર્તમાનપત્રો, પુસ્તકો, ફેહરીસ્તો, કીસ્સાઓ, ચોપાન્યાંઓ વગેરે જે ગુજરાતી, ઇંગ્રેજી, સંસ્કૃત, ફારસી, મોડી ભાષાઓ તથા લિપિઓમાં વખાયલાં હતાં, તે સઘળું ખંત તથા ધીરજથી તપાસી બીનતાસુબીથી નિષ્પક્ષપાતપણે આ લખનારે (જેમ લખાયલું હતું તેમજ) ટાંકયું છે. દરેક વિષયમાં મોટે ભાગે લખણોનોજ હવાલો આપ્યો છે; કારણકે ચતુર વાંચનાર જુદી જુદી બાબતોમાં સહેલાઈથી પોતાનાં અનુમાનો બાંધી શકે એમ છે. અહિં તહિં માત્ર જોઈતોજ ખોલાસો મેં આપ્યો છે. તે ઉપરાંત વધુ ખોલાસો અથવા ટીકા કરીને પાનાંઓ ભરવાની જરૂર મેં જોઇ નથી.

આ અતિ બીકટ કામ યથાશક્તિ સંપૂર્ણ બને એવી નેમથી અનેક અભ્યાસી તથા જાણકાર સાહેબોની મદદ તથા સલાહ લેવા, અને બની શકયો એટલો પ્રયાસ ઉઠાવવા આ અદનાએ કશી પાછીપાની કાઢી નથી. વધુ એટલુંજ ઉમેરવું જોઇએ છે, કે વર્તમાન પત્રોમાં લખાણો કરીને તથા "જરથોસ્તી

દીનની ખોલ કરનારી મંડળી" સનમુખ અનેક બાબતો ચર્ચા માટે રજુ કરીને જોઈતી માહિતી તથા સુચનાઓ મેં મેળવી હતી, અને સઘળું ઘટતું કર્યું હતું. જો કોઈક બાબતો અધુરી રહી ગઈ હોય, અથવા જો કેથે ઢાળની બીજી બાજુ વિષે લખાણ થયું ન હોય, તો તેનો દોષ મારે માથે નથી; કારણ કે મેં પોતે તથા જશન કમિટિ તરફથી તેના ધુંધી ઉલટમંદ બુજોરગ ઓનરરી સેક્રેટરી મી. નશરવાનજી મુનશીએ મને ઘટતી ખબર આપવા વારંવાર વર્તમાન પત્રોમાં તેમજ જુદા જુદા સાહેબોને અપીલ કરી હતી.

આ લેખકને મદદ કરનારા સાહેબો વિષે થોડું ક.

હવે આ ઇતિહાસનાં કામમાં આ લેખકને કેટલાક સાહેબોની મોટી મદદ મળી હતી, તેનો સ્વીકાર કરી અંતઃકરણથી આભાર માનું છું. ઉદવાડાના દરવાજા કેસમાં ફર્યાદ પક્ષ તરફથી દશ વર્ષની લાંબી મુદત સુધી આગળ પડતો ભાગ લેનાર **એરવદ ભીખાજી દીનયારજી** ઉનવાલા હતા. તેમણે મહા મેહેનતે શ્રી ઈરાનશાહ આતશબેહેરામને લગતાં કાગજ્યાં, દસ્તાવેજો, પરવાના, હસ્તલેખો, ફેહરીસ્તો, વર્તમાનપત્રો વગેરે મેળવીને પોતાના પક્ષનો કેસ મજબુત કરવામાં તારીફ લાયક કોશેષ કરી હતી. તેઓ શ્રી ઈરાનશાહ આતશબેહેરામની લગભગ સઘળી બાબતોથી માહિતગાર હતા, અને છેલ્લાં ૭૫ વર્ષના બનાવોનો ઇતિહાસ એમને લગભગ મોઢે હતો. એમણે ઉપલાં કાગજ્યાં ઉપરાંત કેસના એકઝીબીટો, જુબાનીઓ, ફાઈલો, ચોપડી ચોપાન્યાં વગેરે ભેગું કરી રાખ્યું હતું, અને એવી નેમ રાખી હતી, કે તે સઘળાં ઉપરથી તવારીખ લખવાને કોઈક અભ્યાસીને જોગવાઈ મળે. આ કાર્ય માટે તેમણે પોતાના મિત્ર એરવદ દોરાબજી જ. સીધવાની સામેલગીરી સાથે એક નાનકડું ફંડ પણ કરી રાખ્યું હતું, કે જે પાછળથી જશન કમિટિને સપુરદ કરવામાં આવ્યું હતું. અંતે તેમણે આ તવારીખનું કાર્ય ઉપાડી લેવાની વિનંતી મુંબાઈની "જશન કમિટિને" કરી હતી, અને આ

કાર્ય માટે આ અદનાની નેમણુંક જશન કમિટિએ કરી હતી, અને તે એરવદ ઉનવાળા તથા બીજાઓને બહુજ પસંદ પડી હતી. આ સલા તથા ચંચળ એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલા ઝાઝા પઢેલ ન હતા, પણ બહુજ કઢેલ હોવાથી, તેમણે પોતાની આસપાસ ગ્રેડુએટો તથા શિખેલા ગૃહસ્થોનો એક વર્ગ ભેગો કર્યો હતો, કે જેઓ છુટથી તેમની સલાહ લેતા હતા. આ તવારીખનો ખરડો ધ્યાનથી સાંભળીને એરવદ ઉનવાળાએ અનેક સુચનાઓ આ લેખકને કરી હતી, અને પોતાની બોહોળી માહિતી પ્રમાણે અનેક વિષયોની ખબર આપી હતી. તેઓ આ તવારીખ છપાયલી જોવાને બહુજ આતુર હતા, પણ તેમની એ ઇચ્છા કમનશીબે (માહરી તરફનાં કારણોને લીધે નહિ, પણ બીજાં કારણોને સબબે) પાર ન પડી. તેથી ભારે દિલગીરી સાથે આ મરહૂમ સાહેબની કિંમતી મદદ માટે ખરાં જીગરથી સ્વીકાર કરૂં છું.

બીજા સાહેબ જેઓ આ લખનારને સહાયભૂત થયા છે, તેઓ પારસી પંચાયતના માનવંત એક આગેવાન ટ્રસ્ટી સાહેબ શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ (I. C. S. retired) છે. એ સાહેબ ડીસ્ટ્રીકટ જડજ અને હાઇ કોરટના જડજ પણ થયા હતા. તેઓ મોટા "ઓરીએન્ટલ સ્કોલર" તથા ઉલટમંદ વિદ્વાન સાહેબ છે; તેમની વિદ્વતા તથા દિલસોજીની તારીફ માટે મારી કને પૂરતા શબ્દો નથી. એ સાહેબે પોતાની વિદ્વતાની અમુલ્ય સહાયતા આ અદનાને તેમજ અનેક અભ્યાસીને પૂર છુટથી અને ખરાં અંતઃકરણથી અર્પણ કરી છે. અનેક ગુંચવણભર્યા ગુજરાતી, મોડી તથા બીજા લેખો ખોલાસાઓ સાથે વાંચી આપી, એ સાહેબે આ લેખકને કિંમતી સહાયતા આપી છે. એમણે લગભગ ૨૦૦ જુદી જુદી હિંદુ તિથિઓ, મુસલીમ તારીખો તથા યજદજરદી તારીખોની ગણત્રી કરી તેની મુકબેલ આવતી ઇંગ્રેજી તારીખો મહિનાઓની મેહેનત પછી તદન નક્કીપણે ગણી આપી હતી, તેથી મારી મોટી ગુંચવણ દૂર થઈ હતી એટલુંજ નહિ, પણ મારૂં કાર્ય કેટલેક દરજ્જે બહુ સહેલું

થયું હતું. વળી આ આખું લખાણ જશન કમિટિની તથા મારી અરજ ઉપરથી એમણે વાંચી કિંમતી સુચનાઓ મને કરી હતી, માટે એ સાહેબે જે ભારે તકલીફ લીધી છે, તેનો આ તકે હું સરોચશ્મથી, દિલોજાનીભર્યો ઉપકાર માનું છું.

ત્રીજા સાહેબ જાણીતા ફારસી ભાષાના વિદ્વાન **એરવદ માહયારજી નવરોજી કુટારનો** મારે ઉપકાર માનવો ઘટે છે. એમણે ભેગાં કરેલાં સઘળાં કાગજયાં તથા દસ્તાવેજો મને વાપરવા આપયાં હતાં. તે ઉપરાંત શ્રી ઈરાનશાહને લગતી અનેક બાબતો ઉપર મારૂં ધ્યાન ખેંચી સુચનાઓ કરી હતી, તથા કેટલાક ફારસી લેખો તથા દસ્તાવેજો વાંચી ખોલાસા સાથે સમજાવવા તથા અનેક કઠિણ બાબતો ઉપર વાદવિવાદ કરવામાં આ અદનાને વારવાર મદદ કરી હતી, તેમનો પણ હું ઉપકૃત છું.

એરવદ ફરેદુનજી રતનજી કાંગાએ ભગરસાથ મોબેદોની તવારીખ છપાવી રાખી છે, તે અમુક કારણોને લીધે હજુર પ્રગટ થઇ નથી. છતાં તેમણે પોતાનાં આ કિંમતી પુસ્તકનો ઉપયોગ કરવાની રજા મને આપી છે, તેથી અનેક નહિ જણાયલા લેખો તથા બીજી કેટલીક બાબતો મેં આ તવારીખમાં દાખલ કરી છે, તે માટે તેમનો પણ ઉપકાર માનું છું.

ઉદવાડાવાલા એરવદ કેરશાશજી શા. પટેલે ઉદવાડાના દરવાજા કેસ સંબંધી વર્તમાન પત્રોમાં છપાયલી પરચુટણ બાબતોનાં "કટીંગો" નાં ચાર મોટાં પુસ્તકો બનાવી રાખ્યાં હતાં, તે મને બહુ ઉપયોગી થઈ પડયાં હતાં. માટે તેમનો પણ અત્રે આભાર માનું છું.

વલસાડવાલા એરવદ ખુરશેદજી ફીરોજજીએ કેટલાક જુના લેખો, ફેહરીસ્તો વગેરે વાપરવા આપ્યાં હતાં, તથા બીજા કેટલાક સાહેબોએ જુદા જુદા પ્રકારની ખબર તથા માહિતી આપી હતી, તેનો પણ સ્વીકાર કરૂં છું.

જશન કમિટિની તથા તેની સબકમિટિનો ઉપકાર.

આ ઇતિહાસ લખાવવાનું કામ મુંબાઇની જશન કમિટિએ પૂર ઉલટથી ઉપાડી લઇ તે આ અદનાને સોંપ્યું હતું, અને મને મદદ કરવા એક નાની સબકમિટિ નેમી હતી (કે જે કમિટિમાં જશન કમિટિના પ્રમુખ મી. જહાંગીર જમશેદજી વીમાદલાલ એમ. એ., એલ. એલ. બી. સોલીસીટર, મી. ફરેદુન કેરશાસ્પજી દાદાચાનજી બી. એ., એલ. એલ. બી. સોલીસીટર, ઓનરરી સેક્રેટરી મી. નશરવાનજી પાલનજી મુનશી બી. એ., મી. કેખશરૂ માહ્યારજી કુટાર એમ. એ., મી. અરદેશર એ. દલાલ, તથા મી. કેખુશરો અર્દશીર ફીટર' હતા) તે કમિટિએ આ પુસ્તક છપાવવાની ગોઠવણ કરવામાં તથા બીજી અનેક પ્રકારની મદદ કરવામાં વારંવાર તસ્દી લીધી હતી, તે કમિટિના સાહેબોનો મોટો ઉપકાર માનું છું. મી. મુનશી માટે એક શબ્દ લખ્યા વિના ચાલે એમ નથી, અને તે આ છે, કે એ ભલા ગૃહસ્થે કુડીબંધ કાગજો લખી કાર્ય કેવી રીતે આગળ વધતું હતું, તેની પરપુરછ વારંવાર કરી હતી, અને તેથી કેટલેક દરજ્જે આ અદનાની ઉલટનો રોહ ચાલુ રહ્યો હતો, તે માટે તેમને સ્તુતિ ઘટે છે.

"ડોનોર" શેઠ હોરમસજી દુબાશે આ અદનાં કામની કરેલી પીછાન.

આ તવારીખ છપાવવા માટે ફંડ ભેગું કરવા જશન કમિટિએ જે અપીલ બહાર પાડી હતી, તે તરફ દિલસોજીભર્યો જવાબ કેટલાક સાહેબો કનેથી મળ્યો હતો. બાદ તે વિષે જાણીતા હુન્નરમંદ "ફ્લોરીસ્ટ" શેઠ હોરમજી અરદેશર દુબાશનું ધ્યાન ખેંચાતાં તેમણે તુરત રૂ. ૬૦૦૦)ની રકમ આપી દીધી, તેથી આ તવારીખ છાપવાનું કાર્ય સરળતાથી હાથ ધરવામાં આવ્યું હતું. અદના અભ્યાસની આવી કદરસનાશી તથા પીછાણ માટે એ સાહેબનો દિલોજાનથી ઉપકાર માનું છું. એમનીજ સુચનાથી ઇરાનનાં તથા હિંદુસ્તાનનાં જુદાં જુદાં આતશબેહેરામોની

ટુંક હકીકત તથા હિંદુસ્તાનમાંની અગીઆરીઓની ટીપ, જુદદીન વિદ્વાનોએ જરથોસ્તી ધર્મની કરેલી તારીફના ફકરાઓ તથા આતશની બુલંદીના ફકરાઓ આ ગ્રંથમાં દાખલ કરવામાં આવ્યા છે.

મારે કહેવું જોઇએ છે કે લેખો, દસ્તાવેજો, પરવાના, કાગળપત્રો વગેરેની ભાષા બનતાં સુધી જેમની તેમ ઉતારી લેવામાં આવી છે. બન્યું છે ત્યાં કંસમાં ટુંક ખોલાસા અથવા અર્થો આપ્યા છે. ઘણી કાળજી રાખવા છતાં છાપાની કેટલીક ભૂલો પુસ્તકમાં રહી ગઇ છે, તે વાંચનાર સહેલાઈથી સુધારી શકે એમ છે. એક સંસ્કૃત કવિ કહે છે. તેમ હું પણ કહીશ કે:—

यदक्षरं परिभ्रष्टं मात्राहीनं च यद्भवेत् ।
क्षन्तुमर्हथ विद्वांसः कस्य न स्खलते मनः ॥

આ સમાપ્ત કરતાં "કોઈક અક્ષર ભ્રષ્ટ થયો હોય, અથવા માત્રા ઉડી ગઇ હોય, તો વિદ્વાન લોકોએ તે (માટે મને) માફ કરવું, (કારણ કે આ જગતમાં) કોણ એવો છે કે જેનું મન (જરાક પણ) ભુલાવો ન ખાય"?

મહમદી મીનાર શાપુરજી કાવશજી હોડીવાલા.
ખેતવાડી મેનરોડ
મુંબાઈ તા. ૧૫-૧-૧૯૨૭.

શ્રી ઈરાનશાહ આતશ બેહેરામની તવારીખ.

શાંકળ્યું.

પ્રકરણ ૧ લું

	પાનું.
પારસીઓ ઈરાન છોડી હિંદમાં આવ્યા તે વિષે કિસ્સે સંજાણનો અહેવાલ	૧
શિકસ્ત પછી નાસભાગ–હોરમજદ શેહેરમાં વસવાટ–હિંદમાં આવવું	૨–૩
પારસીઓ હિંદમાં આવ્યા તે વિષે હેનરી લોર્ડ આપેલો અહેવાલ	૪
પારસીઓ હિંદમાં ક્યારે આવ્યા તે વિષેની નોંધો તથા ફેહરીસ્તોની નોંધ	૭–૧૪
આપણા વડવાઓ ક્યારે સંજાણમાં ઉતર્યા?	૧૮–૩૧
આપણા વડવાઓના સંજાણમાં આવ્યાનો રોજ માહ કયો?...	૩૨–૩૯
પારસીઓ પહેલાં દીવમાં ઉતર્યા કે સંજાણમાં? ...	૩૮
સોલ સંસ્કૃત શ્લોકો—દસ્તુર અસપનદયારજીનાં પુસ્તકમાંના સોલ શ્લોકો	૩૯–૬૨
સંસ્કૃત શ્લોકોનો સને તથા તે કોણે બનાવ્યા હતા? ...	૬૨–૬૬
જાદીરાણા સાથે કરેલી શરતો	૬૬–૬૮
પુરાતન પારસીઓનો હિંદ સાથે સંબંધ	૬૯

પ્રકરણ ૨ જું.

શ્રી ઈરાનશાહ આતશબેહેરામની સ્થાપના	૭૦
સંજાણમધ્યે બરપા કરેલા કુદરતી આતશ વિષે એક યુરોપીઅન વિદ્વાનના વિચારો	૭૧–૭૪
શ્રી ઈરાનશાહ આતશબેહેરામને પરથાવ્યાનો સને ...	૭૪
શ્રી ઈરાનશાહ માટેનો એક પુરાતન લેખ તથા તે વિષે વલસાડનું કાગજ્યું વગેરે	૭૫–૭૮

પ્રકરણ ૩ જું.

સંજાણમાંથી વીખરાઇ ગયલા પારસીઓ	૭૯

પાનું.

સેહેલગાહે ગયલા પારસીઓ ૮૦

મહમદન તથા ખ્રીસ્તી મુસાફરોએ આપેલી પારસીઓની હકીકત—જુદા જુદા ગ્રંથોમાંની હકીકત... ... ૮૧-૯૧

મધ્ય જમાનામાં પારસીઓ ક્યાં ક્યાં હતા ?... ... ૯૧

સંજાણની લડાઈ—તેનો સને તથા તેની હકીકત ... ૯૨-૯૫

સંજાણની લડાઇના સંબંધમાં સુલતાન મહમુદ તથા અલફખાનનાં નામો આવેલાં છે તેઓ કોણ હતા? ... ૯૫

મહમદનો ચાંપાનેરમાં ક્યારે આવ્યા હતા? ૯૭

પ્રકરણ ૪ થું.

શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવવા ચાંગાશાહની આગેવાની... ૯૯

નવસારીમાં લાવવાનું કારણ તથા સને ૧૦૦-૧૦૭

શ્રી ઈરાનશાહને નવસારીમાં ચાંગાશાહ લાવ્યા હતા કે નહિ—ચાંગાશાહ ક્યાં સુધી હયાત હતા? ... ૧૦૭-૧૧૫

શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવનારા ત્રણ મોબેદોના સનેનો અડસટો... ... ... ૧૧૫-૧૧૮

ઈ. સ. ૧૪૮૬ ને શુમારે શ્રી ઈરાનશાહ સરદ થયા હતા એવો કોઈ પેટના બળ્યાએ ઉરાડેલો જુઠો બુમાટો તથા તેનો રદીઓ ૧૧૯-૧૨૫

છોરી તથા ગાંઠું ૧૨૫

પ્રકરણ ૫ મું.

ભગરીઆઓ તથા સંજાણા મોબેદોનો નવસારીમાં એકત્ર વસવાટ—પાછળથી કુસંપ ૧૨૭-૧૩૦

ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે કોલ કરાર ... ૧૩૦-૧૩૩

રેવાયતોમાં મળતાં સંજાણા ટોળાનાનાં દસ્તુરો તથા મોબેદોનાં નામો તથા તેમની ઓળખ ૧૩૩-૧૩૮

પંથક સંબંધી ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે થયલા પુરાતન લેખો ૧૩૮-૧૪૧

સંજાણા ટોળાના મોબેદોએ ભરૂચના ગુમાસ્તાઓને ક્રિયાકામ સંબંધી આપેલો હક ૧૪૨-૧૪૬

ગોદાવરા પંથકનો જુનો લેખ તથા તેની હદના લેખો ... ૧૪૬-૧૪૯

પાદશાહ અકબર તથા દસ્તુર મેહેરજી રાણા ૧૫૦

ધર્મક્રિયા તથા આતશબેહેરામની બોય દેવા વગેરેના સંબંધમાં લેખો... ... ... ૧૫૧-૧૫૨

નાહન નહવાડવાની તથા શરોશ ઇજવાની તથા ક્રિયાકામોનાં લવાજમ સંબંધી બંદોબસ્ત ૧૫૩-૧૫૪

પાનું.

ભગરીઆઓનાં દીવનાં પંથકનો લેખ ૧૫૫

મોબેદોએ બાજની ચાશ્નીનો ભાગ ચોકકસ પ્રમાણમાં લેવાનો ઠરાવ ૧૫૬

દસ્તુર મેહેરજી રાણા તથા તેમના પિતાને અંજુમને સોંપેલી વાડીઓ ૧૫૭

રેવાયતોમાં શ્રી ઈરાનશાહ વિષે ઈશારો ૧૫૯–૧૬૦

આ. શાપુરજી રાણાને વલસાડના પંથકી નેમ્યા તેનો લેખ (ફારસી એબારત) ૧૬૧–૧૬૯

આફતમાં ફસેલા સંજાણાઓને ભગરીઆઓએ આપેલું વલસાડનું પંથક ૧૬૯

ફીરંગીઓનો દોર ૧૭૦

ક્રિયાકામો વારા પ્રમાણે વેંહેંચી લેવાના ભગરીઆઓના લેખો. ૧૭૧–૧૭૪

નવસારીના સંજાણા મોબેદોને આતશબેહેરામમાં આશોદાદ લેવાનો હક એક વેળાએ ફકત અરદીબેહસ્ત તથા આદર મહિનામાં હતો... ... ... ૧૭૪

ભગરીઆઓનાં પંથક સંબંધી લેખ ૧૭૬

જેનો વારો આવે તે મોબેદ ક્રિયાકામ કરે, આ બંદોબસ્તથી નારાજ થયલા બેહેદીનો ૧૭૭

શ્રી ઈરાનશાહ માટે યુરોપીઅન મુસાફરોના ઇશારા ... ૧૭૮

પ્રકરણ ૬ ઠું.

ભગરીઆઓ તથા સંજાણા મોબેદો વચ્ચે કુસંપની શરૂઆત. ૧૮૦

અસલ રેવાજ પ્રમાણે ક્રિયાકામ કરવા સંબંધી ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે સમજુતીનો લેખ ... ૧૮૩

કાજી આઉદીનનું હોકમનામું ૧૮૪

સમજુતીનો બીજો લેખ બેહેદીનોની હજુરમાં ૧૮૬

ભગરીઆઓ તથા બેહેદીનો વચ્ચે મારામારી અને તેથી થયલાં ખુનો વગેરે ૧૮૭–૧૮૯

મોબેદ શાપુરજી સંજાણાએ આપેલી ઉપલી મારામારીની હકીકત ૧૯૧

સુરતના મોબેદો તથા બેહદીનો વચ્ચે ઝઘડો ૧૯૩

બેહેદીનોએ મીનોચેહેર હોમજીને પંથકી નેમ્યો–પાછળથી બીજાઓ તેની સાથે જોડાયા... ... ... ૧૯૪–૧૯૬

પોતાની મરજીમાં આવે તે મોબેદ કને ક્રિયાકામ કરાવી લેવા બેહેદીનોએ ભગરીઆઓ કનેથી લખાવી લીધેલા લેખો. ૧૯૭

કાજીને ત્યાં અરજ કરી ઉપલો લેખ ખેંચી લીધો તેની હકીકત. ૧૯૯

પાનું.

ના કબુલ કીધેલા ભગરીઆઓથી દુર રહેવા સંજાણાઓએ બેહેદીનોને લખી આપેલો લેખ ૨૦૧

આઠ વર્ષ સુધી ભગરીઆઓને શ્રી ઇરાનશાહ આતશ-બેહેરામમાં જવાનો અટકાવ ૨૦૨

પ્રકરણ ૭ મું.

પદાનવાલાં રવાન સારૂં સુરતમાં અનજુમનનાં ઉઘરાણાનું દખમું ૨૦૫

રવાનને પદાન બાંધવાનો ઝઘડા વિષે આંકવેટીલ શું કહે છે, ... ૨૦૭

ભગરીઆ તથા સુરત્યા મોબેદો વચ્ચે ખટપટ-શાપુર શામરાના પક્ષે ભગરીઆઓને આપેલો ટેકો ... ૨૦૮

સુરતમાં બંધાયલાં પદાનીઆં રવાનોનાં દખમાંમાં પદાન વગરનાં રવાનોને બેહેદીનોએ જબરીથી ચઢાવ્યાં તે વિષે સરકારમાં ફર્યાદ ૨૧૧

બેહેદીનોએ શેઠ મનાજી તલાટીને લખેલી ફર્યાદ... ... ૨૧૩

ગાયકવાડ તથા પારસીઓ-બેહેદીનોની નવસારીના સુબા કને ફર્યાદ ૨૧૬-૨૧૯

દાદાચાનજીવાલા તથા મીનોચેહેર હોમજીવાલા મોબેદોએ ભગરીઆઓને લખી આપેલા લેખો ૨૧૯-૨૨૩

ભગરીઆ તથા મીનોચેહેર હોમજીવાલા સુલેહના કરારો બાબત પરવાનો ૨૨૩

સુરતના મીનોચેહેર હોમજી સાથવાલા મોબેદોએ નવસારીના ભગરીઆઓને લખી આપેલો લેખ ૨૨૫

ગંણદેવીના પંથકને તાબેના ભગરીઆનો લેખ-સંજાણા મોબેદોએ ભગરીઆઓને લખી આપેલો લેખ તથા તેનું જાહેર ખાતરી પત્રક ૨૨૬-૨૨૯

સંજાણાઓએ ભગરીઓઓની હદમાં ક્રિયાકામ ન કરવાનો ભગરીઆઓને આપેલો લેખ ૨૩૧

સંજાણા મોબેદોના ઘરનું ક્રિયાકામ કરવા ભગરીઆઓને હક છે એવું ખાતરી પત્રક ૨૩૨

ભગર અનજુમનની રજા વગર કોઈપણ ભગરીઆ મોબેદે ક્રિયાકામ કરવું નહિ એવો ઠરાવ ૨૩૪

બંને દેશાઈ ખાનદાનને સુરતના પંથકની રાસ વંશપરંપરા લેવાનો હક ૨૩૬-૨૩૮

ક્રિયાકામોનાં લવાજમ વગેરે સંબંધી મહુવાના બેહેદીનોએ ભગરીઆઓને લખી આપેલો લેખ ૨૩૯

પાનું.

સુરતવાલા શેઠ નાનાભાઈ ભીમજી મોદીએ દેશાઈ ખુરશેદજી ઉપર લખેલો કાગજ... ... ... ૨૩૯

ભગરીઆઓને લગતું ગણદેવીનું પંથક ૨૪૧

ભગરીઆઓ વગેરે સામે છેડાયલા બેહેદીનો-ક્રિયાકામો બેહેદીનોએ કીધાં ... ... , ... ૨૪૨

ક્રિયાકામો તથા લવાજમોનાં સંબંધમાં ભગરીઆઓ તથા બેહેદીનો વચ્ચે લેખ ૨૪૪

નવસારીવાલાઓએ સુરતના પંથકીઓ કનેથી લખાવી લેવા માંડેલા લેખ ૨૪૭

સંજાણા મોબેદો પોતાનાં ક્રિયાકામો કરતા હતા, તેઓને ભગરીઆઓએ જાસ્તીથી અટકાવ્યા તે વિષે ફર્યાદ ... ૨૪૮

એક મીનોચેહેર હોમજી વાલાએ છુપીરીતે નવજોત કીધી તેનું માફીપત્ર ૨૪૯

જીવતાનાં ક્રિયાકામો કરનારા મીનોચેહેરજી હોમજી વાલાઓ કનેથી ભગરીઆઓએ લખાવી લીધેલો માફીપત્ર ... ૨૫૧

સુરતના રૂસ્તમપરાના અંધ્યારૂઓએ ભગરીઆઓને લખી આપેલો લેખ ૨૫૩

ભગરીઆઆના લાભમાં સુરતની સરકારનો પરવાનો ... ૨૫૪

નવસારીથી સુરત આવેલાં લોકોનું ક્રિયાકામ ભગરીઆઓ કરવા હક ધરાવે છે તે બાબે ઢંઢેરો ૨૫૫

સુરત્યા મોબેદોએ છોડી દીધેલો હક પાછો મંગાય કે નહિ તે બાબે અરજ ૨૫૭

પ્રકરણ ૮ મું.

ઈ. સ. ૧૭૩૩ માં પીંઢારાઓની ધાડને સબબે શ્રી ઈરાનશાહને સુરત લેઈ ગયા અને ત્યાંથી ત્રણ વર્ષ બાદ પાછા નવસારી લાવ્યા... ... ... ૨૫૯

ગોદાવરા પંથક ઉપર કેટલાક ભગરીઆઓની તરાપ ... ૨૬૦

મરાઠાઓ સાથે સંજાણનાં પારસીઓએ કરેલી લડાઇ ... ૨૬૧

ભગરીઆ તથા સંજાણાઓ વચ્ચેની ખટપટનો કેસ કોરટે ગયો. ૨૬૨

સંજાણા મોબેદ કને દીવના બેહેદીનોએ કામ કરાવવું નહિ તે વિષે ભગરીઆઓએ તેઓને લખેલો પત્ર ... ૨૬૩

દીવના પંથકીએ નવસારીના ભગરીઆઓને લખી આપેલો લેખ... ... ... ૨૬૫

આતશબેહેરામમાં મળતી આશોદાદના સંબંધમાં ગાયકવાડે સંજાણાઓને આપેલો પરવાનો ૨૬૬

ભગરીઆઓ વિરૂદ્ધ લડવાનો સંજાણાઓએ કરેલો ઠરાવ ... ૨૬૬

પાનું.

ક્રિયાકામના સંબંધમાં ગાયકવાડની હજુરમાં સંજાણાઓએ માંડેલો કેસ-ભગરીઆઓ વિરૂદ્ધ બેહેદીનોએ કરેલી અરજી-કેટલાક સંજાણાઓએ ખુદ પોતાના પક્ષ વિરૂદ્ધ કરેલી અરજી ૨૬૭-૨૭૨

ભગરીઆઓને મળેલાં હોકમનામાં... ... ... ૨૭૨

ભગરીઆઓ કેસ જીત્યા તે વિષે સોનગઢ ગયલા મોબેદોએ નવસારીની અનજુમન ઉપર લખેલો પત્ર ... ૨૭૪

ભગરીઆ સંજાણા કેસના વિગતવાર અહેવાલનો કાગળ દેશાઈ ખુરશેદજીએ શેઠ માણેકજી ન. શેઠ ઉપર લખ્યો તે. ૨૭૬-૨૮૫

શ્રી ઇરાનશાહને નવસારીથી વલસાડ લેઈ જવાનો રોજ માહ તથા સને ૨૮૫

શ્રી ઈરાનશાહને બોય દેવા સંબંધી નવસારીના સંજાણાઓએ વલસાડના બેહેદીનોને લખી આપેલો પત્ર ... ૨૮૭

સંજાણા મોબેદોને મળેલો અગત્યનો પરવાનો ૨૮૯

દીવનું પંથક ભગરીઆઓનું છે, એ પ્રમાણે શાપુર શામરા પક્ષના એક સંજાણા મોબેદે લખી આપેલો લેખ ... ૨૯૦

સુરતના મોબેદો તથા બેહેદીનોએ અસલ રાહ પ્રમાણે ક્રિયાકામો કરાવવાં એ પ્રમાણે કાઢેલો ગાયકવાડનો હોકમ ... ૨૯૧

દેશાઈ ખુરશેદજીનો ત્યાં ભગરીઆઓએ ગીરવી મેળેલું રાસ ખાતું ૨૯૩

શાપુર શામરો—તેના સંબંધમાં નવસારીના બેહેદીનોએ વલસાડ લખેલાં કાગળો ૨૯૪

શ્રી ઈરાનશાહની બરદાસ્ત કરવા નવસારી વગેરેના બેહેદીનોએ વલસાડની અનજુમનને લખેલો કાગળ ૨૯૫

શ્રી ઈરાનશાહને નવસારીથી વલસાડ અથવા સોનગઢ લેઈ જવાનો પરવાનો ૨૯૯

સુરતના બેહેદીનોએ ગાયકવાડ સરકારને કરેલી ફર્યાદ ... ૩૦૩

પોતાનાં પંથકમાં ક્રિયાકામ કરવાના ભગરીઆઓને મળેલા પરવાના ૩૦૪

સુરતના શેઠીઆઓ ઉપર ગાયકવાડી ફરમાન ૩૦૬

શ્રી ઈરાનશાહને વલસાડથી ઉદવાડે લેઈ જવામાં આવ્યા—તેનું કારણ—તે વિષે દંતકથાઓ ૩૦૭-૩૧૩

શ્રી ઈરાનશાહને ઉદવાડામાં ઈ. સ. ૧૭૪૨ માં લાવ્યા હતા તેની સાહાદતો ૩૧૩-૩૧૬

શ્રી ઈરાનશાહને સંજાણાઓના પંથકમાં ગમે ત્યાં રાખવાની પેશ્વા સરકારની સનદ તથા તે વિષે શેઠ મનચેરજી ખરેઘાટની નોંધ... ... ... ૩૧૬

પાનું.

શ્રી ઇરાનશાહને લેઈને ઉદવાડે આબાદીમાં રહેલા સંજાણાઓ. ૩૧૯

ભગરીઆઓએ બેહેદીનો તથા સુરત્યા બે મોબેદોકને કનેથી લખાવી લીધેલા લેખો ૩૨૦–૩૨૨

શ્રી ઈરાનશાહને વલસાડમાં પાછા લેઈ જવાનો ખાસ પરવાનો. ૩૨૩

ભરૂચની અનજુમને શ્રી ઈરાનશાહને ભરૂચ મોકલી આપવાની અરજ ૩૨૪

દેશાઈ ખુરશેદજીએ ભરૂચની અનજુમનને લખેલો જવાબ ... ૩૨૫

શ્રી આતશબેહેરામને ઉદવાડેથી વલસાડ લેઈ જવાનો પરવાનો ૩૨૬

નવસારીમાંનાં શ્રી ઈરાનશાહવાલાં અનજુમનનાં મકાન ઉપર ખોટો દાવો ૩૨૭

ઉદવાડેથી પાછા વલસાડ શ્રી ઈરાનશાહને લેઈ જવા સંજાણાઓએ શેઠ માણેકજી ન. શેઠને લખેલો કાગળ તથા તેનો જવાબ ૩૨૮–૩૩૧

ઉદવાડેથી સંજાણાઓએ શેઠ માણેકજી ન. શેઠ ઉપર દેશાઈ ખુરશેદજી તથા શાપુર શામરા વગેરેની બાબતસર લખેલો લાંબો પત્ર ૩૩૧–૩૩૯

સુરતના નવાબની અદાલતના ચુકાદાથી નિરાશ થયલા સુરત્યા મોબેદોએ નવસારીના મોબેદો વિરૂદ્ધ સુરતની વડી અદાલતમાં કરેલી ફતેહમંદ અપીલ... ... ૩૩૯

શેઠ માણેકજી ન. શેઠે ઉદવાડાના સંજાણા મોબેદો ઉપર લખેલો કાગળ ૩૪૨

શ્રી ઈરાનશાહને ઉદવાડામાં અગર વલસાડમાં ગમે ત્યાં રાખવાનો પરવાનો ૩૪૪

શાપુર શામરાના કજ્યાનો ચુકાદો ૩૪૫

સરકારી હોકમનામાં પ્રમાણે શાપુર શામરાને ભાગ આપ્યો નહિ, માટે ઉદવાડાના દસ્તુરોને થયલો દંડ–તે ન ભર્યાથી કેદની સજા ૩૫૨

પેશ્વા સરકારે દસ્તુરો ભીખાજી તથા રૂસ્તમજીને માફ કીધેલું દેણું... ... ... ૩૫૫

શાપુર શામરાએ જુલમાતો ગુજાર્યા હતા તે વિષે યાદી ... ૩૫૬–૩૫૮

જીંદેરવાનનું કામ નહિ કરવા મીનોચેહેર હોમજીવાલાઓએ ભગરીઆઓને લખી આપેલો લેખ ૩૫૮

કરણ ૯ મું.

નવસારીમાં અનજુમનનાં નવાં આતશબેહેરામ–તે વિષે સંજાણાઓએ વાંધો કાઢી લખેલા પત્ર ૩૬૦–૩૬૫

પાનું.

સંજાણાઓના વાંધા છતાં નવસારીની અનજુમનના આતશ બરપા થયા ૩૬૫

નવસારીના આતશબેહેરામ અનજુમના કે ખુરશેદજી દેશાઈના? ૩૬૬

દેશાઈ ખુરશેદજીની સખ્તાઈ વિરૂદ્ધ ક્રોધ તથા તેમને થંડા રાખવા અનેક સાહેબોએ લખેલાં પત્રો–દેશાઈજીના જવાબો–તેમણે અખત્યાર કરેલો સુલેહનો માર્ગ ... ૩૭૦–૩૭૬

શ્રી ઈરાનશાહની બોય દેવાનું કામ કીધા વગર શાપુર શામરાના પક્ષે માંગેલો ભાગ–તે બાબતમાં પેરવા સરકારનો હોકમ ૩૭૬–૩૮૧

શાપુર શામરાએ એક વલસાડના મોબેદ કનેથી જબરીથી લખાવી લીધેલો લેખ ૩૮૧

વલસાડના પારસીઓ ઉપર પેરવા સરકારનો હોકમ ... ૩૮૩

રાઘવ ગીરદી–નવસારીમાં ધાડ–તેને લીધે નવસારીનાં નવાં આતશબેહેરામને સુરત લેઈ ગયા ૩૮૪

રાઘવ ગીરદીને સબબે લગ્નોની રીત ઉપર થયલી અસર ... ૩૮૭

વલસાડના મોબેદોએ બીલીમોરે જઈ ક્રિયાકામ કીધું તે વિષે ભગરીઆઓએ લખાવી લીધેલું માફી પત્ર ... ૩૮૮

વલસાડા મોબેદો તથા સંજાણાઓ વચ્ચે ઉઠેલા ઝઘડા વિષે વલસાડની અનજુમને મુંબાઇની અનજુમનને લખેલો કાગળ ૩૮૯–૩૯૬

લગ્નોની આવક વિષે ઉદવાડાના તથા વલસાડના મોબેદોનો કજ્યો કોરટે ગયો તથા તેની અપીલ ૩૯૬–૪૦૨

લગ્ન વગેરેના હક સંબંધમાં વલસાડના મોબેદોએ ઉદવાડાની અનજુમનને લખેલો પત્ર ૪૦૨

ભગરીઆઓના તથા દેશાઈઓના જુલમાત બાબે મીનોચેહેર હોમજીવાલા મોબેદોએ સર જમશેદજી જીજીભાઈ લખેલો પત્ર ૪૦૩–૪૧૨

જુદદીન મરદને પેટના એક પારસણના છોકરાની નવજોત ઉદવાડાના દસ્તુરે કરી તે વિષે વાંધો ૪૧૨

પ્રકરણ ૧૦ મું.

ભગરીઆઓને તાબેનું મુંબાઇનું પંથક ૪૧૪

મુંબાઇનો ત્રણ દિવસનો પારસી ગવરનર ૪૧૬

મુંબાઈના પંથકીએ નવસારીની ભગર અનજુમનને તાબે રહેવાનો લખી આપેલો લેખ... ... ... ૪૧૮

પેહેલવેહેલાં વાળેલાં પગનાં રવાનની ગેહસારણાંની ક્રિયા ભગરીઆઓએ કરી નહિ ૪૧૯

પાનું.

બરશ્નુમ નહિ આપવાની ફર્યાદ—વરશીઆના ગુજર્યાથી અટકેલાં ક્રિયાકામો—તે સંબંધી મંનચેરજી શેઠનાનો કાગળ ૪૨૧–૪૨૪

શેઠ માણેકજી ન. શેઠની અગીઆરીના મોબેદોનો કાગળ—સંજાણા મોબેદોને મુંબાઈ બોલાવવાનો ઈરાદો ... ૪૨૫

વરશીઆ સંબંધી નવસારીની અનજુમનનો લાચારી દર્શાવનારો જવાબ ૪૨૭

મુંબાઇમાં મરકી–દખમાંને બદલે ચોતરો બાંધવાની પરવાનગી. ૪૨૮

ચાહારૂમનું ગોસ્પંદ–ઓજરન ગેહમાં આશીર્વાદ વગેરે ... ૪૩૦

મુંબાઈનું પંથક ભગરીઆઓના હાથમાંથી જવા માંડયું હતું તે વિષે શેઠ માણેકજી મેરવાનજી શેઠનો કાગળ ... ૪૩૭

મુંબાઈમાં નાવર કરવાની રજા આપવા નવસારી ખાતે અરજ–તેનો નકારમાં જવાબ ૪૩૮–૪૪૧

મુંબાઈમાં થયલા નાવર ૪૪૧

શેઠ ખરશેદજી શરાફે પેહેલવેહેલા મુંબાઈ મધ્યે બોલાવેલા ઉદવાડીઆ મોબેદો ૪૪૨

પ્રકરણ ૧૧ મું.

શ્રી ઇરાનશાહને માટેનાં સુખડ કાઠી વગેરે ચીજો ઉપરની ખંડણી માફીના પરવાના ૪૪૫–૪૫૧

ઉપલીજ બાબતના પરવાના મોડી લીપીમાં ૪૫૧–૪૫૬

શ્રી ઈરાનશાહ તરફ અંગ્રેજ સરકારની દિલસોજી–જકાત માફીના પરવાના... ... ... ૪૫૬–૪૬૧

પ્રકરણ ૧૨ મું.

શ્રી આતશબેહેરામ તથા અનજુમનનો કારોબાર, તથા કમિટિ. ૪૬૨–૪૬૬

ક્રિયાઓ વગેરના ઠરાવો ૪૬૬

શેઠ માણેકજી કાવશજી દમણવાલા—તેમના બેટા શેઠ શોરાબજી ૪૬૯

ઓજરન ગેહની શ્રી ઈરાનશાહની માચી સંબંધી શેઠ શોરાબજી ન. તલાટીનું ટ્રસ્ટ ફંડ ૪૭૧

આતશબેહેરામની માચી સંબંધી ઠરાવો ૪૭૨

કારોબારીઓની ગેરરીતિઓ માટે ઠપકા રૂપી ઠરાવો માટે અનજુમનની સભા—તે ઉપરથી જાગેલી ગરમ ચર્ચા... ૪૭૪–૪૭૬

ઈ. સ. ૧૮૯૬ માં અનજુમનથી છુટા પડેલા સાહેબો સામે ઠરાવો ૪૭૮

પ્રકરણ ૧૩ મું.

પાનું.

સંજાણાઓ તથા ભગરીઆઓ વચ્ચે પાછો કજ્યો—ખેરગામનો કેસ ૪૮૩

વાદિઓએ માંગેલી દાદ—નવસારીની ભગર અનજુમનનો ઠરાવ. ૪૮૪-૪૮૫

વલસાડની કોરટમાં મનાઈ હોકમનું નિકળી જવું ... ૪૮૫

લવાદ શેઠ દાદાભાઈ નવરોજીનો ચુકાદો ૪૮૬

પ્રકરણ ૧૪ મું.

શ્રી ઈરાનશાહ અતશબેહેરમાનાં ઉદવાડામાંનાં જુનાં મકાનોની હકીકત ૪૯૧-૪૯૭

બાઈ મોટલાંબાઈવાલાં મકાનના પાયાની ક્રિયા ... ૪૯૭

અનજુમનને બાઈ મોટલાંબાઈએ લખેલું પત્ર ૫૦૦

આતશબેહેરામનાં મકાન વગેરેનું ટ્રસ્ટ ડીડ ૫૦૧

પ્રકરણ ૧૫ મું.

ઉદવાડાના આતશબેહેરામના દરવાજા સંબંધી પ્રખ્યાત કેસ. ૫૦૬

આતશબેહેરામના દરવાજા સંબંધી ખટપટની શરૂઆત--તેનું બંધ થઈ જવું ૫૦૭-૫૦૮

પારડીના મામલતદાર કને ગયલો કજ્યો ૫૦૯

એ. બેરામજી ભરડા કનેથી સુલેહના જામીન લેવાનો કેસ ... ૫૧૪

વલસાડની કોરટમાં ફર્યાદી—વાદિઓની તથા વિરૂદ્ધ પક્ષની દલીલો—મુદદાઓ ૫૧૫-૫૨૩

બંને પક્ષના સાક્ષિઓ ૫૨૩

સબ જડજ રાવ બહાદુર પારખનો ચુકાદો ૫૨૪-૫૩૬

શ્રી ઈરાનશાહને ગમે ત્યાં ખસેડી શકાય કે? ૫૩૬

સુલેહ જાળવી રાખવાના જામીન ૫૩૭

પ્રકરણ ૧૬ મું.

આતશબેહેરામના કેસની અલીલ—સામસામી દલીલો ... ૫૩૮-૫૪૧

અનજુમનનું મત લેવાનો ચીફ જસ્ટીસનો હોકમ ... ૫૪૧

ઉદવાડાની જરથોસ્તી અનજુમનની સભા તથા ઠરાવો સંબંધી રીપોરટ ૫૪૨-૫૪૫

અપીલ કોરટનો ચુકાદો ૫૪૫-૫૫૧

તકરારી દરવાજો ખુલ્લો થયો-કેસમાં પીટીટ ખાનદાનની મદદ ૫૫૨

પ્રીવી કાઉનસીલમાં અપીલ કરવા હાઇ કોરટને અરજ ... ૫૫૩

પાનું.

શેઠ નવરોજી વાડીઆએ દેખાડેલું મોટું દીલ-સમજુતીનું લખત ૫૫૪-૫૫૯

પ્રકરણ ૧૭ મું.

નવસારીના કકલીઆ મોબેદોએ સંજાણાઓ ઉપર લખેલો પત્ર. ૫૬૦

આતશબેહેરામમાં બોય દેવાના હકનો દાવો ૫૬૧

પારસીઓ સંજાણમાં આવ્યા તે બનાવને ૧૨૦૦ વર્ષ થયાં તેની ખુશાલીમાં જશન કમીટીએ કરેલું જશન ... ૫૬૧

ઉદવાડાની અનજુમનના મુખ્યત્યારો સામે ફર્યાદ-કોરટમાં મુકદમો ૫૬૧-૫૬૩

કેરશાશજી ભાઠેલાએ બોયના હક સારૂં માંડેલો કેસ-તેની અપીલ ૫૬૬-૫૬૮

ઉદવાડાના દસ્તુરોની નેમણુંક કેમ થતી હતી?... ... ૫૬૮-૫૭૫

દસ્તુરી બાબે ઝઘડા ૫૭૫-૫૭૮

શ્રી ઈરાનશાહને પરડાવ્યાને ૧૨૦૦ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં જશન કમીટીએ કરેલું જશન ... ૫૭૯

સર રતન તાતા દવાખાનાનું મકાન ૫૮૦

સુલેહનો ભંગ અટકાવવા જમીન લેવા બાબે ફર્યાદ-તેની સમજુતી વગેરે ૫૮૧-૫૯૦

પ્રકરણ ૧૮ મું.

નવસારીના સંજાણા દસ્તુરો ૫૯૧

ઉદવાડાના દસ્તુરો-દસ્તુર ખાનદાનના ૫૯૩

મીરજાં ખાનદાનનાં દસ્તુરો ૫૯૫

ઉદવાડાનાં નવ અથોરનાન કુટુંબો ૫૯૮

નવ કુટુંબોનો બોય દેવાનો વારો ૬૦૦

દમણવાલા કુટુંબના વડવાઓ ૬૦૧

ઉદવાડાના પટેલ કુટુંબના વડવાઓ ૬૦૨

મીરજાં કુટુંબના વડવાઓ ૬૦૫

ઉનવાલા કુટુંબના વડવાઓ ૬૦૯

કટીલા કુટુંબના વડવાઓ ૬૧૧

પ્રકરણ ૧૯ મું.

મેહેરજી રાણા કુટુંબના દસ્તુરો ૬૧૨

કેટલાક જાણીતા દસ્તુરો—દારાબ પાહલણ, જમાસ્પ આશા વગેરે ૬૧૫

પાનું.

સંજાણા અટકવાલા ભગરીઆઓ તથા બીજા સાહેબો ... ૬૨૦
શેઠ ખાનદાનના વડવાઓ ૬૨૨
દેશાઈ ખાનદાનના વડવાઓ ૬૨૩
પોલીઆ દેશાઈના વડવાઓ ૬૨૫
દોરડી કુટુંબના વડીલો... ... ... ૬૨૭
હોડીવાલા કુટુંબ ૬૨૮

પ્રકરણ ૨૦ મું.

ઉદવાડાનાં ધર્મસ્થળો વગેરે ૬૨૯
બરશનુમખાનાં તથા દરેમેહેર ૬૩૨–૬૩૩
ધર્મશાળાઓ તથા બાગ ૬૩૫
નિશાળો તથા ધર્મ ખાતાં ૬૩૮–૬૪૧
લાયબ્રેરી, બઝમ, મોગલાઈ હક, વાડીઆ રોડ... ... ૬૪૩–૬૪૮
ઉદવાડાની વસ્તી, સંજાણાઓને લગતાં પંચકો... ... ૬૪૭–૬૪૯

વધારો.

ઈરાનનાં તથા હિંદુસ્થાનનાં આતશબેહેરામો ૬૫૦–૬૬૧
મુંબાઈમાં દરેમેહેરો તથા દાદગાંઓની ટીપ ૬૫૨–૬૫૪
હિંદમાં તથા દેશાવરોમાં દરેમેહેરો તથા દાદગાંઓની ટીપ... ૬૬૫–૬૭૦

પવિત્ર આતશની બુલંદી તથા તેની સેતાયશના ફાયદા*

(૧)

અવસ્તા—આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર!

અર્થ—અહુરમજદના પુત્ર, અય તું આતશ!

(આતશ નિયાએશ).

(૨)

અવસ્તા—આતર્શ્ વોઇ મજ્દાઓ અહુરહ્યા અહી. મઇન્યેઉશ્ વોઇ અહ્યા સ્પેનિશ્તો અહી.

અર્થ—અય આતશ! હોરમજદની (તું) એક નિશાન છે. અય આતશ, (તું) તે મીનોની (યાને દાદાર હોરમજદની) સૌથી વૃદ્ધિ કરનાર નિશાન છે.

(યજશને હા. ૩૬ ફ. ૩).

(૩)

અવસ્તા—આતરેમ્ અહુરહે મજદાઓ પુથ્રેમ્ યજમઇદે. થ્વાંમ્ આતરેમ્ અહુરહે મજદાઓ પુથ્રેમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યજમઇદે. વીસ્પે આતરો યજમઇદે.

અર્થ—હોરમજદના પુત્ર આતશને અમે વખાણીએ છીએ; હોરમજનો પુત્ર આતશ (જે) અશોઇનો સરદાર (તેને) અમે વખાણીએ છીએ. તમામ આતશોને અમે વખાણીએ છીએ.

(યજશને હા. ૨૫ ફ. ૭).

---

* આ ફકરાઓ શેઠ હોરમજી અરદેશર દુબાશની ખાયશથી દાખલ કીધા છે.

(૪)

અવસ્તા—ક્રૂયેહે વાજિશ્તહે અસ્તોઇશ્ રતૂમ્ આસ્રુયે આતરેમ અહુરહે મજદાઓ.

અર્થ—પ્યારી (તથા) સૌથી તેજવાળી હૈયાતીના સરદાર હોરમજદના આતશને હું યાદ કરૂં છું.

(યજ. હા. ૧૩ ફ. ૨).

(૫)

અવસ્તા—નિવએધયેમિ હનૂકારયેમિ અષહે વહિશ્તહે આથ્રસ્ચ અહુરહે મજ્દાઓ.

અર્થ—અષવહિશ્ત તથા હોરમજદના આતશને હું ઈજન કરૂં છું, (તથા) મિજલમાં આદરમાન આપું છું.

(યજશને હા. ૧ ફ. ૪).

(૬)

અવસ્તા—અહ્યા થ્વા આથ્રો વેરેજેના પઓઉરૂયે પઈરિ-જસામઈદે મજ્દા અહુરા થ્વા થ્વા મઈન્યૂ સ્પેનિશ્તા.

અર્થ—(ભણનાર બોલે છે) અય સૌથી વૃદ્ધિ કરનાર હોરમજદ! આ આતશની મારફતે સૌથી પહેલાં (અમે) તુંને તુંને પહોંચ્યે છીએ.

(યજશને હા. ૩૬ ફ. ૧).

(૭)

અવસ્તા—થ્વહ્યા ગરેમા આથ્રો અષા-અઓજંઘ્હો હ્યત્ મોઇ વંઘ્હેઉશ્ હજે જિમત્ મનંઘ્હો.

અર્થ—(ઓ હોરમજદ), અશોઈનું કૌવત રાખનારા તારા આતશના પ્રતાપની મારફતે ભલાં મનનું કૌવત મને મળે!

(ગાથા હા. ૪૩ ફ. ૪)

(૮)

અવસ્તા—અત્ તાઈ આતરેમ્ અહુરા અએોજોંઘ્હ્વન્તેમ્ અષા ઉસેમહી, અસીશ્તેમ્ એમવન્તેમ્ સ્તોઇરિપન્તેમ્ ચિથ્રા-અવંઘ્હેમ્, અત્ મજ્દા દઇબિષ્યન્તે જસ્તા-ઇશ્તાઇશ્ દ્વેરેશ્તા અએનંઘ્હેમ્.

અર્થ—એ હોરમજદ, (અમે) તારા જોરાવર, સર્વથી તેજીવાલા, હીમ્મત આપનાર, હમેશાં ખુશી કરનાર, ઘણી રીતે (અથવા અજબ રીતે) મદદ કરનાર આતશને અષ (યાને અરદીબહેસ્ત અમશાસપંદ)ની મારફતે ઇચ્છીએ (અથવા પસંદ કરીએ) છીએ. એ હોરમજ, (આતશ) (પોતાનાં) પુરતાં કૌવતે કરીને (તેની તરફ) દ્વેષ રાખનાર તથા કીનો રાખનાર શખ્સને મજબુટ પકડનારો (યાને શિક્ષા કરનાર) (છે).

(ગાથા હા. ૩૪ ફ. ૪).

(૯)

અવસ્તા—ગૂશ્તા યે મન્તા અષેમ્ અહ્રૂમ્બિશ્ વીદ્વાઓ અહુરા, એરેજુખ્ધાઇ વચંઘ્હાંમ્ ક્ષયમ્નો હિજ્વો-વસો; થ્વા આથ્રા સુખ્રા મજ્દા વંઘ્હાઉ વીદાતા રાંનયાઓ.

અર્થ—જે વિદ્વાન, એ હોરમજદ! બેઉ દુન્યાં (ના ફાયદા)ને માટે અષોઇને (યાને અષોઇની બાબત) સાંભળે (તથા તે ઉપર) વિચાર કરે, (તે શખ્સ) સાચ્ચા સખુનો ઉપર સાહેબી ભોગવનાર (તથા) પોતાની જબાનને તાબે રાખનાર (હોય છે). એ હોરમજદ! તારા રોશન આતશની મારફતે (તે શખ્સ) (જીંદગીના) ભલા સંસારમાં મશગુલ થાય છે.

(ગાથા હા. ૩૧ ફ. ૧૯)

(૧૦)

અવસ્તા—નેમસે-તોઇ આતરે અહુરહે મજ્દાઓ મજિશ્તાઇ યાઓંઘ્હામ્ પઇતી જમ્યાઓ.

અર્થ—અય હોરમજદના આતશ! તુંને નમાજ (હોજો)! કામોમાંનું સર્વથી મોટું (કામ કરવા)ને માટે તુંને આવવું જોઇએ.

(યજશને હા. ૫૮ ફ. ૭).

(૧૧)

અવસ્તા—ઉર્વાજિશ્તો હ્વો ના યા તાયા; પઇતી-જમ્યાઓ આતરે મજ્દાઓ અહુરહ્યા ઉર્વાજિશ્તહ્યા ઉર્વાજયા નાંમિશ્તહ્યા નેમંઘ્હા નાઓ મજિશ્તાઇ યાઓંઘ્હાંમ્ પઇતી જમ્યાઓ.

અર્થ—(તે) માણસ પોતે આએ શકિત (યાને આતશ)થી ઘણોજ ખુશાલ છે. ઓ હોરમજદના આતશ! ઘણીજ ખુશાલીવાલાની ખુશાલીથી (તથા) ઘણીજ નામાંકિતની બંદગીથી (તું) અમને પહોંચ. કામોમાંના સૌથી મોટાં (કામને)ને માટે તું (અમને) પહોંચ.

(યજશને હા. ૩૬ ફ. ૨).

(૧૨)

અવસ્તા—યેસ્ન્યો અહિ વહ્મ્યો, યેસ્ન્યો બુયાઓ વહ્મ્યો ન્માનાહુ મઘ્યાકનાંમ્ ઉશ્ત બુયાત્ અહ્માઇ નઇરે, યસે-થ્વા બાધ ક્રૂયજાઇતે અએસ્મો-જસ્તો, બરેસ્મો-જસ્તો, ગઓ-જસ્તો, હાવનો-જસ્તો.

અર્થ—(ઓ આતશ!) (તું) ઇજિવા લાયક (તથા) આરાધનાને લાયક છે; માણસોનાં ઘેરોમાં (તું) ઇજિવા લાયક (તથા) આરાધનાને લાયક થજે! જે (માણસ) હાથમાં એસમ લઇને, હાથમાં બરસમ લઇને, હાથમાં જીવામ લઇને, (તથા) હાથમાં હાવનીમ લઇને તુંને હંમેશાં ઇજે, તે માણસને મોટાઇ (અથવા સુખકારી) હોજો!

(આતશ નિયાએશ).

(૧૩)

અવસ્તા—આઅત્ યેજિ-ષે અએમ્ બરઇતિ અએસ્મેમ્ વા, અષય બેરેતેમ્ બરેસ્મ વા, અષય ક્રૂસ્તરેતેમ ઉર્વરાંમ્ વા હધાનએપતાંમ્, આ-હે પસ્ચએત ફ્રિનઇતિ આતર્શ્ મજ્દાઓ અહુરહે ક્ષનૂતો અત્બિશ્તો હધ્ધંધ્હેમ્. ઉપ-થ્વા હક્ષોઇત્ ગેઉશ્ વાંથ્વ, ઉપ વીરનાંમ પોઉરૂતાસ્. ઉપ-થ્વા વેરેજવત્ચ મનો, વેરેજવતિચ હક્ષોઇત્ અંધ્ઉહ. ઉર્વાક્ષ્-અંધ્ઉહ ગય જિધએષ, તાઓ ક્ષપનો યાહો જવાહી.ઇમત્ આથ્રો આક્રિવનેમ્, યો અહ્માઇ અએસ્મેમ્ બરઇતિ હિક્રૂશ્, રઓચસ્-પઇરિશ્તાંમ્ અષહે બેરેજ યઓજદાતાંમ્.

અર્થ—પણ અગરજો કોઈ શખ્સ તે (આતશ)ને માટે અશોઇથી લાવેલું એસમ, અથવા અશોઇથી પાંથરેલી બરસમ, અથવા હધાનએપત (નામનું ખુશબોદાર) ઓરવર લઈ જાએ છે તો, (તે) હોરમજદનો આતશ (જે) ખુશનુદ થયલો, આદરમાન પામેલો (તથા) તૃપ્ત થયલો (તે), તે (ભેટ આપનાર શખ્સ)ને (નીચે પ્રમાણે દુઆ દેછે):—

તારે ત્યાં (યાને તારા કબીલામાં) ગાય ઢોરનું ટોળું જ્યાદે થજો! (તારે ત્યાં) માણસોનો વધારો થજો! તુંને કામ કરતું મન થજો! (તારી જીંદગી કામ કરતી થજો! જેટલી રાત તું જીવતો રહે, તેટલી (રાત) ખુશાલીભરેલી જીંદગીના જીવ સાથે તું (તારી) જીંદગી ગુજારજે!"

જે કોઈ તે (આતશ)ને માટે સુકકી, રોશનીમાં પરીક્ષા કીધેલી (તથા) સાફ કીધેલી કાઠી અશોઇના આશીરવાદથી લઈ જાએ છે, (તેને માટે) આતશની આએ (યાને ઉપર કહેલી) દુઆ (છે).

(આતશ નિયાએશ).

(૧૪)

અવસ્તા—સઓચે બુયે અહ્મ્ય નમાને, મત્-સઓચે બુયે અહ્મ્ય નમાને, રઓચહિ બુયે અહ્મ્ય નમાને, વક્ષથે બુયે અહ્મ્ય નમાને, દરેઘેમ્ચિત્ અઈપિ જ્રૂવાનેમ, ઉપ સૂરાંમ ક્રષો-કેરેતીમ્, હધ સૂરયાઓ વંઘ્હુયાઓ ક્રષો-કેરેતોઈત્.

અર્થ—(અય આતશ!) લાંબો વખત સુધી, શૂર આપનાર રસ્તાખેજ (ના વખત) સુધી, તથા હિમ્મત આપનાર ભલા કેઆમત (ના વખત) સુધી આએ ઘેરમાં (તું) બળતામાં થજે, (યાને બળતો રહેજે). આએ ઘેરમાં (તું) હંમેશાં બળતો રેહેજે, આએ ઘેરમાં (તું) ચલકાટમાં રહેજે, (તથા) આએ ઘેરમાં (તું) વધારામાં રહેજે!

(આતશ નિયાએશ.)

Figure 4.3 Schematic diagram of Bridge 22

શ્રી ઈરાનશાહ આતશ બેહેરામની તવારીખ.

પ્રકરણ પહેલું

પારસીઓ ઈરાન વતન છોડી હિંદમાં આવ્યા તે વિષે કીસ્સે સંજાણનો અહેવાલ.

શાહપુરથી તે યજદજર્દ સુધી,
પાક દીનમાં ન હતી ખલલ કદી.
તેજસ્વી ને પ્રકાશિત હતી દીન,
દૃઢ થયું હતું ધર્મપર યકીન.
જ્યારથી યજદજર્દની પાદશાહી ગઈ,
જુદદીન રાજ્યથી બહુ ખરાબી થઈ.
અફસોસ, ઈરાન વહાલું થયું વેરાન,
કમી થઈ જરથોસ્તી દીનની નિશાન.
હતું જંદ પાજંદ પર જેનું યકીન,
ન કીધી ઢીલ તેણે થવા સૃજત આધીન.
દસ્તુરો બ્હેદીનો કરવા દીનની જતન,
નાઠા તજી પોતાનું પ્યારૂં વતન.
તજ્યા બાગ બગીચા અને અએવાન,
છુપી બેઠા કરી પહાડો પર મકાન.
કોહીસ્તાન હતું તે પ્રખ્યાત દેશનું નામ,
સો વર્ષ રહયા હતા ત્યાં ઠરીઠામ.

બહમન કેકોબાદ સંજાણા નામના એક ભણેલા મોબેદે ઈ. સ.

૧૬૦૦ માં "કીસ્સે સંજાણ"* નામનું એક નાનું ફારસી પુસ્તક કાવ્ય રૂપમાં લખ્યું હતું. તેમાં ઉપલી મતલબનો ફકરો જડે છે જે મી. રૂસ્તમ પેમાસ્તરનાં છાપેલાં પુસ્તકમાંથી આપણે ટાંકયો છે.

સાસીનીઅન વંશનો છેલ્લો શેહેનશાહ યજદજર્દ શેહેરીઆર ઈ. સ. ૬૩૨માં ગાદીએ આવ્યો; ત્યારબાદ થોડાંજ વર્ષમાં આરબ લોકોએ ઈરાન દેશ ઉપર સખત હુમલો કીધો. ઈ.સ. ૬૩૬ (કેટલાકો પ્રમાણે ૬૩૮) માં કાદીસીઆની લડાઈમાં રૂસ્તમ ફરોખજાદ નામના સરદારના હાથ તળે ઈરાની લશ્કરને એટલી તો મોટી શિકસ્ત મળી કે અતિકીમતી ઝવેરાતથી મઢેલો પુરાતન કાળનો કાવાની ઝુંડો વટીક આરબોના હાથમાં ગયો. ઈ. સ. ૬૪૧ માં યજદજર્દે દોઢ લાખ સીપાહોનું લશ્કર ફીરૂઝન નામના સરદાર હેઠલ આરબો સાંમે લડવા ભેગું કીધું. બંને લશ્કરો વચ્ચે હમદાનની દક્ષિણે ૪૫ માઈલિને છેડે આવેલાં નીહાવંદ નામના ગામડાંમાં મોટી લડાઈ થઈ, તેમાં ઈરાની લશ્કરનો પરાજય થઈ તે સદંતર નાશ પામ્યું. ઈરાની સરદાર નાસવા જતાં માર્યો ગયો. દશ વર્ષ સુધી ભટકતી જીંદગી ગુજારી યજદજર્દ ઈ. સ. ૬૫૧ માં મર્વ-ઈ-શાહજાનમાં એક નીચ માણસના હાથે માર્યો ગયો. (જોવો H. G. Brigg's Parsis પા. ૬). ઈરાનીઓનું રાજપાટ ગયું અને જુલમાતને લીધે તેઓ પડતી હાલતમાં આવી પડયા.

શિકસ્ત પછી નાસભાગ.

આરબોના હાથે શિકસ્ત પામ્યા પછી કીર્તિ તથા વિખ્યાતિની ટોંચે પહોંચેલું સાસાનીઅન રાજપાટ નાશ પામ્યું, ત્યારે ઈરાનના કેટલાંક દુરઅંદેશ લોકોએ જોયું કે જુદદીનોના અતિભારે જુલમાતથી જાનમાલનેજ નહિ, પરંતુ દીનને પણ નુકશાન પહોંચશે. માટે મસલત કરી કેટલાક દસ્તુરો તથા બેહેદીનો જનફરજંદ સાથે પોતાનું કીમતી સર્વસ્વ તથા વહાલું વતન તજી કોહીસ્તાનના પહાડી મુલકમાં જઈ વસ્યા. ત્યાં ૧૦૦ (?)

---

*આ કીસ્સો પુરો કીધાનો રોજ ૬ ઠો માહા ૧ લો સને ૯૬૯ યજદજરદી તા. ૨ જી ડીસેમબર ૧૬૦૦ N. S. છે.

વર્ષ રહ્યા. પણ તેમની હાલત દિન પ્રતિદિન નબળી થતી ગઈ. માટે એક દાનાવ નેક પુરૂષની સલાહથી સઘલા દસ્તુરો તથા બેહેદીનો હોરમજદ શેહેરમાં ગયા.

હોરમજદ શેહેરમાં વસવાટ.

આ હોરમજદ શેહેર તે હોરમજદનો 'ટાપુ નથી,* પણ ઈરાની અખાત ઉપર બંદર આબાસથી ૩૦ માઈલ પૂર્વે આવેલું પુરાતન શેહેર હતું. એરવદ મેહેરજીભાઈ ન. કુટારે એરવદ શાપુરજી માણેકજી સંજાનાનાં "કીસ્સે જરથુશ્તીઆને હિંદુસ્તાન"ની ફારસી નકલ તરજુમા સાથે બનાવી રાખી છે, તેના ૧૧૧ મા બેતમાં પણ કહ્યું છે કે :–" બ સુઈ શહર હુરમજ શુદ તલબગાર;" યાને "તેઓ હોરમજદ શેહેર ભણી જવા તલબગાર થયા." (વળી જોવો પ્રોફેસર શાપુરશા હો. હોડીવાળાનું પુસ્તક Studies in Parsi History p. 100.)

હોરમજદ શેહેરમાં તેઓ ૧૫ વર્ષ રહ્યા, તે અરસામાં જુદદીનોએ હરેક પ્રકારનો જુલમાત તેઓ ઉપર કર્યો. માટે અંતે વહાલું ઈરાન વતન તજી પોતાના ધર્મની જાલવણી કાજે પોતાનાં જન ફરજંદ સાથે તેઓએ હિંદુસ્તાન ભણી દરિયા માર્ગે જવા માડયું.

પારસીઓનું હિંદમાં આવવું.

કેટલાક દિવસ બાદ તેઓનાં વહાણોએ હિંદુસ્તાનના દિવ બંદર ઉપર આવી ત્યાં લંગર નાંખ્યું. પછી તે સઘલાં લોકો દિવના ટાપુમાં જઈ વસ્યાં. ત્યાં ૧૯ વર્ષ રહી તે જગ્યા પણ

---

*H. G. Briggs જેવા લેખકે પણ ભૂલ કરી છે તે પોતાનાં પુસ્તક The Parsis or Modern Zerdushtians માં (પા. ૭) હોરમજદના "ટાપુમાં" પારસીઓ ગયા હતા એમ સમજે છે, તે ખોટું છે ઈ.સ. ૧૭૯૪ માં કેપટન લીટને લખાણ કર્યું હતું તેમાં તે પણ ભૂલથી લખે છે કે :–" A few Persians took refuge in the Isle of Ormus, whence they sailed for India." (A Narrative of the Operatious of Capt. Little's Detachment...by Lt. Moore 1794 Note, II. p. 383)

સલામત ન લાગ્યાથી તેઓએ કોઈ બીજાં શેહેરમાં જવાનો ઠરાવ કર્યો. બાદ વહાણોમાં બેશી સઘળાંઓએ ગુજરાત તરફ જવા માંડયું. ભર દરિયામાં તેઓને એક મોટું તોફાન નડયું. તે વખતે હિંમત ન હારતાં સઘળાંઓએ દાદાર હોરમજ તથા બેરામ યજદની બંદગી કરી એવી મુરાદ ચાહી કે અગર જો અમે જમીન કીનારે સહીસલામત પહોંચીશું, તો ઉતારાની જગ્યાએ એક આતશ બેહેરામ બરપા કરીશું. તેઓની મુરાદ બર આવી. તોફાન નરમ પડયું અને તેઓ સંજાણમાં સહીસલામત આવી પહોંચ્યા. તે વેલાએ ત્યાં એક ભલો નેક ડાહ્યો તથા ઉદાર દીલવાલો રાજા નામે **જાદી રાણા** રાજ કરતો હતો. એક ભણેલો અકકલમંદ દસ્તુર હુદિયો લેઈ તે રાજા કને ગયો, અને તેના ઉપર દુઆ આફ્રીન ગુજારી કહયું, કે "ઓ મહારાજા, અમને આ શેહેરમાં ઉતારો આપ. અમે ગરીબ લોકો જુદદીનોના જુલમાતથી નાસી અમારા ધર્મની જાળવળી કાજે તારાં શેહેરમાં આવ્યાં છીએ; અને તારી મદદ માંગીએ છીએ." આ પારસી લોકોનો લેબાસ જોઈ રાજાને લગાર ફીકર લાગી. માટે તેણે પેલા દસ્તુરથી તેઓના ધર્મ તથા રેવાજ વિષે ખબર માંગી. તે હકીકત સાંભળી ચોકકસ શરતોએ રાજાએ તે લોકોને પોતાના શેહેરમાં ઉતરવાની રજા આપી.

આરબોના હાથે હાર પામ્યા પછી નાસભાગમાં પડેલા પારસીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા તેનો ટુંક સાર ઉપર પ્રમાણે કીસ્સે સંજાણ ઉપરથી આપણે આપ્યો છે.

પારસીઓ હિંદમાં આવ્યા તે વિષે હેનરી લોર્ડે આપેલો અહેવાલ.

ઈ. સ. ૧૬૨૦ માં યાને કીસ્સે સંજાણ લખાયા બાદ ૨૦ વર્ષે હેનરી લોર્ડ નામનો પાદરી સુરતમાં ગયો હતો. (જોવો Bombay Gazetteer IX pt. II p. 190). પારસીઓના રેવાજ તથા ધર્મ વિષે લખનાર પહેલવહેલો યુરોપીઅન તે હતો. તેણે પોતાનું પુસ્તક A Discovery of the Sects of

the Banians and Persees (વાણિયા તથા પારસીઓનો અહેવાલ) નામનું ઈ. સ. ૧૬૨૭ માં લખ્યું હતું. આ પાદરી સાહેબે પારસીઓના હિંદમાં આવવાનો અહેવાલ એક દારૂ (યાને અધ્યારૂ) કનેથી સાંભળી લખ્યો હતો, તે ઉપલાં પુસ્તકમાં આવેલો છે. તે પુસ્તકમાં પાને ૩૨૯ ઉપર તે લખે છે કેઃ–*

"સુરત શેહેર કે જ્યાં હું રહેતો હતો ત્યાં મેં પારસી નામની બીજી કોમ જોઇ હતી.... હું તેઓના એક ધર્મગુરૂ જેને દારૂ કરીને કહેતા હતા તેને મલ્યો, અને એક પારસી કે જે કંપનીની ચાકરીમાં લાંબો વખત સુધી હોવાથી ઇંગ્રેજી ભાષા સાધારણ રીતે જાણતો હતો અને જેની સાથે મને ઓળખાણ હતી, તેણે દુભાષ્યા તરીકે મને મદદ આપી, તેથી હું મારી શોધખોળ આગળ ચલાવી શકયો....આશરે ૯૯૬ વર્ષ ઉપર એક યજદગરદ નામનો પારસીઓનો પાદશાહ હતો.... જ્યારે મહમદના ધર્મ પાળનારા આરબ લોકોએ તેના રાજ્યના ૧૯ માં વર્ષમાં તેના દેશ ઉપર હુમલો કીધો, ત્યારે તેને ખોરાસાન તરફ નાસી જવાની ફરજ પડી, કે જ્યાં તે તેના રાજ્યના ૨૦ માં વર્ષમાં એકાએક મરણ પામ્યો....યજદગરદના મરણ પછી મહમદનોએ સઘળે ઠેકાણે જીત મેલવી અને ઇરાનીઓને ગોલામ તરીકે રાખ્યા. તથા જેમ નવા રાજાઓ નવા કાયદા આણે છે તેમ તેઓએ પોતાના કાયદા અમલમાં આણ્યા, એટલુંજ નહિ પણ ધર્મની બાબતમાં પણ તેઓને (ઇરાનીઓને) પોતાના ધર્મ યકીન વિરૂદ્ધ મહમદન રેવાજ પ્રમાણે રહેવાની ફરજ પાડી.

"પોતાના ધર્મ વિરૂદ્ધ રહેવાનું ન પાલવ્યાથી તથા (જુદદીન) જુસરીમાંથી મુકત થવા અશકત હોવાથી તેઓ (પારસીઓ) માંના ઘણાકોએ બને તેટલો પોતાનો સામાન

---

*અસલ ઇંગ્રેજી લખાણ મેં મારાં પુસ્તક Parsis of Ancient India નાં ૩૪ માં પાના ઉપર આપેલું હોવાથી અત્રે ફકત તરજુમો આપું છું.

તથા માલ લઈ છુપાછુપ નાસી જઈ હિંદ ભણી સફર કરવાનો ઠરાવ કર્યો. કારણ કે તેઓને વાણિયા રાજાઓની (ઉદાર દીલની) નમ્રતાની માહિતી હતી. અને તેઓ એવું માનતા હતા કે જો કે ત્યાં પરદેશનાં રાજ્યની હકુમત તળે રહેવાનું હતું, છતાં ધર્મની બાબતમાં અંતઃકરણ પ્રમાણે વર્તવાની છુટ મલશેજ. તેથી ઈરાની અખાતમાં **જાસ્ક** નામની જગ્યા છે, ત્યાં જઈ સાત વહાણોનો કાફલો તૈયાર કરી તેમણે હિંદુસ્તાનના કીનારા તરફ હંકાર્યું.

"એવુ બન્યું કે તેઓ સહીસલામત હિંદના કિનારા ઉપરનાં **સેંટજોન** (સંજાણ) ભણી જવા લાગ્યા; અને સુમાલીનાં બંદરમાં અથવા તેની નજદીક જ્યાં આવાં વહાણોને રહેવાનું ઠેકાણું હતું ત્યાં આવી ચઢયા. તેઓમાંના કેટલાકોએ **નંનસરી** (નવસારી) મધ્યે રહેતા રાજાને પોતાનાં દુઃખોની તથા ત્યાં આવવાનાં કારણની વાત જાહેર કરી. તથા ત્યાં પોતાને ઉતારો આપવા તથા પોતાના કાયદા તથા ધર્મ પ્રમાણે રહેવા દેવાની અરજ કરી. તથા રાજાની હકુમત તળે રહેવાનું વચન આપી તે રાજા સાથે કોલકરાર કીધા. **રાજ્ય તરફનો ભક્તિભાવ તથા કર આપવાની શરત કીધાથી** પાંચ વહાણોના મુસાફરોને દેશમાં આવવા દીધા."

આગળ ચાલતાં હેનરી લોર્ડ બીજાં વહાણો* કયાં કયાં ગયા તે બાબત રજુ કરે છે. આ અહેવાલ ઉપરથી જણાય છે, કે તેમાં દીવ ટાપુમાં ઉતર્યાની વાત બીલકુલ નથી. વલી આપણે માટે અગત્યની વાત આ છે, કે "રાજ્ય તરફ ભક્તિભાવ તથા ચોકકસ કર આપવાની શરતો" તેઓએ કબુલ કર્યાથી તેઓને રાજ્યમાં દાખલ થવાની રજા મળી હતી.

*આમાંનું એક વહાણ સુમાલી ભણી જઈ વરિયાવ ગયું. ત્યાંના રાજાએ પણ પારસીઓને ઉપલી કબુલાતે રાખ્યા પણ પાસેના રાજા સાથે લડાઈ થતાં પારસીઓને પોતાના શત્રુ રાજાના મિત્રો હોવાનો શક પડતાં તેઓને કતલ કીધા, એમ હેનરી લોર્ડ કહે છે. માટે **હેનરી લોર્ડના** વખત અગાઉ વરિયાવનું જંગ થયું હતું એમ સિદ્ધ થાય છે.

પારસીઓ હિંદુસ્તાનમાં ક્યારે આવ્યા તે વિષે નોંધ.

એક ત્રીજો પણ ટુંકો અહેવાલ મરહુમ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાના એક હસ્ત લેખ (કે જે આશરે ૧૫૦ વર્ષનો જુનો છે તથા) જેમાં કીસ્સે સંજાણની તથા બીજી બાબતો આવેલી છે, તેનાં એક કોરાં પાનાં ઉપર નીચે પ્રમાણે નોંધ જડે છે, કે જે પ્રો૦ શાપુરશા હો. હોડીવાલાએ જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળીની એક બેઠકમાં થોડાંક વર્ષ ઉપર રજુ કરી હતી :—

"સંવત ૭૭૨ વર્ષે શ્રાવણ શુદિ ૯ વાર શુક્રે રોજ ૨ માહા ૪ સને ૮૫ યજદજરદી એવે દંને શ્રી ખોરાસાનથી વેહેદીનાન શ્રી સંજાણ મધે મહારાજ્ય શ્રી જાદિરાણાના વખતમાં આવેઆ."

ઉપલો રોજ માહ તથા સંવત ભરૂચવાલા દસ્તુર અસપનદીઆરજી કામદીનજીનાં પુસ્તક "કદીમ તારીખ પારસીઓની કસર" (ઈ. સ. ૧૮૨૬) માં પણ પ્રગટ થયલા છે. પણ એ લખાણ તેમણે કયાં જડી આવ્યું હતું તે જણાવ્યું નથી. એ પુસ્તકમાં (પાને ૧૪૯) દસ્તુરજી લખે છે કેઃ—

"તારે રાજાએ બારકસો ઉપરથી ઉતરવાનો હુકમ કીધો તેથી શરવે લોકો સંજાણમાં ઉતરેઆ. તે દીવસનો શને શાહાતશે ને બોહોતેર શ્રાવણ શુદ ૯ વાર શુકરે રોજ ૨) બહમન અને માહ ૪) તીર હતો. તે દીવશે સંજાણ માહા ઉતરી મુકામ કીધો હતો." બીજી હકીકતો દસ્તુર અસપનદીઆરજી કીસ્સે સંજાણ પ્રમાણેજ રજુ કરે છે, જો કે તેમાં તેઓએ પોતા તરફનું થોડુક મીઠું મરચું ભભરાવ્યું છે.

નાસભાગમાં પડેલા પારસીઓ વિષે નોંધ.

એરવદ માણેકજી રૂ. ઉનવાલાના એક હસ્ત લેખ* (ના. ૧૨ વાલા) ના કોલોફોનમાં સંવત ૧૮૦૮ ના રોજ ૧૨ માહ ૩ ની તારીખ છે તેમાં (પાને ૨૭૪) નીચલી નોંધ મળે છેઃ—

---

*જોવો Ervad Sheheriarji Bharucha's Collected Sanskrit Writings Pt. I, P. 19 introduction.

"સવત ૧૪૭૫ મા આતશ બેહેરામ સંજાનથી લાએઆ તેની હકીકત."

કમનસીબે સંજાણથી નવસારી આતશ બેહેરામ લાવ્યાની હકીકત તા ત્યાં લખી નથી. પણ ૨૯૦ માં પાનાં ઉપર નીચલું લખાણ છે:—

"સંવત ૭૭૭ માં શ્રી ઈરાન જમીનથી દસ્તુર તા૦ બેહેદીનુએ કુચ કીધી તે વગત લખી સિ

વરસ	૫૦	મતફરક વાસ*	૫૦
,,	૧૦૦	કોહીસ્તાનમાં	૧૦૦
,,	૧૫	હોરમજદમાં	૧૫
,,	૧૯	દીવમાં	૧૯
,,	૩૦૦	સંજાનમાં	૩૦૦
,,	૧૪	વાંસદિ	૧૪
		દર નુશારી બાકી રહી	[૨૦૦]"

ઉપલાજ એરવદ માણેકજી ઉનવાળાના (ના. ૧૧ વાળો) હસ્ત લેખ જેના કોલોફોનમાં રોજ ૧૯ માહ ૫ યજદજરદી ૧૧૨૦ સંવત ૧૮૦૭ ફાલગુણ શુદ ૧૦† વાલી તારીખ છે, તેમાં (પા. ૧૧૯) ગુજરાતી તથા પાજંદમાં નીચે પ્રમાણે નોંધ છે કે જે ઉપર લખેલી ગુજરાતી નોંધનેજ મલતી છે:—

"સંવત ૭૭૭ સાતસો સીતોતરેમાં ઈરાન જમીનથી દસ્તુર મોબેદો એયા બેહેદીન અંગેખતે કુચ કર્દ

મુતફરક વાસ	સાલ પનજાહ
કોહેસ્તાન	સદ સાલ
હુરમજદ	પાનઝ દેહ સાલ
દીવ	નુઝ દેહ સાલ
સંજાન	સી સદ સાલ
દર નોસારી બાકી રહી	[૨૦૦]‡

---

*આ અરબી શબ્દ "મુતફરરાક" છે. તેનો ફારસીમાં અર્થ "પરાગંદહ" (ભટકની જીંદગી) થાય છે.

†તા૦ ૮ મી મારચ ૧૭૫૧ N. S.

‡જુવો Collected Sk. Writings Pt. I p. 18 introduction.



જરથોસ્તી અનજુમનનું આતશબહેરામ - મુંબઈ.

નાસભાગમાં પડેલા પારસીઓ વિષે બીજી નોંધ

નવસારીની મેહેરજીરાણા લાએબ્રેરીમાં એક હસ્ત લેખ(F. 23) છે તેમાં મરહુમ દસ્તુર એરચજી શોરાબજી મેહેરજીરાણાએ (કોઈ પણ પુસ્તકની સાહાદત આપ્યા વિના)' નીચે પ્રમાણે નોંધ લીધી છેઃ—

"શ્રી ઈરાણથી દશતુર તથા બેહેદીનોએ કુચ કીધી અને તાંહાંથી નીશરેઆ શંવત ૭૭૭ માં તેહને શવત ૧૮૨૯ લગે તથા શને ૧૧૪૨ ઈયિજદજરદી લગીન વરશ ૧૦૫૨ થાએઆં તેની તફશીલ લખી છે.

૫૦ મુતફરક રાહમાં ઈઆને પરચુતન જગાઓમાં તથા ગામોમાં વરશ.

૧૦૦ કોહેશતાનમાં વરશ.

૧૫ હરમજ શેહરમાં વરશ.

૧૯ દીવ શેહેરમાં વરશ.

૩૦૦ શનજાણમાં વરશ.

૧૪ વાશંદામાં વરશ.

જુમલે ૪૯૮

૫૫૪ શંવત ૧૨૭૫ માં નોશારી આવેઆ તેને શંવત ૧૮૨૯ શને ૧૧૪૨ ઈયિજદેજરદી લગીન ૫૫૪ થાયાં છે.

જુમલે ૧૦૫૨.

શ્રી આતશબેહેરામ સાહેબને નોશારી ચાંગાશાહ વગેરે અનજુમન લાવેઆ તે શંવત ૧૪૭૨ શને ૭૮૫ ઈયિજદેજરદી-માં લાવેઆ. તેને શંવત ૧૮૨૯ શને ૧૧૪૨ ઈયિજદેજરદી લગીન ૩૫૭ થાયાં છે.

ઉદવાડામાં મલેલી જુની ફેહરીસ્તની જુની નકલની નોંધ.

ઉદવાડાની જુની ફેહરેસ્તની એક પુરાતન નકલના* પહેલાંજ પાંના ઉપર નીચલી નોંધ છેઃ—

"સંવત ૧૪૭૨ નાં શને ઈઅિજદજરદી ૭૮૫ શાતશેહે પંચાશીના માંહાં શ્રી ચાંગા આશા હોલાએ શ્રવ અંજૂમંન શાથે આવી દરેમેહેરમે વાંશદેથી નવશારી લાવેઆ તે વારે દરેમેહેરનીઃ† સાથે શંઝાંણાં એરવદનાં કુટુંબ ૩ ત્રણ આવેઆ તેનાનાં નાંમની ફરેહેસ્તે ખોઝશતા ખુશમસ્તા શુધી નશલે નેરીઓશંગ ધવલનાં તે નવશારી આવેઆ તેનાં નાંમ એ. ખોરશેદ એ. કામદીનનું કુટુંબ. એ. નાગેજ એ. રામનું કુટુંબ. એ. ચાંઈઆં એ. સહીઆરનું કુટુંબ. ઈઅિજદજુરદી શેહેરીઆર ની પાદશાહીનાં વરશ લખેઆં છે.

૧૦૦ કોહોશતાનમાં રહેઆ વરશ ૧૦૦ એક શોઓ.
૧૫ હરમજમાં રહેઆ વરશ ૧૫ પંદર.
૧૯ દીવમાંહાં વરશ ૧૯ ઓગણીશ.
૬૨૪ શ્રી શંઝાંણમાં રહેઆ વરશ ૬૨૪ છશો ને ચોવીશ.
૧૨ બાહારોટમાં વરશ ૧૨ બાર.
૧૪ વાંશદે રહેઆ વરશ ૧૪ ચઉદ.

૭૮૪

૩૧૮ શ્રી નવશારી રહેઆ વરશ ૩૧૮ શંવત ૧૪૩ (નોંધ—આ નકલ કરનારની ભુલ છે) થી શંવત (ખાલી જગા) શુધી વરશ ૩૧૮ થાએઆં.

---

*આ નકલ ઉદવાડાવાલા એ. ભીખાજી દીનીઆરજી ઉનવાલા એ આ લખનારને દેખાડી હતી. આ ફેહરીસ્તનાં કાગજ કકડી જઈ તુકડા થયા છે. હવે પછી એમનીજ ફેહરીસ્તની સાહદત આવે તે એક જુદી સારી રીતે જલવાયલી જુની ફેહરીસ્ત જાણવી.

†આ શબ્દ શ્રી (ઈરાનશાહ) આતશબેહેરામ માટે છે.

૩ શુરતમાં રહેઆ વરશ ૨) (નોંધ–બેનો અંક છે) શંવત ૧૭૯૦ થી તે શંવત ૧૭૯૨ સુધી તેના વરશ ૩ થાએઆ.

૪ નવશારીમાં ફરીથી રહેઆ વરશ ૪ ચાર શંવત ૧૭૯૨ થી તે શંવત ૧૭૯૬ શુધીનાં ગાત† વરશ ૪.

૨ વલશાડમાં રહેઆ વરશ ૨) શંવત ૧૭૯૭ થી શંમત ૧૭૯૯ નાં ગાત વરશ ૨) બે.

શ્રી ઉદેપોર માં રહેઆ છે શંવત ૧૭૯૯ થી તે શંવત ૧૮ (ખાલી જગા) સુધી વરશ (ખાલી જગા) એ વાર પછે જેમ આબ ખોરદે કેશમત તે લેખાશે.

આએ ફેરેહેશત શંવત ૧૯૦૧ ના શાલની ફેરેહશત શ્રી ઉદેપોરમધેની અશલ લખેલી છે તે પરમાણે લખી છે. પણ એમ માલુમ પડેછે કે અશલ કુટુંબ મોટાં ૩ લખેઆં છે તે વડાં લોહોડાં * ફેરફાર કરી પોતાની મતલબ માફક આગલનો તેને પાછળ લખાં એવો સબબ માલુમ થાએ છે. એજ અરજ. આએ ફેરહેશત લખી શંવત ૧૯૧૮ ના વરખે રોજ ૫ માહા ૧૦§ માં શ્રી નારગોલમાં લખી છે. લખતંગ એ. કાઉશ એ. રૂશતમ શરોડેવાલા પંથકીએ લખીછે."

નોંધ—શ્રી ઈરાનશાહને નવસારીમાં ક્યારે લાવવામાં આવ્યા હતા તેનો સંવત ઉપલી નોંધનાં મથાળે છે. વચ્ચે નકલનવેશની ગંફલતીને લીધે સંવત બરાબર લખાયો નથી. પણ તેની ગણત્રી સહેલાઈથી થઈ શકે છે. સુરતમાં શ્રી ઈરાનશાહ સંવત ૧૭૯૦ માં આવ્યા હતા. તેની ૩૧૮ વર્ષ આગળ યાને સંવત ૧૪૭૨ માં (યાને ઈ. સ. ૧૪૧૬ માં) તેમને નવસારીમાં લાવ્યા હતા એમ ગણત્રી થાય છે.

---

†આ શબ્દ "ગત" યાને "પસાર થયલાં" માટે દીશે છે.

*શેઠ નરસિંહરાવ દીવટીઆ આ શબ્દને * લઘુ (= નાનાં) ઉપરથી ગણે છે.

§તા૦ ૨૫ મી જુન ૧૮૬૨ N. S.

વલસાડમાં મળેલી જુની ફેહરીસ્તમાની નોંધ

વલસાડની ચીનાઈવાલી અગીઆરીના પંથકી એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજી વલસાડા કનેની જુની ફેહરીસ્તમાંથી નીચલો ઉતારો નોંધી લીધો છેઃ—

"શંવત ૧૪૭૨ નાં (ખાલી જગા) શને ઈઅઝદેઝરદી ૭૮૫ શાતશેહે પંચાશી (ખાલી જગા) ના શાલમાં શાહા શ્રી ચાંગા આશા હુલાએ શ્રી અનઝૂમન સાથે આવી દરેમેહેરને નુશારી લાવેઆ તેહેવારે દરેમેહેરની સાથે સંનઝાણા એરવદનાં કુટુંબ ૩ આવેઆં તેહેનાં નામની ફરહેશત તે ખુઝશતા ખુશતમશતા શુધી નશળ નેરીઓશંગ ધવલનાં છે તે નુસારી આવેઆં તેનાં નાંમ લખેઆં છે.

એ૦ ખુરશેદ કામદીનનું કટંબ ** એ૦ નાગણ રામનૂ કૂટુંબ ** એ૦ ચાઈઆ શહીઆનૂ કૂટંબ.

ઈઅજદેઝરદ શેહેરીઆરની પાદશાહીનાં શને લખેઆ છે.

(ડાભા હાથના "કોલમમાં;" નીચે પ્રમાણે).

૧૦૦ કોહોશતાનમાં રહેઆ વરશ એકશો.

૧૫ હરમઝમાં રહેઆ વરશ ૧૫.

(ખવાઈ ગયું છે) દીવ રહેઆ વરશ ૧૯.

૬૨૪ શ્રી શનજાણમાં રહેઆ વરશ ૬૨૪.

૧૨ બારોટ રહેઆ વરશ ૧૨.

૧૪ વાંશદે રહેઆ વરશ ૧૪.

૭૮૪

(જમણા હાથના "કોલમ" માં નીચે પ્રમાણે).

૩૧૮ નુશારી રહેઆ વરશ ૩૧૮ શ. ૧૪૭૨ થી તે શં. ૧૭૮૯ શુધી.

૩ શુરત રહેઆ વરશ ૩ શ. ૧૭૮૯ થી તે શં. ૧૭૯૨ શુધી.

૪ નોશારી રહેઆ વરશ ૧૭૯૩ થી તે શ. ૧૭૯૬.

૨ વલશાડ રહેઆ વરશ ૨ શ. ૧૭૯૬ થી તે શં. ૧૭૯૮ તા ગાએ (?)

૪૭ ઉદેપોર રેહેઆ શ. ૧૭૯૯ તે શવત ૧૮૪૬* શુધી વરશ ૪૭

આ વાર પછે ઝેમ કેશમત ને (ને=તે?) લખાશે.

૩૭૪

૧૧૫૮"

નોંધ—ઉપલી ફેહરીસ્ત પ્રમાણે શ્રી ઈરાનશાહને નવસારી માં સં. ૧૪૭૨ (ઈ. સ. ૧૪૧૬) માં લાવવામાં આવ્યા હતા. વલી ઉપલી ફેહરીસ્ત ઉદેપોરમાં રહ્યા બાદ ૪૭ વર્ષે યાને સંવત ૧૮૪૬ (ઈ. સ. ૧૭૯૦) માં લખાયલી સ્પષ્ટ માલૂમ પડે છે.

નોંધ—ઉદવાડાવાલા એરવદ નશરવાનજી નવરોજી ઉનવાલા કને એક હસ્ત લેખિત ફેહરીસ્ત છે, તે આ લેખકે તપાસી હતી. આ ફેહરીસ્ત ઉપરથી તેમણે છાપેલી ફેહરીસ્ત તયાર કરાવી છે તેની તથા હસ્તલેખની સાહદત આપણે ઠેકાણે ઠેકાણે ટાંકી છે.

નવસારીની મેહેરજીરાણા લાએબ્રેરીના હસ્ત લેખમાંની નોંધ.

નવસારીની મેહેરજીરાણા લાએબ્રેરીના ફારસી હસ્ત લેખ "કીસ્સે જરથુસ્તીઆને હિંદુસ્તાન" ના પાછલાં પાનાં ઉપર નીચે પ્રમાણે નોંધ છે:—

જરથોશતીઓ ઈરાણથી હીંદુસ્તાનમાં આએઆ તે વીશે.

૧૦૦ કોહેસતાનમાં પેહેલાં વરશ રહેઆ.

૧૫ હોરમજદ શેહેરમાં.

૧૯ દીવમાં.

---

*અસલમાં સંવત ૧૮૪૫ જેવું છે. તેમ હોય તો સંવત ૧૭૯૮ વાંચવો.

૩૦૦ શનજાણુમાં એક ટોલે.
૬૨૪ શનજાણુમાં શઘલાં મલીને.
૧૨ બાહારોટનાં પાહાડ ઉપર.
૧૪ વાંસદામાં.

શંવત ૭૭૭ માં રોજ ૯ માહા ૯ શંનજાણુમાં આતશબેહેરામ તખતનશીન કીધા હતા. શંવત ૭૭૨ માં સરવન વદ ૯ ને બુધે શંનજાણુમાં આએઆ હતા. (**નોંધ**—આ તિથિ બહુજ અગત્યની છે. અત્રે રોજ માહ કશો નથી.)

શંવત ૧૪૭૫ માં રોજ ૨૯ મા. ૬ શને ૭૮૮ હીજરી અખાડ શુદ ૫ ને બુધ વાંસદેથી આતશબેરાંમને નોશારી લાએઆ હતા.

સંવત ૧૪૭૫ થી તે શંવત ૧૭૮૯ સુધી ૩૧૪ વરશ નોશારીમાં આતશબેહરામ રાખેઆ હતા.

પીંધારાઓનાં જોલમથી શવત ૧૭૯૦ થી તે ૧૭૯૨ શુધી બે વરશ આતશબેરાંમ સુરત રાખેઆ હતા.

સુરતથી પાછા નોશારીમાં શંવત ૧૭૯૩ થી તે શંવત ૧૭૯૬ સુધી ૩ વરશ રહેઆ હતા.

નોશારીથી શંવત ૧૭૯૬ માં વલશાડ લેઈ ગીઆ હતા તે શંવત ૧૭૯૮ સુધી બે વરશ તાહાં રહેઆ હતાં.

નોંધ—આ કીસ્સાના હાંસીઆ ઉપર પણ સંવત ૭૭૨, ૭૭૭ તથા ૧૪૭૫ ની હકીકતની નોંધો છે.

ઉપલા અહેવાલો તથા ઉપલી નોંધો ઉપરથી ઉપજતા સવાલો

ઉપલા અહેવાલો તથા ઉપલી નોંધોપરથી જુદી જુદી હેરફેર વિગતો જડેછે. તેમાં કઈ વિગતો ખરી છે તથા કઇને ટેકો મળે છે તેની તપાસ કરતાં કેટલા સવાલો ઉભા થાય છે.

(૧) શું આપણા વડવાઓ ઉપર આરબોએ એવો જુલમાત ગુજાર્યો હતો કે તેથી આજેજ થઈ તેઓને પોતાનું વતન તજવું પડયું હતું?

(૨) શું પોતાનું વતન તજી તેઓ પહેલા કોહીસ્તાનમાં તથા હોરમજદ શેહેરમાં ગયા હતા?

(૩) ત્યાંથી તેઓ હિંદ ભણી ગયા ત્યારે પ્રથમ દીવમાં ઉતર્યા કે સંજાણમાં?

(૪) કયાં વર્ષમાં તથા કઈ તારીખે તેઓએ હિંદુસ્તાનમાં પગ મેલ્યો હતો?

(૫) પારશીઓએ પોતાના ધર્મની તથા રેવાજની શી શી વિગતો કહી હતી?

(૬) તે વેલા જાદી રાણા રાજ્ય કરતો હતો તે કોણ હતો?

(૭) પારસીઓએ શી શરતો કરી તથા શું આપવાનું કબુલ કરી આશ્રય મેલવ્યો હતો?

ઉપલા સવાલો વિષે જુદા જુદા વિદ્વાનોએ પુષ્કળ વિવેચન કીધું છે તેનાં ઉંડાણમાં ન ઉતરતાં આપણે માત્ર મુસ્તકીમ સાહદતો તથા દલીલો અત્રે ટાંકીશું.

જુદદીન જુલમાત.

બીલાઝોરી નામના અરબી ગ્રંથકારને આધારે આપણા વિદ્વાન અભ્યાસી ગુસ્તાસ્પશાહ કે. નરીમાન કહે છે કે આપણા વડવાઓ ઉપર જુદદીનોએ જુલમાત ગુજાર્યો ન હતો. તેઓ Paul Horn (પૉલ હોરન) નામના ગ્રંથકારની સાહાદત ટાંકી જણાવે છે કે પહેલાં જરથોસ્તીઓને જુલમાતથી વટલાવવામાં આવતા ન હતા. ઉલટું તેઓને જયુ તથા ખ્રીસ્તી લોકોની પંકિત ઉપર મેલ્યા હતા, કે જેથી તેઓ જજીઆ વેરો આપી પોતાના ધર્મમાં રહે એવી ગોઠવણ હતી. ફકત પાછલા વખતમાંજ જરથોસ્તીઓને ચલાવી-નહિ-લેવાય એવા શખશો તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. છેવટે વટલેલ પારસી-ઓનાજ જુલમાતથી તેઓ હિંદુસ્તાન તરફ ગયા હતા.

ઉપલી દલીલ પ્રમાણે આરબો નહિ પણ વટલેલ પારસીઓ ભારે જુલમ ગુજારતા હતા, એ તો નકકી છે. જજીઆ વેરો

પણ ઘણો ભારે હતો. યજદજરદના રાજ્ય અમલનો અહેવાલ આપતાં ખુદ ફીરદોશી પોતાનાં શાહનામામાં કહેછે કે આરબ રાજ્ય બેહેસ્તમાં દોજખ મીસાલ હતું. યજદજરદ તુસના હાકેમોને લખેલાં કાગળમાં કહે છે કે "આરબોએ આતશકદેહોના આતશો બુજવી નાંખ્યા છે; તથા નવરોજ અને સદેહના ધાર્મિક તેહેવારો અંધકારમાં આવી પડયા છે."* Bleeck A H. (બ્લીક) નામનો વિદ્વાન Avesta Intro. pp. 12–13 માં કહેછે કે :—

The Mahomedan conquest was far more fatal to the religion of Zarathushtra than any of the early disasters.....To the Moslems who fought to establish their creed toleration was unknown, and when violence failed to convert, they resorted to extirpation. Hence in a short time Zarathushtrian religion was all but rooted out of Persia, and the Parsis were confined to the oasis of Yazd.

L. H. Whitney પોતાનાં પુસ્તક "the Life and Teachings of Zoroaster" માં કહેછે :—

The Arabs in the great battle of Nahavand defeated the Persians so utterly that thereafter province after province yeilded to the conqueror, until finally the Persian nation, and Zoroaster's religion went into a decline. Within one hundred years after their defeat the Arabs by fire and sword .....by persecution and slaughter of the people succeeded in fastening their religion upon most of Mazda's worshippers.

રીનોડ નામનો ગ્રંથકાર કહેછે કે :—The most ancient (of these writings) date from the commencement of

*જોવો કુટાર ભાઇઓનું શાહનામું વો. ૧૦ પા. ૧૫૯.

the 8th century of our era, the time when the Arabs carrying as they said the sword in one hand and the Koran in the other, invaded a greater part of the ancient world. (Reinauds' Geographie d Aboulfida Tome 1 (1848) p. 326.

આ તથા બીજી સાહાદતો ઉપરથી માલૂમ પડે છે કે આપણા વડવાઓ જુલમાતથીજ કંટાળી હિંદ તરફ નાસી આવ્યા હતા.

કોહીસ્તાન તથા હોરમજદમાં જવું

આપણા વડવાઓ પોતાનું વતન તજી પહેલાં કોહીસ્તાનમાં તથા પછી હોરમજદમાં ગયા હતા તેનો ઈશારો અહમદ અલ બીલાદુરી નામના આરબ ગ્રંથકારનાં પુસ્તક "પુતુહ-ઉલ-બુલદાન" માંથી જડી આવે છે. આ ગ્રથકાર ઈ. સ. ૮૯૨-૯૩ ને સુમારે મરણ પામ્યો હતો. તે લખે છે કે:—

"તેણે (મુજાસ બીન મસુદે) ભારે જોરથી **જીરાફ્ત** (શેહેર) જીતી લીધું તથા કેરમાન જઈ લોકોને તાબે કીધા. અને તે **કાફ્સ** ભણી ગયો કે જ્યાં ઘણા ઈરાનીઓ જેઓ ત્યાં ગયા હતા તેઓ **હોરમજદમાં** તેની સામે થયા તેથી તે તેઓ સાથે લડયો, અને તેઓ ઉપર જીત મેળવી. અને કેરમાનના ઘણા લોકો દરિયા મારગે નાશી ગયા. તેઓમાંના કેટલાકો **મકરાનના** (ઇરાનીઓને) જઈ મળ્યા તથા કેટલાકો **સજીસ્તાન** ગયા." *

ઉપલો ફકરો શમશુલ ઓલમા દાકતર જીવનજી મોદીએ પોતાનાં પુસ્તક નામે Dastur Bahman Kaikobad માં (પા. ૨૦) ટાંકયો છે. તેમણે દેખાડી આપ્યું છે કે જીરાફ્ત, કાફ્સ, હોરમજદ, મકરાન તથા સજીસ્તાન સઘળાંને કેરમાન સાથે સંબંધ છે. પુરાતન લેખકો પ્રમાણે ખોરાસાનની હદ ઉપર કેરમાન આવ્યું હતું; અને હોરમજદ એ કેરમાનનું બંદર હતું. વળી કાફ્સ (અથવા ખ્વાફ્) નામના દેશમાં એક સંજાણ નામનું

*આ અરબી ફકરા ઉપર પહેલવહેલું ધ્યાન મી૦ જી. કે. નરીમાને ખેંચ્યું હતું. (જોવો સાંજવર્તમાન પતેતી અંક ઈ. સ. ૧૯૧૬.)

શેહેર હતું, તેના નામ ઉપરથી આપણા વડવાઓએ હિંદુસ્તાન માં આવી વસાવેલાં ગામને સંજાણ નામ આપ્યું હતું. એક ગ્રંથકાર પ્રમાણે કાફ્સ એ ખોરાસાનના મુલકમાં આવેલું હતું.

પ્રોફેસર શાપુરશા હોડીવાલાએ પોતાનાં પુસ્તક Studies in Parsi History માં (પા. ૮૮) દેખાડી આપ્યું છે કે સંજાણ એ કોહીસ્તાન દેશમાંના ખ્વાફ મધ્યે એક શેહેર હતું, કે જે ઉપરથી આપણા વડવાઓએ તેઓથી વસાયલાં અત્રેના ગામને સંજાણ નામ આપ્યું હતું.

આ ઉપરથી દેખાય છે કે પારસીઓ કોહીસ્તાન તથા હોરમજદમાંથી નિકળી દરિયા માર્ગે નાશી ગયા હતા. તેઓ કયાં ગયા હતા તે બીલાદુરીએ જણાવ્યું નથી. તોપણ કીસ્સે સંજાણની હકીકતને તેના લખાણથી મસ્તકીમ ટેકો મળે છે એમાં શક નથી.

આપણા વડવાઓ કયારે અત્રે આવ્યા ?

આપણે જોયું કે દસ્તુર અસ્પનદીઆરજી પ્રમાણે તેમજ એક હસ્ત લેખ પ્રમાણે અત્રે આવ્યા તેનો રોજ માહ નીચે પ્રમાણે હતો:-"સંવત ૭૭૨ શ્રાવણ શુદિ ૯ વાર શુકે રોજ ૨ માહ ૪ સને ૮૫ યજદજરદી".

હવે મરહુમ શેઠ ખ. રૂ. કામાએ તથા પ્રો૦ હોડીવાલાએ દેખાડી આપ્યું છે તેમ ઉપલા રોજ માહ સાથે હિંદુ તિથિ મળતી નથી. આપણને કેટલેક ઠેકાણે પુરાતન તારીખો જડે છે તેમાં રોજ માહ સાથે યજદજરદી સને મળે છે. દાખલા તરીકે કેનેરી ગોફા મધ્યેના પેહેલવી શિલા લેખમાં રોજ માહ સાથે યજદજરદી સને છે. તેમજ દીનપનાહ ઇતરપાત દીન-પનાહ નામના પેહેલવી ગ્રંથકારના પુસ્તકમાં યજદજરદી સને (૩૨૪) છે. દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજીની માલેકીના એક હસ્ત લેખમાં સંસ્કૃત આશીર્વાદ જડે છે તેમાં સંવત્સર (૧૪૦૦) નું સાલ પહેલવહેલું મળે છે. ચાલુકય વંશના જમાના તથા ત્યાર બાદ લાંબો વખત સુધી "શક" અથવા "વલભિ" કે "ચેદિ" સને વપરાતા હતા. છતાં પ્રોફેસર હોડીવાલાએ

જણાવ્યું છે તેમ કેથેકેથે સંવત સને પણ જડે છે (જોવો એમનું પુસ્તક પા. ૮૩–૮૪) માટે એમ દીશે છે કે કોઈક શખશે ગણત્રી કરી આપણી તપાસવાલો રોજ માહ તથા યજદજરદી સને હિંદુ તિથિ તથા સંવત ઉપરથી ગણી કાઢયા છે. પણ કમનશીબે તે ગણત્રી ખોટી છે. ઉપલા સંવત ઉપરથી આટલું તો સ્પષ્ટ જણાય છે કે આપણા વડવાઓ ઈ. સ. ૭૧૬ માં અત્રે આવ્યા હતા.

આપણા વડવાઓ સંજાણમાં આવ્યા તે દિવસની હિંદુ તિથિ તથા સંવત.

આપણે ઉપર અનુમાન કર્યું છે તેને અચુક ટેકો "કીસ્સે જરથુસ્તીઆને હિંદુસ્તાન"માંની નોંધ ઉપરથી મળે છે તે આપણે ઉપર જોઇ. ગયા, કેમકે ત્યાં ફકત તિથિ તથા સંવત મળે છે. વળી વધુ ટેકો નીચલા લેખ ઉપરથી મળે છે. ગઈ તા. ૧૪-૯-૧૯૨૫ ને દીને આ લખનાર વલસાડ ગયો હતો, ત્યાં ચીનાઇવાલી અગીઆરીનઃ પંથકી એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજી વલસાડાએ એક નાનો જુનો કાગળ આશરે છ ઇંચ પોહોળો તથા છ ઇંચ લાંબો આ લેખકને દેખાડયો હતો. તે કાગળ આશરે ૨૦૦ વર્ષનો પુરાણો માલૂમ પડતો હતો. અને તેનો થોડોક ભાગ ખવાઈ ગયલો હોવાથી તેની પાછલ નવું કાગજયું ચોંટાડેલું હતું. આ લેખ નીચે પ્રમાણે હતો :–

"શંજાણ આવેઆ તેની ઈઆરદાશ લખી છે. શંવત ૭)૭૨ નાં શરાવણ વદ ૯ સૂધેશર રાજાને શ (ખવાઈ ગયું છે) જાંણ હુતા શરવજીરના વખતમાં આવેઆ છઈએ."

નોંધ—ઉપલી નોંધમાં તથા ઉપલા લેખમાં તિથિ "શરાવણ વદિ ૯" છે, એ અગત્યનું છે. વળી અહિં રોજ માહા યજદજરદી સને કશું નથી. તે પાછળથી ભૂલભરેલી રીતે કોઇએ ઉપજાવેલો દીશે છે. તેથી અત્રેના અનેક સાહેબોને તરેહવાર અટકલો કરવી પડી હતી, ભાષણો આપવા પડયાં હતાં અને

લખાણો લખવાં પડયાં હતાં. "સૂધેશર" કદાચ "બૂધે શર" માટે હોય. "શર" શબ્દનો અર્થ સમજી શકાતો નથી. આ લેખ ઉપર વધુ રોશની પડવાની જરૂર છે.

નોંધ—એ૦ રૂસ્તમજી જામાશજી દસ્તુરે પોતાનાં પુસ્તક "કીસ્સે આતશ બેહેરામે નવસારી ભાગ બીજા"માં દીવમાં ઉતર્યાનો સંવત ૭૫૩ જણાવ્યો છે તથા સંજાણમાં આવ્યાનો સંવત ૭૭૨ જણાવ્યો છે (પાનું ૯૬) માટે ઈ. સ. ૬૯૭ તથા ૭૧૬ અનુક્રમે આવે છે તે બરાબર છે.

બશો વર્ષ આગમચના લેખોની સાહદત.

તા. ૧૬ મી જુન ૧૬૯૦ N. S. નો લેખ (જે હવે પછી તપાસીશું) જેમાં નવસારીના કાજી કને જઈ ત્યાંના મોબેદોએ અગાઉ પોતે લખી આપેલો લેખ ખેંચી લેવાની અરજ કરી હતી તેમાં આમ લખ્યું હતું "....પરથમથી હમારા વડા પોતાની વેલાએતથી નીકલી હીંદમાં આવી વસેઆ....તે દહાડેથી આજ લગે **એક હજાર વરસ થાએઆં** તમામ પારસીનું કુમ....જે હમારા જજમાન છે...."

વળી ઈ. સ. ૧૭૩૨ ની તા. ૧૬ મી એપ્રીલ N. S. ને દીને મીનોચેહેરહોમજી સાથવાલા મોબેદોએ નવસારીના સમસ્ત ભગરીઆ મોબેદોને એક લેખ (જેની વિગત હવે પછી આવશે તે) કરી આપ્યો હતો. તેમાં લખ્યું હતું કે "**હજાર વર્ષ થએઆં** આપણા વડા તમામ ભગરીઆ અદ્યારૂ પોતાનાં જુજમાન બેહેદીનોનાં ટોળા સાથે ઈરાનથી આવીને રહા તે દહાડેથી...."

વલી ત્રીજો એક લેખ (જેની વિગત પણ નીચે આવશે) જે તા. ૯ મી જુન ૧૭૩૨ N. S. નો છે તેમાં સંજાણા મોબેદોએ લખી આપ્યું હતું કે "**હજાર વર્ષ થએઆં** આપણા બુજરગોએ બેસી માહો માહે સમજી....જુજમાન લોકોના પંથક વાંટી લઈ એકરાર કીધો હતો...." (પા. પ્ર. દફતર ૧ લું પા. ૨૮-૨૯)

આ લેખો ઉપરથી દીશે છે કે ઈ. સ. ૧૬૯૦ થી ૧૭૩૨ના અરસાવાળા આગેવાન મોબેદોના મત પ્રમાણે આપણા વડવાઓ આશરે એક હજાર વર્ષ ઉપર હિંદુસ્તાનમાં આવી વસ્યા હતા. માટે હિંદુસ્તાનમાં આવ્યાનો સને ઈ. સ. ૬૯૦ થી ૭૩૨ નો જણાય છે કે જે દીવમાં આવ્યાના સને (ઈ. સ. ૬૯૭)ની તથા સંજાણમાં ઉતર્યાના સને (ઈ. સ. ૭૧૬)ની બહુ નજદીકમાં છે.

એચ. જી. બ્રીગસ (H. G. Briggs) નામનો ગ્રંથકાર પોતાનાં પુસ્તક The Parsis or Modern Zerdushtrians (પા. ૭)માં સંજાણમાં ઉતર્યાનો સને ઈ. સ. ૭૧૭ આપે છે તેમાં માત્ર એક વર્ષનો ફેર છે.

આપણા વડિલો હિંદમાં આશરે સાતમી સદીમાં આવ્યા હતા તે વિષે યુરોપીઅન મુસાફરો તથા ગ્રંથકારોનાં લખાણો.

અરબ લોકોના હાથ ઉપર શીકસ્ત પામ્યા પછી આપણા વડવાઓ ઈ૦ સ૦ ની સાતમી સદીને શુમારે આવ્યા હતા તે વિષે કેટલાક યુરોપીઅન મુસાફરોએ પોતાનાં ગ્રંથોમાં ઈશારા કીધા છે તેની નોંધ અત્રે લેવી ઘટે છે.

(૧) સર ટી. હરબરટ (Sir T. Herbert) નામનો મુસાફર જે હિંદમાં ઈ. સ. ૧૬૨૬ માં આવ્યો હતો તે કહે છે કે :—

Turn we now to another sort of Gentiles in Surrat and Guzzurat called Persees, who are a people descended out of Persia banisht hither... upon the death of valiant Yezdgird, the Persian king...Into India these Persees came (such time as Omar the second Chaliph after Mahomet subjected

Persia) in five junks from Jasquez, sailing to Surrat, where after treaty with Rajeaes and Bannyans, they got leave to plant, and living peaceably to exercise their religion. (Sir T. Herbert's Travels into Divers Parts of Africa and Asia the Great 1665 p. 55.)

અર્થ—સુરતમાં તથા ગુજરાતમાં બીજા સભ્ય ગૃહસ્થો "પારસીઓ" નામના હતા, જેઓ ઈરાનમાંથી ઉતરેલા લોકો હતા, અને જેઓને ઈરાનના બહદુર પાદશાહ યજદગરદના મરણ પછી દેશવટો લેવો પડયો હતો. જ્યારે મહમદ પેગંમબર પછી બીજા ખલીફ ઓમરે ઈરાનને તાબે કીધું ત્યારે જાસકમાંથી પાંચ વહાણોમાં બેશી આ પારસીઓ હિંદમાં આવ્યા. તેઓએ સુરત તરફ વહાણો હંકાર્યાં જ્યાં રાજાઓ તથા વાણિયાઓ સાથે કોલકરાર કરી આપ્યાથી તેમને ઉતરવાની રજા મળી કે જેથી ત્યાં પોતાનો ધર્મ સુલેહશાન્તિથી ચાલુ રાખે.

(૨) જે. ઓલબરટ ડી માનડેલસ્લો (J. Albert de Mandelslo) નામનો મુસાફર જે. ઇ. સ. ૧૬૩૮ માં સુરત ગયો હતો તે કહે છે કે:–

Besides the Benjans (Banyas) there is yet another sort of Pagans in the Kingdom of Guzuratta, whom they call Parsis. These are the Persians of Fars and Chorasan, who fled into those parts, to avoid the persecution of the Mahumetans in the **Seventh Age.** For Abubeker having undertaken to establish the Mohumetan Religion in Persia by force of arms, the King perceiving it was impossible for him to oppose it, took shipping with eighteen thousand men (?) at Ormus, and landed in

Indosthan. The King of Cambaya, who was a Hindou or Indian that is a Pagan as himself received him to dwell in his country, into which that liberty drew several other Persians. (Travels into the Indies First Book p. 58 in "The Voyages and Travells of the Ambassadors translated by John Davies 2nd edition 1669.)

અર્થ—વાણિયાઓ સિવાય બીજા એક લોકોની જાત ગુજરાતના રાજ્યમાં છે જેને પારસીઓ કહેવામાં આવે છે. તેઓ ફારસ અને ખોરાસાનના ઇરાનીઓ છે અને સાતમી સદીમાં મહમદનોના જુલમાતથી બચવા તે મુલકમાં નાશી આવ્યા હતા. કારણ કે જ્યારે અબુબકરે ઈરાનમાં મહમદન ધર્મ સ્થાપવાનું કામ હથિયાર સાથે માથે લીધું ત્યારે બાદશાહે (દસ્તુરે?) જોયું કે તેની વિરૂદ્ધ થવું અશકય હતું માટે તેણે અઠાર હજાર (?) માણસો સાથે હોરમજદથી વહાણોમાં બેશી ચાલું મુકયું અને હિંદમાં ઉતર્યા. ખંબાતનો રાજા જે હિંદુ યાને તેનાજ જેવો જુદદીન હતો તેણે તેને પોતાના દેશમાં રહેવા રજા આપી કે જે રજાને સબબે બીજા ઘણા ઇરાનીઓ ત્યાં ખેંચાઈ આવ્યા. નોંધ—૧૮૦૦૦) નો અંક મનાય એમ નથી.

(૩) સર સ્ત્રીનશેમ માસ્ટર (Sir Streynsham Master) તા. ૧૮-૧-૧૬૭૧ નાં કાગલમાં લખે છે કે:—

The Parsees are the ancient Inhabitants of Persia, from whence those that now inhabit hereabouts fled, at such time as the Mahametan Religion was by violence planted in that country, which was about 900 years since. Then severall of those Parsees resolving to suffer and undergoe any hardships rather than submitt to Mahomett and his followers imbarqued themselves and their familys in

a few slight built vessells of that country.....At length it pleased God, they were cast upon the Coast of India. Between Surratt and Daman...where escaping to the Shoare with life, the Indians not used to such guests, yet being oblidging People... tooke yet this advantage upon them...that they should live and inhabit with them if they would swear to them that they would not kill Cows or any of that sort of Cattell and observe their ceremonies of Marryage.....to which the poore Parsees soone agreed and there seated themselves, the Towne being called Nausarree.....At the said place of Nausarree their chief Priests reside, where 'tis said they have their Holy fire, which they brought with them from their owne Country. (Diary of William Hedges by Col. H. Yule Vol II. pp. 315.)

અર્થ—પારસીઓ ઈરાનના જુના રહીશો છે, જ્યાંથી આશરે ૯૦૦ વર્ષ ઉપર જ્યારે મહમદન ધર્મ તે દેશમાં જબરીથી સ્થાપવામાં આવ્યો ત્યારે તેઓ નાશી અત્રે આવી વસ્યા છે. તે વખતે તે પારસીઓમાંના ઘણાકોએ પેગંબર મહમદ તથા તેમના અનુયાયીઓને તાબે ન થતાં કાંઈપણ હાદેશા ખમવાનો ઠરાવ કર્યો. અને તે દેશમાં બાંધેલાં થોડાંક હલકાં વહાણોમાં તેઓ પોતે તથા તેઓનાં કુટુંબો સવાર થયાં. છેવટે ખોદાયની મેહેરબાનીથી તેઓ હિંદના કિનારે આવ્યાં. તેઓ સહીસલામત સુરત તથા દમણની વચ્ચે નાશી આવ્યાં, ત્યારે હિંદુઓ જેઓ (પારકાઓને) આભારી કરણારા હતા તેઓ આવા પરોણાઓના સંબંધમાં આવ્યા ન હતા માટે તેઓએ (પારસીઓ કનેથી) એવો કરાર કરાવી તેઓને પોતા સાથે રહેવાની રજા આપી કે તેઓએ સોગન લેવા કે તેઓ ગાયને કે તેવાંજ પશુઓને કાપશે નહિ તથા લગ્નની તેમની

(હિંદુઓની) ક્રિયાઓ પ્રમાણે ચાલશે. પેલા ગરીબ પારસીઓએ આ કબુલ રાખ્યું અને નવસારી નામનાં શેહેરમાં તેઓએ નિવાસ કર્યો...નવસારીમાં તેઓના મોટા મોબેદો રહે છે કે જ્યાં તેમનો **પવિત્ર આતશ** છે કે જે તેઓ પોતાની સાથે પોતાના દેશથી લાવ્યા હતા એમ કહે છે.

(૪) રેવરંડ જે. ઓવીંગટન (Rev. J. Ovington) જે સુરતમાં ઈ. સ. ૧૬૮૯ માં હતો તે કહે છે કે.

These Persies were transported into India when Calyf Omar reduced the kingdom of Persia under the power of the Mahometans (A Voyage to Suratt in the year 1689 pp. 370-4).

અર્થ—મહમદનોની સત્તા હેઠલ જ્યારે ખલીફ ઉમરે ઈરાનના રાજ્યને મેલ્યું ત્યારે આ પારસીઓ હિંદુસ્તાનમાં નાશી આવ્યા હતા.

(૫) કેપટન એ. હેમીલટન (Capt. A. Hamilton) જે સુરતમાં ઈ. સ. ૧૭૧૬ માં હતો તે કહે છે કેઃ-

The Parsees are numerous about Surat and the adjacent countries. They are a remnant of the ancient Persians. who rather chose to be banished their country than change their religion; for, in the seventh century of the Christian Era when Mahomitism over-ran Persia, the spirit of persecution came there and some 4 or 500 families were put on board of shipping.....and they steering their coast eastward...from Jasques, in about 20 days, fell in with the coast of India at night.....and accidentally steered into the River of Nunsaree (New Account of the East Indies, 1744, Vol. I. p. 159).

અર્થ—સુરત અને તેની પાસેનાં ગામોમાં પારસીઓ પુષ્કળ રહે છે. તેઓ પુરાતન ઈરાનીઓનો બચી રહેલો એક ભાગ છે, જેઓએ પોતાનો ધર્મ બદલવા કરતાં પોતાના દેશમાંથી નીકળી જવાનું પસંદ કર્યું. કારણ કે ઈ. સ. ની **સાતમી** સદી માં જ્યારે મહમદન ધર્મ ઈરાનમાં ફેલાયો ત્યારે જુલમાતના આવેશને સબબે નજદીક ચારશો પાંચશો કુટુંબો વહાણ ઉપર સ્વાર થયાં. અને તેઓએ જાસકસથી પૂર્વ ભણી હંકારવું ચાલું કીધું. આશરે ૨૦ દિવસમાં એક રાત્રે તેમને હિંદુસ્તાનનો કિનારો જડયો. અને તેઓ અકસ્માતથી નવસારીની નદીમાં હંકરાઈ આવ્યાં.

(૬) આબે ગ્યુયોન (Abbe Guyon) નામના તવારીખ નવેશે ઈ. સ. ૧૭૪૪ માં લખ્યું છે કે :—

Besides Benjans (Banyas) there is another class of Pagans in the Kingdom of Gujarat, whom they name Parsees. They were originally Persians who retired here in the **Seventh Century**, when Aboubeker the first Caliph, undertook to establish among them the religion of Mohomet. The Prince, who then ruled over Persia and Khorasan, seeing that it was impossible for him to oppose him (the Caliph) embarked with 18000 men at Ormuz and went to India. The King of Country, pagan like himself, received him, permitted him to remain in his Kingdom and to live as he liked. (Historie des Indes Orientales, Anciennes et Modernes, by L' Abbe Guyon Vol. II. 1744 pp. 283–84.)

અર્થ—ગુજરાતનાં રાજ્યમાં વાણિયાઓ સિવાય બીજો એક વર્ગ છે જેને પારસીઓ કહે છે. તેઓ પેહેલાં ઇરાનીઓ હતા. ઈ. સ. ની **સાતમી** સદીમાં જ્યારે પેહેલા ખલીફ અબુબકરે

મહમદન ધર્મ તેઓમાં સ્થાપવાનું કામ માથે લીધું ત્યારે તેઓ નાશી આવ્યા. તેઓનો રાજ્યકુંવર જે ઇરાન તથા ખોરાસાનમાં રાજ્ય કરતો હતો તેણે જોયું કે ખલીફની સામે થવું અશકય છે ત્યારે તે ૧૮૦૦૦ માણસો સાથે હોરમજદથી વહાણમાં બેઠો અને હિંદુસ્તાનમાં આવ્યો. ખંભાતનો રાજા જે પણ તેના જેવો "પેગન" (જુદદીન) હતો તેણે તેનો સ્વીકાર કરી તેની મરજીમાં આવે તેમ પોતાનાં રાજ્યમાં રહેવાની રજા આપી.

નોંધ—આ લખનારે પોતાનું લખાણ ડી માનડેલસ્લોનાં લખાણ ઉપરથી લીધેલું દીશે છે.

(૭) જોન એસ. સ્ટેવોરીનસ John S. Stevorinus જે સુરતમાં ઈ. સ. ૧૭૭૭ માં હતો તે કહે છે કે :—

The third prople or nation, who help to form the body of inhabitants at Surat are the Persians or Parsees. These descendants of the ancient Persians, those well known enemies of Greece and benefactors of the Jewish people, known for many ages by the name of Guebres...and likewise by the appellation Atech Perest, or worshippers of fire abandoned their country upon the conquest of it by Caliph Omar...As the conqueror forced all his new subjects to embrace the Mohamedan creed, and persecuted with fire and sword those who refused to abandon the religion of their forefathers...a great portion abandowed their country in the year 636 and fled for refuge to Hindustan, resorting more particularly to the neighbourhood of Surat, where they obtanied permission to settle from the Hindoos and to exercise their religion without restraint.

(Voyages to the East Indies, Tr. by Samuel H. Wilcocke 1798 Vol. II. pp. 492–3.)

અર્થ—ત્રીજા લોકો જેઓ સુરતના રહીશોનો મોટો ભાગ છે તેઓ ઈરાનીઓ અથવા પારસીઓ છે. પુરાતન ઈરાનીઓ કે જેઓ ગ્રીસના જાણીતા દુશ્મનો તથા જ્યુ લોકોના ખેરખાહો હતા તેમના આ વંશજો ઘણા જમાનાઓ સુધી "ગબ્ર"ના નામે તેમજ "આતશ પરેશ્ત" યાને આતશની પરેશ્તેશ કરનારા તરીકે જાણીતા છે. જ્યારે ખલીફ ઉમરે તેમનો દેશ જીતી લીધો ત્યારે તેઓએ પોતાનો દેશ તજી દીધો. જ્યારે આ વીરલાએ પોતાની નવી પ્રજાને મહમદન ધર્મ સ્વીકારવા જબરી કરી, તથા હથિયાર અને તલવારથી (પોતાનો બાપીકો ધર્મ ન તજનારોને) હેરાન કરવા તે લાગ્યો ત્યારે પારસીઓનો એક મોટો ભાગ (ઈ. સ.) ૬૩૬ ના સાલમાં પોતાનો દેશ તજી હિંદુસ્તાન તરફ આશ્રય મેલવવા નાઠો અને ખાસ કરીને સુરતની નજદીકમાં આશ્રય લીધો, કે જ્યાં વસવાટ કરવા હિંદુઓ કનેથી તેઓએ રજા મેળવી અને કાંઈપણ અડચણ વિના પોતાના ધર્મ પાલવા લાગ્યા.

આપણા વડવાઓ હિંદમાં બરાબર કયારે આવ્યા, આ સવાલનો નિર્ણય પારસીઓ પહેલાં કયાં અને કયા રાજાના રાજ્યમાં અત્રે આવ્યા હતા તેના જવાબ ઉપર પણ આધાર રાખે છે. માટે તેની ટુંક તપાસ લેશું.

પારસીઓ પહેલાં કયાં ઉતર્યા.

પારસીઓ પહેલાં કયાં ઉતર્યા હતા તે વિષે કિસ્સે સંજાણ તથા પાછળનાં કેટલાંક લખાણો ઉપરથી માલૂમ પડે છે કે તેઓ પહેલાં દીવમાં ઉતર્યા હતા. ત્યાં ૧૯ વર્ષ રહી તેઓ સંજાણમાં આવ્યા હતા, જો કે હેનરી લોર્ડનાં લખાણમાં દીવનું નામ જડતું નથી. આ અહેવાલો ઉપરથી એટલું તો દીશે છે કે અહિં કાંઈક ગુંચવાડો છે; છતાં આટલું તો નકકી છે કે

સંજાણમાં સેંકડો વર્ષો સુધી પારસીઓએ વસવાટ કર્યો હતો તથા ત્યાં તેઓ ઠરીઠામ રહયા હતા.

આપણે ઉપર જોયું કે પારસીઓ ઈ. સ. ૭૧૬ માં સંજાણમાં આવ્યા હતા. માટે કીસ્સે સંજાણના આધારે માલૂમ પડે છે કે તેઓ ૧૯ વર્ષ આગમચ યાને ઈ. સ. ૬૯૭ માં દીવના ટાપુમાં આવ્યા હતા. દીવમાં ઉતરતાં તેઓએ ત્યાંના રાજાને કાંઈ હદિયો યા કર આપ્યો કે નહિ તે વિષે કશું લખાયલું નથી. પણ સંજાણમાં ઉતરતાં તેઓએ રાજાને કર આપ્યો હતો, એમ હેનરી લોર્ડના અહેવાલ પરથી જણાય છે. કીસ્સે સંજાણ પ્રમાણે પણ તેઓએ અરજ ગુજારી **હદિયો** આપ્યો હતો.

હવે આપણને ઈ. સ. ૬૯૭ ના સાલની હકીકત આપનારા ચાલુકય વંશના મહારાજા **વિજ્યાદિત્ય**ના સંસ્કૃત ભાષામાં લખાયલા ત્રણ તાંબાપત્ર લેખ (Copper-plate grants) મલ્યા છે, તેમાં એક સરખી રીતે એવું લખાણ મળે છે કે "પારસીઓએ તે વેલાના મહારાજાને કર આપ્યો હતો." વળી આજ લેખનો એવો પણ અર્થ થઈ શકે છે કે "**પારસી દ્વીપ**" (કે જે ઘણું કરીને **દીવનો બેટ** હતો) તેના સરદાર અથવા મુખી કનેથી મહારાજાએ કર લીધો હતો." ઉપલા મહારાજાનો બાપ **વિનયાદિત્ય** હતો કે જેણે ઈ. સ ૬૮૧ થી ૬૯૭ સુધી રાજ્ય કીધું હતું. પણ આ મહારાજા ઈ. સ. ૬૯૭ ને શુમારે એવી તો મરણતોલ હાલતમાં હતો કે જેથી તેના રાજ્યનો કારભાર તેનો છોકરો **વિજ્યાદિત્ય** કરતો હતો, કે જેણે પાછળથી ઈ. સ. ૬૯૭ થી ૭૩૩ સુધી રાજ્ય કીધું હતું. આ **વિજ્યાદિત્ય**નાં નામનો ટુંકો આકાર **જ્યાદિત્ય** થઈ પાછળથી **જ્યાદિ** તથા **જાદી*** થયો છે એમ સહેલાઈથી સમજી શકાય છે. (જોવો મારૂં પુસ્તક Parsis of Ancient India pp. 37–44)

---

* જેમ રણાદિત્ય ઉપરથી રણાડે–રાણાડે, દર્ભાદિત્ય ઉપરથી દાભાડે તથા કર્ણાદિત્ય ઉપરથી કણાડે–કાણાડે નામે નિકળ્યાં છે તેમ જ્યાદિત્ય ઉપરથી જયાદે તથા જાદી.

પારસીઓએ કર અથવા હદિયો આપ્યો તે વિષેનો સંસ્કૃત લેખ.

આપણે ઉપર જણાવેલા સંસ્કૃત લેખોમાંનો અગત્યનો ફકરો અત્રે ટાંકીશું. આ ફકરો શકે ૬૨૨ (ઈ. સ. ૭૦૦–૦૧) તથા શકે ૬૨૭ (ઈ. સ. ૭૦૫–૬) વાળા તથા ત્રીજા તારીખ વગરના, મળી ત્રણ તાંબાપત્રોમાં આવેલો છે (જોવો Indian Antiquary IX. pp. 127–133 તથા મારૂં ઉપલું પુસ્તક પા. ૩૯–૪૨.) આ તાંબાપત્રોમાં વિજયાદિત્ય પોતાના બાપ વિનયાદિત્યની વખાણ કરતાં અનેક વિગતો સાથે લખે છે કેઃ–

करदीकृतकमेरपारसीकसिंहलादिद्वीपाधिपस्य।

આ સંસ્કૃત ફકરાના ત્રણ અર્થો થાય છે અને તે નીચે પ્રમાણે છેઃ–

(૧) તેનું કે જેણે કમેર (અથવા કવેર) દ્વીપ તથા પારસીદ્વીપ તથા સિંહલદ્વીપ તથા બીજા દ્વીપોના સરદારો (મુખીઓ)ને કર આપતા કીધા.

(૨) તેનું કે જેણે કમેર (અથવા કવેર) લોકોને તથા પારસીઓને તથા સિંહલ અને બીજા ટાપુઓના સરદારો (મુખીઓ)ને કર આપતા કીધા.

(૩) તેનું જેણે કમેર (અથવા કવેર) લોકોના તથા પારસીઓના તથા સિંહલ અને બીજા ટાપુઓના સરદારો (રાજાઓ)ને કર આપતા કીધા.

ઉપલા સંસ્કૃત ફકરામાં **अधिप**નો અર્થ "મુખી (સરદાર)" અથવા "રાજા" બંને થઈ શકે છે. હવે આ તો જાણીતી વાત છે કે સિંહલદ્વીપ તે હાલનો સીલોનનો ટાપુ છે. તેજ પ્રમાણે કમેર કે જેનો બીજો આકાર કવેર છે અને જેના ઉપરથી કાવેરી નદીનું નામ નિકળ્યું છે (અથવા જ્યાંના લોકોનું નામ કાવેરી નદી ઉપરથી નિકળ્યું છે) તે કવેર દ્વીપ બે નદીઓ વચ્ચેનો

દોઆબ અથવા ટાપુ હોવો જોઈએ, અને તે ઘણું કરીને સુરતની પાસે આવેલી કાવેરી નદી (?) તથા તેના કોઈ ફાંટાની વચ્ચે આવેલો ટાપુ દીશે છે.

હવે જ્યારે ઉપલા સંસ્કૃત ફકરામાં કવેર તથા સીલોન તથા બીજા ટાપુઓની બીના છે, ત્યારે "પારસીક" શબ્દ સાથે દ્વીપ શબ્દ લેઈ તેના ઉપરથી **પારસીદ્વીપ**નો અર્થ કાઢીએ તો તેમાં કશુ ખોટું નથી. કીસ્સે સંજાણ ઉપરથી આ **પારસીદ્વીપ** "દીવ"નો ટાપુ હોવાનો ખ્યાલ તુરત આપણને આવે છે. દેખઈતું છે કે **દ્વીપ** શબ્દનો બગડેલો આકાર **દીબ** થઈ પાછળથી **દીવ** થયો છે. કમનશીબે તેની સાથે **પારસી** નામ આજે જોડાયલું રહ્યું નથી. દીવનો ટાપુ તે વખતના સૌરાષ્ટ્ર (કાઠીઆવાડ)ના કીનારા ઉપરના મુલકને લગતો ટાપુ હતો. આ દ્વીપ ચાલુકય વંશના તાબા હેઠળ હતો કે નહી તે વિષેની સાહાદત જળવાઈ રહેલી દીશાતી નથી. બનવા જોગ છે કે તે વખતે એ ટાપુ ઉજ્જડ હાલતમાં હોય અને તેથી પારસીઓએ ત્યાં ઉતારો લીધો હોય; અને વિજ્યાદિત્યની સરકારને ખબર પડતાં ત્યાના મુખી કનેથી કર લેવાનો બંદોબસ્ત થયો હોય.

વિનયાદિત્ય તથા વિજ્યાદિત્યના અમલની ટુંક હકીકત.

વિનયાદિત્યનો રાજ્ય અમલ તો ઈ. સ. ૬૮૧ થી ૬૯૭ સુધી હતો. ત્યારે આ અરસાના કયાં વર્ષમાં ઉપલો કર આપવામાં આવ્યો હતો, એ સવાલ ઉભો થાય છે. તેનો જવાબ આ છે કે વિનયાદિત્યનો છેલ્લો તાંબાપત્રલેખ કારતક શુદ ૧૫ શકે ૬૧૬ તા. ૬ ઠી અકટોબર ૬૯૪ નો છે (જોવો મારૂં પુસ્તક Parsis of Ancient India p. 42.) તેમાં તથા તેની આગળના લેખોમાં પારસીઓ વિષે કશી બીના જડતી નથી. માટે ઈ. સ. ૬૯૪ પછી કર આપવામાં આવ્યો હતો એમ નકકી થાય છે. હવે ઈ. સ. ૬૯૨ ના એક લેખ ઉપરથી માલૂમ પડે છે, કે તે વર્ષમાં વિજ્યાદિત્યને તેના બાપે રાજ્યનો

કારભારી (regent) નેમ્યો હતો, યાને કે (ડાકટર ફ્લીટ કહે છે તેમ) તેના બાપની પછી તે રાજા થનાર હોવાથી તે રાજ્ય કારોબાર શીખે એવી મતલબથી તેને રાજ્યનો થોડોક વહીવટ સોંપવામાં આવ્યો હતો. બાદ ઈ. સ. ૬૯૭ માં વિનયાદિત્ય મરણ પામ્યો, તેની થોડાક માસ આગમચ તે એટલો તો નાતવાન તથા નબળો થયો હતો, કે તેનો દીકરો વિજ્યાદિત્ય લગભગ રાજા જેવોજ બન્યો હતો. હવે એક હાથ ઉપર સંસ્કૃત લેખ પ્રમાણે પારસીઓનું નામ વિનયાદિત્ય સાથે જોડાયલું વિજ્યાદિત્યના લેખોમાં મળે છે અને દંતકથા પ્રમાણે તેઓનું નામ જાદી (જ્યાદિ–જ્યાદિત્ય–વિજ્યાદિત્ય) સાથે મળે છે, ત્યારે દીવના પારસીઓએ ઈ. સ. ૬૯૭ ને સુમારે કર આપ્યો હતો એમ અનુમાન કાઢવું ખોટું નથી. અને એજ વર્ષમાં નાસી આવેલા પારસીઓની પહેલવહેલી હકીકત લેખો ઉપરથી મલતી હોવાથી દંતકથાવાળા ઈ. સ. ૬૯૭ ના સનેને મજબુત ટેકો મળે છે.

ઉપલા સંસ્કૃત લેખના બીજા તથા ત્રીજા અર્થો ઉપર ટીકા કરવાની જરૂર નથી. ઉપલું વિવેચન લગભગ આ અર્થોને પણ લાગુ પડે છે. માત્ર એટલુંજ કે દીવના ટાપુનો ઈશારો આ અર્થો ઉપરથી નિકળતો નથી. આ અર્થો ઉપરથી ફક્ત એટલુંજ અનુમાન નિકળે છે કે પારસીઓએ (બેશક હિંદના પારસીઓએ) ઈ. સ. ૬૯૭ માં વિનયાદિત્યને કર આપ્યો હતો.

આપણા વડવાઓના સંજાણમાં આવ્યાનો રોજ માહ કયો?

આપણે જોયું કે દસ્તુર અસપનદીઆરજી પ્રમાણે આપણા વડવાઓ "સંવત ૭૭૨ ના શરાવણ શુદ ૯ વાર શુક્રે રોજ ૨ માહા ૪ ય. સ. ૮૫" ને દીને સંજાણમાં ઉતર્યા હતા. અને એજ તિથિ સંવત રોજ માહા એરવદ માણેકજી ઉનવાલાના એક હસ્ત લેખમાં પણ જડે છે. પરંતુ હિંદુ તિથિ સાથે રોજ માહ મળતો નથી. બીજા હાથ ઉપર "કીસ્સે જરથુસ્ત્રીઆને

હિંદુસ્તાન"નો હસ્ત લેખ નવસારીની મેહેરજીરાણા લાયબ્રેરીમાં છે, તેની "મારજીન" ઉપર તથા શરૂઆતમાં એક નોંધ છે, ત્યાં લખ્યું છે, કે "સંવત ૭૭૨ના શરાવણ વદ ૯ને બુધે" શંજાણમાં આવ્યા હતા; આ નોંધ પણ આપણે જોઈ ગયા. તેજ નોંધ વલસાડના એરવદ ખુરશેદજી કનેના નાના જુના હસ્ત લેખ ઉપરથી પણ જડે છે તે આપણે જોઈ ગયા, જો કે ત્યાં વાર સાદી નજરે તો દેખાતો નથીજ. અને તે ઉપરથી આપણે અનુમાન ખેંચ્યું કે કોઇએ સંવત તથા તિથિ ઉપરથી રોજ માહ ઉપજાવી કાઢયો છે એમ દીશે છે.

હવે પ્રોફેસર હોડીવાલાએ પોતાનાં પુસ્તક Studies in Parsi History (પા. ૭૦–૭૨) ઉપર દેખાડી આપ્યું છે તેમ કેટલાક હિંદુ પુરાતન લખાણો તથા લેખોમાં ૭ નો અંક તથા ૯ નો અંક બહુજ મળતો આવતો હતો. તે બીના D. E. Smith and L. R. Karpinski's The Hindu-Arabic Numerals નામનાં પુસ્તકનાં પા. ૪૯ ઉપરથી તથા બીજાં પુસ્તકો ઉપરથી પણ સિદ્ધ થાય છે. માટે પ્રો૦ હોડીવાલાએ એમ ધાર્યું હતું, કે સંવત ૭૭૨ ને બદલે ખરો સંવત ૯૯૨ હશે.

આ બીના ધ્યાનમાં લઈ મેં શેઠ મંનચેરજી ખરેઘાટ (I. C. S. retired) જેઓ મહા વિદ્વાન "સ્કોલર" છે અને આવી બાબતમાં એમનું મત સર્વે કોઇ સ્વીકારે એવું પુખ્ત વિચારવાળું હોય છે, તેમને મેં પુછાવ્યું હતું કે "૭૭૨ના શરાવણ વદ ૯" તથા "સંવત ૯૯૨ના શરાવણ શુદ ૯"ની મુકાબેલ રોજ માહ તથા વાર શો આવે તે દેખાડવો. તેમણે જે જવાબ લખ્યો છે તે અત્રે તેમનાજ શબ્દોમાં આપું છું:–

"I am in receipt of your letter of 3rd (Jan. 1926) and have calculated the dates stated therein. I had myself noted in 1914 the date in the Ms. of the "Kissah-i-Zarathushtrian-i-Hindustan" belonging

to the Meherji Rana Library, which was sent to me for examination by Dr. Jivanji Modi. The Note is in Gujarati on the margin of p. 11 and my own comment on it is 'evidently in a modern hand.' I did not know the Bulsar Ms. but I am afraid these dates do not throw more light on the question of the date, as the week-day even does not agree with the Hindu date either in S. 772 or S. 992.

Before answering your questions, I must explain one or two matters in connection with the naming of Hindu months, which have a bearing on the point. The modern method, which has prevaild for many centuries, is that the month is named from the position of the moon when the new moon takes place, and the month begins; e. g. when the new moon takes place, when the Sun and Moon are together in the sign of Mina (Pisces) it is called Chaitra; when they are in Mesha (Aries) it is called Vaishakha and so on. If two lunar months begin in the same sign, then the first is called Adhika and the second Nija (or proper.) Another method, which preceded this, and which is the only method given in the Surya-Sidhhanta is to name the month from the Nakshatra, in which the moon is at the time of the full moon; e. g. if the moon is in the Nakshatra Chitra or Svati when full, the month is called Chaitra; if in Vishakha or Anuradha it is Vaishakha and so on. This earher method was probably the original one, but when it gave place to the modern

method is not settled; probably in different parts of India the change took place at different times. Most of the tables now issued, e.g. those of Jacobi, Pillai, Cunningham, et cetera, give the names according to the modern method only, but it is quite possible that in some of the earlier dates the months may have been named according to the earlier method.

I will now give the dates, the Yazdgardi dates being in the Kadmi Calendar as used at present with the five Gatha days after Aspandad.

Hindu dates according to the Modern Method:-

Note:-In Samvat 772 there were two Shravans.

(1) 1st. Shravana sud. 9 S. 772 = Friday 3rd. July 716 A. D.=Roz 9 Mah 2 A. Y. 85.

(2) 1st. Shravana Vad 9 S. 772=Saturday 18th July 716 A. D.=Roz 24 Mah 2 A. Y. 85.

(3) 2nd. Shravana Sud 9, S. 772=Saturday 1st. August 716 A. D.=Roz 8 Mah 3 A. Y. 85.

(4) 2nd. Shravana Vad 9, S. 772=Sunday 16th August 716 A. D =Roz 23 Mah 3 A. Y. 85.

(5) Roz 2 Mah 4 A. Y. 85 (Aspandiarji's date)=Tuesday 25th August 716 A. D.= Bhadrapada Sud 4 S. 772.

According to the **earlier method,** the modern 1st Shravana is Shravana, but the 2nd Shravana is Bhadrapada, as at full moon, the moon was in the Nakshatra Shatataraka.

Dates in S. 992 according to Modern Method:-

(6) Shravana Sud 9 S. 992 = Saturday 30th July 936 = Roz 1 Mah 5 A. Y. 305.

(7) Shravana Vad 9, S. 992=Saturday 13th August 936=Roz 15 Mah 5 A. Y. 305.

(8) Ashadha Sud 9 S. 992=Friday 1st July 936=Roz 2 Mah 4 A. Y. 305.

(9) Shravana Vad 9 S. 792 = Sunday 5th August 736 A. D. = Roz 17 Mah 3 A. Y. 105.

(10) Shravana Vad 9 S. 972 = Friday 26th July 916 A. D.=Roz 22 Mah 4 A. Y. 285.

Mr. Cama seems to have called the month in S. 992 Shravana, because he forgot to take into account the Adhika Jyeshtha which, as his anthorities would have shown him, preceded the month in question in that year (See Para 58 of his Yazdejardi Tarikh.)

As you will see the 8th date would agree with Aspandiarji's both as regards the week-day and Roz-Mah, if the month and Samvat were different. As it happens according to the **early method** the month would be Shravana, as the moon when full

was in the Nakshatra Shravana. I wrote to Professor Hodivala, when he consulted me about these dates* as to how Mr. Cama's date of S. 992 might be correct, if the earlier method of naming the months were followed, explaining the difference. Whether S. 992 is right or not I am not prepared to state without more evidence.

સાર—શેઠ મનચેરજી ખરેઘાટના ઉપલા કાગજનો સાર આ છે કે "કીસ્સે જરથુસ્ત્રીઆને હિંદુસ્તાનમાંની" નોંધના હરફો ઉપરથી માલૂમ પડે છે કે તે બહુ પાછલની છે. વલશાડનો લેખ તેમણે જોયો નથી. હિંદુ મહિઓનાં નામો આપવાની રીત જુદી જુદી બે પ્રકારની હતી. તેમાંની એક રીત બહુ જુના જમાનાની હતી, અને પાછળથી હાલની રીત દાખલ કરવામાં આવી હતી.

સંવત ૭૭૨ માં બે શરાવણ માસ હતા. માટે

(૧) પહેલા શરાવણ શુદ ૯ સં. ૭૭૨=શુકરવાર તા. ૩ જી જુલાઇ ૭૧૬=રોજ ૯ માહ ૨ ય. જ. ૮૫.

(૨) પહેલા શરાવણ વદ ૯ સં. ૭૭૨=શનિવાર તા. ૧૮ મી જુલાઈ ૭૧૬=રોજ ૨૪ માહ ૨ ય. જ. ૮૫.

(૩) બીજા શરાવણ શુદ ૯ સં. ૭૭૨=શનિવાર તા. ૧ લી આગશટ ૭૧૬=રોજ ૮ માહ ૩ ય. જ. ૮૫.

(૪) બીજા શરાવણ વદ ૯ સં. ૭૭૨=રવિવાર તા. ૧૬ મી આગશટ ૭૧૬=રોજ ૨૩ માહ ૩ ય. જ. ૮૫

(૫) રોજ ૨ માહ ૪ ય. જ. ૮૫ (દસ્તુર અસપનદીઆરજી પ્રમાણે)=મંગલવાર તા. ૨૫ મી આગશટ ૭૧૬= ભાદરવા શુદ ૪ સં. ૭૭૨.

---

*પ્રો૦ હોડીવાલાનું પુસ્તક છપાયું તેની આગમચની આ વાત છે પણ તે તેમનાં પુસ્તકનાં પા. ૬૮–૬૯ ઉપર નથી.

(૬) શરાવણ શુદ ૯ સં. ૯૯૨=શનિવાર તા. ૩૦ મી જુલાઈ ૯૩૬=રોજ ૧ માહ ૫ ય. જ. ૩૦૫.

(૭) શરાવણ વદ ૯ સં. ૯૯૨=શનિવાર તા. ૧૩ મી આગશટ ૯૩૬=રોજ ૧૫ માહ ૫ ય. જ. ૩૦૫.

(૮) અશાડ શુદ ૯ સં. ૯૯૨=શુકરવાર તા. ૧ લી જુલાઈ ૯૩૬=રોજ ૨ માહ ૪ ય. જ. ૩૦૫. (વગેરે)

ઉપલી ૮ મી કલમ પ્રમાણેની ગણત્રીને અસપનદીઆરજીવાલો વાર તથા રોજ માહ મળતો આવે છે પણ મહિનો તથા સંવત જુદા હતા. જુની રૂઢિ પ્રમાણે મહિનો "શરાવણ" આવે છે; કારણ કે પુનમને દહાડે ચંદ્રમાં શ્રવણ નક્ષત્રમાં હતો. છેવટે શેઠ મનચેરજી જણાવે છે કે સંવત ૯૯૨ બરાબર છે કે નહિ તે વિષે વધુ સાહદતની ગેરહાજરીમાં તેઓ કશું કહેવા તૈયાર નથી.

પારસીઓ પહેલાં દીવમાં ઉતર્યા કે સંજાણમાં?

આપણે ઉપર જોયું કે કીસ્સે સંજાણ પ્રમાણે આપણા વડવાઓ પહેલાં દીવમાં આવ્યા હતા. અને ૧૯ વર્ષ રહી તેઓ સંજાણમાં ગયા હતા. હેનરી લોર્ડ પ્રમાણે તથા ગુજરાતી લેખ પ્રમાણે તેઓ સંજાણમાં પહેલાં આવ્યા હતા. આટલું તો નકકી છે કે આપણે ઉપર જોયું તેમ સંજાણમાં આવ્યાની દંતકથાવાળા સને (ઈ. સ. ૭૧૬) ની આગમચ તેઓ હિંદુસ્તાનના પશ્ચિમ કીનારા ઉપર આવી વસેલા હતા. માટે કીસ્સે સંજાણની હકીકત વધુ માનવા જોગ દીશે છે.

ઉપલા સંસ્કૃત લેખ ઉપરથી તથા વિનયાદિત્ય અને વિજ્યાદિત્યના રાજ્યોની હકીકત ઉપરથી તથા જાણીતા ૧૬ સંસ્કૃત શ્લોકો (જે વિષે હવે પછી આપણે બોલીશું તે) માંના સોલમાં શ્લોક પ્રમાણે રાજાએ ઉતરવાની રજા આપી તે ઉપરથી નીચલી બીનાઓ આપણને જડે છે:—

(૧) પારસીઓએ ઈ. સ. ૬૯૭ માં હિંદુ રાજાને કર યા હદિયો આપ્યો હતો.

(૨) આ હિંદુ રાજાનું નામ વિનયાદિત્ય હતું. પણ તે તે વખતે નાતવાન હોવાથી તેનો સઘળો કારોબાર તેનો છોકરો વિજ્યાદિત્ય (જ્યાદિ-જાદી) રાણા કરતો હતો.

(૩) ઉપલો કર "પારસી દ્વીપ" યાને પારસીઓથી વસાયલા દીવના ટાપુના પારસી મુખીએ આપ્યો હતો.

(૪) વિજ્યાદિત્યે (જાદી રાણાએ) ઈ. સ. ૬૯૭ થી ૭૩૧ સુધી રાજ્ય કીધું હતું કે જે અરસામાં સંજાણમાં ઉતર્યાનો દંતકથા પ્રમાણેનો સને ઈ. સ. ૭૧૬ સમાઈ જાય છે, એટલુંજ નહિ, પણ પાંચ વર્ષ બાદ શ્રી ઈરાનશાહ આતશ બેહેરામ સ્થાપવામાં આવ્યા હતા તે સને (ઈ. સ. ૭૨૧) પણ સમાઈ જાય છે.

(૫) જાદી રાણાને કીસ્સે સંજાણમાં **રાયેરાયાન** (રાજાનો રાજા) કહ્યો છે તે બરાબર છે, સબબ કે તેના (વિજ્યાદિત્યના) હાથ તળે બીજા નાના રાજાઓ હતા તે ઈતિહાસીક બીના છે.

(૬) નવસારી કે જે સંજાણની પાસે આવેલું ઘણાજ પુરાતન વખતનું શેહેર છે તે જ્યાદિત્યના હાથ તળેના એક રાજા નામે જ્યાશ્રય મંગલરાજ (ઈ. સ. ૬૯૮ થી ૭૩૧)ની રાજધાનીવાલું શેહેર હતું.

(૭) જ્યાદિત્ય ઘણો ભલો ઉદાર દીલનો રાજા હતો તે ઉપલા આખા સંસ્કૃત લેખ પરથી તથા બીજા લેખો પરથી માલૂમ પડે છે.

(૮) સોલમો સંસ્કૃત શ્લોક પારસીઓના અત્રે આવ્યાની વધુ ગવાહી આપે છે.

સોલ સંસ્કૃત શ્લોક.

ઈ. સ. ૭૦૪ માં ભરૂચનો ગુરજર રાજા જયભટ ત્રીજો રાજ્ય કરતો હતો તેના વખતમાં આરબોએ હલ્લો કરી સિંધ,

કચ્છ, કાઠીઆવાડ તથા નવસારી સુધી ગુજરાતના સઘળા ભાગમાં મજબુત ત્રાસ બેસાડયો હતો. ઈ. સ. ૭૧૧ માં મુહમદ ઈમામુદ્દીન બીન કાસીમે સિંધ ઉપર હુમલો કીધો હતો. બીજેજ વર્ષે દીબાલ તેના કબજામાં આવ્યું હતું. એમ માલૂમ પડે છે કે આરબોના ભયથી અથવા જુલમાતથી કંટાળી પારસીઓ દીવના ટાપુમાંથી નિકળી દરિયા માર્ગે ગુજરાત ભણી જવા લાગ્યા. દરિયામાં મોટું તોફાન તેઓને નડયું. પણ અંતે તેઓ સહીસલામત સંજાણ આવી પહોંચ્યા. કીસ્સે સંજાણ પ્રમાણે તેઓમાંનો એક વિદ્વાન દસ્તુર જાદી રાણા કને હદિયો લેઈ ગયો, અને તેના દેશમાં ઉતરવાની રજા માંગી. રાજાએ ચોક્કસ શરતોએ તેઓને ઉતરવાની રજા આપી, તેમાં પહેલી શરત આ હતી કે તેઓએ પોતાના ધર્મની તથા રેવાજની હકીકત જણાવવી.

પારસીઓના ધર્મ તથા રેવાજની હકીકત જાણીતા સોલ શ્લોકમાં જળવાયલી છે. અનેક સંસ્કૃત હસ્તલેખોનો મુકાબલો કરી યથાશક્તિ શુદ્ધ સંસ્કૃત ભાષામાં આ શ્લોકો દસ્તુર હોશંગ મેમોરીઅલ વોલ્યુમમાં તથા મી૦ રૂસ્તમ બી. પેમાસ્તરના કીસ્સે સંજાણમાં તરજુમા સાથે આ લખનારે આપેલા છે. મરહુમ મી૦ મરઝબાન મનચેરજી મરઝબાનનાં Parsis in India માં પણ મેં તરજુમો આપેલો છે. અલબતાં આ તરજુમામાં કેટલોક સુધારો આજે કરી શકાય એમ છે. એવો સુધારો રજુ કરી આ શ્લોકો પાછા અત્રે આપીશું.

શ્લોક પહેલો.

सूर्यं ध्यायंति ये वै हुतवहमनिलं भूमिमाकाशमाद्यम्
तोयेशं पंचतत्त्वं त्रिभुवनसदनं न्यासमंत्रैस्त्रिसंध्यम् ।
श्रीहोर्मिज्दं सुरेशं बहुगुणगरिमाणं तमेवं कृपालुम्
गौरा धीराः सुवीरा बहुबलनिलयास्ते वयं पारसीकाः ॥

અર્થ—જે (લોકો) ત્રણ ગેહોમાં ન્યાસના મંત્રોથી સુરજને તથા આતશ, પવન, પૃથ્વી, પ્રાથમિક આકાશ, તથા

પાણીના (યજદ) એ પાંચ તત્ત્વને આરાધે છે, જેઓ ત્રણ દુનિયા (બેહેસ્ત, દોજખ તથા હમેસ્તગાનમાં માને છે,) તથા જેઓ તે અતિકૃપાળુ યજદોના સરદાર અહુરમજદ કે જે અનેક ગુણોને લીધે મોટો છે (તેને આરાધે છે,) તે અમે ગોરા, ધીરા, સુવીરા, બહુ બળવાન પારસીઓ છીએ.

નોંધ—ઉદવાડાવાલા એ. નેરીઓશંગ માકુજીએ એક હસ્તલેખિત નકલ આપી હતી તેમાનાં કેટલાંક વાંચનો દરેક શ્લોકની નીચે અત્રે નોંધમાં આપ્યાં છે. **न्यासमंत्रैः**ને બદલે **न्यासमंत्रं, तमेवं** ને બદલે **तमन्त्यं** ત્યાં છે. આ નકલનાં કેટલાંક વાંચનો સારાં છે, પણ વ્યાકરણની રૂહે બરાબર નથી એટલું ધ્યાનમાં રાખવું.

શ્લોક બીજો.

स्नाने ध्याने सुपाठे हुतवहहवने प्राशने माल्यमौत्रे
शास्त्रोक्तं सप्तमौनं निदधति नृवराः सर्वदा सर्वदा नः ।
नानाधूपैः सुपुष्पैर्वरफलबहुलैः पूजयन्तीह धेनौ
गौरा धीराः सुवीरा बहुबलनिलयास्ते वयं पारसीकाः ॥

અર્થ—સ્નાન કરતાં, ધ્યાન ધરતાં, પઢતાં, આતશની બંદગી કરતાં, જમતાં, પાયખાને જતાં, પીશાબ કરતાં એ પ્રમાણે શાસ્ત્રમાં કહેલું સાત પ્રકારનું મૌન અમારા શ્રેષ્ટ પુરૂષો હમેશ ધરે છે. તેઓ અનેક સુગંધી પદાર્થોથી, સારા ફુલોથી તથા પુષ્કળ સારાં ફલોથી અહિં આ દુનિયામાં પૂજા કરે છે. તે અમે ગોરા, ધીરા, સુવીરા બહુ બળવાન પારસીઓ છીએ.

નોંધ—**धेनौ** ને બદલે **धेनुम्** વાંચન પણ જડે છે. તેનો અર્થ "તેઓ ગાયને (વરશીઆને) પૂજે છે," એમ થઈ શકે. વરશીઆની ક્રિયાનો આ ઈશારો હોઈ શકે. **माल्यमौत्रे** ને બદલે **भक्ष्यभोज्ये**, આ પણ વાંચન છે. કેટલેક ઠેકાણે બીજી લીટી આ પ્રમાણે છે:– **विण्मूत्रे ह्यागमोक्तं विदधति सततं सप्तमौनं सदैव**। ત્રીજી લીટી આ પ્રમાણે છે:– **नानापुष्पैः**

सुधूपैर्नगफलबहुलैरर्चयन्त्येवमग्निम्। "જેઓ અનેક ફુલથી તથા સુગંધી ધૂપથી પુષ્કળ પાહાડી ફલોથી આતશને આરાધે છે."

શ્લોક ત્રીજો.

रम्यं वस्त्रं पवित्रं कवचगुणमयं कंचुकं नित्यमंगे
युक्तामूर्णासुकुश्तीमहिमुखसमताबंधनां चैव कट्याम्।
मूर्धानं वस्त्रगुप्तं पटयुगलतले रक्षणं कुर्वतो ये
गौरा धीराः सुवीरा बहुबलनिलयास्ते वयं पारसीकाः॥

અર્થ—જેઓ હમેશ અંગ ઉપર સારૂં પવિત્ર તથા બખતરનો ગુણ ધરાવનારૂં વસ્ત્ર (સદરો) પહેરે છે, જેઓ ઉનની બનાવેલી સારી કુશ્તી જેના છેડા સાપના મુખને મળતા છે અને જેના ગાંઠ બરાબર અંતરે બાંધવામાં આવે છે તે કમર ઉપર બાંધે છે. જેઓ પોતાનું માથું બે કપડાંના તુકડાઓથી બનાવેલી પાઘડીથી ઢાંકે છે તે અમે ગોરા, ધીરા, સુવીરા, બહુ બળવાન પારસીઓ છીએ.

નોંધ—બીજી લીટીનું વાંચન આ પ્રમાણે પણ છેઃ— **पूर्णां शुक्लांच कुस्तिमहिमुखरचितं बंधनं चैव कट्याम्।** વળી કોઈએ સુધારો કરવા જતાં **पटयुगलतले** ને બદલે **पगडियुततले** ઢોકી માર્યું છે.

શ્લોક ચોથો.

यद्मांगल्ये विवाहे कथितशुभदिने सुस्वरं गीतवाद्यं
श्रीखण्डं चंदनाद्यं वपुषि युवतयो धारयन्तीह येषाम्।
स्वाचाराद्ये पवित्रा बहुगुणनिधयो रम्यशास्त्रार्थयुक्ताः
गौरा धीराः सुवीरा बहुबलनिलयास्ते वयं पारसीकाः॥

અર્થ—જેઓની સ્ત્રીઓ શુભ દિવસે ઠરાવેલા માંગલિક લગ્ન પ્રસંગે સારા રાગથી ગીત ગાય છે તથા વાજીંત્ર વગાડે છે, તથા શરીરને સુખડ ચંદન વગેરે (સુગંધી ચીજો) લગાડે છે, જેઓ આચાર (વિચાર)માં સ્વચ્છ બહુ ગુણ ધરાવનારા તથા ઉત્તમ શાસ્ત્રની મતલબ પ્રમાણે ચાલનાર છે તે અમે ગોરા, ધીરા, સુવીરા, બહુ બળવાન પારસીઓ છીએ.

નોંધ—માકુજીવાળી નકલમાં પહેલી બે લીટીઓ આ પ્રમાણે છે:—**या मांगल्ये विवाहे कथितशुभदिने सोत्सवे गीतवाद्ये। गंधाढ्यं चंदनं वै वपुषि युवतयो धारयन्त्यः सहर्षम्॥**

શ્લોક પાંચમો.

येषां गेहे सुरम्यं मधुररसमयं चान्नदानादि नित्यं
कासारं कूपवापीजलपुलरचनं दानमेभिः प्रकारैः।
वस्त्राद्यं द्रव्यदानं ददति गुणवतां सर्वदा याचकानां
गौरा धीराः सुवीरा बहुबलनिलयास्ते वयं पारसीकाः॥

અર્થ—જેઓનાં ઘરમાં સારાં મધુર રસવાલાં ભોજનની ભેટ હમેશ થાય છે, જેઓ તલાવ, કુવા, વાવ, તથા પાણી ઉપર પુલો એવા પ્રકારનાં પુણ્યનાં કામો કરે છે, જેઓ હમેશ લાયક અરજદાર શખશોને વસ્ત્ર વગેરે તથા દ્રવ્યની બક્ષેસ આપે છે તે અમે ગોરા, ધીરા, સુવીરા, બહુ બળવાન પારસીઓ છીએ.

નોંધ—**मधुसमवचनमन्नादानं च नित्यं।** તથા **कासारात्कूपवाप्योर्जलमतिविमलं।** આ વાંચનો માકુજીની નકલમાં છે.

શ્લોક છઠો.

यादृग् हर्षो विषादः सुखमसुखमहो ज्ञानमौने च यादृग्
धर्माधर्मौ च यादृग् विमलकुलक्षतौ यादृगारोग्यरोगौ।
ऊर्ध्वाधस्तौ च यादृग् द्युतितिमिरमयौ सृष्टिसंहारकारौ
येषामुक्तौ मते द्वौ निरवधिपुरुषौ ते वयं पारसीकाः॥

અર્થ—જેઓનાં વચન તથા મતમાં હર્ષ તથા શોક, સુખ તથા દુઃખ, જ્ઞાન તથા અજ્ઞાન, ધર્મ તથા અધર્મ, સ્વચ્છ કુલની (કીર્તિ) તથા અપકીર્તિ, નિરોગીપણું તથા દરદ, ઉપર તથા નીચે, પ્રકાશ તથા અંધકાર (એવા સામસામા ગુણો બરપા કરનારી) હદ વગરની બે શક્તિઓ પેદા કરનાર તથા નાશ કરનાર છે તે અમે પારસીઓ છીએ.

નોંધ—**क्षतौ** ને બદલે **कृतौ** વાંચનું પણ જડે છે.

શ્લોક સાતમો.

गोमूत्रैर्मंत्रपूतैः शिरवदनमिताः स्त्रीपयः पानशुद्धाः
बाह्यन्तस्नानमुक्तं तदनुपरिवृता मध्यदेशे च मुद्रा।
मुद्राबाह्यं न निद्रा जपनवमनसा स्वादुपूजादिकार्यं
येषां मार्गे हि तत्त्वं सततमभयनं ते वयं पारसीकाः॥

અર્થ—જેઓ મંત્ર (ક્રિયા)થી પવિત્ર કરેલા ગાયના નીરંગથી માથું મોઢું (વગેરે) પવિત્ર કરીને સ્ત્રીઓએ આણેલાં પાણીથી પાક થાય છે, જેઓમાં અંદરનું તથા બહારનું (ગોમેજ પીને તથા ગોમેજ લગાડીને એવાં બે પ્રકારનાં) સ્નાન છે, પછી જેઓ કમર ઉપર કુશ્તી બાંધે છે, જેઓ કુશ્તી વિના સુતા નથી. જેઓ પવિત્ર બંદગી તથા બીજાં (ક્રિયા) કામો ધ્યાનથી તથા સ્વચ્છ મનથી કરે છે, જેઓનાં મતે (ચાલ ચલણનું એક) તત્ત્વ હમેશ અભય (હિંમત) છે, તે અમે પારસીઓ છીએ.

નોંધ—પહેલી તથા બીજી લીટી આ પ્રમાણે પણ છે:—**गोमूत्रैर्मन्त्रयुक्तैः स्नापनविधियुतैः स्त्रीशरीरस्य शुध्यै। बाह्यान्तः स्नानकृत्यं तदनुविमलता मध्यदेहे च मोक्षम्॥** "જેઓમાં સ્ત્રીઓનાં શરીરની પવિત્રતા માટે મંત્ર સાથે તથા નાહાનની ક્રિયા સાથે ગોમૂત્રથી બહાર તથા અંદરનું સ્નાન કરવામાં આવે છે. અને પછી તેઓ પવિત્ર (થાય છે), જેઓ કમરે મોક્ષ (આપનાર) કુસ્તી (બાંધે છે.)" એક હસ્ત લેખમાં **शदवनसमितैः त्रितयं पानशुद्धिः।** ફલનો રસ તથા પાણી સાથે ત્રણ વખત પાણીથી સ્નાન કરવું," તથા **जप**...ને બદલે **जपकरणविधिः पूज्यपूजादिकार्यम्** વાંચન છે.

શ્લોક આઠમો.

काष्ठैः षण्मासशुष्कैरगुरुमलयजैः काष्ठकर्पूरधूपैः
होमः स्यात् पंचकालं प्रतिदिनमुदितैरक्षरैर्मंत्रयुक्तैः।
निर्वाणाग्निस्तु सूर्यावृतघनरुचिरैर्नो युगांतेपि येषां
सत्यन्यायैः कुनिष्ठा न च युवतिरतास्ते वयं पारसीकाः॥

અર્થ—જેઓ મંત્ર સાથે બંદગી કરીને છ માસ સુધી સુકવેલાં લાકડાં, અગર તથા સુખડ મેલી તથા (સુગંધી) લાકડાં કપુર તથા સુગંધી પદાર્થોથી દરરોજ પાંચ વખત હોમ (આતશની બોય) દે છે. જેઓમાં આતશ કોઈ કાલે પણ બુજવવામાં આવતો નથી—નહિ સૂર્યના પ્રકાશથી, કે નહિ સુંદર વાદલામાં લેઈ જઈને—જેઓ સત્યના ન્યાયથી સ્ત્રીઓ સાથે જોડાયલા રહે છે અને ખરાબ ચાલના હોતા નથી, તે અમે પારસીઓ છીએ.

નોંધ—માકુજીની નકલમાં **अगुरुमलयजैः** ને બદલે **शुचिकृतविमलैः** છે. ત્રીજી લીટી આમ છે:—**निर्वाणे वन्हिसूर्य-वृतजपहवनं मंत्रपुष्पैश्च कार्यम्**! આનો અર્થ આ હોય:— "મરણ વખતે આતશ તથા સૂર્ય (ખુરશેદ)ની ન્યાએશનું ભણતર થાય છે તથા મંત્રો સાથે ફુલોનું કામ પડે છે." **सूर्यावृतघनरुचिरो** આમ વાંચીએ તો "સૂર્યથી ઢંકાયલાં વાદલાં માફક પ્રકાશતો આતશ." એક હસ્ત લેખમાં આમ વાંચન છે:—**वन्हिं प्रच्छादयंतः सुवृतघनतरैर्मंदिरैश्चैव नित्यं।** અત્રે મંદિર યાને આતશકદેહની બીના છે. ચોથી લીટી આ પ્રમાણે છે:—**येषां सत्येन रोचिर्ज्वलति कनकवत्** "જેઓનો પ્રકાશ સોનાં માફક સત્યને લીધે પ્રકાશે છે."

શ્લોક નવમો.

येषामेवांगना या ऋतुसमयदिना : सप्तरात्रौ भवेयु :
पूता : सूताश्च मासे प्रसवनसमयाद् देहशुद्धास्तथैव ।
रम्याचारेण गौरा नवकनकनिभा वीर्यवन्तो बलिष्ठा :
पूतात्मानोपि नित्यं विकसितवदनास्ते वयं पारसीका : ॥

અર્થ—જે પાક આત્માવાલા શખશોની સ્ત્રીઓ માસિક માંદગીથી સાત રાત બાદ શુદ્ધ થાય છે, અને પ્રસૂતિ બાદ એક માસ પછી પવિત્ર શરીરવાલી થાય છે. જે શખશો પોતાની સુંદર ચાલચલણથી ગોરા (પાક) હોય છે, જેઓ નવાં સોનાં પ્રમાણે (દીપે) છે તથા મજબૂત અને બળવાલા હોય છે, અને જેઓ હમેશ હસ્તા ચેહેરાના હોય છે—તે અમે પારસીઓ છીએ.

શ્લોક દશમો.

वेश्यास्त्रिभिर्न संगः पितृषु शुचिमुखं श्राद्धमग्निश्च धेयो
नो मासं यज्ञबाह्यं स्वपिति महिधराशय्यहो पुष्पनारी।
वैवाह्यं लग्नशुद्धिर्न हि भवति शुचिर्भर्तृहीना पुरंध्री
येषामाचार एवं प्रतिदिनमुदितास्ते वयं पारसीकाः॥

અર્થ—જેઓ વેશ્યા સ્ત્રી સાથે સંગ કરતા નથી, જેઓ પિતૃનું (ફરોહરોનુ) પવિત્ર શ્રાદ્ધ કરે છે, જેઓ આતશને જાળવે છે, જેઓ યજ્ઞ (જશન) સિવાય માસનો ઉપયોગ કરતા નથી, જેઓની માસિક માંદગીવાલી સ્ત્રીઓ જમીન ઉપર બીસ્તરો કરી સુતી નથી, જેઓમાં વિવાહ તથા લગ્નની પવિત્રાઈ છે, જેઓમાં વર વિનાની સ્ત્રીઓ પવિત્ર ગણાતી નથી, જેઓના દરરોજ આવા આચાર વિચારોને લીધે અમે પારસીઓ કહેવાઇએ છીએ.

નોંધ—**पितृषु**....ને બદલે માકુજીની નકલમાં આમ વાંચન છેઃ—**शुचिपरिणयनाः श्राद्धमग्नेश्च होमं**। "જેઓમાં પવિત્ર લગ્ન, શ્રાદ્ધ તથા આતશની બોય દેવાની (રસમો છે)." **स्वपिति** ને બદલે **न हि गृहवसतिः पुष्पवत्याः कदापि**। "જેઓની માસિક માંદગીવાલી સ્ત્રીઓ કદિ પણ ઘરમાં રહેતી નથી" (યાને ચોક્કસ નેમેલી જગ્યામાં જઈ રહે છે). ત્રીજી લીટી આમ છેઃ—**वैवाह्या लग्नशुद्धा भवति खलु शुचिर्भर्तृभोग्या पुरंध्री**। "જેમની સ્ત્રી પરણીને લગ્નથી ખરેખર પવિત્ર તથા શુદ્ધ તથા વરથી ચહવાયલી રહે છે."

શ્લોક અગીઆરમો

चत्वारिंशद्दिनानि प्रचरति न वधुः पाककार्ये प्रसूता
मौनाद्यस्वल्पनिद्रा जपनविधिरता स्नानसूर्यार्चनेषु।
ध्यायंते चैव नित्यं मरुदनलधरातोयचंद्रार्कयज्दान्
येषां वर्णे विदीनाः सततमभियतास्ते वयं पारसीकाः॥

અર્થ—પ્રસૂતિ બાદ ૪૦ દિવસ સુધી જેઓની સ્ત્રીઓ રાંધવા વગેરેનું કામ કરતી નથી, પણ મૌન ધરી પૂરતી

આશાયશ લે છે, અને સૂર્યની આરાધનામાં તથા બંદગીની ક્રિયાઓમાં મશગુલ રહે છે;* જેઓ હમેશ પવન, આતશ, પૃથ્વી, પાણી, ચંદ્ર, સુરજ તથા (બીજા) યજદોને આરાધે છે, જેઓની જાતમાં બેહેદીનો હમેશ સારી વર્તણુકવાળા છે, તે અમે પારસીઓ છીએ.

નોંધ—પહેલવી વંદીદાદ ૫–૪૪ માં તથા રેવાયતોમાં ૪૦ દિવસ દૂર રહેવાની બીના છે. માકુજીની નકલમાં પહેલી લીટી આમ છે:–**सप्ताहं नोदक्या स्याच्चतुरहमथवा पाककार्ये प्रशस्ता।** "જેઓની માસિક માંદગીવાલી સ્ત્રી ચાર દિવસ રાંધવાના કામમાં રોકાયલી રહેતી નથી." બીજી લીટી:– **मौनाढ्याः स्वल्पनिद्रा जपविधिनिरताः स्नानसूर्यार्चनेषु।** "સ્નાન બાદ સુરજની આરાધનામાં મૌનથી થોડી ઉંઘે ભણતરમાં ગુંથાયલી રહે છે." **यज्दान्** ને બદલે **देवान्** શબ્દ છે. ચોથી લાઈન આ પ્રમાણે છે:–(**येषां**) **धर्मोपदिष्टा सततमभयदास्ते वयं पारसीकाः॥** "જેઓ ધર્મ પ્રમાણે ચાલનાર છે તથા હમેશ હિંમતવાલા છે તે અમે પારસીઓ છીએ." **येषां वर्णो न हीनः सततमभयदः।** "જેઓની વર્ણ નીચ નથી, પણ હમેશ અભય આપનાર છે."

શ્લોક બારમો.

पानीयं व्योम चंद्रं हुतवहमनिलं भूमिमादित्यमेवं
श्रीहोर्मिज्दं च दातारमचलममरं चेतसा चिन्तयन्ति।
नित्यं ये न्यासपाठं विदधति जयदं धर्मदं कामदं च
आहारे मौनमादौ तनुशुचिकरणे ते वयं पारसीकाः॥

અર્થ—જેઓ પાણીને, આકાશને, ચંદ્રને, આતશને, પવનને, પૃથ્વીને, સૂરજને, તથા અચલ અમર **શ્રી** દાદાર હોરમજદને (ખરાં) અંતઃકરણથી આમ આરાધે છે, અને ફતેહ આપનારી, ધાર્મિક કરનારી, તથા મુરાદ બખશનારી ન્યાસની બંદગી હમેશ કરે છે, જેઓ જમતાં તથા શરીર સાફ કરતાં મૌન ધરે છે તે અમે પારસીઓ છીએ.

---

* આ વિષેશણો બેહેદીન પુરૂષોને પણ લાગુ પાડી શકાય.

નોંધ—**एवं** ને બદલે **आद्यं** પણ વાંચન છે, ત્રીજી લીટી આ પ્રમાણે પણ છેઃ—**यन्नामपाठं सततमभयदं धर्मदं ये स्मरन्ति।** "જેઓ હમેશ અભય આપનાર તથા ધર્માસ્થા દેણાર **નામ** ગ્રહણ યાદ કરે છે."

શ્લોક તેરમો.

ऊर्णामय्यां धृतायामतिफलबहुलां जाह्नवीस्नानतुल्यां
येषां नित्यं नराणां घनगुणरचितां हेमवर्णां च रम्यां।
योगाकारां विशालां गुरुजनवचनैर्मेखलां धारयन्ति
शास्त्रोक्तैः श्रोणिदेशेऽरुतकंवचमिदं ते वयं पारसीकाः॥

અર્થ—જેઓ બુજોર્ગ લોકોનાં શિક્ષણ પ્રમાણે ગંગા નદીનાં સ્નાનં જેવી, ઉનની, ઘણું ફળ આપનારી, ઘટ્ટ દોરીઓથી બનાવેલી, સોનાના રંગની, સુંદર, યોગ (જુસરી)ના આકારવાલી લાંબી કુશ્તી હમેશ પહેરે છે, જેઓ કમરે આ અખંડ બખતર શાસ્ત્રનાં લખાણો પ્રમાણે પહેરે છે તે અમે પારસીઓ છીએ.

નોંધ—**योगाकारां**ને બદલે **नागाकारां** (સાપના આકારવાળી) વાંચન સારૂં છે.

શ્લોક ચૌદમો.

प्रायश्चित्तं पवित्रं पशुमपि सहसा हन्ति चेत्पंचगव्यं
गोमूत्रं स्नानपूर्वं धनतरदिवसैः शुद्धिरेवं मनोज्ञा।
नित्यं नित्यं गुरूणां सुवचनकरणं कल्मशक्षालनार्थं
येषामाचार एवं प्रतिदिनमुदितास्ते वयं पारसीकाः॥

અર્થ—અગર જો કાંઈ પ્રાણી પણ અકસ્માતથી (કોઈના હાથે) મરણ પામે છે, તો ગોમૂત્રથી તથા પંચગવ્યથી (યાને ગાયનાં દૂધ, દહી, માખણ, મૂત્ર તથા છાણની મેલવણીથી) સ્નાન પ્રથમ કરી પવિત્ર પ્રાયશ્ચિત (પતેત) કરી ઘણે દિવસે પવિત્ર થાય, એવી માન્યતા જેઓની છે, જેઓ પાપને ધોઈ નાંખવા સારૂં ગુરૂનાં સારાં શિક્ષણ પ્રમાણે નિત્ય ચાલે છે, (અને) જેઓના દરરોજ આ પ્રમાણે આચાર વિચારોને લીધે અમે પારસીઓ કહેવાઈએ છીએ.

નોંધ—पशुमपि.....चेत् ને બદલે માકુજીની નકલમાં **बहिरपि च तथाभ्यन्तरं** છે. અત્રે અંદરનાં તથા બહારનાં, યાને ગોમેજ પીને તથા લગાડીને સ્નાન કરવાની બાબત છે. **शुद्धिरेवं मनोज्ञा** ને બદલે **मानसीं शुद्धिरेवं** "એવી માનસિક પવિત્રતા છે." ચોથી લીટી આમ છે:—**येषामाचारकृत्यं . प्रतिदिनमुदितं** "જેઓના આચાર તથા કામ દરરોજના (આમ) કહેલાં' છે.

શ્લોક પંદરમો.

पूर्वाचार्यप्रबंधैर्विरचितरुचिरैर्मोक्षमार्गप्रदातैः
संस्कारैः संस्थितानां विकसितविधिना कथ्यते व्योम दार्वम्।
सर्वेषां च त्रयाणां दहनवसुमतीभास्कराणां च पूजा
शुद्धे रम्या च एवं प्रगदितमहिमास्ते वयं पारसीकाः॥

અર્થ—જેઓને માટે કહ્યું છે કે તેઓ જુના ગુરૂઓનાં સુંદર શબ્દોમાં રચેલાં તથા મોક્ષનો માર્ગ આપનારાં શિક્ષણોથી તથા જાહેર કરેલી ક્રિયાઓથી મોટું બેહેશ્ત મેળવે છે; જેઓ સર્વે આતશ, જમીન તથા સુરજ એ ત્રણેની આરાધના કરે છે, જેઓ પવિત્રાઈથી સુંદર છે તથા જેઓની મહિમા આવી (મોટી) છે તે અમે પારસીઓ છીએ.

શ્લોક સોલમો.

श्रीहोर्मिज्दमुखं सकलविजयकृत् पुत्रपौत्रादिवृद्धयै
दाता श्री आतशोयं स भवतु भवतां पापनाशाय नित्यम्।
श्री सूर्यः स्वानुकूलो बहुतरफलदा न्यासजाप्याय पंच
हे सर्वे पारसीका असुरविजयिनो यान्तु मान्यं च नित्यम्॥

અર્થ—(રાજા કહે છે) ઓ સઘળા પારસીઓ, આ બક્ષેશ આપનારા **શ્રી આતશ** જે હોરમજદનું મુખ છે તથા જે સર્વ જય આપનાર છે, તે તમારા પુત્રો તથા પૌત્રો વગેરેની વૃદ્ધિને માટે હમેશ પાપનો નાશ કરવા સારૂ હોજો. **શ્રી સૂર્ય** તથા પાંચ તત્ત્વો જે ઘણાં ફળ આપનાર છે તે ન્યાસના ભણતરને તદન અનુકુળ થાઓ. તમે દૈત્યોની ઉપર જય મેળવનારા થાઓ તથા હમેશ ઘણું માન મેળવો.

નોંધ—હિંદુ ધર્મ પુસ્તકોમાં અગ્નિને "દેવોનું મુખ" આ પ્રકારે છે; જેમકે **अग्निमुखा वै देवाः**; વળી **अग्निर्मुखं देवानाम्।** "આજ પ્રમાણે આતશને "અહુરમજદનું મુખ" કહ્યું છે. **सकलविजयकृत्** (**आतश**) આ શબ્દો "**आतभ बेहेराम**"નો તરજુમો હોઈ શકે. તેમ હોય તો આ શ્લોક લખાયો, ત્યારે ઈરાનશાહ આતશ બેહેરામ હસ્તીમાં હતા આમ અનુમાન નિકળે છે. કદાચ અત્રે સાધારણ આતશની વાત હોય એમ પણ માનવું ખોટું નથી. આ સોલમો શ્લોક P. S. હસ્ત લેખમાં નીચે પ્રમાણે લગાર અશુદ્ધ ભાષામાં છે.

श्री होर्मज्देज्यमुखसकलविजयकृत् पुत्रपौत्रेषु वृद्धिदाता
वः पातु सोऽयं बहुधनकृद् नाशयेत् पातकं च।
ये यूयं पारसीकाः सततविजयिनः श्रीजयैश्वर्यवन्तः।
आगच्छन्तु प्रकामं बहुबलनिलयाः प्राप्नुवन्तु प्रवृद्धिम्॥

અર્થ—આ (આતશ) જે શ્રી હોરમજદનું મુખ છે તથા સઘળો જય આપનાર તથા પુત્રપોત્રોને વૃદ્ધિ આપનાર છે તથા જે બહુ ધન આપનાર છે, તે તમારૂં રક્ષણ કરો તથા પાપનો નાશ કરો. (આ આશીર્વાદ સાંભળી રાજા કહે છે) ઓ તમે પારસીઓ, જેઓ હમેશ વિજયવાન છો, તથા જય અને હકુમતવાળા છો, તથા બહુ બળવાન છો, તેઓ (મારા રાજ્યમાં) આવો, અને વૃદ્ધિ પ્રાપ્ત કરો.

નોંધ—ઉપલા ફકરામાં આતશ (સાધારણ આતશ) રક્ષણ કરે અથવા હોરમજદ રક્ષણ કરે એવો અર્થ હોય, જો કે વ્યાકરણ બહુજ ખરાબ ગણાય. પાછલી બે લીટીઓ બહુજ અગત્યતા ધરાવે છે. રાજા સ્પષ્ટ રીતે કહે છે કે ઓ પારસીઓ, તમે મારા મુલકમાં આવો અને આબાદ થાઓ.

દસ્તુર અસપનદીઆરજી કામદીનજીનાં પુસ્તકમાંના ૧૬ શ્લોક.

ભરૂચવાલા દસ્તુર અસપનદીઆરજી કામદીનજીએ ઈ. સ. ૧૮૨૬ માં એક પુસ્તક નામે "કદીમ તારીખ પારસીઓની

કસર" વાલું છપાવ્યું હતું, તેમાં સંસ્કૃત ૧૬ શ્લોકો આવેલા છે, તે વિષે રેવરંડ દાકતર એ. પ્રુહરેર (Fuhrer) કહે છે કેઃ-

These Shlokas, in which the learned Dastur explained the *Mazdayasnian religion to King Jadi Rana of Sanjan*, form the oldest documents relating to the Parsis in India, and it is much to be regretted that the Sanskrit text as found in all the manuscripts at my disposal is very corrupt. The Sanskrit text published in Gujarati characters by Aspandiarji Kamdinji of Bharoch in his Kadim Tarikh Parshioni Kasar, Surat 1826 pp. 129–146 is not worthy of being looked at (B. B. R. A. S. Journal Vol. 16 p. 84).

દાકતર પ્રુહરેરના મતે દસ્તુર અસપનદીઆરજીવાલા શ્લોકો એટલી તો ખરાબ રીતે લખેલા છે કે તે જોવાને પણ લાયક નથી. આ ટીકા લગાર કડક કહેવાય. બેશક આ શ્લોકોમાં છાપાની ભૂલો ઘણીજ છે. દાખલા તરીકે "ન"ને બદલે "ત," "મ"ને બદલે "ચ" વગેરે છે. જોડાક્ષર વિસર્ગ વગેરે કશું નથી. વળી શબ્દોને ખોટી રીતે તોડી નાખ્યા છે તથા શબ્દોના પાછલા ભાગને બીજા શબ્દો સાથે જોડી નાખ્યાથી ગુંચવણ ઉત્પન્ન કરી છે. કેથે કેથે જોઈતા શબ્દો નિકળી ગયા છે. દસ્તુર અસપનદીઆરજીવાલા શ્લોકો બરાબર રીતે સુધારતાં માલૂમ પડે છે કે તે આપણે ટાંકેલા શ્લોકોને બહુજ મળતા આવે છે. આપણે દસ્તુરજીના શ્લોકોનું વાંચન ગુજરાતી લીપિમાં નીચે આપી, એ શ્લોકો શુદ્ધ કેમ લખાય તે દર્શાવવાની એક અદના કોશેશ કરીશું.* દસ્તુરજીનાં પુસ્તકમાં આ શ્લોકોનું

*આ શ્લોકો શુદ્ધ કેમ લખાય તે બાબત આ લખનારે જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીની કેટલીક બેઠકોમાં આણી હતી, જ્યાં સરનશીન શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ તથા બીજા સાહેબોની કેટલીક મદદ મળી હતી.

લખાણ જુદી જુદી કળીઓમાં નથી, તે આપણે કળીઓમાં વેહેંચી નાંખ્યું છે. એ લખાણ મી૦ રૂસ્તમ બરજોરજી પેમાસ્તરકૃત. કીસ્સે સંજાણમાં દસ્તુરજીના તરજુમા સાથે આપેલું છે. આપણે દસ્તુરજીનો તરજુમો આપીશું નહિ, પણ આપણોજ તરજુમો જ્યાં જરૂર પડે ત્યાં આપીશું.

શ્લોક પહેલો.

શુરીઅન ધેઆએનતી. એવઈ હુતવઅ
મનીલંમ. ભુમી આકાશ માદેઅંમ.
તોએશંમ પંચ તતવંમ. તરીભોવંન
શદનંમ. નીઆએશ મંતરઈ અશતરી શંઘંમ.
શરી હોરમજદ શુરેશંમ. બહુ ગુણ
ગરીમાનમ. તમેકાંત કેરપાલંમ.
ગઊરા ધીરા શોવીરા. બહુબલ
નલેઆ શતેવઅંમ પારશીકા.

सूर्यं ध्यायन्ति ये वै हुतवहमनिलं भूमीं आकाशमाद्यं
तोयेशं पंचतत्वं त्रिभुवनसदनं नीआएशमंत्रैस्त्रिसंध्यम् ।
श्री होरमज्दसुरेशं बहुगुणगरिमाणं तमेकांतकृपालुम्
गौरा धीराः सुवीरा बहुबलनिलयास्ते वयं पारसीकाः ॥

આ શ્લોક આપણે આપેલા પહેલા શ્લોકને તદન મળતો છે. માટે તરજુમો પણ તેજ સમજવો. માત્ર **तमेव** ("તેજ") ને બદલે **तमेकान्त** ("તે એકલો") છે.

શ્લોક બીજો.

અશનાંને ધઆંને શો પાટે. હુતવહ.
હવને પરાશને તશરગ કાલે.
શાશતરો કતંમ મઉન.
મારગંમ નીજ ગુરૂ વીહતંમ.
નાંનાં ધુપઈ શો પુશપઈ વરફલ
નીચઈ. પુજે જંનતીહા ધેનું.
ગઊરા ધીરા (વગેરે).

स्नाने ध्याने सुपाठे हुतवहहवने प्राशनेऽतिसर्गकाले
शास्त्रोक्तं मौनमार्गं निजगुरुविहितं
नानाधूपैः सुपुष्पैर्वरफलनिचयैः पूजयंतीह धेनुं
गौरा धीराः (વગેરે)

અર્થ—જેઓ સ્નાન કરતાં ધ્યાન ધરતાં પઢતાં આતશની બંદગી કરતાં જમતાં તથા પાયખાને જતાં શાસ્ત્રમાં કહેલો મૌનનો માર્ગ જે તેઓના વડવાઓએ બનાવેલો છે (તે પ્રમાણે ચાલે છે). જેઓ નાના પ્રકારના સુગંધી પદાર્થોથી તથા સારાં ફુલો તથા પુષ્કળ શ્રેષ્ટ ફલોથી અત્રે ગાયને આરાધે છે તે અમે ગોરા ધીરા....પારસીઓ છીએ.

નોંધ—બીજી લીટીમાંથી કેટલાક શબ્દો ગુમ થયા છે.

શ્લોક ત્રીજો.

રમેઅંમ શવાગોશો. વશતરંમ કવીચ.
ગુણુ મઅંમ કંચુકંમ. એદરંતી.
ઈ ઉકતા. મુરનાશો પુશતી. મહીમુખ
શમતંમ. બંધનંમ શરવ. કેટેઅમાંમ.
મુરદાનં. ચીતરા વશતરે. પટ જુગલ
તલે છાંદીઅંનતીહા. નીતઅંમ.
ગઉરા ધીરા (વગેરે)

रम्यं स्वांगेषु वस्त्रं कवचगुणमयं कंचुकं ये धरंति
युक्तामूर्णासुकुश्तीमाहिमुखसमतं बंधनं सर्वकट्याम्।
मूर्धानं चित्रवस्त्रे पटयुगलतले छादयन्तीह नित्यं
गौरा धीराः (વગેરે)

અર્થ—જેઓ પોતાનાં અંગ ઉપર સારૂં બખ્તરનો ગુણ ધરાવનારૂં વસ્ત્ર, સદરો પહેરે છે, તથા જેઓ કમર ઉપર સાપના મુખ જેવી ઉનની સારી કુશ્તી કે જે (કમરનું) યોગ્ય બંધન છે તે બાંધે છે, જેઓ હમેશ (પોતાનું) માથું રંગબેરંગી વસ્ત્રની બે પટવાલી પાગડીથી ઢાંકે છે તે અમે ગોરા ધીરા.... પારસીઓ છીએ.

નોંધ—"કુશ્તી" શબ્દ છાપાની ભૂલને લીધે "પુશતી" છપાયો છે.

શ્લોક ચોથો.

એન માંગલ્યંમ. વીવાએ તવથ શુભ
દીવશે. શુત શવંમ ગીતા. વાદીઅંમ.
શરી ખંદાતેઅમ. શુધંનદંમ વપુશી
એવતઇ. ઓધારીઅંઈ અંતીહા. એશાંમ.
આચાર એપવીતરા. બહુગુણુ વીધઈઓ
રંમએ શાશતરા અરથઈ ઉકતા.
ગઉરા ધીરા (વગેરે)

येन मांगल्यं विवाहे त्वथ शुभदिवसे सुतसंगीतवाद्यम्
श्रीखंडाद्यं सुगंधं वपुषि युवतयो धारयन्तीह येषाम्।
आचारे ये पवित्रा बहुगुणविधयो रम्यशास्त्रार्थयुक्ताः
गौरा धीराः (વગેરે)

અર્થ—લગ્ન પ્રસંગે તથા શુભ દિવસે (જેઓને ત્યાં) ખુશી ખુશાલી થાય છે તથા છોકરાં ગીત ગાય છે તથા વાજીંત્ર વગાડે છે, જેઓની સ્ત્રીઓ શરીરને સુખડ વગેરે લગાડે છે, જેઓ આચાર (વિચાર) માં પવિત્ર તથા બહુ ગુણ ધરાવનારા તથા ઉત્તમશાસ્ત્રની મતલબ પ્રમાણે ચાલનાર છે તે અમે ગોરા ધીરા....પારસીઓ છીએ.

શ્લોક પાંચમો.

એશાંમ ગહેશુરમંમ. ચધુરા
રશમંમ ચાંનદાંનંમચ. તીતંમ
કાશારંમ કુપ વાપી. ધરતર
કરતંમ. દાંન મેખી પરકારમ.
વશતરાદંમ દરવદાંનંમ. દવીશવર
ગુણી નાંમ. શરવ દાએ ચરંતી.
ગઉરા ધીરા (વગેરે)

येषां गेहे सुरम्यं मधुररसमयं चान्नदानं च नित्यम्
कासारकूपवापिधर्त्रकृतं दानमेभिः प्रकारम्।
वस्त्राद्यं द्रव्यदानं द्वीश्वरगुणीनां सवर्दा ये चरंती
गौरा धीरा (વગેરે)

અર્થ—જેઓનાં ઘરમાં સારાં મધુર રસવાલાં ભોજનની ભેટ હમેશ થાય છે, જેઓ તલાવ, કુવા, વાવ તથા (ધર્માદા) ઘરો એવા પ્રકારનાં પુણ્યનાં કામો કરે છે, જે હમેશ વસ્ત્રનું દાન તથા દ્રવ્યનું દાન બે ઈશ્વરને માનનારાઓ (જરથોસ્તીઓને) આપે છે તે અમે ગોરા ધીરા....પારસીઓ છીએ.

નોંધ—વ્યાકરણ તથા વાકય રચના ખરાબ છે. ત્રીજી લીટીમાં **द्वीश्वर** યાને બે ખોદાય (સપેનામાનો તથા અંગ્રેમીનો)ની વાત છે. "ચધુરા" શબ્દ **मधुरा**, તથા "તીતંમ" શબ્દ **नित्यम्** માટે દીશે છે; અત્રે છાપાની ભૂલો ઘણીછે. એજ પ્રમાણે "દાનમેખી" (**दानमेभिः**) પણ છાપાની ભૂલને લીધે છે.

શ્લોક છઠો.

ઈઆ દરકા હરશો. વીશાદ શુખમ
શુખમહો. ગનેઆંન મઊનેચ ઈઆદરક.
ધરમ ધરમ ઊચઈઆદરક વીમલ.
ફલ કરતઈ આ ઊરધ. ધશમાચ ઈ-
આ ઈઆદરક દુતી તીમીરીચ. એઊશરશ
તીરાંમહાં. કારઊ એશાંમ મારગો-
વતઈ વદઈ નરવર. પોરૂશો ગઉરા ધીરા (વગેરે).

यादृग् हर्षो विषादः सुखमसुखमहो ज्ञानमौने च यादृग्
धर्माधर्मौ च यादृग् विमलकुलकृतैः और्ध्वाधस् समाचयैः(?)।
यादृग् द्युतितिमिरमयौ सृष्टिसंहारकारौ येषां मार्गो
बतैव हि नरवरपुरुषौ गौरा (વગેરે)

નોંધ—બીજી તથા ચોથી લીટીઓ બરાબર વાંચી શકાતી નથી. અર્થ આગળ આપ્યો છે તેવોજ લગભગ જાણવો. "તીમીરીચએઉ" શબ્દો "તીમીરમએઉ" (**तिमिरमयौ**)

જોઇએ. તેમજ "શરશતીરાંમહાંકારઉ" શબ્દો "શરશતીશંમહા (૨) કારઉ" (**सृष्टिसंहारकारौ**) જોઇએ. "મારગો વતઈ વદઈ નરવરો" કેમ સુધાયે એ મુશ્કેલી છે. છેવટે **मार्गो बतैव** (=**बतैव**) **हि नरवरपुरुषौ** અથવા **मार्गो बतैव दैन्यनरवरपुरुषौ** વાંચન હોય.

શ્લોક સાતમો.

ગો મુતરઈ મંનતર. પુતઈ શરદવન
મીતઈ. શતરી પએ પાંન શુધઈ.
બા જંત શનાંન. મુકતંમ તદનો
પરીવીરતા. મધે દેશેચ મુદરા.
બાજંત નીદરા. ચંન જપકરનંમ.
દેવ પુજાદી કારીઅંમ.
એશાંમ મારગે. હીતતવંમ સતતવંમ
ભઅદચ. ગઉરા ધીરા (વગેરે)

गोमूत्रैः मंत्रपूतैः शिरवदनमितैस्त्रिपयःपानशुद्धैः
बाह्यान्तस्नानमुक्तं तदनुपरिवृता मध्यदेशे च मुद्रा।
बाह्यं तां निद्रा च न जपकरणं देवपूजादिकार्यम्
येषां मार्गे हि तत्वं सत्त्वं अभयदं च गौरा धीराः (વગેરે)

અર્થ—(પહેલી બે લીટીનો આગળ પ્રમાણે). તે (કુશ્તી) વિના સુવું નહિ, તથા પઢવું નહિ તથા યજદોની બંદગી વગેરેનું કાંમ કરવું નહિ, જેઓના મતે (ચાલચલણનું એક) તત્ત્વ જોર તથા હિંમત છે તે અમે ગોરા ધીરા...પારસીઓ છીએ.

નોંધ—"દવન" શબ્દ "વદન"ને માટે ભૂલમાં લખાયો છે.

શ્લોક આઠમો.

કાશટઈ શટમાશ શુશકઈ. રગરૂમ
અજઈ કાશટ. કરપુર ધુપઇ.
હોમશ. આત પંચ કાલેંમ. પરતીદીન
મુદી તઈ રખશરઈ. મંનતર ઈ ઓકતઈ.

તીર વાંનંમ વનીર. વતંમ ધંનનીચએ.

નો ઈઉ ગાંનતે પી અઈઆ. ઈઆત-

શ તમને. આઈકિ નીશટા નચઈ.

વતીર તથા ગઉરા ધીરા (વગેરે).

काष्टैः षट्मासंशुष्कैरगुरुमलयजैः काष्टकर्पूरधूंपैः
होमः स्यात् पंचकालं प्रतिदिनमुदितैरक्षरैर्मंत्रयुक्तैः ।
निर्वाणं वन्हिरवृतधननिचये नो युगान्तेऽपि यायात्
सत्यं न्यायैकनिष्ठा न च युवतिरता गौरा धीराः (વગેરે)

અર્થ—(આગળ પ્રમાણે). **निर्वाण....**"આતશને કદિપણ ખુલ્લાં વાદલાંઓમાં લેઇ જઈ બુજાઈ જાય એમ કરવામાં આવતું નથી." **सत्यं न्यायैकनिष्ठा....**"જેઓ ખરેખર ઇનસાફની રૂહે એક નિષ્ટાના છે તથા (પારકી) સ્ત્રીઓથી દૂર રહેનારા છે"....
"તીરવાંનંમ" આ શબ્દ "નીરવાંનંમ"ને માટે છાપાની ભૂલ છે.

શ્લોક નવમો.

એશાંમ મે વાંગનાઆ રતુશમે.

અદીને શપત રાતરા ભવેદ વઈ.

શુધી શુધાચા. માશાત પરશવા

શંમ અકે. દેહે શુધી શત થઈ વ.

રમે આ. ચારેણ ઈઊિકત. નવ

કંનક નીભા વીરઅ વતો. બલેશટા.

પુતાતંમ તોપીનોત અંમ વીક

શીતા વદના ગઉરા ધીરા.

येषामेवांगना या ऋतुसमयदिने सप्तरात्रौ भवेद् वै
सुधी शुद्धा च मासात् प्रसवसमयके देहे शुद्धिस्तथैव ।
रम्याचारेण युक्तनवकनकनिभा वीर्यवन्तो बलिष्ठाः
पूतात्मनोपि नित्यं विकसितवदना गौरा धीराः (વગેરે)

અર્થ—(લગભગ આગળ પ્રમાણેજ જાણવો). **सुधी....**
"ડહાપણવાલી સ્ત્રી પ્રસૂતિ બાદ એક માસે શુદ્ધ થાય છે."

નોંધ—ચોથી લીટીમાં "તોપી" શબ્દો "નોપી"ને માટે છાપાની ભૂલ સમજવી.

શ્લોક દશમો.

વેશઆભી નઈ વ શંઘંમ. પીતર
શંમ શુચીતા રાધ કાલે ગની ચીનતા-
નો માંગ શંમ જગંન બાજેઅંમ
શવ પતી નહી દરા. એઆંમ હો પુશપનારી.
વહીવાએ લગંણુ શુધી રશુચી.
નહીમતા ભરતર હીના પુરનધરી.
એશાંમ આચાર એવંમ પરતીદીન
મુદીતા. ગઉરા ધીરા (વગેરે)

वेश्याभिर्नैव संगमः पितृसंसूचिताराध्यकाले ऽग्निचिन्ता
नो मांसं यज्ञबाह्यं स्वपिति न हि धरायामहो पुष्पनारी ।
विवाहे लग्नशुद्धिरशुचिर्न हि मता भर्तृहीना पुरंध्री
येषामाचारा एवं प्रतिदिनमुदिता गौरा धीराः (વગેરે)

અર્થ—જેઓ વેશ્યાઓ સાથે સંગ કરતા નથી, જેઓ પિતૃ (ફરોહર)ની આરાધના વેળાએ આતશની બંદગી કરે છે, જેઓ જશન સિવાય માસનો ઉપયોગ કરતા નથી, જેઓની માસિક માંદગીવાલી સ્ત્રી જમીન ઉપર સુતી નથી, જેઓ વિવાહમાંજ લગ્નના ગાંઠની પવિત્રતા (સમજે છે,) જેઓ ધણી વિનાની સ્ત્રીઓને પવિત્ર ગણતા નથી, જેઓ હમેશ આલા આચાર વિચારોમાં મશગુલ છે, તે અમે ગોરા ધીરા.... પારસીઓ છીએ.

નોંધ—**अशुचि** ને બદલે **शुचि** લેઈ આપણે તરજુમો કીધો છે. અગર જો **अशुचि** વાંચન લેઇએ, તો અર્થ આ થાય છે કે વિધવા સ્ત્રીઓ અપવિત્ર ગણાતી નથી.

શ્લોક અગીઆરમો.

ચત વારીઅંમશ દીનાંની. પરચરતી
ન વધુ પાક કારીએ પરશુતા.

મનાટીઆ શવલપ નીદરા જપ વીધી
નીરતા. શનાંન શુરીઆ. અરચંને શુ-
ધઆ અંતે ચઈ વ નીત અંમ મરૂદ
નલ ધરા. તો એ ચાંદરારક જગનામ.
એશાંમ. વરનો નદીરંન શતત
મભએતે. ગઉરા ધીરા (વગેરે)

चत्वारिंशद्दिनानि प्रचरति न वधुः पापकार्ये प्रसूता
मौनाद्यस्वल्पनिद्रा जपविधिनिरता स्नानसूर्यार्चनेषु ।
ध्यायंते चैव नित्यं मरुदनलधरातोयचंद्रार्कयज्दान्
येषां वर्णो न दीर्णः सततम् भये ते गौरा धीराः (વગેરે)

અર્થ—પહેલી ત્રણ લીટીઓનો અર્થ આગળ પ્રમાણેજ જાણવો. **येषां वर्णो...**"જેઓની જાતમાં ભય વખતે કદી પણ ફાટપુટ થતી નથી."

નોંધ—જગનામ = **यज्ञं** હોઈ શકે. પહેલવી વંદીદાદ (૫-૪૯) માં પ્રસૂતિ બાદ ૪૦ દિવસની મુદત જણાવી છે.

શ્લોક બારમો.

પાંણીઅંમ વીઅંમ ચંદરંમ હુત
વહુ મનીલંમ ભુમી માદતએ. નેવંમ.
શરી હોરમજદ દાતારંમચલ.
મંમરમ ચેતશા ચંતનીઅમ.
નીતઅંમ એનાશ પાડંમ શતત
વીજએદંમ. ધરમ દમ શંચરનતી. ત
વાહારે મઉન માડીઆ. શતનુ
શુચી કરણે. ગઉરા ધીરા (વગેરે)

पानीयं व्योम चंद्रं हुतवहमनिलं भूमिमादित्यमेवम्
श्री होरमज्ददातारं अचलममरं चेतसा चिन्तनीयम् ।
नित्यं ये न्यासपाठं सततविजयदं धर्मदं संचरति ते
आहारे मौनमाद्यास्तनुशुचिकरणे गौरा धीराः (વગેરે)

અર્થ—તરજુમો લગભગ આગળના જેવોજ સમજવો. **सततविजयदं** = "હમેશ વિજય આપનાર."

નોંધ—અગર જો "વાહારે" = **व्याहारे** લેઇએ તો "તેઓ **બોલવામાં** મૌન પસંદ કરે છે," યાને "ઘણું નહિ બોલવામાંજ ફાયદો સમજે છે" એમ અર્થ ઉઠી શકે.

શ્લોક તેરમો.

ઊરૂનાં રૂપાંમશો વરનાંમ શુલલીતા
ફલદાંમ. જાહાનવી શનાંન. પુને આંમ.
મેશાનાંમ. ચઇવ પુમશાંમ ઘંણુ ગુણુ.
રચીતાંમ. હેમ વરણુંનચે રમઅંમ.
ઈ ઓગા. કારાંમ વીશાલાંમ
ગરૂજંણુ વચનઈ. મેખલાંમ ધારીઅંનતી.
શાશતરોકતંમ. શરોનીદીશે.
ઉરૂતદ જઘણે ગઉરા. ધીરા (વગેરે)

ऊर्णारूपां सुवर्णां सुललितफलदां जान्हवीस्नानपुण्याम्
येषां चैव पुम्सां घनगुणरचितां हेमवर्णां च रम्याम्।
योगाकारां विशालां गुरुजनवचनैर्मेखलां धारयन्ति
शास्त्रोक्तां श्रोणिदेशे ऊरुतरजघने गौरा धीरा (વગેરે)

અર્થ—જેઓ બુજોર્ગ લોકોનાં શિક્ષણ પ્રમાણે ગંગાનદીનાં સ્નાન જેવી પવિત્ર, ઉનનાં રૂપની, સારા રંગવાલી, સારૂં ફલ આપનારી, મજબૂત દોરીઓથી બનાવેલી, સોનાના રંગની, સુંદર, જુસરીના આકારવાલી લાંબી કુશ્તી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઉંચાં કુલાંવાલી કમર ઉપર પહેરે છે તે અમે પારસીઓ છીએ.

શ્લોક ચોદમો.

જાતેઆ નીતઅંમ પવીતરા. પશુમપી
શહશાહંનતી વેત પંચ ગવીઅઈ.
ગો મુતરઈ. શનાંન પુરવંમ ઘંનતર
દીવશ અઈ શુધી. રેવંમ મનોગના.

નીતઅંમ. ગરૂ નાંમ શુવચન.
કરનાંમ કલમશ ખઆલના રથંમ.
એશાંમ આચાર. એવંમ પરતીદીન
મુદીતા ગઉરા ધીરા (વગેરે)

जात्या नित्यं पवित्राः पशुमपि सहसा हन्ति चेत् पंचगव्यैः
गोमूत्रैः स्नानपूर्वं घनतरदिवसैः शुद्धिरेवं मनोज्ञा।
नित्यं गुरुणां सुवचनकरणं कल्मषक्षालनार्थम्
येषां आचार एवं प्रतिदिनमुदिता गौरा धीराः (વગેરે)

અર્થ—આગળ પ્રમાણેજ લગભગ જાણવો. **प्रायश्चित्त** (પતેત કરવાની વાત) અત્રે નથી. અત્રે એટલુંજ કહ્યું છે કે "તેઓ પોતાની જ્ઞાતમાં પવિત્ર" છે.

નોંધ—"વેત" શબ્દ "**चेत्**"ને માટે છાપાની ભૂલ દીશે છે.

શ્લોક પંદરમો.

પુરવા ચાર એઈ તરબંધ એઈ વીરચીત
રૂચીત રૂચીરેઈ મુખશ મારગ પરદાત.
શંશકારેઈ શતાત કવીનામ વીરચીત.
વીધીના કથતે વીઓમ દશ ચ.
શરવે શાંમ ચતર આનાંમ દહુંન
વશુમતી ભાશકર નાંનચ પુજા.
પુશપાદએઈ શંમ પરદેશટા પરમુદી
તા મનશ ગઉરા ધીરા (વગેરે)

पूर्वाचारेतरबंधैर्विरचितरुचिरैर्मोक्षमार्गप्रदात-
संस्कारैः सतात् कवीनां विरचितविधिना कथ्यते व्योमदश्च।
सर्वेषां च त्रयाणां दहनवसुमतीभास्कराणां च पूजा
पुष्पाद्यैः संप्रदिष्टा प्रमुदितमनसा गौरा धीराः (વગેરે)

અર્થ—જેઓના ભલા પુરૂષો માટે કહ્યું છે કે તેઓ પુરાતન આચાર વિચાર તથા બીજા કાયદાઓથી તથા સારી રીતે યોજેલી, ભલી તથા મનપસંદ તથા મોક્ષના માર્ગ આપનારી ક્રિયાઓથી તથા સારી રીતે રચેલાં ક્રિયાકાંમોથી બેહેશ્ત મેળવે

છે, જેઓમાં આતશ, જમીન તથા સૂરજ સર્વેની બંદગી પુલો વગેરેથી થાય છે તથા જેઓ ઘણા સુખી તથા ખુશાલીવાલાં મનના છે તે અમે ગોરા ધીરા....પારસીઓ છીએ.

શ્લોક સોલમો.

શરી હોરમજદ જઆ મુખંમ એ
તશકલ વીજએ કરત પુતર પઉતરેશુ.
વરધી દાતા શરીઆતશોઅંમ. બહુ
ધન ફલ કરત નાશતી પાપંચ જાતુ.
તે શરવે પારશીકા શતત વીજઈન
શરી. જએ શચૈ ઈ વ નતૈઅંમ.
ગઉરા ધીરા (વગેરે)

श्रीहोरमज्दजयमुखं यत् सकलविजयकृत् पुत्रपौत्रेषु वृद्धिदाता श्रा आतशोयं बहुधनफलकृत् नाशयति पापं च जातु ।
ते सर्वे पारसीकाः सततविजयिनः श्रीजयाश्चैव नित्यम् गौरा धीराः (વગેરે)

અર્થ—આ આતશ જે સર્વ વિજય આપનાર તથા બહુ ધન તથા ફલ આપનાર હોરમજદનું મુખ છે તથા જે પુત્ર પૌત્રોની વૃદ્ધિ આપનાર છે તે ખરેખર પાપનો નાશ કરે છે. તે સર્વે પારસીઓ હમેશ વિજયવાન તથા નિત્ય જયવાલા હોય છે. તે અમે ગોરા ધીરા....પારસીઓ છીએ.

સંસ્કૃત શ્લોકોનો સને.

આ સંસ્કૃત શ્લોકો કયારે રચવામાં આવ્યા તેનો સને જણાયલો નથી. પણ તે કોઇ પારસીથીજ પુરાતન કાળમાં લખાયલા હોવા જોઈએ, તે ભાષાની એબારત ઉપરથી તથા સમાસરૂપી શબ્દોના ઉપયોગથી તથા આતશ, યજદાન, પુલ, વિદિન (બેહેદીન) જેવા ઈરાનીઅન શબ્દો ઉપરથી જણાય છે. આ શ્લોકો ઉપરથીજ ક્રીસ્સે સંજાણવાળાએ ઉપલા શ્લોકોનો સાર આપ્યો છે એવા મત આપણે ધરાવીએ છીએ. આ શ્લોકોની બીના કયાં કયાં લખાણોમાં જડે છે તે તપાશીશું :—

(૧) એરવદ માણેકજી ઉનવાલાના સંવત ૧૮૦૭ (ઈ. સ. ૧૭૫૧)ના હસ્ત લેખ EMU 11માં સોલ સંસ્કૃત શ્લોક જડે છે. (જોવો Collected Sk. Writings Pt. I. Intro. p. 19). સંવત ૧૮૦૮ (ઈ. સ. ૧૭૫૨)ના હસ્તલેખ EMU 12 માં પહેલા બે શ્લોક જડે છે (તેજ પા. ૧૯.)

(૨) તા૦ ૨ જી અકટોબર ૧૭૪૦ N. S. ને દીને નવસારીના દેશાઇ ખુરશેદજી તેહેમુરજીએ મુંબાઈવાલા શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર એક અતિ લાંબો કાગળ લખ્યો છે તેમાં લખે છે કેઃ– "હમો દસ્તુર શ્રી જામાશજી ગુ૦ આશાજીને તાંહાં લેઈ ગયા હતા તાંહાં આપણા ધરમની ચરચા શુબેદાર શાહેબ આગલ ઘની થઈ...(દસતુરજીએ) પેલાં આપણા શ્લોક પરી દેખાડા. તેથી શુબેદારજી ઘણાજ ખુશી થાએઆ. ને આપણા ધરમથી વાકેફ થાએઆ...દસતુરજી તાં શંશકુરત શાહી પદાથી (=સહી રીતે પઢયા તેથી) ઘણા ખુશી થાએઆ." (પા. પ્ર. પાને ૮૫૪ ફુટ નોટ. નવસારી મેહેરજીરાણા લાએબ્રેરીમાંનો જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૧૯, ૩૧, ૩૩). આ ઉપરથી દીશે છે કે આ શ્લોકો ઈ. સ. ૧૭૪૦ માં હસ્તીમાં હતાજ.

(૩) સુરતની અનજુમને નવસારીની અનજુમનને પુછાવ્યું હતું કે રવાનને પદાન બાંધવું કે નહિ. આનો જવાબ હાકારમાં સંવત ૧૭૭૭ રોજ ૨૨ માહા ૧૧ તા૦ ૧૪ મી સંપટેમબર ૧૭૨૧ N. S. ને દીને નવસારીવાલાઓએ લખ્યો હતો, તેના ઉપરથી માલૂમ પડે છે કે આ ૧૬ શ્લોકો ઈ. સ. ૧૭૨૧ માં હસ્તીમાં હતા. ત્યાં લખ્યું છે કે "આપણા બુઝરગ વાર મોબેદ નેરીઓસંગ ધવલ જેવા જે તેનાએ જેંદ અવસ્થાની સરેહ પેહેલવીમાંથી કાઢી સંસ્કૃતમાં લાવીઆ ને શ્રી આતસ બેહેરામ પરથીઆ ને સરવ બીજાં કામ દીનનાં સરવ જારી કીધાં અને અંધીઆરૂ આકા જેહવા થએઆ જેને શલોક ૧૬માં તમામ દીનની વાત લાવીઆ તેનાએ જે માએના કીધા છે તેને કોઈ ફજેલ પહોંચતા નથી."

આ ઉપરથી દીશે છે, કે અંધ્યારૂ આકાએ ૧૬ શ્લોક બનાવ્યા હતા, અને તે ઈ. સ. ૧૭૨૧ માં હૈયાત હતા. (જામાસપજી શોરાબજી મેહેરજીરાણાએ લેખોની કરેલી નકલોનું પુસ્તક ૧ લું ના. ૧૩૩ વાલું કાગજ.)

(૪) એ. માણેકજી ઉનવાલાના સંવત ૧૭૫૦ (ઈ. સ. ૧૬૯૪) વાળા હસ્ત લેખ EMU 1 માં પહેલા બે શ્લોકો જડે છે (Collected Sk. Writings Pt I. Intro. p. 9.)

(૫) મોબેદ ચાંદા નામના એક મોબેદે ઈ. સ. ૧૫૬૭માં કબીસા બાબે એક હસ્ત લેખ લખ્યો હતો, તેનો ૧૭ મો શ્લોક તેમણે દેખઈતી રીતે જાણીતા સોલ શ્લોકોમાંના પાંચમા, બીજા તથા ત્રીજા શ્લોકો વગેરેને ગોઠવી ભાંગી તુટી સંસ્કૃત એબારતમાં રચ્યો છે. માટે તેમના વખત આગમચ ૧૬ શ્લોકો હતા એમ માલૂમ પડે છે. (જોવો મારૂં પુસ્તક Parsis of Ancient India p. 77 ff.)

ઈસ્વી સનની સોલમી સદીમાં તથા તેની પછી પારસીઓનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન એટલું તો નબળું, અશુદ્ધ તથા ભાગું તુટું હતું કે તેની આગમચ આ શ્લોકો રચાયલા હોવા જોઇએ, એવું અનુમાન કાઢીએ તો ખોટું નથી.

(૬) ફ્રેંચપાદરી જોરડેનસ (ઈ. સ. ૧૩૨૦–૧૩૨૨)નાં લખાણ ઉપરથી પણ કાંઈક પુરવારી આપણને મળે છે. તે કહે છે કે "પારસીઓ બુરાઈના તથા ભલાઈના, **અંધકારના** તથા **અજવાળાના** બે મીનોના મતને માનનારા છે." * અંધકારના તથા અજવાળાના એવા **ખુદ્દા** શબ્દો આપણને આઠમા સંસ્કૃત શ્લોકમાં જડે છે.† માટે આ ફ્રેંચ પાદરીના વખતમાં આ સોલ શ્લોકો હોય એવું અનુમાન કદાચિત્ કાઢી શકાય. ઈ. સ. ૧૨૦૦, ૧૩૦૦ તથા ૧૪૦૦ના વખતમાં

---

* These believe in two First Principles, to wit, of Evil and of Good, of Darkness and of Light.

† સંસ્કૃતમાં આ શબ્દો છે:– यादृग् द्युतितिमिरमयौ ।

પારસીઓ સંસ્કૃત ભાષા સારી રીતે જાણતા હતા તેની સાહાદત કાબેલ વિદ્વાન નેરીઓશંગ ધવલ પુરી પાડે છે, એટલુંજ નહિ પણ ઈ. સ. ૧૪૩૦ ના એક લેખ ઉપરથી માલૂમ પડે છે કે ભરૂચના એક મોબેદના છોકરા અરદેશર સારૂં એક દાકતરી વિદ્યાનું પુસ્તક સંસ્કૃતમાં લખવામાં આવ્યું હતું (જોવો મારૂં ઉપલુ પુસ્તક પા. ૫૬). માટે ઉપલા વખતમાં અથવા તેની પણ આગમચ એ શ્લોકો રચાયા હોય એવો ભાસ થાય છે.

સોલ શ્લોકો કોણે બનાવ્યા હતા?

દંતકથાને આધારે સાધારણ માન્યતા એવી છે કે નેરીઓશંગ ધવલે* આ શ્લોકો બનાવ્યા હતા અને તે તેમણે જાદીરાણા કને ગાઈ સંભળાવ્યા હતા. પણ હસ્ત લેખોમાં તો તેના બનાવનારનું નામ આકાધારૂ અથવા આકા અંધ્યારૂ જડે છે. તેની સાહદતો નીચે પ્રમાણે છે:—

(૧) આપણે ઉપર જોયું કે સંવત ૧૭૭૭ ના લેખ પ્રમાણે અંધીઆરૂ આકાએ ૧૬ શ્લોકોમાં તમામ દીનની વાત સમજાવી હતી.

(૨) આ લખનારે દસ્તુર હોશંગ મેમોરીઅલ વોલ્યુમમાં આ ૧૬ શ્લોકો ટીકાસહીત પ્રગટ કરેલા છે, તેની છેવટે ટીકાકાર લખે છે કે **अन्त: नागमंडलनवसारीके लिखिता: शोडषश्लोका आका ऽ ध्यारुकृतसममर्थेन संवत् १८२३ वर्षे।** "સંવત ૧૮૨૩ માં મેં આકા અંધ્યારૂએ બનાવેલા ૧૬ શ્લોકો અર્થ સાથે નાગમંડલ (નવસારી) માં લખ્યા છે."†

(૩) ઉપર જણાવ્યું છે કે ઉદવાડાવાલા એ. નેરીઓશંગ માકુજીએ ૧૬ શ્લોકોની નકલ કોઈક હસ્ત લેખમાંથી બનાવેલી

---

* આ નેરીઓશંગ ધવલ જાણીતા પેહેલવી–સંસ્કૃત વિદ્વાન હોઇ શકે નહિ. તેમનો જમાનો બહુ પાછળનો છે.

† હોશંગ મેમોરીઅલ વોલ્યુમમાં મેં તરજુમો આપ્યો છે ત્યાં આકાધારૂ ટીકાકાર હોય એમ ગણ્યું છે. પણ અત્રે આપેલો અર્થ વધુ સહી દીશે છે. કાંઈ નહિ તો લખનારની તેવી મતલબ લાગે છે.

આ લખનારને આપી છે, તેમાં એક કહેવાતો અશુદ્ધ ૧૭ મો શ્લોક પણ નજરે પડે છે કે જે દેખઈતી રીતે પાછળથી કોઈએ બનાવેલો છે, તેની છેલ્લી લીટીમાં લગાર અશુદ્ધ ભાષામાં લખ્યું છે, કે **इत्येवं ज्ञातपूर्वा विमलमतिकृता आक्रश्लोकाश्च षोढा ।** "એ પ્રમાણે અસલથી જાણીતા સારી મતિથી બનાવેલા આક્ર (અંધીઆરૂ)ના બનાવેલા સોલ શ્લોકો છે."

આ સાહદતો ઉપરથી આ શ્લોકો આકાધારૂએ બનાવ્યા હતા, એમ અનુમાન નિકળે છે. આ અંધીઆરૂનો સને જડતો નથી. પણ તે શોધી કાઢવાની કોશેશ ચાલુ રાખવી ઘટે છે.

ઉપલાં ૧૬ શ્લોકો શું જાદીરાણા સનમુખ ગવાયા હતા?

કોઈએ એમ નહિ સમજવું કે આજ સંસ્કૃત શ્લોકો આજ આકારમાં પેલા બુજોર્ગ દસ્તુરે જાદીરાણાકને ગાયા હતા. એ શ્લોકોની મતલબ કહી હશે, એટલુંજ માની શકાય છે. પાછળથી કોઈ બાહોશ શખશે તે શુદ્ધ સંસ્કૃતમાં જોડી કાઢયા છે, તેનો સ્પષ્ટ ઈશારો આપણને ૧૪ મા શ્લોક પરથી જડે છે. અને તે આ કે અગર જો અકસ્માતથી પારસીઓને હાથે કાંઈ પ્રાણી મરણ પામે તો **પંચગવ્ય** પીવું પડતું હતું. ખુલ્લું છે કે આ પંચગવ્યનો ઉપયોગ હિંદુઓની રસમ ઉપરથીજ લીધેલો હોવો જોઇએ; અને આ રેવાજ પારસીઓના અત્રે આવ્યા પછી **લાંબા** વખતે તેઓમાં દાખલ થયો હોવો જોઈએ. કારણ કે ઈરાનથી આવેલા પારસી દીનચાશીદારોમાં એવો રેવાજ એકદમ દાખલ થયો હોય એ માની શકાતું નથી. માટે સોલ શ્લોકો આપણા વડવાઓના સંજાણમાં આવ્યા બાદ રચાયા હોવા જોઇએ; અને તેઓના ઉતારાના વખત, તથા શ્લોકો રચાયા તેના વખત વચ્ચે ઘણાંક વર્ષો પસાર થઈ ગયાં હોવાં જોઈએ.

જાદીરાણા સાથે કરેલી શરતો.

જારાદીણાએ પારસીઓ કને કેટલીક શરતો પાળવાની કબુલાત લીધી હતી એમ કહેવાય છે. તેમાંની પહેલી શરત

આ હતી કે પારસીઓએ પોતાના ધર્મ તથા રેવાજની હકીકત જણાવવી, કે જે આપણે ઉપર જોઈ ગયા. બીજી શરત આ હતી કે તેઓએ ઈરાનની ભાષા તજી દઈ હિંદુસ્તાનની ભાષા ગ્રહણ કરવી. ત્રીજી શરત આ હતી કે પારસી સ્ત્રીઓએ હિંદુ સ્ત્રીઓ પ્રમાણે કપડાં પહેરવાં. ચોથી શરત આ હતી કે પારસીઓએ હથિયારો તજી દેવાં. અને પાંચમી શરત આ હતી કે લગ્ન જેવાં શુભ કામો સાંજે કરવાં.

કહે છે કે પારસીઓના દસ્તુરે આ સઘળી શરતો કબુલ રાખી, જવાબ આપ્યો કે "ઓ રાજા, તું અમારા તરફથી ભય ન રાખ, અમે આખાં હિંદના દોસ્ત તરીકે રહીશું. ("હમે હિંદુસ્તાનરા યાર બાશીમ"), તથા તારા દુશ્મનોનાં ડોકાં ઉરાડીશું. આ સાંભળી રાજાએ તેઓને ઉતરવાની રજા આપી.

પણ સવાલ ઉઠે છે કે ઉપલી શરતોની વાત કીસ્સે સંજાણના લખનારે કયાંથી આણી? આપણા મતે તો ૧૬ સંસ્કૃત શ્લોકો ઉપરથીજ કોઈએ શરતોની વાત પાછળથી જોડી કાઢી છે, કે જે વાત બેશક કીસ્સે સંજાણવાળા બહમનના વખતમાં દંતકથા રૂપે જાણીતી હોવી જોઈએ.

સંસ્કૃત ૧૬ શ્લોકોજ દેખાડી આપે છે કે તેમાંની હકીકત પારસીઓએ બીજી કોમની જાણ માટેજ લખી છે, પોતાને માટે તો નહિજ. કુશ્તીની પવિત્રતાની ગંગા નદીની પવિત્રતા સાથની સરખામણી, તથા કુશ્તીના છેડાઓને સાપનાં મુખ સાથની સરખામણી, તથા દેવમુખ (યાને અગ્નિની) અહુરમજદનાં મુખ (આતશ) સાથની સરખામણી આ સઘળું દેખાડે છે, કે હિંદુઓને માટેજ આપણા ધર્મ તથા રેવાજને લગતા ઉપલા શ્લોકો જોડવામાં આવ્યા હોવા જોઇએ.

વખત જતાં પારસીઓ પોતે તે જમાનામાં વપરાતી સંસ્કૃત ભાષા શિખ્યા. માટે રાજાના કહેવાથીજ તેઓએ પોતાની ભાષા તજી દીધી આમ કહેવું બરાબર લાગતું નથી. ઉલટું એકાદ બે સદી પછી પણ પારસીઓ પહેલવી ભાષા લખી

જાણતા હતા, તેની સાહાદત કેનેરી ગુફાઓના લેખો તથા બીજી સાહાદતો પરથી મળે છે. માટે આ શરત ધ્યાનમાં ઉતરે એવી નથી. કોઈએ તે ખોટી રીતે ઉપજાવી કાઢી છે.

પારસી સ્ત્રીઓએ હિંદુ સ્ત્રીઓ પ્રમાણે કપડાં પહેરવાં, આ શરત પણ પાછળથી ઉભી કીધેલી દીશે છે. કારણકે એવી શરત પુરૂષોના સંબંધમાં તો થઈ નથી. ચોથા શ્લોકમાં કહયું છે કે **चंदनाद्यं वपुषि धारयन्तीह येषांम्** "જેઓની સ્ત્રીઓ ચંદન વગેરે શરીર ઉપર રાખે છે (પહેરે છે)." કોઈએ તર્ક કર્યો કે "**વગેરે**" શબ્દ કપડાંને માટે છે અને જ્યારે પારસી સ્ત્રીઓ હિંદુ સ્ત્રીઓ પ્રમાણે શરીરને ચંદન લગાડે છે તથા તેઓનાં જેવાં કપડાં પહેરે છે, ત્યારે પોતાનો આગળો રેવાજ તજી દેવાનું કારણ આ હોવું જોઈએ, કે રાજાના ફરમાનથી તેઓએ આમ કીધું હશે.

ત્રીજા શ્લોકમાં કહ્યું છે, કે પારસીઓ પવિત્ર સુદરેહ પહેરે છે કે જે **ગોયા બખ્તર છે.** આ ઉપરથી કોઈએ તર્ક રજુ કીધો, કે જ્યારે સુદરેહની સરખામણી બખ્તર સાથે કીધી છે, ત્યારે તેઓએ બખ્તર તજી દીધેલું હોવું જોઈએ અને તેમ કરવાનું કારણ રાજાનું ફરમાન હોવું જોઈએ.

ચોથા શ્લોકમાં કહયું છે કે પારસીઓની સ્ત્રીઓ (**कथितशुभदिने**) જોશીઓએ અથવા મોબેદોએ કહેલા શુભ દિવસે લગ્ન ઠેડવી લગ્ન કરે છે. ઉપલા સંસ્કૃત શબ્દ **कथित** નો અર્થ "રાજાએ કહયું તેમ" કરી પોતાના વખતમાં સાંજે લગ્નો કરવાનો રેવાજ જોઈ કોઈએ રાજા સાથે થયલી શરતની વાત ઉપજાવી કાઢેલી દીશે છે.

ઉપલી શરતોનો ખોલાસો આપણે આપ્યો છે તે કબૂલ ન રાખવામાં આવે તોપણ આ તો નકકી છે, કે કીસ્સે સંજાણ સિવાય તેની આગમચની કશી સહાદત નથી. જાદીરાણા જેવો ભલો દયાળુ રાજા આવી સખત બલકે કઢંગી શરતો કરે એ વાસ્તવીક દીસ્તું નથી. તે ભલા રાજાની ભલાઈ તથા ઉદાર સ્વભાવ તરફ જોતાં ઉપલી શરતોની હકીકત માની શકાતી નથી.

પુરાતન પારસીઓનો હિંદ સાથે સંબંધ.

આરબોને હાથે શિકસ્ત પામ્યા બાદ આગણા જે વડવાઓ અત્રે આવ્યા હતા, તેઓએજ સૌથી પહેલાં હિંદમાં પગ મેલ્યો હતો, એમ માનવું જોઈતું નથી. પુરાતન વેદિક જમાનાથી પારસીઓને હિંદ સાથે ઘણો સંબંધ હતો. વંદીદાદની પહેલી પર્ગર્દ ઉપરથી દીશે છે કે "હપ્તહિંદુ" (સાત નદીઓનો દેશ) જેને હાલે આપણે "પંજાબ" (પાંચ નદીઓનો દેશ) કહીએ છીએ તેનું નામ અવસ્તા શબ્દ "હિંદુ" ઉપરથીજ નિકળ્યું હતું. સંસ્કૃતમાં તો તે નામ "સિંધુસ્થાન" લખાતે, કે જે હસ્તીમાં નથી.

દારાયસ હિસ્તાસ્પીસ હિંદમાં ચઢાઇ લાવ્યો હતો તથા તેણે પંજાબ જીતી લીધું હતું, એ જાણીતી ઈતિહાસીક બીના છે. ટેક્ષીલા, ગીરનાર, કારલી, નાશક તથા બીજાં ઠેકાણેના શિલા લેખોમાં તે વેળાના પ્રસિદ્ધ પારસીઓનાં નામો જડે છે.

ઈન્ડો પારથીઅન પાદશાહોમાં આઝીઝ (ઈ. સ. પૂ. ૪૦) તથા ગોનડોફારીસ (ઈ. સ. ૨૦ થી ૬૦) મુખ્ય હતા, કે જેઓએ પંજાબમાં રાજ્ય કીધું હતું.

મૌર્ય વંશના સ્થાપક ચંદ્રગુપ્તને મદદ કરવા પારસી સીપાહો હિંદમાં આવ્યા હતા. સાસાનીઅન શેહેનશાહ બેહેરામગોર (ઈ. સ. ૪૩૬) કનોજના રાજાની દરબારમાં જઈ હિંદુ શાહજાદી નામે સપીનુદ સાથે પરણ્યો હતો. શેહેનશાહ ખુશરો પહેલાને (ઈ. સ. ૫૩૧--૫૭૯) તથા હિંદુ મહારાજા પુલકેશી બીજાને, એકમેક સાથે ઘાડો સંબંધ હતો, અને એક બીજાની દરબારમાં તેઓએ એલચીઓ મોકલ્યા હતા.

આ તથા બીજી સાહદતો જે આ લખનારે પોતાના પુસ્તક Parsis of Ancient India (pp 1–30) માં ભેગી કરી છે તે ઉપરથી ખુલ્લું માલૂમ પડે છે, કે પુરાતન પારેસીઓનો હિંદ સાથનો સંબંધ ઘણો ઘાડો તથા મિત્રાચારી ભરેલો હતો, અને તેથીજ સાસાનીઅન રાજ્યની પડતી પછી નાશભાગમાં પડેલા પારસીઓનો એક ભાગ હિંદ ભણી આવ્યો હતો.

પ્રકરણ બીજું.

શ્રી ઇરાનશાહ આતશબેહેરામની સ્થાપના.

આપણે ઉપર જોયું કે દીવમાં રહેવાનું સલામત ન લાગ્યાથી પારસીઓ કોઈ બીજાં શેહેરમાં જવા નિકળ્યા. વાહાણોમાં બેસી તેઓએ ગુજરાત ભણી જવા માંડયું. ભર દરિયામાં તેઓને એક મોટું તોફાન નડયું. સઘળાંઓએ હિંમત રાખી દાદાર હોરમજદ તથા બેહેરામ યજદની બંદગી કરી મુરાદ ચાહી કે જમીન ઉપર સહીસલામત પહોચીશું તો ઉતારાની જગ્યાએ આતશબેહેરામ બરપા કરીશું. સંજાણમાં ઉતરી ત્યાં ઠરીઠામ થયા બાદ પાંચેક વર્ષે તેઓએ આતશબેહેરામ સ્થાપવાનો વિચાર કર્યો. પેલોજ દસ્તુર જાદીરાણા કને ગયો અને તેણે આતશબેહેરામ સારૂ જગા માંગી, કે જે તે ભલા રાણાએ તેઓને ખુશી સાથે આપી, અને ત્યાં પારસીઓ સિવાય બીજા કોઈએ ન જવું એવો હોકમ કીધો.

મોબેદો ખોરાસાનથી આલાત લાવ્યા તથા ક્રિયાકામ વગેરે તેઓ સારી રીતે જાણતા હોવાથી દીનના કાયદા પ્રમાણે આતશબેહેરામ પરથાવવાને તેઓને કશી અડચણ પડી નહિ.

નોંધ—શાપુરજી સંજાણા કૃત "કીસ્સે જરથુસ્તીઆને હિંદુસ્તાન" * (બેતો ૧૯૦--૧૯૩) પ્રમાણે હિંદુસ્તાનથી બે મોબેદોને રવાના કીધા હતા. તેઓ ખોરાસાનથી આલાત લાવ્યા હતા અને તેથી તેઓએ આતશબેહેરામ તૈયાર કીધા હતા.

પારસીઓએ ઇ. સ. ૭૨૧ માં આદર મહીનાના આદર રોજે આ આતશબેહેરામ પરથાવી તેને પાછળથી **શ્રી ઇરાનશાહ** નામ આપ્યું કે જે આજ સુધી ચાલુ છે. કહે છે કે જે દસ્તુર જાદીરાણા

---

* શાપુરજી મા. સંજાણાકૃત "કીસ્સે જરથુસ્તીઆને હિંદુસ્તાન" (બેતો ૧૨૪–૧૪૦) માં જણાવ્યું છે કે હોરમજદ શેહેરથી આવતાં દરિયામાં તોફાન નડયું હતું પણ આ બીના બરાબર લાગતી નથી. આ કીસ્સાની હસ્તલેખિત નકલ મને એ. માહિયાર ન. કુટાર કનેથી મળી હતી. બેતોનાં નંબર તેમનાં છે.

કને ગયો હતો તથા જેણે ઈરાનશાહ પરથાવવાની મુખ્ય ક્રિયા કરી હતી તેનું નામ મોબેદ નેરીઓશંગ ધવલ હતું, પણ આ દસ્તુર જાણીતા પેહેલવી સંસ્કૃત લેખક હોઈ શકે નહિ. સબબ કે તેઓનો સને તો બહુ પાછળનો છે. ત્યારે સંભવિત તર્ક તો આ દીશે છે, કે આતશબેહેરામ પરથાવવા જેવું શુભ કામ પાછળા જમાનાના પ્રખ્યાત નેરીઓશંગ સાથે ભૂલભરેલી રીતે જોડી નાંખ્યું છે.

નોંધ—આ લખણારે આ અનુમાન લખી કાઢયા બાદ સં. ૧૭૬૭ ના રોજ ૨૨ માહા ૧૨ નો એક લેખ (જે આપણે ઉપર ટાંકી ગયા તે) હાથમાં આવ્યો હતો, તેમાં આ અનુમાનને સંપૂર્ણ ટેકો મળે છે. ત્યાં લખ્યું છે કે "આપણા બુજરગવાર મોબેદ નેરીઓશંગ ધવલ જેવા જે તેનાએ જેંદ અવસ્તાની સરેહ પેહેલવીમાંથી કાઢી સંસ્કૃતમાં લાવીઆ ને **શ્રી આતશબેહેરામ પરથીઆ** ને સરવ બીજા કામ દીનનાં સરવ જારી કીધાં." (જામાસપજી સોરાબજી મેહેરજીરાણાએ લેખોની કરેલી નકલોનું પુસ્તક ૧ લું નાં. ૧૩૩ વાલું કાગજ). ઉપલા લખનારે જાણીતા નેરીઓશંગનેજ આતશબેહેરામ પરથાવનાર તરીકે ઠોકી બેસાડયા છે.

ખોદાશનાસીનો એલમ જાણનાર દસ્તુરો તથા સંજાણ મધ્યે બરપા કીધેલા કુદરતી આતશ વિષે એક યુરોપીઅન વિદ્વાનના વિચારો.

તા૦ ૧૦ મી અકટોબર ૧૮૯૭ ને દીને શેઠ મનચેરજી કાવસજી મનસુખે મુંબઈમાં આતશબેહેરામ વિષે ભાષણ આપ્યું હતું, તેમાં તેમણે સંજાણના આતશબેહેરામ કેવી રીતે બરપા કરવામાં આવ્યા હતા તે બાબતમાં એક યુરોપીઅન વિદ્વાનના વિચારો ટાંકી બતાવ્યા હતા. તે નીચે પ્રમાણે હતાઃ—

"હીંદુસ્તાન તરફ નીકળી આવેલા ઈરાની પારસીઓ માટે સંજાણ મધે સઉથી પહેલ્લું આતશબેહેરામ રોશન કરવાને જ્યારે પારસીઓનાં નીઆંગાનો ભેગા થયા હતા, ત્યારે તેમની સાથે

ઈરાનથી આવેલા દારાબ નામના એક પહરેજગાર દસ્તુરે પોતાના હમદીનોને તેમજ પરદેશી અથવા બીજી જાતના લોકોને એક જંગલનાં મેદાનમાં પોતાની આસપાસ ઉભા રાખીને પથરની એક મોટી સીલા ઉપર સુકાં સુગંધી સુખડનો ધગલો મુકયો હતો. એ પછે ચાર મુખ્ય દશાઓ તરફ ચાર પહરેજગાર મોબેદોને ઉભા રાખ્યા હતા. એ મોબેદો અવસ્તાના અથવા ગાથાના કેટલાએક કલામો બુલંદ આવાજથી પઢયા હતા, અને મોટી નમનતાઈ સાથે પોતાનાં સરો નમાવીને નમન કીધું હતું. એ પછે દસ્તુર દારાબ આકાશની તરફ ઉંચું સર કરીને તથા નજર ટેકવીને ગેબી શકતીવાલા સખુનો પઢયો હતો, અને આકાશી આતશનો સોલો આએ જમીન ઉપર મેળવ્યો હતો. પેલા બીજા એક હજાર જાતના આતશમાં જ્યારે એ આકાશી આતશનું નુર ઉમેરાય છે ત્યારેજ કેબલો સંપુરણ થયલો ગણાય છે, અને અહુરમજદની આરાધના કરનારાઓની સનમુખ તેનું નુર પ્રકાશીત રાખવામાં આવે છે.

સંજાણમાં એવીજ રીતેથી આકાશી આતશ આ જમીન ઉપર પાડવામાં આવેલા હતા, અને (આજ કંઈ સેંકડો વરસો થયાં) એ આતશ ઉદવાડાંમાં ઈઆને ઉદવાડાના આતશબેહેરામમાં આજ તલક રોશન રહેલો છે. વાસ્તે એ પારસી ભાઇઓ હવે પછી તમારી પારસી કોમમાં કોઈ બીજો નવો પહરેજગાર દસ્તુર દારાબ જેવો નર ઉતપન થાય ત્યાં સુધી એ ઉદવાડાના આતશબેહેરામ મધેના પવીત્ર નુરી કેબલાને મોટી સભાળથી સાચવી રાખવાની કોશેશ કરતા રહેજો.

આકાશમાંથી એતી રીતે આતશ મેળવવાંની રીતી અથવા ગેબી અને મંતરી હુનર 'સેમોઠરેશીઆ' તથા 'કેબીરીઆ' ની ભેદભરેલી કીરીઆઓમાં જણાવ્યામાં આવેલો છે. 'નીઉમા' નામના તપેસરીએ આતશની પરસતેશ કરવાની ઈમાનદારી અથવા ભેદભરેલો તરીકો અસલ રોમ દેશમાં દાખલ કીધો હતો. ઈઆને જમીન ઉપર પાડેઓ હતો, અને તેની જાળવણી કરવાનું કામ

ચાર પવીત્ર અથવા પહરેજગાર કુમારી કન્યાઓને સોંપ્યું હતું, તે એવી શરતે કે જો તે આતશ તેઓની ગફલતીથી કદાચ બુજાઈ જાય તો તેઓને ગરદન માર્યામાં આવે.

આગલા જમાનામાં ઉગમણુ પ્રાંતના દેશોમાં એ ભેદી વીદયા જાણનારા ઘણા હતા અને એ ભેદી વીધ્યાનું જ્ઞાન સઉથી પહેલાં ખાલદીઆ નામના મુલકમાં ઉત્પન થયલું જણાવેઆમાં આવેલું છે. એ દેશમાંથી તે ગ્રીસમાં ફેલાયું છે, અને પછે પશ્ચીમ તથા ઉતર તરફના બીજા દુરના દેશોમાં તે જાણીતું થયું હતું. એ આકાશી આતશ જ્યારેબી પ્રગટ થાય છે ત્યારે તેને આકાશનાં નુર સાથે પરસપર સંબંધ રહે છે, અને ભેદી વીદયા જાણનાર પહરેજગાર ધરમગુરૂ પોતાની મંતરી હુનરથી તેને પ્રકાશીત કરી શકે છે." (મી૦ મનસુખનાં કીમતી ભાષણો, પ્રગટ કરનાર ડો. અ. પેશતનજી ૧૮૯૮ પા. ૨૩-૨૪).

નોંધ—ઉપલાં લખાણમાં "કેબીરીઆ"ની વાત છે, તે વિષે જાણવાનું એ છે જે:-Cabeiri in Greek mythology were a group of minor divinities. Their seats of worship were the islands of Lemnos, Imbros and Samothrace...In Lemnos an annual festival of the Cabeiri was held lasting nine days, during which all the fires were extinginshed and fire brought from Delos. From this fact and from the statement of Strabo X p. 473 that the father of the Cabeiri was Camillus...the Cabeiri have been thought to be...demons of Volcanic fire. (Encyclo. Brit. 11th Ed. Vol. 4 p. 916, Encyclo. of Religion and Ethics Vol. 7 p. 628. ff).

ઉપલાં લખાણમાં "કેબીરાઇ" ની વાત છે, તે "કેબીરાઈ" નામના દેવતાઓ "સેમોથ્રેસ" તથા બીજા ટાપુઓના આતશના દેવતાઓ હતા. ઉપલા યુરોપીઅન વિદ્વાનનું નામ મી૦ મનસુખે

આપ્યું નથી તે દિલગીરી ભરેલું છે. સાધારણ દંતકથા પ્રમાણે શ્રી ઈરાનશાહ આતશબેહેરામ બરપા કરનાર નેરીઓશંગ ધવલ હતા. આ નેરીઓશંગ જાણીતા પેહેલવીમાંથી સંસ્કૃતમાં તરજુમો કરનાર હોઈ શકે નહિ. પરંતુ ઉપલા યુરોપીઅને તો દસ્તુર દારાબનું નામ જણાવ્યું છે, તે નામ તે કયાંથી લાવ્યો તે જણાતું નથી.

શ્રી ઈરાનશાહ પરથાવ્યાનો સને.

શ્રી ઈરાનશાહ પરથાવ્યાના રોજ માહ વિષે ઝાઝો શક નથી. શ્રીજીના પરથાવ્યાનો સને કયો એ સવાલ છે. આપણા વડવાઓ સંજાણમાં ઉતર્યા બાદ કેટલાં વર્ષે શ્રી ઈરાનશાહને તેઓએ બરપા કીધા, તે વિષે કીસ્સે સંજાણમાં કે પાછલાં લખાણોમાં કશું નથી.

આપણે જોયું કે વિજયાદિત્ય (જાદીરાણા) ઈ. સ. ૭૩૧ માં મરણ પામ્યો હતો. તે પોતે આતશબેહેરામના ઉપયોગ માટે જુદી જુદી ભેટો મોકલતો હતો, એમ કીસ્સે સંજાણવાલાએ ખુલ્લું લખ્યું છે. પારસીઓ સંજાણમાં ઈ. સ. ૭૧૬ માં આવ્યા હતા. બે ત્રણ વર્ષ તો ઠરીઠામ થતાં પસાર થયાં હોવાં જોઇએ. પછી આતશબેહેરામ બાંધવામાં તથા આતશ પરથાવવામાં બીજા બે વર્ષ ગયાં હોય એ બનવા જોગ છે. માટે દંતકથા પ્રમાણે ઈ. સ. ૭૨૧ વાળો સને જડે છે, તે ખોટો પાડી શકાય એમ નથી. ત્યાર પછી કીસ્સે સંજાણવાલો કહે છે તેમ જાદીરાણાએ ઈરાનશાહ માટે થોડાંક વર્ષો સુધી ભેટો મોકલ્યા કીધી હોય એ બનવા જોગ છે. માટે ઈ. સ. ૭૨૧ નું સાલ જે દંતકથા પ્રમાણે નકકી થયલું છે, તે સઘળા સંજોગોને અનુકુળ થઈ પડે છે.*

---

*એરવદ રૂશતમજી જા. દસ્તુરે આતશબેહેરામ પરઠાવ્યોનો સંવત ૭૭૭ (=ઇ. સ. ૭૨૧) જણાવ્યો છે (જોવો કીસ્સે આતશબેહેરામે નવસારી પા. ૯૬). વળી સર દીનશાજી પીટીટવાલી દરેમેહેરનાં તા. ૨ જી જાનેવારી ૧૮૯૬ વાલાં ટ્રસ્ટડીડમાં આતશબેહેરામ પરઠાવ્યાનો સને ૯૦ યજદજરદી યાને ઇ. સ. ૭૨૧ જણાવ્યો છે.

શ્રી ઇરાનશાહ માટે એક પુરાતન લેખ.

આપણે ઉપર જોયું તે ઉપરથી માલૂમ પડે છે, કે સંજાણમાં શ્રી ઇરાનશાહ પરથાયા તેની નોંધ કીસ્સે સંજાણ (ઇ. સ. ૧૬૦૦) ઉપરથી તથા તેની પાછળનાં પુસ્તકો ઉપરથી મળે છે, સારે નશીબે કીસ્સે સંજાણની આશરે ૮૦ વર્ષ આગમચની સાહાદત પણ જળવાઈ રહી છે. એ સાહાદત શેઠ રૂસ્તમજી જમશેદજી બામબોટવાલાનો "યશ્તો તથા નીરંગોનો સંગ્રહ" વાળો હસ્ત લેખ જેની નકલ વલસાડમાં ઈ. સ. ૧૮૦૦ માં ફરેદુન ફરામર્જ સંજાણાએ કરી હતી તેમાં મળે છે, અને તે નીચે પ્રમાણે છેઃ—

(મથાળું) "શ્રી આતશબિહિરામ નુસારીમાં પધારીઆ તેનું વરશ તથા રોજ મહીનું લખેઉ છે" (મથાળાં નીચે) "શંવત ૧૪૭૫ વરખે માહા શહરેવર રોજ મેહેરશપંદ આખાડ શુદ ૫ બૂધે શ્રી આતશબેહરામ ગહંબારમાં થાનક † પધારેઆ શંઝાણથી વાંશદે આવેઆ પછે તાંહાંથી બેહેદીન અંજમન મલી નુશારી લેઈ આવેઆ તે લખેઉં તે પોથું ઈજિશનિનું દસતુર હમજીઆર રામ શંણઝાણનું કદીમ ઝુનું પોથું હતું તે જોઈ એ અશલ કેતાબને લખનારે લખેઉ છે તે કેતાબથી અમોએ લખેઉ છે.

"રોજ શ્રી મોબારક શહરેવર માહા શ્રી મોબારક શહેરેવર શંવત ૧૮૫૬ વરખે એ કેતાબ શ્રી વલસાડ મધેં લખી.

---

† આ થાનક શબ્દ બહુ સાધારણ છે. તેનો અર્થ "સ્થાન" અથવા "જગ્યા" થાય છે. દાખલા તરીકે ઈ. સ. ૧૭૪૬ માં સંજાણા મોબેદોએ મુંબાઇવાલા શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર એક લાંબો પત્ર લખ્યો હતો તેમાં આ શબ્દ નીચલા ફકરામાં આવે છે "બીજું શાહેબને ભીખાજીએ લખીઉં હોશે જે શ્રીજીની જગા વલશાર મધે કરી ઠેરાવીને શાહેબ ને શાહેબ દશતગરી કરી જગા બનાવીને વલશાર મધે થાનક કરી અપાવો. તેનો શાહેબે જવાબ લખીઓ જે વલશાર મધે શ્રીજીની જગા કરીએ ને વલશારને થાંનકે બેશારીએ ને તાંહાં ગીઆ પછે તમો વલી રખે દેશાઇ ખુરશેદજીને બજનામ કરો...." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૩–૬૫)

"લખતંગ એરવદ ફરેદુન એ. ફરાંમરજ એ. રૂશતમ એ. ખુરશેદ એ. હોશંગ સંઝાણા એણિ લખી શાહી. એ અશલ કેતાબ લખીનાં લખનારનું નામ એ. હરમજદઈઆર એ. ફરામરજ એ. કામદીન એ. કુકા એ. હરમજદઈઆર એ. પદમ એણે શંવત ૧૭૧૪ ના સાલની લખેલી હતી તે અશલથી અમોએ નકલ કીધી છે." (જોવો પ્રો. હોડીવાળાનું પુસ્તક Studies in Parsi History p. 20).

આ નોંધ *ઉપરથી માલૂમ પડે છે કે ફરેદુન ફરામરજ નામનો મોબેદ છેલ્લો નકલ કરનાર છે. તેની આગળ મોબેદ હરમજદીઆર† ફરામરજ કામદીને આ નોંધની નકલ કરી હતી. આ મોબેદ હમજીઆરે સંવત ૧૭૧૪ (ઈ. સ. ૧૬૫૮) માં "યશ્તો તથા નીરંગોના સંગ્રહ" ની નકલ કરી હતી. તેમણે પોતાના (આ સંગ્રહની નકલવાળા) હસ્તલેખમાં દસ્તુર ††હમજીઆર રામ સંજાણાના ઈજીશ્નીના એક હસ્ત લેખમાંથી ઉપલી નોંધ ઉતારી લીધી હતી. ત્યારે આ નોંધ કરનાર અસલ ધણી તો દસ્તુર હમજીઆર રામ સંજાણા છે, કે જેઓનું નામ જાશાની ઈ. સ. ૧૫૧૬ વાળી રેવાયતમાં મળે છે. એ દસ્તુરનું નામ ઈ. સ. ૧૫૨૦ તથા ૧૫૨૭ વાળી રેવાયતોમાં મલતું નથી, તેથી તે વેળાએ તેઓ ગુજરી ગયલા હોવા જોઈએ. માટે ઉપલી દસ્તુર હમજીઆરવાળી નોંધ ઈ. સ. ૧૫૨૦ ની આગમચ (યાને કીસ્સે સંજાણની ૮૦ વર્ષ આગમચ) લખાયલી હોવી જોઈએ. આ નોંધ ઉપરથી માલૂમ પડે છે કે શ્રી ઈરાનશાહને સંજાણથી વાંસદે તથા વાંસદાથી નવસારી લાવ્યા હતા. શ્રી ઈરાનશાહ એક વેળાએ સંજાણમાં હતા તેની આ સૌથી પુરાતન સાહાદત છે.

---

*પારસી પ્રકાશ પા. ૫) ઉપર આ બાબતની નોંધ ભૂલભરેલી છે.

†દારા (દારાબ) હોરમજદીઆરના બાપ, તે હવે પછી જોશું. એઓ રોજ ૩ માહા ૪ સને ૧૦૪૫ ય. જ. ને દીને ગુજર્યા હતા (એ. નશરવાનજી ન. ઉનવાલાની છાપેલી ફેહરીસ્ત પા. ૧૨૨.)

†† (જોવો એ. ભીખાજી દી. ઉનવાલાની ફેહરીસ્ત પા. ૨.)

નોંધ—શ્રી ઈરાનશાહને નવસારી લાવ્યાનો સને દાકટર જીવણજી મોદીએ એક ઠેકાણે ઈ. સ. ૧૫૧૯ જણાવ્યો છે, પણ દસ્તુર હમજીઆર એક વર્ષ આગળ બનેલા બનાવને ૧૦૧ વર્ષ આગળ મેળે એ બનવા જોગ નથી.

નોંધ—ઉપલા દસ્તુર હમજીઆરના બાપ રામ*ના બાપ શાએરના બાપ ચાઈઆં શાએર હતાં. આ ચાઇઆં શાએર શ્રી ઈરાનશાહને નવસારી લાવનારા ત્રણ મોબેદોમાંના એક હતા. (જોવો ઉદવાડાના આથોરનાન વંશાવલિનું ઝાડ એરવદ નશરવાનજી નવરોજી ઉનવાલાનું બનાવેલું, વળી જોવો એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલા કનેની જુની ફેહરીસ્ત પા. ૨).

શ્રી ઇરાનશાહ માટેની જુની નોંધનું વલસાડનું કાગજયું.

આપણે ઉપર લેખ ટાંકયો છે, તેવુંજ એક જુનું કાગજયું વલસાડની અગીઆરીના પંથકી એ. ખુરશેદજી દસ્તુર ફીરોજજી કને આ લખનારે જોયું હતું. તે જુનું થયલું હોવાથી તેની પાછળ નવું કાગજ ચોંટાડવામાં આવ્યું છે. લેખ નીચે પ્રમાણે છેઃ–

"શ્રી આતશબેહેરામ નોશારી પધારેઆ તેનૂ વરશ તથા રોજ મહીનો લખેઓ છે.

સંવત ૧૪૭૫ વરખે માહા શહરેવર રોજ મેહેશપંદ (Sio.) આખાડ શુદી ૫ બુધે શ્રી આતશબેહેરામ ગહંબારમાંહાં થાનક પધારેઆ સંજાણથી વંશદે આવેઆ પછી તાહાંથી બેહેદીન અજુમંન મળી નોશારી લઈ આવેઆ એ લખેઉ તે પોથો ઈજિશનેનો દશતુર હરમજીઆર રામ સંજાણાંનું કદીમ જુનો પોથો હતો તે જોઇ લખેઉ છે તે એ ઉતારો એ. હરમજીઆરનું લખેલું ઉતારો છે."

ઉપલો લેખ કયાંથી ઉતાર્યો તે માલૂમ પડતું નથી.

---

* પ્રો. હોડીવાલા પોતાનાં પુસ્તકને ૨૫ મે પાને રામને ચાંઇઆંનો બેટો જણાવે છે તે કાંઇક ભૂલ છે.

ફેહરીસ્તો ઉપરથી જડતો સને.

વલસાડની ફેહરીસ્તપરથી શ્રી ઇરાનશાહ નવસારીમાં આવ્યા તેનો સંવત ૧૪૭૨ યાને ઈ. સ. ૧૪૧૬ આપણે જોઇ ગયા.

એરવદ • ભીખાજી દીનયારજી ઉનવાલાની હસ્તલેખિત ફેહરીરત (કકડાયલી ફેહરીસ્ત આ નથી) માં એજ સંવત નીચે પ્રમાણે લખેલો છે.

"શને હફ્ત શદ હસ્તાદ પંજ અજદ ઇઅજદગરદ શેહેરીઆરનાં ૭૮૫ શાતશિ પચેઆશી ઇઅજદજુરદી.

સ્વંત ૧૪૭૨ (અત્રે બગડો ઘુંટી ત્રગડો પાછળથી કીધો છે અને પાછો ત્રગડો મેલી અંક ૧૪૭૩૩ લખ્યો છે) વરખે શાહા શ્રી ચાંગાં આશા હુ (હુ "છેકી માથે "હુહુ" લખ્યું છે) લાએ શ્રી દરેમેહેરને વાંશદેથી શ્રી અંનજુમંન શાથે નુશારીમાં લાવેઆ શ્રી દરેમેહેરની બરાબર કટંમ શંજાંનાં હેરબંદનાં કટમ ૩ ત્રણ શ્રી દરેમેહેર શાથે આવો તેનાં તોખમ.

૧ ચાઇઆં એ. શહીઆર ૨ એ. ખુરશેદ એ. કામદીન. ૩ નાંગંણુ એ. રામ."

પ્રકરણ ત્રીજું.

સંજાણમાંથી વીખરાઈ ગયલા પારસીઓ.

કેપટન એ. હેમીલટન નામના ગ્રંથકારના મત પ્રમાણે સંજાણમાં પહેલવહેલાં માટીડા તથા બૈરાં છોકરાં મળી ૪૦૦ થી ૫૦૦ કુટુંબો આવ્યાં હતાં,* તે આપણે જોઈ ગયા. લાંબા વખત સુધી ત્યાં ઠરીઠામ રહી આસ્તે આસ્તે તેઓએ સેહેલગાહે જવા માંડયું અને પાછળથી જુદાં જુદાં શેહેરોમાં જઈ વસવાટ કરવા માંડયો. આ બાબતના સંબંધમાં કીસ્સે સંજાણવાળો કહે છે કેઃ—"આ પ્રમાણે આશરે ૩૦૦ વર્ષ પસાર થયાં. પછી તેઓ હિંદુસ્તાનમાં પોતાની મરજી પ્રમાણે વીખરાઈ જવા લાગ્યા. કેટલાકો વાંકાનેર, કેટલાકો ભરૂચ, કેટલાકો વરીઆવ જઈ વસ્યા; કેટલાકો અંકલેસર, કેટલાકો ખંબાત, તથા કેટલાકો નવસારી ગયા. આ પ્રમાણે ઘણાકોએ શાદી તથા આબાદીમાં બસેં વર્ષ ગુજાર્યાં."

બહમન કેકોબાદે આ પ્રમાણે પારસીઓના વીખરાઈ ગયાની વાત ટુંકામાં જણાવી છે, પણ આ સઘળાં લોકોનો સંબંધ સંજાણ સાથે તથા ખાસ કરીને શ્રી ઇરાનશાહ સાથે એટલો તો ઘાડો હતો, કે શ્રી ઈરાનશાહને (ઈ. સ. ૧૪૧૯ માં) નવસારીમાં લાવવામાં આવ્યા ત્યાં સુધી જુદા જુદા શહેરોના પારસીઓની જે ટુંક નોંધો બચી રહી છે, તે વિષે થોડુંક જાણવું અવશ્યનું છે. ખુદ કીસ્સે સંજાણવાળાએ (બેતો ૩૬૬–૩૬૭ માં) લખ્યું છે કે દરેક મુલકમાંના બેહેદીનો સ્ત્રીઓ તથા પુરૂષો બુઢ્ઢાં તથા જુવાન શ્રી ઈરાનશાહની આરાધના કરવા સંજાણમાં આવતાં હતાં.

---

* ઓગીલબી નામના મુસાફર (ઈ. સ. ૧૬૭૦) નાં તથા માનડેસ્લો (ઈ સ. ૧૬૩૮) નાં તથા અબે ગુયો (ઇ. સ. ૧૭૪૪)નાં લખાણો પ્રમાણે પહેલવહેલાં ૧૮૦૦૦ માણસો આવ્યાં હતાં, આ માનવા જોગ લાગતું નથી. બનવા જોગ છે કે રહતે રહતે મળી આ આંકડો થયો હોય.

સેહેલગાહે જતા પારસીઓ.

એમ માલૂમ પડે છે કે શરૂઆતમાં સંજાણના કેટલાક શોખીન પારસીઓ નજદીકની તેમજ દૂરની જોવા લાયક જગ્યાઓમાં સેહેલગાહે જતા હતા. ઈ. સ. ૮૫૦ માં કેટલાક પારસીઓ દક્ષિણ હિંદુસ્તાનમાં ગયા હતા, કે જ્યાં તેઓએ એક તાંબાપત્ર લેખ (Copper plate Grant) ઉપર પોતાની સાખ પેહેલવીમાં કરી હતી. (જોવો મારૂં પુસ્તક Parsis of Ancient India p. 52.)

ઇ. સ. ૧૦૦૯ માં કેટલાક પારસીઓ બે વખતે—રોજ હોરમજદ માહા મેહેર યજદજરદી ૩૭૮* (તા૦ ૧૦ મી અકટોબર ૧૦૦૯) માં તથા રોજ મેહેર માહા આંવાં યજદજરદી ૩૭૮ (તા૦ ૨૪ મી નવેમબર ૧૦૦૯) માં કેનેરી ગુફાઓમાં સેહેલગાહે ગયા હતા, કે જ્યાં તેઓએ પેહેલવીમાં પોતાનાં નામો કોતર્યાં હતાં. આ લેખમાં એક પેહેલવી શબ્દ કે જે "સંજાણ"ને માટે હોય, તે બરાબર વંચાતો નથી એમ જણાવી દાકતર ઈ. ડબલ્યુ. વેસ્ટે કહ્યું હતું, કે આ પારસીઓ "સંજાણથી" આવેલા દીશતા હતા (જોવો ઉપલુંજ પુસ્તક પા. ૫૩).

વળી એજ કેનેરી ગુફાઓમાં એક ત્રીજો પેહેલવી લેખ છે, કે જેના ઉપર રોજ દીન માહા મેહેર યજદજરદી ૩૯૦ (તા. ૩૦ મી અકટોબર ૧૦૨૧) ની તારીખ છે કે જ્યારે કેટલાક પારસીઓ, જેઓ ત્યાં સેહેલગાહે ગયા હતા તેઓએ પોતાનાં નામો કોતર્યાં હતાં. (ઉપલુંજ પુસ્તક પા. ૫૩).

પાછલા વખતમાં ઇરાનથી આવેલા પારસીઓ.

સંજાણમાં ઠરીઠામ થયા બાદ ઈરાનથી અનેક પારસીઓ ચાલુ અત્રે આવતા રહ્યા હતા, જો કે ઈ. સ. ૧૪૭૮ વાળી રેવાયત ઉપરથી માલૂમ પડે છે, કે પાછળથી ઈરાનીઓ તથા હિંદના પારસીઓ વચ્ચેનો સંબંધ એટલો કમતર થયો હતો,

* પારસી પ્રકાશમાં ય. જ. ૩૬૮ છે.

કે તેઓ એકમેકને લગભગ વીસરી ગયા હતા. ઈરાનથી અત્રે આવેલા પુરૂષોની નોંધ નીચે પ્રમાણે છે:—

(૧) ઈસ્વી સનની ૯ મી સદીની અર્ધ વચમાં હોરમજદદાદનો છોકરો મરદાન ફરોખ કે જેણે ઈ. સ.ની ૯ મી સદીની આખેરી આગમચ) "શીકંદ ગુમાનીક વીજાર," નામનું પેહેલવી પુસ્તક લખ્યું હતું, તે ધર્મની બાબતો વિષે જુસ્તેજો કરવા ઈરાનથી હિંદુસ્તાનમાં આવ્યો હતો. (જોવો મારૂં પુસ્તક પા. ૫૨).†

(૨) ઈ. સ. ૧૨૦૫ માં એક મોબેદ નામે માહીઆર છ વર્ષ સીસ્તાનમાં રહી પંજાબના ઉચ્છ શેહેરમાં પેહેલવી વંદીદાદના હસ્ત લેખ સાથે પાછો ફર્યો હતો (જોવો મારૂં પુસ્તક પા. ૫૨). આ ઉપરથી દીશે છે કે તે વખતે પારસીઓ પંજાબમાં રહેતા હતા. અને તેઓને ઈરાન સાથે સંબંધ હતો.

(૩) ઈ. સ. ૧૨૫૦ તથા ૧૩૦૦ ની વચ્ચે ખુલગુખાનના ઈરાન ઉપરના હુમલાથી કેટલાક પારસીઓ ગુજરાત ભણી નાસી આવ્યા હતા (જોવો મારૂ પુસ્તક પા. ૫૫).

(૪) ઈ. સ. ૧૨૬૯ માં એક ઈરાની મોબેદ નામે રૂસ્તમ મીહરપાન હિંદુસ્તાનમાં આવ્યો હતો (ઉપલુંજ પુસ્તક પા. ૫૫)

મહમદન તથા ખ્રીસ્તી મુસાફરોએ આપેલી હકીકત.

કેટલાક મહમદન તથા ખ્રીસ્તી મુસાફરોએ પોતાના પુસ્તકોમાં હિંદના પારસીઓ માટે નોંધો કરેલી છે. તે ઉપરથી તેઓ જુદે જુદે વખતે કયાં કયાં રહેતા હતા, તેની ટુંક હકીકત જડી આવે છે.

(૧) ઈ. સ. ૯૧૬ માં આરબ લેખક મસુદી લખી ગયો છે કે:—"હમણાં સુધી (હીજરી ૩૦૪ સુધી) માજી લોકો

---

† જ્યાં જ્યાં આમ લખાણ છે ત્યાં ત્યાં Parsis of Ancient India નામનું મારૂં પુસ્તક જાણવું.

ઈરાકમાં, ફારસમાં, કેરમાનમાં, સજીસ્તાનમાં, ખોરાસાનમાં, તબ્રીસ્તાનમાં, **ઈન્દમાં** (હિંદમાં), **સિંધમાં** તથા ચીનમાં જુદા જુદા પ્રકારના આતશોને આરાધે છે (ઉપલું મારૂં પુસ્તક પા. ૫૨). આ ઉપરથી દીશે છે કે ઈ. સ. ૯૧૬ ને શુમારે કેટલાક પારસીઓ સિંધમાં હતા. તેઓ સંજાણથી કે ઈરાનથી ત્યાં ગયા હતા, તે માલૂમ પડતું નથી.

(૨) એક આરબ મુસાફર નામે મીસર બીન મુખાલીહલ હીજરી ૩૩૯ (ઈ. સ. ૯૫૦)માં લખી ગયો છે કે "સાઈમુરમાં (યાને ચેઉલમાં) મુસલામાનો, ખ્રીસ્તીઓ, જ્યુઓ તથા **આતશની પરેશ્તેશ કરણારાઓ** રહે છે....તે શેહેરમાં મસજીદો, ખ્રીસ્તીઓનાં દેવલો તથા **આતશકદેહો** છે."

(૩) ઈબ્ન હઉકલ નામનો બીજો મુસાફર (ઈ. સ. ૯૦૨–૯૬૮) લખી ગયો છે, કે ગબ્ર લોકો હિંદ તથા સિંધમાં વસ્તા હતા (Ousley's Oriental Geography તથા મારૂં પુસ્તક પા. ૫૨). આ ગબ્ર લોકો કદાચ પારસીઓ હોય, જો કે કેટલાક સાહેબો તે કબૂલ રાખતા નથી.

(૪) અલબીરૂની નામનો જાણીતો આરબ ગ્રંથકાર (ઈ. સ. ૧૦૩૦) પોતાનાં પુસ્તક "India" માં લખી ગયો છે કે "હિંદુસ્તાનમાં હજુર સુધી કેટલાક **માજી** લોકો છે, જેઓને ત્યાં **મગ** કરીને કહે છે. (જોવો મારૂં પુસ્તક Parsis of Ancient India પા. ૫૩).

(૫) ઈ. સ. ૧૦૭૯ માં ઉત્તર હિંદુસ્તાનમાં દેહેરાદુનમાં આતશ પરેશ્તેશ કરનારાઓનાં સંસ્થાન ઉપર ઈબ્રાઈમ ગજનવીદે હુમલો કીધો હતો. (જોવો Elliots' History V. p. 563). આ ઉપરથી દીશે છે કે ઉત્તર હિંદુસ્તાનમાં તે વખતે પારસીઓ વસ્તા હતા.

(૬) ઈ. સ. ૧૧૫૩ માં આરબ ભૂગોળવેત્તા ઈદ્રીસી પોતાનાં ગ્રંથમાં સંજાણનાં લોકો (પારસીઓ?) માટે લખે છે કે "તેઓ મહેનતુ, અક્કલમંદ તથા તવંગર ને લડાયક હતા" (જોવો મારૂં ઉપલું પુસ્તક પા. ૫૪).

(૭) ઈ. સ. ની ૧૩ મી સદીમાં ઝકરીઆ–અલ–કાઝવીની લખી ગયો છે કે ચેઉલમાં ઘણાક પારસીઓની વસ્તી હતી. (પા. ૫૫).

(૮) જોરડેનસ નામના ફ્રેંચ પાદરીએ ઈ. સ. ૧૩૨૦ થી ૧૩૨૨ સુધી થાણા તથા ભરૂચ વચ્ચે મુસાફરી કરી હતી, તે પારસીઓને માટે લખે છે કે "તેઓ આતશને આરાધે છે. તેઓ લાસોને બાળતા નથી, તેમજ દાટતા નથી. પણ ચોક્કસ છાપરાં વિનાના ટાવરોમાં મેળે છે. અને ત્યાં નગ્ન હાલતમાં લાસો પક્ષીઓ માટે ખુલ્લી મેળે છે. તેઓ બુરાઈના તથા ભલાઈના, અંધકારના તથા અજવાળાનાં બે મીનોને માને છે." Jule's Jordanus' Mirabilia p. 21).

(૯) ઈ. સ. ૧૩૨૩ માં ઓડોરીક નામનો એક ઈટાલીઅન પાદરી થાણામાં આવ્યો હતો, તે કહે છે કે "થાણાના લોકો.... આતશને આરાધે છે. તેઓ લાસને બાળતા નથી, પણ બહુજ ઠાઠમાઠ સાથે જંગલમાં લઈ જઈ પક્ષીઓ તથા પશુઓ કને ભક્ષ કરવા મેળે છે." બીજે ઠેકાણે તેજ પાદરી કહે છે કે "સૂરજની અતિ સખત ગરમીથી. લાસો જલદીથી નાશ પામે છે." આ પારસીઓની હકીકત છે એમાં કશો શક નથી, જો કે ઉપલો પાદરી "પારસી" શબ્દ વાપરતો નથી. (જોવો મારૂં પુસ્તક પા. ૫૨–૫૬).

જુદા જુદા લેખકોના ગ્રંથો ઉપરથી મળતી હકીકત.

પારસીઓ કયાં કયાં હતા, તેની કેટલીક હકીકત કેટલાક ગ્રંથકારોના પુસ્તકો ઉપરથી પણ મળી શકે છે.

(૧) યજદજરદી સને ૩૨૪ માં (ઈ. સ. ૯૫૫ માં) દીનપનાહ ઈતરપાત દીનપનાહે ભરૂચમાં એક આતશકદેહમાં કેટલુંક લખાણ પેહેલવીમાં લખ્યું હતું. આ ઉપરથી દીશે છે કે તે વખતે ભરૂચમાં પારસીઓની વસ્તી સારી હોવી જોઇએ; કેમકે ત્યાં આતશકદેહ હતું. કેટલાક સાહેબો ઉપલા યજદજરદી

સને વિષે શક જાહેર કરે છે. પણ જેઓએ મરહુમ દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજીની લાએબ્રેરીમાંનો જુનો હસ્ત લેખ જોયો છે, (અને તે જોવાની તક આ લખણારને પણ મળી છે), તેઓ જાણે છે, કે જે પાનાં ઉપર "ત્રણ"નો અંક છે તે જગા ઉધઇથી ખવાઈ ગઈ છે. પણ આટલું તો નક્કી છે, કે ત્યાં પેહેલવીમાં લખાતા "ત્રણ"ના જેટલીજ જગા છે. પેહેલવીમાં "છ"ના અંક માટે ૩–૩ આમ બે વખત ત્રણનો અંક લખાય છે. બેવડા ત્રણના અંકની જગ્યા ત્યાં નથી. (મારૂં પુસ્તક પા. ૫૨).

(૨) સંવત ૧૦૬૭ માં (ઈ. સ. ૧૦૧૧ માં) ઉપલાજ દીનપનાહ ઈતિરપાત દીનપનાહે ભરૂચમાં પોતાના શાગેર્દ શાહઝાત શાત ફરખો અઉરમજદ માટે કેટલીક નોંધો પહેલવીમાં લખી હતી (પા. ૫૩).

(૩) ઈ. સ. ૧૦૮૧ના સાલની એક સનદ કોંકણના રાજા અંનતદેવની મળી છે, તે "ખારાસાન મંડળીને થોડાક દ્રમ્મા (નામનું નાણું)" આપવા બાબતની છે, પંડિત ભગવાનલાલ આ ફકરાનો અર્થ સમજી શકયા ન હતા, પણ પ્રો૦ શાપુરશા હોડીવાલાના મત પ્રમાણે "ખારાસાન મંડળી" શબ્દો સંજાણમાં આવી વસેલી "ખોરાસાનની પારસી અનજુમન"ને માટે છે. (પા. ૫૩).

ઈ. સ. ૧૧૪૨ માં નવસારીના પારસીઓને ત્યાંનું પંથકી તરીકે ક્રિયાકામ કરવા સંજાણથી કામદીન જરથોસ્ત નામના મોબેદ પોતાનાં કુટુંબ સાથે પહેલવહેલા નવસારી જઈ વસ્યા હતા (જોવો પા. ૨૦ પા. ૨).

નોંધ—કામદીન જરથોસ્ત હાલના ભગરીઆ મોબેદોના વડવા ગણાય છે. એરવદ રૂસ્તમજી જામાસ્પજી મેહેરજીરાણાની ભગરસાથ વંશાવલિ પ્રમાણે નવસારીમાં પેહેલા આવનાર કામદીન જરથોસ્ત નહિ, પણ તેમના બાપ જરથોસ્ત મોબેદ હતા (જોવો પા. ૨ તથા ૧૯૫).

(૫) એવું કહેવામાં આવે છે કે ઈ. સ.ની ૧૨ મી સદીમાં ખંભાતના મુસલમાનો સામે પારસીઓએ હિંદુઓને ઉશ્કેરી

મેલ્યાથી તેઓએ એક મસજીદને નુકસાન પહોંચાડયું હતું, તે રાણા સિદ્ધરાજ જયસિંહના કાન ઉપર આવ્યાથી તેણે મસજીદ પાછી બંધાવી આપી હતી (Elliot's History II. p. 163-4).

(૬) યજદજરદી* સને ૫૮૩ માં (ઈ. સ. ૧૨૧૪ માં) મોબેદ હોમ બહમનીઆર ભરૂચથી નવસારી આવ્યો હતો, (Dr. J. J. Modi's Dastur Meherji Rana and Emperor Akbar p. 286). નવસારીમાં જરથોસ્તીઓની વસ્તી આસ્તે આસ્તે વધ્યાથી ત્યાં પહેલ વહેલા કામદીન જરથોસ્તના દીકરા મોબેદના બેટા કામદીનના બે દીકરાઓ રાણા કામદીને તથા મોવદ કામદીને બહારગામથી મોબેદની એક જોડ તેડાવી હતી. તે મુજબ આ વર્ષમાં હોમ બહમનીઆર નામનો એક મોબેદ પોતાના બેટા ફરેદુન તથા કુટુંબને લઈને નવસારીમાં

---

* એરવદ રૂસ્તમજી જામાસ્પજી મેહેરજીરાણા કૃત ભગરસાથ વંશાવલિ (પા. ૨ તથા ૧૯૫)માં ઈ. સ. ૧૨૧૫ નું સાલ જડે છે. પારસી પ્રકાશમાં પણ ૧૨૧૫ સને છે. એ. ભીખાજી દી. ઉનવાલાની જુની હસ્તલેખિત ફેહરીસ્તમાં નીચલી ત્રણ વંશાવલિઓ છે તે હવે પછી જોઇશું:-

(૧) ચાંઈઆ, શહીઆર, કામ, શાએર, હમજીઆર, બહમનીઆર, ખુજસ્તા ખુસ્મશતા.

(૨) ખુરશેદ, કામદીન, નાગોજ, ધનપાલ, હમજીઆર, બહમનીઆર, ખુજસ્તા, ખુસ્મશતા.

(૩) નાગણુ, રામ, કામ, હમજીઆર, બહમનીઆર ખુજસ્તા, ખુશમશતા.

બહમનીઆરના બેટા બે જણાવ્યા છે-હરમજીઆર તથા હોમ. પછી નોંધ કીધી છે કે "એ૦ હોમ બહમનઇઆર વ૦ એ. ફરેદુન હોમ એ બાપ બેટા નુશારી આવિઆ તાંહાં ભાગ લીધું નુશારી મધે" આ ઉપરથી દેખાશે કે ચાંઈઆ અથવા ખુરશેદથી ચોથી પેઢીએ તથા નાગણુથી ત્રીજી પેઢીએ હમજીઆર તેમજ હોમ હતા. હવે ચાંઈઆ તથા ખુરશેદ તથા નાગણુનો જમાનો ઇ. સ. ૧૪૧૯ (શ્રી ઇરાનશાહને નવસારીમાં લાવ્યા તે) ના સને છે. માટે ઈ સ. ૧૪૧૯ ની ૪×૨૫ અથવા ૩×૨૫ વર્ષ આગલ યાને ઇ. સ. ૧૩૧૯ અથવા ઇ. સ. ૧૩૪૪ ઉપર હોમનો જમાનો જાય છે.

આવ્યો હતો. આ ફરેદુનને ત્રણ બેટા આશા, માહીઆર તથા ચાંદા નામના હતા.*

નોંધ—ઉપલા રાણા કામદીન, મોવદ કામદીન, આશા ફરેદુન, માહીઆર ફરેદુન તથા ચાંદા ફરેદુન ઉપરથી નવસારીની પાંચ પોલો નીકળી હતી, કે જેના નામો અનુક્રમે કાકા પાલનની પોલ, કાકા ધનપાલની પોલ, આશા ફરેદુનની પોલ, માહયાર ફરેદુનની પોલ તથા ચાંદા ફરેદુનની પોલ પડયાં હતાં. એ પાંચે પોલવાલાઓ મુકરર કરેલી ચોક્કસ ક્રિયાઓ કરતા તથા ઓદ્ધા ચલાવતા હતા; તથા જે આવક થાય તેનો ¼, ¼, ¼, ¼ તથા ¼ ભાગ વહેંચી લેતા હતા. આથી તેઓને "ભગરીઆ" યાને ભાગ લેનારા એવું નામ મલ્યું હતું. (પા. પ્ર. પા. ૩).

(૭) આશરે ઈ. સ. ૧૨૫૭ (?)ને સુમારે એક મોબેદ નામે કામદીન શેહરીઆર નેરીઓશંગ સમંદે (શાહમરદે) કેટલાક હસ્ત લેખો લખ્યા હતા, તેમાં એક "અઈબાદગારે વજોર્ગ મિત્રો" નામનો લેખ પણ હતો. (જોવો મારૂં પુસ્તક પા. ૫૪).

આ મોબેદનો ખરો સને ઈ. સ. ૧૩૪૦ દીશે છે. તેના બેટા રામે (રાણાએ) દસ્તુર હોશંગજી જામાસ્પજી વાલો હસ્ત લેખ H 1 આશરે ઈ. સ. ૧૪૧૦ માં લખ્યો હતો, જેમાં અરદાએ વીરાફ નામનું પુસ્તક પણ છે. (જોવો Collected Sk Writings Pt I. Intro. p. VII. and Prof. Hodivala's Studies in Parsi History pp 147, 267).

---

* જ્યાં જ્યાં આંપણે પારસી પ્રકાશની સાહાદત ટાંકી છે, ત્યાં ત્યાં પારશી પ્રકાશનું પહેલું દફતર જાણવું. પારશી પ્રકાશમાં રાણા તથા મોવદને કામદીન જરથોસ્તના બેટા જણાવ્યા છે તે ભૂલ ભરેલું ધારવામાં આવે છે (જોવો એ ફરદુનજી રતનજી કાંગાની ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૭ જે હજુર પ્રગટ થઇ નથી; છતાં ઉપયોગમાં લેવા એ. કાગાએ મને રજા આપી છે, તથા મારૂં પુસ્તક પા ૫૪). હોમ બહમનીઆર ભરૂચથી આવ્યો કે સંજાણથી તે નક્કી થવું ઘટે છે (જોવો પા. પ્ર. પા. ૩ તથા મારૂં પુસ્તક પા. ૫૪).

ઉપલા રામ (રાણા)ના બેટા પેશોતને ભરૂચમાં બુનદેહેશનો હસ્ત લેખ M 6 ઈ. સ. ૧૩૯૭ માં લખ્યો હતો (S. B. E. Vol V. Intro. p. 48). એના વડીલો નીચે પ્રમાણે હતા:—

પેશોતન- રામ- કામદીન-શેહેરીઆર- નેરીઓશંગ-શાહમર્દ (સમંદ)- શેહેરીયાર (યજદયાર)- બહમન (બેરામ)- મોવદ- હોરમજદીઆર-રામયાર.

નોંધ—પેશોતનથી હોરમજદીઆર સુધી ૯ પેહેડી છે; અને દર પેહેડીએ ૨૫) વર્ષ ગણતાં ૨૨૫ વર્ષ થાય. માટે હોરમજદીઆર રામયાર ઈ. સ. ૧૩૯૭ ની આશરે ૨૨૫ વર્ષ આગમચ યાને આશરે ઇ. સ. ૧૧૭૨ માં થઈ ગયા એમ દીશે છે. આથી તેમના સમકાલીન નેરીઓશંગ ધવલનો પણ એજ સને ઠડે છે. અગર જો "મોવદ" શબ્દશનું નામ ન હોય, તો એક પેહેડી ઘટે છે. દાકતર જીવનજી મોદીએ ૨૪ વર્ષની પેહેડી ગણી હોરમજદીઆર રામયાર તથા નેરીઓશંગનો જમાનો ઈ. સ. ૧૧૮૧ માં મેલ્યો છે. (જ્ઞાન પ્રસારક વિષયો ભાગ ચોથો પા. ૧૮૦).

નોંધ—હોરમજદીઆરના જમાના વિષે કેટલુંક વિવેચન દસ્તુર મેહેરજીરાણાના બાવા રાણા જેશંગની વંશાવલિ જે હવે પછી આપીશું ત્યાં કરીશું. જુદા જુદા હસ્ત લેખો વગેરેમાં હોરમજદીઆર રામયાર તથા નેરીઓશંગ ધવલની પેહેડીઓ કેમ જડે છે, તેની નોંધો વિગતવારે પ્રો૦ હોડીવાલાએ ધી કે. આર. કામા ઈન્સ્ટીટીઉટના ફેલોશીપ લેકચરર તરીકે માર્ચ એપ્રીલ તથા મે ૧૯૨૫ માં આપી હતી. તેમણે ટાઈપ કીધેલાં કાગજો શ્રોતાજનોને આપ્યાં હતાં, તેમાંની કેટલીક નોંધો અત્રે ટાંકીશું. યાદ રાખવું કે જેમ પેઢીઓ લાંબી હોય તેમ તેમાં ભૂલ થવાનો સંભવ વધુ રહે.

(૧) અવસ્તા પેહેલવી વંદીદાદ કોલોફોન ય. સ. ૯૫૭-૯૬૩ પ્રમાણે:-અરદેશર-મગુપત-જીવા-વીકા-.... અરદેશર-રામ—કામદીન-શત્રોયાર-નેરીઓશંગ—શાહમર્દ-શત્રોયાર-બેહેરામ-મગુપત-હોરમજદયાર -રામયાર.

(૨) N. M. R. L. (નવસારી મેહેરજીરાણા લાયબ્રેરી) Ms. T. 36. કોલોફોન ય. સ. ૯૬૦ કે ૯૬૬:- અરદેશર-મોબદ-જીવા-ભીખા....-અરદેશર-રામ-કામદીન-શહરીઆર....-હે૦ રામયાર.

(૩) વીસપરદ કોલોફોન ૯૫૬ ય. સ:-અરદેશર....જીવા-ભીખા....અરદેશર—રામ...-આદર—નેરીઓશંગ, સુત (?)-શહરીઆર-બેહેરામ-હે. હોરમજદયાર-હે. રામયાર.

(૪) N. M. R. L. Ms T 29 ય. જ. ૧૦૧૧ કોલોફોન:—હે. પદમ...જમશેદ—હે. વીકા—હે. બેહેરામ-હે. માહયાર-હે. નરશંગ-હે. હોશંગ-નાખવા-હે. જરથોશ્ત-હે. કામદીન-હે. સહીઆર-હે. નહત-હે. શોત-હે. શેહેરીઆર-હે. બેહેરામ-મો. હોરમજદયાર-હે. રામયાર.

(૫) નવસારી ફેહરીસ્ત. ભગરસાથ વંશાવલિ, નાવર સં. ૧૭૫૪:-હે. મેહેરનુશ-હે. ફરેદુન-હે. કાઉસ-હે. આશા-હે. મોબદ-હે. કામદીન-હે. જેશંગ-હે. હોશંગ-ઉ. નાખવા-હે. જરથોસ્ત-હે. તાર-હે. સુથ-હે. સહીઆર—હે. બેહેરામ—હે. મોબેદ હોરમજદયાર ભરૂચી

(૬) ઉપલી વંશાવલિ, નાવર સં. ૧૭૫૯:-હે.જમશેદ-હે. શોહરાબ-હે. પેશોતન-હે. બહમન-હે. કાઉશ-હે. આદર-હે. જીવા-હે. વીકા-હે. અરદેશર-હે. નહર-ઉ. સુહન-હે. માહયર-હે. બેહેરામ-હે. મોબદ-હે. હમજયાર-હે. રામરાય ભડુચી.

(૭) ભરૂચ દસ્તુર ખાનદાનની વંશાવલિ ઇ. સ. ૧૮૧૮ ની:-પદમ—રામયાર-કહનાન—આદરબાદ-નહર—સુદેહ....હોરમજદયાર—રામયાર—પેશોતન શહરવંદી.

(૮) ઉપલીજ વંશાવલિ બીજી આવૃતિ ઈ. સ. ૧૮૮૯ ની-પદમ-રામયાર-કહનાન-આદરબાદ-નહર-સુદેહ-રામયાર-હોરમજદયાર- રામયાર-પેશોતન-રામ—કામદીન—શહરીઆર—બેહેરામ—મોબેદ—હોરમજદયાર-રામયાર-શાપુર-શેહેરીઆર.
(ટીકા-દેખીતી રીતે અત્રે ઘોંટાળો કરી મેલ્યો છે).

(૯) N. M. R. L. જામાસ્પી હસ્ત લેખ, કોલોફોન ય. સ. ૮૭૩:-હે. રાણા-હે. જેશંગ-હે. દાદા-હે. જેશંગ-હે. મોબેદ-હે. કામદીન-હે. મોબદ-હે. કામદીન-હે. જરથોસ્ત-મોબેદ હોરમજદયાર-રામયાર.

(૧૦) N. M. R. L. બુનદેહેશ હસ્ત લેખ, કોલોફોન ય. સ. ૯૩૬:-આશદીન-કાકા-ધનપાલ-લખમીધર-બેહેરામ-લખમીધર-મોબદ-કામદીન-જરથોસ્ત-મો. હોરમજદયાર-હે. રામયાર.

(૧૧) ખોરદે અવસ્તા કોલોફોન સં. ૧૭૨૪:-જમશેદ-કામદીન-હોરમજદયાર-ખુરશેદ-બેહેરામ-પાહલન-અનાન- ચાંદા- રાણા- કામદીન- મોબેદ- જરથોસ્ત-હોરમજદયાર-રામયાર.

(૧૨) દસ્તુર દારાબ પે. સંજાણાનો પેહેલવી વંદીદાદ, દીબાચો પા. ૪૪. (ત્યાંજ જોવું).

(૧૩) ખોરદે અવસ્તા હસ્ત લેખ કોલોફોન ય. સ. ૧૦૫૧:-દારાબ- વીકજી- રાનજી- પદમ- નરશંગ-પાહલન-અનાન-ચાંદા-અનાન-કામદીન-જરથોસ્ત-હોરમજદયાર-રામયાર.

(૧૪) વેસ્ટ-પેહેલવી ટેકટસ વો. ૩ પા. ૨૪ ઇ. સ. ૧૬૭૬:-હોરમજદયાર-ફરામરજ-કામદીન-કેકોબાદ-હમજયાર-પદમ સંજાણા (અજ નસલે નેરીઓશંગ ધવલ).

(૧૫) N. M. R. L. No. N. 11 જામાસ્પી હસ્ત લેખ, કોલોફોનઃ-હે. રૂસ્તમ-હોશંગ-પેશોતન-નાગોજ-ચાંદા-કામદીન-નાગોજ-રૂસ્તમ-વાછા-આશા-ફરેદુન-હોમ-બહમનયાર-ખુજશ્તા-ખુશમશતા-નેરીઓશંગ-ધવલ.

(૧૬) ય. સ. ૧૧૫૪ ના બે હસ્ત લેખના કોલોફોનઃ-રૂસ્તમ-બેહેરામ-દારાબ-શોહરાબ-માનેક-પેશોતન-જીવા-શાહેર-ચાંદા-આસદીન-માહયાર-ફરેદુન-હોમ-બહમનયાર-ખુજશ્તા-ખુશમશતા-નેરીઓશંગ-ધવલ.

---

(૮) ઈ. સ. ૧૨૭૮ માં રૂસ્તમ મીહરપાને અંકલેશરમાં વીસ્પર્દ લખી હતી.

(૯) ઈ. સ. ૧૩૦૯ માં પટેલ દાભાઈ મેદાશની જગા ઉપર કોઈ પેસ્તનજી નામના પારસીએ ભરૂચ શેહેરમાં એક દખમું બાંધ્યું હતું, તેને માટે નીચે પ્રમાણે નોંધ જડે છેઃ- "શંવત ૧૩૬૫ માં જેઠ શુદ ૨ ભરૂચના પારસી પેશતનજીએ ભશતો કરાવો કુકડવાતા દેગામની હદ ઉપર ઈટોરી કરો. જમીન દાભાઈએ આપી છે." (પા. પ્ર. પા. ૪) આની આગળ ભરૂચમાં પટી વેજલપારની સીમમાં કાલી તલાવરી આગલ એક ઘણું પુરાણું તથા નાશ પામેલું ઈટનું દોખમું હતું. (તેજ પા. ૪)

(૧૦) ઈ. સ. ૧૩૨૩-૨૪ માં રૂસ્તમ મીહરપાનના વંશજ મીહરપાન કૈખુશરૂએ બે પેહેલવી યસ્ત, બે પેહેલવી વંદીદાદ તથા બીજા કેટલાક હસ્તલેખો ખંભાતવાલા ચાહીલ સાંગનને માટે લખ્યા હતા. તેણે કેટલાક લેખો થાણામાં પણ લખ્યા હતા (મારૂં પુસ્તક પા. ૫૫).

(૧૧) છેવટે એક અગત્યનો બનાવ કે જે ઈ. સ. ની ૧૦ મી સદીમાં યા ૧૪ મી સદીમાં બન્યો હતો, તે વિષે નક્કીપણે કહી શકાતું નથી, તે આ હતો કે હિંદુસ્તાનમાં આવેલા પારસીઓ કુમારિકાક્ષેત્ર (ખંભાત) માં જઈ ત્યાં વેપાર કરી એટલા તો

તવંગર તથા મગરૂર બન્યા હતા, કે તેઓએ ત્યાના હિંદુઓને પોતાનું શેહેર તજી નાશી જવાની ફરજ પાડી હતી. પણ સુરતના એક વાણિયા નામે કલ્યાણરાયે* પોતાની દોલતના જોરે કેટલાક રજપુતો તથા કોલીઓને ભેગા કરી પારસીઓ ઉપર હલ્લો કરી તેઓને કતલ કીધા હતા તથા તેઓનાં ઘરબાર બાળી નાંખ્યાં હતાં. કેટલાક પારસીઓ નાશી ગયા હતા અને ત્યાર થી ખંબાતમાં પારસી વસ્તી ઘણી ઘટી ગઈ હતી. (Account of Cambay, Bom. Gaz. VI p. 216).

મધ્ય જમાનામાં પારસીઓ કયાં કયાં હતા?

ઉપલી સઘળી નોંધો તથા હકીકતો પરથી જણાશે કે ઈ. સ. ૭૧૬ થી ઈ. સ. ૧૪૦૦ સુધીમાં પારસીઓ સંજાણમાંથી આસ્તે આસ્તે વીખેરાઈ જઇ થાણા, ચેઉલ, નવસારી, ભરૂચ, ખંબાત, અંકલેસર વગેરે શેહેરોમાં જઈ ઠરીઠામ થયા હતા. કેટલાક પારસી સિંધ તથા પંજાબમાં પણ વસ્તા હતા, તેઓ ઈરાનથી પાછા આવી ત્યાં વસ્યા હતા કે સંજાણથી ત્યાં ગયા હતા તે વિષે નકકીપણે કહી શકાતું નથી. પણ જ્યારે કીસ્સે સંજાણવાલો સિંધ તથા પંજાબની વાત કરતો નથી, તથા મસુદી હિંદ તથા સિંધને જુદા જુદા દેશો તરીકે ગણે છે, ત્યારે

---

*Elliots' History of India Vol. 8 Index માં કોઈક કલ્યાણરાયનું નામ જડે છે. ઈ. સ. ૧૯૨૫ના મે માસમાં પ્રો૦ હોડીવાલાએ ભાષણો આપ્યાં હતાં, તેમાં કલ્યાણરાયને હિંદના મોગલ પાદશાહોના વખતનો જણાવ્યો હતો. કહે છે કે આ કલ્યાણરાય તો બહુ ભલો માણશ હતો. હાલે કુમારીકા ક્ષેત્ર તો સ્મશાન તરીકે વપરાય છે. તે દરિયાને લાગીને છે અને ખંબાતનો એક નાનો ભાગ છે. કલ્યાણરાયના વખતમાં દોડીઆં જેવા સિક્કા માટે પાંચશેર બાજરી મલતી હતી. તેને માટે આ એક દોહોરો છે:—

માનસરોવર માદરૂ, મંકાનાથનો આરો,
ઠીંગલે પાનછેર બાજરી, કલ્યાણરાયનો વારો.

અર્થ—જ્યાં માન સરોવર જેવું માદરૂં સરોવર છે તથા મંકાનાથનું દેહેરૂં છે ત્યાં કલ્યાણરાયના વખતમાં ઠીંગલે (અમુક સિકકા દીઠ) પાનશેર બાજરી વેચાતી હતી.

પારસીઓ પાધરા ઈરાનથી આવી ત્યાં વસ્યા હોય એ બનવા જોગ દીશે છે, જો કે ઈ. સ. ની ૧૩ મી સદી પછી આ પારસીઓ વિષે આપણે ઝાઝું જાણતા નથી.

સંજાણની લડાઈ.

પારસીઓ જુદા જુદા શેહેરોમાં વીખરાઈ ગયા હતા, છતાં લાંબા વખત સુધી સંજાણમાં દસ્તુરોનાં ઘણાં ઘરો હતાં. તેઓનું શું થયું તે વિષે કીસ્સે સંજાણવાલો કહે છે કે મને ખબર નથી. પણ એક ભલો દસ્તુર નામે ખુશમસ્ત હતો અને તેનો બેટો ખુજેશ્ત હતો, કે જે બાજ બરસમ ઈજશને વગેરેની ક્રિયા કરતો હતો અને જે પાક તનવાલો નેકનામ હતો. આ પ્રમાણે ૭૦૦ વર્ષ પસાર થયાં. અને પછી તેઓ ઉપર એક મોટી આફત આવી પડી. સંજાણની લડાઇ તે આ આફત હતી.

સંજાણની લડાઇનો સને.

ઉપલી હકીકત પરથી જણાશે, કે કીસ્સે સંજાણ પ્રમાણે પારસીઓ સંજાણ શેહેરમાં આવ્યા બાદ આશરે ૭૦૦ વર્ષે સંજાણની લડાઇ થઈ હતી. પારસીઓ સંજાણમાં ઈ. સ. ૭૧૬માં આવ્યા હતા, માટે સંજાણની લડાઈ આશરે ઈ. સ. ૧૪૧૬ માં થઈ હતી, એવી કાચી ગણત્રી થાય છે.

કીસ્સે સંજાણના કર્તા કહે છે, કે સંજાણની લડાઈ પછી ૧૨ વર્ષ બારોટના પહાડ* ઉપર રહી તથા બીજાં ૧૪ વર્ષ વાંસદામાં રહી (યાને ૨૬ વર્ષ બાદ) શ્રી ઈરાનશાહને નવસારીમાં

---

* દેહેણુ કસબા તથા દેહેણુ સ્ટેશનથી પૂર્વ બાજુએ પહેલીજ નજરે ત્રણ મોટા પહાડો દેખાય છે, તેમાંનો વચ્ચે વચનો પહાડ તે બારોટનો પહાડ છે. તે દેહેણુથી ૭ માઇલને છેટે છે, ગોલવડથી સહેજ ઓછે છેટે છે, અને સંજાણથી ૧૪ માઇલને છેટે છે. બારોટ ઉપર છ ગોફા છે; તેમાંના છઠ્ઠા ગોફામાં આતશ બેહેરામને રાખવામાં આવ્યા હશે એવું અનુમાન "ધનજી બીન મકનજી" તથા દાક્તર. જીવનજી જ. મોદીએ કર્યું હતું (સાંજ વર્તમાન તા. ૬ ઠી તથા ૮ મી મારચ ૧૯૦૫ "ધનજી બીન મકનજી"નું લખાણ).

લાવવામાં આવ્યા હતા. કેટલાક સાહેબોના મત પ્રમાણે* પાછલાં ૧૪ વર્ષમાં આગલાં ૧૨ વર્ષ સમાઈ જાય છે; એટલે સંજાણની લડાઇ પછી માંત્ર ૧૪ વર્ષ બાદ ઈરાનશાહને નવસારીમાં લાવવામાં આવ્યા હતા. માટે ઈરાનશાહને નવસારીમાં લાવ્યાનો સને એક ગણત્રી પ્રમાણે ઈ. સ. ૧૪૩૦ ને શુમારે તથા બીજી ગણત્રી પ્રમાણે ઈ. સ. ૧૪૪૩ ને શુમારે માલૂમ પડે છે. ઈરાનશાહને નવસારીમાં લાવ્યાનો ખરો સને ઘણીક સાહદતો પ્રમાણે ઈ. સ. ૧૪૧૯ છે, તે હવે પછી જોઇશું. માટે ઉંધી રીતે ગણતાં પહેલી ગણત્રી પ્રમાણે સંજાણની લડાઈ ઈ. સ. ૧૩૯૩ માં તથા બીજી ગણત્રી પ્રમાણે ઈ. સ. ૧૪૦૫ માં થઈ હતી એમ અનુમાન નિકળે છે..

દસ્તુર ખુજેશ્તાનો સને.

કીસ્સે સંજાણ પ્રમાણે સંજાણની લડાઈ થઈ, ત્યારે દસ્તુર ખુજેશ્તા સંજાણમાં હૈયાત હતા (જોવો બેત ના. ૨૩૪–૨૪૦). હવે જાસાની રેવાયત (ઈ. સ. ૧૫૧૬) મધ્યેના ચાચા વાછા ઉપલા દસ્તુર ખુજેશ્તાનો આઠમી પેહેડીનો વંશજ છે. તે પેહેડી નીચે પ્રમાણે છેઃ—"ખુજેશ્તા–બહમનયાર–ખુરશેદ–બહમનયાર–હોમ–ફરેદુન—આશા–વાછા—ચાચા." (જોવો એ. રૂસ્તમજી જા. મેહેરજીરાણાની ભગરસાથ વંશાવલિ પા. ૨). માટે દર પેહેડીએ ૨૩ વર્ષ ગણતાં ઈ. સ. ૧૫૧૬ ની ૧૮૪ વર્ષ આગમચ યાને આશરે ઈ. સ. ૧૩૩૨ માં ખુજેશ્તા હતા. તે વખતે જો તેઓ ૨૦ વર્ષના હોય તો ઈ. સ. ૧૩૯૩માં તેમની ઉમર ૮૧ વર્ષની થાય છે. તથા ઈ. સ. ૧૪૦૫ માં તેમની ઉમર ૯૩ વર્ષની થાય છે, કે જે બનવા જોગ છે.

નોંધ—સાધારણ રીતે એક પેહેડી ૨૦ થી ૨૫ વર્ષની ગણાય છે. બેશક પેહેડીની ગણત્રી ઉપરથી કાંઈપણ નક્કી અનુમાન નિકળતું નથી; પણ અડસટો માલૂમ પડે છે.

---

* જોવો પ્રો. હોડીવાલાનું પુસ્તક **Studies in Parsi History** પા. ૧૧૪.

સંજાણની લડાઈની હકીકત.

કીસ્સે સંજાણમાં કહ્યું છે, કે સુલતાન મહમુદે પોતાના વજીર અલફખાનને હોકમ કીધો કે સંજાણમાં એક રાજા છે, તેના શેહેરમાં લશ્કર મોકલી તે જીતી લેવું. અલફખાને ત્રીશ હજાર ઘોડેસ્વારનું લશ્કર તૈયાર કરી સંજાણ ભણી કુચ કરવા માંડી. દુશ્મનનું લશ્કર આવતું જોઈ રાજા ઘભરાટમાં પડયો. તેણે પારસી બેહેદીનો તથા હેરબદોને બોલાવી તેઓની મદદ માંગી, અને લડાઈમાં ઉતરવા કમર બાંધવાનો હોકમ કીધો. એક બુઢ્ઢા મોબેદે રાજાને સધ્યારો આપી કહ્યું, કે અમે દરેક જણ જ્યાં સુધી જીવતા રહીશું, ત્યાં સુધી દુશ્મનોને ઠાર કરીશું. કોઈ એક પણ જણ જંગના મેદાનમાંથી પાછા હઠીશું નહિ. તુરતજ ભલી દીનના ૧૪૦૦ જણાઓ એકઠા થયા. તેઓ બખ્તર પેહેરી ઘોડાઓ ઉપર સ્વાર થઈ રાજાની બાજુએ તેનાં લશ્કર સાથે લડવા ઉભા રહ્યા. સાંમેની બાજુથી અલફખાન પોતાનાં લશ્કર સાથે રણભૂમિમાં દાખલ થયો. રાત અને દિવસ ભારે લડાઈ થઈ. હિંદુઓ મેદાનમાંથી નાઠા, પણ પારસી લશ્કર જે અરદેશર નામના સરદારની સરદારી હેઠલ હતું, તેણે સખત ઘસારો કરી ત્રણ દિવસ સુધી ભારે જંગ ચલાવ્યું, અને મુસલમાન લશ્કરને મારી હઠાવ્યું. રાત પડતાં અલફખાન તેના લશ્કર સાથે નાશી ગયો.

પણ અલફખાને લડવા સારૂં પાછી તૈયારી કરી. આ વેળાએ ઘણું મોટું લશ્કર તેણે આણ્યું. આ જોઈ પારસીઓના સરદાર અરદેશરે રાજાને કહ્યું કે હવે પારસીઓની સાંમે અકેક પારસી દીઠ સો દુશ્મનો આવ્યા છે, છતાં અમે મરવા કે મારવાનો ઠરાવ કર્યો છે.

દુશ્મનો સાંમે ફરીથી હિંદુ તથા પારસી લશ્કર જંગમાં ઉતર્યું. અરદેશરે ઘણી બહાદુરીથી એક મુસલમાન સરદારને ઠાર કીધો. આ જોઈ અલફખાનને ભારે સંતાપ થયો. તેણે તુરત હોકમ કીધો કે પારસીઓ તેમજ હિંદુઓને તેજ જગ્યાએ

ઠાર કરવા. પછી એક ખુનખાર લડાઇ શરૂ થઈ. અરદેશરને એક તીર લાગ્યો, તેથી લોહીમાં ગરકાવ થઈ તે બહાદુર સરદાર મરણ પામ્યો. અંતે હિંદુ રાજા પણ માર્યો ગયો અને હિંદુ લશ્કર નાસભાગમાં પડયું. સંજાણમાં વસ્તા પારસીઓ ગભરાટમાં પડયા અને જાનમાલની સલામતી ખાતર સંજાણ તજી તેઓએ નાસવા માંડયું. ઘણાએ સંજાણથી આઠ માઈલ દૂર આવેલા બારોટના પહાડ ઉપર ગયા અને ત્યાં સાથે શ્રી ઈરાનશાહને લઈ ગયા; ૧૨ વર્ષ ત્યાં રહી ત્યાંથી નિકળી પારસીઓ શ્રી ઈરાનશાહને લેઈ વાંસદે ગયા. ત્યાંના લોકોમાં ભારે ખુશાલી પેદા થઈ. માટીડાઓ સ્ત્રીઓ બુઢ્ઢાં જવાન સઘળાં જ્યાં જ્યાં રહેતાં હતાં, ત્યાંથી જેમ અગાઉ સંજાણમાં ઈરાનશાહની ખીદમત માટે આવતાં હતાં, તેમ વાંસદે પણ આવવા લાગ્યાં. એ પ્રમાણે વાંસદામાં ૧૪ વર્ષ રહી શ્રીજીને નવસારીમાં લઈ જવામાં આવ્યા.

સંજાણની લડાઈની તથા શ્રી ઇરાનશાહની હકીકત જે કીસ્સે સંજાણમાં આવેલી છે, તેનો આપણે ઉપર સાર આપ્યો છે. બારોટની વાત તો કીસ્સે સંજાણમાં તથા કીસ્સે જરથુશ્તીઆને હિંદુસ્તાનમાં છે; બીજે ઘણે ઠેકાણે નથી. સંજાણની લડાઈ કયારે થઈ, સુલતાન મહમુદ કોણ હતો, અલફખાન કોણ હતો, હિંદુ રાજા કોણ હતો તે વિષે અનેક અભ્યાસીઓએ તરેહવાર કલ્પના દોડાવી છે, તથા પોતાની કલ્પનાઓને ટેકો આપવા જુના મહમદન તવારીખનવેશોની તથા નવા યુરોપીઅન ગ્રંથકારોની સાહદતો ટાંકી છે, પરંતુ કોઈપણ સાહાદતમાં સંજાણની લડાઈનું કે પારસી સાથની લડાઇનું નામ તથા ધ્યાન જડયું નથી.

સંજાણની લડાઇના સંબંધમાં સુલતાન મહમુદ તથા અલફખાનનાં નામો આવે છે તેઓ કોણ હતા.

એંકવેટીલ ડુપેરોં, દસ્તુર અસ્પનદીઆરજી કામદીન, દાકતર દ્રમંડ, દસ્તુર ફરામજી અસપનદીઆરજી રબાડી, દાકતર જોન વીલસન, એચ. જી. બ્રીગસ ("ધી પારસીસ" પા. ૭), ડોશાભાઈ

કરાકા (પારસીઓનો ઈતિહાસ ૧૮૫૮ પા. ૧૬), ખા. બ. બહમન બેરામજી પટેલ (પા. પ્ર. ૫), સર જ્યોરજ બર્ડઉડ, દાકતર જીવનજી મોદી તથા પ્રો૦ શાપુરશા હોડીવાલા પ્રમાણે ઉપલો સુલતાન મહમુદ તે જાણીતો મહમુદ બેગડો (ઈ. સ. ૧૪૫૯–૧૫૧૩) હતો, કે જેના હાથ તળે અલપખાન નામનો સરદાર હતો.

સર જેમસ કેમપબલ, ડોશાભાઈ કરાકા (જેમણે પારસીઓના ઈતિહાસની બીજી તથા મોટી આવૃત્તિમાં પા. ૪૩ ઉપર પોતાનો આગળો મત ફેરવ્યો હતો) તથા પાલનજી બ. દેશાઈ પ્રમાણે તે મુહમદશાહ અથવા અલાઉદ્દીન ખીલજી (ઈ. સ. ૧૨૯૭–૧૩૧૭), (અથવા કેટલાકો પ્રમાણે ૧૨૯૫–૧૩૧૫) હતો. આ અલાઉદ્દીનનાં હાથ તળે ઉલુઘખાન નામનો સરદાર હતો.

આપણે ઉપર ગણત્રી કરી તે પ્રમાણે તો ઇ સ ૧૩૯૩ માં અથવા (કીસ્સે સંજાણના લખાણનો બીજો અર્થ સ્વીકાર્યે તો) ઈ. સ. ૧૪૦૫ માં સંજાણની લડાઈ થઈ હતી. તે વખતે મહમુદ બેગડો કે અલાઉદ્દીન હોઈ શકે નહિ. ત્યારે આ સુલતાન મહમુદ તથા અલપખાન કોણ હતા? ઇ. સ. ૧૪૦૦ ને શુમારનો ઈતિહાસ તપાસતાં કાંઈક સંતોષકારક ખોલાસો આપણને મળે છે.

સર ઈ. સી. બેલીનાં Local Muhammadan Dynasties of Gujarat નામનાં પુસ્તકમાં પાના. ૭૯ તથા ૧૦૧ ઉપરથી, તથા બ્રીગસનાં પુસ્તક History of the Rise of the Mahomedan Power in India Vol 4 pp. 169, 171–175, 553 ઉપરથી દીશે છે, કે દીલ્હીનો શેહેનશાહ **મહમુદ તગલખ** ઈ. સ. ૧૩૮૯ થી ૧૪૧૧ સુધી રાજ કરી ગયો હતો. તેના વખતમાં **અલપખાન** નામનો સરદાર પણ હતો, તે ઈ. સ. ૧૪૦૫ થી ૧૪૩૨ સુધી માલવાનો પાદશાહ થયો હતો. તેણે પોતાનું નામ **અલપખાન** હતું તે બદલી સુલતાન **હોશંગ ઘોરી** એવું નામ ધારણ કીધું હતું. ઉપલા દીલ્હીના પાદશાહ મહમુદને તો તૈમુરના હલ્લાથી ઈ. સ. ૧૩૯૯–૧૪૦૦ માં દીલ્હી

છોડી નાસભાગ કરવી પડી હતી. પાછળથી તે દીલ્હીના શેહેનશાહ તરીકે પાછો ગાદીએ આવ્યો હતો. ઉપલો અલપખાન (સુલતાન હોશંગ) તેના બાપના વખતમાં મહમુદ સુલતાન સાથે ઘણા ઘાડા સંબંધમાં કેટલોક વખત હતો. પાછળથી તે સ્વતંત્ર થયો હતો. આ અલપખાને ઈ. સ. ૧૪૧૩ માં ગુજરાત ઉપર હલ્લો કર્યો હતો. પણ તેને પાછું હડવું પડયું હતું. તેણે બીજી વાર ગુજરાત ઉપર ફ્ર-તેહમંદીથી હલ્લો કીધો હતો (Bayley's History Mohammedan Dynasties pp. 96–101). તે વખતના ગુજરાત દેશની હદ સુરત સુધી તથા તેની પણ પેલીગમ હતી (તેજ પા. ૯૭, તથા Elphinstone's History of India p. 677). આ અલપખાને સંજાણ ઉપર પણ હલ્લો કીધો હતો, કે તે બીના ઇતિહાસમાં નોંધાયલી નથી. સંજાણની લડાઈ બેશક બહુ નાની માલૂમ પડે છે. આ અલપખાન (સુલતાન હોશંગ) ઇ. સ. ૧૪૦૫ માં ગાદીએ આવ્યો હતો. માટે ઇ. સ. ૧૪૧૯ની બરાબર ૧૪ વર્ષ આગમચ તે માલવાનો સુલતાન થયો હતો. અને તેથી સંજાણની લડાઇનો સને ઇ. સ. ૧૪૦૫ નો કીસ્સે સંજાણવાલાએ ગણ્યો હોય એ બનવા જોગ છે.

આ અલપખાનનો સંબંધ મહમુદ સુલતાન સાથે છેક ઈ. સ. ૧૩૯૮ નો બલકે આગળનો હતો. પોતાની નાસ ભાગ વખતે મહમુદે આ અલપખાનની મદદ માંગી હતી. જો કે ઇતિહાસીક વિગતો બરાબર બંધ બેસ્તી નથી, છતાં ઇ. સ. ૧૪૦૫ ને સુમારે સુલતાન મહમુદ તથા અલપખાન (સુલતાન હોશંગ) રાજ્ય કરતા હતા એ વાત તો નકકીજ છે. અને તેથી કીસ્સે સંજાણની હકીકતને કેટલોક ટેકો મળે છે.

મહમદનો ચાંપાનેરમાં કયારે આવ્યા હતા?

કીસ્સે સંજાણવાલો કહે છે કે "ચું શુદ દર હિંદ પાંનસદ સાલ અનજામ, ઝાનપસ દર ચંપાનીર આમદ ઈસિલામ."

અર્થ—"જ્યારે હિંદમાં આવ્યાને ૫૦૦ વર્ષ થયાં ત્યારે ઈસિલામ ચાંપાનેરમાં આવ્યા."

બેશક ૫૦૦ વર્ષનો અંક અત્રે ફકત અડસટા તરીકે આપેલો છે. કીસ્સો લખનારની મતલબ સંજાણની લડાઇને મહમદનોના ચાંપાનેરમાં આવવાના વખત સાથે જોડી દેવાની હતી. આ ચાંપાનેર ઉપરથી કેટલાક સાહેબો કીસ્સે સંજાણમાં જણાવેલા સુલતાન મહમુદને મહમુદ બેગડો સમજે છે. પણ જ્યારે સુલતાન **મહમુદ તગલખ** દીલ્હીનો શેહેનશાહ હતો, જ્યારે **અલપખાન (સુલતાન હોશંગ)** માલવાનો પાદશાહ હતો, ત્યારે **અહમદશાહ** ગુજરાતનો પાદશાહ હતો. આ અહમદશાહ ઈ. સ. ૧૪૧૦ માં ગુજરાતની ગાદીએ આવ્યો હતો. ઈ. સ. ૧૪૧૮ માં તેણે ચાંપાનેર ઉપર ચઢાઈ કીધી હતી, કે જ્યાં તીરભંગદાસ નામનો રાજા રાજ કરતો હતો. તે ચાંપાનેરના કીલ્લાની આસપાર ફરી વળ્યો હતો; તથા તેણે ત્યાંના કેટલાક ગામોમાં લૂટ ચલાવી હતી. એટલામાં રાજા તાબે થયો, તેથી તે ખંડણી લઈ ચાલતો થયો. (Bayley's History p. 104, Brigg's History IV. p. 176).

આ ઉપરથી જણાશે કે સંજાણની લડાઈના જમાનાની નજદીકમાં મહમદનો ચાંપાનેર ઉપર પહેલવહેલા ચઢી આવ્યા હતા. જો કે કીસ્સે સંજાણવાલાનું જ્ઞાન તદન સહી નથી, છતાં તે વેળાના ઇતિહાસની કેટલીક બાબતો તેણે એવી રીતે રજુ કરી છે, કે સંજાણની લડાઇનો સને શ્રી ઈરાનશાહને નવસારી લાવવાના સને (ઈ. સ. ૧૪૧૯)ની લગભગ નજદીકમાં આવી રહે છે.

સંજાણની લડાઈની હકીકત જો કે આપણા જરથોસ્તી ટોળાને મગરૂર કરનારી છે, છતાં આજે તેની અગત્યતાનો સબબ આ છે, કે તેના સને ઉપરથી શ્રી ઈરાનશાહને નવસારી લાવ્યાનો સને નકકી કરવા સારૂં અનેક સાહેબોએ પુષ્કળ ચર્ચા કરેલી છે. અગર જો નવસારીમાં શ્રી ઈરાનશાહને લાવ્યાનો સને કોઈ બીજી દલીલોથી મુસ્તકીમ પણે નકકી થાય, તો પછી સંજાણની લડાઈના સને તથા તેની હકીકતો વિષે માથાંજીક કરવાનું ઝાઝું કારણ રહેતું નથી.

પ્રકરણ ચોથું.

શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યા તે બાબતમાં ચાંગાશાહની આગેવાની.

કીસ્સે સંજાણવાલો કહે છે કે તે વખતે એક બેહેદીન ઘણાજ નામાંકિત, ભલા તથા દીનદાર હતા. તેઓ ગરીબ બેહેદીનોને આશ્રય આપતા હતા. જેઓ કને પહેરવા સુદરેહ કુશ્તી ન હોય, તેઓને તે પોતાના પૈસા ખરચી અપાવતા હતા. તેઓ ધર્મના ભલાં માટે પુષ્કળ તરતીબ કરતા હતા. તેમને લીધે ઘણાક બેહેદીનોની ધર્મ તરફની આસ્થા વધુ ખીલી હતી. તેમનું નામ દાવર* ચાંગા બીન આશા હતું. એક વર્ષે તેઓ શ્રી ઈરાનશાહને સેજદો કરવા વાંસદા ગયા. તે દીને આદર માહનો આદર રોજ હતો. તે દીનદાર ગૃહસ્થ સઘળા દસ્તુર તથા બેહેદીનોને ત્યાં લઈ ગયા. સઘળાઓ સેજદો તથા આરાધના કરી પાછા ફર્યા. થોડાક માસ બાદ ચાંગાશાહે અનજુમન બોલાવી કહ્યું, કે આપણા શ્રી ઈરાનશાહને અત્રે (નવસારીમાં) લાવવા જોઈએ. અગર જો રોજ તેમનો સેજદો થાય તો આપણને બહુ ફાયદો થાય. બીજું એ (આદર) મહિનામાં વર્ષાદ ઘણો પડે છે તેથી આપણને વાંસદા જઈ શ્રી ઈરાનશાહને અત્રે લાવીએ. તેનાથી આપણી રજકરોજી વધશે.

આ સાંભળી સઘળાઓ ઘણા ખુશી થયા. તેઓએ શ્રીજીને બહુ માન સાથે આણી એક લાયક મકાનમાં તખ્તનશીન કીધા. ત્રણ પાક "દસ્તુરો" (મોબેદો) નામે નાગન રામ, ખુરશેદ કયામુદ્દીન તથા જાનીઆન (ચાંઈઆં) સાહેર શ્રી ઈરાનશાહની ખીદમતમાં રાતદિવસ મશગુલ રહેતા હતા. આ ત્રણ †દસ્તુરો

---

*એક હસ્તલેખમાં ચાંગાશાહને "દહેવદ" (=દહયોપદ, દખ્યુપઇતિ) યાને ગામનો વડો કહયો છે).

†આ ત્રણ દસ્તુરોને દરેકને ત્રણ ત્રણ બેટા હતા. આ નવ જણાઓથી ઉદવાડાનાં હાલનાં નવ મોબેદ કુટુંબો ઉતરી આવ્યાં છે. તેઓ શ્રી ઈરાનશાહની સંભાળ રાખવા વગેરેનો હક ધરાવે છે.

શ્રીજીને લેઈ નવસારી આવ્યા હતા. અને તેઓને પેલા દીનદાર દાવર ચાંગાશાહ મદદ કરતા હતા.

શ્રી ઇરાનશાહને નવસારીમાં લાવવાનું વર્ષાદનું કારણ.

આપણે ઉપર જોયું, કે કીસ્સે સંજાણ પ્રમાણે શ્રી ઇરાનશાહને વાંસદાથી નવસારીમાં લાવવાનું એક કારણ આ હતું, કે શ્રીજીને સેજદો કરવા જનારાઓને આદર માસમાં ભારે વર્ષાદને લીધે અડચણ પડતી હતી. હાલમાં શેહેનશાહી આદર મહિનાની શરૂઆત તા૦ ૭ મી મેને દિને થાય છે. હવે ઇ. સ. ૧૯૨૬ તથા ૧૪૧૯ વચ્ચે ૫૦૭ વર્ષનો અંતર છે. આપણે કબીસો કરતા નથી, માટે ચાર વર્ષે એક દહાડાનો ફેર પડે છે, તે ગણતાં ૧૨૬ દિવસનો ફેર પડે. તેમાંથી ગ્રેગરીનું પંચાંગ સુધર્યું, ત્યારે ૧૧ દિવસ બાદ કીધા તે) ૧૧ દિવસ બાદે, તેમજ ઈ. સ. ૧૮૦૦ તથા ૧૯૦૦ વાળા વર્ષોમાં અકેક દિવસ ઓછો થયો, તેથી બે દિવસ બાદે ૧૧૩ દિવસનો ફેર પડે છે.† માટે ઈ. સ. ૧૪૧૯ માં આદર માહની શરૂઆત તા૦ ૭ મી મેની પછી ૧૧૩ મે દિવસે યાને કે તા૦ ૨૮ મી આગસ્ટને શુમારે પડતી હતી. આજે આપણે જોઇએ છીએ, કે ઉમરે પુગેલા જરથોસ્તીઓ કોઈ ચોકકસ માહને વર્ષાદનો મહિનો જણાવે છે, તે તેઓ પોતાના અનુભવ ઉપરથી કહે છે. માટે તે જમાનામાં આંદર માહની શરૂઆત આગસ્ટની અર્ધવચ્ચે થતી હતી, તેમાં કશો શક નથી. અને તેથી કીસ્સે સંજાણમાં આદર માહને વર્ષાદનો મહિનો જણાવ્યો છે તે બરાબર છે.

---

† Cowasji Patel Chronology પ્રમાણે રોજ ૧ માહા ૧ કદમી ય. જ. ૭૮૯ ની મુકાબેલ તા૦ ૨ જી ડીસેમબર ૧૪૧૯ હતી. વળી રોજ ૧ માહ ૧ કદમી ય. જ. ૧૨૯૩ ની મુકાબેલ તા૦ ૧૧ મી આગશટ ૧૯૨૩ હતી. માટે આ રીતે પણ ૧૧૩ દિવસનો ફેર પડે છે.

શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યા તેનો સને.

શ્રી ઈરાનશાહને નવસારીમાં કયારે લાવવામાં આવ્યા હતા, આ સવાલ અગત્યનો છે. લગભગ સઘળી સાહાદતો ઉપરથી અનુમાન આ નિકળે છે, કે શ્રીજીને નવસારીમાં ઈ. સ. ૧૪૧૯માં લાવવામાં આવ્યા હતા. આ સનેની પુરવારીમાં નીચેલી સાહાદતો જડે છેઃ—

(૧) આપણે ઉપર જોયું છે, તેમ ઉદવાડાની જુની ફેહરીસ્ત પ્રમાણે શ્રી ઈરાનશાહને નવસારીમાં ઈ. સ. ૧૪૧૬માં લાવવામાં આવ્યા હતા. આ સને તેના ખરા સને (ઈ. સ. ૧૪૧૯)ની નજદીકમાં છે.

નોંધ—ઉપર લખેલી ફેહરીસ્ત એ. ભીખાજી દીનયારજી ઉનવાલાની ખખડેલાં પાનાંની ફેહરીસ્ત જાણવી. બીજી એમની હસ્ત લેખિત ફેહરીસ્ત જે સારી હાલતમાં છે, તેની શરૂઆત નીચે પ્રમાણે થાય છે, તે ઉપરથી પણ આતશબેહેરામને નવસારીમાં લાવ્યાનો સંવત ૧૪૭૨ દીશે છેઃ—

" ફરેસ્ત પાંતી ૩ ત્રંણનાંનું તોખમ શંજાંણાં હેરબદ શં. ૧૪૭૨ વરખે માગ શુદે ૩,

"(૧) ચાઈઆ એ. શાહીઆર એ. કામા એ. શાએર એ. હમજીઆર એ. બહમનઈઆર એ. ખુજસ્તા એ. ખુશમસ્તાનુ તોખમ.

"(૨) ખુરશેદ એ. કામદીજ એ. નાગોજ એ. ધંનપાલ એ. હમજીઆર એ. બહમનઈઆર એ. ખુજસ્તા એ. ખુશમસ્તાનુ તોખમ.

"(૩) નાગંણુ એ. રામ એ. કામ એ. હરમજીઆર એ. બહમંનઈઆર એ. ખુજસ્તા એ. ખુશમસ્તાનુ તોખમ.

"એ. બહમંનઈઆર એ. ખુજસ્તા એ. ખુશમસ્તાનુ તોખમ.

"એ. બહમંનઈઆરનિ ૨ બેએ.

"૧ એ. હરમજીઆર એ. બહમનઈઆર.

"૨ એ. હોમ બહમંનઈઆર વ૦ એ. ફરેદુન હોમ એ બાપ બેટો નુશારી આવિઆ તાંહાં ભાગ લીધુ નુશારી મધે."

---

(૨) શેઠ જમશેદજી બામબોટવાલા હસ્તલેખ ઉપરથી તથા વલસાડવાલા એ. ખુરશેદજી દસ્તુર ફીરોજજીના લેખ ઉપરથી આપણે જોયું, કે દસ્તુર હમજીઆર રામ સંજાણા (ઈ. સ. ૧૫૧૬)નાં લખાણ પ્રમાણે "શંવત ૧૪૭૫ વરખે માહા શહરેવર રોજ મેહેરશપંદ"ને* દિને શ્રી આતશબેહેરામ નવસારીમાં પધાર્યા હતા. માટે શ્રી ઇરાનશાહને ઇ. સ. ૧૪૧૯ માં લાવવામાં આવ્યા હતા, એમ આ પુરાતન લેખો પરથી સિદ્ધ થાય છે.

(૩) આપણે ઉપર જોયું કે કીસ્સે સંજાણમાં કહ્યું છે, કે સંજાણમાં આવ્યા પછી આશરે ૭૦૦ વર્ષે સંજાણની લડાઈ થઈ, અને ત્યાર પછી (કેટલાકો સમજે છે તેમ) ૧૪ વર્ષે શ્રી ઈરાનશાહને નવસારીમાં લઈ જવામાં આવ્યા. હવે પારસીઓ સંજાણમાં ઇ. સ. ૭૧૬ માં આવ્યા હતા, માટે શ્રીજીને નવસારીમાં લાવ્યાનો સને ઈ. સ. ૧૪૩૦ થાય છે, કે જે તેના ખરા સને (ઈ. સ. ૧૪૧૯)ની નજદીકમાં છે.

(૪) આપણે ઉપર જોયું, કે હેનરી લોર્ડે પારસીઓના ઇતિહાસ તથા ધર્મ બાબતનું એક પુસ્તક નામે A Discovery of the Sects of the Banians and Persees લખ્યું હતું તેમાં (પા. ૩૩૯ ઉપર) તે લખે છે કેઃ—

"Such is that (Fire) which is idolized in India, where the sect (of Parsis) remains in a place called Nuncery, that has not been extinguished for the space of two hundred years as they affirm."

---

*તા૦ ૨૮ મી જુન ૧૪૧૯ O. S. મુધે.

"તે આતશ એવો છે કે જેને હિંદુસ્તાનના પારસી લોકો નવસારી નામનાં ગામમાં રહે છે તેઓ આરાધે છે; તથા જે તેઓના કહેવા પ્રમાણે બશેં વર્ષ થયાં બુજાયો નથી."

આગળ ચાલતાં તે પાદરી જુદી જુદી જાતના આતશોની બીના જણાવી કહે છે કેઃ—

"Of all these ingredients they compose this idolatrous fire, which they call their Antisbeheraum"

"આ સઘળા આતશોને ભેગા કરી તેઓ પોતાનો આતશ બનાવે છે, કે જેને આનતીસબેહેરાઉમ (આતશબેહેરામ) કહે છે."

ખુલ્લી રીતે અત્રે નવસારીમાંના શ્રી ઈરાનશાહની બીના છે. ઈ. સ. ૧૬૨૦ માં જ્યારે હેનરી લોર્ડ અત્રે આવ્યો હતો, ત્યારે બીજાં કોઈપણ આતશબેહેરામ હિંદમાં હતાં નહિ. માટે આ શ્રી ઈરાનશાહનીજ વાત છે. વળી આ પાદરી કહે છે, કે ૨૦૦ વર્ષ થયાં તે નવસારીમાં છે; ત્યાં તે બુજાયો નથી. આ ઉપરથી ખુલ્લું છે કે નવસારીમાં શ્રી ઈરાનશાહને લાવ્યાને હેનરી લોર્ડના વખતમાં ૨૦૦ વર્ષ થયાં હતાં, યાને શ્રીજીને ઈ. સ. ૧૪૨૦ માં નવસારીમાં લાવ્યા હતા. આ સને તથા ખરા સને વચ્ચે માત્ર એક વર્ષનો અંતર છે, જે તદન નજીવો છે. આ પાદરીનું લખાણ આપણને ઘણી કીંમતી સાહાદત પૂરી પાડે છે. આ પાદરીએ આપણા ધર્મ તથા રેવાજ વગેરેની હકીકત બહુ ચોક્કસાઈથી લખી હતી, અને તેને એક અધ્યારૂએ મદદ કરી હતી.

(૫) ઈ. સ. ૧૬૭૦ માં ઓગીલબી (Ogilby) એ એક પુસ્તક Atlas નામે લખ્યું હતું તેમાં તેણે કહ્યું છે કેઃ—

Their (Parsis') Fire temple was at Nowsari, where they had kept the fire burning for about 250 years (Atlas V. 218-219, Bom. Gaz. IX. Pt. II. p. 181).

અર્થ—"તેઓનું (પારસીઓનું) આતશ બેહેરામ નવસારીમાં હતું, કે જ્યાં તેઓએ આતશને આશરે ૨૫૦ વર્ષ થયાં બળતો રાખ્યો છે."

આ ઉપરથી દીશે છે, કે ઈ. સ. ૧૬૭૦ ની આશરે ૨૫૦ વર્ષ આગમચ યાને ઇ. સ. ૧૪૨૦ માં આતશબેહેરામ નવસારીમાં આવ્યા હતા. આ સાલ તથા ખરાં સાલ વચ્ચે માત્ર એક વર્ષનો ફેર છે. આ મુસાફરની સાહાદત પણ ઘણીજ અગત્યની છે. તે દેખાડે છે કે તેના વખતમાં પારસીઓ સારી રીતે જાણતા હતા, કે શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યાને ૨૫૦ વર્ષ થયાં હતાં.

(૬) શ્રી ઈરાનશાહને ઉદવાડે લઈ ગયા પછી તેને લગતાં નવસારીનાં ખાલી મકાન ઉપર એક મોબેદ નામે બરજોર નવરોજે દાવો કીધો હતો, કે એ મકાન મારૂં છે. આ ઉપરથી નવસારીના સમસ્ત મોબેદોએ ગાયકવાડ દામાજીરાવ ઉપર સં. ૧૮૦૧ આશો શુદ ૫ તા૦ ૩૦ મી સપટેમબર ૧૭૪૫ N. S.ને* દીને એક અરજી કીધી હતી કે :—

"અરજ એ જે **વરશ ૩૨૫ થએઆં હમો પારશી કોમનું પરવાનું દેરૂં અગનીનું અસલ છે.** તેને વાશતે હમણા પારશી બરજોર નવરોજ શાહેબ ગરીબ નવાજેશની ખીદમતમાં અરજ કીધી જે તે હમારૂં ઘેહેર છે. તેને આ૦

---

*ગુરૂવારે ઉપલી New Styleની તારીખ જાણવી.

નોંધ—જ્યાં જ્યાં N. S. લખ્યું હોય, ત્યાં ત્યાં New Style પ્રમાણેની તારીખ જાણવી, તથા જ્યાં જ્યાં O. S. લખ્યું હોય. ત્યાં ત્યાં Old Style પ્રમાણેની તારીખ જાણવી. જ્યાં કાંઇ પણ નહિ લખ્યું હોય, ત્યાં મોટે ભાગે New Style પ્રમાણેની તારીખ જાણવી. અંગ્રેજી પંચાંગમાં ફેરફાર ઇ. સ. ૧૫૮૨ થી થયો હતો, તેની આગળની સઘળી તારીખો O. S. પ્રમાણેની જાણવી. ઇ. સ. ૧૫૮૨ થી ઈ. સ. ૧૭૦૦ સુધી આ બંને Styleની તારીખો વચ્ચે ૧૦) દિવસનો ફેર પડે છે. ઇ. સ ૧૭૦૦ થી ૧૮૦૦ સુધી ૧૧) દિવસનો, ઇ. સ. ૧૮૦૦ થી ૧૯૦૦ સુધી ૧૨) દિવસનો તથા ઈ. સ. ૧૯૦૦ થી ૨૧૦૦ સુધી ૧૩) દિવસનો ફેર પડે છે. Old Styleની તારીખો New Styleની તારીખોથી ૧૦, ૧૧, ૧૨, યા ૧૩, દિવસ આગળ પડે છે.

શાપુર શેહરીઆર મુજામ થાએ છે. ને તેનું ખત પન હમો કંન છે. એવું શુબેદાર શાહેબની ખેદમતમાં જાહેર કરી કાગજ ૧ રાવ શાહેબ કેદારજીરાવને નામે શાહેબનાં હલકારા શાથે લાવેઓ. તે હમોએ શર આંખો ઉપર ચહડાવી શાંભલીઉં. પન તેની અરજ એ છે જે હમો શરવે પારશી કુમનું દેહરૂં છે. જે શરવે હીંદુ તથા મુશલમાંન લોકો પન રૂડી રીતે જાણે છે. તે ઉપર હમો શરવે અંધેઆરૂ લોક રાવ શ્રી કેદારજી બાવા તથા દાદુપંથ વગેરે શરવે શુબેદાર શાહેબના અમલા કેલાને તથા કાજી તથા શરવે માહજંનને બોલાવી શાહેબના હલકારા શાથે તે દેહરાંમાં લાવેઆ. ને શરવે દેહરાની જગા તે લોકોને દેખાડીને તે દેહરાંના શમારનારનું નામ પથર ઉપર લખેલું હતું તે વાંચીઉ તેથી શરવે શાહેબોની નીશા પુરી થઈ. ને કાજી તથા વાંનીઆ બામંન શરવેએ શાહેદી દીધી જે અશલથી દેહરૂં છે. એ ઘેહેર કોઈનું નથી....ને તે દેહેરામાં તો હમુ લોકભી પવીતર થાઇને તેમાં પેશું. તુ એ બરજોર પારશી જે દેહરાંને પોતાની વખાર કરી જવન વગેરે શરવેને પેશાદે ને માલ ભરે તે કાહાં મંનજુર છે. ને હમો જે વાર તે દેહરામાં પઢવાના દહાડા આવે છે તે વારે શરવે અંધેઆરૂ લોક તાહાં જાઇ ધરમની કીરીઆ કરૂં છેઉં ને ભનતર ભનું છેઉં....ને એ બરજોર શાહેબની હજુર આ૦ શાપુર શેહેરીઆરનું એકલાનું દેહરૂં નથી. એ દેહરૂં તો હમો પારશી કુલ લોકોનું છે....શં. ૧૮૦૧ આસો શુદ ૫" (જાવો પા૦ પ્ર૦ પા. ૮૫૮, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૬).

આ ઉપરથી માલૂમ પડે છે કે ઈ. સ. ૧૭૪૫ની આગમચ ૩૨૫ વર્ષ ઉપર યાને ઈ. સ. ૧૪૨૦ માં શ્રી ઇરાનશાહને નવસારીમાં લાવવામાં આવ્યા હતા. આ સને તેના ખરા સનેથી માત્ર એક વર્ષ પાછળ છે. પણ યાદ રાખવું જોઇએ છે, કે ૩૨૫ વર્ષનો અંક માત્ર અડસટે લખેલો છે.

(૭) નવસારીની દસ્તુર મેહેરજીરાણા લાયબ્રેરીમાં દસ્તુર એરચજી શોરાબજી મેહેરજીરાણાએ કોઈક આગળા નનામા

હસ્તલેખની નકલ પોતે કરેલી છે. તે હસ્તલેખ (પાને ૭૧-૭૨) સંવત ૧૮૨૯ (ઈ. સ. ૧૭૭૩)માં લખાયલો છે, તેમાં આ પ્રમાણે નોંધ છેઃ—

"×××× આતશબહેરામ સાહેબને નોશારી આવી ચાંગાશાહ વગેરે અનજુમન લાવેઆ શંવત ૧૪૭૨ શને ૭૮૫ ઈઅિજદજરદીમાં લાવેઆ...."

આ ઉપરથી શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યાનો સને ઈ. સ. ૧૪૧૬ માં ઠરે છે, કે જે ખરા સનેની લગોલગ છે.

(૮) એરવદ માણેકજી રૂ. ઉનવાલાના એક હસ્ત લેખ EMU12 માં (૨૭૪ માં પાનાં ઉપર) નોંધ છેઃ—"સંવત ૧૪૭૫ આતસબેહેરામ સંજાનથી લાયા તેની હકીકત."

ઉપલો હસ્ત લેખ રોજ ૧૨ માહા ૩ સંવત ૧૮૦૮ માં* લખાયો હતો. તે ઉપરથી પણ દીશે છે, કે સંવત ૧૪૭૫ (ઈ. સ. ૧૪૧૯) માં શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવવામાં આવ્યા હતા. (જોવો Collected Sk. Writings Pt. I, Introd. p. 19).

(૯) મુંબાઈ ગેઝેટીઅર (વો. ૯ ભાગ ૨. પા. ૧૮૮)માં લખ્યું છે, કે શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવવાની તારીખ રોજ મારેસપંદ માહા શેહેરેવર સંવત ૧૪૭૫ (તા૦ ૨૮ મી જુન ૧૪૧૯ O. S.) છે, કે જે સાધારણ રીતે સ્વીકારાયલી તારીખ છે.

(૧૦) સુરતવાલા મોબેદ શાપુરજી માણેકજી સંજાણા (ઈ. સ. ૧૭૩૫-૧૮૦૫) એ ઈ. સ. ૧૭૬૫ માં "ક્રીસ્સે જરથુશ્તીઆને હિંદુસ્તાન" નામનું કાવ્ય ફારસીમાં લખ્યું છે, તેમાં નવસારીમાં શ્રી ઈરાનશાહને લાવ્યા તેનો સને યજદજરદી ૭૮૫ (ઇ. સ. ૧૪૧૬) છે. તેઓ લખે છે કેઃ—

સનહ ગર યજદજરદી રા બેદાની
હશ્તાદો પંજ બર હફતસદ બેખ્વાની
દર આંન હનગામ આન બહેદીને દાના
બી આવરદહ વરહરામ આતશ આનજા.
(બેતો ના. ૩૧૫-૩૧૬)

---

* તા૦ ૩૧ મી ડીસેમબર ૧૭૫૧ N. S. શુકરે.

અર્થ—"તેનો સને યજદજરદી ૭૮૫ જાણ. તે વખતે પેલા દાનવ બેહેદીન (ચાંગાશાહે) આતશ બેહેરામને તે જગ્યાએ (નવસારીમાં) આણ્યા."

આ સને ખરા સનેની તદન લગોલગ છે. નવસારીની દસ્તુર મેહેરજીરાણાવાલી લાયબ્રેરીના શાપુરજી સંજાણાના કીસ્સાના એક હસ્તલેખમાં છેલ્લાં પાનાં ઉપર, તથા પાને ૨૨ ઉપર "મારજીન"માં ગુજરાતીમાં નીચે પ્રમાણે નોંધ છે:— "સંવત ૧૪૭૫ માં રોજ ૨૯ માહ ૬ સને ૭૮૮ હીજરી આખાદ શુદ ૫ ને બુધે નોસારી લાવેઆ હતા."

(૧૧) મી૦ શોરાબજી મનચેરજી દેશાઈના એક હસ્ત લેખમાં નીચલી નોંધ છે:—"ઈઅિજદજરદી સને ૭૮૫ માં આતશ બેહેરામ નોશારીમાં લઈ આવેઆ તારે સં. ૧૪૭૨ માં."

(૧૨) એનકવેટીલ ડુ પેરોં પણ યજદજરદી સને ૭૮૫ આપે છે (Zend Avesta Pt. I. p. 323).*

માટે ઉપલી સઘળી સાહદતોની રૂહે શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યા તેનો સને ઈ. સ. ૧૪૧૯ નક્કી થાય છે.

શ્રી ઇરાનશાહને ચાંગાશાહ નવસારીમાં લાવ્યા હતા કે નહિ?

આપણે ઉપર નવસારીનો જે સને નક્કી કીધો છે, તેના ઉપર એક વાંધો આ છે, કે કીસ્સે સંજાણ પ્રમાણે ચાંગાશાહના વખતમાં તેઓના સમજાવ્યાથી ઈરાનશાહને નવસારીમાં લાવવામાં આવ્યા હતા. ચાંગાશાહ "સાલારે શહરે નવસારી" (નવસારી શેહેરના સરદાર અથવા આગેવાન શખશ) હોવાથી તથા તેમનું નામ નરીમાન હોશંગની ઈ. સ. ૧૪૭૮ તથા ૧૪૮૬ ની રેવાયતોમાં, તેમજ ઈ. સ. ૧૫૧૧ વાલી (બેહેદીન ફરૂખબખશ

---

* એનકવેટીલ ડુ પેરોં એક ઠેકાણે ચાંગાશાહને ઇ સ. ૧૫૧૬માં નવસારીના રહેવાસી જણાવે છે. અને બીજે ઠેકાણે શ્રી ઇરાનશાહનો સને ઇ. સ. ૧૪૧૫ જણાવે છે, કે જે લાવવામાં ચાંગાશાહે આગેવાની લીધી હતી. અહિં છાપાની અગર બીજી કાંઇ ભૂલ છે. (જોવો દાકતર દીનું એનકવેટીલ...પા. ૨૦૪).

નૌરોજવાલી) રેવાયતમાં હોવાથી તેઓ ઈ. સ. ૧૫૧૧ સુધી હૈયાત હોવા જોઇએ, એવું અનુમાન કાઢવામાં આવ્યું છે. હવે જો ઈ. સ. ૧૪૧૯ માં આતશબેહેરામ નવસારીમાં લાવવામાં આવ્યા હતા એમ ગણીએ, અને તે વખતે ચાંગાશાહની ઉમર માત્ર ૨૫) વર્ષની ગણીએ, તો ઈ. સ. ૧૫૧૧ માં તેમની ઉમર લગભગ ૧૧૭ વર્ષની થવા જાય છે, કે જે માની શકાતું નથી. માટે આ કારણથી દાકતર જીવનજી મોદીએ ઈરાનશાહને નવસારીમાં લાવ્યાનો સને ઈ. સ. ૧૫૧૯ ગણ્યો છે. પણ તેની વિરૂદ્ધ જતી બીના આ છે, કે ઇ. સ. ૧૪૮૬ * વાલી રેવાયતમાં નરીમાન હોશંગ અત્રેની હકીકત જણાવતાં કહે છે કે :—

"અયોઝદાસ્તગરી વ કારે ઈજશ્ન દર નવસારી વ સુરત હસ્ત વ આતશબહેરામ હસ્ત."

અર્થ—"નવસારી તથા સુરતમાં યોજદાથ્રેગરી તથા ઈજશ્નીનાં કામો થાય છે; તથા **આતશબહેરામ** છે."‡ (એ૦

---

*પા. પ્ર૦ પાને ૬. આ રેવાયતનો સને દાકતર જીવનજી મોદી ઈ. સ. ૧૪૮૧ તથા પ્રો૦ હોડીવાલા ઇ. સ ૧૪૮૦ જણાવે છે. આપણે પારશી પ્રકાશનો સને સ્વીકાર્યો છે; જોવો પ્રો૦ હોડીવાલાનું પુસ્તક **Studies in Parsi History** પા. ૨૮૮–૨૮૯, ૩૪૩, ૩૪૭. આ બીજી (નરીમાન હોશંગવાલી) રેવાયતને પ્રો૦ હોડીવાલાનાં મત પ્રમાણે "નોશીરવાન ખુશરૂ તથા મરજબાન ઇસફનદીઆરની રેવાયત" તરીકે ઓળખી શકાય. પ્રો. હોડીવાલા આ મત ઈ. સ. ૧૫૧૧ ની રેવાયતના લખાણ ઉપરથી ઉપજાવે છે. પણ ખુદ ઉપર કહેલી (નરીમાન હોશંગવાલી) રેવાયતમાં તો ઉપલાં નોશીરવાન ખુશરૂ કે મરજબાન ઇસફનદીઆરનાં નામો જડતાં નથી.

નોંધ—ઉપલા ફકરાવાળું જે મકતુબ (કાગળ) છે, તેમાં ઇ સ. ૧૪૮૬ વાલું સાલ નથી. પણ તે તેજ સાલે હોવું જોઇએ, તે હવે પછી જોઈશું.

‡પ્રો૦ હોડીવાલાએ પોતાનાં પુસ્તક Studies in Parsi History પાને ૪૫ ઉપર એક ફકરાનો ઈશારો મુંબાઇ યુનીવરસીટીની દારાબ હોરમજદયારની હસ્ત લેખિત રેવાયતના પા. ૧૭૬ A ઉપરથી ટાંકયો છે. પણ તે ઈશારાવાલો ફકરો ઉપલા ફકરાથી જુદોજ છે, તે હવે પછી જોવામાં આવશે.

માણેકજી રૂ. ઉનવાલાકૃત રેવાયતે દારાબ હોરમજદયાર વાલું છપાયલું દફતર બીજું પા. ૩૮૯ લીટી ના. ૪–૫૭). દેખીતું છે કે આ નવસારીમાંનાજ શ્રી ઈરાનશાહની વાત છે. કારણ કે તે વખતે હિંદમાં બીજે કેથે બીજા કોઈ આતશબહેરામ હતા નહિ. માટે ઈ. સ. ૧૪૮૬ ની અગાઉ નવસારીમાં આતશબેહેરામ આવ્યા હતા એમ સિદ્ધ થાય છે.

કીસ્સે સંજાણવાલાએ કહ્યું છે, કે સુલતાન મહમુદે પોતાના વજીર અલફખાનને સંજાણ મધ્યે લડવા મોકલ્યો હતો. તે લડાઈની ૨૬ વર્ષ પછી નવસારીમાં શ્રી ઈરાનશાહને લાવવામાં આવ્યા હતા. હવે આ સુલતાન મહમુદને કેટલાક સાહેબો મહમુદ બેગડો (ઈ. સ. ૧૪૫૯–૧૫૧૩) સમજ્યા છે. અને મહમદન તવારીખનવેશોના પુસ્તકો ઉપરથી જણાય છે, કે મહમુદ બેગડાએ ઈ. સ. ૧૪૬૫ માં ગુજરાતથી છેક દમણ સુધી ચઢાઈ કીધી હતી; તથા દમણની પાસેના બારદુ (બારદ, બારૂદ)નો કીલ્લો જે પાહાડ ઉપર હતો તેને સર કીધો હતો. (જોવો પ્રો૦ હોડીવાલાનું પુસ્તક પા. ૫૦). આ બારદુ (બારદ, બારૂદ)ને બારોટનો પહાડ ગણી એમ કહેવામાં આવે છે, કે સંજાણની લડાઈ ઈ. સ. ૧૪૬૫ માં થઈ હતી. પણ જો તેમ હોય તો નવસારીમાં ઈરાનશાહને લાવ્યાનો સને ઈ. સ. ૧૪૬૫+૧૨+૧૪ =૧૪૯૧ થાય છે; જ્યારે આપણે ઉપર જોયું તેમ ઈ. સ. ૧૪૮૬ માં ઈરાનશાહ તો નવસારીમાં હતાજ. આના જવાબમાં કહેવામાં આવે છે, કે વચલાં ૧૨ વર્ષ તો ૧૪ વર્ષમાં સમાઈ ગયલાં ઘણાક લેખકોએ જણાવ્યાં છે (પ્રો૦ હોડીવાલાનું પુસ્તક પા. ૧૧૪). માટે શ્રી ઈરાનશાહનો નવસારીમાં આવ્યાનો સને ૧૪૬૫+૧૪=૧૪૭૯ નો થાય છે. પણ આપણે જે સાહદતો ટાંકી છે, તે ઉપરથી આ સને આટલો પાછલનો હોય એમ માની શકાતું નથી. વળી એક વધુ સાહદત આ છે, કે ઈ. સ. ૧૫૧૧ વાલી રેવાયતમાં નવસારીના રહેવાસી તરીકે દસ્તુર ખુરશેદનું નામ મળે છે, અને તેમને "દસ્તુર ખુરશેદ બુજોરગે

સંજાનાન"* કહ્યા છે. ઇ. સ. ૧૪૮૬ ની રેવાયતમાં પણ તેમનું નામ છે. અને ત્યાં તેમને "હીરબદે હીરબદાન **બુજોરગ સંજાનાન**" કહ્યા છે.† હવે "**બુજોરગ સંજાનાન**" શબ્દો ઉપરથી ખુલ્લું માલમ પડે છે, કે તે વખતે સંજાણા મોબેદો નવસારીના રહેવાસી હતા. ઉપલા દસ્તુર ખુરશેદનું નામ ઈ. સ. ૧૪૭૮ ની રેવાયતમાં નવસારીના મોબેદો સાથે "**હીરબદ ખુરશેદ**"$ તરીકે છે. માટે ઇ. સ. ૧૪૭૮ માં સંજાણા મોબેદો નવસારીમાં આવી રહ્યા હતા, એવું અનુમાન નીકળે છે. તેઓ નવસારીમાં પહેલવહેલા ઈરાનશાહ સાથે આવ્યા હતા અને તેથી ઈરાનશાહને નવસારીમાં લાવ્યાનો સને ઇ. સ. ૧૪૭૯ (જે પ્રો૦ હોડીવાલાએ ધાર્યો છે તે) ટકી શકતો નથી.

ઉપલી મુશ્કેલીને લીધે કેટલાક સાહેબોએ ઉપલા સુલતાન મહમુદને અલાઉદીન ખીલજી (ઈ. સ. ૧૨૯૭–૧૩૧૭) જણાવ્યો છે. તેનો વખત પણ ઇ. સ. ૧૪૧૯ વાલાં સાલથી બહુ આગમચનો છે. હાલે આપણો મત તો આ છે કે કીસ્સે સંજાણવાલાએ ચીતોડનીઈ લડાઈની કેટલીક **હકીકતને** સંજાણની લડાઈની હકીકત સાથે ભેળી નાંખી છે. સંજાણમાં કાંઈ મોટી આફત તો આવેલી હોવીજ જોઇએ, કારણ કે શ્રી ઈરાનશાહને બારોટના પહાડ ઉપર લઇ જવામાં આવ્યા હતા.

ચાંગાશાહ કયાં સુધી હૈયાત હતા?

કીસ્સે સંજાણ પ્રમાણે શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવવા ચાંગાશાહે આગેવાની ભર્યો ભાગ લીધો હતો. અગર જો શ્રીજીને નવસારીમાં લાવવાનો ઈ. સ. ૧૪૧૯ નો સને ખરો હોય, તો

---

*જોવો માણેકજી રૂસ્તમજી ઉનવાલાકૃત દારાબ હોરમજદયારની રેવાયત, છપાયલું પુસ્તક વો. ૨ પા. ૩૯૧ લીટી ૪–૬.

†ઉપલુંજ પુસ્તક પા. ૩૮૩ લીટી ૫ તથા પા. ૩૮૮ લીટી ૧૦-૧૧

$ઉપલુંજ પુસ્તક પા. ૩૮૦ લીટી ૪.

ઈજોવો મારૂં પુસ્તક Parsis of Ancient India પા. ૫૭–૬૫. ત્યાં કહ્યું છે કે ચીતોડની લડાઇમાં પારસીઓ લડયા હતા. આ અનુમાન ખેંચી લઉં છું.

ચાંગાશાહનો તે વખતે જન્મ પણ થયલો હોવો જોઇએ નહિ. ઇરાનશાહને નવસારીમાં લાવ્યા હતા, તેની હકીકત કીસ્સે સંજાણુવાળાએ પોતાના બાપ યા બપાવાથી ખુદ પોતે સમજી હોય. માટે કીસ્સે સંજાણવાળાએ ખરીજ હકીકત લખી છે, એમ માનવાને કારણ છે. ચાંગાશાહનું નામ ઈ. સ. ૧૪૭૮, ૧૪૮૬ તથા ૧૫૧૧ વાલી રેવાયતોમાં જડે છે. પણ મુખ્ય સવાલ આ છે કે તેઓ શું ઈ. સ. ૧૫૧૧ માં ખરેખર હૈયાત હતા ?

ચાંગાશાહ ઈ. સ. ૧૪૭૮ માં હૈયાત હતા, તે નરીમાન હોશંગની પેહેલી રેવાયત ઉપરથી ના પાડી શકાય એમ નથી. સબબ કે ત્યાં નરીમાન હોશંગને ઇરાનીઓ સાથે વાતચીત કરતાં જણાવ્યો છે; તેમાં તે કહે છે કે "નવસારીમાં એક આગેવાન બેહેદીન ચાંગાશાહ છે, તેમણે જજીઓ માફ કરાવ્યો છે."† (રેવાયતે દારાબ હોરમજદયાર લીથોગ્રાફ પુસ્તક વો. ૨ પાને ૩૮૦. પ્રો. હોડીવાલાનું પુસ્તક પા ૨૮૦)

ઈ. સ. ૧૪૮૬ ની રેવાયતમાં ચાંગાશાહ તથા બેરામશાહનાં નામો છે. ઈ. સ. ૧૫૧૧ ની રેવાયતમાં ચાંગાશાહ તથા બેહેસ્તનશીન બેહરામશાહના છોકરાઓ માનેકશા તથા આસદીનશાહનાં નામો છે. ૧૫૧૬ ની રેવાયતમાં માણેક ચાંગા (સાલારે નોસારી)....તથા બીજાં ૨૧ નામો તથા ચાંગાશાહના ભત્રીજા ધઇઆં રાણા તથા પોત્રા આશા બહેરામ બીન ચાંગા તથા...માણેક બહેરામનાં નામો છે. ૧૫૨૭ ની રેવાયતમાં* દહ્યોવદ (દાવર) બેહેદીન માણેક ચાંગાની પછી આસાઈ બેહેરામ તથા ધઇઆં ચાંગાના નામો છે.

આ ઉપરથી દેખાય છે કે ચાંગાશાહના મોટા બેટા બેહેરામશાહના મરણ બાદ તેમના બીજા બેટા માણેક નવસારીના

---

†અસલ ફારસી આ પ્રમાણે છે:—"દર નવસારી સાલારી બહેદીન અસ્ત. વ ઉરા નામ ચંગેશાહ, વ જઝીયહ બહેદીનાને નવસારી રા દૂર કુનાનીદેહ અસ્ત."

*આ રેવાયતોના નામો આપણે આપવાની જરૂર જોતા નથી. નામો માટે પ્રો. હોડીવાલાનું પુસ્તક જોવું.

આગેવાન બેહેદીન હતા,–બેહેરામશાહના છોકરાઓ નહિ. ત્યારે ફક્ત ૧૫૧૧ ની રેવાયતમાં ચાંગાશાહ પછી બેહેરામશાહના છોકરાઓ (અને તે પણ વળી **બંને** છોકરાઓ) નાં નામો આવે, તથા માણેકનું નામ બીલકુલ ન આવે, તો શું માણેક ચાંગાશાહને મોટું બલકે હડહડતું અપમાન ન કહેવાય? માટે એમ ધારી શકાય કે ઇરાનીઓએ કાગળ મોકલ્યો, તેમાં તેઓએ માણેક ચાંગાશાહનું નામ લખવાને બદલે ભૂલમાં (માણેક નામ મુકી દઇ) ફકત ચાંગાશાહનું નામ લખ્યું હોય. પણ વધુ મુસ્તકીમ ખોલાસો નીચે પ્રમાણે દીશે છે.

આગલા વખતમાં આપણામાં એક એવો રેવાજ હતો, કે મોટાં જાણીતાં કુટુંબોમાં કુટુંબના વડા વારસો પોતે સહી કરતા, તે પોતાનાં નામે નહિ, પણ પોતાના કુટુંબને સ્થાપનાર જાણીતા વડીલનાં નામે સહી કરતા હતા. આ બીના દાકતર જીવનજી જ. મોદીએ પારસી પ્રકાશને આધારે (જ્ઞાન પ્રસારક વિષયો ભાગ ચોથો પા. ૧૨–૧૩ ઉપર) આપી છે, તે બહુજ અગત્યની છે. દાકતર મોદી પારસી પ્રકાશ (પા. ૬૫) માંથી તા. ૨૭ મી અકટોબર ૧૭૮૫ ને દીને મળેલી અનજુમનની સભાની "મીનીટ" ની બાબત રજુ કરી જણાવે છે, કે તે "મીનીટ" ઉપર મોદી જીજીભાઇ જમશેદજીની સહી પહેલી છે. તેઓ તો તા૦ ૧૦ મી એપ્રીલ ૧૭૩૮ ને દીને ગુજરી ગયા હતા. ખા. બ. બહમનજી પટેલ પારસી પ્રકાશમાં (ફુટ નોટમાં) કહે છે, કે "અમો ધારીએ છીએ કે મોદી જીજીભાઈ જમશેદજીની સહી ખોલાસે પંચાએતમાં ભૂલથી છપાઈ છે. યા તો એવણના નબીરા શેઠ જમશેદજી બોગાભાઈ મોદી, કે જેવણ આ વખતે પંચાતના મુખ્ય અકાબર હતા, તેવણે પોતાની સહી પોતાના બપાવાને નામે કીધી હોય. સબબ કે તે **વખતે એવો પણ રવૈયો હતો, કે કાંઈ સારાં કામોમાં નામ લખવું હોય, તો પોતાની જગાએ પોતાના વડીલ યા મુરબીનું નામ લખવું.**" (પા. પ્ર. પા. ૬૬). ખા બ. પટેલ આ રવૈયાની વાત લખે છે, તેજ બરાબર છે. વળી દાકતર મોદી કહે છે, તેમ "આ રેવાજ

નવસારીના જાણીતા ખરશેદજી દેશાઈના કુટુંબમાં ઘણો વખત સુધી ચાલુ રહ્યો હતો." (દાકતર મોદીનું ઉપલું પુસ્તક પા. ૧૩).

આ રેવાજની પુરવારીમાં આપણને બીજી પણ સાહદતો મળે છે તે અત્રે ટાંકીશું. ઈ. સ. ૧૭૪૯ માં નવસારીની અનજુમને મુંબાઈની અનજુમનને એક કાગળ લખી ભલામણ કરી હતી, કે રવાનોના પગ લાંબા રાખવા. આનો જવાબ મુંબાઈની અનજુમને તા. ૨૫ મી એપ્રીલ ૧૭૪૯ O. S. ને દીને વાળ્યો હતો. તે જવાબમાં એક સહી આ. માણેકજી નવરોજી શેઠની છે. (જોવો પારસી પ્રકાશ પા. ૩૮ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૭૯). હવે આ માણેકજી શેઠ તો તા. ૧૯ મી. એપ્રીલ ૧૭૪૮ O. S. ને દિને યાને નજદીક એક વર્ષ આગમચ ગુજરી ગયા હતા. છતાં તેમના નામની સહી ઉપલા જવાબમાં તેમના કોઇ વંશજે કરેલી છે.

મુંબાઈમાં "માણેકજી શેઠ" વાલું બીજું દખમું બાંધવાનો ઠરાવ થયો હતો, તેનાં તાંણાની ક્રિયા કરવા મોબેદોની એક જોડ મોકલવા તા. ૨ જી ફેબરવારી ૧૭૫૦ N. S. ને દીને મુંબાઈથી એક પત્ર નવસારીની અનજુમન ઉપર લખવામાં આવ્યો હતો. તેમાં આ. માણેકજી નવરોજી શેઠની વતી તેમનાં બે ધણીઆનીઓએ સહી કરી હતી. (પા. પ્ર. પા. ૩૮ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ તા. ૧ પા. ૯૦–૯૧).

ઈ. સ. ૧૭૫૫ માં મુંબાઈના ૭૭) જાણીતા ગૃહસ્થોએ નવસારીની અનજુમન ઉપર "મોબેદો સંપ કરી બરશનુમ આપતા નથી" એવી ફરીઆદ કરી પત્ર લખ્યો હતો, તેમાં બીજી સહી આ. માણેકજી નવરોજીની છે. (જામાસ્પજી મેહેરજીરાણા હસ્તલેખ ના. ૧ પા. ૯૨–૯૩, તથા પા. પ્ર. પાને ૪૦). તે સહી પણ તેમના કોઈ વંશજે કરેલી છે. અત્રે જાણવું જોઇએ છે, કે આ પત્રમાં પહેલી સહી બરજોરજી ફરામજી શેઠની છે. તથા ત્રીજી સહી નાનાભાઇ બમનજી શેઠની છે. માટે ઉપલી બીજી સહીવાળું નામ જાણીતા માણેકજી નવરોજી શેઠનુંજ છે

તેમાં શક નથી, જો કે તે વખતે તેમને ગુજરી ગયાને તો સાત વર્ષ થઇ ગયાં હતા. તા. ૩ જી સપટેમબર ૧૭૬૯ N. S. ને દીને સુરતના કેટલાક સાહેબોએ દેશાઈ ખુરશેદજી તેહમુલજી ઉપર એક પત્ર લખ્યો છે, તેમાં બીજી સહી મોદી નાનાભાઈ ભીમજીની છે. પણ તેઓ તો તા. ૧૪ મી નવેમબર ૧૭૬૬ N. S. ને દીને ગુજરી ગયા હતા. (જોવો જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૭૫–૭૬, તથા પારશી પ્રકાશ પા. ૪૬ તથા ૪૫). આ ઉપરથી માલૂમ પડે છે, કે મજકુર નાનાભાઇ મોદી વતી તેમના કોઈ વારસે તેમનાં મરણ બાદ તેમનું નામ ચાલુ રાખવા સહી કરી છે.

આ રેવાજ ઉપરથી તથા ચાંગાશાહની પછી તેમના હૈયાત બેટા માણેક નવસારીમાં અકાબર થયા હતા, માટે નક્કી અનુમાન કરવાને કારણ મળે છે, કે ઈ. સ. ૧૫૧૧ ની રેવાયતમાં ચાંગાશાહનું નામ મળે છે, તે ઉપરથી એમ માની લેવું જોઈતું નથી, કે તે વખતે ચાંગાશાહ હૈયાત હતા.* પણ ઘણુંજ સંભવિત તો આ લાગે છે કે અત્રેથી ઈરાન કાગળ ગયું, તેમાં માણેકશાહે પોતાના નામની સહી કરવાને બદલે (આપણે ઉપર દરશાવેલા રેવાજ પ્રમાણે,) પોતાના ઘણાજ નામાંકિત મુરંબી પિતાના નામની સહી કીધી હોય. ઈરાનવાળાઓને ચાંગાશાહનાં મરણની ખબર નહિ હોયાને સબબે ચાંગાશાહનુંજ નામ પોતાનાં પત્રમાં દાખલ કીધું હોય; અથવા તેઓને ચાંગાશાહનાં મરણની ખબર અગાઉ મળી ચુકી હોય, છતાં ચાંગાશાહનું નામ લખતી વેળાએ તેઓએ તે નામ માણેક ચાંગાશાહ માટે વાપર્યું હોય. કદાચ કહેવામાં આવશે, કે પાછલી રેવાયતોમાં ખુદ માણેક ચાંગાશાહનું

---

*શેઠ માણેકજી નવરોજી શેઠના ધરમખાતાના હાલના (૧૦મા) મુતવલી મારા મુરંબી શેઠ કાવસજી જાલભાઇ શેઠનું નામ પહેલાં તો શેઠ કાવસજી મેરવાનજી શેઠ હતું. પાછળથી તેમના વડા ભાઇ શેઠ જાલભઈનાં મરણ બાદ તેમણે ઉપર પ્રમાણે નામ ધારણ કર્યું હતું. આજે પણ કેટલાકો તેમને તેમના વડા ભાઇનાં નામે "જાલભાઇ શેઠ" તરીકે બોલાવે છે, તથા લખે છે આવું "જાલભાઇ શેઠ" ના નામવાળું કાગલ વાંચી આજે જો કોઇ એમ કહે કે જાલભાઇ શેઠ આજે હૈયાત છે, તો તે ખોટું ગણાય.

નામ મળે છે, તે ઉપલાં અનુમાનની વિરૂદ્ધ જાય છે. પણ આપણે જાણીએ છીએ, કે કેટલાકો વખત જતાં પોતાનાં નામ ફેરવી નાંખે છે. એજ પ્રમાણે શરૂઆતમાં માણેક ચાંગાશાહે પોતાના બાપ ચાંગાશાહને નામે સહી શાખ કરી હોય; પણ વખતના વેહવા સાથે પોતે મશહુર થયાથી પોતાનાં નામેજ લખાણ કીધાં હોય.

માટે ઈ. સ. ૧૫૧૧ માં ચાંગાશાહ હૈયાત ન હતા, એમ ગણવું ખોટું નથી. બેશક તેઓ ઇ. સ. ૧૪૮૬ માં તો હૈયાત હતા, તે આપણે ઉપર જોઈ ગયા. ત્યારે ઇ. સ. ૧૪૧૯ માં શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવવામાં ચાંગાશાહનો મુખ્ય હાથ હતો, તે હકીકતનું સંભવિતપણું સેહેલાઈથી પુરવાર થાય છે. સબબ જો તે વર્ષમાં તેમની ઉમર ૨૫) વર્ષની હોય, તો ઈ. સ. ૧૪૮૬ માં તેમની ઉમર ૯૨) વર્ષની થવા જાય છે, કે જે બનવા જોગ છે. તેઓ ઈ. સ. ૧૪૮૬ ની પછી થોડાંક વર્ષમાં (પણ ઈ. સ. ૧૫૧૧ ની આગમચ) ગુજરી ગયા, હોય તે પણ બનવા જોગ છે.

શ્રી ઇરાનશાહને નવસારીમાં લાવનારા ત્રણ મોબેદોનો સનેનો અહસટો.

આપણે ઉપર જોયું કે શ્રી ઈરાનશાહને નવસારીમાં ત્રણ આથોરનાન સાહેબો ખુરશેદ કામદીન, નાગન રામ તથા ચાંઈઆં શાયર લાવ્યા હતા આ ત્રણે સાહેબોના જુદાજુદા વંશજોનાં નામો રેવાયતમાં મળે છે, તેના ઉપરથી તેઓ આશરે કયા સાલમાં હૈયાત હતા, તેનો કાંઈક ઝાંખો ભાસ થાય છે. ચાંઈયાં શાયર (શહીઆર) ની વંશવલિઓ અત્રે ટાંકી વિવેચન કરીશું.

(૧) ચાંઈઆં શાયર—નાગોજ—ખુરશેદ—બેહેરામ.

આ બેહેરામનું નામ ઈ. સ. ૧૫૧૬ તથા ઈ. સ. ૧૫૨૦ વાલી રેવાયતોમાં મળે છે. હવે જો ઇ. સ. ૧૫૨૦ માં બેહેરામની ઉમર ૫૦ વર્ષની હોય, તો તેમનો જન્મ ઈ. સ. ૧૪૭૦ માં ગણાય. તે વર્ષની ૩×૨૫=૭૫ વર્ષ આગમચ ચાંઈઆંનો જન્મ આશરે ઈ. સ. ૧૩૯૫ માં આવે. માટે ઈ. સ. ૧૪૧૯ માં

આતશબેહેરામ નવસારીમાં લાવવામાં આવ્યા, ત્યારે ચાંઈઆંની ઉમર ૨૪ વર્ષની હોય એ બનવા જોગ છે.

(૨) ચાંઈઆં શાયર (સહીઆર)–શાહેર–રામ–હમજીઆર.*

આ હમજીઆરનું નામ ઈ. સ. ૧૫૧૬ ની રેવાયતમાં મળે છે, તે આપણે જોઈ ગયા. અત્રે પણ ત્રણ પેહેડી હોવાથી ઉપલા પ્રસંગે ચાંઈઆંની ઉમર લગભગ ઉપર પ્રમાણે થાય છે.

ચાંઈઆં શાયરની વંશાવલિની આ ગણત્રીઓ ઉપરથી દેખાશે, કે ત્રણ આથોરનાન સાહેબો જેઓ શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યા હતા, તેઓ વિષેનાં કીસ્સે સંજાણનાં લખાણને ઉપલી વંશાવલિઓથી કાંઈક ટેકો મળે છે. એવોજ ટેકો નાગણ રામ તથા ખોરશેદ કામદીનની બે વંશાવલિ ઉપરથી પણ મળે છે:—

(૧) કીસ્સે સંજાણવાલા બહમન કેકોબાદની વંશાવલિ આ પ્રમાણે છે:–નાગન રામ–નરશંગ–કામ–પદમ–હોરમજદયાર –કુકા (કેકોબાદ)–વીકજી (બહમન). આ (કીસ્સે સંજાણવાલો) બહમન જેનો સને ઈ. સ. ૧૬૦૦ છે, તેની છ પેહેડી આગળ યાને ૧૫૦ વર્ષ આગળ, યાને ઈ. સ. ૧૪૫૦ ને શુમારે નાગન રામ હતા. માટે ઈ. સ. ૧૪૧૯ માં તેઓ મોટી ઉમરના હતા એ દેખીતું છે. (નશરવાનજી ન. ઉનવાલાની વંશાવલિનું પુસ્તક પા. ૧૦૪).

(૨) ઉપલા બહમન કેકોબાદના ઉસ્તાદ દસ્તુર હોશંગ આશા હતા. આ હોશંગની વંશાવલિ નીચે પ્રમાણે છે:— ખોરશેદ કામદીન–આશદીન–ચાંઈઆં—કામદીન—આશા–હોશંગ. (નશરવાનજી ન. ઉનવાલાની વંશાવલિ પા. ૬૯). આ હોશંગ દસ્તુરનું નામ ઈ. સ. ૧૬૦૧ ની રેવાયતમાં જડે છે. (પા. પ્ર. પાને ૮૩૯). માટે તેની પાંચ પેહેડી આગળ યાને ઈ. સ. ૧૪૭૬ ને શુમારે ખોરશેદ કામદીનનો જમાનો આવે છે, કે જે બનવા જોગ છે.

---

* એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલાની જુની ફેહરીસ્ત પા ૨.

એરવદ નોશેરવાનજી નવરોજી ઉનવાલાએ "ઉડવાડેના અથોરનાન ટોળાનાં નવે કુટુંબની વંશાવલિનાં ઝાડો"નું પુસ્તક પ્રગટ કર્યું છે, તેમાં દરેક ઝાડમાં **ખોશમસ્તાથી** ય. જ. ૧૨૮૯, કહો કે આજ દીન સુધી કેટલી કેટલી પેહેડીઓ થઈ છે તે જણાવ્યું છે. આ પેહેડીઓનો "એવેરેજ" ૨૬॥ થાય છે. માટે ચાંઇઆં સહીઆર તથા ખોરશેદ કામદીનથી આજ સુધી ૨૦॥ પેહેડી થાય છે. એટલે પેહેડી દીઠ ૨૫ વર્ષ ગણતાં ૫૧૯ વર્ષ આશરે થાય છે. માટે આજથી (ઈ. સ. ૧૯૨૬ થી) ૫૧૯ વર્ષ આગમચ યાને ઇ. સ. ૧૪૦૭ માં આ બંને સાહેબોનું સાલ આવે છે. નાગન રામથી આજ સુધી ૨૧॥ પેહેડી હોવાથી તેમનો જમાનો ઈ. સ. ૧૩૮૨ આવે છે.

(૩) પ્રખ્યાત દારાબ હોરમજદયાર રેવાયતવાલા લેખકની વંશાવલિ નીચે પ્રમાણે છે:—

નાગન રામ – નરસંગ – કામ–પદમ–દસ્તુર હમજીઆર–દસ્તુર કેકોબાદ (કુકા)–કામદીન–હોરમજદયાર–(દાદા) દારાબ.*

એરવદ (દસ્તુર) હમજીઆરનું નામ ઇ. સ. ૧૫૪૩ વાલા એક લેખમાં જડે છે. (પા. પ્ર. પા. ૮).

દસ્તુર કેકોબાદનું નામ ઈ. સ. ૧૬૦૧ વાલી કાઉશ માહીઆરની રેવાયતમાં છે.

---

*જોવો એ. ભીખાજી ઉનવાલાની જુની ફેહરીસ્ત પા. ૭–૮. ઉદવાડાથી મળેલાં નશરવાનજી ન. ઉનવાલાની વંશાવલિનાં ઝાડમાં હોરમજદયારની આગલ ફરામરઝને જણાવ્યા છે કે જે હોરમજદયારનો ભાઇ માલુમ પડે છે (દસ્તુર દારાબ હોરમજદયારની રેવાયત દાકતર મોદીનો Preface પા. ૨૪). સબબ કે કામદીનના ત્રણ બેટાઓ બરજોર (રેવાયતવાલો), ફરામ તથા હોરમજદયાર હતા. કામદીનનો ભાઈ બહમન (કીસ્સે સંજાણનો કર્તા) હતો. આ સંજાણ કુટુંબ બેશક બહુજ પ્રખ્યાત હતું. એ. ભીખાજી ઉનવાલાની જુની ફેહરીસ્તમાં હોરમજદયાર કામદીન તથા બરજોર કામદીનનાં નામો જડે છે, તે ઉપલાને ટેકો આપે છે (જોવો એ ફેહરીસ્ત પા. ૯). એરવદ નશરવાનજી ન. ઉનવાલાની ફેહરીસ્તમાં હોરમજદયારને ફરામનો પાલક જણાવ્યો છે (છાપેલી ફેહરીસ્ત પા. ૧૨૨).

એ. કામદીનનું નામ ઇ. સ. ૧૬૨૬ વાલી રેવાયતમાં છે (પા. પ્ર. પા. ૧૧).

હોરમજદયારનાં લખાણોનાં કોલોફોન ઈ. સ. ૧૬૪૩–૧૬૫૪ નાં છે.

દારાબનો એક હસ્ત લેખ ઈ. સ. ૧૬૭૮ નો છે (જોવો માણેકજી ઉનવાલાની દારાબ હોરમજદયારવાલી રેવાયત, દાકતર મોદીની પ્રસ્તાવના પા. ૫૫).

હવે ઉપલા દસ્તુર હમજીઆરની ૪ પેહેડી આગળ નાગન રામ હતા; માટે ઈ. સ. ૧૫૪૩ ની ૪×૨૫=૧૦૦ વર્ષ આગળ યાને ઈ. સ. ૧૪૪૩ માં નાગન રામ હતા.

માટે ઈ. સ. ૧૪૧૯ માં નાગન રામ મોટી ઉમરના હોય એ બનવા જોગ દીશે છે.

દસ્તુર ખુરશેદ કામદીન કે ખુરશેદ નાગોજ?

કહેવામાં આવે છે કે જેમ ચાંગાશાહનું નામ ઈ. સ. ૧૪૭૮ તથા ૧૪૮૬ તથા ૧૫૧૧ ની રેવાયતોમાં આવેલું છે, તેમ "ખુરશેદ કામદીનનું" નામ પણ છે. આ રેવાયતોમાં તેમનું નામ "હીરબદ ખુરશેદ" તથા "હીરબદે હીરબદાન ખુરશેદ બુજોરગે સંજાનાન" તથા "દસ્તુર ખુરશેદ બુજોરગે સંજાનાન" આ પ્રમાણે છે. આ દસ્તુરના બાપનું નામ ત્યાં નથી. માટે આ દસ્તુર ખુરશેદ કામદીનજ હતા, એમ કહેવાને કાંઈ પણ સત્તા નથી. આપણા મત પ્રમાણે તો **તેઓ ચાંઈઆં શાયરના પહેલા બેટા નાગોજના બેટા ખુરશેદ હતા.**† આ મતને ઈ. સ. ૧૫૧૬ ની રેવાયતથી ટેકો મળે છે. તેમાં ઉપલા દસ્તુર ખુરશેદ કામદીનનું નામ જડતું નથી; પણ તેમના બેટા **દસ્તુર બેહેરામનું** નામ જડે છે. વળી દસ્તુર ખુરશેદના બીજા

---

†એ ભીખાજી દી. ઉનવાલાની જુની ફેહરીસ્ત પાને ૨) તથા એ. માહીઆરજી કુતારકનેથી મલેલું વંશાવલિનું ઝાડ, તથા ન. ઉનવાલાનું ઉદવાડાથી મળેલું ઝાડ તથા તેમનીજ વંશાવલિ(અધ્યારૂજીવાલું કુટુંબ) આપણી તકરારને ટેકો આપે છે.

બેટા એરવદ શાયર ખુરશેદનું* નામ કામદીન શાપુરવાલી (ઈ. સ. ૧૫૫૮)ની રેવાયતમાં આવ્યું છે–કે જેને આતશ-બેહેરામના (યાને શ્રી ઈરાનશાહના) ખીદમતદાર તરીકે જણાવ્યા છે. આ બે સાહેબોના બાપનો સને છેક ઈ. સ. ૧૪૧૯ ઉપર મેળી શકાય નહિ. માટે ઉપલા "દસ્તુર ખુરશેદ બુજોરગે સંજાનાન" દસ્તુર ખુરશેદ કામદીન નહિ, પણ કોઈ બીજા હોવા જોઇએ. અગર જો આપણે ઉપર કહ્યું તેમ તેઓ ચાંઈઆં શાયર (ઈ. સ. ૧૪૧૯)ના પૌત્ર હોય, તો તેમનું નામ ઈ. સ. ૧૪૭૮ તથા પછીની રેવાયતોમાં આવે એ તદન બંધબેસ્તું થઇ પડે છે.

ઈ. સ. ૧૪૮૬ ને સુમારે શ્રી ઈરાનશાહ સરદ થયા હતા, એવો કોઇ પેટના બળ્યાએ ઉરાડેલો જુઠો બુમાટો.

અરબોને હાથે શિકસ્ત પામ્યા પછી પારસી ટોળો હિંદ સરજમીન ઉપર આવ્યો, ત્યારથી આજદીન સુધીના અરસામાં જેમ પારસીઓને અનેક હાદેસામાંથી પસાર થવું પડયું હતું, તેમ શ્રી ઈરાનશાહ આતશબહેરામને પણ અનેક મુશ્કેલીમાંથી પસાર થવું પડયું હતું. ભારે દિલગીરી સાથે અત્રે એક નાપસંદ સદંતર જુઠી કોઈ પેટના બળ્યાએ ઉભી કરેલી બીના જણાવવી પડે છે. એરવદ માહીઆર નવરોજી કુતાર કને દસ્તુર દારાબ હોરમજદયાર સંજાણા (ઈ. સ. ૧૬૮૫) ની † રેવાયતનો પોતાના હાથે લખેલો હસ્ત લેખ છે, કે જે હસ્ત લેખ ઉપરથી મરહુમ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાલાએ એક મોગલ કને નકલ કરાવી તેને લીથોગ્રાફથી છપાવી પ્રકટ કરી છે. આ છાપેલી

---

*રોજ આવાં માહા બહમન સંવત ૧૫૯૦ ના સાલમાં ધરની પરનાલનાં પાણી જવા બદલના એક ટંટામાં હી. શાએર ખુરશેદ સંજાણાએ આગેવાની લેઈ બીજાઓ સાથે મળી નીકાલ કરાવ્યો હતો. (ઇરાનીઅન એસોસીએશનનું જનરલ એપ્રીલ ૧૯૧૬ પા. ૧૩, પ્રો. હોડીવાલાનું લખાણ; તથા તેમનું પુસ્તક પાને ૨૦૦–૨૦૩).

†પા. પ્ર. પા. ૧૬. આ રેવાયતના જુદા જુદા હસ્તલેખોના સને માટે માણેકજી ઉનવાલાકૃત છાપેલી રેવાયતમાં દાકતર મોદીનો દીબાચો જોવો.

રેવાયતના બીજા દફતરના ૩૮૪ માં પાનાની ૧૪-૧૬ મી લીટીમાં, તેમજ ઉપલી કુતારવાલી દારાબ હોરમજદયારના પોતાના હાથે લખાયલી અસલ રેવાયતના ૫૭૧ A માં પાનાંની લીટી ૨-૪માં, તથા મુંબાઈ યુનીવરસીટીમાંના દારાબ હોરમજદયાર વાલા પોતાનાંજ હાથે લખેલા બીજા હસ્ત લેખના પાનાં ૧૭૬ Aની લીટી ૭-૯ માં † નીચલો ફકરો જડે છેઃ—

ફારસી—"દીગર આન કે દર નેવેશતહ સાદેર નમુદહ બુદંદ, કે દર નવસારી આતશવરહરામ સર્દ શુદહ. બસી નાપસંદીદહ અસ્ત. મગર અજ સબબે સરે હજાર એ અહરીમની આખેર મીનુમાયદ. વ દીગર માલુમ નીસ્ત કે આતશવરહરામ અજ કુજા આવોરદહ અંદ વ કય નેશાંદહ અંદ. માલુમ ફરમાયદ."

અર્થ—"બીજું આ કે તમારા લખ્યાથી નવું જાહેર થયું છે, કે નવસારીમાં આતશબેહેરામ સરદ થયા. બહુજ નાપસંદ થયું. કદાચ અહેરેમનીના આખેર હજારાની શરૂઆતના સબબથી પણ એવું કરી દેખાડયું હોય. બીજું અમને ખબર નથી, કે આતશબેહેરામ કયાંથી લાવ્યા હતા, અને કોણે પરઠયા હતા. તેની ખબર લખજો."

દારાબ હોરમજયદાર સંજાણા પોતાને આતશબેહેરામના પરેશતાર યાને ભક્તિ કરનાર તરીકે ઓળખાવે છે. માટે આ લખાણ તેમને આગલી રેવાયતમાંથી જરૂરજ મળેલું હોવું જોઇએ અને તે તેમણે પ્રમાણીકપણે ટાંકયું છે, તે વિષે કશો શક રહેતો નથી.

ઉપલો ફારસી ફકરો દારાબ હોરમજદયારે નરીમાન હોશંગવાલી રેવાયતમાંથી ટાંકયો છે, તેની પહેલી સાહાદત આ

---

† પરચુટણ રેવાયતાના સંગ્રહોનું એક જુનું ફારસી પુસ્તક એરવદ મેહેરજીભાઈ કુતારને હાલે મલ્યું છે, તેના પાનાં ૧૩૪-૧૩૫ ઉપર પણ આજ ફકરો મળે છે. ત્યાં ખુલ્લું લખ્યું છે, કે આ ફકરો નરીમાન હોશંગની રેવાયતમાંથી લખ્યો છે.

છે, કે એરવદ કુતારવાલા હસ્ત લેખમાં ખુદ આ ફકરાવાલા મકતુબ (કાગળ)ની છેવટે યજદજરદી સને ૮૫૫ (ઈ. સ. ૧૪૮૬) આપ્યો છે. તથા બીજી સાહાદત આ છે, કે યુનીવરસીટીવાલા હસ્ત લેખમાં ખુલ્લું લખ્યું છે, કે આ ફકરો નરીમાન હોશંગની રેવાયતમાંથી લીધો છે. પ્રો૦. હોડીવાલાએ આજ ફકરા વિષે પોતાનાં પુસ્તકમાં ઈશારો કીધો હતો, પણ તે ત્યાં ટાંકેલો ન હોવાથી વાંચક વર્ગને ખબર પડી ન હતી.

શ્રી ઈરાનશાહ સરદ થયા હતા તે ખોટી બીનાનો ઈ. સ. ૧૪૮૬ વાલીજ રેવાયતમાં જડતો રહિયો.

શું આ વાત ખરી હશે, કે ઈ. સ. ૧૪૮૬ ને શુમારે શ્રી ઈરાનશાહ આતશબેહેરામ સરદ થયા હતા યાને બુજાઈ ગયા હતા? જો તેમ હોય તો ૧૨૦૦ થી વધુ વર્ષ થયાં આ કેબલો અખંડપણે ધગધગતો જળતો રહેલો છે, એવી કોમના દરેક ગૃહસ્થની તથા બાનુની મકકમ માન્યતાને મજબૂત ફટકો પડે છે. પણ સારે નશીબે એજ નરીમાન હોશંગવાળી ૧૪૮૬ વાલી રેવાયતમાં એક બીજો ફકરો મળે છે, કે જે દારાબ હોરમજદયારની છાપેલી રેવાયતના બીજા દફતરનાં ૩૮૯ માં પાનાંની ૪-૫ મી લીટીમાં છે, તથા એરવદ કુતારવાલા અસલ હસ્ત લેખમાં પાને ૫૭૩ Bની લીટી ૫ મી મધ્યે છે, તથા યુનીવરસીટીવાલા અસલ હસ્ત લેખમાં પાને ૧૩ Bની લીટી ૫ મીમાં છે, અને તે નીચે પ્રમાણે છે:—

ફારસી—વ ગોફ્ત યોસદાસરેગરી વ કારે ઈજશ્ને દર નવસારી વ સુરત હસ્ત, વ આતશબેહેરામ હસ્ત.

અર્થ—"અને તેણે (નરીમાન હોશંગે) કહ્યું, કે નવસારી તથા સુરતમાં યોજદાથ્રેગરી તથા ઈજશ્નીનાં કામો થાય છે. અને આતશબેહેરામ છે."*

---

*આ ફકરામાં ખુલ્લું લખ્યું નથી, કે આતશબેહેરામ નવસારીમાં હતા કે સુરતમાં હતા. પણ તે વખતે આતશબેહેરામ નવસારીમાંજ હતા, તે બીજી સાહદતો ઉપરથી આપણે જોઈ ગયા.

જે મકતુબ (યાને કાગળ)માં આ ફકરો છે, તેમાં સાલ બીલકુલ મળતું નથી. ત્યારે સવાલ ઉભો થાય છે, કે તેનો સને કયો?

જે કાગળમાં આ ફકરો છે, તેની શરૂઆત આ પ્રમાણે થાય છેઃ-"નરીમાન હોશંગ યજદમાં આવ્યો, ત્યારે એક વર્ષ સુધી તે ફારસી ભાષા જાણતો હતો નહિ. માત્ર થોડાજ શબ્દો બોલતો હતો અને તેથી આ બાબત* વિષે હમારાથી કાંઈ તેહેકીક થઈ નહિ. અને તેથી હમે તેને કહ્યું કે આપણે એક બીજાને સમજીએ, માટે એક વર્ષ અહિંજ રહી જા....તે યજદમાં રહયો અને ખજુર ખરીદ કરી તથા વેચી તેણે થોડુંક (નાણું) એકઠું કીધું. અને તે અરસામાં તે કેટલુંક ફારસી શિખ્યો. અને હવે **અમને સવાલ કીધો** અને કહ્યું કે યોજદાથ્રેગરી તથા ઈજીશનીનાં કામો નવસારી તથા સુરતમાં થાય છે તથા આતશબેહેરામ છે."

આપણે જાણીએ છીએ, કે સાધારણ માન્યતા પ્રમાણે નરીમાન હોશંગની રેવાયતો બે છે-પહેલી યજદજરદી ૮૪૭ (ઈ. સ. ૧૪૭૮)ની તથા બીજી યજદજરદી ૮૫૫ (ઈ. સ. ૧૪૮૬)ની છે. તો કદાચ એમ કહેવામાં આવશે, કે આ ફકરો તો ઈ. સ. ૧૪૭૮ વાલી પહેલી રેવાયતનો દીશે છે-સબબ કે નરીમાન હોશંગ યજદમાં એક વર્ષ રહયો. પછી થોડુંક ફારસી શિખ્યો અને પછી તેણે જણાવ્યું કે "નવસારી તથા સુરતમાં યોજદાથ્રેગરી તથા ઈજીશનીનાં કામો થાય છે. અને આતશબેહેરામ છે." અગર જો આ દલીલ ખરી હોય, તો તે ઉપરથી અનુમાન આ નિકળે છે, કે ઈ. સ. ૧૪૭૮ માં ઈરાનના ચોકકસ ગામોના લોકોએ પહેલવહેલું જાણ્યું કે નવસારીમાં આતશબેહેરામ છે. આ વાતની ખબર ઈરાનના બીજા ગામોના લોકોને હતી નહિ. તેઓએ ઈ. સ. ૧૪૮૬ માં પહેલવહેલું જાણ્યું, કે નવસારીમાં

---

*"આ બાબત" તે કઈ બાબત તે આ મકતુબ યાને કાગળ ઉપરથી માલૂમ પડતી નથી. પણ તે આતશબેહેરામનીજ બાબત હોવી જોઇએ એમ દીશે છે.

આતશબેહેરામ હતા તે બુજાઈ ગયા. પણ તે કયારે પરઠ્યા હતા તેની માહિતી તેઓને હતી નહિ. પણ ઉપલું અનુમાન બીલકુલ ટકી શકતું નથી. ઉપલો ફારસી ફકરો ઈ. સ. ૧૪૭૮ વાલી પહેલી રેવાયતનો નથી, તેનાં મુસ્તકીમ કારણો સારે નસીબે મોજુદ છે. પહેલું કારણ આ છે કે બંને રેવાયતોનાં કાગજો ઈરાનમાં યજદ શેહેરની પાસે આવેલાં તુરકાબાદ તથા શરફાબાદ નામનાં ગામોમાંથી લખાયાં હતાં. અને તેના ઉપર તે ગામોના દસ્તુરો તથા હેરબદોની સહી છે. વળી આ બંને રેવાયતોનાં કાગજો ઉપર બે હેરબદો નામે હોશંગ શ્યાવક્ષ તથા કેખશરૂ શ્યાવક્ષની સહી છે; અને બંને રેવાયતોના કાગજો લખનાર હેરબદ શાપુર જામાસ્પ હતો, કે જે ઉપલા હોશંગ શ્યાવક્ષના કાકાનો છોકરો હતો. આ ઉપરથી ત્યારે આટલું તો નકકી થાય છે, કે કેટલાક મોબેદોને આ બંને રેવાયતોવાલાં કાગજોની પુરેપુરી માહિતી હતી. અને જ્યારે તેઓ ઈ. સ. ૧૪૮૬ વાલાં કાગજમાં નાપસંદગી સાથે આતશબેહેરામ સરદ થયાની ખબરની બાબત લખી જણાવે છે, અને કહે છે કે "આતશબેહેરામ કોણે પરઠ્યા વગેરે તે અમને માલૂમ નથી, તેની ખબર આપજો." ત્યારે ખુલ્લું દીશે છે કે આ ખબર તેઓને પહેલવહેલી મલી હતી. પાછળથી નરીમાન હોશંગ કે જે હવે ફારસી શિખી વાતચીત બરાબર કરવા લાગ્યો હતો* તેણે જણાવ્યું કે "નવસારી તથા સુરતમાં યોજદાયેગરી તથા ઈજશનીનાં કામો થાય છે તથા આતશબેહેરામ છે." માટે આ ફકરો પણ ઈ. સ. ૧૪૮૬ વાલી રેવાયતનો હોવો જોઇએ, અને તે ઉપલા ફકરાની પાછળનો હોવો જોઇએ. અગર જો આ ફકરાને ઇ. સ. ૧૪૭૮ વાલી રેવાયતનો ગણીએ, તો અનુમાન આ નિકળે, કે તુરકાબાદ તથા શરફાબાદવાલા કેટલાક મોબેદોને ઈ. સ. ૧૪૭૮ માં નવસારીવાલાં આતશબેહેરામની હસ્તીની

---

*પ્રો૦ હોડીવાલા નરીમાન હોશંગની બીજી રેવાયતનો સને એક ઠેકાણે ચોકકસ કારણોને લીધે ઈ સ. ૧૪૮૦ નો ગણાવે છે, તે વધુ બંધબેસ્તું થઇ પડે છે (જોવો એમનું પુસ્તક પાને ૩૪૩–૩૪૭).

ખબર હતી; પણ તેજ મોબેદોને ઈ. સ. ૧૪૮૬ સુધી તેની **હસ્તીની ખબર હતી નહિ.** આ અનુમાન કઠંગું હોવાથી સાફ માલૂમ પડે છે, કે થોડાક ઇરાની મોબેદોને નવસારીવાલાં આતશબેહેરામ સરદ થયાની બીના પહેલવહેલી માલૂમ પડી, તેની કેટલોક વખત પછી નરીમાન હોશંગથી તેઓએ જાણ્યું કે નવસારીમાં આતશબેહેરામ તો હૈયાત હતાજ. આ ઉપરથી ખુલ્લું દીશે છે, કે આતશબેહેરામ સરદ થયા, આ વાત હસદથી તેમજ દ્વેષભાવથી ઉપજાવી કાઢી હિંદુસ્તાનવાલા કોઇ શખશ યા શખશોએ પોતાનાં પેટનું બળ્યું ગામ બળ્યું હતું.* પણ સારે નશીબે ખુદ નરીમાન હોશંગે આપેલી ખબરથી આ ગપનો ગોળો હવામાં પીગળી ગયો હતો.

બેશક પાછલાં લખાણોથી તો ઉપલાં ખોટારાંનું પોલાપણું તદન સાફ રીતે દેખાઈ આવે છે. આપણે હેનરી લોર્ડના પુસ્તકપરથી, તેમજ ઓગલબીના પુસ્તક ઉપરથી જોઈ ગયા, કે તેઓનાં લખાણ પ્રમાણે ઇરાનશાહ કેબલો **તેઓના વખત સુધી સીલસીલાબંધ રીતે ધગધગતો જળતો રહયો હતો.** વળી એવી કશી દંત કથા નથી, કે ઈ. સ. ૧૪૮૬ ને સુમારે આ નુરી કેબલાને કાંઈપણ હાની પહોંચી હોય. બેશક તેને

---

*આ બાબતના સંબંધમાં પ્રો. હોડીવાલા સાથે આ લખનારને વાત થઇ હતી. તેમના મત પ્રમાણે "આતશબેહેરામ છે" વાલો ફકરો પહેલી રેવાયતને લગતો હતો; તેને "આતશબેહેરામ સરદ થયા" વાલા ફકરા સાથે સંબંધ ન હતો. એરવદ મેહેરજીભાઈ કુતાર પણ આવોજ મત ધરાવતા હતા. પણ બંને સાહેબોએ આટલું તો ભાર મેલી જણાવ્યું હતું, કે "આતશબેહેરામ સરદ થયા" આ વાત તદન ખોટી બનાવટ હતી. કોઇ પાપી શખશે યા શખશોએ આ પ્રમાણે જુઠું લખાણ લખી મોકલ્યું હતું. ઉપલાં રેવાયતવાલાં લખાણોનાં સંબંધમાં કાંઇ મનમાનતો ખોલાસો હોય, તો તે જાણવા આ લેખકે ઉપર પ્રમાણેનું એક લખાણ જામે જમશેદમાં કીધું હતું. પણ કશો જવાબ મલ્યો ન હતો. અજબ જેવું તો આ છે કે ઉપલા ફારસી ફકરાઓની હસ્તી વિષે ઉદવાડાવાલા સાહેબો કશું જાણતા હતા નહિ, જો કે તે દારાબ હોરમજદયાર સંજાણા જેવા દીનદાર શ્રી ઇરાનશાહની પરેસ્તેશ કરનારે તે બીના ત્રણ ત્રણ ઠેકાણે જણાવી છે.

અનેક વખતે જોખમ ભરેલી હાલતમાંથી, હાદેશાઓમાંથી તથા આફતોમાંથી પસાર થવું પડયું હતું. દાખલા તરીકે ઈ. સ. ૧૭૪૦–૪૫ ને શુમારે ખુદ સંજાણા ટોલાવાલા એક બદખાહ મોબેદ શાપુર શામરા તથા તેના મળતા વિષેકોએ આ કેબલાને હાની પુગાડવાની અનેક કોશેશ કરી હતી, તે હવે પછી જોઈશું. પણ તેની સઘળી કોશેશો ધૂળમાં ભેળાઈ ખાખરાખ થઈ હતી.

છોરી તથા ગાંઠું.

અત્રે "છોરી તથા ગાંઠું" કરવાની પુરાતન જમાનાથી ચાલતી આવેલી તરતીબ વિષે બે શબ્દો કહેવા ઠીક પડશે. પુરાતન જમાનાથી બલકે શ્રી ઈરાનશાહની સ્થાપનાથી આ રીત ઉતરી આવેલી છે, તે ટુંકામાં નીચે પ્રમાણે છે:—

કેબલાનાં આફરંગાનીઆં મધ્યે થોડીક રાખ ભર્યા બાદ તેમાં એક તાંબાની કુંડી ઉતારવામાં આવે છે. આ કુંડી પોહોળાઈમાં થોડીક નાની હોવાથી તેની તથા આફરંગાનીઆંની વચ્ચેની જગ્યામાં રાખ ભરવામાં આવે છે. કુંડીનું મથાળું આફરંગાનીઆંનાં મથાળાંથી સેહેજ નીચે રહે છે. પછી ઉપર સુધી રાખ ભરવામાં આવે છે. (આફરંગાનીઆં ઉપર થાળી મેલવામાં આવતી નથી). આ રાખ ઉપર આતશનો કેબલો હોય છે, કે જે દરેક જણ જોઇ શકે છે. આ આતશની સપાટીથી આશરે છ આંગળ નીચે ઇશાન (પૂર્વ–ઉત્તર) ખુણામાં, તેમજ નૈરૂત્ય (પશ્ચિમ–દક્ષિણ) ખુણામાં, તથા આ બંને ખુણાઓની વચ્ચે, (યાને આફરંગાનીઆંનાં વચલા ભાગમાં બીજા આતશો જાળવી રાખવામાં આવે છે. અને તે આ રીતે કે બોય દેનાર હોશન ગેહમાં ઉપરના આતશને એક બાજુએ એકઠો કરે છે કે જેથી ઈશાન ખુણો ખુલ્લો થાય છે. બાદ રાખ ખસેડી ઈશાન ખુણામાંનો આતશ ચમચ ઉપર લેવામાં આવે છે. અને ત્યાં બાવળની ગાંઠવાલું નાલીએરના આકારનું લાકડું મુકી તેના ઉપર ચમચમાંના આતશ મેલી તે ઉપર ખુશબો વગેરે મુકી તે રાખથી ઢાંકવામાં આવે છે. આઠ દિવસ બાદ એજ

જગ્યા ખોલી જોતાં લાકડાંનાં ગાંઠની જગ્યાએ ધગધગતા આતશ હોય છે. અને ઉપર પ્રમાણે આઠ આઠ દિવસોના અંતર બાદ પાછી ગાંઠ મેલવામાં આવે છે. હવે ઈશાન ખુણાનો આતશ ખોલ્યા બાદ ચાર દિવસને અંતરે નૈરૂત્ય ખુણાનો આતશ ખોલવામાં આવે છે. અને તે ઠેકાણે પણ આઠ આઠ દિવસના અંતર બાદ ગાંઠો મેલવામાં આવે છે. વચમાં જે આતશ હોય છે ત્યાં ગાંઠ નહિ, પણ બાવલની છોરી મેલવામાં આવે છે. તે જગ્યા ખોલવાનો અને ત્યાં પાછી છોરી મેલવાનું કામ બોય દેનાર એક યા બે દિવસને અંતરે કરે છે. ઉપર પ્રમાણે ગાંઠ તથા છોરી મેલ્યા બાદ તથા રાખનું પડ કીધા બાદ ઉપરના કેબલાને પાછો પોતાની જગ્યાએ બરાબર કરવામાં આવે છે.

ગાંઠું વગેરે કયારે કીધું તેની ખબર બોય દેનાર પોતાની પાછળ આવનાર બોય દેનારને કરે છે. આ ખુબી ભરેલી બલકે "સાયન્ટીફીક" રીતથી અંદરના આતશો ઘણા દિવસો સુધી ધગધગતા રહે છે. આ તરતીબ ઉપરથી સેહેલાઈથી સમજી શકાય છે, કે લગભગ ૧૨ થી ૧૬ દિવસો સુધી અંદરના આતશોને કશી અલવલ ન આવે એવો હેતુ હોય છે. કામ પડતાં આ અંદરના આતશોને ઉપયોગમાં લેવાની મકસદ રાખેલી હશે એમાં શક નથી. અને તેથી ઉપલો આતશ ચંદ્રાકાળ જળવાઈ રહેવાનો દરેક સંભવ રહે છે. ઉપલી તરતીબ ઉપર પ્રમાણની ખોટી ગપ ફેલાવનાર પાપી શખશને સચોટ જવાબ આપે છે.

પ્રકરણ પાંચમું.

ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે કુસંપ.

ભગરીઆઓ તથા સંજાણા મોબેદોનો નવસારીમાં એકત્ર વસવાટ.

આપણે ઉપર જોયું, કે વખતના વેહવા સાથે સંજાણના પારસીઓ આસ્તે આસ્તે નવસારી, ભરૂચ, ખંભાત અંકલેશ્વર, સુરત વગેરે ઠેકાણે જઈ ઠરીઠામ થયા હતા. તેઓ પોતાને ત્યાંનાં ક્રિયાકામ સારૂં કેટલીક વખતે પોતાના શેહેરના મોબેદોને પડતા મેલી બીજાંજ ગામના મોબેદોને બોલાવતા હતા એમ દીશે છે. તેથી ઠરીઠામ થયલા મોબેદો (કે જેઓ માત્ર મોબેદી કરીનેજ ગુજારો કરતા હતા તેઓ) ને બેશક ઘણો ગેરઈનસાફ થયો હતો; કારણકે તેઓનાં રોજીનાં સાધન બીજા બહારના મોબેદો ઉપાડી જતા હતા. માટે મોબેદોએ ઘણા પુરાતન વખતમાં (સને જણાયલો નથી) સંજાણ શહેરમાં એકઠા થઈ પોત પોતા વચ્ચે બંદોબસ્ત કરી નીચે પ્રમાણે પંથકો વેહેંચી લીધાં હતાં:—

(૧) સંજાણના મોબેદોની હદ દહેણુ પાસેની દનતોરા નદીથી વલસાડ આગળની પાર નદી સુધી.

(૨) નવસારીના મોબેદોની હદ પાર નદીથી સુરત નજદીકની વરીઆવની નદી સુધી.

(૩) ગોદાવરા પંથકની હદ વરીઆવની નદીથી અંકલેશ્વર સુધી.

(૪) ભરૂચ વાલાઓની હદ અંકલેશ્વરથી ખંભાત સુધી.

(૫) ખંભાત વાલાઓની હદ ખંભાતમાંજ હતી. (પારસી પ્રકાશ પા. ૧૯)

હવે જ્યારે સંજાણા મોબેદો સાથે નવસારીમાં શ્રી ઈરાનશાહને લાવવાનું નક્કી થયું, ત્યારે સવાલ ઉઠયો કે આ

સંજાણા મોબેદોથી પોતાનાં ઘરનું અથવા બેહદીનોનું ક્રિયાકામ થાય કે નહિ? આ બાબતની વિગત કીસ્સે સંજાણમાં નથી. શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યા તેટલીજ વાત કહી કીસ્સે સંજાણવાલાએ પોતાનો કીસ્સો પૂરો કીધો છે. પણ આપણને જોઈતી થોડીક વિગત મોબેદ શાપુરજી માણેકજી સંજાણા (ઈ. સ. ૧૭૩૫–૧૮૦૫) એ પોતાનાં ફારસી કાવ્ય "કીસ્સે જરથુશ્ત્રીઆને હિંદુસ્તાન" (ઇ. સ ૧૭૬૫) માં આપી છે. આ પુસ્તકમાં મોબેદ શાપુરજી (બેતો ના. ૨૦૪–૨૨૨ માં)* કહે છે:–

યકી રૂઝ આન હમહ દાનાએ સનજાન
જમઅ ગશ્તંદો બસ્તંદ અહદ અઝ જાન
કુનીમ તકસીમ માયાન ઇન હમે જાઈ
કે હરજા હસ્ત બેહેદીનાને ખુશરાઈ
હમહ જા રા બેકરદે પંજ તકસીમ
નખુશ્ત સંજાન કે સરહદશ બેદાન હીમ
કે હદ્દેઉ બુવદ અય મર્દે ખુશતોર
ઝે રૂદે પાર તા આન રૂદે દન્તોર....
દીગર તકસીમે નવસારી હમી દાન
બેદાદહ મોબેદાનરા અઝ દીલોજાન
ઝે રૂદે પાર તા આન રૂદે બરીઆવ
હમહ નવસારીઆન રા અંદર આન તાવ....
તો ગુદાવરેહ બેદાન તકસીમે સેયુમ
ઝે બરીઆવ તા અકલસર અય નીકોબુમ
કુનંદ આનજા હમહ ગુદરીઆન કાર
બ જાનો દીલ હમહ મુબેદ શવંદ યાર
તો તકસીમે ચેહારૂમ અય નીકોદાન
બે દાન ભરૂચ કે ગુયમ હદ્દો પયમાન
ઝે અંકલીસર કે તા કંબાયત દાની

*બેતોનાં નંબરો એ. મહેરજીભાઈ ન. કુટારના પોતાના હસ્ત લેખમાંથી આપ્યાં છે.

હમહુ સરહદ્દે ભરૂચીઆન બેદાની
તો દાન તકસીમે પંજુમ અય નીકોમર્દ
બેગુયમ તા શવદ માલૂમ અય રદ
કે કંમબાયત બેગોફતહ મર્દ દાના
બદીનસાન કર્દ કેશ્મત શહરો માવા.

સારાંશ—"એક દિવસે તે સઘળા સંજાણના દાનાવો એકઠા થયા, અને તેઓએ દીલોજાનથી કોલ કરાર કીધા, કે જે જગ્યાએ આપણા સારી સમજવાલા બેહેદીનો રહે છે, તે સઘળી જગ્યાના આપણે ભાગ પાડીએ. પછી તેઓએ સઘળી જગ્યાઓના પાંચ ભાગ કીધા. સૌથી પહેલાં સંજાણવાલાઓની હદનો હિસ્સો સમજ, કે જેઓની હદ, એ સારી રીતભાતવાલા શખશ, તે છે, કે જે પાર નદીથી દંતોરા નદી સુધીની છે. બીજો નવસારીવાલાઓનો હિસ્સો, તે વિષે એ પ્રમાણે જાણ, કે જે (સંજાણઓએ નવસારીના) મોબેદોને ખુશીથી આપ્યો, તે હીસ્સો પાર નદીથી તે વરીઆવની નદી સુધીનો છે.....તું ત્રીજો હિસ્સો ગોદાવરાઓની (હદનો) સમજ, કે જે એ નેક જગ્યાના શખશ, વરીઆવથી તે અંકલેશ્વર સુધીનો છે. તે જગ્યાએ સઘળા ગોદાવરાઓ ક્રિયાકામ કરે; ત્યાં સઘળા મોબેદો દિલો જાનથી એક બીજાના મદદગાર થાય. એ નેક સમજવાળા શખશ, તું ચોથો હિસ્સો ભરૂચનો જાણ, કે જેની હદ તથા જેનું માપ હું તને કહું. અંકલેશ્વરથી તે ખંભાત સુધીની સઘળી હદ ભરૂચા મોબેદોની જાણ. એ નેક મર્દ, તું જાણ કે પાંચમો હિસ્સો હું તને કહું છું તે તને માલૂમ થાય, કે જે હિસ્સો દાનાઓએ ખંભાતનો કહ્યો છે. એ પ્રમાણે દરેક શહેરના તથા જગ્યાના હિસ્સા મુકરર કીધા."

ઉપર પ્રમાણે મોબેદ શાપુરજી સંજાણના કીસ્સામાં પાંચ પંથકોની હદ જણાવી છે; પણ તે વિષેનો કશો દસ્તાવેજ હૈયાત રહયો નથી. ખેરગામ કેસનો ચુકાદો જેનો અહેવાલ હવે પછી વિગતવારે આપવામાં આવશે, તેમાં લવાદ શેઠ દાદાભાઈ

નવરોજીએ જણાવ્યું હતું, કે "મોબેદોમાં સાધારણ સમજ ચાલતી આવેલી છે, કે આગળ પાંચ પંથકોની વેંહેંચણી થયલી છે. પણ તેમની હદો શું તેનો કંઈ પુરાણો દસ્તાવેજ મળતો નથી" (એ કેસનો અહેવાલ પાને ૭૩).

નોંધ—એમ માલૂમ પડે છે, કે કોઈ ગામમાં મોબેદો પહેલા ગયા, તે તેઓનું પંથક ગણાયું હતું. કેટલીક વેળાએ પહેલું કોણ ગયું, તે તકરારી સવાલ થઈ પડતો હતો. આથી મુંબાઈ, સોનગઢ, દીવ વગેરેના પંથક વિષે તકરારો ઉભી થઈ હતી.

નવસારીના ભગરીઆ તથા સંજાણા મોબેદો વચ્ચે કોલકરાર.

ઉપર પ્રમાણે પાંચ પંથકોની હદ મુકરર કીધી, તેનાં કારણમાં મોબેદ શાપુરજી કહે છેઃ—

હમહ દાનાએ સનજાન ઈન ચુનીનકાર
બેકર્દે તા ન બાશદ કીનો પયકાર (બેત ના. ૨૧૮).

અર્થ—"સંજાણના સઘળા દાનાવોએ આ કામ કીધું, કે જેથી કીનો કે ખટપટ નહિ થાય."

જ્યારે ચાંગાશાહે શ્રી ઈરાનશાહને નવસારી લાવવાની પોતાની ઇચ્છા જણાવી, ત્યારે

હમહ મુબદ બચાંગશાહ ગોફ્તંદ
મીયાને મા ઓ ઈશાન હશ્ત સોગંદ
કે જાએ યકદીગર હરગેઝ ન તાઝીમ
બ હદે ખુદ બેમાન્દહ કાર સાઝીમ
નીઆગાનીમ નિવેશ્તખાની બેકર્દસ્ત
કે હરગેઝ કસ બજાએ કસ ન રફ્તસ્ત
શુમા આનરા બેનવસારી મયારંદ
મરાન સંજાનહ આતશ રા નેયારંદ (બેતો ના. ૨૯૨-૨૯૫)

અર્થ—"પછી સઘળા મોબેદોએ ચાંગાશાહને કહ્યું, કે હમારી અને તેઓની વચ્ચે સોગંદ થયલા છે કે, એક બીજાની

જગ્યામાં કદી પણ જવું નહિ; અને પોતપોતાની હદમાંજ રહીને ક્રિયાકામો કરવાં.* હમારા વડવાઓએ લખાણો કરેલાં છે, કે કદી પણ કોઇએ બીજાની જગ્યામાં જવું નહીં. માટે તમો તેને (ઈરાનશાહને) નવસારીમાં ના લાવો. તથા સંજાણાઓ આતશને અત્રે નહિ લાવે."

આ ઉપરથી ચાંગાશાહે જવાબ આપ્યો કે :—

કે બર ઈશાન રંજે સખ્તી હસ્ત બીસ્યાર
મર ઈશ[illegible]ગ નહ કસ આનજા ખરીદાર
બેન[illegible] કહ[illegible]ન રવમ શાન રા બીયારમ
બ[illegible]રી કે રાસ્ત હરદ્દરા સેપારમ

---

*: જાનહ[illegible]રીતે ક્રિયાઓ બે પ્રકારની હોય છે—આલાત સાથની તથા આ[illegible] કરદહ[illegible]ની. "આલાત"નો અર્થ "બંદગીમાં વપરાતી ચીજો" [illegible] છે. આલાત સાથની ક્રિયાઓમાં મુખ્ય આલાત તરીકે ગ[illegible]ઓ પા[illegible]ચીજો "ભશમ" (આતશબેહેરામની રાખ) "વરસ" બીજુ [illegible]ર લીધેલા વરશીઆના બાલ) તથા "નીરંગ," યા તેઓ[illegible]નાણુ એક વાપરવામાં આવે છે. આ પાવમેહેલની (કશ[illegible] [illegible]લી ૧૨પાવીઓવાલા તથા દરેક પાવીમાં અકેક હીંડોરા સાથના [illegible]ક [illegible]) [illegible]યાઓ મરાતબ થયલા તથા બરસ્નુમ રાખનાર મોબેદથીજ [illegible] શકે [illegible]. તેઓમાંની મુખ્ય ઇજશ્ને તથા વંદીદાદ તથા નીરંગદીન [illegible]રેની [illegible]યાઓ છે. આલાત વગરની ક્રિયાઓ જેવી કે આફ્રીનગન[illegible] ફરોક્ષી, જશન, નવજોત, ઉદમણું વગેરે ફકત નાવરની પદવી ધર[illegible]ર તથા બરસ્નુમ નહિ હોય એવો પણ મોબેદ કરી શકે છે. "બાજાં"ની ક્રિયાને આલાતસાથની તથા આલાતવગરની ક્રિયાઓ વચ્ચે મેલી શકાય. તે ક્રિયા મરાતબ થયલા તથા બરસ્નુમ રાખનાર મોબેદથીજ થઇ શકે છે. તેમાં ભશમ, વરસ, કે નીરંગ એ મુખ્ય આલાતોમાંની એકની પણ જરૂર પડતી નથી. પણ તેમાં એક બીજા આલાત જેને "બરસમ" કહે છે, તેની જરૂર પડે છે (જોવો શેઠ મનચેરજી પે. ખરેગાટની અનજુમનના આતશબેહેરામ કેસનો લવાદ તરીકે ચુકાદો, એ. ફરેદુન રતનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૪૮૧).

નોંધ—એરવદ ફરેદુન કાંગાનું આ અતિ અગત્યનું પુસ્તક છપાઈ ચુકયું છે. પણ અમુક સબબોને લીધે તે તેમણે પ્રકટ કર્યું નથી. આ પુસ્તકમાંની ઘણીક બાબતોનો ઉપયોગ એ કાંગાની રજા લઇ કર્યો છે.

કે બાહમ નહ શવદ જંગો જુદાઈ
નિયાયદ હરદૂ આનરા બી રઝાઈ.

અર્થ—"એઓ ઉપર રંજ તથા સખ્તી ઘણી છે. પણ એઓનાં કામની કિંમત કોઈ સમજતું નથી. તેથી હું તેઓ આગળ જઈશ અને બંને પક્ષોને બરાબર રાહ ઉપર મુકીશ, કે જેથી એક બીજા સાથે લડાઈ કે જુદાઈ થાય નહિ. કાંઇ પણ **એકબીજાની રજા વગર કરવામાં આવશે નહિ.**"

શ્રી ઈરાનશાહને નવસારીમાં લા[illegible] "[illegible]" સઘળાઓ ખુશી થયા. નવસારીમાં શ્રી ઈરાનશ[illegible] [illegible]ક સારાં મકાનમાં મેલ્યા, તે વિષે શાયર કહે છે[illegible]

ચું ચાંગાહ બા હમ મરદાને બેહેદારણ [illegible]
રસીદહ બાંસદેહ બા મર્દ ચનદ વગ[illegible]
બ નવસારી હમે રા આવરી થાય
અબા આતેશ હમે મરદાન રસી[illegible]
યકી ખુશ ખાન એ ખાલી બેકરદ[illegible]
વરેહરામ આતશી જાએ કરદેહ. ([illegible] ના. ૩૦૪-૩૦૬)

અર્થ—"જ્યારે ચાંગાશાહ સઘળ[illegible] મેહેદીન મરદો તથા કેટલાક માણસો સાથે વાંસદે જઈ પહો[illegible], ત્યારે સઘળાને નવસારીમાં લાવ્યા. અને આતશ [illegible] સઘળાઓ આવી પહોંચ્યા. એક સારૂં મકાન ખાલી કરી આતશબેહેરામની જગ્યા કીધી."

પછી ચાંગાશાહે ભગરીઆઓને તથા પેલા ત્રણ મોબેદો (નાગન રામ, ખુરશેદ કામદીન તથા ચાંઈઆં શાયર) વગેરેને બોલાવ્યા, અને સંજાણા મોબેદોને કહ્યું, કે તમે આ જગ્યાએ રહેઠાણ કર્યું છે. તમારી સરહદ તો સંજાણમાં છે અને હાલ તમે રાજી ખુશીથી નવસારીમાં રહેલા છો. તમારા ન્યાંગાનોએ સઘળી જગ્યાઓના (પંથકના) પાંચ હિસ્સા કરેલા છે. એટલા માટે એક બીજા સાથનો કજીઓ દૂર કરવા હું તમને કહું છું, કે તમારે ઈરાનશાહની ખીદમતમાં રહેવું. તથા તમારા ઘરનાં

મુવાં જીવતાંનુ ક્રિયાકામ નવસારીના ભગરીઆ મોબેદો કરે એવું લખાણ અસલના બંદોબસ્ત પ્રમાણે કરી આપવું. તે વિષે શાપુરજી સંજાણા કહે છે કે :—

શબાનો રૂઝ દર ખીદમાતે આતેશ
બે બાયદ બુદ અએ મરદાને પાકેશ
દીગર કારી કે મુરદહ જીનદગાનરા
દર ઈન જાગેહ બે બાશદ મર શુમાન રા
હમહ[illegible]માં મહીઅ[illegible]નવસારી ચુનીન કાર
બેખા[illegible]૪૭૮, ૧૪[illegible]એ મરદાન દીનદાર
બેદાન [illegible]ટા બેહે[illegible]ગરીહ અએ નીકોદાન
કુનંદ કા[illegible]દો જીંદગાન તાન
હમહ સ[illegible] સ. [illegible]જી શુદ દરીનકાર
નિબેશતખા[illegible]રબદ અ[illegible]દાદ અઝ રાસ્તકેરદાર (બેતો ના. ૩૨૬-૩૩૦)

અર્થ—" ચાંઇઆં[illegible] શખશો, તમારે આતશની ખીદમતમાં રાત દિવસ રહેવું. [illegible]હીરબદ[illegible] તમારૂં મુવા જીવતાનું (જે) ક્રિયાકામ (હોય તે) સઘળુ[illegible]ની[illegible]ટી[illegible]નદાર શખશો, નવસારીના દસ્તુરોજ કરશે. અને એ[illegible] જાણનારાઓ, તે ભગરીઆઓની કોમ જાણુ, કે જેઓ તમારૂંજદવાનું તથા જીવતાંનું કામ કરશે. આ ઉપરથી સઘળા સંજાણા(ખુ[illegible]બેદો રાજી થયા અને વાજબી રીતે તેઓએ લેખ કરી આ[illegible]ગ" વખત જતાં આસ્તે આસ્તે ઘણા સંજાણા મોબેદો નવસારીમાં આવી રહ્યા. અને સઘળાઓ ઉપલા બંદોબસ્ત પ્રમાણે ચાલતા [illegible]યા.

રેવાયતોમાં મળતાં સંજાણા ટોળાના દસ્તુરોનાં તથા મોબેદોનાં નામો તથા તેમની ઓળખ.

સંજાણા મોબેદો શ્રી ઈરા[illegible]હ આતશબેહેરામ સાથે ઈ. સ. ૧૪૧૯ માં નવસારી મધ્યે ગયા, ત્યાર પછી આશરે ૬૦ વર્ષ બાદ રેવાયતોનો જમાનો શરૂ થયો, [illegible]યાને ધાર્મીક સવાલો વગેરેના જવાબોનાં કાગળો ઈરાનના [illegible]તુરો તથા મોબેદો નવસારી તથા બીજાં અત્રેના શેહેરોના દસ્તુરો મોબેદો તથા

બેહેદીનો ઉપર મોકલવા લાગ્યા. એ રેવાયતોમાં નવસારીના સંજાણા ટોળાના નામાંકિત દસ્તુરો તથા હેરબદો પણ નામો લખવામાં આવતાં હતાં, તે નામો ઓળખ સાથે અત્રે આપવાનું દુરસ્ત ગણું છું.

(૧) ઈ. સ. ૧૪૭૮ ની નરીમાન હોશંગની રેવાયતમાં "ચાંગાશાહ તથા હીરબદ બાચહ, તથા હીરબાદ દાદ (દાદા) તથા હીરબદ ખુરશેદનાં નામો છે, (જોવો એ. [illegible]જી ઉનવાલાની દારાબ હોરમજદયારવાલી છાપેલી રેવાય[illegible] પા. ૩૮૦ લીટી ૪). હેરબદ દાદા એ દાદા જેશંગ [illegible] કે જેઓ ભગરીઆઓના રાણા જેશંગના બાપાવા ત[illegible] [illegible]ણા કરજીરાણાના બાપાવાના બાવા હોય. હેરબદ ખુરશેદ [illegible] ૧૪૮૬ તથા ઈ. સ. ૧૫૧૧ વાલી રેવાયતોના "હીર[illegible] [illegible]રબદ ખુરશેદ," તથા "દસ્તુર ખુરશેદ" હતા, કે જે અધ્ય[illegible] [illegible]ગળ જોઈ ગયા.

(૨) ઈ. સ. ૧૪૮૬ ની નરી[illegible] હોશંગની બીજી રેવાયતમાં "હીરબદાન હીરબદ ખુ[illegible] બુજરગે સંજાનાન" તથા બીજાઓનાં નામો છે, (જોવો [illegible]રાજ છાપેલી રેવાયત પા. ૩૮૩ લીટી ૫).

(૩) ઈ. સ. ૧૫૧૧ ની બે[illegible] ફરરૂખબક્ષ નવરોજ ફરીબુરજની રેવાયતમાં "દસ્તુર [illegible]દ બુજોરગે સંજાનાન"નું નામ છે, (ઉપલી છાપેલી રેવાયત[illegible] પા. ૩૯૧ લીટી ૫). વળી એજ રેવાયતમાં "દસ્તુર રામયાર નું પણ નામ છે, (લીટી ૬). આ દસ્તુર, ચાંઈઆં સહીઆરના બીજા બેટા શાએરના બેટા રામ દીશે છે. (એ૦ નશરવાનજી નવરોજી ઉનવાલાની છાપેલી ફેહરીસ્ત પા. ૨૮, એ. ભીખાજી ઉનવાલાની હસ્તલેખિત ફેહરેસ્ત પા. ૨).

(૪) ઈ. સ. ૧૫૧૬ ની જાસાની રેવાયતમાં "દસ્તુર ચાંઈઆં આસદીન સંજાણા, દસ્તુર ધનપાલ જેશંગ સંજાણા, દસ્તુર હોરમજદીઆર રામ સંજાણા, તથા દસ્તુર બેહેરામ ખુરશેદ સંજાણા"નાં નામો છે. (પ્રો૦ હોડીવાલાનું પુસ્તક પા. ૨૯૦).

ઓળખ—ખુરશેદ કામદીનના પેહેલા બેટા આસદીનના બેટા ચાંઈઆ હતા (ન. ઉ. ફે.* પા. ૬૯, ભી. ઉ. ફે.† પા. ૫).

ખુરશેદ કામદીનના ત્રીજા બેટા જેશંગના બેટા ધનપાલ હતા. (ન. ઉ. ફે. ૫૭, ભી. ઉ. ફે. ૫). ચાંઈઆં સહીઆરના બીજા બેટા સાહેરના બેટા રામ (ઈ. સ. ૧૪૮૬ વાલી રેવાયતના રામયાર)ના બેટા હોરમજદયાર હતા. (ન. ઉ. ફે. ૨૮, ભી. ઉ. ફે. ૨).

ચાંઈઆં સહીઆરના પેહેલા બેટા નાગોજના બેટા ખુરશેદ (ઈ. સ. ૧૪૭૮, ૧૪૮૬ તથા ૧૫૧૧ની રેવાયતવાલા દસ્તુર ખુરશેદ)ના બેટા બેહેરામ હતા, (ન. ઉ. ફે. ૨૧, ભી. ઉ. ફે. ૨).

(૫) ઈ. સ. ૧૫૨૦ ની અસપંદયાર શોહરાબની રેવાયતમાં "હીરબદ અઉર ાજદીઆર સંજાણા, હીરબદ માહીઆર આસા, હીરબદ ચાંઇઆં 'હીરબદ આસદીન સંજાણા, હીરબદ જેશંગ સંજાણા, હીરબદ સંજાણા બેહેરામ" નાં નામો છે, (એ. માણેકજી ઉનવાલાની દારાબ હોરમજદયાર વાલી રેવાયત વો. ૨ પા. ૪૪૬ લીટી ૧૬–૧૭).

ઓળખ—હોરમજદયાર (રામ) સંજાણા, ચાંઈઆં આસદીન સંજાણા, તથા બેહેરામ (ખુરશેદ) સંજાણનાં નામો ઈ. સ. ૧૫૧૬ વાલી રેવાયતમાં આવી ગયાં છે. હોરબદ માહીઆર આસાનું નામ વચ્ચે છે, માટે તે પણ સંજાણા દીશે છે. પણ તેઓ કોણ હતા, તે માલૂમ પડતું નથી.

(૬) ઈ. સ. ૧૫૫૮ ની કામદીન શાપુરવાલી રેવાયતમાં નીચલાં નામો મળે છેઃ—"હીરબદ સાએર ખુરશેદ, હીરબદ આસા કામદીન, હીરબદ હોરમજદીઆર પદમ, હીરબદ બેહેરામ કામદીન, હીરબદ ખુરશેદ ધનપાલ, હીરબદ ખુરશેદ હોરમજદીઆર, હીરબદ જાલ કામદીન, હીરબદ ફરેદુન પદમ" નાં નામો છે,

---

* એટલે નશરવાનજી ઉનવાલાની ફેહરીસ્ત.

† એટલે ભીખાજી ઉનવાલાની ફેહરીસ્ત.

(પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૩૧૪). આ હેરબદો પોતાને "આતશ બેહેરામના પરેસ્તાર" તરીકે ઓળખાવે છે.

ઓળખ—ચાંઇઆં સહીઆરના પેહેલા બેટા નાગોજના બેટા ખુરશેદ (ઈ. સ. ૧૪૭૮, ૧૪૮૬ તથા ૧૫૧૧ વાલી રેવાયતોવાલા દસ્તુર ખુરશેદ) ના બીજા બેટા સાહેર હતા. (ન. ઉ. ફે. ૨૧, ભી. ઉ. ફે. ૨).

ખુરશેદ કામદીનના પેહેલા બેટા આસાદીનના બેટા ચાંઇઆના બેટા કામદીનના બેટા આસા હતા (ન. ઉ. ફે. ૬૯, ભી. ઉ. ફે. ૫)

નાગન રામના પેહેલા બેટા નરશંગના બેટા કામના બેટા પદમના બેટા હોરમજદયાર હતા (ન. ઉ. ફે. ૧૦૩ ભી. ઉ ફે. ૮)

ખુરશેદ કામદીનના પેહેલા બેટા આસદીનના બેટા ચાંઇઆંના બેટા કામદીનના બીજા બેટા બેહેરામ હતા. (ન. ઉ. ફે. ૬૯, ભી. ઉ. ફે. ૫). એમના વડા ભાઈ આસાનું નામ ઉપર આવ્યું છે.

નાગન રામના બીજા બેટા આસાના બેટા ધઇઆં (ધનપાલ) ના બેટા ખુરશેદ હતા, (ન. ઉ. ફે. ૯૩. ભી. ઉ. ફે. ૮).

ચાંઇઆં સહીઆરના બીજા બેટા સાહેરના બીજા બેટા રામના બેટા હોરમજદયારના બેટા ખુરશેદ હતા (ન. ઉ. ફે. ૨૮, ભી. ઉ. ફે. ૨).

ખુરશેદ કામદીનના ત્રીજા બેટા જેશંગના બેટા ધનપાલ (ઈ. સ. ૧૫૧૬ ની રેવાયતવાલા)ના બેટા કામદીનના બેટા જીવા (જાલ) હતા. (ન. ઉ. ફે. ૫૭ ભી. ઉ. ફે. ૫).

ફરેદુન પદમ કોણ હતા તે જણાતું નથી.

નોંધ—એ. નશરવાનજી ઉનવાલાની તથા એ. ભીખાજી ઉનવાલાની ફેહરીસ્તોમાં ત્રણ મૂળ પુરૂષોના ત્રણ ત્રણ બેટાઓના નામો છે, તેમાં વડો કોણ, વચલો કોણ, અને નાનો કોણ, તે વિષે ફેર દેખાય છે.

(૭) ઈ. સ. ૧૬૦૦ (૧૬૦૧) વાલી કાઉશ માહીઆરની રેવાયતમાં નીચલાં નામો જડે છેઃ—"દસ્તુર હુશંગ બીન આસા,

દસ્તુર કેકોબાદ બીન હમજીઆર." (પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૩૨૧).

ઓળખ—ખુરશેદ કામદીનના બેટા આસદીનના બેટા ચાંઈઆં (ઈ. સ. ૧૫૧૬ ની રેવાયતવાલા) ના બેટા કામદીનના બેટા આસા (ઇ. સ. ૧૫૫૮ ની રેવાયતવાલા) ના બેટા હોશંગ બહુ નામીચા દસ્તુર હતા. (ન. ઉ. ફે. ૬૯, ભી. ઉ. ફે. ૫).

નાગન રામના પેહેલા બેટા નરશંગના બેટા કામના બેટા પદમના બેટા હોરમજદયાર (ઇ. સ. ૧૫૫૮ ની રેવાયતવાલા) ના બેટા કુકા (કેકોબાદ) હતા. (ન. ઉ. ફે. ૧૦૩, ભી. ઉ. ફે. ૮).

(૮) ઇ. સ. ૧૬૨૭ ની બહમન અસપનદીઆર (બહમન પુંજીઆ) ની રેવાયતમાં નીચલાં નામો છેઃ—"દસ્તુર શાપુર હોશંગ, દસ્તુર વેકજી દસ્તુર કેકોબાદ, દસ્તુર બરજોર કામદીન." (પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૩૨૭).

ઓળખ—દસ્તુર શાપુર ઉપલા દસ્તુર હોશંગ આસાના બેટા હતા (ન. ઉ. ફે. ૬૯, ભી. ઉ. ફે ૫).

નાગન રામના પેહેલા બેટા નરશંગના બેટા કામના બેટા પદમના બેટા હોરમજદયાર (ઈ. સ. ૧૫૫૮ ની રેવાયતવાલા) ના બેટા કુકા (કેકોબાદ) (ઈ. સ. ૧૬૦૦ ની રેવાયતવાલા) ના બેટા વેકજી (વીકાજી) હતા. (ન. ઉ. ફે. ૧૦૩, ભી. ઉ. ફે. ૮). આ વેકજી કેકોબાદ તેજ કીસ્સે સંજાણના કર્તા બહમન કેકોબાદ હતા. (જોવો પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૩૨૮) ફુટ નોટ.

ઉપલાજ વીકાજી કુકાના બીજા ભાઇ કામદીન કુકા હતા, અને કામદીનના બેટા દસ્તુર બરજો હતા, કે જેઓ બરજો કામદીનની રેવાયતના કર્તા હતા. (ન ઉ. ફે. ૧૧૧, ભી. ઉ. ફે. ૮). એમની રેવાયતનું ફારસી કોલોફોન આમ છેઃ—"કાતીબ અલ હરૂફ મન બનદહ દીને બેહે માજદયસ્નાન દસ્તુર બરજો ઇબ્ન કવામઅલદીન બીન કેકોબાદ બીન હરમજદીઆર લકબ સંજાનાન પરસ્તારે આતશ વરહરામ સાકેન કસ્બે નુસારી."

અર્થ—"આ (રેવાયતનો) લખનાર માજદયસ્ની દીનનો બંદો દસ્તુર બરજો બીન કામદીન બીન કેકોબાદ બીન હરમજદયાર

ઓખર સંજાણા, આતશબેહરામની પરેશ્તેશ કરનાર, નવસારી કસબાનો રહેવાસી હું (છું)." આ રેવાયત રોજ મારેસંપદ માહ ખુરદાદ ય. જ. ૧૦૦૬ (ઇ. સ. ૧૬૩૭) માં લખાઈ હતી. (એ. માણેકજી. ઉનવાલાની દારાબ હોરમજદયારવાલી છાપેલી રેવાયત. વો. ૧ નો દાકતર જીવનજી જ. મોદીનો દીબાચો પા. ૫).

નોંધ—ઉપલા કામદીન કુકાના બીજા બેટા ફરામના પાલક હોરમજદયારના બેટા દાદા (દારાબ) હતા, કે જેઓ દારાબ હોરમજદયારની રેવાયતના કર્તા હતા, તે આપણે ઉપર જોઈ ગયા. (ન. ઉ. ફે. ૧૨૨).

નોંધ—ઉપલા સાહેબોમાં ઘણાકોને માનાર્થે દસ્તુર કહ્યા છે, તે યાદ રાખવું ઘટે છે.

નોંધ—ઉપલા સાહેબોનાં નામો તથા સને ઉપરથી શ્રી ઇરાનશાહને નવસારીમાં લાવનારા ત્રણ આગેવાન મોબેદો ચાંઈઆં સહીઆર, ખુરશેદ કામદીન તથા નાગણ રામના સને સેહેલાઈથી કાઢી શકાશે, કે જે આપણે આગળ દેખાડી આપ્યું છે.

પંથક સંબંધી ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે થયલો પુરાતન લેખ.

ઈ. સ. ૧૫૪૩ માં ભગરીઆ તથા સંજાણા મોબેદો વચ્ચે નીચલો લેખ થયો હતો:—

"સંવત ૧૫૯૯ વરખે રોજ બેરામ માહ અસપંદારમદ* આદેહે શ્રી નાગમંડળ કરણે સમસ્ત અંજુમન નુસારીના તા૦ સમસત હેરબદ સંજાણા મલી બંધી કીધી દમણને પંથક સંજાણાને પંથક પેલાદી† દમણથી દંતોરાની નદી લગેન

---

*તા૦ ૧૫ મી નવેમ્બર ૧૫૪૨ O. S.

†જામાસ્પજી શો. મેહેરજીરાણાના હસ્તલેખ ના. ૧ માં આ "પેલાદી" શબ્દને બદલે "પહેલાં નઇ" શબ્દો છે. આગળ ચાલતાં "હમદુદ" શબ્દ છે, તેને બદલે "એ હદ મેદુ" આમ ઉપલાજ હસ્ત લેખમાં છે. આ તથા બીજા બધા લેખોની એબારત બહુજ કાળજીથી તપાશી જેમની તેમ રાખી છે. આ તથા સઘળે ઠેકાણે કાળા કીધેલા શબ્દો અગત્યના હોવાથી આપણે કાળા કીધા છે, એ યાદ રાખવું

અધારૂ ૧ એરવદ નાગુજ ધઇઉ આસો સારેવાનું કીધું જે કાંઇ બેહેદીન રસમનું સારણું વેહેવા વધામાણું બાજ બરસમ સરવ સારે કરે કીરીઆ કરે તેહેની સમસ્ત અંજુમને આ-**જીવકાપરડી** પેલાદી દમણથી જેટલા વેહેવા સારે તે વેહેવા ૧ પરત ટકા દુ ૧॥ **જીરના** પરત દો૦ ૬૫ પાંસઠ લેખે તથા ઘઘરણાના ટંકા ૧॥ **દુધ** આપણુ સા પંતીઆલા સમસને કાજે નુસારી મોકલે એ વરાએઆં જે કાંઇ એરવદી **સમદી** ઘણું જે કાંઇ આવે વેવા તા૦ ઘઘરણું તા૦ બાજ બરસમ તા૦ આફરીગાન જે કાંઇ હોએ તે **એ૦ નાગુજ** ધઇઉ લીએ જે હેરબદ હુએ તે લીએ॥ બાકી સરવ નુસારીના પતીઆલા હોએ તે લીએ **હુમદુદ** દમણથી તેએ દંતોરા સુધી॥ બાકી પથંક ભગરીઆના છે તે સાથે આપણને લેવ દેવ નહીં."

નોંધ—નાગણ રામના બેટા આસાના બેટા ધઇઆંના બેટા ઉપલા લેખવાલા નાગોજ હતા. (એ. નશરવાનજી ઉનવાલાની ફેહરીસ્ત પા. ૯૩). આ જુના લેખ ઉપર ૪ સાહેબોનાં મતાં છે અને પાંચ સાહેબોની સાખ છે. મતાં કરણારાઓમાં (૧) કામદીન ચાંઇઆં હતા, (જેઓ ખોરશેદ કામદીનના બેટા આસતીનના બેટા ચાંઇઆંના બેટા કામદીન હતા). (૨) શાએર ખુરશેદ (ઇ. સ. ૧૫૫૮ ની રેવાયતવાલા) હતા. (૩) આસતીન હીરા હતા (જેઓ નાગણ રામના બેટા વાછાના બેટા હીરાના બેટા આસતીન હતા). તથા (૪) હમજીઆર પદમ (ઇ. સ. ૧૫૫૮ ની રેવાયતવાલા હતા). સાખ કરણારાઓમાં પહેલા રાણા જેશંગ હતા, જેઓ દસ્તુર મેહેરજીરાણાના બાપ હતા.

ખેરગામ કેસમાં ઉપલા લેખની એક જુની નકલ ભગરી-આઓ કનેથી રજુ કરવામાં આવી હતી, તથા એક જુની નકલ સંજાણાઓએ રજુ કરી હતી.* સંજાણાઓની નકલમાં સેહેજ ફરક હતો. આમાં "પરડી"ને બદલે ખરો શબ્દ "પરઠી" છે.

---

*જોવો નવસારીની મેહેરજીરાણા લાએબ્રેરીમાંનો એરવદ જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૨૯ જ્યાં એબારત લગભગ આમજ છે; તથા પા. પ્ર. પા. ૮.

"દુ"ને બદલે "ડુઢ" છે. "જીરના"ને બદલે "ઝીરણુ" છે. "દુધ"ને બદલે "ડુઢ" છે. "સમદી"ને બદલે "સમંદનુ" છે.

"જે હેરબુદ હુએ તે લીએ" આ વાકય તથા પછીના વાકયોને બદલે નીચે પ્રમાણે છે:—

"જે હેરબુદ સંજાણુ રહી તે સંજાણુમાહી ઘહી શારી તે ઘહીશારણું લીએ બાકી બીજુ કાંઇ સમંદ નહીં કરી જે કોએ બેહેદીન બેહેશતી થાએ તેનુ ઉઠેણું તા૦ ચીહારમ તા૦ દહમનું જે કાંઈ હુએ તે શારણું શરવ શારે જે કોઈ એ૦ સંજાણામાહી તે ઘહી શારી તે ફદીઉ ૧ એક લીએ બાકી શરવ **એ૦ નાગોજ** લીએ દમણુ માહીના બેહેદીન માહીની એક ૧ ફદીઆ દશ ૧૦ આપી શાલપ શાલનું શારૂ છે તે આ૦ નાગોજને આપી બીજું **ઉલાડી દમણ વેહેવા** તા૦ ઘઘરણું હુએ તે નુશારીના પંતીઆલા શારી **તે** માહીનું ટકુ ૧॥ ડુઢ દમણુ તા૦ સંજાણુ હેરબુદ તેની હીસુ ટકા ડુઢ ૧॥ નું આપી બાકી શરવ નુશારીના પંતીઆલા રહી તે લીએ તા૦ સંજાણાના પંતીઆલામાંહી કોઈ નુશારીથી તા૦ બીજે ઠામથી કઈ ટાંણાશર દમણુ તા૦ પંથકમાંહી જાએ તું આપણા શા ટકુ ૧॥ ડુઢનું હીસુ લીએ શહી અસલ લખત મધે પરપાલનાએ."

આ દસ્તાવેજ ઉપર ભગરીઆવાલા લેખ મધ્યેનીજ સહીઓ તથા સાખો* છે. માત્ર એટલુંજ કે એક સાખ વધુ છે. (જોવો ખેરગામ કેસનો અહેવાલ પાને ૮૫ તથા ૧૧૩).

આ લેખમાં ભગરીઆ તથા સંજાણા મોબેદોના પંથકની હદો આવેલી છે. આ દસ્તાવેજ ઉપર ટીકા કરતાં ખેરગામ કેસમાં લવાદ શેઠ દાદાભાઈ નવરોજી કહે છે કે:—

"પંથકની હદ વીશે જે શબદો બેહુ નકલમાં છે તે આ રીતે:—

---

*કામદીન ચાંઈઆં, શાએર ખુરશેદ તથા બીજા બે જણોની સહી છે. તથા રાણા જેશંગ, કાકા ધનપાલ તથા બીજાઓની સાખ છે.

'દમણની પંથક સંજાણાની પંથક પેલાદી દમણથી દંતોરાની નદી લગણ.' અને વાદીઓની (સંજાણાઓની) નકલમાં આ શબ્દો છે:—

'બીજું ઉલાદી દમણ વેહેવા...' એ પ્રમાણે બેહુ લેખોમાં 'પેલાદી દમણથી દંતોરા' સુધીની હદ છે. અને વાદીઓનાજ લેખમાં ઉલાદી દમણનો ભાગ પણ જણાવેલો છે. વાદીઓને (સંજાણાઓને) ....પોતાનીજ નકલો પુરતો લાભ આપતાં આટલું તો ઠડે છે કે **ઉલાદી દમણથી દંતોરા સુધી એઓનું પંથક હતું.**" (ખેરગામ કેસનો અહેવાલ પાને ૬૭).

સંજાણા મોબેદોનાં પંથકની હદ વિષેનો બીજો જુનો લેખ.

ઇ. સ. ૧૫૫૨ ના એક લેખ ઉપરથી જણાય છે, કે સંજાણા મોબેદોનાં પંથકો **સંજાણ, દમણ, તારાપોર** તથા **મનોરીમાં** તે વેલાએ હતાં. આ લેખ નીચે પ્રમાણે છે:—

"જત આ. નાગુજ ધઇઉ દમણથી આપણસી રાજીએ ઉઠી આએઉ પછી અંજમનિ આ. જાલ કિઆંમદીન દમણ સારણું સારવા મૂકલએઉ જે કાંઇ બંધીમાહિ લખિઉછિ તે કરૂ સહિ. સંવત ૧૬૦૮ અઠૂરિત વર્ખે માહ અંર્મિદદિ રો૦ સ્પંદાર્મદે* પરઠિઊં તે આપતુ જાએ. વેવા ત૦ ઘઘર્ણું એક ૧ તેહનાં ફદીયાં ૧૨) દ. બાર સાઢાં આપતુ જાએ. **સંજાંણનાં** તા. **દમણનાં** વેહવા તા. ઘઘર્ણાનૂં આપતુ જાએ સહી. જે સારિ તે આપિ. સંજાંણાંનૂં આ. જીવુ (=જીવા) હદ **તારાપુર** લગિ સારિ. તાં. **મણોરિના** વેહવા તા. ઘઘર્ણુ તા. આક્રંગાન તે આ. રાણુ (=રાણા) સારિ. તેહનાં ફદિઆં ૧૨) ૬ વે. ૧ તા. ર્ધ. ૧ ના આપિ. મણોરી પંથક માંહિની બાજધર્ણૂ આ. જીવુ† લીએ. જીવુ સારિ સહી." (પ્રો. હોડીવાળાનું પુસ્તક પા. ૨૨૭–૨૨૮).

---

* તા. ૧ લી એપ્રીલ ૧૫૫૨ O. S. શુક્રવારે.

† આ૦ જીવુ (જીવા) અથવા જાલ કામદીનની વંશાવલિ નીચે પ્રમાણે છે:-ખોરશેદ કામદીન–જેશંગ–ધનપાલ–કામદીન–જીવા. (એ૦ નશરવાનજી ન. ઉનવાલાનું ઝાડ તથા છાપેલી ફેહરીસ્ત પાને ૫૭). દેખીતી રીતે ખુરશેદનો જમાનો જાલથી ૪×૨૫ યાને ૧૦૦ વર્ષ આગળ જઇ પડે છે.

સંજાણા ટોળાવાલા મોબેદોએ ભરૂચા ગુમાસ્તાઓને ક્રિયાકામ સંબંધી આપેલો હક.

પ્રખ્યાત દસતુર મેહેરજીરાણાની સાક્ષ.

શ્રી ઈરાનશાહ આતશબેહેરામની તવારીખને લગતો સંવત ૧૬૩૭ (ઈ. સ. ૧૫૮૧) માં લખાયલો એક અતિ નાનો પણ અગત્યનો લેખ, જે આજ સુધી કેથે પ્રગટ થયો નથી, તે એરવદ માહીઆરજી નવરોજી કુટારે મારા હાથમાં મેલ્યો છે, તે જેમ લખાયો છે તેમ પ્રગટ કરૂં છું:—

"શમસ્ત શ્રીઃ હેર્બુદ શંજાણાં જો(ગ) લખતં જેશંગ કામદીન ત. અ. કાઉશ આદર ભડુચી જત અહ્મો શ્રી આતશબિહિરંમની ષિજમત આવ્યા હતા તે શ્રીઃ શંજાણાંએ શ્રીઃ (આ)તશ ચઢાવ્યા આજ પછી અહ્મો શ્યાવ ત(થા) શ્રોશ તથા નાવર જે કોએ બેહેદીન કરિ તેહનું જે કાંઈ લવાજંમ છિ તે ઘિર બિઠાં શ્રી શંજાણાનિ આપુ અને શમસ્ત શંજાણાં અમનિ ક્રિઆ શઘલી અપાવિ અનિ આપતા કાંએ દષલ નહી કરિ શહી રોજ આવાં માહા અર્દેબેહેસ્ત શંવત ૧૬૩૭ વર્ષે.

૧ લષતં જેશંગ કામદીન.
જે કાંઈ હમા હસ્તનૂ આવિ તે શણુજાણુરાણી આપૂ.
૧ આ. કાઉશ આદર.

તથા જે કાંઈ શ્યાવ ત. શ્રોશની ઇજાંમણી બાદ પાડતા બાકી આપૂ.

૧ બહમીન ચાંદા શાષ.
૧ મહીઆર વાછા એ.
૧ અ૦ કાકા શુત આશદીન શાક્ષ.

નોંધ—ઉપલી સાક્ષો ડાભા હાથ ઉપરની કોલમમાં છે. નીચલી સાક્ષો જમણા હાથ ઉપરની કોલમમાં છે.

૧ ————————

૧ રૂશ્તમ હાંચા શાખ.
૧ શાપૂર વાછા શાખ.
૧ ભીખૂ આમાડી (?)
૧ આદર વનાંશ.
૧ કાઉશ હાંચા શા.
૧ હાંચા કામા.
૧ માંડણ ષરીઆર.
૧ ધઇઆ ૫(દ)મ શખ.
૧ શગલ લધા.
૧ શ. આશા હાચા."

નોંધ—જુના લેખની કીનારો ઘસાઇ જવા મંડયાથી પાછળથી કોઇ સાહેબે આ જુના લેખને બીજાં એક કાગજ ઉપર ગુંદરથી ચોંટાડી દઇ ડહાપણનું કામ કર્યું છે. એમ માલૂમ પડે છે કે ઉપલા જુના લેખની પાછળ પણ થોડીક સાક્ષો હતી, કે જે કાગજ ચોંટાડયાના સબબથી ઢંકાઈ ગઈ છે.

જે નવું કાગજ ચોટાડયું છે, તેના મથાલાંની કીનારી ઉપર પાછલા કોઇકે લખનારે આ પ્રમાણે લખ્યું છે:—

"ભરૂચનાં અધારૂ આતશ ચડવા આવા તેણે શંજાંણાને લખી આપુ લવાજમ તે શંવત ૧૬૩૭."

નોંધ—ઉપલા લેખમાં જે અક્ષરો કંસમાં આપ્યા છે, તે કાગળ ખવાઈ ગયાથી વંચાતા નથી.

આ લેખ ઉપર થોડીક ટીકા કરીશું. આ લેખ બે ભરૂચના મોબેદોએ સમસ્ત સંજાણા મોબેદોને લખી આપ્યો છે. આ મોબેદો સંવત ૧૬૩૭ માં યાને ઈ. સ. ૧૫૮૧ માં આતશ-બેહેરામની ખીદમતમાં આવ્યા હતા. આજના બોલોમાં બોલીએ તો તેઓ આતશબેહેરામને પગે પડવા આવ્યા હતા. તે વેલાએ હિંદુસ્તાનમાં ફક્ત એક આતશબેહેરામ હતા અને તે નવસારીમાં હતા. આ આતશબેહેરામ તેજ હતા, કે જે આજે ઉડવાડામાં શ્રી ઈરાનશાહ આતશબેહેરામના નામે જાણીતા છે. આ ઉપરથી

આટલું તો નક્કી થાય છે, કે ઉપલા મોબેદો નવસારીમાં આવ્યા હતા. તે વખતે નવસારીમાં સંજાણા મોબોદોનો ટોળો તથા ભગરીઆ મોબેદોનો ટોળા એમ બે ટોળા વસ્તા હતા. ભગરીઆઓ બહુ પુરાતન વખતથી નવસારીના રહીશ હતા. પાછળથી ચાંગાશાહની કાળજી તથા મદદથી સંજાણા મોબેદો શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવ્યા હતા. શાપુરજી સંજાણાનો કીસ્સો જે ઇ. સ. ૧૭૬૫ માં લખાયલો છે, તેમાં જણાવ્યું છે કે જ્યારે સંજાણા મોબેદોને નવસારીમાં લાવવાની વાત ચાલુ થઈ, તયારે ભગરીઆઓએ એવી શરતે તેમની આમદ કબુલ રાખી, કે જુદા જુદા પાંચ પંથકના ધારા પ્રમાણે સંજાણા મોબેદોએ નવસારીમાં (યાને ભગરીઆઓના પંથકવાળા ગામમાં) ક્રિયાકામ કરવું નહિ; પણ ફકત આતશબેહેરામ સાહેબની બોય દેવી અને તેમની ખીદમત કરવી. ઈ. સ ૧૭૪૦ ને શુમારે સંજાણા ભગરીઆઓનો કજ્યો ગાયકવાડની દરબારમાં ગયો હતો ત્યાં સંજાણાઓનું એવું કહેવું હતુ, કે અસલમાં અમે એવી કશી બોલી કરી ન હતી, કે અમો નવસારીમાં ક્રિયાકામ કરીશું નહીં. પણ પાછલા વખતમાં દબાણને વશ થઇ તેવું લખાણ કરી આપ્યું હતું. આજના સંજાણા મોબેદોનું કહેવું પણ ઉપર પ્રમાણેનુંજ છે.

આપણે રજુ કરેલા ઉપલા લેખ ઉપરથી આ તો સ્પષ્ટ દેખાય છે, કે સંજાણા મોબેદો બેહેદીનોનાં શ્યાવ શરોશ તથા નાવરનાં ક્રિયાકામો કરતા હતા. સવાલ આ છે કે આ ક્રિયાકામ કયા ગામમાં થતાં હતાં. આપણા મતે તો આ નવસારીની વાત હોવાથી (પેલા ભરૂચી મોબેદો નવસારીમાં આવેલા હોવાથી) નવસારીનાંજ ક્રિયાકામની આ બીના છે. અને તેથી આ અનુમાન નિકળી શકે કે ઇ. સ. ૧૫૮૧ ને શુમારે નવસારીમાં સંજાણા મોબેદો પણ ત્યાંના બેહેદીનોનું ક્રિયાકામ કરતા હતા. અને તેથી કરીને આગળ વધી આ પણ અનુમાન કાઢી શકાય, કે સંજાણા મોબેદો પોતાનાં ઘરનું પણ ક્રિયાકામ કરતા હતા. વળી આ લખત ઉપર ભગરીઆ એરવદ માહીઆર વાછા, કે

જેઓ પાછળથી દસ્તુર મેહેરજીરાણા તરીકે પ્રસિદ્ધ થઈ ગયા છે, તેમની તથા જાણીતા ભગરીઆ મોબેદ કાકા સુત આસદીનની સાક્ષ છે.

આ લેખની બાબત વાદવિવાદ માટે જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળી સનમુખ હું લાવ્યો હતો, ત્યાં કોઇકે સાહેબે એવી દલીલ કરી હતી, કે આ ક્રિયાકામની બાબત નવસારીને લગતી નહીં, પણ કોઈ બીજાં ગામને લગતી હોય. પણ તેમ હતે, તો તે ગામનું નામ લખતમાં આવતે. લખતનો સીલસીલો જોતાં તથા સાક્ષો તપાસતાં નવસારી સિવાય બીજાં કોઇપણ ગામની વાત ધ્યાનમાં ઉતરતી નથી. પેલા બે ભરૂચી મોબેદો આતશબેહેરામને પગે પડવા નવસારીમાં આવ્યા હતા. તેઓને સંજાણા મોબેદોએ ગુમાસ્તા તરીકે રાખી લીધા હતા, અને એવી બોલી કરી હતી, કે સંજાણાઓની વતી સઘળી ક્રિયા તેઓ કરે, અને અમુક લવાજમ સંજાણાઓને આપે. એજ પ્રમાણે દરેક ટોળાવાલાઓ પોતાના યા બીજા ટોળાના મોબેદ યા મોબેદોને ગુમાસ્તા તરીકે પોતાના પંથકવાળાં ગામોમાં મોકલતા હતા, તે બાબતના ઘણાક લેખો જડી આવેલા છે, તે જાણીતી બીના છે.

"અમને ક્રિયા સઘળી અપાવે" આ ફકરામાં "ક્રિયા"નો અર્થ "ક્રિયા કરવા સારૂં આલાતો, જેમકે આતશબેહેરામની ભસ્મ વગેરે થાય છે," એવી દલીલ એક સાહેબે કરી હતી. પરંતુ ક્રિયાનો અર્થ આ પ્રમાણે કેથે પણ થયલો આપણે જાણતા નથી. અગર જો ભસ્મ આપવાના બદલામાં ભરૂચા મોબેદોએ સંજાણાટોળાને લવાજમ આપવાનું કબુલ કર્યું હોય, તો તેજ પ્રમાણે ભસ્મ આપવાના બદલામાં ભગરીઆ સાહેબોએ પણ સંજાણાઓને લવાજમ આપવાનું કબુલ કરેલું હોવું જોઈએ, એમ અનુમાન નિકળે છે. પણ તેવું તો કશું આપણ જાણતા નથી.

નોંધ—ઉપલા લેખમાં નાવરનો અર્થ નાવરો તથા મોબેદો જે ક્રિયાકામો કરે છે તે થાય છે (સરખાવો તા. ૯-૮-૧૯૭૨નો લેખ).

નોંધ—બેહેદીનો પણ નાવર થતા હતા, (જોવો દા. જીવનજી મોદીકૃત દસ્તુર દારાબ પાહલણનું ફરજયાતનામું, ફારસી પા. ૬ તથા ઇંગ્રેજી પા. ૧૧). આ બાબતનાં લંબાણ વિવેચન વિષે જોવો જામે જમશેદ તા. ૨૩–૩–૧૯૨૫. મારે કહેવું જોઈએ કે એ. માહીઆરજી કુટાર, એ. ફરેદુન કાંગા તથા બીજા કેટલાક ભગરીઆ સાહેબો આ અનુમાન કબુલ રાખતા નથી. અને પુરાવા તરીકે આગલો ઈ. સ. ૧૫૪૩ વાલો લેખ રજુ કરે છે; અને "પંથક" શબ્દ ઉપર ભારે મેળે છે. પણ આજે મુંબાઇ સઘળા મોબેદોનું પંથક છે, તેમ પેહેલાં નવસારી પણ એકમેકની સંમતિથી ભગરીઆઓનું તથા સંજાણાઓનું પંથક કાં ન હોય? બેશક શાપુરજી સંજાણાનું લખાણ આપણી વિરૂદ્ધ જાય છે, પણ તે બહુ પાછળનું છે તે યાદ રાખવું.

અંકલેશ્વરના ગોદાવરા પંથકના સમસ્ત મોબેદોએ લગ્નના લવાજમ સંબંધી ઇ. સ. ૧૫૫૫ માં કરેલો જુનો લેખ.

અસલના વખતથી જુદા જુદા પંથકના મોબેદો પોતાનાં લવાજમો વિષે પાકકો બંદોબસ્ત કરી રાખતા હતા. લગ્નના લવાજમ સંબંધમાં એક બંદોબસ્ત અંકલેશ્વરેના મોબેદોએ ઈ. સ. ૧૫૫૫ માં કીધો હતો; અને પાછળથી ઇ. સ. ૧૫૫૯ માં તેમાં કેટલોક સુધારો કીધો હતો. તે લેખ નીચે પ્રમાણે હતોઃ– "સંવત ૧૬૫૫ના વરખે રોજ ૧ માહા ૫ ચૈતર શુદ—વાર શનેઉ* એને દન સમસ્ત અંધીઆરૂ અંકલેશ્વરનાં બે. એવી પરથણ કીધી જે સંવત ૧૬૧૧ રોજ ૮ માહા ૫† ની બંધીમાં એમ લખીઉં જે લગનની ક્રિયા થાએ તેની જેનો દાવો હોએ ફદીઆ ૫ તથા ૭ રાશતી આપે. અને વર લગાડે તેમાં હકની વીગત નહી હતી જે કનેઆના કેટલા ફદીઆ અને વરના પાસે કેટલા ફદીઆ આપે તેની શી વલેથી કરાર કીધું જે વરની

---

*તા. ૨૭ મી મારચ ૧૫૯૯ N. S.

†તા. ૪ થી એપ્રીલ ૧૫૫૫ O. S. ગુરૂવારે.

પાસેથી ફદીઆ ૧૧ આપે અને જે કનીઆ પાસે કરાર કીધું હતું ફદીઆ દશ દશ આપે સહી. ફદીઆ ૧૦ તથા ૧૧ માં પારસીનું ઓછું આપે રાશતી ફદીઆ ૧૦ તથા ૧૧ લઈ પુરા રાશતી કરી આપે. અસલ લખીને પરપાલનાએ". આ લેખ ઉપર પાંચ મોબેદોની સહી છે, (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો નવસારી મેહેરજીરાણા લાયબ્રેરીમાંનો હસ્ત લેખ ના. ૨ પા. ૫૦).

ગોદાવરા પંથકની હદનો જુનો લેખ.

ઈ. સ. ૧૬૧૫ ના ગોદાવરા પંથકની હદ* બાબેના એક જુના લેખની નોંધ અત્રે લેવી ઠીક થઈ પડશે. આ લેખ નીચે પ્રમાણે છે:—

"સંવત ૧૬૭૨ ના વરખે રોજ ૧ માહા પાં† હમકાર સમસ્તે અંકલેશ્વરના બેસી બંદોબસ્ત કીધો જે પારસી ચાર ગોદાવરાના લેવા આવેઆ, તેના નાંમ પૈસા થાઈ આશા, તા વો

---

*ગોદાવરા પંથકની હદ તાપી અને નર્મદા નદીની વચમાંનાં ગામો યાને વરીઆવથી તે અંકલેશ્વર સુધીની છે. એ પંથકમાં હાલે અંકલેશ્વર, હાંસોટ, એલાવ, મંદરોઇ, કરંજ, ભગવા, કુદીઆણા, ઓલપાડ, અમરોલી, વરીઆવ, રાંદેલ, અડાજણ, ભાઠું, ભેશાંન, ઇછાપોર, ટેણાં, દામકું, મોરા અને સુમાલી ગામો આવેલાં છે. (પા. પ્ર. પા. ૫૩૮). ય. જ. ૧૨૦૭ માં મુંબાઈના ગોદાવરા મોબેદોએ વીકાજી મેહેરજી ઉપર કા. લખ્યો છે. તેમાં નીજામ રાજ્યના બાલાપોરની અગીઆરી સારૂં તથા દખમાંનો તાણો ઇંજવા ગોદાવરા મોબેદોએ મોકલ્યા હતા. માટે બાલાપોર ગોદાવરા પંથકને તાબેનું છે, (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૪૬).

જેઠ શુદ ૩ સંવત ૧૭૭૯ નાં (તા. ૬ ઠી જુન ૧૭૨૩ N. S. રવેઉના) એક લેખ પ્રમાણે અંકલેશ્વર, સુમાલી, ભાઠા, ઇછાપોર ટેણા, ભેસાન, કરેઠ, મીદરોઇ, રાંદેલ, કુદીઆનાં, એલાવ, ભગવા તથા દામકેના ગોદારા મોબેદોએ માંહોમાહે ઠરાવ કીધો હતો કે એક બીજાના વારામાં કામ કરવું નહિ, તથા સુમાલી અને ટેણાની અગીઆરીમાં બરાબર કામ કરવું વગેરે (ઉપલું પુસ્તક પા ૫૫). બેહેદીનોનું ક્રિયાકામ મોબેદો અટકાવતા હતા તેમ નહિ કરવાનો લેખ સંવત ૧૮૨૪ માં થયો હતો (એજ પા. ૫૫).

†તા. ૨૩ મી મારચ ૧૬૧૫ N. S. સોમે.

પૈસા જુઠીઆ તા. વો. વાછા માહીઆર તથા રતણ ડોશા, એ જણ ચાર લેવા આવીઆ તેની સાથે જણ બેએને મોકલ્યા તેનાં નામ આ. પેસ્તન ખુરશેદ તા. આ. મેરજી શહીઆર જે જણ બેને ગોદાવરામાં મોકલેઆ. તેની સરત એ જે **એલાવની કીમથી તે સુરતની નદી** સુધી તમો સારો. ભગર મહીનાએ તમો સારો અને વરસોદ ૨ તીરનું તથા અમરદાદનો એક એની સરત એ જે રૂ. ૧૨) વરશોદ ૧ ના આપે ને વરસોદ તમો સારો. એ હમારે લેવું દેવું નહીં. જો રૂ. ૧૨ તમો નહી આપો તો હમો સારો...જે ગોદારાનાં લગન તથા ગગરનું તથા મરણનું આફરગાન જેના વારામાં આવે તે સારી જાએ." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૫૧).

મરવત પ્રગણાનો ગોદાવરાનો બીજો જુનો લેખ.

ગોદાવરા પંથકના મોબેદાના લવાજમ બાબેનો એક બીજો લેખ છે, જે મરવત* ના સમસ્ત પારસી બેહેદીનોએ સમસ્ત મોબેદોને સંવત ૧૬૯૪ ના શરાવણ શુદ....બુધે રોજ ૧૫ માહા ૧૦† ને દીને લખી આપ્યો હતો. આ લેખમાં ક્રિયાકામ

---

*એલાવની કીમથી તે સુરતની નદી સુધીનો દેશ.

† શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ જેઓએ (થોડીક સિવાય) લગભગ સઘળી ઇંગ્રેજી તારીખો ગણી કાઢી આપવાની તસ્દી લીધી છે, તેઓ અત્રે લખાણમાં ભૂલ ધારે છે. અગર જો રોજ ૫ માહા ૧૦ હોય તો તા. ૧૮ મી આગશટ ૧૬૩૮ N. S. બુધવાર આવે છે, અને તે શરાવણ શુદ ૯ સંવત ૧૬૯૪ ની સાથે મળી રહે છે. આ સઘળી તારીખોની ગણત્રી આ લખનારે જાતે પણ કરી છે. કેથેકેથે એકાદ દિવસનો ફેર પડે છે, એ તો બનવા જોગ છે. વાંચનાર પોતે પણ રતનજી ફરામજી વાછાની પંચાંગપોથી જેવાં પુસ્તકની મદદથી ગણત્રી કરી શકશે. એ પંચાંગ સંવત ૧૮૦૧ થી શરૂ થાય છે તેની આગળની ગણત્રી કરતાં આટલું યાદ રાખવું, કે હિંદુ માહ તિથિ ૧૯) વર્ષે ઇંગ્રેજી તારીખ સાથે લગભગ મળી રહે છે. તેમજ હીજરી માહ તારીખ ઇંગ્રેજી ૩૩ વર્ષે તથા હીજરી ૩૪ વર્ષે ઇંગ્રેજી તારીખ સાથે થોડાક દિવસોના ફેરે લગભગ મળી રહે છે. આપણા રોજ માહની ગણત્રી વિષે યાદ રાખવું, કે આપણે કબીસો કરતા નથી, તેથી ૪ વર્ષે એક દિવસનો ફેર પડે છે.

સંબંધી લવાજમ મુકરર કર્યું હતું, તે આ પ્રમાણે કે "મખતાતમાંના શેઆવ મુઆ ઉપર કરે તથા દરૂન કરે મુઆનું તથા માશીશાનું તથા છમાશીનું તથા વરશીનું આપે દરૂન ૧ દોકડા ૩૦; પાઆમોજી જાએ તેને દો. ૩૦; મેહેર ઈજિદના દો. ૨૫ બેહેરામ ઈજિદના દો. ૨૫; ગંહુબાર તથા અફરગાનનાં ૧૨॥; નવશાના દો. ૩૦....." (જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૫૧).

નોંધ—ગોદાવરા પંથકની વેંહચણી બાબે અંકલેશ્વરથી મોબેદ અસ્પંદીઆરજી બમનજીએ મુંબઈની પારશી પંચાયતને તા. ૧૨-૩-૧૮૩૧ ને દીને કાગલ લખ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે:—

"અસલ સુરતની નદીથી તે ભરૂચની નદી સુધીનો અમારો ગોદારો કહેવાય છે. હમારા ભાગીઆ ગોદારામો ૧૬ છે. તે શરવે હંમકાર એકલેસર કશબામો અશલ રેતાતા તેની હદ મુદત એલાવની કીમથી તે સુરતની નદી વેર. તેને મરવત પરગણું કેહે છે. ને એલાવની કીમથી તે ભરૂચની નદી વેર હમારૂં સુખીઆદબાદ કરી કેહે છે. તે વારે મરવત પરગણાંના ૪ બેહેદીને સુખીઆદબાદ આવીને મોબેદો જણ ૨) તેનાનાં નામ પેશતન ખોરશેદ તથા મોબેદ મેહરજી શાહીઆર એ જણ બેને રાજી કરી બંદોબશત હક લવાજમનો કરી આપીને રાજી કીધા. તે વાર પછી હંમકાર તથા પેલાં બે મોબેદોએ પોતપોતમાંહે હદ મુદતમો લેખ કરી લીધા. અને બંદોબશ કરીને એકમેકને રાજી કરીને લઈ ગયા ભાગ બાબે તથા પોતાની હદ મુદત બાબેનાં બંદોબશત કીધા છે તે આજ દીન સુધી હમારે કબુલ ફરજ પરમાંણે છે....લગનનાં વરશ એકનાં માશ ૬ હમારા ને માસ ૬ મરવત પરગણાંનાં. તેના માશ ૬ હમારા વશોતનાં કહેવાય છે. તેની ઉપજ રૂ. ૫૦૦)થી બી જાદા છે." (પા. પ્ર. પા. ૮૪૦).

પાદશાહ અકબર તથા દસ્તુર મેહેરજી રાણા.

પાદશાહ અકબર જે તા. ૧૦ મી માર્ચ ૧૫૫૬ ને દીને દીલ્લીની ગાદી ઉપર આવ્યો હતો, તે જુદા જુદા ધર્મોની માહિતી મેળવવા ઘણો આતુર હોવાથી તેણે જુદા જુદા ધર્મોના ઓલમાઓને પોતાની દરબારમાં બોલાવ્યા હતા. જરથોસ્તી ધર્મની હકીકત મેળવવા તેણે નવસારીના દસ્તુર મેહેરજી રાણાને * ઈ. સ. ૧૫૭૮ ને શુમારે પોતા કને બોલાવ્યા હતા. એમના પિતા રાણા જેશંગ હતા, જેમણે ઈ. સ. ૧૫૦૪ માં

---

*(જોવો દારા શો. શા. મેહેરજી રાણાકૃત "દસ્તુર મેહેરજીરાણા અને અકબર" ઇંગ્રેજી પા. ૯૬) એઓ રોજ ૮ માહ ૧૨ સને ૯૬૦ યજદજરદી તા. ૧ લી નવેમબર ૧૫૯૧ N. S. શુક્રવાર ને દીને ગુજરી ગયા હતા. એમની વંશાવલિ આ પ્રમાણે છે:—મેહેરજી–રાણા–જેશંગ–દાદા–જેશંગ–મોબદ–કામદીન–જરથોસ્ત–હરમજદયાર—રામયાર (જોવો દા. મોદીનું પુસ્તક The Parsees at the Court of Akbar પા. ૧૬૯ તથા "એંકવેરીલ અને દસ્તુર દારાબ" નામનું પુસ્તક પા. ૨૮૬–૨૮૭). આ વંશાવલિ રાણા જેશંગને હાથે લખેલી પાજંદ જામાસ્પીના ફારસી કોલોફોનમાં છે. આ પુસ્તક હજુર નવસારીની મેહેરજીરાણા લાયબ્રેરીમાં છે. એ પુસ્તક યજદજરદી ૮૭૩ સંવત ૧૫૬૦ (=ઇ. સ. ૧૫૦૪) માં લખાયું હતુ. આપણે પેશોતન રામની વંશાવલિ ઉપરથી જોયું કે હોરમજદયારનો જમાનો ઇ સ. ૧૧૭૨ ને શુમારે હતો. વળી ઉપલા કામદીન જરથોસ્ત નવસારી ગયલા પહેલા ભગરીઆ પંથકી દીશે છે. તેઓ સ જાણથી નવસારીમાં ઇ સ. ૧૧૪૨ માં ગયા હતા, તે આપણે જોયું. માટે તેમની બે પેહેડી આગળ હોરમજદયાર રામયારનો જમાનો લેતા હોરમજદયાર નો વખત ઇ સ. ૧૦૯૨ ને શુમારે આવે છે. ત્યારે હોરમજદયારનો જમાનો કયો?—ઇ. સ. ૧૦૯૨, કે ૧૧૭૨ ? એમ દીશે છે કે રાણા જેશંગની ઉપલી વંશાવલિમાંથી કેટલાંક નામો ગુમ થયાં, અથવા પેશોતન રામની વંશાવલિમાં કેટલાક દત્તક લીધેલા શખ્શો હોય, અથવા કામદીન જરથોસ્ત બે જુદા જુદા હોય, અથવા કામદીન જરથોસ્તનો ઉપલો સને ખોટો હોય. શાહ અકબરે આશરે ઇ. સ. ૧૫૯૭ માં ફારસી ફરહંગ (Dictionary) માટે ઇરાનવાળા દસ્તુર અરદેશર નોશીરવાન કેરમાનીને પણ પોતાને ત્યાં બોલાવ્યા હતા. આ ફરહંગ શાહ જાહાંગીરના વખતમાં ઇ. સ. ૧૬૦૮ માં તૈયાર થઇ હતી. અને તેથી તેનું નામ "ફરહંગે જાહાંગીરી" આપવામાં આવ્યું હતું. (ઉપલું પુસ્તક. પા, ૨૪–૨૫).

પાજંદ જામાસ્પી તથા ઈ. સ. ૧૫૪૬ માં ફારસી બહમનનામું લખ્યાં હતાં. દસ્તુર મેહેરજીરાણાની કાબેલ્યતથી ખુશી થઈ શાહ અકબરે એમણે ૨૦૦ વીંઘા જમીન નવસારીમાં બક્ષેશ આપી હતી. પાછળથી તેમાં ૧૦૦ વીંઘાનો વધારો કરી ઉપલા દસ્તુરના બેટા દસ્તુર કેકોબાદને શાહ અકબરે એક નવો પરવાનો કરી આપ્યો હતો.

ધર્મ ક્રિયા તથા આતશબેહેરામની બોય દેવા વગેરેના સંબંધમાં લેખો.

ઈ. સ. ૧૫૬૬ માં નવસારીના સમસ્ત મોબેદોએ ક્રિયા કામો બહુ ચોક્કસાઈથી કરવા બાબે કેટલાક લેખો કરી બંદોબસ્ત કીધા હતા, તે સઘળા અગત્યના હોવાથી તથા નવસારીના ભગરીઆ તેમજ (અથવા) સંજાણાઓ ઉપર બંધનકર્તા હોવાથી તથા તેમાં નવસારીની મોબદ અનજુમનના મુખી તરીકે દસ્તુર મેહેરજી રાણા (તે વખતે માહીઆર વાછા)નું પહેલું નામ હોવાથી તે અત્રે આપવાની અગત્ય છે. ધર્મ ક્રિયાકામ બરાબર કરવા બાબેનો પહેલો લેખ સંવત ૧૬૨૨ (ઇ. સ. ૧૫૬૫) માં થયો હતો તે નીચે પ્રમાણે છે:—

"સમસ્ત શ્રી અંજમન નુશારીના જોગ લખતં શમસ્ત અંધ્યરૂ તથા શમશાત હેરબુદ જત આજ પછી જે કોઈ અંધ્યરૂ થાઈ અગીઆરી માહાં ફતરત (=બેદરકારી) કરે ભગર લુટી ચોરી કરેં બેહેદીનની ફરસ્ત આપણશી કરી આપણ સિધી લઈ જાએ તે અનજુમનનું ગુનાહગાર અને દીવાનની ખેઆનત સમારે. બીજું બાજનું ધરનાર જેહનું વારૂ (=વારો) હુએ તે દીશ પુહુરમાં ખુબ કરી બે પુરમાંહા (=બપોરે) શરવ બાજ ધરે. બાજ ધરતાં તખશીર નહીં કરે. તેહની બાજ ધરણા શમદ જે લવાજમ સદા છે તે લીએ તે વરાંઆં (=સિવાય) કાંઈ અધિક નહીં દીએ. બાજ ધરતાં ઈજશને હીદોલાને કોઈ દારાહી નહીં દીએ (=ખલલ કરે નહીં). આપણશી દાદ દાવર આગળ માગે, બીજું સરોશ સ્યાવ વેહેવા ઘઘરણાં શરવમાંહ જે કોઇ ચોરી

કરે તે ભી અનજુમનનું ગુનાહગાર દીવાનની ખેઆનત સમારે. બીજું ભગર વાટે તે બાજ ધરીઆ પાખી નહીં વાંટે. બાજ ધરી સર્વ વાંટે લીએ સહી. અસ્યલ ખત વધે (= મધે) પ્રપાંલનાય. રોજ આદર, માહ અસપંદારમદ સંવત ૧૬૨૨ વર્ખે"* (દા. મોદીનું The Parsees at the Court of Akbar પા. ૫૫૧).

આ લેખ ઉપર માહીઆર વાછા (મેહેરજી રાણા), તેમના બેટા કેકોબાદ તથા બીજા ૨૨) મોબેદોની સહી છે. આ લેખની નકલ જામાસ્પજી મેહેરજી રાણાના હસ્તલેખ ના. ૨ પા. ૬૫ ઉપર છે. પણ તેમાં સંવત ૧૬૧૨ નું લખ્યું છે તે ભૂલ દીશે છે. વળી ત્યાં ફકત ૧૩ જણની સહી છે.

આતશની બોય દેનારાઓ માટે બંદોબસ્તનો લેખ.

ઈ. સ. ૧૫૬૯ માં એક અગત્યનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો, તે આ હતો, કે આતશની બોય દેનારાઓએ તથા ક્રિયાકામ કરનારાઓએ તાડી પીવી નહિ. બેશક આ બંદોબસ્ત ભગરીઓ તથા સંજાણાઓ સઘળા ઉપર બંધન કર્તા હતો. આ બંદોબસ્તનો લેખ નીચે પ્રમાણે હતો:—

"સમસ્ત અંજમન જોગ્ય લા. સમસ્ત હેરબુદ જત હેરબુદ સારતુ (=સારતો=ક્રિયાકામ કરતો) થાએ તાડી નહી પીએ.* જે તાડી પીએ તે બરસમ હાથ નહી ધરે. સારણાંથી (=ઈજીશને વગેરે ક્રિયાથી) બાહેર નીકળે, બરશનુમ માંહાંથી બાહેર (ની)કલે

---

*તા. ૩૦ મી મે ૧૭૯૬ ને દીને મુંબાઇમાં સમસ્ત અનજુમનની સભા મળી હતી, તેમાં એવી ફરીઆદ કરવામાં આવી હતી, કે અગીઆરીના કામ કરનારા બરસ્નુમવાલા મોબેદો તાડી પીવા ખજુરે જાએ છે અને ત્યાં તાડી તથા દારૂ પીને ખાણું પકાવીને ખાએ છે. તે દીનના હોકમથી દૂર છે. માટે અનજુમને એવો ઠરાવ કીધો, જે આજ પછી કોઈ મોબેદ બરસ્નુમનો ધણી તાડી પીવા બાહેર જાએ નહીં. અપરાધ કરનારને અગીઆરીનું કામ તથા બરસ્નુમ આપવું નહી તથા તેને કોઈ બેહેદીન બારણે ચઢાવે નહીં. (પા. પ્ર. પાને ૮૭૭). વળી એવો પણ ઠરાવ થયો હતો, કે પંથકીએ યા મોબેદે કોર્ટે જવું નહીં. જે જાય તેને ઉપલાના જેવીજ શિક્ષા કરવી.

સહી તેની કોઈ આતશ બુએ દીએ તે તાડી નહી પીએ. તાડી પીએ તે બરશનુમથી બાહેર નીકલે સહી. રોજ અરદબેહેશ્ત માહ અસપંદારમદ સંવત ૧૬૨૬ વર્ખે.† જે કોઇ બાજ ધરે તે તેતલા દહાડા આપણુસી નુબતે અગીઆરીમાંથી રહે તેટલા દહાડા દરવંદ સાથે નહીં અડકે સહી."

આ લેખ ઉપર માહીઆર વાછા, તેમના બેટા કેકોબાદ તથા બીજા ૧૬ મોબેદોની સહી છે. (જોવો દાકતર મોદીનું ઉપલું પુસ્તક પા. ૧૫૪). આ સહીઓમાં હમજીઆર પદમ, નરસંગ સાએર તથા ખુરસેદ આસદીનની સહીઓ છે, તેઓ સંજાણા મોબેદો હતા. (જોવો નશરવાનજી ન. ઉનવાળાની છાપેલી વંશાવલિ પા. ૧૦૩, ૨૨ તથા ૧૪૬). હમજીઆર પદમનું નામ ઈ. સ. ૧૫૫૮ વાળી કામદીન શાપુરની રેવાયતમાં પણ છે (જોવો પ્રો૦ હોડીવાલાનું પુસ્તક પા. ૩૧૪). માટે ઉપલો બંદોબસ્ત ભગરીઆઓએ તથા સંજાણાઓએ સાથે મળી કીધો હતો, અને તેઓ સલાહસંપથી રહેતા હતા એમ નક્કી થાય છે.

નાહાન નહવાડવાની બાબતમાં તથા શરોશ ઈંજવાની બાબતમાં બંદોબસ્ત.

ઈ. સ. ૧૫૭૯ માં નાહાન નહવડાવવાની તથા શરોશ ઈંજવાની બાબતમાં નીચે પ્રમાણે બંદોબસ્ત થયો હતોઃ—

"સંમસ્ત અંજમન નુસારીનાં જોગ લ. સંમસ્ત હેરબુદ જત શ્રોસ ત. નવસો નવાઢે જે હેરબુદ આપસની નુબતે (=વારી પ્રમાણે) નવાઢે તે એ. શ્રી મહેરજી રાંણાંને હજૂર પુછી નવસો દીએ ત. શ્રોસ ઇજે તે પુછી ઈજે. પોતદાર (=વારાદાર) વરાંએ શ્રોસ ત. નવસોનાં દોકડા જે આવે તે પોતદાર આલે તે વરાંએ બીજું કોઈ નહી આલે. જે આલે તે અંજમંનનું ગુનાહગાર શ્રોસ ઇજે ત. નવસો દીએ તે એ. શ્રી મહેરજી વાછાને પુછી દીએ. નહી પુછે તે અંજમંનનુ ગુનાહગાર. રોજ ગુઆદ માહ

† તા. ૨૨ મી અકટોબર ૧૫૬૯ O. S. શનિવારે.

તીર સંવત ૧૬૩૫ વર્ખે* કતબે સંમસ્ત હેરબુદ." આ લેખ ઉપર ૧૩ મોબેદોની સહી છે. (ઉપલું દા. મોહીનું પુસ્તક પા. ૧૪૭ તથા જામાસ્પજી મેહેરજીરાણા હસ્તલેખ ના. ૨ પા. ૨૩).

નોંધ—આ લેખ ઉપર ચાંદણા કામદીન ધનપાલની સાખ છે, તે જાણીતા મોબેદ હતા. તેઓ સં. ૧૬૬૭ માં ગુજર્યા હતા. (જોવો રૂસ્તમજી જા. મેહેરજીરાણાકૃત ભગરસાથ વંશાવલિ પાને ૨૪૦).

ક્રિયાકામોનાં લવાજમ સંબંધી બંદોબસ્ત.

ઈ. સ. ૧૫૮૦ માં ક્રિયાકામોનાં લવાજમના સંબંધમાં બંદોબસ્ત થયો હતો, તેમાં દસ્તુર મેહેરજીરાણાને વડા ઠેડવ્યા હતા. આ બંદોબસ્તનો લેખ નીચે પ્રમાણે હતોઃ—

"શ્રી અંજમન નુસારીનાં જોગ્ય લા. હેરબુદ સમસ્ત જત અંગીયારીની રાસ વેહેવા તા. ઘઘરણાં તા. સરોશ તા. શેઆવ તા. **સંજાના**† તા. નવસો તા. ભગર‡ તા. અંગીઆરી સંમંધી જે કાંઇ આવે તે એ. શ્રી મહેરજી વાછાની તસ્લીમ કીધું (=સોંપ્યું). એ. શ્રી મેહરજી વાછાની બગેર (=વગર) રજા કંઈ અગીયારી સંમધી ઉઆલે (=આલે) વંણ પુછે કાંમ કરે તે વરસ ૧ એક લગે ભાગથી અલગુ. ખેયાનત ચુગ પકરે (=અપ્રમાણીકપણે અશોદાદ લીએ) તે દોકડુ ૧ લીએ તેહેનાં બમનાં ખેયાંનત આપે. એ નામું એ. શ્રી મહેરજી વાછાની તસલીમ કીધું. એ લખાથી ચુકે તે અંજમંનનું ગુનહેગાર. એ નામું એ. મહેરજીની શેહેતે રહે સહી. રોજ મેહેર મા. દેએ સંવત ૧૬૩૬§ છતરીશા વર્ખે."

---

*તા. ૧૩ મી મારચ ૧૫૭૬ O. S. શુક્રવારે.

†નવસારીમાં શ્રી ઇરાનશાહ સાથે આવેલા સંજાણાઓને મળતી આશોદાદનો ચોકકસ ભાગ (દા. મોદીનું પુસ્તક પા. ૧૫૦).

‡ભગરીઆઓની વાંટણીમાં આવતો ભાગનો ચોકકસ હીસ્સો.

§તા. ૨ જી સપટેમબર ૧૫૮૦ O. S. શુક્રવારે.

આ લેખ ઉપર ૨૬) મોબેદોની સહી છે. (દા. મોદીનું ઉપલુંજ પુસ્તક પા. ૧૪૮–૧૪૯ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૨૨). આ લેખ ઉપરથી જણાય છે, કે આ વખતે ભગરીઆઓ તથા સંજાણાઓ સલાહસંપથી રહેતા હતા.

ભગરીઆઓના દીવના પંથક માટેનો એક લેખ.

દીવનું પંથક અગાઉ ભગરીઆઓને લગતું હતું, તે ઈ. સ. ૧૫૯૦ માં લખાયલા એક કાગજ ઉપરથી માલૂમ પડે છે. તે કાગજ નીચે પ્રમાણે છે:—

લ. અ. કાકા શ્રુત (=સુત=છોકરો) આસદીન† બહેદીન દીવના સમસ્ત કે બપહાના (=પનાહ) એ એજદાં બાદ જત બ (=બે જણ) ચાંદિ કયામદીન હું લીએ (=મારી સાથે) અગ્યારી માંહે અહમો જ(ન) ચાર બેઠા હતા તેહાં એમ કહિઉ જે દીવના સમસ્ત બેહેદીને કહ્યું જે એક હેર્વદ બર્શનુમ સુ(=સુધાં) આંહાં આવે તે બાજ ધર્ણું તા. ગેહેરસારણું કરે. અહમારાં મુઆંની નિયત આફ્રંગાન કરે તેહેની અહમો જેહે વાછુ (=ઈચ્છું) તેહેવી તેહેની તતબુ કરૂં તે વાત કીધા પર એ. શ્રી મહેરજી રાંણાં નુંએક શુડવી તાકીદ કરી દીનનાં કામ ચાલતાં

---

† જાણીતા આસદીન કાકા, દસ્તુર મેહેરજીરાણા તથા દસ્તુર કેકોબાદના પઢેલ સલાહકાર તથા મદદગાર હતા. એમણે ખોરદેહ અવસ્તા પાજંદ સીકંદગુમાનીવીજાર, પહેલવી વિરતાસ્પ યસ્ત, ફારસી સદદર, પાજંદ બુનદેહેશ વગેરે પુસ્તકોની નકલો લખી હતી. એઓ અવસ્તા, પેહેલવી, ફારસી, સંસ્કૃત, વગેરે ભાષાઓનું સારૂં જ્ઞાન ધરાવતા હતા. એમણે નવસારીના પાંચે પોલના કુટુંબીઓની ફેહરીસ્ત બનાવી હતી. એમની વંશાવલિ એમનાં ખુરદેહ અવસ્તાનાં કોલોફોનમાં આ પ્રમાણે હતી:—

આસદીન–કાકા–ધનપાલ–લખમીધર–બેહેરામ (બામા)–લખમીધર–મોબેદ–કામદીન–જરથોસ્ત–મોબેદ–હમજીઆર–રામયાર, (પા. પ્ર. પા. ૧૩).

નોંધ—આ વંશાવલિ આપણે N. M. R. L. બુનદેહેશ ઉપરથી આપી ગયા છીએ. ત્યાં મોબેદ હોરમજદયાર એકજ સાહેબ છે; મોબેદ નામ હોરમજદયારનાં બાપનું નામ નથી.

કરવા મોકલઇઓ છે. ખુબ છે લાએક છે ડાહ (=ડાહ્યો) છે, સાંસતુ (=શાયસ્ત=લાયક) છે. જેહવુ આપણી દીને જોઇએ તેહવું છે. એહની તતબુ એના ફેલ (=કામ) જોઈ કરજો સહી. રો૦ ગુઆદ મા૦ આદર સંવત ૧૬૪૬ * વર્ખે. સમસ્ત બહેદીન નએ (=ને) અહમારૂં પનાહે અજદાં બાદ કતેબુ (=લખનારની.) (દાકતર મોદીનું ઉપલુંજ પુસ્તક પા. ૧૬૧-૧૬૨).

મોબેદોએ બાજની ચાશનીનો ભાગ ચોક્કસ પ્રમાણમાં લેવાનો ઠરાવ.

એમ માલૂમ પડે છે, કે બાજ ધરનારા મોબેદો બાજની ચાશનીનો મોટો ભાગ પોતે લેઈ જતા હતા. તેથી બેહેદીનો વગેરેને ગુસ્સે થવાનું કારણ મળતું હતું. આથી ઈ. સ. ૧૫૯૯ માં નીચે પ્રમાણે ઠરાવ થયો હતો. આ ઠરાવમાં દસ્તુર મેહેરજી રાણાના બેટાને ક્રિયાકામના સંબંધમાં મુખી ઠેડવ્યા હતા. ઠરાવ આ પ્રમાણે હતોઃ—

"શ્રી અંજમન નુશારીના જોગ લા૦ **શમસ્ત** એરવદ બેશી કરાર એહવું દીધુ જે જે ભગર વાંટે બાજ ધરનારનૂ બાજ ધરણૂ આપા પૂઠિ વાંટનાર પોતાનું મુઈન (=લવાજમ) રોટી ૫) તા. પોલી ૫) તથા દરૂન ઉર કરોલ [=કેળાં] ૨) તા. બિદાં [=ઈંડાં ?] ૨) એટલૂ લીએ. એથી અધકૂ લીએ તે અંજમનનુ ગુનાહગાર. બીજૂ બાજ ધરાએઆ પાખિ ફરશસ્ત પરથી કાંઈ ઉતારે નહી અનિ વાંટિ નહિ. જે વાર ચાશનીનું દરૂણ આવિ અને પંતિઆલાની ચાશની મૂકિ તા. અંમશી ચાશની લીએ તે વરાંએ વાનાં ૧૫) મશકતમાં લીએ. એ વરાંએ અધકૂ નહી લીએ. રોજ ખુરશેદ માહ દએ સંવત ૧૬૫૫ વરખે.† બીજૂ **અગીઆરી** સંમદીઉ કાજ કાંમ હુએ તે **દસ્તુર**§ **શ્રી** મિહરજી

---

*તા. ૭ મી આગષ્ટ ૧૫૯૦ O. S.

†તા. ૩ જી સપટેમબર ૧૫૯૯ શુક્રે N. S.

§પ્રો. હોડીવાલા કહે છે કે ઇ. સ. ૧૫૭૯ કે ૧૪૮૦ માં મેહેરજી રાણાને દસ્તુર બનાવવામાં આવ્યા હતા. (જોવો એમનું પુસ્તક પા. ૨૨૯). પણ તે બરાબર નથી. ઇ. સ ૧૫૯૯ વાલા લેખમાં તેમને પેહેલવેહેલા "દસ્તુર" તરીકે જાહેર કર્યા છે.

વાછાનાં બેટુ એરવદ હીરજીને પુછી કાંમ કરિ જુએ. હીરજી હાજર નહી હુએ તુ બીજા બેટાનિ પૂછી કરી શહી..." (પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૨૨૯–૨૩૦).

આ લેખ ઉપર કીસ્સે સંજાનના કર્તા બહમન કેકોબાદના ગુરૂ દસ્તુર હોશંગ આશાએ પહેલી સહી મુકી છે અને લખ્યું છે, કે "અહમો હજૂર પરઠિઉં." પછી હીરજી મેહેરજીએ સહી કીધી છે.

નોંધ—અગીઆરી શબ્દ આતશ બેહેરામ તેમજ વડી દરેમેહેર માટે વપરાતો હતો, તે તા. ૭–૬–૧૬૮૫ વાલા લેખ ઉપરથી દીશે છે. ઉપલા દસ્તુર હોશંગ, સંજાણા મોબેદોના વડા હતા. આ વેળાએ ભગરીઆઓ તથા સંજાણાઓ સલાહસંપથી રહેતા હતા, આ તો સ્પષ્ટ છે. (જોવો પ્રો. હોડીવાલાની ટીકા એમનું પુસ્તક પા. ૨૨૯). આ ઠરાવ સંજાણાઓને પણ લાગુ પડતો હતો, એવો મત પ્રો. હોડીવાલા ધરાવતા દીશે છે. જો તેમ હોય તો તે વેળાએ સંજાણાઓ નવસારીમાં ક્રિયાકામ કરતા હતા. અત્રે વધુ રોશનીની જરૂર છે.

મેહેરજી રાણા તથા તેમના પિતાને અનજુમને સોંપેલી વાડીઓ.

નવસારીની સમસ્ત અનજુમન—બેહેદીનો, સંજાણાઓ, ભગરીઆઓ સર્વે–રાણા જેશંગ તથા મેહેરજી રાણા પ્રત્યે એટલું તો માન ધરાવતા હતા, કે તેઓએ અમુક વાડીઓ તેમના નામ ઉપર કરી આપી હતી. ઈ. સ. ૧૫૨૦ માં એક વાડી રાણા જેશંગને સોંપવામાં આવી હતી, તેનો લેખ નીચે પ્રમાણે હતોઃ–

"સંવત ૧૫૭૬ છુતરા (=છોતેરા) વર્ખે મા૦ બહમન રોજ બહમન (તા. ૩ જી અકટોબર ૧૫૨૦ O. S. બુધે). અદ્દેહ (=અદ્યહ= આજે અહિં) શ્રી નાગમંડલ કણે (=કરણે) પાતશાહ શ્રી સુલતાંન મજફરશાહ વ્યજ (=વિજય) રાજે અસલ મલક શ્રી ઇંઝામ

નસીર વ્યાપારે પંચકુલ પ્રજપતૈ લખતં શ્રી માણુક ચાંગાં* વ આ. આસદીન મેહેરવાન વ શ્રી ધૈયાં રાણાં વ શ્રી રાણાં જામાસ વ શ્રી આસા બહેરામ* વ માણુક બહેરામ* વ એા. ખુરશેદ ચાચા વ બહેરામ સાગર વ સમસ્ટ લોક વ નૈયા રાણા વ ગા. મહેરવાન. એર્વદ રાણા જેસંગ જોગ્ય જત તાડ વ ભૂમી અનામ (=ઇનામી) તાડ ૧૦૦ તથા ભૂમી વીંઘા ૧૦ દસ અંકે તાડ સુમ (=સોંપેલાં) રહે રાણા જેસંગને સાલ પે સાલ પાલે. તાડ વ ભૂમી ન માલા ષાએ (=ન માલે સાએર=કર વગર) સાલ પ સાલ પાલે. સમસ્ત બહેદીન મલી પાલે સહી એ વાત કલ કાવલ (=તકરાર) નહી. દીવાનથી પલાવે. સમસ્ત એક દીઘરી (=એક બીજા સાથે) થાઈ પલાવે." (દા. મોદીનું પુસ્તક The Parsis at the Court of Akbar પા. ૧૫૮-૧૫૯).

ઇ. સ. ૧૫૭૩ માં મેહેરજીરાણાને એક વાડી સોંપવામાં આવી હતી તેનો લેખ નીચે પ્રમાણે છેઃ—

"સંવત ૧૬૨૯ ઉગણત્રીસોતરા વરખે રોજ હોરમજદ મા શહરેવર† અધેં શ્રી નાગમંડળ કરણે પાદશાહા શ્રી અકબરશાહા વેજ (=વિજય) રાજે હવાલેખાન શી કલેચ મહમદખાન વ્યાપારે પંચકુલ પ્રજાપતૈ લા. શા. મંનાચહેર બહ્મન તથા પા. નાગુજ માણુક તથા નુશેરવાન ચાંગા તથા શે. ધૈઆં આસદીન તથા રૂસ્તમ જમશેદ તા. સમસ્ત બેહેદીન અંજમંન નુસારીનાં આ. મેહાર વાછાઈ જોગ્ય જત એનામ વાડી

---

*ચાંગાશાહના આ પુત્ર તથા પૌત્રોનાં નામો ઇ. સ. ૧૫૧૬ વાલી જાસાની રેવાયતમાં પણ જડે છે.

†તા. ૨૨ મી એપ્રાલ ૧૫૭૩ O. S. બુધે.

§ઇ. સ. ૧૫૫૮ વાલી રેવાયતમાં તથા દારાબ હોરમજદયારની રેવાયત મધ્યે ટાંકેલાં ઇ. સ. ૧૫૭૦ વાલાં ઇરાનથી ફરેદુન મરજબાને આણેલાં કાગળમાં દસ્તુર માહીઆર (મેહેરજી રાણા)નું નામ પહેલું છે, અને ત્યાં તેમને દસ્તુર કહ્યા છે. પણ ત્યાં દસ્તુર એલકાબ માનાર્થે સમજવો. મેહેરજી રાણા બહુ પાછળથી દસ્તુર થયા હતા તે વિષે ઉપર જોવો.

પીપલીઆ મધે ભુમી વીંઘાં ૧૦ દસ તાડ ૫૦ પચાસ તા. ખજુરી ૧૦૦ એકસો સાલ પે સાલ એનાંમ પલે. દીવાનકનેથી પલાવે. સમસ્ત બેહેદીન મલી પલાવે સહી." (ઉપલું પુસ્તક પા. ૧૫૫–૧૫૬).

કાઉસ માહીઆર તથા કામદીન શાપુરવાલી રેવાયતોમાં શ્રી ઇરાનશાહનો ઇશારો.

એ. માણેકજી રૂસ્તમજી ઉનવાલાની દારાબ હોરમજદયારવાલી રેવાયતના પહેલાં દફતરને ૭૨ મે પાને (લીટી ૯ થી ૧૧) શ્રી ઇરાનશાહ આતશબેહેરામ વિષે જે ઇશારો કાઉસ માહીઆરની રેવાયત (આશરે ઈ. સ. ૧૬૦૦) માંથી ટાંકેલો છે, તે ફારસીમાં નીચે પ્રમાણે છે:—

"અઝ રેવાયતે કાઉસ માહીઆર. માલૂમ શુદ કે બગયર આતશ વરેહરામ કે બ નવસારી સાકેન અસ્ત વ દીગર આતશ દરમીઆને ઇશાન નીસ્ત બીસીઆર બદ અસ્ત. અલબતહ અલબતહ મી બાયદ કે બ હર હલકે બેહેદીન ગુંબદ આતશખાને બેસાઝંદ વ આતશ આદરાન બનેહંદ.

અર્થ—"કાઉસ માહીઆરની રેવાયતમાંથી માલૂમ થાય કે **નવસારીમાં આતશબેહેરામ ઠરીઠામ** છે, તે સિવાય તેઓને (નવસારીવાળાઓને) ત્યાં બીજો આતશ નથી, તે ઘણુંજ ખોટું છે. આ તો ખરેખર ઘણું જરૂરનું છે, કે બેહેદીનોના હરેક ટોળાઓમાં આતશખાનાનું ગુંબજ બનાવવું અને આતશ આદરાન બનાવવા."

નોંધ—આજ ફકરો કામદીન શાપુરની રેવાયત કે જે ઇ. સ. ૧૫૫૮ માં લખાઈ હતી, તેમાં પણ છે, (જોવો એ૦ માણેકજી ઉનવાળાનું ઉપલુંજ પુસ્તક પા. ૭૬ લીટી ૨ થી ૪).

ઉપલાં લખાણ ઉપરથી દીશેછે, કે ઈ. સ. ૧૫૫૮ થી ઈ. સ. ૧૬૦૦ સુધીમાં (આતશબેહેરામ શ્રી ઇરાનશાહ નવસારીમાં હતા તે સિવાય) બીજું આતશખાનું ન હતું.

આતશબેહેરામની પરેશ્તેશ કરનાર એવી ઓળખ આપનારા સંજાણા મોબેદો.

કેટલાક સંજાણા મોબેદો પોતાના ધંધાની હકીકત જણાવતાં પોતાને "આતશબેહેરામની પરશ્તેશ" કરનાર તરીકે ઓળખાવતા હતા. જેમકે દસ્તુર બરજોર* કામદીનની (ઈ. સ. ૧૬૪૯ વાલી) હસ્તલેખિત રેવાયતમાં નીચે પ્રમાણે કોલોફોન છેઃ—

"કાતીબ અલ હરૂફ મન બંદે દીને બેહ મજદયસ્નાન દસ્તુર બરજો ઇબ્ન કવામુદદીન બીન કીકબાદ બીન હુરમજદયાર લકબ સંજાનાન પરસ્તાર આતશવરહરામ સાકેન કસ્બે નુસારી."

અર્થ:—"આ લખાણોનો લખનાર હું ભલી માજદયસ્ની દીનનો બંદો દસ્તુર બરજો બીન કામદીન બીન કેકોબાદ બીન હોરમજદયાર ઓખર સંજાણા આતશબેહેરામની પરશ્તેશ કરનાર નવસારીનો રહેવાસી."

આ કોલોફોનનો રોજ મારેસપંદ માહા ખુરદાદ ૧૦૦૬† યજદજરદી છે (એ. માણેકજી ઉનવાલાની દારાબ હોરમજદયારવાલી છાપેલી રેવાયત, દાકતર મોદીની પ્રસ્તાવના પા. ૫).

યજદજરદી સને ૧૦૧૩ (ઈ. સ. ૧૬૪૪)માં એક લેખક

---

*આ બરજોની વંશાવલિની નીચે પ્રમાણે હતી. બરજો–કામદીન–કુકા–હોરમજદયાર– પદમ–કામ–નરશંગ–નાગણુ–રામ, તેઓ મીરજાં કુટુંબના હતા. અને રોજ ૩૦–૧૦–૧૦૪૫ ય. જ.ને દીને ગુજરી ગયા હતા. (જોવો નશરવાનજી ન. ઉનવાલાનું ઝાડ તથા છાપેલી ફેહરીસ્ત પા. ૧૧૧). તેઓ કીસ્સે સંજાણવાલા વીકજી કુકા (બહમન કેકોબાદ)ના ભત્રિજા હતા. (ઉપલીજ ફેહરીસ્ત પા. ૧૦૪).

†તા. ૧૩ મી ફેબરવારી ૧૬૩૭ N. S.

નામે એ. હોરમજદયાર ‡ફરામરઝ કીઆમુદ્દીન કાઉસ હમજીઆર પદમ સંજાણા પોતાને "પરસ્તારે ઈરાનશાહ" તરીકે ઓળખાવે છે (પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૨૯૬). આ ઉપરથી કેટલાક સાહેબો દલીલ કરે છે કે તે વેળાએ સંજાણાઓ કાંઈ નહિ તો પોતાનાં ઘરનું ક્રિયાકામ કરતા હોવા જોઇએ.

નવસારીની અનજુમને આ૦ શાપુરજી રાણા સંજાણાને વલસાડનો પંથકી નેમી મોકલ્યા તેનો લેખ.

નવસારીની અનજુમને અંધ્યારૂ શાપુરજી રાણા સંજાણાને વલસાડના પંથકી તરીકે નેમી અમુક શરતે વલસાડ મોકલ્યા હતા, તેનો લેખ* હીજરી ૧૦૪૧ (ઇ. સ. ૧૬૩૧-૧૬૩૨) નો

---

‡મોબેદ એ. હોરમજદયારની વંશાવલિ આ પ્રમાણે છે:— એ. હોરમજદયાર-ફરામ-કામદીન-કુકા (કાઉશ)-હોરમજદયાર-પદમ-કામ-નરશંગ-નાગણ-રામ.

નોંધ—એ. નશરવાનજી ન. ઉનવાલાની છાપેલી ફેહરીસ્ત (પા. ૧૨૬)માં પેહેલા હોરમજદયારને ફરામનો ભાઇ જણાવ્યો છે તે આપણે જોઈ ગયા. પાછલા હોરમજદયારના બેટા દાદા (દારાબ) તે જાણીતી દારાબ હોરમજદયારની રેવાયતના કર્તા છે. તે વખતે આ મીરજાં કુટુંબમાં વિદ્વાન મોબેદો થઇ ગયા હતા અને નજદીકનાજ સગપણમાં હતા તે નીચલી વંશાવલિ ઉપરથી તુરત માલૂમ પડશે.



*અસલ લેખ ફારસી જબાનમાં થયો હતો, તે હવે પછી નીચે આપીશું.

જડે છે, તે નીચે પ્રમાણે હતો. આ વખતે નવસારીના ભગરીઆ સાહેબો તથા સંજાણા મોબેદો સલાહસંપથી રહેતા હતા, તે વિષે શક નથી:—

"પોતાનાં નામની ખબર કાડનાર–નામે તમામ હમે બેહેદીન કસ્બે વલસાડના છઈએ. એ કરાર કરીએચ એ તરેથી કે અંધીયારૂ મનચેરજી કાનજી વગેરે શરીકો સાપુર રાણાનાં છોકરા નાંનાંને તમામ પારસી કસ્બે વલશાડ મચકુરનાએ અધીઆરૂને ખીજમત આપીને તમામ બંદોબસ્ત એ તપસીલથી કસ્બે વલશાડ મચકુરનો કરો કે કદાચ એ બે જણમાંથી કોઈ ફરે નહી ને અગર જો ફરે તો તમામ અંજુમનનો ગુનેગાર થાએ. ને અંધીઆરૂ મચકુરને ખીજમત અંધીયારૂગીરીની તમામ ઉપર ફરજનદાન ફરજન એ ખીજમત કરે તે એ મામુલ તા૦ દસ્તુર પોતાનું લીએ.

અર મઈઅત હોએ બાજ તથા મેજ તા. આફરગાન અંધીઆરૂ મચકુર કરે ને સીઆવ અંધીઆરૂ લીએ. બેહેદીનનાં ઘરમાં અગર કોઈ નાતરૂં કરે તો નોસારીનાં ધારા પ્રમાણે અહીં પણ લીએ. બેહેદીનનાં ઘરમાં નવજોત તા. શાદી થાય તો નવસારીનાં કાએદા મુજબ અંધીઆરૂ મચકુર લીએ. બેહેદીનનાં ઘરમાં અગર પહેલું ફરઝંદ થાય તો રૂ. ૧૫ અંધીઆરૂ મચકુર લીએ. તમારો બીજો સઘળો હક અધીઆરૂપણાનો નોસારીનાં ધારા પ્રમાણે જરણ તા. મરણ તા. પરણ સુદ્ધાં તમે* લીએ અને હમે આપીએ. અગર બેહેદીનનાં ઘરમાં તને ફરજંદ પેદા થાય તો વલશાડનો બેહેદીન રૂ ૧૫ નોસારીમાં આપે. ને શાદી તા. આદરની થાય તો રૂ ૧૫ આપે (ખાલી જગા) ને તમામ કામ તથા ખીજમતો મૈયત તથા શાદી તથા નાતરા વગેરે અધ્યારૂ મજકુર કરે તે લખ્યા પ્રમાણે પોતે લીએ ને ખીજમતમાં તથા બીજા કામમાં કાંઈ ધીલ નહી કરે તે અગર કામ તથા ખીજમતમાં કશુર કરે તો હમો બીજાને એ ખીજમત મજકુર

*એ. મેહેરજીભાઇ કુટારની નકલમાં "તે" શબ્દ છે.

આપીએ ને લખ્યું તમામ બેહદીનોએ પોતાની રાજીખુશીથી લખ્યું છે શને ૧૦૪૧ હીજરી ને તમામ બેહદીન હર શાલ પોતાની રાજીખુશીથી એ ખીજમત અધ્યારૂને આપી છે ને જે દાહાડે છોકરા ઇયા છોકરીની શાદી હોએ તંદોરશતી ભને. તંદોરશતી છોકરીને ભને રૂ ૧). તંદોરશતી છોકરાનેં ભને રૂ ૧॥. છોકરીને પોશાકી પેહરાવે તે દાહાડે રૂ ૦॥. છોકરાને ઘરથી રૂ ૦॥. છોકરાને ફરજંદ પેદા થાએ પાઘડી રૂ ૨) તેની બઇરીને શદરો તથા કુશતી તથા ઘાઘરો પહેરાવે નગદ રૂ ૧), રૂ ૨॥. છોકરો યા છોકરી પેદા થાએ ને તે ઓરત ગોશલ કરે કરાર રૂ ૧) તથા અખ્યાણુ રૂ ૧, રૂ ૨). ને બીજા તમામ હર જરણુ તથા મરણુ તથા પરણુ નોશારીના ધારા મુજબ આપીએ.

(અત્રે ૨૧ બેહેદીનોની સહી છે). લખેલી મજમુન ઉપર ફકીર ફજુબા શાખ

અંદરની મજમુન ઉપર બંદે દરગાહ શીદી શરતાજ અમીન થાનદાર કશબે દીગરી તારીખ ૨૩ માહે સામના શાહેદ.

સને ૮૩૩* મો પટો બંદર વલશાડ દીગરીના અમીન શીદી શરતાજ વલદે મજકુર તાજને રૂબરૂ એ હકીકત થઈ ને અધ્યારૂ શાપુર રાણાને કશબે નોશારીથી લાયા ને ભાગળમાં રાખ્યો તે પારશીઓ ૨૬ ઘરના જમે થાઇને અધ્યારૂ મુકરર કરો ને તમામ ખીજમતો અધ્યારૂને આપીને ઉપર લખ્યા પ્રમાણે તફશીલ કરી છે. તે ખીજમત અધ્યારૂગરીની ને તે મુજબ

---

*આ હીજરી સને ૮૩૩, ઇ૦ સ૦ ૧૪૨૯-૩૦ ની મુકાબેલ આવે છે. માટે અત્રે હીજરી સનેમાં કાંઇક ભૂલ દીશે છે. એ૦ નશરવાનજી ઉનવાલાનાં ઝાડ ઉપરથી તથા એ૦ બીખાજી ઉનવાલ ની જુની ફેહરીસ્ત ઉપરથી જણાય છે, કે ખુરશેદ કામદીનીથી સાતમી પેહેડીએ શાપુર રાણા આવે છે. વળી તેના એક બેટો વાકાજી હતો, તે રોજ ૨૦ માહ ૧ સંવત ૧૭૪૬ ને દીને ગુજરી ગયો હતો (ન ન. ઉનવાલાની જુદીજ હસ્તલેખિત ફેહરીસ્તની નકલ). તેનો બીજો છોકરો હીરજી સવત ૧૭૦૦ માં નાવર થયો હતો. અને ત્રીજો છોકરો કાનજી હતો, તેનું નામ આ લેખમાં જડે છે.

હજુરો પોતાનો લીએ એ મુજબ ૨૬) ઘરના પારશીઓએ બંદોબશ્ત કરો તે ભાગલ ઉપર અગીઆરી છે તે પાશે ઘર બંધાવીને શાપુર મજકુરને બેરાં છોકરાં સાથે રાખ્યો. ૨૬) ઘરની તફશીલ. (અત્રે આ તફશીલ છે). એ મુજબ આગલ બંદોબસ્ત થઓ હતો તે તમામ બુજરકોએ બંદોબશ્ત કરો હતો ને તે આગલા બંદોબશ્ત મુજબ ફરી શને ૧૦૪૧ માં તમામ અનજુમને બેહદીન કશ્બે વલશાડનાએ બંદોબશ્ત મુકરર કરો ને અધ્યારૂ શાપુર રાણાના વારશને અધ્યારૂ મુકરર કરો ને તે વારશ મજકુરને અધ્યારૂગરીની ખીજમત આપી ને એ ખીજમતમાં કોઈનો દાવો દખલ નહી.

નવશારી મુજબ–લગન મુરત રૂ ૧). અમારી ધારણ મુરત રૂ ૧). બરશાખ મુકે મુરત રૂ ૧ા. ઘર ઉખેરે તે દહાડે રૂ ૧). કુવા ખોદાવીને તઈઆર કરાવે મુરત રૂ ૧ાા. કુવાની શાઈ કરે રૂ ૨). જાહાઝનો પઠાન નાંખે મુરત રૂ ૧). જાહાઝ તઈઆર થાએ તે પાણીમાં ઉતરે તે દહાડે પાગડી રૂ ૩)* છોકરીને અગરણી બાંધે મુરત રૂ ૧). છોકરો પરણવાને† બેશે રૂ ૧). પતેતીના દાહાડે રૂ ૧). શુરજગરણને દાહાડે ઘર દીઠ રૂ ૦)= વલાવો હોય રૂ ૧ાા. શાદી બાબત માંડવ મુહુરત રૂ ૧). બેહરામ ઈજિદના ઘહું તથા નગદ રૂ રાા. રેજો તથા શાડી વગેરે રૂ ૫)... આશોદાદને દહાડે કુદરત પ્રમાણે. ઘંબારને દહાડે ધારા મુજબ. છોકરાને તથા છોકરીને શડદો (=સદરો) પેહેરાવે ધારા મુજબ. હર પાંચ મહીને રૂ ૦ા. હર પરબ ઉપર રૂ ૦ા.

તમામ કામ આપવાના એ લખ્યા મુજબ શરવેને કબુલ્યા છે.

બંદર વલશાડ કશ્બે દીગરી અમીન શીદી શરતાજ શંવત

---

* ખેરગામ કેસના ચોપાન્યાંમાં રૂરા છે.

† ખેરગામ કેસનાં ચોપાન્યામાં "છોકરીને ભણવા બેસાડે" આમ છે.

૧૪૭૧* તમારી બંદોબસ્ત ભાગલ મધે અધ્યારૂ શાપુર રાણાને કરી આપેલો તે ઉપર ફરી એ કરાર શને ૧૦૪૧ મધે કરએ વલશાડમે કરો કે એ કરાર પ્રમાણે અધ્યારૂ શાપુર રાણાના વારશ વીગેરેને ચંદરકાલ એ લખ્યા પ્રમાણે ભોગવે. આગલ ધારા પ્રમાણે ચલાવે પારશી જમાતના લોકોએ એ કરાર શાપુર રાણાના વારશોને અધ્યારૂપણાનો હક દસ્તુર લવાજમ ખાએ એ કરાર કરયો તે બાબત શને ૧૦૪૧ મધે.

અંદરની મજમુન ઉપર બંદે દરગાહ ગોપાલદાશ અમીન થાનાદાર વલશાડ શાહેદ છે.

જમાતી એ કરાર ઉપર શહી. ૧ વોરા રૂસ્તમ કુકાના બેહેરામ શેહેરીઆદ વગેરે અમારે ફલીઆના શરવેની વતી એ કરાર ઉપર શહી.

જમાતી એકરાર ઉપર શહી. ૧ વોરા મેહેરજી નાંના વીગેરે અમારા ફલીઆના શરવેની વતી એ કરાર ઉપર શહી." (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૬૦. ખેરગામ કેસનું ચોપાન્યું પા. ૧૦૧–૧૦૫. એ. મેહેરજીભાઈ કુટાર કનેથી મળેલું કાગજ્યું, નકલ. ખેરગામ કેસના ચોપાન્યામાં "ભોગવે. આગલ ધારા"...ને બદલે "ભોગવતો આગળા ધારા...") છે.

નોંધ—ઉપલા લેખ પરથી માલૂમ પડે છે, કે ઇ. સ. ૧૬૩૧ સુધી તો વલશાડનું પંથક નવસારીનેજ તાબે હતું. પણ તે ઈ. સ. ૧૬૮૫ ની આગળ સંજાણાઓના હાથમાં ગયું હતું, કારણ કે રોજ ૨૫ માહા ૨ સંવત ૧૭૪૧ તા. ૨૯ મી ડીસેમબર ૧૬૮૪ N. S. ના એક કાગળ પ્રમાણે દમણના બેહેદીનોએ પોતાની અગીઆરીનું કામ કરવા વલસાડથી મોબેદ બોલાવ્યો હતો. આ કાગળમાં લખ્યું હતું કેઃ—

---

*આ સંવત હીજરી ૮૩૩ સાથે મળતો આવતો નથી પારશી પ્રકાશ પા. ૪ ઉપર સંવત ૧૪૭૧ ના વૈશાખ શુદ ૧૧ વાલી તિથિ છે અને તેની મુકાબેલ તા. ૨૦ મી એપ્રીલ ૧૪૧૪ જણાવી છે તે ભૂલ છે, તેને બદલે તા. ૧૯ મી એપ્રીલ ૧૪૧૫ O. S. જોઇએ.

"....હમો કાગલ લખું છે જે જેને મોકલવું હોએ તેને મોકલજો. જો તમુને ગમે તો એક જણ આવો, જે અગીઆરીનું કામ ચાલે. કાંએ જે પંથક તમારૂં છે." (જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૧૫).

નોંધ—ઉપલા લેખમાં હીજરી સને ૮૩૩ (ઈ. સ. ૧૪૨૯–૩૦) ના લેખની બીના છે, તે ખેરગામવાળા કેસનાં ચોપાન્યાંમાં ૧૦૦ મા પાનાં ઉપર દસ્તાવેજ ના. ૧૪ મો છે, અને તે નીચે પ્રમાણે છેઃ—

"સંવત ૧૪૭૧ વરખે વૈશાખ સુદ ૧૧* તા.....માહે.... સને ૮૩૩) કસબે દીગરી વલસાડ અમીન સીદી સરતાજ મજહુર તાજની આગળ એ કરાર પારશી ઘર ૨૬) વાલાનું કે અમે અધારૂ શાપુર રાણાને નવશારીની અંજુમન મધે જાઇને માંગી લીધો છે કે હમો તે શાપુર રાણાને ચંદરકાળ લાવી રાખીએ તે ઉપર નોશારીમાં સરવ મલીને અંધીઆરૂ હમોને આપીઓ તેની પાસે હમારા મજબનો કામ કુલે કરાવશું ને કુલ ધારો બાંધીને શાપુર રાણાને લખી આપીઉ તે પરમાણે ચાલીએ સહી. હમારા લોકોના ધંબારમાં શાપુર રાંણાના કાંનજી-ભાઇને તમે તથા રાવત ધરમસીંગજી તથા પટેલ વજા કુંવરે આવીને પાઘડી બંધાવી તે વારે હમો એ સરપાવના રૂ. ૩૧) ની ચીઠી તમોને આપી હતી તે રૂ. હમોએ તમોને ભરી આપીઆ છે અને શાપુર રાણાને ભાગલમાં લાવી રાખીઆ તે એ જલલાનું કામ કરે મજબનો તેમાં નવસારીવાલાનો દાવો નહી. એ કરાર હમારે કબુલ છે, એ લખા પરમાણે ચંદરકાલ પાલીએ સહી એમાં કશો સખુન ઓજાર કરીએ નહિ."

અત્રે ૨૦) જણાઓનાં મતાં છે તથા ૮) જણની શાખ છે.

નોંધ—એમ માલૂમ પડે છે, કે આ હીજરી સને ૧૦૩૩ હોય, અને નકલ કરનારે તેને ૮૩૩ લખ્યો હોય. સંવત તથા તિથિ પાછળથી ભૂલ ભરેલી ગણત્રીથી લખાયલી હોય. આ

---

*તા. ૧૯ મી એપ્રીલ ૧૪૧૫ O. S. શુક્રે.

લખનારે હીજરી સને ૮૩૩ ની તરફેણમાં કેટલુંક વિવેચન "જામે જમશેદ" માં કર્યું હતું. પણ ઉપલી ઘણીક દલીલોને સબબે તે સુધારવું દરૂસ્ત જણાય છે.

નોંધ—ઉપલાજ ભૂલ ભરેલા લેખનાં સંબંધમાં પારશી પ્રકાશના ૧૪ માં પાનાં ઉપર લખ્યું છે કે "સંવત ૧૪૭૧ ના વૈશાખ શુદ ૧૧ તા. ૨૦ મી એપ્રીલ ૧૪૧૪ ને દીને (ખરી ગણત્રીએ તો તા૦ ૧૯ મી એપ્રીલ ૧૪૧૫ O. S. આવે છે તે દીને) વલસાડના ૨૬ બેહેદીનોએ ત્યાંના સુબા અમીન શીદી આગળ જઈ એકરાર કીધો, કે અમે નવસારીની અનજુમન મધ્યે જઈ માંગી લીધું, કે અમારે ત્યાં દીનઆઈનની ક્રિયા કરવાને માટે આ૦ શાપુર રાણાને ચંદ્રોકાળ લાવી રાખીએ." આ સંવત ૧૪૭૧ ના લેખની વાત બરાબર લાગતી નથી.

વલસાડના પંથકી શાપુરજી રાણા વિષેનો લેખ અસલ ફારસી એબારતમાં.

વલસાડના પંથકી શાપુરજી રાણા સંજાણા જેમને વલસાડનું પંથક ચલાવવા અમુક શરતે વલસાડ મોકલવામાં આવ્યા હતા, તેનો લેખ હીજરી ૧૦૪૧ (ઈ. સ. ૧૬૩૧-૩૨) નો આપણે જોઈ ગયા, તે લેખ અસલ ફારસી એબારતમાં લખાયલો હતો. તે ફારસી લેખની એક **જુની નકલ** મને વલસાડવાલા એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજી કનેથી મલી હતી, તેની ફારસી એબારતનું વાંચન એરવદ મેહેરજીભાઈ નવરોજી કુટારની મદદ લઈ (ખોડેલા અક્ષરો સાથે) નીચે પ્રમાણે આપું છું. તેના તરજુમાનો સાર ઉપર આવી ગયો છેઃ—

"બાએસે તહરીરે ઈન્ સુતૂર્ આન્ કે માયાન્ કે સાકેનાને બન્દરે બલ્સાર્ જમીએ મર્દુમાને બન્દરે મજબૂરાઈમ્ એફ્રાર કર્દીમ્ વ અએતેરાફે ખુઅતબર્ નમૂદીમ્ બરીન્ વજહ્ કે મંચેહરજી કાનજી વઘયરહ શરીકાને શાપુરજી રાના પેસરાને જમીએ પાર્સીઆને બલસાર્ મજકૂર અધ્યારૂ વ ખેદમતે અધ્યારૂગરી દાદહ્ વ તમામ બંદોબસ્ત્ નમૂદહ્ બરીન્ તપૂસીલે

જીલ્લહ્ વ બંદોબસ્તે કસ્બએ બલ્સાર્ મજ્કુર નમૂદહ્ શુદ્ તા કે અજ દુ કસાન્ કસી બર્ નગર્દદ્ વ અગર્ કસી દીગર્ માનેઅ વ મુજાહેમ્ બાશદ્ ગુનહ્ગારે ઇન્ તરીકહ્ વ જમીએ અન્જુમન્ વ ખુદા વ બુજોર્ગાન્ શવદ્ વ ગુનહ્ગારે હાકેમ્ બાશદ્ વ અધ્યારૂગરીએ મજ્કૂરરા ખેદ્મતે અધ્યારૂગરી તમામ્ ઉમ્રે ખુદ્ વ ફર્જંદાને ખુદ્ બા ફર્જંદાને અઉલાદ્ દર્ અઉલાદ્ તઅલુકહે ખેદ્મત ગુજારીએ અધ્યારૂગરી દર્ અમૂરે મર્કૂમ્ મીનમૂદહ્ બાશન્દ્ ચુનાન્ ચે મૂજબે દસ્તૂર વ મઅમૂલે ખુદ્ બે ગીરન્દ્ કે દર્ જીલ્લ્ મર્દુમ્ અસ્ત.

વ* દર્ ખાનએ બેહ્દીનાન્ ચુનાન્ચે સેરેશ્તએ કદીમ્ મૂજબે કાયદએ નવ્સારી કે અલ્દઉલ્ ફર્જંદ તવલ્લુદ્ બાશદ્ હમાન્ વક્ત્ મબ્લધ્ યક્ રૂપયહ્ બેગીરદ્ વ કસી દર્ ખાનહ્ શાદી શવદ્ બ મૂજબે કાયદએ નવ્સારી લવાજમ્ ગેરેપૂતહ્ બાશદ્.

દેગર્ હક્કે શુમા ગર કુલ્લ્ હક્કે અધ્યારૂ પનાહે નવ્સારી ચુનાન્ચે મૂજબે કાયદએ કસ્બએ મજ્કૂર્ વ 'જરન્' વ 'મરન્' વ 'પરન્' શવદ્ હાન્ શુમા બેગીરદ્ વ માયાન્ બેદેહીમ્.

વ શાદી વ અફદ વ નેકાહ શવદ મબ્લધ્ યક રૂપયહ્ દર પન્થક્રા બેદેહદ્.

અગર્ મઇયત્ બાશદ્ બાજ વ મ્યજ્દ વ આફરીન્ગાન્ અધ્યારૂ મજ્કૂર્ કુનદ્ વ શીઆવ્ અધ્યારૂ મજ્કૂર બેગીરદ્

વ અગર્ કસી જન્ યા મર્દ્ નેકાહ્ કુનદ્ યાનહ્ નામ્જદ્ હક્કે આન્ મૂજબે અધ્યારૂએ નવસારી દરાન્ જાનેબ્ બેગીરન્દ્.

અગર્ કસી દર્ ખાનએ ઉ ફર્જંદ તવલ્લુદ્ બાશદ્ બેહ્દીનાને સાકેને બન્દરે બલ્સાર્ યક્ રૂપયહ્ નવ્સારી પન્થક્રા બેદેહદ્.

---

*અહિંથી કેટલુંક લખાણ ("વ આનચે કે કારે ખેદમતે"ની શરૂઆત સુધીનું) બે કાલમમાં છે.

વ આન્ચે કે કારે ખેદ્દમતે મઇયત્ વ શાદી વ નાત્રહ્ વધયરહ અધ્યારૂ મજ્કૂર્ બેકુનદ્દ વ મૂજબે નેવેશતેએ ખુદ્દ બેગીરદ્દ વ દર્ ખેદ્દમત્ વ દીગર્ કાર હીચ્ અહ્માલ્ ન કુનદ્દ વ અગર્ દર્ કારે ખેદ્દમાતે મજ્કૂર કુસૂરી વ તનઆસાની ન કુનદ્દ અગર્ કુસૂરી કુનદ્દ માયાન્ દીગરૂરા ઈન્ ખેદ્દમાતે મજ્કૂર બેદ્દેહમ્ ઈન નેવેશતહ્ જમીએ મર્દુમાને સાકેનાને મજ્કૂરાન્ બરજા વ રઘબતે ખુદ્દ નેવેશતહ્ દાદહ્ શુદ્દ કે એન્દુલ્ હાજત્ બકાર્ આયદ્દ તહ્રીરે ફીઉલ્ તારીખે યક્ હજારો ચહલો યક્ સનહ્ ૧૦૪૧ હેજ્રી વ જમીએ ખયાલક્ ઈન તરીકે પન્થક્ સાકેનાને બલ્સાર્ મજ્કૂર્ બરજા વ રઘબતે ખુદ્દહા અધ્યારૂરા ઈન્ ખેદ્દમત્ દાદહ્ અસ્ત્.”

નોંધ—પછી સહીઓ છે, તે અત્રે આપી નથી. સહીઓ કેટલીક ગુજરાતીમાં તથા કેટલીક ફારસીમાં છે.

આફતમાં ફસેલા સંજાણાઓને ભગરીઆઓએ આપેલું વલસાડનું પંથક.

મોબેદ શાપુરજી સંજાણા પોતાના કીસ્સામાં કહે છે કે:–

ઝે બાદે ચંદ સાલ આન મુલ્કે સંજાન
ગીરો ગશતહ બદસ્તે શહ ફરંનગાન
રવાન ગશતહ બસંજાન દઉર આન શાહ
બે તરસીદંદ હમે દાનાએ ખુશ રાહ
બ નવસારી નિવેશત યક નામે ઈનાન
બસી તંગીસ્ત બર મા અએ અઝીઝાન
લહજા મા બેખાહીમ અઝ શુમાયાન
દહે બલસાર અએ અહલે નીકરાયાન
ચું દાનાયાને નવસારી અઝીનકાર
શનુદંદો જમહ ગશતંદ યકબાર
હમે કૌમ ભગરીયહ દહે બલસાર
બ સંજાનાન સેપુરદો ગશત દર કાર

અર્થ—"ત્યાર પછી ઘણાંક વર્ષે તે સંજાણનો મુલક ફીરંગીઓના શાહના હાથમાં ગયો. આથી સંજાણમાં તે પાદશાહનો દોર ચાલુ થયો, જેથી તે સારી રીતભાતવાલા દાના મોબેદો બીધા; અને નવસારીમાં તે માટે એક કાગજ લખ્યું કે ઓ અઝીજો, અમારી ઉપર અહિં બહુજ તંગી પડે છે. એટલા માટે ઓ પાકીજે રાહના સાહેબો, અમે તમારી પાસેથી વલસાડ માંગીએ છીએ. જ્યારે નવસારીના દાનાવો એ કામ કરવા સારૂં એક વાર એકઠા થયા, ત્યારે ભગરીઆ ટોળો સંજાણાઓને વલસાડનું ગામ આપીને તેઓનો મદદગાર થયો."

આ પ્રમાણે વલસાડનું યાને વલસાડ ગામનું પંથક સંજાણા મોબેદોના હાથમાં આવ્યું.

ફીરંગીઓના દોર.

વલસાડનું પંથક સંજાણાઓના હાથમાં કયારે આવ્યું, તે વિષનો લેખ જળવાઈ રહયો નથી. પણ શાપુરજી સંજાણાએ ફીરંગીઓના દોરની હકીકત દંતકથાને આધારે જાળવી રાખેલી માલૂમ પડે છે.

ઈ. સ. ૧૪૯૮ માં વાસકોડીગામા નામનો ફીરંગી સુરતમાં આવ્યો હતો. તેની સાથવાળા તોફાની ફીરંગીઓ નવસારીમાં (તેમજ સંજાણમાં) આવી લોકોને દુઃખ દેવા લાગ્યા. ત્યારે પારશીઓ તથા ફીરંગીઓ વચ્ચે મારામારી થઇ હતી. (શો. મ. દેશાઈકૃત નવસારીની તવારીખ પાને ૪૨). પણ ઈ. સ. ૧૬૩૧ સુધી તો વલસાડ શેહેરનું પંથક નવસારીને તાબે હતું, તે હીજરી ૧૦૪૧ ના લેખ પરથી આપણે જોઇ ગયા. માટે આ વર્ષ પછી કોઈ બીજા ફીરંગી જુલમાતને લીધે સંજાણાઓએ નવસારીવાલાઓની મદદ માંગી વલસાડનું પંથક મેળવ્યું હતું એમ દીશે છે.† યાદ રાખવું કે **વલસાડ પ્રગણાનું** તથા તેનાં

† સંવત ૧૮૭૮ ના માગશર વદ ૧૩ (તા. ૨૨ મી ડીસેમબર ૧૮૨૧ N. S.) ના એક લાંબા લેખ ઉપરથી જણાય છે (જે હવે પછી જોશું) કે તે લેખની આશરે ૨૦૦ વર્ષ આગમચ મોબેદ જામાસ્પ ભાઇજીદારૂએ વલસાડથી તારાપોર સુધી અંધ્યારૂપણું કરવા માડયું હતું. જામાસ્પ ભાઇજી ઈ. સ. ૧૬૮૬ થી વલસાડમાં સ્વતંત્ર બન્યા હતા. (પા. પ્ર. પા. ૨૨).

ગામડાંઓનું પંથક તો ઈ. સ. ૧૫૮૪ ના તથા ઈ. સ. ૧૭૩૩ ના લેખો તથા બીજા લેખો પ્રમાણે નવસારીને તાબે હતું.* (ખેરગામ કેસ પા. ૯૩, પારશી પ્રકાશ પા. ૮૩૯).

ક્રિયાકામો વારા પ્રમાણે વેંહેંચી લેવાના ભગરીઆઓના ધારો-તે વિષે એક લેખ.

ક્રિયાકામો વારા પ્રમાણે વેંહેંચી લેવાના ધારાનો એક લેખ ભગરીઆઓએ ઈ. સ. ૧૬૩૪ માં કીધો હતો, તેમાં બેહેદીનો પણ જોડાયા હતા તે નીચે પ્રમાણે હતોઃ—

(શરૂઆતનાં ફારસી લખાણનો તરજુમો). "શરીઅત પનાહ કાઝી ઝીઆઉલદીનની તથા ફઝીલત પનાહ કાઝી અબદુલ વાહેદ મરહમની કાયદાસરની મોહોર સાથનો હીજરી સને ૧૦૪૪ ના રમઝાન મહીનાની પાંચમી તારીખનો નવસારી કસબાના અંધ્યારૂ ટોળાનો તેઓના બેહેદીનોની હજુરમાં થયલો કરાર જે નીચે હીંદવીમાં લખેલો છે તે બરાબર છે તેની અસલ અમો હજુર આવ્યાથી આ લખી આપ્યું છે કે કોઈ વખત કાયદાસર કામ આવે."

---

*સં ૧૮૫૬ ના આશો વદ ૧૦ રોજ ૨૬ માહ ૧ દીને **વલસાડના** બે મોબેદો જેઓ **બીલીમોરે** આવી રહ્યા હતા, તેઓએ રેવાજ વિરૂદ્ધ ત્યાં ક્રિયાકામ કીધું હતુ, તે માટે તેઓને નીચે મુજબ માફી પત્ર આપવું પડયું હતુંઃ—"સમસ્તે અજુંમન ભગરીઆ કસ્બે નોસારી વગેરેનાં લા. કસ્બે વલશાડનાં અંધીઆરૂ નવરોજી ભીખાજી તથા ભીખાજી કાહાનજી જત. આપુને પરથમ એક એકશાં બંદોબસ્ત છે જે કોઇ કોઇનાં પંથકમાં પદાન બાંધીએ નહી ને સંવત ૧૮૫૬ના સાલમાં હાકેમના હાદેશાથી હમો કબીલા સાથે બીલીમોરે આવી રહ્યા ને શ્રી નોરોજના દહાડા પર હમોએ હમારા ઘેરમે દરૂન આફરગાનનું કામ કરૂં તે અંજાણપણામાં કરૂં તેથી અજુંમન શરીખે બખીશીઉ તેથી એ લખી આપું છેઉ જે આજ પછે...ભગરનાં પંથકમાં પદાન બાંધીએ નહી."(જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ. ના. ૨ પા. ૪૧)

નોંધ—શેઠ મનચેરજી પે. ખરેઘાટની ગણત્રી પ્રમાણે ઉપલા રોજ ૨૬ માહ ૧ **ની** મુકાબેલ તા. ૩ જી **નવેમબર** ૧૭૯૯, તથા હિંદુ તિથિ **આશો** વદ ૧૦ **ની** મુકાબેલ તા. ૧૩ મી અકટોબર ૧૮૦૦ **N. S.** આવે છે. રતનજી વાછાની પંચાગપોથીમાં પણ એમજ છે.

"સંવત ૧૬૯૦ વરખે રોજ જમીઆદ માહ ખુરદાદ (તા. ૧૩ મી ફેબરવારી ૧૬૩૪ N. S.) અનજુમન કશબે નોશારીનાં અંધેઆરૂ શંમસ્ત તથા બેહેદીન એ બેશી કરાર કીધો આ. શ્રી સુરાબજી અશપંદીઆર તથા આ. મેહેનોસ કેકબાદ (તથા બીજા ૯ મોબેદોનાં નામો છે) તથા શંમસ્ત પતીઆલા. જત અમોએ કરાર બરજુર એ. ખોરશેદજી દોશાજી, એ. બરજુર કામદીન, પટેલ મેહેરજી પદંમ તથા વો૦ ચાંદણા આશદીન તા. પટેલ ચાંદજી શેહેરીઆર તથા શંમસ્ત અનજુમન હજુર કરાર કીધો જે અમો વેહેવા તા. ઘઘરણાં તથા અદેઆપન તથા શેઆવ તથા શરેશ જેના વારામાં આવે બાપીકી ફીશમતમાં (?) લાભવે (?) આવે તે શારવા જાએ. જે કોઇ લોડગી* કરી બીજાનાં વારામાં અમલ કરે તે શ્રી અંનજુમંનનુ ગુનેગાર તથા દીવાનમાંહા ગુનેગારી છા. ૧૦૧ અંકે એકસુએક આપે. તા. બેહેદીનનાં વેહવા તથા ઘઘરણાં શારવા જાએ તેના લીધાનો કરાર વસુઅરને ખોટી નહી કરે તા. બેટાને પાશે છા. ૮ લેઉ તથા બેટીને પાસે છા. ૪ લેઉ. જે નબલો વેવા હોએ તે શંજામાં રાખે. પાંમીતાનો (?) કરાર એ કરાર ઘઘરણાંનાં આશરવાદની છા. ૭ વારાનો ધણી લીએ. એ ઉપરાંત કોઈ લાંછ લવાજમ લીએ તે દીવાનમાં છા. ૧૦૧ એકસો ને એક ગુનેગારી આપે. ઘઘરણાંની રજા હોએ તો દેવાએ. જે ભાગીઆ પોળ ૨ નાં પતીઆલાં ભાગીઆ અગીઆરીમાંહ બેશી ચુકવે. આ. મેહેરનોસ કેકબાદ, આ. મેહેરજી ચાંદણાં, આ. રાંણુજી ધંઈઆં, તા. પુલ બીજી આ. જમશેદ ચાંદણાં, તા. આ. આશા ચાંદણાં (તથા બીજા ચાર મોબેદોના નામ છે) એ ભાગીઆ અગીઆરીમાં બેશી વેવા તા. ઘઘરણાં તા. અદેઆપન એટલાં કામ મલેઆં શંમજી ચલાવે એ લખીઉ તેથી કામ જીઆદત નહી કરે. એ પતીઆલા લખા છે તેમાંથી જણ ૧ એક કામ હોએ ને ગાંમ ગીઓ હોય ઘેર હાજર હોએ તેથી કામ અટકે નહી. ગાંમનાં ઘઘરણાં શારે તેની

---

* ભગરીઆ-માનોચેહેર હોમજી કેસના ચોપાન્યામાં "લોણી" શબ્દ છે. પણ તા. ૯-૮-૧૬૭૨ વાલા લેખમાં "લોદગી" શબ્દજ છે.

છાપરી ૯ લેઉ. એથી કોઈ વારાનાં ધણી વનાં કોઈ બીજો કાંઈ લાંછ લીએ તે દીવાનનાં ગુનેગાર." આ લેખ ઉપર આ. મેહેરનોસ કેકબાદ તથા રેવાયતવાલા બરજોર કામદીન તથા ૧૮ મોબેદો બેહેદીનોની સહી છે તથા બે મોબેદો અને ત્રણ બેહેદીનોની શાખ છે. (ફરેદુન કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૬૯૩–૬૯૪ તથા ભગરીઆ મીનોચેહેરજી હોમજીવાલા સને ૧૯૧૮–૧૯ ના કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૨૩).

ઈ. સ. ૧૬૪૧ માં લગ્નની આદરનીની રીત આપવા સંબંધી બંદોબસ્ત.

ઈ. સ. ૧૬૪૧ ના સાલમાં નવસારીના મોબેદો તથા બેહેદીનોએ લગ્નની આદરનીની રીત આપવા સંબંધી ઠરાવ કર્યો હતો, તે વિષેનો લેખ નીચે પ્રમાણે હતોઃ—

"સંવત ૧૬૯૮ નાં વરખે રોજ આસ્તાદ માહા અસપંદારમદ* શ્રી અંજુમન નોસારીની અગીઆરીમાં બેશી કરાર કીધો જે કોઇ અંધીઆરૂ તા. બેહેદીન છોકરાનાં કાજ આદરની કરે તે વાર ગોલ શેર ૫ મોહોર ૫ નાલીએર ૨ બેએ એથી કોઈ કંઇ અતકુ કરે તે શ્રી અનજુમનનો ગુનેહગાર. વરશ ૧ એક લગે પરેજ રહે. એ લોક (કોલ?) ભાંજે તે શ્રી દીવાનમાં મોહોર ૨૫ ગુનેહગારી આપે....એ લખીઉં નહી પાલે તે સતીઆશીમાં ગુનાહા થાએ તેહેનું ગુનાહા તેને શર. બીજું જે કોઈ કાજ આદરની કરે તે વાર અંધીઆરૂની હજુર તનદોરસ્તી પઢાવે તે કાજ રવા રહે તથા પર ગામ એ કાજ કરે તે એ લખીઉ પાલે (નવસારી મેહેરજીરાણા લાએબ્રેરી મધ્યેનો જામાસ્પજી શો. મેહેરજીરાણાકૃત હસ્ત લેખ ના. ૧ પા. ૫૦).

ક્રિયાકામો વારા પ્રમાણે વેહેંચી લેવાના ભગરીઆઓનો ધારો–તે વિષે બીજો લેખ.

ક્રિયાકામો વારા પ્રમાણે વેહેંચી લેવાના ધારાનો બીજો એક લેખ ભગરીઆ મોબેદોએ ઇ. સ. ૧૬૪૭ ને શુમારે કીધો હતો, તે નીચે પ્રમાણે હતોઃ—

---

*તા. ૬ ઠી નવેમબર ૧૬૪૧ N. S બુધે.

"શ્રી અંજમન નુશારીનાં શમસ્ત જોગ લ૦ ભગરની અગીઆરીનાં પતીઆલા શમસ્ત જત અમો લખેઉ કીધું જે કદીમ વડાની બંધી છે જે વેવા બાપીકે હીસે આવે તે વેહવાની વરણી વેહવાનું ધણીઓ સારે એ કરાર કાનું કદીમ છે જો કોઈ વારાનાં ધણી બગર બીજો વરણી સારે તે શ્રી અજમનનું ગુનેગાર. બીજુ હે જે સુથાનાં આફરગાંન જેનું વારો હુએ તે સુથાનુ આફરગાંન કરે. તે વતરોક બીજો કોઈ આફરગાંન કરે તે શ્રી અંજમનનું ગુનેગાર. એ કરારથી ફરે એ લખેઉ નહી પાલે તેને શ્રી દીવાંન પાસ સજા દેવાડીએ. બીજું જે વેહવા તથા સુથાનાં આફરગાંન હેની વગત. મોટા પલીઆનાં તથા મલેસર પલીઆનાં તથા પંખેડીનાં નુસારીનાં પંથક મધે જેહાં હુએ તે સરવ વારાનાં ધણી સારે તા૦ ઉઠેણાંમાં જેનું વારૂ હુએ તે ધુપ દેખાડે એ વાતમાં કસી ફેનકેફીઅત નહી કરે તા. અદેઆપંન તથા કુઆરા છોકરાની નવજોત વારાનુ ધણી સારે. એ વારાનાં ધણીથી બીજા કોઈ શારે તે શ્રી અંજમનનુ ગુનેગાર. એ લખેઆથી ફરે તેને શ્રી દીવાંન પાસ સજા દેખાડીએ. સંવત ૧૭૦૩ વરખે રોજ શ્રી હોરમજદ માહ શ્રી ફરઅરદીન" (તા. ૧૫ મી નવેમબર ૧૬૪૭ N. S.). આ લેખ ઉપર કેટલાક મોબેદોની સહી છે. (નવસારી પ્રકાશ તા. ૧૧ મી મે ૧૯૨૪ તથા ભગરીઆ મીનોચેહરહોમજી વાલા ના. ૧૩૨ વાલા કેસનું ચોપાન્યું પા. ૧૦)

નવસારીના સંજાણા મોબેદોને આતશબેહેરામમાં આશોદાદ લેવાનો હક એક વેળાએ ફકત અરદીબેહેશ્ત તથા આદર માહનામાં હતો.

ઈ. સ. ૧૬૫૦ માં સુરતવાસી શેઠ હીરજી વાછા મોદી (જેમણે ઈ. સ. ૧૬૭૦ માં મુંબાઈમાં પહેલું દખમું બંધાવી આપ્યું હતું તેઓ) સુરતના કેટલાક મોબેદો સાથે નવસારી શ્રી ઈરાનશાહને પગે પડવા ગયા હતા. તે વેળાએ સંજાણા મોબેદોએ તેમને જણાવ્યું, કે આતશ બેહેરામમાં આશોદાદ લેવાનો હક ફકત તેઓનેજ હતો–બીજા કોઈ મોબેદોને નહિ.

આથી શેઠ હીરજી મોદીએ સુરતી મોબેદોને આશોદાદ આપી નહિ. સુરતી મોબેદોએ સુરત જઈ શેઠ મોદીને પુરવાર કરી આપ્યું, કે ફકત અરદીબેહેશ્ત તથા આદર મહિનામાં સંજાણાઓને **એખલાને** આતશબેહેરામમાં આશોદાદ લેવાનો હક હતો. આથી મોદી શેઠે દરેક મોબેદ સારૂ આશોદાદ દરેક જણ દીઠ રા૧ ફદીઆં મોકલ્યાં, તથા નવસારીના દસ્તુર મેહેનુશ* કેકોબાદ સારૂ ૨૦ દોકડા અધિક મોકલ્યા. તે વિષે એક અગત્યનો કાગળ સુરતના મોબેદોએ દસ્તુર મેહેરનુશને લખ્યો હતો, તે નીચે પ્રમાણે હતો:—

"સવત શ્રી નુસારી અસથાંનાત...નેકનામ દીનવત રાજમાંન પુઝમાંન દસ્તુર શ્રી ૭ મેરનોસજી ગુરથમાંની કેકબાદ....આ૦ (અંધ્યારૂઓ) સમસત સુરતના કેન† પના ઈઝિજંદા બાદ વાંચજુ. અપરંમ બી૦(=બીજું) આં વુ. (=વારા) શ્રી ૫ હીરજી વાછાનુ સાથ નુસારી આતસની દરઘા આવેઆ હતા તેને સંઝાણુએ કહેઉ ઝે અ૦ (=અંધ્યારૂ) સુરતનાનુ નહી લાગતુ તે વાતપર બેહેદીને અમારૂ હક નહી આપેઉ કહેઉ ઝે સુરત જાઈને પુછી આપશું તે વાત પર અમો વુ૦ શ્રી ૫ હીરજી વાછાને ઘર અમો અ. (=અંધ્યારૂ) સમત ગીઆ. પછી વુ. શ્રી ૫ હીરજી વાછાની ખાતરનીસંન થાઈ બ. બેહેદીન બીઝાને પુછેઉ તેણાંભી કહેઉ જે **એનું હક માસ અરદીબેહેશ્ત તથા માહા આદર સુઆંગ (=મારેજ) લાગે છ.** તે વાર પછી આસાંમી એકના **ફદીઆં** રા૧ અઢી ભરીને આપેઆં. તમારા **દોકડા વીસ** ૨૦ મોકલેઆ છે તે લેજુ. પુતા લખજો. બેદબી માફ કરજુ. અમો સુરખુ કાંમકાજ લખઝો સમત ૧૭૦૬ માહ આદર રોઝ અનેરાં."§ (પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૨૩૩-૨૩૪).

---

* દસ્તુર મેહેરજી રાણાના પૌત્ર.

† યાને કેણુ=સંદેશો (પ્રો. હોડીવાલા પ્રમાણે, જોવો એમનું પુસ્તક પા. ૨૩૪).

§ તા. ૧૦ મી આગશટ ૧૬૫૦ N. S. બુધે.

નોંધ—પાછળથી ઈ. સ. ૧૬૯૩ માં એવો ઠરાવ થયો હતો (જે હવે પછી જોશું), કે ભગરીઆઆએ શ્રીજીના ઘરમાં (આતશબેહેરામનાં મકાનમાં) કોઈપણ બેહેદીન પાસે આશોદાદ માંગવી નહિ. કહેવાની જરૂર નથી કે પુષ્કળ વર્ષો થયાં બારે માસ આતશબેહેરામમાં આશોદાદ લેવાનો હક ફકત ઉદવાડાના સંજાણા મોબેદોનેજ છે.

ભગરીઆઓનાં પંથકો સંબંધી ઇ. સ. ૧૬૭૨ નો એક અગત્યનો લેખ.

તા. ૯ મી આગશ્ટ ૧૬૭૨ N. S. ને દીને નવસારીની સમસ્ત ભગરીઆ અનજુમને એક લેખ કીધો હતો, તે ઉપરથી ભગરીઆઓનાં પંથકો કયાં કયાં હતાં, તે માલૂમ પડે છે. તે લેખ આ પ્રમાણે હતો :—

"શ્રી અંજુમન શમસ્ત અધારૂ હંમકાર પાંચે પોળનાં શમસ્ત હંમકાર જત. અમો શંમસ્ત પંચ મીર શ્રી અમાન અલાતે ચોતરે બેશીને લખુ કીધું. વાશતે એ જે અમો ચેઓળનું પંથક આ૦ બેહરાંમજી ફરેદુનને આપેઉ હતૂ તે હંમણાં આ૦ શોરાબજી બેહરાંમજી તા. આ૦ ખુરશેદજી બેહેરાંમજી માહોમાહા વડતા હતા તે ઉપર અમો પંચ અતપાક થાઈને આજ પછેથી અમો અમારૂ કબજ કીધુ. આજ પછે અમારી નુસારીનાં પંથક પંખેડી નુશારીનું મોટુ પલીઉ તા. મલેશર પહલીઉ તા. ગંણુદીવી તા. બીલી તા૦ કેશલીપાટી તા. મેહેધર તા. મહુઆ તા. શેઓદપુણી તા. આંમલી તા. તવડી તા. મરોલી તા. દીવ તા. ચેઓળ તા૦ કલાંણુ ભીમરડી તા૦ ઠાંણાં તા૦ મુંબઇ વગેરે નુશારીનાં પંથકમાં જે કોઈ વારાનાં ધણી બગર પંચની રજા બગર વેહેવા તા૦ ઘઘરંણા તા૦ શેઆવ તા૦ શરોશ તા૦ અધારૂ પણાં શંમદી જે કાંમ હોએ તે વારાનાં ધણી બગર તા૦ પંચની રજા બગર કામ ચલાવે તે શ્રી દીવાનનાં ઘોનેગાર તા૦ દીવાનમાં ઘોનેગારી રૂ. ૨૫ પચીશ દીવાનમાં ઘોનેગારી આપે. જે કોઈ કોઈની નોબત ઉફલોદગી કરી અધારૂપંણાંનાં

અમલ કરે તે શ્રી દીવાનનાં ગુનેગાર તા. શરેનાં ગુનેગાર. એ લખુ અમો પંચ શરવ રાજી થાઈને કરૂ છે. આજ પછે જે કોઈ લોદગી કરે તેહેની કોઈ રેઆળ કરે તેહો ગુનેગાર. એ લખ્યાથી કોઈ ફરે તે શ્રી દીવાનમાં ગુનેગાર તા. શ્રી શરેનાં ગુનેગાર, તા. પોતાની નેઆતનો ગુનેગાર. જે કોઈ લોદગી કરે તેહોને પંચ શ્રી દીવાંન હજુર શજા દેવાડે. શા. ૧૭૨૮ વેખે તેરી. ૧૪ માહા રવીઅલ આખર રોજ અસ્પંદારમદ માહા દેએ શ્રાવણ વા ૧ ભોમે."* (પા. પ્ર. પા. ૮૪૪. ફરદુનજી કાંગાકૃત ભગર સાથ અનજુમનની તવારીખ પા. ૨૩-૨૪, તથા ભગરીઆ મીનોચેહેરહોમજી કેસના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૨૬).

ઇ. સ. ૧૬૭૩ માં મોબેદોના ઉપલા ઠરાવથી નારાજ થયલા બેહેદીનોએ કરેલો બંદોબસ્ત.

ઉપલા બંદોબસ્ત પ્રમાણે એવો ઠરાવ મોબેદોએ કીધો હતો, કે જેનો વારો આવે તે મોબેદ સઘળું કામ કરે. પોતાની મરજી નહિં હોય એવા મોબેદોનો વારો આવે, તો પણ તેનીજ કને બેહેદીનોએ ક્રિયાકામ કરાવવું જોઈએ, આ ઠરાવ બેહેદીનોને નાપસંદ હતો. તેથી નવસારીના સમસ્ત બેહેદીનોએ સંવત ૧૭૨૯ રોજ ૧ માહ ૧ તા. ૮ મી નવેમબર ૧૬૭૨ N. S. ને દીને એકઠા થઈ લેખ કીધો કે "હાલમાં કેટલાક ભગરીઆ મોબેદોએ એવું લખયું કીધું છે કે જેનો વારો આવે તે સર્વે મોબેદીનું કામ કરે. પણ તે ઉપર આપણે બેહેદીનો રાજી નથી. માટે જેમ આપણને મન માને તે મોબેદોની પાસે સર્વે કામ કરાવવું તથા જે કાંઈ આપવું હોય તે પોતાને મન માને તેમ આપવું." આ લેખ ઉપર ૩૪ બેહેદીનોની સહી છે. (પારસી પ્રકાશ પાને ૮૪૪).

---

*આની મુકાબેલ ઇંગ્રેજી તા. ૯ મી આગસ્ટ ૧૬૭૨ N. S. છે. કાંગાની તવારીખમાં લેખ ઉપર ૪૧ મોબેદોની સહી છે. પણ ભગરીઆ-મીનોચેહેરજીવાલા કેસનાં ચોપાન્યાંમાં ૩૦ મોબેદોની સહી છે.

આ ઉપરથી દીશે છે, કે ઉપલા ઠરાવોથી નવસારીના ભગરીઆ મોબેદો તથા ત્યાંના બેહેદીનો વચ્ચે કચવાટનું બી રોપાયું હતું. વખત જતાં નવસારીના સંજાણા મોબેદો નવસારીમાં બેહેદીનોનું ક્રિયાકામ કરવા લાગ્યા, કે જે થયલા કોલકરારોનો ભંગ કરનારૂં કામ હતું.

શ્રી ઇરાનશાહને માટે યુરોપીઅન મુસાફરોના પુસ્તકોમાં ઇશારા.

યુરોપીઅન મુસાફરોએ પોતાનાં પુસ્તકોમાં ગુજરાતના પારસીઓની હકીકત અહિંતહિં આપી છે. તેઓનું ધ્યાન ખાસ કરી નુરી કેબલા શ્રી ઇરાનશાહ તરફ વધુ ખેંચાયું છે. હેનરી લોરડ તથા ઓગીલબીનાં લખાણો આપણે જોઇ ગયા. બીજાં બે લખાણો નીચે પ્રમાણે છે.

ઈ. સ. ૧૬૭૧ (૧૬૭૨)માં સર સ્ત્રીનશેમ માસ્તર (Sir Streynsham Master) લખી ગયો છે કે:—

"They say a Parsee was raised to great honour in the Court by Jangier, this Mogull's grand-father. At the said place of Nausaree their Chief Priests reside, where" tis said they have their Holy fire, which they brought (with) them from their owne Country, and is never to goe out. They keepe it soe constantly supplyed. (The Diary of William Hedges Esq. by Col. H. Yule Vol. II. p. 315).

જો કે આ હકીકત તદન ચોકકસ નથી, પણ અત્રે દસ્તુર મેહેરજીરાણા તથા શ્રી ઇરાનશાહના ઇશારા છે.

તા. ૨૨ મી સપટેમબર ૧૬૭૫ ના એક કાગળમાં દાકતર જોન ફ્રાયર (Dr. John Fryer) લખે છે કે:—

"They (=the Parsees) worship the Sun and keep at Nunsarry a Delubrium (=temple), where is always a Fire (first kindled by the Sun) kept alive" (Fryer's New Account of East India and Persia 1698 p. 117).

અત્રે પણ નવસારીમાંનાં શ્રી ઇરાનશાહ આતશબેહેરાનનો ઇશારો છે. તે વેળાએ હિંદમાં બીજે કેથે આતશબેહેરામ હતા નહિ.

પ્રકરણ છઠ્ઠું.

ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે ટંટો.

ભગરીઆઓ તથા સંજાણા મોબેદો વચ્ચે કુસંપની શરૂઆત.

ઈ. સ. ૧૬૮૩ ને શુમારે નવસારીના કેટલાક બેહેદીનોએ ત્યાંના સંજાણા મોબેદોને પોતાના પક્ષમાં લઈ તેઓ કને પોતાને ત્યાંનું મુવાં તથા જીવતાનું ક્રિયાકામ કરવા માંડયું. આ પ્રમાણે કુસંપનું બી રોપાયલું જોઈ સુરતની જરથોસ્તી અનજુમને તા. ૧૦ મી નવેમબર ૧૬૮૩ N. S. ને દીને નવસારીમાં વસ્તા સંજાણા મોબેદો બરજોરજી ખુરશેદજી તથા મનોચેહેરજી બરજોરજી વગેરે સમસ્ત સંજાણા મોબેદો ઉપર એક કાગજ લખ્યો હતો, કે અસલથી ચાલતું આવ્યું છે તેમ ચાલવું. આ કાગળ નીચે પ્રમાણે હતો :—

"સવસ્તી શ્રી નવસારી કસબે પુજારાધે સર્વે ઉપમા લાએક સદા સોભાગ નેકનામ નેક કાર દીન દોસ્ત સમસ્તે અંધેઆરૂ સંજાણા દા. (=દસ્તુર) જાદા શ્રી પ. બરજોરજી દસ્તૂર ખુરશેદજી તથા દસ્તુર જાદા શ્રી પ. મનોચેહેરજી દસ્તુર બરજોરજી તથા શમસ્તે હંમકાર સંનજાણા દીન દીન અધીક દોલત વા. ઉમર દરાજ બાદ લા. સુરત બંદરેથી દોવાગો ખેર અંદેશ શમસ્તે અંધેઆરૂ તથા બેહેદીન કેન શદ હજાર આફરીન વી પનાહ ઈઅજદા બાદ. જત અતરે કુશલ છે. તમો બજોરગોની ખેમા કુશલ શંતોખના શમાચાર કાગજ લખવા જે હમારા દેલને રાહેત પોહચે. બીજું લખેઆ કારણ એ જે નવસારીથી વડી અગીઆરીના હમકારોએ કાગજ હમો ઉપર લખ્યું હતું. હમણાં શંનજાણા અંધેઆરૂ શ્રી નવસારીમાં પદાંન બાંધી બાજ દરૂંન કરે છે, ઈજે છે. પણ હમારી ખાતરમાં નહી આવ્યું જે દીન દાનાવ થાઈને પારકાં પંનથકમાં કેમ કાંમ ચલાવે. જો કોઈ

અંધેઆરૂ થાઈ પારકાં પંનથકમાં અમલ શારનાં ઈજવા સંબંધી કરે તે આપણાં વડાનું બુલકુલને (બોલકોલને) રૂઉએ, મુકતાદમાંને પોહંચે નહીં. એ વાતનું તમોને માલંમ છે. તે હમો તમોને શું લખું. તમો દીનદાનાંવ છેઓ. જે વાતે આપણાં વદાવોનો બોલકુલ રેહ રાહ રશમ ચાલે છે તે અમલ ચાલે તે કરજો. એ દીનનું બંધ આપણ અંધેઆરૂને હાથ છે. આપને રાખેલું રહે. બીજું આજની વેલા ઘણી કપરી છે. જે હજુરનાં લખેઆથી સુરતમાંહ તથા ગુજરાતમાંહ પારકા મહજબની ચરચાર ઘણી થાએ છે, તે શું લખીએ. તમુને માલમ હશે. હવે એ કરજો જે દીનની રાહ રશમ તથા વડાવોનાં બોલકુલ પલે તે કરજો. ગનું શું લખીએ. અહી હમો સરખું કામકાજ લખજો. સને ૧૦૫૩ § રોજ ૫ માહ ૧." * આ કાગળ ઉપર ખુરશેદ આદરજી, કુંવરજી નાનાભાઈ તથા બીજા ૨૪) બેહેદીન તથા મોબેદોની સહી છે. કેટલાક સાહેબોએ પોતાની સહી મુકી નીચે પ્રમાણે જુદા જુદા શેરા માર્યા છેઃ—

(૧) એ ધર્મનો બાંધો તમારે હાથ છે. (૨) દીનની રાહ રશમ છે તેમ કરજો. વડાની રવેશે ચાલજો. (૩) દીનનાં કામમાં ખરાબી મા કરતા. તમો દાનાવ છેઓ. (૪) કામ શારૂ કરજો.

---

§ ભગરીઆ–મીનોચેહેર હોરમજીવાલા સને ૧૯૧૮–૧૯ ના. ૧૩૨ વાલાનાં ચોપાન્યાં પા. ૫૮ ઉપર આ લેખનો સને ૧૦૫૦ રોજ ૫) માહ ૧૨) લખ્યો છે તે બરાબર નથી.

* ૧૦ મી નવેમબર ૧૬૮૩ N. S. બુધે. ફરદુનજી કાંગાનાં પુસ્તકમાં માહ ૧૨ મો જણાવ્યો છે તે ભૂલ દીશે છે. ઉપલા બરજોરજી દસ્તુર ખુરશેદજી, દસ્તુર કુટુંબના હતા. તેમની વંશાવલિઃ—

ખોરશેદ કામદીન–આસતીન–ચાંઈઆં–કામદીન–આશા–નરસંગ–કેકોબાદ–ખોરશેદ–બરજોર. (એ. નશરવાનજી ન. ઉનવાલાની ફેહરીસ્ત પા. ૭૨).

મનોચેહેરજી દસ્તુર બરજોરજી, મીરજાં કુટુંબના હતા. તેમની વંશાવલિઃ—

નાગણ રામ–નરસંગ–કામ–પદમ–હોરમજદયાર–કુકા–કામદીન–બરજોર (રેવાયતવાલા)–મીનોચેહેર. (ઉપલી ફેહરીસ્ત પા. ૧૧૧).

(૫) દીનની રાહ વડાનો બોલ કુલ રહે તે કરજો. (૬) નવું કરશો માં. જુનું લોપશો માં. (પારશી પ્રકાશ પાને ૮૪૪, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૨ પાને ૧૨–૧૩ તથા ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૨૬-૨૭).

કુસંપની શરૂઆત અટકાવવા સુરતની અનજુમને ઉપલો પત્ર લખ્યો હતો. તેની સારી અસર કેટલોક વખત સુધી ટકી રહી હતી એમ દીશે છે. પણ આશરે બે વર્ષના અરસાબાદ મામલો પાછો બગડી ગયો. માટે ભગરીઆઓએ પોતાના હક માટે **નવસારીના** કાજીની અદાલતમાં સંજાણાઓ સામે ફર્યાદ કરી. કોર્ટની તપાસ બાદ બંને પક્ષો વચ્ચે સંમતિનું હોકમનામું થયું. તેના લેખ યા લેખોની જુદી જુદી નકલો જડી આવેલી છે, તે નીચે આપીએ તે આગમચ દમણના જરથોસ્તીઓએ વલસાડથી સંજાણા મોબેદોને બોલાવ્યા હતા, તેની ટુંક નોંધ દાખલ કરીશું.

દમણના જરથોસ્તોએ બોલાવેલા સંજાણા મોબેદો.

ઈ. સ. ૧૫૪૩ વાલા લેખ ઉપરથી આપણે જોયું કે તે વખતે નવસારીવાલા સંજાણા મોબેદોનું પંથક ઉલાડી દમણથી દંતોરા નદી સુધી હતું. વળી ઈ. સ. ૧૫૫૨ ના દસ્તાવેજ પ્રમાણે દમણ (કયું દમણ તે જણાવ્યું નથી) તેઓનાજ તાબામાં હતું. પણ એમ માલૂમ પડે છે, કે નવસારીમાં ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે ખટપટ જાગવાને સબબે ઈ. સ. ૧૬૮૪ માં દમણના જરથોસ્તીઓએ (નવસારીથી નહિ પણ) વલસાડથી સંજાણા મોબેદોને બોલાવ્યા હતા. રોજ ૨૫ માહ ૨ સંવત ૧૭૪૧ (તા. ૨૯ .મી ડીસેમબર ૧૬૮૪ N. S.) ને દીને દમણના જરથોસ્તીઓએ વલસાડ મધે એ. જામાસ્પ ભાઈજી ઉપર કાગજ લખી દમણની અગીઆરીના કામ માટે બે મોબેદો મંગાવ્યા હતા. આ ઉપરથી રોજ ૮ માહ ૫ ને દીને બે મોબેદો નામે નવરોજજી જામાસ્પજી તથા ખુરશેદજી આદરવાનજીને મોકલ્યા હતા (પા. પ્ર. પા. ૮૪૫).

નોંધ—એ. જામાસ્પ ભાઇજી સંજાણા વલસાડના દસ્તુર મોહલ્લાના મોબેદોના વડવા હતા. તેઓ શ્રી ઇરાનશાહને નવસારીમાં લાવનારા ત્રણ સાહેબોમાના ખોરશેદ કામદીનથી (દસ્તુર કુટુંબમાં) ઉતરેલા હતા. તેમને નવસારીની અંજુમન તરફથી વલસાડમાં પંથકી તરીકે મોકલવામાં આવ્યાં હતા. તેમણે ઈ. સ. ૧૬૮૬ માં સરેસ્તા પ્રમાણે નવસારીની રાસમાં લવાજમ મોકલવાનું બંધ કીધું હતું, અને નવસારીના મોબેદોથી સ્વતંત્ર બન્યા હતા. તેઓ રોજ ૨૮ માહ ૧૧ ય. જ. ૧૦૬૮ (તા. ૨૫ મી સપટેમબર ૧૬૯૯ N. S.) ને દીને ગુજરી ગયા હતા (પા. પ્ર. પ. ૬, ૨૨, તથા નશરવાનજી ઉનવાલાની ફેહરીસ્ત પા. ૭૨).

અસલ રેવાજ પ્રમાણે ક્રિયાકામ કરવા સંબંધી ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે સમજુતીનો લેખ.

આપણે ઉપર જોયું, કે સંજાણાઓ તથા ભગરીઆઓ કાજીની અદાલતમાં ગયા હતા. બાદ સંમતિનું હોકમનામું થયું હતુ. તે હોકમનામું શું હતું, તે નીચે જોશું. તેની રૂહે આ બંને ટોલાઓ વચ્ચે પોતપોતાનાં પંથકમાં ક્રિયાકામ કરવા બાબે નીચે પ્રમાણે બંદોબસ્ત થયો હતોઃ—"સંવત ૧૭૪૧ ના વરખે રોજ ૬ માહ ૬ તેરીખ ૪ માહ જમાદીઅલ અવલ ચંઇતિર શુદ ૬ શોમે (તા. ૯ મી એપ્રીલ ૧૬૮૫ N. S.). અંધેઆરૂ શમશતે ભગડીઆ કશબે નવશારીનાં પંથકનાં જોગ. લા૦ અંધેઆરૂ શમશતે શંનજાણા પંથકના જત આપણે માહોમાહા વડતા હતા તે શરેશરીફ બેશી શમજીઆ. શુદ આમદ આપણા વદા ચાલતા તેમ ચાલુ ચલાવું. જે નવસારીનાં પંથકમાહા શંનજાણા અમલ કરે તે નારવા. તથા સંનજાણાં પંથકમાં ભગડીઆ અમલ કરે તે નારવા. અશલ વદાની શુદ આમદ રશમ છે તે પાલું. તેથી ફરૂં નહી. ફરૂં તો શરેનો ગુનેગાર તથા દીવાંનો ગુનેગાર,"

આ લેખ ઉપર (સંજાણા ટોલાના) બરજોરજી ખુરશેદજી તથા મનોચેહેરજી ખુરશેદજીનાં મતાં છે. મનોચેહેરજીની સહી હેઠે લખ્યું છે કે "શુદ આમદ પર હમો રાજી." (જામાસ્પજી શો. મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૧ પાનું ૩૯).

કાજી આઉદ્દીન (જીઆવ અલ દીન) ની મોહોર સાથનું સંમતિનું હોકમ નામું.

"તા. ૫ જમદીલ અવલ ૧૦૯૬ હીજરી" (તા. ૧૦ મી એપ્રીલ ૧૬૮૫ N. S.) ની તારીખે સીલ કીધેલું નવસારીના કાજી આઉદ્દીન ઉશમાંનીની મોહોર સાથનું સંજાણા તથા ભગરીઆ મોબેદેના કેસમાં જે સંમતિનું હાકેમનામું થયું હતું, તેનો ટુંકસાર આ હતો:—"કસબા નવસારીના અંધીઆરૂ તથા સંજાણા અંધીઆરૂ માહોમાહે પોતાની કદીન રાહરસમને વાસ્તે મરાતા હતા તેઓ પોતાના દરમીઆન માંહોમાહે સમજીઆ અને એવો કરાર કીધો જે આજ પછી કદીમ રાહારસમ જે પોતાના બાપદાદા કરતા આવીઆ છે તે કરીએ. એ કરારથી ફરીએ નહીં. અને કસબે નવસારીના અંધીઆરૂ કસબા વીગેરેનું અને સંજાણા અંધીઆરૂ દમણમાં અંધીઆરૂપણું કરે. જો કદી એ કરારથી ફરે તો શરેહ તથા હાકમના ગુનેહગાર થાએ." (પા. પ્ર. પાને ૮૪૫, ખેરગામ કેસ પા. ૮૨, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૪૨ તથા ના. ૧ પા. ૩૫).

કાજી આઉદ્દીનની તથા શેખ આકેલઅમીનની મોહર સાથના અસલ ફારસી હોકમનામાંનો વિગતવાર તરજુમો નીચે પ્રમાણે છે:—

"તારીખ ૫ માહે જમાદીઅલ અવલ સને ૧૦૯૬ ને દીને નોસારી કસ્બાનાં શરેનામુ હુકમનામામાં તમામ અંધીઆરૂની જમાએત કસ્બે નૌસારીનાં રહેનારાએ આવી જાહેર કીધું જે હમો પારસીઓના કુમ મધે કદીમ દહાડાથી એ રશમ જારી છે જે સંજાણા અંધીઆરૂ કસ્બા નૌસારીમાં રહે છે તેહોને ગેરનું અંધીઆરૂપણું વેહવાનું તા. જીવતાનું તથા મુઆ વગેરેનું

હમો કરૂં છેઉં અને આજ સુધી કરતા આઉ છેઉ. હમણાં સંજાણા અંધીઆરૂ ચાહે છે જે પોતાનાં ઘેરનું અંધીઆરૂપાણું પોતે કરે અને કદીમ રસમથી ઉલટું ચાલે વાસ્તે સંજાણાને બોલાવી મને કરૂં જે કદીમ રાહાથી નહી ફરે અને પોતાનાં અંદાજાથી પાઉ બાર મેલી એ કરમ હમારા તાલુકામાં નહી કરે. પછે સંજાણા અંધીઆરૂને બોલાવી તજવીજ કીધું તેઓએ જવાબ દીધો જે હમો ભી અંધીઆરૂ છેઉ. અમારા ઘરનું અંધીઆરૂપણાનું એહો શા વાસ્તે કરે. અમો કરશું અને બીજા પારસીઓના ગરમાં અમલ કરૂ તો ગુનેહગાર થાઉં. પછે શરેનો હોકમ. તથા અમીન પાદશાહી ચોતરા ઉપર બેસી એ વાત તજવીજ કીધી. માતબર માણસથી તથા બીજા પારસીઓથી તેહેકીક કીધું જે સંજાણા અંધીઆરૂ જે કસ્બા નૌસારીનાં તાલુકામાં રહે છે તેહેને ઘેરનું અંધીઆરૂપાણું નૌસારી કસ્બાના અંધીઆરૂ કરતા આવેઆ છે અને જે કસ્બા નૌસારીના અંધીઆરૂ સંજાણા અંધીઆરૂનાં તાલુકામાં રહે છે તેહેને ઘેરનું અંધીઆરૂ-પણું સંજાણા અંધીઆરૂ કરે એ મુકદમો તજવીજ થાએઆ પછે સંજાણા અંધીઆરૂને મને કીધા જે આજ પછે પોતાના બાપદાદા રાહરસમથી ગુજરી કસ્બા નૌસારીનાં તાલુકાનાં અંધીઆરૂપણામાં શું તમારા ઘરનું શું બીજા પારસીઓને ઘરનું દખલ મુ કરૂં અને કશી વાતનું અમલ મુ કરૂ. પછી તે સંજાણા અંધીઆરૂએ ભી પોતાની રજારગબતે એ કરાર સહી કીધો જે આજ દન પછે કસ્બા નૈસારીનાં અંધીઆરૂનાં તાલુકામાં પોતાનાં ઘરનું અંધીઆરૂપણું અસલ તથા બીજા પારસીઓને ગેરનું અધીઆરૂપણાનું અમલ અમો નહી કરૂ. અને કદીમ અઇઆમની રશમ જે કસ્બા નૈસારીની છે તેથી નહી ફરૂં. જો કધી અંધીઆરૂપણાનું અમલ બાજબરશમ વગેરેનું કરૂં તો ગુનેહગાર થાઉં." (જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૧ પા.૯–૧૦. આ તરજુમો લગાર જુદા શબ્દોમાં એ. ફરેદુન કાંગાકૃત ભગર સાથ અનજુમનની તવારીખમાં પા. ૨૮–૨૯ ઉપર પણ છે).

સમજુતીનો બીજો અગત્યનો લેખ

બેહેદીનોની હજુરમાં.

રોજ ૧૫ માહ ૮ (સને) ૧૦૫૪ યજદજરદી સંવત ૧૭૪૧ (તા. ૧૭ મી જુન ૧૬૮૫ N. S.) ને દીને "સમસ્ત અંધેઆરૂ શ્રી નોશારી પંથકના તથા સમસ્ત અંધારૂ સંજાણા પંથકના એક જાગા બેશી એતેફાક થઈ શ્રી સુરતના અંજુમન અંધારૂ તથા બેહેદીન શ્રી નોસારીના બેહેદીન હજુર બેશી કરાર કીધો જે આજદીન પછી કોઈ કોઈનાં પંથકમાં અંધીઆરૂપણાનો અમલ સારણું વારણું બાજ બરશમ વગેરેનું અમલ નહીં કરે. જે કોઈ કોઈનાં પંથકમાં અમલ કરે તે નારવા. બરશનુમનો ધણી અમલ કરે તેનું બરશનુમ નારવા બાતેલ. તથા સંજાણા અંધેઆરૂ શ્રી **આદર ઈજદની** બુએ હંમેશાં દીએ છે તેમ દીએ. એ બગર બીજું અમલ નહીં કરે. તથા નોશારીના પંથકના અંધેઆરૂ સંજાણાના પંથકમાં અમલ નહી કરે. બરશનુમનો ધણી પોતાની ખુદીએ અમલ કરે તેનું બરશનુમ બાતેલ. કોઈ કોઇની **અગીઆરીમાં** અમલ નહીં કરે. વડાં વડેરાંની રશુમ છે તેમ ચાલે. સુદામત કાંનુ છે તેમ ચાલીએ"* (ખેરગામનો કેસ પા. ૮૯–૯૦, પા. પ્ર. પાને ૧૮, ભગરીઆ મીનોચેહેર હોમજીવાલા કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૭૦, ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૨૯–૩૦, જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૩૨).

નોંધ—આ લેખ ઉપર (સંજાણાઓ) આ૦ બરજો દ૦ ખુરશેદજી તથા આ૦ મનોચેર દ૦ બરજોરજીની સહીઓ છે.

પહેલા સાહેબ "મતું" કરતાં લખે છે કે "કાનુ(ન) કદીમ પાલુ પલાવું." વળી આ લખત ઉપર સુરતના આ૦ માણુક

---

*સંવત ૧૭૭૨ ના રોજ ૧૮ માહ ૧૦ (તા. ૧૨ મી આગષ્ટ ૧૭૧૬ N. S.) ને દીને ભરૂચના મોબેદોની અંનજુમને બંદોબસ્ત કીધો હતો, કે ભરૂચના પંથકમાં બાહારના કોઇપણ મોબેદે **ધર્મક્રિયા** કરવી નહિ (પા. પ્ર. પાને ૮૪૯).

રૂશતમ સુરતનાની શાખ છે. તથા બીજા ચાર મોબેદો તથા પાંચ બેહેદીનોની શાખ છે.

ભગરીઆઓ તથા બેહેદીનો વચ્ચે મારામારી અને તેથી થયલાં ખુન.

કમનશીબે ઉપલી સમજુતી લાંબો વખત સુધી ટકી શકી નહિ નવસારીના કેટલાક બેહેદીનોની ઉશકેરણીથી સંજાણા મોબેદોએ વિચાર કર્યો, કે અમે કાં નહિ અમારા ઘરની તથા જે બેહેદીનો કામ સોંપે તેઓની મરણ જીવનની ક્રિયા કરીએ? આ કામમાં બેહેદીનોની મદદ મળ્યાથી સંવત ૧૭૪૨ રોજ ૧૮ માહ ૧૧ તા. ૧૮ મી સપટેમબર ૧૬૮૬ N. S. ને દીને એક બાજુએ ભગરીઆઓ તથા બીજી બાજુએ સંજાણાઓ તથા બેહેદીનો વચ્ચે એક મોટી મારામારી થઈ. તેમાં બેહેદીનનોને હાથે બે ભગરીઆ મોબેદો નામે માણેકજી બેહેરામજી નરીમાન તથા રૂસ્તમજી શાપુરજી આંટીઆનાં ખુન થયાં. આ ઉપરથી ભગરીઆઓ ઘણા ઉશકેરાયા અને ૬ બેહેદીનો* નામે નાહના મેહેરજી, કુકા શાપુર,† નાલા ચાંદજી, મેહેરજી સુખલા, બહમન પેશોતન તથા રૂશતમ શાપુરને મારી નાંખ્યા. (પા. પ્ર. પ. ૮૪૫).

તપાસ માટે નવસારીના કાજીએ બહાર પાડેલો ઢંઢેરો.

ઉપલી મારામારી વિષે પુરતી તપાસ ચલાવવા નવસારીના કાજી આઉદ્દીન ઉશમાંની વગેરેએ તા. ૧૫ જુલકાદ ૧૦૯૭ હીજરી તા. ૨૬ મી સપટેમબર ૧૬૮૬ N. S. ને દીને પોતાની મોહોર સાથે એક જાહેરનામું બહાર પાડયું હતું. તેમાં લખ્યું હતું, કે

---

*નવસારી મેહેરજીરાણા લાયબ્રેરીમાં એક ગુજરાતી હસ્ત લેખ ના. ૧૨(૧) વાલો છે તે ઉપરથી માલૂમ પડે છે, કે સાત જણ મુવા હતા. (પા. ૨૧–૨૩). જમાસ્પજી શો. મેહેરજીરાણાના ઉપલીજ લાયબ્રેરીના હસ્ત લેખ તા. ૧ માંનાં એક લેખમાં તો પાંચ જણ માર્યા ગયાની વાત જણાવી છે. (પા. ૧૨)

†જમાસ્પજી મેહેરજીરાણાના હસ્ત લેખ ના. ૧ પા. ૫૮ ઉપર આ નામ "કુકા અસ્પુ" છે.

"સવાલ કરે છે અને શાહેદ માગે છે શોરાબ અશપુ તથા નોશરવાન મેહેરજી વગેરે પારસી ટોલો મારેઆ ગએઆના વારસો, કશબે નોશારીનાં મુસલમાનની જમાએત તથા હિંદુની જમાએત તથા પારસી જમાએત છે તથા એ સવાલ કરનારના ટોલાના દરમેઆંન તથા અંધેઆરૂના દરમેઆનમાં કદીમથી ખેરાતને વાસતે તથા નેકા પઢવાની લવાજમને વાસતે તથા મઇઅતની લવાજમને વાસતે ગોફતેગો તથા રદબદલ રાખતા હતા તેમાં અંધેઆરૂ લોકો જબરજશતીની રાહે ચાહતા હતા કે હરેક તરેહ ખેરાતનો પઇસો એ સવાલના કરનારના ટોલા પાસેથી લીજીએ. તે વાત હમોએ કબુલ નહીં કીધી. તે ઉપર અંધેઆરૂની જમાએત એકથી થાઇને હમોને મારવાને પછવાડે થએઆ તથા તમાંમ જુલમ તથા શીહાશત કરી જીવથી મારી નાખેઆ. ને ઘરમાંની માલમતા તથા નગદ તથા જનશ વગેરે જે કાંઇ હતું તે સરવે લુટી ગયા."

નોંધ—પંદર ઘરોમાંથી કુલે રૂ ૫૨૯૪ ની માલમતા તથા જીનસો લુટાઈ હતી, (પારશી પ્રકાશ પાને ૮૪૫–૮૪૬, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૫૭–૫૮).

આ ઉપરથી છ મોબેદોને ખુન કરવાના વાંક માટે તથા બીજા છ મોબેદોને ખુનની ઉશકેરણી કરવાના વાંક માટે સુરતના નવાબ (જેનું નામ આંકવેટીલ પ્રમાણે તથા તા. ૮-૨-૧૬૮૭ N. S. નો લેખ હવેથી ટાંકીશું તે પ્રમાણે સલાબતખાન હતું તે)ના ફરમાનથી સુરતખાતે પકડી લાવવામાં આવ્યા. કજ્યાની તપાસ બાદ ઉપલા ૧૨ મોબેદોને કેદખાનાની સજા કરવામાં આવી હતી.* (પારશી પ્રકાશ પાને ૧૯).

---

*નવસારી મેહેરજી રાણા લાયબ્રેરીના ગુજરાતી હસ્ત લેખ ના. ૧૨(૧) પ્રમાણે આ ૧૨ મોબેદો ૯ માસ કેદ રહ્યા હતા. પાછળથી એક મોબેદ બરજોર સહીઆરે શેઠ કુંવરજી કને જઇ અરજ કરી, કે મોબેદોને છોડવવા. તેમણે મેતા ગણેશ શેઠને વકીલ તરીકે રોકયા હતા. કજ્યો નવાબ સલામત કને ચાલ્યો હતો. વકીલે પુષ્કળ લડત ચલાવી મોબેદોને છોડાવ્યા હતા; અને ચાર મોબેદો કામદીન બેરામ, માણેક

પાછળથી સુરતના એક તવંગર તથા લાગવગવાળા પારસી નામે કુંવરજી નાનાભાઈ (પુંજીઆ અથવા મોદી) (કે જેમના બાપ નાનાભાઇ પુંજીઆએ પા. પ્ર. પા. ૧૫ પ્રમાણે ઈ. સ. ૧૬૬૭ માં સુરતમાં એક દખમું બંધાવ્યું હતું તેઓ) ના લાગવગથી ઉપલા મોબેદોનો છુટકારો થયો હતો. આ શેઠીઆની યાદગારીમાં જ્યારે ઈ. સ. ૧૬૯૦ માં તેમનાં કુટુંબનાં બે બાનુઓ નામે હીરાંબાઈ ખુરશેદજી આદરજી તથા વીરબાઈજી ધનજી પદમ ગુજરી ગયાં ત્યારે નવસારીના ભગરીઆ મોબેદોએ લાખની (=એક લાખ પાંચશો યથા અહુ વઈર્યો ભણવાની) ક્રિયા કરી હતી. (પા. પ્ર. પાને ૮૪૬).

કાવશ, ખુરશેદ રૂસ્તમ તથા જમશેદ બેરામ જામીન થયા હતા. ઉપલા બાર મોબેદો નવસારી પાછા આવ્યા, ત્યારે એક અનજુમન એકઠી થઇ. તેણે શેઠ કુંવરજીની તનદરોસ્તી પઢી હતી. (પાનું ૨૨–૨૫)

નોંધ—આંકવેટીલના જણાવ્યા પ્રમાણે સુરતના સલાબતખાને નવસારીથી ૧૦૦ મોબેદોને પકડી મંગાવી તેમને છ માસ સુધી કેદમાં રાખ્યા હતા. (જોવો દાકતર જીવનજી મોદીનું પુસ્તક આંકવેટીલ તથા દસ્તુર દારાબ પા. ૨૦૮).

નોંધ—કુંવરજી નાનાભાઇ પુંજીઆ સુરતના હાલના સરદાર મોદીજીના વડવા હતા. એમના કાકા બહમન પુંજીઆ હતા, કે જેમણે ઇરાનથી આવેલાં ધર્મ સંબંધી બાબતોનો સંગ્રહ કીધો હતો, જેને "બહમન પુજીઆની રેવાયત" તરીકે ઓળખવામાં આવે છે. (પા. પ્ર. પા. ૧૫). કુંવરજીના બેટા ભીમજીના બેટા નાનાભાઇનું નામ ઇ સ. ૧૭૩૩ ના જુન–જુલાઇવાલા લેખમાં તથા બીજા લેખોમાં આવે છે, તે હવે પછી જોશું. નાનાભાઇએ ઇ સ. ૧૭૩૪ માં સુરત મધ્યે કાંકરાખાડી આગળ એક દખમું અનજુમનના ઉધરાટથી બંધાવ્યું હતું (પા. પ્ર. પા. ૩૧). સુરતના મોદીજીઓ (દાવર) ની પહેડી નીચે પ્રમાણે છે:—

પુંજીઆ–નાનાભાઇ–કુંવરજી–ભીમજી–નાનાભાઇ (તથા તેમના ભાઇ) કાવશજી–ડોશાભાઇ–ખુરશેદજી–રૂસ્તમજી–(છેલ્લાના ભાઇ) એદલજી–કેખશરૂ–(છેલ્લાના ભત્રીજા) તેહેમુરસ્પ.

નોંધ—સુરતના મોદીજીની અસલ ઓખાર ગાંધી હતી (પ્રો. હોડીવાલાનું પુસ્તક પા. ૩૨૪).

ખુન કરનાર બે ભગરીઆ મોબેદો કને ક્રિયાકામ નહિ કરાવવાનો બેહેદીન અનજુમને કરેલો ઠરાવ.

ભગરીઆઓએ બેહેદીનોનાં ખુનો કીધાં, તેથી બે મોબેદોને રદ બાતેલ કરવાનો ઠરાવ નવસારીની બેહેદીન અનજુમને કીધો હતો તે નીચે પ્રમાણે હતો :—

"સંવત ૧૭૪૩ ના વરખે માહા ફરવદીન રોજ ૧ (તા. ૫ મી નવેમબર ૧૬૮૬ N. S. વાર ભોમ) લખતંગ નૌસારીનાં મલેશર ફલીઆનાં વગેરે પંથક પંખેડીના બેહેદીન સમસ્તે ને એ લખામાં મતાં કરે જે અમે સર્વે એતેફાક થાઇને કરાર કીધો એટલા વાસ્તે જે મલેશર વગેરે માહાં આજ લગન અંધીઆરૂ સોરાબ કેકોબાદનાં વડા તથા તેના કાકા અંધીઆરૂપણું કરતા તે પોતાનાં અંધીઆરૂપણાનાં મલાહાજે રહેતાં કોઈની કથકણવાર નહી કરતા...તે મુઆ પછી અંધીઆરૂ સોરાબ કેકોબાદ તથા મેહેરજી ચાંદનાના બેટા અંધીઆરૂપણું કરતા. પણ અંધીઆરૂપણાને મલાહાજે નહી રેહેતાં લોકોની કઠકણવાર તથા ચાડીચુગલી કરીને લોકોને બદ રાહ કરતાં, તેથી હમો ઘણા દીલગીર હતાં. વલી હમણાં અંધીઆરૂ બેહેદીનની લડાઈમાં દુશ્મન સાથે સામેલ થાઇને એના પીતરાઈ તથા એના બેટા સાથે મારવા લુંટવામાં સામેલ થાએઆ. તેથી બેહેદીનના ખુન થાએઆ. માટે એ પાસે જે અંધીઆરૂપણું કરાવીએ તે હમારાં મુઆને તા. હમારા રૂવાનને નહી પહોંચે. માટે આજ પછે સોરાબ કેકોબાદ તા. મેહેરજી ચાંદનાના વંધશ (=વંશ) પાસે તા. એ પાસે અંધીઆરૂપણું સંબંધી કરાવીએ તે શ્રી સરાનો ગુનેગાર તા. પંચ ગુનેગારી રૂ ૫) અંકે પાંચ આપે. એ લખું હમારા રૂવાનને કાજે તા. હમારા ધરમને કાજે કીધું માટે આજ પછે એ અંધીઆરૂનાં વંધશ સાથે અમો તથા અમારા ફરજંદોને અંધીઆરૂપણા સંબંધી જે કામ કરાવે તે નાંરવા. તેનાં રવાનોને તા. તેના મુઆને પહોંચે નહી"....આ લેખ ઉપર

૧૦૮ બેહેદીનોની સહી છે. (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૪૬–૧૪૯ ફરેદુન કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૬૫–૫૬૬).

મોબેદ શાપુરજી સંજાણાએ આપેલી હકીકત.

ભગરીઆઓ અને સંજાણા મોબેદો તેમજ બેહેદીનો વચ્ચે થયલી ખટપટ તથા મારામારીના સંબંધમાં મોબેદ શાપુરજી સંજાણાએ પોતાના કીસ્સા "કીસ્સે જરથુશ્ત્રીઆને હિંદુસ્તાન" માં લગાર જુદી હકીકત આપીછે. એ હકીકત બેતો ના. ૩૩૨ થી ૩૬૬ માં આવેલીછે, તેનો માત્ર તરજુમો અત્રે આપીશું:—

"એવી રીતે ઘણાંક વર્ષો નિકળી ગયાં. ત્યાર બાદ પેલા સંજાણા મોબેદો તે રેવાજથી ફરી ગયા; અને પોતાના ન્યાગાનોના કોલ ઉપર કામ કરવા નહિ લાગ્યા અને નવસારીમાં કબ્જો બરપા કીધો. તેઓએ સઘળા બેહેદીનોને પુસલાવ્યા. ભગરીઆઓપરથી મન ઉતારો કરાવ્યો. સંજાણાઓ બેહેદીનો સાથે મળી ગયા. અને નવસારીમાં કામ મુશ્કેલ થઈ પડયું. ભગરીઆઓને બેહેદીનો સાથ ઝઘડો જાગ્યો. તે બંને વચ્ચે લડાઈ થઇ. તે લડાઈમાં બંને તરફથી માર્યા ગયા, અને લાચાર થઈ સઘળા પાછા ફર્યા. સઘળા બેહેદીનો સુરત ફર્યાદ કરવા ગયા, કે 'ઓ સરકાર, અમે હાજતમંદોને ઈનસાફ આપ'. તેઓની સાથે સુરતના (હિંદુ) દેશાઇઓ હતા; તેઓ સાથે તાંલમેલથી ફર્યાદ ગયા. નવાબે સરકારી ખેપીઆ નવસારીમાં મોકલ્યા....તેઓ નવસારીમાં જલદીથી આવ્યા અને ઘણાક મોબેદોને પકડીને સેતાબ સુરત તરફ લેઇ ગયા. તે સઘળાને હાકમ આગળ ઉભા કીધા. અને તે જગ્યાએ તેઓ સઘળા ગમ ભરેલા રહ્યા...તે વખતમાં સુરત શહેરમાં એક સુખવાસી નેકનામ બેહેદીન રહેતો હતો, જેનું નામ મોદી કુંવરજી હતું.... તે મોદી આગળ સઘળાઓ સુરતના બીજા મોબેદો સાથ દિલગીરી સાથે આવ્યા અને તે મોદીની સાથે કોર્ટ માં તે ભલા હાકમ આગળ ગયા. તે કોર્ટમાં સઘળો સારોજ

ઇનસાફ થયો. તે નેક ખસલતના મોદીએ પુખ્ત વિચાર કરીને તે બાહોશ ભલા હાકમને આ પ્રમાણે કહ્યું, કે "બંને તરફથી સાંમસામી લડાઇઓ થયલીછે, જેથી બંને તરફથી લોકો માર્યા ગયલા છે. માટે એક જણનાં ખુનને માટે બીજા લોકો ઉપર કદી પણ વાંક લાગુ પડવો નહિ જોઇએ." એવી રીતે ન્યાયની અદાલતમાં જ્યારે વાજબી અને માયાલુ રીતે અદલ ઇનસાફ થયો, ત્યારે તે જગ્યાથી સઘળાઓને છોડી દીધા. અને સઘળાઓ પોતપોતાને ઘેર ગયા. પછી જ્યારે બીજી વખત તે સઘળા બેહેદીનોએ ખોટી રીતે મોબેદોની ફર્યાદ કરી, ત્યારે હાકમે તે સઘળા મોબેદોને છોડી દઇને તેઓમાંથી ૧૨ જણને ત્યાં પકડયા. તે ૧૨ મોબેદોને કેદમાં પકડયા અને ઇનસાફ વગર તેઓને બંદીવાન બનાવ્યા. તે નેક લોકો ઘણી મુદત સુધી કેદખાનામાં રહ્યા અને હેરાન થવા લાગ્યા. પછી તે બેહેદીનોએ પેલા નેક મોબેદો ઉપર જુલમ કીધો. તેઓએ સઘળા મોબેદોને આ પ્રમાણે કહ્યું, કે અગરજો તમે અમને એક લેખ લખી આપો, કે જે કોઈ મોબેદ ઉપર તમારી ખાએશ થાય, જે કોઈ મોબેદ તમને પસંદ આવે તેની પાસે તમારા ઘરનું ક્રિયાકામ કરાવો અને તે કરે તો અમે છોડવ્યે. ત્યારે પેલા મોબેદોએ એવી રીતનો લેખ કરી આપ્યો.....ત્યાર બાદ પેલા ૧૨ મોબેદોને છોડવ્યા અને તે કામથી સઘળા બેહેદીનો મગરૂર રહ્યા. તે વખત પછી સઘળા બેહેદીનો....નવસારીમાં ગયા અને પોતાના કામમાં પડયા. પેલા મોબેદો કે જેઓ કેદ પડેલા હતા, તેઓ જ્યારે છુટા થયા, ત્યારે તેઓએ નવસારી તરફ ચાલવા માંડયું. સઘળા સંજાણા મોબેદો દિલમાં ખુશી થયા, કે ફતેહ અને જીત બેહેદીનોની થઈ. સઘળા સંજાણાઓએ પોતાના દિલમાં એમજ ધાર્યું, કે સઘળા બેહેદીનો હવે અપણાજ થયા છે."

આગળ ચાલતાં શાયર શાપુરજી સંજાણા જણાવે છે કેઃ–

"ત્યારપછી એ ખબર દરેક મોહોલ્લામાંથી જ્યારે સઘળા ભગરીઆઓએ સાંભળી, ત્યારે તેઓએ સઘળા સંજાણા મોબેદોને કહ્યું, કે જો તમે અમારા બેહેદીનોને ત્યાંનું ક્રિયાકામ કરશો,



શેઠ પેસ્તનજી કાલાબાઈ વકીલનું આતશબહેરામ (કદીમી) — સુરત

તો તમારી અને અમારી વચ્ચે ભારે લડાઈ અને છેવટ સુધીનો કજ્યો બરપા થશે. એટલા માટે આ કામથી હાથ ઉઠાવો, કે જેથી કોઈની પણ સાથે લડાઈ તથા કજ્યો નહિ થાય." (બેતો ના. ૩૬૮–૩૭૧).

સુરતના મોબેદો તથા બેહેદીનો વચ્ચે ઝઘડો.

"આ અરસામાં સુરતના બેહેદીનો નવસારીના બેહેદીનોની તરફેણ કરવા લાગ્યા. અને સુરતમાં જે મોબેદો નવસારીને લગતા હતા, તેઓ પાસે ક્રિયાકામ કરાવતાં તેઓને ઘટતું દામ આપવા નહિ લાગ્યા. આ રીતે નવસારીનો કજ્યો સુરતમાં પણ દાખલ થયો. કરતલબખાનના અમલ સુધી આમ ચાલ્યું. એના વખતમાં મોબેદોના વડા (દસ્તુર દારાબના બાપના કાકા?) અસપનદયારે બીજા મોબેદો સાથે આ હાકેમ આગળ જઈ બેહેદીનના તવંગર વડા ધનજી પટન (પદમ) (સુરતના મોદીખાનદાનવાલા) બાબે ફર્યાદ કરી. હાકેમે તે ઉપરથી તે બેહેદીનને તથા બીજા ૧૧ જણને કેદ કર્યા અને તેઓને બાંધી મારવા ફરમાવ્યું....મોબેદોને પોતાના એ ૧૨ બેહેદીનોને આમ બાંધી મારતા જોઈ દયા લાગી. તેઓ પોતાનું વેર ભૂલી ગયા અને હાકેમને કહ્યુ કે એ ધનજી પટન તો પારસીઓના વડાના ફકત ભાઈ થાય વગેરે. કરતલ-બખાનને તે ઉપરથી ગુસ્સો લાગ્યો અને તેણે તેઓને બાંધી મારવા ફરમાવ્યું. આવી ઘાતકી રીતથી હવે બેહેદેનોને મોબેદોની દયા આવી. એકમેક માટે ફર્યાદ કરતાં એકમેકને હદબહાર શારીરિક સજા થઈ, તેથી દયા લાગ્યાથી બેહેદીનો અને મોબેદો વચ્ચે સુલેહ થઈ. પાંચ વર્ષનો મીનાકેસો ખલાસ થયો, અને સુરતના બેહેદીનો હવે મોબેદોને ઘટતું દામ આપવા લાગ્યા."

નોંધ—આ પ્રમાણેનું લખાણ આંકવેટીલે પોતાનાં પુસ્તકમાં આપ્યું છે (જોવો દાકતર મોદીનું પુસ્તક આંકવેટીલ તથા દસ્તુર દારાબ પા. ૨૦૮–૨૦૯).

બેહેદીનોએ મનોચેહેર હોમજીને પંથકી નિમ્યો. પાછળથી બીજાઓ તેની સાથે જોડાયા.

બેહેદીનો તથા ભગરીઆઓની મારામારીથી તથા બેહેદીનોની માલમતા લુટાઈ ગઈ હતી, તેથી નવસારીના બેહેદીનો ઘણા ઉશ્કેરાયા હતા; તથા પોતાનું ક્રિયાકામ ભગરીઆઓ કને કરાવવા નારાજ તથા નાખુશ હતા. બીજા હાથ ઉપર ભગરીઆઓ સંજાણા મોબેદોને ધમકી આપતા હતા, કે અગર જો બેહેદીનોને ત્યાં ક્રિયાકામ તમે કરશો, તો તેમ કરવાને તમને હક ન હોવાથી તમારી તથા અમારી વચ્ચે મોટી મારામારી થશે. આ ઉપરથી બેહેદીનોએ ભગરીઆઓના મોટા ભાગને બૂમ પોકરાવવાની મકસદથી ઉપલી મારામારી તથા ખુન થયાં તેજ વર્ષમાં યાને ઈ. સ. ૧૬૮૬ માં તેઓમાંનાં એક મોબેદ મનોચેહેર હોમજી (બજાં)ને પોતાના પક્ષમાં લઈ તેને બીજાઓથી જુદો પાડી એક જુદી દરેમેહેર તેના પોતાનાંજ ઘરમાં કરી આપી હતી; અને તે મોબેદે કનેજ ક્રિયાકામ કરવાનો બંદોબસ્ત કીધો હતો. આ મોબેદે પોતાના ત્રણ બેટાઓ સાથે કેટલીક મુદત સુધી કામ ચલાવ્યું. પાછળથી આ મોબદને ભગરીઆઓએ પોતાની સાથમાંથી દૂર કીધો, અને તેની સાથે કામ નહિ કરવું એવો બંદોબસ્ત કીધો. આ પ્રમાણે મનોચેહેર હોમજી સાથનો ટોળો બરપા થયો, તે આજ દીન સુધી તેના સ્થાપકના નામથી ઓળખાય છે.*

નોંધ—પાછળથી આ મોબેદ સાથે એ. દાદાચાનજી તથા તેમના સાત બેટાઓ તથા એ. મેહેરજી ચાંદના કકરીઆના વારશો પોતાના બેટાઓ સાથે જોડાયા હતા. (શો. મ. દેશાઈકૃત તવારીખે નવસારી પા. ૯૧, તથા પારશી પ્રકાશ પા. ૮૪૬). વખતના વેહેવા બાદ એ. માણેક પેશતન રબાડી તથા એ.

---

*માત્ર એકાદ વર્ષ ઉપરજ આ ટોળાએ ચોક્કસ શરતોએ ભગરીઆઓ સાથે સુલેહ કરી છે હતી, પણ તે ટકી રહી નથી.

કાવશજી જામાસ્પજી ભાઈજી (ભંડારી)† પોતાના બેટાઓ એ. બેહેરામ, એ. મીનોચેહેર તથા એ. નવરોજ સાથે જોડાયા હતા. આ કારણથી મનોચેહેર હોમજી, દાદાચાનજી, કરકરીઆ, રબાડી, તથા ભંડારી એ પાંચ કુટુંબો ભગરીઆઓથી જુદાં પડેલાં ગણાયાં છે.

મનોચેહેર હોમજી વિષે શાપુરજી સંજાણા શું કહે છે?

શાયર શાપુરજી સંજાણા કહે છે, કે જ્યારે ભગરીઓએ સંજાણા મોબેદોને કજ્યાનાં કામથી હાથ ઉઠાવવાની ધમકી આપી ત્યારે

હમે બેહેદીનરા ગોફ્તંદ સંનજાન
કે કારે તાન ન બાશદ અઝ મા આસાન

"સંજાણાઓએ સઘળા બેહેદીનોને કહ્યું કે અમારાથી તમારૂં કામ આસન થશે નહીં."

આગળ ચાલતાં શાયર કહે છે, કે "જ્યારે તે સઘળા સંજાણા મોબેદો તથા બેહેદીનોએ કેટલોક વિચાર ચલાવીને આમ મનસુબો કીધો, ત્યારે મનોચેહેર હોમજી નામના મોબેદને તેઓએ બોલાવીને પોતાની મરજી મુજબ ફરેબ દીધો. અને ભગરીઆ મોબેદોથી તેને જુદો કીધો. આથી તે પોતાના કોલથી ફરી ગયો અને તેનું મોઢું ગમ ભરેલું થયું. તે બેહેદીનો તથા સંજાણા સાથે મળી ગયો; અને તેઓનાં કામમાં મદદગાર થઈ પડયો. કારણ કે આ આગમચ સંજાણા મોબેદોનું મુવાં જીવતાંનું કામ સઘળું ભગરીઆઓજ દીલોજાનથી કરતા હતા....પેલા

---

† એઓ વલસાડવાલા એ. જામાસ્પ ભાઈજીના નાના બેટા હતા, અને પોતાના મમાવાના પાલક થયાથી નવસારીમાં વસ્તા હતા. એઓ મનોચેર હોમજીની સાથમાં જોડાયા હતા. પાછળથી સુરતમાં મોબેદી કરવા ગયા હતા. સુરતના નવાબે એમને પોતાના ભંડારના ઉપરી કીધા હતા, તેથી એમની અટક "ભંડારી" પડી હતી. એઓ. ઇ. સ ૧૭૨૮ માં ગુજર્યા હતા (પા. પ્ર. પા. ૮૫૧, વધુ માટે જોવો એ. પાલનજી દાદાભાઇકૃત ભંડારી કુટુંબની વંશાવલિ પા. ૨ થી ૫, જાંગીર પેસ્તનજી કરકરીઆનો દીબાચો.)

સંજાણા મોબેદોએ આ રીતનો રખનો નાખ્યો; તેઓએ સઘળા બેહેદીનોને ફેરવી નાંખ્યા તથા કજ્યો બરપા કીધો. આથી સઘળા નેક ભગરીઆઓ દિલગીર બન્યા. તેઓ બેવારસ, ગુજરાન વગરના તથા ઘરબાર વગરના થયા."

કજ્યો દૂર થાય તથા આગલી રાહ પર સઘળું આવે એવી ભગરીઆઓએ માંગેલી દુવા.

આથી ભગરીઆઓએ દાદાર હોરમજદની મેહેર માંગી, તે વિષે મોબેદ સંજાણા કહેછે :—

બ દરગાહે ખુદા હમવારેહ મીખાસ્ત
કે અએ દાદાર કારે મા બેકુન રાસ્ત
બેકુન રહમ અએ ખુદાયા બર નીકોયાન
હમે બેહેદીન શવંદ બર મા ચું જૂયાન
ખોદાયા રહમ કુન બર બીવરાસાન
હમહ બેહેદીન શવંદ બરમા ખુશ આસાન
(બેતો ના. ૩૮૪–૩૮૬).

અર્થ—"દરેક જણે ખોદાયની દરગાહમાં દુઆ માંગી, કે તું અમે લોકોનું કામ પાછું રાહ ઉપર લાવ. ઓ ખોદાય, અમે નેક લોકો ઉપર મેહેરબાની કર, કે બેહેદીનો (પાછા) અમારી ખાએશ કરતા થાય. ઓ ખોદાય, અમે બેવારસ લોકો ઉપર રહેમ કર કે સઘળા બેહેદીનો અમારા ઉપર પાછા ખુશી થાય:"

આગળ ચાલતાં શાયર કહે છે, કે "ટુંક મુદતમાં દાદાર હોરમજદના હોકમથી એક ભલો આથોરનાન પેદા થયો, કે જેનું નામ દેશાઈ ખુરશેદજી તેહેમુરજી હતું. તેમણે ભગરીઆઓની રહેનુમાઈ કીધી." શાયર શાપુરજી સંજાણાની મતલબ આ છે, કે ભગરીઆ સંજાણા વચ્ચે કુસંપ શરૂ થયો, ત્યાર પછી થોડાંજ વર્ષમાં (ઈ. સ. ૧૬૯૮ માં) દેશાઈ ખુરશેદજીનો જન્મ થયો, કે જેમણે બીજાઓ સાથે સંજાણા મોબેદો સામે ફતેહમંદી સાથે કોરટદરબારમાં લડત ચલાવી જીત મેળવી.

પોતાની મરજીમાં આવે તે મોબેદકને ક્રિયાકામ કરાવી લેવા સંબંધી બેહેદીનોએ ભગરીઆઓ કનેથી લખાવી લીધેલો લેખ.

થોડોક વખત પસાર થયા બાદ કેટલાક ભગરીઆ મોબેદોએ દબાણથી શરણ થઇ બેહેદીનો સાથે સમાધાની કરવાનું દુરસ્ત ધાર્યું. માટે સંવત ૧૭૪૩ રોજ ૬ માહ ૪ તા. ૮ મી ફેબરવારી ૧૬૮૭ N. S. ને દીને આશરે ત્રીશ ભગરીઆઓએ શોરાબ અસપુજી તથા સમસ્ત બેહેદીનોને એક લેખ* લખી આપ્યો કે :—

"અમારે તમ સાથે ભીખ અંધેઆરૂપણાં સંબંધી રદબદલ થાઈ તે ઉપર અંધેઆરૂએ જાદતી કીધી તે ઉપર હમે તમુને એકરાર કીધો જે ભીખ અંધેઆરૂપણાંની છે તે જોરાવરીની નથી; રજાવંદીની છે. માટે જે અંધેઆરૂપણું મરણ તથા પરણનું તથા જે ધરમનું કામ હોય તે જે બેહદીન પોતાની રાજીએ જેની ઉપર રાજી હોય તે પાસે કામ કરાવે અને તેને આપે, તે સાથે હમારે લાગે નહીં; અને જે બેહદીનનાં કહેઆ ઉપર જે અંધેઆરૂ કામ ચલાવે તે સાથે જે હમારો અંધેઆરૂ થઈને દખલ કરે તે શ્રી શરાહનો તથા શ્રી દીવાંનનો ગુનેહગાર. જે બેહેદીન પોતાને મન માંને તેને આપે ને મન માને તેની પાસે કામ કરાવે તે અમારે કબુલ છે. તથા સંજાણા અંધેઆરૂ કશબે નોંસારી મધે રેહ છે તે પોતાનું અંધેઆરૂપણું પોતાની જાતનું મરણ તથા પરણનું શરવે ધરમનું પોતે કરે. નોશારી મધે પોતાનું મુઆં જીવતાંનું તથા ધરમનું કામ ચલાવે તે સાથે હમારે દરદાવો નહીં. જે દાવો કરે તે રદ. જે બેહેદીન પોતાની રાજીએ પોતાનું મન માને તે અંધેઆરૂ પાસે કામ કરાવે. તા. શંનજાનાં પોતાની બાજનું કાંમ ધરમનું ચલાવે તે સાથે જે

---

*આનો ઇશારો આપણે શાપુરજી સંજાણાના કિસ્સા (બેતો ૩૫૮–૩૬૧) ઉપરથી આગળ જોઈ ગયા. ઉપલા લેખ ઉપર ૩૦ મોબેદોની સહી છે.

હમારો અંધેઆરૂ ભગરીઓ દાવો કરે તે મસીદમાં ૫૦ મણ તેલ તથા દીવાનમાં રૂ. ૪૦૦) ગુનેગારી આપે" (પારશી પ્રકાશ પા. ૮૪૬–૮૪૭).

ઉપલાના જેવોજ બીજો લેખ–ભગરીઆઓ કનેથી બેહેદીનોએ લખાવી લીધેલો.

નવસારીવાલા બેહેદીન શોરાબજી અસપુજી તથા બીજાઓએ ઉપલેજ દીને (તા. ૮ મી ફેબરવારી ૧૬૮૭ ને દીને) કેટલાક ભગરીઆઓ કનેથી નીચે પ્રમાણે એક બીજો દસ્તાવેજ લખાવી લીધો હતો.

"સંવત ૧૭૪૩ વરખે માહા વદ ૧૧ શનેઉ રોજ ૬ થો માહા ૪ થો તા. ૨૪ મી*....સમસ્તે બેહેદીન કસ્બે નોસારીનાં તથા પંથક પંખેડીનાં વો. સોરાબજી અસપુજી (તથા પાંચ બીજા બેહેદીનોનાં નામ છે) સમસ્તે બેહેદીન જોગ લખતંગ આ. ભગરીઆ કસ્બે નોસારીના પંથક પંખેડીનાં આ. તેમુલજી સોરાબજી (બીજા ૮ મોબેદોનાં નામો છે) તા. સમસ્તે ભગરીઆ જત હમારે બેહેદીનો સાથે ભીખ આપવા કાજે રદબદલ કરતા હતા તે ઉપર બેહેદીન ૬ માર્યા ગયા તા. ઘર લુંટયા તે ઉપર નોસારીના અમીનને સુરત ખાન શ્રી સલાબતખાનને લખયું જે હાં ખુન ૬ થયાં છે તથા ઘર લુંટયાં છે તે ઉપર ખાનશ્રીએ ફોજદાર મોકલીને નોસારીથી પકડી મંગાવ્યા તેમોથી જણ ૧૨ કોટવાલી ચોતરે કેદ રાખેયા તેના નામ (અત્રે નામો છે). એ જણ ૧૨ ને કેદ રાખાં તે ઉપર ભગરીઆઓ સુરતના અંજુમનને કેહેવાડયું જે હમોને કેદથી મુકાવો તે ઉપર સુરતનાં અંજુમને વો. સોરાબ અસપુને તા. પટેલ નોશેરવાન મેહેરજીને કહેઉં જે એનાને કેદમાંથી મેલાવો તે ઉપર કેદમાંથી મુકાવેઆ. કરાર કીધો જે આજ પછે નોસારી પંથક પંખેડીનાં જે કોઈ બેહેદીન જે પોતાની રાજીએ ભગરીઆ પાસે ધરમનું કામ તા. જીવતાનું

*તા. ૮ મી ફેબરવારી ૧૬૮૭ N. S.

તા. મુઆનું જે પર રાજી હોએ તે પાસે કામ ધરમનું કરાવે, તે હમારે કબુલ છે. તે સાથે હમારો દરદાવો નહી. જેઆ (?) થઇ દાવો કરે તો શ્રી સઘલા ટોલાનો ગુનેગાર થાએ. નૌસારીમાં આસજીગર (?) છે તે પોત પોતાનું ધરમનું તા. જીવતાનું તા. મુઆનું કામ નૌસારીમાં પોતાની જાતે કરે તે સાથે હમારે દરદાવો દખલ નહી જો દાવો કરૂં તો જણ ૧૨ કેદમાંથી મુકાવા છે તે કસ્બે નૌસારીમાં નહી રહે. તે વાર આવે તે વાર વો. સોરાબજી અસપુ તા. પટેલ નોશેરવાનજી મેહેરજી એ જન બેઉની રજાવંદ કરૂં તો આવું વગર રજા વડપાર વેહો (?) તો ખુન છનો જવાબ કરૂં. તે લખું સુરતનાં અંજુમન હજુર રાજી થાઈ લખી આપું છે સહી." આ લેખ ઉપર પાંચ જણાઓની સહી છે. (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૧).

કાજીને ત્યાં અરજ કરી ઉપલો લેખ ખેંચી લીધો તે બાબતની હકીકત.

ઉપલા લેખો લખી આપ્યા બાદ આશરે ત્રણ વર્ષે (ઈ. સ. ૧૬૯૦ માં) નવસારીના મોબેદોએ કાજી આઉદીનને ત્યાં જઈ અરજ કીધી, તે ઉપરથી તેણે છેલ્લો લેખ ખેંચી લેઇ અસલ પ્રમાણે ચાલવાની સનદ કરી આપી હતી તે ફારસીમાં હતી તેનો તરજુમો ગુજરાતીમાં નીચે પ્રમાણે છે:—

"લખેઆનો સબબ એ જે કે તેહેમુલજી સોરાબજી તથા રૂસ્તમજી ખુરશેદજી દેશાઇ તા. માણેક મેહેરનોશ તા. પાહલન ફરદુન તા. બરજોર કેરશાશ તા. આદર હોમજી તા. રૂસ્તમ હોમજી તા. નોશેરવાન ફરદુન વગેરે તમામ અંધીઆરૂની જમાત કસ્બે નૌસારીના રહેનારાએ નૌસારી કસ્બાનાં કબજાનાં ઘરમાં આવી જાહેર કીધું જે પરથમથી હમારા વડા પોતાની વેલાએતથી નીકળી હીંદમાં આવી વસેઆ અને વતન કરાર દીધો છે તે દહાડાથી આજ લગે **એક હજાર વરસ થાએઆં તમામ** પારસીનું કુમ કસ્બા નૌસારીનાં રહેનારા તા. ગણુદેવીના તા.

બીલીમોરાના તા. મેધરના તા. તવડીના તા. આમરીનાં તા. મરોલીનાં તા. મહુવાના તા. સીઓદના તા. સરભોણના તા. મોંબઈનાં તા. ચેઅલનાં તા. કલેઆણીનાં તા. દીવના વગેરેના તમામ પારસી જે હમારા જજમાન છે તે હમારૂં દસ્તુર અને લવાજમ જે પોતાના ધરમ અને રશમ મોઆફક છે અને જેમ કદીમથી જારી છે તે આપતા હતા તે હકદારોના હક આપી ભલી ખેદમત કરતા હતા તે કેટલાએક વરસ થાએઆં લુદગી કરી એમ ચાઇઉ જે દસ્તુર તથા લવાજમ વાજબી જે કદીમ દારાથી હમારૂ હક છે તેઓ કોતાઈ કરે અને કમ આપે તા. સંજાણા અંધીઆરૂ જે કદીમ દારાથી હમારા તાલુકામાં દખલ નથી રાખતા તેઓને દખલ આપેઆમો અંધીઆરૂ લોક કમી ઉપર રાજી નહી થાઈઆ અને પોતાના વડાના ધરમ તથા રવેશથી નહી ફરેઆ તે વાર પછે તે પારસી જજમાનનો તોલો તમામ એકઠો થાઈ માંહોમાહામાં લડાઇ શરૂ કરી પહેલા અંધીઆરૂના કુમના જન ૨) જીવથી મારા અને ઘણાને જખમી કીધા તે વાર પછે તે જજમાનના સેતમની હકીકત શરામાં તથા ટોળામાં તથા કસ્બાના બજોરોગોની દરગાહમાં જાહેર કરી નાએલાજ હમોભી એકથા થાએઆ તે તમામ મેલાની એક લડાઈમાં પાંચ* જણ જજમાન મારીઆ ગીઆં અને ઘણા જણ અંધીઆરૂભી જખમી થયા પછે તે જજમાનોએ પઇશાને જોરે હમાએત કરી મેહેજર ૧ એક જુઠો કીધો અને સુરતના મોતેશદીની આગર ઉલટું જાહેર કરી પોતાનો સેતમ જે પરથમ અમો ઉપર કીધો હતો તે હમારા શરપર નાંખી હમારા કેટલાએક જણાને સુરતમાં કેદ કરાવા અને ઈઆં આવી તાલીઓ કરી પેલા કેદ કરાવા તેના ખેશોને કએ જે અગર તમો રાજીનામું ૧ કાજીની મોહોર સાથે હમારી મતલબ માફક લખી આપો તો તહમારા કેદ છે તેઓને છોરવીએ. પછે તેહોનાં ખેસોએ નાખુસીએ કરી જરૂરરને મેલ રાજીનામું કાજીની મોહોર સાથે લખી આપીઉ અને જેહવારે સુરતનાં મોહોતે-

* પાંચ, છ કે સાતની સંખ્યામાં માર્યા ગયા તે નકકી નથી.

શેઠ દાદાભાઈ નસરવાનજી દારીશેઠનું આતશબહેરામ (ફરીશા — મુંબઈ.

શદીએ કેટલી અદાલતમાં તજવીજ તેહેકીકત કીધી અમારી બેગુનાઈ સાબેત થાઈ ત્યાર પછે બંદીખાને રાખેઆ હતા તે સરવ ખલાશ કીધા જેમને મોકદમાંથી તમામ આંનાં બુજરગ લોકો વાકેફ છે. વાસ્તે અમો ઉમેદવાર છેઉ જે એક પાકી સનંદ હમારા જાહેર કીધાની રાશતી ઉપર લખી આપો જે હમો ગરીબ હકદારોના હક જાએ નહી અને તેવોનનાં લબાશી લખા પેશ નહી પડે પછે જે કાજી તેને તમામ મોહોકમાના લોકનાં તથા બુજરોગોને એતેફાકે સોબત પોહોચારીઉ અને તેહેકીક કીધું જે તમામ અંધીઆરૂઓનો કોમ બેતકસીર છે એ જજમાન લોકોનાં સતમ જે પેહેલાં અંધીઆરૂ મારેઆ તે સુરજ કરતાં પરંકત છે અને તમામ કસ્બાના લોકની નજદીક સાબેત છે. વાસ્તે એ કેટલાએક બોલ હોજતની રાહે લખી આપીઆ જે વખત ઉપર કામ આવે. તેરીખ ૯ માહે રમજાન સને ૧૧૦૧ હીજરી."* આ લેખ ઉપર ૪ મહમદનોની, ૬ ગુજરાતી ગૃહસ્થોની તથા ૪ બોહેદીનોની સહી છે. (નવસારી મેહેરજી રાણા લાએબ્રેરીમાંનો જામાસ્પજી શો. મેહેરજીરાણાવાલો હસ્ત લેખ ના. ૧ પા. ૧૩-૧૪)

ના કબુલ કીધેલા ભગરીઆઓથી દૂર રહેવા સંજાણાઓએ બોહેદીનોને લખી આપેલો લેખ.

આપણે ઉપર જોયું કે તા. ૮-૨-૧૬૮૭ વાલા લેખો કેટલાક ભગરીઆઓએ કરી આપ્યા હતા. ઘણાકો આવાં કામની વિરૂદ્ધ હતા. ભગરીઆઓ બે પક્ષમાં વેહેંચાઈ ગયલા હોવાથી સામે થયલા ભગરીઆઓને દૂર કરવા બોહેદીનોએ તા. ૨૮ મી જુલાઇ ૧૬૯૧ N. S. ને દીને સંજાણા મોબેદો કનેથી નીચે પ્રમાણે લેખ લખાવી લીધો હતોઃ—

"શમશતે બોહેદીન કશબે નોશારીના પંનથકનાં જોગ લા૦ શંજાંનાં અંધેઆરૂ શમશતે જત હમો પરથમ શમશતે

*તા ૧૬ મી જુન ૧૬૯૦ N. S.

શંજાંના આ૦ બેશી કરાર કીધો હતો જે આપંન બેહદીન કહે તે કરીએ. જે ભગરીઆ પાસે બેહેદીન અંધેઆરૂપનાનુ કાંમ કરાવે તેને ગેર આપને વેહવા તથા મરંને જાઇએ (તથા તેને તેડયે. જેને બેહેદીનોએ ના કબુલ કીધા છે) તેની શાથે બેશી જમીએ નહી. તેને જમવા તેદીએ નહી. ને તેને ગેર જમવા જાઇએ નહી. એ કરાર હમો કીધો હતો. પંન લખુ નહી કીધું હતું. વાશતે આજદંને હમો શંનજાનાં અંધેઆરૂ બેશી એતેફાક થાઈ આજ પછી જે ભગરીઆ અંધેઆરૂને બેહેદીને ના કબુલ કીધા છે તેને ઘેર મરંને તથા પરંને જાઇએ અથવા તેની શાથે બેશી જમીએ અથવા તેને હમારે ગેર તેદીએ અથવા તેને ઈજિનુ આપીએ તો શમશતે બેહેદીનનાં ગુનેહગાર. રૂ. ૫) પાંચ ગુનેગારી આપીએ. જે શંજાંના થાઈ તેહોને તેદે અથવા તેહોને ગેહેર મરંન તથા પરંને જાએ અથવા ઈજિનુ આપે તે ગુનેગારી રૂ ૫) પાંચ આપે. તથા પોતાનાં ભાગથી વરશ ૩) તરન લગે દુર રહે. શંવત ૧૭૪૭ ના વરખે તેરીખ ૧ માહા જુલકાદ રોજ આશમાન માહા આદર શાવન શુદ ૩ શનેઉ."* આ લેખ ઉપર દસ્તુરો બેરામજી ખુરશેદજી તથા શેહેરીઆરજી મનોચેહેરજી† તથા બીજા ૬ સાહેબોની સહી છે. (પારશી પ્રકાશ પા. ૮૪૭-૮૪૮, જ્યાં એબારત લગાર જુદી છે તથા ૧ જણની વધુ સહી છે. જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૫૧, ફરેદુન કાંગાની તવારીખ પા. ૩૩).

આઠ વર્ષ સુધી ભગરીઆઓને ઈરાનશાહ આતશ બેહેરામમાં જવાનો અટકાવ.

ભગરીઆઓનો કસુર.

એમ માલૂમ પડે છે કે કુસંપના પરિણામે નજદીક આઠ

---

* તા. ૨૮ મી જુલાઇ ૧૬૯૧ N. S.

† દસ્તુર બેરામજી ઉદવાડાના દસ્તુર ખાનદાનના પહેલા દસ્તુર ભીખાજીના વડવા હતા તથા દસ્તુર શેહેરીઆરજી ઉદવાડાનાં મીરજાંખાન દાનના પહેલા દસ્તુર રૂસ્તમજીના બાવા હતા. (જોવો એ૦ નશરવાનજી ઉનવાલાની ફેહરીસ્ત પા. ૭૫ તથા ૧૧૧)

વર્ષ સુધી બેહેદીનોએ તથા સંજાણા મોબેદોએ ભગરીઆઓને શ્રી ઈરાનશાહ આતશબેહેરામમાં જતા અટકાવ્યા હતા. જેમ એક હાથ ઉપર કેટલાક સંજાણા મોબેદોએ મુવાં જીવતાનું કામ કરવા માંડી અસલ કરારનો ભંગ કર્યો હતો, તેમ બીજા હાથ ઉપર કેટલાક ભગરીઆ મોબેદો પોતાના આગલા કરાર વિરૂદ્ધ જઈ ધીંગાણું કરી આતશબેહેરામમાં અશોદાદ લેતા હતા. કેટલોક વખત બાદ એક આગેવાન આથોરનાન શેઠ રૂસ્તમજી માણેકજીના* લાગવગથી નવસારીના બેહેદીનો સાથે નીચે પ્રમાણે બંદોબસ્ત થયો હતો :—

"શ્રી સમસ્ત બેહેદીન કસ્બે નોશારીનાં પંથક પંખેડીનાં જોગ લા૦ અંધેઆરૂ રૂશતમજી માણેકજી જત તમારે ભગરીઆ અંધારૂ સાથે વરવાડ હતી. તેથી ભગરીઆ અંધારૂને તમો વરસ ૮ આઠ લગે શ્રીજીના ઘરમાં આવા દીધા નહીં તે વાર પછી અમો દરમીઆંન આવી તમોને રજાવંદ કરીને ભગરીઆ અંધારૂને તમારે પાસે રજા અપાવી ને તે ઘરમાં તેહોને આવવાના કીધા. આજથી તમારી આગળ અમો ધણી થયા જે ભગરીઉ અંધારૂ થઈ શ્રીજીના ઘરમાં કાંઈ ધીંગાંણાં કરે તેનો જવાબ તમારી આગળ હું કરૂં. તા. કરાર કીધો જે આજદીનથી ભગરીઓ અંધારૂ થઈ તે શ્રીજીના ઘરમાં **કોઇ બેહેદીન પાસે આસોદાદ માંગે નહીં.** કુઈ બેહેદીન આપે તો લીએ નહીં. ઘરમાં આવવાનો કરાર એ જે રાત પાછલી ઘડી ૬ રેહે તે વારથી તે દીવસ પોર ૧ એક ભગરીઆ અંધારૂ આવે તેથી જીઆદતી કરે તેનો જવાબ હું કરૂં. એ લખુ અમો રજાવંદ થઈ લખી આપું છે તે સહી. શા. ૧૭૪૯ વરખે રોજ ૫ માહા ૧૨ (તા. ૩ જી અકટોબર ૧૬૯૩ N. S. શનેઉ)"

આ લેખ ઉપર આ. રૂશતમજી વી. માણકજીનું મતું છે તથા આ. નવરોજ કેકબાદની સાખ છે. (જોવો એ. રૂસ્તમજી

---

* શેઠ ખાનદાનવાલા જેમના નામ ઉપરથી સુરતનાં રૂસ્તમપુરાનું નામ પડ્યું છે.

જામાસ્પજી દસ્તુર કૃત કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ ૨ જો પા. ૯૯).

નોંધ—ઈ. સ. ૧૬૯૩ થી ૧૭૨૧ સુધી બનેલા બનાવોની નોંધ જળવાઈ રહી નથી.

પ્રકરણ સાતમું.

સુરતનું પંથક. ત્યાંના જુદા જુદા બનાવો.

પદાનવાલાં રવાનસારૂં સુરતમાં અનજુમનનાં ઉધરાણાંનું દખમું બાંધવાનો ઠરાવ.

ગુજરેલાંનાં રવાનને પદાન બાંધવું જોઇએ કે નહિ, આ તકરાર સુરતમાં ઈ. સ. ૧૭૨૧ ને શુમારે બરપા થઈ હતી. આથી સુરતની જરથોસ્તી અનજુમને નવસારીની અનજુમનને એક પત્ર લખી પુછાવ્યું, કે રવાનને પદાન બંધાય કે નહિ. આના જવાબમાં તા. ૧૪ મી સપટેમબર ૧૭૨૧ N. S. ને દીને નવસારીવાળાઓએ લખી જણાવ્યું, કે પદાન બાંધવા દીનની રાહે ઘટારત છે. આ જવાબમાં લખ્યું હતું કે:—

"આપણા બુજરગવાર મોબેદ નેરીઓસંગ ધવલ જેવા જે તનાએ જેંદ અવસ્થાની સરેહ પેહેલવીમાંથી કાઢી સંસકૃતમાં લાવીઆ ને **શ્રી આતબેશહેરામ પરથીઆ*** ને સરવ બીજાં કામ દીનનાં સરવ જારી કીધાં અને **અંધેઆરૂ આકા જેહેવા થએઆ જેને શલોક ૧૬ માં તમામ દીનની વાત લાવીઆ** તેનાએ જે માએનાં કીધા છે તેને કોઈ ફજેલ પહોંચતા નથી અને આપણાં બુજરગો એ તરે લખીઉં જેહનાં (જે હાં = જે અહિં?) રોજનાં મહીનાનો તફાવત છે તેહનું શું તે વારે લખીઉં જે તમો તમારા બુજોરોગો ચાલતા તેમ ચાલજો. અમો અમારા બુજરોગોનાં રાહા માફક ચાલું છું. પછે હોશેદર આવીઆ પછી જે દરૂશત હોશે તે માલુમ પડશે. જો ઈરાનમાં બુજરગોએ આપણાં બુજરગોને દાના જાણીને પોતા પર નજર રાખી નહી, તો અમો તો તેની ગરદનને પોહોચતા નથી, તો અમો તેનાં પદાન બાંધીઆ પર મુઆનાં હકને વાસ્તે અમો શું કુદરત

---

* આ લખાણ ભૂલ ભરેલું છે, તે આપણે જોઇ ગયા છીએ.

રાખું છું જે તેહવા ફાજેલ પઢનારનાં કીધાં ઉપર અમો અંકાર કરૂં. વાસ્તે પદાન દરૂશત છે. તમો પોતાનાં બુજરગવારની દાનાઈ પર નજર રાખીને અમલ કરજો જે તેઓએ કીધું છે તે જદ અવસ્થાને રાહે કીધું છે તે બેશક બેગુમાન છે. અને તમોથી વીગલા નથી. અમો તમારા દુઃખશુખમાં શારીક છઉં. સંવત ૧૭૭૭ રોજ ૨૨ માહા ૧૧" (તા. ૧૪ મી સપટેમબર ૧૭૨૧ N. S. રવિવાર).

આ કાગળ ઉપર ૩૩ મોબેદો તથા ૧૫ બેહેદીનોની સહી છે. દરેક મોબેદે પોતાની સહી પછી લખ્યું છે કે "મુઆંને પદાન કરવું દીનની રાહે દુરસ્ત છે." (જામાસ્પજી શો. મેહેરજી રાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૩૩-૧૩૪ તથા ના. ૨ પા. ૪-૫).

ઉપલા જવાબથી સુરતના લોકો સામાં ઉશ્કેરાયાં અને રવાનને પદાન નહિ બાંધ્યાં. આથી ત્યાં મોટી ભાંજગડ ઉભી થઈ. અને જે રવાનને પદાન બાંધવામાં આવે તેને ત્યાંનાં દખમાંમાં ચઢાવવાનો અટકાવ થયો, કે જે ઉપરથી તેવાં રવાનોને ઘણોક વખત સુધી નવસારીનાં દખમાંમાં ચઢાવવામાં આવતાં હતાં, (પા. પ્ર. પાને ૨૩). આથી ઈ. સ. ૧૭૨૨ માં અનજુમનનાં ઉઘરાણાંથી સુરતમાં એક નવું દખમું પદાન સાથનાં રવાન સારૂં બાંધવાનો ઠરાવ થયો હતો. તે બાબતનો લેખ નીચે પ્રમાણે હતોઃ—

"સંવત ૧૭૭૯ વરખે રોજ ૧૮ માહા ૨ માગશર શુદ ૬ વાર સોમે (તા. ૧૪ મી ડીસેમબર ૧૭૨૨ N. S.) જોગ. કસ્બે નવસારીનો આ. તેમુલજી રૂસ્તમજી...વગેરે સમસ્ત અંધીઆરૂ ભગરીઆ તા. પટેલ શ્રી અસપંદીઆરજી સોરાબજી....વગેરે સમસ્ત બેહેદીન નવસારીના....જત શ્રીજીનાં હોકમ કરી શ્રી સુરત મધે દખમું બાંધીએ. સરવ અનજુમન એતેફાક થાઈને એ કામ કરીએ. એ કામમાં તગાફુલી નહી કરીએ. સંવત ૧૭૭૮ માં દસ્તુર શ્રી રૂસ્તમજી બેરામજીનાં ઘર મધે સરવ મલી એ વાતની તનદોરસ્તી પઢી છે તથા વેરો લખીઓ છે. તે માફક આપણુ

સર્વે એતેફાક થાઈ કામ કરીએ. એ વીશે લીધાની વીગત પાઘડીએ ઠેરવીઉ છે સરવ પંદર વરસથી ઉપરાંત પાઘડી સરાસર લીજીએ. (પછી દખમું ઈંજિવાની ક્રિયા સંબંધી વિગત છે)... તે (દખમું) સઈઅદપરેના અંધીઆરૂ ભગરીઆ નૌસારીનાં રહે છે તે ઈંજે...બીજું આપણ સર્વે મલી દખમાંના કામની સરબરાઈ કરીએ તા. કરાવીએ. જેને જેવી કઉઅત શ્રી દાદારજી આપે તેવું કામ બજદ થાઈ કરે. એ વાતમાં કમી કરવી નહીં. એ દખમું આપણે સુરત મધે બાંધવું થયું તે એટલા માટે જે આપણે તો દીનને રાહે વડી સુદામદ કરતા આવેલા શી પદાંન તે આપણે તો કરવું અને સુરતનાં લોકો બગર પદાંને દખમે જાવાનો રાહા કીધો તે માટે આપણે એ દખમું એલાધું બાંધવાનુ કીધું સબબ એનો એ છે." આ લેખ પર ૨૭ મોબેદ તથા બેહેદીનોની સહી છે. (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૩૨–૧૩૩ તથા ના. ૨ પાને ૬).

રવાનને પદાન બાંધવાના ઝઘડા વિષે આંકવેટીલ શું કહે છે?

આંકવેટીલ ડુ પેરાં નામનો ફ્રેંચ વિદ્વાન ઈ. સ. ૧૭૫૫ માં હિંદુસ્તાનમાં આવ્યો હતો. અને આશરે ત્રણ વર્ષ સુધી જુદાં જુદાં શેહેરોમાં રહ્યો હતો. તેણે ઈ. સ. ૧૭૭૧ માં "જંદ અવસ્તા" નામનું પુસ્તક ફ્રેંચ ભાષામાં લખ્યું હતું. આ પુસ્તકમાં રવાનને પદાન બાંધવા બાબેના ઝઘડા વિષે તે કહે છે, કે "આશરે ૪૬ વર્ષ ઉપર જામાસ્પ નામે એક હુશ્યાર દસ્તુર કેરમાનથી આવ્યો હતો. ગુજરેલાંઓનાં મોંહપર પદાન બાંધવું કે નહિ, તે બાબે પારસીઓમાં મોટો મતફેર ઉઠયો હતો, તે મતફેર દૂર કરવા એને બોલાવવામાં આવ્યો હતો. જામાસ્પે ચુકાદો આપ્યો કે રવાનનાં મોંહ ઉપર પદાન બાંધવાની જરૂર નથી. કેરમાનમાં તેમ કરવામાં આવતું નથી. જો જામાસ્પે આવી આ બાબતનો ફેંસલો નહિ કર્યો હતે, તો આ નજીવી

બાબતના ઝઘડા ઉપરથી લોહીની રેલો દોડતે" (દાકતર જીવનજી મોદીનું આંકવેટીલ તથા દસ્તુર દારાબ પા. ૨૦૯).

નોંધ—દસ્તુર જામાસ્પના ચેલાઓમાં સુરતના દસ્તુર દારાબ (ઉરફે કુમાના દાદાદારૂ અથવા દાદદારૂ) તથા નવસારીના દસ્તુર જામાસ્પ આસા વગેરે હતા. (ઉપલું પુસ્તક પા. ૨૦૯ તથા ૧૧). દસ્તુર જામાસ્પ હિંદુસ્તાનમાં ઝંદપેહેલવી વંદીદાદની, ફરોખશીની તથા ફારસીમાં કરેલા વજરકર્દ તથા નિરંગેસ્તાનના તરજુમાઓની નકલો મેલી ગયો હતો. આંકવેટીલે દસ્તુર દારાબ કને અવસ્તા પેહેલવીનો અભ્યાસ કર્યો હતો, અને પારસીઓ વિષેની ખબર મેળવી હતી. ઉપલા ઝઘડાનો સને આંકવેટીલ ઈ. સ. ૧૭૭૧ની ૪૬ વર્ષ આગળ યાને ઈ. સ. ૧૭૨૫ માં મેળે છે. પણ જામાસ્પ વેલાયતી તો ય. જ. ૧૦૯૦ (ઈ. સ. ૧૭૨૧)માં અત્રે આવ્યો હતો અને ૧૧ માસ પછી ઈરાન પાછો ગયો હતો. (જોવો ઉપલુંજ પુસ્તક પા. ૨૬૫, તથા પા. પ્ર. પા. ૨૪). માટે આ ઝઘડો ઈ. સ. ૧૭૨૧ માં થયો એમ આપણે આગળ જણાવ્યું છે, તેજ ખરૂં છે.

ભગરીઆ તથા સુરતીઆ મોબેદો વચ્ચે ખટપટ. શાપુર શામરાના પક્ષના કેટલાક સંજાણાઓએ ભગરીઆઓને આપેલો ટેકો.

ઈ. સ. ની ૧૭ મી સદીની શરૂઆતથી નવસારી મધ્યે પિંડારા તથા લુટારાઓનો દોર ચાલુ થયો હતો. તેની રૂહે ઘણી ધાડો પડી હતી. આથી નવસારીના કેટલાક મોબેદો તથા બેહેદીનો નવસારીમાંથી નિકળી સુરત રહેવા ગયા હતા. ત્યાં પણ કજીયો જાગ્યો, કે આ નવસારીવાળાઓને ત્યાંનું ક્રિયાકામ સુરતી મોબેદો કરે, કે નવસારીનાં મોબેદો કરે. આ ખટપટ સુરતના નવાબ મોમીનખાન આગળ ગઈ. તેણે નવસારીવાળાઓના લાભમાં ફારસીમાં પરવાના કરી આપ્યા હતા. તેમાંનાં ઈ. સ. ૧૭૨૨ વાલો એકનો તરજુમો નીચે પ્રમાણે છે.

"....કસબે નવસારીની પારસી કોમના મોબેદો તથા બીજા તેમના ચેલાઓ લુટારાઓનાં ફેસાદને શબબે નવસારી કસબાથી નાહસીને સુરત બંદરમાં વતન પકડયું છે. તે વિષે સુરતના મોબેદો મુજાહેમત કરે છે કે નવસારી કસબાના સુરતવાસી પારસીઓનું મુવાં જીવતાંનું સઘળું કામ તેમના સુરત બંદરમાં રહેઠાણ પકડવાના શબબે અમો કરીએ તથા નવાસારીના મોબેદો જાહેર કરેચ કે નવસારીના સુરતવાસી પારસીઓ અમારા યજમાન છે તેથી તેમનું મુવાં જીવતાંનુ કામ અમો કરીએચ. આ દેખાવમાં કસબે નવસારી વગેરેના હરેક પારસીઓ પોતાના મોબેદો હોય તેમની સોટે પોતાનું કામ ચાલુ કરાવે. અને એ બાબદમાં તાકીદ જાણે. આ લખઉં જાહેર રમજાન મહીનાની તા. ૧૧ મી સને ૪ (=હીજરી સને ૧૧૩૪)* નું થયું છે." આ પરવાના ઉપર બે સીક્કા છે, તેમાંના એક ઉપર "૧૧૩૦ મોહમદશાહ પાદશાહ ગાજી મોહરે નીઆબત મોમીનખાન ફીદવી" આમ લખાણ છે, તથા બીજા ઉપર "૧૧૩૦ મોહમદશાહ બાદશાહ ગાજી તહુરખાન ફીદવી" આમ લખાણ છે. (પા. પ્ર. પા. ૮૪૯. જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્તલેખ ના, ૨ પા. ૬૦ ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૩૬).

પાછળથી નવસારીવાળાઓને **બીજો** ફારસી પરવાનો મલ્યો હતો, તેનો તરજુમો નીચે પ્રમાણે છેઃ–"હાલ તથા આયંદેહના મુતસદ્દી કામદારો કસબે નવસારી સરકાર શઉરતનાં જાંણે કે કસબે મજકુરના રહેવાશી પારસીની કોમના અંધેઆરૂઓએ અરજ કીધી કે કસબે મવસુફનાં પારસી યજમાનો જેઓ લેઆંનતી ગનીમ (=પીંડારાઓ) ની ધાસ્તી અને ખોફને સબબે કસબે મજકુરથી કેટલીક મુદત થઈ મુબારક સુરત બંદરમાં

*તા ૨૫ મી જુન ૧૭૨૨ N. S. ગરેઉ.

આવી જે વતન એખતીઆર કીધું ચ† તે ખાસ પારસીઓનાં ટોલાનું મુવાં જીવતાંનું કામ કરવું હમોને તાલુકો રાખેચ અને સુરત બંદરનાં પારસીઓનાં અંધેઆરૂઓ હમોને મુજાહેમત પોહોંચાડેચ કે તેઓનાં મુવાં જીવતાંનાં સઘળાં કામો કરી આપીએ. આ બાબદમાં ખરાબી તથા પરેશાની હમારી છે માટે ઉમેદવાર છીએ કે હમારો પોતાનો હક હમોને પોહોંચે.

જે પછે ત્યાંથી ચોકસ જાહેર થયું કે સુરત બંદરનાં પારસીઓનું કામ સુરત બંદરનાં અંધેઆરૂઓને તથા કસબે નવસારીનાં સુરતવાશી પારસીઓનું કામ કસબે નવસારીનાં અંધેઆરૂઓને તાલુકો રાખેચ. એ બાબદમાં સુરત બંદરનાં પારસીનાં અંધેઆરૂઓની મુજાહેમત તેમણું દોર સાથે બેજા સરારતની રાહથી છે. માટે આ લખત થાએઉંચ કે કસબે નવસારીનાં અંધેઆરૂઓ કદીમ મઆમુલ અને મુકરર થાયલા પોતાનાં કાયદાવો મુજબ તે કસબે મવસુફનાં સુરતવાશી પારસીઓનાં મુવાં જીવતાંના કામો ખાતર જમએથી સંપુરણ કરતા રેહ જેથી કોઈ હરગેજ થાઈને એકબી બેવજન હેવાલનાં હેશાબે મુજાહેમ નહીજ થશે. તા૦ ૧ લી માહે મુબારક રમજાંન સને ૬ તથા સને ૧૩૬ (૧૧૩૬ ?)નું (તા૦ ૨૪ મી મે ૧૭૨૪ N. S.) લખત થયું છે."

નોંધ—આ પરવાના ઉપર એક સીકકો છે, તે ઉપર "૧૧૩૦ મોહમદશાહ બાદશાહ ગાજી મોમીનખાન ફીદવી" આમ લખાણ છે. આ તથા આગલા પરવાનાવાલું લખાણ જે ફારસીમાં લખાયલી સનદોનો તરજુમો છે અને જે આ. રૂસ્તમજી બહમનજી ઉનવાલાએ "નેજાઅ શેકન" નામનાં નાનાં

---

† એદલજી બરજોરજી પટેલકૃત "સુરતની તવારીખ" (પા. ૫૯) માં લખ્યું છે, કે નવસારી પેસ્વાઓના હાથમાં ગયું, ત્યારથી તેઓના કારભારીઓના ગેર વહીવટથી તથા ધાડોથી કંટાળી પારસીઓ નવસારીથી નીકળી સુરતમાં રૂસ્તમપરામાં જઇ રહ્યા હતા. ત્યાં ઇ સ. ૧૭૧૫ માં નવાબ મોમીનખાને તેઓને દખમાં સારૂં જગા આપી હતી.

ચોપાનીઆમાં પ્રકટ કર્યો હતો, તે ઉપરથી લીધેલો છે, (ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અંજુમનની તવારીખ પા. ૩૭).

સુરતમાં બંધાયલું પદાનીઆં રવાનોનું પહેલું દખમું.

ઉપર કહેલા ઠરાવ પ્રમાણે ઇ. સ. ૧૭૨૫ માં સુરત મધ્યે ભરથાણાંમાં પદાનવાલાં રવાનો માટે ભગરીઆ મોબેદોએ ઉધરાટથી દખમું બંધાવ્યું હતું. એ દખમું પીલા પત્થરોથી બાંધેલું હતું. હાલે તે હયાત છે પણ પડત હાલમાં છે. (પા. પ્ર. પા. ૩૬ ફુટ નોટ).†

ઉપલાં દખમાંમાં પદાન વગરનાં રવાનોને બેહેદીનોએ જબરીથી ચઢાવ્યાં તે વિષે સરકારમાં ફર્યાદ.

સુરતમાં ઉપલું દખમું બંધાયા બાદ થોડાક વખતમાં બેહેદીનોએ જબરીથી પદાન વગરનાં રવાનોને ચઢાવ્યાં, તેથી તે વિષે મોબેદોએ સરકારમાં ફર્યાદ* કરી હતી, તે નીચે પ્રમાણે હતીઃ—

"ગરીબ પરવર સલામત મોટા દરજાના નામદાર સાહેબની ખીદમતમાં નૌસારીની મોટી દરેમેહેરની તાબેની અંજુમન વો. પારસી લોક તરફથી દસ્તુર ફરસ્તમજી નોશેરવાનજી તા. દેશાઈ એદલજી નવરોજજી વગેરેની અરજ એ છે જે આગળ હમો સુરત શેહેરનાં પારસીઓ સાથે એકજ હતા. ને રૂવાન યાને

---

† આશરે ૧૦૨ વર્ષ બાદ રોજ ૧ માહ ૫, ૧૧૯૬ ય. જ. તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૨૭ ને દીને સુરત મધ્યે ભરથાણાંમાં નવસારીવાલાં પદાનીઆં રવાનો માટે એક દખમું મુંબાઇના જરથોસ્તીઓના ઉધરાટથી બંધાવી પરઠાવ્યું હતું. તેની તખ્તી ઉપર લખ્યું હતું, કે "શ્રી દાદબાહ ભરથાણાંવાલું ગરીબ ટોલા ઉપર મેહેરબાની કરીને મુંબાઇના સાહેબોએ બંધાવી આપેઉં છે. (પા. પ્ર. પા. ૨૦૪).

* ફર્યાદ કયારે કીધી હતી, તેનો સને જળવાઇ રહ્યો નથી, પણ લેખમાં "૧૧ વર્ષ" ની વાત છે તે અંક ધ્યાનમાં લેતાં ઇ. સ. ૧૭૩૨ આવે છે. પણ અંક શકમંદ હોવાથી ખરો સને સેહેજ આગળ હોય એમ દીશે છે.

મુદદાં કાકડા ખાડીને દુખમે પદાન બાંધીને ચઢાવતા. પછી આસરે વરસ ૧૧ (આ અંક શંકમદ છે) ઉપર શહેરનાં પારસીઓએ પદાન બાંધવા મુકયા અને હમો તો કદીમ ચાલ મુજબ પદાંન બાંધવા મુકયા નહી. વાસ્તે એ લોકોથી જુદા થયા. અને હમારા રૂવાન યાને મુદદાં અહીઆં બીજું દુખમુ નહી તેથી નોસારી લઈ જાઈને ત્યાંને દુખમે ચઢાવતા. ને તેમાં હમો લોકોને ઘણી તસદીર હતી. માટે નોસારીના દેશાઈ ખુરશેદજી તેહેમુલજી વીગેરે હમારા બુજરગવારોએ મસલત કરીઓ જે ભરથાણુ પરગણે ચોર્યાશી મધે જમીન ખરીદ કરીને પદાનીનું દખમું તૈયાર કરાવવું. તે દહાડેથી હમારા લોકનાં રૂવાન દુખમે મજકુર ચઢે છે. એ રશમ આજ લગે ચાલતો આવે છે. ને હવડાં દોરાબજી બેહેમનજી (બીજાં ચાર નામો છે) વગેરે થોડા એક બેહેદીનવાલા શરાશર નાશથી એકએકમાં મસલત કરી પદાન બાંધવા મુકી મુરદાંઓને મોજે ભરથાન દુખમે ચઢાવવાનું કહે છે. એવા ખોટા ખ્યાલથી જબરજસ્તી કરીને હમારાં દુખમાં ઉપર ચઢાવવા ચાહે છે. ગરીબ નવાજ એ લોકો અસલનાં રસમને મુકી બીજો રસમ કરવા ચાહતા હોએ તો જે રીતે કરૂ માહારાંમાંનાં (?) આગળ પદાન મુકીને રૂવાન કાકડા ખાડીને દુખમે ચઢાવે છે તે રીતે એ લોકો પણ ત્યાં ચઢાવે તેમાં હમારે કાંઈ મુજાતમત નથી. ને હાલ એ લોકો સરેસ્તાની રાહાથી અસલનો રસમ મુકી હમારે દુખમે જબરજસ્તીથી ચઢાવવા માંગે છે. તે શી રીતે થાઈ શકશે. વાસ્તે ઉમેદવાર થાઇએ જે મેહેરબાની કરી ઉપરની હકીકતને ધ્યાનમાં લાવી એ લોકોને હજુરમાં બોલાવી તજવીજ જણુ ફરમાવી એ લોકો ઉપર હોકમ ફરમાવો, કે કદીમનાં રસમને મુકો તો એ દુખમે ચઢો નહી. અગર કોઈ દાવો રાખતા હોએ તો દીવાનીમાં ફરીઆદી કરો. તેનો જવાબ દેવા હાજર છીએ." (જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૭).

આ ફર્યાદનું શું પરિણામ આવ્યું, તેની નોંધ જળવાઈ રહી નથી.

ખટપટની પાછી શરૂઆત. બેહેદીનોએ શેઠ મનાજી તલાટીને લખેલી ફર્યાદ.

નજદીક ચાલીશ વર્ષનાં પજરણ બાદ ઈ. સ. ૧૭૨૯ માં ફેસાદનો ભડકો પાછો ઉઠયો. એ વર્ષમાં શેઠ મનાજી કુકાજી તલાટી* જેઓ વડોદરામાં સરકારી કામકાજમાં મશગુલ રહેતા હતા, તેમની ઉપર નવસારીના બેહેદીનોએ તા. ૨૬ મી જુલાઈ ૧૭૨૯ N. S. ને દીને નીચે પ્રમાણે કાગળ લખ્યો હતો:—

"...અપરંગ વીનંતી એ જે શ્રીજી નાં (=તો?) પરદેશ પાદશાહ થાઈ બેઠાં ને આહાં તો કેઆમત થાએ છે તે તમારા ધરમવના ને તમારી જાતવના સુધરવાનું નથી. આપણા વડા જીવથી ગયા તે તે વેળાના હથીઆર લખીઆ કાગળ પત્ર ઘણા જબરદસ્ત છે તેને કોઈ તમો વના મરાતબે પોડોચાડનાર નથી. ને શરબરોનો કરનાર નથી. સર્વે કોઇ અમો લોક તમારી દાદે છેઉ. પણ સરકાર વના કામ નીપજતું નથી. ને શ્રીજીએ તાં (=તો?) વત (=વાત) હાથથી મુકી દીધી. તે મુકીઆમાં તો સીતમ થાએ છે. આખેર તો જે સરજું હોશે તે થાશે. પણ ચાલેઆ લગે તાહાં મહેનત કરવી. વરશ રૂ) થયાં માથાં ઉપર સેતમનો રાહા પાડે છે. પૈસા વહેવાના તે અમલદારને ભરાવે છે તો એ રાહે બીજું રાહ થશે. માઠે મહેનત તો કરવી લાજેમ છે. પછી

---

* તલાટી ખાનદાનના વડા. એઓ ૧૮ ગામોના તલાટી હતા. આ. મનોચેર હોમજીને ભગરીઆઓથી છુટો પાડવામાં એમનો મુખ્ય હાથ હતો. એઓ ઇ. સ. ૧૭૫૮ માં ૯૫ વર્ષની ઉમરે ગુજર્યા હતા. એમની વંશાવલિ આ પ્રમાણે હતી:-મનાજી–કુકાજી–અસ્પુ–પેશોતન–ચાંદા.

નોંધ—પેશોતન ચાંદા ઇ. સ. ૧૬૧૦ પારચોલ પારડી વગેરે સાત ગામોના તલાટી હતા. મનાજીના કાકા શોરાબ અસ્પુના ઘરમાંથી રૂ. ૩૧૭૫) ની અસકયામત ઇ. સ. ૧૬૮૬ માં નવસારીના ભગરીઆ તથા બેહેદીનોની મારામારીમાં લુટાઇ હતી. વળી એ મનાજીના બાપ કુકા અસ્પુનું આ મારામારીમાં ખુન થયું હતું, તેથી તેમના કાકા શોરાબ અસ્પુએ આ ખુન સંબંધી તથા લુટ સંબંધી કાજીને ત્યાં ફર્યાદ કરી હતી.

તાહાં જે સરજું હશે તે થાશે. પણ વાત હાથથી નાંખી દેવી તે આપનને મુનાસબ નથી. કાલ દને અહીં અંધીઆરૂ સાથને થાણામાં તેડીઆ હતા. મુસકલા માગે છે. લગન દીઠ રૂ ૧॥ થી જાદતી લીધું હોએ તેનું મુચકલું આપો. ને લગન રહેઆં હોએ તે લખી આપો. તે ઉપર મરોલીનાં લગન હતા તે લખી આપા ને રૂપીઆ સરવ વાલી ભર્યા. મલતીઆં ઘેર પટેલ સાથ તા. વઇદ વગેરે તે પણ રૂપીઆ સરવ ભરાવા. હવે મચલકાને કાજ બોલે છે એ ગરીબ અંધીઆરૂ લોકોનો શું આશરો છે. તમો જેવા મુરબી કંઇ એ વાત હાથ ધરો નહી તો કેમ જીવાએ. જેમ મન માનશે તેમ જોહાકની પાદશાહી કરે છે ને કરશે તે જુવા સરખું તો થાએ છે. માટે શ્રીજીથી કામ થાએ તે બીજું કોઈ નથી જે તેથી થાએ. પછે તો જેમ હોશે તેમ થાશે. અમે તો સરવ કોઈ તમારી દામને વલગ (=વળગેલા) છઉં. માઠે જે તદબીર ને જે ફીકર કરવી તે કરો. હવે શેહેવાતું નથી...રોજ ૪ માહા ૧૦ સને ૧૭૮૫."* આ કાગળ ઉપર ૧૩ બેહેદીનોની સહી છે. (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૫૨, પા. પ્ર. પા. ૮૫૧).

નવસારીના મનોચેર હોમજી સાથવાલા મોબેદોએ પણ રોજ ૩૦ માહા ૧૨ સંવત ૧૭૮૫†ને દીને ઉપલાજ શેઠ મનાજી તલાટી ઉપર પોતા તરફથી ફર્યાદ કરી પત્ર લખ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે:—

"નૌસારીના દેશાઈ નવે પોરે બેદલ રાશે (?) આવીઆ છે તે રોજ ૧ રહી તેઓ સાથે તેનાં હમકારો દીન ૩ તથા ૪ સુધી ટોલે મલીઆં. તે માણેકજી દેશાઈની હવેલીમાં મલતા હતા. તેઓને પોતે પોલની કોશલ ઘણી હતી તે સાંભળી તા. સંભલાઉં જે કાંઇ અસલનાં કાગળ વહી સોધતાં હતાં. તેવણ

*તા. ૨૬ મી જુલાઈ ૧૭૨૯ N. S. બોમવારે. સને શબ્દ સંવતને માટે છે.

† તા. ૨૦ મી અકટોબર ૧૭૨૯ N. S. સોમે.

સાંભલ્યું જે પોતાનાં અંધીઆરૂ પાંચ તા. સાતને ત્યાં સુબેદાર પાસે બોલાવી ગીઆ છે તે ઉપર બાજે લોક હમુને ધમક (=ધમકી) દેવા લાગા. પણ હમો શું કરીએ હમારે માથે શ્રી પરવરદેગાર છે કે બીજો આસરો તમારો ધરી બેઠા છેઉં ને તમારા હોકમથી વેગળા નથી. જે સાહેબ ફરમાવો તે કરીએ. બીજો બેહેદીનનો આસરો તો એના અમલમાં નજર આવતો નથી. એ વેળા પરવરદેગારે તમોને હમારા શરપર છતર પેદા કીધા છે...બીજું સાહેબ મહેરબાન એ વાતમાં કોઇને ભરોસે કામ કરવું નહીં. જે કામ કરૂં તે પોતાના દસ્તે કામ કરૂં. કંઇ ખરચ બેસે તે કરવો, હમો તમારા કાચા સુતરનાં બાંધેલા છેઉ. ઉજલાં કપડાં પહેરી સરમ રાખીએ છે. સાહેબનાં વડા અમારા વડાઓની પરમાનો કરીઓ તે ઉપર નજર રાખી હમો ગરીબ દોઆગીર લોકોની બાલાશ કરવી. આપણા લોકોનો હસાબી મકદમો છે. ને સાહેબ આપણા વડાઓએ પોતાનો કાગળ હઉપાર (?) ઘણા દરૂસત કરાવ્યાં છે તે વાતને વરસ ૪ થઇ ગીઆં છે. હવે એ પેદા થાએઆ છે શું કરશે હમો ઉપર તમો સરખા મુરંબી શીર ઉપર છો....બીજું સાહેબ મહેરબાન બાજે લોક હમને ધમકી દીએ છે જે તમુને સુબેદાર સુધી જાવું પડશે. તે ચીંતા લાગી છે. જે નાહરોજ ગંહેબારનાં દહાડા આવેઆ તેનું શું કરીએ. માટે હમો જાણીએ છીએ જે તમો સરખા મુરબી હાં છો તો હમોને શું કરવા તેડાવશે....એટલી ચીંતા લાગે છે જે મુદઈ જોરાવરને જાને સુબેદારનું માણસ મોકલીને હમકાર કામનો કરનારની આબરૂ લેવાડે. તે સરમ તમારે હાથ છે...રોજ ૩ (૩૦ ?) માહા ૧૨. હમારા સાથ જણ ૯ નવનાં નામ લખી લઈ ગયાં છે. હમારૂં હક એ જણ નવ મલી ખાએ છે. તે કાગળ પર મલેકની તા. કાજીની મોહોર કરાવી છે ને હમારે સર દાવો ઠરાવો છે. માટે ખરી શખતી છે. માટે સંભાલીઉં જોઇએ...." આ કાગળ ઉપર સાત મોબેદોની સહી છે (જામાસ્પજી મેહેરજી રાણા હસ્ત લેખ ના. ૧ પા. ૧૫૪).

ગાયકવાડ તથા પારસીઓ.

"ગાયકવાડનો અમલ* ઈ. સ. ૧૭૩૦ માં તો મંડાઈ ગયો હતો. નવસારીનું રાજ ગાયકવાડના હાથમાં ગયા કેડે એ નવા રાજાને પારસીઓનીજ ગરજ વધારે હતી. કેમકે આ જગાનો વહીવટ લાંબી મુદતથી તેઓ જાણતા હતા. દેશાઈ નામના જરથોસ્તીઓએ એ વખતે રાજની સારી વફાદારી કરીને ત્યાંના

પેશ્વાઈ રાજ્યના સ્થાપક શીવાજી મહારાજની ગાદી ઉપર ત્રીજી પેઢીએ શાહુ નામના રાજા થયો હતો. તેના સેનાપતિ ખંડેરાવ દાભાડેએ ઇ. સ. ૧૭૦૭ માં ગુજરાત પર સ્વારી કીધી ત્યારે તેની સાથે પાટીલ ઝીંગોજી બાબાના (ગંગાજી બાવાના) ભાઇ દામાજી ગાયકવાડ ગુજરાતમાં આવ્યા હતા. ત્યાં તેઓ પોતાની બહાદુરીથી લશ્કરના સરદાર બન્યા હતા. તેમણે ડુંગર ઉપર કીલ્લો તથા કોટ બંધાવી સોનગઢનું ગામ વસાવ્યું હતું. ઇ. સ. ૧૭૨૦ માં ખંડેરાવ દાભાડેએ બાલાપુરની લડાઇમાં જીત મેળવી ત્યારે દામાજીરાવ ગાયકવાડે પણ બહુ બહાદુરી બતાવી હતી જેથી શાહુ રાજાએ તેમને સમશેર બહાદુરની પદવી આપી હતી. એજ વર્ષમાં દામાજીરાવ ગુજરી જવાથી તેમની જગા તેમના પુત્ર ત્રિંબકરાવને મળી હતી. તેમને પુત્ર ન હોવાથી તેમની પછી તેમના કાકા ઝીંગોજીરાવના બેટા પીલાજીરાવને તેમની જગા મલી હતી. આ પીલાજીરાવે ઇ. સ. ૧૭૩૦ માં ગુજરાતમાં ગાયકવાડની ગાદી સ્થાપી હતી. ઇ. સ. ૧૭૩૨ માં પીલાજી દગાથી માર્યા ગયા ત્યાર પછી તેમના પુત્ર દામાજીરાવ (બીજા) ગાયકવાડ થયા હતા. દામાજી બીજાના ભાઇ ખંડેરાવ હતા. દામાજીરાવ પછી ફતેહસિંહરાવ, માનાજીરાવ, ગોવિંદરાવ, આનંદરાવ, સયાજીરાવ, ગણપતરાવ, ખંડેરાવ, મલ્હારરાવ, તથા સર સીઆજીરાવ, અનુક્રમે રાજા તથા મહારાજા થયા છે. (વધુ માટે જોવો દા. જી. જ. મોદીનું પુસ્તક A Few Events in Parsi History પા. ૮૮–૯૨).

નોંધ—પહેલા ગાયકવાડ સાહેબોની વંશાવલિ આ પ્રમાણે હતીઃ—

પેહેલા દામાજી—ઝીંગોજી અથવા ગંગાજી બાવા

|

પીલાજી (ઇ. સ. ૧૭૨૧ થી ૧૭૩૨)

|

બીજા દામાજી (ઇ. સ. ૧૭૩૨–૧૭૬૮)	ખંડેરાવ

દરેક ઓધાપર પારસીઓનેજ તે દેશાઇઓ રખાવા લાગા અને પોતાનો કાબુ વધારતા ગયા. બીજે વરસે ઈ. સ. ૧૭૩૧-૩૨ માં મીનોચેર હોમજી પંથકના મોબેદો ઉપર ભગર્યા પંથકનાઓએ કાંઈ હક સંબંધી આગલી પાછલી બાકી કાઢી અને મીનોચેર હોમજીવાલા તો ભગર્યાના તાબેદાર છે એવો દાવો કર્યો. લડાઇ ટંટા ચાલતાં ચાલતાં આખરે દેશાઇઓના લાગવગને લીધે મીનોચેર હોમજીવાલાઓને ભગર્યાઓએ કેદ કરાવ્યા. અને મહા પરિશ્રમે જામીન ઉપર છુટા હતા. ફરી બીજી વાર એ બંને પંથ વચ્ચે ટંટો ઉભો થયો. જ્યારે એ બે વચ્ચે ટંટો થાય ત્યારે વચમાં બેહેદીનો છુંદાય. કેમકે બેહેદીનોને ત્યાંનું ક્રિયાકામ અટકે. વારંવાર બેહેદીનો ઉપર જુલમ થવાથી શેઠ મનાજી કુકાજી તલાટી નામે કુનેહ અને લાગવગવાળો એક નર બાહાર પડયો. અને ઇ. સ. ૧૬૮૬ માં ભગર્યાઓએ તેવણના બાપનું તથા સગા વાહલાઓનું ખુન કરેલું તથા તેમના ઘરબારનું આશરે રૂ ૫૦૦૦) નું નુકશાન કરી માલમતા લુટી લીધેલી તેનો ઉશકેરાત થવાથી ભગર્યાઓને તોડવાના હેતુથી અને તેમની જુસરીમાંથી નીકળવા સારૂં જીવપર ખેડીને વડોદરા દરબારમાં જઈ લડત ચલાવવાનું બીડું ઝડપયું." અને લાંબી મુદત દરબારમાં ધક્કા ખાઇને આખરે એવી મતલબનું ફરમાન લાવ્યા કે "વહીવટ મુજબ બેહેદીનો પોતાની મરજી માફક ચાલે, મોબેદો કેટલાક લવાજમો ભગરીઆઓને આપે અને એ પ્રમાણે તેમંના કામની હદ ઠરાવી." (શો. મ. દેશાઈકૃત તવારીખે નવસારી પાને ૧૦૨-૧૦૩).

બેહેદીનોની નવસારીના સુબા કને ફર્યાદ.

કેટલોક વખત બાદ બેહેદીનોએ નવસારીના રાવ (=સુબા) ગંગાજીકને જઈ ભગરીઆઓ વિરૂદ્ધ ફર્યાદ કીધી. ગંગાજીરાવે ભગરીઆઓને બોલાવ્યા. તેઓની સરદારી પ્રખ્યાત દેશાઇ ખુરશેદજી તેહેમુરજી (ઇ. સ. ૧૬૯૮-૧૭૭૯) એ લીધી. આ દેશાઈજીને નવસારી કસબાની ચોધરાઇ તથા દેશાઈગરૂં મળ્યાં

હતાં. તેઓ સરકારમાં મોટો લાગવગ ધરાવતા હતા તથા ભગરીઆઓના એક અકાબર ગણાયા હતા. દેશાઇ ખુરશેદજીએ ભગરીઆઓ તરફથી પુશ્કળ તકરાર કરી હતી. તેમણે કહ્યું કેઃ—

મુરીદે મા હમે હસ્તંદ બેહેદીન
કે બરગશતંદ અઝ મા જુમલે ઇન બીન
ઝે ગોફતારે હમે સંજાનહ મુબદ
ફરીબંદહ શુદંદહ બેહેદીન અયા રદ

અર્થ—તે બેહેદીનો સઘળા હમારા મુરીદ (જજમાન) છે કે જેઓ કજીઆને લીધે અમારાથી ફરી બેઠા છે. ઓ સરદાર, તું જાણ કે સઘળા સંજાણા મોબેદોની વાતોથી આ બેહેદીનો ફરેબ ખાઈ ગયા છે.

ગંગાજી રાવે ભગરીઆઓની તકરાર સમજી તેઓની તરફેણમાં ચુકાદો આપી સંવત ૧૭૮૭ (ઇ. સ. ૧૭૩૧)માં પરવાનો કરી આપ્યો હતો તે નીચલા લેખ પરથી માલૂમ પડે છેઃ—

"રાવ શ્રી ગંગાજી બાવા. કશબે નોશારીના અધારૂ ખુરશેદજી તેહમુલજી તા. જીવનજી માણેકજી વગેર શમશત અધારૂ ભગેરીઆ. જત રાય શ્રી સુબેદારજી શાહબે તમારા નોશારી વગેર પંથકના જજમાંનના વેહેવા વગેરનો **પરવાનો** કરી આપો છે તે માફક તમો જજમાનનું કામ પોતાની ખાતેર જમે રાખી કરજો. ને એ કામમાં કોઈ બીજો તમારી શલા વના કામ કરે નહી. ને જે કોઈ તમારી શલા વના એ કામ પંથકનું કરશે તે શરકારના ગુનેગાર. એ વાતની તાકીદ જાણવી. શા. ૧૭૮૭, ૨૧ મા. રબીઅલ અવલ, ૯ ભાદરવા વદ"*(જોવો Dr. J. J. Modi's A Few Events in the Early History of the Parsis ફોટોગ્રાફ કરેલી નકલ).

નોંધ—ઉપલા લેખમાં રાય શ્રી સુબેદારજીના પરવાનાની બીના છે તે પરવાનો નીચે પ્રમાણે હતોઃ—

---

*તા. ૨૪ મી સપટેમબર ૧૭૩૧ N. S.

"રાવ શ્રી સુબેદાર પીલાજી ગાયકવાડ વચનાત નવશારી વગેરે પથકનાં અધારૂ માનકજી હોમજી તા. ખુરશેદજી તહમૂલજી વગેરે અધારૂ ભગરીઆ શમશત જત તમો તમારા પથકના જૂજમાનનૂ વેહેવા વગેરનું કામ કરજો ને તમારૂ દશતૂર કદીમ મામુલ છે તે લેજો. તમોને કોઇ મુજાએમ થાશે નહી. ને તમારા પંથકમાં કોઈ બીજો તમારી શલા વગર કોઈ કામ નહી કરે એ વાતની તાકીદ જાનજો. કોઈ બીજો અમ કરે તે માહૂ થાશે શા. ૧૭૮૭ નો કારતક વદી ૧૪ દીને." (તા. ૯ મી ડીસેમબર ૧૭૩૦ N. S. શનેઉ). (જોવો દાકતર મોદીનું A Few Events &c. ફોટોગ્રાફ).

ઉપલા ચુકાદાને લીધે દબાણ કે સમજાવટને શરણ થઈ દાદાચાનજી સાથવાલા મોબેદોએ, મીનોચેહેર હોમજી સાથવાલા મોબેદોએ તથા સંજાણા મોબેદોએ ભગરીઆઓને સુલેહના લેખો કરી આપ્યા હતા, તેની વિગત નીચે પ્રમાણે છે.

દાદાચાનજીવાલાઓએ લખી આપેલો લેખ.

સંવત ૧૭૮૮ રોજ ૧૩ માહા ૫ તેરીખ ૮ રમજાન ફાગણ શુદ ૧૦ વાર ગરેઉ સને ૧૧૪૪ હીજરી (તા. ૬ ઠી મારચ ૧૭૩૨ N. S.)ને દીને આ. કુકાજી મેહેરજી બહમનજી તા. આ. જીવણજી માંણકજી હોમજી તથા આ. ખુરશેદજી તેહેમુલજી રૂસ્તમજી તથા સમસ્ત અધ્યારૂ ભગરીઆઓને "દાદાચાનજી" સાથવાલા આ. માણક દાદાચાંદજી તથા આ. બહમન દાદા તથા આ. જમશેદ દાદા તથા આ. હીરા દાદાચાંદજીએ લખી આપ્યું કે "અમોએ તમોથી જુરો થઆ પછી નોશારી પંથકનાં તાલુકાનાં બેહેદીનનું અધારૂપણું કીધું તે આજદંન સુધી જે કાંઈ પેદા થાઈઉ તે તમોએ મેહેરબાન થાઈ અમારા હીશાનું માફ કીધું, હવે પછી તમારી એતલાએ તમોએ રજા આપી તે તમારી રજાવંદીએ તમારી તરફથી નોશારી પંથકના તાલુકનાં બેહેદીનનાં શેઆવ શરોસ તથા વેવા ઘઘરણાંનું જે કાંઇ કામ કરૂ તે શરવ અમાનત રાખુ. બીજા કોઈને આપુ નહી ને

એમાં રવાદારગી ન કરૂ. ને કદાચ રવાદારગી કરૂ ને તમો મને કરો તો અમો કામ ન કરૂં તમારા ખાતરને આવે તે પાસે કામ કરાવો. તથા જે કાંઈ પેદા થાએ તેમાંથી તમો અમારા હીશાનું આપો તે લેઉ તથા નોશારી પંથકનાં બેહેદીનનાં વેવા ઘઘરણાં શેઆવ શરોશ વગેરે જે કામ આવે તે ખુદાને હાજરનાજર જાંણી અમાંનત લાવી હાજર કરૂં...." (ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૪૪–૪૫ તથા ભગરીઆ મીનોચેહેર હોમજીવાલા કેસ ૧૩૨ નું ચોપાન્યું પા. ૬૯).

નવસારીના મીનોચેહેર હોમજીવાલાઓએ ભગરીઆઓને લખી આપેલો સુલેહનો લેખ.

સવત ૧૭૮૮ રોજ ૨૪ માહ ૬ તેરીખ ૨૦ માહા સવાલ ચૈત્ર વદ ૭ અને તા. ૧૬ મી એપ્રીલ ૧૭૩૨ N. S. ને દીને* નવસારીના આ૦ (પાછળથી દસ્તુર) દારાબજી પાલનજીને (દારાબ પહાલણને) તથા ભગરીઆ મોબેદોને મનોચેહેર હોમજી સાથવાળા આ. મેહરનોસજી મનોચેહરજી હોમજી તથા સમસ્ત મનોચેહેર હોમજી સાથવાલા મોબેદોએ નીચે પ્રમાણે સમજુતીનો લેખ* લખી આપ્યો હતો:—

"હજાર વરસ થાએઆં આપણા વડા તમામ ભગરીઆ અંધીઆરૂ પોતાના જુજમાન બેહેદીનનાં ટોલા સાથે ઈરાનથી આવીને હીંદુસ્તાનમાં રહ્યા તે દહાડેથી જે કંઈ જુજમાન બેહેદીનોનાં કામ જીવતાનાં તા. મુઆનાં વેવા ગગરના તા. સીઆવ સરોશ તા. ગેહેસારણા વગેરે સરવ કામ કરતા હતા તે હીસાબની વઈ છે તેની પોલ છે તે માફક હીસાબે સમસ્તે વહેંચી લેતા તે હવડાં થોડાએક વરસ થએઆં જુજમાન બેહેદીનોએ જોરો કરી કેટલાએક જુજમાન નૈસારીનાં તા. ગામડાનું કામ હમારા

---

*આ લેખ ઉપર ૨૪ મોબેદોની સહી છે; તથા ૮ મોબેદોની, ૧૭ બેહેદીનોની તથા ૪ ગુજરાતી ગૃહસ્થોની શાક્ષ છે.

વડા પાસે કરાવતા હતા તે તમોએ આજદીન સુધી માફ કીધું ને આજદીને આપને વદી દરેમહેરનાં સમશત અંધીઆરૂ સાથે બેસીને ફરી અસલનાં કદીમ દસ્તુર માફક પોતાની રાજી રગબતે લખાં કીધાં જે કસ્બા નૌસારી વગેરેનાં પંથક પંખેરીનાં જુજમાનનાં જીવતાનાં તા. મુઆના કામ જે આજ પછી હમો કરૂ તથા કસ્બા નૌસારીનાં પંથકનાં કામ તમો કરો તેનું નાણું તથા કપડાં તા. વાસણ વગેરે જે આવે તે અસલ કદીમ રાહા માફક અનામત રાખતા હતા તેમ અનામત રાખીને અસલની વેહેચણ માફક વહેંચી લીજીએ. શરીકત તમામ ભગરીઆ સાથની એટલામાં રજુ રહી અને વદી દરેમેહેરમાં જે આપણાં પડવાની જગા છે તેમાં પદવા આપીએ તો જે દરેમેહરનાં દસ્તુર માફક અમલ કરૂં. એ વાતથી ફરૂં નહી....”(ફ. કાંગાકૃત ભગર સાથ અંજુમન તવારીખ પા. ૪૬–૪૭, જામાસપજી શોરાબજી મેહેરજીરાણાએ નવસારીની મેહેરજી રાણા લાયબ્રેરીમાં મેલેલો હસ્ત લેખ ના. ૧ પા. ૫, તથા પા. પ્ર. ૨૮).

ભગરીઆઓએ મીનોચેહેર હોમજીવાલાને લખી આપેલો ઉપલીજ મતલબનો વળતો લેખ.

આપણે ઉપર જોઈ ગયા કે મીનોચેહેરજી હોમજી સાથવાલા મોબેદોએ ભગરીઆ મોબેદોને સુલેહનો લેખ લખી આપ્યો હતો, તેજ દીને તેજ મતલબનો વળતો લેખ ભગરીઆઓએ મીનોચેહેર હોમજી વાલાઓને લખી આપ્યો હતો, તે નીચે પ્રમાણે હતોઃ—

“સંવત ૧૭૮૮ વરખે રોજ ૨૪ માહા ૬ તેરીખ ૨૦ માં. સવાલ ચઈત્ર વદ ૭ બુધે સને ૧૧૪૪ હીજરી. (તા. ૧૬ મી એપ્રીલ ૧૭૩૨ N. S.) વેઆપાર પંચ કુલ અંધારૂ મેહરનોસજી મીનોચેરજી હોમજી તથા આ. બહમનજી દારાબજી મનોચરજી તથા (બીજા ૨૬ મોબેદોનાં નામો છે) વગેરે સમસ્ત સાથ. મનોચરજી હોમજી વગેરે સમસ્ત જોગ લખતંગ આ. દારાબજી

પાહાલનજી તા૦ આ૦ જમશેદજી રૂસ્તમજી માણેકજી હોમજી તા. આ૦ કુકાજી મેહેરજી તા. જીવણજી માણેકજી હોમજી તા. આ૦ ખોરસેદજી તેમુલજી રૂસ્તમજી તથા (બીજા પાંચ સાહેબોનાં નામો છે) તથા આ૦ જામાસજી આસાજી ફરેદુનજી વગેરે સમસ્ત ભગરીઆ અંધારૂ જત હજાર વરસ થયાં આપણા વડા તમામ ભગરીઆ અંધારૂ પોતાના જજમાન બહેદીન ટોળા સાથે ઈરાનથી આવીને હિંદુસ્તાનમાં રહ્યા તે દાડેથી જે કાંઈ જજમાન બહેદીનોનાં કામ જીવતાના તથા મુઆના વેવા ઘઘરણા તથા સેઆવ તા. સરોસ તા. ઘેહેસારણા વગેરે સરવે કામ કરતાં હતાં તે હસાબની વહી છે. તેની પોલ માફક હીસા કીસમે વેહેચી લેતા હતા તે હવડા થોડાએક વરસ થઆં જુજમાન બહેદીનોએ જોરો કરી કેટલાએક જુજમાન નોશારીના તા૦ ગામડાનું કામ તમારા વડા પાસે કરાવતા હતા તેનો હક અમોએ આજદીન સુધી તમોને માફ કીધો ને આજ દીને આપણે વડી દરેમહેરમાં સમસ્ત અંધારૂ ભગરીઆ સાથે બેસીને ફરી અસલના કદીમ દનના જીવતાં તા૦ મુઆનાં કામ જે આજ પછી તમો કરો તે તથા કસબા નવસારીના પંથકના કામ અમો કરૂ તેનું નાણું તથા કપડા તથા વાસણ વગેરે જે આવે તે અસલ કદીમ રાહ માફક અનામત રાખતા હતા તેમ અનામત રાખીને અસલની વેચાણ માફક વેહેચી લીજીએ જે સરીકત તમામ ભગરીઆ શા(થ)ની એતલામાં તમો રજુ રહો ને વડી દરેહમહેરમાં જે આપણા વડાની પડવાની જાગા છે તેમાં તમો પઢવા આવો તે દરેમહેરના દસ્તુર માફક અમલ કરો એ વાતથી ફરો નહી. જો એ લખયાથી ફરો તો સરકારના ગુનેગાર એ લખુ આપણે ઈતેફાક થઈ લખુ કીધું છે તે સહી તા. જુજમાનોનું જે તમો કામ પંથકમાં તથા ગામડામાં કરો તેમાં રવાદારગી નહી કરે અનામત લાવી હાજર કરે."

આ લેખ ઉપર આ૦ દારાબ પાહાલનજી તથા બીજા ૯ ભગરીઆ સાહેબોએ મતાં કીધાં છે તથા ૭ મોબેદો તથા ૧ હિંદુએ સાખ કરી છે. મોબેદોમાં આ૦ સેહેરીઆર

ફરેદુનજીની સાખ છે. (ભગરીઆ–મીનોચેહરજી હોમજી કેસ ના. ૧૩૨ નુ ચોપાન્યુ પા. ૬૫–૬૬).

ભગરીઆ તથા મીનોચેહેર હોમજીવાલા સુલેહના કરારો બાબત પરવાનો.

ભગરીઆઓ તથા મીનોચેહેર હોમજીવાલાઓએ એક બીજાને સુલેહના લેખ લખી આપ્યા હતા, કે હવેથી તેઓ અસલની રીત પ્રમાણે લવાજમો વગેરે વેહેંચી લેશે. તે વિષે તેજ દીને યાને તા. ૨૦ સવાલ ૧૧૪૪ હીજરી (તા. ૧૬ મી એપ્રીલ ૧૭૩૨ N. S.) ને દીને કાજીને ત્યાં જઈ પરવાનો કરી લેવામાં આવ્યો હતો તે નીચે પ્રમાણે હતો. આ પરવાના ઉપર ખાદમે સર વક્રોદે અમાનુલ્લા કાજી અતીકુલ્લાની મોહોર છે:—

"મોહોર સરીઅત પનાહની નાયબ કાજી અતીકુલ્લા તા૦ ૨૦ સવાલ ૧૧૪૪ હીજરીના કરાર બદલ.

આ લીટીઓ લખવાનું કારણ એ છે કે અમો દારાબ વલદે પાલણ બીન ફરદુન તથા જમશેદ વલદે રૂસ્તમ બીન માણુક તથા (તે વેલાના જાણીતા નવ બીજા ભગરીઆ અગ્રેસરોના નામો છે) વગેરે સરવે અંધારૂઓ ઉરફે ભગરીઆ રહેવાસ કસ્બે નવસારીના આ વાત ઉપર ઇકિરાર કરીએ છીએ કે નઉસેરવાંની હજાર વરષની મુદતથી વધારે થઈ કે અમારા વડીલો ઇરાનથી પોતાના સીષયો (=એહદીનો) ના ટોળા સાથે આવીને તે હીંદુસ્તાનના શહેરોમાં રેઠાણ એખતયાર કરી અંધારૂગીરીનું લવાજમ જેમકે વીવાહ નીકાહ જીવતાંઓની તથા મુવેલાઓના વાસણો લુગડા ને ભણતરનું લવાજમ જે કાંઈ વાજબી અને વહીવટ પોતાના ધરમના કાયદા પ્રમાણે હતો તે હીસ્સા માફક પોહોંચતો રહે. કસ્બે મજકુરના સરવ અંધારૂઓ ઉરફ ભગરીઆ અસલ કદીમ માઅમુલ સદર કસ્બા વગેરેના સીષયોથી પોતે લઈ હીસાબી દફતરની રૂએ સરવ અંધારૂઓ વેંચી લેતા. પણ તે થોડાં વસરની અંદર મજકુર સીષયો તેજ પ્રમાણે મહેરનોસ

વલદે મીનોચેર વલદે હોમજી તથા બહમન તથા બહેરામ તથા ભીખા (દારાબના દીકરાઓ) વલદે મીનોચેર તથા (૨૩ બીજા મીનોચેહેરજી સાથવાલા તથા દારાબ ચાંદજી [દાદાચાનજી] સાથવાલા વગેરેનાં નામો છે.) જાતે અંધારૂઓ ઉરફ ભગરીઆ કસબે મજકુરના એકઠા થયા જોરજુલમ સાથે સુરતનાં સરવ મજકુર સીષયો તેમના વડીલઓને હવાલે કર્યું હતું. અને તે પણ જુની અસલની રીત અને ધરમના ખીલાફ અમલમાં લાવવા હતા. તેમનાથી અમો સરવ ભગરીઆ અંધ્યારૂઓએ પોતાના વ્યાજબી હકનો હીસાબ માંગ્યો. તેઓએ અમારે સામે આજીજીનું દામન પાથરયું અને જે કાંઈ એનાથી પેશતર જોર જુલમ તથા રૂશવતથી લીધેલું ને પઈસા ખરચાઇ ગયલા હતા તે તેઓએ માફ કરાવ્યું અને તેઓ આ તારીખ પછી પોતાની રાજીખુશીથી અસલ દસ્તુર અને લવાજમ મુજબ કરાર કરી આપયું કે જે કાંઈ કામ જીવતા તથા મરેલા સીષયોનાં પોતાની અંજુમનની રજા વગર ન કરે. અમો સરવ અંધારૂ ભગરીઆ જે કાંઇ રીતો કરીએ ને જે વીવાહ લગન આદરણીનું ભણતરનું જે લવાજમ તથા લુગડાં વાસણ વીગેરે અસલ દસ્તુર માફક લઈએ તે લાવી રજુ કરીયે અને તેમાંથી કાંઇ પણ તફાવત કરીએ નહીં વેહેંચતી વખતે અસલ દફતરના હીસાબ મુજબ જે કાંઈ તેમના હીસ્સે આવે તે લઇએ અને કોઈ પણ કારણસર આ કરારથી ફરીયે નહી ને તફાવત પણ ન કરીએ અને જો તફાવત કરીએ તો ધરમ પ્રમાણે હાકમના ગુનેહગાર થઈએ અને અમારા ધરમનો મદરેસો એટલે દરેમહેર તે સરવે અંધારૂ કોમના વડીલોની મીલકત છે તેમાં ભણવા આવીએ તો વડીલોના કહ્યા મુજબ અસલ દસ્તુર માફક અમલ કરીએ, એ બીના ઉપર આ થોડાક વાકયો સનત તરીકે લખી આપયા કે બીજી વખતે કામ આવે. તા૦ સદર."

ઉપલા લેખ ઉપર એક હિંદુ કાનુનગો નામે મોરારદાસ વલદે મેઘરાનીદાસની સાખ છે તથા ૬ મુસલમાન ગૃહસ્થોની સાખ છે. (ભગરીઆ–મીનોચેહેર હોમજીવાલા ૧૯૧૮–૧૯ ના કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૬૭–૬૮).

નોંધ—"કાનુનગો" શબ્દ ઉપરથી પારસીઓમાં "કાંગા" ઓખર પડી છે, તેનો અર્થ "કાયદા જાણનાર," "વકીલ" થાય છે.

સુરતના મીનોચેર હોમજી સાથવાલા મોબેદોએ નવસારીના ભગરીઆઓને લખી આપેલો દસ્તાવેજ.

સુરતના મનોચેર હોમજી સાથના સમસ્ત મોબેદોએ પણ નવસારીના ભગરીઆઓને નીચે પ્રમાણે સુલેહનો લેખ લખી આપ્યો હતો:—"પરથમ શેઠ શ્રી રૂસ્તમજી* નાં પુરાની હમારી અગીઆરીમાં અનોશેરવાનનાં કામમાં તમોએ રજા આપી તે મુજબ હમો ચાલીએ છે. તે વાર પછે આજદીન હમોએ અંજુમન શ્રીની (=નોસારીના પંથકના ભગરીઆ અનજુનની) રજા લઈ શેઠ રૂસ્તમજીના પરાનાં તા. વાડીફલીઆનાં તા. મલેશરનાં બેહેદીનોનાં જીનદેહ રૂવાનનો હક તમારો છે તેનીથી અમોએ અમારી રાજી રજાવંદીથી દર જીનદેહ રવાન ૧ એકે રૂ ૫) અંકે પાંચ તમોને ભરવા કબુલ કીધા છે. તેનો કરાર એ જે સાલ વ સાલીનાં જેટલા જીનદેહ રૂવાન થાએ તે તમામ જીનદેહ રૂવાનનાં તમારા હકનાં રૂપીઆ જે ઉપર લખેઆ છે તે હીસાબે જેટલા થાએ તેટલા હમો ભરીઆ કરીએ....અગર તે રૂપીઆ ભરતાં ઓજર કરીએ....તો બેહેદીનોનાં જીનદે રૂઆનોનાં કામ કરવાથી મને કરો તો હમો ઘર રહીએ. ને તે બાબત અંજુમન શ્રી સાથે હમારૂં કશી વાતે લાગે વલગે નહી. કાંએ જે હક તે તમો ભગરીઆ અનજુમનનો છે...." આ લેખ ઉપર તારીખ નથી. પણ તેની બાબત ઉપરથી તે નક્કી કરી શકાય છે. આ લેખ પર છ મોબેદીએ સહી કરી છે. (જામાસ્પજી શો. મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૪૯)

---

*શેઠ ખાનદાનવાલા રૂસ્તમ માણેકનાં નામ ઉપરથી સુરતનાં રૂસ્તમપુરાનું નામ પડયું હતું.

ગણુદેવીના પંથકને તાબેના ભગરીઆનો લેખ.

તા. ૨૯ મી એપ્રીલ ૧૭૩૨ N. S. ને દીને* ગણુદેવીના એક ભગરીઆ મોબેદ નામે ફરામ મેહેર પેસ્તનજીએ નવસારીના દેશાઈઓ તથા નવસારીની વડી દરેમેહેરના સમસ્ત અંધ્યારૂઓને એક લેખ લખી આપ્યો હતો, તેની નોંધ લેવી ઠીક થઈ પડશે. સબબ કે હવે નવસારીના ભગરીઆ મોબેદો પોતાના પંથકો માટે પાકો બલકે સખત બંદોબસ્ત કરવા મંડયા હતા. આ લેખમાં ઉપલો મોબેદ લખી આપે છે કે–"હમોને શ્રી ગણુદેવી પંથકમાં અંધીઆરૂપણું કરવાને મેલેઆ તે અમે જેમ હમેશાં તહમારૂં હોકમ લેઉં છેઉં તેમ લેજીએ ને શ્રી ગણુદેવી પંથકનાં શીઆવ તથા સરોસ તા. ગેહેસારણાં મુવાં રૂવાનનું જે છે તે સરવ તમોને નોંસારી મોકલાવું. તેમાં અમારે લાગે નહીં. તથા વેહવાને તથા ગગરનાનું તમારા હોકમ માફક કામ કરૂં. એ પંથક તમારૂં તમોએ અમોને મેલીઆ છે જે વાર તમો કોઈ વારાદારને મોકલું તે વાર હમો કાંઈ દખલ નહી કરૂં. હમે તમારા હોકમ ઉપર કાહાલ છેઉં. એ પંથક તહમારૂં તમો જે વાર કાહો તે વાર નીશરૂં એમાં કશો સખુન નહી કરૂં. અસલ હમારા વડવાઓએ લખી આપું છે તે માફક સહી. સંવત ૧૭૮૮ ના રોજ ૭ માહા ૭ વૈશાખ વદ ૬ તેરીખ ૪ જુલકદ†...." (જામાસપજી શોરાબજી મેહેરજીરાણાએ નવસારી મેહેરજીરાણા લાયબ્રેરીમાં મેળેલો હસ્ત લેખ ના. ૧ પા. ૧).

સંજાણા મોબેદોએ ભગરીઆઓને લખી આપેલો સુલેહનો લેખ.

સંવત ૧૭૮૮ રોજ ૧૮ માહ ૮ તા. ૯ મી જુન ૧૭૩૨ N. S. ને દીને નવસારીમાં શ્રી ઇરાનશાહ સાથે આવી વસેલા

---

* આવોજ એક લેખ મોબેદ માણેકજી પેસ્તન સોરાબ રાનજી કનેથી સંવત ૧૭૮૮ રોજ ૭ માહા ૨ માગશર શુદ ૨ (તા. ૧ લી ડીસેમબર ૧૭૩૧ N. S. વાર શનિ) ને દીને લખાવી લીધો હતો (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૮).

† તિથિનાં લખાણમાં કાંઇ ભૂલ છે. પારસી તથા મહમદન તારીખોની મુકાબેલ તા. ૨૯ મી એપ્રીલ ૧૭૩૨ N. S. વાર ભોમ છે.

સંજાણા મોબદોએ સમસ્ત ભગરીઆઓને પારશી પ્રકાશમાં જણાવ્યા મુજબ નીચે પ્રમાણે લેખ લખી આપ્યો હતોઃ—

"**હજાર વર્ષ** થાએઆં આપણા બુજરગોએ બેસી માંહોમાંહે સમજી જજમાંન લોકોનાં પંથક વેહેંચી લઈ એકરાર કીધો હતો જે સહુ કોઈ પોતપોતાના તાલુકામાં આવેલાં પંથકોનાં જજમાનોને ત્યાંની મરણ જીવણની ક્રિયા કરે. કોઈ કોઈના તાલુકામાં કસ્સી વાતનો અમલ કરે નહિ. કદાચ કોઈ મોબેદો બીજા તાલુકામાં આવી વશે તો તેમનાં ઘરની ક્રિયા પણ તે તાલુકાવાલાજ મોબેદો કરે, તે મોબેદોથી પોતાથી થાય નહિ. તો પણ **આજ કેટલાંક વર્ષ** થાએઆં નવસારીમાં મોબેદો તથા બેહદીનો વચ્ચે મીનાકેશો થયા પછી **અમો અમારા તથા અતરેનાં બેહદીનોનાં ઘરનું દીનઆઈનનું કામ કરતા હતા** તે આજ દીને અમો અમારી રાજીખુશીથી લખી આપીએ છેયે જે હવેથી તેમ નહિ કર્યે. અને ફકત આતશબેહરામમાં બોએજ દઈજીએ, તથા અસલી વડા વદોરાના બંદોબસ્ત મૂજબ ચાલ્યે." (પા. પ્ર. પાને ૨૯).

પારશી પ્રકાશમાં ઉપર પ્રમાણે અસલ લેખનો સાર આપ્યો છે. ખેરગામવાલા કેસના અહેવાલમાં તથા બીજે ઠેકાણે અસલ લેખ આવેલો છે. તે નીચે ઉતારીશુઃ—

"સંવત ૧૭૮૮ વરખે રોજ ૧૮ માહ ૮ તેરીખ ૧૫ માહા જુલેજ જેઠ વદ ૨ વાર શોમે સને ૧૧૪૪ હેજરી* આ. દારાબજી પાલનજી તથા આ. જમશેદજી રૂશતમજી માણેકજી તથા આ. કુકાજી મેહેરજી બમનજી તથા આ. જીવનજી માણેકજી હોમજી તથા આ. ખુરશેદજી ટેમુલજી રૂશતમજી (તથા બીજા છ મોબેદોના નામો છે) વગરે સમસ્ત ભગરીઆ અધારૂ વડી દરેમેહેરના જોગ. લા. આ. શાપુરજી બેરામજી ખુરશેદજી તથા ભીખાજી રૂસ્તમજી બેરામજી (તથા બીજા ૨૩ મોબેદોનાં નામો છે) વગેરે સમસ્ત સંજાણા અધેઆરૂં એકાજતી એકામતી જત

*૯ મી જુન ૧૭૩૨ N. S.

એક હજાર વરસ થયાં આપણા બુજરગવારો બેસી માંહોમાહે સમજી શ્રી દાદારને હાજર નાજર જાંણી જુજમાન લોકોના પંથક વાંટી લઈ એ કરાર કીધો જે એ વાંટેલા પંથક જે જેના તાલુકામાં આવીઆં તે પોતે પોતાના તાલુકામાં બાજ બરશમ ઘેહેસારણું ઈજિશને આફરંગાન શેઆવ શરોશ વંદીદાદના કામ કરે. બીજાં પંથકના અધેઆરૂ તે પંથકના અંધેઆરૂના તાલુકામાં કશી વાતનો અમલ નહીં કરે અને જે કોઈ બીજાનાં તાલુકામાં અમલ કરે. તે પોતાના ઘરમથી ફરે અને કદાચ બીજા પંથકના અંધેઆરૂ આવીને જે અંધેઆરૂના તાલુકામાં વસે તે અંધેઆરૂના ઘરનું કામ બાજ બરશમ ઈજિશને વંદીદાદ ઘેહેસારણું આશીરવાદ આફરંગાંન ભી તે પંથકનાં અંધેઆરૂ કરે બીજા પંથકના અંધેઆરૂ આવી વસે તે પોતાના ઘરનું કામ કાંઈ નહીં કરે અને અમો ચંદરોજ અંધેઆરૂ બેહેદીનનો મનાકશો થયા પછી પોતાના ઘરનું કાંમ કાંઈ જુજવી અમલ કરતા હતા તે આજ દને અમો ખુદાને હાજર નાજર જાંણીને પોતાનાં વડા વદેરાંની બંદોબસ્ત મુઆફક પોતાની ખુશ રજામંદીએ લખી આપું છું. જે કશી વાતનો અમલ બાજ બરશમ ઈજિશને વંદીદાદ શેઆવ શરોશ ઘેહેસારણું આશીરવાદ આફરંગાંન પોતાના ઘરનું તથા જુજમાન લોકોના ઘરનું અમલ નહીં કરૂં અને જો કદાચ કશી વાતે અમલ કરૂં તો દીનથી બેજાર અને સરકારનો ગુનેગાર આતશની અગીઆરીમાં પદાંન બાંધી બુએ દેઉ તે શીવાય કાંઈ બીજો અમલ નહીં કરૂં. એ લખી અમો રાજી થાઈ લખી આપીઉં એમાં કશો સુખન નહીં ફરીએ."

આ લેખ ઉપર ૨૧ મોબેદોએ સહી કરી છે તથા ૩ ગુજરાતી ગૃહસ્થોની અને ૨૭ બેહેદીનોની સાખ છે.

નોંધ—આ લેખ ઉપર સહી કરનારા ૭) મોબેદોએ તથા સાખ કરનાર ૧) બેહેદીને જણાવ્યું છે, કે અમને લખતાં આવડતું નથી. તે વેલાએ કેલવણી કેટલી પછાત હતી તેનો કાંઈક ભાસ આ લેખ ઉપરથી મળે છે. (ખેરગામ કેસનો

અહેવાલ પા. ૯૦–૯૨, તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૨૪–૨૫ તથા હસ્ત લેખ ના. ૨ પા. ૪૩, ભગરસાથ અનજુમન વિરૂદ્ધ મીનોચેહેર હોમજી સાથવાલા કેસનું ચોપાન્યું પા. ૫–૬).

સંજાણા મોબેદોએ ભગરીઆઓને ઉપલો લેખ લખી આપ્યો તે વિષે જાહેર ખાતરી પત્રક.

તા. ૯ મી જુન ૧૭૩૨ N. S. ને દીને સંજાણાઓએ જે લેખ ભગરીઆઓને લખી આપ્યો હતો તે અથવા તેના જેવોજ બીજો લેખ જે હાલમાં હયાત નથી, તે તેઓ અથવા તેઓના વંશજો પાછલથી નાકબુલ રાખે એવી ધાસ્તીથી ભગરીઆઓએ તે લેખની વાત તે વખતના તમામ જુદદીનો વગેરેની જાણમાં લાવી, તે વિષે એક જાહેર ઢંઢેરા રૂપી લેખ બનાવી લીધો હતો. આ લેખની તારીખ મળતી નથી, પણ તેની ઉપર ફારસી મોહોરો છે, તેમાંની છેલ્લી મોહર ઉપર હીજરી ૧૧૪૬, સંવત ૧૭૯૦ (ઈ. સ. ૧૭૩૪) નું સાલ છે. આ લેખ નીચે પ્રમાણે છેઃ—

"સુઆલ કરે છે અને શાહેદી માંગેછે અંધીઆરૂ કુકા મેહેરજી તથા અંધીઆરૂ ફરાંમરજ દારાબ તથા અધીઆરૂ જીવન માનેક તથા અંધીઆરૂ ખુરશેદ તેહેમુલ વગેરે સમસત ભગરીઆ અંધીઆરૂ કસબે નોશારીના બુજરગ શાઈઅદ તથા બુંજરગ શેખ તથા જમાંનાના શેરદાર તથા મહાજન વગેરે શ્રી સુરતના તથા નોસારીના રેહેનારાથી એ વાત પર જે કદીમ અલ અઈઆંમથી ચાલીઉ આવે છે જે કસબે મજકુર વગેરે અમારા પંથકમાં સંજાણા અંધીઆરૂ રહે છે તેઓનાં ઘરનાં મુઆં જીવતાંનાં કુલ અંધીઆરૂગરીનાં કામ અમો કરતા આવુ છઉ અને અમારા ભગરીઆ અંધીઆરૂ દમણ વગેરે સંજાણાના પંથકમાં રહે છે તેનાં ઘરનાં મુઆં જીવતાંનાં અંધીઆરૂગરીનાં કામ સંજાણા અંધીઆરૂ કરતા આવે છે. મગર થોડાં એક વરસ થેઆં ફતુરની પરાગંદીને સબબે તથા અમારાં લખાં ખોવાયાંતાં

તેને સબબે કેટલાએક સંજાણા અંધીઆરૂએ જોર તથા તાદી કરી પોતાનાં ઘરનાં કામ પોતે કીધાં તે વાર પછી અમારાં લખાં કાજી તથા આંમેલની મોહોર સાથે તથા સંજાણા અંધીઆરૂનાં મતાં તથા સુરતના પારસી જમાઅતની શાહેદી સાથે હતાં તે ફતુરમાં ગુમ થેઆં હતાં તે અમારે હાથ આવેઆં તે લખાં સંજાણા અંધીઆરૂને દેખાડેઆં તે લખાં સંજાણા અંધીઆરૂએ કબુલ કરી પોતાની રાજીએ ફરી નવેસરથી લખું ૧ કાજી શ્રીની મોહોર સાથે અને પોતાની જમાએતનાં મતાં સાથે અને કસબે મજકુરના પારસી મહાજન વગેરેની સાહેદી સાથે આગલાં લખાં મુઆફક અને કદીમ રશમ મુઆફેક લખી આપેઉ છે તે તથા આગલાં લખાં અમો હાથમાં રાખુ છઉ હવે ઉમેદવાર છઉ જે તે લખાં અનસાફની નજરે જોઇને અમારી રાસતીપર ખુદાને વાસતે એ શુઆલ નામાંપર સાહેદી કરે જે તેનો બદલો બેહુ જેહાંનમાં પામે."

ઉપલા દસ્તાવેજ ઉપર ૭૯ મોહોર તથા છાપ છે. પહેલાં ફારસીમાં ઉપલીજ મતલબનું લખાંણ છે, અને તેની નીચે ઉપર પ્રમાણે ગુજરાતીમાં લખાણ છે. (ખેરગામ કેસનો અહેવાલ પા. ૮૬–૮૯, ફરેદુન રતનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૬૩–૬૪).

નોંધ—આજ લેખ જુદી એબારતમાં ભગરીઆ–મીનોચેહેર હોમજીવાલા શને ૧૯૧૮–૧૯ ના ના. ૧૩૨ વાલા કેસનાં ચોપાન્યાનાં ૧૭ માં પાનાં ઉપર છે. તેને **મથાળે** કાજી ઇમાદુદ્દીન ઉસમાનીનો સીકકો છે, તેમાં હીજરી સને ૧૧૪૨ (યાને ઈ. સ. ૧૭૨૯–૩૦) છે.* આ ચોપાન્યામાં આ લેખને **તારીખ વિનાનો** જણાવ્યો છે, અને તેના ઉપર ૪૯ સીકકાઓ છે તથા ૧૯ મહમદન ગૃહસ્થોની સહી છે, તથા એક હિંદુ મોરારદાસ વલદે સુંદરદાશ કાનુનગો કસબે મજકુરની સહી છે.

---

*મથાળાં ઉપરની આ છાપ પરથી દીશે છે, કે આ સ્ટાંપવાલું કાગજ બનાવવામાં આવ્યું તેનો સને છે. લેખ તો ત્રણ વર્ષ બાદ લખવામાં આવ્યો હતો.

સંજાણાઓએ ક્રિયાકામ ન કરવાનો ભગરીઆઓને આપેલો લેખ.

તા. ૧૫ મોહોરમ સને ૧૧૪૫ હીજરી (તા. ૮ મી જુલાઈ ૧૭૩૨)ને સંજાણા મોબેદોએ ભગરીઆઓને લખી આપ્યું કે ભગરીઆના પંથકમાં પોતાનાં ઘરનું તથા બેહેદીનોનું ક્રિયાકામ તેઓ કરશે નહિ. આ લખત નીચે પ્રમાણે હતું:—

"નાયબ કાજી અતીકુલ્લાની મોહોરવાળું તા. ૧૫ મોહોરમ સને ૧૧૪૫ હીજરીવાળું કરાર બદલ.

આ દસ્તાવેજ લખવાની મતલબ એ છે કે અમો શાપુર વલદે બહેરામ બીન ખુરશેદ તથા ભીખા વલદે રૂસ્તમ બીન બહેરામ મજકુર (અત્રે બીજા ૨૦ મોબેદોનાં નામો છે) વગેરે સમસ્ત અંધયારૂઓ સંજાણા આ વાત ઉપર ઈકરાર કરીએ છીએ કે હજાર વર્ષની મુદત થઈ કે અમારા વડીલો દોરાબ વલદે પાલણ બીન ફરીદુન તથા જમશેદ વલદે રૂસ્તમ બીન માણક તથા કુકા વલદે મહેરજી બીન બહમન તથા જીવણ વલદે માણક બીન હોમજી તથા ખુરશેદ વલદે તેમુર બીન રૂસ્તમ (તથા બીજા ૬ મોબેદોનાં નામો છે, તેમાં જામાસ આશાનું પણ નામ છે) વગેરે સરવે અધ્યારૂ ઉર્ફે ભગરીઆ હજાર વર્ષની મુદત થઈ કે અમારા વડીલો તથા દારાબ વગેરે ભગરીઆના વડીલો બેશી એકબીજાની રાજી ખુશીથી ખુદાને હાજરનાજર જાણી શિષ્યો (=બેહેદીનો)નાં ઘરોની વહેંચલ કરી લેઈ કરારનામું કર્યું કે શિષ્યોનાં ઘરો પોતાના તાલુકામાં આવેલાં તે પોતાનાં તાલુકામાં બાઝ બરસમ ગાંહા. (=ગાહસારણું?) મરેલાંઓની ક્રિયા તથા જીવતાંઓની ક્રિયા જેમ કે નીકાહ વીવાહ અને બીજી પારસીઓની રૂઢી એ તાલુકાના અંધ્યારૂઓ કરે અને બીજા તાલુકાના અંધ્યારૂઓ ન કરે અને જે અંધ્યારૂ બીજા અંધ્યારૂઓના તાલુકામાં અમલ કરશે તે પોતાના ઘરમથી બેજાર થશે. અને બીજા અંધ્યારૂઓ બીજા તાલુકામાં આવી વહીવટ કરે છે તો તે અંધ્યારૂના કારોબાર મરણ અને હયાતીના કાર્યો જેમ કે બાજ

નીકાહ વગેરે અને સર્વ અધ્યારૂની રસમો એ તાલુકાના અંધ્યારૂ કરે ને અંધ્યારૂઓ બીજા તાલુકાના આવી વસ્યા છે તે પણ પોતાના કારોબાર પોતે ન કરે તથા શિષ્યોના કારોબાર પણ ન કરે. અમારે થોડા દીવસ થયાં પારસીઓ અને અંધ્યારૂઓની તકરારથી તેમના સીવાય પોતપોતાનું ઘરનું કામ કરે છે એવા વખતમાં ખુદાને હાજર નાજર જાણી પોતાના વડીલો માફક પોતાની રાજી ખુશીથી લખી આપીએ છીએ કે આ તારીખ પછી પોતાનાં ઘરનું પોતે તથા શિષ્યોના ઘરનો કારોબાર કોઈપણ કારણથી જીવતાંઓનાં કાર્યો અથવા મરેલાંઓની ક્રિયા જેમ કે બાજ બરસમ નીકાહ વગેરે જે કાંઈ પોતાના ધરમની રસમો ન કરીએ. અને જો કદાચ કોઈ અમારામાંથી કોઈપણ કારણે નાનાથી લઈ તે મોટા સુધી એ અમલ કરે તો પોતાના ધરમથી બેજાર એ સરકારના ગુનેહગાર થાય. અગીઆરીમાં (=આતશ બેહેરામમાં) પોતાનું અસલ મુજબ કામ કરીશું. તે સીવાય બીજું કાંઈ અમલ કરીશું નહીં. એ બાબત ઉપર કેટલાએક વાકયો પોતાની રાજી ખુશીથી સનદ તરીકે લખી આપ્યા કે બીજી વખતે કામ આવે. તારીખ સદર (ભગરીઆ–મીનોચેહેર હોમજીવાલા ના. ૧૩૨ વાલા કેસનું ચોપાન્યું પા. ૮–૯).

સંજાણા મોબેદોના ઘરનું ક્રિયાકામ કરવા ભગરીઆઓને હક છે તે વિષે બીજું જાહેર ખાત્રી પત્રક.

આપણે ઉપર આપેલા ઢંઢેરા પ્રમાણે બીજો એક ઢંઢેરો તેજ શબ્દોમાં રચાયલો વગર તારીખનો નીચે પ્રમાણે હતો. પરંતુ તે ઉપલા ઢંઢેરાની તારીખનો યાને ઈ. સ. ૧૭૩૪ ના શુમારનોજ હતો, તે તેની એબારત વગેરે ઉપરથી દીશે છે:—

"સુઆલ કરે છે અને સાહેદી માગે છે અધારૂ કુકા મેહેરજી તથા અધારૂ ફરામરજ દારાબ તથા અધારૂ જીવણ માણેક તથા અધારૂ ખુરશેદ તેહમુલ વીગેરે સમસ્ત ભગરીઆ

અંધ્યારૂ કસ્બે નવસારીના બુજરગ સઈયદ તથા બુજરગ સેખ તથા જમાનાના સેરદાર તથા માહાજન વીગેરે શ્રી સુરતના તથા નવસારી રેહનારાથી એ વાતપર જે કદીમ અલ અઈઆમથી ચાલીયું આવે છે જે કસ્બે મજકુર વીગેરે અમારા પંથકમાં સંજાણા અધયારૂ રહે છે તેહોના ઘરના મુવા જીવતાનું કુલ અધારૂંગીરીના કામ અમો કરતા આવુ છઉ અને અમારા ભગરીઆ અધયારૂ દમણ વગેરે સંજાણાના પંથકમાં રહે છે તેના ઘરના મુવા જીવતાનાં અધારૂંગીરીના કામ સંજાણાં અધયારૂ કરતા આવ્યા છે મગર થોડાહેક વરસ થીઆ રની પરાગંદીને સબબે તથા અમારાં લખાં ખોવાઆતાં તેનેહે સબબે કહેવા એક સંજાણા અધયારૂ જોર અને તાડી કરી પોતાના ઘરના કામ પોતે કીધા તે વાર પછી અમારાં લખાં કાઝી તથા આમેલની મોહોર સાથે તથા સંજાણા અંધ્યારૂનાં મતાં તથા સુરતના પારસી જઅમાઅતની સાહેદી સાથે હતાં તે ફતુરમાં ગુમ થએલાં હતાં તે અમારે હાથ આવેઆ તે લખાં સંજાણા અંધયારૂને દેખાડીઆ તે સંજાણા અધયારૂએ કબુલ કરી પોતાની રાજીએ કરી નવેસરથી લખું ૧ કાઝી શ્રીની મોહોર સાથે અને પોતાની જમાએતના મતા સાથે અને કસબે મજકુરના પારસી મહાજન વગેરેની સાહેદી સાથે આગલા લખા મુઆફક અને કદીમ રસમ મુઆફક લખી આપીયું છે તે તથા આગલા લખા હમો હાથમાં રાખું છઉ હવે ઉમેદવાર છઉ જે એ લખા અનસાફની નજરે જોઈને અમારી રાસ્તી પર ખુદાને વાસ્તે હે સુઆળનામાપર સાહેદી કરે જે તેનો બદલો બેહે જેહાનમાં પામે."

આ લેખ ઉપર ૪૯ હિંદુ ગૃહસ્થો. તથા ૨૫ પારસીઓની સહી છે. પારસીઓમાં પટેલ દાદા બેરામજી તથા આ. શેહેરીઆર ફરેદુનજી (શાપુર સામરા સંજાણાના બાપ) તથા આ વીકજી અરદવાનજી સંજાણા વગેરેની સહી છે. (ભગરીઆ મીનોચેહેર હોમજીવાલા સને ૧૯૧૮-૧૯ ના કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૨૦-૨૨).

ભગર અનજુમનની રજા વગર કોઈપણ ભગરીઆ મોબેદે ક્રિયાકામ કરવું નહિ એવો ઠરાવ.

ભગરીઆ મોબેદોની અનજુમન હવે વધુ ને વધુ સખત ઠરાવો કરવા લાગી હતી. તા. ૨૬ મી અકટોબર ૧૭૩૨ N. S. ને દીને નવસારીના ભગરસાથ તથા મનોચેહેર હોમજીવાલા મોબેદોની અનજુમને જુદાં જુદાં પંથકોમાં મોકલવામાં આવતા મોબેદોના સંબંધમાં તથા આલાત મોકલવા સંબંધમાં તથા બીજી કેટલીક બાબતોના સંબંધમાં બંદોબસ્ત કરી તેનો લેખ પોતપોતામાં કરી લીધો હતો. આ લેખ ઉપર ભગરીઆઓ ઉપરાંત મીનોચેહેરહોમજી સાથ વાલાઓએ પણ સહી કરી હતી. તે લેખ નીચે પ્રમણે હતો :—

"સંવત ૧૭૮૯ વરખે રોજ ૧ માહ ૧ કારતક શુદ ૭ વાર રવેઉ તારીખ ૫ માહા જુમાદળ અવલ સને ૧૧૪૫ હીજરી.* આજદીને શ્રી કશબે નોશારીમાં પંથક પંખેડીના અંધારૂ અંજુમન સમસત જત આપણા સમસત અંજુમન અધારૂ એતેફાક થાઇને લખેઉ કીધું અસલ આપણાં વડાં વદેરાંની રાહા માફેક તથા વડાં વદેરાંનાં લખીઆં માફક જે આપણું પંથક શ્રી કશબે નોશારીના મોહોલા બેહુ મોહલો ૧ મોતો બેહેદીનનો તથા મોહલો ૧ મલેસર ફલીઆનો બેહેદીનનો આપણાં જુજમાન લોક તથા આપણા જુજમાન બેહેદીન સુરત શેહેરમાં રહે છે તે તથા ગણદેવી તથા બીલી તથા કેશલીપાટી વગેરે ગામમાં તા. પરગણામાં વલસાદ તથા મેહધર તથા કરાડી તથા મહુઆ તથા શેઓદપુણી તથા આંમલી તથા તવડી તથા મરોલી વગેરે એ ગામમાં પારસી બેહેદીન આપણાં જુજમાન લોક રેહે છે તે તથા એ પરગણામાં બીજે ઠાંમ રેહે તે તથા શ્રી વસઈ

---

*તા. ૨૬ મી અકટોબર ૧૭૩૨ N. S. હિંદુ તિથિ તથા વારની મુકાબેલ આવે છે. પણ પારશી રોજ. એક દિવસ આગળ પડે છે તથા મહમદન તારીખ બે દિવસ આગળ પડે છે. પારસી પ્રકાશમાં ઇંગ્રેજી સનેમાં ભૂલ દીશે છે.

તથા થાણા તથા મુંબઈ તથા કલાંણી ભીમરડી તથા ચેઓલ તથા દીવ વગેરે એ પંથકનાં ગામમાં તા. એ મુલકમાં આપણાં જુજમાંન બેહેદીન લોક રહે છે તે અસલ આપણાં વડાં વદેરાંથી આપણાં જુજમાન લોક છે તા. વાંસદા તા. ખડકા તા. વેઆરે પાળનાં ગામમાં આપણાં જુજમાન બેહેદીન લોક રેહે છે તે તા. હવડાં પછે રેહે તે આપણાં શ્રી અનજુમનનાં જુજમાંન બેહેદીન કાનું કદીમ વડાંથી આપણાં જુજમાન છે તે જુજમાન લોકનાં કામને કાજે આપણે અંધારૂ કોઈ શ્રી અંજુમન અંધારૂની રજા વગર જઇ બાજ બરશનમ વગેરેનું કામ નહી કરે ને શ્રી અંજુમન અંધારૂની રજા બગર જાએ નહી અને શ્રી અંજુમન અધારૂની રજા વગર કોઈ અધારૂ ખુદી કરી જાઇ બાજ બરશનમ વગેરે વેવા તથા ઘઘરણાં તા. શેઆવ શરોશ તથા આફરંગાંન વગેરેનું કામ કરે તે શ્રી શરેતોરેનો ગુનેગાર તા. શ્રી અંજુમનનો ગુનેગાર ગુનેગારી રૂ ૨૫૧) અંકે અઢીસો ને એક ગુનેગારી ભરે તથા જે કોઈ અધારૂને શ્રી અંજુમન હોકમ આપી જુજમાન બેહેદીનનાં કામને મોકલે વેહવા વાજન તા. ઘઘરણાં તથા શેઆવ શરોશ તા. ઘેહસારણાં. તા. આફરંગાંન વગેરેને કાજ મોકલે તે જાએ તે જુજમાન લોકનું કામ કરે ને જે કોઈ અધારૂને મોકલે તે જુજમાનનાં કાંમને તે શ્રી નોશારીની દરેમેહેરમાંથી આલાદ જે જોઇએ તે લેઈ. જાએ ને કાંમ કરે જેમ અસલ આપણાં વડાં વદેરાંની રાહ છે તે રાહાં માફક કામ કરે તે કદાચ કોઈ શ્રી દરેમેહેરમાંથી આલાદ બગર હોકમે લઈ જાએ ઈઆ કોઈ શ્રી દરેમેહેરમાંથી આલાદ શ્રી અંજુમનના વગર હોકમે આપે તે શ્રી શરેતોરેનો તથા શ્રી અંજુમનનો ગુનેગાર. ગુનેગારી ઉપર લખી છે તે ભરે શહી એ લખેઉ આપણ સમસત અંજુમન શ્રી એતેફાક થાઈ આપણાં વડાં વદેરાંનાં લખીઆ માફક તા. વડાં વદેરાંની રહા માફક કીધું જે આપણાં પંથક કશબે નોશારી વગેરે પંથક પંખેડીના જુજમાન બેહેદીન અસલથી આપણા જુજમાન છે તેના વેવા તા. ઘઘરણાં તા. શેઆવ શરોશ વગેરેનાં કાંમ ને કાજ અંજુમન શ્રીની રજા

વગર જાએ તે ગુનેગાર એ લખેઉ સરવે એતેફાક થાઈ કીધુ સહી ને સુબેદારજીએ સુનગડ નવો વસાવો છે તા. નવાપરા વગેરે આપણા પંથકમાં જુજમાંન લોક વસે તેનાં કામને ભગરની કદીમ અગીઆરીનો અધારૂ જાએ તે તેજ અગીઆરીની આલાદ વાપરે સહી."

આ લેખ ઉપર ૩૨ મોબેદો (ભગરીઆ તથા મીનોચેર હોમવાલાઓ) ની સહી છે. તથા ૧૪ મોબેદો (તેમાં કેટલાક સંજાણા મોબેદો) નીં તથા ૮ બેહેદીનોની સાખ છે. (ખેરગામ કેસનો અહેવાલ પાને ૪૮ તથા ૯૩-૯૫, પારશી પ્રકાશ પા. ૮૫૧, ફરદુનજી કાંગાકૃત ભગર સાથ અનજુમનની તવારીખ પા. ૪૮-૫૦, તથા જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૧૭-૧૮ જ્યાં સેહેજ ફેરફાર છે).

બંને દેશાઈ ખાનદાનને સુરતના પંથકની રાસ વંશપરંપરા ખાવાનો હક.

જ્યારે સુરતના પંથક બાબત નવસારીની તથા સુરતની અનજુમનોમાં ભાંજગડ ઉઠી હતી ત્યારે પોલીઆ દેશાઈજીઓ તથા દેશાઈજી ખુરશેદજીએ જે મેહેનત કીધી હતી, તેની પીછાનમાં અનજુમને તેઓને સુરતના પંથકની રાસ વંશપરંપરા ખાવાને આપી હતીં તે તેઓએ સંવત ૧૮૮૫ (ઈ. સ. ૧૮૨૯) સુધી લીધી હતી. તે બાબતનો દસ્તાવેજ નીચે પ્રમાણે હતોઃ—

"સંવત ૧૭૮૯ ના વરખે રોજ ૧ માહ ૧ કારતક શુદ ૭ વાર રવેઉ તેરીખ ૫ માહ જમાદલ અવલ સને ૧૧૪૫ હીજરી. (તા. ૨૬ મી અકટોબર ૧૭૩૨ N. S) દેશાઈ કુકાજી મેહેરજી બમનજી* તથા દેશાઈ જીવણજી માણેકજી હોમજીભાઇ* તથા દેશાઈ ખુરશેદજી તેમુલજી રૂસ્તમજી જોગ લા. કસ્બે નોશારી પંથકના અંધારૂ અનજુમન સમસ્ત જત અમો અનજુમન સરવે રાજી રજાવન થઇને તમને લખી આપું જે કસ્બે નોશારી

---

*પોલીઆ દેશાઇ.

પંથકના બેહેદીન આપણા જુજમાન કેટલાએક શ્રી સુરત જાઇ રહા છે. તે બેહેદીન લોક અસલથી આપણા જુજમાન છે. તેના અધારૂપણાનો હક વેહવા વાજન તથા ગગરના તથા સીઆવ સરોશ વગેરેનું જે કંઈ આવે તે તમને તમારાં ફરજંદાંન ફરજંદ ખુદખાસ્તો કરી આપો. તે જે કંઈ અંધારૂપણું સુરતમાં આપણા કસ્બે નોસારી પંથકના બેહદીન લોક આપણા જુજમાન છે તેનું આવે તે તમે ખાઓ તે સાથે અમારૂં તથા અમારા ફરજંનદાનનો દર દખલ નહીં ને તમો હરસાલ વરસો વરસ વરસ ૧ એકના રૂ ૧૦૦ અંકે સવાદશ રૂપેઆ શ્રી દરેમેહેર શ્રી નોસારીનીમાં ખરચને આપો. ને બાકી જે આવે તે તમો ખાઓ સહી. તથા શ્રી સુરતમાં આપણા બેહેદીન જુજમાન લોકના કામને કાજ જે અધારૂ મોકલો તે અનજુમનની રજા લઈ જાએ. ને શ્રી નોસારીની દરેમેહેરની આલાદ જે જોઇએ તે લઈ જઈ કામ કરે ને કદાસ કોઈ તમારે તથા અનજમનને વગર હોકમે સુરતમાં આપણા બેહેદીન જુજમાન લોકનું કામ કરે તે શ્રી અનજુમનનું તા. દીવાનનો ગુનેહગાર સહી અસલ કાંનું કદીમ આપણા વડા વડેરાની રાહ છે તે રાહ માફેક કામ કરે. એ લખેઉં અમો અમારી રાજી રજાવંદીએ તમને ખુદ ખાસ્તો તમારા ફરજનદાન ફરજંદને ચંદરકાળ આપો એ વાતમાં કાંઈ કલકાવલ નહીં. તમોને એ સુરતમાં બેહેદીન આપણા જુજમાન લોક રહે છે તેનું અધારૂપણાનુ કામ વડચારીમાં ચંદરકાલ આપું સહી. તથા અંસલ સુરતમાં અંધારૂ આપણાં વડાંએ અહીંથી મોકલા છે તે વાર તે ઉપર લવાજમ મુકરર કીધી છે. તે લવાજમ સુરતના અધારૂ ઉપર મુકરર છે તે લવાજમ સરવે અમારી અંનજુમનની રાસની તે સાથે તમારૂં દખલ નહીં એ લખું સહી." આ લખત ઉપર એ. દારાબ પાહલનજી, એ. જમશેદ રૂસ્તમજી તથા બીજા ૨૭ જણાઓની સહીઓ છે (રૂશતમજી જાં. દસ્તુરકૃત કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ બીજો પા. ૮૦–૮૧, ભગરીઆ મીનોચેરહોમજી કેસનું ચોપાન્યું પા. ૧૩, ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અંનજુમનની તવારીખ પા. ૪૧).

ભગરીઆઓએ કાજીની અદાલતમાં જઇ દેશાઇઓની તરફેણમાં કરેલા કરારનું કબુલ રાખવું.

ઉપલીજ તારીખને દીને યાને તા૦ ૫ જમાદીલ અવલ શને ૧૧૪૫ ને દીને ભગરીઆ મોબેદોએ કાજીને ત્યાં જઇ દેશાઇઓની તરફેણમાં કરેલો કરાર કબુલ રાખ્યો, તેનો લેખ "નાયબ કાજી અતી પુલ્લાની મોહોર ખાદમે શરઅ રસુલીલ્લાહ" આ પ્રમાણેના સીકકા સાથનો નીચે પ્રમાણે છેઃ—

"આ દસ્તાવેજ લખવાનું કારણ એ છે કે અમો સૌ અંધ્યારૂઓ કસ્બે નવશારીના આ વાતનો ધરમ મુજબ ઇકિરાર કરીએ છીએ. કસ્બે નવસારીની પારસી જમાતના બહેદીન કેટલાએક અમારામાંથી સુરત જઈ વસેલા છે તેના લવાજમ દસ્તુર વાજબી શુભ કાર્યો વગેરેની તમામ રૂઢીઓ તથા જામાં વગેરે કુલ મરણ ક્રિયાઓ તેમના જુમ્મે અસલ કદીમથી ઠરેલી છે તેના લવાજમો તથા દસ્તુર ખુદ અમારી રાજી ખુશીથી ખરચ બાબત. કુકાજી વલદે મહેરજી બીન બમનજી તથા જીવણ વલદે માણકજી બીન હોમજી તથા ખુરશેદ વલદે તેમુરજી બીન રૂસ્તમજી જ્ઞાતે અંધ્યારૂ પંથકી કસ્બે મચકુરના મીલકતના વારસ તરીકે છે તે એવી સરતે કે રોકડા રૂા. ૧૦૦ (સવા દશ) દર સાલ તરફદારો મજકુરો દરમેહેરમાં તજ ખરચમાં આપતા રહે અને દરેક અંધ્યારૂને કે જે બંદર મજકુરમાં સદરહુ તરફદારો પોતાના તરફથી તજની (?) રીતો અદા કરવા અધ્યારૂગીરી મોકલે અને મચકુર કસ્બાના સર્વે અંધ્યારૂ જમાતની પરવાનગી લઈને જાય અને અસલ કદીમ કાયદા માફક જઈ અમલ કરે અગર વગર રજાએ જસે ગુનેહગાર ને કસુરવાન થશે ને જે વખતથી બંદર મજકુરના અંધ્યારૂઓને સદર કસ્બાથી તે જગાએ મુકરર કરેલા છે તે લવાજમોમાં કસ્બે મજકુરને સર્વે અંધ્યારૂ કોમ મજકુરના તરફદારોનો તેમાં કાંઈ દાવો નથી. એ બીના ઉપર કેટલીએક વાતો લખી આપી કે બીજી વખતે કામ આવે તા. ૫ જમાદીલ અવલ ૧૧૪૫ સને હીજરી."

આ લેખ ઉપર ૨૦ મહુમદન ગૃહસ્થોની સાખ છે. (ભગરીઆ–મીનોચેહેર હોમજીવાલા કેસ ના. ૧૩૨ સને ૧૯૧૮–૧૯ નું ચોપાન્યું પા. ૧૫–૧૬).

ક્રિયા કામોનાં લવાજમ વગેરે સંબંધી મહુવાના બેહેદીનોએ ભગરીઆઓને લખી આપેલો લેખ.

આપણે જોયું કે પંથકોના સંબંધમાં પાકા બંદોબસ્ત કરવા નવસારીના ભગરીઆ મોબેદો મંડયા હતા, અને બેહેદીનો કનેથી પણ લખતો લખાવી લેતા હતા. દબાણ કે સમજાવટને શરણ થઈ મહુવાના બેહેદીનોએ રોજ ૫ માહ ૬, ૧૧૦૨ યજદજરદી તા. ૨૮ મી મારચ ૧૭૩૩ N. S.ને દીને નવસારીના દેશાઈ ખુરશેદજી ટેહમુલજી તથા સમસ્ત અંજુમનને એક લેખ કરી આપ્યો જે હમારે ત્યાં શ્રી મહુવા મધે બાજ બરસમ વગેરેનાં કામને કાજે મોબેદ તમો મોકલો તેને હમો લઈ જઈ રાખીએ તથા તેનાં વરસાણના રૂ. ૨૧) દર વર્ષો વર્ષ ચાલુ તમોને આપીએ તથા તે મોબેદને પોતાને લવાજમો નીચે પ્રમાણે આપીએ. (અત્રે જુદીજુદી ક્રિયાઓનાં લવાજમો આપ્યાં છે). (પા. પ્ર. પાને ૨૯–૩૦).

સુરતવાલા શેઠ નાનાભાઈ ભીમજી મોદીએ દેશાઇજી ખુરશેદજી ઉપર લખેલો કાગળ.

ઈ. સ. ૧૭૨૨ તથા ૧૭૨૪ ના પરવાનાઓની રૂહે સુરતના અંધ્યારૂઓએ ચોકકસ લવાજમ તથા સીઆવ જે નવસારીની ભગરીઆ અનજુમન ઉપર મોકલવા જોઈતા હતા તે નહિ મોકલ્યા તે બાબે દેશાઈ ખુરશેદજીએ સુરતવાલા શેઠ નાનાભાઇ ભીમજી મોદીને† કાગલ લખ્યું હતું કે તેઓને સમજાવીને ઘટતું કરાવવું. સુરતી અંધ્યારૂઓએ શેઠ નાનાભાઈની સલાહ

---

† એઓ ઈ. સ. ૧૬૮૭ માં કેદ પકડાયલા ભગરીઆઓને છોડાવનાર મોદી કુંવરજી નાનાભાઈ પુંજીઆના પૌત્ર હતા.

પ્રમાણે ચાલી સેતાન ડાબો કીધો હતો, તે વિષે તથા નવસારીના મોબેદ બેરાહ ચાલનાર લોકો સાથે મલી જઈ કામ બગાડે છે તે વિષે શેઠ નાનાભાઈએ સંવત ૧૭૮૯ ના અખાડ શુદ ૪ *ને દીને દેશાઇજી ઉપર નીચે પ્રમાણે પત્ર લખ્યો હતો:—

"....તમારો કાગળ ૧ ભાઈ રૂસ્તમજી સાથે આવો પોહોંતો છે. તેમાં અંધીઆરૂ સંબંધી જવાબ સવાલ લખા હતા, જે તમુ સુરતનાં અંધીઆરૂને બોલાવીને હમારા રૂ ૭૦૦ તથા સીઆવ રૂસ્તમપરા બાબે તેનાંએ લીધા છે તેનું તેનાને સમજાવીને પાછા અપાવો. અને કદાચ તમારા સમજાવા નહી સમજે તો તમો ભાઈ રૂસ્તમજીને તેવા સાફ જવાબ દેજો. પછી હમારે જે કરવું હશે તે રીતે કરીને લેશું. એ રીતે તમારા લખવામાં આવા. પણ હમો તો એમ જાણું જે તમો બંને જણાને એતેફાક રહે તો ઘણું સારૂં છે. પણ કેટલાએક હમારા બેહેદીન સામા ઘણા તમાસો જોવા ઉમેદવાર હતા જે બંને જણા વઢે ને રૂ. ૨૦૦) તથા ૪૦૦) બેસે ને આપણે તમાસો જોઇએ. એ રીતેનાં ઉમેદવાર હતા. ને શેતાનનાં કામ પણ કરતા હતા. પણ આખરે ખુદાએ તે કેમ સેતાનનાં કામ ખુશ આવે. પછે તો હમો સઘલા અંધીઆરૂઓને તેડાવી ઘરમાં બેસાડી કુઈને બીજાને પાસે તેડાવી હમુએ એખલા જે તેહને સમજાવીને બોલાવી ફરીને ઘણું કહ્યું જે એ વાતથી તમો ગુજરો, ને નાપાક સેતાનને ઉઘો નાંખો. ને વરવાર કોતા કરો. ઘણા ખરા તમારા બંનેના તમાશા જોવાના ઉમેદવાર છે અને હમો તમાસો જોવાના ઉમેદવાર નથી. માટે જો તમુને ઘણો ઘોસો લગાડીને કહીએ છીએ. વાસ્તે તમો એ વાતે હમારી કબુલ કરો. ત્યાર પછે જોરોજાર વલી ૧ શીઆવ હતાં તે પાછા આપ્યા છે. ને રૂ ૭૦૦ એનાંએ હમારી પાસ આપ્યા છે. તે શેતાન ભાંજા છે. પણ સુરતનાં મેલી દઇને બીજા સાથે જાએ છે તે વારે તે કજીઓ આવે છે. તે વારે હમો સુરતનાં અંધીઆરૂને મને કરીઆ છે. એવા લોકો

---

*આની મુકાબેલ ઇંગ્રેજી તારીખ વિષે નીચે જોવો.

બેરાહ ચાલનારનાં તમુ આશીરવાદ દેતા નાં. તે વારે સુરતનાં અંધીઆરૂ તેના આશીરવાદ દેતા નથી તે વારે તે બેરાહનાં ચાલનાર છે તે રૂસ્તમ પોરે તથા બીજે જગા જઈને નૌસારીનાં અંધીઆરૂને મલીને બે રૂપીઆ વધતા આપવા કરીને તે પાસે આશીરવાદ દેવા દઈને કામ ચલાવે છે. એ રીતે લોક બેરાહનાં ચાલે છે. વાસ્તે તમે તમારા અંધીઆરૂને મને કરજો. જે કોઈ બેરાહ ચાલે તેનાં આસીરવાદ હરજનો દેતા નો. અને કદાચ હવે પછી વગર પુછવે આશીરવાદ દેશો તો સજાને પહોંચશો. એ રીતે જરૂર તેનાને મને કરજો. ઘણું શું લખું. સંવત ૧૭૮૯ નાં અખાડ શુદ ૪ ભોમે."* (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૭).

ભગરીઆઓને લગતું ગણુદેવીનું પંથક.

તા. ૨૫ મી નવેમબર ૧૭૩૩ N. S. ને દીને નવસારીના સમસ્ત ભગરીઆને ગણુદેવીના મોબેદોએ એક લેખ લખી આપ્યો હતો તેમાં તેઓએ કબુલ કીધું હતું કે :—

"હમે તમારી વતી અંધીઆરૂમાં કદીમ છેઉં તે લવાજમ અસલથી લેજીએચ તેની વીગત.

વહેવા અવલ રૂ. ૪ તથા ૫ દો. ૩ મે રૂ. નરશે ૧॥ ૨) પૈસા તથા નાદરનું નથી બી લેતા. ગગરનાનું રૂ. ૪ તા. ૫ તથા ૩ તથા નથી બી લેતા. સરોશ રૂ. ૦॥ ગેહુસારણું રૂ. ૦॥। આફરગાન પૈસા બે ૨). સેઆવ ચોથાનો જેવો આપો તેવો. વાસણુ પામે તેવા આપે. આ. દારાબજી દાદાભાઈએ લખ્યું છે

---

*શેઠ મનચેરજી પે. ખરેઘાટની ગણુત્રી પ્રમાણે સંવત ૧૭૮૯ ના પેહેલા અખાડ શુદ ૪ ની મુકાબેલ સોમવાર તા. ૧૫ મી જુન ૧૭૩૩ N. S. પડી હતી તથા બીજા અખાડ શુદ ૪ ની મુકાબેલ બુધવાર તા. ૧૫ મી જુલાઈ ૧૭૩૩ N. S. હતી. રતનજી વાછાની પંચાંગ પોથી ઉપરથી પણ એજ માલૂમ પડે છે.

સહી સવત ૧૭૯૦ રોજ ૨ માહા ૨"* (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૮).

ભગરીઆઓ વગેરે સામે છેડાયલા બેહેદીનો. ક્રિયાકામો બેહેદીનોએ કીધાં.

એમ માલૂમ પડે છે કે સઘળા મોબેદોએ ક્રિયાકામોનાં લવાજમો વધારવા માંગ્યાં. આથી નવસારીના તેમજ સુરતના બેહેદીનો છેડાઈ પડયા. સંવત ૧૭૯૦ રોજ ૨૧ માહ ૨ તા. ૧૪ મી ડીસેમબર ૧૭૩૩ N. S. ને દીને નવસારીના મોટા ફલીઆ તથા મલેસર ફલીઆ, ગંદેવી, મહુવા, મરોલી, તવડી, શીઓદ-પુણી, બીલીમોરા, મેહેધર, કરારી, આમલી વગેરેના સમસ્ત બેહેદીનોએ નવસારીમાં એકઠા થઈ બંદોબસ્ત કીધો કે "વેહુવા ગગરનાં, શીઆવ વગેરેના લવાજમ બાબે સંવત ૧૭૪૨ (ઈ. સ. ૧૬૮૬) માં સર્વે બેહેદીનોએ મળી જેમ ઠેડવ્યું છે તેમ આપવું. અને જો તે બંદોબસ્તો મુજબ મોબેદો નહિ ચાલે અને જીઆદા માંગી કામ અટકાવે તો મોબેદ વના કામ ચલાવીએ. આશીરવાદ તથા ગગરનું સારવા અટકાવે તો તંદરોસ્તી પઢીને વહુ વરને ઉઠાડી ઘર લાવીએ. શીઆવ તથા બાજ અટકાવે તો લોબાંન મેલીને બાજ પોતાને ઘર ખાઇએ અને શીઆવ પેહરીએ. ઘેહસારણું અટકાવે તો સરોશ બાજ તથા નીઆએશ તથા પટેટ પઢીને રવાંનને દોખમે પોંહુચાડીએ. તથા આ. મનોચેહર હોમજીવાલી આગીઆરી જે સંવત ૧૭૪૨ (ઈ. સ. ૧૬૮૬) થી અનજુમને ઠરાવી છે તે બાહલ છે. તે અગીઆરી ઉપર સુખન લાવે તે નામંજુર છે. **એ અગીઆરી સારૂં પોતાનો જીવ જાઆમો આપીએ** ને તે બાહાલ રાખીએ" આ લેખ ઉપર ૬૦ થી વધુ બેહેદીનોની સહીછે. (પા. પ્ર૦ પાને ૮૫૨).

એમ માલૂમ પડેછે કે સુરતના બેહેદીનોએ પણ ક્રિયાકામ-નાં લવાજમો સંબંધી ઉપલાના જેવોજ ઠરાવ કર્યો હતો.

---

*૨૫ મી નવેમબર ૧૭૩૩ N. S. બુધે.

પાછળથી લવાજમ વગેરેના વાંધાઓ રજુ કરી સુરતના મોબેદો-એ ત્યાનાં બેહેદીનોનાં ક્રિયાકામો અટકાવ્યાં, તેથી કેટલાક દીનચુસ્ત બેહેદીનોએ પોતે થોડાક મહિના સુધી લોકોને ત્યાં બાજ, આફરીનગાન, ઘેહસારણું, આશીરવાદ નવજોત વગેરેની ક્રિયાઓ કરી હતી (પા. પ્ર. પાને ૮૫૨).

આ બાબતના સંબંધમાં શેઠ શો. મ. દેશાઈ તવારીખે નવસારીમાં (પા. ૧૦૪–૧૦૫ ઉપર) લખે છે કે "નવસારીના મોબેદો સુરતના બેહેદીનો ઉપર ધાસો કરવા લાગ્યાથી..... મીનોચેહેર હોમજીવાલાઓને ભગર્યાઓને વશ થઈ ચાલવું પડયું. એમ થવાથી નવસારીના બેહેદીનોએ ઠરાવ કીધો કે મોબેદો ભણે તો મુઆં તરે, ને નહીં તો અટકી રહે એમ બીલકુલ નથી. માટે મોબેદોને પડતા મુકી તંદરોસ્તી પઢીને લગન કરવાં. લોબાન મુકી બાજની ચાસની કરવી. ઘેહેસારણું અટકાવે તો શરોશબાજ પઢી પટેટ ન્યાયેશ પઢી રૂઆંનને દોખમે ચઢાવવાં. અને એવી રીતે ઘણી વાર નવસારી અને સુરતમાં થયું પણ ખરૂં. એ અરસામાં નવસારીમાં હાથેના હાથે દસ્તુરો થવા લાગ્યા. મોબેદો જરા થયું કે પોતાનો નવો ઉપરી ઉભો કરવા લાગ્યા. સુરતના મીનોચેર હોમજીવાલાઓને પણ જ્યારે ભગર્યાઓ સતાવવા લાગા ત્યારે છેવટે ઈ. સ. ૧૭૩૫ માં નવસારીના પટેલ દાદાજી બહેરામજીએ નવાબને ત્યાંથી હુકમ-નામું કરાવ્યું કે વેહવા તથા ગગરના શિવાય ભગરીઓઓ તમામ કામ મીનોચેર હોમજીવાલા પાસે કરવા દે. અને તેનાં લવાજમ પણ ઠરાવી મુકયાં."

નોંધ—બરાબર ૧૦૦ વર્ષ બાદ સુરતના બેહેદીનો ત્યાનાં મોબેદો સાથે છેડાઈ પડયા હતા, તેની નોંધ અત્રે લેવી ઘટે છે. એમ માલૂમ પડે છે કે "દસ્તુર ફરામજી અસપંદીઆરજી રબાડી નામના મીનોચેહેર હોમજી સાથવાલા દસ્તુરે ઈ. સ. ૧૮૩૨ માં પોતાની વહુ ગુજરી તેનાં રવાનને પદાન નહીં બાંધ્યું. ભગરી-આઓએ વાંધો ઉઠાવ્યો કે પદાન વગર દોખમું રીમન થાય.

માટે રવાનને દોખમે ચઢાવવા દઇએ નહીં. રવાન અટકી પડયાથી દાવર રૂસ્તમજી ખુરશેદજી મોદી તથા ખાન બાહાદુર અરદેશર કોટવાળ સરકારમાં દોડી ગયા. અને ઠરાવ કરાવી લાવ્યા કે બેહેદીનો ઉપર મોબેદી ટોળાનો કાંઈ જોરો જબરદસ્તી નથી. માટે દોખમાંનાં તાલાંની કુંચી ન આપે તો તાલું તોડી રવાંનને ઠેકાણે પાડવું. એ હુકમ પ્રમાણે થયું હતું. આથી ઉશકેરાઇને ભગરીઆઓએ બેહેદીનોનાં લગન મરણના કામ અટકાવ્યાં, અને મીનોચેહેર હોમજીના મોબેદો જો તે કામ કરે તો તેમને મારી નાંખવાની ધમકી આપી. બેહેદીનોએ ગેહ સારવાને બદલે શરોશબાજ ભણીને કામો ચલાવ્યાં. આશીરવાદ સાર્યા તથા નવજોત પણ કરી. આમ થવાથી ભગરીઆઓના દસ્તુર ખુરશેદજીએ દાવર રૂસ્તમજી ઉપર તથા રૂસ્તમપરાંના પટેલ ઉપર ફર્યાદ માંડી તેનો કેસ ત્રણ કોરટ સુધી ચાલ્યો અને સદર અદાલતે ઠરાવ કર્યો કે ભગરીઆઓને બેહેદીન સાથે તથા તેમના મોબેદ સાથે કાંઈ લાગતું વળગતું નથી. બેહદીનની નજરમાં આવે તે કરે. દોખમું તથા તેને લગતી મીલકતનું બેહેદીનની નજરમાં આવે તે કરે. દોખમું તથા તેને લગતી મીલકત બેહેદીનોની અનજુમનની છે" (શો. મ. દેશાઈ કૃત તવારીખે નવસારી પા. ૧૪૪–૧૪૫).

ક્રિયાકામો તથા લવાજમોના સંબંધમાં ભગરીઆઓ તેમજ મીનોચેહેર હોમજી સાથવાલા અને નવસારીના બેહેદીનો વચ્ચે થયલો લેખ.

લવાજમો સંબંધમાં તકરાર ઉઠયાથી બેહેદીનોએ એવો ઠરાવ કર્યો હતો, કે જો મોબેદો અગાઉ નકકી કરેલાં લવાજમો ન સ્વીકારે તો મોબેદો વગર ચલાવવું. એમ માલૂમ પડે છે કે કોઈ કારણને સબબે મામલો નવસારીના તથા આસપાસના પ્રગણાના સુબા ગંગાજીરાવ ગાયકવાડની દરબારમાં ગયો. તેમણે ૧૦ ગુજરાતી ગૃહસ્થોને બંને પક્ષની સંમતી સાથે લવાદ નેમ્યા.

તેઓનાં લવાદનામાંની રૂહે તા. ૧૯ મી જાનેવારી ૧૭૩૪ N. S. ને દીને નીચે પ્રમાણે એક અગત્યનો લેખ થયો હતો, કે જેમાં લવાજમો નકકી કરવામાં આવ્યાં હતાં :—

"સંવત ૧૭૯૦નાં વરખે પોષ શુદ ૧૫ ભોમે તેરીખ ૧૩ માહા સાબાન સને ૧૧૪૬ હીજરી રોજ ૨૭ માહા ૩* દસ્તુર જમશેદજી રૂસ્તમજી† તા. દસ્તુરજી દારાબજી પાલનજી તા. અંધીઆરૂ જામાસજી આસાજી તા. આ. કુકાજી મેરજી તા. આ. જીવણજી માણેકજી...આ. ખુરશેદજી તેહેમુલજી...તા. આ. નવરોજજી કેરશાશજી તા. આ. બચાજી નોશરવાનજી§ તા. માણકજી નવરોજજી§ તા. આ. મેહેરનોશજી દારાબજી$ વગેરે સમસ્તે ભગરીઆ અંધીઆરૂ સમસ્તે કસ્બે નવસારી જોગ. લખતંગ પટેલ દાદાજી બેહેરામજી તથા પટેલ ફરાંમજી નાહનાંભાઇ તથા તલાટી મનાંજી કુકાજી (તથા બીજા છ બેહેદીનોનાં નામો છે) વગેરે સમસ્ત બેહેદીન કસ્બે મજકુરના મોટા ફલીઆનાં તા. નાહના ફલીઆનાં જત આપણે માહોમાહાં મીનાકેશો ધરમનાં તથા પરણનાં તા. મરણનાંનો હતો તે પર રાવ શ્રી ગંગાજી ગાએકવાડ કન રજુ થએઆ. તે પર રાવશ્રીએ દેશાઈ શ્રી સુરતનાં વસી સુરજીભાઇ સુંદરજી (તથા બીજા નવ

---

* તા. ૧૯ મી જાનેવારી ૧૭૩૪ N. S. ભોમે.

નોંધ—પા. પ્ર. પા. ૩૧ ઉપર સં. ૧૭૯૧ રોજ ૬ માહા ૩ તા. ૧૮-૧-૧૭૩૫ છે તે ભૂલ દીશે છે.

† દસ્તુર જમશેદજી રૂસ્તમજી મેહેરજીરાણા તે વેળાના નવસારીના પહેલા દસ્તુર (મરણ ઇ. સ. ૧૭૬૧). દસ્તુર દારાબ પાલણ–નવસારીના બીજા દસ્તુર (મરણ ઈ. સ. ૧૭૩૫). દસ્તુર જામાસ્પ આશા–નવસારીના ત્રીજા દસ્તુર (મરણ ઇ. સ. ૧૭૫૩).

§ આ. બચાજી નોશરવાનજી કોટવાલ તથા આ. માણેકજી નવરોજી પાવડી.

$ મેહેરનોશજી દારાબજી દોરડી તે શેઠ દાદાભાઈ નવરોજી (હિંદના "દાદા") તથા નવસારીવાલા બેરામજી ખ. દોરડી તથા દાકતર જાંગીર બે. ખ. દોરડીના વડવા (જોવો પા. પ્ર. પાને ૮૫૬–૫૭).

નોંધ—આ લેખમાં બીજા મોબેદોનાં નામો પણ છે.

જુદાં જુદાં ગામના ગુજરાતી ગૃહસ્થોનાં નામો છે) મનસફ કીધાં ને આપણી પાસેથી લખાવી લીધું જે મનસબ કરે તે આપણે કબુલ. તે વાર પછે મનસફોએ બંને તરફનાં કાગલો જોઆં ને હકીકતથી વાકેફ થાઇ ને આગલા પાછલા કાગજ બંને તરફનાં રદ કીધાં ને આજ દીને નવો શેરશતો મનસફોએ બેસી ઠેરાવ્યો તે શરેસ્તા માફક ચાલીએ તેની વીગત.

અગીઆરી ૧ એક ભગરની જુની એમાં કામ કુલ ધરમનું તા. પરણનું તા. મરણનું પોતાનું તા. બેહેદીન તમારા મલતીઆ હોય તેનું કરે. અગીઆરી ૧ એક અંધીઆરૂ મનોચેરજી હોમજી વગેરેનાં મલતીઆ સાથને બેહેદીન સમસ્તે પરથી આપી છે તેમાં કામ કુલ ધરમનું તા. હરબદ થાએ તે કરે. મોહટા તા. નાહના અસલ થાતા આવીઆ છે તેમ થાએ. પોતાનાં આ. મનોચેરજી હોમજીની અગીઆરીમો થાએ જે અંધીઆરૂ એ સાથેનો ભગરની જુની અગીઆરીમે રાજીએ હેરબદ થાએ તેને હમો મુજાએમ નહી થાએ. એ અગીઆરીમાં નીરંગદીન તા. વરસીઓ પોતે કરે તા. બેહેદીનનું કામ મુઆનું સરોશ તા. ઘેહેસારણું તા. ધુપ તા. આફરગાન તા. ચાહરમ તા. સીઆવ તા. બીજું સર્વે ઇજનું બેહેદીનનાં તાલુકામાં છે તેનું કામ કરે તા. પંખેરી પંથકનાં બેહેદીન તવડી તા. આમલી તા. મરોલી તા. મેધર તા. કરાડીનાં એ અગીઆરીનાં તાલુકાનાં બેહેદીનનું કામ કુલ ધરમનું તા. મરણનું તા. ઇજનું આ. મનોચેરજી હોમજીનો સાથ કરે. તા. આ. મનોચેરજી હોમજીની અગીઆરીનાં તાલુકાનાં કસ્બે નૌસારીનાં તા. પંથક પંખેરીનાં બેહેદીનનું વેહવાનું તમામ કામ તા. ઘઘરનાનું તમામ કામ જુની અગીઆરીનાં ભગરીઆ કરે અંધીઆરૂ સાથ જુની અગીઆરીમાં જુની અગીઆરીનાં તાલુકાનાં બેહેદીન કસ્બે નૌસારીનાં જે તમારે તાલુકે હોએ તેનો તા. સીઓદ તા. ગણદેવી વગેરે તમામ પંથક પંખેરીએ અગીઆરીનાં તાલુકાનાં કુલ ધરમનાં કામ તા. પરણનાં તા. મરણનાં તા. ઇજનાં વગેરે જુની અગીઆરીનાં કરે કુલ પરણ તા. મરણ કસ્બે નૌસારીનાં

તા. પંથક પંખેરીનાં સર્વે સર્વે અંધીઆરૂગરીનાં હકનું નાણું આવે તે બેઉ તરફનું રાસમાં રાખી વરસ દહાડે બેઉ તરફનાં અંધીઆરૂ પાઘડી દીઠ વાંટી લીએ. વેહવા તા. ઘઘરનાંનો હક આપ્યાની વીગત તા. મરણ.

૨ આશીરવાદ તા. વરની તા. નવજોત વગેરેના રૂ. ૨.

૨॥ ઘઘરનાના આશીરવાદનાં રૂ. ૨॥ અંકે અઢી.

૦॥ ગેહસારણું તા. સરોશ ૩ નો રૂ. ૦॥ અડધો.

સીઆવ જે રૂવાન ગુજરે તેનો પામે તેવો આપે. કસ્બે નોસારીનો કરાર આપણે ઉપર લખીઓ છે તે પ્રમાણે તા. પંથક પંખેરીનાં ગામ તમામનાં અંધીઆરૂપણાનાં હક પરણ તથા મરણ જે સુદામદ જે તમો લેઓ છો તે લેઉં. એ તમામ હક જુની અગીઆરીનાં અંધીઆરૂ સમશ્ત તા. આ. મનોચેરજી હોમજીની અગીઆરીનાં અંધીઆરૂ સમશ્ત વાંટી લીએ પાઘડી પ્રમાણે સરાસરી મોટા નાના ભગરીઆ અંધીઆરૂ જુની અગીઆરીમાં અસલથી હેરબદ તા. વરસીઓ તા. નીરંગદીન વગેરે કુલ ઘરમનું કામ કરે છે સુદામત તેમ જુની અગીઆરીમાં કરે." આ લખત પર ૧૦) બેહેદીનોની* સહી છે તથા ઉપલા ૧૦) ગુજરાતી લવાદોની શાખ છે. (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૩૫–૩૭ તથા પા. ૧૨૯-૩૧ પારસી પ્રકાશ પા. ૩૧–૩૨ તથા ફરદુનજી કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૩–૫૫ જ્યાં લખાણ સેહેજ જુદુ છે).

નવસારીવાલાઓએ સુરતનાં પંથકીઓ કનેથી લખાવી લેવા માંડેલા લેખ.

વખતના વહેવા સાથે નવસારીના ભગરીઆઓના મુખીઓએ સુરતના પંથકીઓ કનેથી એવા કરાર લખાવી લેવા માંડયા કે તેઓ ચોક્કસ શરતો પ્રમાણે ગુમાસ્તા તરીકે નવસારીને તાબે

---

*આ બેહેદીનોમાં મનાજી કુકાજીએ પોતે સહી કરી છે તથા બેહેદીન સમસ્ત વતી પણ સહી કરી છે.

રહી કામ કરતા હતા. તા. ૧૪ મી જુન ૧૭૩૪ N. S. ને દીને કુકાજી મેહેરજી તથા ખુરશેદજી તેહમુલજીએ રૂસ્તમપુરાના બે મોબેદો બેરામજી કાવશજી તથા નવરોજી રૂસ્તમજી કનેથી લખાવી લીધું કે :—

"હમુને અંજુમન શ્રીએ સુરતનાં પંથકનું અંધીઆરૂપણું લખી આપ્યું છે ત્યાં શ્રી રૂસ્તમપુરા મધે હમો તમારી રજાએ બેહેદીનનાં મુઆનું કામ સેઆવ સરોશ તથા ગેહસારણું વગેરે મુઆનું કામ હોએ તે હમો કરૂં ને તેનું સીઆવ તથા સરોશ તથા ગેહેસારણું જે સુદામત દસ્તુર છે તે લાવી તમારી (પાસે) રજુ કરૂં સહી. તથા વેહેવા તા. ગગરનાં તથા નવજોદ વગેરે જે તમારી ખાતરને આવે તે અંધારૂ પાસે કરાવો તે સાથે હમો દખલ કરૂં અથવા હમો સારૂં તો શ્રી સરકારનો ગુનેહગાર. હમો તમારી રાજી રગબતે મુઆનું કામ કરૂ છઉં તેનો જે દસ્તુર સુદામત છે તે લાવી રજુ કરૂં*....સંવત ૧૭૯૦ રોજ ૨૩ માહા ૮ જેઠ શુદ ૧૩ તા. ૧૧ મોહરમાં (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૭ પા. પ્ર. પા. ૩૦).

સંજાણા મોબેદો પોતાનાં ક્રિયાકામો કરતા હતા, તેઓને ભગરીઆઓએ જાસ્તીથી અટકાવ્યા તે વિષેની ફરિયાદ.

ઈ. સ. ૧૭૩૨ માં સંજાણા મોબેદોને પોતાનાં ઘરનાં ક્રિયાકામો કરતાં ભગરીઆઓએ અટકાવ્યા હતા, તે વિષે સંજાણાઓએ સુરત નૌસારી ભરૂચ વગેરેની બેહેદીન અંનજુમનને ફરિયાદ કીધી હતી, તે બાબતનો ઈ. સ. ૧૭૩૪ નો કાગળ નીચે પ્રમાણે હતો :—"સંવત ૧૭૯૦ નાં વરખે રોજ ૧૫ માહા ૧૨§ શ્રી

---

* ઉપલીજ મતલબનો લેખ સંવત ૧૭૯૧ ના રોજ ૨૫ માહા ૭ વૈશાખ વદ ૯ (તા. ૧૭ મી મે ૧૭૩૫ N. S. ભોમ)ને દીને મોબેદ બેરામજી દાદાજી સંજાણા તથા દાદાજી જમશેદજી બરજોરજી કનેથી પણ લખાવી લીધો હતો. (એજ પસ્તક ના. ૨ પા. ૫૯).

† તા. ૧૪ મી જુન ૧૭૩૪ N. S. સોમે.

§ તા. ૪ થી અકટોબર ૧૭૩૪ N. S. સોમે.

સમસ્તે બેહેદીન અંજુમન સુરતના તા. સમસ્તે કસ્બે નૈસારીના તા. સમસ્તે ભરૂચના વગેરે. તમારી નજદીક સવાલ કરૂં છું ને દાદ માગું છેઉં. કસ્બે નૈસારીના અંધીઆરૂ સાપુરજી બેરામજી (બીજાં ત્રણ નામો) વગેરે સમસ્તે સંજાણા. હમારી હકીકત એ જે નૈસારી કસ્બામાં હમો હમારી જાતનું ધરમનું કામ કરતા હતા. તા. મરણ તા. પરણ વગેરેનું કામ કરતા આઉચ તેમ કરતા હતા. તા. હમારા જજમાન વલશાડનાં તા. દમણ વગેરેનાં પંથકનું ધરમનું કામ હમો કરૂં છેઉં. અને નૈસારીનાં ભગરીઆ અંધીઆરૂ પોતાના પંથકનાં જજમાનનું કામ તા. પોતાની જાતનું ધરમનું કામ કરે છે. તે હકીકત સરવ પંચાત અંજુમન ઉપર જાહેર છે. ને હમણાં સને ૧૭૮૮ માં આ. ખુરશેદજી તેહમુલજી તથા આ. રૂસ્તમ માણેકજી વગેરે ભગરીઆ અંધીઆરૂ-ઓ હમોને હમારી જાતનું ધરમનું કામ કરતાં અટકાવ્યા તા. અગીઆરી બંધ કરી છે. **પોતાની હકુમતની જોરે લખીઆ કરી લાવી જબરદસ્તી કરી મતાં કરાવી લીધાં.** ને તે લખીઆમાં લખીઉં છે જે સંજાણા અંધીઆરૂ પોતે પોતાનાં ધરમનું કામ નહી કરે. એ રવેશે હમો ઉપર સેતમ કરીઓ છે. વાસ્તે અંજુમન ઈન્સાફને પહોચું જે હમો હમારા ધરમનું કામ તા. પરણ વગેરે નું કામ હમારે હમારૂં કરૂ. તે ઉપર શ્રી ખુદાને હાજર નાજર જાણી એ સવાલનામા ઉપર સહી કરજો. શ્રી અંજુમન નૈસારીનાં સમસ્તે. શ્રી સમસ્તે અંજુમન સુરતનાં. શ્રી અંજુમન સમસ્તે ભરૂચનાં." આ કાગલ ઉપર મોદી નાનાભાઈ ભીમજી તથા બીજા બે જણાઓની સાખ છે. (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૫૦).

એક મીનોચેહેર હોમજીવાલાએ છુપી રીતે નવજોત કીધી તેનું માફી પત્ર.

ઈ. સ. ૧૭૩૪ માં એક મીનોચેહેર હોમજીવાલા મોબેદે છુપી રીતે નવજોત કરી હતી, તેને માફી પત્ર લખી આપવું પડયું હતું તે નીચે મુજબ હતું:—

"એ. જમશેદજી રૂસ્તમજી માણેકજી તથા એ. બરજોરજી દારાબજી તથા એ. જામાસ્પજી આસાજી તથા આ. કુકાજી મહેરજી તથા આ. ખોરસેદજી તેમુલજી તથા આ. જીવણજી માણેકજી વગેરે સમસ્ત અંધારૂ ભગરીઆ સાથ જોગ લખતંગ આ. બહમનજી દારાબજી મનોચરજી હોમજી જત તમારે તથા બેહેદીન સાથ સાથે લખા કીધા તેમાં કરાર કીધો જે તમારા મલતીઆ બેહેદીનનું કામ મુઆનું તથા જીવતાંનું તમો કરો તથા હમો અમારા મળતીઆ બહેદીનનું મુઆનું કામ અમો કરૂં તથા જીવતાનું કામ અમો કરૂ (?) તથા જીવતાનું કામ અમારા મળતીઆ બહેદીનનું ભટ (?)કામ વેવા તા. ઘઘરણાં તથા નવજોત છોકરા તથા છોકરીની વગેરે જીવતાનું કામ તમો કરો તે પરે નવજોત તથા છોકરીની બા. ૫ ફરદુનજી ખોરશેદ મહેરજીની વહુની અજાણતે અમો નવજોત કીધી તે તકસીર તમો પાસ માગી લીધી. તમોએ માફ કીધું હવે આજ પછી બહેદીન સાથના છોકરા તથા છોકરીની નવજોત વગેરે જીવતાનું કામ અમો નહી કરૂં ને કદાચ તમારી ચોરીએ નવજોત વગેરે કરૂં તો ગુનેગારી રૂ ૨૫) પચીશ ભરૂં એમાં કશો સુખન નહી કરૂં તથા હમારા મળતીઆ બહેદીનનું મુઆનું કામ અમો કરૂ તમારા મળતીઆ બહેદીનનું કામ તથા અમારા મળતીઆનું કામ વેવા તા. ઘઘરણાં વગેરે જીવતાનું કામ તમો કરો અને અમો અમારા મળતીઆ બહેદીનનું કામ મુઆનું અમો કરૂ સહી એમાં કસો સુખન નહી. સાલ ૧૭૯૧ વરખે રોજ ૫ આન. તે. ૧ મીતી સાંતી કરતક સુદ ૩. (હિંદુ તિથિની મુકાબેલ તા. ૨૭ મી અકટોબર ૧૭૩૪ N. S. છે).

આ લેખ ઉપર બમન દારાબજીએ સહી કરી છે અને 'પટેલ દાદા બેરામજી તથા આ. માણેક દાદાચાનજી તથા આ. માણેક પેશુતનજીએ સાખ કરી છે. (ભગરીઆ–મીનોચેહેરહોમજી કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૬૩).

નોંધ—સંવત ૧૭૯૦'ના મહેર માહા ૧૨ આશો વદ ૯ને દીને આ. માણેકજી પેસતનજી સોરાબજી (રબાડી)એ કરાડીના

પારસીની ધરીઆણીની નવજોત છુપીથી કીધી તે વિષે માફીપત્ર લખી આપ્યું હતું. આ લેખ ભગરીઆ મીનોચેહેર હોમજીના કેસ ના. ૧૩૨ નાં ચોપાન્યાનાં ૬૪ મા પાનાં ઉપર છે, ત્યાં આશો "વદ" લખ્યું છે તે "શુદ" જોઇએ એમ દીશે છે. તેમ લેતાં રોજ માહા તથા તિથિની મુકાબેલ તા. ૫ મી અકટોબર ૧૭૩૪ આવે છે.

જીવતાનાં ક્રિયાકામો કરનારા મીનોચેહેર હોમજીવાલાઓ કનેથી ભગરીઆઓએ લખાવી લીધેલો માફીપત્રનો લેખ.

એમ માલૂમ પડે છે કે કેટલાક મીનોચેહેર હોમજીવાલાઓ કબુલ રાખેલા નવા ઠરાવોની સામે જઈ ક્રિયાકામો કરવા લાગ્યા હતા. આ બીના ભગરીઆઓને માલૂમ પડતાં મીનોચેહેર હોમજીવાલા આ. મેહેરનોશજી મનોચેહેર હોમજી તથા બીજાઓ કનેથી ભગરીઆઓએ ખેલાજત ભરેલી ભાષામાં નીચે પ્રમાણે માફીપત્રનો લેખ લખાવી લીધો હતોઃ—

"જત બેહેદીન શમસ્તે તમુને લખી આપુ છે જે તમારા મળતીઆ બેહેદીનોનાં કામ મુઆંનાં તથા જીવતાંનાં કામ તમાંમ તમો કરૂ તથા અમોને મલતા બેહેદીન રહે તે બેહેદીનનું કુલ જીવતાંનાં કામ તમામ કાંમ નવશો તથા નોઝોદ તથા વેવા તથા ઘઘરણાં છોકરાં તથા છોકરીનાં જંદરૂઆંની વગેરે જીવતાંનાં કાંમ ધરમનાં તમાંમ તમો કરૂ. એ તરાં બેહેદીનો શાથે કરાર ઠરેઓ હતો તે વાર પછે અમારા શાથીઓએ તમારી ચોરી કરીને નવજોત કરી હતી તેપરે તમોએ અમોને હાકંમને તાંહાં લેઇ જવા માંડા. તે પર અમો તમારી આગલ મીનત કરીને તમો પાશેથી તખશીર માફ કરાવી તે તમો માફ કીધી. ને જેણે નવજોત અમારા સાથીએ કીધી હતી તાર તેનાં લખા કરી અપાવા છે. તાર પછે નવજોત કોઇએ કીધી નથી. ને જંદરૂઆંની જણુ બેની અમારા મલતા શાથીઓએ તમારી ચોરીએ કીધી તે પર એ જંદરૂઆંની તમોને જાહેર થાઇ તે પર અમો

શરવે તમો અનજુમન આગલ આજેજી કરી તમો પાશેથી તખશીર માંગી લેઇ માફ કરાવી ને તે જંદરૂઆનીનો હક દસ્તુર તમારો હતો તે તમોને આપો છે. હવે આજ દીન પછે અમારા શાથી કોઈ નવજોદ તથા જંદરૂઆંની વગેરે જીવતાંનાં કામ સુઉ તમારા બેહેદીનોનાં ઇઆ સુઉ અમારા બેહેદીનો અમારા મળતા બેહેદીન કશબે નોશારી તથા સુરત વગેરે પરગણામાં ઝાંહાં હોએ તાંહાનાં તા૦ મુંબઈ તા૦ દીવ તા૦ ચીઓલ તથા વશઈ સુધી બેહેદીન હોએ તે બેહેદીનનાં કાંમ કરૂ નહી તથા નીરંગદીન તા૦ વરશનુ બેહદીનોનાં લખામાં મુકરર કરી લખી આપુ છે જે અશલની કદીમ દરેમેહેરમાંહાં તમો કરતા આવો છો તેમ કરૂ અમો કરૂ નહી. ને કદાચ કોઈ અમારા મલતીઆ તમારી ચોરીએ કાંમ કરે તે શરકાર દીવાંનનો ગોનેગાર એ શરવ બેહેદીનોનાં જીવતાંનાં કામ તમારા ભગરીઆ અધારૂ કરે શહી. એ લખુ અમારી રાજીથી વાજબી રીતે લખી આપુ તે શહી શંવત ૧૭૯૧ નાં વરખે રોજ ૬ ખુરદાદ મા. ૨ અરદીબેહેસ્ત માગસર શુદ ૫" (તા. ૨૯ મી નવેમબર ૧૭૩૪ N. S). (એ. ફરેદુન કાંગા કૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૭).

નોંધ—ઉપલા લેખ ઉપર છ મોબેદોની સહી છે તથા ચાર બેહેદીનોની સાખ છે. એવાંજ બીજાં ત્રણ માફી પત્રો માટે જોવો એ. ફરેદુન કાંગાની ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૩૮–૫૪૦. ખુદ મેરનોસજી મનોચેરજીએ સં. ૧૭૯૦ ના રોજ ૯ માહ ૮ વૈશાખ વદ ૧૪* ને દીને એક જુદો લેખ પોતે એખલાએ લખી આપ્યો હતો, કે "અંજાણે નવજોત થઈ તે માફ કરો. તે પરે તમો માફ કીધું. ને અમો લખી આપું જે આજ પછે અમો નવજોત છોકરા તા૦ છોકરીની નહી કરૂં ને કરૂં તો સરકારના ગુનેગાર. કોઈની ચોરી છુપીએ નવજોત કરૂં તો રૂપૈયા ૨૫ પચીશ ભરૂ....ને અમારા મલતીઆ

* તા. ૩૧ મી મે ૧૭૩૪ N. S. સોમે.

બેહેદીનનાં મુઆંનાં કામ અમો કરૂ શહી. ને અમારા મલતીઆ બેહેદીનનાં કાંમ વેવા. તથા ઘઘરંણાં તથા નવજોત વગેરે તમુ કરો તે શાથે અમારો દખલ નહી. (ઉપલુંજ પુસ્તક પા. ૬૯૦, તથા જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૨૦).

સુરતના રૂસ્તમપરાના અંધ્યારૂઓએ ભગરીઆઓને લખી આપેલા લેખ.

સંવત ૧૭૯૧ ના રોજ ૧૩ માહા ૭ (તા. ૫ મી મે ૧૭૩૫ N. S. ગુરૂ) ને દીને સુરતના રૂસ્તમપરાના એક મોબેદ રૂસ્તમજી હોમજી પેસ્તનજીએ નવસારીના ભગરીઆ મોબેદોની અનજુમનને એક લેખ કરી આપ્યો હતો, તેમાં જણાવ્યું હતું, કે તમારા ગુમાશ્તા જજમાનનાં કામ કરે તેને મુજાહેમ થાઉ નહિ, (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૨૧).

સંવત ૧૭૯૧ ના રોજ ૨૫ માહા ૭ વૈશાખ વદ ૯† તા. ૧૭ મી મે ૧૭૩૫ N. S.) ને દીને સુરત્યા મોબેદો બેહેરામજી દાદાજી સંજાણાએ તથા દાદાજી જમશેદજી બરજોરજીએ નવસારીના દેશાઈઓ કુકાજી મેહેરજી, જીવણજી માણેકજી તથા ખુરશેદજી ટેમુલજીને એક લેખ લખી આપ્યો હતો, કે "હમોને અનજુમન શ્રીએ શુરતનું અંધેઆરૂપણું લખી આપેઉ છે તાં હમોને તમોએ શ્રી રૂસ્તમપરા વગેરેનું અંધેઆરૂપણાનું કામ ચલાવવાને તમોએ અમોને નેમેલા છે તે અમો તહમારી તરફથી અંધેઆરૂપણું કરૂં છેઉં. તથા બેહેદીનોને ત્યાંથી વેહવા ગગરનાં નવજોત વગેરેનું કામ કરૂં તેનું જે પેદા થાય તે લાવી તમારી હજુર રજુ કરૂં. ને તેમાં કોઇનો દીગર નહીં કરૂં. કોઈનો દીગર કરૂં તો શરકારનો ગુનેહગાર તથા તમો શ્રી સુરતમાં રૂસ્તમપરા વગેરે કામને માટે કોઈ બીજા અંધેઆરૂને મોકલો તો હમો તેને મુજાહેમ નહિ થાઉં. તહમારી તરફથી અંધેઆરૂપણુ કરૂં

†વૈશાખ વદ ૯ ની મુકાબેલ તા. ૧૬ મી મે ૧૭૩૫ N. S. હતી.

છું સહી."* (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૦, પા. પ્ર. પા. ૮૫૨–૮૫૩).

ભગરીઆના લાભમાં સુરતની સરકારનો પરવાનો.

આપણે ઉપર જોયું કે ઇ. સ. ૧૭૨૨ તથા ૧૭૨૪ માં નવસારીના ભગરીઆઓએ સુરતના નવાબને ત્યાં જઈ પરવાના મેલવ્યા હતા, કે નવસારીના સુરતવાસી બેહેદીનોનું ક્રિયાકામ કરવાનો હક તેમનેજ હતો. એમ માલૂમ પડે છે. કે હોકમનામાંઓનો ભંગ વારંવાર સામી પક્ષે કીધો હતો. માટે ઈ. સ. ૧૭૩૫ ના સાલમાં સુરતની સરકારમાં ભગરીઆ મોબેદો પાછા ગયા હતા. અને પોતાની તરફેણમાં નીચલો પરવાનો કરાવી લીધો હતોઃ—

"સરકાર સુરતનાં અહમદ આબાદ શફ શુબાઓ જાણે કે હાલે જાહેર થાયું જે પારસીની કોમના કસ્બે નોસારીનાં અંધીઆરૂ ઉર્ફે ભગરીઆ વીશે સુરત બંદર વગેરેનાં અંધીઆરૂઓ મો. હાલ છે કે તેમનાં પોતાનાં સુરત બંદરનાં રહેવાસી પારસી જજમાનો મુવાં જીવતાનાં કામ કરવાનો તાલુકો કદીમઉલ અઈઆમથી તેમનો છે જે મીસાલે કે લીખીઉં આગલા હોકમનું તેઓ પોતાનાં હાથમાં રાખેચ એટલા વાસતે આ લખત થાઈઉં છે કે તેમના પોતાના પારસી જજમાનો બંદર મુબારક સુરત વગેરેના રહેવાસીઓના મુવા જીવતાનાં કામ કદીમ કાએદા તથા મામુલ મુજબ ખાતર જમેથી કરતા રહે તેમાં....કોઇ મોજાહીમ થાએ નહી. તા. ૫ શેહેર મોહોર મુબહસર સને ૧૮ જલુશી† સને ૧૧૪૮ હીજરી (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૦)

---

*મહુવાના પંથકી માણેકજી બમનજી ઉનવાલાએ પણ ઉપલાના જેવોજ લેખ સંવત ૧૮૩૨ ના ભાદરવા શુદ ૧ (ભાદરવા બે હોવાથી તા. ૧૫ મી આગશટ ૧૭૭૬ N. S. અથવા તા. ૧૩ મી શપટેમબર ૧૯૭૬ N. S.)ને દીને લખી આપ્યો હતો, (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૨૫).

†૨૮ મી મે ૧૭૩૫ N. S. (શેહેનશાહ મુહમદશાહનું ૧૮ મું વર્ષ)

નવસારીથી સુરત આવેલાં લોકોનું ક્રિયાકામ ભગરીઆઓ કરવા હક ધરાવે છે તે બાબતનો ઢંઢેરો.

નવસારીથી સુરતમાં આવેલા બેહેદીનોનું ક્રિયાકામ કરવાનો હક ભગરીઆઓ ધરાવે છે, તે બાબતનો આજ વખતનો એક અગત્યનો ઢંઢેરો (જેના ઉપર ૩૨ મોહોરો છે, તથા અનેક હિંદુ તથા પારસી ગૃહસ્થોએ સહી કરી છે તે) નીચે પ્રમાણે છેઃ—

સવાલ કરેચ તથા સાહેદી માંગેચ કુકા વલડે મેહેરજી (બીજા છ મોબેદો) વગેરે સર્વે કસ્બે નૌસારીનાં રહેવાસી ભગરીઆ અંધીઆરૂઓની કોમના બુજરગો....આજ કેટલાક વરસની મુદતમાં પીંઢારાઓના ફીતોદનાં સબબથી પારસી અને અંધીઆરૂઓ માંએલાં કેટલાએક કસ્બે મચકુર વગેરેથી બંદરે મુબારક સુરતમાં આવીને મકાનો આબાદ બનાવી રહેથાંણ પસંદ કીધેલું છે. એમ હોવાથી સુરતવાસી અંધીઆરૂઓ બંદરે મચકુરનાં મુદશદીઓની હજુર દાદખાહ થાએલા છે જે કસ્બે મચકુર વગેરેના જે પારસીઓએ બંદરે મવશુફમાં (?) વતન પકડેઉં છે તેમનાં મુઆ જીવતાનાં કામોનાં ચાલુ લવાજમો અંધીઆરૂ-ગરીનો હમો કરીએ, કસ્બે મચકુરનો અંધીઆરૂ નહી કરે. આએ હકીકત સાંભલવા પછે... (તેહેકીક કરવામાં આવી કે) કસ્બે મચકુર વગેરેનાં તે પારસીઓ તથા સંજાણા અંધીઆરૂઓ બંદરે મુબારક સુરતવાસી છે તેમનાં મુઆ જીવતાનાં સરાસરી કામ ઉપર લખેલા કસ્બે નૌસારીના અંધીઆરૂઓ સાથે તાલુકો રાખે છે. બંદરે મચકુરનાં અંધીઆરૂને પહોંચતું નથી. આ કામની તેહેકીક કરવા મુજબ....પરમાણાં હમારા લોકોને આપીઆ છે, જેથી પાછા હમણાં સુધી સરાસરી અંધીઆરૂગરીનાં કામો સંજાણા અંધીઆરૂઓનું તથા મચકુરનાં પારસીઓનું હમો કરીએચ. તથા એ કામો ચાલુ થવામાં એક વેલા સુરતનાં અંધીઆરૂઓએ કસ્બે મચકુરનાં બાજે પારસીઓનાં મુઆ જીવતાનાં કામ કીધાં હતાં તેમનાં કપડાં સીઆવ તથા લવાજમનાં

મોદી નાહનાભાઈ જેવણુ બંદરે મુબારકે મચકુર પારસી ટોલાનાં સરદાર છે, તેવણે હમારા લોકોને પાછા અપાવાચ. એટલા વાસ્તે ઉમેદવાર છે કે બંદરે મુબારકનાં મુતશદ્દીઓનાં પરમાણું જે આએ કામોમાં છે તે શાત રીતે નેગાહ લાવીને ખોદા વાસ્તે એ હકીકત કામોમાં લખત ઉપર સાહેદી અને ગવાહી કરીને સાબેત કરો જે ખોદાની નજદીક તમો એ કામનો અવેજ પશંદીદેહ થાઓ." આ લેખ ઉપર ૬૪ જણાઓની સહી સાખ છે, તેમાં ૪૦ જણ જુદદીન દીશે છે. (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૨).

નોંધ—આ લેખ ઉપર **આ. શેહેરીઆર ફરદુન સંજાણા** તથા આ. બેહેરામ મનોચેરજી સંજાણાએ પણ સહી કરી હતી. આ લેખની તારીખ જણાઈ નથી. પણ તે **આશરે** ઈ. સ. ૧૭૩૬ **ની** આસપાસનો દીશે છે.

નોંધ—ઉપલા લેખની નકલ બરાબર જળવાઈ રહેલી માલૂમ પડતી નથી. પારશી પ્રકાશમાં ઉપલા દસ્તાવેજની નોંધ લેતાં જણાવ્યું છે, કે નવસારીના ભગરીઆ મોબેદોની તરફથી દેશાઈ કુકાજી મેહેરજી તથા દેશાઈ ખુરશેદજી તેંહેમુલજી તથા દેશાઈ જીવણજી માનેકજી, આ. ફરામરોજ દારાબજી, આ. મેહેરનોશજી દારાબજી દોરડી, આ. શેહેરીઆરજી નવરોજજી આ. બચાજી નોશરવાંનજી કોટવાલ તથા બીજા મોબેદોએ ઈ. સ. ૧૭૩૬ માં સુરતના નવાબ તેગબેગખાનની* અદાલતમાં અરજ કીધી, કે "આજ કેટલાંક વર્ષની મુદતમાં પીંડારાઓના ફીતુરના શબબથી નવસારીવાસી કેટલાક મોબેદો અને બેહદીનોએ આવી સુરત બંદરમાં મકાંનો આબાદ બનાવી રેહડાંણ પસંદ કીધેલું છે. એમ હોવાના સબબે સુરતવાસી મોબેદો હીયાંના મુતસદ્દીઓની હજુર દાદખાહ થાયલા છે કે નવસારીના જે પારસીઓએ સુરતમાં વતન પકડયું છે તેમનાં મુવાં જીવતાંનાં

* તેગબખ્તખાન ઇ. સ. ૧૭૩૨ થી ૧૭૪૬ સુધી સુરતના નવાબ હતા. (જોવો દા. મોદી **A Few Events** પા. ૮૫).

કામો અંમો કરયે, નવસારીવાલા ભગરીઆ મોબેદો કરે નહીં. આ હકીકત મુતસદ્દીઓએ સાંભલવા પછે અદાલતના સાહેબોની હજુરમાં દેસાઈ મકારોદાબાઈ, નગરશેઠ લાલદાસ ભવાંની, શેઠ ફરામજી રૂસ્તમજી શેઠના વગેરે મોતેબરો સાથે મુનસફી કરીને તેહકીક કર્યું કે નવસારીના પારસીઓ તથા સંજાણા મોબેદો જે સુરતવાસી થયા છે તેમનાં મુવાં જીવતાંનાં કામ નવસારીના મોબેદો સાથે તાલુકો રાખે છે, સુરતના મોબેદોને પોંહચતું નથી. એ રીતે તેહકીક કરી નવાબ સાહેબની મોહર સુધાંના પરવાંના કરી આપ્યા છે, જેથી હમણાં સુધી અમોએ અમારાં કામો પાછાં ચાલુ કીધાં છે, તથા તેમ થયા પછી એક વેળા સુરતના મોબેદોએ અમારા બેહદીનોનાં મુવાં જીવતાંનાં કામો કરી તેના શીઆવ, લવાજમો, વગેરે લીધા તે મોદી નાનાભાઇ ભીમજી જેવણ સુરતના પારસી ટોળાના સરદાર છે તેવણે અમોને પાછા અપાવ્યા હતા. એટલા વાસ્તે ઉમેદવાર છેયે કે સુરતના મુતસદ્દીઓના જે પરવાણા આ કામોમાં છે તે તેહકીક કરી તેના લખત ઉપર શાહેદી ગવાહી કરાવી આપે." એ મુજબ આ લખત પર સુરતના ૪૧) હિંદુ તથા ૫) સંજાણા મોબેદો તથા ૧૭) નવસારીના બેહેદીનોની સહીઓ છે, (પા. પ્ર. પાને ૮૫૩).

નોંધ—ઉપલીજ મતલબના દસ્તાવેજો હીજરી ૧૧૪૨, ૧૧૪૮, ૧૧૬૦, ૧૧૬૧ ના સાલના જડે છે, (જોવો જામાસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૨ પા. ૬૦-૬૧).

સુરત્યા મોબેદોએ છોડી દીધેલો હક પાછો માંગી શકાય કે નહિ.

એમ માલૂમ પડે છે કે ઉપલા પરવાનાની રૂહે સુરત્યા મોબેદોને પોતાનો હક છોડી દેવાની ફરજ પડી હતી. પણ તે હક પાછો કાં નહિ માગી શકાય એવો સવાલ કેટલાક સાહેબોએ સરકારમાં જઈ ઉઠાવ્યો હતો. આ સવાલ તેઓએ નીચે પ્રમાણે રજુ કીધો હતોઃ—

"....કસ્બે નૌસારીમાં પારસીઓનાં અંધીઆરૂઓને તાહાનાં આશીરવાદ શેવાએ મુઆ જીવતાંની રશમનું કામ કસ્બે મચકુરના પારસીઓનું કરતા હતા તથા સુરતનાં પારસી રહેવાસીઓનું આશીરવાદ વગેરે મુઆ જીવતાની રસમનું કામ સુરતના અંધેઆરૂઓ કરતા હતા. પણ જ્યારે કસ્બે નૌસારીમાં લુટારાઓના હંદેશાથી કસબે મજકુરના પારસીઓએ સુરતમાં આવી રહેઠાણ પકડયું ને કસ્બે મચકુરના બાજે કેટલાએક પારસીઓનું મુઆ જીવતાની રશમનું કામ સુરતના અંધીઆરૂઓ કરતા હતા. એ બાબદ કસ્બે મજકુરનાં અંધીઆરૂઓએ દીનપનાહે બાદશાહના નાએબથી હાજત માગી કે હમો તમારા પોતાના હકને પોહોચીએ. તેવારે પાદશાહના નાએબે ફરમાવ્યું કે કસ્બે મચકુરનાં પારસીઓનું મુઆ જીવતાંની રશમનું કામ કસ્બે મચકુરનાં અંધીઆરૂઓ પોતાનાં માઆમુલ મુજબ કરતા રહે. સુરતી અંધીઆરૂઓ કસ્બે મવશફનાં અંધીઆરૂઓ ઉપર દાવો કરેચ કે કસ્બે મચકુરના સુરતવાસી પારસીઓના લગન મુઆ જીવતાં વગેરેની રશમનું કામ કરવાનો હક હમારો છે. આ મીનાકેસો લાવ્યા હતા. પછી સુરતી અંધીઆરૂઓએ કસ્બે મચકુરનાં અંધીઆરૂઓ સાથે દાવો આપીને પોતાનો તે હક રદ બાતેલ કીધો છે....હરેક હકનું રદ બાતેલ કરવું દીનની શરીઅતે જાએજ છે અથવા નથી. અને તગદી ઉપર રવા રાખી અગર સુરતી અંધીઆરૂઓ પાછો દાવો કરે તો તે સાંભલીએ અને તે જે કાંઇ દાવો રદ થાએલો પાછો તેઓને લાભ થાય અથવા નહિ."

મહમદન ધાર્મિક તથા કાયદા સંબંધી કેતાબોને આધારે લંબાણ સાહદતો ટાંકી ઉપલા સવાલનો જવાબ નકારમાં આપવામાં આવ્યો હતો. (જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૦–૬૧). ઉપલા સવાલ જવાબ કયારે પુછવામાં આવ્યા હતા તેની તારીખ લખી નથી. પણ એક મોહોર ઉપર હીજરી ૧૧૫૩ (ઈ. સ. ૧૭૪૦) નું સાલ છે, તે ઉપરથી તે ઈ. સ. ૧૭૪૦ ને શુમારનો હોય.

પ્રકરણ આઠમું.

શ્રી ઈરાનશાહનો પ્રવાસ.

કોરટે ચઢેલા મોબેદો.

ઈ. સ. ૧૭૩૩ માં પીંઢારાઓની ધાડને સબબે શ્રી ઈરાનશાહને સુરત લઇ ગયા અને ત્યાંથી ત્રણ વર્ષ બાદ પાછા નવસારી લાવ્યા.

ઈ. સ. ૧૭૩૩ ને શુમારે ગુજરાતના જુદા જુદા ભાગોમાં રાજદ્વારી હાલત બહુજ બારીક થઇ પડી હતી. તેથી નવસારીને પણ ખમવું પડયું હતું. શાહુ રાજાનો પ્રધાન બાજીરાવ પેશવા આસ્તે આસ્તે બળવાન થવા લાગ્યો હતો. તેના લશ્કરે ગુજરાતના મોટા ભાગમાં લુટફાટ કરી ત્રાસ મચાવ્યો હતો. નવસારી તથા આસપાસના તાલુકાઓ પેશવાના લશ્કરનાં હાથમાં આવ્યાથી ત્યાં પીંઢારાઓની ધાડ તથા લુટ પુષ્કળ ચાલી રહી હતી. **માટે ઈ. સ. ૧૭૩૩ માં એક રાત્રે શ્રી ઇરાનશાહને ચુપાચુપ સુરત લઈ જવામાં આવ્યા હતા.** પીંઢારાઓના ત્રાસથીજ કેટલાંક વર્ષો આગમચ નવસારીના કેટલાક પારસીઓ તથા મોબેદો સુરતમાં જઈ વસ્યા હતા. આ પારસીઓએ શ્રી ઈરાનશાહની ઘટતી બરદાસ્ત કરી હતી. સુરતમાં ઈરાનશાહને લઈ ગયા બાદ ત્રણ વર્ષ પછી ઈ. સ. ૧૭૩૬ માં નવસારીવાળાઓનીજ ખાએશથી **તેમને પાછા નવસારીમાં લાવવામાં આવ્યા હતા.*** (પા. પ્ર. પાને ૩૦, ૩૩).

નોંધ—શાપુરજી સંજાણાના કીસ્સામાં આ બાબત નથી.

સુરતમાં શ્રી ઇરાનશાહને કયાં રાખવામાં આવ્યા હતા તે વિષે એ૦ કેરશાશજી શા૦ પટેલે વર્તમાન પત્રોનાં કટીંગો એકઠા કરી

---

*વલસાડવાલા મોબેદ રતનજી હોશંગજી ની નોંધ (પા. પ્ર. પાને ૩૦, ૩૩).

પુસ્તકો બનાવ્યાં છે, તેમાંના એકને ૧૦૧ મે પાને તેમણે આ પ્રમાણે હાથે નોંધ લીધી છે:—"ઈરાનશાહ આતશબેહેરામ શાહેબને નવસારીથી બે વરશ શુરત શંજાણાં લઈ ગએલા તે કાંહ રાખેલા તે હમોને ખબર નહિ હતી. આતશબેહેરામ કેસમાં હમો ખરશેદજી દશતુર શાતે ગએલા તે વખત મોદીજી ડોસાને મલવા તેનાને ગેર ગએલા. વાતચીત કીધા પછી એક છોકરાને કહ્યું જે આતશજીના ઓરડામાંથી ફલાણી ચીજ લઇ આવ. હમો વીચારમાં દસ્તુર સાથે પડેઆ કે આતશનો ઓડો કરી કહ્યું હશે. પછી હમોને તથા દસ્તુર ખુરશેદજીને હાત પકરી લઇ ગીઆ જે આ ઓડામાં ગુંમચ હજુ છે. નશારીથી ઈરાનશાહ આતશબેહેરામ તમારા લોકો લાવેલા તે હાં રાખેલા. તે હમારી નજરો નજર જોઈઉં."

ગોદાવરા પંથક ઉપર કેટલાક ભગરીઆઓની તરાપ.

અનેક ઠેકાણે ફતેહ મળી તે જોઈ કેટલાક ભગરીઆઓ પોતાના કદમો લંબાવતાજ ગયા. ઈ. સ. ૧૭૩૯ ના એક લેખ ઉપરથી જણાય છે કે કેટલાક ભગરીઆઓએ ગોદાવરા પંથક ઉપર તરાપ મારવાની વેતરણ કરી હતી. આથી ગોદારાના મોબેદો તથા બેહેદીનોની સમસ્ત અનજુમને દસ્તુર જમશેદજી રૂસ્તમજી, મોબેદાન મોબેદ બરજોરજી દારાબજી, દેશાઈ જીવનજી તેમુલજી, દેશાઈ ખુરશેદજી તેમુલજી, એ. રતનજી માનેકજી, એ. જામાસ્પજી આસાજી તથા નવસારીની સમસ્ત ભગરસાથ અનજુમનને નીચે પ્રમાણે લખ્યું હતું:—

"...અપંરગ વીનતી એ જે વરીઆવ ગામના બેહેદીન સમસ્તે લખેઉ છે જે અમારા ગાંમ મધે વા. જમશેદ રૂસ્તમને ઘર લગન છે કનાનુ છે તેનો વર નાંહાંનપરેનો આવે છે તેનુ એમ સાંભલેઉ છે જે શ્રી નોસારીનાં હમકાર આસરવાદને કીજે સાથે આવે છે તે ઉપર અમો તમોને જાંણુ કરવા લખેઉ છે.... આપડા વડાઓનો કોલ વરશ ૧૧૦૦ અગીઆરશોનો છે તે જોઈને જે કોઈ અનેઆ કરે તેને મને કરવુ. અમો તો ગરીબ

આજેજ છઉ માંઠે તેને સીખામણ દેઇને મને કરવા...રોજ ૨૭ માહા ૭ સમત ૧૭૯૫ વઈસાખ સુધી ૧૧ (તા. ૧૮ મી મે ૧૭૩૯ N. S.), (ફરેદુન કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૪૨–૫૪૩ તથા ભગરીઆ મીનોચેહેર હોમજીવાલા કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૪૦). આ લેખ ઉપર આ. જીવણ લીમજી, આ. ખુરશેદજી શોરાબજી અંકલેસરના તથા બીજા ૬ મોબોદોની સહી છે.

મરાઠાઓ સાથે સંજાણના પારસીઓએ કરેલી લડાઈ.

ઈ. સ. ૧૭૩૯ ને શુમારે સંજાણના પારસીઓ બીજી વાર લડાઈના જંગમાં ઉતર્યા હતા. સીનોર ફ્રાન્સીસ મુનીઝ (Senhor Francis Muniz) નામનો જુનો પોરટુગીઝ લેખક લખે છે કે:-

"In the year 1739 the Mahrattas invaded Damaun. At that time Sanjan which belonged to the Portuguese possessed a Parsi battalion under the command of Daji Jesung. This battalion was at once called to fight the invaders, and the Mahrattas seeing the powerful and stout Parsi soldiers became nervous and retreated. The Parsis thus rendered yeoman service to the Portuguese in the nick of time." (Times of India dated 31-3-1920).

અર્થ- ઈ. સ. ૧૭૩૯ માં મરાઠાઓએ દમણ ઉપર હુમલો કીધો, તે વખતે સંજાણ કે જે પોરટુગીઝોને તાબે હતું તેમાં પારસી ઓની એક ફોજને દાજી જેસંગ* ની સરદારી હેઠલ હલ્લો કરનારાઓ સાથે લડવા બોલાવવામાં આવી. મજબુત તથા

*એમણે નારગોલમાં ધર્મતલાવ નામે તલાવ બંધાવ્યો હતો. અને તેના બદલામાં તેમને પેશ્વા કનેથી કેટલીક જગા ઈનામમાં મળી હતી (પા. પ્ર. પાને ૯૦૦).

કદાવર પારસી સીપાહોને જોઈ મરાઠાઓ ગભરાઇ જઈ નાસી ગયા. આ પ્રમાણે વખતસર પારસીઓએ પોરટુગીઝોની મોટી સેવા બજાવી.

નોંધ—આપણે ઉપર જોઇ ગયા કે ઈ. સ. ૧૪૯૮ ને શુમારે પારસીઓ તથા ફીરંગીઓ વચ્ચે મારામારી થઈ હતી. ફીરંગીઓ પારસીઓ ઉપર છેક ઇ. સ. ૧૭૩૯ સુધી ગુસ્સે થયા હતા. પણ ઉપલી મદદથી તેઓ વચ્ચે મિત્રાચારી બંધાઈ હતી. ઈ. સ. ૧૭૬૫ માં વાંશી ઉભરાટને દરિયે ફીરંગીઓનું એક વાહાણ ભાંગી ગયું. અને તેના હબશી ખલાસી તથા ફીરંગી કપતાન વગેરેને નવસારીમાં પકડી લાવવામાં આવ્યા હતા. અને તે હબશીઓને ગોલામ તરીકે વેચવામાં આવ્યા હતા. પણ તે ફીરંગીએ શ્રી ખુરશેદજી તેહેમુરજી દેશાઈની મદદ માંગી, ત્યારે દેશાઇજીએ તે ગોલામો સહિત તેને છોડવ્યો. તે વેળાએ ફીરંગીઓ તથા પારસીઓ વચ્ચેની મિત્રાચારી વધુ ઘાડી થઇ હતી." (દેશાઈ ખુરશેદજીનો રોજમેલ સંવત ૧૮૨૨ પાને ૧૨, શો. મ. દેશાઈની તવારીખે નવસારી પા. ૪૨).

ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે ચાલુ રહેલી ખટપટ. કોરટે કેસ ગયો.

શ્રી ઈરાનશાહને પાછા નવસારીમાં લાવવામાં આવ્યા, પણ તેથી ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચેના કુસંપનો છેડો આવ્યો હતો નહિ. ઉલટું મીનાકેસાનું પજરણ જોરમાં ઉભરી નિકળ્યું.

એમ માલૂમ પડે છે, કે બંદોબસ્ત થયા છતાં એક હાથ ઉપર ભગરીઆઓએ આતશબેહેરામમાં જઈ આશોદાદ લેવા માંડી, તેમ બીજા હાથ ઉપર સંજાણા મોબેદોએ પોતાનાં ઘરોનાં ક્રિયાકામ કરવા માંડયાં. આ ઉપરથી ભગરીઆઓએ ગાયકવાડ સરકારમાં જઈ સંજાણાઓ વિરૂદ્ધ તાકીદનો હોકમ મેળવ્યો, કે સંજાણાઓ પરાયાં પંથકમાં શાદીગમીનું કામ કરે નહીં. તે પરવનો નીચે પ્રમાણે હતોઃ—

"નવસારીના દેશાઈ આ. કુકા મેહેરજી તા. ખુરશેદજી તંહેમુલજી તા. જીવણજી માણેકજી જત તમારી અરજદા (?) પોહતી ને શરવે હકીકત જાણી જાહેર થાય જે સંજાણા અંધીઆરૂ મધે ૧ સંજાણો સુનગઢ રહીને તમારા પંથક મધે તમારા જજમાનોને ઘેર શાદીગમીનું કામ કરે છે. ને કજીઆ ફેશલ કરતી વેલા કરાર કીધો છે જે કોઈ કોઈનાં પંથક મધે શાદીગમીનું કામ કરે નહી. માટે માતુશ્રીને તથા હોતાજી સુધા ઉપર તાકીદ પરવાનો થાએ જે હમારા જજમાનોને ઘેર સાદી ગમીનુ કામ કરે નહી. માટે લખું તો પહેલાં ફસલ કીધું છે. તે ઉપર તમારા જજમાન સંજાણા ઉપર રાજી હશે. શુ ઈલાખો. માટે કશી ચીંતા કરશો મા. લશ્કર સુનગઢ આવશે પછે તમારા જજમાનોને તંડી પુછી તાકીદ કરશે. હા ઉ (?) લખીશ છે તો શધા હમાગો (?) કરી નાહશી જાશે (?) ને શરકારનું નુકશાન થાશે. સુનગઢ આવેઆ પછે તમારા જજમાનોને તાકીદ કરશે. નહિ તો સંજાણાને કાઢી મેલશે તે જાણજો. શાલ ૧૭૯૬ નો પોશ શુદ ૭" (તા. ૫ મી જાનેવારી ૧૭૪૦ N. S. ભોમે) (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૭).

સંજાણા મોબેદ કને દીવના બેહેદીનોએ કામ કરાવવું નહિ તે વિષે નવસારીના ભગરીઆઓએ તેઓને લખેલો પત્ર.

સંવત ૧૭૯૬ રોજ રશના માહ અમરદાદ (તા. ૯ મી માર્ચ ઈ. સ. ૧૭૪૦ N. S. બુધ) ને દીને નવસારીવાલા મોબેદોએ દીવના બેહેદીનોને લખી વાળ્યું, કે તેઓએ સંજાણા મોબેદ કને કામ કરાવવું નહિ તે કાગજ નીચે પ્રમાણે હતો:—

"શદા શોભાગ વ નેકનામ દીનદોશત બેહેદીન શ્રીરી દીવબંદરનાં વાદેશરી ૫ કુઅરજી ગુ. પદેમજી ત્થા વાદેશીરી ૫ માણેકજી ગુ. ખોરશેદજી તથા વોરા શ્રીરી પાંચ રાંમાં વોરા ગુ. મેહેરજી તથા વાદેશીરી પાંચ દારાબજી ગુ. લીબાજી તથા વાદેશીરી પાંચ કદવાજી ગુ. ફકીરજી દીનદીન દોલત જીઆદત

લા. શ્રીરી નોશારીનાં શ્રી અંનજુમન અધેઆરૂ વડી દરેમહેરનાં કેથા કરીન (કેન આફરીન) બાદ વાંચજોજી. જત અહાં શ્રી દાદારની મેહેરબાનીથી ખેરખુબી છે તમારી ખેરીઅત જમઈએતનાં કાગજ ગનાં દાહાડા થએઆ આવા નથી તે શંમભારી લખજો. બી. આ. રૂશતમજી ગુ. બેહેમનજીને અમો અનજુમને શ્રી દીઉ મોકલેઆ છે તેહોએ આજસુધી સરવ કાંમકાજ શ્રીરી દરેમેહેરમાં હમકારો પાશ કરાવેઆં છે ને જે શેઆવ શરોશ વેહવા વગેરેનાં લવાજેમ જે અનજુમનનો હક છે તે આજશુધી અમોને પોચાદો છે વાશતે તમો તમામ અનજુમન પોતાની ખાતર જમે શાથે એ અધારૂ પાશે પોતાનું કામકાજ ધરમનું શરવ કરાવજો. એ વાતની હમારી નીશાં છે. અમો અનજુમન શરવ મલી એહોને મોકલા છે. વી૦ (બીજું ?)આ૦ શોહોરાબ જામાશ શનજાનાં* છે તેને કઈ પોહોચતું નથી. તે પાશે જંનહાર કામ કરાવશો મો. એ અધારૂનું કડુ (=કદી અથવા કહુ, કહ્યું) કંઈ માંનશો મો. તમો દાનાવ છેઓ તો જીઆદે શું લખીએ. અમો સરખું કામકાજ લખજો. ને આજ પછી જે કાંમ શેઆવ શરોશનું કામ જે હોએ તે આ. શોહોરાબજી બમનજી દાજીને શોફજો. ને તે શંજાનાનો વીશવાશ નો કરશો. અને એ અધારૂ શંજાનાએ આગલ પંનથકમાં કામ કીધું હોએ તે હમોને પોહોતુ નથી તે લખજો. ને અમો તેને પાસથી લેઉ. તથા તમારાં મુઆં જીવતાનાં કામ જે તમો કરાવું તે શરવ અમારી દરેમેહેરમાં શરવ કાંમ કીધું છે. ને વરી જે કાંમ હોએ તે લખજો. તથા અધારૂને મોકલા છે તે પાશે કાંમ જે હોએ તે કરાવજો. ને વલી જે કામકાજ હોએ તે લખતા રહેજો. સંવત ૧૭૯૬ વરખે રોજ રશને માહા અમરદાદે (તા. ૯ મી માર્ચ ૧૭૪૦ N. S.) લખું શાહી." આ કાગજ ઉપર એ. જમશેદ દસ્તુર રૂશતમજી, એ. બરજોર ગુ. દસ્તુર દારાબજી દેશાઈ કુકાજી મેરજીભાઈ, એ. જામાશ આશાજી, એ. માણેક ગુ. દશતુર પાલનજી, આ રતન માણેક, એ. ખોરશેદ ટેહમુરજી તથા બીજા ૮ મોબેદોની સહી છે. છેવટે લખ્યું છે કે "લા. શ્રી શમશ્ત

---

*આ મોબેદ શાપુર શામરાની પક્ષનો હતો તે નીચે માલૂમ પડશે.

અંધારૂ વડી દરેમેહેરના દુવા વાંચજો શ્રી દાદાર હોરમજદ તમને સલામત રાખે." (એ. મેહેરજીભાઇ કુતાર કનેથી મળેલું કાગળ. જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૧. પ્રો. હોડીવાલાનું પુસ્તક Studies in Parsi History પા. ૨૩૬-૨૩૭ જ્યાં "વાદેશરી" ને બદલે "વો૦" છે).

દીવના પંથકીએ નવસારીના ભગરીઆઓને લખી આપેલો લેખ.

ઉપલેજ દીને યાને સંવત ૧૭૯૬ રોજ ૧૮ માહા ૫ (તા. ૯ મી માર્ચ ૧૭૪૦ N. S. બુધ) ને દીને દીવના પંથકીએ નવસારીના ભગરીઆઓને નીચે પ્રમાણે તેમને તાબે રહેવાનો લેખ લખી આપ્યો હતો:—

"શ્રી અંનજુમન શમશત અંધેઆરૂ ભગરીઆ વદી દરેમેહેરના જોગ. લખતંગ અંધીઆરૂ રૂશતમજી બમનજી જત તમો શીરી અંનજુમન શમશતે અમોને દીઉ પંનથકમાં ગુમાશતા તરીકે અધીઆરૂપનાનાં કામને વાશતે મોકલેઆ છે તે તમારા ફરમાઉ માફક અમો તાંનુ કામ ચલાવું ને જે શ્રી અનજુમનનુ લવાજમ છે તે દર શાલ લાવી શી અનજુમનની રાશમાં પોહોચાડું કઇ ઉજર નઈ કરૂ, અને જો અનજુમન અમોને તગીર કરી કોઈ બીજા ભગરીઆ અંધારૂને મોકલે તો અમો કશો ઉજર નઈ કરૂ. સંવત ૧૭૯૬ વરખે રોજ ૧૮ માહા ૫ ફાગણ શુદ ૧૨" (સહી) આ. રૂશતમ બમનજી દાજી મતું. (તથા) આ. શોલી બમનજી રજુ. (સાંમે પાંચ જણની સાખ છે), (આ કાગળની નકલ એ. મેહેરજી ન. કુટાર કનેથી મળી હતી. વળી જોવો જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૦ તથા ભગરીઆ મીનોચેહેર હોમજીવાલા કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૩૪)

આતશબેહેરામમાં મલતી આશોદાદ સંબંધમાં ગાયકવાડે સંજાણાઓને આપેલો પરવાનો.

આપણે ઉપર જોયું તેમ ભગરીઆઓ આતશબેહેરામમાં જઈ આશોદાદ માંગતા હતા, અથવા (એમ પણ હોય) કે સંજાણાઓને આતશબેહેરામની જે પેદાયશ થતી હતી, તેમાં ભાગ માંગતા હતા. આથી વારંવાર કજ્યા થતા હતા એમ દીશે છે. સંજાણાઓ ગંગાજીરાવ ગાયકવાડ (જે નવસારીના સુબા હતા તેમની) કને દાદ લેવા ગયા. ગંગાજીરાવે નવસારી મધ્યે આતશબેહેરામની સાથે વસનારા સંજાણા મોબેદો આ. શાપુરજી બેહેરામજી તથા આ. રૂસ્તમજી શેહેરીઆરજી વગેરેને એક પરવાનો નીચે પ્રમાણે કરી આપ્યો કે:—

"તમારી આતશની અગીઆરીમાં આશોદાદ જેને આપે તે સાથે કોઈનો દાવો નહીં. તથા જે કાંઈ રાસમાં આવે તે સરવે જેમ શુદામત વેંહચી લેતા હતા તેમ વેંહચી લીએ. બીજી દખક્ષણા છુટી આપે તેમાં કોઈને મુજાહેમ નહીં. સંવત ૧૭૯૬ શ્રાવણ શુદી ૧" (તા. ૨૪ મી જુલાઈ ૧૭૪૦ N. S. ભોમે). (પા. પ્ર. પા. ૮૫૪ જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૩૮).

ભગરીઆઓ વિરૂદ્ધ લડવાનો સંજાણાઓએ કરેલો ઠરાવ.

હવે સંજાણા મોબેદોએ એક ડગલું આગળ ભરવાનો વિચાર કીધો. તેઓનું કહેવું આ હતું, કે અમે અમારા ઘરનું શાદી ગમી વગેરેનું ક્રિયાકામ કરીએ તેમાં ભગરીઆઓને શું નુકશાન છે. માટે સંવત ૧૭૯૬ રોજ ૧૫ માહ ૧૧ (તા. ૨ જી સપટેમબર ૧૭૪૦ N. S.)ને દીને સમસ્ત સંજાણા અંધીઆરૂ આતશની અગીઆરીના* એકઠા મલી એવો ઠરાવ કીધો કે "દેશાઈ ખુરશેદજી ટેહમુલજી વગેરે ભગરીઆ હરેક વાતે આપણી

* આતશબેહેરામના અર્થે આતશની અગીઆરી શબ્દો છે.

ઉપર જીઆદતી કરે છે તે ઉપર આપણે એતેફાક કીધો જે તે સાથે આપણે જે કંઈ રદ બાતેલ કરવી પડે તથા જાવું પડે તાંહાં શરવે જનાં આપણે એતેફાક એકામત એકાજત થાઈ જે કરવું હોએ તે કરીએ તથા જે કાંઇ ખરચ બેશે તે સરવે મલી આપીએ" (પા. પ્ર. પાને ૩૩, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા ૧૩૬).

ક્રિયાકામના સંબંધમાં ગાયકવાડની હજુરમાં સંજાણાઓએ માંડેલો કેસ.

નવસારી મધ્યે સંજાણા તથા ભગરીઆ મોબેદો વચ્ચે ક્રિયાકામ સંબંધી જે ખટપટ ચાલ્યા કરતી હતી, તે બાબતમાં સંજાણાઓએ ગાયકવાડની સરકારમાં ફરિયાદ નોંધાવી. આ ફરિયાદની સામે થવા સોનગઢ ખાતે ગાયકવાડ શ્રી દામાજીરાવની* હજુરમાં ભગરીઆ મોબેદો તરફથી લડવા દેશાઈ કુકાજી મેહેરજી, દેશાઈ જીવણજી માણેકજી, દેશાઈ ખુરશેદજી ટેહમુલજી તથા દસ્તુર જામાસ્પજી આશાજી, વિરૂદ્ધ ફરિયાદની એક અરજી તા. ૧૪ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને લઈ ગયા હતા. નવસારીના સુબા રાવ શ્રી ગંગાજી બાવાને પણ એક અરજી નીચે પ્રમાણે કેટલાક મોબેદોએ કરી હતી:—

"રાવ શાહેબ શદા મેહરબાંન કદરદાન ગરીબ પરવર ધર્મના મુરત ધર્મના રાજ રાવ શ્રી શાહેબ શ્રી પ. ગંગાજી બાવા શલામત દોલત રોજ બરોજ જીઆદે થાએ. લા૦ શ્રી નવશારીથી અરજદાર શદા દોવાગો શમશ્તે અંધેઆરૂ ભગડીઆ પંનથક નવસારીના કેન શ્રી ધર્મ આશીરવાદ, તથા રામ રામ વાંચવા. વીનંતી કરી વીનવા છે. ને હમારી અરજ શરવે અંધેઆરૂની એ છે જે શંનજાણા અંધેઆરૂ જુથી હમારી સાથ વદવાડ કરે છે. અમો અશલથી શ્રી હજાર વરશ થઈઆં હમારા વડાની રાહ

---

* પારસી પ્રકાશ પા. ૮૫૪ માં ગંગાજીરાવનું નામ છે. પણ શાપુરજી સંજાણાના કીસ્સામાં દામાજીરાવનું નામ (બેત ના. ૪૬૧ માં) જડે છે.

રશંમ પર ચાંલુ છેઉં. ને એ શંનજાણા અંધેઆરૂ પોતાનાં વડાની રાહનો કુલ (કોલ) હજાર વરસનું ભાંજવા ચાહે છે તો હવડાનાં ધરમરાજ છે. સુબેદાર સાહેબ મેહેરબાન શ્રી સમશેર બહાદુર દામાજી બાવાનું રાજ ધરમનું છે તે એ સંજાણાં અંધીઆરૂ પોતાના વડાનું કુલ ભાંજવાનું કરે તો કેમ કુલ ભાંજવા દેશો. એ વાતનો હમારી શર્વેની નીશાં છે. ને એ લોકો એજ રીતે જુથા વડતા ફરે છે. હમારાં કાગલ અશલનાં એ શંનજાણાનાં વડાંનાં લખી આપેલાં છે તથા મુનશી લોકના ઇનસાફ કરેલાં હતાં. તે ગંનનીમાઈનાં (=ધાડના) શબબે ગેરવલે પડેઆં હતાં. તે વેલામાં એ સંનજાણા અંધેઆરૂ કેટલાએક બેહદીનની હીમતથી ચોરી છુપી પોતાનું કાંમ કંઈ જુજબી કરૂં હશે. પછે હમારાં કાગલો શોધી કહાડીને શંનજાણા અંધાઆરૂઓને દેખાડાં છે. પોતે રાજી થાઈ લખી આપીઉં જે હવે પછી હમો અનાં નહી કરૂં. વડાની રાહ માફક ચાલું. વડાનું કુલ ભાંજુ તો ગુનેહગાર. અતરે લખાં પદાં કરાં ને વલી ઉથી શી કીલે શુંનગડ ફરીઆદ આવા છે. તે પર જે કાગલ હમારાં અશલનાં શર્વે લઈ દેશાઈ કુકાજી મેહેરજી તથા દશતૂર જામાશપજી તથા દેશાઈ જીવંણુજી તથા દેશાઈ ખુરશેદજી લઇ આવા છે. તેથી શાહેબ શ્રીની ખીજમતમાં શર્વે નેક રોશંન થાશે. વાશતે શાહેબ ઇનશાફની નજરે હમારો કાગલ શરવે શુબેદાર શાહેબ શ્રીનો તથા રાવ શ્રી દેવજી બાવાની ખીજમતમાહાં દેખાડી ધર્મ ઇનસાફ કરી આપવો. જે ફરી એ શંનજાણા અંધેઆરૂ ફેશાદ નહી કરે. તે પોતાને અંદાજે રહે. ને પોતાનાં વડાનું કુલ નહી ભાંજે. શાહેબ શ્રી તો ધર્મ ઇનશાફ કરી આપશો. ને જુઠાને શજાએ પોહંચારશો. એ તો હમો જાણું છેઉં. પંણ હરવખત એ શંનજાણા ફેશાદ કરી હમારા જુજમાન લોક બેહદીનો શાથે પણ વડવાદ કરાવે છે. ને જુઠા વડતા ફરે છે. વાશતે શાહેબ ધર્મ ઇંનશાફ કરીને જુઠાને શજા દેવી. કે ફરી ફેશાદ કરે નહી. ને જુદા પરે નહી તે કરી આપવું. હમો લોકોનો જુનો હજાર વરશનો રાહ છે. તે રાહથી ફરનાર નહી. ને એ શંનજાણા કુલ

ભાંજવા કરે છે તો તે થાશેજ કેમ. હવડાં ધર્મરાજ છે. ધર્મ ફરી આપશો. ને હમો તો ગરીબ લોક છેઉં. ને હમારો આશરો શ્રી માહરાજનો કે બીજો શાહેબનો છે. ને શાહેબ તો પરતીપાલ ધર્મનાં છેઓ. તો ખીજમતમાં અરજ કેટલીએક લખ્યે. એજ વીનંતી. મેહરબાંની કરી જવાબ લખાવજો. જેથી દોવાગો લોક શરફરાજ થાએ. શંવત ૧૭૯૬ વરખે ભાદરવા વદ ૯ વાર બુધે."* આ કાગળ ઉપર ૪૫) મોબેદોની સહીઓ છે. (ફરેદુન કાંગાકૃત ભગર અનજુમનની તવારીખ પા. ૬૫–૬૬ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨, પા. ૧૮).

એજ દીને (તા. ૧૪ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને) નવસારીની વડી દરેમેહેરના સમસ્ત ભગરીઆ અનજુમને ખુરશેદજી દેશાઈ ઉપર કાગજ લખ્યો હતો કે...."શવશતી રવા (?) શાલ શ્રી કાલે શુંગદ માહા ઉજંમથાંણે નેક શરવ ઉપમાહ જોગ. શદા શોભાગ શદા નેકનામ દેશાઈ શ્રી પાંચ આ. ખુરશેદજી ગુ. પ. ટેમુલજી દીનદીન દોલત જીઆદેજ. અંધીક એતાં. નવશારીથી લા૦ દોઆગો શમશતે અંધેઆરૂ શી વડી દરેમેહેરનાં હંમકાર અગલાંના કેન એજદાં પનાહ બાદ વાંચજો. જત હમે તાજેગી છે. તમારી તાજગીનાં કાગજ લખવો. જેથી જીવને તાજગી થાએ. અપરંગ વીનંતી લખવા કારન એ જે હમો શરવે કાગજ ૧ શીજી વગરનો લખો હતો. જે પોતો તમોએ લખો. દેશાઈ શ્રી રૂશતંમજીનાં કાગજ મધેનાં શ્રી શુંગડની હકીકત શરવે રદ બદલની લખી તે જાણી ખુશી થાએઆ છે. ખોદાતાલા તમારી બોલબાલા કરે. ને રૂડાં કામ શીદ કરી આવો. હમારી દોવા છે. ને શ્રી દાદાર હોરમજદની તથા બેહરામ ઈજદની તથા મુકતાદમાં વગેરે શરવે ફરેશતાની મદત તમોને હોજો. બીજું કાગજ ૧ હમો રાવ શ્રી ગંગાજી બાવાને લખો છે. આપા ગતે તો આપજો. બીજું એક દેશાઇ શ્રી કુકાજી મેહરજી ભાઇ તથા દશતૂર જામાંજી બેહ૦ (=બેહસ્તનશીન) આશાજી તથા દેશાઈજી જીવણજી માણેકજી હમારી કેન પના એજદાંબાદ વાંચજો. ને રૂડાં કામ શીદ

* ૧૪ મી સપટેમબર ૧૭૪૦ N. S. બુધે.

કરી આવજો. એજ ઘણું શું લખીએ. સંવત ૧૭૯૬ ભાદરવા વદ ૯ રોજ ૨૭ માહા ૧૧" (તા. ૧૪ મી સપટેમબર ૧૭૪૦ N. S.), (દેશાઈ પેશતનજી ખુરશેદજી કનેના અસલ કાગળ ઉપરની નકલ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૧). આ કાગળ ઉપર ૨૬ મોબેદોની સહી છે.

ભગરીઆઓ વિરૂદ્ધ ગાયકવાડ સરકારમાં બેહેદીનોએ કરેલી અરજી.

સંવત ૧૭૯૬ ના ભાદરવા વદ ૧૦, તા. ૧૫ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને નવસારી તથા સુરતના કેટલાક બેહેદીનોએ દામાજીરાવ ગાયકવાડને એક અરજી કીધી, કે સંજાણા મોબેદોને નવસારીમાં ધર્મની ક્રિયા કરતાં પાછા અટકાવ્યા તે અમોને કબુલ નથી. અને અમો તો સંજાણા મોબેદોનાં બે વડાં ઘરો જે દસ્તુર ખુરશેદજી કેકોબાદજી તથા દસ્તુર બરજોરજી કામદીનજીનાં છે તેને માન્યે છીએ. અને "ગોરને માનવા તથા દખણાં આપવી તે કાંઈ જોરાવરીની નથી. પોતાની રાજી હોય તેને આપવી." (પા. પ્ર. પાને ૮૫૫).

કેટલાક સંજાણાઓએ ખુદ સંજાણા વાદિઓ વિરૂદ્ધ કરેલી અરજી.

ખુદ સંજાણા મોબેદોમાં ફાટફુટ હતી. તેઓમાંના કેટલાકો ભગરીઆઓની તરફદારી કરતા હતા. આથી તા. ૧૫ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને રાવસાહેબ ગંગાજી બાવા ઉપર શેહેરીઆરજી ફરદુનજી, બરજોરજી મનોચેહેરજી, શાપુર શેહેરીઆરજી (શામરો) તથા બીજા છ સંજાણા મોબેદોએ અરજી કીધી કે "શંજાણા નોરોજ રૂશતમ વગેરે સુનગડ ફરીઆદ આવા છે તે જુઠા છે ને જુઠા લડે છે. નોશારી પંથકના અંધારૂ શરવ પોતાનાં વડાનાં રાહા ઉપર ચાલે છે માટે અમો એ જુઠાઓ છે તેના સામેલ નથી. કાંઈ જુઠા પડશે ને મશાલો બેશશે (?) તો એ પોતાનો આપશે. અમો જુઠાના સામેલ નથી.

વાસતે શાહેબ અમો ગરીબ પર મેરબાંની કરી તે અમારે નામે પરવાનો ૧ શાહેબની મુબારક મોહોર સાથે આવે જે અમો ગરીબ લોક નચીત રહેઉ. એ જુઠા નોશારી પંઠના અધારૂ સાથે વડે છે વળી પાંચ દહાડે અમો સાથે વડે. વાસતે શાહેબને ચરણે અરજ લખી છે. એ વીનંતી સંવત ૧૭૯૬ ભા૦ વદ ૧૦ "† (ખેરગામ કેસનો અહેવાલ પાને ૧૦૮–૧૦૯).

ઉપલાજ સંજાણા મોબેદોએ ત્રણ દિવસ બાદ ગંગાજી બાવા ઉપર એક બીજો પત્ર નીચે પ્રમાણે લખ્યો હતો:—

"અમો શંજાણા અંધેઆરૂનો કેન શ્રી રાંમ રાંમ વીનંતી કરી વીનવેઆ છે. ને શાહેબ શ્રીની ખીજમતમાં અરજ લખી છે જે શંજાણા અંધેઆરૂ જુઠી લડાઈ લડવા શ્રી સુનગડ આવીઆ છે. શ્રી શુબેદાર શાહેબનાં ધરમ રાજમાં જુઠાનું ચાલશે નહીં. પણ અમોએ એવી ખબર સાંભળી છે જે આજ વરશ હજાર એકનો વડાંનો કોલ ભાંગવા કરે છે જે પરાએઆ પંથકમાં કાંમ કરવા માંગે છે તો એ ધરમરાજ શ્રી શુબેદાર શાહેબનું છે તાં અધરમ થાશે નહીં. બાવા શાહેબની ખીજમતમાં અરજ લખું છેઉ જે એ શંજાણાં અંધેઆરૂ પોતાની મતલબનું કાંમ કરવા માંગે છે. ને પારકા પંથકમાં અમલ કરવા માંગે છે* તો વરશ હજાર ૧ નો બાંદ (=બંધન) વડાંનો બાંધેલો છે તે એ કેમ ભાંજશે. એઓની શી કુદરત છે જે પરાએઆ પંથમાં અમલ કરે, ને અમારા પંથકમાં બીજાને અમલ આપે. પોતાની મતલબે વડાંનો કોલ ભાંજવા માંગે છે ને અનેઆ કરવા માંગે છે તો એ શુબેદાર શાહેબના ધરમ રાજમે થાશે નહીં. એ વીનંતી કરી લખેઉ છે જે એ શંજાણા અંધેઆરૂ જો કાંઈ નવુ કરવા માંગે તો તેઓને દોહાઈ શ્રી શુબેદાર શાહેબની છે કદાચ કાંઈ નુદીગર એ કરે તો

---

† તા. ૧૫ મી સપટેમબર ૧૭૪૦ N. S. ગુરૂવાર.

* "ને શમશતે ભગડીઆ અંધેઆરૂને શ્રી આતશની અગીઆરીનું કામ કરવાની રજા આપા કરે છે," આ ફકરો જામારૂપજી મેહેરજી રાણાના હસ્ત લેખ ના. ૨ પા. ૩૨ માં છે.

કઈ જમુર (?) થશે. એ વીનંતી લખતાં ચુક પડી હોય તે ગરીબને માફ કરવી. સંવત ૧૭૯૬ ના ભાદરવા વદી ૧૩ ને દીને લખેઉ છે." (૧૮ મી સપટેમર ૧૭૪૦ N. S.), (ખેરગામ કેસનો અહેવાલ પાને ૧૧૦ તથા જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૨).

આ પ્રમાણે સંજાણાઓ કોરટે ગયા, તેઓની વિરૂદ્ધ તેઓમાનાંજ થોડાક થયા, તેથી તેઓનો કેસ ઘણોજ નબળો બન્યો હતો એ તો ખુલ્લું છે.

ભગરીઆઓ કેસ જીત્યા તેથી તેમને મળેલાં હોકમનામાં.

બંને બાજુનું સાંભળી લેઈ ગાયકવાડ સરકારે ભગરીઆઓની તરફેણમાં ચુકાદો આપ્યો. ભગરીઆઓ કેસ જીત્યા, માટે તેમને નીચે પ્રમાણે એક પરવાનો તા. ૧૮ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને કોરટે કરી આપ્યો હતો :—

"શ્રી રાવશ્રી શુબેદાર દામાજીરાવ ગાએકવાડ શમશેર બાહાદૂર વાઃ (=વચનાત્) કશબે નવશારીના અધ્યારૂ ભગરીઆ શમસ્ત જત માલૂમ થાએ જે શંજાના અધ્યારૂ તમારા પંથકમાં રહે છે તે ફરીઆદ આવ્યા જે અમો અમારી જાતનુ કામ કરૂ તે પર તમોને હજૂર બોલાવ્યા ને તજવીજ કરી તે વારે તમારા કાગળ પત્ર શરવ જોઆ તેથી તમારૂ રાસ્તી જાહર થઉ કે કદીમથી તમારા પંથકમા શંજાના અધ્યારૂ રહે છે તેનુ કામ જીવતા મુવાનુ તા. ધરમનુ શરવે કામ તમો કરતા આવ્યા. આતશની પૂજામા તમારી વતી શંજાના અધ્યારૂ તમારા જીવતાં તા. મુવા ત્થા ભોગ ફૂલારૂ ચઢાવતા આવ્યા માટે તમારૂ કદીમ રાહા ચાલે આવ્યા તે પરમાને ચાલજો ને કધી શંજાના અધ્યારૂ કદીમ રાહા મુકીને તમારા પંથકમાં પોતાનુ કામ મુવા જીવતાનુ પોતે કરે તો તમે ભી તમારા કામ શરવે શંજાનાના પંથકમાં આતશની અગીઆરીમા આતશની બોએ પણ તમો દેજો તમો તમારા કામ કરજો. તમારા તાલૂકાના પંથક શુરત ત્થા શોનગડ ત્થા

મુબહી ત્થા વશહી ત્થા કલાની વગેરે છે તેમાં તમારાં જેજમાન બેધીન વગેરેનુ કામ કુલ જીવતા તા. મુવાનુ શુદામદ કરો છો તે પરમાને કરજો વાજબી શુદામદ હુક છે તે લેજો તમારા પંથકમા બીજો (કો)ઈ દખલ કરે નહી તે ધરમની રાહા કદીમ છે તે પરમાને ચાલજો નઉ કરશે તે પશેમાન થાશે તાકીદ જાનજો. શા. ૧૭૯૬ નો ભાદરવા વદી ૧૩ દીને.* બીજુ બેહેદીનનુ મુવા જીવતાનું કામકાજ કરજો." (દાકતર જી. જ. મોદીનું A Few Events in the Early History of the Parsis માં ફોટોગ્રાફ, ખેરગામ કેસ પા. ૯૭ તથા પા. પ્ર. પાને ૮૫૫ તથા જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૩ પા. ૪૭).

એજ તિથિનો એજ મતલબનો એક **બીજો પરવાનો** નીચે મુજબ છે :—

"રાવ શ્રી દેવજી રાવજી તાકપીર† વા. કશબે નોશારીના અધારૂ ભગરીઆ શંમસ્તને માલુંમ થાએ કે શંજાણાં અધારૂ તમારા પંથકમાંહાં રેહેછે તે ફરીઆદ આવા જે અમે અમારી જાતનું કાંમ કરૂ તે ઉપર તમુને શોબેદાર શ્રીએ હજુર બેલાવા ને તજવીજ કરૂ...."

નોંધ—આ પરવાનાનો બાકીનો ભાગ લગભગ ઉપલા પરવાનના જેવોજ છે. ફકત "આતશની બોએ પણ તમો દેજો" આ વાકય ને બદલે "ન્યાસ તથા બોએ પણ તમો તમારી દેજો" વાકય છે. (દાકતર જી. જ. મોદી કૃત A Few Events માંનો ફોટોગ્રાફ. ખેરગામ કેસનો અહેવાલ પા. ૯૬ તથા જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૭).

સંવત ૧૭૯૬ ના આશો શુદ ૭ (તા. ૨૮ મી સપટેમબર ૧૭૪૦ N. S. બુધે) ને દીને એક **ત્રીજો પરવાનો** નીચે મુજબ હતો :—

---

* તા ૧૮ મી સપટેમબર ૧૭૪૦ N. S. રવિવારે.

†દામાજીરાવ (બીજા) ગાયકવાડના સેનાપતિ (જોવો દા. મોદીનું A Few Events પા. ૯૧).

"રાવ શ્રી ગંગાજી ગાએકવાડ વચનાથ. કશબે નોશારીના અધારૂ ભગરીઆ સમસ્તને માલુમ થાએ કે શંજાણા અધારૂ તમારા પંથકમાહા રહે છે તે શુબેદાર શ્રી આગલ ફરીઆદ આવા જે અમે અમારી જાતનું કામ કરૂ તે ઉપર તમુને શુબેદાર શાહેબે હજુર તેડાવી તજવીજ કરૂ..." (આ પરવાનાનો બાકીનો ભાગ ઉપલા બીજા પરવાના જેવોજ છે), (દાકતર જી. જ. મોદીનાં A Few Events માં ફોટોગ્રાફ. ખેરગામ કેસનો અહેવાલ પા. ૯૭ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૭).

ભગરીઆઓ કેસ જીત્યા તે વિષે સોનગઢ ગયલા મોબેદોએ નવસારીની અનજુમન ઉપર લખેલો પત્ર.

ભગરીઆઓ કેસ જીત્યા, તેની ખબર તા. ૨૬ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને સોનગઢ ગયલા મોબેદ સાહેબોએ નવસારીની ભગર અનજુમનને આપી હતી, તે પત્ર નીચે પ્રમાણે હતો :—

"શદા મહેરબાંન શદા શરફરાજ શ્રી નેકનામ ધરંમ કરતે દસ્તૂર શ્રી તથા હંમકાર તથા શ્રી પાંચ ભગડીઆ અંધેઆરૂ શરવ દીનદીન દોલતે પરતાબ જીઆદા લા૦ શુંગડથી શદા ફરમાંન બરદાર કંમતરીન નેકખાઓ દેશાઈ કુકાજી મેહરજી તથા દસ્તૂર જાંમાશ્પજી વીરથમાંની આશાજી તથા દેશાઈ જીવંણુજી માંણેકજી તથા આ૦ બચાજી મેહરનોશજી તથા શેવક શદાનો દેશાઈ ખુરશેદજી ટેમુલજીનાં શલાંમ વાંચવા. જત અતરે પંચ શ્રીની મેહરબાંનીથી ખુશાલી છે. શ્રી અંનજુમંન શ્રીની મેહરબાંનીનું કાગલ શુલહ* તાજેગીનો આવો તે વાંચેઆથી ખુશાલી થાઈ છે. ને શુબેદાર શાહેબજી વગરને અરજદાસ લખી તે ગુજારશું. પન ચંતા કશી છે નહી. શુબેદાર શાહેબજીનું ધર્મ-રાજછે. અશલ ધર્મરાજ જે શાંભલતાં તે હંમણાં નજરે જોઉં

*કેટલાક નકલમાં "સકલ" શબ્દ છે.

છું. એ ધર્મરાજની ખુબી ખુશાલી લખવામાં આવે નહી. શ્રી હોરમજદ એ રાજને શદા અવીચલ રાખે. ને કાગજ શરૂવનાં શારી વખતે પોહચાં છે. પણ કાંમ પડશે તો આપશું. જે કાંએ જે શુબેદાર શાહેબજી ધરંમ રાજ રાશતી કરે છે. તેથી જુડાનું જુડાપણું ચાલતુંજ નથી. ને કાલ રોજે શુબેદાર શાહેબજીએ આપણીજ મજકુર કાદીને તેજવીજ કરૂં. તારે રાવ શ્રી દેવજી* બાવા તથા દીવાંનજી શ્રી વગેરે કહીઉં જે પેલા ભગડીઆ અંધેઆરૂ રાશતી વાજબી રદ બદલ કરે છે. ને શંનજાણા શરીન જુડા છે. એકુ વાત પર આવતા નથી. ભગડીઆ કહે છે જે આપણા વડા કદીમ ચાલતા આવા તેમ ચાલો. તેમ ચાલો નહી ને વડાનું કુલ ભાંજી તમારૂં કામ કરો તો હમોભી હમારૂં કાંમ કરૂં. આતશની અગીઆરીમાં બોય દેઉં. તથા તમારાં પંનથકમાં કાંમ કરૂં. એ તો રાશતી છે. તારે શુબેદાર આગલ તે શંનજાણાએ કહેવાઉં જે નહીં તો અમો હમારા વતંનમાં પંથકમાં જાઉં–અમોને આતશ લઈ જાવા દેતા નથી, તે જવા દીએ. તારે શુબેદાર શાહેબે હોકંમ કરો જે એ શરીર બરજીદતે જુડા છે. માટે એને કહો જે તમારા પંનથકમાં જાઓ. એ ભગરીઆના પંથક વતનમાં રહો મા. ભગરીઆનાં પંથકમાંથી જાઓ. ને રહેશો તો તમારાં કાંમ શરવે બગડીઆ કરશે. એ હોકંમ શુબેદારજીનો થાએઓ છે પોતાને મોહટે શંનજાણાં થરાવું છે. ને હોકંમ પંણ થએઓ–તે ઉપર હમો પંણ કબુલ કરૂં. જે એ શર્વે જાએ તો હમારો ફેશાદ લડાઇ શરવે ભાંગે. એ શરવે કરાવે છે. ને રદબદલ થાઈ તે દેશાઈ રૂશતંમજી ટેમુલજી તથા દેશાઈ દાદાભાઈ માંણેકજીના કાગજથી રોશંન થાશે. શંનજાણા પોતાનાં પંથકમાં જાએ એ હોકમ થાએઓ છે. તે આપણે તાં રાશતી છે. જેથી ચંનતા કશી છેજ નહી. જુડા રશવા થાએઆ ને થાશેજ. શદા એ જમાંતે મેહરબાંનીથી રોશે શી (?) પર દોવા માંગજો ને ચાકરી ફરમાંવજો. સં. ૧૭૯૬ નાં રોજ ૯ માહ ૧૨” (તા. ૨૬ મી સપટેમબર ૧૭૪૦ N. S. સોમે).

---

*દેવજી રાવજી તાકપીર સેનાપતિ.

આ. કુકા મેહેરજીભાઈના* દોવા વાંચજો.

કમતરીન દોઆગો એ. જામાશ્પ આશાજી પંના એજદાં-બાદ વાંચજો.

શ્રી અનજુમનનો ચાકર શ્રી ખુરશેદજી ટેમુલજીનો શલામ વાંચજો.

શદા શેવક આ. જીવણજી માણેકજીની† શદ હજાર આફરીનબાદ વાંચજો. તમારી પોનાથી તથા રાશતીની બરખતથી શારૂં થાશે ભુંડા ઉધા પડશે. (રૂસ્તમજી જા. દસ્તુરકૃત કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ બીજો પા. ૭૬-૭૭, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૦).

ભગરીઆઓ કેસ જીત્યા તે વિષેના વિગતવાર અહેવાલનો કાગળ દેશાઈ ખુરશેદજીએ શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર લખ્યો હતો તે.

ગાયકવાડની દરબારમાં સંજાણા તથા ભગરીઆઓ વચ્ચેનો કેસ કેવી રીતે ચાલ્યો હતો, તેના વિગતવાર અહેવાલનો લાંબો કાગળ સંવત ૧૭૯૬ ના આશો શુદ ૧૧ (તા. ૧ લી અકટોબર ૧૭૪૦ N. S.) ને દીને દેશાઈ ખુરશેદજી તેહેમુલજીએ આ. શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર લખ્યો હતો. શેઠ માણેકજી સુરતના એક આગેવાન માતબર ભલા સ્વભાવના ધર્માતુ ભગરીઆ આથોરનાન હતા. તેઓ ભગરીઆ શેઠ રૂસ્તમ માણેકના બેટા નવરોજીના બેટા હતા. અને પોતાના વખતમાં ભગરીઆઓના વડા ગણાતા હતા. તેમણે મુંબાઈમાં કોટની માણેકજી શેઠની અગીઆરી તથા વાડી નામનાં જાણીતાં ધર્મ ખાતાં સ્થાપ્યાં હતાં. અને તેના નિભાવ સારૂં મોટી મીલકતો મુંબાઈમાં અનામત રાખી હતી, જેની ઉપજ હાલે મોટી છે. તા. ૩૦-૧-૧૭૪૭ ને દીને તેમણે નવસારીમાં પત્થરનું એક દખમું બંધાવી આપ્યું

*પોલીઆ દેશાઇ. †પોલીઆ દેશાઇના તથા દેશાઇ ખુરશેદજીના બાપ.

હતું, તથા મુંબાઈમાં બીજાં (માણેકજી શેઠનાં નામવાલાં) દખમાંનાં ઉઘરાણામાં રૂ ૨૦૦૦) આપવા ફરમાવ્યું હતું, પણ પાછળથી વધારો કરી રૂ ૨૫૦૦) આપવા કહ્યા હતા. આ ઉઘરાણાંની રકમ પુરતી નહિ હોવાથી એમની બે ધણીઆની તથા વારસોએ એમની નઇઅતે બાકીનું નાણું પૂરૂં પાડી, એ દખમું એમને નામે બંધાવી પરઠાવી આપ્યું હતું. એઓ પ્રત્યે ભગરીઆઓ તથા સંજાણાઓ બંને માનની નજરે જોતા હતા. સબબ તેમણે બંને પક્ષોમાં સુલેહ ફેલાવવાની બહુ કોશેશ કરી હતી. દેશાઈ ખુરશેદજીએ એમના ઉપર કાગળ* લખ્યો હતો તે બોલેબોલ નીચે પ્રમાણે હતોઃ—

"શેઠજી શ્રી શાહેબ શદા મહેરબાન ફેજરશાંન શ્રી૦ ૫ આ૦ શ્રી માણેકજી ગુ. શેઠ નવરોજી દીનદીન દોલતે પરતાપ જીઆદતે. વીનંતી નવશારીથી ચરનરજ શદા દુલતે શાહા ચાકર કદીમ આ. ખુરશેદ તેમુલજીના સલામ વાંચવા. જતે જશાત શેઠજી શાહેબની મેહરબાંનીથી તાં શાહાથી તાજગીર છે. શેઠજી શાહેબની મુબારક જાતની મુલતાજગી ચાકર જાંણી નવાજેશ કરવી. જેથી શરફરાજી હાંશેલ થાએ. ને શાહેબજી હમારા શરતાજ છેઓ. જેનાં મુબારક શાહાથી હમો આશો શુદ ૧૦ ને વાર શુકરે શુંનગદથી ખુશાલીએ નવશારી આવા છેઉં. ને શાહેબ હમારા શરતાજ મુરબી છો. જેના શાહાથી ને વડાના પુન પરતાપથી ને રાશતીથી શરવે મોરાદ હાંશલ કરી આવા છેઉં. ને શાહેબજી શંનજાણો ભીખાજી રૂશતંમજી ત્થા નવરોજી રૂશતંમજી એ બેઉ ભાઈઓ શુબેદાર આગળ ફરીઆદ થાએઆ તાં ઘનું ઘનું જુહું બોલા. કંઈ કમી કશી વાતની રાખી નહી. એની શાથે બીજા જણ ૬ ત્થા ૭ હતા તેનાં રાશતીથી બરકત દીધાથી કંઇ બોલા નહીં. ને એ બેઉ ભાઈઓ કશી વાતે કમી રાખી નહીં. બદખાહ બીજા બહેદીનોનાં શીખવેઆથી ઘનું

*આ કાગળ ઢાલની એક બાજુ બતાવે છે. ઢાલની બીજી બાજુ સંજાણાઓએ શેઠ માણેકજી ઉપર લખેલાં ઇ. સ. ૧૭૪૬ વાળાં કાગળમાં છે, તે હવે પછી જોશું.

બેહકી બોલા. બરાંમત પણ જુઠી ગની કારી લાવા. એવાની વાત કીધી. મુલતગ કંઈ કમી રાખી નહી. પંન શુબેદાર શાહેબજીનું ધરંમરાજ તેથી હમારૂં રાશતી રોશંન થાઇઉં. જુઠા ઉંધા પડેઆ ને રશવા થાએઆ. ને ફજેત પુરા થાએઆ. જે ધરંમને રાશતી હતુ તેજ થાઇઉં છે. ને જુઠાનાં મોઢાં કાલા થએઆં છે. ને જે એ વાતમાં શામેલ હતા બેહેદીન શુરતનાં ત્થા નવશારીનાં તે પણ રાશતીની બરકતથી રશવા ને ફજેત થાએઆ. તે તાં લખામાં આવે નહી, એવા પુરા ફજેત થાએઆ છે. ને ચાકરનું રહેવું શુનગદ દીવસ ૨૪ થાએઉં. તેમાં શુબેદાર શાહેબ આગલ વાર ૫) રદબદલ શંનજાણા સાથે ઘની થઇ. રાવ શી શાહેબે દેવજી બાવા તથા દીવાંનજી શ્રી માધવજી ગોવંદ આગલ પણ ઘની થાઈ, ને ધરમનો મુકદમો ને શુબેદાર શાહેબ ગરીબ પરવરનું રાજધરંમ તેથી શરવેએ હમારી રદબદલ શાંભળી તથા શંનજાણાની શરવે રદબદલ શાંભળી. કાગજ પંણ જોએઆં જેથી શરવે રાશતી હમારૂં જાહેર થાએઉં. કે તાંહ દરબારમાં પદનાર જેવાં માણશો હતાં ત્થા મુતશદી લોકો ત્થા જુનેગઢથી તે શુરત જંલાના દેશાઈ ત્થા શાહુકાર લોક હતા. તેમાં શરવે જાહેર થાએઉ. જેથી શરવેએ ભગડીઆ અંધેઆરૂનું રાશતી ને વાજબી થરૂં. શરવે આલંમે શનજાણાને જુઠા ને લુચા ને બરજાદમાં કાદા. જે જુઠા વદે છે. જાબજા શંનજાણાનું જુઠામાં થરા ને શંનજાણાએ બેહેકવામાં કમી કીધી નહીં. તારે હમુ એ મુચલકુ લખવા મારૂં. જે બરાંમત કાદે છે. જે તેહકીક કરી આપ. નહી તો તમે જે પઢે તેહકીક નહી કરો તો તમો રૂ. ભરો. જે પછે મુચલકુ લખે નહી. તેથી શરવેની પુરી નીશા થાઈ. જે જુઠા તો થરા. જે તાર પછે રદબદલમાં એ થરૂં, જે જે વડા કદીમ તે રાહ ચાલો. નવું કંઈ કરો માં. તાર પછે હમો કહું જે વદાના રાહપર ચાલે તો તે પણ હમારે કબુલ છે. ને જો તમું તમારૂં કામ હમારા પનથકમાં કરો તો હમોબી તમારા પનથકમાં ત્થા આતશની અર્ગીઆરીમાં હમો હમારૂં કાંમ કરૂં ત્થા આતશની બોએ હમોબી દેઉં. તેપર શરવે કબુલ કરૂં જે

વાજબી છે એમ કરો. તારે શનજાણા બંધમાં આવા. તારે કહે જે શાહેબ એ લેખ શરવે જુઠા છે. તેઆરે હમો કહું જે એ શરવે જુઠુ હોય તો મુચલકુ લખો ને પનચાત એ લખાં જુઠાં કરે તો હમુ ગુનેગાર. તારે મુચલકુ લખું નહી. તાર પછે શુબેદારજી શાહેબે હોકમ કરો જે પરવાંનો કરી આપો. જે કદીમ રાહ અશલ ચાલો જે પરમાણે ચાલે. નવું કરે નહી ને શનજાણા ભગડીઆનાં પંનથકમાં પોતાનું કામ કરે તો ભગડીઆ અંધેઆરૂ પણ આતશની બોએ દેએ. તથા શનજાણા પોતાનાં પંનથકમાં કામ કરે. અતરે હોકમ થાએઆ. તે પરે પરવાનું થાએ. તથા રાવશ્રી દેવજી બાવાનું થાઓ ને તે પરવાનો હમુને આપી વડા કરા. તાર પછી ફરી શનજાણા શુબેદારજી કંન ગીઆ જે હમુને જુઠામાં કાઢા. પણ એ લખાં પડાં જુઠાં છે. માટે શાહેબ હમારા મુનશફ કરો. ને તે ચુકવે તે કબુલ. તાર પછે હમુને બોલાવા. તારે હમો કબુલ કરૂં જે હમારે કબુલ છે. મુનસફ પર હમો પંણ રાજી છઈએ. હમારૂં રાશતી છે. તેથી શરવે રોશન થાશે. શાહેબ, એ શંજાણા જુઠા છે. તે વરી તો કામ કરશે. મારીકદાવામાં કે પંચ પેર એ રાજી છે. તો ગનું શારૂ. તેઆરે હમોએ કહીઉં જે પાંચ માણશ જેવાં શારા પાંચ વાણીઆ જેવા સારા દબોઇ વદીદર તથા ગુજરાત વગેરેનાં દેશાઇ છે તે શરવેને બોલાવો જે રાશતી જાહેર થાએ. તારે શનજાણા વલી હીલો લાવા જે શાહેબ એ પંચ હમારા ધરંમમાં સમજે નહી. એ પર તો હમું કબુલ નહી. શુરતના પાંચ બેહેદીન તથા નવશારીના પાંચ બેહેદીન પારશી બોલાવો. તારે હમો અરજ કીધી જે એ પારશી બેહેદીન પર એટલા વાશતે રાજી છે જે એને મલતાં છે. બેહેદીનને અમોને વલવા પણ તે જન ૧૦ દશ તથા ૨૦ વીશ કરે છે. તે પર એ રાજી છે. જો એ પોતાના મલતા લાવે તો હમો બી હમારા મલતા લાવું. તે વારે શુબેદાર શાહેબે કહયું જે એ બી કબુલ. પાંચ પાંચ તમારા કરો ને તે તમારા પેર પાંચ અમીને પાંચ માંણુસ તથા પાંચ વાણીઆ તથા પાંચ પરગણાનાં દેશાઇ બોલાવીને જે પાંચ જણા જેને જુઠાં

કરે તે ગુનેગાર. એ તરે કહીને રાવજી શાહેબ ગંગાજી બાવાને હવાલે કરો. જે તમું પરગણામાં જાઈ અતરે શરવેને મેલવીને ધરમ રાશતી કરો ને જુઠાને શજા દેવ. એ કરી રજા આપી.*

તઆર પછે વરી રાતે શનજાણા જાઈ ફરી પદા. ને શહવારે વરી રજુ થએઆ. જે શાહેબ મનશફ આવા. ને રાવશ્રી ગંગાજી બાવા હજુર તો શરવે મંનલે દેશાઈ ખુરશેદજીનુંજ કરે. જે એ રાશતી છે. ને હમુને જુઠા કરી રવશી હેરાન કરે. માટે મુનસફ કરે પણ હમો રાજી નહી. તાર પછે શુબેદારજી આગલ શરવે મુતશદ્દી વગેરે બોલા જે એ જુઠાં ને લુચા છે. એકુ વાત પર આવતા નથી. તારે શુબેદારજી કહે જે જુઠા ને લુચા છે. માટે હવે એવો ધરમથી સમજાતા નથી. તો હવે એ પર મશારો કરો. જે મનસબ લાવે. શાહેબ કેશો જે એવડું શું જે શુબેદારજી એવદી બરદાશત કરે. તેનું જાણવું જે શુબેદાર શાહેબનાં હમણાં ધરમ જે અંનશાબ કરે છે તે શરવે મુસદ્દીને કહે છે. જે ધરમ જે કરો આગલ ધરમરાજ સાંભલતાં, તે હમણા નજરે જોવું છું. શ્રી હોરમજદ એવા રાજા ધરમ શુરતને શલામત રાખે. કાંએ જે હમો દીન રપ રદબદલી કીધી પણ પૈશો એક બરા જાત પણ બેઠો નહીં. ને આલમનું ને ગડપરથી ફરીઆદ ગરીબ લોકુ વીગેરે આવા છે. શરવે મોરાદ પાંમે છે. પણ મોશુલ કોઇ પર કરવો નહી. ધરમથી અનસાફ કરે છે. તે ખુબી લખવામાં આવે નહી. ને અમને ને શંનજાણાને કહે જે તમો બેહુ જંણાં શમજી જાવ ને એ શંનજાણાએ પેહેલા પાંચ પૈસા ખરચા કાંઇ હોશે. જેથી જણ તરણ કામનાએ શનજાણાની ગોર ઘની કરી. પણ રાશતી હમારૂં તેથી કોઈની હેમાએત ચાલી નહી. તાર પછે વરી શંનજાણા મનસુબો એક કરી લાવા ને એની તરફથી બરામન હતાં તેહને કરી શુબેદારજી શાહેબને અરજ કરી જે શાહેબજી એ ભગડીઆ કદીમ શુદાઆમદ ધરે છે. તો હમું તો આતશ પાછલથી લઈ ભગડીઆના પંથકમાં

---

* "એ ફરી શજા આપી" આમ જામાસપજી મહેરજીરાણાના હસ્ત લેખમાં છે, તે ભૂલ દીશેછે.

આવા છેઉ. માટે અમને રજા આપો. જે અમુ અમારા પંથકમાં આતશ લઇ જાઉં. દેશાઈ વગેરે અટકાવે છે તો જો અટકાવે તો અમુને અમારૂં કામ કરવા દીએ નહી. ને અમારા પંથકમાં જાવા દીએ. તારે શુબેદારજીએ ફરી ફરી શંનજાણાને પુછાવું જે તમો એ વાતે રાજી છો. હવે ફરી વડશો ને બાનું કારશો તો માર દઈ ગથદેલ શાડશે (?) તારે શંનજાણાએ કબુલ કરૂં. હવે એથી ફરૂં નહી. તાર પછે રાવશ્રી દેવજી બાવાએ કહીઉ જે ગનું શારૂં. ને તાં શુબેદારજીએ બોલાવીને એ ઠરૂ તે કહેઉં. તારે રાવશ્રી દેવજી બાવાએ કહેઉં જે ઘણું સારૂં. શનજાણા બરજાત હરામી છે. ને દમણ પરગણાના છે. માટે એને કાદી મુકું. જે તાંહાં જાએ. ને ફેસાદ ભાંગે. અશલ ખુન પન એ રાહા એજ પદાવા કરે છે. તે વરી અમણાં એવું લાવેચ. જુઠા જે ફરી એ વતંન સારૂં ખુન પદે. માટે એ શનજાણા લુચા છે. કાદી મુકો, જે નવશારીમાં રહે નહીં. એ મુકરર થએઉં. ને શવારમાં હોકમ કરો જે તમો તમારા પંનથકમાં જાવ. ને અમને તથા શંનજાણાને બોલાવવાની તાકીદ કરી જે શનજાણાને કાદી મુકો ને પોતાના પનથકમાં જાએ. તારે અમોએ કહીઉં જે અમો તાંહ કાઢી મુકતા નથી. તે પોતાની ખુશીએ જાએ તો શુખે જાએ. ને જે અમારા પનથકમાં શુરત વગેરે જાહાં રહેશે તહાં તો હમો કદીમ રાહા પરમાણે સરવે કામ શનજાણાનું કરશું. તાર પછી શનજાણાને રજા આપી. જે તમો જાવ. તારે ભીખો બોલીઓ જે શાહેબ હમો તો ઉમેદવાર થાએઆ. ને વતનમાંથી કાદી મુકો છો. ને શહેર બાર કરાવો છો. તારે શરવે કહે જે તમો કબુલ રાજી થાઓ, નહી તો પુરા ફજેત થાશો. તારે ભીખાજી કહે જે શાહેબ કબીલો નવશારી રહેશે. હમો આતશ લઈ શુરત જાઉં. પહેલા પણ શુરત લઈ ગયાતા. માટે સુરત જાવું કે સોનગઢમાં લાવું એમ ઘણો સમજાવો જે કબીલો તમારો હમારા પંનથકમાં નવશારી તથા શુરત વગેરે રહેશે તાં જીવતાં મુવાંનાં કાંમ અમે કરૂં તો નાહક શ્રી આતશજીને શાને રશવા કરો છો. પંન બોલા નહી બોંહશ પડી

તેથી કહે જે હમો તો લઈ શુરત કે સુનગડ જાશું. અમુંને તાંહાં તમુ શેહેરબાર કાદવા માટે જાશું ત્યારે કેહશું જે કબીલા શુધાં જાવો તારે કહે જે કબીલા તાંહાં અમારા ઘેરમાં રહેશે. તારે દેવાંનજી શાહેબે શ્રી માધવજી બાવાએ ઘનું કહયું જે જે વાતની લડાઈ છે તે કાંમ તાં એક રશતે તમારા એક કબીલા રહે છે. તેની તો આતશને કાંએ રખડાવો છો. તારે હમો કહીઉં જે એ લોકની પેદાએશ છે જે કમાવા બાર લઈ જાએ છે. તારે શરવે એ કબુલ કરૂં જે બરજાત દેખું. જેની લડાઇ લડે છે તે કામ તાં દેશાઈ કરે. ને તાં દેશાઈ વગેરેનાં એ જે કહે છે જે કદીમ અમે કરૂં છેઉં જે હમો કરૂં ને તમો આતશની પુજા કરો છો કદીમ તેમ કરો. પણ એ હરામજાદા દેખું. પછે દેવાન શાહેબ અમને કહે જે તમારે તો ગતું હતાં. તેનું આહો કરીને આપો છો તો હવે તમો બોલો માં. પછે હમોને વરી પરવાંનો કરી આપો, જે સનજાણા પોતાનાં પંનથકમાં જાએ તો જાવા દેજો. તં તમારા પંનથકમાં રહે તો તેનાં કામ મુવાં જીવતાંના કદીમ પરમાણે તમો કરજો. અતરે વરી બીજા પરવાંનું શુબેદારજીએ કરી આપો. તથા રાવ શ્રી દેવજી રાવજીએ પરવાંનો કરી આપો, તથા રાવ શ્રી ગંગાજી બાવાએ પરવાનો કરી આપો, જે શાહેબ જેવા શરદારોના મુબારક શાહાથી શરવે કામ રાશતીથી ઘનું શારૂં અશતું પાર પુછીતું થાઈઉં છે. શ્રી હોરમજદ સદા એવી મોરાદ પુરી પાડે. તે જુઠા રશવા થાએ. એવી ખુશાલી થાઈ જે લખવામાં આવે નહીં. તે શરવે પરતાબ શાહેબનાથી. ને તે પરવાંના બી શાહેબની ખીજમતમાં જોવાને મોકલશું. તેથી રોશંન થાશે. રાશતીનો ધરમ હતો તે તજવીજ વારેવાર ફરી થાઈઉં છે. **ને શનજાણાને પન પરવાંનો કરી આપો જે તમો તમારા પનથકમાં જાઓ.** એ નીપજીઉં છે. શંનજાણા શરવે જાવા પર કંઈ રાજી નથી. એ ભીખાજી ગાજી ગના દાનાવ થઈ હાલમાં નીશરીઆ છે. તે પોતાની હાલના જણ ૫ તથા ૭ સાથે છદા જાવા નીશરા છે.

ને બીજા ભાગેઓ શેરીઆરજી ફરદુનજી* છે. તેનું શુબેદાર આગળ ભીખાજીએ જાહેર કરૂં જે તે ભાગીઓ આતશ લઈ જાવા દેશે નહી ને વડશે. તારે શુબેદારજી વગેરે કહયું જે તારો ભાગીઓ છે. તું રાજી કરી લઈ જા. કાંઈ મારી તાકાત નહિ. એ તરે કહીઉં. શું અરજ લખું. કાંઈ લખામાં આવે નહી. પછે અમને તાં શુબેદાર શાહેબજીએ ઘની નવાજેશ ને મેરબાંનીથી વડા કરા. કબીલામાં જઈ ફરો તેથી હમો તાંહાં ખુશાલ શાહેબના શાહેઆથી આવા, ને શનજાણા તાં રહેઆ છે. કાંએ જે શુરત કાગજ પોતાના મળતાં બેહેદીનોને તથા નવશારી પણ લખાં છે, જે હવે તો એ બનું. તેના જવાબ આવા પછે આવશે. ગનાં શાહેબજી એ ભીખા તથા તેના ભાઇએ નાદાન ગનું કરૂં છે. તે લખવામાં આવે નહીં. પંન રાશતીથી ફજેત રશવા થાએઆ તે લખવામાં આવે નહીં. શાહેબજી અરજ એ જે બો. બમનજી લીમજીએ શંનજાણની શેપારશને ખાતર કાગલ ૧ એક રાવ શ્રી શાહેબ દેવજી બાવાને તથા કાગજ ૧ એક દેવાંનજી શ્રી માધવજી વગેરે મળતાં જન ૪ ને લખાં હતાં. તેમાં હમારે કાજે જે ગનું જે તહાંની જાતે ખુબી હતી તે જાજી ખુબી લખી હતી. ઘનું કરીને કાગજમાં અમને અતબાર નહીં. જે બમંનજી પોતાનાં ભાઈ કેવાડે છે. ને એવું જુઠાણું લખે નહી. પછે તે કાગજ હમે જોએઆં. તેથી ભલા માણશના દસકત જોએઆથી નીશાં થાઈને રાશતી હતું તે રાશ થાએઉં. ને વરી મીથાસ જે જુઠાં ગરફતાર જાશે. ને જે દેવાંનજી વગેરે તે કાગજના જવાબ બમંનજી લીમજીને લખાં છે. જે ધરમરાજ છે. માટે રાશતી હશે તે થાશે. ને વો૦ બમનજીની ખુબી જાજી તથા બુનીઆદી તથા ફેલ શરવે હમો પંન શરવેને રોશંન કરાં છે. જે એ કુમાશનાં છે. તે રોશંન થાવા લખું છે. ને શાહેબજી બદખાહ ઘનાં અદેખાઈથી નેક-બાલના કરા તો જુઠાથી શાચું હોએજ નહીં. જે લેઆનત જુઠા પર પરી છે. તેનું ઉલટું કરી હમારા નાંમે બોલા તેથી મુબારક મન તમોએ

* શાપુર શામરાનો બાપ.

ચેતાવું ચજી. હશજપના શાહેબ શરખા મુરંબી ધરમ શુરતનું શાહા હમારા શર પર કદીમથી છે તેથી ચંનતા કંઈ હતી નહી, ને છે પન નહીં. માટે રોશન દીલમાં બદખાહાનાં કહેઆથી જરા મુતલક ચંનતા કંઈ લાવવો નહી. કમ જવાબ લખા હોય તો માફ કરજો. ગુશતાંશ કરી રોશન થાવા લખું. શદા ચાકરને ચાકરીમાં જાની નવજવી. એજ વીનંતી સંવંત ૧૭૯૬ ના આશો સુદ ૧૧ ને વાર શનેઉં.

બીજું અરજ એ જે હમો દશતુર શ્રી જામાસજી ગુ. આશાજી તાંહાં શાથે લઇ ગઆં હતાં. તાંહાં આપના ધરંમની ચરચા શુબેદાર શાહેબ આગળ ઘની થાઇ. કાંએજે પેલાં દેવાનજી આગલ થાઈતી. જે એ દેવાનજીએ દશતુરજીના પદાંની ને આપનાં ધરમની ખુબી ઘણી કહી. જેથી શુબેદારજીએ બોલા લાવા ને શરવે પુછું. ઈજત ગની દીધી. તે પર પેલાં તો આપનાં શલોક પરી દેખાડા. તેથી શુબેદારજી ગનાંજ ખુશી થએઆ. ને આપનાં ધરંમથી વાકેફ થએઆ, ને ગની ખુબી ધરમની હર વખતે બોલા કરે જે લખવામાં આવે નહી. દશતુરજીના શંસકુરત શાહી પદાથી ગનાં ખુશાલ થએઆ. એ વેળામાં હીદુસ્તાનનાં આપનાં તોલાંને રોશંન કરા. તે ખુબી લખવામાં આવતી નથી. એવી રાશતી દશતુરજીની થાઈ છે. શરવે વાતે દશતુરજીએ શવાલના જવાબ રાશતીથી ધરમને રાહાના ઘનાં શારા કરા છે. બીજા માએના જંનદ અવશતાના સંસકુરતમાં વાંચી દેખાડા તેથી ઘની ખુબી જાહેર થાઈ છે. પારશી લોકો દારૂ પીવાનું કામ ગાલતા કરે છે તેથી શુબેદારજી વગેરે જેવા ચાહતા. દીલમાં છે કે પારશીની જાત ફેલકામાં કશબથી હતા. ને દશતુરજીના પરતાબથી ધરમ શાંભલવાથી પદનારા ભાંમન (=બ્રામણ) ગના ખુશી થાએઆ ને કહીઉ જે તમો એવા પદના ગુરૂ છો. ને એ હન મને કરતા નથી તે શું. તારે દશતુરજી શ્રી જામાશજીએ જવાબ દીધો જે શરદાર ધરમના કરાવનાર જોઇએ, ચલાવનાર તારે શરવેએ કહેઉ જે ખરૂં. પન પારશીએ ધરમ રાંખીઓ છે. ને એવું ચલ છે. તારે વદીને

ભામંન બોલા જે કસબે કુલ જાએ. પંણ એદલામાં પારશી ને રોશંન કરા છે. ધરમથી દશતુરજી જામાશજીએ ને દોલતથી ને બક્ષેશથી તે બેહસત મુકામી શેઠ શ્રી રૂસતમજી માણેકજી શેઠજીની તારીફ ધરમની તથા બક્ષેશની તે વાત મુદોલકું ગની કરી છે. મતલબ બેઉ ખુબી લખવામાં આવતી નથી. એ તરે રાશતી આ વાત લખી છે શં૦ ૧૭૯૬ ના આશો સુદ ૧૧." (તા. ૧ લી અકટોબર ૧૭૪૦ N. S.)

નોંધ—આનું જુનું કાગજ દેશાઇ પેશતનજી ખુરશેદજી કને હતું.

શ્રી ઈરાનશાહને નવસારીમાંથી વલસાડ લઈ જવાનો રોજ માહ તથા સને.

ભગરીઆ-સંજાણા કેસના સંબંધમાં શાયર શાપુરજી સંજાણા કહે છે, કે દેશાઈ ખુરશેદજીએ ગાયવાડની કચેરીમાં મજબૂત તકરાર ચલાવી કહ્યું કેઃ—

બે નવસારી બેમાનંદ ઈન હમે કસ
કે કારે મુરદે ઓ ઝીનદે કુનીમ પસ
વ ગર નહ રાહ ખુદ ગીરંદ યકસર
બ સરહદે ખુદ ઈન બાશંદ બહેતર
ચુ રાવે નીક બેશનીદ ઈન ઝે ખુરશીદ
મરાન સનજાનહ રા નઝદીક તલબીદ
હમે કસ રા બેગોફ્ત ઇન કેફીયાતશ
અઝાન સનજાનહ ગશ્ત જુમલહ નાખશ
બ આવાઝે બુલંદ સનજાનહ બેગોફ્તાર
ન માનીમ અએ નીકો સરદાર ઈન જા
અબા આતશ વરેહરામ નીકો નામ
રવીમ અઝ જા બ તકસીમે અબા કામ
યકી પરવાનહ બાયદ દાદ મારા
કસી માનઅ ન બાશદ અંદર ઈનિજા
ચું રાવે નીક પરવાનહ બેકરદહ

બદસ્તે જુમલે સંજાનહ સીપુરદહ
હમાન લહજે ઝે સુનગર દર નવસારી
બીઆમદ જુમલે સંજાનહ બખારી
બખાને જુમલગી બસ્તંદ અસબાબ
બરાએ રફ્તને બલસાર બેશીતાબ
બરૂઝે જામ્યાદો મેહ સફ્નદાર
ઝે નવસારી બેરફ્ત સંનજાનહ અઝહાર
સનહ અઝ યજદજરદી યક અલફ્ ખાન
બરાન યક સદો નોહ અફ્ઝાય બેદાન.
(બેતો ના. ૪૮૩-૪૯૪).

અર્થ—"જો નવસારીમાંજ એ સઘળા રહે તો બસ તેઓનું મુવાં જીવતાંનું કામ અમેજ કરીએ. અગર નહિ તો તેઓ સઘળા પોતાનો રસ્તો લે. તેઓ પોતાનાં પંથકની હદમાં જઇ રહે તો વધારે સારૂં. જ્યારે ખુરશેદથી તે ભલા (દામાજી) રાવે એવું સાંભલ્યું, ત્યારે પેલા સંજાણાઓને પોતાની આગળ બોલાવ્યા. અને સઘળી હકીકત તે સઘળાઓને કહી સંભળાવી. તે સાંભળી સઘળા સંજાણાઓ નાખુશ થયા. પછી તે સઘળા સંજાણાઓએ ખુલંદ અવાજે રાવને આ પ્રમાણે કહ્યું, કે ઓ નેક સરદાર, અમે અહિં રહેતાજ નથી. નેકનામી ભરેલા આતશ-બહેરામ સાથે અહિંથી અમારા પંથકમાં જઇએ છીએ. માટે અમને એક પરવાનો આપવો જોઇએ, કે તે જગ્યામાં અમને કોઈ અટકાવે નહિ. જ્યારે નેક રાવે પરવાનો કરીને સઘળા સંજાણાઓના હાથમાં તે આપ્યો, ત્યારે તે સઘળા સંજાણાઓ ખુવારી સાથે સેવટે સુનગઢથી નવસારી આવ્યા. અને પોતાનાં ઘરમાંનો સઘળો સરસામાન બાંધ્યો. અને વલસાડ જવા માટે શેતાબી કીધી. **સંજાણા મોબેદો અસફ્નદાર મહીનો ને જમ્યાદ રોજે ખુલ્લી રીતે ગયા.*** ઓ વહાલા (વાંચનાર) તું તેઓના

---

*ગણદેવીવાળા મી. ખરશેદજી માણેકજી બરડીના જણાવ્યા પ્રમાણે દંતકથા એવી છે, કે શ્રી ઇરાનશાહને નવસારીથી વલસાડ લઇ ગયા, ત્યારે રસ્તામાં ગણદેવીનાં જે ઘરમાં હોશનગેહમાં બોય દીધી હતી, તે ઘર તે વખતે એક પારસીની માલકીનું હતું. હાલે તે ઘર પારસી અનજુમનની માલકીનું છે. પરંતુ આ વિષે કશું લખાણ મળ્યું નથી.

જવાનો સને નામીચા (પાદશાહ) યજદજરદનો સને ૧૧૦૯ જાણુ."

નોંધ—આ રોજ માહની મુકાબેલ તા. ૧૫ મી (મી૦ ખરેઘાટની ગણત્રી મુજબ ૧૬ મી) અકટોબર ૧૭૪૦ N. S. આવે છે. ઉદવાડાના દરવાજા કેસમાં ખા. બ. બહમનજી બેરામજી પટેલે જુબાની આપતાં કહ્યું હતું, કે "વલસાડમાં જ્યારે આ આતશબેમેરામને લઈ જવામાં આવ્યા હતા, ત્યારે તેને કોઈ એક મોબેદનાં ઘરમાં રાખવામાં આવ્યા હતા. કંઈ તેને માટે ખાસ મકાન બાંધવામાં આવ્યું ન હતું. ત્યાં દોઢ બે વરશ એ આતશબેહેરામને રાખવામાં આવ્યા હતા. તે મકાન આતશબેહેરામને માટે વાપરવાનેજ અપાયલું હતું. કાંઈ અરપણ થયલું ન હતું. તે વાપરવાનેજ અપાયલું હતું એમ કહેવાને મારી પાસે એટલોજ આધાર છે કે ત્યાંના લોકોએ મુંબાઈના એક શેઠીઆને (શેઠ માણેકજી ન. શેઠને) તેને સારૂં એક મકાન બંધાવી આપવાને માટે અરજી કરી હતી. સને ૧૭૪૬ ની તા. ૨૧ મી આગસ્ટે (?) ઉદવાડેથી આ અરજો કરવામાં આવી હતી. વલસાડમાંથી કરવામાં આવી ન હતી. વલસાડમાં મોબેદના ઘેરમાં નહિ, પણ ત્યાંની અગીઆરીમાં એ આતશબેહેરામને રાખવામાં આવેલા હોવા જોઇએ." (મુંબાઇ સમાચાર તા. ૨૭ મી સપટેમબર ૧૮૯૯, એ. કેરશાશજી પટેલનાં વર્તમાન પત્રોનાં કટીંગોનું પુસ્તક પા. ૧૯૪).

શ્રી ઇરાનશાહને બોય દેવા સંબંધી નવસારીના સંજાણા મોબેદોએ વલસાડના બેહેદીનોને લખી આપેલો પત્ર.

ગાયકવાડની કચેરીના ચુકાદાથી નીરાશ થયલા કેટલાક સંજાણા મોબેદો શ્રી ઇરાનશાહને તા. ૧૫ મી અકટોબર ૧૭૪૦ N. S. ને દીને વલસાડ લેઈ ગયા, ત્યાર બાદ સંજાણાઓએ વલસાડની બેહેદીન અનજુમનના આગ્રહથી તેને નીચે પ્રમાણે લેખ લખી આપ્યો હતોઃ—

"કશબે વલશાડના બેહદીન કુલ અનજુમન શમશતે લા. નોશારી વગેરેના અંધેઆરૂં શંજાના શમશતે. જત શી આતશ બેહરામ કશબે વલશાડ મધે તશરીફ લાવા તેની બોય દીધાનો મરાતબો શરવ શંનજાંના મલી પોતાને ઈમાંન એતેકાદ લખી આપું એ જે શી આતશબેહેરામની બોય દેવી તે બોય દેનારને બરશનુમ સહી હોએ. અને ખુબ કરે તે બોએ દીએ, તે મનજુર છે. જેના વારામાં હોય તે બોએ દેવી. તે એકંદર પાકી પરેજગારીને દીજીએ. બીજું વલશાડ મધે બરશનુમ લેઇ પાક થાએ. તા. ખુબ કરે તે બોએ દીએ. તે શંનજાનો ભગરની અગીઆરી મધે હરબુદ થએલો હોએ, તથા બરશનુમ લીધું હોએ તો તે બોએ દીએ નહી. એ વાતનો બંદોબશત પોતાને એતેકાદે વલશાડનાં અંનજુમન બેહદીનને લખી આપું તે શહી. એથી ફરે તે પોતાના ખોદાએથી તથા દીનથી ફરે. બાતેલ થાએ. તા. તમારે અમારે ગોર જજમાનનો રાહ નહી. શંવત ૧૭૯૭ કારતક શુદ ૭ રોજ ૬ માહ ૧"* તા. ૨૮ મી અકટોબર ૧૭૪૦ N. S. શુકરવાર). આ કાગળ ઉપર ભીખાજી રૂસ્તમજી વગેરે ૧૫ મોબેદોની સહી છે. (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૮૫, તથા ના. ૨ પા. ૧૪, તથા વલસાડવાલા એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજીની નકલ).

---

*આ તારીખ વિષે શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટની ઉપયોગી નોંધ એમનાજ શબ્દોમાં આપીશું:—

In the Parsi Prakasha the date of this document is given as 28-10-1741, which at first sight is correct. But the fact is that in Samvat 1797 which contained an Adhika month the Parsi Roz 6 Mah 1 fell twice, viz. towards its beginning in Kartik Sud on 28-10-1740 and towards its end in Aso Vad on 28-10-1741. Fortunately the document bears the Hindu month and fortnight viz. Kartik Sud, which are neither quoted nor taken notice of by Mr. Patel, and they bear no doubt that the true date is 28-10-1740. It

નોંધ—આ લેખ ઉપર આ૦ ભીખાજી દ૦ રૂશતમજી તથા આ. રૂશતમજી શેહરીઆજી તથા બીજા ૧૩ મોબેદોની સહી છે.

સંજાણા મોબેદોને મળેલો અગત્યનો પરવાનો.

સંવત ૧૭૯૭ ના કારતક વદ ૧૩ (તા. ૧૭ મી નવેમબર ૧૭૪૦ N. S.) ને દીને સંજાણા મોબેદોને નીચલો અગત્યનો પરવાનો મળ્યો હતોઃ—"શ્રી રાવ શ્રી શુબેદાર દમાજીરાવ ગાએકવાડ શમશર બહાદૂર વા.† શમસ્ત શંજાના અંધ્યારૂ પારશી આતશના પૂજારા શમસ્ત. જત તમારી આતશની અગીઆરીની જે પેદાશ હોએ તે શુદામદ માફક ખાજો. તથા પંથકના હીશો શુદામદ માફક ખાજો. આતશની શેવા જેમ ધરમમાં ઘટે તે માફક કરજો. તેથી કમજાદા કરશો નહી. તાકીદ જાનજો. શા. ૧૭૯૭ નો કારતક વદી ૧૩ દીને."

નોંધ—આ અસલ પરવાનો ઉદવાડાવાલા મોબેદ શાપુરજી શોરાબજી નવરોજી દસ્તુર કનેથી મળ્યો હતો. તેને મથાળે સરકારી સીકકો છે. તથા છેવટે **मोर्तब सुद** * એ પ્રમાણે સીકકો છે.

---

is very probable that if Mr. Patel had got this true date, he would not have started the theory that the Atash Beheram was removed from Navsari in 1741, a theory which has since given wide currency, having been adopted by well-known subsequent authorities like Mr. Dossabhai Karaka in his History of the Parsis, Mr. Campbell in the Bombay Gazetteer and Dr Jivanji Modi on p. 88 of his Few Event &c.

સાર—પારસી પ્રકાશમાં તા. ૨૮-૧૦-૧૭૪૧ આપી છે તે ભૂલ છે. એમ દીશે છે કે ખા. બ. બહમનજી પટેલ કને ખરી હિંદુ તારીખ હતી નહિ. પરીણામ આ આવ્યુ કે તેમની આ ૧૭૪૧ વાલી ભૂલભરેલી તારીખ શેઠ ડોશાભાઇ કરાકાએ પોતાના ઇતિહાસમાં તથા મી. કેમબેલે બોમબે ગેઝેટીઅરમાં તથા દાકતર જીવનજી મોદીએ પોતાનાં પુસ્તકમાં સ્વીકારી ભૂલ ચાલુ રાખી છે.

† વચનાત્=હોકમથી.

*યાને "એ પ્રમાણે ગોઠવણ થઇ."

દીવનું પંથક ભગરીઆઓનું છે એ પ્રમાણે શાપુર શામરાના પક્ષના એક સંજાણા મોબેદે લખી આપેલો લેખ.

આપણે ઉપર જોયું કે તા. ૯ મી માર્ચ ૧૭૪૦ N. S. ને દીને નવસારીના ભગરીઆઓએ દીવનાં બેહેદીનોને કાગજ લખ્યો હતો, કે તેઓએ મોબેદ શોરાબ જામાશ સંજાણા કને કામ કરાવવું નહિ. કારણ તેને કશો હક નથી. સંવત ૧૭૯૭ ના રોજ ૨ માહા ૨ (તા. ૨૩ મી નવેમબર ૧૭૪૦ N. S. બુધ) ને દીને ઉપલો મોબેદ શોરાબ જામાશ આદર સંજાણા* જે શાપુર શામરાની પક્ષનો હતો, તેણે સમજાવટ કે દબાણને શરણ થઈ નવસારીની ભગર અનજુમનને નીચે પ્રમાણે લેખ લખી આપ્યો હતો :—

"શ્રી અંનજુમન અંધારૂ ભગરીઆ શમશ જોગ લખતંગ આ. શોરાબ જામાશ આદર સંજાણો અંધારૂ જત શ્રી દીવ મધે રેવું છેઉ તે શ્રી દીવ પંનથક અશલથી તમારૂં છે જે તમારા બેહેદીન દીવનાનું કાંમ ધરમ વગેરેનું કરવા તમારો ગુમાશતુ અંધેઆરૂ રૂશતમ બમન દાજી તાં બેદીન વગેરેનુ કામ કરે છે તેને અમો કશી વાતે દખલ કરૂ નઈ. દખલ કરૂ તો શી શરકારનો ગુનેગાર. એ પંનથક તમારૂ છે તેમો અમો શનજાનાંનુ દખલ કશી વાતનું નઈ શંવત ૧૭૯૭ રોજ ૨ માહા ૨ માગશર શુદ ૫." નીચે આ. શોરાબ જામાશનું મતું છે તથા ત્રણ જણની સાખ છે. (એ. મેહેરજીભાઈ ન. કુટાર કનેથી મળેલું કાગજ–નકલ તથા જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૧,)

---

*સંવત ૧૭૯૬ ભાદરવા વદ ૧૩ તા. ૧૮ મી સપટેમબર ૧૭૪૦ N. S. રવીને દીને શેહેરીઆર ફરેદુન, શાપુર શામરો વગેરે વિરૂદ્ધ પક્ષના છ સંજાણા મોબેદોએ ગંગાજી બાવા ગાયકવાડ ઉપર કાગળ લખ્યો હતો, કે "સંજાણાઓ ભગરીઆઓ વિરૂદ્ધ જુઠી લડાઇ લડવા સોનગઢ આવ્યા છે" તે સંજાણાઓમાં શોરાબ જામાશ પણ એક હતો. (દીવના પંથકના લેખો અસલ ઉપરથી એ. ફરેદુન કાંગાએ ભગરસાથ અનજુમનની તવારીખમાં પા. ૫૩૭–૫૩૮ ઉપર ટાંકયા છે).

તથા ભગરીઆ–મીનોચેહેર હોમજીવાલા કેસ ના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૩૫, જ્યાં "સવત ૧૭૯૭ રોજ ૨૪ માહ ૨ માગશર સુદ ૧૫" છે, તેમાં ભૂલ માલૂમ પડે છે.

સુરતના મોબેદો તથા બેહેદીનોએ અસલ રાહ પ્રમાણે ક્રિયા કામો કરાવવાં એ પ્રમાણે કાઢેલો ગાયકવાડ સરકારનો હોકમ.

નવસારીમાં ફતેહ પામ્યા પછી ભગરીઆઓ તેટલાથીજ અટકયા નહિ. સુરતના મોબેદો તથા બેહેદીનોએ અસલ રાહ પ્રમાણે ક્રિયાકામો ભગરીઆઓ કનેજ કરાવવાં જોઈએ, તે માટે ગાયકવાડ સરકારમાં જઈ નીચે પ્રમાણે હોકમ મેળવ્યો હતો :—

"મોરાર રાવ શ્રી કેદારજીરાવ ગાએકવાડ વા. સુરતના પારશી અધારૂ ખુરશેદજી નવરોજી તા૦ જમશેદજી ભીખાજી સમસ્ત તથા બેહેદીન મોદી નાનાભાઇ ભીમજી વગરે સમસ્ત જત માલુમ થાએ જે નવસારીના અધારૂ સમસ્ત જાહેર કરૂ જે નવસારીના બેહેદીન તથા સંજાણા અધેઆરૂ સુરત રહીને નવેસરથી સુરતના પારશી શાથે મલા જે હમો તમો સાથે એકઠા થાઉ ને વડા લોકનો કદીમ રાહા છે તે મુકુ. તમો અમારી ગોર બાલાસ કરો. તે ઉપર તમો નવસારી વગરેના બેહેદીન તથા સંજાણા અધેઆરૂ વતનીને તમો બગલમો રાખીને નવેસરથી લડાઇ કરવા માંડો છો તે વારૂ નથી. કાંજે બેહેદીન તથા સંજાણા અધેઆરૂને નવશારીના અધેઆરૂ સાથે લડાઈ હતી તે રાવ શ્રી સાહેબે મુનસફ કરીને રાસ્તી દુરસ્ત કરૂ ને લખાં પણાં કરાં. તે વાર પછે સંજાણા અધેઆરૂ માહારાજ શ્રી સુબેદાર સાહેબ કને ફરીઆદ ગીઆ. તાંહાં પણ રાસતી ને કદીમ રાહા પરમાણે કરી આપુ જે કદીમ રાહા કોઈ મુકે નહીં. એ તરેહ પરમાના કરી આપા. હવડાં સંજાણા અધેઆરૂ તથા બેહેદીન તમો સાથે મલા ને કદીમ રાહા મુકવા કરે છે તો એ વાત નીપજવાની નથી. ને તમો એના સાંમેલ થઈને લડાઈ તમારે સર લેશો તો પશેમાન થશો.

તમે તમારો રાહા ચાલો. ને નોશારીના પોતાનો કદીમ રાહા ચાલે છે. એ પરમાણે ચાલશે. જે નવું કરવા માગશે તે પશેમાન થાશે. ને સુરતના અધેઆરૂ નોશારીના બેહેદીનનું કામ કરવા માગે છે તે વારૂ કરતા નથી. નોશારીના અધેઆરૂ કદીમથી સરવના સરગીરો છે. ને નોશારી વગરેના બેહેદીન સુરતમાં રહે છે. તે કદીમથી જુજમાંન છે. તેનો હક નોશારીના અધેઆરૂ લેશે. એ વાતના પરમાના નવાબજીના છે. માટે મુજાહેમ થશો તાકીદ જાણજો. એનો જવાબ તુરત લખજો. તે. ૩૦ મોહરમ સા. ૧૭૯૭. બીજું નોશારીના અધારૂનો હક લવાજમ સુરતના અધારૂ ઉપર છે તે પણ આપવો પડશે. રહેશે નહીં જાદા તાકીદ. શું લખીએ તે. ૩૦ મોહોરમ સા. ૧૭૯૭"* (ખેરગામ કેસનો અહેવાલ પાને ૧૦૫–૧૦૬, તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૮, જ્યાં એબારત તથા કેટલાક શબ્દો હેરફેર છે).

ઉપલાંજ વર્ષમાં દામાજીરાવ ગાયકવાડે ફરમાન કાઢયું હતું, કે "સુરતના મોબેદો નવસારીના મોબેદોના હક ઉપર તરાપ મારે છે તેટલા માટે તેવા ફેશાદીઆ મોબેદોને અટકાવજો કે તેમ કરે નહીં. એવો સુરતનાં નવાબનો બી હોકમ છે તથા તમારા લોકનાં લખીઆં છે. જો એ પ્રમાણે નહી કરશો તો અમારા મુલકમાં તમારો વ્યાપાર ચાલે છે તે બંધ કરવામાં આવશે." (પા. પ્ર. પા. ૩૪).

નોંધ—આ ફરમાનની અસરથી સંવત ૧૭૯૯ રોજ ૨ માહ ૯ તા. ૨૧-૬-૧૭૪૩ **N. S.** ને દીને સુરતના આગેવાન મોબેદોએ નવસારીના ભગરીઆઓને લખી આપ્યું, કે "સુરતમાં નવસારીને લગતા જે યજમાનો રહે છે તેનાંને ઘરનાં જીવતાં તથા મુવાનાં કામો કે જે થોડીક મુદત થઈ સુરતના મોબેદોએ જબરીથી કીધાં તે હવેથી તેમ કરશે નહી. તેઓ તમારા ગુમાશદાર થઈને કરશે અથવા તમો જેમને તમારા ગુમાશદાર

---

* ૧૭ મી એપ્રીલ ૧૭૪૧ **N. S.**

તરીકે મોકલશો તેમને કરવા દેશે. તેમાં અમો અટકાવ કરશું નહીં." (પા. પ્ર. પા. ૩૬).

દેશાઇ ખુરશેદજીને ત્યાં ભગરીઆઓએ ગીરવી મેળેલું રાસ ખાતું.

ભગરીઆઓ કેસ જીત્યા, પણ તે સારૂં તેઓને મોટા ખરચમાં ઉતરવું પડયું હતું. ખરચનો મોટો ભાગ દેશાઈ ખુરશેદજી તેહેમુલજીએ આપ્યો હતો. તેમનાં નાણાં ભરપાઈ કરવા સંવત ૧૭૯૭ રોજ ૧૮ માહ ૭ તા. ૮ મી મે ૧૭૪૧ N. S. ને દીને નવસારીના સમસ્ત મોબેદોની અનજુમને દેશાઈ ખુરશેદજીને નીચે પ્રમાણે ગીરવીખત લખી આપ્યું હતું:—

"આજ મુદત થાઇ અમોને સુરતવાળા મોબેદો સાથ તથા સંજાણવાલા મોબેદો સાથ અમારા હકોને માટે કજીઓ ચાલે છે તેનો ટંટો હાકમ દરબારમાં તમો અમારી તરફથી ચલાવો અને જે ખરચ થાય તે તમો કરી આપણી રાસ ભાગમાંથી તમો લેવો. જ્યાં વેર તમારૂં કરજ વ્યાજ સુધી ફીટે ત્યાં વેર તમો લેવો. તે પછી આપણે વેંહેચી લઈજીએ શહી." આ લેખ ઉપર ૨૪૪ મોબેદોની સહી છે. (પા. પ્ર. પાને ૩૪).*

શાપુર શામરો.

ભગરીઆઓ તથા સંજાણા મોબેદો વચ્ચે જે કુસંપ લાંબો વખત સુધી ચાલુ રહયો હતો, તે વધારી મેલવા એક સંજાણા મોબેદ નામે શાપુર શેહેરીઆર જેને (શાપુર શામરો કરીને કહેતા હતા તેણે) મોટો ભાગ ભજવ્યો હતો. તેને વિષે

---

*સંવત ૧૮૧૮ પોશ શુદ ૫ તા. ૩૧ મી ડીસેમબર ૧૭૬૧ N. S. ને દીને નવસારીની સમસ્ત મોબેદ અનજુમને દેશાઇજી ખુરશેદજીને ઉપલા જેવોજ એક બીજો લેખ લખી આપ્યો હતો, કે સુરતના પદાની દોખમાંના હમારે હીસ્સેના રૂ ૧૦૯૧ જે તમોએ આપ્યા હતા તે આપણી ભગર સાથની રાસમાંથી તમોએ વ્યાજ સુધાં ચુકવી લેવા" (પા. પ્ર. પાને ૪૪).

આપણે થોડુંક વાંચી ગયા છીએ. આ મોબેદ નવસારીમાં શ્રી ઈરાનશાહને પ્રથમ લાવનાર ત્રણ મોબેદોમાંના એક ચાંઈઆં (શાયર) કે જે હોરમજદયારના બેટા સાહેરના બેટા કામના બેટા શાયર (સહીઆર)નો બેટો હતો, તેનાં કુટુંબમાંથી ઉતરી આવ્યો હતો.* તેને ઈ. સ. ૧૭૩૨ માં નવસારી મધ્યેના આતશબેહેરામને લગતા ભાગ્યાઓ સાથે વાંધો પડયો હતો. એ વાંધાએ સંજાણા મોબેદોમાં મોટા કજ્યાનું રૂપ લીધું હતું. શાપુરના બાપ શેહેરીઆરની ખટપટથી સંજાણા મોબેદો ઘણા ગોસ્સે થયા હતા, તથા કેટલાક બેહેદીનો પણ તેની વિરૂદ્ધ લાગણી ધરાવતા હતા.

શાપુર શામરાના સંબંધમાં નવસારીના બેહેદીનોએ વલસાડ લખેલાં કાગજો.

શાપુર શામરાના સંબંધમાં વલસાડના બેહેદીનો ઉપર નવસારીના બેહેદીનોએ એક પત્ર નીચે પ્રમાણે લખ્યો હતોઃ—

"...અંધીઆરૂ શહેરીઆર ફરદુન વગેરે સંજાણા અંધીઆરૂ....શ્રી આતશબેહેરામમાં ભાગીઆ છે તે તો તમો સારી રીતે જાણો છો. ને હમણાં તે અંધીઆરૂ શહેરીઆર વગેરે પોતાના કામકાજે આવા હતા. તેને તમોએ કહીઉં જે તમુને તો નોસારીના બેહેદીને જુઠા કરા છે. માટે નોસારીનાં બેહેદીનનું લખું લાવો ને તમારા હીસાનું કામ કરો.

---

* આ પ્રમાણે- હોરમજદયાર- સાહેર- કામ- શાયર (અથવા સહીઆર)- ચાંઈઆં- નાગોજ- ખુરશેદ- શાયર-નરશંગ-હોશંગ-ફરેદુન-ફરામ-શેહેરીઆર-શાપુર (મોબેદોનાં કુટુંબનું ઝાડ ન. ન ઉનવાલાનું તથા એ. ભીખાજી ઉનવાલાની જુની ફેહરીસ્ત પાને ૧ થી ૩). ઉપલા મુળ પુરૂષ હોરમજદયારના ત્રણ બેટા સાહેર-ધનપાલ તથા કામ હતા. સાહેરના કુટુંબમાંથી શાપુર શેહેરીઆર (શામરો) ઉતરી આવ્યો હતો. ધનપાલ (જે સાહેરથી નાનો ભાઈ હતો તે)ના કુટુંબમાંથી હાલમાં જાણીતું દસ્તુરનું કુટુંબ ઉતરી આવ્યું હતું. આ ઉપર માલૂમ પડે છે, કે શાપુર શામરાએ દસ્તુરી ખોઇ હતી. તેથી હાલમાં ધનપાલનું કુટુંબ દસ્તુરી ભોગવે છે, (જોવો ન. ન. ઉનવાલાએ બનાવેલું ઝાડ). શાપુર શામરો તા. ૨૨ મી મે ૧૭૭૬ ને દીને મરણ પામ્યો હતો.

એ વાતમું કહેઉં જે તાં અમુને અજબ લાગું, જે તમો દાનાવ થઈ એવા નાઆશા બેશતી* શખુન કેમ કાઢો છો કે કદીમથી આપણા માજદીએશની ટોલામાં નાતબાર કોઈ છેજ નહી, ને હોએ પણ નહી. ને તમુએ આ. શેહેરીઆરજી વગેરેને કાઢો છે ને જે તમુને જુદા કાઢયા તો એ વાતમાં અમુ મુતલગ કાંઈ જાણતા નથી. એ માંહોમાહે પોતાના ભાગ સારૂં ભાગીઆ સાથે જગડા કરે છે તે કોઇથી બાહેર થાતો નથી. માટે આપણા બેહેદીન લોકોને શું છે કે એઓની વડવાડમાં પડીએ. એ ભાગીઆ બોલચાલ કરે છે તેના બાબમાં તેનાં સગાં વાહલાં કમજાદ લખે તે ખાતરમાં લાવવું નહી. આખર એ ભાગીઆ એકના એક છે. સંવત ૧૭૯૭ અખાડ શુદ ૧૫ રોજ ૧૧ માહા ૯"† (જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૮)

શ્રી ઈરાનશાહની બરદાશ્ત કરવા નવસારી વગેરેના બેહેદીનોએ વલસાડની અનજુમનને લખેલો કાગળ.

નજદીક સવા ત્રણશો વર્ષ સુધી નવસારીમાં રહેલા પાક નુરી કેબલા શ્રી ઈરાનશાહને વલસાડ ગયલા જોઈ નવસારી તવડી તથા આસપાસના બેહેદીનોએ ભારે ફીકરસાથે સંવત ૧૭૯૭ રોજ ૨૧ માહ ૯ તા. ૧૦ મી જુલાઈ ૧૭૪૧ N. S. ને દીને વલસાડની અનજુમન ઉપર શ્રીજીની બરદાશ્ત કરવા નીચલો પત્ર લખ્યો હતો, કે "સંજાણવાલા પુરાતમ આતશબેહેરામ સાહેબ જે તમારી તરફ આવેલા છે તેની દર ગાહની ખબર હર

---

*આ શબ્દ કદાચ "નાશાયસ્તી" હોય.

†પારસી રોજ માહાની મુકાબેલ તા. ૩૦ મી જુન ૧૭૪૧ N. S. છે. હિંદુ તારીખ બે દિવસ આગળ પડે છે.

ઘડીએ લેતા રહેજો.* સંજાણા આ૦ શાપુર શેહરીઆર શામરા વગેરે જણ ત્રણ ચાર પોતાના ટોળાથી ફતાંઉ થયલા છે તેથી તેઓ જો શ્રીજી†ની દરગાહમાં કસ્સી વાતની નુકશાની કરે તો આપણો ધરમ કસ્સો રહે નહી. સરવે વાતે હુશીયાર રહી કામ કરજો. બાજે લોકો દીનની ખરાબી ઉપર બેઠા છે. અને આપણને તો શ્રી ધરમનાં તતવ એજ શ્રી આતશબેહેરામ છે. માટે તમો સર્વે પંચાત મલી એ વાતની તાકીદ રાખજો. એ આતશબેહેરામની બરકતે કરી તમારી જગાનું ઘણું સારૂં કલીઆણ થાશે. શ્રી આતશબેહેરામની બોયના દેનારને હરઘડી તાકીદ કરજો જે મોટી ખુબ કીધા વિના કોઇ બોએ દીએ નહી. ખુબ કરનારને આગળ પાછળ તઈઆર રાખજો. જે રવેસે દીનમાં ફરમાવ્યું છે તે માફક કામ કરાવજો. કસ્સી વાતે દીનનાં કામમાં કોતાઈ તથા તથા રેઆઅત મરૂઅત કરશો તો એ વાતની ફરજ તમારે સર છે." (પા. પ્ર. પાને ૮૫૫).

નોંધ—પારસી પ્રકાશના કર્તાએ ઉપર પ્રમાણે તા. ૧૦ મી જુલાઈ ૧૭૩૧ N. S. નાં પત્રનો સાર આપ્યો છે. તે પત્ર વિગતવારે નીચે પ્રમાણે હતો :—

---

*આ વેળાએ ઘણાકોને ધાસ્તી પેઠી હતી કે "શાપુર શામરાને હાથમાં રાખી ભગરીઆઓ આતશબેહેરામના પાક કેબલા ઉપર પાણી રેડાવી તેને નુકસાન કરનાર છે." આ વાત "તે વેળાએ ભગરીઆઓના દુશ્મનોએ ફેલાવી હતી, અને તે સંજાણા તથા આસપાસના તમામ બેહદીનોએ ખરીજ માની હતી. કારણ પણ તેઓને મળ્યું એવું કે શાપુર શામરો તેજ અરસામાં વલસાડ પોતાનો દાવો ઉઠાવવા નવસારીના કેટલાક ભાયડાઓ સાથે ઉપડી ગયો હતો. તે ઉપરથી સંભાળથી તથા હુશીઆરીથી રહેવા બેહેદીનોએ સંજાણાવાલાઓને ચેતવેલા રાખવા કસદ કીધો" (તવારીખે નવસારી શે. મ. દેશાઇ કૃત પાને ૧૯૫).

†ઉદવાડાના દરવાજા કેસમાં ખા. બ. બહમનજી બેરામજી પટેલે કહ્યું હતું કે:—ઉદવાડાના આતશબેહેરામને પારસીઓએ "શ્રીજી" નો મરતબો આપ્યો છે (મુંબાઇ સમાચાર તા૦ ૩૦ મી આગશટ ૧૮૯૯ એ. કેરશાશજી પટેલનું કટીંગનું પુસ્તક પા. ૧૮૭).

"વલશાડ બંદરે મહા શુભસ્થાને પંથકના બેહેદીન તથા તવડીના બેહેદીન તથા શુરતના બેહેદીન....શમશત બેહેદીનની કેન પનાહા ઈઅિજદાંબાદ વાંચજોજી. જે અત્રથી લખવા કારણ એ જે નોશારી મધે શંજાણા અંધેઆરૂઓ શેહેરીઆર ફરદુન શામરા વગેરે જણ ૩) ૪ છે તે પોતાના ટોલા (ખાલી જગા) ફેસાદ કરે છે તે તો શરવે જાણીએ છે. તેનું તો ભલું પણ મોટો અનેઆ એક કીધો જે શ્રી આતશબેહેરામની બોએ પણ વારા (ખાલી જગા) એ વાત કદી થાઈજી નહીં. તે વાત એણાંએ કીધી તે કાંઈ તમને અજાણો નથી. તે વાર પછી વલી વડતા વડતા શુનગડ ગઆ. **તાંહા શુબેદાર શ્રીએ અનશાફ કરીને શંજાણા અંધેઆરૂને પરમાંના કરી આપો જે તમારા આતશબેહેરામ છે તે તમો તમારી બાતરને આવે ને જીહાં તમારો ધરમનું કામ થાએ તાંહા લઈ જાઓ. તે પરવાનો થએઓ તો ભી એ શેરીઆર શામરો ખુદ ફરી અટકાવા હતા. તે વાર પછી વરી રાવ શ્રી ગંગાજી રાવે સુનગડથી માણસ મોકલી રજા અપાવી ને શ્રી આતશબેહેરામને વલશાડ પોંચાડા.** તે વાર પછી વલી એ સેરીઆર શામળા વગેરે કહે છે જે હવે તો અમો હરએક વાતની ખરાબી ઉપર બેઠા છેઉ. માટે દશતુર દીનીઆરે જેમ અશલ દીનની ખરાબી કીધી છે તેમ કરૂં. એવું એ પોતાને મોહડે કહે છે. જેથી એનાં ફેલ તો અશલથી ભી શરવ ખલક જાણીએ છે. વલી પોતાને મોહડે બોલે છે તેથી જીઆરે એક શી (=એ કશી) વાતની નોકશાની શ્રીજીની દરગાહામાં કરે તેઆરે તો આપણો ધરમ કશો કાંઈ રેહે નહીં. તે વેચારીને શરવે પંચાત મલીને એહોને ગનેઆત બાહાર મુકો છે જે એ શાથ કશો મેલાપ રાખવો નહીં. તેની વીગત એ જે શ્રી અરદીબેહેશ્ત મહીનાના ઘહંબાર થએઆ છે તે ઘહંબાર ૧ મોટા ફલીઆનો તા. ઘહંબાર ૧ મલેશર ફલીઆનો જુમલે ઘહંબાર ૨ થએઆ છે તેમાં એ શહરીઆર શામરા વગેરે જણ ૩) ૪ છે તેને ઘર નોતરાં દીધાં નહી. તેથી મલેશર ફલીઆના ઘહંબારને દાડે તો થાણમાં ભી એ વાત જાહેર

થાઇ કે હેવું જે ગનેઆત સાથે જોરાવરી નહીં હોએ. તે વાર પછી વલી જે કોઈ બેહેદીનને ઘેર મોતે કુતે તથા શાદી ગમી ઉઠણું પાએદસ તથા જમવાનું તથા વેહેવાનું કામ જે કાંઈ થાએ તહાં એ જણ ૩) ૪ શેરીઆર શામરા વગેરેને કોઈ તેડે બોલાવે નહીં. એ વાતનો કરાર અમો સરવે પંચાત મલી કીધો છે. ને તે માફકજ શરવે ચાલે છે. ને વલી તમો તથા અમો શરવે એક છેઉં ને તમોને જણાવા શારૂ લખું છેઉ જે વલી એ શેહેરીઆર શામરા વગેરે જણ ૩) ૪ તમારા ગામમાં આવે તેને તમો ભી એજ ભાંતે અલગુ રાખજો. તથા શ્રી આતશબેહેરામની અગીઆરીમાં પણ જાવા દેશો મો. જો કદાચ કશી વાતે તમારે આફત મરૂઅતે કરી કામ કરશો તો જે કાંઈ કશી વાતની નોકશાંની થાસે તેનો અજબ (=આજાબ) રસ્તાખેજ લગી તમારે શર રહેશે. તથા જે કોઈ બેહેદીન તથા અંધેઆરૂ થાઇને એ સેહેરીઆર શામરા વગેરે જણ ૩) ૪ ને બારણે ચહડાવશો તથા એ સાથે વાપરશો તો તમારે અમારે કશી વાતનો વેવાર ધરમનો રહેશે નહી. જલ વેહેવાર રહેશે નહીં. તથા એ વાત શત કરી જાણજો. શરવ વાતે હોશીઆર રહી કામ કરજો ને શ્રી આતશબેહેરામની દરઘાહાની ખબર હર ઘડી લેતા રહેજો. કોઇને ભરોશે રહેશો મો. બાજે લુક દીનની ખરાબી ઉપર બેઠા છે ને આપણને તાંથી ધરમના તત્વત એ જે શ્રી આતશબેહેરામ છે માટે તમો શરવે પંચાત મલી એ વાતની તાકીદ રાખજો. એ આતશબેહેરામની બરકતે કરી એ તમારી જગાનું ઘણું શારૂં કલાણ થાશે. તથા શ્રી આતશબેહેરામની બોયના દેનારને હર ઘડી તાકીદ કરજો જે મોટી ખુબ કીધા વના બોએ કાંઈ દીએ નહી. ખુબના કરનારને આગળ પાછળ તઈઆર રાખજો. શરવે દીનમાં ફરમાવેઉં છે તે માફક કરાવજો. કશી વાતે દીનનાં કામમાંહાં કુતાહી તથા રેઆએત મરૂઅત કરશો તો એ વાતની ફરજ તમારે શર છે. અશલ કેતાબમાં ભી એજ ફરમાવેઉં છે જે જાગાના અખતીઆરનો ધણી દાવર હોએ તેને શર ફરજ છે. જે દીનને માફક ચલાવે. સંવત ૧૭૯૭ ના (ખાલી જગા) વદ ૯

રોજ ૨૧ માહા ૯" (પારસી રોજ માહાની મુકાબેલ તા. ૧૦ મી જુલાઈ ૧૭૪૧ N. S. આવે છે. હિંદુ તિથિ અખાડ વદ ૧૩ હતી*). (ઉદવાડા દરવાજા કેસનું એકઝીબીટ ના. ૫૫૦)

શ્રી ઇરાનશાહને નવસારીમાંથી જુનાં પંથક વલસાડ અથવા સોનગઢ વગેરે ગમે ત્યાં લેઇ જવાનો પરવાનો.

ગાયકવાડી સરકારના ચુકાદાથી નીરાશ થઇ સંજાણા મોબેદોએ શ્રી ઇરાનશાહને નવસારીમાંથી પોતાના પંથકમાં લેઇ જવાનો વિચાર કરી શુબેદાર પાસે પરવાનો માંગ્યો હતો તે તેમને તા. ૧૬ મી અકટોબર ૧૭૪૧ N. S. ને દીને મળ્યો હતો તે નીચે પ્રમાણે હતો:—

"શ્રી રાવ સરી શુબેદાર દાંમાજીરાવ ગાએકુવાર શમશેર બાહાદુર વઃ પારસીના અંધેઆરૂ શંજાંનાં આતશના પુંજારા શાપુરજી તથા રૂસતમજી વગેરે. જત તમારે ને અંધીઆરૂ ભગરીઆવોને કજીઓ થાઇઓ તે ઉપર તમો ફરીઆદ થાએઆ તે પર ભગરીઆને તેડાવીને સમજાવા તો તમારે ને ભગરીઆને ધરમ મધે બનતું નહીં. માટે તમારી દરખાશત માફક તમોને રજા આપી છે જે તમો આતશ તમારા તથા પંથકનાં પારશીનાં ઘેર પચીશ તીશ હશે તે લઇને **વલસાડ તથા શુંગરડ** વગેરે

* શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટની નોંધ પ્રમાણે આ વર્ષમાં રોજ ૨૧ માહા ૯ ની મુકાબેલ અખાડ વદ ૧૩ હતી. માટે રોજ અથવા તિથિમાં ભૂલ માલૂમ પાડે છે. ઘણું કરી તિથિમાં ભૂલ હોવી જોઇએ, કારણ કે લેખ એ ઠેકાણે ફાટેલો હશે.

§સોનગઢનું પંથક એક વખતે ભગરીઆઓને લગતું હતું, તે એક જુના સાલવિનાના પરવાના ઉપરથી માલૂમ પડે છે. તેમાં લખ્યું છે કે "સુનગઢ વગેરે દેખત મધે તમારા (યાને કુકાજી મેહેરજી, જીવનજી માણેકજી તથા દેશાઇ ખુરશેદજી વગેરે સમસ્ત ભગરીઆના) પંથકમાં તમારા જજમાન બેહેદીન તથા સંજાણા અંધીઆરૂ આવીને રહા છે તેનું કામકાજ ધરમ વ સાદી ગમી બાજ આફરગાન વગેરે તમામ કામ ધરમનું તમારા તરફનો અંધીઆરૂ ભગરીઆ મોકલી...

જાંહાં મન ગમે તાંહાં જજો. તમોને કોઇ કશી વાત માટે મોજાંમ નહી થાશે. સરકારનો કોલ છે. સંવત ૧૭૯૭ આશો શુદી ૭ (તા. ૧૬ મી અકટોબર ૧૭૪૧ N. S. સોમે) પારસી પ્રકાશ પા. ૩૪ ફુટ નોટ, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૩૪).

નોંધ—સરકારી હોકમનામાંની રૂહે શ્રી ઇરાનશાહને વલસાડમાં લઈ જવામાં આવ્યા હતા. પણ એમ ધારી શકાય કે કદાચ સરકારી ઢીલ વગેરેને લીધે શ્રીજીને વલસાડમાં લઈ જવા બાદ ઉપલો પરવાનો મળ્યો હોય. સબબ કે શાયર શાપુરજી સંજાણાના કીસ્સા પ્રમાણે વલસાડમાં શ્રીજીને લેઈ જવાનો દીવસ રોજ જમીઆદ માહ સફનદાર યજદજરદી ૧૧૦૯ (યાને તા. ૧૫ મી અકટોબર ૧૭૪૦ N. S.) હતો, તે આપણે જોઈ ગયા.

ચલાવજો. તમારા મુલકમાં બીજો અંધીઆરૂ આવશે નહીં." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૮).

નોંધ—સોનગઢનું પંથક કોણનું સંજાણાઓનું કે ભગરીઆઓનું હતું તે એક તકરારી સવાલ હતો એમ દીશે છે. ઇ. સ. ૧૭૪૧ પછી તે ભગરીઆઓના હાથમાં હતું એ તો નક્કી છે. પ્રખ્યાત ખેરગામ કેસમાં લવાદ શેઠ દાદાભાઇ નવરોજીએ સંવત ૧૫૯૯ થી સંવત ૧૭૯૮ સુધીના દસ્તાવેજો ઉપરથી બીજાં ગામો સાથે સોનગઢને ભગરીઆઓનું પંથક જણાવ્યું હતું. એમ માલૂમ પડે છે કે કેટલાક પરવાનાઓ (Ex parte decree તરીકે) એકજ પક્ષનું સમજીને આપવામાં આવતા હતા.

નોંધ—આ પરવાનો ઈ. સ. ૧૭૪૨ ની આગળનો હોવો જોઇએ. કારણ તે વર્ષમાં કુકાજી મેહેરજી દેશાઇ ગુજરી ગયા હતા.

નોંધ—સંવત ૧૭૯૭ના એક ગાયકવાડી પરવાના પરથી જણાય છે, કે એક સંજાણો તે વેલાએ સોનગઢમાં સાદીગમીનું કામ કરતો હતો. તેને વિષે એવું હોકમનામું બહાર પાડવામાં આવ્યું હતું કે "લશ્કર સુનગઢ આવશે પછી તમારા (=ભગરીઆઓના) જજમાનને તેડી પુછી તાકીદ કરી લખીઉં કરશે...નહી તો સંજાણાને કાઢી મેલશે" (ઉપલુંજ પુસ્તક પા. ૬૮).

નોધ—આ બાબત વિષે શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ એક લાંબી પણ અતિ ઉપયોગી "નોટ" લખી મોકલે છે, તે એમનાજ શબ્દોમાં આપીશું. There is a very good reason to believe that the Samvat given in the current copies of the Parvana is wrong, and that it was originally of Aso Sud 7 Samvat 1796 not 1797. We have only copies of this Parvana made from other copies, the best known copy being that given in the Parsi Prakash. The reason for this belief may be shortly put thus:—

(a) **There is no doubt that a Parvana was issued to the Sanjanas allowing them to leave Navsari with the Fire towards the end of the hearing by Damaji Gaicowar at Songhad in the latter part of September 1740.** This is expressly stated by Desai Khursedji in his letter to Maneckji Seth of Aso Sud 11 Samvat 1796 (1st October 1740), "ને સનજાનાને પણ પરવાનો કરી આપ્યો જે તમો તમારાં પંથકમાં જાઓ." There is a similar assertion by the Sanjanas in their letter to the Surat Anjuman in 1765 protesting against the setting up of a new Atash-Behram at Navsari. They state "તે વાતે સુબેદાર સાહેબે હમોને પરવાનો કરી આપે ઓ. તે પરવાનેથી હમો હમારે પંથક વલસાડ શ્રીજી સાથે આવેઆ." Shapurji Sanjana asserts the same in his poem. Just six lines before recording the date of the departure from Navsari he says:—**"Chun Rao nik parvanah bakardah, badasta jumlah Sanjanah baspurdah."**

(b) There is also very little doubt that the removal from Navsari took place in 1740 and not in 1741 after the supposed Date of the Parvana, Aso Sud 7 Samvat 1797 (= 16th October 1741). Not only does Shapurji Sanjana assert this, but the fact is put beyond reasonable doubt by the date of the agreement 28-10-1740 passed to the Bulsar Anjuman by the Sanjanas after their arrival in Bulsar...This is further supported by the dates of the letters to the Bulsar Anjuman respectively by the friends and opponents of Shapur Samra...long before October 1741. As will be seen later the same inference arises from the facts otherwise proved that the Sanjanas left Bulsar in 1742 and had stayed there for two years.

(*c*) Also the language of the Parvana at present in question is exactly such as would have been used in September 1740, when Damaji passed his order, while the Sanjanas were yet in Navsari and had not settled where they would go to, Bulsar, Songhad or elsewhere. On the other hand such language does not suit the circumstances of October 1741, when the Sanjanas had been already in Bulsar for a year. Your theory that the Parvana embodied the order and circumstances of September 1740, and that there was only delay in issuing it cannot stand in the face of the authorities quoted above, that a Parvana was actually issued in 1740. It seems therefore highly probable that the Parvana now existing is that issued in 1740, but there

has been a mistake in copying the Samavat, which should be 1796 and not 1797. It may be noted that on the same date (Aso sud 7) in 1796 a Parvana was also issued to the Bhagarias.

સાર—શેઠ ખરેઘાટના મત પ્રમાણે સંવતમાં કાંઈક ભૂલ છે. તેઓ કહે છે કે ખરો સંવત ૧૭૯૭ નહિ, પણ ૧૭૯૬ જોઈએ. જો આમ હોય તો સરકારી ઢીલનું કારણ જે આપણે ધાર્યું છે, તે ખોટું ઠરે છે.

સુરતના બેહેદીનોએ ગાયકવાડ સરકારને કરેલી ફર્યાદ.

આપણે ઉપર જોઈ ગયા કે તા. ૧૫ મી સપટેમબર ૧૭૪૦ N. S. ને દીને સુરતના કેટલાક બેહેદીનોએ દામાજીરાવ ગાયકવાડને અરજ કરી કે "સંજાણા મોબેદોને નવસારીમાં ધર્મની ક્રિયા કરતા અટકાવ્યા તે અમને કબુલ નથી. અમે તો સંજાણા મોબેદોનાં બે વડાં ઘરો....છે તેને માનીએ છીએ." આ પ્રમાણે સુરતના બેહેદીનો સંજાણા મોબેદો કને ક્રિયાક્રમ કરાવતા હતા, માટે તા. ૨૮ મી અકટોબર ૧૭૪૧ N. S. ને દીને સુરતમાં વસનારા ભગરીઆ મોબેદોએ નવાબ તેગબેગખાનની દરબારમાં સુરતના મોબેદો ઉપર દાવો કીધો કે "નવશારી કશબાના સંજાણા મોબેદો તથા પારસી જજમાનો જેઓએ વેપાર ધંધાસર અથવા લુટારાઓનાં તોફાનને લીધે સુરતમાં આવી વતન પકડયું છે તેઓને ત્યાંનાં લગન, ખુશાલી તથા ગમીની રસમોનાં સઘળાં કામો કરવાનો કદીમુલ અઈઆંમથી અમારો તાલુકો છે અને તે બાબેનો પરવાનો* પણ હાથમાં રાખીએચ, તે છતાં સુરત બંદરવાસી મોબેદો તે અમારી મેહેનતમાં જાસ્તીથી દાખલ થાય છે. આ ઉપરથી નવાબ સાહેબે ચોરેઆશી પ્રગણાંના ફોજદાર મીરજાં અબદુલા બેગને

*જોવો તા. ૨૮ મી મે ૧૭૩૫ N. S. નો પરવાનો આગળ આવેલો છે તે.

એ બાબેની તેહકીક કરવાને ફરમાવ્યાથી તેણે સુરતવાસી મોબેદોનો હક રદ કીધો. અને તેઓ પાસે આજની તેરીખે એક લેખ લખાવી આપ્યો કે ઉપલા શંજાણા મોબેદો તથા સર્વે પોતાનાં જજમાનોનાં કામો કરવાનો હક ભગરીઆ મોબેદોનો છે. તેમાં અમારો કસો દાવો દખલ નથી." (પા. પ્ર. પાને ૮૫૬).

પોતાનાં પંથકમાં ક્રિયાકામ કરવાના ભગરીઆઓને મળેલા પરવાના.

હજુર નવસારીના તથા બીજાં ગામોના ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચેના મીનાકેસાનો અંત આવ્યો ન હતો. સંજાણાઓ પોતાનાં ઘરનુ ક્રિયા કામ પોતેજ કરતા હતા. તે સામે ભગરીઆઓ વાંધો લેતા હતા, અને કહેતા હતા કે હરેક પ્રકારનું ક્રિયાકામ—પછી તે સજાણા મોબેદોનું હોય કે બેહેદીનોનું હોય તે સઘળું—કરવાનો હક તેઓનો પોતાનો હતો. માટે પેશ્વા સરકાર કનેથી તેઓએ ઈ. સ. ૧૭૪૧ માં નીચલો પરવાનો મેળવ્યો હતો :—

"અભયપત્ર રાજેશ્રી પંથપ્રધાન તથા* શમશતે અંધેઆરૂ ભગડીઆ. શાકીન કશબે નવશારી. શુરશંન ઈહીદે અરબેન મઈઆ વ શરીફ દીલ્લે અભયપત્ર એવો જે તમો પારશી લોકો એમનાં પ્રાચીન ગુરૂ માટે આ પ્રાંત જંજીરે વશઈ તથા છાશટી તથા દમણ પ્રાંત શુધાં છે. જે પારશી લોક છે તેમનું ગુરૂપણું કરવા માટે તમે ઉમેદવાર છેવ. માટે દાદાભાઇ તથા કાવશજીભાઈ એઓએ આવીને જંજીરા વશઈ મુકામે વીનંતી કરી તે ઉપરથી મનમાં લાવી તમોને અભયપત્ર આપ્યું છે. તો તમે આ પ્રાંતમાં આવી પારશી લોક તમારા જજમાન પુરવેથી જે છે તથા

---

*શેઠ મં. પે. ખરેઘાટ લખે છે કે:—'તથા" is a misinterpretation of ता० in the original, which is the abbreviation of तहां "to," "unto," appearing in some of the Peshva's Sanads.

ચલાવતા આવેઆ હશે તે પ્રમાણે ચાલી ચલાવતાં જવું. કોઈ વાતનો વસવસો ન ધારી આવીને પ્રાચીન ચાલ પ્રમાણે શુભ તથા અશુભ કામ કરતાં જવું. શુભાશુભ લગન વેહવાને મલતું આવ્યું હતું તે પ્રમાણે હાલ મલશે. કોઈ વાતનો શક ચીંનતા ન લાવતાં આવી પુરવે પ્રમાણે સુખેથી એમનું ગુરૂપદ કરવું અભય છે." (ખેરગામ કેસનો અહેવાલ પા. ૮૯).

નોંધ—ઉપલા પરવાનામાં "શરીફ" શબ્દ છે, તે મોડી લીપીમાં લખાયલા "અલફ" શબ્દનું ખોટું વાંચન છે. સુરસન નીચે પ્રમાણે છે:— ઈહીદે=૧, અરબઈન=૪૦, મયા=૧૦૦, અલફ=૧૦૦૦, કુલે ૧૧૪૧ યાને ઈ. સ. ૧૭૪૦.

બીજો એક પરવાનો નીચે પ્રમાણે છે:—

"આજ (=અજ) સવારી રાજેશ્રી બનાજી શીંદે થાણે શુંનગડ તરફે કસ્બે નવશારીના કુકાજી મેહેરજી તથા જીવણજી માંણેકજી તથા ખુરશેદજી ટેમુલજી વગેરે શમશતે ભગડીઆ. શુરન (=સુરસન) ઈશિને અરબેન મઈઆ અલફ કારેને શુંનગડ વગેરે દેખત મધે તમારા પંનથકના તમારા જજમાંન બેહેદીન તથા શંજાણા અંધેઆરૂ આવીને રહેઆ છે. તેહનું કામકાજ ધરમ વ શાદી ગમી બાજ આફરગાન વગેરે તમામ કામ ધરમનું તમારા તરફનો અંધેઆરૂ ભગડીઆ મોકલી આપણો ધરમ મારગ શુદઆમદ પરમાણે ચલાવજો. તમારા તાલુકામાં બીજો અંધેઆરૂં આવશે નહીં. ખાતર જમે રાખી આપણો ધરમ મારગ ચલાવજો. અ માટે આ કોલ છે. બીજા અંધેઆરૂ આવી દખલ કરશે તો પશેમાન થાશે. જાણજો. ચંદ્ર ૩ માહે રમજાન" (તા. ૧૨ મી નવેમબર ૧૭૪૧ N. S.), (ઉપલા બે પરવાનાની નકલો ઉદવાડાવાળા એ૦ ભીખાજી ઉનવાલાએ મને દેખાડી હતી).

ત્રીજો પરવાનો નીચે પ્રમાણે હતો:—

"રાવજી ખંડેરાવ ગાએકવાડ વ. નોશારીનાં અધારૂ ભગરીઆ કુકાજી મેહેરજી તા. ખુરશેદજી તેમુલજી વગરે

શંમશતની માલુમ થાએ જે તમારાં પંથક શુરત તા. શુનગડ* તા. નવાપરા તા. વેઆરા તા. વાંશદા તા. રામનગર તા. ડાંગ તા. જોઆર વગરે તા. દીવ તા. કલાંણી તા. વશઇ તા. ચેઓલ તા. ઠાંણુ તા. મુંબઈ વગરે શરવે પંથક કદીમથી તમારાં છે. તે જગો તમારા પારશી જુજમાન બેહેદીન રેહે છે તા. શંજાણાં અધારૂ જે જાએગા તમારા પંથકમે રેહે છે. તેનું કામ તમાંમ તમારા ધરમનાં જીવતાનાં તા. મુઆનાં તા. વેવા વાજંનનાં શરવ કાંમ તા. મુઆનાં શરવે કાંમ તા. બાજ આફરગાન તા. ઘેએશારણાં વગરે શરવે કાંમ કદીમથી તમારી અગીઆરીનાં અધારૂ મોકલી કરાવો છેઓ તે પરમાંણે કરાવજો. ને તમારા પંથકમે બીજા અધારૂ તા. શંજાણો અધારૂ કોઈ કશી વાતનો અમલ દખલ કરે નહી. ને જે પોતાની ખુદી કરી કામ કરશે તે પશેમાંન થશે ને તમારો અંધારૂપણાનો હક દશતુર કદીમથી લેતા આવો છેઓ તે પરમાણે લેજો. ને તમારા ધરંમનો રાહા કદીમથી ચાલો છેઓ તે પરમાણે ચાલજો. ને તમારી ખાતર જમે રાખી કાંમ કરજો. તમોને કોઇ મુજાએમ થાએ નહી. એ વાતનો અમારો કોલ છે. શંવત ૧૭૯૮ ની તેરીખ ૧ માહા રંમજાન" (તા. ૧૦ મી નવેમબર ૧૭૪૧ N. S.). (દાકતર જી. જ. મોદીકૃત A Few Events in the Early History of the Parsis મધ્યે ફોટોગ્રાફ, પારશી પ્રકાશ પા. ૩૫, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૧૭, ખેરગામ કેસનો અહેવાલ પા. ૯૮–૯૯).

સુરતના શેઠીઆઓ ઉપર ગાયકવાડી ફરમાન.

ઇ. સ. ૧૭૪૨ માં રાવ શ્રી ખંડેરાવે સુરતના શેઠીઆઓ શેઠ માણેકજી નવરોજી શેઠ, દશ્તુર ભીખાજી જમશેદજી તથા મોદી નાનાભાઈ ભીમજી વગેરે ઉપર ફરમાન મોકલી જણાવ્યું

---

*આપણે ઉપર જોયું કે સોનગઢ તો સંજાણાઓનું પંથક હતું. અત્રે તેને ભગરીઆઓનું પંથક જણાવ્યું છે. આ પંથક કોણને તાબેનું હતું તે તકરારી સવાલ હતો, તે આપણે જોઇ ગયા.

હતું, કે નવસારીવાળાઓને તેઓના હક મુજબ કરવા દેવું, તે ફરમાન નીચે પ્રમાણે હતું:—

"રાવસાહેબ રાવ શ્રી ખંડેરાવ ગાએકવાડ વા. સુરતનાં પારસી શેઠીઆ માણેકજી નવરોજજી તથા આ. ભીખાજી જમશેદજી વગેરે તથા મોદી નાહનાભાઇ ભીમજી વગેરે બેહેદીન જત માલુમ થાએ જે નૌસારી વગેરેનાં બેહેદીન સુરતમાં રહે છે તે નૌસારીનાં અંધીઆરૂનાં જજમાન છે તેઓનાં હક નૌસારીનાં અંધીઆરૂ વાજબી હક પોતાનો લેતા આવે છે શુદઆમદ ખાએછે તે હમણાં જાહેર છે કે જબરીથી તે હક આપવા દેતા નથી. ને કેટલાક નૌસારીનાં બેહેદીન શરારત કરેછે તેઓના તેમાં સામેલ થાઇને નૌસારીનાં અંધીઆરૂનો હક તોડવા તે પણ જીનહાર એ વાત થવાની નથી. ને મુલકમાં ગોર જજમાની કોઇની ગઈ નથી. તો એ કેમ થશે. તે પણ એનો હક રહેશે નહી. જે કોઈ ફીસાદ હીંગામો કરશે તે માત થાશે. માટે જે ફીસાદ હીંગામો કરે તેને મને કરજો. ને આગળ ફીસાદ વધે નહીં. ગોરને ગોરની જાગા ને જુજમાનને જુજમાનની જાગા. તે તાલા તલશ નહી. તે નવાબ શ્રીનો પરવાનો છે તે પરવાનો તમો જુઠો કરશો તો પશેમાન થાશો. ને ફીસાદી છે તેને મને કરજો. તાકીદ જાણવી જે ફરીને હીંગામ નહી થાએ તે કરજો તા. ૨૫ જુલે, હીજરી. (૧૧૫૪)* ૧૭૯૮." (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૨૦, પા. પ્ર. પા. ૮૫૬).

છેવટે શ્રી ઇરાનશાહને ઉદવાડે લેઈ જવામાં આવ્યા.

સંજાણવાળા શ્રી ઇરાનશાહને સંવત ૧૭૯૮ ના રોજ ૬ માહ ૧ (શે.) (તા. ૨૮ મી અકટોબર ૧૭૪૨ N. S. રવિવાર)ને

*અગરજો "જુલે" શબ્દ "જુલહજ" માટે હોય, તો આ તારીખ તા. ૩ જી માર્ચ ૧૭૪૨ N. S. ની મુકાબેલ છે.

દીને વલસાડમાંથી ઉદવાડે લઈ જવામાં આવ્યા હતા, કે જ્યાં તે પવિત્ર આતશ આજ દીન સુધી અંગ્રેજી રાજ્ય મધ્યે સહીસલામત રાત અને દિવસ પૂર તેજમાં પ્રકાશે છે, અને આપણે દુઆ ચાહીશું કે તે ચંદ્રોકાળ સુધી કાયમ રહે. (પા. પ્ર. પાને ૩૫).

શ્રી ઈરાનશાહને ઉદવાડે લેઈ જવામાં આવ્યા તે વિષે મોબેદ શાપુરજી સંજાણા પોતાના કીસ્સામાં લખે છે કેઃ—

દર આનજા માંનદહ ઈશાન દુ સે સાલ
અઝ આંનજા હમ બેબસ્તે રખ્તો ઝદ ફાલ
બે આમદ દર ઉદવારહ જુમલ બીગમ
બેયારીએ નીકો રાજાએ ખુરરમ
કે નામશ દુરજેહસીંગ રાજા બદાની
ખુશી કુન અએ નીકો અઝ શાદમાની
(બેતો ના. ૪૯૭-૪૯૯).

"અર્થ—ત્યાં (વલસાડમાં) બે ત્રણ વર્ષ તેઓ રહ્યા.* તે જગ્યાએથી પણ ઉઠાંગરી કરી, અને ફાલ જોઇ સઘળાઓ ખુશાલીમાં ઉદવાડે આવ્યા. એક નેક તથા આનંદી રાજાની પનાહમાં આવ્યા, કે જેનું નામ દુરજેસીંગ (તું) જાણ. ઓ નેક વાંચનાર, તું ખુશી ખુશાલી કર." આગળ ચાલતાં શાયર કહે છે કેઃ—

ઝે બદશ આન નીકો ખુરશીદ સરદાર
બ નવસારી બેયામદ ગોફ્ત અઝહાર
હમે મુબદ બહગરીયહરા બેગોફ્તંદ
કે કઝીયહ બરતરફ શુદ અએ નીકો કંદ
હમે બેહદીનો મુબદ ગશ્ત હમયાર
ખુશી ઓ ખુરરમી ગશ્તહ અઝીન કાર

---

*આગળ કહ્યુ છે, કે ઇરાનશાહને યજદજરદી સને ૧૧૦૯ માં વલસાડમાં લેઇ જવામાં આવ્યા હતા. ત્યાં બે ત્રણ વર્ષ રહી યાને ય. જ. ૧૧૧૧ માં (ઇ. સ. ૧૭૪૨ માં) ઉદવાડે લેઈ જવામાં આવ્યા હતા.

ચું ચનદીન સાલ બેગશતંદ ઝીનશાન
હમે મુબદ શુદંદ યક કલબો યકસાન
(બેતો ના. ૫૦૦-૫૦૩)

અર્થ:—"તે પછી નેક સરદાર ખુરશેદ નવસારીમાં આવ્યો અને સઘળું જાહેર કીધું. તેણે સઘળા મોબેદોને કહ્યું, કે આ જગ્યાથી એ નેક ચાલવાલા સાહેબો, કજ્યો દૂર થયો છે. પછી સઘળા બેહેદીનો અને મોબેદો એકમેકના મિત્ર થઇ રહ્યા. અને એ કામથી ખુશ ખુશાલ થયા. એવી રીતે કેટલાંક વર્ષ પસાર થયાં. અને સઘળા મોબેદો એક સંપથી રહ્યા."

વલસાડ છોડી ઉદવાડે જવાનું કારણ.

અત્રે મોબેદ શાપુરજી સંજાણા આગળી હકીકતને લગાર પાછળ રજુ કરે છે. શ્રી ઈરાનશાહને **ખુશાલી સાથે** વલસાડથી ઉદવાડે લેઈ ગયા, આમ શાપુરજી સંજાણા લખે છે તે ધ્યાનમાં ઉતરી શકતું નથી. વલસાડ જેવાં એક શેહેરમાંથી ઉદવાડા જેવાં ગામડાંમાં શ્રી આતશબેહેરામને લઈ જવાનું કારણ વધુ મુસ્તકીમ હોવું જોઇએ. દંતકથા તો એવી છે કે "દેશાઈ કુટુંબમાંના એક જણે વલસાડનો ઈજારો લીધો હતા. વળી શાપુર શાંમરો પણ ભારી ત્રાસ આપતો હતો. આથી સંજાણાઓ ઘભરાટમાં પડયા.* તેઓએ મીજલસ ભરી છુપાછુપ શ્રી ઈરાનશાહને લેઈ નાસી જવાનો ઠરાવ કીધો. આ ઠરાવની રૂહે તેઓ એક રાત્રે શ્રીજીને લેઈ ઉદવાડા ભણી ગયા. તેમના દુશ્મનો (જેઓએ તેમની હીલચાલ ઉપર ચાંપતી દેખરેખ રાખી હતી તેઓ) એ સંજાણા પાછળ લાકડીઆઓ (યાને લાકડીઓથી સજ્જ થયલા પોશાગીરો) ને દોડાવ્યા. અંતે સંજાણાઓ **પાર નદી** આગળ આવ્યા અને તે પસાર કરી પેલે પાર સહીસલામત જઈ આગળ વધ્યા. જ્યારે પુઠે

---

*આ બીના સંજાણાઓએ શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર લખેલાં લાંબાં પત્રમાંના એક ફકરાપરથી પૂરવાર થાય છે, તે હવે પછી જોશું. ત્યાં ખુલ્લું લખ્યું છે કે ભગરીઓએ "વલશારમાં પન હમોને થરવા દીધા નહીં."

લાગેલા લાકડીઆઓ પાર નદી આગળ આવ્યા, ત્યારે તેમાં પૂરનાં પુષ્કળ પાણી ચઢી આવ્યાં, તેથી તેઓને નાસીપાસી સાથે પાછું ફરવું પડયું."

બીજી એક દંતકથા એવી છે, કે "પાર" નદીએ પાર આપ્યો, માટે તે દિવસથી તેની પાસેનાં શેહેરનું નામ "પારદા," "પારડી" પડયું. અત્રે કહેવું પડે છે કે આ તદન ભૂલભરેલો ખ્યાલ છે, કારણ કે ક્ષત્રપતિ નહપાન (ઈ. સ. ૭૮-૧૨૫) ના નાસકના ગોફાવાલા એક શિલા લેખમાં "પારદા" નદીનું નામ સ્પષ્ટ આવેલું છે, (જોવો મારૂં પુસ્તક Parsis of Ancient India પા. ૧૪), જો કે આપણે કબુલ કરીશું કે સંસ્કૃતમાં "પારદા" શબ્દનો અર્થ "પાર આપનાર," યાને "નદી યા દરિયાના સાંમેના કિનારાનું રક્ષણ આપનાર" થાય છે. માટે ખરી વાત તો આ હોવી જોઇએ કે "પાર" નદીએ "પાર આપી" પોતાનાં નામનું વાસ્તવિકપણું સિદ્ધ કરી આપ્યું હતું.

નોંધ—આ લખનારને ઉદવાડાથી એક હસ્તલેખિત કીસ્સો નામે "કીસ્સે સંજાણા ભગરીઆ" મલ્યો હતો. તેમાં ઉપલી દંતકથાની કેટલીક વિગતો છે. આ કીસ્સો ગુજરાતીમાં છે. અને તે અસલ ફારસીમાં હતો એમ જણાવ્યું છે. આ કીસ્સો ભરોસો મુકવા લાયક નથી. તે બહુજ પાછલનો ભૂલ ભરેલો તથા ખોટી હકીકતોવાલો છે. તેમાં ઐતિહાસીક બાબતોનો છબરડો ઘણો છે. કેટલાક ઉદવાડીઆ મોબેદો રસ લઈ તે વાંચે છે. પણ તેઓએ જાણવું જોઇએ છે કે તે બનાવટ છે તથા તેમાં પુષ્કળ ખોટારૂં છે.

શ્રી ઇરાનશાહને ઉદવાડે લઈ ગયા તેની હકીકત વિષેની દંતકથાઓ.

શ્રી ઈરાનશાહ આતશબેહેરામના કેબલાને ઉદવાડે લઈ ગયા તે દીને બનેલા બનાવો વિષેની બે દંતકથાઓ એરવદ કેરશાશજી શાપુરજી પટેલે વર્તમાનપત્રોનાં "કટીંગો"નાં ચાર

પુસ્તકો બનાવ્યાં છે, તેમાંના એકની શરૂઆતમાં કોઈક જુનાં લખાણ ઉપરથી ઉતારી લીધી છે, તે અત્રે આપીશું. એમાંની બીજી દંતકથા પહેલીથી લગાર જુદી છે, પણ અધુરી રહી ગઈ છે :—

"એરવદ ખુરશેદ દેશાઈ શાતે શંજાણો શાપુર શેહેરીઆર (શાંમરો) મલી જઇ શંજાણા ટોલા પર હર વખત હાદેશો પાડતો તેથી તેની દસ્તુરી રદ કીધી એમ વડીલો કહેતા હતા. તે શાપુર શાંમરો પાર નદી શુધી ભગરીઆઓને લઈ આવેલો કે આતશબેહેરાંમ સંજાણાના હાતમાંથી લઈ લેવા. પણ ઇરાનશાહને **પાર નદીએ પાર આપીઓ** રોજ ૬ માહ ૧ ને દને. ભર રેલમાં આગલ પાણી હટતાં ગીઆં ને પાછલ પાણી ભરાતાં ગીઆં. તે નજરો નજર જોઈ તે લોકો પાછા નશારી તરફ ફરેઆ. નાસપુર ઉંચું પાણી થઈ ગીઆં. મોટી રેલ આવવાથી તેથી સંજાણા લોકો આતશબેહેરામ શાતે પારડી તરફનાં કીનારા તરફ નીકલેઆ. પાર નદીના પારડીના કીનારે તંબુ મારી ઈરાનશાહની શવારની હાવન ગેહેની બોય દીધી. તે વખત માંડવીનો રાજા પારડીના કીલ્લા પર આવેલો હતો. તેણે પાર નદીના કીનારા પર તંબુ મારેલો જોઈ શવારોને દોડાવ્યા કે હાં કોણ લોકો તંબુ મારી રહેઆ છે. અને હાં આવવાની શું મતલબ છે, તે પુછી થોડા જણને બોલાવી લાવો. મોબેદો ગીઆ રાજા પાશે. રાજાએ પુછયું તમો કોણ લોકો છેઓ અને હાં આવવાનું કારણ શું છે? મોબેદોએ કહીઉં કે હમારા લોકો આતશના પુજારી છઇએ. અને આતશને લઈને આવેઆ છઇએ. અને તમો એખલાજ છેઓ કે બચાં છોકરાં છે? કહીઉં કે બચાં છોકરાં નશારી છે. તો બચાં છોકરાં મુકી ફક્ત આતશને લઈ આવેઆ, તો શું તમારો આતશ કેવો છે? ફક્ત આતશને લઈ આવ્યા? મોબેદોએ કહીઉં જે હમારો આતશ હમોને જે માંગીએચ તે આપે છે. તો અલ્યા તમારા આતશ મને એક છોકરો આપશે? મોબેદોએ ખોદાને યાદ કરી કહીઉ

જે તમો આતશની માનતા લેઓ અને એકીન રાખો, તમોને છોકરો આપશે. રાજાએ માનતા લીધી અને આતશબેહેરામ ઈરાનશાહ પર એકીન રાખીઉં. થોડે વરશે રાજાને છોકરો અવતરેઓ. ખોદા અને ઈરાનશાહની મેહેરબાનીથી પછી રાજાએ કહીઉં કે મારાં પાંચ ગામ છે. ગમે તાં વશો, આજથી જુભરી વેરો એટલે ગેરવેરો માફ છે. દરીઆ પાશે હાં વશેઆ. રાજાના ઉંઠ ચરવાના વારા જંગલ તેનું નામ ઉંઠવારા હતું. તાર પછી ઉદવાડા થઈઉ છે. અગઉ ઉદેપોર ભી કેહેતા હતા. (ધુપ નીરંગમાં હાલ પણ અંદર બલાદ [વલાયત?] હીંદુસ્તાન તાએબે શેહેર ઉદેપુર અંજુમન જશ્ત એશતેદ ભણે છે). રાજા ઈરાનશાહને બાહરથી શેજદો કરવા આવેલા તે રૂપીઆ વેહેચવા કીધા તે નહી લીધા. તે આતશબેહેરાંમના ઓટલા પર પરદા બાંધી આરૂં કીધેલું. ને રાજા રૂપીઆ ખોભે ખોભે નાખી ગીઓ. માનતા લીધેલી તે બધા રૂપીઆ તે વખતના દશતુરોએ એકઠા કરાવી ગરીબ લોકોને વેહેંચી આપેલા એમ વડીલોએ વાત કીધેલી."

બીજી દંતકથા:—"વલશાડમાં ઈરાનશાહ આતશબેહેરામ શાહેબ બે વરશ નાલે મોહલે રાખેલા. તાંથી પાછા પારડી તરફ આવવા નીકલેઆ તે પાનેરામાં પારસી એક જીજી દેશાઈ કરી રહેતા હતા પાર નદી તરફ છેક આગલ. તાંહ આતશબેહેરામ લઈ ગીઆ. જીજી દેશાઈ તે હાલે પાનેરામાં શાપુરજી જમશેદજી દેશાઈ કરી હાલ રેહે છે તે ગર જીજી દેશાઈનું. તેણાએ ઘણી મદદ કીધી. હવે મોટે મોહેલે એક અગીઆરી નશારીવાલાની કેહેચ. તે નશારીવાલાઓને ખબર થઈ કે આતશબેહેરામ લઇને પાનેરા તરફ ચાલેઆચ શંજાણાઓજ. તે લોકો શાપુર શામરો જે હમારા ટોલાથી ફટાંઉ થએલો તેની શાતે આવેઆ. હવે જીજી દેશાઇનો ભાઈ પાનેરાથી વલશાડ તરફ એક માઇલ પર રહેતો હતો તેણે તે લોકોને પુછીઉં કે તમો કાંહ જાઓચ. તારે કહીઉં જે પેલા સંજાણા આતશબેહેરામને લઈને જાએચ તેના હાથમાંથી આતશ લઇ લેવા છે. પેલા બેહેદીને જાણીઉં જે હીંદુસ્તાનખાતે એકજ એ આતશબેહેરામ છે. તે એ લોકોનું

બલ તથા માણશો વધારે છે તેથી ખરાબી થવાની, કરી પાર નદી આગલના પોતાના ભાઇ જીજી દેશાઇને કેવારીઉં પોતાના છોકરાં શાતે જે એ લોકોને પાર નદી ઉતારી મુકો. કે પછી માંડવીવાલા રાજાનું ગામ છે. પછી ફીકર નહી. જીજી દેશાઇએ છોકરા પોતાનાને મોકલેઓ કે લોકોને શાતે જઈ ખારીને પાર એ લોકો જાએ. ને તું આવજે. હવે ખારી આગલ ગીઆ તો પાર નદીમાં પુર જોશથી રેલ આવેલી. ઉપર વરશાદ વધારે થએલો તેથી શંજાણા વીચારમાં પરેઆ. પણ ખોદા પાશે દોઆ માંગી કે કેખશરૂ પાદશાહને જેહુનની નદીમાં પાર આપેલો અને બીજા પાદશાહોને તેમ જો ઈરાનશાહ પાદશાહને પાર આપશે તો આપરે શાતે નીકરશું. નહી તો એ પાદશાહ શાતે ખારીમાં જાશું તો ફકર નહી. પણ તે લોકોના હાતમાં જવા દેવા નહીં, કરી ખોદાની બંદગી કરી અંદર ખોદાનું નામ લઇ ઉતરેઆ, તો આગલ પાણી હટતું ગીઉ ને પછવારે ભરાતુ ગીઉં. ઈરાનશાહના શતથી પાર આપેઓ. તેથી તેઓ પારડી તરફ નીકલેઆ ને તંબુ મારી હાવનની બોએ દીધી. કે પારડીના કીલા પર માંડવીનો રાજા આવેલો તેણે સવારો મોકલેઆ કે તમો કોણ લોકો છેઓ, ને હાં શું કામ આવેઆ છેઓ. રાજા બોલાવે છે....”

નોંધ—અત્રેથી આ દંતકથા અધુરી રહી ગઇ છે.

શ્રી ઈરાનશાહને ઉદવાડામાં ઈ. સ. ૧૭૪૨ માં લાવ્યા હતા તે બાબતની સાહદતોનો સંગ્રહ.

શ્રી ઈરાનશાહને ઉદવાડામાં કયા સાલમાં લાવવામાં આવ્યા હતા, તે બાબતની કેટલીક સાહદતો આગળ આવી ગઇ છે અને કેટલીક હવે પછી આવશે. શ્રીજીને ઈ. સ. ૧૭૪૨ માં ઉદવાડે લાવવામાં આવ્યા હતા, તે વિષે કેટલાક સાહેબોએ પોતાનાં લખાણોથી ગુંચવાડો પેદા કીધો છે, માટે સને વિષે સઘળી સાહદતોનો સંગ્રહ અત્રે કરીશુ.

(૧) ઉદવાડાની જુની ફેહરીસ્ત ઉપરથી આપણે જોયું, કે સંવત ૧૭૯૯ થી* (પાને ૧૭૪૨-૪૩ ઈસ્વીથી) શ્રી ઈરાનશાહને ઉદવાડે લાવ્યા હતા.

(૨) નવસારીની મેહેરજીરાણા લાએબ્રેરી મધ્યેના ફારસી "કીસ્સે જરથુશ્ત્રીઆને હિંદુસ્તાનમાં" ની ગુજરાતી નોંધ ઉપરથી આપણે જોઈ ગયા, કે ઈરાનશાહ વલસાડમાં સંવત ૧૭૯૮ સુધી બે વર્ષ રહ્યા હતા. માટે સંવત ૧૭૯૮ યાને ઈ. સ. ૧૭૪૨ માં ઉદવાડે આવ્યા હતા એમ નક્કી થાય છે.

(૩) મોબેદ શાપુરજી સંજાણાના "કીસ્સે જરથુશ્ત્રીઆને હિંદુસ્તાન" પ્રમાણે ઈરાનશાહ ય. જ. ૧૧૦૯ માં વલસાડ ગયા હતા. ત્યાં બે ત્રણ વર્ષ રહી ઉદવાડે આવ્યા હતા. માટે ઉદવાડે આવ્યાનો સને ૧૧૧૧ યજદજરદી આથવા ૧૭૪૨ ઈસ્વી ઠરેછે.

(૪) પારસી પ્રકાશ પ્રમાણે સં. ૧૭૯૮ રોજ ૬ માહ ૧ તા. ૨૮ મી અકટોબર ૧૭૪૨ ને દીને શ્રી ઈરાનશાહને ઉદવાડે લાવવામાં આવ્યા હતા.

(૫) ઈ. સ. ૧૭૪૬ માં સંજાણા મોબેદોએ ઉદવાડેથી શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર મુંબાઈ કાગલ લખ્યો હતો અને તેમણે સંજાણાઓ ઉપર ઉદવાડે જવાબ વાલ્યો હતો. સંજાણાઓ પોતાના કાગલમાં લખે છે કે અમને વલસાડમાં

---

*શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ અત્રે નોંધ કરે છે કે:—It may be noted that the date Roz 6 Mah 1 Samvat 1798 the date of arrival at Udwada corresponding to 28-10-1742 was the very last day of the Hindu year. Samvat 1799 began the next day; hence it was not unnatural to say that the Fire had been in Udwada since Samvat 1799 as in the Udwada Fihrist.

સાર—રોજ માહની મુકાબેલ સંવત ૧૭૯૮ નો છેલ્લો દહાડો આવે છે. સંવત ૧૭૯૯ તો બીજે દિવસેથી શરૂ થયો હતો. માટે ઉદવાડાની ફેહરીસ્તમાં સંવત ૧૭૯૯ નું સાલ જણાવ્યું છે તે અકુદરતી નથી.

પણ ઠરવા દીધા નહિ. દસ્તુર ભીખાજીએ પોતે સહી કરી છે, તે જગ્યા ઉપર લખ્યું છે કે વલશાડમાં **બે વરશ રહ્યા હતા.** ઈ. સ. ૧૭૬૪ માં નવસારીમાં નવાં આતશબેહેરામ બરપા કરવાની તૈયારી થતી હતી, તેની સામે સંજાણાઓએ પ્રોટેસ્ટ કરી એક કાગળ સુરતની અનજુમન ઉપર રવાના કીધો હતો, તેમાં પણ લખ્યું હતું, કે **વલસાડમાં બે વર્ષ રહ્યા** હતા. વલસાડમાં આવ્યાનો સને ઈ. સ. ૧૭૪૦ નો હતો, તે ઉદવાડાની ફેહસ્ત વગેરે ઉપરથી આપણે જોયું. માટે ઉડવાડે આવ્યાનો સને ઈ. સ. ૧૭૪૨ ઠરે છે.

(૬) હવે પછી જોશું, કે તા. ૨૧ મી આગસ્ટ ૧૭૪૪ ને દીને ભરૂચની અનજુમને દેશાઈ ખુરશેદજી તેહેમુલજીને કાગજ લખ્યો, કે **શ્રી** ઈરાનશાહને "ભરૂચ મંગાવીએ." આના જવાબમાં દેશાઇજી ખુરશેદજીએ લખ્યું કે "થેકાણું મુકી (સંજાણાઓ) **જંગલ જાગા** કરે છે"..."તો હમુ શું કરૂં." અત્રે ઉદવાડાનો ઈશારો છે. તે વખત ઉદવાડા જંગલ જેવું હતું.

(૭) હવે પછી જોશું, કે તા. ૩૦ મી જુલાઇ ૧૭૪૫ ના એક પરવાનામાં લખ્યું છે કે "**દમણથી** આતશબેહેરામ લઇને કસ્બે વલશાડમાં આવીને રહેજો." તે વેળાએ ઉદવાડા એક નાનું ગામડું હતું. માટે **દમણ** શબ્દ અત્રે વાપર્યો છે. સંજાણાઓ ઉદવાડાથી વલશાડ પાછા જવા માંગતા હતા, માટે તેઓએ આગમચથી ઉપલો પરવાનો મેળવી રાખ્યો હતો એમ માલૂમ પડે છે. આ પરવાના પરથી વધુ માલૂમ પડે છે, કે ઈ. સ. ૧૭૪૫ માં શ્રી ઈરાનશાહ ઉદવાડામાં હતા.

(૮) ઈ. સ. ૧૭૫૪ તથા ૧૭૫૭ વચ્ચે વલસાડના ખુરશેદજી હોશંગજીએ કરેલાં વસીહત ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે, કે શ્રી ઈરાનશાહને સંવત ૧૭૯૮ માં ઉદવાડે લેઈ ગયા હતા.

(૯) વલસાડની અનજુમને મુંબાઈની અનજુમન ઉપર તા. ૨૨ મી ડીસેમબર ૧૮૨૧ N. S. ને દીને લાંબો પત્ર

લખ્યો હતો (જે હવે પછી જોશું), તેમાં લખ્યું હતું કે સંજાણાઓ શ્રી ઈરાનશાહને લેઈ સંવત ૧૭૯૬ (ઈ. સ. ૧૭૪૦)માં વલશાડમાં આવ્યા હતા. ને ત્યાં બે વર્ષ રહી ઉદવાડે ગયા હતા.

નોંધ—આંકવેટીલ ડુ પેરોંન શ્રી આતશબેહેરામને નવસારીથી લેઈ જવાનો સને ય. જ. ૧૧૧૪ (ઈ. સ. ૧૭૪૫) જણાવે છે, અને ઉદવાડે લેઈ જવાનો સને ય. જ. ૧૧૨૧ (ઇ. સ. ૧૭૫૨) જણાવે છે. (જોવો દાકતર જી. જ. મોદીનું પુસ્તક આંકવેટીલ ડુ પેરોંન તથા દસ્તુર દારાબ પા. ૨૦૭). પણ તે ભૂલ ભરેલો સને છે. આંકવેટીલ આગળ ચાલતાં લખે છે કે "આ આતશ નવસારીમાં ૩૦૦ થી વધુ વર્ષો સુધી રહયો હતો" (જોવા તેજ પુસ્તક પા. ૨૦૭). દાકતર મોદી "નવસારીમાં ૩૦૦ થી વધુ વર્ષો રહ્યાની" આ બાબતને ખોટી જણાવે છે, કારણ કે તેમના મતે આતશબેહેરામ ઈ. સ. ૧૫૧૬ માં નવસારીમાં આવ્યા હતા. દાકતર મોદીએ પોતેજ મોટી ભૂલ કરી છે, તે આપણે આપેલી સાહદતો ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે.

(૧૦) ઈ. સ. ૧૮૩૩ માં સંજાણાઓએ ખંડણી માફીની અરજ અંગ્રેજ સરકાર કુા.ને કરી હતી તેમાં લખ્યું હતું, કે ૯૧ વર્ષ થયાં અમો ઉદવાડે રહ્યા છીએ. આ ઉપરથી પણ ઉદવાડે આવ્યાનો સને ઈ. સ. ૧૭૪૨ પુરવાર થાય છે.

શ્રી ઈરાનશાહને સંજાણાઓનાં પંથકમાં ગમે ત્યાં રાખવાની પેશ્વા સરકાર કનેથી મળેલી સનદ.

પેશ્વા સરકારે સંજાણાઓનાં પંથકમાં શ્રી ઈરાનશાહને ગમે ત્યાં લેઈ જઈ રાખવાની સનદ દસ્તુર ભીખાજી રૂસ્તમજી તથા દસ્તુર રૂસ્તમજી શેહેરીઆરજીનો† તથા બીજા મોબેદોને

---

†દસ્તુર ભીખાજી તથા દસ્તુર રૂસ્તમજી શેહેરીઆરજી ઉદવાડાના પેહેલા દસ્તુરો હતા. દસ્તુર ભીખાજીએ યજદજરદી ૧૧૦૫ (ઇ. સ. ૧૭૩૬)માં મુંબાઇવાલા મુબદ શેઠ માણેકજી નવરોજી શેઠ માટે એક "વંદીદાદ સાદે" લખી હતી, તેના કોલોફોનમાં પોતાને માટે ફારસીમાં આમ લખ્યું હતું :—

હીજરી તા. ૬ ઠી સવાલ ૧૧૫૫ તા. ૨૩ મી નવેમબર ૧૭૪૨ O. S. તથા તા. ૪ થી ડીસેમબર ૧૭૪૨ N. S. ને દીને નીચે પ્રમાણે કરી આપી હતીઃ—

"તમો વલસાડ પ્રાંતમાં પારડીમાં આવી રહેલા છો. તમારા દાદા પટેલની* અરજ ઉપરથી આ પરવાનો આપ્યો છે કે તમોએ તમારા આતશને લઈ સુખ રૂપ આવી પ્રગણે સંજાણમાં રહેવું. કોઈ વાતનો મુજાએમ નહી. તમોને જ્યાં રેહવાને પરવડે ત્યાં રેહવું" (પા. પ્ર. પાને ૮૫૭).

નોંધ—આ પરવાનો શ્રી ઈરાનશાહને **સંજાણ પ્રાંતમાં** લેઇ જવા માટે હતો, કે જે પ્રાંત પેશ્વાઓની હકુમત તળે હતો. આ પરવાનો બરાબર સમજવામાં ભૂલ થવાનો સંભવ હોવાથી શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ લાંબી પણ ઉપયોગી નોંધ લખી મોકલે છે, તે એમનાજ શબ્દોમાં આપીશું:—

(*a*) This Sanad was not given to allow removal of the Fire from Navsari, nor for its establishment in Bulsar. **It was to allow its establishment in the Sanjan Prant**. The Sanjan

---

"મુબદ ભીખા બીન દસ્તુર રૂસ્તમ બીન દસ્તુર બેહરામ વલદ દસ્તુર ખુરશીદ બીન દસ્તુરાન દસ્તુર હુશંગ આસા લકબે સંજાનાન પરસ્તારે દરગાહ આતશ વરહરામ સાખ્ત સાકેન કસબે નવસારી." (યાને નવસારી કસબાના રહીશ મોબેદ ભીખા.. એ આ પુસ્તક બનાવ્યું). આ ઉપરથી તથા પારસી પ્રકાશ પા. ૮૪૮ ઉપર ઇ. સ. ૧૬૯૧ ના લેખમાં બેહેરામજી ખરશેદજીને દસ્તુર કહ્યા, તે ઉપરથી એમ દીશે છે કે દસ્તુર ભીખાજીના વડવાઓ નવસારીમાં સંજાણા ટોળાના દસ્તુરો હતા. ઉપલાજ ઇ. સ. ૧૬૯૧ વાલા લેખમાં દસ્તુર શેહેરીઆરજી મીનાચેહેરજીની સહી છે. તેઓ મીરજાં ખાનદાનના ઉદવાડાના પેહેલા દસ્તુર રૂસ્તમજી શેહેરીઆરજીના બાવા હતા. (જોવો દાકતર જીવનજી મોદીનું પુસ્તક દસ્તુર બહમન કૈકોબાદ તથા કીસ્સે સંજાણ પા. ૮૦ તથા પા. પ્ર. પા. ૮૪૮).

* પટેલ દાદા બેહેરામજીએ હીજરી ૧૧૪૨ (ઇ. સ. ૧૭૨૯–૧૭૩૦) ના લેખ ઉપર સાખ કરી હતી.

Prant was in the Peshva's own jurisdiction and lay to the South of the Portuguese territory of Daman. Udwada was in the Pardi Taluka to the north of Daman, Bulsar was still further to the north across the Par river in the Gaicowar's possession then.

(*b*) This Sanad is important in one way. It calls the Sanjanas residents of Pardi; it shows therefore that **before its date** (4th December 1742 N. S.) they had already **left Bulsar town,** which is some miles to the north of the Par river and had come to the Pardi Taluka, which is to the south of that river although contained in the Bulsar Prant (District) at the time.

(*c*) As first sight it might seem as if this Sanad of 4th December 1742 which calls the Sanjanas residents of Pardi is inconsistent with the traditional date 28th October 1742 for removal to Udwada. But a little consideration will show that the two are not necessarily inconsistent. It is possible that Udwada being then a small village a few miles from the well-known town of Pardi may have been regarded merely as its suburb, and so the Sanjanas may have been spoken of as residents of Pardi, when they were actually at Udwada A similar statement in another Sanad wherein they are called residents of Daman while they were really at Udwada has been noted by you.

There may also be another explanation The Sanjanas had to pass through Pardi on their way

to Udwada from Bulsar. Some of them may have been sent from Pardi to the Peshva's Court to obtain his Sanad, while the others passed on to Udwada when the former left, there might even have been no intention to go to Udwada but to the Sanjan Prant; but even if there was, when the messengers left, if they were at Pardi it was natural to state that they were residing at Pardi. The interval of 57 days between the two dates (28th October and 4th December) was not too large for the messengers to go to the Udwada Court, appeal to him and get his Sanad.

(*d*) As this Sanad shows that they had left Bulsar before its date in 1742, and as the Sanjana's own letter shows that they stayed in Bulsar 2 years, this is another proof that the removal from Navsari took place in 1740.

શ્રી ઈરાનશાહને લઇને ઉદવાડે આબાદીમાં રહેલા સંજાણાઓ.

શ્રીજીને ઉદવાડે લેઈ આવ્યા બાદ સંજાણા મોબેદો આબાદી સાથે ત્યાં રહ્યા હતા, તે નીચલા સરકારી ઢંઢેરા રૂપી હોકમનામાં ઉપરથી માલૂમ પડે છે. કમનસીબે આ લેખ ઉપર તારીખ આપેલી નથી.

"આમેલ પરગણે વલશાડ. જત માલમ થાય જે પારસીનાં અંધીઆરૂ આતસજી દેવતાનાં પુજારી અંધીઆરૂ ભીખાજી તા. રૂસ્તમજી વગેરે સંજાણા અંધીઆરૂં નૌસારીનાં અધીઆરૂ ખુરશેદજી દેશાઈ વગેરે સાથ ધરમ બાબત મનાકેસો ઘણા દહાડા થએઆ ચાલે છે. તે ઉપરાંત આ. ભીખાજી વગેરે શ્રી આતસજી સાથે મોજે ઉદ્દપોરમાં આવી આબાદ થાએલા છે.

તેઓને હમોએ કુલ પરવાનાં લખી આપાં છે તે માફક અમલમાં લાવજો. તેઓની ગોર બરદાશત કરજો. ને પરગણે વલશાડના પારસી એઓનાં જુજમાન છે તેની સુરત વગેરેનો ગુરૂપનાનો કામ અને અમલ કરતા આવ્યા છે તેમ કરશે. એઓનથી અંધીઆરૂ સાપુર શેરીઆદ નામે ફતાએઓ થાઇને નોસારીના અંધીઆરૂ ખુરશેદજી દેશાઈ સાથે મલી એઓને દુખ દીએ છે તેમ બલગ એક એઓનો ખાઇ ગીઓ છે તેને વલશાડનાં અંધીઆરૂપણામો દાખલ નહી અપાવવો. જાહાં સુધી એઓની નીશા નહી કરે ત્યાં સુધી. ને આગલા વરસની ચોરી વગેરેના પૈસા તમો પાસે સરકારની દોહાઈ દેઇ અનામત રખાવા છે તે પૈસા અંધીઆરૂ ભીખાજી વગેરેને હવાલે કરવાને એઓને દેલાસો દેવો. એ વાતે તાકીદ રાખવી. એઓના પૈસા તા. જે એઓની ચીજ વસત તેને લીધી છે તે સરવ તેની પાસેથી એઓને સ્વાધીન કરાવીને હર બાબદમાં એ દેવતાનાં કોલની બરદાશત કરવી. ને એઓનનો દાવેદાર જે હોએ તેને તોશેશ કરવી. દેશ પરદેશ એઓને કોઈ મુજાહેમ નહી થાઇશ. તે તાકીદ જાણવી. તથા એ જાહાં રહે ત્યાં એઓને કોઈ કશી વાતે મુજાહેમ નહી થાઇ શકે તે કરવું. કોઈ જમીદાર તરફદાર વગેરે." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૪૬).

ઈ. સ. ૧૭૪૩ માં ભગરીઆઓએ બેહેદીનો કનેથી પણ લખાવી લીધેલા લેખ.

ભગરીઆ મોબેદોએ કોરટમાં ફતેહ મેલવી તેટલાથીજ સંતોષ ન પામતાં ખુદ બેહેદીનો કનેથી પણ દબાણથી યા સમજાવટથી લખતો લખાવી લેવા માંડયાં. સંવત ૧૭૯૯ રોજ ૬ માહા ૭ વૈશાખ શુદ ૩ (તા. ૨૬ મી એપ્રીલ ૧૭૪૩ N. S. શુકર) ને દીને પાહાલણજી મેહેરનોશજી તંબોલીએ નવસારીની ભગરસાથ અનજુમનને લખી આપ્યું કે...."તમો કદીમથી અમારા ગોર ને અમો તમારા જુજમાન છઉ. માટે જે જાગ્યા

સુરત વગરે જાંહાં રહુ તાંહાં તમારા ગૂમાસ્તા કણે કટંબ સુધાં ફરજંનદાંન ફરજંન કાંમ તમાંમ કરાવુ જીવતાંનું તા૦ મૂઆંનું આપણી કદીમ રાહા પરમાંણે તમારા ગુમાસ્તા કણુ કરાઉં. એહેમાં કઈ તફાવત કરૂ તો સરકારનો ધુનેગાર."

ઉપલીજ તારીખે નવસારી કસબાના તથા સુરત વગેરેના સમસ્ત બેહેદીનોએ નવસારીની સમસ્ત ભગરીઆ અનજુમનને ઉપર પ્રમાણેજ લખી આપ્યું કે..."અમો કદીમથી બાપદાદે તમારા જજમાંન છો. ને તમો અધારૂ કદીમ અગીઆરીનાં હીંનદોસ્તાંનમાં કુલ બેહેધીન રેહે છે તેનાં ગોર છો અને અમો બાપદાદે અમારાં જીવતાં મુઆંનાં કુલ ધરમનાં કાંમ તમો પાસે કદીમ અગીઆરીમાં કરાવુ છો ને હવડાં કેટલાએક વરશ થેઆં અધારૂ બેહેદીનનાં દરેમેઆંન મનાકશો થાઓ ને મનોચેહેર હોમજી વગેરે કેટલાએક અધારૂ તમોથી ફટાઓ થાઆ તેથી થોડાએક બેહેદીન તે ફટાઓ અધારૂ પાસે કાંમ કરાવતા હતા તેનું અમોએ કોલ કરાર કીધો જે તે ફટાઓ અધારૂ પાસે કાંઇ ધરંમનું કાંમ કરાવું નહી. ને આજ દીન પછે અમો તથા અમારા ફરજંદાંન ફરજંદ કુલ ધરંમનાં કાંમ વેહેવાનાં આશરવાદ તથા નોહોણુ તથા નોજોદ તથા બાજ બરશમ વગેરે તથા ઘઘરણાંનાં આશીરવાદ વગેરે કુલ જીવતાંનાં કાંમ તથા ઘેહેશારણાં તથા શરોશ શીઆવ તથા ચાહારંમ વગેરે બાજ બરશંમ તથા આફરીનગાંન વગેરે મુઆંનાં ધરંમનાં કામ કદીમ દરેમેહેરમાં કરાવું ને અશલ કદીમ રાહા રશમ મુઆફીક જે રાહા અશલ અમારા વડાવડેરા ચાલા તે પરમાંને ચાલુ એમાં કશો શુખન નહી. એ લખુ અમો અમારા ખુદાએને હાજેરનાજેર જાણી પોતાનાં વડાંવડેરાને ઓલખી ધરંમનાં રાહા પરમાણે પોતાની રાજી રજાવંદીએ કીધું શહી એ વાતમાં તફાવત કરે તે પોતાનાં ધરમમાં તફાવત કરે." (ફરેદુન કાંગાકૃત ભગર અનજુમનની તવારીખ પા. ૫૪૫–૫૪૬, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૨૦–૨૧).

નોંધ—આ લેખ ઉપર ફકત ૩૦ બેહેદીનનોની સહી છે, તથા ૨૫ જણની સાખ છે. માટે આ લખત નવસારી તથા સુરતના ફકત થોડાક બેહેદીનોએ કબુલ રાખ્યું હતું એમ દીશે છે. આ લેખ ભગરીઆ–મીનોચેહેર હોમજીવાલા સને ૧૯૧૮–૧૯ ના કેસ ના. ૧૩૨ ના ચોપાન્યામાં પાને ૬૦–૬૨ ઉપર છે, ત્યાં ૨૯ જણની સહી છે તથા ૨૫ જણની સાખ છે.

સુરતના બે મોબેદોએ ભગરીઆઓને લખી આપેલો લેખ.

સંવત ૧૭૯૯ ના જેઠ વદ ૧૩ (તા. ૨૧ મી જુન ૧૭૪૩ N. S.)* ને દીને સુરતના બે મોબેદો ખુરશેદજી ન. બેહેરામજી તથા ખુરશેદજી ન. શાપુરજીએ નવસારીના સમસ્ત ભગરીઆઓને લખી આપ્યું, જે "નોસારી વગેરેના પારસી જુજમાન સુરત વીગેરેમાં રહેછે તેનાં જીવતાં તથા મુઆનાં તમામ કામ જીવતાનાં વેહવા તથા ગગરનાં તથા નવજોદ વગેરે તમામ કામ તથા મુઆનાં ગેહસારણું તા. શીઆવ શરોશ બાજ આફરગાન વગેરે તમામ કામ તમો કરો છેઓ તે થોડાએક અનજુમનનાં કામ સુરતના અંધીઆરૂએ ખુદીથી કીધાં તે સારૂ તમોએ તેહેનો હક માંગેઓ તે હમો તથા સુરતનાં અંધીઆરૂએ આપેઓ અને તેહેવાર પછે સુરતનાં સર્વે અંધીઆરૂ તમારૂ કદીમ વાજબીથી લખીઉ કરી આપીઉ જે નોસરી વગેરેના જુજમાનનાં કામ તમે કરો હમો તેવણનાં જીવતાં તથા મુવાં વગેરેનાં કામ કાઇ કરૂ નહી. ત્યાર પછે બાજે સુરતના અંધીઆરૂ પોતાની ખુદીથી બાજે જુજમાનનાં કામ કીધાં તેનો હક લવાજમ તમારૂ તમોને આપેઓ ને

---

*આ લેખના રોજ માહની મુકાબેલ તા. ૨૧ મી જુન ૧૭૪૩ N. S. છે. માટે ૧૭૯૯ ના જેઠ વદ ૧૩ ને દીને પણ એજ તારીખ આવવી જોઇએ છે, જો કે ગણત્રી પ્રમાણે તા. ૨૦ મી જુન આવે છે.

આવાજ લેખ તા. ૧૪–૬–૧૭૩૪ તથા ૧૭–૫–૧૭૩૫ N. S. ને દીને સુરતના ગુમાસ્તાઓ કનેથી લખાવી લીધા હતા તે આપણે જોઈ ગયા.

આજ દનથી લખી આપું છઉં કે તમારા ગુમાસ્તા જજમાનનાં તમામ કામ કરે તેહને હમો તથા સુરતનાં અંધીઆરૂ મુજાહેમ થાઉ નહી. કશી વાત થાઉં નહીં. હમો તમારા ગુમાસદાર થાઈ બાજે જુજમાનનું કામ કરૂં અથવા બીજા સુરતના અંધીઆરૂ કરે તો તેનો હક દસ્તુર લવાજમ કદીમ પ્રમાણે લાવી પહોંચાડે.... રોજ ૨ બેહેમન અમશાશપંદ માહ ૯ આદર ઈજદ" (જામાસ્પજી મેહેરજીરાણાને હસ્ત લેખ ના. ૧ પા. ૮).

શ્રી ઈરાનશાહને વલસાડમાં પાછા લેઇ જવાનો ખાસ પરવાનો.

નીચલો અગત્યનો સીકકા સાથનો અસલ પરવાનો તા. ૧૬ મી જુલાઈ ૧૭૪૩ N. S. ને દીનનો મોબેદ ભીખાજી દીનયારજી ઊનવાલા કને હતો, તે આ લખનારના જોવામાં આવ્યો હતો. પરવાનો નીચે પ્રમાણે છેઃ—

"શ્રી રાવ શ્રી શુબેદાર દમાજીરાવ ગાયકવાડ શમશેર બાહાદૂર વા. શનજાના અધારૂ ભીકાજી વગેરે આતશના તાઃ શમસ્ત પારસી પ્રા. વલશાડના પોતાની ખાતર જમા રાખીને આતશ બહરામજીને લેઈ તે કશબે વલશાડમ (વલશાડમાં) લાવી રાખજો. ને પોતાનો નેમ ધરમ ચલાવજો. તમોને કો કશી વાતે માને (=મના કરવા) મુજાહીમ નહી થાશે. (એક શબ્દ વંચાતો નથી) તાકીદ જાનજો. શં. ૧૭૯૯ અખાડ વદ ૧૦ ને દીને." (તા. ૧૬ મી જુલાઈ ૧૭૪૩ N. S. ભોમવાર).

નોંધ—આ પરવાના વિષે શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટ કહેછે કેઃ—This Parvana of 1799 (16-7-1743) was not given to take the Fire from Navsari to Bulsar, but **from Udwada to Bulsar.** As many of the subsequent documents show the Sanjanas did not like to be in such an out-of-the-way place as Udvada and were trying to go to a bigger place especially Bulsar. This Parvana appears to have been obtained for

that purpose. There was no delay or anything of that sort on the part of the Government. This Pervana is merely a predecessor of those of S. 1801 and A. D. 1752.

સાર—આ પરવાનો શ્રી ઈરાનશાહને નવસારીથી વલસાડ લઇ જવા માટે ન હતો, પણ ઉદવાડાથી વલસાડ લઇ જવા માટે હતો. પાછલા ઘણાક દસ્તાવેજો ઉપરથી જણાયછે, કે ઉદવાડા જેવાં નાનાં તથા દૂર દરાજ ગામમાં રહેવાને બદલે વલસાડ જેવાં મોટાં શાહેરમાં જવા સંજાણાઓ આતુર હતા. આ પરવાનો તે માટે હતો.

ભરૂચની અનજુમને શ્રી ઈરાનશાહને ભરૂચ મોકલી અપવાની કરેલી અરજ.

શ્રી ઈરાનશાહ કેબલા તરફ ગામેગામના લોકોનો ભક્તિભાવ આ અરસામાં એટલો બધો વધી ગયો હતો, કે તેઓ શ્રીજીને પોતપોતાનાં ગામમાં લાવી રાખવા ગોયા હરીફાઈ કરી રહ્યા હતા. તા. ૧ લી સપટેમબર N. S. ૧૭૪૪ ને દીને ભરૂચની સમસ્ત જરથોસ્તી અનજુમને (મોબેદો તથા બેહેદીનો મળી ૬૧ જણે) નવસારી ખાતે દેશાઈ ખુરશેદજી તેમુલજી ઉપર એક કાગલ લખ્યો, કે "વો. હીરાજી દારાબજી શ્રી સુરતથી ભરૂચ આવા છે તેઓની જુબાંનથી શાહેબની ખુબી તથા નેકનામી શાંભલીને ઘણા ખુશ વકત થાએઆં તે શું લખીએ. શ્રી દાદારજી શાહેબને શલામત રાખે. એ શાહેબનાં તકવા ઉપર આંના લોકુની ખાહેશ થાઈ છે જે શાહેબ મેહેરબાની કરી પાછું કાગજ મુબારક દશકતે લખી મોકલો તો શર્વેની ખાતર નીશાં થાય. તેરે પછી શ્રી આતશબેહેરામને શ્રી ભરૂચ મંગાવીએ. માટે એ કાગજને વાસ્તે વો. હીરાજી દારાબજીને શાહેબની ખીજમતમાં મોકલા છે તેઓનને શરફરાજ કરજો...શંવત ૧૮૦૦ વરખે શરાવણ વદ ૯ ભોમે રોજ ૧૫ માહ ૧૧*" (પા. પ્ર. પાને ૮૫૭ તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૨૧)

* તા. ૧ લી સપટેમબર ૧૭૪૪ N. S. ભોમે.

દેશાઇ ખુરશેદજી ટેમુલજીએ ભરૂચની અનજુમનને લખેલો જવાબ.

ઉપલા કાગલના જવાબમાં દેશાઇ ખુરશેદજીએ લખ્યું કે "શ્રીજીની (=ભરૂચની અનજુમનની) શુખ તાજગી મેહરબાનીનાં કાગલ ૧ પરથમ બેહદીન હીરાજી દારાબજી સાથે આવો તે વાંચેઆથી મલા કરતાં ઘણો આરામ હાશલ થાએઓ છે. ને શ્રીજીએ હમોપર મેહેરબાની કરી લખું જે તમારી ખુબી બેહેદીન હીરાજીએ ઘણી કરી તેથી ઘણા ખુશી થાએઆ. તો શ્રીજી શામુ તાં શરવે પંચની તરફથી શી કમતરીન છેઉં. ને ઘણું કરી લખું તો શરખુબી શીજીની માએઆ મેહેરબાનીથી જે છે. ને શ્રીજી પોતાની ખુબી લખી તેથી હોરમજ શલાંમત શદા ખુશાલ રાખે. ને શ્રીજીએ લખું જે શરવે હકીકત બેહેદીન હીરાજીના કહેઆથી જાનશો જે તો શરવે તેહનાં કહેઆથી તપશીલવાર જાંણું. ને શ્રીજીએ શ્રી આતશબેરાંમને વાશતે ઘણું કરી લખું તો શ્રીજી શંનજાણા અંધેઆરૂ ધરંમને તો જાનતા નથી. ને પોતાની મતા લેવા શારૂં ને જુઠી વાતે શ્રી આતશબેહેરાંમને આગલ કરી પોતે રૂશવા થાતા કરેછે. **થેકાણું મુકી જંગલ જાગા કરે છે.*** તેમાં હમો તો શંનજાણા અંધેઆરૂને હર પરકારે શમજાવીને કેઉંચ જે તમો તમારા વડાની [કદીમ રાહ ચાલ. તે મુકીને બેરાહ શાને ચાલો છો. પંન તેહોને આગળ હમારી શીખામંણુ કારગત થાતી નહી. ને પોતાના ભાગીઆ શાથે મીનાકેશો કરીને થેકાણું મુકીને જે વાતમાં શ્રી આતશબેહરાંમ ફરેશતા નાખુશી થાએ તે કરેછે. તો હમું શું કરૂં..." † (દેશાઈ પેશતનજી ખુરશેદજી કનેનાં કાગજની નકલ. પારસી પ્રકાશ પા. ૮૫૭, તથા જામાસ્પજી મેહેરજીરણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૨.)

---

* શ્રી ઇરાનશાહને ઉદવાડે લઈ ગયા તેનો આ ઇશારો દીશેછે. તે વેળાએ ઊદવાડા અથવા ઉદેપોર એક નાનુ ગામડું હતું.

† આ કાગળનો પાછલો ભાગ જડતો નથી. માટે તેની તારીખ પણ માલૂમ પડતી નથી.

શ્રી આતશબેહેરામને ઉદવાડેથી વલસાડ લેઇ જવાનો પરવાનો.

શ્રી ઈરાનશાહને ઉદવાડાનાં ગામડાંમાંથી વલસાડ શેહેરમાં પાછા લેઇ જવા સંજાણા મોબેદો ઘણા આતુર હતા, તે વિષે તેઓએ શેઠ માણેકજી નવરોજી શેઠને પણ અરજ કરી હતી, તે હવે પછી જોશું. એમ માલૂમ પડે છે કે તેઓએ ગાએકવાડ સરકાર કનેથી શ્રી ઈરાનશાહ આતશબેહેરામને ઉદવાડેથી પાછા વલસાડ લેઈ જવાનો પરવાનો આગમચથી માંગ્યો હતો, કે જેથી ઢીલ થાય નહિ. એ પરવાનો તા. ૨૮ મી આગશટ ૧૭૪૫ N. S. નો નીચે પ્રમાણે હતો:—

"શ્રી સવત શ્રી સુબેદાર ગાએકવાડ સમશેર બહાદુર વા. પારસીનાં અંધીઆરૂ સંજાણા સમસ્તે જત તમો પોતાની ખાતર જમા રાખીને **દમણથી આતશબેહેરામને લઈને કસ્બે વલશાડ આવીને રહેજો.** તમારા નાતનો કજીઓ જે જે હશે તે પંચાતને ઈનસાફ ફેસલ કરીને કસ્બે નૌસારી મધે લાવીને આબાદ કરીશે. માટે દશરા ઉપર કસ્બે વલશાડ આવે. આબાદ થશો. નહી તો તમો ખોટા છો. બે વતન થશો. માટે દશરા ઉપર વલશાડ આવી આબાદ થજો. તમોને કોઈ મુજામ નહી થાશે. સરકારનો કોલ છે. સંવત ૧૮૦૧ ના ભાદરવા શુદ ૧* દીને. બીજું સંજાણો શેહેરીઆર ફરેદુન વગેરે સાથે કજીઓ છે તે ફેસલ થાએઆ વીના તમુ મધે મલશે નહી ને મુજામ થાશે નહી. સરકારનો કોલ છે."....(જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૪૫).

નોંધ—ઈ. સ. ૧૭૪૫ માં શ્રી ઈરાનશાહ ઉદવાડામાં હતા. ઉપલા પરવાનામાં લખ્યું છે, કે શ્રી ઈરાનશાહ **દમણમાં** હતા. ઉદવાડાનું ગામડું દમણ શેહેરની નજદીક હોવાથી "દમણ" શબ્દ વાપર્યો છે, તે સહેલાઈથી સમજી શકાય એવું છે.

---

* તા. ૨૮ મી આગશટ ૧૭૪૫ N. S. શનેઉ. વાછાના પંચાંગમાં તા. ૨૯ મી આગશટ ૧૭૪૫ N. S. છે.

નવસારી મધ્યેનાં શ્રી ઇરાનશાહવાલાં અનજુમનનાં મકાન ઉપર ખોટો દાવો.

નવસારી મધ્યેનું શ્રી ઈરાનશાહવાલું અનજુમનનું મકાન ખાલી પડયું હતું, તે પચાવી પાડવા એક મોબેદે યુકિત રચી હતી, તેની સામે નવસારીની સમસ્ત અધ્યારૂ અનજુમને સરકારમાં તા. ૩૦ મી સપટેમબર ૧૭૪૫ N. S. ને દીને અરજી કીધી હતી, તે નીચે પ્રમાણે હતીઃ—

"શુબેદાર શાહેબ મેહેરબાંન કદરદાંન ફેજબખશાંન આલીશાંન ગાએકવાડ શુબેદાર શાહેબ શ્રી દાંમાંજી રાવજી શંમશેર બાહદુર શલાંમત. અરજદાર શત દોવાગો દુલતખાહ કદીમ નવશારી કશબાનાં પારશી લોકોના અંધેઆરૂ શમશતેના દોવા તરફી મરાતબ દુલી ઉમર દરાજીનાં કબુલ કરવા. બીજું અરજ એ જે વરશ ૩૨૫ થએઆં હમો **પારશી કોમનું** પરવાનું દેરૂં અગનીનું અશલ છે. તેને વાશતે હમણા પારશી બરજોર નવરોજ શાહેબ ગરીબ નવાજેશની ખીદમતમાં અરજ કીધી જે તે હમારૂ ઘેહેર છે. તેને આ૦ શાપુર શેહેરીઆર મુજાંમ થાએ છે. ને તેનું ખત પંન હમો કંન છે. એવું શુબેદાર શાહેબની ખેદમતમાં જાહેર કરી કાગજ ૧ રાવશાહેબ કેદારજી રાવને નામે શાહેબનાં હલકારાશાઠે લાવેઓ. તે હમોએ શર આંખો ઉપર ચહડાવી શાંભલીઊં. પંન તેની અરજ એ છે જે હમો શરવે પારશી કુમનું દેહરૂં છે. જે શરવે હીંદુ તથા મુશલમાંન લોકો પંન રૂદી રીતે જાણે છે. તે ઉપર હમો શરવે અંધેઆરૂ લોક રાવ **શ્રી** કેદારજી બાવા તથા દાદુપંથ વગેરે શરવે શુબેદાર શાહેબના અમલા કેલાને તથા કાજી તથા શરવે મહજંનને બોલાવી શાહેબના હલકારા શાથે તે દેહરાંમાં લાવેઆ. ને શરવે દેહરાની જગા તે લોકોને દેખાડી. ને તે દેહરાંનાં શમારનારનું નામ પથર ઉપર લખેલું હતું તે વાંચીઊં. તેથી શરવે શાહેબોની નીશા પુરી થાઈ. ને કાજી તથા વાંનીઆં બામંન શરવેએ શાહેદી દીધી જે અશલથી દેહરૂં છે. એ ઘેહેર

કોઈનું નથી. તેથી શરવે કોઈની પુર નીશાં થાઈ. તે વાશતે હમો ગરીબ દોઆગો લોકે અરજ દાશત લખી છે જે શાહેબ ધરંમ પાલનાર ને તેઓનાં મુલ છેઓ. ને એવાં દેહરાં ઘનાં બંધાવ છેઓ. ને ધરમનાં કામો તથા રૂદી રત શાહેબને નેક રૂશંન છે. તો વીશતારી શું લખું. ને તે દેહેરામાં તો હમુ લોક ભી પવીતર થાઈને તેમાં પેશું. તુ એ બરજોર પારશી જે દેહરાંને પોતાની વખાર કરી જવન વગેરે શરવેને તાં પેશાદે ને માલ ભરે તે કાહાં મંનજુર છે. ને હમો જે વાર તે દેહરામાં પઢવાના દાહાડા આવે છે તે વારે શરવે અંધેઆરૂ લોક તાહાં જાઈ ધરંમની કીરીઆ કરૂ છેઉ. ને ભનતર ભનું છેઉ. એ વાત શરવે જે વેલા શુબેદાર શાહેબનાં નેક કદંમ શ્રી શુનઘડમાં આવશે તે વારે નેક રોશંન થાશે. ને તે બરજોર પારશીનું પોતે તલંગપુરમા રેહઈને દેશાઈ લખુંભાઈ જગાના છોકરાને તાંહાં રદબદલને મોકલા. પંન હાં આવેઆ નહીં. તો શાહેબને રોશંન છે જે પોતાનું જુઠાનું તે નવસારીમાં આવી શું શવાલ જવાબ કરે. ને એ બરજોર શાહેબની હજુર આ. શાપુર શેરીઆરનું એકલાનું દેહરૂં નથી. **એ દેહરૂં તો હમો પારશી કુલ લોકોનું છે.** એટલી અરજ શાહેબને રોશંન થવા લખી છે. તેથી માહા જાંહા લગી શુરજ ચંદર તપે તાંહાં લગીન શ્રી શુબેદારજી શાહેબનું ધરંમરાજ કાએમ દાએમ રાખે. હમો દોઓગો લોકની દોવા માહારાજ કબુલ કરે એજ વીનંતી. શં. ૧૮૦૧ આશો શુદ ૫"* (નવસારીના દેશાઇ પેશતનજી ખુરશેદજીની નકલ, પા. પ્ર. પાને ૮૫૮, તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૬).

ઉદવાડેથી પાછા વલશાડ શ્રી ઇરાનશાહને લેઈ જવા માટે ઉદવાડાના સંજાણા મોબેદોએ શેઠ માણેકજી નવરોજી શેઠને કરેલી અરજી તથા તેનો જવાબ.

શ્રી ઈરાનશાહને ઉદવાડે લઈ ગયા બાદ થોડાંકજ વર્ષ પછી ત્યાંના મોબેદોએ શ્રી ઈરાનશાહને પાછા વલશાડમાં લેઈ જવાનો

---

* તા. ૩૦ મી સપટેમબર ૧૭૪૫ N. S. ગુરૂવાર.

વિચાર કીધો હતો, એમ માલૂમ પડે છે. આપણે જોયું કે શેઠ માણેકજી નવરોજી શેઠ જેમ ભગરીઆઓ ભણી ભલી લાગણી ધરાવતા હતા, તેમ સંજાણાઓ ભણી પણ ધરાવતા હતા. એમણે પોતાને માટે મોબદ (પાછળથી દસ્તુર) ભીખાજી રૂસ્તમજી કને વંદીદાદ સાદેનું પુસ્તક* લખાવ્યું હતું. તા. ૧ લી આગશટ ૧૭૪૬ N. S. ને દીને સંજાણા મોબેદોએ ઉદવાડેથી શ્રી મુંબાઇ ખાતે શેઠ માણેકજી ઉપર ભીખાજી રૂસ્તમજી મારફતે અરજી કીધી હતી કે નવસારીમાં ભગરીઆ મોબેદોએ તથા દેશાઇ ખુરશેદજીએ અમને અમારાં ઘરની ધર્મ ક્રીયા કરવાનો અટકાવ કર્યાથી તથા બીજા કેટલાક અણબનાવોને લીધે અમે **શ્રી** આતશબેહેરામને અત્રે લાવ્યા છીએ. પણ અગર "**શ્રીજીની જગા વલશાડ મધે કરી** ઠેરાવીને સાહેબ દસતગીરી કરી જગા બનાવીને **વલસાડ મધે થાનક કરી અપાવો**" તો તમારૂં અહેશાન થાય. (પા. પ્ર. પાને ૮૫૯).

ઉપલા કાગળનો જવાબ શેઠ માણેકજી નવરોજી શેઠે નીચે પ્રમાણે તા. ૨૯ મી આગશટ ૧૭૪૬ N. S. ને દીને લખ્યો હતો:—

"શવશતી **ઉદવાડા થાંને** શર ઉપર માહા જોગ એરવદ શ્રી ૫૦ ભીખાજી ગુ૦ દસ્તુર રૂશતંમજી શ્રી મુંબઈ બંદરેથી લા૦ આ૦ માણેકજી નવરોજીની કેન શલાંમ વાંચજો. જત અતરે કુશલ છે. તમારી કુશલતા લખવી. બીજું તમારો કાગલ ૧ ફરદ ૫ નો રોજ ૧૪ માહ ૧૦† નો લખેલો તે રોજ ૫ માહ

* આ પુસ્તકનો ગુજરાતી કોલોફોન આ પ્રમાણે છે:— "વંદીદાદ સાદે–મોબેદ ભીખા બીન દસ્તુર રૂસ્તમ બીન દસ્તુર બહેરામ બીન દસ્તુર ખોરશેદ બીન દસ્તુરાન દસ્તુર હોશંગ આસા લકબે સંજાના..." ફારસી કોલોફોનમાં લખ્યું છે કે:— "મુબદ ભીખા..... દસ્તુરાન દસ્તુર હુશંગ આસા લકબે સંજાનાન. પરસ્તારે દરગાહે આતશ વરહરામ સાહબ સાકેન કરબે નવસારી." સને ૧૧૦૫ ય. જ. (=૧૭૩૬ ઇસ્વી). (જોવો જી. મોદીનું Dastur Bahman Kaikobad and Kisseh-i-Sanjan પા. ૮૦).

†તા. ૧ લી આગશ્ટ ૧૭૪૬ N. S.

૧૧મે પોતો છે. તે વાંચી શમાચાર જાંનાં. તમોએ પોતાનાં હેવાલની હકીકત લખી તે શરવે માલુમ થાએઉ. ને વલી તમોએ નવશારીની બાબદ લખેઉ જે દેશાઈ ખુરશેદજી મોહદે તો હા કહશે. પંન મંનથી કંઈ હમો ઉપર મેહરબાંની કરશે નહીં. એવું તમોએ લખું છે તેનું જાણવું એ જે મેં પન જાંનું છું જે નવશારી ભગડીઆનું પંનથક છે. તેથી ભગડીઆ તમોને કાંમ કરવા દે તે હમોને શુજતું નથી. ને વલી તમોએ લખું છે જે **વલશાડમાં શ્રીજીને રાખવાને જાગા એક કરી અપાવો તો તાંહાંજ રેહઇએ.** તેનું જાણવું જે વલશાડમાં જાગા કરી માંગોછો. તો તાંહ ગઆ પછે તમો રખેને દેશાઇને બદનામ કરો. કાંએ જે તમારો ભાગીઆ શાંમરો તમ સાથે પોતાનાં હક બાબદ દર દાવો કરે. તેનું તમોએ શું વીચારીઉં છે. તમારા ભાગીઆ શાંમરા શાથે ઈખલાશ કરેઆ છે કે શું છે તે લખજો. ને તમારૂં મન વલશાડમાં જઈ રહેવાનું હોએ ને તમારા ભાગીઆ શાંમરા શાથે વાજબી ચાલવું તમારે થરે તો પછે તમો એક અહી આવજો. પછે જે વાત કરતાં થરશે તે કરીશ તે જાંણજો. ને હરએક કરીને શ્રીજીને થેકાંણે લાવો તો ઘનું શારૂં છે. એમાં ખુદાએ પંન રાજી છે. ને હમો તો બંદા છેઉ. હરએક કરી રૂડું થાએ તેમાં ઘનો ખુશી છેઉ તે જાંનજો. પંન વલશાડ આવા પછે તમારા ભાગીઆ તમો શાથે કશો પોતાનો હક બાબદ દર દાવો કરે તેઆરે તમો દેશાઈજી શ્રીને બદનાંમ કરો. ને હમો વચે આવું. તેને ઘરી ઘરી તશ્દી દીઓ તે કરવું નહી. આખર ભાગીઆ પંન* શો વરશે ભાગ મેલે નહી તે તમો રૂડી રીતે જાંણો છો. એમાં કોઇને બદનામ કરવું તે શા કારણનું. વાશતે એ શરવે ખુબ વીચારજો. ને પછે જો તમારી મતલબ હોએ તો એક ભાઇદો તમો આવજો. જે બનશે તે કરશું. પંન ચાહવું પરવરદેગારનું છે તો રૂડુંજ બનશે. ને તમો એક ભાઇ માનેક વોરા લખે તો શુરત પંન જાજો તે

---

* બીજી નકલમાં "પંન"ને બદલે "પાંચ" શબ્દ છે, પણ તે બરાબર નથી, તે સંજાણાઓના જવાબ ઉપરથી દીશે છે.

જાણજો. બીજું કામકાજ લખજો. લા. શેવક માણેકજી નવરોજીનો દોવા વાંચજો. શંવત ૧૮૦૨ ભાદરવા શુદ ૧૪ને વાર શોમે લખો છે."* (પા. પ્ર. પાને ૮૫૯, તથા જમાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૭).

ઉદવાડેથી સંજાણા મોબેદોએ શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર દેશાઈ ખુરશેદજી તથા શાપુર શામરા વગેરેની બાબતસર લખેલો લાંબો અગત્યનો પત્ર.

શેઠ માણેકજી નવરોજી શેઠના ઉપલા કાગજના જવાબમાં આ. ભીખાજી રૂસ્તમજી તથા બીજા સંજાણા મોબેદોએ ઉદવાડેથી તા. ૭ મી સપટેમબર ૧૭૪૬ N. S. ને દીને એક લાંબો પણ અગત્યનો કાગળ લખ્યો હતો. તેમાં તેઓએ શાપુર શામરા તથા બીજાઓ સારૂં અનેક પ્રકારની ફર્યાદ કરી હતી, તે ઉપરથી ઢાલની બીજી બાજુ શી હતી તે માલૂમ પડે છે. આ પત્રમાંથી થોડાક ફકરાઓ પારસી પ્રકાશ (પા. ૮૫૯) ઉપર ટાંકેલા છે. એ પત્ર સદાબરો નીચે પ્રમાણે હતો.

"શવશતી શ્રી મુબઈ બંદરે સરવ ઉપમા જોગ શદા શરફરાજ નેકનામ દીનકામ રાશતે મનશની શેઠજી શાહેબ શેઠ મેહેરબાન શેઠજી શ્રી ૫ અંધેઆરૂ શ્રી શેઠ માનેકજી ગુ. શેઠ શ્રી નવરોજી રોજ બરોજ બા ફરજંદ ઉંમર દોલત જીઆદે બાદ. લા. ઉદેપોરથી દોવાગો કદીમ આ. ભીખાજી ગુ. દશતુર રૂશતંમજી તા. આ. રૂશતંમજી ગુ. દશતુર શેહેરીઆરજી તથા અંધેઆરૂ શમશતે શંનજાનાં કેન શદ હજાર આફરીન વ પનાંહાં ઈજદાં બાદ. જત લખવા કારંન એ જે શ્રી દાદારના ફજલથી અતરે ખેર છે. શેઠ શાહેબની ખેરીઅતનાં કાગજ એનાહત કરી

---

* તા. ૨૯મી આગશટ ૧૭૪૬ N. S. રતનજી વાછાની પંચાંગ પોથી પ્રમાણે તથા પારસી પ્રકાશ પ્રમાણે તા. ૩૧ મી આગશટ છે, પણ વાર બુધ આવે છે, તે બંધબેસતો નથી.

લખવા. જેથી શાહેબનાં મલા બરાબર તાજગીર હાંશલ થાએ. અપરંગ બીજું શાહેબે મેહેરબાંની કરી કાગજ ૧ આ. શ્રી ભીખાજી દશતુર રૂશતંમજી ઉપર લખેઉં, તે શાહેબનો કાગજ ભીખાજીએ હમો સરવેને બોલાંવી વંચાવેઓ. તેથી હમો શરવે જાનીઉં. શાહેબજી એ હમારી ચંનતા તમોને છે. ને હમો તો કદીમથી શાહેબના દોવાગીર છેઉ. બી. શમાચાર ૧ પીછુજી શેઠજીએ કાગજ મધે લખીઉ જે હમોને શુજતું નથી, જે નોશારી મધે ભગરીઆ તમને તમારી અરવીશગાની અગીઆરીમાં પોતાનાં ઈજનાં શમદી મુવાં જીવતાંનું કાંમ કરવા દીએ. એ તરે શાહેબે ફરમાવીઉં તો હક છે કે શાહેબ જે વારે મુબારક જબાંથી એવા શખત શખુનો લખો તેહવારે નોશારીનો બંદોબશત થાએ કેમ. ને તે કરતાં નોશારી મધે હમો હમારા ગરનું કામ શાદી ગમી વગેરેનું કરીએ તેમાં એ ભગરીઆ અંધેઆરૂનું નુકસાન શું થાએ છે. બલકે ખાવાનું હકે. એ લોકોને શ્રીજી શાહેબની દોલતથી શારી રવેશે પેદાએશ ગની થાએ છે તો શાહેબ કેશો કે શું. તેનું જાનવું એ જે લોક શુરતનાં તથા ભરૂચનાં તથા મુંબઈ વગેરેના શ્રીજી શાહેબની કંદમ બોશીમાં આવે છે. તેઓનાં ઉતારા પંથીગા ઘનાં ખરા એ લોકો ભગરીઆને તાંહાં. તેથી ઈજનાં શમદી કાંમ વનીદાદ ઈજશનેનું કામ ગનું ખરૂં એઓના હાતપર આવે ને એ શવાએ કઈએક પેદાએશ છે. તે શ્રીજી સાહેબ દોલતથી તો ભલુ ને હમો લોક તો શ્રી આતશ બેહરાંમ શાહેબની દરગાનીજ વરતી (=વૃત્તિ યાને આવક) ઉપર ગુજરાંન ચાલીઉં. ને અમારી જાતનું કામ ધરંમનું અમારી અગીઆરી મધે ચલાઉ. નહી કે એવોના બેહેદીનનું દાંપાં શમંદી કામ કરીને એવંનની પેદાએશ વાલી લેઉચ. તે તો આજ શુધી કીધું ભી નથી ને થાએ પંન નહી. તે શાહેબ કહેશો કે એ લોકનું પનથક છે. એ લોક નહી કરવા દીએ તો તેનું જાંનવું એ જે મુંબઈ પંનથક અશલ હમારૂં છે. ને તેનું હાંશલ શરવે એ લોક ખાએ છે. ને વલી હમો પાશેથી લખી પંન લીધાં છે. તેને હમો શું કરૂં છેઉં. આજ

તો જોરાવરના ચેઆર ભાગ તે વાલો છે: પંન શાહેબજી દાનાંવ છેઓ. અંદેશો કરી શુલેહ કુલેની નજર રાખીને વીચારજો જે મુબઈ શંનજાંનાંની છે કે નહી. એ વાત તજવીજ કરજો. જે અશલમાં શંનજાનાં આંહાં અમલ કરતા તા કે નહી. શેઠ શાહેબ તમાંમ માજદેશની દીનના તોલાનાં શરદાર છેઓ. માટે ખીદમતમાં જાહેર કરીએ છે. ને એ વાતે એકાએક શાહેબ હમોને જબાંતો નથી કે મુબઈ તમારી છે ખરી. પંન દલથી વાકેફ થાજો. કાંએ જે શાહેબને રોશંન જમીર (=બુદ્ધિવાલો) છુ. બીજું શાહેબને ભીખાજીએ લખીઉ હોશે જે શ્રીજીની જગા વલશાર મધે કરી ઠેરાવીને શાહેબ ને શાહેબ દશતગરી કરી જગા બનાવીને વલશાર મધે થાનક કરી અપાવો. તેનો શાહેબે જવાબ લખીઆ જે વલશાર મધે શ્રીજીની જગા કરીએ ને વલશારને થાંનકે બેશારીએ ને તાંહાં ગીઆ પછે તમો વલી રખે દેશાઈ ખુરશેદજી બજદાંમ કરો. કાંએ જે તમારો ભાગીઓ શાંમરો છે. તેને તમો અગીઆરીમાં કાંમ કરવા દેતા નથી. તે વલશાર ગીઆ પછે તે શાંમરો તમો સાથે કજીઓ કરશે. તેનું શું વીચારઉ છે. એ રવેશે શાહેબે લખું. તેહનું જાનવું એ જે શાંમરો અશલથી હમારો ભાગીઓ છે. ને ત્યાં નાના મોટા હમારા ભાગીઆ જણ ૧૦૦)ને આશરે છે, તેમ એ ભી છે. ને એનાં કાકા પીતરીઆ શરવે અમ શાથે છે. તેમ એ ભી હમોને જે રવેશે કદીમથી અંધેઆરૂપનાનું ભાગ હીસ્સો છે તેમ એ ભી પોતાનો ભાગ હીશો ખાતા હતો. ને એના બાપદાદા ચાલતા હતા. વાજબી કદીમ રાહી શરશતે. તે રવેશે પોતાના તોલા મલતું ચાલવું હતું. તે ઉપરાંત જે દાદેથી (=દહાડેથી) દેશાઇ ખુરશેદજીએ હમોને અગીઆરીનું કામ ધરમનું કરતાં અટકાવેઆ ને હમો ઉપર મોહોશુલ મુકી જબરજશતીએ લખી પંન લીધું. તે દંનથી શાંમરાને હમારા તોલાથી ફતાઇઓ કરી ખુરશેદજીએ ગનોએક દેલાશો કરીને હાત કીધો ને હમારી બાબદ શાહેદી એ પાશે કેહવાદે જે શંનજાંનાં જુથા ને ભગરીઆ ખરા. ને તે શાંમરાને હમારે શાથે લદાવે. તાંહાં

ખુરશેદજી તેહની તરફીનથી મુનશફી કરે ને શાહેદી દીએ જે શાંમરો જે વાતે દાવો કરે છે તે ખરો ને એ જુઠા. એ રવેશે એકકના ગરૂ થાઇને વરશ ૮) શુધી હમોને નોશારીમાં તોબાહા ખત કરાવા ને હમોને શાંમરાને પુથે તે શાહેદી દેવારીને તમામ તોલો હમારો ખરાબ કરાવો ને પાએમાલ કીધો ને શાંમરાએ જેવાં કેહેઆં તેવાં લખાં પંન ખુરશેદજીએ અમો પાશેથી તેહેને કરાવી આપેઆં. ને જે ભાગીઓ પોતાનાં ધાદા પર રેહીને તેનાં લખીઆં ઉપર મતુ નહી કીધું તેહેનો શ્રીજીની બોએ દીધાનો વારૂ (=વારો) આવે તેહે દંન શ્રીજીની બોએ અટકાવી દોવાઇ દઈ બેશે. ને તે બોએના દેનારને બાહાર કાહાદે ને આખર દેશાઇને તે બારને તેરાવી લેઈ જાવી પદે. તાંહાં પંન જે રવેશે દેશાઈ પોતાના મુદા માફક ગમે તે રવેશે શામરાને બેકાવીને લખી અપાવે. તે વાર પછે શ્રીજીની બોએ દેવા દેએ. એ શવાએ એ શાંમરા પુથે દેશાઈએ હમો ઉપર જીઆદેતી ગની કરાવી છે. તે કંઈ લખવામાં આવતું નથી. ને શ્રીજીની દરગાની રાશ શેવાએ જે આવે તે હમારો હક કુલ ભાગીઆવોનો શુધાં એ શાંમરો વરશ ૮) શુધી લુતી ખાધું ને કોઈને દરગામાં તકવા દીએ નહી. ને ગનાંજ આજેજ થાઇએ તે વારે દેશાઈ પાશે અંનશાફ લેઈ જઇએ. તે વારે દેશાઈ અનશાફ કરે જે એ શામરો કહે તે માફક ચાલો. અતરે તશદીર ભોગવતાં ભોગવતાં વરશ ૮ નીપજીઆં પછે વીચાર કીધો જે એક તો એ જે આપનો ધંરમ હાં નહી ચાલે. ને બીજું એ કે જે કાંઇ પેદાશ હોએ તે તો શાંમરા પાશે લુતાવી દીએ. તેથી અંનંત વીચારીને લાએલજરમી શુબેદાર શાહેબ દામાંજીરાવ હજુ(ર) ફરીઆદી ગીઆ ને પોતાનો ત્યાં હેવાલ શરવે જાએર કીધું. તેનું કેશો તો ગનુ દરાજ છે. પછે હમોને હોકંમ ભી શુબેદારજીનો થાઓ જે તમે શીઆંનાં અંધેઆરૂ પોતાનાં આતશબેહરામ લેઈને શુખરૂપ વલશાદ આબાદ થાઓ. ને તમારો ધરમ નીપજે. તમારી પાશે તક મુફઅક હોય તેમ ચલાવો. તમોને કોઈ કશી વાતે મુંજાદે નહી. એ તરેહે થેરવીઉં. ને ખુરશેદજીએ પંન

શુબેદારનાં માંનાં (=મોઢાં) પર એકરાર કીધો જે એ પોતાનાં આતશ: લઈને શુખે જાએ કાંએ જે એ છે તે હમારા કશબામાં ફીશાદ છે. તે વારે શુબેદાર શાહેબે ખુરશેદજીને કહીઉ જે એ વલશાર ગીઆ પછે તો વરી એવંનને તુ મુંજાએમત નહી થાએ. તે વારે ખરશેદજીએ કરાર કીધો જે હવે શાહેબ એવનને કશી વાતે મુંજાઅમત થાઉં તો શરકારનો ગુનેગાર એ તરે કરાર મદાર કરીને થીક કીધુ. તે વાર પછે હમો શરવે નોશારી આવી શ્રીજીને વલશાર લેઇ જાવા. તે વારે વલી ખુરશેદજી પોતે છુપા રેહેઇને શાંમરા પાશે દોવાઈ દેવારીને શાંમરાને કહુ જે હવે ભલું. હવે આપણુ શરવે એકજ છઇએ ને વહદીએ તે કંઈ વહદીઆજ નહી કરીએ. વાશતે આપનાં શરવે તોલા મલતા મલતુ થાઇને શ્રીજી શાથે વલશાર ચાલ. એ તહરે હમોએ ઘની મીનતી કીધી. પંન તેના ખાભુને વાત આવી નહી. તેને હાકંમનાં ભણી જઈ બેશીને અતકાવેઆ. તેહેવારે હાકંમ તે કહેવા લાગા જે જો ખુરશેદજી તમુને મુજાંએમ થાતો હોએ તો તમોને રજા આપે. પંન એ તો તમારો ભાગીઓ. એ તહરે હાકંમ જબાબ દીધો. પછે વલી ફરીને બીજી વાર હમારા ભાઈદા ૩–૪ શુંનગર જાઈને જે અવાલ હતો તે જાએર કીધો. જે જાં નીપજેઉ તે વારે તાંહાંથી માંનશ ૧) હલકારો આપેઓ ને ફરી પદી તે ઉપર તાકીદ લખી જે એનાનો ભાગીઓ છે તો શું થાઈઉ તેને કહી તોલા મલતો જાં જાએ તાંહાં જા ને તોલા બગર કોઈનો પાર નહી. એ તહરે નીપજીઉ. પછે હમો તો શ્રીજી શાહેબને લઈને વલશાર આવા ને હમો શરવે મલીને થેરાવ થેરવીઓ જે ખુએનો દેનાર શ્રીજીની બોએ દીએ તે ખુબ કરીને દીએ. ને દીનનો હોકંમ ખુબ સાથે વાપરે તેહેવાર પછે વલી હમોએ નોશારી શાંમરા વગેરે કેતલીએક આશામી હતી, તેહેને કેહેવાદીઉ જે આવો. ને જે કાંઈ આપવાનું શુદ આંમદનો ભાગ હીશો છે તે માફક અમલ કરૂં ને ભાગ ખાશુ. કાં જે આપનો શરેશતો એ છે કે જે કોઈ વખતપર હાજર હોએ ને પોતે પોતાની જાતે પોતાનો બોહનો (=બોએનો)

વારો શારે તે હાશલ આવે તે ખાએ. ને હાજર નહી હોએ તે જે કોઈ મેનત કરી શારે તેહેનું. તેથી જે કોઈ હતાં તે પોતાના વારા પર આવેઆં. ને ખુબ કરીને શ્રીજી શાહેબની બોએ પોતે પોતાના વારા પર કરવા લાગા. પછી કેતલાએક દંનને શામરો વલશાર આવેઓ. તે વારે હમોએ કેહીઉ જે અશલનાં શરેશતા માફક તોલા મલતો ચાલ ને ખુબ કરીને તાહરો વારો આવે તે વારે શાબેદ ખુબે શ્રીજીની બોએ દે. તે ઉપર તે તો થરેઓ નહી. ને બેહદીનો શરવે મલીને શમજાવા લાગા જે તોલા વનાં પાર નહી. ને આગલાનાં શીખવીઆથી ખરાબ માં થા. જેમ તારા બાપદાદા ચાલેઆ હોએ તે શરેશતાં પરમાંને ચાલ તો હમો શરવે અંનજુમન તુંથી રાજી રેહેશુ. તે ઉપર કેહવા લાગો જે તમો કાંન છેઆ ને અંનજુમન કાંન છે. જે કંઈ દેશાઇએ મને નોશારીમાં લખાવી આપીઉ છે તે પરમાંને અમલ કરૂ. એ તરેનો એહ બેકવા લાગો ને જબાંમાંથી જીઆદેતીના શખુંનો ગનાં બોલવા લાગો. તે શેઠજીને લખવામે આવે નહી. જાતી મુકીને હમોએ ભી વરજેઓ. પછે બેહદીનનોએ ભી પંન વરજેઓ. અને એ વાત અમો મુખતેશર લખુ. જો શરતાપ એ લખીએ તો ગનું છે. એ તો શામો (=શોમો) હીશો લખેઓ છે. તે વાર પછે વરશ ૨) શુધી નોશારી જાઈને દેશાઈની મારફતે પદી રેહેઓ, તે રાહા પર આવેઓ નહી. પછે દેશાઈ ખુરશેદજીની મારફતે શુંનગર જાઈ શાજે શરકારીને અમોને ખેચાવેઆ ને ખશારત નીચે અમોને ગનાં આહાંનાં. ને તે વાર પછે આંમોલ ગેરદી થાઈ. **તેથી વલશારમાં પંન હમોને થરવા દીધા નહી.** તેથી એ પાશા (=પાદશાહ) પર ગોશો અખતીઆ (૨) કીધો છે. ભલુ. જેમ કંઇ હમારા દાંના પાંની. તે એ શ્રીજી શાહેબ હમારે માથે છે. તો બીજુ શરવે અમારૂ શરવે ગીઉ છે, તે શરવે બની રેહશે. કાં જે હમો આં આવા પછે નોશારી મધે શાંમરો હમારાં શરવે શાથનાં ગેહેરોનાં તાલાં ભાજીને એશતેગાદ શરવે લઈ જાએ છે. ને તે ગેર શગલાં ખાલી કરી લેઇને ગેહેર ભાદે આપીને તેહનાં ભાદાં પંન ખાએ છે. ને

કેતલાંએક ગહરને ગિરો પંન મેલા છે. કેટલાંએક હમારા શાથી નોશારીમાં તેહેને હાત આવા તેને દંદેઆ. ને કોઈ શાથી મુફલશ હોએ તેહને પાશે રૂપીઆ નગદ નહી હોએ તો ચીથી વગર નાંમની વીઆજોકી ને શાંનમાં ગર લખી લીએ એ તરેહ છે. ને એ શેવાએ વરશ ૪) થાઆં અમારૂં વલશાડ પંથકનું આંશલ શરવે તે શાંમરો લેઈ જાએ છે. તે આજ શુધીનાં રૂ. ૮૦૦) ને આશરે એ તરે લુટી ગીઓ છે. કાંએ જે હમનાં ઈનશાફનાં દરવાજા બંદ છે. તેથી ભલું વીચારીએ છેઈએ, એ જે આશમાંન કોઈ બેકાર નથી. એ હકીકત શાંમરાની છે. ને શાહેબ ફરમાવો છેઓ કે ભાગીઓ શો વરશે ભાગ મુકે નહી, તે ખરૂં પન ભાગીઆને ભી પોતાનાં તોલા વના પાર નહી. જે રવેશે તોલો ચાલેચ ને તેમ ધરમ ચલાવેચ, તેમ તેભી ચાલે ને પોતાના બાપદાદાનો શરશતો હોએ તેથી જીઆદેતી કીધી હોએ તેથી પશેમાંન થાએ. ને જે બદીઅતનાં લખાં લીધાં છે તે પાછાં આપે તથા જે કાંઈ એશતેગાત વગેરે ભાગીઆવોને ભાગ રાશ વગેરે લીજીઉ છે તેનો જવાબ કરે. તો તેનો વાજબી હોએ તે આપી, મલી ભાગ ખાએ. એ વાતે કાંન ના કેહશે. પંન જારે એ રવેશે પશેમાંન થાઇને તે તોલા મલતો થાએ ખરો. પંન તે તો દેશાઈ ખુરશેદજીનું અથીઆર છે. હમો શાથે લદાવીઆ ને વલી પોતે શોગંન ખાતા શામા વાશતે. શેઠજી શાહેબ અમોને શુજેચ એ કે વલશાદ મધે શાહેબ દશતેગરી કરીને જગા કરી આપો. ને શ્રીજી શાહેબનું થેકાનું કરી તાંહાં લેઈ જાશું તો શાંમરાનો વલી (=વાલી) દેશાઈ ખુરશેદજી છે તે શાંમરાને શાહેબની અદબથી કહે જે અવે તો શેઠ શ્રીજીએ એ વાત હાત ધરી વાશતે હમોથી અવે ખંચાશે નહી. વાશતે તું જે રવેશે તાહારો તોલો કહે તે માફક હરેક વાતે શમજ ને જે જંનશ લીધી હોએ તે તેવનને પાછી આપ. ને જે લખીઆં છે તેભી આપીને તાહારો કદીમ ભાગ હીશો હોએ તે વાજબી પરમાંને ખા. એ રવેશે દેશાઇ ખુરશેદજી તેને કેહે તો શાંમરો જે રવેશે પંચ કે તેથી ઉકરો નહી થાએ. જે વારે

શાહેબનો પગ દરેમીઆંન આવે તે વારે શાંમરાથી જીઆદેતી નહી ચલાએ. કાંએ જે દેશાઈ શેઠ શાહેબની અદબથી મને કરે. હમોને એવુ શુજે છે. પછે શાહેબ દાંનશમંન ખાવંદ છેઓ તે અંદેશો કરજો. તે જે રવેશે શલા એને કરીએ તે લખજો. હમો તો બેકશ* છેઉ. ને શાહેબ તો શ્રી દાદારનાં પુરા છેઓ. શ્રીજી રોજબરોજ શાહેબનાં દોલતે બા ફરજંદાંન જીઆદે કરે. ને શ્રીજી તમારા દલની મોરાદ હાંશલ કરે. બીજું શાહેબની ખીદમતમાં ફરી ફરી લખવું એ જે શાહેબ તમો અમો પર શ્રીજી આતશબેહરાંમનાં ફજલથી મેહેરબાંની રાખો છેઓ, તેથી વીશેશ રાખજો. ને કોઈનાં લખાથી હમો પરથી મેહેરબાંની ઉતારશો માં. શાહેબ હમારે માથે છેઓ તો એ ગોશો હમને રૂદો છે ને ચંદરોજ ગુજરાન છે. ને આંજ બેથા શાહેબને દોવા માંગીએચ. કાંમકાજ હમેશે લખુ છુ તે કરતે વીશેશ મેહેરબાંની કરી લખવું. ને ખબર લેવી. ને નોશારીનો શાહેબ હમારો થેરાવ થેરવા કરો ને શાહેબની ખાએશ પરી હોએ તો અમો એ વાતે રાજી છેઉ કે હમારી અગીઆરી બાબત લખી લીધું છે. તે શેવાએ જબરદશતીથી શી દેશાઇએ કરાર લખી લીધો તે શરવે પાછા આપે. ને નવેશરથી દેશાઈ લખી આપે. પોતાનાં તોલાનાં મતાં શાહેદી સાથે જે શંનજાંનાં અંધેઆરૂ નોશારી મધે કુલ ધરંમનું પોતાની જાતનું કાંમ ધરંમનું મુવાં જીવતાનાં વગેરેનું નોજુદ નેરંગદીન વરશ શાથે પોત પોતાનું કરે તા. શ્રીજી શાહેબની દરગામાં ભગરીઓ અંધેઆરૂ કોઇ જીઆદેતી નહી કરે. ને એ વાતને પુરો બંદોબશત શાહેબની હજુર થાએ તો હમારે કબુલ છે. પંન અલબતે શાહેબ એ વાતે કમરબંદી કરૂ તો દુર નથી. અશલ શાહેબનાં ખાંનદાંનથી શી જશજ છે. ને તે કરતાં ને અમો તેહેનાં પંનથકનાં બેહેદીનનાં કાંમ કરૂં તો તે વાતે ગુનેગાર. એ હમારો કરાર છે. ને શાહેબને અમારા તે વાતના મોતાજબી શાહેબની ખીદમતમાં હમો લોકની અરજ એ છે કે અમોએ કાગજ શાહેબને લખુ છે તે શાહેબનાં

---

*મિત્ર વિનાના. કદાચ આ શબ્દ "નાકેશ" માટે લખાયો હોય.

દફ્તરખાનાંમાંથી એની નકલ ઈઆ એ કાગજ બાર પરે તે નહી કરવું. ને શાહેબ મેરબાંની માએઆ રાખવી ને કામ કાજ ફરમાવું. ને ગેશતાખી થાઈ હોએ તે માફ કરવી એ વીનંતી (શંવત ૧૮૦૨)* રોજ ૨૧ માહા ૧૧ ભાદરવા વદી ૭ બુધે લખી મોકલું છે."

૧ લા. દોવાગો કદીમ કમતન આ. ભીખાજી રૂશતંમજી પનાં એજદાંબાદ વાંચજો કાંએકે એ લોકો વલશારમાં બે વરશ રેઆ છે...(બીજા ૧૨ મોબેદોની સહીઓ છે) (પારસી પ્રકાશ પાને ૮૫૯, તથા જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૩–૬૫).

સુરતના નવાબની અદાલતના ચુકાદાથી નિરાશ થયલા સુરતના મોબેદોએ નવસારીના મોબેદો વિરૂદ્ધ સુરતની વડી અદાલતમાં કરેલી અપીલ. તેમાં તેઓની ફ-તેહ.

આપણે જોઈ ગયા કે ઈ. સ. ૧૭૩૬ માં નવસારીના મોબેદોએ સુરતના નવાબ તેગબેગખાનની અદાલતમાં જઈ પરવાનો મેલવ્યો હતો, કે સુરતવાસી નવસારીના પારસીઓનાં ક્રિયાકામો કરવાનો હક ભગરીઆઓ ધરાવે છે–સુરતના મોબેદોને તે હક નથી. આ ચુકાદો પાછો તપાસી જોવા સુરતના મોબેદોએ નવાબની અદાલતમાં અરજી કરી હતી તે પણ રદ્દ ગઇ હતી. ઉપલા ચુકાદાથી નિરાશ થયલા સુરતના મોબેદોએ ઇ. સ. ૧૭૪૬ માં નવસારીના ભગરીઆઓ વિરૂદ્ધ સુરતની વડી

---

* જામાસ્પજી મેહેરજીરાણા નોંધ કરે છે, કે આ સાલ સંવત ૧૭૯૬ તથા ૧૭૯૭ હોવું જોઇએ. પણ તે કેટલાંક વર્ષ પાછળનું દીશે છે. શેઠ મનચેરજી પે. ખરેઘાટની ગણત્રી પ્રમાણે સંવત ૧૮૦૨ બરાબર છે. એ દીને ઇગ્રેજી તા. ૭ મી સપટેમબર ૧૭૪૬ N. S. હતી. વળી રતનજી ફરામજી વાછાની પંચાંગપોથી (ઇ. સ. ૧૮૭૧) પ્રમાણે પણ ઉપલો રોજ માહ તિથિ તથા તારીખ મળી રહે છે.

અદાલતમાં અપીલ કરી, તેમાં અંતે તેઓને ફ્-તેહ મળી. તે બાબતનો એક અગત્યનો પરવાનો જળવાઇ રહયો છે તે નીચે પ્રમાણે છે :—

"તા. ૪ થી રમજાન ૧૧૫૯ (=તા. ૨૦ મી સપટેમબર ૧૭૪૬ N. S.) વરસની મુબારક રોજે નવાબ સબદરખાન બહાદુરની મોહોરવાલા પરમાણાની નકલનો તરજુમો.

એ લખાની મતલબ એવી છે કે બંદરે મુબારક સુરતનાં ભીખા જમશેદ મનોચેર ખુરશેદ કાઉસ ફરદુન રૂસ્તમ કામદીન વગેરે પારસી કુમનાં મોબેદો અને રહેવાસીઓ. મજકુર રેહેવાસીઓ સુરતની બુલંદ અદાલતમાં હાજર થાઇ નીચે પ્રમાણે અરજ ગુજારી કે હમો પારસીઓ ઇરાન છોડી હીંદુસ્તાનનાં શહેર ગુજરાતમાં આવેઆ. ત્યારે નૈસારીનાં કસ્બામાં સુરતનાં બારામાં અંકલેશ્વરમાં ભરૂચમાં અને ખંબાએતમાં આવી વશીઆ અને જુદા જુદા ધંધાઓમાં લાગીઆ. તે દહાડેથી હમારી કોમે એકમતથી નૈસારીના મોબેદોને લગન સારવાનો હક તથા મઇઅતની વેલાવોએ બંદગી કરવાનો હક તથા બીજી બધી ક્રિયાઓ કરવાનો હક નૈસારીના કસ્બાથી તે લાજપોરની નદી સુધી જેટલો જીલ્લો છે તેટલે સુધીનો સપુરદ કીધો. તેમજ સુરતના મોબેદોને મચકુર નદીના કીનારાથી તાપી નદીના કીનારા સુધીનો જીલ્લો શોંફીઓ. ભરૂચના મોબેદોને નરબદાના કીનારા અને મહીની વચ્ચે જે જીલ્લા આવેલા તે આપેઆ. મહીની પેલેપારનો જીલ્લો ખંબાતનાં મોબેદોને આપીઓ. પાડોશનાં જીલ્લામાંથી જાઈ કોઇ મોબેદ અથવા પારસીઓ આવીને સુરતમાં રહે તો લોકનાં મરતમની (? મરણની) ક્રીયાઓ હમો સુરતનાં મોબેદ કરતાં તેમજ લગન નોતરાંનું પણ કરતાં. અને એક દીને તેનું લવાજમ હમારૂં લેતાં એવી હકીકત છે. તો નૈસારીના મોબેદોએ ઉપલો બંદોબસ્ત તોડીને સુરતનાં પારસીઓનાં મરણ લગન અને નાતરાનાં કામ કરવાનાં હમેશનો હમારો હક ચલાવતા આવેલા

તેમાં હરકત કરેછે. ફરામરોજ દારાબ,* સોરાબ નોશરવાન ટાટા, બચા નોશરવાન કોટવાલ* અને મચકુર કસ્બાનાં બીજા રહેવાસીઓ માજી નવાબ તેગબેગખાન આગલ ફરીઆદ કરીને હમારા ઉપર ખોટો દાવો કીધો. અને તે ઉપરથી તે નવાબ સાહેબે ફજીલતપનાં મોલવી શેખ હમીદુદીન તથા મીરજા અબદલાબેગે ઓજરીઆથી પરગણાના થાણદારને તે કજીઓ ચુકાવાનો હોકમ કીધો. પણ તે બેહુ અમલદારોએ હમારા દસ્તાવેજો અને રેવાજો ઉપર મુનસફ ધ્યાન નહી આપતાં તથા હમારી કુમના દાવર અને બીજા આબરૂદાર ગ્રહસ્થથી તજવીજ તથા પુછપરછ કીધા વીના ખાતરદારી રાખીને તે નવાબને રીપોરટ કીધો અને તે નવાબસાહેબે ફકત તે જાહેર કરવા ઉપર ભરોશો રાખીને હમારો રેવાજ અને બંદોબસ્તથી ઉલટું હુકમનામું કીધું. ને હમુને ધમકી આપીને હમારી પાસેથી તા. ૨૫ મોહરમ સને ૧૧૫૭ (= ૧૨ મી મારચ ૧૭૪૪ N. S.) માં મુચલકો લખી લીધો જેથી હમારા હકમાં ઘણું નુકસાન થાઈઉં છે. કારણ કે એ બાબદ હમારા ધરમને લગતી ને હમારા કુમના રીવાજને લગતી છે. હરેક કોમને લગતું કામ તેનાના રીવાજ અને ધરમ મુજબ અને હમારા કોમના ધારા મુજબ હમારાં લોકમાં જે કોઈબી ટંટો અથવા કજીઓ ઉઠે છે તે હમારા કોમના દાવર તરફ જાએ છે. કારણ કે હમારા ધરમનાં કાયદા કાનુનથી તેઓ વાકેફ કરેઓછે. એવી બાબદ અબદુલા બેગ ફોજદાર અને મોલવી શેક હમીદુન જેવા ફકત મહમદી-આન કાએદા જાણનારાવો તેવાઓને સોંફવી તે અદલ અને ઈનસાફના કાએદાથી ઉલટું છે. એટલા માટે હમો એ અરજ કરીએ છે જે હમારા રેવાજો ઉપર નજર રાખી હમારા કામનાં કાગલો ફરીથી નાતમો વાંચી અને મચકુર કસ્બે નૌસારીનાં મોબેદોએ જબેની હરકતો ઉભી કરી છે તે દુર કરવાનાં હોકમ ફરમાવવો. એ ઉપરથી મચકુર કોમનાં દાવર મોદી નાહનાભાઈ ભીમજીને પુછવામાં આવ્યું. (તેઓ) જણાવે છે કે આગલ

*આ નામો ઈ. સ. ૧૭૩૬ વાલાં ફર્યાદનામામાં પણ છે.

હમારા બપાવાએ જુદા જુદા જીલા ઉપર બતાવીઆ મુજબનાં રહેનાર લોકો એટલે મોબેદોને વાસ્તે જુદી જુદી વહેંચણી એટલે પંથ કારીઆ હતા. તે દહાડેથી નોસારીના મોબેદો એખલા પોતે લાજપોરની નદી સુધી જીલ્લામોજ કદીબી મોત લગન નાતરાં થાતાં તેની ક્રિયા કરતા આવ્યા છે. સુરતના મોબેદોના હકમાં કોઈ દહાડો તેઓએ હાથ ગાલેઓ નથી. ને જે કોઈ મોબેદ અથવા પારસી સુરતથી નોસારી કસ્બે જાએ તો તેના લગન અને મરણની ક્રીઆ નોસારીવાલા મોબેદો કરતા આવે છે. જેવી રીતે સુરતનાં અંદર કોઈ મોબેદ અથવા પારસી આવીઆ હોએ તો તેના લગન અને મરણની ક્રીયા સુરતનાં મોબેદો કરતા હતા. તે ઉપરથી મચકુર કોમના દાવર મોદી નાહનાભાઈના ઠેરાવ મુજબ અને એ કામનાં કજીઆ (કાગજ્યાં) વાંચીઆ પછી આએ હોકમ માજી નવાબના રદ કરી ફરીથી કરવામાં આવ્યો છે. એ લોકોના રેવાજ મુજબ અને એવણનાં કોમનાં સરદારનાં અભીપ્રાય મુજબ નોસારી કસ્બાના મોબેદોએ સુરતનાં રેવાજને લગતાં કામકાજમે આરે આવું નહી. એજ પ્રમાણે મચકુર કસ્બાના કામકાજમાં સુરતનાં મોબેદોને આડે આવવું નહી. અને કોઇએ હમારા હોકમથી આદુ ચાલવું નહીં."

આ (તરજુમો) અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં કરેલો છે. એનો અસલ ફારસી તરજુમો (લેખ?) મોદી રૂસ્તમજી ખુરશેદજીના ઘેરમાં હતો. (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૫૩–૫૪).

શેઠ માણેકજી નવરોજી શેઠે ઉદવાડાના સંજાણા મોબેદો ઉપર લખેલો જવાબ.

ઉદવાડાના મોબેદોના કાગજના જવાબમાં શેઠ માણેકજી નવરોજી શેઠે તા. ૩૦ મી સપટેમબર ૧૭૪૬ N. S. ને દીને નીચે પ્રમાણે જવાબ લખ્યો હતો:—

"શવશતી શી ઉદવાડા શંશથાને પુજારાધે મોબેદ શાહેબ શ્રી પ. આ. ભીખાજી રૂશતંમજી તથા આ. રૂશતંમજી

દસ્તુર શેરીઆડજી વગેરે શમશતે શંનજાણાં અધેઆરૂ શ્રી મુંબઇ બંદરેથી લા. શેવક માણેકજી નવરોજીની કેન દોવા એજદાપનાબાદ વાંચજો. જત હાં કુશલ છે. તમારી કુશલતા લખવી. બીજું તમારો કાગજ ૧ આવો તે પોતો. વાંચીઆથી શરવે હકીકત તમારા લખવાથી જાંની. તેનું જાણવું એ જે તમો પરથંમજ લખો છો જે તમો એવું શખત લખું. તારે શી રીતે નવશારીનો બંદોબશ્ત તથા એવું વગર વીચારીઉં લખીઉ. તો તમો વીચારો જે એ વાત હમો લખી તે ખરી છે કે ખોટી છે. ભગડીઆ તમોને પોતાના પંનથકમાં શી રીતે કાંમ કરવાં દેશે. જો શરવે કાંઈ તમને એજ રીતે શામું કેતા તો આજ લગે એ ફેશાદ રહેતે નહીં. પંન લોકો તો તમને તમારાં માદાં શરખું કે, ને બીજાને બીજાનાં માંદા શરખું કેહ. તારે કેમ શલાહ થાએ. વાશતે બીજે લોકોને તો તમાશો જોવાની ખાહેશ છે. તેમ કાંઇ મારે નથી કરવું. મેં તો તમોને વાજબી હતું તે લખું છે. પંન તમોને નહી ગમતું તો અખતીઆર છે. તે વીચારી જોજો. ને વલી તમો લખેઉ જે મુંબાઇ હમારૂં છે તો ભાઈજીને તે કાંને લખી આપીઉં છે. જો તમારૂં હતું તો તમો કાં મુંબાઈમાં કામ કરવું આગલથીજ શરૂ કાં નહી કરૂં.* એવી બેમુજબે વાતો પકડીને વદા કરો, તારે તો શો વરશે તમારો મુકદમો ફેશલ થાશે નહી. પછે તો જેમ તમોને રૂડું શુજે તેમ કરો. બીજું વલશાડમાં આવી રહેવા બાબદ શામરાંની હકીકત એતલી લંબાન લખી તે શરવે મેં વીચારૂં તો એમાં મજથી કશું થાશે નહી. ને મજથી પતે તેવું દીશતું નથી. બાકી મારી ઉમેદ તો હતી જે નવશારીમાં હમો

---

* જામાસ્પજી શો. મેહેરજીરાણાના હસ્ત લેખ ના ૨ પા ૧૧–૧૨ ઉપરથી તથા પારસી પ્રકાશ પા. ૮૩૯ ઉપર નૌસારીના ભગરીઆઓના તાબેના પંથકોની ટીપ ઇ. સ. ૧૫૮૪ થી ૧૬૩૩ સુધીની લગ્નની નોંધપોથી ઉપરથી આપી છે તેમાં થાણાનું નામ મળે છે, પણ મુંબાઇનું નામ નથી. ઇ. સ. ૧૬૭૨, ૧૭૩૩, ૧૭૪૨ ના સાલના લેખોમાં મુંબાઇનાં પંથકનું નામ જડે છે (ખેરગામ કેસ પા. ૯૩–૯૮).

દુખમું બાંધું છે તે જોવાને બાને તમારી તરફ આઉં ને શ્રી કદમબોશી કરીને સાથે લઈ જાઉ ને તમારૂ ફેશલ કરૂં. પંન માહરા જોવામાં એ થાએ તે દીશતું નથી ને મારો દાંનાપાંની નથી, જે તમારી તરફ પોચું. ભલું જેમ ખોદાનો હોકમ હશે તેમ થાશે. પંન કઈ નરમીથી તદબીર થઇ આવે ને અમને જશ આપો. તે થાએ તો કશી વાતે કમી કરશો માં. ને નહી તો જેમ ખોદાનો હોકમ. ઘનું શું લખું. બીજું કામકાજ લખજો. કશી વાતે મુલાંની કરશો નાં. શંવત ૧૮૦૨ ના આશો વદ ૧ શુકરે. (=તા. ૩૦ મી સપટેમબર ૧૭૪૬ N. S.) (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૩૬).

શ્રી ઈરાનશાહને ઉદવાડામાં અગર વલસાડમાં જ્યાં ગમે ત્યાં રાખવાનો પરવાનો.

શ્રી ઈરાનશાહ આતશબેહેરામને ઉદવાડે લઈ ગયા બાદ પેશ્વા બાલાજી બાજીરાવ પંડિત પ્રધાને સંજાણા મોબેદોના મુખીઓ ભીખાજી રૂસ્તમજી તથા રૂસ્તમજી શેહેરીઆરજીને તા. ૬ ઠી ડીસેમબર ૧૭૫૨ N. S. ને દીને એક પરવાનો કરી આપ્યો હતો, કે તેમના પુરાતન આતશબેહેરામને ઉદવાડા અથવા વલસાડ જ્યાં ખુશી પડે ત્યાં બેફીકર રાખવા. વળી એ પરવાનામાં એમ પણ જણાવ્યું હતું, કે "તમારો તથા તમારા ભાગ્યા (શાપુર શામરા) નો કજીઓ ધ્યાંનપર લઈ વાજબી નિવેડો લાવવા વલસાડના કુમાવીશદાર સર્વોત્તમશંકરને હોકમ કરવામાં આવ્યોછે." આ નોંધ આપણે પારશી પ્રકાશ (પા. ૮૬૦-૮૬૧) ઉપરથી આપી છે. પરવાનો નીચે પ્રમાણે હતો :-

"અભયપત્ર શમશત રાજકાર્ય ધુરંધર વીશ્વાશનીધી રાજમાન રાજેશ્રી બાલાજી પંડીત પ્રધાન ત૦ ભીખાજી તથા રૂશતમજી તથા નવરોજજી અધ્યારૂ શંજાણા શુરશન શલાશ ખમશેન મયા વ અલફ. તમે હજુર આવી જાહેર કીધું કે આપણો તથા શરકતીઆનો કજીઓ છે માટે પોતે અગ્ની લેઇને ઉદેપુર જઈ રહેલા છેઉ હાલ વલશાડ આવીને રહેવાનો

છું માટે મારો તથા શરકતીઆનો કજીઓ ધ્યાનમાં લેઓ તથા પોતાનો કોલ રજુ કરવો કદીને વલશાડમાં રહીને અથવા ઉદેપુરમાં રહીને. તે ઉપરથી આ અભયપત્ર આપવામાં આવે છે કે તમે વીશવાશ ન ધરતાં* અગ્ની લઇને પુરવ પ્રમાણે વલશાડમાં રહેવું, અગર ઉદેપુરમાંજ રહેવું. તમને કાંઈ હરકત થવાની નથી. તથા તમારો તથા શરકતીઆનો કજીઓ ધ્યાનમાં લેવા વીશે રાજેશ્રી શરવોતમશંકર કમાવીશદારને આજ્ઞા કરી છે તે વાજબી ધ્યાનમાં લઇને નીવાડો કરશે જાણવું. ચંદ્ર ૨૯ મોહોરમ (અત્રે મોહોર છે). (એ. મેહેરજીભાઈ ન. કુટાર કનેથી મળેલું કાગજ–નકલ. વળી જોવો જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૨. ઉપલો લેખ મરાઠી પરવાના ઉપરથી ગુજરાતીમાં કરેલો તરજુમો છે).

નોંધ.—ઉપલા પરવાનામાં સુરસન (સને) છે, તે અરબી અંકમાં છે. વર્ષનો અંક આ પ્રમાણે છે:—સલાસા=૩, ખમસીન =૫૦, મયા=૧૦૦, અલફ=૧૦૦૦. કુલે ૧૧૫૩ સુરસન અથવા ઈ. સ. ૧૭૫૨. માટે ૨૯ મોહરમ ૧૧૫૩ સુરસનની મુકાબેલ તા. ૬ ઠી ડીસેમબર ૧૭૫૨ N. S. આવે છે. એજ દીને શ્રી ઈરાનશાહ માટે ઉદવાડે આવતાં સુખડ વગેરેની જકાતની માફીનો એક પરવાનો પેશ્વા સરકાર કનેછી મલ્યો હતો, તે હવે પછી જોશું.

શાપુર શામરાના કજયાનો ચુકાદો.

મોબેદ શેહેરીઆર ફરેદુન તથા તેનો છોકરો શાપુર શામરો જે શ્રી ઈરાનશાહની પેદાયશના ત્રીજા હીસ્સાના ભાગ્યા હતા, તેમને પોતાનો ભાગ નહીં મળ્યાથી શાપુર શામરાએ પેશ્વાની તથા ગાએકવાડની સરકારમાં ભીખાજી રૂસ્તમજી તથા બીજા ભાગ્યા સામે જુદી જુદી ફર્યાદ કરી હતી. તેની રૂહે સરકારે તેની તરફેણમાં ઈ. સ. ૧૭૫૩ માં નીચે પ્રમાણે હોકમનામું કરી આપ્યું હતું, તે મોડી લિપિમાં હોવાથી તે અત્રે બાલબોધ લિપિમાં મરાઠી ભાષામાંજ આપીશું.

---

*જામાસ્પજી મેહેરજીરાણાની નકલમાં "તમોએ કોઇ વીશે વશવશો ન લાવતાં" શબ્દો છે.

अजम (=મોટો માણસ) रुस्तुमजी शरीयारजी पारसी अध्यारु यास सर्वोत्तमशंकर कमावीसदार माहालानीहाये प्रा० सुरत सुहुरसन सलास खमसेन मया व अलफ (ફાટી ગયું છે) येणे प्रमाणें.

१ भाग एक तीसरा तुमचा भागी दुसरे तुमचे तक्षीमेत* भाग १.

१ खुद्द तुह्मी आपले भागांत वडील वगेरे.
१ मनचर वलद चांदजी वगेरे.
१ दादा वलद हुमजी वगेरे.

३

एकुण तीन भागांत तुमचे भागी आहेत ते देखील वतनचे तीजाइ भागांत.

१ भीकाजी रुस्तुमजी पारसी भागी तीजाइ व त्याचे भागी मीळुन वडील.

१ खुद्द तुह्मी वडील वगेरे.
१ वरजोर वलद भाइजी वगेरे.
१ कावस वलद असमनीआर.

३

एकुण तीन भागांत तुमचे भागी आहेत ते देखील तीजाइ भागा मध्ये.

१ मनचर वलद माणीकजी व रुस्तुमजी शरीयारजी वतनास तीजाइ भागी वगेरे.

१ मनचरजी माणीकजी वडील भागी व शापुरजी
१ जमशेद वलद बरजोरजी वगेरे.
१ मनचर वलद जीवन वगेरे.

३

* ફારસી "તકસીમ"=હીસ્સો.

एकुण तीन भाग यांत भागी दुसरे तुमचे आहेत ते (એક લીટી અહિં ફાટી ગઈ છે)...(ती) जाइ भाग धाकटा.

३

एकुण तीन भाग वतन सरहद कावेरी दक्षिणतीर ते हद नदी वैतरणी कीनारा मौजे दातीवरें पैकीं माहिम प्रा. वशइ येथील व कावेरी तीर प्रांत सुरत येथील पारसी लोकांचे अध्यारुपण पुरातन तुमचे चालत आले आहे त्यास हाली तुमचे (? तीजाइ) भागाचे तक्षीमदार मनचर वलद माणीकजी व शापुरजी वलद शरीआरजी याचा व तुमचा जघडा होऊन हर दु जण नवसारीस व सुरतेस जाऊन राहीले. हाली सरकारचा अमल झाल्यावर बलसाडचे मुक्कामीं येऊन याणी विदित केले कीं सदरहु भागी आहेत त्यास बोलाऊन आणुन वतन चाकरी जो सुदामत चालत आला आहे त्या प्रमाणें चालवावे. त्याज वरून तुम्हास व भीकाजी रुस्तुमजी यास वगेरे भागी बोलाऊन आणुंन पंचाइतीस ते तुमची मनसुवी मनास आणितां तुम्ही तीघे भागीदार झाहले त्या वरून तुमचे वतन चालत आले आहे त्या प्रमाणें तीघांनी व वगेरे भागी आहेत त्याणी आपापले तक्षीमे प्रमाणें चालवुन सुखरुप राहणे. देवळाचे महिने सुदामत तुमचे वडीला पासून पुजेचे चालत आहे त्या प्रमाण पूजा करावी. व तुमचे यजमान पारसी लोक आपले घरचे कर्म तुम्हां तिघांचे हाते चालवीतील तक्षीम सुदामत प्रमाण तीन हिस्से करून ज्याचे नीसबतचे तीसरे भागा पैकी असतील त्याणी त्याचा वांटा देऊन व देवळांत पेदास होईल ते तीन भाग व तीही भागाचे तक्षीमदार असतील त्याणी आपल्या भागा प्रमाणे वाटुन घेत जाणे. एक देऊळ करून तीघा भागीयाणी पुजा करावी. वडचारीचा दसतुर येऊन यजमानाकडे आहे तो तीन भागी व तुमचे दुसरे भागी असतील त्यास वाटुन घेत जाणे व देवळाचे पुजेचे

महिने पुरातन नेमले आहेत त्या प्रमाणे चालवुन ज्याचा महिन्यांत ज्यास पुजेचा हिस्सा येइल तो घेत जाणे व तीही भागीयाणी परस्परे बेदावे लिहुन दिले आहेत त्या मुजब तीही भागीयानी वगेरे भागीयानी तीजाइ प्रमाणे घेत जाणे. तुमचे भागास शेरणी सरकारांत रुपये दोनशे घेतली असे. जाणीजे. २७ जमादील आखर मोर्तब सुद
(ઉદવાડેથી મળેલું કાગજ. આનો ગુજરાતી તરજુમો ખેરગામ કેસના અહેવાલના પુસ્તકમાં પાને ૧૧૧-૧૧૨ ઉપર છે).

ઉપલાં હોકમનામાંનો જુનો ગુજરાતી તરજુમો કઠણ શબ્દોના ખોલાસા સાથે આપીશું :—

અજમ રૂસ્તમજી શેરીઆરજી પારશી અંધ્યારૂને સર્વોતમ શંકર કમાવીસદાર માહાલાનીહાએ પ્રાંત સુરત સુહુરસન સલાસ ખમસેન મયા વ અલફ (અત્રે ફાટી ગયું છે) નીચે પ્રમાણે :—

૧ ભાગ એક ત્રીજો-તમારા ભાગમાં બીજા તમારા તકશીમમાં ભાગ્યા.

૧ ખુદ તમો પોતાના ભાગમાં વડા વગેરે.
૧ મનચર વલદ ચાંદજી વગેરે.
૧ દાદા વલદ હોમજી વગેરે.

---

૩ એ પ્રમાણે ત્રણ ભાગમાં તમારા ભાગ્યા છે. તે સુદ્ધાં વતનમાં ત્રીજા ભાગમાં.

૧ ભીકાજી રૂસ્તમજી પારસી. ભાગ ત્રીજો તથા તેના ભાગ્યા વડીલો સાથે.

૧ ખુદ તમે વડા વગેરે.
૧ બરજોર વલદ ભાઈજી વગેરે.
૧ કાવસ વલદ અસપંદીઆર.

---

૩ એ પ્રમાણે ત્રણ ભાગમાં તમારા ભાગ્યા છે તેઓ પણ ત્રીજા ભાગ મધ્યે.

૧ મનચર વલદ માણેકજી તથા રૂસ્તમજી શેહેરીઆરજી વતનમાં ત્રીજા ભાગ્યા વગેરે.

૧ મનચેરજી માણેકજી વડો ભાગ્યો તથા શાપુરજી.

૧ જમશેદ વલદ બરજોરજી વગેરે.

૧ મનચેર વલદ જીવન વગેરે.

---

૩ એ પ્રમાણે ત્રણ ભાગમાં બીજા ભાગ્યા તમારાછે તે (ફાટી ગયું છે.)

એ પ્રમાણે ત્રણ ભાગ વતન કાવેરી દક્ષિણતીર સરહદથી તે હદ નદી વૈતરણી કીનારો માજે દાંતીવરે પેકી માહીમ પ્રાંત વસઈમાંના તથા કાવેરી તીર પ્રાંત સુરતમાંના પારસી લોકોનું અધ્યારૂપણું પુરાતન તમારૂં ચાલતું આવેલું છે તે (સંબંધ)માં હાલે તમારા ભાગના તક્ષીમદાર મનચર વલદ માણેકજી તથા શાપુરજી વલદ શેહેરીઆરજી એ લોકોનો તથા તમારો ઝગડો થાઈને બંને જણા નવસારીમાં તથા સુરતમાં જઈ રહ્યા છે. હાલે સરકારનો અમલ થયા પછી વલસાડ મુકામમાં આવી એઓએ જાહેર કીધું કે મજકુર ભાગીઆઓને બોલાવી લાવી વતન ચાકરી જે સુદામત ચાલતું આવ્યું છે તે પ્રમાણે ચલાવવું. તે ઉપરથી તમોને તથા ભીખાજી રૂસ્તમજી વગેરે ભાગ્યાઓને બોલાવી લાવી પંચાએતમાં તે તમારો મનસુબો ધ્યાનમાં લેતાં તમો ત્રણે ભાગીદાર થયા. માટે તમારૂં વતન ચાલતું આવેલું છે તે પ્રમાણે ત્રણે જણે તથા બીજા ભાગ્યાઓ છે તેઓએ પોત પોતાના તક્ષીમ પ્રમાણે ચાલી સુખેથી રહેવું. દેવલના (=આતશબેહેરામની બોય દેવાના) મહીનાઓ સુદામત તમારા વડવાઓથી પુજાના (=બોય દેવાના) ચાલી આવ્યા છે તે પ્રમાણે પુજા કરવી (=બોય દેવી). તથા તમારા જજમાન પારસી લોક પોતાનાં ઘરનાં કામ (=ક્રિયાકામ) તમો ત્રણેના હાથે ચલાવશે. તક્ષીમ સુદામત પ્રમાણે ત્રણ હીસ્સા કરીને જેની નીસબતના ત્રીજા ભાગમાં ભાગ્યો હોય તેણે તેનો હીસ્સો આપીને તથા દેવલની (=આતશબેહેરામની) પેદાયશ થાય તે

ત્રણ ભાગ તથા ત્રણ ભાગનો તક્ષીમદાર હોય તેણે પોતાના ભાગ પ્રમાણે વેહેંચી લેતા જવું. એક દેવલ* (=આતશબેહેરામ) કરીને ત્રણ ભાગે એઓએ પુજા કરવી (=બોય દેવી). ક્રિયાનો દસ્તુર (=લવાજમ) જે જજમાન કને (થી લેવાનો) છે તે ત્રણ ભાગ્યાઓ તથા તમારા બીજા ભાગ્યાઓ હોય તેઓ વેહેંચી લેતા જાએ. તથા દેવલના (=આતશબેહેરામના) પુજાના (=બોય દેવાના) મહીના પુરાતન નેમેલા છે, તે પ્રમાણે ચલાવીને જેના મહીનામાં જેને પુજાનો (=બોયના નાણાંનો) હીસ્સો આવે તે લેતા જવું. તથા ત્રણે ભાગ્યાઓએ એક બીજાને બેદાવે (=વગર તકરારે) લખી આપ્યું છે તે મુજબ ભાગ્યાઓ વગેરેએ ભાગ્યાઓએ ત્રીજા હીસ્સા પ્રમાણે લેતા જવું. તમારા ભાગનું નજરાણું સરકારમાં રૂપીઆ બસો લીધા છે. જાણીજે. ૨૭ જમાદીલ આખર." (આ લેખનો તરજુમો જામાસ્પજી મેહેરજીરાણાના હસ્ત લેખ ના. ૨ પા. ૪૨ ઉપર પણ છે. પણ તે બોલે બોલનો તરજુમો નથી).

નોંધ—આ હોકમનામાંનો સને સુરસન સલાસા=૩, ખમસીન=૫૦, મયા=૧૦૦, અલફ=૧૦૦૦ કુલે ૧૧૫૩ છે. ઉપલી મહમદન તારીખની મુકાબેલ તા. ૨ જી મે ૧૭૫૩ N.

---

* "એક દેવલ" શબ્દો અગત્યના છે. દંતકથા એવી છે કે શાપુર શામરાનું કહેવું આ હતું, કે શ્રી ઇરાનશાહ કેબલાનો મારો ત્રીજો ભાગ લેઈ તેનુ જુદું આતશબેહેરામ કરૂં. એક આતશબેહેરામનાં ત્રણ ભાગ થઇ શકે નહિ (કે જે પ્રમાણે એક મૂર્તિના ત્રણ ભાગ થઇ શકે નહિ), પણ એક આતશબેહેરામની બોય ત્રીજા ભાગે દેઇ તેની જે આવક આવે તે શામરાએ લેવો એવો ચુકાદો ગાયકવાડ સરકારે આપ્યો હતો. દસ્તુર દારાબ હોરામજદયારે કામદીન શાપુરની રેવાયતમાંથી એક ફકરો ટાંકયો છે કે "આતશ વરહરાન યકી બદુ તા ન શાયદ કરદન." વળી તેમણેજ બહમન પુંજીઆની રેવાયતમાંથી બીજો ફકરો ટાંકાયો છે કે "આતશ વરહરામ દુ બખશ ન શાયદ કરદન", (યાને એક આતશબેહેરામના બે ભાગ કરવા નહિ). (જોવો મુંબાઇ યુનીવરસીટીની દારાબ હોરમજદયારવાલા રેવાયત પાને ૧૭૬A). બરજોર કામદીનવાલી રેવાયત પા. ૨૭૫ ઉપર પણ એવોજ ફકરો જડે છે.

S. આવે છે. પારસી પ્રકાશ પા. ૮૬૦ ઉપર સંવત ૧૮૦૯ ના રોજ ૧૫ માહા ૭ (તા. ૨ જી મે ૧૭૫૩ N. S.) એ પ્રમાણે તારીખ છે. શેઠ ખરેઘાટની ગણત્રી પ્રમાણે મહમદન તારીખની મુકાબેલ તા. ૧ લી મે આવે છે. પણ તે રોજ માહ ઉપરથી સુધારવી જોઈએ.

નોંધ—ઉપલા હોકમનામાંમાં જે શખશોનાં નામો આવે છે, તે નવ કુટુંબના તે વખતના વડીલો હતા. તેમની વિગત નીચે માલૂમ પડશે:—

(૧) નાગણ રામ–નરશંગ–કામ–પદમ–હોરમજદયાર–કુકા–કામદીન– બરજોર– મીનોચેહેર– **શેહેરીઆર–રૂસ્તમ** (મીરજાં કુટુંબના.)

(૨) નાગણ રામ–વાછા–હીરા–કામદીન–સહીઆર (સીધવુ)–કાવશ–ચાંદજી–મીનાચેહેર (સીધવા કુટુંબના.)

(૩) નાગણ રામ– આશા– જેશા– જીવા– આશા– ફરેદુન–મેરજી– હોમજી– દાદા (પટેલ કુટુંબવાલા.)

(૪) ખોરશેદ કામદીન–આશદીન–ચાઈઆં–કામદીન–આશા નરશંગ –કેકોબાદ –ખોરશેદ–બરજોર–**રૂસ્તમ–ભીખા** (દસ્તુર કુટુંબના.)

(૫) ખોરશેદ કામદીન– ચાંદા– નાગોજ– આસા– ધઈઆ–બહમન–**ભાઇજી–બરજોર** (ભાઈજી કુટુંબના.)

(૬) ખોરશેદ કામદીન– જેશંગ– ધનપાલ– ખોરશેદ– હીરા–હોશંગ–**અસપંદયાર** કાઉસ (ગોરા તથા કટીલા કુટુંબના.)

(૭) ચાઈઆ શાહીઆર–નાગોજ–ખુરશેદ–શાહેર–નરશંગ–હોશંગ– દારાબ– **માણેક**– રૂસ્તમ તથા **મીનોચેર** (અંધ્યારૂજી કુટુંબના).

(૭A) ચાઈઆ શાહીઆર–નાગોજ–ખુરશેદ–શાહેર–નરશંગ હોશંગ-ફરેદુન-ફરામ-**શેહેરીઆર-શાપુર** (અંધ્યારૂજી કુટુંબના.)

(૮) ચાઈઆ શહીઆર– સાહેર– રામ– હોરમજદયાર– ધનપાલ– રૂસ્તમ– અસપનદયાર– **બરજોર– જમશેદ** (ઉનવાલા કુટુંબના.)

(૯) ચાઈઆ શહીઆર–હોરમજદયાર– ભાદા– વાછા–રાણા– અસપંદયાર– બહમન– રાણા–**જીવન–મનોચેર** (ભાધા કુટુંબના.)

ઉપલી વંશાવલિઓ એ. ભીખાજી દી. ઉનવાલાની જુની ફેહરીસ્ત તથા એ. નશરવાનજી ન. ઉનવાલાની ફેહરીસ્ત ઉપરથી લીધી છે.

સરકારી હોકમનામાં પ્રમાણે શાપુર શામરાને ભાગ આપ્યો નહિ, માટે ઉદવાડાના દસ્તુરોને થયલો દંડ.

ઉપલાં સરકારી હોકમનામાંની રૂહે શેહેરીઆર ફરેદુન તથા તેના બેટા શાપુર શામરાને ત્રીજો હીસ્સો આપવાનો હોકમ થયો હતો, પણ સંજાણા અનજુમને તેઓને તે ભાગ આપવા ના પાડી, ત્યારે એ બાપ દીકરા પાછા ગાયકવાડ પાસે સોનગઢમાં ફર્યાદ ગયા અને ત્યાંથી ગાયકવાડે નવસારીમાં દેશાઈ ખુરશેદજી તેહમુલજી ઉપર હોકમ મોકલ્યો, કે સંજાણાઓના મુખીઓ ભીખાજી રૂશતમજી તથા નવરોજી રૂશતમજી પોતાના ભાગ્યાને ભાગ નહીં આપતા, તેથી રગડીને તેઓ પાસેથી ભાગ અપાવવો, તથા રૂ. ૫૦૦) ગુનેગારીના લેવા તથા રૂ. ૨૦૦૦)ના જામીન લેવા. પણ મજકુર ભીખાજી તથા નવરોજીએ સરકારના હોકમનો અનાદર કર્યાથી તે બંને જણાને ૨૧) દીવસ કેદ કીધા હતા. પછી દેશાઇ ખુરશેદજીએ તેઓનાં ઘર ગીરો રાખી દંડના રૂ. ૫૦૦) ભરી તેઓનો છુટકારો કરાવ્યો હતો. (જોવો ખેરગામ કેસનો અહેવાલ પાને ૧૦૭–૧૦૮).

નોંધ—ખેરગામ કેસના છપાવનારે ઉપલી બાબતની સત્તા ટાંકી નથી. પણ નીચલા દસ્તાવેજ તથા સરકારી પરવાના

ઉપરથી દંડની વાત, જમીનગીરીની વાત તથા ઘર ગીરો મેલાયું તેની વાત માલૂમ પડે છે:—

(૧) "રાવ શ્રી કેદારજી ગાએકવાડે વા.* કસ્બે નૌસારીનાં અંધીઆરૂ ભીખો તથા નવરોજ† બંધે ભાઇ શેહેરીઆર ફરેદુનને ભાગ નહી આપતા ને જુઠો કજીઓ કરીને સુબેદારજી સાહેબ પાસે ફરીઆદ આવેઆ તે ઉપરાંત સુબેદારજીએ ઇનસાફ કરીને અંધીઆરૂ શેહેરીઆર ફરદુન વગેરેના ભાગ તા. વદમારી‡ શેહેરીઆરને હવાલે કીધી તે શેહેરીઆર પાસેથી રૂ. ૨૫૦) સુકરાણું લેવા કીધું ને ભીખા તા. નવરોજ પાસેથી રૂ. ૫૦૦) ગુનેહગારી તા. રૂ. ૫૦) મસાલો લેવા કીધો ને બંધે જણાને હમારે હવાલે કીધાં જે નૌસારી મોકલીને રગદીને પૈસા તરત ભરાવે ને બંધેના જમીન લેવાના કીધા જે આજ પછે શેહેરીઆરનો ભાગ તા. તરીજી દોલની§ વદમારીને મુજાએમ થાઉં અથવા બેહદીનને થાવા દેઉં તો સરકારનો ગુનેહગાર. ને મુજાએમ થાઉં ને સરકાર (ને) ગુનેહગારી રૂ. ૨૦૦૦) આપું. એ તરા લખી લેવારજો. ને શેહેરીઆરનો જમીન માતબર ભીખાનો લીધો માટે સદાજીપંથને મોકલ્યા છે માટે રગદી પૈસા તરત ભરાવજો. ને મુલાજો કરતા નખે (રખે). તાકીદથી પૈસા ભરાવજો. સુબેદારજીની એ પૈસા સારૂ હમોને તાકીદ ઘણી છે. તાકીદ જાણજો ને જમીન પાસેથી સારી પેખે લખી લેજો. તા. ૫ જમાદીર સાની$ લી. ભીખા સંજાણા કાગલ મેજર પર એકડા કીધા હોય જે બેહેદીન સંધાને એકીક કરાવીને રૂ. ૨૦ તથા રૂ. ૨૫ આસામી જોઇ રૂપીઆ લેજો." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૦).

---

*વચનાત્. †ભીખાજી રૂસ્તમજી દસ્તુર તથા તેમના ભાઇ રૂસ્તમજી નવરોજી (એ. ભીખાજી દી. ઉનવાલાની ફેહેરીસ્ત પા. ૬).

‡આ શબ્દનો અર્થ કદાચ "વડપણ" હોય.

§કદાચ "ડાળ," "શાખા" માટે આ શબ્દ હોય.

$આ લેખનો સને નથી.

(૨) "દા. આતસજીનાં અંધીઆરૂ ભીખાજી રૂસ્તમજી તા. નવરોજજી વીગેરે સમસ્ત સંજાણા જત હમો (? તમો) તમારી ખાતર જમા રાખીને ઉદેપુરથી પરગણે વલશાડ વગેરે તમારા જજમાનોને તા. ગુરપડાને તા. ભીખશા વરતીને જાં ગમે તાં આવજો જજો એ વાતે તમોને કોઈ પરમાને મોજામ નહી થાશે. ને સને ૧૭૯૮ માં તમો પરેશકાર (=પક્ષકાર?) દાખલ રૂપીઆ ૫૦૦ નો દંડ કરીઓ હતો તે ભરીઆ સેવાએ કેમકે તમો પાસેથી ઘરનું ખત રૂપીઆ ૫૦૧ નું જીઆદતી કરી લખી લીધું છે તે વાતની તજવીજ કરી ઈનસાફ કરવાનો છે તે જે વાજબી હશે તે પંચાએત તમારી ખાતેર બા મુનસફી કરાવી ચુકવશે. એ વાતનો ઈનસાફ થાએઆ વીનાં એ વખત બાબદ કોઇ મુજામ નહી થાશે. ને કેચ કે તમારાં બાજી ઘેર લુટાં છે તથા લખીઆં ચીઠીએ લખી લીધાં છે તેનો પણ તજવીજ કરી વાજબી હશે તે ઈનસાફ કરશે. શાપુર સામરો છે તે પોતાનો શુદઆમદનો ભાગ હશે તે તોલાના મલતો થાઇને પંથક વલશાડ વગેરેનો તોલાનો હક બાંધો છે તા. ઈશતેગાદ સેવાએ તેનો હીસાબ આપેઆ પછી જે પોતાને હીસે રસ કેસો વરસમે આસરે સત ચાલેઓ આવે તે ખાએ તેથી જીઆદેતી કરી લખેઆં લીધાં હશે તે ખોટાં. એ વાતે ખાતર જમે રાખીને આવજો જજો. ને વલશાડ પંથક વગેરેના પુર પરદાનો હક શુંદામદ માફક ખાજો ને નોસારીનાં તમારા તમારે તાલુકે સમરાવજો એ વાતે સરકારનો કોલ છે." (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૩૫). આ લેખનો સને આપેલો નથી.

ઉપલાં હોકમનામાં પ્રમાણે સરકારે પોતાના અમલદારોની જાણ સારૂં નીચે પ્રમાણે ઢંઢેરો યા હોકમ બહાર પડયો હતોઃ–

"કુમાવશદારાન માહાવાત માલુમ થાએ જે એ આતસજીના અંધીઆરૂને સરકારથી કોલ આપી પરગણામાં આવવા જવાની આજ્ઞા આપી છે તેમેં પોતાનું ગુરૂપદો હશે ત્યાં ત્યાં ભીખસા

વરતીને જ્યાં મન ગમે ત્યાં આવશે જશે. કોઈ કશી વાતે મોજામ નહી થાએ. ને એવાનો કરજદાર જે હોએ તે પણ હમણાં તેનાનું નામ નહી લીએ. એઓનો ઈન્સાફ કરીને આતસજીને પરગણામાં લાવા બાદ કરીશે તે વારે જો વાજબી કરશ (=કરજ) હશે તો એ આપશે. તે સાપુર આપણા છે. તેને તે એ વાતે નાહરકત મુજામ થાએ છે તે થાવા નહી પામે. ને તેને એ એનાના ટોળાનો હક પંથક વલશાડ શીવાએ ઘરની અશતેગાડ વગેરે જીઆદતી કરી લીધું છે તેનો વાજબી હીસાબ એનાનો આપીઆ પછે તેનો જે કંઈ સુદામદનો હીસ્સો હોએ સો વરસથી ચાલો આવે સરેસતા પ્રમાણે તે ટોળા મલતો થઈને ખાએ તેથી જીઆદતી કરી હોએ તે વાતે મજામ થવા નહી પામે તે કરવું. ને તેઓની ગુરૂપરદાખસત કરવી. એ વાતે તાકીદ જાણવી." (એજ હસ્ત લેખ પા. ૧૩૭).

પેશ્વા સરકારે દસ્તુરો ભીખાજી તથા રૂસ્તમજીને માફ કીધેલું કેટલુંક દેણું.

પેશ્વા સરકારે ઉદવાડાના દસ્તુરોને કેટલુક દેણું માફ કીધું હતું, તે બાબતનો દસ્તાવેજ નીચે પ્રમાણે છે:—"અભયપત્ર શમસ્ત રાજકાર્ય ધુરંધર વીશવાસનીધી રાજમાન રાજેશ્રી બાલાજી પંડીત પ્રધાન તા. ભીખાજી તથા રૂસ્તમજી† અધ્યારૂ હાલ રહેનાર મોજે ઉદવાડા પ્રાંત કીલે પારડી. શુહરશન ખમશ ખમશેન મયા વ અલફ.* તમારા વીશે રાજેશ્રી (અત્રે કાગળ ફાટેલો છે) કરી કે ભીખાજી મજકુરે અધ્યરૂપણા વીશે શકાતીનો (સરકતીનો) કજીઓ (ખાલી જગા) તે રાજેશ્રી શરવોતમશંકર કમાવીશદાર પ્રગણે શફાઈ કરીને રૂ. ૮૦૦) આઠશે કરાર કરીને કતબ લીધો છે તેથી એ નાદાર આપવાને શકતીમાન નથી માટે કૃપાલુ થઈને માફ કરવા તથા અધ્યારૂપણું બલશાડ વગેરે જાહાં

---

† દસ્તુર ભીખાજી રૂસ્તમજી તથા દસ્તર રૂસ્તમજી શેહેરીઆરજી.

* તા. ૧૭ મી નવેમબર ૧૭૫૪ N. S.

પુરાતન ચાલતું આવ્યું હોય તે પ્રમાણે મોજે મજકુરમાં રહીને અધ્યારૂપણું ચલાવીને શુખરૂપ રેહેશે વગેરે તે ઉપરથી આ અભયપત્ર આપ્યું છે તો શદરહુ રૂ. ૮૦૦) પૈકી રૂ. ૬૦૦) માફ કરીને રૂ. ૨૦૦) વસુલ લેવા કહી શરવોતમશંકરને આગ્યા પત્ર શાદર કીધું છે. તે પ્રમાણે રૂ. ૬૦૦) માફ કરીને રૂ. ૨૦૦) વસુલ લેશે તે આપવા પુરવ પ્રમાણે બલશાડ વગેરે જાહા ઉપાધ્યાપણું અધ્યારૂપણું ચાલતું આવ્યું હોય તે પ્રમાણે ચલાવીને (ખાલી જગા) શુખરૂપ રહેવું અભય છે. ચંદ્ર ૧ શફર* આજ્ઞા" (અત્રે મોહોર છે.) (મરાઠી ઉપરથી ઉપલા ગુજરાથી તરજુમાની નકલ એ. મેહેરજીભાઈ ન. કુટાર કનેથી મળેલી.)

શાપુર શામરાએ જુલમાતો ગુજર્યા હતા, તે વિષે પાછલા વખતની યાદી.

આપણે જોઈ ગયા, કે શાપુર શામરાએ સંજાણાઓ ઉપર પુષ્કળ જુલમાત ગુજાર્યા હતા. તેના કેટલાક જુલમાતની એક જુની યાદીનું કાગળ વલશાડવાલા દસ્તુર ફરામજી રૂસ્તમજીને ત્યાં હતું, તેની નોંધ લેવી અત્રે ઠીક થઈ પડશે:—

"શવત ૧૭૯૬ માં નુશારીથી શ્રીજીને (=આતશ બેહેરામને) વલશાડ લાવા ને ફરીથી બરશનુમ લેઈ પાક કરીને બોય દેવાની ખુબ કરી દેવી એવું લખી આપું છે તે વાર પછે નોશારીનો જોર પોતો તે ૧૭૯૮ મે વલશારવાલા અંધેઆરૂ તથા પારશી બચા દેશાઈ વગેરે રાત મધે કાડી મેલા કાંજે માંનશ ૮ લેઈ ખુરશેદ ખોરાડી કાગળ શરકાર લાવા.

તાર પછી શવત ૧૭૯૮ પછે એહોનાં ભાગીઓ શાપુર શામરાએ જોર કરો ગાએકવાદનો અમલ તે આવી એહોને લીધે શાથે બેશાડો નહી તેથી અમારે ઉપર આવી કેટલીએક જાશતી કરી જે તમે શાથે રહી કાડી મેલા નશાડા તેથી પંથકમાં

* તા. ૧૭ મી નવેમબર ૧૭૫૪ N. S.

અંધારૂઓ સાથે છીટાં કાડી એહોને લીધે શેઆવ તથા વેવાનાં કેટલાએક નવા અકર (એકરા?) કીધા ને રૂપીઆ ગેર જાશતી લીધા જુથાં તોફાંન કાડી શમરથ માથા ઉપર તે વાર પછે બેહેરામજી દશતુર તથા જણ ૪ બીજા શાથે વલસાર આવા તેવામાં શાપુરદારૂ શાંમરો આવી લાગો તે ખબર થાઈ તે રાત ગડી ૪ જતે શેપાઈ શરકારથી જણ ૬ લાવી બેરાંમજીને ધરવા આવો તે ખબર ખરશેદજીને માલમ થાઈ જે ધરવા આવા છે તે જમવા બેઠેલા તેવાજ નશાડા તે ગોલાંમ મીરનાં વાડામા ઘાલા. તાં ધીરજ નહી આવી તે જોશીને તાં ગીઆ તાંથી રાતોરાત જોશીએ કાડી મેલા માણશ આપીને. પછે શાપુરદારૂએ આં મશાલ કરી ગરમે શંધે જોએઆ તે હાત નહી આવા. ખુરશેદજી તો નાશી શેઠજીના ગરમાં પેટીમે ઘાલા. જોર ઘણો કરો તેથી પછી તેવામાં બેરામદારૂ હાતમાં આવા તે માર એવી દીધી જે રીબી રીબી તે મારે ગુજરા એ વાત ઘણી છે. શવત ૧૮૦૯ ના શાલમાં પેશવાઈ થાઈ ને શકરાજીપંથનો અમલ તે રાજાની વતી બમનજી શેઠ પુણાંમાં હશે તે વાત કરી હશે તેથી શાપુરદારૂને નોશારીથી આવો પછે ઉદ્દેપોરથી ભીખાજી તથા રૂશતમજી* વગેરે આશાંમી ૧૦ આવી પંચાત કરી એક એકનાં જામીન લીધા તે એહોનાં જામીન ખુરશેદજી ને શાપુરદારૂનો જામીન મોટોરૂદર શમરથ† ને કાગલે (?) પછી તેહોણુને એહોને લખા પડાં થેઆં એ વાત ઘણી લાંબી છે.

પછે શકરાજીપંથની તગીરાઈ થાઈ ને પાછો શાપુરદારૂએ જોર કરો તે પંથક તારાપોર લગી અંધારૂંપણું કરૂ ને વલશાડ આવી જોર કરો તે પંથીજીપંથે આમણુ શાંમણી અભેપતર કરી આપાં તેનો ભોગવટો નહી ચાલે કરી હમારે પાશેથી રૂ. ૫૦) છીટાં કહાડી લીધા તે રૂપીઆ વીઆજ સુધાં તથા બેહેરાંમદારૂ ગુજરા તે પુછવું. એહોને લીધે હમારા વડા ખરાબ થઆ છે

---

* દસ્તુર ભીખાજી રૂસ્તમજી તથા દસ્તુર રૂસ્તમજી શેહેરીઆરજી.

† **समाहर्ता = द्रव्यस्य संचयकृत्** Collector General of King's dues or revenues, કલેકટર (જોવો **Indian Historical Quarterly, Sept. 1925 p. 531.)**

તેને નવા કાંનું શાપુરદારૂએ ઘણા કરા તે કાંહાં લગી ચાલું જે શવત ૧૮૨૪ લગી ચાલું. પછે શાપુરદારૂ ઉદ્દેપોર પગે લાગવા ગેલો તે તાંથી આવતો હતો તે વલશાડનાં થાંનામાં રેહી ગાલી આવી તે થાંનાંમાં ગાલી છોડાવી પાડી ને લાલા દેશાઈ ને ખુરશેદજી મલી શબબ એજે બેરાંમદારૂને મારા ને તે મારે રીબી ગુજરા તેને લીધે કીધું પણ એહોણથી તાંહાં ઉદ્દેપોર જાતો આવતો પણ તે શાપુરદારૂને ઉદ્દેપોર અટકાવો નહી એટલી હીમત નહી ચાલી. પછે શરકાર જાંમીન માગેઓ તે જાંમીન આપી ધીરજ નહી આવી તે નાઠો. પછી શરવ હમારા શાથીઓએ જોઈઉં જે આખર શરવનાં શગાવાલા તે વીચારી ઉદ્દેપોરથી બેલાવા."

(ઉપલી યાદીની નકલ એ. જમશેદજી પેસુતનજી શંજાણાએ સંવત ૧૯૧૮ માં કરી હતી તે ઉપરથી એ. એરચજી શોરાબજી મેહેરજીરાણાએ યજદજરદી ૧૨૩૬ માં નકલ કરી તે ઉપરથી નવસારી મેહેરજીરાણા લાઇબ્રેરીના ગુજરાતી ભેટ આપેલી ચોપડીઓ ના. H ૯૭ (૮) વાલાં કાગજની નકલ).

જીંદેરવાનનું કામ નહિ કરવા વિષે મનોચેહેર હોમજી સાથવાલાઓએ ભગરીઆઓને લખી આપેલો લેખ.

ઈ. સ. ૧૭૫૯ માં નવસારીના ભગરીઆઓએ મનોચેર હોમજી વગેરે કનેથી એવો કરાર લખાવી લીધો કે તેઓએ ભગરીઆ પંથકના બેહેદીનોનું જીંદેરવાનનું કામ કરવું નહિ. આ કરારનો લેખ નીચે પ્રમાણે હતો:—"શ્રી અંજુમન નૌસારીના અંધીઆરૂ ભગરીઆ દસ્તુર શ્રી તા. દેશાઈ તા. હમકાર સમસ્તે વદી દરેમેહેરનાં વગેરે સમસ્તે અંધીઆરૂ જોગ લખતંગ નૌસારીના અંધીઆરૂ સમસ્તે મનોચેરહોમજીનાં તા. સોરાબ ચાંદનાંનાં તા. દાદાચાંદજી સમસ્તે જત હમારા મલતા નૌસારીનાં બેહેદીનનું જંદરવાનનું કામ નહી કરૂં હમોએ કેટલાએક

બેહેદીનનાં જંદરવાન તમારી ચોરીથી કરીઆ તે જાહેર થાએઆ તે પર અમો સરવેની મીનત આજેજી તમારી આગળ કરી તકસીર માફ કરાવી તમો હમોને માફ કીધી ને આજદીનથી લખી આપીઉ છે જે શ્રી ભગરીઆ અનજુમનનાં પંથકનાં કોઈ બેહેદીનનું જંદરવાન હમો કરૂં નહી. હવે પછે કરૂ ને સાબેત થાએ તો શ્રી હાકેમ તથા પંથકનાં ગુનેહગાર... સંવત ૧૮૧૫ શ્રાવણ વદ ૧૩ રોજ ૭ માહા ૧૧ તેરીખ ૨૬ માહે જેલહજ સને ૧૨૭૨ હીજરી."* આ લેખ ઉપર ૯ મોબેદોની સહી છે તથા ૩ બેહેદીનોની શાખ છે. (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૨૩; તથા પા. ૬૦ ઉપર પણ એજ લેખ છે, પણ શાખ ૪ જણની છે).

---

*પારસી રોજ માહા ઉપરથી તા. ૨૧ મી આગશટ ૧૭૫૯ N. S. મંગલવાર આવે છે. હિંદુ તથા મહમદન તારીખની મુકાબેલ તા. ૨૦ મી આગશટ ૧૭૫૯ N. S. સોમવાર આવેછે.

પ્રકરણ નવમું.

નવસારીનું નવું આતશબેહેરામ.
રાઘવ ગીરદી

નવસારીમાંનાં અનજુમનનાં આતશબેહેરામ.

ઈ. સ. ૧૭૬૪ ના સાલમાં નવસારીના મોબેદોએ રપીથ્વનની ક્રિયા બાદ ઠરાવ કીધો, કે શ્રી ઈરાનશાહવાલાં જુનાં ખાલી પડેલાં મકાનમાં નવાં આતશબેહેરામ બનાવી પરઠાવવા. આ કામની આગેવાની તથા પેશકારી દેશાઈ ખુરશેદજી તેહેમુલજીએ મોટી ખુશી તથા ઘણા ખંત સાથે ઉપાડી લીધી. તેમણે સુરત-વાલા ભગરીઆ શેઠો નશરવાનજી બમનજી શેઠ, શોરાબજી મનચેરજી શેઠ, દાદાભાઈ માણેકજી શેઠ તથા મનચેરજી ખુરશેદજી શેઠ વગેરે ઉપર કાગલો લખ્યાં હતાં. એ શેઠોએ પોતાના જવાબમાં આ કામ વિષે ખુશાલી દેખાડી જે કાંઈ ખરચ થાય તે આપવાની મરજી દેખાડી કબુલાત આપી હતી.* આ વાત જ્યારે ઉદવાડાના દસ્તુરો તથા મોબેદોએ જાણી, ત્યારે તેઓએ એવો વાંધો ઉઠાવ્યો, કે આખા દેશમાં (યાને હિંદુસ્તાનમાં) એકજ આતશબેહેરામ હોવા જોઈએ. સબબ કે એક મુલકમાં બે પાદશાહો હોય નહિ.

સંજાણા મોબેદોએ વાંધો કાઢી લખેલો લાંબો પત્ર-ભગરીઆઓ બાબે કઠવી ફર્યાદ. સંજાણા-ભગરીઆ કેસ વિષે વધુહકીકત-પરચુરણ તકરારો.

તા. ૧૫ મી નવેમબર ૧૭૬૪ N. S. ને દીને સંજાણાઓએ સુરતની અનજુમન ઉપર નીચે પ્રમાણે એક લાંબો પણ અગત્યનો પત્ર લખ્યો હતો:—

---

*આ બાબત શાપુરજી સંજાણાના કીસ્સામાં વિગતવાર આપી છે.



પારૂ આતશબહેરામ – નવસારી.

"શવશતી શ્રી સુરત બંદરે શરવે ઉપરમાહા જોગ શદા મેહેરબાન શદા શરફરાજ હમેશે ખબરગીર અશો પરવર નેકનામ દીનદોશત **શ્રી** સુરતનાં દશતુર તથા શ્રી શેઠ શ્રી તથા હમકાર શ્રી તથા બેહેદીન શ્રી. શમશત અનજુમન રોજ બ રોજ દોલત આબરૂ જીઆદે બાદ. લી. દોઆગો કદીમ સમસ્ત સંજાણા અંધીઆરૂ કેન શદ હજાર આફરીન તા. દોઆ વાંચજો. જત લખવા કારણ એ જે અત્રે ખેર છે. તમારી શરવે અનજુમનની ખેર ખુબીનો એનાએત નામાનો કાગલ ૧ કાશદ શાથે આવો તે વાંચી તમો શાથે મલ્યા બરાબર તાજગી થાઈ. હમેશે એજ ભાંતે માએઆ મેહેરબાની રાખી ગરીબ દુઆગોઓને શંભાલતા રેહેવું.

બીજું તમોએ લખું જે **નોશારી પંથકના અંધેઆરૂઓ પોતે નવા આતશબેરામ** કરાવે છે તે જાણીઉં. સાહેબ મેહેરબાન શલામત. તમો તો શરવે વાતે દાના શાહેબ એલમ તથા ખબરદાર છેઓ. શરવે તમોને રોશન છે તાંહાં સું લખીએ. પણ જાંણવું જે એ વખત અશલનો નથી. તે લોક આપણાં વડા બુઝોરગ હતા તે અશોઈના ખાવંદ તા. નજુમના ખાવંદ તા. દીનદાર હતા. તેનાંને દીનના પાદશાહની દરકાર હતી તેથી દીન મુઆફેક તેણાંએ **શ્રી** આતશબેહેરામ પરઠેઆ. કાંએ જે દીનનો પાદશાહ એક મલુક મધે તેથી દીનનું કામ ચાલે. ને આજે એ લોક પોતાના જોર ઉપર મગરૂર થાઈ અદાવતે બીજા આતશબેહરામ કરવા માંગે છે તે દીનની રાહે થનાર નથી. તે શર શામાન અશોઈનો એ લોક પાસે તા. શરવે કારખાંનાંથી આવશે. ભલું. એનાંની શતા ચાલે છે. ટોલો મોટો છે. તેથી અદાવતને રાહે જે કરે છે તે શરવે મલી મનજુર રાખે છે. તમો વીચારજો કે આજ એનાંને શું અટકીઉં છે જેને એ લોકોને **શ્રીજી**નાં દરશણની ખાહેશ છે તે આંહાં આવે છે. કદમબોશી કરી પોતાની મુરાદ હાંશેલ કરી જાએછે. આંહાં એનાને કોણ મોજાએમ થાએ છે. અસલમાં પણ શંજાણ હતા તેવારે ખંબાએત તથા ભરૂચ તા. નોશારી સુરત વીગેરેથી આવતા

શરવે અનજુમન કદમબોશી કરી જાતા. જો નવા કરતે તો તે લોક કરતે. કાંએ જે તે લોક કમ નહી હતા. પંણ તેણાએ નવું નહી કીધું કાંએ જે દીનનો પાદશાહ એકજ હોએ. અગરજો એ લોક હમારી અદાવતને રાહે નવું કરવા માગેછે ને અશલથી ગુજરે છે તો બીજી નવી વાત ઘણી છે. જેણે જે સુજશે તે નવી વાત ઘણી કરશે. તમો શરગરદો જાંણકાર છેઓ વાશતે જાણવા લખું છે.

બીજું તમોએ લખું જે તમો જણ ૫) પાંચ સુરત આવો ને તમારી હકીકત શરવે સુરતનાં અનજુમનને જાહેર કરો ને તમો લખીને આપો એવું તમોએ લખીઉં તે જાનીઉ. શાહેબજી તમો સુરતનાં અનજુમન તો અસલથી હમારી હકીકતથી વાકેફ છેઓ ને લખી આપવું શું હીશાબ રાખે છે. તમો નેક બખતો હમારી ગમખારી ઘણી રાખો છો. પણ નોશારીનાં લોક આગલ તમારૂં પેશ જાતું નથી. તેથી હમો બેવારેશ છેઉં. તમો વીચારજો જે આગલા દાહદામાં સુરતના અનજુમનને હમારી ખાતર એ નોશારીનાં લોક શાથે કેહવી મેહનત કીધી. ને સુરતથી નોશારી લાવવાને કાજે સું સું ઠરાવ ઠેરવી હમોને સુરતથી નોશારી લાવેઆ. તેહેવાર પેહેલે તો દેશાઇ રૂશતમજી વગેરે સુરત આવ્યા ને મોદીજી શ્રી સાથે કોલકરાર કરીને સુરતનાં અનજુમન સુધાં શ્રીજીને લઇને નોશારી આવેઆ તેમાં દશતુર શ્રી ભીખાજી તા. મોદી શ્રી નાંનાંભાઈ તા. અંધેઆરૂ શ્રીજી ખુરશેદજી નવરોજી વગેરે તમામ અનજુમન નોશારી આવીઉં. પેહેલાં મોદીજીને કહીઉં જે તમો જે વાતે રાજી થાશો તે કરીશું. તમોને જશ આપીને નોશારી લઇ આવા. તેથી શરવે હમોને નોશારી લઈ આવેઆ પછે વાત ઠેરાવા બેઠા. તાહાં ભગરીઆ અંધેઆરૂ વાતમાંથી નીશરી ગીઆ. મોદીજીને કે જે એ વાત થનાર નહી. તેથી મોદીજી તા. દેશાઇ ખુરશેદજીને બોલાચાલી થવા માંડી. પછે સુરતનાં અનજુમનનો તો આશરો રહેઓ નહી. તે વાર પછે હમોએજ મોદીજીને કહીઉં જે હવે તો આવી ફશેઆ. વાશતે હરેક વાતે એ કેહે તે કરો. શલુખ

કરો કાએજે હમોને આજાર દીએ નહી. તે વાર પછે વાત બે તરણુ જે તેણે કહી તેજ ઠરાવી. ને થાબડ થોબડ કરી સુરતનાં અનજુમન સુરત પધારેઆ તે શરવે તમો જાંણો છેઓ. તે શરવે કેટલીએક આશામી દશતુર શ્રી ભીખાજી જમશેદજી તા. અંધેઆરૂજી શ્રી ખુરશેદજી નવરોજજી તા. મોદીજી શ્રી નાંનાંભાઈ ભીમજીશેઠ તા. હકીમજી માણેકજી એ આશામી ૪ ચાર તે હમણાં હઈઆત છે તેથી કોઇ નહી જાંણે તે તેઓથી વાકેફ થજો. તેભી પણુ વાત બેતરણુ વરશ ૧) ચલાવી ને પછી તે વાત ભી માંણશ મોકલી અટકાવી. ને તે વાર પછે વરશ ૪ ચાર હમો નોશારી રહેઆ. તે વરશ ૪ ગુજરેઆં તે વરશ ૪૦૦ નાં હમોપર ગુજરેઆં. તેવા હર રોજ હાદેશા ચલાવેલા એક રોજ ખાલી હાદેશા વના ગીઓ નહી. પછે મોદીજી ઉપર હમોએ કાગજ લખેઆ જે તમો ઠરાવી ગીઆ તે વાત તો બંધ કીધી ને હર રોજ નવા નવા હાદેશા પડેછે. તેનો મોદી શ્રીએ જવાબ લખેઓ જે હમનાં હમો શું કરૂં હમારૂં તો ચાલતું નથી. તેવાં વરશ ૪ ગીઆં પછે હમો અંતે આજેજ થાએલા સુનગડ સુબેદાર શાહેબ દાંમાજીરાવ ગાએકવાડ હજુર ગીઆ. તાહાં દેશાઈ ખુરશેદજી વગરે ભગરીઆ અંધેઆરૂ બોલાવેઆ. તાંહાં હમોએ હમારો એહેવાલ શરવે સુબેદાર શાહેબને જાહેર કીધો. તાહાં સુબેદાર શાહેબે દેશઈ ખુરશેદજી વીગેરેને કહીઉં જે એ પોતે પોતાનાં ધરમનું કામ નોશારીમાં ચલાવે છે તેને તમો મુજાએમ કાંએ થાઓ છેઓ. તે ઉપર ભગરીઆ કેવા લાગા જે હમારે દેશ વેહચેલા છે. હમારાં પથકમાં એ આતશબેહરામની પુજાનાં કરનારને આતશની વરતી એનાંનાંને છે તે એનાંનાંને ઘરનું ધરમનું કામ હમો કરૂં. તે વારે સુબેદાર શાહેબે કહીઉં જે એ ભી ભરાંમણ. એ પોતે પોતાનું કામ કરે તેમાં તમારે સું. તે વારે ખુરશેદજી વગરેએ કેઉં જે ભલું શાહેબ ફરમાવોચ તો એ પોતે પોતાનું કાંમ કરે તો હમો ભી એનાનાં આતશ શ્રીજીને દરશને જાઉં તાંહાં હમારૂં લોબાન આતશને મેલું તે વારે હમોએ કહીઉં જે આતશ હમારા,

તેનાં પુજાંના કરનારા હમો. તાંહાં પુજા પોતે પુજારો હોએ તે મેલે અસલ માફક. તે વાર સુબેદાર શાહેબ બોલેઆ દેસઈને કહીઉં જે તું બી તારા બીજા આતશ કર. ને તમારૂં લોબાન તમે ચડાવો. તે વારે ભગરીઆ અંધેઆરૂ જામાશજી આશાજી તા. ખુરશેદજી વગરે કહીઉં જે બીજા આતશ (અત્રે ખવાઈ ગયું છે) એ હમારા ધ (અત્રે પણ ખવાઈ ગયું છે) એકજ હોએ. બીજા થાએ નઈ. તે વાર પછે રદબદલ કરતે શુબેદાર શાહેબે ઇનસાફ કરી હમોને કહીઉં જે તમારે ધરમ ચલાવવો હોએ તો તમારા પંથકમાં આતશજીને લઈ જાઓ. ને તાંહાં ધરમ ચલાવો તે વાર હમો આજેજ થએલાએ કબુલ કીધું તે વાતે સુબેદાર શાહેબે હમોને પરમાંનો કરી આપેઓ તે **પરમાનેથી હમો હમારે પંથક વલશાડ શ્રીજી શાથે આવેઆ, તાહાં વરશ ૨) બે રહેઆ.** તાંથી બી હમોને શેહે દેખાડી. **તે વાર પછે ઉદેપોર આવેઆ.** આંહાં સકુનત પકડી રએઆ છેઉં. એ હમારૂં પંથક છે. આહાં ધમરનું કામ ચાલે છે તેથી આતશબેહરામની બંદગી કરી તમો અંનજુમનને દુઆ કરીએ છે. બીજું શાહેબોએ લખીઉં જે તમો જણ ૫) પાંચ આહાં આવજો તે જણ પાંચને જગ જણ ૧૦ આવીએ. હમો તો તમારા કાચાં સુરતનાં બંધાએલા છેઉં. પંણ નોસારીના અધેઆરૂ ખુરશેદજી તમારાં ઠરાવેઆ ઉપર આવશે? તે તમારા અખતીઆરમાં છે? તે વાતે તમારી નીશાં છે? તે નીશાં કરી હમોને લખી ફરમાવજો. હમાર દખ (?) એ જે નોશારી મધે હમો હમારી અગીઆરીમાં પોતાનું ધરમનું કામ ચલાવું તા પોતાને ઘેરનું કામ શરવે ચલાવું તે વાત ઉપર બંદોબશત થાએ ને નવેશરથી લખેઆં થાએ ને તે બંદોબશત પછવાડે નહે તે વાતે શાહેબ નીશાં કરી જુઆબ લખજો. કાંએજે તે જોરેમંદને હમો તો મુરદે બશતે જંદ (?) છેઉં. વાશતે શાહેબને જાણવા લખીએ છે. બીજું તમોએ લખીઉં જે જાહેલતને કાંમ માં ફરમાવતા. શાહેબજી હમો જાહેલત નહી કરતા. પંણ હમારી ઉપર ઘણી પડી છે ને તે લોકથી હમો વાકેફ છયેએ

તેથી શરવે વીચારવું પડે છે. એવુ છે જે શાહેબનાં ખાતર જે એવું આવે છે જે જાહેલત કરૂચ. હમોએ જાહેલત સું સું કીધી છે. હમો તો હારીને ઘરબાર મેલીને બેઠા છેઉ. ગોશો પકડી બેઠા છેઉં. બીજું એ કાગજનો જવાબ શરવે મેહરબાની કરી લખી જણાવજો. તમારો કદીમ દુઆગો છેઉં. માએઆ રાખવી રોજ ૩૦ માહ ૧ શંવત ૧૮૨૧ નાં કારતેક વદ ૭."* (ઉદવાડાથી મળેલું છુટું કાગજ. આ નકલ વલસાડવાલા દ. ફરામજી રૂસ્તમજીના હસ્તલેખ ઉપરથી છે. આ કાગળનો પહેલો ભાગ પારસી પ્રકાશ પા. ૪૫ તથા ૧૬૩ ઉપર પણ આવેલો છે. નવસારી મેહેરજીરાણા લાએબ્રેરીમાંની ગુજરાતી ભેટ આપેલી ચોપડીઓમાંની ના. H ૯૭ (૬) વાલી ચોપડીમાં સંવત ૧૯૧૮ માં જમશેદજી પેસ્તનજી સંજાણાએ કરેલી નકલ ઉપરથી એરચ શોરાબજી મેહેરજીરાણાએ ય. જ. ૧૨૩૬ માં કરેલી નકલ પણ જોવી).

વાંધા છતાં નવસારીની અનજુમનના આતશબેહેરામ બરપા થયા.

ઉપલા વાંધા છતાં નવસારીના નવા આતશબેહેરામનું કામ આગળ ચાલ્યું. રોજ ૧ માહ ૪ સને ૧૧૩૪ યજદજરદી તા. ૧૫ મી જાનેવારી ૧૭૬૫ N. S. ને દીને ત્યાનાં વડા દસ્તુર શોરાબજી રૂસ્તમજી મેહેરજીરાણાનાં ઉપરીપણાં હેઠલ આતશ તૈયાર કરવાનું કામ શરૂ થયુ. (જોવો શાપુરજી સંજાણાના કીસ્સાના બેતો ના. ૬૬૧–૬૬૨). અને તે આતશને રોજ ૧૭ માહ ૨ સને ૧૧૩૫ યજદજરદી તા. ૨ જી ડીસેમબર ૧૭૬૫ N. S. માગશર વદ ૪ સંવત ૧૮૨૨ માં **શ્રી ઈરાનશાહવાલાં ખાલી પડેલાં મકાનમાંજ§** તખ્તનશીન કરવામાં આવ્યા. (બેતો ના. ૭૧૪–

---

*તા. ૧૫ મી નવેમબર ૧૭૬૪ N. S. ગુરૂવારે.

§ આ મકાન બીસ્માર થયાથી ઇ. સ. ૧૮૧૦ માં દેશાઇ મનચેરજી ખુરશેદજી તેહમુલજી તથા શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ (બાઇ મોટલાંબાઈ વાડીઆના બપાવા) એ સાથે મલી આગલીજ જગ્યાએ નવું મકાન બંધાવ્યું હતું. આ કામમાં વાડીઆજીએ રૂ. ૨૫૩૦) તથા

૭૧૫). આસપાસનાં સઘળાં શેહેરો તથા ગામોનાં ભલી દીનનાં લોકો નવસારીમાં આતશબેહેરામને સેજદો કરવા આવ્યાં હતાં. ચાર દિવસ સુધી દેશાઈ ખુરશેદજીએ સઘળાંની મેહેમાનદારી કીધી હતી, અને તેનો સઘળો ખરચ તેમણે કીધો હતો. પરોણાઓએ જતી વેળાએ દેશાઈજીને શીરપાવ શ્યાલ વગેરે એનાયત કરી તેમનો પાડ વાલ્યો હતો.†

નોંધ—એમ માલૂમ પડે છે કે "નવસારીના આ આતશબેહેરામને પુરાણા સંજાણનાં આતશબેહેરામની ભશમથી પરથાવવામાં આવ્યું હતું."...."ભગરીઆઓએ જુના આતશબેહેરામની ભશમ વાપરી હતી. તે તેઓએ ઈ. સ. ૧૭૪૧ થી ૧૭૬૫ સુધી પોતા સાથે રાખી હતી" (એ. ફરેદુન કાંગાની જુબાની. એમણેજ બનાવેલી ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૪૩૨ તથા ૪૩૭).

નવસારીના આતશબેહેરામ અનજુમનના કે ખુરશેદજી દેશાઇના?

ઉપલા સવાલની ચર્ચા આશરે ૩૦ વર્ષ ઉપર બહુ તીક્ષ્ણ રૂપમાં પ્રકટી નિકળી હતી. એક પક્ષનું એવું કહેવું હતું, કે

પાછળથી તેમના બેટા જાંગીરજીએ રૂ. ૭૦૦) આપ્યા હતા. આ મકાન ઉપર નીચે પ્રમાણે તખ્તી હતી: "સંવત ૧૮૬૫ ના ભાદરવા વદ ૧૩ વાર શની રોજ ૧ મા. ૧ દેશાઇ શ્રી મનુચેહેરજી ખુરશેદજી તથા વાડયાજી શ્રી નુશેરવાનજી માણેકજીએ શ્રી આતશની દરગાહ બંધાવી. સને ૧૧૭૮ પારસી." ઉપલી હિંદુ તિથિની મુકાબેલ તા. ૭ મી અકટોબર ૧૮૦૯ હતી. સંવત ૧૮૬૫ માં શેઠ મનચેરજી ફરામજી વજીફદારે રૂ ૬૦૦૦) ના ખરચે જમીન વેચાતી લેઇ જસ્નો તથા વાએજો માટે એક કુશાદે ઓટલો બંધાવ્યો હતો. સવત ૧૯૧૪ માં સુરતવાલા દસ્તુર ખુરશેદજી બરજોરજી દારાબ પાહલનનાંએ રૂ. ૧૫૦૦)ના ખરચે મકાનનાં બહારના ભાગમાં ફેરફાર કરાવ્યો હતો. ઇ. સ. ૧૮૫૯ માં દેશાઇ તેહમુરસ્પજી જમશેદજીએ રૂ. ૪૦૦૦)ના ખરચે ગુંબજ બંધાવ્યો હતો. ઇ સ. ૧૮૯૧ માં ગોંડલના રાજા તખ્તસીંગજીના ખાનગી સેક્રેટરી શેઠ કાવશજી એરચજી દેશાઇએ રૂ. ૭૦૦૦)ના ખરચે મકાન સમરાવ્યું હતું. હાલે આ મકાન ભાંજી નાંખી મોટા ખરચે જરથોસ્તી અનજુમનની મદદથી નવું બાંધવામાં આવ્યું છે. (ભગર કમિટિનું ચોપાન્યું પા. ૧૭, ૩૯, પા. પ્ર. પાને ૨૧૮).

† જોવો દેશાઇ ખુરશેદજીના હિશાબની ખાતાંવહી સંવત ૧૮૨૨ ના.

આતશબેહેરામ ખુરશેદજી દેશાઈના હતા. અને તેઓ શાપુરજી સંજાણાના* નીચલા બેતો ઉપર મદાર બાંધતા હતા :—

હમે મરદુમ દુઆ કરદે બખુરશીદ
કે અએ સરદાર મા બાશી તો જાવીદ
નીશાનીદ આતશ બહેરામ મીનો
ખુદાયા મર ઉરા દારી તો નીકો (બેતો ના. ૭૩૮-૭૩૯).

અર્થ—તમામ લોકોએ ખુરશેદજી માટે દુઆ ગુજારી કે ઓ હમારા સરદાર તું જાવેદાન સુધી જીવતો રહેજે. તેં મીનોઇ નુરવાલા આતશબેહેરામને તખ્તનશીન કીધા. ઓ ખોદાય તું તેને નેક કામ કરવાની બુદ્ધિ આપતો રહેજે.

આપણે ઉપર જોયું કે શ્રી ઈરાનશાહનું ખાલી જુનું મકાન તો "કુલ પારસી કોમનું" હતું. માટે ઉપલા બેતો ઉપરથી સાર માત્ર એટલોજ કાઢવો પડે છે, કે દેશાઈજીએ **આગેવાની** લેઈ આતશ તખ્તનશીન કીધા હતા. તેનું પહેલું કારણ આ છે કે બીજે ઠેકાણે (બેત ના. ૫૭૬ માં) શાયર જણાવે છે કે "જ્યારે સુરતી શેઠીઆઓએ સાભળ્યું કે **તેઓ (તે લોકો) આતશબેહેરામ બનાવે છે ત્યારે (વગેરે).**" આ કાળા કીધેલા શબ્દો ખુલ્લું દેખાડે છે, કે આતશબેહેરામ દેશાઈજીએ નહિ, પણ અનજુમને બનાવ્યા હતા. બીજું કારણ આ છે, કે શાયર પોતે કહે છે કે ઉપલા સુરતી શેઠીઆઓએ કાગળના જવાબમાં લખી જણાવ્યું હતું કે "**જોઇએ તેટલી ખરચી હમે મોકલીશું.**" અને તેમ તેઓએ નાણું મોકલ્યું પણ હતું. અને ત્રીજું કારણ આ છે કે ખુદ શાયરે આ આતશબેહેરામના અહેવાલનું મથાળું "**કીસ્સે આતશબેહેરામે નવસારી**" કીધું છે. માટે શાપુરજી સંજાણાના કીસ્સા ઉપરથી એવું કશું પુરવાર થતું નથી, કે આ આતશબેહેરામ ખુરશેદજીના હતા.

---

* મોબેદ શાપુરજી સંજાણા સુરતના વતની હતા. એમણે પોતે ક્રિયાકામ વગેરેમાં ભાગ લીધો હતો કે નહિ તે જણાયલું નથી (જોવો પા. પ્ર. પાને ૧૦૧, ૮૭૧).

દેશાઇ ખુરશેદજીના ચોપડાઓની સાહાદત.

પણ આ આતશબેહેરામ અનજુમનાજ હતા, તેની મુસ્તકીમ સાહાદત ખુદ દેશાઈજી ખુરશેદજીના ચોપડાઓ ઉપરથી આજ સુધી જળવાઈ રહી છે. તેની થોડીક વિગત અત્રે આપીશું.

દેશાઈજીની સંવત ૧૮૨૨ ની ખાંતાંવહીને ૭૨ મે પાને એક ખાતું છે તે આ પ્રમાણે છે:—

"**શ્રી આતશબેહેરામ નવા પરઠા અંનજુમનના તેનું ખાતું. સંવત ૧૮૨૨.**" આ ખાતાવહીમાં ખુદ દેશાઈજી ખુરશેદજીએ પોતાને હાથે ઉપલું ખાતું પાડયું છે, અને ત્યાં "**અનજુમન**"ના બોલ આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

દેશાઈજીના સંવત ૧૮૨૨ ના રોજ મેલ ઉપરથી માલૂમ પડે છે કે પોતાની કબુલાતો પ્રમાણે નશરવાનજી બમનજી શેઠે રૂ. ૧૩લા=, શોરાબજી મનચેરજી શેઠે રૂ. ૩૦૦,) દાદાભાઈ માણેકજી શેઠે રૂ. ૩૦૦) તથા મનચેરજી ખુરશેદજી શેઠે† રૂ. ૩૦૦) આપ્યા હતા આ રૂપીઆ જે દીને* ખુરશેદજીના ચોપડાઓમાં લખાયલા છે, તેજ દીને ખુરશેદજીના પોતાના ફાલાના રૂ. ૩૦૦) પણ લખાયલા છે. દાદાભાઈ શેઠે તો રૂ. ૧૨૫)ની રકમ સંવત ૧૮૨૧ ના જેઠ વદ ૧૩ ને દીને§

---

† શેઠ મનચેરજી ખુરશેદજી, કાંઇ શેઠ ખાનદાનના વંશજ હતા નહિ, પણ બેહરામ ફરામનાં કુટુંબથી ઉતરી આવેલા હતા તેઓ શેઠ માણેકજી નવરોજીને ત્યાં કાલીદાર હતા, તથા તેમના જમાઇઓને ત્યાં પણ ચાકરીએ હતા, માટે શેઠની ઓળખે પ્રખ્યાત થયા હતા. (રતનજી ફ વાછાનો મુંબાઇનો બહાર પા. ૪૪૩) કહેછે કે સુરતના નવાબે એવો હોકમ કર્યો હતો, કે મરદ તેમજ ઓરતના રૂવાનો દખમાનાં એકજ દરવાજામાંથી લેઇ જવું મલાજાથી ઉલટું હોવાથી બે દરવાજા કરવા. મંનચેરજી શેઠે નવાબને સમજાવવાની ઘણી કોશેશ કરી પણ વ્યર્થ. અંતે દીલ્લી જઇ તેમણે શેહેનશાહને અરજ કરવાનો વીચાર કર્યો, ત્યારે નવાબે તેમને બારણે ચોકી પેહેરો મેલ્યો; પણ મંનચેરજી શેઠ ગુપચુપ દીલ્લી જતા રહ્યા. અને ત્યાંથી નવાબ ઉપર શેહેનશાહનું ફરમાન લાવ્યા કે પારશીઓનાં દખમાંને કાંઇપણ હરકત પહોંચાડવી નહિ (ઉપલું પુસ્તક પા. ૪૪૪). * સંવત ૧૮૨૨ માહા સુદ...ને દીને (તા. ૧–૧૫ જાનેવારી ૧૭૬૬ N. S.) § ૧૬ મી જુન ૧૭૬૫ N. S.

हुई मरम्मत के पश्चात् सिंचाई का प्रारम्भ

(પોતાના ફાલાના રૂ. ૩૦૦ ઉપરાંત) પહેલવહેલી મોકલી આપી હતી.

એમ માલૂમ પડે છે કે સંવત ૧૮૨૧ ના ચોપડાઓમાં લખ્યા પ્રમાણે ખુરશેદજીએ તે વર્ષમાં રૂ. ૫૦૦) તથા રૂ. ૧૫૦) તથા રૂ. ૧૦૦) રકમો જુદી કાઢી મુકી હતી. તેમાંથી સઘળો ખરચ કરી તેમણે આતશબેહેરામ પરઠાયા બાદ હીશાબ તૈયાર કરી ઉપલા ચાર શેઠીઆઓના ફાલાની રકમો પોતાના ફાલા ભેગી ચોપડાઓમાં લખી હતી. અને પોતાના કાઢેલા રૂપીઆ વાલી લીધા હતા. આ વખતે અનજુમનનું રાસ ખાતું (general fund) તો દેશાઈજી ખુરશેદજીને ત્યાં ખીરવી મેલાયલું હતું. છતાં સંવત ૧૮૨૨ ના સાલનાં રાસ ખાતામાં નીચલી અગત્યની ઉધાર "એન્ટ્રી" છે:-

"રૂ. ૨૮લા~ શ્રી અનજુમન સમસ્ત ભગરીઆ અંધારૂની રાસ ખાતે ખરચ શ્રી આતશબહેરામ નવા થઆ તાર સુરતના અનજુમન સરવે આવા તેહોએ નોશારીના દસ્તુર તથા અંધારૂઓને સાલ તથા વંદીદાડના આવા તેનો અવેજ નોશારીના અનજુમન વગેરેઓએ અપાવો તે આપો, રૂ. ૨૮લા~ નો."

આ ઉપરથી પણ માલૂમ પડે છે, કે આતશબેહેરામ અનજુમનના હોવાથી નવસારીની અનજુમને સુરતની અનજુમનને દેશાઈ ખુરશેદજી કનેનાં રાસખાતાંમાંથી અવેજ અપાવ્યો હતો. સંવત ૧૮૨૨ ના પોસ વદ ૯)*ને દીને એક બેહેદીન નામે જીવણજી જમશેદજી ભરૂચનાએ રૂ. ૪૮)નું આતશબેહેરામનું તાજ મોકલ્યું હતું. બેશક આ રકમ ખુરશેદજીના ચોપડામાં આતશબેહેરામ પરઠાયા બાદ જમે કરેલી છે. પણ આતશબેહેરામ પરઠાયા તે દીને યા તેની આગમચ તો તાજ આવેલું હોવુંજ જોઈએ. આ બેહેદીને પણ પોતાનો ફાલો આતશબેહેરામના ખરચ માટે આપ્યો હતો.

---

*તા. ૫ મી જાનેવારી ૧૭૬૬ N. S.

ઉપલી તથા બીજી દલીલોપરથી સ્પષ્ટ માલૂમ પડે છે, કે નવસારીના આતશબેહેરામ ખુરશેદજી દેશાઈના હતા નહિ. પણ તે ખુરશેદજીની પેશકારી હેઠલ પરઠાયા હતા; અને તે પરઠાવવાના ખરચમાં તેમણે પોતા તરફથી થોડોક ફાલો આપ્યો હતો. ખરચનો મોટો ભાગ તો સુરતના ચાર શેઠીઆઓએ આપ્યો હતો.* પારસી પ્રકાશના કર્તાએ (પા. ૪૪ તથા ૪૫) તથા એકાદ જુદદીન લેખકે આ આતશબેહેરામને ખુરશેદજી દેશાઈજીના જણાવ્યા છે, તે એક મોટી ભૂલ છે.

દેશાઈ ખુરશેદજી તેહેમુલજીની સખ્તાઈ વિરૂદ્ધ ક્રોધ તથા તેમને થંડા રાખવા અનેક સાહેબોએ લખેલાં પત્રો.

ભગરીઆઓની સખ્તાઈની અનેક વાતો આપણે રજુ કરી ગયા છીએ. આ સખ્તાઈની વાતોથી બેહેદીનો ઘણા નાખુશ થયા હતા એમ માલૂમ પડે છે. ખુદ સુરતના ભગરીઆ અંધ્યારૂઓને એવુ લાગ્યું હતું, કે નવસારીવાલા ભગરીઆઓ અને ખાસ કરી દેશાઈ ખુરશેદજી છેકજ અતેરૂં કરી રહ્યા હતા તેથી સંવત ૧૮૨૫ ના ભાદરવા શુદ ૩ (તા. ૩ જી સપટેમબર ૧૭૬૯ N. S. ને દીને સુરતની જરથોસ્તી અનજુમન તરફથી ત્યાંના

---

* આ બાબતની લંબાણ ચર્ચા એક હાથ ઉપર મી. શો. મ. દેશાઇએ તથા બીજા હાથ પર એ. રૂશતમજી જામાસજી દસ્તુરે આશરે ૩૦ વર્ષ ઉપર કરી ચોપાન્યાંઓ કાઢયાં હતાં. મી. શો. મ. દેશાઇનુ કહેવું આ હતું કે દેશાઇજી ખુરશેદજીએ પોતાની ગીરોથી સઘળો ખરચ કીધો હતો. એરવદ દસ્તુરે દેશાઈજીના ચોપડાઓ ઉપરથી દેખાડી આપ્યું હતું, કે દેશાઈ ખુરશેદજી ઉપરાંત સુરતના શેઠીઆઓએ પણ ફાલો આપ્યો હતો. આ બાબતનું લાંબું વિવેચન આ લખનારે "કેસરે હિંદ"માં ઈ સ. ૧૯૨૩ના ફેબ્રુઆરીથી એપ્રીલનાં અંકોમાં કર્યું હતુ. વળી ઇ. સ. ૧૯૨૩–૨૪ ના "નવસારી પ્રકાશ"માં તેના અધિપતિએ ઘણું અગત્યનું લખાણ કીધું હતું. બંને લખાણો ચોપડીના આકારમાં છપાયાં છે. ભગરસાથ કમિટિએ પણ ઈ. સ. ૧૯૨૧ માં એક ચોપાન્યું પ્રગટ કર્યું હતું.

અકાબરો દસ્તુર ભીખાજી જમશેદજી, મોદી નાનાભાઇ ભીમજી,* આ. કાઉશજી ફરામજી ફરામજી શેઠના, આ. નોશરવાનજી બમનજી શેઠના, આ. શોરાબજી મનોચેરજી શેઠના, આ. દાદાભાઇ માણેકજી શેઠના વગેરે સુરતની સમસ્ત અનજુમને નવસારી ખાતે દેશાઇ ખુરશેદજી તેહમુલજી ઉપર એક અગત્યનો પત્ર લખ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે "અમારી પાસે રૂસ્તમપરનાં બેહેદીન સર્વે નાહના મોટા મળી પહેલાં દીન આઠ દશ ઉપર આવી ગયા. ત્યાર પછે વલી ફરીને દીન ૨) ઉપર આવી ગયા. તે લોક કહે છે જે અમારે શ્રી નૌસારીમાં વરસ ઉપ ઉપર ચુકાવુ છે તે માફક આજ દીન સુધી કામ ચાલે છે. ને હમણાં વલી બાજ તા. આફરગાન કરવાને નવો રાહા કરવા ચાહે છે તા કેમ થાશે. માટે જે રાહા ચાલે છે તેમ ચલાવા જાએ. એ રીતે તે કહેવા લાગા. ને વલી કહે જે બાજ આફરગાન કર્યાનો અખત્યાર કંઇ વારાદારનો નથી. એ અખતીઆર બેહેદીનનો છે. તે જે પાસે ચાહે તે પાસે કરાવશે. એ રીતે કહેવા લાગા. માટે ભાઇજીને અમો સર્વે મલી એજ લખું છેઉ જે હમણાં જે રીતે વરસ ઉપ થયાં ચાલે છે તેજ માફક ચલાવી લેવું. કશી નવી વાત કરવી દરૂશત નથી. કાંએ જે વરસ ઉપ થયાં ચૂકું છે તે માફક આજદીન સુધી અમલમાં આવ્યું ને હવે નવું કરવા કરીએ તે કેમ થાએ માટે તે મોકુફ રાખવું. કાં જે તે કરારમાં વળી એક ફીસાદો ને હંગામો ઉભો થાએ. તેથી હમણાં કંઈ નવી વાત કરવીજ નહીં. તેમાંજ સર્વેની ખુશી છે. ને તેમાં ભાઇજીની પણ ખુબી છે. તેથી અમો સર્વે પંચાત માંગી લેઉં છે જે હમણાં એ વાતથી હાથ ઉઠાવવા. માટે અસલથી ફરી કાંઈ લખવું પડે નહી તે કરવુ." (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૭૫–૭૬ તથા પા. પ્ર. પાને ૪૬).

---

* એઓ તો ઇ સ. ૧૭૬૬ માં ગુજરી ગયા હતા. પણ એમનું નામ કાયમ રાખવા એમના વારસે સહી કીધેલી માલૂમ પડે છે. (પા. પ્ર. પાને ૪૫).

નોંધ– આ. મનોચેરજી ખુરશેદજીએ એક જુદો કાગળ (આશરે માસ અખાડમાં) દેશાઈ ખુરશેદજી ઉપર લખ્યો હતો. તેનો અગત્યનો ભાગ નીચે પ્રમાણે હતો:—

"...વળી એ લોક એમ પકડ પકડે છે જે જ્યારે એવું હતું ત્યારે તમો વરસ ૩૫ સુધી કાંએ અટકાવું નહી...ને કહે છે જે અમો જે માતબર લોક છેઉ તે તો તમારા હોકમને તાબે રેઉ પણ બીજા હાકીકમાન છે તેઓ ફરી જાશે ત્યારે બીગાડ થઇ જાશે. ને હમણાં કાંઈ **હાકેમ તેવા નથી જે તેના જોરથી કામ લઇ નીકલીએ***...અમો તો ભાઈજીને પહેલાંથીજ લખું હતું જે એ વાત કશી હમણા ઉઠાવવી નહી...ભાઈજી હમણાં એ વાત ઉઠાવવામાં આગળ વીનાશ વધશે ને કાહી લોક કોઈ આપણા હોકમમાં રહેશે નહી ત્યારે આપણા હાથથી લગામ જાતી રહેશે. ભાઈજી ચાહરમનો સીઆવ તા. આફરગાન વગેરેનુ કામ તો હમકાર સાથના અખતીઆરમાં ને રોજનું આફરગાન તા. બાજ તો બેહેદીનનાં અખતીઆરમાં છે. તેમાં કાંઇ હમકારનો કશો તાલુકો નથી...ને વળી સુરત તા. ભરૂચમાં સર્વે પંથકમાં એજ દસ્તુર છે જે રોજનું બાજ આફરગાન તે બેહેદીનનું જેની ખાતરમાં આવે તે પાસે કરાવે...તેથી એ વાત કાઢી નાંખવી. કાંજે હમે તો ભાઇજીના હોકમને તાબે છેઉ. પછે એ બીગડતો બીગાડો અને સમરતો સુધારો પણ ભાઇજીની મરજીની તાબે છે..."

નોંધ—એક બીજાના કાગળમાં ઉપલાજ મનોચેરજી શેઠે દેશાઈ ખુરશેદજીને લખ્યું હતું જે "...બીજું ભાઇજી અમો અહીં ખબર સાંભળી જે તમો શ્રી નૌસારી મધે અંધીઆરૂ મનોચેર હોમજીની સાથના તા. અંધીઆરૂ કકલીઆની સાથના છે તેને તમોએ દોવાઇ દીધી છે જે બેહેદીન સાથનું કામ બેઉ ઠેકાણેનું મલેશર તા. મોટા ફલીઆનું કામથી તમો હાથ ઉઠાવો. અમો તે જાગા બીજા માણસ મોકલશું, એવું સાભળ્યું છે. માટે

---

* સંજાણા મોબેદાની પણ ફર્યાદ આજ હતી કે ગાયકવાડ સરકારમાં લાગવગને લીધે ભગરીઆઓ ફાવી ગયા હતા.

ભાઈજી એ વાત કાંઈ હમણા અરગીસ અહીં કરવી નહી. કાંજે શ્રી સુરત મધે હમણાં રૂસ્તમપરામાં તથા નાનપરામાં ફુટફાટ ઘણી થાય છે ને તેમાં કેટલીએક આશામી બીગડેલી છે...તેથી હમના તો જેમ ચાલે છે તેમ ચાલવાની રજા આપજો...કાંજે હમણાં એવો વખત નથી જે કોઈ આપણા હાથ તલે રહે..." (ઉપલો હસ્ત લેખ પા. ૭૩–૭૪).

શેઠો શોરાબજી મનોચેરજી શેઠે તથા દાદાભાઇ માણેકજી શેઠે પણ દેશાઈ ખુરશેદજીને થંડા રહેવા ભલામણ કરી હતી, અને લખ્યું હતું કે ".. જે રાહા ઉપ વરશ થયાં ચાલે છે ને તેથી જાદે કરો તે વાત કેમ નીપજે. તેથી અમો અને ભાઇ ભાઈજી પાસે માંગી લેઉ છેઉ જે એ વાતથી હાથ ઉઠાવો. જે માફક ચાલે છે તેજ માફક ચલાવો. નવું રાહા કરવો મોકુફ રાખો, તેમાં સર્વે પંચાતની ખુશી છે..." (ઉપલોજ હસ્ત લેખ પા. ૭૪).

દેશાઈ ખુરશેદજીના જવાબો.

શેઠ મનોચેહેરજીના કાગળના જવાબમાં સ. ૧૮૨૫ ના શ્રાવણ શુદ ૧૧ (તા. ૧૩ મી આગશટ ૧૭૬૯ N. S.) ને દીને દેશાઇ ખુરશેદજીએ તેમને લખ્યું હતું કે:—

"...શેઠજી શાહેબે મહેરબાની કરીને લખું જે અમો આહાં ખબર સાંભલી જે અંધીઆરૂ કાલા મનોચેર હોમજી વગેરેનાને અટકાવા ને તેવોનનું કામકાજ બંધ કરૂં....પણ તેહોનું કાંઇ કામ અટકાવું નથી. જે બેહેદીનોએ સોંફેલું તે માફક કામ કરા જાએ છે તેને વાસ્તે તો અમો કાંઇ કેતાજ નથી. પણ તે બેહેદીનોએ જે કામ અમને લખી આપ્યાં તે કામ ભી તેઓ કરવા ચાહે છે તે કેમ કરવા દીએ. ને વલી કે જે હમો હરબદ કરીશું....તો બી હમો આજ સુધી બોલા નહી ...મનોચેર હોમજી વગેરે મલેશરનાએ અમને લખી આપું તેની નકલ બે સાહેબજીની ખીદમતમાં બીડી છે કાજીજીની મોહોર સાથેની તેથી સર્વે રોશન થાશેજ. કોઇક મોબેદ,

સાહેબની ખીદમતમાં અરજ કરે તો તેને કેવા દેખાડવા કામ આવે....બીજું વલી એ અગીઆરી કરી બેઠા તે ઘર અમારે સસરાને તાલુક હતું તે અમે લખી લીધું છે તે અમારૂં છે. ને તે કેતા ફરે જે અમારૂં છે તે પર અમે અટકાવવાના હતા. પણ સાહેબજીના લખાંથી હમણાં તો નામ લેતાંજ નથી..." (એજ હસ્ત લેખ પા. ૧૧૦).

દેશાઈ ખુરશેદજી તેહેમુલજીએ બીજાં એક અતિ લાંબાં પત્રમાં સંવત ૧૮૨૫ ભાદરવા શુદ ૬ રોજ ૨૬ માહા ૧૧ ને દીને (તા. ૬ ઠી સપટેમબર ૧૭૬૯ N. S. બુધે) શેઠ મનોચેરજી ખુ. શેઠને લખ્યું જે "...રૂસ્તમપરાનાં બેહેદીનોના હક કાલા અંધીઆરૂના જુઠા કાગજ લખાથી તથા મલેશરનાં તલાટી સાથનાં જણ ૪ તથા ૫ના લખાથી રૂસ્તમપરેના બેહેદીનોનાં હક પોતાના શરપર લઈ જુઠો હંગામો બરપા કરે છે. ઘણું બેહેકતા ફરે છે જે કાલા અંધીઆરૂ અમારા તેને કોઇ કામ કરવા દેતા નથી. તો સાહેબજી ટોળાના સરદાર છો જે રાશતી વાજબી લખાં તે મુજેબ જેને મને કરવા તેને મને કરો. બેહેદીનો અમારા ભાઇ ભાઈની વચમાં લખાં કરી આપાં છે તેમાં બેહેદીનો શાને પોતાને શર લઇ કજીઓ કજીઓ કહે છે. અમારા સરીખો સાથે લખાં થાએઆં છે તે મુજબ તા. આજ વેર તો તમામ બેહેદીનોનાં જીવતાનું કુલ તમામ કામ ભગરીઆ કદીમ દરેમેહેરના કરે છે તા. બેહેદીનો કદીમથી પોતાના બાપદાદાના રાહાપર રહા છે તેનાં મુઆનાં તથા જીવતાનાં તમામ કામ તો ભગરીઆજ કરે છે. શેઠજી સાહેબજી કાલા અંધીઆરૂ પોતાના વડાનો રાહા મુકી પોતાના ટોળાથી જુદા પડયા થોડાંજ વરસ થાએઆં તેથી કાલા નામ પડયું ને કાલાને બેહેદીન મલતા રહ્યા....ને બેહેદીનોએ પણ કાલાને અગીઆરી કરી આપી તેથી એ ગેર અગીઆરી કરી બોલે છે તે ઘેર છે.... હમણાં જણ ૪ તથા ૫ મલેશરમાં દાવર નવા થાઆ છે. તલાટીના સાથમાં બેહેદીન ચાંદજી બેરામજી તા. હોમજી બેરામજી વગેરે. તે ચોરી બંધ કાલા અંધીઆરૂ કકલીઆના

કને કામ કરાવતા હશેજ. શેઠજી સાહેબ તે કાલા અંધીઆરૂ કકલીઆના કહેવાએ છે તે ચાંદજી તા. હોમજી વગેરેને કેવાદુ જે તમો સાથે કલેશ કરાવો છો ત્યારે તે બેઉ જણા તે ફલીઆના સર્વે લોકોને લઈ આવ્યા ત્યારે અમો લખાં દેખાદેઆ. તે વારે તો કહેજે અમો માગી લેઉં છું જે અમોને માફ કરો. ત્યારે અમો કહું જે અમો તમારા વડાના કદીમથી પેહેડી દર પેહેડીના ગોર અંધીઆરૂ ને એ તો થોડા વરસના કાલુ કરી થાઆ તો ઘણાનાં હક તે જણ ૧૦ તા. ૧૫ કેમ ખાએ. તમો જે રાશતી ધરમ હોએ તે કરો. ભાગીઆ ભાઈ ભાઇને સંતોશ કરી આપો. ત્યાર પછે તે પશેમાન થાઈ કબુલ કરી ગીઆ જે લખા પ્રમાણે રાજીથી કરો...ને વલી કહ્યું જે અમો તો બેહેદીન મોટા ફલીઆનાંને તાબે પેહેલો અમારો સરદાર દાવર તલાટી દારાબજી મનાજી* તે કહે તે કરીએ. ત્યારે તલાટી દારાબજી આખર બુનીઆદી તેને કહીઉં જે અંધીઆરૂ સર્વે આપણા ગોર. એ ભાઈ ભાઈ છે. લખું જે કરી આપું તે પ્રમાણે હમારે ત્યાં તો ભગરીઆજ કરે છે...નેકનામ બેહેદીનો કોઇના લખાથી તેની તરફદારી કરી પોતાના શરપર લઈ નાહક કલેશ કરશે તો ભલું હમારૂં વતન રોજી છે તે કેમ મુકશું... ગોરના જણા ગોર ને જુજમાનનાં જણા જુજમાન તે કોઈ તલતાં નથી. ને જ્યારે તે લોકોની ખાતર માથે લઈ કોઈ કને કામ કરાવશે તો હમારો હક દસ્તુર કાંઈ રહેનાર નથી. જે કરશે તે આપશેજ કે બેહેદીન પણ આપશેજ ત્યારે બમણું આપશેજ....હમારે બેહેદીન સાથે કંઈ કજીઓ છેજ નહીં..." (જામાસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૧ પા. ૭૭-૭૯).

નોંધ—દેશાઈ ખુરશેદજીએ ઉપર પ્રમાણેની મતલબનો જવાબ સુરતની અનજુમનને પણ સંવત ૧૮૨૫ ના ભાદરવા શુદ ૧૫ (તા. ૧૫ મી સપટેમબર ૧૭૬૯ N. S. શુકર) ને દીને લખ્યો હતો (એજ હસ્ત લેખ પા. ૮૦–૮૧).

---

*મનાજી કુકાજી તલાટીના બેટા.

દેશાઈ ખુરશેદજીએ સુલેહનો અખત્યાર કરેલો રૂડો માર્ગ.

શેઠ મનોચેહેરજીની તથા બીજાઓની સલાહ પ્રમાણે દેશાઈ ખુરશેદજીએ સુલેહનો માર્ગ અખત્યાર કીધો, તે તેમના શેઠ મનોચેહેરજી ઉપર લખેલા સંવત ૧૮૨૫ના ભાદરવા શુદ ૬ (તા. ૬ ઠી સપટેમગર ૧૭૬૯ N. S.) ને દીનના બીજા કાગળ ઉપરથી માલૂમ પડે છે:—"...શેઠજી સાહેબજી રૂસ્તમજીનાં પરાનાં બેહેદીનો બાબત નવાજેસથી ઘણીજ શીખ બુધ દુરબીન દાનેશથી લખી તે સરવ ચડાવી. સાહેબ તો તોલાની ખુબી સારૂં લખું તે ઘણુંજ ઓતમ કરૂં. ટોલાના સરદાર છતર છો... પેહેલાં કજીઓ શેતાનો સાથ કરી પોતાનાં હકને પોચાં. શ્રી હોરમજદની પુશત પનાહ ને સાહેબ સરખા મોરંબીના સાએઆથી સર્વેની મોરાદ પાર પડી. પણ ગીદડ થાઈ ચાંદજી તા. હોમજી વાઘનો શીકાર કરવા લાગા. તે પોતાની જાત પર ગયા જે પરાનાં બેહેદીનોને ઉભા કરા. ને અમારી આગલ તા. મીનતને આજેજી આજ વેર કરે છે ને કાલા અંધીઆરૂ પગે લાગે છે ને બાજ આફરગાનનું કામ ત્યાં ચાલે છે ને હવે ચંતા નથી. ને અગીઆરી કરી બેઠા છે તે તાં (=તો) કાડી નાંખતેજ. પણ સાહેબજીની નશીએત નેક ગણી ખુબીભરી આવી તેથી મોકુફ રાખું. (એજ હસ્ત લેખ પા. ૧૧૦).

શ્રી ઈરાનશાહની બોય દેવાનું કામ કીધા વગર શાપુર શામરાના પક્ષે માગેલો ભાગ. આ૦ નવરોજી રૂસ્તમજીની ફર્યાદ. તે વિષે પેશ્વા સરકારનો હોકમ.

શાપુર શામરાના પક્ષવાલા શ્રી ઈરાનશાહની બોયનું કામ કીધા વગર ભાગ લેવાનો દાવો કરતા હતા, તે વિષે માધવરાવ પેશ્વાનો નીચલો પત્ર અગત્યતા ધરાવે છે:—

"રાજેશ્રી ફતેશીંગ ગાયકવાડ શમશેર બાહાદુર ગોશાવી એમને અખંડીત લક્ષમી અલંકૃત રાજમાન રાજેશ્રી માધવરાવ

બલાલ પ્રધાન આશુરવાદ (=આશીર્વાદ). અત્રે કુશલ શમજી કુશલ લખતા જવું. વીશેશ નવરોજજી† અધ્યારૂ એણે જાહેર કરૂ કે પોતાને ઘેર પ્રાચીન અગ્નીસ્થાપન હજાર વરશનું છે તેને કશ્બે નવશારી પ્રાંત મજકુરમાં હમારા લોકોના ઘરો છે તે તથા ઘરમાની* ચીજ વસ્ત તથા ઘરના વાશણ હમારા પોતાના દાવેદારે કબજ કરેલા છે તે વીશે પેશવી શરકારમાંથી રાજેશ્રી માહાદાજી નીલકંઠ ઉપર તથા દામાજી ગાએકવાડ ઉપર કાગલો આવ્યા હતા પણ ઘરો તથા ચીજ વસ્ત હમારે હાથ આવ્યા નહી તથા પ્રગણે વલશાડ મધેનું ઉપાધ્યપણું પોતાની જાતનું વંશપરંપરાનું ચાલતું આવેલું છે છતાં સાંપ્રત એટલે હાલ અવરોધ આવેલો છે તે વીશે શ્રીમંત કૈલાશવાશી નાનાશાહેબ રાજેશ્રી શંકરાજી કેશવને આજ્ઞા કરી હતી તેણે ઇનસાફ કરીને નીવાડપત્ર આપ્યું હતું તે પ્રમાણે પ્રગણા મજકુરનાં હાલના કમાવીશદાર ચલાવતા નથી. નવશારીના શાપુરજી અધ્યારૂનો પક્ષ રાખે છે તેથી અધ્યારૂપણું તથા પોતાના અગ્નીના પુજનનો હક દશ્તુર લેવા વીશે પેશજી ઠરેલું છે કે જે અધ્યારૂ પોતાના વારાવાલાએ પોતાના ધરમ અખત્યાર પ્રમાણે ક્રિઆ શુદ્ધીએ જાતે પુજવું. તથા ઉપાધ્યપણું કુટુંબમા મલીને ચલાવે તેણે ઉપભોગ કરવો એવું છતાં નવશારીવાલો એખલો કટંબમાંથી બાહાર પડીને કુટંબનો (ખાલી જગા) છે તેને મલીને નવી હક ગેરશીરશ્તે લખી લીધેલો છે અને નવશારીમાં રહીને હક માંગે છે એ વીશે તાકીદ થવી જોઇએ વગેરે તે ઉપરથી આ પત્ર લખ્યું છે તો નવશારીવાલા અધ્યારૂ મજકુરે પોતાની શાત પેઢીનો ભોગવટો શુદામત ચાલતો આવ્યો હોય તે પ્રમાણે પોતાના કુટંબમાં મલીને હક લેવો. હરકત કરવાથી પારપત્ય (=નુકશાન) થશે એ વીશે તેને સ્પશ્ટ તાકીદ કરવી. તથા એની ચીજ વસ્ત જે કાંઇ લઈ લીધી હોય તેની ચોકશી કરીને વાજબી જેના તરફ લાગે તેને તાકીદ કરી અપાવવું. ફરીને

---

† દસ્તુર બીખાજી રૂસ્તમજીના ભાઇ.
* બીજી નકલમાં "ધરમની" શબ્દ છે.

એવો બુમાટ આવે નહી હેવી ગોઠવણ કરવી. જાણવું ચંદ્ર ૩ રજબ શુમાશ શબેન મયા વ અલફ* ઘણું શું લખવું." (અત્રે મોહોર છે. આ કાગજ જે નકલ છે, તે એ. મેહેરજીભાઈ ન. કુટાર કનેથી મળ્યું છે, અને તે મરાઠી ઉપરથી ગુજરાતીમાં તરજુમો છે. બીજું કાગજ પણ ઉપલાંની નકલ છે).

પેશ્વા સરકારે આબાદ ઉપલાજ શબ્દોમાં વલસાડના કીલ્લીદાર અથવા કમાવીસદારને કરેલો તેજ તારીખનો હોકમ.

અંધ્યારૂ નવરોજી રૂસ્તમજીએ ઉપલા લેખમાં જણાવ્યા પ્રમાણે પેશ્વા સરકારને ફર્યાદ કરી હતી, તેની રૂહે પેશ્વા સરકારે આબાદ ઉપલા શબ્દોમાં (શરૂઆતના ભાગ સિવાય) વલસાડના કીલ્લીદાર અથવા કમાવીસદાર ઉપર હોકમ મોકલ્યો હતો, તેનો લેખ મોડી લિપિમાં લખાયલો વલસાડવાલા એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજી કનેથી મને મળ્યો હતો, તે મારી અરજ ઉપરથી શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટે દેવનાગરી લિપિમાં લખી મોકલ્યો છે તે નીચે પ્રમાણે છે:—

राजमान्य राजश्री क० दार (की० दार) प० (प्र० - प्रगणे) वडसाल ..... चिरंजीव राजश्री महादाजी नीलकंठ ग (વંચાયતું નથી).

सेवक माधवराव बलाल प्रधान नमस्कार सु० सबैन मयां व अलेफ. नवरोजी अध्यारु यांणी हुजुर विदीत केले की आपले घरीं प्राचीन अग्निस्थापण हजार वर्षाचे आहे त्यास की० मजकुरीं आपले घर होते ते व घरांतील वस्तभाव व घरा..... डे (घराचे वाडे ?)† आपले जातिचे दावेदारांनी बलकावीले आहे. त्या वीसी पेशजी§ सरकारातून राजश्री

---

* ઈ. સ. ૧૭૬૯ તા. ૨ જી નવેમબર N. S.

† આમ શેઠ ખરેઘાટ ધારે છે. પણ આગલા લેખપરથી કાંઇ બીજું માલૂમ પડે છે. કદાચ **भांडे** હોય. §યાને અગાઉ.

माहादाजी नीलकंठ यांस व दमाजी गायकवाड यांस पत्रे दिली होती, परंतु घरवस्तवनी वगेरे आपले हातास आली नाही. व प (प्र० = प्रगणे) मजकुर येथील उपाध्यपण आपले पुरातन वंशपरंपरेने चालत झाले असतां सांप्रत अडथला पडला आहे. त्या वीशी श्रीमंत कैलासवाशी नानासाहेब याणी रा० शंकराजी केशव यांस आज्ञा केली होती. त्या वरून त्यानी इनसाफ करून निवडपत्र करून दिले आहे त्या प्रे० (=प्रमाणे) हालीचे वतनदारचे क० दार (=कमावीसदार अथवा की०दार પણ વંચાય એટલે कीलीदार) चालों देत नाहीं, नवसारीकर शाहापुरजी अध्यारु याचा पक्ष करीतात. त्यास अध्यारुपण आपले अग्नीचे पुजनाचा हक दस्तुर घयावापुर्वील ये वीसीचा हक आहे की अध्यारु वारकरी याणी आपले धर्माच्यारा प्रे० (= प्रमाणे) क्रिया शुद्धीनें स्वता पुजण व उपाध्यापण कुटुंबांत मीलून चालवील त्याणी उपयोग करावा. ऐसे असतां नवसारीकर येकटा कुटुंबांतून बाहेर पडून कुटुंबाचा मुदइ आहे त्यास भेटून नवीन कानु गेरशीरीस्ते लीहून घेतली आहे. आणि नवसारीस राहून हक मागतो. ये वीशी ताकीद जाहली पाहिजे म्हणून त्यावरून हे पत्र सादर केला आहे तरी नवसारीकर अध्यारु याणी आपली सात्ता पीढ्याचा भोगवटा सुदामत कदीम चालत आला असेल त्या प्र० (=प्रमाणे) आपले कुटुबांत राहून हक घ्यावा, या उपरी हरकत केल्यास पारपत्य केले जाइल. या बावे तुम्ही त्यास स्पष्ट ताकीद करून वर्तवणे. पेशजी नीवाडपत्र जाहले असेल त्यास हाली रवलेल करील त्यास ताकीद करणे. फिरून हुजुर बोमाट येऊ न देणे. व वस्तभाव वगेरे ज्याणी नेली असेल त्याची चोकसी करून वाजबी ज्याकडे लागेल त्यास ताकीद करुन देवणे. जाणीजे. छ ३ रजब आज्ञा प्रमाण (लेखन सिमा.)

આ લેખની તારીખ છ ૩) રજબ યાને ચંદ્ર ૩ રજબ સબૈન મયા વ અલફ (=૧૧૭૦) સુરસેન યાને તા. ૨ જી નવેમબર ૧૭૬૯ ઇસ્વી N. S. છે.

ઉપલા લેખમાંના આશરે ૨૫) કઠણ શબ્દો વિષે શેઠ ખરેઘાટે "નોટ" મોકલી છે, તેનો લાભ લેઈ હુ ઉપલા લેખનો તરજુમો નીચે આપું છું.

"રાજમાન્ય રાજશ્રી કીલ્લીદાર (અથવા કમાવીસદાર) પ્રગણે વલસાડ....ચીરંજીવ રાજશ્રી માહાદાજી નીલકંઠ ગ (પછી વંચાતું નથી. પણ અટક લાગે છે).

સેવક માધવરાવ બલાલ પ્રધાન નમસ્કાર સુ. (સુરસન સંવત) સબૈન મયા વ અલફ. નવરોજી અધ્યારૂએ હજુરમાં જાહેર કીધું કે પોતાને ઘેર પ્રાચીન અગ્નિસ્પાથન હજાર વર્ષનું છે. તેનું ક. (કસ્બા) મજકુરમાં પોતાનું ઘર હતું તે તથા ઘરમાંની વસ્તુઓ તથા ચીજો તથા ઘરનાં વાસણો (?) પોતાની જાતવાલા દાવાદારે પચાવી દીધાં છે. તે વિષે પહેલાં સરકારમાંથી રાજશ્રી માહાદજી નીલકંઠને તથા દમાજી ગાએકવાડને પત્રો આપ્યાં હતાં. પણ ઘર તથા વસ્તુ વગેરે પોતાના હાથમાં આવ્યાં નહિ. તથા પ્રગણા મજકુરનું ઉપાધ્યાપણું (=અધ્યારૂગરીનું કામ) પોતાના પુરાતન વંશપરંપરાથી ચાલુ હોવા છતાં હમણાં અડચણ પડેલી છે. તે વિષે શ્રીમંત બેહેસ્તનશીન નાનાસાહેબે રા. શંકરાજી કેશવને આજ્ઞા કીધી હતી. તે ઉપરથી તેણે ઈનસાફ કરીને નીવડપત્ર (=ચુકાદો, જડજમેંટ અથવા ડીક્રી) કરી આપ્યું છે. તે પ્રમાણે હાલના વતનદારના કમાવીસદાર (અથવા "કીલ્લીદાર" પણ વાંચી શકાય) ચાલવા દેતા નથી. નવસારીવાલા શાહાપુરજી (=શાપુર શામરા) અધ્યારૂનો પક્ષ કરે છે. તેનું અધ્યારૂપણું પોતાનાં અગ્નિપુજનનો (=બોય દેવાનો) હક રેવાજ લેવા અગાઉ એ વિષેનો હક છે, કે અધ્યારૂ વારાદારે પોતાના ધર્માચાર પ્રમાણે ક્રિયા શુદ્ધિથી પોતે પૂજા (=બોય) દેવી તથા અધ્યારૂપણું કુટુંબમાં મળીને સાચવી તેણે ઉપભોગ કરવો. એમ છતાં નવસારીવાલો એખલો કુટુંબમાંથી બહાર પડીને કુટુંબનો દુશ્મન છે, તેણે મળીને નવો કાનુન (=હક) ગેરશીરસ્તે લખી લીધો છે. અને નવસારીમાં રહીને હક માંગે છે. એ વિષે

તાકીદ થવી જોઈએ. માટે તે ઉપરથી આ પત્ર સાદર કીધું (=લખ્યું) છે. માટે નવસારીવાલા અધ્યારૂએ પોતાની સાત પેઢીનો ભોગવટો સુદામત કદીમ ચાલી આવ્યો હોય તે પ્રમાણે પોતાનાં કુટુંબમાં રહીને હક લેવો. આ ઉપર હરકત કર્યાથી સજા કરવામાં આવશે. એ બાબે તમે તેને સ્પષ્ટ તાકીદ કરીને ચલાવજો. પહેલાં જે ડીક્રી થઈ હોય તેને હમણાં ખલલ કરે તેને તાકીદ કરવી. ફરીથી હજુરમાં બોમાટો આવવા ન દેવો. તથા વસ્તુ ચીજો વગેરે લઈ ગયો હોય તેની ચોકાશી કરીને વાજબી જેને લાગેવળગે તેને તાકીદ કરીને આપવી. જાણવું. છ ૩ રજબ, આજ્ઞા પ્રમાણ. (=આ હોકમનામું અથવા "વારંટ" છે). લેખન સીમા (=લખાણ પુરૂં થયાની હદ).

શાપુર શામરાએ એક વલસાડના મોબેદ કનેથી જબરીથી ખોટી રીતે લેખ લખાવી લીધો હતો, તે બાબેનાં વસીઅતનો લેખ તારીખ વગરનો.

સંવત ૧૮૧૦ માં (ઈ. સ. ૧૭૫૪ માં) શાપુર શામરાએ ખોટી રીતે લેખ લખાવી લીધો હતો, તે કાંઈ પણ કિંમત વગરનો હતો, એમ દર્શાવનારો અસલ દસ્તાવેજ અથવા વસીઅતનો લેખ વલસાડવાલા એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજી કનેથી મળ્યો છે તે નીચે પ્રમાણે છે:—

"(ખાલી જગા) જોગ લી. અધારૂ ખુરશેદજી હોશંગજી જત અમો પાશેથી અધારૂ શાપૂરજી શેહેરીઆરજીએ જબર દશતી કરીને જૂઠુ કાગલ ૧ લખી લીધૂ છે તે ખુટુ છે તે કાગળમાં એમ લખી લીધૂ છે જે બેહેદીનને તાંહાં રવાંન થાએ તેનુ શેઆવ ૧ એક જે ગુજરે તેનુ મરદ ઈઆ ઓરત જે ગુજરે તેનુ શેઆવ ૧ એક જેવાં કપડાં થાએ તેવાં બેહેદીન કરી આપે તેવાં અધારૂ શાપૂરજી શેહેરીઆરજીએ પોત પોતાને નામે લખી લીધૂ છે તે કાગળ લખી લીધૂ તેની વગત ડાડો વાર લખેઓ

છે શમત ૧૮૧૦* જેઠ વદ ૧૪ રોજ ૩ માહા ૯ અધારૂ શાપૂરજી શેહેરીઆરજીએ લખી લીધૂ છે તે રદ છે અમારા છોકરા નહી જાણે તેમ કાગળ જબરદશતીએ જોરાવરી કરી લખી લીધૂ છે તે રદ છે કાંએ જે આગલ અશલથી અમારો કારભાર અધારૂપણાંનું થઓ તે ડાડેથી તે શમત ૧૭૯૬ લગી આતશબેહેરામ નુશારીથી વલશાડ આવા ને વલશાડમાં વરશ ૨ બે રહા તાહાં લગે અમો પાશેથી તથા શ્રી વલસાડના અધારૂ પાશેથી શ્રી નુશારીથી શમશત શંજાંણાં આવીને લેઈ જાતા તેની વીગત શ્રી વલશાડ ખાતેનાં જે કોઈ બેહેદીનને તાહાં રવાન થાએ મરદ ઈઆ ઓરત શદરો કુશતી પેરેલૂ ગુજરે તેનું રવાંન ૧ એક રૂ. ૧ એક તથા ઘઘરણે જે કોઈ બેહેદીન કરે તનાં રૂ. ૨ બેએ તથા અધારૂનુ છોકરાને બેહેદીન નુજૂદ કરે તેનું અંણુકીનું રૂ. ૧ એક એ માફક હમેશાં શ્રી વલશાડના કુલ અધારૂ પાસેથી લેઈ જાતા એ શ્રી શમશત શજાંણાં શરવનાનું તથા મુક (?) આવી લેઈ જાતા ને શમશત શજાંણાંને નાંમની ફારગતી કરી આપી જતા એવૂ **શમત ૧૭૯૮ લગી ચાલીઉ તે વાર પછી શ્રી આતશબેહેરામ વલશાડથી ઉદ્દેપોર ગીઆ પછી** અધારૂ શાપૂરજી શેહેરીઆરજીએ જૂઠાણુ કરી જૂલમ કરીને રોઆંન શેઆવ લખી લીધો છે તે રદ છે તે લખીઉં પાંચ ડાડે અધારૂ શાપૂરજી શેહેરીઆરજી કાડે તે દેખાડે મારા કબીલાને હેરાંન કરે માટે અમારી હુઆતીમે અમારે હાતે અમોએ મારા છોકરાઓને વશીઅત નામુ કરી આપ્ર છે કાએ જે તે લખીઉ જૂઠાણું આ. શાપૂરજી શેહેરીઆરજીને નામનું જે કાડે તથા જે ડાડે કાડે દેખાડે તે રદ છે. હવે એ શોઆલ કરૂં છેઉં શ્રી શમશત શંજાંણાં તથા બેહેદીનને શોવાલ કરૂ છેઉ જે વાજબી તથા રાશતી જાણીને એ અમોએ વશીઅત નામુ કીધૂ છે તે ઉપર શઈ કરજો.

---

* સંવત ૧૮૦૧૦ તથા ૧૮૦૨૦ જેવો લખેલો છે. વચલું મીંડું ૮ ના અંકને મથાલે ગોલાકાર જેવું છે. કાગળ ફુટી નિકલ્યું છે માટે ૧૦ ને બદલે ૨૦ વંચાય છે. તિથિ તથા રોજ માહની મુકાબેલ તા. ૧૯ મી જુન ૧૭૫૪ N. S. આવે છે.

૧ આ. મેહેરનોશ બેહેરામજી શહી
૧ આ. રૂસ્તમ શેહેરીઆરજી શહી
૧ વો. દારાબજી બચાભાઈ દેશાંઈ શાખ એ લખુ ખરૂ
૧ આ. માનકજી ગોસતાસજી સહી
૧ પા. ભીખાજી જીવણજી સહી
૧ આ. શંજાણાજી ખુરશેદજી શહી રૂસ્તમ શેહેરીઆરજી
૧ કરીમજી કુએરજી શહી એ લખુ ખરૂ
તથા બીજી છ સહીઓછે.

નોંધ—આ વસીઅત કયારે કીધું તેની તારીખ નથી. પણ તે ઈ. સ. ૧૭૫૪ પછી થયલું હોવું જોઈએ. મુંબાઇવાલા માનેકજી નવરોજી શેઠ ઉપર સંજાણા મોબેદોએ લાંબો પત્ર તા. ૭–૯–૧૭૪૬ N. S. ને દીને લખ્યો હતો, તેમાં પણ રૂસ્તમજી શેહેરીઆરજી તથા મેહેરનોસજી બેહેરામજીની સહીઓ હતી. દસ્તુર રૂસ્તમજી શેહેરીઆરજી (મીરજાં ખાનદાનવાલા) ઇ. સ. ૧૭૬૨ માં ગુજર્યા હતા, માટે ઉપલો વસીઅતનો લેખ ઈ. સ. ૧૭૬૨ ની આગળ થયલો હોવો જોઇએ. વળી તેમાં દસ્તુર ભીખાજી રૂસ્તમજીની સહી નથી. તેઓ ઈ. સ. ૧૭૫૭ માં ગુજર્યા હતા, માટે એમ પણ બનવા જોગ છે કે ઈ.સ. ૧૭૫૭ ની પણ આગળનો આ લેખ હોય.

નોંધ—આ લેખ ઉપરથી સાફ માલૂમ પડે છે, કે વલસાડથી શ્રી આતશબેહેરામને સંવત ૧૭૯૮ (ઈ. સ. ૧૭૪૨) માં ઉદવાડે લેઈ ગયા હતા.

વલસાડના પારસીઓ ઉપર પેશ્વા સરકારનો હોકમ.

ઈ. સ. ૧૭૭૦ માં પેશવા સરકારે વલશાડના પારસીઓ ઉપર ઉદવાડાના સંજાણાઓનો હક ચુકવી આપવા નીચે પ્રમાણે હોકમ મોકલ્યો હતો:—

"પંચ શ્રી ત્રંબક બલાલ વ. કરબે વલશાડના પારશીઓના અધ્યારૂપણાના હક દસ્તુર વીશે શરકારની હજુરથી શનદ શાદર

થઈ છે. માટે ઉદ્દેપોરકર દસ્તુર ભીખાજી રૂસ્તમજી તથા રૂસ્તમજી શેરીઆદજી વગેરે હેને કદીમ તમે આપતા પુરવપાર તેજ પ્રમાણે આપજો એ વાતની તાકીદ જાણવી. ને દીગર કરશો તો પશેમાન થશો. ને શાપુર શેરીઆદ આજ સુધી જે હત્યાશાલનો હક એખલો લઈ ગયો છે તે હીશાબ ઉદ્દેપોરકરોને માડી આપજો. તેણે પોતાનો હક ખાવો હશે તો પાંચ શાત પેહેડી ગતશીરસ્તા પ્રમાણે પોતાના ટોલા મલતો લેઈ આગલો હીશાબ આપીને શઘલા અધ્યારૂપણાના કામ કરશે, તો પોતાના હકને પામશે. વાશતે શાપુર મજકુરને દબલ બારોબાર આપવું નહીં. તાકીદ જાણવી શંવત ૧૮૨૬ના વરખે. (મરેઠી ઉપરથી ગુજરાતીમાં). શદરહુ સુદામત ભોગવટો ચાલતો આવ્યો હોય તે પ્રમાણે વરતણુક કરવી. જાણવું. ચંદ્ર ૨૬ માહે જીલકાદ શુમા શબને મયા વ અલફ.* મોરતબ શુદ (અત્રે મોહોર છે). (આ કાગજ જે નકલ છે તે એ. મેહેરજીભાઈ ન. કુતાર કનેથી મળ્યું હતું).

રાઘવ ગીરદી. નવસારીમાં ધાડ તથા તેને લીધે નવસારીનાં નવાં આતશબેહેરામ સુરત લેઇ ગયા.

ઈ. સ. ૧૭૭૬ ના સાલમાં નવસારીમાં મોટી ધાડ પડી હતી. તેથી નવસારીનાં આતશબેહેરામને બે સાહેબો નામે દસ્તુર માણેકજી જમશેદજી રૂસ્તમજી તથા એ. શાપુરજી ખુરશેદજી વાછા છુપાછુપ સુરત લેઈ ગયા હતા, અને ત્યાં શેઠ દાદાભાઈ માણેકજી શેઠની હવેલીમાં તખ્તનશીન કીધા હતા. આ તથા બીજા છ મોબેદોએ કેબલાની નીગેહબાની કરી હતી (પારસી પ્રકાશ પાને ૫૩–૫૪). આ ધાડની થોડીક હકીકત અત્રે આપીશું :—

એમ માલૂમ પડે છે કે પુણાના પેશ્વા માધવરાવના મરણ પછી તેનો ભાઈ રાઘોબા ઉપલા માધવરાવના છોકરા નારાયણરાવનું

*ઈ. સ. ૧૭૭૦ તા. ૨૩ મી મારચ N. S. આ વખતે ઉપલા દસ્તુરો ગુજરી ગયલા હતા.

ખુન કરી પોતે રાજ ચલાવવા લાગ્યો. કેટલાક આગેવાનોએ નારાયણરાવના બાળક બેટાને ગાદી ઉપર લાવવાની કોશેશ કરી, તેથી રાઘોબાને ગુજરાત નાશી જવું પડયું. તે પુણેથી નાશી ભાવનગર ગયો. અને ત્યાંથી વહાણમાં બેશી સુરત આવી ઈંગ્રેજોની કોઠીમાં તેણે આશરો મેળવ્યો. તે વખતે દેશાઈ ખુરશેદજી સુરતમાં વસ્તા હતા. એમના ઘરની પાસે લોકોને જવા આવવાની નાળ મુકી એક પારસી નામે હોમાના પાહલીનું ઘર હતું. તેને પાછલે બાર એક આમલી હતી. તેનો પાલો નાળમાં પડયાથી અને બંને ઘરોનું પાણી અટકી પડયાથી લોકોને જવા આવવાની અડચણ પડી હતી. તે આમલી કપાવી નાખવાને દેશાઈ ખુરશેદજીએ હોમાના પાહલીને ઘણો સમજાવ્યો, પણ તેને તો સુરતના નવાબની મોટી કુમક હતી, તેથી તેણે કાંઈ માન્યું નહિ. આથી દેશાઈજીએ નવાબને ત્યાં ફર્યાદ કરી તે આમલી કપાવી નખાવી. આમ થવાથી હોમાના પાહલીને ઘણી રીસ ચઢી, અને તે બોલ્યો કે હું તો ખરો કે એ આમલી સુનાની કરાવું. તે વખતે રાઘોબા સુરતમાં હતો. તેને હોમાનો પાહલી જઈ મળ્યો, અને નવસારીના બે માણસો મળીને દોઢ લાખ રૂપીઆ લેવાના છે (તેમાં દેશાઈ ખુરશેદજી કનેથી એક લાખ તથા માણેકજી ખોરી કનેથી અરધો લાખ) એમ કહ્યું. આ તો રાઘોબાને જોઈતું હતું તેવુંજ મળ્યું. તેણે પાહલીના સ્વાધીનમાં આશરે ૧૫૦ માણસો આપીને કાશીરામ હજારીના ઉપરીપણાં હેઠલ તેઓને નવસારી મોકલ્યા. જ્યારે આ વાતની ખબર દેશાઇજી ખુરશેદજીના બેટા મનચેરજીને થઈ, ત્યારે તેઓ ઘરમાંથી નાશી જઈ નદીની પેલેપાર ભાઠામાં મરાની ઝાડીમાં ભરાઈ બેઠા, અને ત્યાંથી રાત્રે સુરત ગયા. માણેકજી ખોરી દેશાઈજીના ઘરમાં બારણાં બંધ કરી બેઠા હતા. ત્યાં પાહલી માણસોને લેઈને આવી ચઢયો અને બારણાં ભાંગી અંદર દાખલ થયો. પણ ત્યાં દેશાઈને કે તેમના બેટાને દીઠા નહિ. પછી માણેકજી કનેથી અરધા લાખ રૂપીઆ માંગ્યા, નહિ તો તેમની વખાર લુટવાની ધમકી આપી. માણેકજીએ વખારની કુંચી તથા

ઇંગ્રેજનો પરવાનો આપી જણાવ્યું, કે એ માલ મારો નથી પણ ઇંગ્રેજનો છે–ગમે તો લેઇ જાઓ. માટે નાસીપાશ થઈ પાહલી પાછો સુરત આવ્યો; અને રાઘોબાને કહ્યું કે દેશાઈ તો નાશી સુરત આવ્યા છે, તથા ખોરીને ત્યાં માલ છે તે તો ઇંગ્રેજનો છે. પણ તું હોકમ આપે તો નવસારીની રૈયત માતબર છે, તેઓ પાસેથી રૂ. ૫૦૦૦૦) લાવીએ. તેમ કરવાનો રાઘોબાએ હોકમ આપ્યો. રાઘોબાના માણસો નવસારી જઇ ત્યાં ઘેરો ઘાલ્યો. લોકોએ ગભરાઈ બે ત્રણ માસમાં પૈસા ભરી આપવાની કબુલાત કરી. બાદ મુદત પૂરી થયા છતાં લોકોએ પૈસા ભર્યા નહિ, ત્યારે રાઘોબા પોતે માણસોને લઈ નવસારી આવ્યો; અને લોકોને મારફાડ કરી તથા કેદમાં નાખી રગડી રગડીને લોકો પાસેથી રૂપીઆ લેવા લાગ્યો. જેઓએ ન આપ્યા તેઓને કેદમાં નાખ્યા. વળી એટલાંથી ન ધરાતાં ગામને આગ લગાડી બાળી નાખ્યું. આ ઘાડને "રાઘવ ગીરદી" કહે છે. સંવત ૧૮૩૨ ના દેશાઇ ખુરશેદજીના ચોપડાઓમાં કેટલોક ખરચ આ ઘાડના સંબંધમાં લખાયલો છે, તેમાંની કેટલીક અગત્યની રકમો નીચે પ્રમાણે છે:—

રૂ. ૩૩૮॥ શ્રી બેઠક ખાતે ચઇતર વદ રૂ. ૩૩૮॥ બાબત પેશવા સાહેબ શ્રી દાદા સાહેબ શ્રી રાઘવબાએ નોશારીમાંથી વેરો લીધો હજારીને મોકલીને તે વારે લસકર માણસ મોકલા લોકોના જવાબ સવાલને સારૂ તેનો ખરચ તા. મેહેતા શ્રી મોતીરામજી વગેરેને વેરાનો હીસાબ લઈને મોકલા અંગ્રેજ કરનલ કીટીણની બાંહેધરી હેઠલ પેશ્વા સાહેબ શ્રીએ બોલાવા હસાબ લઈને તે વારે.

રૂ. ૧૨॥ શ્રી ખરચ ખાતે ચઇતર વદ રૂ. ૧૨॥ ની થાલી નંગ ૩ કાંસાની વેચાતી લીધી આપણાં વાસણ હજારી પેશવા શ્રીના લઈ ગઆ તે સુંગડમાં વેચાં તેમાંથી લીધી...

રૂ. ૩૧ શ્રી બેઠક ખાતે ખરચ જેઠ વદ રૂ. ૩૧ બાબત પેશવા શ્રીની ફોજ આવી તારે. (વિગતમાં લખ્યું છે કે શ્રીમંત પંથ શ્રી હરીપંથ ફડકાના લશ્કરમાં રૈયતને મોકલી જે લુટું ને વળી બાળે છે તેની મનાઇ કરવાને સારૂ...)

રૂ. ૫૦૦ દેશાઈજી જીજીભાઈ કુંઅરજી પરગને કોશનાને જેઠ શુદ ૧૨ રૂ. ૫૦૦ રોકડા બાબત પેશવા શ્રીના દંડ મધે બખશીજી સાહેબને શ્રી સુરતમાં તમારી વતી બે માસને વાયદે અમોએ તથા દેશાઈ રૂદરજીભાઈ સુરજીએ કબુલા તેની ચીઠી ૧ તમારી પાસેથી લખાવી છે.

રૂ. ૪૮૪ આ. ભીખાજી સોરાબજી ટાટાને જેઠ વદ રૂ. ૪૮૪) બાબત તમારા જમશેદજીને પેશવા શ્રી રાઘવબાના લશકરમાં પકડી લઈ ગયા હતા તાથી મોદી દારાબજી ફરદુનજી લશકરી મેલાવી લાવા તેનો ચુકાવો કરો તેના ઉધારા.

રૂ. ૨૪૧ આ. રૂસ્તમજી શેહેરીઆરજી નાનાભાઇને જેઠ વદ રૂ. ૨૪૧) બાબત તમારા ખુરશેદજીને પેશવા શ્રી રાઘબાના લશકરમાં પકડી લેઈ ગયા હતા તે આ. દારાબજી ફરદુનજી મોદી તાંથી મેલાવી લાવા તેનો ચુકાવો સુરતમાં કરો તેના. (જોવો રૂશ્તમજી જાં. દસ્તુર કૃત કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ બીજો. પા. ૬૬–૭૨).

નોંધ—છેલ્લા ત્રણે સાહેબોએ દેશાઈ ખુરશેદજીને નાણાં પાછાં ભરી દીધાં હતાં.

રાઘવ ગીરદીને સબબે લગ્નોની રીત ઉપર થયલી અસર.

રાઘવ ગીરદીને સબબે લોકો બહુ ખુવાર થઇ ગયા હતા. કેટલાકો સુરત નાસી જઈ રૂસ્તમપરા તથા ફરામપરામાં જઈ વસ્યા

હતા. ત્યાં પણ નાણાંની તંગીનો ડંખ તેમને એટલો તો લાગ્યો હતો, કે ઈ. સ. ૧૭૮૧ માં રૂસ્તમપરા, ફરામપરા, નાનપરા તથા સૈયદપરાના અંધીઆરૂઓએ લગ્ન વખતે આપવાની રીત વિષે બંદોબસ્ત કીધો હતો. તે વિષેનો એક લેખ આ પ્રમાણે હતો:—"નોસારી કસ્બા મધ્યે અંજુમન શ્રીએ ગરદીના સબબથી લોકોમાં કાંઈ દઈવત નહી રહીઉ તેથી વેવાની રીતનો તથા સણગારની રીતનો તથા નાતરાની રીતનો બંદોબસ્ત કીધો છે તે બંદોબસ્ત માફક આપણે આહાનાં અંનજુમને બંદોબસ્ત કીધો તેની વીગત. વેવાનને રૂ. ૫) સારીના, છોકરાના બાપને રૂ. ૧) જમાઇને રૂ. ૧) જુમલે રૂ. ૭). સણગારની રીતના તથા નાતરાની રીતના ભી વેવાની રીત માફક રૂ. ૭) આપે તા૦ લીએ. વેવાઈ તથા જમાઈજી તા. વેવાણ સીવાએ કોઈ બીજાને કાંઈ આપે નહીં.....જે કોઈ એ સરેસ્તાથી એ બંદોબશ્તથી ફરે તે પોતાના બાપથી પોતાના ધરમથી ફરે. ને શ્રી પંચાતમાં ગુનેહગારી રૂ. ૫૦) આપે સહી. તથા પદ જેવું પામે તેવું આપે સહી. સંવત ૧૮૩૭ ના માહા શુદ ૧૪ બુધે રોજ ૨૮ મા. ૪." (તા. ૭ મી ફેબરવારી ૧૭૮૧ N. S.) આ લેખપર ૬૯) જણાઓની સહી છે. (જામસ્પજી મેહેરજી રાણા નો હસ્ત લેખ ના. ૧ પા. ૨૯-૩૦).

ઇ. સ. ૧૮૦૦ માં વલસાડના મોબેદો બીલીમોરે ગયા ત્યારે મુકતાદમાં ઘરનું ક્રિયાકામ કીધું તે વિષે ભગરીઆઓએ લખાવી લીધેલું માફી પત્ર.

ઈ. સ. ૧૮૦૦ માં બે વલસાડા મોબેદો બીલીમોરે ગયા હતા. ત્યાં મુકતાદના દિવસોમાં તેઓએ ઘરનું ક્રિયાકામ કર્યું. તે વાત ભગરીઆઓને માલૂમ પડતા તેઓએ સંવત ૧૮૫૬ ના આશો વદી ૧૧ ભોમે રોજ ૬ માહ ૧ (તા. ૧૪ મી અકટોબર ૧૮૦૦ N. S.) ને દીને નીચે પ્રમાણે માફી પત્ર લખાવી લીધું હતું:—

"સમસ્ત અંજુમન ભગરીઆ કસબે નોસારી વગેરેનાં લી૦ કસબે વલસાડનાં અંધારૂ નવરોજજી ભીખાજી તથા ભીખાજી કાનજી જત આપુને પરથમ એકેક સાથે બંધોબસ છે જે કોઈનાં પથકમાં પદાંન બાંધીએ નહીં. ને સવંત ૧૮૫૬ નાં સાલમે હાકમના હાદેસાથી અમો કબીલા સાથે બીલીમોરે આવી રેહા ને શ્રી નોરોજના દારાપર અમોએ હમારા ગરમે દરૂન આફરેગાનનું કામ કરૂં તે અંજાનેમે કરૂ તેથી અનજુમન સરવેએ અમોને પુછું તે વાર અમે અંજુમન પાસે માગઈ લીધું જે અમે અંજાનમે કામ કરૂં તે અંજુમન ત્રસ્ટીએ બખસીઉ તેથી તે લખી આપું છે જે આજ પછી ફરીને ભગરનાં પંથકમાં પંદાન બાંધીએ નહી તે સહી. એ વાતમે કશો શુકન નહીં સંવત ૧૮૫૬ નાં આસો વદ ૧૧ ભોમે રોજ ૬ માહા ૧. (ભગરીઆ–મીનોચેહેરહોમજી વાલા સને ૧૯૧૮-૧૯ ના કેસના. ૧૩૨ નું ચોપાન્યું પા. ૩૩).

વલસાડના મોબેદો તથા સંજાણાઓ વચ્ચે ઉઠેલા ઝઘડા વિષે વલસાડની અનજુમને મુંબાઈની અનજુમનને લખેલો લાંબો કાગળ.

એમ માલૂમ પડેછે કે વલસાડમાં થતાં લગ્નો વગેરેની આવક વિષે વલસાડના મોબેદો તથા ઉદવાડાના મોબેદો વચ્ચે ટંટો ચાલ્યા કરતો હતો. આથી ઉદવાડાની મોબેદ અનજુમને વલસાડવાલા મોબેદોને પોતાથી દૂર કીધા હતા. એક વેળાના પોતાનાજ ગોઠિયાઓને આમ દૂર કર્યા, તે કામ વલસાડવાલાઓને ઘણુંજ ગેરરિતિવાલું લાગ્યું હતું. માટે તેઓએ ફર્યાદ કરી યજદજરદી સને ૧૧૯૧ ના રોજ ૨૦ માહ ૩ સંવત ૧૮૭૮ ના માગશર વદ ૧૩ (તા. ૨૨ મી ડીસેમબર ૧૮૨૧ N. S.) ને દીને મુંબાઇની અનજુમનને એક લાંબો પણ અગત્યનો કાગળ લખ્યો હતો. આ કાગળમાં સજાણાઓ ઉપર આગલા વખતમાં પડેલા અનેક હાદેસાઓનો તથા વલસાડવાલાઓએ તેમને

આપેલી મદદનો અહેવાલ આપ્યો હતો. એ કાગળ* નીચે પ્રમાણે હતો:—

"શદા શરફરાજ શદા મેહરબાંન કદરદાંન આલીશાંન ફેજબખશ ફેજરસાંન કરમ ફરમાએ દોઆગોએઆંન નેકનામ નેક શરંજામ દીનદોશત શેઠજી સાહેબ શેઠ (ખાલી જગા) તથા શેઠ હોરમજી ગુ. બમનજી સાહેબ તથા શેઠ ખુરશેદજી ગુ. માણેકજી તથા શેઠ ફરામજી કાઉશજી તથા શમશત અનજુમન રોજ બ રોજ ઉમર વ દોલત બા ફરજંદાન દરાજ બાદ. પરો પત ૧ વલશાડથી દુઆગો કદીમ આ. ફરામજી ગુ. રૂશતમજી તા. શમશત મોબેદોની દુઆ વ આફરીન બાદ વાંચજો. જત પાક બેનેઆજનાં ફજલો કરમથી તા. શેઠજી સાહેબોનાં શાએઆથી ખુશી છેઇએ. શેઠજી સાહેબોની ખુશી વ ખુરમીનાં હમેશાં ઉમેદવાર લખવા મકસુદ એ જે શ્રી ઉદેપોરવાલા મોબેદોએ શ્રી વલશાડ પંથકનાં મોબેદો ઉપર એકડા કીધા જે વલશાડનાં મોબેદો ઉદેપોરથી દુર એવું નાશાએશતે કાંમ કરીઉ જે કોઇ પંથકમાં એવું થાએ નહી ને કોઇ બુજોરગવારોથી એવું શાંભલું ભી નહી તે તો શેઠ શાહેબોને પરશપરે માલમ થાઇઉ હશેજ તેથી હમારે અરજ કરવી પડી કે શાહેબોને મુખતેશર માલમ થાએ.

૧ પરથમ કલમ ૧) શ્રી નોશારી મધે દસ્તુર ખુરશેદજી આતશબેહરાંમ શહીત રેહેતા તેહોને બેટા ૪) તેની વીગત તેમાં વડા ભાઇજીદારૂ તા. બીજા બરજોરજી તા. તરીજા એરચજી તા. ચોથા બેહેરામજી એ ચાહારેમાં વડા જે ભાઇજીદારૂ હમારા વડા નેઆગાંન શાહજંનને પેટનાં—વચલા ૨) તેહોને કાંઇ ફરજંદ નહી તેથી તેહોને પાલક બેટા ચોથા ભાઇ બેહેરામજીનાં આપા.

---

* એક જુની નકલ જે વલસાડવાલા એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજી કને છે, તે આ લખનારે જોઈ હતી તેમાં કેટલોક ભાગ ખવાઇ ગયો છે, અને આ લેખની પાંચમી કલમ સુધીનો ભાગ એમની કનેછે.

તે ચોથા ભાઇ બેહેરામજીને બેટા ૩) હતા તેમાં એ ઉદેપોરનાં દારાબજીનાં વડા નેઆગાન—

૨ કલમ બીજી એ જે હમારા વડા ભાઇજીદારૂ તેને બેટો ૧ એરવદ જાંમાશપ ભાઇજી તે એહોનનાં ફીતુરથી શ્રી નોશારી-થી વલશાડ આવી મુકામ કીધો તેને વરશ ૨૦૦) ને આશરે થાએઆં. તેહોએ પોતાનાં ફરજંદો શાથ હીઆં આવી વતન કીધું તે શ્રી વલશાડથી તે તારાપોર સુધી અંધેઆરૂપણું તથા મોબેદીનો અમલ કીધો તે ઉપર હમારા વડાઓને શ્રી દમણુનાં બેહેદીનોએ કાંમ પરણુ તા. મરણુનું લખી આપું છે તે કીશો દરાજ છે તે હમારે હીઆનાં મોબેદ મીનોચેરજી શાપુરજી જાહેર કરશેજ.

૩ કલમ ત્રીજી એ જે તે વાર પછે બીજા ૩) બેટા દશતુર ખુરશેદજીનાં તેનાં વારેશો નોશારી હતા. તાંહાં તેહોનો ભાગીઓ શાપુર શેહરીઆર શાંમરા નામે હતો તે ભાગીઓ ફરવરદીન પેહેલા માશનો હતો. તેહોએ કાવતરૂ કરીને તેહેને પાછલ છેલો નાંખેઓ તે બાબે શાપુરદારૂએ શમરથને મલીને એહોનની દરેમેહેરને બંધ કીધી તેથી એ લોક નોશારીથી આવી વલશાદની દરેમેહેરમાં નુજુદ તથા બીજુ દીનનું કાંમ કરી જાતા તે બાબત એહોણુ ઉપર ઘણી શખતી ગુજરી તે કીશો ઘણો દરાજ છે.

૪ કલમ ચોથી એ જે જે વાર નોશારી મધે એ લોક નાચાર થાએઆ તે વાર રાતો રાત શ્રીજીને લેઇને શ્રી વલશાડ આવેઆ. પોતાની મેલકત મીરાશ મુકીને તે વલશાડ મધે હમારા વડા દશતુર જાંમાશપ ભાઇજીનાં વારશોએ મકાંન આપી ખુરાકી તથા પોશાકી બરદાશત કીધી ને શ્રીજીને દરેમેહરમાં* રાખા તે વાર એ લોકોએ વલશાડ મધે બરશનુમ નવેશરથી

---

*હાલની વલસાડની ચાનાઇવાલી અગીઆરીનું મકાન છે ત્યાંજ આ જુનું મકાન હતું, એમ એરવદ ખુરશેદજી દસ્તુર ફીરોજજીએ આ લખનારને કહી જગા દેખાડી હતી.

લીધાં ને વલશાડની અનજુમનને શહી શાથે લખીઉ ૧) કરી આપીઉ જે વલશાડની દરેમેહરમાં બરશનુમ લેઇ પાક થાએઆ ને મોટી ખુબે શ્રીજીની બોએ દીજીએ એવી કટલીએક મજકુર લખી આપી છે તે શ્રીજીને લેઇ વરશ ૨) સુધી રહેઆ શવત ૧૭૯૬માં આવા તે શંવત ૧૭૯૯માં પાછો નોશારીથી શમરથનો જોર પોહોચેઓ જે શ્રીજીને પાછા લેઇ જાએ ને એ લોકો અંધેઆરૂ બારેવાટ રજલે એવી ખબર થાએઆથી હમારા વડાઓએ મદદ કરી હમરાહ થાઇને રાતોરાત એહોણુને ઉદેપોર પોચાડા. તેનો બદલો હમોને પોહોચે છે એ વાત દુર દરાજ છે.

૫ કલમ પાંચમી એ જે એ લોકો ઉદેપોર ગીઆ પછી તે શાપુરદારૂ શાંમરો શમરથનાં જોરથી વલશાડ આવો ને એ લોકને જોએઆ તે વાર નહી મલે કાંએજે તે શાપુરદારૂની શાથે ગાએકવાડનાં શવાર ૨) તથા આદમી હતાં, એ લોકોને તા. શ્રીજીને પાછા લેઇ જાવાને વાશતે. તે વાર તે શાપુરદારૂ કેહેવા લાગો જે તમે તે લોકોને નશાડી મુકા તેને લાવો કાંએ જે વલશાડમાં અમલ ગાએકવાડનો હતો તેથી હમોને એ લોકોને લીધે થાંણે શરકાર લેઇ જાઈ મારકુટ કરી દંડ લીધા કાએ જે તે ગાએકવાડી અમલને શમરથ શાથે શારૂ. તે વાર પછે તે શાપુરદારૂએ નોશારીથી તે તારાપોર સુધી દશત એવો ચલાવેઓ જે એ લોકોથી કેથે બાહાર જવાએ નહી એવી શખતી એહોણુ ઉપર ગુજરી તે શવત ૧૭૯૯ થી તે શવત ૧૮૨૪ સુધી એ લોકો ઉપર કાંઈ બાકી નહી રેહી. તે હેનાંને પુછવું જે તે વખતમાં કોણુ વલશાડ આવી અમલ કરતા ને એહોણુનું ઠેકાણું કાંહાં હતું. આખરશ ગાએકવાડી અમલ ગીઆ પછે પેશવાઇ અમલમાં હમારે હીઆંનાં મોબેદો વલશાડનાં જમીનદાર શાથે મલી બંદોબશત કરીને તે શાપુરદારૂને અડાવીને કેદેકેદ પુછીઉં જે તું કોણુ થાએચ ને તારો અમલ હમારા પંથકમાં સું પોચે તું ઉદેપોરનાં મોબેદોને લીધે હમોને ખરાબ શાને કીધા તે વાર તે બંધ થાએઓ. તે વારે હાકમે અડાવી બેશાડો તે ઉપર કેટલોએક મતબલો કાડો. તે વાર પછે તેને હીઆં જમીન

આપો હમારે હીઆંનાં મોબેદ બમનદારૂને, ને રાતોરાત નાઠો. તેને લીધે વચમાંનાં જામીનને દંડ ભરવો પડો. એ શાહેબો એહોણુને લીધે હમારે પર શખતી અતરે પોચી તે દાશતાન દરાજ છે.

૬ કલમ છટી. એ જે એ લોકોએ ના હમવાર કામ ૧) હમારે ઉપર કીધું જે હમો ઉપર તેહોએ નેમ કરી એકડા કીધા હેવી હમથી સું તકશીર બની આવી. ઉલટું એ લોક તો નાકેશ કામ તો પોતે કરેચ ને વચમાં હમોને અદાવતથી બટામાં લાવેચ તેનું જાણવું એ જે શ્રીજીની ખીજમતમાં તો એ લોકો છે તે શ્રીજીનાં હુકમાં બદનજર કરી તે શ્રીજીનો શાજ સામાંન વેરાંન કરેચ. અવલ તો તખતનાં પતરાં તા. ચમચ રૂપેરી શાજનો શામાંન તા. ચંદરવા એવી કેટલીએક ચીજ દરવંદોને વેચે છે. ચંદરવાનાં કપડાં શીવાડીને ઓરતોને વેચે હેવી નજર શ્રીજીના હુકમાં બદ રાખે છે તે શાહેબોને સું અરજ કરીએ.

૭ કલમ શાતમી એ જે પાંચ પંથકમાં કોણુ હેવું કામ કરેચ જે પોતાનાં પેટને લીધે તીરતની જગોમાં દીનની રોશનીને કમ કરેચ. જે દરવંદોને પેટનાં ફરજંદોને દીનમાં લેઈ શદરો પીરાવીને શ્રીજીની દરઘામાં લેઈ જાઈ તમામ અમલ સાથે આમોખતે કરે ને મોબેદીનું કામ ચલાવે તે સું લખીએ. નહી દીન નહી દુનીઆને કાંઈ શમજતાજ નથી. તેવી બાબદોથી હમે હીઆંથી કેટલીએક મરતબે કેવાડું કે તમો આ શું કામ કરો (ચ). તે વારે એ લોકોએ હમોને જવાબ કેવાડો જે તમો કોણુ થાએચ. તમારો શો હીસાબ. એ પરમાંણે મગજનાં ફરેલ થાઈ કામ ચલાવે.

૮ કલમ આઠમી એ જે તમારે તાંનો જમશો લશકરી આવી બીજી ઓરત કરી ગીઓ તે બાબે શંઘલા મકાંન ઉપર કાગજ લખા જે એને એ કામ કોઈ કરવા દીએ નહી. એ ઉદેપોરનાં મોબેદોએ મેઆંન નહી કીધા ને પોતાના પેટને કાજે

તેને ઉરત બીજી કરાવી રવાંને કીધો તે બાબતે શેઠજી શાહેબો એ લોકો પર ઘણાંજ ગોશે થાએઆ. તેની હીનપશતીથી આજ એ લોકો હમારે હીઆનાં પંથક બાબે જુઠાં તોફાંન લખે છે. કાંએ જે તે વાત તો જુની થઈ શાહેબજીએ દરીઆફત કરવી.

૯ કલમ નવમી એ જે હમારે હીઆંનો મુજી મોબેદે રાંમનગરમાં ઉરત કીધી તે ઘણું જબુન કાંમ કીધું. પેલાં તે મુંબઈથી શખશ આવો તે વાર એ વાતનો ગલબો થાએઓ. તેથી તેને શરવ મલી ધમકાવો જે તું આ સું કામ કરે છે તે વાર શોગંદ ખાઈ નીકલી ગીઓ, જે હું એ કશબ કરૂ નહી. ને હેવું બાંનું કરી રાંમનગરમાં જાઇ એ કાંમ નાલાએક કીધું તે કાંઈ બીજી તે કાંઇ ખબર અમને રહી નહી. બાદ તે શખશની ઉરત પાછી રાંમનગરમાં તેની માએને તાંહાં જણુવાને કીજે આવી તે ઉપર તેને નોણુ નવાડવાને કીજે અમોને કેવાડું તે વાર હમોએ શાફ નાં કહી. તો શાહેબો ફેહેમ કરી જુવો કે આટલું તોફાંન ઉઠેલું ને તે લોકો ઉદેપોરનાંએ જાઇને પોતે નોણુ નવાડી પાક કીધી. તો શાહેબજી તે લોકો તોફાંન હેવું કરેચ ને તમારે પર કાગજ અદાવતથી જુઠાં લખે છે.

૧૦ કલમ દશમી એ જે તે ઉદવાડા મધે શરવ જાંણુકાર બુઢા હતા તેનાંને આગલી ખબર હતી તેથી તે હમારી મોરજાદા રાખતા. તે તો ઉઠી ગીઆ ને શંધી નાદાંન મંડલી રહી ને આજ દારાબજી* છે તેને તેહોણુનાં બાપે વલશાડ મધે હમારા દા. ફરામજીને તાં પઢવા મુકા ને લખું જે દારાબજી તમારો ફરમાન બરદાર રહેશે તેથી વરશ ૩) સુધી ઘર રાખા ને શારી તરાં મેહેનત કરી ખબરદાર કીધો ને તેના બાપ ગુજરા પછે દશતુરજી તાહાં જાઇને **પંચાતમાં દશતુરી અપાવી આવા†**

---

*દસ્તુર દારાબજી બેહેરામજી એઓ ઇ. સ. ૧૭૮૫ થી ૧૮૫૫ સુધી દસ્તુર હતા. †પંચાતનો અર્થ "અનજુમન" જેવો થાય છે, તે ૧૧મી કલમમાં વપરાયલા એજ શબ્દ ઉપરથી દીશે છે. તા. ૯ મી આગસ્ટ ૧૬૭૨ N. S. વાલા લેખમાં "પંચ" શબ્દ "અનજુમન" માટે વપરાયલો છે, એમાં કાંઇ પણ શક નથી.

તે દારાબજી આજ દશતુર ફરાંમજીની ફરમાંન બરદારી કરે છે ને તેનો બદલો આજ પોચે છે. તે શાહેબોને સું લખું. તે દારાબજી તા. હમારે હીઆંનાં જણ ૩) ૪) મલી વીકાજીભાઇને એકલકાંની શમજાવી જુઠાં તોફાંન લખે છે તો શ્રીજી જે જેવું કરશે તે પાંમશે.

૧૧ કલમ અગીઆરમી એ જે શરદાર શાહેબોએ પાછલું મેહેજર મોકલું તે મધે લખેલું જે દા૦જીએ (=દસ્તુરજીએ) પાતાનાં છોકરાને મજદકી દીનવાલા શાથે સુરત કજીઓ લડવા મોકલા તો શાહેબો શમજ કરી જુવો જે હમારે હીઆંનાં તા. ઉદવાડેનાં અદાવતથી જુઠું તોફાંન લખે તે માંનીને શાહેબોને હેવું લખવું લાજમ નહી તે છોકરો તો તેનાં શાલા શાથે કંઈ ધંધો કીધો હશે ને છોકરાની નોજેદી બાબત તેને લીધે પાછલથી ગીઓ તે વાર પછે તે પોતાનું કાંમ કરી આવા તે હકીકત શેઠ મીનોચેહેરશાજી તાંહાં આવા છે તેહોણથી વાકેફ થાજો. બીજું તમોએ લખું જે દશતુરજીએ હમારા કાગજ મેઆંન નહી કીધા તો શાહેબો પંચાતમાં કાગજ વાંચતાં બે તરફથી ફીતુર કરી ફેશાદ ઉઠાવો તાહાં દશતુરજી ગરીબ શ્રું (=શું) કરે. દશતુરજીએ તો તમારી શાહીને આંખોશે લગાડી શેડજી તમારા કાગજ આવાથી દશતુરજી ખુશી બર ખુશી.

૧૨ કલમ બારમી એ જે હાલ ભાઇ શાહેબ શ્રી વીકાજી-ભાઈ ઉદ્દેપોર આવા છે તેવાએ વાર ૨) ૩) કાગજ લખીને દા૦ જીને (=દસ્તુરજીને) તા. હમોને બોલાવા જે ઉદ્દેપોર આવો તે વારે હમોએ હીઆંથી જવાબ લખા જે હમોને તાંહાં આવવા-નું માફ કરો. તમો શાથે મલવાની તો ઉમેદવારી છેજ. પણ સું કરીએ દરાજ વાત પડી તેથી હમોને માફ કરો.

૧૩ કલમ તેરમી એ જે તમો શરદાર હમારા છેઓ. તમોથી તો હમારૂ પોશન છે. દા૦જી (=દસ્તુરજી) તા. હમો રાત દીશ પછી તમારા ખાંનદાંનનાં હકમાં દુઆ માંગીએ છેઇએ.

શાહેબજી મોટા શરદારોએ હીનદોશતાનનાં જીલામો ગોઇઆ કેઆંની પાદશાહ છેઓ. ખોદા તમોને દીરગાહ શલાંમત રાખે. હમો ગરીબ મોબેદોની દાદ લેઈ બરદાશત કરવી. શાહેબજી દો તરફા (?) શાંભલવાની જણાએ નહી. વાશતે મેહેરબાંન થાઈને જંણુ ૨) દાના શખશ ઉદેપોરનાં તા. જણુ ૨) હીઆંના ગરીબ આજેજ શાહેબોની શેવામાં મોકલવાને એક એકના જવાબ શવાલ શાહેબોનાં શાંભલવા ધેઆનમાં આવશેજ. આ વખતમાં એ વાતનાં ઉમેદવાર છેઇએ. એહોની ચાલની વાત સું લખીએ. કાગજમાં કાંઈ લખાએ નહી. કાંએ જે એક નાવમાં બેઠેલા. તેથી મોહોથી શાંભલો તો જાહેર થાએ. તે કરતાં હમારે હીઆંનાં મોબેદ મીનોચેરજી શાપુરજી તહાં તમારી શેવામાંજ છે તેથી શરવે જાહેર થાશેજ. જીઆદે સું અરજ કરીએ. એજ વીનતી. શંવત ૧૮૭૮ નાં માગશર વદ ૧૩ ને રોજ ૨૦ માહ ૩ શને ૧૧૯૧ ઈઅજદજરદી."—

આ કાગજ ઉપર આ. ફરામજી રૂશતમજી, દાદા કાઉશ તથા બીજા ૧૬ મોબેદોની સહી છે. (એ. જમશેદજી પેસુતંનજી શંજાણા વલસાડવાલા કનેની નકલ ઉપરથી એરવદ એરચ શોહરાબજી મેહેરજીરાણાએ નવસારી મેહેરજીરાણા લાઈબ્રેરીનાં ભેટ આપેલાં ગુજરાતી પુસ્તક ના. H ૯૭ (૭) માંથે કરેલી નકલ ઉપરથી).

લગ્નોની આવક વિષે ઉદવાડાવાલા મોબેદો તથા વલસાડવાલા મોબેદો વચ્ચેનો કજીયો કોરટે ગયો.

આપણે ઉપર કહ્યું તેમ વલસાડમાં થતાં લગ્નોની આવક ઉપર ઉદવાડાવાલા મોબેદોના ભાગ હીસ્સા બાબે એ બંને ગામોના મોબેદોમાં કાંઇક મુદત સુધી ટંટો ચાલ્યા કીધો હતો. તેના નિવેડા માટે તેઓ સુરતની અદાલતમાં ગયા હતા, જ્યાં તા. ૧ લી અકટોબર ૧૮૨૩ ને દીને નીચે પ્રમાણે ચુકાદો થયો હતો. તેનો સાર પારસી પ્રકાશમાં નીચે પ્રમાણે આપ્યો છે:—

"૭૧ વર્ષ ઉપર એ બાબે પેશવાની સરકાર તરફથી ફેસલો* થયો હતો, જે હદ કાવેરી દક્ષણ તીર પ્રાંત સુરતથી તે હદ વૈતરની કીનારે મોજે દાંતીવેર પ્રગણે માહીમ પ્રાંત વશઈ લગીના પારસી લોકનું અંધારૂપણું જે અસલથી ઉદવારેવાલા અંધારૂ ત્રણ ભાગ્યા (=ધનપાલ હોરમજીયાર, કામ હોરમજીયાર, અને શાએર હોરમજીયારના વારેસો) તથા ત્રણડેના બીજા ભાગ્યાઓમાં ચાલતું આવે છે તે પ્રમાણે ચલાવવું. પણ તે પછી વલસાડવાલાઓએ પોતાને ત્યાં થતાં લગનોનો ભાગ ઉદવારેવાલાઓને નહીં આપ્યો તે ગેરવાજબી છે. વલસાડના દસ્તુર ફરામજી રૂસ્તમજી કહે છે કે એમ તેઓને ભાગ આપીએ તો ખાઇએ શું? પણ તે કાંઇ વાજબી કારણ નથી. માટે જેમ કદીમ શરેસતા પ્રમાણે ચાલે છે તેમ ચાલવું. અને ઉદવાડાવાલાઓના ચઢેલા રૂ. ૫૨) (?) તેઓની વતી દસ્તુર દારાબજી બેહરામજી તથા દસ્તુર રૂસ્તમજી ટેહમુલજીને, વલસાડવાલાઓની વતી આ. માણેકજી બેહરામજી તથા આ. બહમનજી માણેકજીએ આપવા." (પા. પ્ર. પાને ૧૮૩).

ઉપલા ચુકાદાની સંપૂર્ણ નકલ જામાસ્પજી મેહેરજીરાણાના હસ્ત લેખ ના. ૨ પાને ૪૩ ઉપર નીચે પ્રમાણે છે:—

"તા. ૧ લી અકટોબર સને ૧૮૨૩ અંગ્રેજી આંક ૧૬૬૧ સને ૧૮૨૩. ફરીઆદીઓ દસ્તુર દારાબજી બેરાબજી તથા રૂસ્તમજી તેમુલજી વગેરેની તરફથી મુખતેઆર એજદીઆરજી કાવસજી તા. કાઉસજી જમશેદજી તા. ખુરશેદજી જમશેદજી† મનોચેરજી તા. કાઉશજી દારાબજી. તેના વકીલ પેહેલાં ખુશાલદાસ માણેકલાલ તથા વકીલ બીજો બેજનજી બેરામજી. વાદીઓ (=પ્રતિવાદીઓ ?) ૨ માણેકજી બેહેરામજી તથા બહમનજી માણેકજી તેનો વકીલ ત્રીકમદાસ. દાવો રૂ. ૫૨)નો (?). વલશાડનાં

---

* શાપુર શામરાનો કેસનો ઇશારો દીશે છે, કે જે આપણે ઉપર જોઇ ગયા.

† એ. મેહેરજીભાઇ કુટારની નકલમાં "જમશેદજી" નામ નથી.

પારસીઓનાં ઘરનાં લવાજમ અસલથી ફરીઆદીનો હક છે તે વાદીઓએ લીધા તેના નુકશાન બાબદનો કીધો. અરજી તથા જવાબ તથા ફરીઆદીની રજુ કરેલી સનદો જોએઆથી તથા શાહમશાહમાં સાહેદોની સાહેદી તકરાર સાંભરેઆથી ફરીઆદીનાં દાવાનું કારણ વાજબી નજર આવીઉં. શા વાસ્તે જે એકોતેર વરસ ઉપર એ બાબદમાં પેશવાની સરકારથી ફેસલો થાએઓ છે અનજુમનમાં જે હદ કાવેરી દખશીન તીર પરાંત વશઇ લગીનનાં* પારસી લોકોનુ અંધીઆરૂપણું અસલથી ઉદવાડેવાલા અંધીઆરૂ ત્રણ ભાગીઆ તથા ત્રણેના બીજા ભાગીઆઓમાં ચાલેઉં આવે છે તે પ્રમાણે ચલાવવું ત્યારપછી પણ એજ પ્રમાણે બીજા હોકમમાં એજ બાબદમાં ફરીઆદીએ ગુજારેઆ છે તેથી તથા શાહેદીથી ફરીઆદીના ભોગવટામાં પણ કંઈ શક નથી. તે વાદી લોકોએ જવાબમાં લખીઉં છે કે એ બાબદમાં હમારા દસ્તુર ફરામજી રૂસ્તમજી પાસે ફરીઆદીનો દસ્તાવેજ છે પણ તે દસ્તાવેજ વાદીઓએ આટલી મુદતમાં ગુજારેઆ નહી. તથા ફરામજી મચકુરે પોતાની સાહેદીમાં એ વાતમાં કાગળ પત્રથી ઈનકાર કીધો જે વાદીએ મેહેજર ગુજારેઆ છે તે ઉપર સરકારનો પાકો ભરૂસો આવતો નથી. ને ફરીઆદીનાં રજુ કીધેલા દસ્તાવેજોની નીશબતે એ મેહેજરમાં કંઈ ઇતબાર નહીં. તે ઉપર વાદીએ તકરાર લીધી જે ફરીઆદી લોકો ઉદવાડે રહીને વલશાડનાં પારસી પાસે લવાજમ માંગે છે ત્યારે વલશાડવાલાઓનું ગુજરાન કેમ થાએ. પણ સનદમાં ઉદવાડેવાલાની† બીનાનો દાખલો છે. ને વલશાડવાલાનું ગુજરાનને વાસ્તે ગમીનું લવાજમ જુદું છે. તેમાં ફરીઆદી રૂ. ૧) કરતાં દાવો જાદે રાખતા નથી.

---

* એ. મેહેરજીભાઈ કુટારની નકલમાં હદ આ પ્રમાણે છે :-"જે હદ કાવેરી દક્ષણ તીર પ્રાંત શુરતથી તે હદ વઇતરણી કીનારે મોજે દાંતીવેર પ્રગણે માહીમ પ્રાંત વશઇ લગીનના..."

† ઉપલી નકલમાં "ઉદવાડે રહેવાની બીના તો દાખલ છે" આવા શબ્દો છે.

ને કહે છે જે ઉદવાડાની આએપતમાં પણ એ વાદી લોકનો થોડોક હીસ્સો છે. વાસ્તે એ સર્વે તજવીજથી ફરીઆદીનો દાવો ૪ લગનના લવાજમ રૂ. ૩૨) સાબેત થાએઆ તે ઉપર હોકમ થાએઓ જે વાદીઓ રૂ. ૩૨) ફરીઆદીને આપે. ને નીચેની વીગત પ્રમાણે ખરચ અદા કરે. ને ફરીઆદી પોતાના પહેલા વકીલને પોતે રજુ કરે." નોંધ—આ પછી ખરચની વિગત છે. (ઉપલા દસ્તાવેજની એક નકલ એ. મેહેરજીભાઈ કુટાર કનેથી પણ મળી હતી, જ્યાં શબ્દોની એબારત લગાર જુદી છે).

ઉદવાડાવાલા તથા વલસાડવાલા મોબેદો વચ્ચેના કજયાના ચુકાદાની અપીલ.

ઉપલા ચુકાદાથી નારાજ થઈ પ્રતિવાદીઓ આ. માણેકજી બેહેરામજી તથા બહમનજી માણેકજીએ અપીલ નોંધાવી હતી, તેનો ચુકાદો તા. ૧૧ મી મે ૧૮૨૪ ને દીને અપાયો હતો, તે નીચે પ્રમાણે હતો:—

"શ્રી શુરતની અદાલતમાં અપીલનો ફેશલો બીજા રજીષ્ટરની હજુરમાં તા. ૧૧ મી મે ૧૮૨૪ વાર શોમે. અરજીનો નંબર ૪૮૫૩ સન ૧૮૨૩ નો ફરીઆદી માણેકજી બેહરામજી તથા બમનજી માણેકજી વકીલ વણારશી ભગવાન. વાદીઓ દસ્તુર દોરાબજી બેરામજી નથા રૂસ્તમજી તેમુરજી વગેરેના મુખત્યાર કાવશજી દોરાબજી વકીલ રાઈ એદ બદર વલદેખાનજાહા.

દાવો રૂ. ૩૨) નો પીરોજશા શદર અમીનના હુકમનામાથી નારાજ થઈને કીધો અરજી તથા હુકમનામુ વીગેરે શરવે કાગલો હાલના તથા આગલા શદર અમીનના અશલ દફતર સાથે વાંચતા બંને તરફની તકરાર સાંભલી તેથી ફરીઆદીની અપીલ કરવી બેની નજરમાં આવી શાથી જે વાદીના ગુજારેલા દસ્તાવેજોથી તથા વાદીના શાહેદોથી વાદીનો દાવો જે તરેકે શાબીત થયો જોઈએ તેજ પ્રમાણે શાબીત થયો છે ને ફરીઆદી કહે છે જે એ લવાજમ હમારો હક છે. પણ વાદી દસ્તાવેજોથી તથા શાહેદોથી તથા વાદીના ભોગવટાના દફતરોથી એ લવાજમ

બેશક વાદીનો હક છે. પણ શદર અમીનના હુકમનામામાં રૂ. ૩૨) વાદીના હક નું લવાજમ ફરીઆદીએ લીધું મુકરર કીધું છે પણ એ લવાજમનો રૂ. ૩૨) ફરીઆદીએ લીધા મુકરર કરવા બાબત શદર અમીનનું હુકમનામું દુરસ્ત કરવું જરૂર થઉં. કાંજે મોટાભાઈ શાપુરજી વાદીના શાહેદની શાહેદીથી ઘરચારનું શાદીનું લવાજમ વાદીનો હક ફરીઆદીએ લીધો શાબીત થયો છે. તે હર શાદીના રૂ. ૫) વાદીના શાહેદોને લવાજમ કહે છે. માટે હુકમનામું થવું જે હુકમનામું શદર અમીનનું તા. ૧ લી અકટોબર શને ૧૮૨૩ ને દીને થઉં છે તે વાદીને ફરીઆદી પાશે અપાવવા બાબત દુરસ્ત કીધુ તે હુકમ થયો કે રૂ. ૨૦) ઘર ૪ ના શાદીના લવાજમ ત્યારે ફરીઆદીએ લીધા શાબીત થયા તે ફરીઆદી વાદીને આપે ને ખરચ હાલનો તમામ ફદીઆદી આપે. ને ફરીઆદીએ આજ દીને કાગલ બે હજુરમાં ગુજારા છે તે ઉપર શરકારે કાંઈ ઈતબાર રાખો નહી. શાથીજે અગર કાગલ મજકુર ફરીઆદી પાશે હતા તો શદર અમીનની હજુરમાં કેમ ગુજારા નહીં અથવા તેની જીકર અપીલની અરજીમાં કેમ લખી નહીં. તે કરતાં પણ એ કાગલો વાદીના દસ્તાવેજ જોવા હુકામીનથી (?) ફેશલો થયો." નોંધ—આ પછી કાગળોની તથા ખરચની યાદી છે. (એ. મેહેરજીભાઇ ન. કુટાર કનેથી મળેલું કાગજયું—નકલ).

ઉદવાડાવાલા મોબેદોએ વલસાડના મોબેદો સામે માંડેલો બીજો મુકદમો.

એમ માલૂમ પડે છે, કે ઉપલા ઈ. સ. ૧૮૨૩ ના કોર્ટના ચુકાદાની ઝાઝી અસર થઈ નહીં. અને વલસાડના મોબેદો લગ્નનાં કામો કરતા રહ્યા. આથી ઈ. સ. ૧૮૨૫ માં ઉદવાડાના દસ્તુરો તથા મોબેદોએ વલસાડની મોબેદ અનજુમન સામે બીજો મુકદમો માંડયો. તે નીચલા દસ્તાવેજ ઉપરથી જણાય છે:-

"આંક ૧૦ વાદીના વકીલે રજુ કરેલી નંબર ૧૩૪૧ શન ૧૮૨૫ ના હુકમની નકલ. (અત્રે મોહોર છે). શ્રી સુરતની

અદાલતનો ફેશલો. તા. ૧ લી જુન શને ૧૮૨૬ વાર ગરેઉ અરજીનો નંબર ૧૩૪૧ શન ૧૮૨૫. ફરીઆદી દસ્તુર દોરાબજી બેહરામજી તા. રૂસ્તમજી તેમુરજી તથા હોરમજજી માણેકજી તા. મનચેરજી બરજોરજી તા. હોરમજી રૂસ્તમજી તથા શાપુરજી દાદાભાઇ તથા માણેકજી પાલણજી તથા મનચેરજી રૂસ્તમજી તથા માણેકજી ભીખાજી મુખત્યાર કાવશજી દોરાબજી વકીલ મુખત્યારનો માણેકજી પેસ્તનજી.

વાદીઓ ફરામજી રૂસ્તમજી તથા દાદાભાઇ કાવશજી તથા નશરવાનજી જામાશજી તથા મનચેરજી શાપુરજી તા. તેમુરજી માણેકજી તથા ફરામજી તા. મનચેરજી તથા બરજોરજી કેરશાશજી તથા નવરોજી ભીખાજી તથા માણેકજી બેહેરામજી તા. નસરવાનજી જામાશજી તા. હોરમજજી કાહાનજી તથા નશરવાનજી મનચેરજી તથા બરજોરજી ફરામજી તથા દાદાભાઇ બરજોરજી તથા રતનજી બરજોરજી તથા જમશેદજી કેરશાશજી તથા હોરમજજી કાહાનજી તથા બમનજી માણેકજી કુલે અધ્યારૂ પ્રમાણે મજકુરની પંચાએત.

દાવો રૂ. ૩૦૦)નો બાબત એ જે કાવેરી દક્ષણ તીરથી તે હદ મોજે દતુરા શુધી કુલે બેહેદીનોને તાહા શાદી વગેરેનું કામકાજ કરવાનો હક પેશવા શાહેબના નીવાડપત્ર વગેરે દસ્તાવેજો પરમાણે ફરીઆદીનો છે. ને તેનું લવાજમ જે થાય છે તે ફરીઆદી લે છે ને હાલ વાદીઓ ફરીઆદીને હરકત તથા મુજાહેમત કરે છે તે ઉઠાવા શોર કીધો ને અરજી વગેરે શરવે કાગલો વાંચા તે વાદી દાદાભાઈ કાવશજી તથા બરજોરજી કેરશાશજી તથા નશરવાનજી મનચેરજી તથા બરજોરજી ફરામજી તથા દાદા બરજોર એ જન ૫ ને હાજર થવા ચોડો ને તેની મુદત પુરી થઈ પણ વાદી મજકુર હાજર થયા નહીં. ને એ જણ ૫ પાંચ શીવાએ બીજા વાદીઓ ઈશતીહાર ચોડા છતા અરજીનો જવાબ લેઈને હાજર થયા નહી ને નંબર ૧૬૬૧ શન ૧૮૨૩ વગેરેના હુકમનામુ જોયા પછે હુકમનામુ થઉં કે બેહેદીનોને તાહા શાદી વગેરેનું કામ ફરીઆદીને કરવાનુ હોય તથા

ફરીઆદીઓ હક લવાજમ લેવા જાએ તાહા વાદીઓ ફરીઆદીઓને હરકત તથા મુજાહેમત કરે નહીં. ને ખરચ નીચેની વીગત પ્રમાણે વાદીઓ આપે." પછી ખરચની વિગત છે. (એ. મેહેરજીભાઈ ન. કુટાર કનેથી મળેલું કાગળ—નકલ).

લગ્ન વગેરેના હક સંબંધમાં વલસાડના મોબેદોએ ઉદવાડાની અનજુમનને લખી આપેલો લેખ.

આ પ્રમાણે કેટલાંક વર્ષો સુધી ઝઘડો ચાલ્યા બાદ તા. ૭ મી ફેબરવારી ૧૮૨૬ ને દીને વલસાડના સમસ્ત મોબેદોએ ઉદવાડાના દસ્તુર દોરાબજી બેરામજી તથા દસ્તુર રૂસ્તમજી ટેહમુલજી વગેરે ત્યાંની સમસ્ત મોબેદ અનજુમનને એક લેખ કરી આપ્યો, કે "શ્રી વલશાડ તરફ આપણા કદીમ શરેસતા મુજબ લગનનો હક જે તમારો (=ઉદવાડાવાલાઓનો) હતો તે વિષે સંવત ૧૮૭૬ (ઈ. સ. ૧૮૨૦)માં* આપણને જે ટંટો ચાલ્યો હતો તે કજીઓ અદાલતે ચઢયા પછી વલસાડવાલા શેઠો મોટાભાઈ શાપુરજી (તથા બીજા ૭ સાહેબોનાં નામો છે તે મળી) આઠ જણાને દરમીઆન લાવીને બેહુ તરફથી અનજુમન ભરી એવો ઠેડાવ કીધો કે હવેથી જેમ આગળ થતું હતું તેમ લગન તથા ગગરનાનો લવાજમ તથા વારાના હકમાં તમોને (=ઉદવાડાવાલાઓને) શામેલ કરવા. અને જ્યારે વારો આવે ત્યારે વડા દસ્તુરજી પર કહેવડાવવું, તથા અગર અમો (=વલશાડવાલાઓ) ઉદવારે આવી ત્યાંના વહીવટ મુજબ બરશનુમ લઈજીએ તો આતશબેહેરામની બોએ દેવાના વારાનો હક અમોને બી આપવો."† (પા. પ્ર. પાને ૧૯૩). આ લેખ ઉપર વલસાડના મોબેદો આ. માણેકજી બેરામજી તથા બીજાઓની સહીઓ છે.

---

* ઇ. સ. ૧૮૨૫ વાલા મુકદમામાં કાગલોની વિગત આપી છે તેમાં ઇ. સ. ૧૮૧૮ ના ના. ૨૩૮૪ વાલા હુકમનામાંની નોંધ છે, તે ઉપરથી માલૂમ પડે છે, કે આ ટંટો ઇ. સ. ૧૮૧૮ થી શરૂ થયો હતો.

† ઉદવાડાની નવ કુટુંબોવાલી અનજુમનને તાબેનાં પંથકો તારાપોર, જાંબોરડી દવીયેર, નારગોલ, સરોંડા, પારડી, ઉદવાડા, દીવ,

ભગરીઆઓના તથા દેશાઈઓના જુલમાત બાબે મનોચેહેર હોમજીસાથવાલા મોબેદોએ સર જમશેદજી જીજીભાઈને લખેલો લાંબો અગત્યનો કાગળ. તેમાં આગલા બનાવોનો રજુ કરેલો સાર.

ઈ. સ. ૧૮૩૧ ના સાલમાં મનોચેહેર હોમજી સાથવાલા મોબેદોએ દેશાઈઓના જુલમાત બાબે એક લાંબો કાગળ સર (તે વેળાએ શેઠ) જમશેદજી જીજીભાઈ ઉપર લખ્યો હતો. તેમાં આગલા ઐતિહાસીક બનાવોનો સાર આપેલો હોવાથી તે આપણે નીચે લગભગ સદાબરો ઉતારી લીધો છે:—

"સદા નેકનામ જવા દોલત બુલ (?) એકબાલ કવી તાલે ગરીબ લોકની પરવરસીનાં કરનાર હાજેતમંદ લોકોની હાજતનાં પોહોંચડનાર, ગમ ભરેલા લોકોને ગમથી છોદવનાર, બેવારસ લોકોની દશતગીરીનાં કરનાર દીન દોશત મોટા દરજાનાં શેઠજી સાહેબ શ્રી પાંચ શેઠ જમશેદજી બેહેશત મકાની જીજીભાઈ રોજ બરોજ દોલતે એકબાલ જાહો વ જલાલ બા ફરજંદાને ફરજંદ તા. હજાર સાલ જીઆદે બાદ. લખતંગ અરજનાં કરનાર

દમણ વગેરેમાં લગ્ન હોય છે, ત્યારે ગામોનો પંથકી પરણનારાં વરકન્યાની વિગત નામ નીશાન સાથે અનજુમનના કારભારીઓને લખે છે. તેઓ મોબેદોને રજાની ચિઠ્ઠી (જેને "લાભું" કરી કહે છે તે) આપે છે. અસલમાં આ ચિઠ્ઠી ઉપર બંને દસ્તુરજીની સહીઓ થતી હતી. પાછળથી ૧૬ ગૃહસ્થોની અનજુમન કમીટી નેમાઈ માટે કમીટીના ચુંટી કાઢેલા પાંચ સાહેબો સહી કરતા હતા. તા. ૨૧ મી માર્ચ ૧૮૯૬ ની અનજુમનની સભાએ ઠરાવ કીધા પ્રમાણે બંને દસ્તુરજીનીજ સહીઓ લેવાનું ઠરાવ્યું હતું. પાછળથી આ ઠરાવમાં ફેરફાર કરી બે મુખત્યારોને આ કામ સોંપવામાં આવ્યું હતું

નોંધ—નવસારીના ભગરીઆઓને લગતાં પંથક પંખેડીના ૫૬) ગામોની ટીપ સવત ૧૬૪૦ થી ૧૬૮૯ સુધીની સારૂં જોવો પારસી પ્રકાશ પા. ૮૩૯, તથા જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨, પાને ૧૧–૧૨. સંવત ૧૬૯૪ માં ચેમોલ, કલીઆણી તથા ભીમરડીનાં પંથકો ભગરીઓને લગતાં હતાં તે વિષે જોવો જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૬૮.

શેઠજી સાહેબનાં હકમાં રાત ને દીન નેકીનાં ચાહનાર શ્રીજી નોસારીનાં મોટા ફલીઆ મધેના તા. નાના ફલીઆ મધેનાં બેહેદીનોનાં કબુલ કીધેલાં ઈઆને શેઠ સાહેબનાં બેહેશતનશીન બુજરગોવારો હાથ પકડી લાવેલા મોબેદો મનોચેર હોમજીના મલતીઆ સાથ સમસ્તની અરજ બંદગી. શેઠજી સાહેબની ખીદમતમાં અરજ એ છે જે પરથમ સંવત ૧૭૪૨ ના સાલમાં શ્રી નોસારી કસ્બાનાં ભગરીઆ અંધીઆરૂઓએ ગડાઈની ભીખની જાસ્તીનાં જુલમ બાબદ અંદેશો કરીને તે વખતનાં બેહેસ્તી બેહેદીન લોકોને મારી નાંખીઆ અને તેની સાથે બેહેદીનોનાં ઘર લુટી તમામ અશબાબ તથા માલમતા સર્વે લુંટી લઈ તારાજ કીધાં તે સબબથી નોસારી કસ્બાનાં તમામ બેહેદીનો મલેશર ફલીઆનાં તા. મોટા ફલીઆનાં આવા ખુનના જુલમથી શ્રી સુરત મધે નવાબ સલાબતખાનની સરકારમાં ફરીઆદ થયા. તે વારે તે સરદારે તે ખુની ભગરીઆ અંધીઆરૂને નોસારીથી પકડાવી બંધાવી મંગાવી જુલમનાં બંધીખાનામાં કેદ કીધાં. અને તે ખુન નવાબ સાહેબે ભગરીઆ અંધીઆરૂ ઉપર ખરો ઠેરાવીઓ. તે વારે સુરતનાં બેહેદીન સાહેબોએ ઘણી મહેનત કરી ખુનની તકસીર ભગરીઆ લોકોને માફ કરાવી. પછી ભગરીઆ અંધીઆરૂઓ સમસ્તે લોકોએ પોતાને હાથે રાજીનામું બેહેદીન સાહેબોને લખી આપું જે હવેથી ગંદાઈની ભીખ બાબે બેહેદીનો ઉપર હમારો કશો દાવો દખલ નહી, અને બેહેદીનોની ખુશી ચાહે તે અંધીઆરૂ પાસે પોતાનાં ઘરનાં કામ કરાવે. હમો ભગરીઆ અંધીઆરૂનો કસો દાવો દખલ નહી. હવે પછી હમારો કોઈ એક ભગરીઓ અંધીઆરૂ ભીખ સંબંધી કશો દાવો કરે તો ૫૦ મણ તેલ મસીદમાં આપે ને રૂ. ૪૦૦) શરેહમાં ગુનેહગારી આપે. તે પ્રમાણે ભગરીઆ અંધીઆરૂઓએ મચકુર બેહેદીનોને લખી આપ્યું છે તે કાગળ રાજીનામાનાં નવાબ સાહેબની મોહોર સુધાંનાં હમારે પાસે હાજર છે. તે અસલ ઉપરથી નકલ ઉતારી તમો સાહેબની ખીદમતમાં આએ અરજીની સાથે પહોંચાડી છે.

હવે તમો શેઠજી સાહેબ દરીઆફ કરો જે નવાબ સાહેબે જે પારકા મજબનો તે જેવા સાહેબે ઇનસાફ કરીને એ ભગરીઆ અંધીઆરૂનાં જુલમથી હમો મનોચેર હોમજીવાલા ગરીબ તમારા મોબેદો તા. બેહેદીનોને નહી છોડાવો તો તમો શેઠજી સાહેબ સીવાએ બીજો કોણ છોડાવે. એ ભગરીઆ અંધીઆરૂ લોકોએ ઘણીજ પોતાની બદખશલતની ચાલ કરી દેખાડી તે સબબથી પછી તમામ બેહેદીનોએ બે ત્રણ વાર દુર કરી પોતાનું ધરમ કામ તા. અસો રૂવાનોનાં દરૂન બાજ રોજનુ એ વીગેરે સર્વે કામ પોતાનાં પાજીએઆબ (=પાદીઆબ) કુસતી કરી લુબાન મુકી ચલાવીઉં. પણ એ ભગરીઆ અંધીઆરૂઓને બેહેદીન લોકોએ પોતાને દરવાજે ચઢાવીઆ નહીં. પછી સર્વે બેહેદીનોએ મીસલત કરી એક મોબેદ નેક ખસલત મનોચેર હોમજી નામનો હતો તે મોબેદને કુલે બેહેદીનોએ સમજાવીઓ જે હમો સર્વે બેહેદીનો તારે ઉપર રાજી છઇએ. અને તું હમારૂં કુલે ધરમનું કામ કર. કાંએ જે આજ બે ત્રણ વરસ થયાં હમો સર્વે બેહેદીન લોકો કુલે ધરમનું કામ બીન ખુશનુંદીએ લોબાન અરદીબેહેસ્ત ઉપર મુકીને કામ ચલાવીએ છઇએ. શેઠજી સાહેબ એ વાતનો કેસો (=કીસ્સો) તો ઘણો લાંબો છે. એ લખાથી ઘણું લંબાન થાએ છે. મુખતેશર અરજ કરૂં છું. તે વારે તે સર્વેનો સખુન મનોચેર હોમજીએ કબુલ કીધો. અને કુલે બેહેદીનોની તરફ જાઇને કુલે ધરમનું કામ કરવાનું શરૂ રાખીઉં. એવી વાતથી તમામ ભગર અંધીઆરૂઓ લાઇલાજ થાયા અને બંદોબસ્ત કીધો જે એ મનોચેર હોમજીએ તમામ બેહેદીનોની તરફેણ કરી આપણા ટોલાથી એ જુદો પડયો તે ઉપરથી એ ભગરીઆ અંધીઆરૂઓ હમોને આજ દીન સુધી કાલાનાં કરી કહે છે. વાસ્તે શેઠજી સાહેબ મોબેદ મનોચેર હોમજી એ સર્વે બેહેદીનોનો સખુન પરવરને વાસ્તે પોતાનાં ટોલાથી જુદો પડયો. અને તે દીનથી ભગરીઆ લોકોએ બેટાબેટી આપવાનો વહેવાર હમો સાથેથી કાદી નાંખીઓ. એવો મીનાકેશો એ ભગરીઆ સાથે મનોચેર હોમજીવાલાની

સાથે આજ વરસ ૧૪૭ થયાં જુદાગરી પડી છે. તમો નામદાર સાહેબ શ્રી નૌસારી મધે યા સુરત મધે યા મુંબઈ મધે નેક કામ ગહુંબાર ઈઆ બીજા ધરમખાતાનાં બેસુમાર કામ કરો છો ત્યાં હરેક હમકારમાં મોબેદોનું ખાનું થાએ છે ત્યાં હમારા મનોચેર હોમજીવાલાઓને એ ભગર લોકો બોલાવતા નથી. અને કહે છે જે એ તો કાલાનાં છે. એ લોકોને અને આપુને શું છે. એ પ્રમાણે એ ભગર લોકો હમારી સાથે તે દહાડેથી ઘણી અદાવત રાખે છો. દીગર અરજ એ છે જે જે દીનથી મોબેદ મનોચેરહોમજીનો બેહેદીન લોકની તરફ આવ્યો તે વારથી સંવત ૧૭૯૦ ના સાલ સુધી બેહેદીન લોકોનું કુલે ધરમનું તા. સીઆદીનું તા. રવાનોનું સર્વે કામ મોબેદ મનોચેરજીવાલાએ કીધું તે વાર પછે ઘણીમનુ* રાજ થાઉં અને ગંગાજી ગાયકવાડનો અમલ થાઓ. તે વારે ખુરશેદજી દેશાઈનો અમલ દશ ઘણો વધારે થાઓ તે વારે પોતાનાં ભગર લોકોને દેશાઈએ કહું જે હાલમાં આપણે બંદોબસ્ત સર્વે વાતનો કરી લેવાનો વખત મારા હાથમાં છે. વાસ્તે મારા વીચાર પ્રમાણે તમે સર્વે લોકો મને લખી આપો તો એ સર્વે બેહેદીનોને જેર કરીને મનોચેર હોમજીવાલા મોબેદ સાથે દાવો ઉઠાવી હું કજીઓ લડું અને એ કજીઆને માથે (=માટે) જે ખરચ લાગે તે હમો કરૂં. હમો તમો મોબેદ મનોચેર હોમજી સાથે ભગરીઆ કરી આપું. વાસ્તે તમો સર્વે ભગર લોકો મને લખી આપો જે તમો શરકાર કજીઓ લડો તે બાબતનો જે ખરચ થાશે તે હમે સર્વે ભગર લોકો મલીને આપશું. એ પ્રમાણે ખુરશેદજી દેશાઈએ પોતાનાં ભગર અધીઆરૂ પાસેથી લખાવી લઈને પછી ગંગાજી ગાયકવાડની સરકારમાં કજીઓ નાંખ્યો અને કજીઆમાં

---

* શેઠ મ. પે. ખરેઘાટ ધ્યાન ખેંચે છે કે આ શબ્દ ફારસી "ઘનીંમ" (=લુટારો) છે. આગલના વખતમાં મોગલ લોકો મરાઠાઓને "ઘનીંમ" કહેતા હતા. શીવાજીને "શીવો ઘણીમ" કહેલો છે. અત્રે આ શબ્દ મરાઠાઓને માટે વાપરેલો દીશે છે, કાંઇ ખરાબ અર્થે વપરાયલો નથી.

નેકબખત બેહેદીન લોકોને રૂા. ઘણા બેસુમાર ખરચ થાઓ. પછે ત્યાં એવું ઠરૂં કે અસો રૂવાનોનું કુલ ધરમ કામ એ બેહેદીનોનું મનોચેરહોમજીવાલા કરે. અને વેવાનુ તા. ગગરનાનું કામ ભગરીઆ અંધીઆરૂઓ કરે અને અસો રૂવાનોનું શરોશ નાનું (?) તા. શીઆવ તા. આશીરવાદનું તા. નવજોતનું તા. ઘઘરનાનું એ સર્વેનું જે કંઈ નાણું આવે તે અને જે કંઈ નૌસારીને લગતા પંથક પંખેડીનાં ગામોનું સર્વે કામકાજ થાએ તે કુલે એકઠું કરે અને વરસ દહાડે કુલ એ ભગરીઆ અંધીઆરૂ લોકો તા. મોબેદ મનોચેરહોમજીવાલા લોકો કુલે નાંધલા તા. મોટા દર પાઘડી એક એક દીઠ સર્વે વાંટી લીએ. એ પ્રમાણે સરકારથી હોકમ મુજબ વાટની થઈ. તે વાર પછી સંવત ૧૮૧૨ નાં વરસમાં તમામ મોબેદો ઉપર લખેઆ મુજબ મચકુર બેઉ દરેમેહેરનાં તાલુકાવાલાઓએ ઉપર લખ્યા મજકુર માફક દર પાઘડી એક પ્રમાણે વાંટી લીધામાં આવીઉં છે. તે વાર પછી સંવત ૧૮૨૭ નાં સાલમાંબી વાંટી લીધામાં આવીઉં છે. ત્યાર પછી સંવત ૧૮૩૨ નાં સાલમાં રાઘવ ગીરદી પડી તે સંવત ૧૮૩૯ નાં સાલ સુધી લોક નાશ ભાગમાં હલાક થાઉં. અને પછી દેશાઈવાલા લોકોનુ કામ ઘણું જબર જશત ચાલતું ગયું પછી તો કોની મગદુર જે દેશાઇની સામે બોલી શકે. અને બેહેદીન લોકોનો અમલ દશત નરમ પડતો ગયો. તેથી હમો મોબેદ મનોચેરહોમજીવાલા લોકોએ દેશાઈજીનું તલું જોઈને પાઘડી દીઠ વેંચી લેવાનો સખુન બોલવાની હમારી મગદુર નહી. પછે તે દહાડાથી વાંટી લેવાનો હક દેશાઈજી પોતેજ કબજ કરવા લાગા. પછી ઘણી વેલા હમોએ દેશાઈજીને કહું જે હમારા મનોચેરહોમજીવાલાઓનો વાટી ખાવાનો હક છે તે હમોને વાંટી આપો તે વારે દેશાઈજીવાલા લોકોએ હમોને જવાબ દીધો જે એ તો હમોએ ખરચ કીધો છે તેમાં હમો લીજીએ છે. તમારો હક એમાં કાંઈ નથી. તે વારે હમો કઠણ દીલ કરી મનોચેર હોમજીવાલા લોકોએ દેશાઇજીને જવાબ દીધો જે સાહેબજી તમોએ ખરચ સરકારમાં કીધો તે તો તમારા ફાઈદાને કારણ

હમારા હાથમાંથી છોડાવી લેવાના કારણસર કીધો ને અરધો ભાગ તમારા ભગર મોબેદોને આપવાને કારણ કીધો. વાસ્તે તમારો સરકાર ખરચ જેને ભાગ અપાવ્યો તે આપે કે જેનાં હાથમાંથી છીનવી લીધું તે આપે. વાસ્તે એ ખરચનું તો તમોએ તમારા ભગર મોબેદો પાસેથી લખી લીધું છે. તે પ્રમાણે હમારા લોકોએ કંઈ તમોને લખી આપ્યું નથી. અને હમારા લોકોએ કાંઈ લખી આપું હોએ તો તે દસ્તાવેજ દેખડાવો. એવા જવાબ કરતાં ત્યારે દેશાઈજીવાલા હમારી ઉપર ઘણોજ જોમ જુસ્સો કરી સીપાઈને મોસલ વરગાડીને રૂ. ૨૫) પચીશ તુરત લેવડાવતા. એવી ધાસ્તીનાં સબબથી પછે હમારા લોકો ચુપકા રહી તાબેદાર થઈને ચાલ્યા અને તે કબજ કરતાં બી વરસ બે વરસે હરેક બાનેથી હમારા લોકો ઉપર મોસલ કરી રૂ. ૧૦૦ બસો સુધી હમારા લોકો પાસેથી મોસલ કરી લેતા હતા. અને કહેતા કે તમો લોકો બેહેદીનોને ત્યાંથી ઘણી કમાણી કરો છો અને હમારો હક કાંઇ આપતા નથી. એ હક બધો હમારો છે. એવું હમોને કહેતા હતા. એવી એ દેશાઇની હમો લોકો ઉપર આજ દીન સુધી જે જાસ્તી ગુજરી તે ખામોશ કીધી અને ખોદા ઉપર સબર કરી બેઠા હતા. દેશાઈજીનાં હકુમતનાં દશથી હમો ગરીબ પાસે જે હક માંગો (=માંગ્યો) તે હાજર કીધો. કંઈ શામમે વાજબી જવાબ કરીએ તો તુરત દંડ. એવો સતમ (=સીતમ) હતો. મનોચેર હોમજીવાલા ઉપર એ દેશાઈજીએ આજદીન સુધી ગુજારો. અને જે અસલનાં કાગલો લખેલા હમારી પાસે મોજુદ હાલમાં છે અને જે દસ્તાવેજ ઉપરથી દેશાઈજીવાલા હમારા ઉપર દાવો કરે છે તે દસ્તાવેજમાં હમારો હક વાટી ખાવાનો લખેલો છે. તે નામદાર શેઠજી સાહેબની ખીજમતમાં હમો ગરીબ લાચારો અરજ ગુજારીએ જે એ અસલ કાગલોની નકલ કરી તમો સાહેબની ખેજમતમાં પહોંચતી કરી છે. તે અમો ગરીબોની દાદને પોંચું; અને તસ્દી લઈ વાંચી વાકેફ થાઉં એ રીતે અમો લાચાર લોકો એ સંવત ૧૭૯૦ થી તે આજ સુધી એ દેશાઇજીનો જુલમાત ખેંચો. અને હાલમાં વરસ ૨

થયાં જે વારે પોલીઆ દેશાઈનો અમલ થયો તે વારે હમારે મનચેરહોમજીવાલા તેવણને દરવાજે ફરીઆદ ગયા. અરજ કીધી જે આએ હમો પાસે લેખ છે તે જુઓ અને ઈનસાફ હમારો તમો કરો કે હમારો હક વાજબી છે તે હમોને મલતો નથી અને દેશાઈજી પોતેજ હમારો સર્વે હક લીએ છે અને હમોને કંઈ આપતા નથી. તે વારે તે પોલીઆ દેશાઈએ હમારા કાગળ જોઈને કહ્યું જે એ હક તો તમો મનોચેરજી હોમજીના મલતી-આ સાથનો તથા તમામ અધીઆરૂઓને વાંટી ખાવાનો છે. અને તે હમારો પણ પાઘડી દીઠ વાંટી લેવાનો હક એ કાગલ મધે લખેલોછે. કાંએ જે બે તરફનાં અધીઆરૂનો રાશનો હક વાંટી લેવાનો લખેલો છે. વાસ્તે હવે પછીથી તમો ખુરશેદજી દેશાઇવાલાઓને સીઆવ અથવા નાણું કંઈ આપતા રખે. તે દીનથી તે સાહેબે હમારા લેખ તા. કાગલો જોઇને અમોને મના કીધી જે આપશો રખે. તેવારથી હમોએ સીઆવ તા. સરોશનો હક અટકાવી રાખોછે. તે વાર પછે હાલનાં અંગ્રેજ બહાદુરનાં માણસો દેશાઈજીવાલાઓ નૌસારીમાં લાવીને રોજ ૪ માહા ૧૧ મે હમારા મોબેદોને દરેમેહેરમાંથી કામ કરતાં અધુરા ઉઠાડીને જણ ૧૩ પાસેથી ખરાજાત લીધી. તેવારે હમારા લોકોએ દેશાઈ ખુરશેદજીભાઇને ત્યાં જઈને કહ્યું જે હમારા પાસેથી અંગ્રેજ સરકારનાં માણસો ખરાજાત લે છે તે વાર દેશાઈજીએ જવાબ દીધો જે આજ તો રૂ. ૦ા પાઅ લીધો છે અને કાલ રોજે રૂ. ૦ા લેવામાં આવશે. તે વાર પછી હમારા મોબેદો જણ ૪ સુરત ગયા ને શ્રી સુરતનાં બેહેદીનોને હમો લોકોએ કહ્યું જે હમારી ઉપર જુલમ છે આજ આસરે ૫૦ વરસ થયાં હમારા ગરીબ મોબેદોનો હક દેશાઈજી ખાએ છે. અને વળી આએ રીતે અંગ્રેજ બહાદરનાં માણસોને લાવીને હમારા લોકોને દરેમેહેરમાંથી કામ કરતાં અધુરા ઉઠાડી ચોકમાં કાહડીને જણ દીઠ રૂ. ૦ા પાઅ ખરાજાત લીધી તે વાર બેહેદીને હમારા મોબેદને મોદીજી પાસે લઈ ગયા તે વારે મોદીજીએ ખોદા વાસ્તે ગરાન સાહેબને ત્યાં હમોને મેલવીઆ. ત્યાં દેશાઈ એદલજીભાઈ

ભી રજુ હતા. તે વારે ગરાન સાહેબે હમો લોકોને જવાબ દીધો જે મને તો ગવંડર કોંસલનો હોકમ છે કે દેશાઈજીનું માગણું અપાવે. વાસ્તે એનું માગણું આપો. અને ગરાન સાહેબ તરન મરતબે પુછવા લાગો જે તમારી પાસેથી ખરાજાત લીધી. તે વારે એદલજી દેશાઇએ ગરાન સાહેબની આગલ ના કહી અને કહીઉં કે એ વાત ખોટી છે. એ મોબેદો પાસેથી મુચકરો લખીઓ તે વારે અમારા મોબેદે ગરાન સાહેબને અરજ કીધી જે હમો લોકોએ ખરાજાત આપી છે તે બાબત ખરી છે. એ મુચકરો રૂ. એક હજારનો એદલજી દેશાઈ ભી લખી આપે. તે વારે શેઠજી સાહેબ અરદેશરજીએ ગરાન સાહેબને કંઇ કઇઉં તે વાર ચોપદારે આમારા મોબેદોને કઉં જે અંધીઆરૂ ઘેર જાઓ. તેવો હોકમ સાંભલી હમો ઘેર આવ્યા. તે વાર પછી રોજ ૨૧ માહા ૧૧ ફરીથી નોસારી તરફ માણસ કીધું અને હમારા સઘલા મોબેદોને બોલાવીઆ અને નાઘલાભાઈ દેશાઈનો છોકરો તા. અંગ્રેજ બહાદોરની સરકારનો મુનશી એ બંને જણા હમોને કહેવા લાગા જે તમો સીઆવ અને રૂપીઆ દીન ૩ માંહ તમો જો નહી અપશો તો હમોને સુરતથી હોકમ આવેલો છે તે પ્રમાણે તમુને સજા મલશે. તે વાર હમારા લોકોએ સરકારના મુનશીને જવાબ દીધો જે હમારા મોબેદો ગરાંટ સાહેબની ચાકરીમાં ત્યાં સુરત હાજર રહેલા છે. તે આવેઆ પછે એનો ખુલાશો કેશું. ફરીથી વલી રોજ ૨૪ માનસ મોકલી હમો લોકોને બોલાવી મંગાવેઆ તે નાઘલાભાઈ દેશાઈનો છોકરો અમુને કેહવા લાગો જે તમો સીઆવ તા. રૂપીઆ લાવ્યા નહી. તમો જણ ૧ એક દીઠ રૂ. ૧૦૦ તથા સીઆવ અને સરોશનું નાણું તે સઘળું લાવો. તે વારે વલી હમારા મોબેદોએ જવાબ દીધો જે સીઆવ અને સરોશનું જે નાણું હમોએ રાખેલું છે તેમાં હમારો ભાગ છે અને બાકીનો અંજુમનનો હક છે. તમારો કંઈ તેમાં નથી. અને તમે રૂપીઆને વાસ્તે કેહવો છો તેનો હમોએ તમોને કંઈ આપવામાં આવવાનાં નથી. શી બાબતનાં રૂપીઆ તમો માગો છો. હેવા જવાબ બે મોબેદોએ કીધાં તે

વારે અંગ્રેજ બહાદુરનાં જમાદારને દેશાઇજીના નાથલાભાઇના છોકરાએ કહ્યું જે આએ મોબેદો આપણા સામમે બોલે છે. હેને પેરામાં બેસાડો. તે વારે બે મોબેદોના જમાદારે આવીને હાથ પકડીઆ. તે વારે સઘલા મોબેદો બોલવા લાગા જે એ બે મોબેદો રાશતી બોલેઆ. તે વારે એ લોકોને પેરામાં બેસાડવાનો હોકમ કીધો તો એ બે મોબેદોની સંઘાતે હમો સઘળા મોબેદો પેરામાં બેસવાને હાજર છઇએ. જે વારે સઘળા મોબેદો બોલવા લાગા તે વારે જમાદાર પેલા બેઉ મોબેદોનો હાથ મુકીને દુર થાઈ ઉભો. વાસ્તે અમારા ગરીબ પરવર શેઠજી સાહેબ હમો ગરીબો ઉપર એ પ્રમાણેનો જુલમ જાસ્તી એ દેશાઇજીવાલા ગુજારે છે... વાસ્તે અમો ગરીબ લાચાર મોબેદોનો વાજબી ઇનસાફ કરવો. અમો તો તમો સાહેબના મોબેદો કહેવાઇએ છીએ. તો હમો બીજા કોણ સાહેબનાં દરવાજે જઇએ....બીજું શેઠજી સાહેબ એ દેશાઇજી કહે છે કે એ હક હમારો પોતાનો છે. તે વારે એ હક દેશાઇજીનો હોય તો આસરવાદની ચીઠી દસ્તુરજી કરી આપે છે તે અંજુમનના નામની હાલમાં શા વાસ્તે કરી આપે છે. તે વારે દેશાઇજીનો હક હોએ તો એ ચીઠી આશરવાદની દેશાઇજીના નામનીજ કરી આપે. હવે શેઠજી સાહેબ એ અરજી ઉપર નેગાહ પહોંચાડીને અમો ગરીબોનો ઇનસાફ તોલવો કે એ હક કોણનો છે. એ તમામ હક અંજુમનનોજ છે. જો અંજુમનનો હક નહી હોતે તો દસ્તુરજી ચીઠી શા વાસ્તે અંજુમનને નામની કરતે; તે વારે તે પોતાનેજ નામની કરતે. પણ એ હક પોતાનો નથી..... હમો ગરીબોની દાદને પહોંચવું તમો નામદાર શેઠજી સાહેબને સજા વાર છે. સંવત ૧૮૩૧ નાં અંગ્રેજી તા.—સપટેમબર."

ચાર સાથવાલા સમસ્તેની હેઠલ સહી કરી નામદાર શેઠજી સાહેબને અવલ અરજ કરી છે. (જામાસ્પજી શો. મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૩૮–૧૪૪).

શ્રી ઈરાનશાહ આતશબેહેરામની જગ્યા ઉપર ચોરોનો ધાસો.

તા. ૧૫ મી ફેબરવારી ૧૮૪૧ ને દીને આ. દોરાબજી બેરામજીએ શેઠો દાદાભાઇ તથા મનચેરજી પે. વાડીઆને એક

પત્ર લખ્યો હતો, તે ઉપરથી માલૂમ પડે છે, કે સુરતવાલા મી૦ સીમસનને ફર્યાદ કરવામાં આવી હતી, કે "અમારા આતશબેહેરામની જગો ઉદ્દેપોરમાં છે તે જગો ઉપર ચોર લોકોનો ધાસો જીઆદે છે....તેની તજવીજ સાહેબે કરવી જોઇએ. તે વારે સીનોરે જવાબ દીધો જે અમોએ બગવાડેને ઠાણે લખું છે તાહાં કુમાવીશદાર એ બાબે બંદોબસ્ત કરશે....તા. ૧૨ મી ફેબરવારીએ બગવાડેને ઠાણેથી કારકુન તથા શીપાઇઓ આવીને....દુબલા જણ ૪ ને રાતને વખતે દરેમેહેર શામણે રખેવાલી કરવાનું સોંપી ગયા છે." (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૪૯૩).

એક પારસણના જુદદીન મરદને પેટના છોકરાની નવજોત ઉદવાડાના દસ્તુરે કરી તે વિષે વાંધો.

રોજ ૪ માહા ૩ સને ૧૨૩૦ (તા. ૨૬ મી નવેમબર ૧૮૬૦ N. S.) ના એક કાગળ ઉપરથી માલૂમ પડે છે, કે ઉદવાડાના પંથકને તાબેના એક ગામમાં કોઇક પારસણ નામે મોટીનો છોકરો આશરે ૧૨ વર્ષનો નામે ડાહો શખચંદ હતો. તેને એક આગલા ઠરાવ વિરૂદ્ધ આશરે પાંચ માસ આગમચ એક મોબેદે સદરો પેહેરાવ્યો હતો. તે બાબતમાં બેહેદીનોએ દસ્તુર મનચેરજી દોરાબજી ઉપર "મુજાએમ લાવી કહ્યું હતું કે તેમણે બાતેનથી કુશેશ કરી સદરો પેહેરાવવાનો હોકમ કર્યો હતો." માટે બેહેદીનોએ તેમને કહ્યું કે ચાર બેહેદીનો સાથે તે છોકરાને ત્યાં જઇ તેનો સદરો કાઢી નાંખવો. પણ દસ્તુરજીએ તેમ કરવાની અશકિત જાહેર કરી પોતાની ભૂલ માટે દીલગીરી દેખાડી હતી, તે સ્વીકારવામાં આવી હતી. અનજુમન નાહાન નહવાડનાર તથા સદરો પેહેરાવનાર મોબેદને સજા કરવા માંગતી હતી પણ તેનો પત્તો મળ્યો હતો નહિ. અનજુમને આ કામને "અનગટતું કામ" કહ્યું હતું. (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૬૧૩ અ).

નોંધ—જે. એચ. ગ્રોઝ (J. H. Grose) નામનો લેખક ઇ. સ. ૧૭૫૦ માં લખી ગયો છે, કે પારસીઓ જુદદીનોને ધર્મ-

માં લેતા નથી, યા તેઓ સાથે પરણતા નથી. તેના શબ્દો આ છે:—The Guzarat Parsees seem to have entirely forgot their original country, and from a long habitation...to consider India as their proper country ; even from the laws of it, admitting no mixture by proselytism or intermarriage, they must for ever remain a stranger race (A Voyage to the East Indias by J. H. Grose 2nd edi. Vol. I p. 125).

પ્રકરણ દશમું.

ભગરીઆઓને તાબેનું મુંબાઇનું પંથક. પાછળથી તેમાં સંજાણાઓ વગેરે દાખલ થયા.

તા. ૯ મી આગશ્ટ ૧૬૭૨ વાલા દસ્તાવેજ ઉપરથી આપણે જોયું કે તે વખતે મુંબાઈ શેહેર ભગરીઆઓના તાબાનું પંથક* હતું. ઈ. સ. ૧૭૪૬ માં શેઠ માણેકજી નવરોજી શેઠ ઉપર સંજાણા મોબેદોએ કાગળ લખ્યો હતો, તેમાં લખ્યું હતું કે "મુંબાઈ તો અસલ હમારૂં પંથક હતું." પણ તે પાછળથી ભગરીઆઓએ લેઇ લીધું હતું. આના જવાબમાં શેઠ માણેકજીએ ઈનકાર કરી લખ્યું હતું, કે "જો મુંબાઇ તમારૂં હતું તો અસલથીજ તમો કામ શરૂ કાં નહિ કીધું?" આ તો નકકીજ છે કે શેઠ માણેકજીના વખતમાં મુંબાઈ શેહેર નવસારીવાલા ભગરીઆઓના તાબા હેઠલ હતું. પાછળથી ભગરીઆઓએ સફાઈ વાપરવા માંડી, તેથી ઇ. સ. ૧૮૩૧ ને શુમારે તેઓને મુંબાઈનું પંથક ખોવું પડયું, અને સંજાણાઓ તથા મોબેદો મુંબાઈમાં દાખલ થયા. માટે મુંબાઈના પંથકની થોડીક હકીકત શરૂઆતથી આપવાની જરૂર છે.

મુંબાઇનો ટાપુ ઇંગ્રેજ સરકારના હાથમાં ઈ. સ. ૧૬૬૨ માં આવ્યો, તેની આશરે ૨૨) વર્ષ આગમચ યાને ઈ. સ. ૧૬૪૦માં

---

* આપણે જોઇ ગયા કે સંવત ૧૬૪૦ થી ૧૬૮૯ સુધી યાને ઇ સ. ૧૫૮૪ થી ૧૬૩૩ સુધીની લગ્નની નોંધપોથીમાં મુંબાઇનાં પથકનું નામ નથી. એટલે તે વખતે તે ભગરીઆઓને લગતું ન હતું. બલકે તે વખતે મુંબાઇમાં પારસીઓની વસ્તી હતીજ નહિ ઇ. સ. ૧૬૪૦ માં સુરતની પાસેના સુમારી ગામમાંથી મુંબાઇમાં આવનાર પહેલ વહેલા પારસી દોરાબજી નાનાભાઇ (કાવશજી પટેલ ખાનદાનના વડવા) હતા. (પા. પ્ર. પા. ૮૩૯ તથા ૧૩). મુંબાઇ કોટમાંના કાવશજી પટેલ મોહોલ્લાની જગા એમને બક્ષેશ મળી હતી. ત્યાં એક મોટું ઘર તેમણે બાંધ્યું હતું. બાકીની જગા તેમણે મકાનો બાંધવા વેચી હતી. (મુંબાઇનો બહાર રતનજી ફરામજી વાછાકૃત પા. ૨૫૦).

શેઠ દોરાબજી નાનાભાઈ (પટેલ) નામના પારસી મોરા સુમારીથી પોતાનાં કુટુંબ સાથે મુંબાઈ આવ્યા હતા, અને તે વેળાના ફીરંગી રાજ્ય કર્તાઓના કારભારી તરીકે રહ્યા હતા. બાદ ઇંગ્રેજોએ પણ તેમને પોતાના કારભારી તરીકે કાયમ રાખ્યા હતા. (રતનજી ફ. વાછાકૃત મુંબાઈનો બહાર પા. ૭). મુંબાઈમાં આસ્તે આસ્તે પારસીઓની વસ્તી વધતી ગઈ અને તેથી મોદી હીરજી વાછાએ ઈ. સ. ૧૬૭૦ માં પહેલ વહેલું દખમું બાંધ્યું, કે જે હાલે "મોદીનાં દખમાં" તરીકે ઓળખાય છે. આજ વર્ષમાં યાને ઈ. સ. ૧૬૭૦ માં ઉપલાજ મોદી હીરજી વાછાએ કોટમાં મોદીખાને પોતાનાં રહેવાનાં ઘરની સામે જરથોસ્તીઓના વપરાસ માટે પહેલ વહેલી એક દરેમેહેર પરઠાવી હતી. આ દરેમેહેર ઈ. સ. ૧૮૦૩ ના ફેબ્રુઆરી માસમાં મુંબાઈના કોટની મોટી આગમાં સદાબરી બળી ગઈ હતી. (પા. પ્ર. પાને ૧૭).

નોંધ—Sir Streynsham Master (સર એસ. માસ્તર) તા. ૧૮ મી જાનેવારી ૧૬૭૧ ને દીને લખે છે, કે મુંબાઈના પારસીઓ મોટે ભાગે વણકર છે. તેઓ કને બંદગી કરવાની યા લાશની વ્યવસ્થા કરવાની જગ્યા નથી.

"Here (=in Bombay) are allsoe some Parsees, but they are lately come since the English had the Island, and are most of them weavers and have not yet any place to doe their devotion in or to bury their dead." આ લેખક હિંદમાં ઈ. સ. ૧૬૫૬ થી ૧૬૮૨ સુધી હતો. (The Diary of William Hedges Esqr. by Colonel Henry Yule p. 316). આ ખબર ભૂલ ભરેલી છે. કારણ Dr. John Fryer (ડા. જોન ફ્રાયર) ઇ. સ. ૧૬૭૧ માં લખે છે, કે મલબાર હીલ ઉપર પારસીઓનું દખમું છે. On the other side of the great Inlet to the Sea is a great Point abutting against Old Woman's Island

and is called **Malabar Hill,** a rocky woody mountain, yet sends forth long gross. A-top of all is a **Parsy** Tomb lately reared. (**A New Account of East India & Persia...**by John Fryer, in 1698 Letter II p. 67).

નોંધ—Bombay and Western India Vol. I (1893)ના ૩૧ માં પાનાં ઉપર ફુટ નોટમાં જેમસ ડગલાસ (James Douglas) લખે છે, કે ઈ. સ. ૧૬૬૯ ને શુમારે મુંબાઇમાં પારસીઓની વસ્તી માત્ર ડજન એક શખશોની હતી. તેના શબ્દો આ છે:—There seems to have been only about a dozen Parsis in Bombay, when application was made by them to the Governor in 1669 for permission to erect a Dukhma on Gandhy's piece of land, which was granted. માત્ર ૧૨ જણની વસ્તીવાળાં ગામમાં દખમું બાંધવામાં આવે, એ વાત ધ્યાનમાં ઉતરી શકતી નથી.

મુંબાઇનો ત્રણ દિવસનો પારસી ગવરનર.

ઈ. સ. ૧૬૯૦ માં જંજીરાના સીદ્દીએ મુંબાઇ ઉપર હુમલો કીધો, જેથી કંપની સરકારે તેની સાથે કોલકરાર કીધાથી તેનાં માણશો ધીમે ધીમે મુંબાઈ છોડી ગયાં. પણ ઈ. સ. ૧૬૯૨ માં મુંબાઈમાં સખત મરકી ફેલાઇ, જેથી ઇંગ્રેજો તથા "ગેરીસન"નાં માણશો બહુ માદાં પડી ગયાં હતાં. આ તકનો લાભ લઈ જંજીરાનો સીદ્દી યાકુતખાન એક મોટી ફોજ લઈ મુંબાઈ ઉપર ચઢી આવ્યો અને ડુંગરીનો કીલ્લો લઈ લીધો. આથી ઉપલા દોરાબજી નાનાભાઇના છોકરા શેઠ રૂશતમજી (=રૂસ્તમ જંદરાલ) જેઓ પોતાના બાપની જગ્યાએ કારભારી થયા હતા, તેમણે રાજ્યનો કારોબાર પોતાને હાથ લીધો, અને કોલીઓ તથા માછીમારોનું એક લશ્કર ઉભું કરી પોતે તેની સરદારી લીધી, અને દુશ્મનો સામે બહાદુરીથી લડી તેઓને મુંબાઈની બહાર હાંકી કાઢયા, અને ડુંગરીનો કીલ્લો પોતાને હસ્તક પાછો લીધો.

શેઠ રૂસ્તમજીએ આ ખબર સુરતની ઈંગ્લીશ ફેકટરીના વડા ઉપર મોકલી. અને પોતે ત્રણ દિવસ સુધી મુંબાઈના ટાપુનો રાજકારોબાર ચલાવ્યો.* બાદ ફેકટરીનો વડો મુંબાઇ આવ્યો, તેના હાથમાં રાજ્યની લગામ રૂસ્તમજીએ સોંપી. તેમની આ કીંમતી સેવાને માટે પટેલનો ખેતાબ ઈંગ્રેજ સરકારે વંશપરંપરા આપ્યો; તથા બીજી કેટલીક સત્તાઓ આપી (પા. પ્ર. પા. ૨૦-૨૧ તથા મુંબાઇનો બહાર પા. ૨૧–૨૨ તથા પા. ૨૫૧).

મુંબાઇમાં પારસી વસ્તીનો વધારો.

મુંબાઇમાં પારસી વસ્તીનો વધારો† થતોજ ગયો. રોજ ૯ માહ ૯ ૧૦૭૮ યજદજરદી તા. ૨૫ મી જુન ૧૭૦૯ O. S. ને દીને મુંબાઈના કોટમાં શેઠ બનાજી લીમજીએ બીજી અગીઆરી પરઠાવી. ઈ. સ. ૧૭૨૩ ને શુમારે તો પારસીઓની વસ્તી એટલી વધી ગઇ, કે તે વર્ષમાં સુરતવાલા રૂસ્તમજી માણેકજી શેઠના બેટા બમનજી સુરતની ઈંગ્રેજી કોઠીવાલા સાથે પડેલા વાંધા માટે મુંબાઈ આવ્યા, ત્યારે તેમણે પોતાના ભાઈ નવરોજીઈ

---

*મુંબાઇ બહારના કર્તા રતનજી ફ. વાછા કહે છે કે:— "અજાએબ જેવું છે કે આ શુરા મરદે લગભગ બે (?) વરશ વેર હાકમી ચલાવેલી આશકારા હોવા છતાં કોઇબી સાલના અંગરેજી કેલેનડર બનાવનારાઓ તરફથી ગવરનરોની ટીપમાં તેનું નામ નોંધવામાં આવ્યું નહીં." (મુંબાઇનો બહાર પા. ૨૪).

†ઇ. સ. ૧૬૬૩ માં શોરાબજી કરવાજી, ઇ. સ. ૧૬૬૫ માં ભીખા બેરામ (મેરવાનજી પાંડેના વડવા) ભરૂચથી, ઇ. સ. ૧૬૬૭ માં મોદી હીરજી વાછાગાંધી સુરતથી, ઇ સ. ૧૬૭૭ માં મેહેરજી વાછા, ઇ. સ. ૧૬૮૯ માં હોમજી બેરામજી (દાદીશેઠના વડવા) સુરતનાં ગામડાં તરફથી, ઇ. સ. ૧૭૦૦ માં બનાજી લીમજી, ઇ. સ. ૧૭૦૮ માં ભીખાજી મુગાના, ઇ. સ. ૧૭૧૦ માં જશાજી જીવનજી (જશાવાલા), ઇ. સ. ૧૭૨૦ નાં જમશેદજી ભીખાજી (ફરામજી ન. પટેલના વડવા) ટેનાથી, ઈ. સ. ૧૭૨૧ માં મનચેરજી મનાજોગી સુરતના મદરોઈ ગામથી, ઇ. સ. ૧૭૨૩ માં બમનજી રૂસ્તમ માણેક (શેઠ ખાનદાનવાલા), ઇ. સ. ૧૭૨૪ માં તેમના ભાઈ નવરોજી (ઇંગલંડ જવા) મુંબઈમાં આવ્યા હતા. (મુંબાઇનો બહાર પા. ૨૪૪–૨૪૫).

ઈ એઓ ઇગ્લંડ જણારા પહેલા પારસી હતા. J. H. Grose જે હિંદમાં ઈ. સ. ૧૭૫૦ માં આવ્યો હતો તેણે એમને માટે લખ્યું

(કે જેઓના નામ ઉપરથી મુંબાઇ મધ્યે "નવરોજી હીલ" અથવા "ડુંગરી"નું નામ પડયું છે તેઓ)ની સાથે તથા બીજા ભાઇ ફરામજી સાથે મળી મુંબાઈની પારસી પંચાએતની સ્થાપના કરી હતી. (પા. પ્ર. પાને ૮૭, ૨૯, ૬૨). ઉપલા નવરોજીના બેટા માણેકજી નવરોજી શેઠ જેઓ સુરતથી ઇ. સ. ૧૭૩૦ ને શુમારે મુંબઈ આવ્યા હતા, તેમણે રોજ ૯ માહ ૯ ૧૧૦૨ ય. જ. તા. ૧૯ મી જુન ૧૭૩૩ O. S. ને દીને કોટમાં ત્રીજી અગીઆરી પરઠાવી હતી, કે જે "માણેકજી નવરોજી શેઠની અગીઆરી" તરીકે આજ દીન સુધી જાણીતી છે. આ વખતે મુંબાઈમાં પારસીઓમી સંખ્યા સારી હતી, તે વિષે કશો સંદેહ નથી.

ઉપલું મોદીનું દખમું તથા મોદીવાલી તથા બનાજીવાલી અને શેઠવાલી અગીઆરીઓની ક્રિયાઓ કયા પંથકવાલા મોબેદોએ કરી હતી, તેની નોંધ જળવાઈ રહી નથી. પણ આ અગીઆરીઓની સઘળી ક્રિયાઓ ભગરીઆઓએજ કરેલી હોવી જોઇએ તેમાં શક નથી.

આ તો નકકી છે કે તા. ૨૬ મી અકટોબર ૧૭૩૨ N. S. વાલા લેખ પ્રમાણે (આપણે પાને ૨૩૫માં જોઈ ગયા છીએ તેમ) મુંબાઇનું પંથક ભગરીઆઓને હસ્તક હતું.

મુંબઇના પંથકીએ નવસારીની ભગર અનજુમનને તાબે રહેવાનો લખી આપેલો લેખ.

સવંત ૧૭૯૬ ના ચૈત્ર વદ ૯ (તા. ૨૦ મી એપ્રીલ ૧૭૪૦ N. S. બુધ) ને દીને મુંબાઇના પંથકી મનચેરજી કાવસજી લશ્કરીએ

હતું કે:—Nowrojee Rustomjee, who was here in England, and whose family was in the greatest consideration among those people, deduced his descent from those kings of Persia whose dynasty was destroyed by the Mehometan invasion...(A Voyage to the East Indies by J. H. Grose 2nd edi. Vol. I. p. 123).

એક લેખ લખી આપી પોતાને નવસારીના ભગરીઆ પંથકનો ગુમસ્તો જણાવ્યો હતો, તથા લખી આપ્યું હતું, કે "બેહેદીનોના શીઆવ શરોશ વેહવા ઘઘરનાનું નાણું જે પેદા થાએ તે હર સાલ અનજુમનને લાવી આપું.... નીરંગ વગેરે આલાત જેમ મુંબઈના પંથના તમારા ગુમસ્તા નૌસારીથી લઇ આવી વાપરે છે તેમ હમો ભી વાપરીએ તેમાં નુએદીગર કરીએ નહીં."

નોંધ—હવે પછી તુરત જોશું કે સંવત ૧૮૧૦ ના ફાગણ શુદ ૧ (તા. ૨૨ મી ફેબરવારી ૧૭૫૪ N. S.) ને દીને મુંબઇના પંથકીઓ નવરોજી બચાજી દાજી તથા બમનજી બચાજી દાજીએ* ઉપર પ્રમાણેજ લેખો કરી આપ્યા હતા. (જામસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૮૭–૮૮ પા. પ્ર. પાને ૩૩ તથા ૩૯).

પહેલવહેલાં વાળેલાં પગનાં રવાનની ગેહસારણાંની ક્રિયા ભગરીઆ મોબેદોએ કીધી નહીં.

એમ માલૂમ પડે છે કે ઈ. સ. ૧૭૪૯ ને શુમારે શેઠ લવજી વાડીઆનો એક સગો જે સરકારી ગોદીમાં બંદરીઓ હતો, તે મરણ પામ્યો. શેઠ લવજીએ આ રવાનના પગ પહેલવહેલા વલાવ્યા હતા. આથી મોબેદો તેની ગેહ સારવા ગયા નહીં. અને રવાન બે દિવસ પડી રહ્યું. તે ઉપરથી શેઠ લવજીએ મોબેદોને ધમકી આપી, કે અગરજો કોઇ મોબદે ગેહ સારશે નહીં, તો ગેહ સારીઆ વગર રવાનને દોખમે ચઢાવીશું. આથી આ. જમશેદજી વાછા તથા આ. દોરાબજી નાનાં દેશાઇએ તે રવાનની ગેહ સારી હતી (પા. પ્ર. પાને ૮૬૧.)

ઉપલી ભાંજગડની ખબર માલૂમ પડતાં નવસારીની જરથોસ્તી અનજુમને મુંબાઇની અનજુમન ઉપર એક પત્ર લખી રવાનોના પગ લાંબા રાખવાની ભલામણ કરી હતી. તે

---

* આ પંથકીઓએ એમ પણ લખી આપ્યું હતું, કે "ચુડીગર તરફના બેહેદીનો હોએ તેનું કામ હમો જીનહાર જાહેર કરૂં નહીં."

પત્ર રોજ ૯ માહા ૭ સંવત ૧૮૦૫ (તા. ૨૭ મી એપ્રીલ ૧૭૪૯ N. S.)ને દીને મુંબાઇની અનજુમને* એકઠી મલી વાંચ્યો હતો; અને ૯ દિવસ બાદ નવસારીની અનજુમનને લખી જણાવ્યુ, કે અમે વિચાર કરી ઠેડવ્યું છે, કે જેને ગમે તે રવાનનાં પગ લાંબા રાખે અને જેને ગમે તે વાળે (પા. પ્ર. પા. ૩૮).

સવત ૧૮૦૬ રોજ ૧૫ માહ ૪ તા. ૨ જી ફેબરવારી ૧૭૫૦ N. S. ને દીને મુંબાઈની અનજુમનના આગેવાનો આ. બરજોરજી ફરામજી શેઠ તથા નાનાભાઈ બમનજી શેઠ તથા માણેકજી નવરોજી શેઠની વતી તેમની બંને ધણીઆણી વગેરે-એ નવસારીના દેશાઈ ખુરશાદજી ટેમુલજી તથા સમસ્ત અનજુમનને કાગળ લખ્યો, કે મુંબાઈ મધ્યે અનજુમને નવું દખમું બાંધવા ઠેડવ્યું છે તેનો તાંણો પુરવાની ક્રિયા કરવા મોબેદોની જોડ એક

---

* આ મુંબાઇની "સમસ્ત અનજુમનની સભા" અગત્યની સભા હતી. મુંબાઇના અંધ્યારૂઓની તથા બેહેદીનોની સમસ્ત અનજુમને દસ્તુર જમશેદજી રૂસ્તમજી વગેરે નવસારીની સમસ્ત અનજુમનને લખ્યું હતું કે "...શ્રી પનો કાગળ આવ્યો તે સર્વે મલીને રોજ ૯ માહા ૭ મે વાંચીઓ. સર્વે સમાચાર જાણા. બીજું ૧ પછે શ્રી પ. એ લખા હતા જે બહારના બેહેદીનો આવ્યા છે ને નવો રાહા કરે છે તે તમોએ સર્વે લખાં તે જાણા. પણ સર્વે મલીને વીચાર કરીને એમ ઠરાંવાં છે તેનાં જાણવાં એ જે જેને ગમે તે પગ લાંબા રાખે ને જેને ગમે તે પગ વાલે તે તમોને જાણવા સારૂં લખું છે. તેથી તમો પણ ફરીથી અંધીઆરૂઓને તાકીદ લખજો જે બેહુ તરફનું કામ ચલાવે...સંવત ૧૮૦૫ વૈશાખ વદ ૫ વાર ભોમે રોજ ૧૮ માહા ૭." આ કાગળ ઉપર ફરામજી રૂસ્તમજી વતી એદલજી ફરામજી (શેઠનાએ), મનોચેરજી બમનજી (શેઠનાએ), નાનાભાઈ બમનજી (શેઠનાએ) તથા બીજાઓએ સહી કીધી હતી. (ફરેદુન કાંગાની ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૫૨; પા. પ્ર. પાને ૩૮, જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૫).

નોંધ—ઉપલા વાર તથા રોજ માહાની મુકાબેલ તા. ૬ ઠી મે ૧૭૪૯ N. S. આવે છે અને હિંદુ તિથિ પ્રમાણે તા. ૭ મી મે ૧૭૪૯ છે, એવી ગણત્રી શેઠ મનચેરજી પે. ખરેઘાટે કરી છે. અને તેને રતનજી ફ. વાછાની પંચાંગપોથીથી ટેકો મળે છે.

બરશનુમવાલી મોકલવી. (પા. પ્ર. પા. ૩૮ જામાસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૨ પા. ૪૫).

સંવત ૧૮૧૦ રોજ ૬ માહ ૫ તા. ૨૨ મી ફેબરવારી ૧૭૫૪ N. S. ને દીને નવસારીની સમસ્ત મોબેદોની અનજુમને આ. નવરોજજી બચાજી દાજી તથા આ. બહમનજી બચાજી દાજીને તેમની પાસેથી નવસારીની અનજુમનને તાબે રહેવાનો તથા કોઈપણ કદમી બેહેદીનનું કામ નહિ કરવાનો લેખ લખાવી લેઇ મુંબાઈમાં પંથકી તરીકે મોકલ્યા હતા. (પા. પ્ર. પા. ૩૯, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૮૭).

સંવત ૧૮૧૦ રોજ ૨૭ માહ ૧૧ તા. ૧૧ મી સપટેમબર ૧૭૫૪ N. S. ને દીને નવસારીથી દેશાઇ ખુરશેદજી ટેમુલજીએ મુંબાઈના તમામ મોબેદોને હોકમ મોકલ્યો, કે મુંબઈમાં બે મોબેદો આ. ફરામજી નવરોજી તથા આ. જમશેદજી મેહરનોશજી પોતાના ભાગને માટે લડે છે, અને તે ઉપરથી બેહેદીનોના ઘરની બાજ વગેરે અટકાવે છે, એવી અતરે ફરીઆદ થઈ છે. માટે તમોને લખીએ છીએ, કે તમો એકદીલ થઈ કોઈબી બેહદીનના ઘરનું કાંઈ કામ અટકાવશો નાં. તેઓના ભાગનું નાણું જો તેઓ ન સમજે તો અટકાવજો અને પછી અમો લખીએ તેમ કરજો. અમોએ તે વિષે સુરતવાલા મનચેરજી ખરશેદજી શેઠ પાસે (મુંબઈવાલા) મોદી બોઘાભાઈપર બી લખાવ્યું છે. (પા. પ્ર. પાને ૩૯).

બરશનુમ નહીં આપવાની ફર્યાદ.

ઈ. સ. ૧૭૫૫ માં મુંબાઈની જરથોસ્તી અનજુમનના ૭૭ જાણીતા પારસીઓએ નવસારીની અનજુમન ઉપર કાગળ લખ્યો, કે "પાંચ સાત માસ થયા અત્રેના સઘળા મોબેદો એક સંપ કરીને કોઈબી મોબેદો તથા બેહેદીનને બરશનુમ આપતા નથી; તેથી ઘણી અડચણ પડે છે.... મુંબઈમાં ફકત બરશનુમવાલા મોબેદોની બે જોડ છે. અને જ્યારે અમો તેમને એ પ્રમાણે બરશનુમ નહી આપવાનું કારણ પુછીએ છીએ, ત્યારે કહેછે કે

અમોને નવસારીથી દેશાઈ ખુરશેદજીની મને છે. અમે મનાઈનો કાગજ જોવા માંગ્યો ત્યારે એક મેક ઉપર ઘોલવી અમોને દેખાડવાના અખાડા કીધા. આ કારણથી અમો કંટાલી ગયા છીએ અને સર્વે અનજુમન મળી તમોને વડાં પંથકવાલા જાણી, આ પત્ર લખી અરજ કરીએ છીએ કે અતરેના મોબેદો ઉપર ઘટતો હોકમ મોકલી દીન આઈનના કામોમાં અટકાવ નહિ થાય તેનો બંદોબસ્ત કરવો." (પા. .પ્ર. પા. ૪૦, જામસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૧ પા. ૯૧-૯૨.)

વરશીઆનું ગુજરવું. તેથી ક્રિયાકામો અટકયાં.

સંવત ૧૮૩૨ ના પહેલા ભાદરવા વદ ૯ તા. ૬ ઠી સપટેમબર ૧૭૭૬ N. S. ને દીને મુંબઈની અનજુમનને નવસારીની અનજુમન ઉપર કાગળ લખ્યો, કે "નવસારીમાં વરશીઆના ગુજરવાથી અત્રે રવાનોનાં કામ અટકી પડયાં છે, અને ૧॥ થી ૨) માસ થવા અવ્યા, પણ તમારી તરફથી વરશ અમને આવી પહોંચ્યો નથી. અને અહિં તો દર રોજ મોરચીને બહાને ત્રણ ચાર રવાનો થાય છે. તેઓની શરોશની તથા બીજી ક્રિયાઓ થઈ શકતી નથી. જેથી લોકો ઘણાં બેદીલ થયાં છે. અને અહીં વરશીઓ મરાતેબ કરવાની બોહોંસ કરે છે. પણ મોબેદો ના પાડે છે કે અમોથી નવસારીના હોકમ વગર થાય નહી."

આના જવાબમાં નવસારીની અનજુમને સંવત ૧૮૩૨ રોજ ૨૪ માહ ૧૨ તા. ૨ જી અકટોબર ૧૭૭૬ N. S. ના પત્રમાં લખ્યું, કે "વરશના બાલ અમો પાસેથી મોબેદોએ લખી મંગાવ્યા તેવાજ ખેપીઆ કરી રવાંના કીધા છે, તે રાહમાં વરસાદને લીધે કદાચ બે દહાડા આગળ પાછલ આવી પહોંચશે. જે વેલા તમારી તરફથી મોબેદો લખીને આલાદ વગેરે મંગાવે છે તે વેળા તે મોકલવાને અમો કાંઈ કસુર કરતા નથી. બીજુ વરશીઓ નવો કરવાની જે વાત તમો લખોછો તે પર દુરઅંદેશો કરવો જોઇએ કે એ કામ તમારા મોબેદોથી મુંબાઇમાં બની

શકે નહિ. તમારા બુજરગો જેમ ચાલતા આવ્યા છે તેમ ચાલો." (પા. પ્ર. પા. ૫૨/૫૩, જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૬૧-૬૪).

વરશીઆ સંબંધી મનચેરજી શેઠનાનો કાગળ.

વરશીઆના સંબંધમાં મનચેરજી બમનજી શેઠનાએ મુંબાઈથી દેશાઈ ખુરશેદજી તેમુલજી ઉપર સં. ૧૮૩૨ ના (પહેલા) ભાદરવા વદ ૯ (તા. ૬ ઠી સપટેમબર ૧૭૭૬ N. S. શુકર) ને દીને કાગળ લખ્યો હતો, તે અગત્યનો હોવાથી તેમાંની મુખ્ય વિગત અત્રે આપીશું:—"....તમારી તરફનો વરસીઓ ગુજર્યો તે સંબંધીની હકીકતનો તમોને શ્રી મુંબાઈની અનજુમને શ્રી નૌસારીની અનજુમનને નામે કાગળ ૧ લખો છે તે કાગળથી તમોને સર્વે રોશન થાશે....અહીંના બેહેદીનો તો કાંઈ સરવ પડા ગણાં (=પડેલા ગણેલા) ને દીનની રાહાથી વાકેફ નથી. ને વળી કોઈ બેડાનાં વેચનાર ને કોઇ તરકારીના વેચનાર એવી તે આસામીઓ સાખ ફરાન થાઇ ઉભા છે. ને પંચાતમાં પણ આવી બેસે છે અને રાંધણના પોરાઓ કે જેને તમો પરથમ શ્રી નૌસારીથી બરશનુમ દઈ મોકલા છે ને તેવોઓ તો અહીં જુદી અગીઆરી કરીને કેટલાએક બેહેદીનો રહેછે, ને તે એવી બદમાં મલીને એવી નખુશાઈથી વાપરે છે કે લખવામાં આવતું નથી....તાડી પીવા ગયો ને ત્યાં ઓકેઓ ત્યારે તેની સાથેના સાથીઓએ દીઠું....તે જે બેહેદીનો પાસે કામ કરાવતા હતા તેઓ આગલ કહ્યું પણ તેઓએ મુવે મરવત તે વાત રવા રાખી નહી. ને તેમજ કામ કરવા દીધું. તથા વલી એક બેહેદીન કોટબાર રહે છે તેને ઘેર જઈ તેની દોશી પાશેથી તેનાનું વાપરવાનું પાણી પીધું ને તે વાત જ્યારે ચરચા થવા લાગી ત્યારે.... દોશીને પશગેબત શીખવીને જબાં ફેરવાવી, ને તેનું બરસનુમ કાએમ રાખું....તેનાં બેહેદીનમાં બનાજી લીમજીનું ઘર તા. મનચેરજી જીવનજી જે પસતી કરે છે તે તો એમ જાણે છે કે એનું નોન (=નાહાન) નહીં કોરાડે કે નહી પથરે માર્યું ભાગે તે

ખાનગીથી તથા મથને સબબે પોતાનું પણ રૂવાન ગીરફતાર કરે છે. તે સાથે લાગતાં બીજાં ગરીબ બેહેદીનો કોઈ ગાડી કરનાર કોઇ કરાઈને કોઈ સુથાર...તે દીનના સરેસ્તાથી નાવાકેફ તેનાનાં પણ સાથે લાગાં રૂવાન ગીરફતાર કરે છે....મુંબાઈની દરેમેહેર શેઠ માણેકજીવાલીમાં ઉઠેણું હતું ને ત્યાં અનજુમન મલું હતું તે દહાડો વરસીઓ નવો મરતબ કરવાની જીકર નીકલી ત્યારે શ્રી નૌસારીનાં હમકારોને કહ્યું જે તમો વરસીઓ મરતબ કરો કાંજે વાતના પીસાદથી આજ લગે તો ત્યાંથી આવી પોંતો નથી....એ વાતમાં પાંચડા માંડીને એવણને સમજાવવા લાગા પણ એવો તો કેમે કરે સમજે નહી. ત્યારે તમામ નાનું મોટું લોક એકઠું બોલવા લાગા જે સાહેબ જુઓ કે એ કેવા લોક કઠણ છે કે તમામ ઉમરના તો રોજી ખાએ છે ને આજ આવી તરેહનો વખત રૂવાન ઉપર આવી પડયો છે ને રૂવાન પુલગુજાર થાતાં નથી ને આજાબમાં પડાં છે તેની દયા કશી કરતા નથી. ને અમો શાશતરીઆ છું પણ પડેલ થાય એવો જુલમ રાખે છે તો અમારે એ અંધીઆરૂ શે કામનાં. ત્યારે જે બેદીન રાંધનના પોરાવો મદદમાં હતા તે....કહે જે બીજા પાસે કાલે કામ મંડાવીએ, ને એનાંને આજેજ ઉઠેણામાંથી બે આબરૂ કરી ઉઠાડી મેલીએ; ને શદરો ને કશી આશોદાદ આપવી નહી. ત્યારે અમો જોયું કે એનાની મતલબ તો રાંધણના પોરાઓ પાસે કરાવવાની ખરી....ને પછી ગારડીઓ ટોલો તે પછવાડેજ દોડશે ને બીજી ખરાબી ઘણી થશે. ત્યારે અમોએ કહ્યું જે તમો હવડાં ને હવડાંજ એવો પાસે જવાબ હાનો કે નાનો મંગાવો છે તે....ઘટે નહીં. એવો કહેચ કે અમો સવારે વીચારીને જવાબ દેશું... ભાઇજી અહીં વરસીઓ કરવા માટે ઘોઘો સોધે છે પણ હજુર મલ્યો નથી. ને વળી છાસતીમાં તલાશ કરવાને માણસો ગયાં છે... પણ તમારે ત્યાંથી હરએક તરદુર (?) થાઈ આવે તેમ કરી વરસ અહી પોંચડાએ તેમ કરજો. એ વાતની તાકીદ જાણજો." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ નં. ૧ પા. ૧૦૩-૧૦૪.)

માણેકજી નવરોજી શેઠની અગીઆરીના મોબેદોનો કાગળ. તથા સંજાણા મોબેદોને મુંબાઈ બોલાવવાનો ઇરાદો.

વરશીઆના સંબંધમાં મુંબાઈની માણેકજી શેઠની અગીઆરીના મોબેદોએ પણ સંવત ૧૮૩૨ ના રોજ ૨૮ માહ ૧૧ (તા. ૬ ઠી સપટેમબર ૧૭૭૬ N. S.) ને દીને નવસારીની અનજુમનને કાગળ લખ્યો હતો. તેમાં લખ્યું હતું, કે "વરસીઓ બેહેસ્તી થાએઓ તેનું કાગજ અંધીઆરૂ રૂસ્તમજી માણકજી પાવડીનું લખેલું રોજ....નું લખેલું રોજ ૪ માહા ૧૧ પોતું. તેથી અત્રે આંહાં કામ અટકાવીઊં તે ઉપરાંત ગામના અંધીઆરૂઓએ શ્રી અંજુમન ઉપર કાગલ લખીઓ જે વરસ તાકીદે મોકલજો. તે લખાને માસ ૧ થાઅઓ પણ તેનો કાંઈ જવાબ સવાલ નહીં આવેઓ. ત્યારપછી આંહાં તો દાહાડો એવો આવીઓચ જે સુરતમાં મરકી પડેલી સાંભળતા તા તેમ મુંબાઈ ગામમાં નીપજેચ. તે લોકો બેહેદીનો ઘણાએક અમોને બેજાર કરેચ ને કહેચ જે તમો વરસ કાંએ નહીં મંગાવતા... પછી એક દહાડાનો સબબ એવો થાએઓ જે એક રૂવાનનું ઉઠેણું થાઈઊં તેમાં તમામ લોક સફ બાંધીને આઈઊં જે આપણે મુંબાઇમાં વરસીઓ નવો કરાવીએ...તે વારે અમો તો ના કહીંઊ જે અત્રે આહાં કધી કીધોચ જે આજ કરૂં. નૌસારી-થી મંગાવું. ત્યારે સર્વે કોઇ નાધલું મોટું અનજુમન અમો ઉપર ઉલટીઊં ને જેવું મોઢે આવીઊં તેવું બોલેઆ...એ વાતમાં સર્વે કોઈ મુંબાઇના અકાબર મોટા મોદીજી તા૦ શેઠના તા૦ બનાજીના એ સેવાએ સર્વે કોઈ વાડીઆજીનાં બમનજી વાડીઆ ઘણુંએક બોલવા લાગા જે તમોને...રૂવાનની ભી દાજ નથી. તમો મોટા ખુની લોક છેઓ. મોટા ગુનેગાર છેઓ...વાડીઆજીના છોકરાની નજર એવી જે સંજાણાને બોલાવીએ. ને શેઠનાઓની નજર એવી જે સુરતીઓને બોલાવીએ. પછે અમોને કહેવા લાગા કે જવાબ દેવો કે

વરસીઓ સવારને પોર કરવો કે નહી...તે લોક તો ફેરાવન થાએઆચ ને આપડે હાથથી પંથક જાએચ. આપણે તો આપણા વડાઓની રજા વના નહી કરતા. પણ ત્યાંનો જવાબ આવતો નથી. તેવામાં આહાંનું પંથક ફેરાવન થાએચ....તેવામાં શેઠ શ્રી મનોચેરજીએ અમુને એકાંત તેડીને સમજાવીઆ જે જોઓ હું તમોને તમારૂં છેઉં વાસ્તે કેહુંચ જે એ લોક તમારે હાથથી નીકલી જાશે ને તમો પર નૌસારીના અંજુમનનો ઠપકો આવશે....વાસ્તે કહું છું કે આપણે વરસીઓ કરશું. પછી વરસ નૌસારીથી આવશે તો તેજ વખતે એ વરસ આપડે બંધ પાડશું ને નૌસારીથી આવેલો વાપરશું....મરકીના દહાડા છે ને વલી લોક સમજતું નથી. વાસ્તે કરવો પડેચ. તે વાર અમોએ કહીઉં જે આજ તમો વરસીઓ કરાવોચ ને કાલે નીરંગ કરાવશો. પછી કેશો જે હેરબદ ભી કરો તે કેમ થાશે.* અમોને શું પુછનાર નથી. તે વારે જબાબ દીધો જે એવી વખત અવગડી છે. વાસ્તે એ કામ કરીએચ. પછી કંઈ જાએ નહી, ને કરી શકીએ નહી એ વાતનો અમો તમોને લખીઉં કરી આપએચ તમામ મુંબાઈના અંજુમનની ગુહાસાખ તા. ગામનાં અંધીઆરૂના મતાં સાથે જે વાંચી જોઈને તમો તમારા હાથે નોસારી મોકલો ને પછે કામ માંડો. વાસ્તે હમોને હા કહેવું પડીઉંચ. વાસ્તે એવું થાએ કે વરસ તાકીદે પહોંચે તો સંધો ફેસાદજ ભાંગી જાએ...લોકો એમ કેચ જે નૌસારીનાં લોક શું અરામી છે. જાણતાનથી જે તાકીદે મોકલતા નથી...." આ કાગળ ઉપર ૧૭ મોબેદોની સહી છે. (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૬૮-૬૯).

---

*ઇ. સ. ૧૭૯૧ માં નવસારીના દસ્તુર દેશાઇ તથા મોબેદોની અનજુમનની પરવાનગીથી મુંબાઈમાં વરશીઓ તથા નીરંગદીનનાં કામો પહેલ વહેલાં થયાં હતાં. ઇ. સ. ૧૮૩૨ માં આવી પરવાનગી વગર પહેલવહેલા નાવર કરવામાં આવ્યા હતા (પા. પ્ર. પાને ૭૩, ૮૭૦, ૮૯૯).

નોંધ—વરશીઆ સારૂં કેટલાક મોબેદોએ પણ જુદાં જુદાં પત્રો દેશાઇ ખુરશેદજી ઉપર લખ્યાં હતાં (એજ પુસ્તક પા. ૧૦૦, ૧૦૬).

નવસારીની અનજુમનનો લાચારી દર્શાવનારો જવાબ.

નવસારીની અનજુમને મુંબાઇની અનજુમનને પોતાની ઉપર પડેલા હાદેશાઓ વર્ણવી નીચે પ્રમાણે જવાબ લખ્યો હતો:—"... મુંબાઇમાં રોજ ૨-૩ રવાન થાએ છે તેથી સર્વે લોક ધંધા મેલી આખો દહાડો એજ વાતમાં રૂવાનની પછવાડે જાવા આવવામાં ખોએ છે વાસ્તે બાજે લોક ચાહે છે જે તુરત મુબાઇમાં એકુ ગોધો તેવો સોધી નવેસરથી વરસીઓ કરે આપણા હમકાર પાસે કરાવે તે સર્વે સાહેબ લોકના લખાથી નેક જાણીઉં. પણ નેગા કરૂં જે આનાં અનજુમનનાં લોકોપર આજ ૪) ચાર વરસ થાએઆ શા શા આફત નથી પોતાં...કુલ નૌસારીના જે હાથ આવેઆ તેઓને મારી બાંધી ઉંધા ટાંગી લોકોનાં સતર ઉગાડાં કરી ખોરદાદ માસ સાલ ૧૮૩૨ માં* ના કોઈ આગલ પાછલ હતું પણ લોકો પાસેથી દંડના રૂ૦ કુલ ભરાવા....આજ વરસ દહાડાની વાત થઈ....આહાં સાહેબો નૌસારી તા૦ સુરત વગેરે જાબજાનાં આપણી અગીઆરીનાં લોક મુઅતેલ સરોશ રાખેઆ. ને તેહવામાં શેઠજી નોશરવાનજી ગુ. સાપુરજી, શેઠજી મીનોચેરજી...ના પીતરાઈ જેઓ બેહેશતી થાએઆ તેહોનનાં સરોશ....વગેરે કામ શ્રી ભરૂચના લોક અંધીઆરૂ ભગરીઆનાં કામ કરનાર પર લખાવેઆ. તો અંજુમન મુંબાઈના હવે નેગાહ કરો કે હમો હજુ સુધીજ મઇઅતમાં બેઠા છઉ. આફત દર આફત લોક નૌસારીનાં પર પડે છે ને હવડાં દન ૧ માં રૂવાન દશબાર રોજ કમ જીઆદે છુટે છે તે પરાગેદાન કફન ચેહારમનાં પકાવાનાં વાસણ કોઈ પાસે મલે નહીં તેથી તાહાં તે લોક ૨ દહાડે બલકે અતીસ ૩ દહાડે ચઢી રહે છે. ને ભોગ લોકનો તે નસાસાલાર આસામી ૩ તે જીવતાં ભાએગે આજ સુધી રહેઆ છે હવે પછી તે ૩ પાઘડીનો ભી કશો મેલ નથી. ફરીથી બીજા નશાસાલારને તજવીજ કરી નુણ દેવરાવી કામ રૂવાનનાં જારી રાખવાને સાંધવા પડશે. બાકી અમો દુઆગો ગરીબ

---

*રાઘવ ગીરદીની વાત માલૂમ પડે છે. આશરે જાનેવારી ૧૭૭૬.

અંજુમનની શી કુદરત એવાં કામમાં ને દુરનો પલો જાણી ઢીલ કરૂં... આંનાં લોકોનાં આફતો દંડ ફરોઈ લુટીઆં લગડેઆં ઝટકા કીધાં. એવા પેદરપેમો આવીઆ તે તાં અનજુમનને જાણથી રોશન થાઈઉં હશે. હવે વરસીઓ તો જલદીથી તૈયાર થાએઓછે... ને સેતાબીથી સરવ જગો સરોશ તા. બીજાં કામ દીનનાં જારી કીધાં. વાસ્તે જે આલાદ જોઇએ તે ખેપીઆ હાથ ... મોકલીશું." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૦૮-૧૦૯).

મુંબઈમાં મરકી. દખમાંને બદલે ચોતરો બાંધવાની પરવાનગી.

ઇ. સ. ૧૭૭૭ ને શુમારે મુંબાઈમાં મરકીનો પુષ્કળ ફેલાવો થયો હતો અને પારસીઓમાં ઘણાં મરણો થતાં હતાં, તે બાબતનું કાગળ મુંબાઈવાલાઓએ નવસારી અનજુમનને નીચે પ્રમાણે લખ્યું હતું:—"... આહાં શ્રી મુંબાઈ શહેર દરમીઆનમાં રવાન ઘણાં થાય છે તે લખેઆમાં આવતું નથી. તેથી દુખમા મધે જગા રહી નથી તેથી બીજું જુનું દખમું હતું તે ભી વાપરવા કાડયું છે. પણ એવું માલુમ થાએ છે જે દન ૧૦ તથા ૧૫ મે તે જુનાં દખમા મધેભી જગા રહેશે નહી. માટે તમો અનજુમન સાહેબોને જાણવા વાસતે લખીએ છે, જે નાચારને મેલે એ બાબદ હમોને શો હોકમ છે. કાંએ જે નવું દુખમું તો તરત હવડાં બની આવતું નથી.... હમોને નાચાર સુઝે છે જે અત્રે દુખમાની જગા પહાડ ઉપર છે અને તે પહાડો ઉપર કોઇની વસ્તી નથી. તેથી તે પહાડ ઉપર ચુના તા૦ પત્થરની પાકી ફરતી દેવાલ એક બાંધીએ અને ભંડારને ઠેકાણે ખાડો એક મોટો ખોડીએ અને રવાનનું કામ ચાલતું કરીએ. એવું અમોને નાચાર સૂઝે છે માટે દીનને મેલે તમો સાહેબોને શું સૂઝે છે. કાંએ જે નાચાર કરવું પડે છે. માટે દીનનો હોકમ કેતાબોથી હોએ તે તરત લખજો જે કામ અટકે નહીં.... બીજું એ જે જો તમો અનજુમનને દીનને માફક સુઝે

જે પાકી દેવાલથી કામ લેવું તો અમોને વીગત સાથે લખજો જે દુખમાંથી કેટલા ગજ દુર ફરતી પાકી દેવાલનો વાડો કરીએ અને શી રીતે કરીએ.... સંવત ૧૮૩૩ ના વૈશાખ શુદ ૧૪ ભોમે." (તા. ૨૦ મી મે ૧૭૭૭ N. S. ભોમે). આ કાગજ ઉપર મનોચેરજી બમનજી, નાનાભાઈ બમનજી, મોદી જમશેદજી બોઘાભાઈ વગેરેની સહી છે. એક સાહેબ પોતાની સહી પછી શેરો મારે છે, કે "અત્રેથી કાસદ ખેપીઓ દીન પાંચનો વાએદો કરીને મોકલો છે માટે તાકીદે જવાબ વાલજો" (જામાસ્પજી મેહેરજી-રાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૯૬-૯૭).

ઉપલા કાગજના જવાબમાં નવસારીની અનજુમને મુંબાઈની અનજુમનને નીચે પ્રમાણે લખ્યું હતું:—".....
શ્રીજીએ એ નાહુમવાર જમાનાના હાદેશાનો ગેલો લખીઓ જે મુંબઈમાં મરકીનો ગલબો ઘણો તેથી લોકોનાં રવાન ઘણાં થાએછે તે વાંચાથી અમો અનજુમનને ઘણીએક દીલગીરી તા. ગમી પેદા થાયછે, તે લખવામાં આવતું નથી. શ્રી દાદાર પોતાનું ફજલ કરે ને એ આફત શીતાબીથી દફે કરે. રોજો સબ એ દોઆમાં મશગુલ છઈએ તે હોરમજદ કબુલ કરે ને એ મુશ્કેલ આસાન કરે.....બીજું શ્રીજીએ લખું જે રૂવાંન ઘણાં થાએછે તેથી શ્રી દુખમું ભરાઈ ગયુંછે ને જુનું દુખમું પણ વાપરવા માડયું છે તે પણ પુર થાઈ જાશે તેથી અમો ચાઈએ છઈએ જે દુખમાની જગા પહાડ ઉપર છે તેથી ત્યાં દીવાલ કરાવીને ભંડારની જગા ખાડો કરાવીએ એવું લખું. તેનું જાણવું એ જે આપણી દીનની બારીકી ત્યાં શ્રીજીને માલુમ છે. પણ શું કરીએ નાચારને મેલે જમાનાનો વખત જોઇને મેહેસુદીની તરફ નજર કરીને એ વાત નાચાર કરવી લાજમ છે. કાંએ જે આપણી દીનમાં ફરમાવે છે જે ચાર તોખશા, નેઆચાર ખોરસંદી. ઈઆને જાહાલગે બની આવે ત્યાં લગે કોશેશ કરવી. ને નાચાર હોએ તો ખુરશંદી ઉપર ચાલીએ...થોડા દહાડામાં શ્રી દાદાર પોતાનાં કરમ બખશેશથી એ આફત તાલશેજ ને એવડું પણ કરવું પડશે નહી અને કદાચ કરવું પડે તો તે જગા

ઉપર બાજ વગેરે ધરાવીને તૈયાર થાએ ને વંદીદાદ તથા શરોશ પણ કરાવવા લાજમછે, તે તાંહાં આપણાં નૌસારીનાં મોબેદોને માલુમ છે. તેહોને ફરમાવવું...તાહાં જગો ફરાખ હોએ તો દુખમાંથી કદમ ૩૦૦ દુર રાખવી અને જગા નહી હોએ તો વચ્ચે પાવી ખોદાવવી. નજદીકમાં પણ કામ લીજીએ કાંએ જે વચ્ચે પાવી આવી એટલે દુર નજદીકનો કશો મુજાકો નથી... સંવત ૧૮૩૩ ના વઈશાખ વદ ૯ ગરેઉ રોજ ૧૯ માહા ૮."* (ઉપલુંજ પુસ્તક પા. ૯૭-૯૮).

ધાર્મિક બાબતો જેવીકે ચાહરમનું ગોસપંદ, ઓજીરન ગેહમાં આશીર્વાદ વગેરે. ભગરીઆ પંથકના વિરોધીઓ.

ઈ. સ. ૧૮૨૩ ના સાલમાં મુંબાઈની અનજુમને મુંબાઈમાં દાખલ થયલા નવા ધાર્મિક રેવાજોના સંબંધમાં નવસારીની અનજુમનનું મત પુછાવ્યું હતું, તે બાબતનું કાગળ અતિ લાંબુ પણ અગત્યનું હોવાથી નીચે ઉતાર્યું છે:—

"સદા મેહેરબાન કદરદાન નેકનામ નેકનઈઅત દીનહોરમજદી જરથોસ્તીનાં કાયદા મુજબ રાહે રાશતીથી ને દરોશતીથી ચાલનારા ને પોતાનો બુજરગોનો અસીલ કદીમોલ અઈઆમ શરેસ્તા ઉપર બેસક બેગુમાન રહેવાવાલા શેઠજી સાહેબ શ્રી પ. શેઠ આ. સોરાબજી ગુ. મકાની શેઠજી સાહેબજી માણેકજીના ખાનદાન વગેરે શેઠ શાહેબ સોરાબજી સાપુરજી તા. શેઠ સાહેબ પેસ્તનજી ગુ. નવરોજજી તા. શેઠ સાહેબ દાદાભાઈ ગુ. નોશરવાનજી વગેરે સમસ્ત અનજુમન ભગરીઆ શ્રી નૌસારી કસ્બાની વડી દરેમેહેરને તાએબેના રોજ બરોજ ખુબી નામદારી

---

*શેઠ મનચેરજી પે. ખરેઘાટની ગણત્રી પ્રમાણે તારીખોમાં એકેક દિવસનો ફેર પડેછે. પારસી રોજ માહાની મુકાબેલ ૩૦ મી મે ૧૭૭૭ N. S. હતી. હિંદુ તિથિની મુકાબેલ તા. ૩૧ મી મે ૧૭૭૭ N. S. (વાર શનિ) હતી. રતનજી વાછાની પંચાંગ પોથીમાં પણ એમજ છે.

દુશ્મનજદારી જીઆદે સુદ. લા. નૌસારી કસ્બાથી દોઆગો ખેર અનદેશ કદીમરાહા રશમના કાયદા ઉપર ચાલનારા દસ્તુર નૌસરવાનજી સોરાબજીની વતી આ. રૂસ્તમ દસ્તુર નોશરવાનજી તા. દેશાઈજી સાહેબ શ્રી મનોચેરજી ખુરશેદજીની વતી દેશાઈ જમશેદજી મનોચેરજી વગરે સમસ્ત અંજુમન ભગરીઆ શ્રી નૌસારીની વડી દરેમેહેરના તાએબેનાની દોવા કબુલ કરવી. જે ઇએથી લખવા મકશુદ એ છે જે સાહેબોનો મેહેરબાની ભરેલો કાગલ ૧ સંવત ૧૮૭૯ નાં રોજ ૨૧ માહા ૧ નો લખેલો તે રોજ ૨૪ માહા ૧ સને ૧૧૯૩ (તા. ૨૬ મી અકટોબર ૧૮૨૩ N. S.) અજદેજરદીને દીને પોહોતો છે તે વાંચેઆથી અજુમનનાં સાહેબોની ઘણી ખુશી થાઈ છે.... સાહેબોએ લખીઉં છેઃ–જે "શ્રી મુંબાઇની પંચાતના લોકો નવા કાયદા નવી રશમ ચલાવવાની ચોપડીઓ બનાવી છે તેમાં તરેહવાર હકીગતો લખી છે ને તે ચોપડીઓ ભી તમારી તરફ ભી આવી હશે, તે વાંચેઆથી વાકેફ થાએઆ હશો. તેહમો લખીઉ છે જે બેહેમન મોહોર ગોશ રામને દને* રોવાનોનાં ચાહરૂમ આવે છે તે વારે બામદાદને વખતે ગોસફંદ જોરનું કરે. ચરબ શ્રી પાક પાદશાહા આતસબેહેરામ સાહેબની ખીદમતમાં, ઇઆ તે નહીં તે વારે આદરીઆન સાહેબનાં કામમાં લાવે છે. તા. દમ (=દહમ) ઈજિદનાં આફરગાન પાતરામાં મુકીને પઢે છે. તા. અસતુમ અગળ ભી મુકે છે. તા. તે ગોશફંદની મુંડી લઈને

---

*તા. ૩૦ મી મે ૧૭૯૬ ને દીને મુંબાઇમાં સમસ્ત જરથોસ્તીઓની સભામાં એક ઠરાવ એવો હતો કે મોબેદ યા બેહેદીને બહમન, મોહોર, ગોશ, રામ એ રોજે ગોશ ખાવું નહીં. અને ખાનારને ચોક્કસ શિક્ષા ફરમાવી હતી. એ ૪) રોજોમાં બાજ રોજ અથવા ચહાદમ પડે તો "આપણી દીનના હોકમ માફક ગોશફંદ કરે ને તેની ચરબ ચઢાવે. પણ તે દહાડે હરગેશ ખાએ નહી"–આ નિયમ આજારી માણસને લાગુ પડે નહીં. ઉપલા ઠરાવ મુજબજ ઇ. સ. ૧૮૨૩ માં મુંબાઇની પંચાએતવાલા સાહેબોએ પણ ઠરાવ કીધો હતો. આથી શેઠ શોરાબજી શાપુરજી શેઠનાં તથા બીજાઓએ નવસારીની અંનજુમનનું મત પુછાવ્યું હનું, તેનો ઉપર પ્રમાણે જવાબ તા. ૨ જી નવેમબર ૧૮૨૩ ને (?) દીને આવ્યો હતો (પા. પ્ર. પાને ૮૭૭–૮૭૮).

તે ઉપર હોમ ઈજ્દની બાજ ધરાવે છે. તે વાર પછી તે ગોશતની ચાસની તેના ખેશ અગર બીજા લોકોને તા. દસ્તુર મોબેદોને કરાવે છે. તા. બાજ ધરતી વેલા ગોસોદો તેનો કરેચ. તે ચાલ હમેશે કાએમ ડાએમ બજોરગોથી ચાલતો આવો છે. અને એ સરેસ્તો શ્રી મુંબાઈમાં પણ આજદીન સુધી ચાલેઓ જાએ છે. એ બાબદ કાંઇ તે ચોપડીમાં છાપી નથી. મોબેદો બીઆ કરતા હતા જે હવેથી એ ચાહરમ પઢે તે વારે ગોશફંદ જોરનું કરે નહી ને ચાહરૂમને દીને તેના ખેશના લોકો તા. દસ્તુર મોબેદોના કામમાં લાવે નહી. તથા મુડી ઉપર હોમ ઈજદની બાજ ધરાવે નહી. તા. બાજ ધરતી વેલા ગોસદો ગોશત ને કદીમ રસ્તો જુનો છે તે પકડી રહા છે ને હાલ તે દસ્તુરો તા. આપમતલબી મોબેદો પોતાના પેટને વાસ્તે બેહેદીન લોકોને ઓછું સમજાવે ને તે લોકો પણ વગર ખબરનાં પંચાએત વાલાને સામેલ થાઈ જાઈને બેમનાશેબ બોલેચ જે ગોશફંદ કીધા ન જોઇએ. દીનમાં હોકમ નથી. પણ હીંઆં દસ્તુર એદલજી દારબજી છે તેઓ સાફ કે છે જે દીનના હોકમ મુજબ ગોશફંદ કરવા ફરમાવે છે. ને કેતાબો ભી કેહ છે ને સમજાવેછે. તેને મોકાબેલ બીજા ઉભા થાએ છે ને કહે છે જે એમ નથી. એવી અદાવત કરી દીનના હોકમ તોરેચ તે ઘણી તરેહથી દીનના દુશ્મન થાએ છે તે લખવામાં કંઈ આવતું નથી. અને અમો તો જે તમારા પંથકમાં કાએદો છે તેને પકડી રહેઆ છઇએ ને તે કાએદાને કાંઇ મુકતા નથી તેથી ફરતા નથી. જો આજે એથી ફરીએ તો પાછળ બીજો અંદેશો લાંબો કરવો પડે છે, કે હવે તો ચુરીગર થાઓ ને પગ વાલો. ને હાલે બીજો સોલો પણ કાહારેલો છે જે અશરવાદ લગ્નનાં એકજ પાછલા પોરે સારે ને પાછલી રાતનાં સારે નહીં. આપરા પંથકમાં લોકોનાં મોબેદોને ને તમારા પંથકને તો કસા હસાબમાં એ લોકો ગણતા નથી. પણ હમો કાંઇ તમોને મેલતા નથી. ને તમારા ફરમાનથી ને અશલ વડાઓના કાએદા ને ફરમાનથી હમારેથી ફરાતું નથી. ને હાલ નોસારીમાં બહમન મોહોર ગોસ રામને

દીને કસાબી લોકોને હોકમ નથી જે ગોશફંદ કરે નહીં. પણ જે વારે ચાહરૂમ આવે છે તે વારે...ગોશફંદ જોરનું કરે છે. તે ઉપર લખેઆ પ્રમાણે હમેશે તે મુજબ કામમાં લાવે છે. એવું ઈહિં મોબેદ લોકોથી સાંભળતાં આવીએ છઇએ. તેથી સાહેબો હમે જે કામ ઉઠાવીઉં છે તે આપણા નોસારી પંથકનો કાએદો અસલથી ચાલીઓ આવીઓચ તે કાએદો રાખવાને તથા દીન જરથોસ્તીનાં હોકમ બજા લાવવા સારૂં બેઇતફાકી પંચાતવાલાઓનાં બનાવેલા જે હીંઆ કાએદા છે તે હમારે કબુલ નથી પણ હવે હમો તમુને અરજ કરીએ છે જે તમો સર્વે અંજુમન મલી હમો પર મેહેરબાની કરી તસ્દી લઈને દીન જરથોસ્તીનાં હોકમ મુજબ કેતાબોથી તા. અવસ્તાના શાધતોથી વીગતથી ફરમાવવું જે ઉપર લખું છે તે પ્રમાણે દીન ફરમાવે છે કે નહી. ઇઆ શી રીતે દીનમાં શું ફરમાવે છે તે રાહે રાશતી હોએ તે લખવું....."

(ઉપલા કાગજના જવાબમાં લખવાનું એ છે કે)
"...બહમન મોહોર ગોશ રામને દીન રૂવાનોનાં ચાહરૂમ પડે તે વારે બેલાશક ગોશત જોરનું કરજો. તેની ચરબ આતશબેહેરામ સાહેબને ઈઆ આદરાન સાહેબને ચઢાવજો. અંદર લોબાન તથા અગર સાથે રાખીને. બીજું તેની મુંડીના કટકા કરીને તે ઉપર હોમ ઈજદની બાજ ધરાવજો. એવી ચીજ કીધાથી તે ગોશફંદના શાહેબો રાજી ખુશી છે. ને બાજ ધરે તાં એ ગોશતનો ગોશદો કરે અને અફરગાનનાં પાતરામાં તા. અસતુમ પઢે ત્યાં મુકે તે વાર પછે તેના ખેશના લોકો તેની ચાસની કરે તે કીધાથી તેનાની સોગવારી ઉતરે. ને રૂવાન તો પુલગુજાર થઈ ચુકયું તે વારે ગમ રાખવો તે ઉલટી તકશીર છે. તેથી ચાસની કરે. બાકી જે રહે તે પાકીજે પરેહજગાર લોકો જે દસ્તુર મોબેદો હોએ તેઓને ચાસની કરાવે. બાજે લોક જે ઉજદેશત પરશત છે ઈઆને બેરાના (=બેરાહના) ચાલનારા તેઓના કામમાં લાવવું નહી. એવું કીધાથી સર્વે

અમસાસપંદ સાહેબો તથા પોતાનાં રૂવાનો ઘણા ખુશી થઇને તેવા કામના કરનારા પર આફરીન તથા દોઆ ઘણી કરે છે. તે હકીગત પાક તા. બેશક બેગુમાન ભરેલી ભલી દીન હોરમજદી તા. જરથોસ્તીના હોકમથી જુદદેવદાદની ૮ આઠમી પરગરદમાં* તા. ઇજિશ્નેના ૧૧ અગીઆરમાં હામાં† થરાઇઓતીમ (=થાયો હઇથીમ) નામનો છે તેમાં તા. દીનીકરદ (=દીનકર્દ) કેતાબના પહેલા દફતરમાં એ હકીકત તુલતવી છે. તેથી ઘણી ચોકસાઇ ને મોફજતથી એ ગોશફંદને વાપરવુ. અગર એવી રીતે નહીં કામમાં લાવે ને બીજા (નું) કાપી રૂવાનને નામે બીજા વાપરે તો તે કરનાર ધણી ઉપર બેહેમન અમશાશપંદ સાહેબ તથા તેના હમકાર તા. બીજા અમશાશપંદો તા. પોતાનાં રવાનો તે આગલા તથા નજદીકનાં ગુજરેલાં ઘણાં નાખુશ થાઈ તે ઉપર બદ દોઆ ને નફરીન કરે છે. ને જો ઉપર લખેઆ પ્રમાણે કામમાં લાવે તો ઘણાં રાજી ખુશી થાઇ તે દોઆ કરે છે એવું અવસ્તાની કેતાબો ભી ફરમાવે છે. હવે એ કીસો લાંબો છે તેથી મુખતેસર ધ્યાન કીધું છે. તે પ્રમાંણે ચેહેરૂમને દને એ રીતે નહીં બની આવે તો જુદદીનને હાથે ગોશફંદ હલાલ કીધું હોએ તો તેને લાવીને પાકીથી પકાવીને ખેશના લોકો તા. દસ્તુર મોબેદોના કામમાં લેવું. ને તેનોજ ગોસદો પણ બાજ ધરતી વેલા કરવો. તા. ગાહાંબાર તથા જશનોના કામમાં લાવવું એ પણ સવાબ છે. ને તેથી પણ ગોશફંદો રાજી છે. બાકી ગોશ તો હરરોજ ખાવું, તા. વગર પાકીથી ખાવું તા. ગોશત ખાઇને ગોનાહ તા. બેઅનદાજે હલાલ કરાવવો તથા જાણી જોઇને જોઇએ તેથી વધતું બગારવું તા. ગોશફંદ કોઇનું હોએ ને તેને ચોરીથી કાપી ખાવું એ સીવાએ હરએક વાતથી એને ઇજા દેવી ને તેની ખેદમતગારી પાણીથી નહીં

---

*પેહેલવી વંદીદાદની ૮ મી પર્ગર્દના ૨૨)મા ફકરામાં કહ્યું છે કે:– "યુમે તસુમ ગુસ્પંદી પવન ઝુહર બરા કુનીશન" યાને "ચોથે દહાડે અથવા ચહારૂમને દહાડે આતશને ચરબ ચઢાવવા એક ગોસ્પંદને હલાલ કરવું" (દસ્તુર જામાસ્પજી મી. જામાસ્પઆશાનો પેહેલવી વંદીદાદ પા. ૮૬). † હા. ૧૧ નો ૪ થો ફકરો.

કરવી અને બેદાદ મુકવાં એટલી ચીજનાં ગોનાહઓ ગેરાન છે. તે ગોશપદોનાં સાહેબોને એ ચીજથી ગણી શરમંદેગી પોચે છે. ને તેહેવારે પછી નાખુશ થાઇને બદ દોઆ કરેછે. એ હકીકત પણ અવસ્તાની કેતાબોથી જાહેર છે. જુદદેવદાદની ૭ સાતમી પરગરદથી તા. ઇજિશનનો ગેહેસારનાનાં હા બીજો ખશમેબીઆથી (="હમઇબ્યા"થી) તથા દીનીકરદના પેહેલાંજ દફતરમાંજ જાહેર છે. પણ જે વારે હમકાર ૪ ચારને દને રોઆનનાં ચાહરમ પડે તા. નીઆગાનોનાં રોજગાર દીશા પડે તા. ગંબાર તા. જશનો વીગરે આવે તે વારે ઉપર લખેઆ પ્રમાણે કરવું ને બેલાસક કામમાં લાવવું. કંઈ એ ચીજ બીજો અંદેશો ઇઆ બાજે વગર સમજતા લોકો કાંઈ કેહે સમજાવે તે કરવું નહીં. એ તો પોતાની મતલબ સાંધવા બેઠા છે. એ કંઈ દીન આએનને તા. બુજરગોના અસલ કદીમ શરેસ્તાને સમજતા નથી. ઇઆ ખશુશન અદાવતથી કરે છે. તે કાંઈ માલૂમ પડતું નથી. તે કરતાં એટલું તો જાણે છે જે કાલ દીન સુધી હમારા વડાઓ ચાલતા હતા. અને આજે કાહાથી એ લોકોને નવી દીન હાથ લાગી. ને પોતાના બુજરગોની ને બાપદાદાની ચાલને ફેરવી રદ કરી. ને પોતાની મતલબનાને જાહેલત ભરેલા સખુન બોલીને નાહેક ટોળા સાથે કલેશ કરાવો. એ કંઇ મુનાસેબ નથી. ને એ ચીજમાં કંઇ ફેજ નથી. તે ઉપર લખવાનું તો ઘણું છે. પણ એ લોકોની ભી તકશીર નથી. જે ફેસાદ ને હીંગામો છે તે વગર ખબરના દસ્તુર મોબેદો જેમ એ લોકોને અવલું સમજાવે છે તેમ થાઈ અફદાએ છે પોતાની મતલબ સારૂ. તેથી સાહેબોને હમો સર્વે અંજુમન લખીએ છઈએ કે એ ચીજ કરવી તો નહીજ. પણ એની રાહે જવું નહીં. એવા જુઠા મીસલા સાંભલવા ભી નહીં. કાંએ જે એ ચીજથી ગુનાહ હાંસલ થાએ છે. તેથી સાહેબ લોકો જે કાંઇ આપણા બુજરગોનાં કદીમ કાયદો ને રવઇઓ દીનનાં ફરમાન મુજબ બજા લાવે છે તેજ મીસાલે ચાલવું.....

બીજું સાહેબોએ લગનનાં આશરવાદ વીશે લખીઉં જે એ લોકો કહે છે જે ઓજીરનમાં એકજ દીએ. પાછલી રાતના જે

જરથોસ્તીના હોકમનાં છે તે નહી દીએ. એવી બીના સવે સાહેબોએ લખી તે વાંચી વાકેફ થાએઆ છે. તેનું જાણવું ભી એ જે એ લોકો કેહે જે રાજાનું રાજ ગીઉં તે વારે કોલ વચન કાહા રહો. ને એ તો ગલત છે. તેથી સાહેબ લોકો હવે અંદેશો કરો કે એટલી સમજ નથી રાખતા કે રાજાનું રાજ તે કીયે દીનથી ગીઉ. તેને તો મુદત ગુજરી ગઈ. તે વારે આજ લગી જે ચલાવીઉ તે વારે આગલ નેકા બુજોરગોના તો જુદા પાડેઆ તે હવડાં તમોને સમજ પડી તો પોતાને હાથે કરી પકડાએ છે જે જે ચીજ તમો ના કહોછો, જે રાજાના કહેલા કરવા નહીં, તે વાર તમે પેહેલા દેવા કહો છો ઓજીરનનાં તે તો રાજાનાં વચનનાં છે. તે તો તમો લોકો રાખો છો. ને પાછલી રાતના જે જરથોસ્તીનાં છે તે પોતાનાં મહજબનાં તે રદ કરવા, ને દેવા નહીં એવી વાતો પોતાનાં મતલબની કરવી ઠરી; તે દીન ભી મોજુદ ગણતા નથી તે વારે આપણે કાંહાં પોહોચીએ. એવી વાતોથી ને એવી ચીજથી દુર રહેવામાં ફાએદા છે. પછી સાહેબો દાના બીના છેઓ તે જે કંઈ નેક નજર પોહોચે તેમ કરવું. હમોને જે સુજું છે તે લખ્યું છે. પણ એટલુ નીશચે જાણવું સાહેબોને કે જરથોસ્તની સાથ કમર બાંધીને કોઈ ફેજને પોહોચેઓ નથી. અને હવે પણ પોહોંચવાનાં નથી. એ ચીજ ગણીને હેરત છે (=એ ચીજ ઘણી નેહેસ્ત છે). બદબખતીની નીસાણીજ છે. એકીન જાણવું એવું દીનમાં જાબજા અવસ્થાઓથી ફરમાવીઉં છે. તેથી સાહેબોને લખીએ છે કે એ તો આજે રાજાના રાજ સારૂ ના કહે છે જે તે રહીઉં નહી તે વારે તેનો કોલ ભી ગયો. ને કાલ તો કેહેશે કે પેગંબર સાહેબ અસો જરથોસ્ત ભી થાઈ ગીઆ ને આપણી પાદશાહી ભી ગઈ તેથી હવે એ દીન રાખવાનું સુ કામ છે....તેથી જે કઈ બુજોરગોએ દીનઆઈનની ચાલથી કાયદાઓ બાંધી ચાલી ગીઆછે તે વારે એક જરા બરાબર કંઇ ફેરફાર કરવું નહીં. તેમાં દાદાર હોરમજદની તથા અસો જરથોસ્તની તા. અમશાશપંદોની તા. બુજોરગોનાં રવાંનોની ઘણી ખુશનુદી છે, તે રાશત જાણવું. બીજું

સાહેબોને જાહેર કરીએ છે કે એ લગનનાં આશીરવાદ બાબદ સંવત ૧૮૭૭ માં ગોરોસમાન મકાની દસ્તુર સાહેબ શ્રી નોશરવાનજી શોહોરાબજીએ ભી એની વીગતથી સાહેબોને લખીઉં છે....જે બુજોરગોની રશમ પકડી રહેશે તેને રોજે રસ્તાખેજ સુધી કશી વાતની દેહેશત નથી.... ખોદા સાહેબોને સલામત રાખે, ગરીબ ટોલાની બરદાશત તમારા નેક ખાનદાનથી ચાલી આવી છે એજ રીતે સાહેબો ભી ચલાવો છો....સંવત ૧૮૭૯ ના રોજ ૩૦ માહા ૧ સને ૧૧૯૩ ઈઅજદેજરદી આસો વદ...વાર રવેઉ." (તા. ૨ જી નવેમબર ૧૮૨૩ N. S. રવિવારે).

આ કાગળ ઉપર દસ્તુર નોશરવાનજી સોરાબજી તથા ૪૪ મોબેદોની સહી છે (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૪૨–૫૦).

મુંબાઈનું પંથક ભગરીઆઓના એખલા હાથમાંથી જવા માંડયું હતું તે વિષે શેઠ માણેકજી મેરવાનજી શેઠનો કાગળ.

એમ માલૂમ પડે છે, કે મુંબાઇના કેટલાક સાહેબો ભગરીઆ મોબેદોથી નાખુશ થવા લાગ્યા હતા, અને તેથી તેમણે બીજા પંથકવાલાઓ કને કામો કરાવવાનાં પગલાં ભરવા માંડયાં હતાં. આથી ઈ. સ. ૧૮૩૧ ને શુમારે મુંબાઈથી શેઠ માણેકજી મેરવાનજી શેઠે (શેઠ કાવશજી જાલભાઈ શેઠના બપાવાએ) નવસારીના દસ્તુર રૂસ્તમજી નોશરવાનજી ઉપર એક કાગળ લખ્યો હતો, તેમાં લખ્યું હતું કે "શ્રી મુંબાઈ મધેના સર્વે મોબેદોના બાબમાં જે કંઇ બીના જુઠી નીકલી છે તે તો સાહેબને રોસન છે જે શા કારણથી એવો જુઠો બુમાટો ઉરાડે છે. પણ હવે હમારે ત્યાંના તથા બીજા કેટલાએકો તમાસો અદાવતને લીધે જોવા ચાહે છે. ને વલી કેટલાએક જણા પોતાનાં છોકરાંને સુદરેહ પેહરાવે છે તથા રૂવાનોનાં સુયાવ (=શ્યાવ) ઇંજાવે છે. તે એદલજી સંજાણાને ત્યાં મહમતને લીધે. તે પણ તમુને બીજા મોબેદોનાં કાગલથી રોશન થાઇઉં હોશે. બીજું પરેલવાલાને ખુરશેદજી માણેકજી

સરાફે પોતાની દરેમેહેરના મોબેદો જણ બે ચારને બરસનુમ બદલાવે છે તેનાને ત્યાં હમોએ એવું સાભળું છે જે તેથી સર્વે મોબેદો ઉપર કાગલ ૧ સમસ્ત અંજુમનની સહીનો લખાવીને મુંબાઇનાં સર્વે મોબેદોને...સમસ્ત અંજુમનને નામે તાકીદે લખજો. કાંએ જે મુંબાઈનું નૌસારીથી જુદું કરવાની ઉમેદ હશે. તેથી તપાસી વીચારીને લખજોજી. બીજું સર્વે સાહેબે જે લખું કે ચરનીવાડીવાલાને હાથનાં ફરીથી જુઠી અફવાને લીધે અમલ કરશો તો નૌશારીનાં પંથકની તથા રૂસ્તમજી માણેકજી શેઠ ખાનદાનની હોરમત નથી રહેવાની. તેથી સાહેબને અરજ કરૂં છું કે શેઠ માણેકજી નવરોજજીની દરેમેહેરના મોબેદો બેહેદીનો પાસે પૈસા પોતાનાં લેણા લેવા જાએ છે તેહ વારે તેનાને જેમ ગમે તેમ બોલે છે. અને દરેમેહેર મધેથી શરોશના કામ વગેરે ચરનીવાડી મધે જાએ છે. તેથી મેહેરબાની કરી મોબેદોની જોર ૧ બરશનુમની તથા આલાદ વગેરે સારી તરેહથી તજવીજથી અસલ બુજરગોનાં કાનુન મુજબ શ્રી મુંબઇ ખુદાનું નામ લઇ રવાનાં કરવું. અને મોબેદો ઉપર તાકીદ લખવી કે તમારી તરફની જે જોર વગેરે આવે તેને કબુલ કરે ને ફીસાદ કરે નહી. એનો ખરચ જે કાંઈ બેસે તે માહારી ઉપર લખજો. હમો આપીશું...બીજું હમારા હોરમજજી તથા નશરવાનજી વીગેરેને પણ ચાર સખુનો એ બાબત લખવા ઘટે તે લખવા. કાંએ જે શેઠ મનચેરજી બમનજીવાળી બાહારકોટની દરેમેહેરનાં મોબેદોને હોકમ કરી ત્યાં મોકલે નહીં. સંવત ૧૮૮૭ના માહા વદ ૯ રવેઉ રોજ ૮ માહા ૫." તા. ૬ ઠી ફેબરવારી ૧૮૩૧ N. S. રવિવારે). (જામાસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૨ પા. ૨૦).

મુંબાઇમાં નાવર કરવાની રજા આપવા નવસારી લખેલો કાગળ.

ઈ. સ. ૧૮૩૨ના સાલમાં વાડીઆજીઓ તથા બીજાઓએ નવસારીની અનજુમને પત્ર લખી મુંબાઇમાં નાવર કરવા દેવાની રજા માંગી હતી તે કાગળ નીચે પ્રમાણે હતોઃ—

"....અત્રે મુંબાઈ મધે આતસબેહેરામ તખતનશીન થએઆંથી કુલ જરથોસ્તી ફેરકાને ઘણી ખુશી હાંસલ થાઈ છે તે સર્વે તમો સાહેબોને રોશન છે. અને હમણાં હમો સર્વે જણા એતેફાક કરીને અત્રેથી આતસબેહેરામની દરેમેહેર મધે મોબેદોનાં ફરજંદોને નાવર કરવાનાં કામની સરમજાન કરીએ છીએ તે બાબે શ્રી નૌસારીનું અસલ પંથક જાણીને હમો તમોને લખી જણાવીએ છઇએ જે એ ભલી દીનનાં નેક કામમાં તમો સાહેબો મદદ કરીને સાથે સામેલ થાઇને એ નેક કામને બજા લાવે એવું સાહેબોનાં લખવાથી હમારે ને તમારે એખલાશ ને ગોરોબો છે તેથી જીઆદા થાશે. તે શતકરી જાણજો....રોજ ૫ માહા ૪ સને ૧૨૦૧ ઈઅજદેજરદી સન ૧૮૮૮ ના પોષ શુદ ૨ વાર બુધે તારીખ ૪ જાનેવારી સને ૧૮૩૨ (S. N.)" આ કાગળ ઉપર શેઠો હોરમજી બમનજી શેઠના, બમનજી હોરમજી વાડીઆ, ખરશેદજી માણેકજી શરાફ, (સર) જમશેદજી જીજીભાઈ, ફરામજી બમનજી, જીજીભાઇ દાદાભાઇ વગેરેની સહીઓ છે. શેઠ ખરશેદજી માણેકજીએ શેરો માર્યો છે કે "બીજાં સર્વે દીન ધરમનાં કામ મુંબઈ થાએ છે, ત્યારે ઉપલા કારણસર કોઈને હરકત કરવી સજાવાર નથી." (જામાસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૧ પા. ૬૭ તથા ના. ૨ પા. ૯ પારસી પ્રકાશ પા. ૨૪૩).

નવસારીની અનજુમને નકારમાં આપેલો જવાબ.

નવસારીના ભગરીઆ મોબેદોની અનજુમને ઉપલાં કાગળનો જવાબ આશરે ૧॥ માસ બાદ નીચે પ્રમાણે આપ્યો હતો;–

"....સાહેબોએ મુંબઇમાં હેરબદ કરવા વીશે લખું જે આતસબેહેરામ સાહેબની જગામાં વાંચી વાકેફ થાએઆ છે. તેનું જાણવું એ જે શ્રી નૌસારીમાં તા. સુરતમાં તા. ભરૂચમાં તા. ખંબાતમાં ગોદાવરામાં તા. વલશાડમાં તા. ઉદેપુરમાં તા. સર્વે જગાએ હેરબદ થાએ છે તેમ એ જગો પર ભી થાશે તો કંઈ અંદેશો નથી. હમે તો સરવ વાતે હાજર છઇએ. અને

પંથક બી હમારૂં છે કંઈ જુદું નથી. પણ એ બાબેની એક બીના છે તે અસલ સાહેબોને લખી જણાવીએ છે તે એ કે હમારે ત્યાં એવો શરેસ્તો છે કે હમો સર્વેથી હલાદું વાપરીએ છે. તે હમારે ત્યાંના સુરતનાં તા. ગણદેવી બીલીમોરેના મોબેદો છે તે સાથે બી હમો વાપરતા નથી. તે પાંચે પંથકના સાહેબો જાણે છે. અને તેજ મુજબ કાનુન આજ સુધી જારી છે તે તથા હાલમાં મસહુર છે તે એદલદારૂ વગેરે સર્વે સાહેબો જાણેછે. તેથી એ મુજબ એ જગો ઉપર જે હેરબદ થાશે તે સાથે હમો કાંઈ નવો સેરસ્તો નથી કાહાડતા. આજ મુદતથી બુજરગોનો કાનુન છે તે મુજબ ચાલશું. ને કદી તે લોકો આવશે તેને બરશનુમ આપીશું....પણ હમો તે સાથે વાપરવામાં સામેલ થવાના નથી. તે કોણ સાથે જે હવે પછી જે થાશે તે સાથે. તેથી સાહેબોને લખી જણાવીએ છે કે વલી પછવાડેથી એ વાતની આપણને નાખુશી નહીં થાએ. ને એ કાંઈ નવું નથી. અસલથી ચાલતું આવે છે....રોજ ૨૧ માહા ૫." (તા. ૧૯ મી ફેબરવારી ૧૮૩૨ N. S.) આ કાગળ ઉપર દસ્તુર રૂસ્તમજી નોશરવાનજી તથા ૧૫ મોબેદોની સહી છે. (જામાસ્પજી મેહેરજીરાણા હસ્ત લેખ ના. ૨ પા. ૯).

નોંધ—એમ માલૂમ પડે છે, કે આ વેળાએ વડા દેશાઈજી મુંબાઈવાલા સાહેબોની તરફદારી કરી કાંઇક કોશેશ કરતા હતા. આથી ભગરીઆઓ તેમની સાથે છેડાઇ પડયા હતા. તેઓએ દેશાઈજીને લખ્યું હતું કેઃ—"એ લોકોએ તમને સરદાર જાણીને તમારે ઉપર લખીઉં તે તમોએ સરવ અંજુમનને જાહેર કરી કહીઉ. તો અંજુમન કંઈ તમારૂં ઓશીઆલું રાખતું નથી, કે તમારૂં બંધાયલું નથી, જે તમો કેશો ને તમારૂં સખુન રાખશે. એ ચીજની તો ઉમેદ રાખશો મા. હજુર કંઇ હક અંજુમનનો તમારે ઉપર હોશે. તમારા નેઆગાનોએ જે અંજુમનની દશતગીરી કીધી ને પોતાની ગાંઠના પૈસા ખરચ કીધા તે શા વાસ્તે ખરચીઆ હશે. એમાંથી કંઇ ફેજ નજર આવેઓ હોશે ને પોતાના કામમાં ગરીબ ટોળાની દોઆ મદદગાર થઈ હશે.

....ને હવે તમો સાહેબો તે લોકની રશને (=રશમને?) વાસ્તે પોતાનાં બાપદાદાનો રશમ મેલાવા કરોચ ને બીજાઓના રશમ કબુલ કરોચ તે તમો કેશો (તે) કંઈ અનજુમન નથી કરવાના....તમો કંઇ અંજુમનના મુખત્યાર નથી જે તમારો સખુન રાખશે. તમો અંજુમનને આબરૂ આપશો તો અંજુમન તમોને સરદાર કરી જાણશે....અગર એ સાહેબોની મરજી એમજ છે કે મરતબ થાએ ને સરવ એકઠા થઇ વાપરે....તો વારૂં....તમારે તરફનાં સાહેબો ૫ ઈઆ ૨૫ એકઠા થાઇ એક કાગળ અંજુમનને નામનો....કરી મોકલે....તો તમામ અંજુમન મલી વાંચીએ પછી તેનો ખોલાશો કરીએ....પાદશાહની જગા ઉપર નેરંગદીનનાં બરસુમ લઇને નેરંગ દીનનું કામ તમામ કરાવેછે તેજ નેરંગ દીનનાં કરનારા મોબેદો શેઠ માણેકજીની દરેમેહેરવાલા મોબેદો દીએચ તે વાર તે સાથે વાપરે છે, એ મુજબ અકેકની દરેમેહેરવાલા જુદાજુદા વાપરે છે તો તડાં પડામાં બાકી શું છે....તો હવે નેગાહ પોહોંચાડો કે અમો તે લોકો સાથે શી રીતે ભેળાશું ને વાપરશું....નાહેક નાખુશી અંજુમન સાથે કરવી એ વાતભી તમો સરદારને લાજમ નથી" (જામાસ્પજી મેહેરજી-રાણાનો હસ્ત લેખ ના. ૧ પા. ૧૨૭). આ કાગળની તારીખ જડી નથી.

મુંબાઈમાં થયલા નાવર.

નવસારીની ભગરીઆ અનજુમનનાં નકારવાલાં પત્ર છતાં ઈ. સ. ૧૮૩૨ થી મુંબાઇમાં નાવર કરવાનું કામ શરૂ થયું હતું. વાડીઆજીના આતશબેહેરામમાં પહેલવહેલા નાવરો એ૦ નવરોજી રૂ. હવાલદાર, એ. દોરાબજી બે. સંજાણા તથા એ. ફરામજી મા. સંજાણા થયા હતા. (પા. પ્ર. પાને ૮૯૯).

ઈ. સ. ૧૮૫૦ માં મુંબાઈમાં નાવર મરતબ કરવાનો સવાલ પાછો ઉભો થયો હતો. સર જમશેદજી જીજીભાઇ ઉપર તા. ૨જી મારચ ૧૮૫૦ ને દીને દસ્તુર બેહેરામજી દારાબજી સંજાણા તથા કેટલાક મોબેદોએ અરજી કીધી, કે "જ્યારથી અત્રે (મુંબાઈમાં)

આતશબેહેરામ થયા છે ત્યારથી દીનઆઈનિનાં એક વતરોગે સઘલાં કામો દરોબસ્ત થાતાં આવેઆં છે. પણ આજની ઘડી સુધી હમારેથી હમારા છોકરાઓને નાવર તથા મરાતેબ કરી શકાતા નથી. કાંએ જે નવસારીની અનજુમનના સાહેબો એવો વાંધો લીએચ કે મુંબાઈના આતશબેહેરામ મધે નાવર મરાતેબ થયલાઓ સાથે નવસારીવાલા મોબેદો પદાન બાંધીને વાપરે નહીં. આ હરકત દીનઆઈનિનાં હોકમથી તદ્દન ઉલટી અને નામુનાસેબ છે. તોપણ નવસારીની વડી દરેમેહેરને તાબે રહેવાને હમો માનભરેલું વીચારીને આજ લાંબી મુદ્દત થાઇ તેવોની તરફનો એવો અણઘટતો જુલમ ખમીએચ. પણ આએ નામીચો સંજોગ કે જે તમો નામદારને તે (=નવસારી) તરફ સીધારવાનો બની આવેઓ છે તે ઉપરથી હમો તમોને વીનંતી કરીએચ કે તમો સાહેબે એ અડચણ ટાલી નાખવા સારૂં ઘટતો ઉપાય કરીને નવસારીની અંજુમન પાસેથી હમોને મુંબાઇ મધે નાવર મરાતેબ કરવાનો હક અપાવવો...”

આગળ ચાલતાં લખ્યું છે, કે “જો નાવર મરાતેબનો હક મુંબાઈ ખાતે આપ્યામાં આવે તો (નવસારીના દસ્તુરો તથા મોબેદોની પેદાયશમાં ઘટાડો થયો છે તે) વધારે ઘટારો થાય” ...માટે કબુલ કરીએ છીએ, કે “આતશબેહેરામના વારાના રૂ. ૧૦૦૦૦)થી વધારે હાલમાં એકઠા થાએલા છે, તે મધેથી રૂ. ૨૦૦૦) નવસારીના મોબેદોની અંજુમનને આપીએ.” આ તથા બીજા લવાજમો આપવા કબુલાત આપી હતી (પા. પ્ર. પાને ૯૧૨).

શેઠ ખરશેદજી શરાફે પહેલવહેલા મુંબાઇ મધે બોલવેલા ઉદવાડીઆ મોબેદો.

શેઠ માણેકજી મેરવાનજી શેઠના ઈ. સ. ૧૮૩૧ વાળાં કાગળ ઉપરથી આપણે જોયું, કે મુંબાઇવાલા કેટલાક સાહેબો “મુંબાઇનાં પંથકને નવસારીથી જુદું કરવા માંગતા હતા.” ત્રણ વર્ષ બાદ યાને ઇ. સ. ૧૮૩૪ ના એક કાગળ ઉપરથી જણાય

છે, કે શેઠ ખરશેદજી માણેકજી શરાફ કે જેઓ મુંબાઈની પારસી પંચાએતના અકાબર હતા તથા બહુજ લોકપ્રિય ગૃહસ્થ હતા, તેમણે ઉદવાડાથી ત્યાંના મોબેદોની જોડ ક્રિયાકામ કરવા સારૂં પહેલવહેલી મુંબાઇ બોલાવી હતી. નવસારીના ભગરીઆ મોબેદો વખતને અનુસરતા ફેરફાર કરવા નારાજ હતા, તેથી તેમનાં મુંબાઈવાલાં પંથકને કેટલાક વર્ષોના અરસા બાદ ધોકો પુગ્યો હતો, અને બહારના પંથકવાલાઓ મુંબાઇમાં દાખલ થવા પામ્યા હતા. શેઠ ખરશેદજી મા. શરાફે ઉદવાડે દસ્તુર દોરાબજી બેરામજી તથા દસ્તુર રૂસ્તમજી તેમુલજી તથા એ. બેરામજી ભીખાજી ઉપર પત્ર લખ્યો હતો તેનો મુખ્ય ભાગ આ પ્રમાણે હતો :—

"...તમારી સમસ્ત અનજુમને હમારી ઉપર ઘણી મહેરબાની કરીને મોબેદોની જોડ બે મોકલી હતી. પણ અનજુમનના પડોશમાં ઘેર બંધાએ છે તેનો થાંભલાનો છેડો લાગેલો તે ઠેકાણે પાવી કરવી રહી ગઇ તેથી મોબેદોના બરશનુમ અવાવ થયાં તે મધે મોબેદોની કંઈ તખશીર નથી તે જાણજો. વાસ્તે તમારી તરફ પાછા મોકલ્યા છે. તેનાને મુકતાદ વીતાં આપણી રપીથવન ઈજાએ તેને બીજે દહાડે બરશનુમ અપાવીને જેમ જાનો તેમ તાકીદે રવાના કરજો....બીજું હમારી અરજ એ છે જે હમે પ્રથમ તમુને લખ્યું છે જે એક વાર તમારા લોકો મુંબાઈમાં પગ મુકે તે પ્રમાણે ખુદાતાલાની મહેરબાનીથી બનીયું હતું. પણ નાપાક હેરેમન દેખી નહી શકતો. પણ ધીરે ધીરે ખોદા સારૂં કરશે તે સત જાણજો. બીજું હવે મોબેદોના બંદોબસ્ત વીશે અમે મોબેદ ફરામજીને કહેલું છે તેથી વાકેફ થઈ મોબેદો આવે તેની અગાઉ અમુને લખી જણાવજો. ત્યારે અમે વેકાજી મહેરજીભાઈને કાગલ લખીશું. તેઓને આગલની પખે ખરચ સર્વે આપીને રવાના કરશો. બીજું નીરંગદીન તમારી અત્રે બાકી છે. તે ચોકસ ઠેકાણે રાખેલી છે. તેને કશો આલ આયો નથી. પણ અમારી ખુશી છે જે બીજી નીરંગદીન મોબેદ આવે તેની સાથે મોકલજો. પાંચ રૂપીઆ હમોને ખરચ

પડશે તેનો કંઈ મજાખો નહિ. પણ કોઇ મુજી ફરીથી કંઇ બોલી શકે નહી, તે કામ કરવું બહેતર છે...રોજ ૧૮ માહા ૧૨ સને ૧૨૦૩ યજદગરદ શેહરીઆર..." (તા. ૧૩ મી સપટેમબર ૧૮૩૪ N. S. શનિવારે) (ઉદવાડાથી એ. ભીખાજી ઉનવાલા કનેથી મળેલો છુટો કાગળ.)

મુંબાઇમાં ઉદવાડચા યોજદાથ્રેગર મોબેદો આલાત સાથે પેહેલ વેહલા ઈ. સ. ૧૯૨૪માં આવ્યા.

ઈ. સ. ૧૯૨૪ના સાલમાં મુંબાઈવાલા શેઠો રૂસ્તમજી તથા નશરવાનજી ના. બોઈસ ભાઇઓએ ક્રિયાકામો માટે રૂપીઆ એક લાખ ઉપરનું ત્રશ્ટ સ્થાપ્યું છે. તેની રૂહે તેઓએ ઉદવાડાથી મુંબાઈ મધ્યે તમામ આલાત સાથે મોબેદોની જોડી ૨) બોલાવી અત્રેનાં દાદીશેઠના આતશબેહેરામની જગ્યામાં પોતાનું જુદું મકાન બાંધી ઉદવાડાના આલાત વડે વંદીદાદ, નીરંગદીન, જીંદેરવાન વગેરે નાનાં મોટાં ક્રિયાકામો કરવાનું નક્કી કર્યું હતું. તથા પાવ મેહેલનાં ક્રિયાકામો સરતાપા (અથવા ૭૨ હા)ની ખુપ સાથે કરવાનું કર્યું હતું. આ પ્રમાણે મુંબાઈમાં પહેલવેહેલા આલાત સાથે આવનાર મોબેદો બેરામજી જ. ઉનવાળા, શોરાબજી હો. સીધવા, નાદરશા ફ. મગોલ તથા દીનશા પા. સીધવા હતા. કેટલોક વખત બાદ પેહેલા બે મોબેદોએ ઉદવાડાના આલાતથી "વરશ્યો" કર્યો હતો.

નોંધ—ઈ. સ. ૧૮૩૧ માં શેઠ ખરશેદજી શરાફે ઉદવાડાથી યોજદાથ્રેગર મોબેદોને બોલાવ્યા હતા, તેમનું નાહાન ભાંગ્યું હતું. ત્યારબાદ ૯૩ વર્ષ સુધી ઉદવાડાથી નાહનવાલા મોબેદો ક્રિયાકામ સારૂં આવ્યા હતા નહિ.

પ્રકરણ અગીઆરમું.

શ્રી ઈરાનશાહને માટેનાં સુખડ કાઠી વગેરે ચીજો ઉપરની ખંડણી-માફીના પરવાના.

પેશ્વાઈ સરકારે, ગાયકવાડની સરકારે તથા ઇંગ્રેજ સરકારે મોબેદોની ખંડણી માફ કરી હતી, તથા શ્રી ઈરાનશાહને માટે આવતાં સુખડ લોબાન કાઠી વગેરે ચીજો ઉપરની ખંડણી માફ કરી પરવાના આપ્યા હતા, તેની નોંધો અત્રે ઉતારીશું:—

નવસારીના મોબેદોપરની ખંડણીની માફીના પરવાના.

(૧) સર્વથી પુરાતન પરવાનો ગાયકવાડ પીલાજીનો ઈ. સ. ૧૭૩૧ નો નીચે પ્રમાણે હતો:—

"શ્રી રાવ શ્રી સુબેદાર પીલાજી ગાએકવાડ વચનાત દેશાઈ મહાજનનાં કસ્બે† કસ્બાનાં જત પારસી લોકોનાં અધીઆરૂ ઉપર ખંડીના રૂ. ૨૧) જમે છે તે મુરતહક$ લુક પાસેથી સરકાર મધે કાંઈ લેતા નથી માટે મરેનોશી‡ વગર અંધીઆરૂને ખંડી માફ કીધી છે માટે એને તમો કશી વાતે મજાહીમ થાશો મુ. દશહુબી (=દેશમુખી?) વગેરે પણ કોઈ માં લેશું. ને પારસી જમાતમાંથી કમી કરજો. તે બાબે તાકીદ જાણજો. સંવત ૧૭૮૭ ભાદરવા વદ ૭ (તા. ૨૨ મી સપટેમબર ૧૭૩૧ N. S. જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પાને ૪૨).

---

† કસ્બેની પછી નવસારી અથવા બીજાં કોઇ ગામનું નામ જોઇએ.

$ આ શબ્દ "મુસ્તહક" (ફારસી શબ્દ=લાએક માણસ, સખાવતને માટે યોગ્ય) માટે દીશે છે. જોવો પરવાનો ના. ૯-૧૦.

‡ આ શબ્દ સમજ પડતો નથી-તે કદાચ "મેરનોશજી" હોય, એમ શેઠ મ. પે. ખરેઘાટ ધારે છે.

શેઠ શોરાબજી કાવશજી નેકસાઅતખાંત (ઘડિયાલી)* (ઈ. સ. ૧૬૯૭–૧૭૭૨) જેઓ સુરતના રહેવાસી હતા તેમની મહેનતથી પેશ્વા સરકારે નવસારીના મોબેદોપરની ખંડણી જે વર્ષ દહાડે રૂ. ૪૦૦ ની હતી તે માફ કીધી હતી,§ તેના કેટલાક પરવાના બચી રહ્યા છે, તે નીચે પ્રમાણે હતા:—

(૨) "આજ્ઞા પત્ર સમસ્ત સેન ધુરંધર વીશ્વાસનિધી રાજમાન્ય રાજેશ્રી યશવંતરાવ દાભાડે સેનાપતી તાહા મુકદમાની કસ્બે નવસારી સુમાસન સીત સલાસીન મૈયા અલફ† કસ્બા મજકુરે બ્રાહ્મણ અધીઆરૂ નીસબત પારસી રૂખાત છે તેને ખંડણી પટી માફ કરી છે તો તમે દરેક બાબે મુઝાંહીમ ન થવું. બ્રાહ્મણને ઈજા ન આપવી. તાકીદ છે જાણવું. ચંદ્ર સતર માહે જીલકાદી" (=તા. ૩૦ મી મારચ ૧૭૩૬ N. S.)

(૩) "અભયપત્ર સમસ્ત સેના ધુરંધર વિશ્વાસનિધિ રાજ્યમાન્ય રાજશ્રી યશવંતરાવ દાભાડે સેના ખાસખેલ તા. સમસ્ત બ્રાહ્મણ હિંદુ વકારતે બ્રાહ્મણ કસ્બે નવસારી પ્રગણે મજકુર પ્રાણ‡ સુરત સુમા સીત સલાસીન મૈયા અલફ તમારે

---

*એઓ એક કુશલ ઘડિયાલી હતા. દીલ્લીના તે વેળાના શેહેનશાહનું એક મોટું ઘડિયાળ બંધ પડયું હતું તે સમારવા એઓ સુરતથી દીલ્લી ગયા હતા. અને તે ઘડિયાલ ફતેહમંદી સાથે દુરસ્ત કરી આપ્યું હતું. શેહેનશાહે આ કામ અજાએબી ભર્યું ગણી તેમને "નેકસાઅતખાન" યાને "ભાગ્યશાલી ઘડીનો સાહેબ" એવો એલકાબ આપ્યો હતો. પાછળથી તેમના બેટાઓને "તાલીઆરખાન" તથા "બેહેરેમંદખાન" ખેતાબો આપ્યા હતા. તેઓ તા ૯ મી એપ્રીલ ૧૭૭૨ ને દીને ગુજર્યા હતા. (પા. પ્ર. પાને ૪૮).

§નવસારીના બેદોનો ઉપરની ખંડણી જે રૂ. ૭૫૦) લેવાતી હતી તે માફ થઇ હતી નહિં. પાછળથી મુંબાઇવાલા શેઠ ફરામજી નશરવાનજી બાટલીવાલાએ રૂ. ૨૦૦૦૦) ભરીઆ ખંડણી માફ કરવી હતી.

†સુમાસન = સુરસન, સીત = ૬, સલાસીન = ૩૦, મયા = ૧૦૦, અલફ = ૧૦૦૦, કુલે ૧૧૩૬ સુરસન.

‡શેઠ મ. પે ખરેઘાટના મતે આ શબ્દ "પ્રાંત" દીશે છે અસલમાં શબ્દ "પ્રા ।।" હોય, તે ખોટી રીતે "પ્રાણ" વંચાયો છે.

બાબે સોરાબજી ઘડીઆલી હજુર આવી અરજ કરી કે બ્રાહ્મણ એમની પાસેથી કાંઈ ન લેવું. ખેતવાડી કરતા હશે તેની પાસે કસ્બે મજકુરે જે રૂપીઆ વધ્યા તેની વાંટણી લેવી એવી અરજ આપી તે ઉપરથી અભય કે તમે એક રૂપીઓ ન આપો. બીજા ધંધા કરનારા વ્યાપારી જે હશે તે આપશે તમોને તગાદો કોઈ બાબે નહીં. સુખરૂપ રહેવું. જ્યાસ્તી તોશીશ હજુરથી લાગવાની નથી. એ વિષે અભય છે. એવું જાણવું. ચંદ્ર ઓગણ ત્રીશ જીલકાદ."

નોંધ—ઉપલી તારીખની મુકાબેલ તા. ૧૧ મી એપ્રીલ ૧૭૩૬ N. S. હતી.

બીજો પરવાનો ઉપલાજ સને તથા તારીખનો નીચે પ્રમાણે હતોઃ—

(૪) "અભયપત્ર સેના ધુરંધર વિશ્વાસનિધિ રાજ્યમાન્ય રાજેશ્રી બાબુરાવ દાભાડે સેના ખાસખેલ તાહ* સમસ્ત બ્રાહ્મણ હિંદુ વકારતે બ્રાહ્મણ કસ્બે નવસારી પરગણે મજકુર પ્રાણ સુરત સુમા સીત સલાસીન મૈયા અલફ કસ્બે મજકુરના ઘાસદાના હજુર લીધા તેની પટી મુકદમ ઘાલે છે. એવું સોરાબજી ઘડીઆલી એણે હજુર આવી જાહેર કર્યું અને અરજ કરી જે સમસ્ત બ્રાહ્મણ એવણને માફીનું અભયપત્ર આપવું એવી અરજ આપી માટે અભય જે સુખરૂપ કસ્બે મજકુરે રહીને વાસ્તવીક કરવું. તમોને પટી બદલ રૂપીઆ માફ કીધા છે. મુકદમ અભય આપશે. તેને તાકીદ કરવામાં આવશે. એક રૂપીઓ તમોને આપવાનું કારણ નથી. એ જાણીને સુખરૂપ રહેવું એ વિષે અભય છે જાણજો ચંદ્ર ઓગણત્રીશ જીલકાદ મુરત શુદ."† (રૂસ્તમજી જા. દસ્તુરકૃત કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ ૨ જો પા. ૬૧–૬૨).

---

* આ શબ્દ "તાહ" તરીકે લખાયલો છે, તે મરાઠી **तहां** અથવા **तांहां** (unto) માટે છે. † મોતબ્બ સુદ=એ પ્રમાણે ગોઠવણ થઇ.

પેશ્વાના હોકમ છતાં ગાયકવાડના અમલમાં દેશાઇઓ તથા પટેલોએ ખંડણી લેવા માંડી, તે ઉપરથી ગાયકવાડે કેટલાક પરવાના ખંડણી ન લેવા માટે આપ્યા તે નીચે પ્રમાણે હતા.

(૫) "રાવશ્રી સુબેદાર પીલાજી ગાયકવાડ વચનાત કસ્બે નવસારીના અધીઆરૂ ભગરીઆ તા. વગેરે જત માલુમ થાય જે તમારે પાસે શ્રી દેશાઇ ખંડણી લીધી છે તો દેશાઇને પૈસો ૧ એક મો આપશો. તમોને ખંડણી વગેરે માફ કીધી છે તે જાણજો. ૧૦ જમીઉલ."

નોંધ—આ પરવાના ઉપરનું સાલ નકલ કરનારે લખ્યું નથી.

(૬) "રાવ શ્રી ગંગાજી ગાયકવાડ વા. કસ્બે નોસારીના અંધારૂ ભગરીઆ તા. સંજાણા વગેરે જત માલુમ થાય જે તમુને સુબેદાર શ્રીએ ખંડણી તા. દેશમુખીના માફીના પરવાના કરી આપ્યા છે તે માટે તમો કોઇને પૈસો ૧ આપશો મો. તાકીદ જાણજો. તૈ ૨૫ સવાલ."

નોંધ—આ પરવાના ઉપરનું પણ સાલ નકલ કરનારે લખ્યું નથી.

(૭) "રાવ શ્રી દેવજી રાવજી વા. કસ્બે નોશારીના કુમાવસદાર હાલ ઈસિતકબાલના (=હવે પછીના) તથા દેશાઇ તથા પટેલ તથા બલતક બેઠેક સમસ્તને માલુમ થાઇ જે પારસી લોકોના અધારૂ સરવેને ખંડણી વગેરે સરવે સુદામત સરકારથી માફ છે ને સુબેદારજીના પરવાના પણ છે. માટે અધારૂ સરવેને કોઇ ખંડણી વગેરેને કાજ કશી વાતે મુજાહમ નહીં થાય. તાકીદ જાણે ને અંધારૂ સમસ્ત પોતાની ખાતાર જમે રાખી આસરવાદ કરતા રહેજો. તમોને કોઈ કસી વાતે ખંડણી વગેરેને મુજાહીમ નહીં થાશે. એ વાતનો કોલ છે. તા. ૧ માહ મોહરમ."

નોંધ—અત્રે પણ નકલ નવેશે સાલ આપ્યું નથી.

(૮) રાણા દુરજેસિંહનો નીચલો પરવાનો અગત્યતા ધરાવે છે:—"શ્રી રાજ મહારાજાધિરાજ માહારાણા શ્રી દુરજનશૌહીંજી આદેશાત. કશબે નવશારીના દેશાઈ શમશત તથા બેઠક

લોક શમશત. જત માલુમ થાય કે પારસીના અંધારૂ બામણને ખંડણી શુદામત માફ છે. માટે ખંડણીના પૈસાની ખાતર અંધારૂને મજામત રખે જાઓ. સંવત ૧૭૯૦ ના ચૈતર શુદ ૧" (તા. ૪ થી એપ્રીલ ૧૭૩૪ N. S.) (શો. મ. દેશાઇકૃત તવારીખે નવસારી પાને ૧૯૫).

નોંધ—શાપુરજી સંજાણાના કીસ્સા પ્રમાણે **શ્રી** ઈરાનશાહને ઉદવાડામાં લાવી રાખવાની રજા રાણા **દુરજેસીંગેજ** આપી હતી, તેજ ઉપલા **દુરજનશૌહીંજી** માલૂમ પડે છે.

(૯) "રાય શ્રી સુબેદાર દામાજીરાવ ગાયકવાડ સમશેર બહાદુર વા. કસ્બે નવસારી વગેરેના કમાવીસદાર હાલ અસતકબાલના તા. દેશાઈ પટેલ તા. બેઠક લોક સમસ્ત જત માલુમ થાય જે પારસી લોકના અંધીઆરૂ ભગરીઆ વગેરે સમસ્તની ખંડણી તા. દેશમુખી વગેરે ખરચ સુબેદાર સાહેબ શ્રીએ માફ કરી છે. દુઆગો મુસ્તહક (=સખાવતને લાયક) લોકો જાણી ખેરાત સદા ચાલુ કરી છે માટે એ અંધીઆરૂને કોઇ કાંઈ મુઝાહીમ થાશો માં. અંધીઆરૂને સરવે માફ કરૂં છે. એ વાતની તાકીદ જાણજો. ને અંધીઆરૂ ભગરીઆ વગેરે તમો તમારી ખાતર જમા રાખી આબાદ રહેજો. તમો પૈસો એક કોઇને આપશો મોં. ખંડણી વગેરે ખરચ તમને ખેરાત સદા ચાલુ કરી છે. હમેશાં દોલત તરકીની દુઆ માંગજો તે વાતનો કોલ છે. સંવત ૧૭૯૪ માહ વદી ૧૩ (તા. ૧૬ મી ફેબરવારી ૧૭૩૮ N. S.)" (રૂશ્તમજી જા. દસ્તુરકૃત કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ બીજો પા. ૬૨–૬૫).

(૧૦) "રાવ શ્રી ગંગાજીરાવ ગાયકવાડ વા. કસ્બે નોસારી વગેરેના કમાવસદાર હાલ અસતકબાલના તથા દેશાઇ પટેલ તથા બેઠક લોક સમસ્તને માલુમ થાય જે પારસી લોકના અંધીઆરૂ ભગરીઆ વગેરે સમસ્તની ખંડણી તથા દેશમુખી વગેરે ખરચ શ્રીમંત મહારાજ સુબેદાર સાહેબ શ્રીએ માફ કરી છે. દુઆગો મુસતહક જાની ખેરાત સદા ચાલુ છે. માટે એ

અંધારૂને કોઈ કાંઈ મજાહેમ થાશો માં. અંધારૂને સરવ માફ કરૂં છે. એ વાતની તાકીદ જાણજો. ને અંધારૂ ભગરીઆ વગેરે તમો તમારી ખાતર જમે રાખી આબાદ રહેજો. તમો પૈસો ૧ કોઈને આપશો માં. ખંડણી વગેરે તમુને સરકારથી ખેરાત સદા ચાલુ કરી છે. હમેશાં દોલત તરકીની દોઆ માંગજો. એ વાતનો સરકારનો કોલ છે. સંવત ૧૭૯૪ અસવન સુદી ૨." (બે આશો હોવાથી તા. ૧૫ મી સપટેમબર કે ૧૫ મી અકટોબર ૧૭૩૮ N. S.)

(૧૧) "રાવ શ્રી ગંગાજી ગાયકવાડ વચનાથ કસ્બે નોસારીના કમાવીસદાર હાલ ઈસતકબાલના તા. દેશાઈઆન તા. બેઠક લોક સમસ્તને માલુમ થાય જે કસ્બે મજકુરના અધીઆરૂ ભગરીઆ તા. સીજાના (=સંજાણા) અંધારૂની ખંડણી વીગેરે સરવ શ્રીમંત સુબેદાર સાહેબે સરકારથી માફ કરી છે પારસી લોકોના ગોર જાની. માથ (=માટે) એ અધારૂને ખંડણી વીગેરેને કોઈ કશી વાતે મોજામ થાશો માં. તાકીદ જાણજો. અધારૂ સમસ્ત પોતાની ખાતર જમા રાખજો. તમોને ખંડણી ખરચ વીગેરે સરકારથી માફ કરી છે. સુબેદાર સાહેબની દોલત તરકીની દોઆમાં રહેજો. એ વાતનો કોલ છે. શં. ૧૭૯૫ ને પા. વદ ૧" (જો પોશ વદ ૧ હોય તો તા. ૨૫ મી જાનેવારી ૧૭૩૯ N. S.)

નોંધ—ઉપલા પરવાનાઓની જ્યાં સાહાદત ટાંકી નથી તે એ. ભીખાજી ઉનવાલાનાં કાગજ્યાં હતાં, કે જે જુની નકલો હતી.

(૧૨) પીલાજીરાવ ગાયકવાડે પણ ખંડણીની માફીનો પરવાનો મોબેદોને આપ્યો હતો. પણ એમ માલુમ પડે છે કે તેનો ભંગ થયો હતો. માટે ઈ. સ. ૧૭૪૦ માં નવસારીના સમસ્ત મોબેદોએ દામાજીરાવ ગાયકવાડ ઉપર અરજી કીધી કે "પીલાજીરાવ ગાયકવાડે હિંદુ બ્રાહ્મણો તથા પારસીના મોબેદો ઉપરની ખંડણી માફ કરવાનો પરવાનો આપ્યો હતો. પણ હવડાં તો નવસારીના કાજીઓ તથા માહજન ખંડણી માંગે છે તે માફ કરવાનો બીજો પરવાનો અમોને આપવો." (શો. મ.

દેશાઈની તવારીખે નવસારી પાને ૧૦૮). આ ઉપરથી નીચે મુજબ પરવાનો મળેલો દીશે છે:—

"રાવ શ્રી સુબેદાર દામાજીરાવ ગાયકવાડ સમશેર બહાદુર કસ્બે નવસારી વગેરેના મુતસદ્દીઆન માહામાલ તા. દેશાઇ તા. પટેલ બેઠક લોક સમસ્ત જત પારસી અંધીઆરૂ ભગરીઆ સમસ્તની ખંડણી બાકી તા. દેશમુખી વગેરે સરકારથી માફ કરી છે દોઆગો મુસ્તહક જાણી તે માટે એ અંધીઆરૂ ભગરીઆઓને કોઈ મુઝાહીમ ન થાશો. માફ કીધું છે. એ વાતની તાકીદ જાણજો. સ. ૧૭૯૬ ના કારતક વદી ૭ દીને." (તા. ૨૨ મી નવેમબર ૧૭૩૯ N. S.) (રૂ. જા. દસ્તુર–કીસ્સે આતશબેહેરામે નવસારી ભાગ બીજો પા. ૬૫).

શ્રી ઈરાનશાહને માટે આવતાં સુખડ વગેરે ઉપરની જકાતની માફીના પરવાના (મોડી લીપીમાં).

રાજા શાહુ તથા રાજારામની સરકાર તથા પેશ્વા બાલાજી બાજીરાવ પ્રધાન વગેરેની મેહેરબાની શ્રી ઈરાનશાહ ઉપર એટલી તો ઉતરી હતી કે તેઓએ **શ્રી ઈરાનશાહને માટે આવતાં** સુખડ વગેરેની ઉપર જકાત નહિ લેવાના પરવાના કાઢયા હતા. આવા નવ પરવાના એરવદ ભીખાજી દીનીઆરજી ઉનવાલા કનેથી આપણા હાથમાં આવ્યા છે, તેમાંના ત્રણ અસલ છે તથા છ જુની નકલો છે. તે સઘલા પરવાના મોડી લીપીમાં છે. આ પરવાનાનું વાંચન બાલબોધ લીપિમાં શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટની મદદથી વાંચી નીચે આપ્યા છે. પરવાનામાં જડતી મહમદન તારીખ તથા તેને મુકાબેલની ઈંગ્રેજી તારીખ શેઠ મનચેરજીએજ શોધી આપી છે:—

પહેલો પરવાનો.

શ્રી નકલ.

दस्तक (= પરવાનો) **सरकार राजश्री** (ખાલી જગા) **पंतप्रधांन ता,** (= તહાં to) **कमावीदारान** (= **कमावीसदारान**)

चोकीदारांन व राहादारांन व बाजे लोकांन सु ॥ (=सुरसन) इसने खमसैन मया व अलफ पारसीयाचे देउ आहेत त्यास उदेपुरांस अधारु आहेत ते आपले देवांस सामान चंदन वगैरां पारसी देवास नेतात व अध्यारु भात वगैरां जीनस देखील खावयांचे नेतात त्यास जकातीचा तगादा न करीतां जाउ देणे म्हणोन पुण्यांचे मुकामीचे दस्तक आहे तरी दस्तका प्रे ॥ (=प्रमाणे) सालाबाद सदरहु प्रे ॥ (=प्रमाणे) जाते त्या प्रे ॥ (=प्रमाणे) जाउ देणे जाणीजे छ (=चंद्र) ९ रजब प ॥ हुजुर.

श्री
राजा शाहु नरपति
हख नीधान
बालाजी बाजीराव
प्रधान.

मोर्तब सुद व सीक्का असलवर आहे.

નોંધ—પરવાનાની નકલ ઉપર સીલ આપી છે, તેની બરાબર નકલ કરેલી લાગતી નથી. પરવાનામાં સુરસન (સને) અરબી અંકમાં આપેલો છે. ઈસિનેન = ૨, ખમસીન = ૫૦, મયા = ૧૦૦, અલફ = ૧૦૦૦, કુલે ૧૧૫૨, સુરસન. આ પ્રમાણે પરવાનાની તારીખ ૯ રજબ ૧૧૫૨ સુરસન યાને ૨૩ મી મે ૧૭૫૨ N. S. ઈસવી છે.

બીજો પરવાનો.

श्री

दस्तक सरकार राजश्री (खाली जगा) पंतप्रधान त ॥ कमावीसदारान व चोकीदारान व बाजे लोकान व जकाती माहालनीहाय सु॥ (=सुरसन) सलास खमसैन मया व अलफ पारसी याचा देउ आहे त्यास उदे-

श्री
राजा शाहु नरपती
हर्षनिधान
बाळाजी बाजिराव
प्रधान

पुरास अंधारु आहेत ते आपले देवास सामान चंदन वगेरा नेतात व भात वगेरा जीनसा सालाबाद प्रे ॥ (=प्रमाणे) नेतात त्या प्रे ॥ (=प्रमाणे) नेऊ देणे. जकातीचा तकादा न करणे सुदामत प्रे ॥ चालवणे जाणीजे छ (= चंद्र) २९ मोहरम.

लेखन सीमा.

नोंध—આ અસલ પરવાનો છે આ પરવાનાની તારીખ ૨૯ મોહરમ ૧૧૫૩ છે. સલાસા = ૩, ખમસીન = ૫૦, મયા = ૧૦૦ અલફ = ૧૦૦૦ કુલે ૧૧૫૩ સુરસન. એની મુકાબલે ઇંગ્રેજી તારીખ ૬ ઠી ડીસેમબર ૧૭૫૨ N. S. થાયેછે.

ત્રીજો પરવાનો.

આ પરવાનો ઉપલાનીજ નકલ છે. આ નકલની છેલ્લી લીટીમાં લખ્યું છે, કે અસલ પરવાના ઉપર સીકકો છે लेखन सीमा व सीका असल पत्रावर आहे.

ચોથો પરવાનો.

श्री.

दस्तक सरकार (ખાલી જગા) पंत प्रधान त ॥ कमावीसदारानी व चोकादारांनी व रहादारानी व बाजे लोकांनी सु ॥ (= સુરસન) तीसा खमसैन मया व अलफ भीकाजी अध्यारू उदवाडे यास राहातात तेथे अग्नीचे साहीत्याचा जिनस व पोटाकरीतां दांणां गला सालाबाद खकेड (આ શબ્દ खलोड પણ વાંચી શકાય) पवाडी येथोन नेतात त्या प्रमाणे साल मजकुरी जीनस व दाणां गला उदवाडे यास नेतील तरी जकातीचा तगादा न लावतां सुखरुप नेउ देणे अटक न करणे जाणीजे छ (= चंद्र) ५ साबान प ॥ हुजुर.

श्री.
राजा शाहु नरपती
हर्षनिधान
बाळाजी बाजीराव
प्रधान.

लेखन सीमा.

નોંધ—આ અસલ પરવાનો છે. તેની તારીખ ૫ સાબાન તીસા ૯, ખમસીન = ૫૦, મયા = ૧૦૦ અલફ = ૧૦૦૦ કુલે ૧૧૫૯ સુરસન યાને ૩જી એપ્રીલ ૧૭૫૯ N S. ઈસ્વી છે.

પાંચમો પરવાનો.

આ પરવાનો ઉપલાનીજ નકલ છે. તેની છેલ્લી લીટીમાં લખ્યું છે કે **लेखण सीमा व सीका असल पत्रावर आहे.**

છઠો પરવાનો.

श्री नकल.

સીકો નથી.

राजमान्य राजश्री राघो बाबुराव कमावीसदार जकात प्रगणे खकेड (खलोड પણ વંચાય) **पवाडी गोसावी यास** (ખાલી જગા) **सेवक बालाजी बाजीराव प्रधान नमस्कार सु॥** (=સુરસન) **सीतैन मया अलफ भीकाजी रुस्तमजी पारसी अध्यारू वगैरा अध्यारू मोजे उदवाडे प्रगणे पवाडी नी ॥** (નીસ્બત) **किले पारडी येथे आहेत ते अग्नीची सेवा करीतांत त्यास अग्नीचे पुजयनासचा सरंजांम चंदन व उद व घर खर्चेस गला वगैरा जीनस सालाबाद प्रमाणे आणीतात व पारसी अग्नीचे दरशनास येतांत ते चंदन वगैरा सामान आणीतात त्यास जकात नाही त्याप्रे ॥** (= પ્રમાણે) **न घेणे म्हणोन हुजुर पुण्यांचे मुकामीचे दस्तक व वसइचे मुकामीचे दस्तक असे दोन दस्तके अध्यारू मजकूर जवळ आहे त्यास सुदामत प्रमाणे चालवणे जकातीचा तगादा न करणे जाणीजे छ** (= ચંદ્ર) **२ रबीलावल प ॥ हुजुर लेखण सीमा.**

નોંધ—આ નકલ છે. તારીખ ૨ રબી અવ્વલ સીતીન = ૬૦, મયા = ૧૦૦, અલફ = ૧૦૦૦ કુલે ૧૧૬૦ સુરસન યાને તા. ૨૪ મી અકટોબર ૧૭૫૯ N. S. ઈસ્વી છે.

સાતમો પરવાનો.

श्री

दस्तक सरकार राजश्री (ખાલી જગા) **पंतप्रधान त ॥** (= તહાં) **क॥दारान व चौकीदारान व राहदारान व बाजे लोकान व जकाती प्र ॥ होप सु ॥** (સુરસન) **तीसा सीतैन मया व अलफ पारसी याची**

श्री
राजाराम नरपती
हर्षनिधान
माधवराव बल्लाळ
मुख्य प्रधान

जातीचा देव आहे त्यास मौजे उदेपूर प्रगणे पवाडी येथें अध्यारू आहेत ते आपले देवांस सामान चंदन वगेरे नेतात व भात वगेरे जीनस सालाबाद प्रमाणे नेतात त्या प्रमाणे नेउ देणे. जकातीचा तकादा न करणे. सुदामत प्रमाणे चालवणे. जाणीजे. छ ११ (=चंद्र ११) जमादील अव्वल.

નોંધ—આ અસલ પરવાનો છે. તારીખ ૧૧ જમાદી અવ્વલ, તીસા = ૯, સીતીન = ૬૦, મયા = ૧૦૦, અલફ = ૧૦૦૦ કુલે ૧૧૬૯ સુરસન યાને તા. ૨૩ મી સપટેમબર ૧૭૬૮ N. S. છે.

આઠમો પરવાનો

ઉપલાનીજ નકલ છે. પણ નકલ કરનારે નકલ કરવામાં બેદરકારી વાપરી છે, તથા કેટલાક શબ્દોને ટુકા આકાર આપી મેહેનત બચાવી છે.

નવમો પરવાનો

श्री नकल.

दस्तक स्वारी राजश्री वीसाजी केशव त ॥ कमावीसदारानी व चौकीदारानी व रहादारान व बाजे लोकानी जकाती माहालानीहाय सुरसंन इहिदे सबैन मया व अलफ

श्री
सुबेदार वीशाजी
केशवनो સીક્કો છે.

मौजे सारणगाव प्रे ॥ (પ્રગણે) खकड (ખલાડ પણ વંચાય) **पवाडी हा गाव नवरोजी अध्यारू याजकडे खोती आहे तेथील गला खासगत खर्चाबदल दमणेस अगर उदेपुरांस नेतील त्यास जकातीचा तगादा न करणे सदरहू गला दहा पंधरा खंडी कबीने** (लावीने પણ વંચાય) **ज्या ठिकाणे राहातील तेथे घरखर्चास नेतील त्याचा हासील न घेतां नेउ देणे जाणजे** छ (= ચંદ્ર) **१५ साबान ५ ॥ हुजुर मोरतब असलावर आहे व सीका आहे.**

નોંધ—આ નકલ છે. તારીખ ૧૫ સાબાન વાહેદ (ઈહદ) = ૧, સબીન = ૭૦, મયા = ૧૦૦, અલફ = ૧૦૦૦ કુલે ૧૧૭૧ સુરસન યાને તા. ૪ થી ડીસેમબર ૧૭૭૦ N. S. ઈસ્વી છે.

નોંધ—આવાજ તા. ૫ મી મે ૧૭૪૯ N. S. ના બાલાજી બાજીરાવના એક પરવાના માટે જોવો પારસી પ્રકાશ પા. ૮૬૦ કે જેમાં ઉદવાડામાં આતશબેહેરામ સારૂ આવતા રૂ. ૨૦૦૦) સુધીના સુખડ કાઠી વગેરે માલ ઉપરની જકાત માફ કરવામાં આવી હતી.

શ્રી ઈરાનશાહ તરફ અંગ્રેજ સરકારની દીલસોજી-જકાત માફીના પરવાના.

શ્રી ઈરાનશાહ ભણી અંગ્રેજ સરકાર કુંપનીની દીલસોજી પણ ભારે હતી. અંગ્રેજ સરકારે પણ ઈરાનશાહ માટે ઉદવાડે જતાં સુખડ કાઠી વગેરેની જકાતની માફી બખશી હતી, તેના થોડાક અસલ પરવાના હજુર બચી રહ્યા છે.

પહેલો પરવાનો.

"શ્રી શરકાર અંગરેજ કુંપની બાહાદર જકાત પ્રેા (=પ્રગણે) બગવાડા લીા નાકેદાર શમસ્તને માલુમ થાએ જે *અધારૂ લોકો આતશજીનાં પુજારા મો* (=મોજે) ઉદેપોરનાં મુંબઈથી તા. શુરતથી તા. દમણ રાંમનગર વગેરે ઠેકાંણેથી

આતશજીની પુજાને શારૂ શુખેડ લોબાન તા. ખુરાખી પોશાકી તા. ઘરકાઠ તા. ઘાશકાઠી ઉદ્દેપોર ખરચને શારૂં લઇ જાએ તે શાલાબાદ પ્રેા (=પ્રમાણે) નોધી રાખીને જવા દેજો ને એ બાબે હડફ (=જકાત) લીધી હોએ તે પાછી આપજો. શાં. ૧૮૮૫ નાં માહા શુા ૪ વાર શનેઉ તા. ૭ ફેબરવારી શને ૧૮૨૯ નોધ કરજો."

નોંધ—આ અસલ પરવાનો છે તેના ઉપર સીકકો છે અને તેના ઉપર લખાયલો શબ્દ "ઇંગરજ" (?) તથા બીજું કેટલું ક ભુસાઇ ગયલું ફારસી લીપીમાં છે. આ પરવાનો એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલા કનેથી મળ્યો હતો. ઉપલી તારીખ બરાબર છે અને તે N. S. છે. વળી જોવો દરવાજા કેસ એકઝીબીટ ના. ૧૦૧.

બીજો પરવાનો.

"શ્રી શરકાર અંગરેજ કુપની બાહાદુર જકાત રાહાંદારી પરગણે બગવાડા તાલુકે ઇજારદાર માણેકચંદ ધરમચંદ વગરે વી. બાજે નાકેદારને માલુમ થાએ જે અધારૂ લોકો આતશજીના પુજારા મો (=મોજે) ઉદ્દોપોરના મુબઈ તા. શુરતથી તા. દમણ તા. રામનગર વગરે ઠેકાણેથી આતશજીની પુજાને શારૂ શુખેડ લોબાન તા. ખોરાખી પોશાખી તા. ઘરકાઠ તા. ઘાશકાઠી ઉદ્દેપોર ખરચને શારૂ લઈ જાએ તે શાલાબાદ પરમાણે નોધી રાખીને જવા દેજો એ બાબે હડફ રાખી હોએ તે પાછી આપજો. શા. ૧૮૮૭ ના માગશર શુ. ૪ વાર શુકર તા. ૧૯ નવંબર ૧૮૩૦" (એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલા કનેથી મળેલો અસલ પરવાનો).

નોંધ—આ પરવાનાને મથાળે ચોરસ સીકકો છે, તેમાં ફારસી લીપીમાં "અંગરેજ કુ." (?) એવા શકમંદ શબ્દો ઝાંખા વંચાય છે. તારીખ N. S. ની બરાબર છે.

ત્રીજો પરવાનો.

ત્રીજો પરવાનો ઈ. સ. ૧૮૩૧ નો નીચે પ્રમાણે છેઃ—

"શ્રી શરકાર એકબાલપણાં અંગરેજ કુપની બાહાદર જકાત રાહદારી પ્રગણે બગવાડા તાલુકે જગજીવનભાઇ ગોપાલજી

વી. બાજે નાકેદારને માલુંમ થાએ જે ઉદેપુરનાં અધારૂ આતશજીનાં પુજારા મુંબઈ તા. શુરત તા. દમણ વગરે ઠેકાંણેથી પુંજાને શારૂ શુખેડ તા. લોબાંન તા. ખોરાકી પોશાકી તા. ઘરકાઠ તા. ઘાશકાંઠી ઉદેપોર પોતાને ખરચ શારૂ જુજવી લઈ જાએ તેહેને નોધી રાખી જવા દેજો શા. ૧૮૮૮ નાં માંગશર વા. ૭ વાર રવેવુ. તા. ૨૫ મી ડીશંબર શને ૧૮૩૧ અંગરેજી."*

નોંધ—આ પરવાનો એ. ભીખાજી ઉનવાલા કનેથી મળ્યો છે. ઉપર સીકકો છે તેમાં લખ્યું છે કે **મોતબ સુદ** (=એ પ્રમાણે ગોઠવણ થઈ). તારીખ ૨૫ મી ડીસેમબર ૧૮૩૧ N. S. બરાબર છે.

એમ માલૂમ પડે છે કે ઉપલા પરવાનાઓની અસર ઘણો વખત ચાલુ રહી નહીં. છેલ્લા પરવાના મધ્યે ખુલ્લું લખ્યું છે, કે "**જુજવી** લઈ જાએ તેહેને નોધી રાખી જવા દેજો." સરકારી અમલદારોએ પાછળથી દબાણ ચલાવેલું માલૂમ પડે છે. માટે ઇ. સ. ૧૮૩૩ માં ઉદવાડાના દસ્તુરો મોબેદો વગેરેએ કલેકટર સાહેબને નીચે પ્રમાણે અરજ કરી હતી.

"ગરીબ પરવર શલાંમત શ્રી શરકાર કંપની બાહાદર મીશતર હારી બાલાડર (=બોરોડેલ?) શાહેબ કશટંમ, પરાંત ગુજરાતનાં કલેકટર શાહેબની જનાબમાં પરગણે બગવાડા તાલુકે કીલે પારડીનું ગામ મોજે ઉદેપોરનાં રેહેવાશી દશતુર દોરાબજી બેહેરામજી તથા દશતુર રૂશતમજી તેહમુરજી વગેરે અધારૂ લોકો શ્રી આતશબેહેરામ શાહેબનાં ખાદેમ લોકોની અરજ એ જે અમો શરવ લોકો આતશની શેવા બંદગીનાં કરનારા આજ વરસ ૯૧ થાએઆં એ જગોમાં શ્રીમંત પેશવા શાહેબનો અભેએ પત્ર લઇને રહેલા છઇએ. ને આતશજીની ખેદમત કરા જાઈએ છીએ. તેથી અમો ગરીબ દોવાગીર ટોલા ઉપર શ્રીમંત પેશવા શાહેબે મેહેરબાન થાઈને નવાજેશ કરીને અમારા

---

*ઉદવાડા દરવાજા કેસ એકઝીબીટ ના. ૧૦૪, જ્યાં તા. ૧૫-૧૨-૧૮૩૧ જણાવી છે તે ભૂલ દીશે છે.

લોકોની ખોરાકી તા. પોશાકી ઉપર રેહેમ નજરથી રેઆએત કરીને ખોરાકી તથા પોશાકી તથા શુખડ તથા લોબાન શ્રી આતશબેહેરામ શા. ને (=સાહેબને) વાશતે મુંબઈ તથા શુરત વગેરે ઠેકાણેથી આવે તેના જકાતનાં મેહેશુલની માફી કદીમથી આપેલી છે અને તે બદલ તેના દસ્તાવેજો કરી આપેલા છે તે અમારી પાસે મોજુદ છે તે શરફરાજ કુપની બાહાદર શાહેબનો અમલ આજ ૧૫ વરશ થાએઆં જારી છે. તે શાહેબ લોકોએ પણ આગલો શરે(શ)તો જોઈને માંમુલે માફક પરમાંણે ચલાવેઆ જાએ છે. તે હાલ શાહેબ લોકોને તશદી આપવાની સબબ એ છે જે અમારા જુજમાન લોકો બેહેદીનો શુરત તથા મુંબઇ વગેરે ઠેકાણેનાં રેહેનારાઓ અમારા પોશનને શારૂ જરજનશ ખોરાકી તથા પોશાકીની ધરમખાતે હમેશાં મોકલે છે. ભાત તથા ગહુ વગેરે જનશ તે બાબે હાલ શાહેબની તરફનાં અમલદારો ખુશકી તથા તરીનાં કારભારીઓ અડાવ (=અટકાવ) કરે છે. ને મેહેશૂલ માંગે છે. ને હાલમાં અમારા જુજમાન મુંબઈવાલાએ અમારા ગરીબ લોકોનાં બાબમાં મેહેરબાન થાઈને ગહુ ખંડી ૧૧૦ ને આશરે ધરમખાતે શરવ લોકોને વાટી આપવાને શારૂ શુરતથી મંગાવી આપેઆ છે તે બાબતનાં મેહેશુલને શારૂ હાલમાં કારભારી લોકોએ અડાવ કરીને હમારી પાશેથી હડપ (=જકાત) લેઈને ગહુ ઉતારવાની રજા આપી છે. વાશતે ઉમેદવાર છઇએ જે અમો ગરીબ લોકો ઉપર મેહેરબાન થાઈને માંમુલે માફક પરમાણે શાહેબના કારભારીઓ ઉપર હોકમ ફરમાવવો જે હડપ ગહુ બાબે લીધી છે તે પાછી આપે ને કદીમ શરેશતા મુજબ ગરીબ લોકોની બરદાશ્ત કરે જેથી શાહેબ લોકોના હકમાં દુવા કરીએ."* (ઉદવાડાથી મળેલું એ. ભીખાજી ઉનવાલાનું કાગજ્યું).

---

*આ કાગળમાં લખ્યું છે કે ૧૫) વર્ષ થયાં ઇંગ્રજ કું. નો અમલ જારી થયો હતો, યાને પેશ્વાનું રાજ ખતમ થયું હતું. બાજીરાવ ઇ. સ. ૧૮૧૮ માં હાર પામી નાશી ગયો હતો. માટે ૧૫ વર્ષ પછી યાને ઇ. સ. ૧૮૩૩ નો આ લેખ છે, જો કે લેખની ઉપર

ઉપલી અરજીની ઘટતી અસર થઇ. તેથી તા. ૩ જી માર્ચ ૧૮૩૩ ને દીને ઉદવાડાવાલા મોબેદોને જકાત માફીનો પરવાનો આગળના જેવોજ મળ્યો. તે પરવાનામાં સરકારી અમલદારને નીચે પ્રમાણે હોકમ થયો હતો:—

"શ્રી શરકાર અંગરેજ કુપની બાહાદર જકાત રાહાદારી પરગણે બગવાડા ની. દેશાઈ દઆરામભાઇ ગોપાલજી વી. બાજે નાંકેદારને માલુમ થાય જે અધારૂ લોકો આતશજીનાં પુંજારા ઉદ્દેપોરનાં મુંબઈ તથા શુરત વગરે ઠેકાંણુથી આતશજીની પુજાને શારૂ શુખેડ તા. લોબાંન તા. ખોરાકી પોશાકી તા. ઘરકાઠ તા. ઘાશ ફાંટી† ઉદ્દેપોર પોતાનાં ખરચ શારૂં લઇ જાય તે શાલાબાદ પરમાંણે જવા દેજો. ને એ બાબે હડફ રાખી હોએ તે આપંજો. શા. ૧૮૮૯ નાં તા. ૩ માર્ચ શને ૧૮૩૩ અગરેજી." આ પરવાના ઉપર ચોખંડી સીકકો છે. અને ઉપર આ શબ્દો વંચાય છે **जकातमा(फी) बगवा(डा)**. આ અસલ પરવાનો મોબેદ ભીખાજી ઉનવાલા કનેથી મળ્યો હતો.

ઇ. સ. ૧૮૩૬ નો પરવાનો.

ઈ. સ. ૧૮૩૬ માં જકાત માફીનો પરવાનો મળ્યો હતો તે નીચે મુજબ હતો:—

"શ્રી શરકાર અગરેજ કુપની બાહાદર જકાત ખુશ્કી પ્રો (=પ્રગણે) બગવાડા વી બાજે નાકેદારને માલમ થાએ જે ઉદ્દેપોરના અધ્યારૂ લોકો આતશજીના પુજારા ઉદ્દેપોર મુંબઈ શુરત વગરેથી શુખેડ–લોબાન–ખોરાખી–પોશાકી–ઘરકાઠ–ઘાશ–ઈધણ પોતાના ઘર ખરચ શારૂ પોતાના ઘેર લઇ જાએ તે

તારીખ નથી. ઇ. સ. ૧૮૩૩ ની ૯૧ વર્ષ આગળ યાને ઇ. સ. ૧૭૪૨ માં શ્રી ઇરાનશાહને ઉદવાડે લાવ્યા હતા, આ અનુમાન પણ સ્પષ્ટ નિકળે છે.

† શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાટના મતે "ફાંટી" શબ્દ "કાઠી" માટે ભૂલથી લખાયલો છે. "ઘરકાઠી" એટલે ઘર બાંધવાનાં લાકડાં, તથા "ઘાસ કાઠી" એટલે ઘાસ તથા બાલવાનાં લાકડાં આમ અર્થ થઈ શકે.

શાલાબાદ પ્રો (પ્રમાણે) માફીમાં નોધી જવા દેજો શા. ૧૬ માહે ફેબરવારી શને ૧૮૩૬. એવની (=એઓની) હડફ રાખી હોએ તે પાછી આપજો. તારીખ મજકુર.

નોંધ—આ પરવાના ઉપર "જકાત પ્ર. (=પ્રમાણે) બગવાડા" એવો ચોખંડી સીકકો છે. આ અસલ લેખ પણ એ. ઉનવાલા કનેથી મળ્યો હતો.

પ્રકરણ બારમું.

શ્રી આતશબેહેરામ તથા અનજુમનનો કારોબાર.

રોજ ૪ માહા ૩ સને ૧૨૩૦ તા. ૨૬ મી નવેમબર ૧૮૬૦ N. S. ને દીને દસ્તુર મનચેરજી દોરાબજી તથા દસ્તુર બરજોરજી રૂસ્તમજી તથા સંજાણા મોબેદોની તથા બેહેદીનોની સમસ્ત અનજુમને પોતપોતા વચ્ચે કેટલાક ઠરાવો કર્યા હતા, તેનો સાર નીચે પ્રમાણે હતો:—

(૧) પંચાએતના વજીફાનો તથા આવક વગેરેનો હીશાબ રાખવો. (૨) હાલમાં ઈરાનશાહનું ફંડ ઉભું થયલું છે તથા હવે પછી બીજાં ફંડો થાય તેનો બંદોબસ્ત કરવો; તથા વ્યાજની ઉપજમાંથી ફારસી મકતબ ઉભી કરવી. (૩) દેશાવરથી આવતાં કામનો બંદોબસ્ત બંને દસ્તુરોએ કરવો. (૪) પંથકોમાં મોબેદો મોકલવામાં આવે તે વિષે શીરેશ્તા પ્રમાણે વારાફરતી મોબેદ મોકવા નેમણુંક કરવી. (૫) ફર્યાદો તથા ગેરવર્તણુક વગેરેનો બંદોબસ્ત કરવો.

આ ઠરાવના લેખ ઉપર દસ્તુરો તથા કેટલાક મોબેદો અને બેહેદીનોની સહી છે (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૬૧૩ અ).

કારોબાર વિષે ફર્યાદ.

ઇ. સ. ૧૮૬૩ સુધી શ્રી ઈરાનશાહ આતશબેહેરામનો કારોબાર ઉદવાડાના દસ્તુર દારાબજી તથા તેમના બેટા દસ્તુર મનચેરજી મારફતે થતો હતો. દસ્તુર મનચેરજી વિષે સુરતથી ફર્યાદ થઈ માટે શેઠ દાદાભાઈ પે. વાડીઆએ* દસ્તુર મનચેરજી સાથે દસ્તુર બરજોરજી રૂસ્તમજી, એજદીઆરજી બેરામજી, માણેકજી દાદાભાઈ તથા જમશેદજી નવરોજી ઉનવાલાને તા.

---

*એમણે તે વેળાનું ઇરાનશાહ આતશબેહેરામનું મકાન બંધાવ્યું હતું, તે હવે પછી જોશું.

૫ મી ફેબરવારી ૧૮૬૩ ને દીને ટ્રસ્ટીઓ નેમ્યા હતા. પાછળથી એજદીઆરજીના મરણ બાદ તેમના બેટા પેસ્તનજીને ટ્રસ્ટી નેમ્યા હતા. (ઉદવાડા દરવાજા કેસ એકઝીબીટ ના. ૨૪૭). એજ દીને શેઠ દાદાભાઇએ પોતાના ટ્રસ્ટીઓની નેમણુંક માટે ઉદવાડાની અનજુમને એક પત્ર લખ્યો હતો.

નોંધ—તા. ૨૨ મી જાનેવારી ૧૮૬૩ ને દીને દાદાભાઇ બેરામજીએ શેઠ દાદાભાઇ પેસ્તનજી વાડીઆ ઉપર એક કાગળ લખી જણાવ્યું હતું, કે "ઉદેપોરના આતશબેહેરામ શાહેબને તમારી તરફથી શુખડ તથા દીવાબત્તીનું તેલ તથા કાઠીના રૂપીઆ તથા ઝાડુબરદારનો મુશારો વીગેરે તમો મુરબી તરફથી ઉદેપોરના દસ્તુરજી મારફત એ કામ ગને વરશથી થતુ આવેઉ પણ હાલમાં એ કામની બરાબર મેનીજ....નઇ થવાના કારનથી ....એ કામ દસ્તુરજીને હસ્તેનું બંધ કરી એ શરવે કામ ભાઈ માણેકજી કાવશજી દમણવાલાને શોંપી તેવનના હાથ તલે પાંચ આશામી ટરશટીઓ નેમીને શેઠ માણેકજીના હોકમ રીતે કામ કરે એવો...બંદોબશ કરેઓ છે." આ ટ્રસ્ટીઓમાં દસ્તુરજીનું પણ નામ લખ્યું હતું (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૪૯૯).

તા. ૫-૨-૧૮૬૩ વાલાં શેઠ દાદાભાઈ વાડીઆનાં ઉપલાં કાગળના જવાબમાં દસ્તુર મીનોચેરજી દોરાબજી તથા દસ્તુર બરજોરજી રૂશ્તમજી તથા સમસ્ત અનજુમને લખી જણાવ્યું હતું, કે "તમો શાહેબનો કા. ૧ તા. ૫ મી ફેબરવારીને દીને હમો અનજુમનને નામનો લખો તે પોતો. તે મધે તમો શાહેબે લખું છે કે હમારી તરફથી શી દરેમેહેર ખાતેનાં શવાબ કામ ચલાવવા શારૂ જે મદદ જોઈએ તે ઘટતી મદદ આપવી. તે વીગરે મજમુન લખી તે શરવે જાણવામો આવી છે. તે વીશે તમો શાહેબને જાણુ કરીએચ કે તમારા લખવા મુજબ તમારી તરફનાં ઉપલાં કામનો બંદોબશત તમોએ નેમેલા મેનેજરો બરાબર રીતે ચલાવે છે. હમારા તરફની ગટતી મદદ જોઈશે તે હમો આપવાને તઈઆર છઈએ, તે શાહેબને રોશંન થાવા

લખીએચ....” (ઉદવાડેથી મળેલું એ. ભીખાજી ઉનવાલાનું છુટું કાગજયું–નકલ).

ઉદવાડાની અનજુમનની કારોબાર કમિટિ.

ઈ. સ. ૧૮૬૩ ના સાલમાં ઉદવાડાની અનજુમને અનજુમનના કામકાજ માટે એક અનજુમન કમિટિ નેમી હતી, તે વિષે અત્રે થોડુંક બોલવાની જરૂર છે. કારણ કે ઉદવાડાના આતશબેહેરામના પ્રખ્યાત દરવાજા કેસની વિગત હવે પછી આપણે આપીશું, તેમાં અનજુમન કમિટિ વિષે કેટલું ક વિવેચન થયલું છે. આ કમિટિ નેમીને ઉદવાડાની અનજુમને એક કાયદેશીર નિયમિત બંધન અખત્યાર કીધું હતું. આ બંધનની નેમ આતશબેહેરામમાં થતાં ક્રિયાકામ ઉપર આંકોશ રાખવાની તથા મોબેદો અને બેહેદીનોની અનિયમિત વર્તણુક અટકાવવાની હતી. અને તે માટે કાયદાકાનુનો ઘડવામાં આવ્યા હતા. અનિયમિતપણાં માટે દંડ તથા ન્યાત બહાર કાઢવાની શિક્ષા કરવાનું પણ નકકી થયું હતું.

તા. ૨ જી નવેમબર ૧૮૬૩ ને દીને એક લેખ કરી ઉદવાડાની અનજુમને પહેલી અનજુમન કમિટિ એક સરનશીન તથા ૧૬ સભાસદોની નેમી હતી, તેઓનાં નામો નીચે પ્રમાણે હતાં :—

(૧) શેઠ માણેકજી કાવશજી દમણવાલા (સરનશીન). (૨) દસ્તુર મીનોચેરજી દારાબજી. (૩) દસ્તુર બરજોરજી રૂસ્તમજી મીરજાં. (૪) એજદીઆરજી બેહેરામજી ભરડા. (૫) માણેકજી દાદાભાઈ ગોંદા. (૬) બેહેદીન ભીખાજી દારાબજી પટેલ. (૭) પેસતનજી એજદીઆરજી ભરડા. (૮) કેરશાશજી હોરમજી પટેલ. (૯) દોરાબજી ભીખાજી ભરડા. (૧૦) જમશેદજી અસપંદીઆરજી ગોંદા. (૧૧) જમશેદજી નવરોજી ઉનવાલા. (૧૨) શાપુરજી રૂસ્તમજી મીરજાં. (૧૩) મનચેરજી બેહેરામજી દસ્તુર. (૧૪) મનચેરજી ખુરશેદજી ગોરા. (૧૫) મનચેરજી બેહેરામજી સીધવા.

(૧૬) દારાબજી બમનજી કુમાના (૧૭) બે. હીરજીભાઈ નથુભાઈ (જોવો ઉદવાડા કેસ એકઝબીટ ના. ૯૨).

ઉપલાજ લેખમાં સરનશીન તથા બીજાથી છઠ્ઠા નંબરવાલા સાહેબોની કારોબાર કમિટિ નેમવામાં આવી હતી. આ લેખ ઉપર આશરે ૧૨૮ મોબેદો તથા બેહેદીનોની સહી હતી. આ લેખમાંનાં લખાણનો સાર નીચે પ્રમાણે હતો:—

"આતશબેહેરામ શાહેબની દરગાહમાં થતાં કામો મધે કેટલાંક કામો ઉલટી રીતે આપણા લોકોની ગેરમાહીતીથી થાએ છે તેથી આપણા ટોલાને અપમાન પોહોંચે છે. તે સીવાય આપણી દીન ધરમને લગતા આપણા ટોલામાં દુનીઆદારીના કાનુનો બીગડતા જાએ છે. અને તેથી આપણી ઇજતને તથા આપણી હાલતને ઘણું નુકસાન થાએ છે. હેવું આપણા શરવની નજરમાં આવવાથી તેહેવી હરકતો દુર થઈ સુધારો થવા સારૂં આપણા દીન ધરમનાં હુકમ મુજબ દરૂશત અને રાશતીથી હરેક કામના ઠરાવ કરી ધારા બાંધવાની ઘણી જરૂર છે. વાશતે એ કામ કરવાનો તમો મેમબરને તથા શર મેમબરને હમો શમશત અનજુમન ઈઆને પંચાએત અખતીઆર આપીએ છઈએ કે જે રીતે તમો મેમબરોની તથા સર મેમબરની નેક નજરમાં રાશત તથા દરૂશત આવે તેહેવા ઠરાવો કરી ધારા બાંધો તે આપણ શરવને....રાશત એતેકાદથી કબુલ મંજુર છે."

આ લેખમાં નીચલી કલમો અગત્યની હતી.

(૧) દરેક ઠરાવ બહુમતિથી તથા પ્રમુખની મંજુરીઆત લેઇ બહાલ રાખવો. ઉપર પ્રમાણે ધારાઓ માશ ૩)ની મુદતમાં મુકરર કરી અનજુમનને પ્રસિદ્ધ કરવા.

(૨) એ ધારા પ્રમાણે કામ ચલાવવા ઉપર કહેલા પાંચ સાહેબોની કારોબાર કમિટિ નેમી છે.

(૩) કારોબાર કમિટિના અમુક ચુકાદાથી કોઈ નારાજ થાએ, તો તેણે ૧૬ મેમબરોની કમિટિને જાહેર કરવું. તે છતાં નારાજ થાય તો પ્રમુખને જાહેર કરવું.

(૪) કમિટિના કોઈ મેમબર બહાર ગામ લાંબી મુદત સુધી જાય યા અશકત થાય યા રાજીનામું આપે તો ચોકકસ (જેઓનાં નામો લેખમાં છે તે) ૧૨ સાહેબોમાંથી ચુંટણી કરી જગ્યા ભરવી.

(૫) દશ મેમબરોનો કોરમ ગણવો.

(૬) જે શખસો બાંધેલા ધારા વિરૂદ્ધ જાય તે દંડ તરીકે રૂ. ૧ થી રૂ. ૭૫ સુધીની રકમ ઈરાનશાહ ફંડમાં આપે. અગર ન આપે તો તેને દરેમેહેરના કામમાં સામેલ કરવો નહીં; અને હરેક વેહેચણી હીસ્સો તેને આપવો નહી (એ૦ ઈજીઆરજી પેસ્તનજી ભરડા કનેની જુની નકલ).

નોંધ—ઉપલા ઠરાવ છતાં દસ્તુર વિરૂદ્ધ કેટલીક ગેર રીતિની ફર્યાદ તા. ૧૬-૩-૧૮૭૯ ના સત્યમિત્રમાં ખુદ શેઠ દાદાભાઈ મે. વાડીઆએ કરી હતી. પણ પાછળથી તા. ૨૦-૪-૧૮૭૯ નાં એજ પત્રમાં શેઠ દાદાભાઈએ ખોલાસો કીધો હતો, કે "આગલું લખાણ તો માત્ર સાંભલીઆમાં આવયા મુજબ જાહેર કીધું હતું."

ક્રિયાઓ વગેરેના ઠરાવો.

ઈ. સ. ૧૮૬૫ ના સાલમાં દસ્તુર મીનોચેરજી દોરાબજી, દસ્તુર બરજોરજી રૂસ્તમજી, શેઠ પેસ્તનજી ઈઅજદીઆરજી તથા બેહેદીન ભીખાજી દારાબજી તે ઉદવાડાની અનજુમનની કારોબાર કમિટિના મુખ્ય મેમબરોએ ઉદવાડાના યોજદાથ્રેગરીના કામ કરનારા આશરે ૪૨) મોબેદો કનેથી ક્રિયાકામો સંબંધમાં એક અગત્યનો લેખ લખાવી લીધો હતો, તેનો સાર નીચે પ્રમાણે હતો:—

"(૧) મોબેદોએ હાવન તથા રપીથવનના વખતમાં ખોરશેદ તલુ થાય ત્યારથી તે ૧૨ વાગ્યા સુધી ઈજશને ત્રણ કરવી. જમેસ્તાન યાને બીજી હાવનમાં ગમે તો એક વધુ કરવી. વદીદાદ રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી કરવો...

એમ ન કરે તેવા પહેલીવાર તકશીર કરનારને રૂ. ૧૦, બીજી વાર તકશીર કરનારને રૂ. ૫) દંડ કરીને તે ઈરાનશાહ ફંડમાં લેવા. ત્રીજી વાર તકશીર કરનારને એક વર્ષ કામથી અટકાવવો. વંદીદાદ ઈજશ્ને વગેરેનું કામ મોટી "વીસપેશામ"થી કરવું. અગર "વીસપેશામ"માં હરકત થઈ હોય તો તે કામ બંધ કરવું. (બાદ જુદી જુદી ક્રિયાઓના લવાજમની વિગત છે).

(૨) મોબેદનો છોકરો ઉમરે પુગે તથા યોજદાથ્રેગરીની માહીતી મેળવે ત્યારે તેને ઉપલી કારોબાર કમીટીના મેમબરોની રજા લઈ યોજદાથ્રેગરીમાં દાખલ કરવો. બાદ તેને પુરતી માહીતગારી આપવી. અને તે માટે એક જાણકાર મોબેદના હાથ તળે શિક્ષણ આપવું. શિખવનાર મોબેદે ઈજશ્ની તથા વંદીદાદના મોજદમાંથી ફકત ½ ભાગ શિખનાર છેકરાને આપવો. શિક્ષકે બરાબર કેલવણી આપવી.

(૩) યોજદાથ્રેગરીનું કામ બરાબર શિખેલોજ મોબેદ આતશબેહેરામની બોય દેઇ શકે. નવા બોય દેનાર મોબેદે ચાલતા આવેલા રેવાજ મુજબ કુટુંબીઓ સાથે દરેમેહેરમાં રહી શિખવું. આતશબેહેરામની બોય દીએ તે વખતે ખુબ રાખવા સાથે એમ કરવું. ગફલતી કરનારે પહેલી વખતે રૂ. ૫) તથા બીજી વખતે રૂ. ૧૦) ઈરાનશાહ ફંડમાં દંડ તરીકે આપવા. અને ત્રીજી વખત ગફલતી કરનારે એક વર્ષ સુધી ક્રિયાકામથી દૂર રહેવું.

(૪) યોજદાથ્રેગરી કરનારે નવ રાતનું બરશનુમ લેવુ. તથા સારી ચાલચલણથી ચાલવું. તકશીર કરનારને એક વાર ચેતવણી આપવી. તથા બીજી વાર તેને બરશનુમથી દૂર કરી છ માસ સુધી અટકાવવો. બરશનુમ લેનારે બરશનુમ આપનાર સાથે નક્કી બંદોબસ્ત કરવા સિવાય ફરમાએશની તનદરોસ્તી પઢવી નહીં; કારણ કે તંનદરોસ્તી પઢી એટલે જુનું બરશનુમ સાબેત રહે નહી.

(૫) યોજદાથ્રેગર મોબેદ કોઈને નાહાન નહવાડવા જાએતો તો તે શખશને મોટી "વીસપેશામ" હોય તો તેમ, નહીં તો પાંચ તાએની ખુબ કરી જવું. જેણે એક દિવસમાં પહેલા ઠરાવ પ્રમાણે ત્રણ ઇજશની કીધી હોય તેણે નાહાન નહવડાવવા જવું નહીં. પણ કોઇ બીજી ગેહેમાં તે જઈ શકે. નવરાતનું બરશનુમ વગેરે દેવા સારૂં ઈજિશનીનાં કામથી ફારેગ થવા સીવાય જવું નહીં. શીશીઓ નહવાડનારે પાવ કુપલાંથી શીશીઓ ચોકાશીથી નહવાડવો. જે શખશો પોતાનાં ઘરમાં કુપલાં રાખે તેણે તે પાવ રાખવાં. અગર નહીં તો બરશનુમ આપનારને એલજામ પુગે અને તેનો જોખમ તે ધણીનો માથે રહેશે. શીશીઓ નહવડાવાનો મોજદ રૂ. ૦)ન્નો રાખવો.

(૬) નીરંગદીનનાં કામની તરતીબે શરતાપાવ ઈજિશની તથા વીસપરદની ઇજશની માટે ઉદવાડાના જરથોસ્તીઓ કનેથી રૂ. ૧॥ તથા બહારનાઓ કનેથી રૂ. ૨) લેવા. બીજી કોઇ ઈજિશની માટે રૂ. ૧) તથા રૂ. ૧॥ અનુક્રમે લેવા. સીરોજાના વંદીદાદ માટે રૂ. ૨॥ તથા રૂ. ૩॥ તથા બીજા વંદીદાદ માટે રૂ. ૨) તથા રૂ. ૩) અનુક્રમે લેવા. જીનદેરવાનનાં કામ માટે જોડાંના જીંદેરવાનના શરોશ ૬) વંદીદાદ ૬ તથા અરદાક્રવશ ૨) ના ખોરાકી વગેરે તથા પાંચે ગેહોની ફરજીઆત સુદ્ધાં રૂ. ૪૦) ગામવાલા તથા બહારના પાસેથી લેવા.

(૭) હમાયશ્ત ઈજિશની વંદીદાદનું કામ પહેલા ઠરાવ મુજબ કરાવે તો નાની હમાયશ્તના રૂ. ૪૮) તશા મોટીના રૂ. ૧૮૦ લેવા.

(૮) નાવર થનાર છોકરાને પ્રથમ તનપાકનું બરશનુમ આપવું તથા બીજું નાવરનું આપવું. બંને બરશનુમના નવશા નહવાડવા તથા તેના ગેવરા કરાવવા તથા નાવર ભણાવવો. નાવર કરનારાઓને મોજદ રૂ. ૯) આપવો.

(૯) આતશબેહેરામને ચઢાવવાની સુખડની માચી પંચાએતના મેહેતા કને કોણની તથા કઈ ગેહમાં ચઢાવવાની તે

નોધાવવું. મેહેતાએ બોયના દેનારને જાહેર કરવું. બોયના દેનારને મોજદ રૂ. ૧) આપવો. બોયનો દેનાર ઉલટું કરે તો તે કસુર માટે રૂ. ૫) ઇરાનશાહ ફંડમાં આપે. ન આપે તો તેને એક વર્ષ સુધી ક્રિયાકામો કરવાથી દૂર કરવો. હરેક મતલબસર માચી નહીં નોધાવે તો તેવા શખશ કનેથી રૂ. ૫) દંડ ઇરાનશાહ ફંડમાં લેવા. ન આપે તો દરેમેહેરમાં તેનું સવાબ કામ કોઇ મોબેદે કરવું નહીં. મોબેદ હોય તો તેને કામ કરવાથી દૂર કરવો.

(૧૦) મુખ્ય મેમબરો હવે પછી એક બીજાના અનુમતથી યોગ્ય ઠરાવો કરે તેને માન આપી ચાલવું." (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૯૩).

નોંધ—આ ઠરાવો તથા તેના મોજદ વગેરેમાં વખત બદલાવાથી હાલે મોટો ફેરફાર જોવામાં આવે છે.

શેઠ માણેકજી કાવશજી દમણવાલા તથા તેમના બેટા શેઠ શોરાબજી.

શેઠ માણેકજી કા. દમણવાલા રોજ ૨૪ માહા ૫ સને ૧૨૫૯ યજદજરદી તા. ૭ મી ફેબરવારી ૧૮૯૦ N. S. ને દીને ગુજરી ગયા ત્યાંસુધી તેઓ કારોબાર કમિટિના સરનશીન રહ્યા હતા. તેમના મરણ બાદ તા. ૧૦ મી માર્ચ ૧૮૯૦ ને દીને અનજુમને તેમના બેટા શેઠ શોરાબજીને સરનશીન નેમ્યા હતા.* નજદીક ૩૦ વર્ષ સુધી આ બંને સરનશીનોની સરદારી

*શેઠ માણેકજી દમણવાલાના મરણ માટેના ઠરાવ તથા તેમણે ઉદવાડાની અનજુમનના લાભો સાચવવાની ખંત તથા કાળજી દેખાડી હતી તે માટેના ઠરાવ તથા તેમની પછી તેમના એકપુરા બેટા શેઠ શોરાબજીને સરનશીન નેમવાના ઠરાવ તથા બીજા કેટલાક અગત્યના ઠરાવના લેખ ઉપર આશરે ૩૦૯ મોબેદો તથા બેહેદીનોએ તથા બંને દસ્તુરોએ સહી કીધી હતી. (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૧૧૫). શેઠ માણેકજીની યાદગારી કાયમ રાખવા એક ફંડ બરપા થયું હતું તેમાં શેઠ શોરાબજીએ રૂ. ૫૦૦૦) તથા ઉદવાડા તરફથી પરચુટણ રૂ. ૧૦૦૦) ભરાયા હતા. પાછળથી આ ફંડમાં સરઅવસરે રકમો

હેઠલ અનજુમનનો સઘલો કારોબાર સંતોષકારક રીતે ચાલ્યો હતો. પાછળથી શેઠ શોરાબજી મા. દમણવાલાએ કારોબાર કમિટિની ગેરરીતિથી નાખુશ થઇ તા. ૧૪ મી એપ્રીલ ૧૮૯૪ ને દીને એક લાંબા પત્ર સાથે રાજીનામું મોકલી આપ્યું હતુ; અને તેમાં તેમણે હિંમતથી ખુલ્લી રીતે લખી જણાવ્યું હતું કે "તમો અનજુમનના સાહેબો તરફથી અને વગર ઢંગઢડાની રીતે ચાલતાં જોઈ તે વિશે લાગતાવળગતાઓને મારી નાકેશ શકિત મુજબ ઘણી મરતબે સમજાવીને તથા ઠપકા સાથે લખીને અનજુમનના લાભ અને દરજજો જળવાય એવી રીતે વરતવાને જણાવવા છતાં તેમ થવાને બદલે હાલ ચાલતાં કામો હદ બહાર જઈ થાય છે, એટલુંજ નહિ પણ તેમાં ગેરવાજબીપણું અને તેને પરીણામે બદનામી વધતી જતી જણાયાથી તમો અનજુમનના સાહેબો તરફથી પુરતાં માન સાથે તમો સાહેબની માફી ચાહીને અનજુમનના કામકાજો મારા તરફ છે તેથી હાથ ઉઠાવી હું અલગો થાઉં છું." આ રાજીનામાનું એક કારણ આ હતું, કે કેટલીક પારસી બાનુઓને શેઠ શોરાબજીની મરજી વિરૂદ્ધ કોર્ટમાં ઘસડવામાં આવી હતી. બીજું કારણ આ દીશે છે કે કમિટિએ ભીખાજી રૂસ્તમજી ભાદાના કુટુંબને ન્યાત બહાર મુકયું હતું, એમ ઉદવાડા દરવાજા કેસમાં એ. શોરાબજી હોરમજી સીધવાએ પોતાની જુબાનીમાં કહ્યું હતું. આગળ ચાલતાં તેમણે જણાવ્યું, કે "કોઈ પણ ઠરાવ થયા પછી તે સરનશીન રદ કરી શકે છે અને તે પ્રમાણે તે ઠરાવ શોરાબજી શેઠે રદ કરી મી. ભાદાને ન્યાતમાં લીધો હતો...તેમણે રાજીનામું જે કારણથી આપ્યું તે મી. ભાદાના ઠરાવ ઉપરથીજ થયું હતું. ....આશરે ૧૦–૧૨ માણસો દમણમાં શેઠ શોરાબજી શેઠ પાસે તેમનું રાજીનામું પાછું ખેંચી લેવડાવવા ગયા હતા અને માફી

ભરાતી ગઇ હતી તેને લીધે તથા વ્યાજના વધારાથી આ ફંડ કુલે રૂ. ૩૦૫૦૦) નું થયું હતું, કે જે છેવટે શેઠ માણેકજીના જમાઇ શેઠ જાલભાઇ દોરાબજી ભરડાના હાથમાં આવ્યું હતું અને પાછળથી મુંબાઇની પંચાએતના ટ્રસ્ટી સાહેબોને સોંપવામાં આવ્યું હતું.

માંગી ઘણા કાલાવાલા કર્યા હતા. પણ તેઓએ તે માંગણી સ્વીકારી ન હતી." (મુંબાઈ સમાચાર તા. ૨૩ મી નવેમબર ૧૮૯૯ એ. કેરશાશજી પટેલનું વર્તમાન પત્રોનાં કટીંગનું પુસ્તક પા. ૨૩૭).

ઓજીરન ગેહની શ્રી ઈરાનશાહની માચી સંબંધી શેઠ શોરાબજી નશરવાનજી તલાટીનું ટ્રસ્ટ ફંડ.

મુંબાઈવાલા શેઠ શોરાબજી ન. તલાટીએ રૂ. ૨૫૦૦૦)ની સરકારી નોટો ટકા ૪ ના વ્યાજવાલી સને ૧૮૬૫ ના સાલનીનું ટ્રસ્ટ ડીડ બનાવી તેની એક નકલ મોકલી આપતાં તે બાબતનું કાગજ તા. ૧૭ મી મે ૧૮૮૩ ને દીને ઉદવાડાની અનજુમન તથા અનજુમનના મેનેજરોને લખ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે શ્રી ઈરાનશાહને ચઢાવવાની દરરોજની માચી એક ઓજીરન ગેહમાં ચઢાવવી તથા સુખડ ભરી રાખવા જગ્યા આપવી. તથા બોયવાલાને આપવાના દરરોજના રૂ. ૦॥ લેખે દર છ છ મહીને ભેગા રૂ. ૯૦) મોકલવામાં આવશે. ઉપલાં ટ્રસ્ટ ડીડની મુખ્ય શરતો આ હતી, કે ઉપલી નોટોના વ્યાજમાંથી માચીના કટકા દરરોજના ૯) લેખે વરશ ૧ ના ૩૨૮૫) મુંબાઈમાં ખરીદી ટ્રસ્ટીઓ (કે જેઓની સંખ્યા પાંચની જણાવેલી હતી તેઓ)ના મેનેજીંગ ટ્રસ્ટીએ ઉદવાડે વરશો વરશ મોકલવા. બોયવાલાને દરરોજના રૂ. ૦॥ લેખે આપવા. માચી ઓજીરન ગેહમાં ચઢાવવી. માચી બરાબર ચઢતી નથી એવી ફર્યાદ થાય તો શેઠ માણેકજી દમણવાલાને ફર્યાદ કરવી. આમ છતાં બંદોબસ્ત બરાબર ન થાય તો શ્રી ઈરાનશાહને માચી ન ચઢાવતાં અમથું સુખડ ચઢાવવું.

ઉપર પ્રમાણે માચી ચઢાવવાની શરતો શેઠ માણેકજી દમણવાલાએ તથા ઉદવાડાની અનજુમનની વતી તેના મુખીઓએ કબુલ રાખ્યાથી ઉપલું ટ્રસ્ટ ડીડ થયું હતું. પહેલા પાંચ ટ્રસ્ટીઓ તરીકે શેઠ શોરાબજી તલાટી, તથા શેઠો બરજોરજી નશરવાનજી તલાટી, હોશંગજી બરજોરજી વાણીઆ, પેસ્તનજી

ફરામજી તલાટી તથા રતનજી શોરાબજી તલાટી હતા. (ઉદવાડામાં એ. ભીખાજી ઉનવાલાએ દેખાડેલું કાગજ).

આતશબેહેરામની માચી સંબંધી ઠરાવો.

શ્રી ઈરાનશાહને ચઢતી માચીઓના સંબંધમાં ફર્યાદો ઉઠતી હતી માટે રોજ ૧૭ માહા ૧૦ સને ૧૨૬૨ યજદજરદી (તા. ૨૯ મી જુન ૧૮૯૩ N. S.) ને દીને અનજુમનની એક સભા મળી હતી તેમાં નીચલા ઠરાવો થયા હતા. અને તે ઠરાવો યજદજરદી ૧૨૬૩ થી અમલમાં મેલવાનું નકકી થયું હતું.

(૧) માચી નોંધવાની ચોપડીમાં માચી નોંધાવનારની સહી લેવી. તથા કોણની નઇઅતે ચઢાવવાની તેનું નામ તથા ગામ લખવું. સબબ કે એક રોજને બદલે બીજો રોજ નોંધાવેલો એવી અથવા બીજી તકરારો ઉઠે નહીં.

(૨) એ મુજબ નોંધાયલી માચીની રસીદ મેહેતાજીએ છાપેલા ફારમ ઉપર પોતાની સહી સાથે તુરત લખી આપવી.

(૩) બોય દેનારે ઉપર પ્રમાણેની રસીદ લીધા વગર હરગેજ માચી ચઢાવવી નહીં. કસુર કરનાર મોબેદને દૂર કરવામાં આવશે. વગર રસીદે માચી ચઢાવવા આવેલા શખશની માચી નહીં ચઢયાથી બોય દેનારને નુકસાન થાય માટે તેને લવાજમ અનજુમન અપાવશે.

(૪) રોજ મેહેતાજી દરેમેહેરમાં કામ નોંધવા આવે ત્યારે બોયદેનારે રસીદો તેમને સ્વાધીન કરવી. તે ઉપરથી મેહેતાજીએ માચી ચઢાવવાની ચોપડીમાં નોંધ લેવી. રસીદ સિવાય મોઢેના કહેવાથી માચી ચઢાવવાની ચોપડીમાં માચી ચઢી ચુકી એવી નોંધ લેવી નહીં.

(૫) નોંધાયલી માચી એક ધણીનાં નામ પરથી બીજાનાં નામ ઉપર રાજીખુશીથી ચઢાવવાનો રેવાજ છે તે કાયમ રાખ્યો છે. પણ હવે પછી આગળા ધણીની માચી બીજા કોઈ રોજ ઉપર ચઢાવવીજ પડશે.

(૬) ઉપર પ્રમાણે માચી નોંધાવનાર આગળો ધણી બીજા રોજ ઉપર માચી ન ચઢાવે તો તેણે બોય દેનાર મોબેદના હકનો રૂ. ૧) આપવો તથા ઈરાનશાહ ફંડમાં રૂ. ૧) આપવો. અને માચી નહીં ચઢાવવાનો ખરો સબબ પણ આપવો. કોઈની ગેરવર્તણુક માલમ પડતાં તજવીજ કરી ઘટતું કરવું.

(૭) ઉપર પ્રમાણે જે ધણી રૂ. ૨) નહીં આપે તેની માચી ફરીથી મુખ્ય મેંમબરોના હોકમ વગર કદી નોંધવી નહીં.

(૮) કોણની માચી નોંધાયલી છે તે બાબતની ખબર બોયદેનારને આપવા મેહેતાજીએ આગલે દીવસે છાપેલા ફારમ ઉપર લખી આપવું.

(૯) માચીનું વજન સુરતી ૧૦ શેરની અંદર હોવું ન જોઈએ. તેમ હોય તો બોયદેનારે તે ચઢાવવા ના પાડવી. (વજનનો શુમાર કેમ કરવો તેની વિગત અત્રે છે).

(૧૦) અડચણો ઉભી ન થાય માટે ફક્ત ઉદવાડાના રહીશ અથોરનાનો હસ્તકજ માચી નોંધાવવી. અગર જો ગામનો કે બહાર ગામનો બેહેદીન એમ કહે કે મને મોબેદની મારફત જોઈતી નથી, તો તેની કનેથી નોંધાવતી વખતે રૂ. ૧) લેઈ રસીદ પર તેની સહી લેવી. માચી ચઢે કે ન ચઢે તો પણ તે રૂ. ૧) બોયદેનારને આપી દેવો. અગર જો માચી ન ચઢે તો આ ગોઠવણ પ્રમાણે ઈરાનશાહ ફંડમાં આપવાના રૂ. ૧)ની ગોઠવણ તો થતી નથી. પણ બહાર ગામના બેહેદીનોના સંબંધમાં તે વિષે કશું કરવાની હાલે જરૂર નથી. સબબ કે એવી માચી ચઢયા વગર રહેવાની ઝાઝી ધાસ્તી નથી. પણ ગામના બેહેદીન કનેથી તો ઈરાનશાહ ફંડનો રૂ. ૧) જરૂર વસુલ કરવો. અગર જો ન આપે તો ફરી તેની યા તેના હસ્તકની માચી કદી નોંધવી નહીં.

ઉપલા કાનુનો પર અનજુમનના મુખીઓ દસ્તુર ખુરશેદજી મનચેરજી, દસ્તુર પેશોતનજી બરજોરજી, બેરામજી પેશતનજી

ભરડા, મનચેરજી બેરામજી તથા દારાબજી અસપંદીઆરજી ભાધાની સહી હતી (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૩૭૦).

નોંધ—માચી સંબંધી ઉપલા નિયમો હાલે કેટલાક ફેરફાર સાથે ચાલુ છે.

કારોબારીઓની ગેરરીતિઓ માટે ઠપકા રૂપી ઠરાવો પસાર કરવા મળેલી ઉદવાડાની અનજુમનની સભા.

તા. ૨૮મી અકટોબર ૧૮૯૬ ને દીને ઉદવાડાના આથોરનાન તથા બેહેદીનોની સમસ્ત અનજુમન સર દીનશાહજી પીટીટની દરેમેહેરમાં મળી હતી તેનાં કારણમાં જણાવ્યું હતું કે તા. ૨૧મી માર્ચ ૧૮૯૬ ને દીને અનજુમનની છેલ્લી સભામાં જે ઠરાવો થયા હતા તેમાં આજ દીન સુધીના અનુભવ પરથી ફેરફાર કરવાને તથા બીજા નવા ઠરાવો કરવાને તથા અનજુમન તરફની છ જણાની કમિટિ માટે છ લાએક ગૃહસ્થોને ચુંટી કાઢવા તથા તે છ ગૃહસ્થોમાંથી બે જણાને અનજુમન તરફથી વહીવટ કરવા મુખત્યારનામું આપવા બોલાવી છે. આ સભામાં નીચલા અગત્યના ઠરાવો પસાર થયા હતા.

(૧) "શેઠ શોરાબજી માણેકજી દમણવાલા* જેઓ

---

*એઓ રોજ ૨૭ માહા ૩ સને ૧૨૬૯ તા. ૧૦મી ડીસેમબર ૧૯૦૦ N. S. ને દીને ગુજર્યા હતા. એમના જમાઇ ખાનબહાદુર બમનજી દોરાબજી પદમજી (પુનેવાલા) છે. તેમના બેટા શેઠ શાવકશા મજકુર શેઠ શોરાબજી દમણવાલાના પાલક બેટા થયા છે.

નોંધ—ઉદવાડા દરવાજા કેસમાં દસ્તુર ખુરશેદજી મનચેરજીએ જણાવ્યું હતું કે:—"ઇ. સ. ૧૮૯૫–૯૬ સુધી અનજુનમાં અમારા સઘળાનો સંપ રહયો હતો. બાદ કુસંપ થયો હતો. શોરાબજી શેઠે પ્રમુખનું રાજીનામું આપ્યું તે વખતે તે મંનજુર કરવું કે નહિ તે માટે અમારામાં બે પક્ષ પડયા, અને કુસંપ થયો હતો. કેટલાકો કહે કે તેમની પાસે રાજીનામું પાછું ખેંચી લેવડાવવું. અને કેટલાકોએ કહયું કે નહિ તેમનું રાજીનામું મંજુર રાખવું." (મુંબઈ સમાચાર તા. ૩જી આગશટ ૧૮૯૯ એ. કેરશાશજી શા. પટેલનું વર્તમાનપત્રોનાં

અનજુમનના ઉપરી હતા તથા જેમણે અનજુમનની મંજુરીઆતના પાંચ ગૃહસ્થોને અનજુમનનો વહીવટ સોંપ્યો હતો અને જેઓથી અનજુમનને નારાજ થવાનું કાંઈ કારણ મળ્યું નથી, તેઓએ અનજુમનના વહીવટ કરનારાઓની ગેરવર્તણુંક તથા બેદાદીને લીધે તા. ૧૪ મી એપ્રીલ ૧૮૯૪ને દીને રાજીનામું મોકલ્યું હતુ પણ તેઓએ તે દાબી રાખ્યું હતું. તથા તા. ૧૪ મી માર્ચ ૧૮૯૫ ને દીને સમસ્ત અનજુમનની સહીઓ સાથે એક પત્રમાં તેમને અરજ કરવામાં આવી હતી કે મજકુર રાજીનામું ખેંચી લેવું. પણ તેમણે તેમ કીધું નથી માટે અનજુમન તે કબુલ રાખે છે. બેદાદીને સબબે અનજુમનના મેમબરો દસ્તુર ખુરશેદજી મીનોચેરજી, દસ્તુર પેશુતનજી બરજોરજી મીરજાં, એ. બેહેરામજી પેસ્તનજી ભરડા, એ. મનચેરજી બેહેરામજી દસ્તુરના તથા એ. દારાબજી અસપંદીઆરજી ભાઘાને અનજુમનના વહીવટદારો તથા મુખત્યાર તરીકે અનજુમન બાતલ કરે છે. અને આ સાહેબોને બદલે મજકુર બે દસ્તુરજી સાહેબો, એ. શેઠ એદલજી ખુરશેદજી ભરડા,† એ.

કટીંગનું પુસ્તક પા. ૧૪૮). વાદિઓના વકીલ ગોલાબદાસે પોતાનાં ભાષણમાં જણાવ્યું હતું, કે "બેરામજી ભરડાએ જુલમ ગુજારી કેટલાક પારસી અને મોબેદોનાં ઘર ન્યાતબહાર મુકયાં હતાં તેથી સોરાબજી શેઠે રાજીનામું આપ્યું હતું." પ્રતિવાદિઓના વકીલ બરજોરજીએ આ સામે વાંધો લીધો, તે ઉપરથી ગોલાબદાસે કહ્યું કે "તે બેહેરામજીના કાકા એદલજી ભરડાની જુબાનીથી તદન સાબેત થઇ ચુકયું છે." (જામે જમશેદ તા. ૨૫-૯-૧૯૦૦, એ. પટેલના કટીંગનું ત્રીજું પુસ્તક પા. ૮૦).

†શેઠ એદલજી ખુ. ભરડાનો જન્મ રોજ ૨૫ માહા ૫ સને ૧૨૦૩ ય. જ. તા. ૨૪ મી ફેબ્રવારી ૧૮૩૪ ને દીને થયો હતો. તેઓ ૩૫ વર્ષ સુધી ધરમપોરના રાજાના તબીબી સલાહકાર હતા. શ્રી ઇરાનશાહ આતશબેહેરામના દરવાજા કેસમાં તથા ઉદવાડાની અનજુમન પ્રત્યેની એમની સેવા જાણીતી છે. એઓ રોજ દેપદીન માહા અસપનદાદ તા. ૨૮ મી આગસ્ટ ૧૯૨૩ ને દીને ૮૯ વર્ષની ઉમરે ગુજર્યા શતા. (જોવો રૂસ્તમ બ. પેમાસ્તરનો અહેવાલ, જામેજમશેદ).

એ૦ ફરામજી ભીખાજી ગોંદા રોજ ૮-૧૦-૧૨૯૩ ય. જ. ને દીને ગુજર્યા હતા. (નોશરવાનજી ન. ઉનવાળાની વંશાવલિ પા. ૩૭).

ફરામજી ભીખાજી ગોંદા, એ. ભીખાજી દીનયારજી ઉનવાલા તથા બેહેદીન પેશતનજી જીનાભાઇ કુમાનાની એક કમિટિ નેમે છે. અને દસ્તુર ખુરશેદજી તથા એ. એદલજી ભરડાને અનજુમનના મુખત્યારો તરીકે અનજુમનનો સઘળો વહીવટ કરવા નેમ્યા છે.

બીજાથી પાંચમાં ઠરાવોમાં જુની કમિટિ કનેથી હીશાબ તપાસી લેવા તથા ચોપડા ઓચરીઆં વગેરે લેવા, તથા ધર્માદા ખાતાંઓનો વહીવટ કરવા, વ્યાજ વગેરે વસુલ કરવા તથા હીશાબ રાખવા સહી કરવા વગેરેની બાબતમાં મુખત્યારોને સત્તા આપવામાં આવી હતી. જો મુખત્યારોમાં વાંધો પડે તો તે બાબત નવી કમિટિ કને લાવવા, અને જો કમિટિ વાંધો પતાવવા અશકત હોય તો અનજુમન સનમુખ લાવવાના ઠરાવો પસાર થયા હતા.*

છઠ્ઠા તથા સાતમા ઠરાવો આ હતા, કે દસ્તુર પેશુતનજી બરજોરજી મીરજાં જેઓ તા. ૨૧-૩-૧૮૯૬ થી આજ દીન સુધી અનજુમનનાં લાભો વિરૂદ્ધ કામ કરે છે તેમને જો કે અનજુમને આજે પાછા કમિટિના મેમબર નેમ્યા છે, છતાં જો તેઓ અનજુમનના લાભોની વિરૂદ્ધ લાગણી ચાલુજ રાખે, તો આજે નેમેલી કમિટિના બાકીના પાંચ મેમબરોએ તેમને રદ કરવા. અને કમિટિ ફકત પાંચ ગૃહસ્થોનીજ અનજુમને મુકરર કીધી છે એમ ગણવું. અગર જો એ પાંચ જણામાંથી કોઈ અનજુમન વિરૂદ્ધ કામ કરે તો બાકીનાઓએ અનજુમન બોલાવી તેનો હેવાલ રજુ કરવો અને અનજુમન તેવા મેમબરને રદ કરશે તથા બીજાને નેમશે."

નોંધ—આ ઠરાવો વગેરે સારૂ જોવો ઉદવાડા દરવાજા કેસનું એકઝીબીટ ના. ૧૨૧.

---

*આ બાબતનો લેખ થયલો છે તેના ઉપર મોબેદો તથા બેહેદીનો મળી ૨૭૮ જણની સહી છે. જોવો એ. ભીખાજી ઉનવાલા કનેનો દસ્તાવેજ.

ઉપલા ઠપકારૂપી ઠરાવોથી જાગેલી ગરમ ચર્ચા.

અનજુમનના મુખત્યારો દસ્તુર ખુરશેદજી મનચેરજી તથા એ. એદલજી ભરડાએ ઉપલા ઠરાવો વિષે જામે જમશેદમાં જાહેર ખબર આપી જણાવ્યું, કે તેઓને અનજુમનનાં સઘળાં કામકાજો તથા ફંડોના વહીવટ કરવા મુખત્યાર ઠેડવવામાં આવ્યા છે, માટે સઘળો પત્રવેહેવાર તેઓ સાથે કરવો.

આ જાહેર ખબરના સંબંધમાં તા. ૧૭ મી નવેમબર ૧૮૯૬ ના જામે જમશેદમાં દસ્તુર પેશુતનજી મીરજાં, બેહેરામજી ભરડા, મનચેરજી દસ્તુર તથા દારાબજી ભાધાએ ખોલાશો કીધો કે સમસ્ત અનજુમનની સભા મેળવી ઉપલા ઠરાવો પસાર કર્યા નથી. માત્ર દોહોડ ડજન મોબેદોનીજ તથા થોડાક બેહેદીનોની એ સભા હતી. ઉદવાડાની સમસ્ત અનજુમનના ફંડોનો વહીવટ જુદા જુદા હાથોમાં છે—જેમકે બેહેદીન અનજુમનનું ફંડ પાંચ બેહેદીનોનાં હાથમાં છે, નવાં મકાન માટે બાઈ મોટલાંબાઇએ પાંચ ત્રશટીઓ નેમેલા છે. જાહેર ખબરમાં જે નવી કમિટિ જણાવી છે તેમાં દસ્તુર પેશુતનજી મીરજાંનું નામ આપ્યું છે તે જુઠું છે. દસ્તુર મીરજાં એવી સભામાં કદી ગયાજ નથી.

દસ્તુરજી પેશુતનજી મીરજાનાં ઉપલા ખોલાસાથી ખીજવાઇ તા. ૨૩ મી નવેમબર ૧૮૯૬ ને દીને કારોબારી કમિટિના સાહેબો શેઠ એદલજી ખ. ભરડા, ફરામજી ભીખાજી ગોંદા, ભીખાજી દીનયારજી ઉનવાલા તથા બેહેદીન પેસ્તનજી જીનાભાઈ કુમાનાએ ઠરાવ કરી પ્રકટ કર્યો, કે જામે જમશેદમાં "દસ્તુર પેશોતનજી બરજોરજી મીરજાંએ, બેરામજી પે. ભરડા તથા મીનોચેરજી બે. દસ્તુર તથા દારાબજી અ. ભાધાની સહીઓ સાથે અનજુમન વિરૂદ્ધ તથા અનજુમનના લાભ અને કાનુન વિરૂદ્ધ વર્તવાને જાહેર કીધું છે, તેથી આજ દીને છઠ્ઠા ઠરાવની રૂહે દસ્તુર પેશોતનજી બ. મીરજાનું નામ અનજુમન કમિટિમાંથી કાઢી નાંખ્યું છે, તથા અનજુમનના વહીવટો અને કામકાજથી બાતલ કીધા છે" (ઉદવાડાના અથોરનાન અનજુમનનું કાયદેસર બંધારણની તકરારોનું ચોપાન્યું પા. ૨૫).

ઉપર જણાવેલા ખોલાસાના જવાબમાં દસ્તુર ખુરશેદજી તથા એદલજી ભરડાએ તા. ૨૪-૧૧-૧૮૯૬ ને દીને જામે જમશેદમાં છપાવ્યું, કે મજકુર મિટિંગના ઠરાવો ઉપર દોહોડ ડજન જણાઓએ નહિ પણ ૨૬૧ જણાઓએ સહી કરી છે. તથા ઉપલો ખોલાસો કરનારા સાહેબોનાજ ગેરવહીવટથી શેઠ શોરાબજી દમણવાલાએ નારાજ થઈ રાજીનામું મોકલ્યું હતું. આનો પાછો જવાબ આપવામાં આવ્યો હતો. આમ સામસામી ગરમ ચર્ચા થઈ હતી. આ વખતથી ઉદવાડામાં ગોયા બે પક્ષ ઉભા થયા હતા અને તેઓ એકમેક વિરૂદ્ધ કામ કરતા હતા.

ઈ. સ. ૧૮૯૬ માં છુટા પડેલા સાહેબો સામે ઉદવાડાની અનજુમને કરેલા ઠરાવનો લેખ.

તા. ૧૪ મી નવેમબર ૧૮૯૬ને દીને ઉદવાડાની અનજુમને અમુક વિરોધીઓ, જેઓ છુટા પડયા હતા, તેઓ સામે નીચે પ્રમાણે ઠરાવ કરી લેખ કર્યો હતો :—

"હમો ઉદવાડાની અથોરનાન તથા બેહેદીન અનજુમનના નીચે સહી કરનારા આ લેખ ઉપરથી દસ્તુર શાહેબ પેશોતનજી બરજોરજી મીરજાં તથા શેઠ બેરામજી પેશતનજી ભરડા તથા મોબેદ મનચેરજી બેરામજી દસ્તુરના તથા મોબેદ દારાબજી અશપનદીઆરજી ભાધા જેવો શને ૧૨૫૯ ઈ૦ જ૦ ના સાલમાં અનજુમને એકમતે ઠરાવેલી કમીટીના પાંચ મેમબરો માહેલા ગરહસ્થો છે તેવોને મુખતીઆરી આપીએ છીએ, કે આપણી અનજુમનનું પેહેલું બંધારણ જે શને ૧૨૩૩ ઈ૦ જ૦ માં મરહુમ શેઠજી શાહેબ માંણેકજી કાવશજીના શરનશીનપણાં નીચે નકકી થએલું તેવો શાહેબની જીંદગી શુધી ઘણાંજ શરશ અને ધરમી પાયાં ઉપર ચાલી રહીઉં હતું. અને તેઓ નામદારના શને ૧૨૫૯ ઈ૦ જ૦ માં બેહેશ્તનશીન થયા પછી તેવણના શાહેબજાદા શેઠજી શાહેબ શોરાબજીએ પોતાના મરહુમ પીતાની રચેલી ઉત્તમ ગોઠવણ કાએમ રાખીને બલકે તે ચલાવામાં પાછલથી કેટલીક ખામીઓ પેદા થઈ હતી તે દુર કરીને ઘણા

મુશ્તકીમ પાયા ઉપર શઘલું ગોઠવીઉં હતું. જે મુજબ આપરી અંજુમન ચાલવાને ફરીથી બંધાએલી છે. અને તે બાબદનો આગલો ઠરાવ તથા દસ્તાવેજ કાએમ રાખીને રોજ ૨૫ મા. ૬ શને ૧૨૫૯ ઈ૦ જ૦ ને દીને બીજો દસ્તાવેજ કરી ઉપર લખેલા ચાર ગરહસ્થો તથા પાંચમા દશ્તુરજી શાહેબ ખરશેદજી મીનોચેરજી મલી પાંચ ગ્રહસ્થોની કમીટીને સઘલો અખતીઆર શપુરત કરી શેઠજી શાહેબ શોરાબજી શરનશીન કાએમ થયા હતા. તે બંધે દસ્તાવેજો મુજબ ચાલવાને આપરી અંજુમન શદા બંધાએલી છે. એ મુજબ ચાલતાં કામમાં કમીટીના ગ્રહસ્થો તથા શરનશીન સાહેબ વચે દશ્તુર ખરશેદજીનાં કુટુંબમાં બલેલા એક બનાવ વીશે દશ્તુર ખરશેદજીની પોતાની અરજ ઉપરથી કમીટીએ કરેલા ઠરાવ શરનશીન શાહેબને નાપસંદ પડવાથી તેઓ શાહેબે તા. ૧૪ મી એપરેલ ૧૮૯૪ ને દને રાજીનામું આપીઉં હતું જે કબુલ નહી રાખવામાં અંજુમનનો મોટો લાભ શચવાએલો શમજીને કમીટીએ તેઓ શાહેબને ફરીથી વીચાર કરવાને દશ્તુરોની મારફતે અરજ કીધી હતી જેનું કંઈ બી પરીણામ આવવાની આગમચ આપરા ગામ માહેલા કેટલાક ચોઢસ શખશો જેવા પોતાની આપ ખુદીમાં ચાલવામાં ઘણી વાર કમીટીની સતાથી ફાવી નહી શખેલા બલકે નશીઅત પામેલા તેઓને શરનશીન શાહેબનું અપક્ષપાત વરાપણું ખરેખર તો ગમતુંજ નહીં હતું તેઓએ અંજુમનનાં બંધારણને તોડવાની એકશંપી કરી બીજા નીરદોશોને ખોટું શમજાવીને પોતાની ટોલી બનાવેલી તેમાં શામેલ કીધા. અને શરનશીન શાહેબ શેઠ શોરાબજી તેઓનાં કામની તરફેનમાં છે એવો ખોટો ખુમાટો ચલાવી ઘણીક રીતની ગેરવરતણુક ચલાવી. એટલુંજ નહીં પણ દશ્તુર ખુરશેદજી જેઓ તેઓનાં કામને ધીકારી અંજુમનનાં જુનાં બંધારણની તરફમાં હતા તેઓને કમીટીની એકશંપીમાંથી છુટા પાડી પોતાની ટોલી શાથે શામેલ કરવામાં તે ટોલીવાલા ફતેહ પામેઆ. તેમ કરીને અંજુમનની લગન શંબધી તથા પંથકોની બીજી આવકોને ઉપલા લોકોએ

ઘણુંએક નોકશાન કરીઉં પણ તે શઘલું આપણે ખમીને જાહેરદારીમાં આપણા ટોલાને ખરાબ નહીં લાગે તેથી ખામોશી પકડી છેવટ ગીઆ રોજ ૨૮ માહ ૧૧ શને ૧૨૬૫ ઈ. જ. ને દને ઉપલી છુટી પડેલી ટોલીનાં પાછલ બનેલા આગેવાન શેઠ એદલજી ખરશેદજી ભરડા અને આપણા જુનાં વહીવટને વલગી રહેનારા કમીટીના ઉપલા ચાર ગ્રહસ્થો માહેલા શેઠ બેરામજી પેસ્તનજી ભરડાને મુંબાઇમાં નામદાર શેઠજી શાહેબ શોરાબજી માણેકજી તથા શેઠજી શાહેબ ખરશેદજી નશરવાનજી શીરવાઇએ એકઠા કરી બેઉ બોરદુનો મીનાકેશો ભાંજી નાખવા તથા શલાહશંપજથી ચાલવાની તાકીદ આપી જે શાંભલી આપણી અંજુમન બેહદ ખુશી થઇ. અને ઉપલા બેઉ નામદાર શેઠનો મોટો ઉપકાર માનવો. પણ એમ થવાથી ઉપલા જુદા પડી ટોલી થએલા શખશો પોતાની ધારણાંમાં ફાવેઆ નહીં. એટલે શલાહ થવા દીધી નહીં. ને જેમનું તેમ ચાલવામાંજ પોતાની મકશદ બર આવવાની પકી ઉમેદ રાખી શલાહની વાત છોડી દીધી અને તેઓના આગેવાન ધરમપુર જઇ બેઠા.

હાલમાં શર દીનશાહજી પીટીટ તથા બાઇ શાહેબ મોટલાંબાઇના બેઉ મકાનો વચેના રસ્તાની તકરારને બાંને ઉપલા છુટા પડેલા શખશોએ પોતાના બે આગેવાનો દસ્તુર ખુરશેદજી તથા શેઠ એદલજી ભરડા સાથે નવેશરથી તોફાન ઉભું કીધું છે. અને આગેવાની અંજુમનની જણાવીને લોકોને લાગવગથી બોલાવી પોતાની મરજી મુજબના ઠરાવ પસાર કરી ટોલાની શુલેહ અને શમાધાનીને હરકત કરવાની કોશેશ કરે છે. એટલુંજ નહી પણ શરનશીન શાહેબ શેઠ શોરાબજીને પાછા ઓધ્ધો લેવાને કોશેશ કરવાનું જે તદન જુઠું બહાનું બે વરશથી એ ટોલીવાલા બતાવતા હતા તે આપરી અંજુમનની ધારણા મુજબ ખોટું પાડીને તેઓ શાહેબની જગેઆએ ઉપલા આગેવાનોએ પોતે શરનશીન થવાની હશવા જેવી કોશેશ કરેલી જાણી આપણી અંજુમન બેહદ દલગીર થાઇ આજરોજે ભેગા મલી ઠરાવ કરીએ છીએ કે:—

(૧) ઉપલી હકીકત મુજબનુ છુટા પડેલા શખશોનું બીજી વારનુ તોફાન આપણી અંજુમન એકમતે ધીકારી કારીએ છીએ. તથા જુના બંધારણને વલગી રહી તે કરનારાઓ તરફ વફાદાર રહેવાની આપણી મકશદને આપણે વલગી રહીએ છીએ.

(૨) આપણી અંજુમન ઉપલા ચાર આગેવાનોને અંજુમન તરફનુ કામ બજાવનારા કુલ મુખતીઆરો તરીકે કાએમ રાખી એવી સતા આપીએ છીએ કે સાંમી બાજુ તરફથી એ મલેલી ટોલી આપણી અંજુમનના હકોને કંઈબી નુકશાંન તે લોકો કરે તેને અટકાવવા તથા વાજબી દાદને પોહોંચવા કાએદેશર ઉપાય લેવા પડે તે લઈને આપણી રાંક અને ગરીબ અંજુમનનો બચાવ વાજબી રીતે કરવો. તે બાબદની કુલ શત્તા તે લોકોને આપેલી છે ને ફરી આપીએ છીએ.

(૩) અંજુમનની શીલગ જે નામદાર શેઠજી શાહેબ શોરાબજી માણેકજી પાશે છે તે ઉપલી રચણાથી પોતાના કબજામાં લેવાને કોશેશ પણ તે લોકો કરે છે હેવું આપણા જાણવામાં આવ્યું છે તે બાબદ તેવન શાહેબને આપણો ઠરાવ જાહેર કરી વીનંતી કરવી કે જેથી તે લોકો પૈશા મેળવવાની ધારણામાં ફાવે નહીં.

ઉપલા ઠરાવ નીચે શહી કરનારા આપણી અંજુમનના શુલેહ અને શમાધાની ચાહનારાઓએ કરેઆ છે. અને તેની મુખ્ય મકશદ ઉપર જણાવેલા આપણી શમશત અંજુમને કરેલા બંધે દસ્તાવેજોની મજબુતી જાલવવા અને તેને કાએમ રાખવાની છે. તે આપણુ શઘલાઓને એક દીલથી કબુલ મંજુર છે શહી. રોજ મુબારક ૧ લો માહ ૩ જો શને ૧૨૬૬ ય. જ. તા. ૧૪ મી નવેમબર શને ૧૮૯૬."

ઉદવાડાની સમસ્ત અંજુમને રોજ ૧ લો માહ ૩ જો શને ૧૨૬૬ ય. જ. ને દીને સભા મેળવી અંજુમનનાં બંધારણને

વળગી રહેવા સારૂ સ્ટાંપ ઉપર કરેલા ઠરાવની નીચે સહીઓ થએલી છે તેની નકલ :—(૧) પેશુતન દ. બરજોરજી શાહી દા. પોતે, તથા આશરે ૧૫૦) મોબેદોની સહી છે. (એ. કેરશાશજી શાપુરજી પટેલની વર્તમાન પત્રોની કટીંગોનું પુસ્તક; તેમાં હાથે કરેલી નકલ ઉપરથી).

પ્રકરણ તેરમું.

સંજાણાઓ તથા ભગરીઆઓ વચ્ચે પાછો કજીયો.

ખેરગામનો કેસ.

ઈ. સ. ૧૮૮૧ માં સંજાણાઓ તથા ભગરીઆઓ વચ્ચે ખેરગામનાં પંથકના સંબંધમાં વાંધો પડયો હતો, તે બાબતના કેસની નોંધ લેવી અત્રે ઠીક થઈ પડશેઃ—ખેરગામ નામનું ગામડું વલસાડ પાસે સુરત જીલ્લાના ચીખલી પ્રગણામાં આવ્યું છે, ત્યાં ઈ. સ. ૧૮૮૧ માં જરથોસ્તીઓનાં દશથી પંદર ઘરની વસ્તી હતી. એ વર્ષમાં મુંબાઇવાલાં બાઈ મોટીબાઇ તે બહમનજી જમશેદજી મુલાંની વિધવાએ એક દખમું તથા અગીઆરી બાંધવાનો ઠરાવ કર્યો. અને તેનું ક્રિયાકામ કરવાને માટે મજકુર બાઇએ નવસારીની ભગરસાથ અનજુમનને એલતેમાસ કીધી, કે જે ભગર અનજુમને કબુલ રાખી. પણ ક્રિયા કરવાનો વખત આવે તેટલાં ઉદવાડાની અનજુમને મજકુર બાઈ ઉપર તા. ૪ થી એપ્રીલ ૧૮૮૧ ને દીને નોટીસ મોકલી* કે તમારે એ

---

*એ. ઇજીઆરજી પેસ્તનજી ભરડા કનેની એક નકલ ઉપરથી માલૂમ પડે છે, કે આ નોટીસ તા. ૪-૫-૧૮૮૧ ને દીને આપી હતી. તેમાં લખ્યું હતું કે "તમુને ખબર આપવામાં આવે છે કે મોજે ખેરગામ પ્રગણે ચીખલી મધે તમો એક દખમું બનાવવાનો વીચાર રાખો છો અને એક અગીઆરી બનાવી તેને ઉપન (="ઓપન") કરવાના છો. ને એ ઉપન કરવાની તથા દખમું બનાવવાના કામની કારીઆ કરાવવાનો હક શ્રી ઉદવાડાનાં શ જાણા પંથના મોબેદોનો છે...પણ તમારી મરજી તે પરમાણે કરાવવાની નથી ને ભગરસાથના મોબેદો પાસે કરાવવાનો તમારો હક તા. અખત્યાર નથી. તેથી જો એ પરમાણે કરશો ને હમારી પાશે કરાવશો નહી, તો હમે તમારી ઉપર તથા જે લોકો કામ કરશે તે લોકો ઉપર દાવો કરીશું." આ નોટીશ ઉપર દસ્તુર ખુરશેદજી મનોચેરજી, દસ્તુર પેશુતનજી બરજોરજી તથા પેસ્તનજી ઇજીઆરજી તથા પટેલ ભીખાજી દોરાબજીએ સહી કરી હતી.

ઉપલીજ તા. ૪-૫-૧૮૮૧ ને દીને ઉપલાજ સાહેબોએ શેઠો ભીખાજી મેરવાનજી તથા મેનાભાઇ મેરવાનજી તથા હોરમજી મેરવાનજી

ક્રિયા ભગર અનજુમન કને કરાવવી નહિ. અને તેવીજ નોટીસ ભગર અનજુમનને પણ કીધી. દોખમાંના પાયાના મુહૂર્તનું કોદાલી મારવાનું કામ તા. ૩ જી મે ૧૮૮૧ ને દીને મજકુર બાઈએ નવસારીની અનજુમન કને કરાવી લીધું. બીજેજ દીને ઉદવાડાની અનજુમને નવસારીની ભગર અનજુમનને નોટીસ આપી કે એ ક્રિયાઓ કરવાનો હક હમારો છે. પણ નવસારીની અનજુમને તે હક સ્વીકારવાની ના પાડી. તાણાની ક્રિયા તા. ૨૧ મી મે ૧૮૮૧ ને દીને નવસારીની ભગર અનજુમનના મોબેદોએ કરી. તે ઉપરથી તા. ૧૪ મી માર્ચ ૧૮૮૨ ને દીને ઉદવાડાની અનજુમને નવસારીની અનજુમન તથા બાઈ મોટીબાઈ ઉપર વલસાડમાં સબોરડીનેટ જડજની કોરટમાં ફર્યાદી ના. ૪૪૩ વાલી શને ૧૮૭૨ ના સાલની માંડી. આ કજ્યામાં વાદિઓ ઉદવાડાના દસ્તુરો ખરશેદજી મનચેરજી તથા પેશોતનજી બરજોરજી હતા. તેઓએ પોતા તરફથી તથા ઉદવાડાના સંજાણા મોબેદો તરફથી પ્રતિવાદીઓ બાઈ મોટીબાઈ તથા નવસારીની ભગરસાથ અનજુમનના દસ્તુર દારાબજી માહીઆરજી, દેશાઇ બરજોરજી નવરોજી, દેશાઈ બહમનજી દારાબજી તથા મોબેદો બરજોરજી એદલજી કોટવાલ તથા એદલજી નશરવાનજી કુટાર સામે ફર્યાદી માંડી હતી. દાવો રૂ. ૨૮૦) નો તથા હક સાબેત કરવા લગતો હતો.

વાદિઓએ માંગેલી દાદ.

વાદિઓએ કોરટ કને નીચલી દાદ માંગી હતી:—

"(૧) સુરત જીલ્લામાં આવેલી કાવેરી નદીના દક્ષિણ કીનારાથી તે થાણા જીલ્લાના વસઈ પ્રાંતમાં આવેલી વૈતરણી

તથા ખેરગામની અંનજુમનને ઉપલીજ મતલબનો કાગજ લખ્યો હતો (એ. ઇજીઆરજી પે. ભરડા કનેની નકલનું કાગજયું.)

ઉપલા દસ્તુરોએ તા. ૧૮-૫-૧૮૮૧ ને દીને વર્તમાનપત્રમાં ઉપલીજ મતલબની જાહેર ખબર આપી હતી. તેની શરૂઆતમાં લખ્યું હતું, કે "શ્રી ઉદવાડા પંથકની હદ શુરત જીલ્લાની કાવેરી નદીના દક્ષીણ કીનારાથી ચાલે છે વગેરે" (એ. ઇજીઆરજી પે. ભરડા કનેની નકલ).

નદી સુધી જેટલો મુલક છે તેમાં પારસીઓની તમામ ક્રિયાએ કરવાનો, દોખમાં અગીઆરી વગેરે મકાનોની ક્રિયા કરવાનો કદીમથી ચાલી આવેલો હક અમો ઉદવાડાના સંજાણા મોબેદોનો છે, ભગરીઆઓનો નથી એવો ઠરાવ કરી આપવો.

(૨) ખેરગામ મધ્યેના દોખમાંની તથા અગીઆરીની ક્રિયા મજકુર બાઇએ હમારો હક તોડીને ભગરીઆ મોબેદો પાસે કરાવી તથા તે મોબેદોએ પણ હમારો હક તોડી કીધી તથા હમારા લેવાના લવાજમ તથા પડત એઓએ લીધી તેથી હમોને રૂ. ૧૫૦) નું નુકસાન થયું તે પ્રતિવાદીઓ પાસેથી આપાવવું.

(૩) ઉપલી હદમાંના મુલકમાં ભગરીઆઓ ધરમની કાંઈ પણ ક્રિયા કરે નહિ તથા પ્રતિવાદીઓ પણ કરે નહિ એવો હમેશને માટે જાથુક મનાઈ હોકમ આપવો.

(૪) ઉપલા મનાઇ હોકમના દાવાની કિંમત રૂ. ૧૩૦) અડસટેલી છે."

નવસારીની ભગર અનજુમનનો ઠરાવ.

રોજ ૮ માહા ૭ સને ૧૨૫૧ તા. ૨૫ મી માર્ચ ૧૮૮૨ N. S. ને દીને નવસારીની અનજુમનની એક સભા મળી હતી, તેમાં ઠરાવ થયો હતો કે ખેરગામ પંથકના સંબંધમાં ઉદવાડાની અનજુમને આપણા પર ફર્યાદી માંડી છે તેની સામે થવું. વળી કજ્યો ચલાવવાની ગોઠવણ કરવા નવરોજી રતનજી કુટાર તથા ચાર મોબેદોની નેમણુક કરવામાં આવી હતી તથા ખરચ સારૂં એક ઉઘરાણાનું લીસ્ટ ફરતું કરવાનો ઠરાવ થયો હતો.

વલસાડની કોરટમાં મનાઈ હોકમનું નિકળી જવું.

ઉપર કહ્યા પ્રમાણે ઉદવાડાના વાદિઓએ મનાઈ હોકમ માંગ્યો હતો. તે કાયદા વિરૂદ્ધ છે એમ પ્રતિવાદીઓના ધારાના હિમાયતી શેઠ (પાછળથી સર) પીરોશા મેરવાનજી મેહેતાએ દેખાડી આપ્યું તેથી મનાઈ હોકમની માંગણી રદ થઇ હતી.

માટે દોખમું તથા અગીઆરી ઇંજવાની ક્રિયા રોજ ૫) મો માહ ૯) મો સને ૧૨૫૧ યજદેજરદી (તા. ૨૧ મી મે ૧૮૮૨ N. S.)ને દીને કરવામાં આવી હતી.

મનાઈ હોકમની માંગણી ઉપરાંત ફર્યાદ આ હતી, કે ખેરગામ ઉપર વાદિઓ જે દાવો કરે છે અને તેને માટે જાથુકનો મનાઇ હોકમ માંગે છે તે વાજબી છે કે નહિ તેની તપાસ કરવાની હતી. આ તપાસ પણ ઉપલીજ કોરટમાં થનાર હતી. પણ તેટલાં બંને બોરદુએ શેઠ દાદાભાઇ નવરોજીને લવાદ નેમ્યા હતા. તેઓ કને કેસની સુનાવણી તા. ૨૧ મી એપ્રીલ ૧૮૮૩ થી શરૂ થઈ હતી. ઉદવાડા તરફથી બેરામજી પેસ્તનજી ભરડા તથા નવસારીની અનજુમન તરફથી રૂસ્તમજી જામાસ્પજી દસ્તુર હાજર થયા હતા.

લવાદ શેઠ દાદાભાઇ નવરોજીનો ચુકાદો.

આ કેસમાં મોટો આધાર દસ્તાવેજો ઉપર હતો. બન્ને બાજુના આગલા કોલ કરારોના જુના દસ્તાવેજો તપાશી તથા જુબાની અને તકરાર સમજી લઈ શેઠ દાદાભાઈએ તા. ૨૬ મી જુલાઈ ૧૮૮૩ ને દીને ચુકાદો* આપ્યો હતો, તેનો સાર નીચે પ્રમાણે છે:—

પ્રતિવાદી બાઈ મોટીબાઈના કામથી આ વાંધો ઉઠયો નથી. પણ પ્રતિવાદીઓ ભગરીઆ મોબેદોના કામથી વાંધો ઉઠયો છે. મજકુર બંને પક્ષો કબુલ રાખે છે કે અગર જો ભગરીઆઓને મુકી દેઇ બીજા કોઈ પંથકવાલા મોબેદો કે જેઓ સાથે વાદિ સંજાણા મોબેદોને કોલકરાર થયા નથી, તેઓ પાસે કામ કરાવતે તો વાદિઓથી ફર્યાદ થઈ શકતે નહિ. સંજાણા તથા ભગરીઆઓ સાથે કોલકરાર છે, કે તેઓએ એક બીજાના પંથકમાં ક્રિયાકામ કરવાં નહિ. અથવા જો કરવાં હોય તો જેનું પંથક હોય તેની બાહાલી પેહેલે મેળવવી. ખેરગામ કોણનું પંથક છે તે વિષે બંને પક્ષો આગલા કરારો ઉપર આધાર રાખે છે.

---

*ખેરગામ કેસના અહેવાલ બાબેનું એક ચોપાન્યું ઇ. સ. ૧૮૮૬ માં પ્રગટ કરવામાં આવ્યું હતું.

પહેલાં તો મોબેદો સંજાણમાંજ વસ્તા હતા. પાછળથી કેટલાક મોબેદો નવસારીમાં જઈ વસ્યા. તેઓના ટોળાને "ભગરસાથ" નામ મલ્યું. સંવત ૧૪૭૨ (નોટ–આપણે સંવત ૧૪૭૫ વાલું સાલ કબુલ રાખ્યું છે) માં જ્યારે ઈરાનશાહને નવસારીમાં લાવ્યા ત્યારે નવા આવેલા સંજાણા મોબેદોનો એક નવો સાથ થયો, કે જે પાછળથી ઉદવાડે આવી રહયો છે. આ બંને ટોલા વચ્ચે કોલકરાર થયા. બંને પક્ષે સંવત ૧૫૯૯ (=ઈ. સ. ૧૫૪૩) રોજ બેહેરામ માહ સફંદારમદના એક જુના લેખની જુદી જુદી નકલો રજુ કરી છે. (જોવો આ કેસનો અહેવાલ દસ્તાવેજ ના. ૧ તથા ૨૧). નકલો સરખી નથી. ઉદવાડાવાલા મોબેદોની નકલ લાંબી છે. ભગરીઆવાલી નકલમાં નીચલા અગત્યના શબ્દો છે, કે જે ઉદવાડાવાલા સંજાણા મોબેદોની નકલમાં નથી :—"હદમ દુદ દમનથી તે દંતોરા સુધી બાકી પંથક ભગરીઆના છે તે સાથે આપણને લેવ દેવ નહી." બંને લેખોમાં લખ્યું છે કે "સમસ્ત અનજુમન નવસારીના તા૦ સમસ્ત હેરબદ સંજાણા મલી બંદી કીધી."

પંથકની હદ વિષે બંને નકલોમાં લખ્યું છે કે "પંથક પેલાદી દમણથી દંતોરાની હદ લગણ." વળી વાદિઓની નકલમાં આ શબ્દો પણ છે, "ઉલાદી દમણ વેહવા તથા ઘઘરણું...." આ ઉપરથી વાદિઓને પુરતો લાભ આપતાં તેઓનીજ નકલ પરથી તેઓના પંથકની હદ **ઉલાદી દમણથી દંતોરા સુધીની હતી.**

સંવત ૧૬૩૮ થી ૧૭૦૦ (=ઈ. સ. ૧૫૮૨ થી ૧૬૪૪) સુધીમાં ભગરીઆઓએ જુદે જુદે ગામ સારેલાં લગનની નોંધ પોથી છે. તેમાં વલસાડ પરગણાનાં નામોછે, પણ **વલસાડ કસ્બાનું નામ નથી.** ત્યાર બાદ સંવત ૧૭૪૧ (=ઈ. સ. ૧૬૮૫) વાલો એક લેખ ભગરીઆ તથા સંજાણાઓ વચ્ચે થયો છે તેમાં લખ્યું છે કે "કસબા નોસારીના અંધીઆરૂ તથા સંજાણા અંધીઆરૂ માંહો માહે પોતાની કદીમ રાહ રસમને વાસ્તે જઘડતા હતા વાસ્તે એ અંધીઆરૂ પોતાના દરમીઆન માંહો

માહેજ સમજીઆ અને એવો કરાર કીધો જે આજ પછે કદીમ રાહ રસમ જે પોતાના બાપદાદા કરતા આવ્યા છે તે કરીએ. એ કરારથી ફરીએ નહી. અને કસબે નોસારીના અંધીઆરૂ કસબે વીગેરેનું અંધીઆરૂપણું લીએ અને સંજાણા અંધીઆરૂ દમણમાં અંધીઆરૂપણું કરે...." આ લેખથી તથા સંવત ૧૫૮૯ (=ઇ. સ. ૧૫૩૩) વાલા લેખથી સંજાણાઓનું મુખ્ય પંથક દમણ ઠરે છે.

સંવત ૧૭૮૯ (=ઈ. સ. ૧૭૩૩) રોજ ૧ લો માહ ૧ લો વાલો એક લેખ ભગરીઆઓએ પોતપોતામાં કીધો છે તેમાં પોતાનાં પંથકવાલાં નીચલાં ગામોનાં નામો છે:—

સુરત, ગણદેવી, બીલી, કેશલપાતી, વલસાડ પરગણું, મેહેધર, કરાડી, મહુઆ, શેઓદપુરી, આમલી, તવડી, મરોલી, વસઈ, થાણા, મુંબાઈ, કલીઆણી, ભીમરડી, ચેઓલ, દીવ, વાંસદા, સુનગડ, નવાપરા; આથી માલમ પડે છે કે દમણથી દંતોરા સુધીની હદ મુકી ઉતરે સુરત સુધી તથા દક્ષિણે મુંબાઇ સુધી ભગરીઆઓની હદ છે.

સંવત ૧૭૯૦ (=ઈ. સ. ૧૭૩૪)નો એક લેખ વાદીઓએ રજુ કીધો છે તેમાં સંજાણાઓ પોતાની ફરીઆદોની સચાઈ વિશે શહાદત માંગતા લખે છે કે "અમારા જજમાન વલસાડ (=કસબો) તથા દમણ વગરેના પંથકનું ઘરનું કામ અમો કરૂં છે"....સંવત ૧૫૯૯ના લેખ પછી સંજાણાઓ તરફથી દમણથી ઉત્તર તરફનું પહેલ વહેલું વલસાડ કસબાનું નામ આવ્યું છે. પણ વલસાડ કસબા વિશે અત્રે તકરાર નથી.

સંવત ૧૭૯૮ (=ઈ. સ. ૧૭૪૨)માં ગાયકવાડ તરફથી ભગરીઆઓને પરવાનો મલ્યો છે તેમાં તેમનાં પંથક સુરત, સુનગડ, નવાપારા, વેઆરા, વાંસદા, રામનગર, ડાંગ, જુઆર, દીવ, કલાણી, વસઇ, ચેઓલ, થાણુ તથા મુંબાઈ છે. (નોટ—જોવો ખેરગામ કેસનો એહવાલ પા. ૯૮).

આ પ્રમાણે પ્રતિવાદી ભગરીઆઓના દસ્તાવેજથી તેમના પંથકની હદ સુરતથી પારડી પરગણાં સુધાં દંતોરાની દક્ષિણ તરફ અને પૂર્વે સોનગડ, નવાપારા, ડાંગ, રામનગર તથા જોઆર એ મુજબ સંવત ૧૫૯૯થી સંવત ૧૭૯૮ સુધીના દસ્તાવેજોથી જાહેર થાય છે.

સંવત ૧૮૦૮ (=ઇ. સ. ૧૭૫૨)નો એક લેખ વાદીઓએ રજુ કીધો છે તેની મતલબ આ છે કે સંવત ૧૭૮૮ થી નવસારીના દેશાઈ ખુરશેદજીએ એઓ ઉપર જુલમ કરીને લેખ લખાવી લીધા છે અને એઓમાંના (=સંજાણામાંના) શેહેરીઆર ફરેદુન તથા તેના છોકરા શાપુર શેહેરીઆરની મદદથી એઓના ઘણાક હક છીનવી લીધા તથા મીલકત લેઇ લીધી. પણ સંવત ૧૭૮૯ નો લેખ જેના ઉપર ૧૪ સંજાણાઓની શાખ છે તેમાં ફરીઆદનો ઇશારો કશો નથી. એ વરશની પછીના દસ્તાવેજો સંજાણાઓની ફરીઆદ ઉપરથી ગાયકવાડનાં હોકમનામાં છે. સંજાણાઓએ ફરીઆદ કરી છે કે જ્યારે સરકારમાં કામ ચાલતું હતું ત્યારે તેઓમાંના બે શખશોએ ખોટી સાહેદી પુરી નુકસાન કીધું છે. પણ કાયદા પ્રમાણે આ વાંધો નકામો છે.

વાદીઓએ એક લેખ રજુ કીધો છે જેમાં સંવત વર્ષ જણાવેલું નથી. પણ તે વર્ષ વાદીઓ સંવત ૧૮૦૯ (ઇ. સ. ૧૭૫૩)નું ગણે છે. તેમાં લખ્યું છે કે "હદ કાવેરી દક્ષીણ તીર તે નદી વઇતરણી કીનારો મોજે દાંતીવેર પરગણે માહીમ પરગણે વસઇ આંથી તે કાવેરી તીર પરાંત સુરત સુધીના પારસી લોકોના અંધીઆરૂપણું પુરાતન તમારૂં ચાલતું આવેલું છે." (નોટ—આ કેસનો દસ્તાવેજ ના. ૨૦ પાને ૧૧૧). એ લેખ પેશવાની વલસાડની કોરટનું હોકમનામું છે તેમાં બંને પક્ષો સંજાણા હતા. અને પોતપોતાના ભાગ વીશે લડતા હતા. મુદ્દો માત્ર ભાગને માટેનો હતો. તેમાં પંથકની હદની તપાસ થઈ ન હતી. એ મુકદમામાં ભગરીઆઓ સામેલ ન હતા. સંવત ૧૭૮૯ વાલા તથા બીજા લેખોની સાહદત કોરટમાં ટાંકેલી માલૂમ પડી

નથી. કાવેરી નદીની હદ પેશવા સરકારે પોતાના તરફથી સનદથી આપેલી ન હતી. સવત ૧૫૯૯ થી ૧૮૦૯ સુધી ૨૧૦ વર્ષ સુધીમાં કાવેરી નદીની હદની કાંઇ પણ નીશાની નથી. માટે કાવેરી નદીની સંજાણાઓની હદની સાબેતી થઈ શકી નથી.

આ ઉપરથી લવાદ શેઠ દાદાભાઈ નવરોજીએ પ્રતિવાદી ભગરીઆઓના લાભમાં ચુકાદો આપ્યો હતો. ખરચ બંને પક્ષે પોત પોતાનો ભોગવી લેવો, એવી ભલામણ બંને પક્ષે કબુલ રાખી હતી. તા. ૮ મી આગશટ ૧૮૮૩ ને દીને ઉપલા ચુકાદા પ્રમાણે વલસાડની કોરટે હોકમનામું કરી આપ્યું હતું.

પ્રકરણ ચૌદમું.

શ્રી ઈરાનશાહ આતશબેહેરામનાં ઉદવાડા મધ્યેનાં જુનાં મકાનોની હકીકત.

ઉદવાડાના શ્રી ઈરાનશાહનાં આતશબેહેરામના દરવાજા સંબંધી જે પ્રખ્યાત કેસ કોરટે ચઢયો હતો તેની વિગત હવે પછી આવશે. અને તે બરાબર સમજી શકાય માટે શ્રીજીનાં મકાનો ઉદવાડામાં કોણે કોણે બંધાવ્યાં હતાં તથા રીપેર કરાવ્યાં હતાં, તેની ટુંક હકીકત રજુ કરીશું. આપણે ઉપર જોયુ કે શ્રી ઈરાનશાહને વલસાડથી તા. ૨૮ મી અકટોબર ૧૭૪૨ N. S. ને દીને ઉદવાડામાં લાવવામાં આવ્યા હતા. તે વખતે ઉદવાડામાં થોડાક બેહેદીનોનાં ઘર ઉપરાંત એક મોબેદનું ઘર હતું. ઈ. સ. ૧૬૯૭ માં ઉદવાડામાં એક દખમું બંધાયું હતું માટે ઈ. સ. ૧૭૪૨ માં બેહેદીનોની વસ્તી સારી હોવી જોઈએ તે વિષે શક નથી. ઉપલા મોબેદનું નામ મેહેરનુશ હોરમજદ ભાઠેલા હતું. તેઓ બેહેદીનોનાં ઘરનું પંથકપણું ચલાવતા હતા. તેઓ નાગન રામથી ઉતરી આવેલા હતા* તથા ફારસી રેવાયતોનો સંગ્રહ કરનાર દારાબ હોરમજદયારના છોકરાના છોકરા હતા.

(૧) આ મોબેદ મેહેરનુશનાં ઘરમાં શ્રી ઈરાનશાહને લાવી તખ્તનશીન કીધા હતા. આ ઘર ઉદવાડાનાં મીરજાં ફલીઆ નજદીક ઉનવાલા મોહોલામાં આવેલું હતું. તેની સામે એક મોટો તળાવ હતો તેને "કાંકડીઆ તળાવ" ને નામે ઓળખતા હતા, કે જેમાં ધોભીઓ કપડાં ધોતાં હતાં.

નોંધ—જાણીતો ફ્રેંચ વિદ્વાન આંકવેટીલ ડુ પેરોં તા. ૧૮-૧૧-૧૭૬૦ ને દીને સુરતથી નિકળી છાસ્ટીની મુસાફરીએ

---

*નીચે પ્રમાણે. રામ-નાગન-નરસંગ-કામા-પદમ-હમજીઆર (૧૫૫૮)-કુકા (કેકોબાદ) (૧૬૦૧)-કામદીન-હમજીઆર (૧૬૫૮)-દાદા (દારાબ) (૧૬૯૨)-હોરમજદ-મહેરનુશ.

ગયો હતો, ત્યારે તેણે માર્ગમાં ઉદવાડા જોયું હતું. તે ગામ વિષે તે કહે છે, કે "આ ગામ ફક્ત પારસીઓથી વસાયલું છે. માર્ગમાં ડાબા હાથ ઉપર ઘરો આવેલાં છે, કે જે ઘરોની વચ્ચે દરેમેહેર આવી છે, કે જેમાં બેહેરામ નામનો આતશ રાખેલો છે. આ મકાનને બે છાપરાં છે અને નાકે એક છાપરૂં છે. બહારથી તેનો દેખાવ બીજાં ઘરોથી જુદા પ્રકારનો નથી." (ડાકતર જીવંનજી મોદીનું પુસ્તક આંકવેટીલ ડુ પેરોં તથા દસ્તુર દારાબ પા. ૨૨૪).

(૨) ઉપલા મોબેદ મેહેરનુશનાં ઘરમાં ઈરાનશાહને ઘટતા દરજ્જા સાથે થોડોક વખત રાખ્યા બાદ નારગોલના એક બેહેદીન નામે મીનોચેહેર બહમન નારગોલવાલાએ* ઈરાનશાહને માટે એક નાનું પણ જુદું મકાન પોતાના મરહુમ બાપનાં પુણ્યને માટે બંધાવી આપ્યું હતું. હાલનું આતશબેહેરામનું મકાન જે જગ્યાએ છે, ત્યાંજ આ પહેલું મકાન બંધાયલું હતું.†

(૩) આશરે નવ વર્ષ બાદ (પ્રખ્યાત દરવાજા કેસમાં સુરતના સબોરડીનેટ જડજે પોતાના ચુકાદામાં ઈ. સ. ૧૭૭૦ નું સાલ આપેલું છે) શેઠ ભીખાજી એદલજી સુરતવાલાએ પોતાની ટુંક પુંજીમાંથી આતશબેહેરામને માટે બીજું મોટું મકાન બંધાવી આપ્યું હતું. આ ગૃહસ્થ રોજ ૨૬ માહ ૩

---

*પારસી પ્રકાશ પાને ૮૬૭ ઉપર મીનોચેહેરના બાપનું નામ માણેકજી બદમનજી આપેલું છે. પણ તા. ૧૪–૭–૧૮૯૦ માં ઉદવાડાની અનજુમને આતશબેહેરામનુ મકાન રીપેર કરાવી આપવાની અપીલ બહાર પાડી હતી, તેમાં મીનોચેહેર બહમન નામ આપેલું છે.

†ઉદવાડાના દરવાજા કેસમાં ખા. બ બમનજી બેરામજી પટેલ (પારસી પ્રકાશના કર્તા) એ જુબાની આપી હતી, ત્યારે તેમણે કહ્યું હતું, કે "નારગોળના બેહેદીન મીનોચેહેર બમને બંધાવી આપ્યું હતું ...ઘરડાઓ કહે છે કે હાલ જે જગ્યાએ પવિત્ર મકાન છે, તે જગ્યાએ તેઓ શરૂઆતમાંજ હતા. તે જગ્યા આતશબેહેરામને કોણે આપેલી તેની ચોકસ ખબર મળી નથી. પણ માંડવીના રાજાએ એ જગ્યા આતશ પરઠવાને આપી હતી એવી દંતકથા ચાલે છે." (મુંબાઈ સમાચાર તા. ૩૦ મી આગશ્ટ ૧૮૯૯. એ. કેરશાશજી શા. પટેલનું કટીંગનું પુસ્તક પા. ૧૮૭).

૧૧૪૯ ય. જ. તા. ૭ મી જાનેવારી ૧૭૮૦ N. S. ને દીને મરણ પામ્યા હતા. (પારસી પ્રકાશ પાને ૩૫ તથા ૮૬૭). કહે છે કે બેહેદીન ભીખાજી એક વખતે શ્રી ઇરાનશાહને સેજદો કરવા આવ્યા, ત્યારે તેમણે તે વખતનું મકાન ઘણુંજ નાનું તથા અડચણ ભરેલું જોઇ પોતાની તરફથી એક કુશાદે મકાન બાંધી આપવાની ખાએશ જણાવી. એ પ્રમાણે બાંધતાં પોતાની તમામ પુંજી પુરી થયાથી તેમની ધણીઆણીએ પોતાનાં ઘરેણાં પણ એ કામ સારૂં આપી દીધાં. તેથી પણ મકાન પુરૂં ન થયાથી છેવટે તેમણે પોતાનું સુરતનું ઘરબાર વેચી તે મકાન પુરૂં કીધું. પાછળથી પોતે તંગદસ્તીમાં આવી પડયાથી પોતાનું વતન છોડી દૂર દેશમાં ગયા.

(૪) ઈ. સ. ૧૮૧૨ યા ૧૮૧૫ ને શુમારે મુંબાઈવાલા શેઠ જમશેદજી નાનાભાઇ ગજદરે ઉપલાં મકાનમાં કેટલોક સુધારો વધારો કરાવ્યો હતો એમ દીશે છે.

(૫) શેઠ ભીખાજી એદલજીવાલું મકાન ઘણું જુનું થયાથી તે જગા ઉપર એક લગભગ નવી મોટી ઈમારત રૂ. ૧૬૦૦૦) ના ખરચે મુંબાઈવાલા શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ પોતાના મરહુમ મુરંબી શેઠ પેશતનજી બહમનજી વાડીઆની નઇઅતે બંધાવી હતી. એમ માલૂમ પડેછે કે આ ઈમારત સદંતર નવી હતી નહિ. પણ ઓટલા વગેરેના ભાગ ઉપર નવું બાંધકામ કર્યું હતું (જોવો ઉદવાડા દરવાજા કેસનો અહેવાલ જામે જમશેદ તા. ૧–૪–૧૯૦૩ તથા ૬–૮–૧૯૦૩). આ મકાનમાં શ્રી ઇરાનશાહને રોજ ૨૭ માહ ૬, ૧૧૯૯ ય. જ. તા. ૨૭ મી મારચ ૧૮૩૦ N. S. ને દીને તખ્તનશીન કરવામાં આવ્યા હતા. તે વખતે આતશબેહેરામને લગતી જમીન માત્ર ૮૯૬ ચોરસ વાર હતી. જશનની ક્રિયા ઉદવાડાવાલા દસ્તુર દારાબજી બેહેરામજીએ કીધી હતી. અને મુંબાઇથી ભરૂચ સુધીના ગામોમાંથી જરથોસ્તીઓની મોટી સંખ્યા હાજર થઈ હતી. સઘળાંને ન્યાતનું જમન જમાડી વિદાય કરવામાં આવ્યા

હતા. તે વખતે ઉદવાડામાં આશરે ૧૫૦ મોબેદો તથા કેટલાક બેહેદીનોની વસ્તી હતી. (પા. પ્ર. પાને ૨૨૫. મુંબાઈ સમાચાર તા. ૧૨ મી એપ્રીલ ૧૮૩૦).†

(૬) શ્રી ઈરાનશાહની દરેમેહેરનું મોટું મકાન જ્યાં શ્રીજીને તખ્તનશીન કીધા હતા તે તથા તેની સામેની નાહાનખાનાંની દરેમેહેરનું મકાન—એ બેઉ મકાનો જે શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ નવેસરથી બંધાવેલાં હતાં તે ઘણાં પુરાણાં થયાથી તેઓની મરામત કરવાની મોટી જરૂર હતી. માટે તા. ૧૪-૭-૧૮૯૦ ને દીને શેઠ શોરાબજી માણેકજી દમણવાલાએ તથા બીજા સાત સાહેબોએ મરામત સારૂં નાણાં ભરી આપવા અનજુમનની અપીલ બહાર પાડી હતી. આ અપીલનાં કાગજમાં એવું પણ જણાવવામાં આવ્યુ હતું, કે ઉપલા વાડીઆજીઓએ પોતાનાં નામોની તખ્તી અગર કોઇ

---

†તા. ૧૨-૪-૧૮૩૦ ના મુંબાઈ સમાચારમાં એક ચર્ચાપત્રી લખેછે, કે રોજે ૨૬ મે આશતાદને દને જે તમોએ ઉદેપોરની દરેમેહેર ઈજવા બાબે પ્રગટ કરીઉં હતું, પણ તે દીને જોગવાઇ નહીં બની તેથી રોજ ૨૭ મે આશમાન માહ ૭ મો મેહેર કદમી માહ ૬ ઠો શેહેરેવર રશમી શને ૧૧૯૯ ઇ૦ તા૦ ૨૭ મી મારચ શને ૧૮૩૦ ને શનેઉ ને દીને તે દરેમેહેર ઇજાઇ. તથા મોટું ખુશાલી ભરેલું જશન થાઇઉં. તે વેળાએ શ્રી મુંબાઇથી તે ભરૂચ શુધીનાં ઘણાંએક લોકો તે જશનમાં સામેળ થવાને આવેલા હતા, તે શરવે લોકો રચના જોઇને ઘણા ખુશી થયા. ને દરેમેહેરની ઇમારત બી ઘણીજ શારી અને શોભઇતી અને મજબુત બનાવીછે. અને એ જગો દેશાવરના પારશી લોકોના આવેઆથી એક જેવો મોટો મેલો મલીઓ હતો કે શ્રી ઉદેપોર ગામ વશેઆ પછે કોઇ દહાડે એવો ભારે પારશીઓનો મેલો મલીઓ નહી હશે....એ ધરમનું કામ....મુંબાઈના શેઠીઆ વાડીઆજી પેશુતનજી ગુ૦ ના વારશોએ પોતાનાં વડવાનાં નામથી કીધું છે....અને નેઆતનું જમણ ઘણું શારૂ શાદું જમાડીઉ....એ ગામનાં લોકો જેહવાં ગરીબ અને મુફલેશ કોઇજ નહી હોશે કાંએજે એ ગામમો નથી વણવાનું જાણતા અને નથી ધંધોરોજગાર તા૦ રાતદહડો મોબેદ લોકો છે તે બેહાબેહા ઈબિજદાંની ઈબોદ કરેઆ કરે છે. અને એ ગામમાં માહરા જોએ-આમો આશરે મોબેદ ૧૫૦) તથા બેહેદીન ૧૫૦) ની વસ્તી હશે.... એ જગોના વશનારા મોબેદો તથા બેહેદીન લોકો ઘણાંજ શબરવાલા છે.

પણ પ્રકારની લેખીત નીશાની મુકવા દરૂસ્ત જોયું ન હતુ તેમ નવાં માકન ઉપર પણ કશી તખ્તી યા લેખ મુકવા દેવામાં આવશે નહિ.*

ઉપલી અપીલ પ્રમાણે કેટલુંક નાણું ભરાઈ ચુકયા બાદ એક નવું મોટું મકાન બંધાવી આપવાની ખાએશ બાઈ મોટલાંબાઇ જાહાંગીરજી વાડીઆએ§ જણાવી. તે સંબંધી શેઠ મેરવાનજી દાદાભાઈ પેસ્તનજી વાડીઆએ તા. ૩૧ મી જાનેવારી ૧૮૯૩ ને દીને બાઇ મોટલાંબાઇ ઉપર એક કાગળ લખી તેમાં જણાવ્યું હતું કે:—

"ઉદવાડાનાં પાક આતશબેહેરામ સાહેબની દરેમેહેરનાં બેઉ મકાનો પુરાતન થવાથી તેને પાછાં ઉખેદીને રીપેર કરવા ઉદવાડાની અનજુમને જે ઉધરાણું ઉભું કરેલું છે, તે તમારા જાણવામાં આવવાથી તમોએ પોતે એ બેઉ મકાનો નવેસરથી બાંધી આપવાની ખાએશ ગયા જુલાઈ માસમાં હમુને બતાવી... ઉપલા વખતથી એ મકાનોની મરામતનાં ફંડનું કામ ઉદવાડાની અનજુમને હમારી ભલામણ ઉપરથી મુલતવી રાખી તમારી ખાએશ મુજબ તમારીજ સખાવતથી એ કામ કરાવવાની ઉમેદ રાખી હતી....પછે તમોએ નવાં મકાનમાં તફ્રી મારવાની ખાએશ ઉભી કરવાથી હમારી તેમજ ઉદવાડાની અનજુમન વચ્ચે થએલી શરતો મુજબ તેમ બની શકવું મુશ્કેલ થઇ પડયું હતું. અને એ બાબદમાં શેઠ શોરાબજી દમણવાલા હમારી પાસે બે વાર આવ્યા હતા. પણ હમોએ હમારા મરહુમ મુરંબીઓની ખાહેશથી કાંઇબી ઉલટું નહીં કરવાની મરજી જણાવી. અગર જો ઉદવાડાના હમારા ટ્રશટી સાહેબોને કાંઇ બી વાંધો નહીં હોય તો તમો હમારાં કુટુંબનાં બુજોરગ બાઈ હોવાથી હમોએ તેટલી

---

*ઈ સ. ૧૯૨૧ ના જુન જુલાઇનાં જામે જમશેદના અંકોમાં ઇરાનશાહનાં મકાનો વિષે કેટલુંક સારૂં લખાણ રૂસ્તમજી નશરવાંનજી મુનશી (મુરૂનજી) એ કીધું હતું.

§એઓ રોજ ૧૨ માહા ૯ સને ૧૨૬૬ યજદજરદીને દીને બેહેસ્તનશીન થયાં હતાં.

છુટ મુકવાની હમારી મરજી જણાવી હતી. અને તે બાબતમાં હમારા મેનેજીંગ ટ્રસટી ભાઈ બેહેરામજી પેશતનજી ભરડા અત્રે હમારી પાસે આવ્યા હતા. અને તેઓએ પરથમ ગઆ જુલાઈ માસમાં તમોએ વગર તપ્સીએ મકાનો બાંધી બુજોરગ ખાનદાનની મોહોટાઇ વધારવાની રાખેલી ધારણા ફેરવાઈ જવા વિશે દલગીરી બતાવીને પણ તમો તેજ ખાનદાનનાં છો એટલે ઘટતા લેખ સાથેની તપ્સી મારીને બુજોરગીના વખતમાં તમારી ખાએશને માન આપવા ઉદવાડા અનજુમન રાજી છે હેવું જણાવીઉં. તે ઉપરથી હમોએ પણ જરથોશતી તોલાનાં એ પુરાતન કેબલાનાં મકાનો આપણા ખાનદાનની તરફથીજ બંધાવવાની મગરૂબી ધરાવીને ઘટતા લેખ સાથની તખતી મારવા દેવા કબુલ કીધું છે....તથા હમારી રાજીખુશી તથા મરજી જોઈ તેજ ઉદવાડાની અનજુમને તમારી એ ખાએશ કબુલ રાખવાનો ઠરાવ કીધો છે. તેથી એ પુનનાં કામો વગર ઢીલે તમો શરૂ કરવાનો હોકમ કરશો" (ઉદવાડામાં એ. ભીખાજી ઉનવાલાએ દેખાડેલું કાગજ–નકલ).

તા. ૩ જી માર્ચ ૧૮૯૩ ને દીને શેઠો મેરવાનજી દાદાભાઇ વાડીઆ તથા દાદાભાઈ મેરવાનજી વાડીઆએ ઉદવાડાની અનજુમનના મુખીઓ ઉપર ઉપલા કાગળની ખબર આપી લખ્યું હતું કે:—

"હમારી લાગણી ગમે તેટલી બી દુખવા છતાં* ફક્ત પાક આતશબેહેરામનાં મકાનો સારા પાયા ઉપર થવાની અને તેમ થવાથી ઉદવાડાની અનજુમનને લાભ થવાની હમારી

---

*તા. ૯–૧–૧૮૯૪ ને દીને અનજુમન કમિટિના મુખીઓએ શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆનાં અહેશાનની યાદગારી અનજુમન તરફથી કાયમ રાખવા જુનાં આતશબેહેરામના કાટ વગેરેનાં વેચાણથી ઉપજેલા રૂપીઆમાંથી (જેની વિગત હવે પછી આવશે તેમાંથી) રૂા ૫૦૦)ની ટકા ૪ વાલી સરકારી નોટ ૧) મુબાઇ પારસી પંચાએતના ત્રશટીઓને હવાલે ચોક્કસ ક્રિયાકામ સારૂં વ્યાજ વાપરવાની શરતે આપી હતી (જામે જમશેદ તા ૨૦–૩–૧૯૦૩).

મજબુત ખાહેશ હોવાથી તક્તી મારવા સંબંધી ચોકસ શરતોથી હમારી ખુશી બાઇ મોટલીબાઈ તરફ લખી જણાવી છે."

તા. ૨૨ મી એપ્રીલ ૧૮૯૩ ને દીને ઉદવાડાની અનજુમને બાઈ મોટલાંબાઇને અરજ કરી કે પાસેની કેટલીક જગા ખરીદ કરી સંજોગો ધ્યાનમાં લઈ શ્રીજી સારૂં લાએક મોટું મકાન બાંધી આપવુ. બાઈ મોટલાંબાઈએ અરજ કબુલ રાખ્યાથી શ્રી ઈરાનશાહને તા. ૧૨ મી મે ૧૮૯૩ ને દીને સર દીનશાજી પીટીટવાલી દરેમેહેરમાં લેઈ જવામાં આવ્યા. નવાં મકાનનો પાયો નાંખવાનું કામ તા. ૨૨ મી મે ૧૮૯૩ ને દિવસથી શરૂં થયું.

બાઈ મોટલાંબાઇવાલાં મકાનનાં પાયાની ક્રિયા.

ઉદવાડાના શ્રી આતશબેહેરામ સાહેબનું જુનું મકાન ઉખેડી નવું કુશાદે મકાન બાંધવા સારૂં બાઇ મોટલાંબાઇ વાડીઆએ પાયાના મુહૂર્તની ક્રિયા કરાવી તે વખતે ઉદવાડાની અનજુમનના વડા અકાબર શેઠ શોરાબજી માણેકજી દમણવાલાએ શ્રી ઇરાનશાહ આતશબેહેરામની તવારીખનું લાંબું પણ રસિલું વર્ણન ભેગી થયલી મીજલસ સનમુખ વાંચી સંભળાવ્યું હતું તે તા. ૩૦ મી તથા ૩૧ મી મે ૧૮૯૩ ના જામે જમશેદમાં પ્રગટ થયું હતું. (જોવો એ. કેરશાસ્પજી શા. પટેલનું વર્તમાન પત્રોનાં કટીંગનું પુસ્તક).

બાદ શેઠ શોરાબજીએ ભાષણ કરી સર જમશેદજી જીજીભાઈ બીજા બેરોનેટના સાહેબજાદા શેઠ કાવશજી ખરશેદજી જમશેદજી તેમજ સર દીનશાજી માણેકજી પીટીટ બેરોનેટ આ મેલાવડામાં હાજર થયા તે માટે ઉદવાડાની અનજુમન તરફથી ખુશાલી જાહેર કરી હતી. ઉદવાડાની અનજુમનને રવાનનોની છેલ્લી આશાએશની જગ્યાની જાલવણી તથા ચેરાગો રાખવાની મદદમાં એક સારો હીસ્સો બાઇ મોટલાંબાઈ વાડીઆ આપતાં રહ્યાં હતાં, તે ઉપરાંત ઉદવાડાના સંજાણા પંથકને તાબેના દમણ દીવ વગેરે શેહેરોમાં પણ તેમની ધરમાતુ મદદ વર્ષો થયાં થતી

આવી હતી તેની તથા બીજી અનેક મોટી સખાવતોની સ્તુતિ શેઠ શોરાબજીએ કરી હતી. તથા શેઠ નવરોજી વાડીઆને સી. આઈ. ઇ. નો ખેતાબ મળ્યો હતો, તે માટે ખુશાલી જાહેર કરી હતી. તથા શેઠ મેરવાનજી દાદાભાઈ વાડીઆએ કાળજી ધરાવી ઉદવાડાની અનજુમનને સગવડ કરી આપી તે માટે ઉપકાર માન્યો હતો. પછી શેઠ શોરાબજીએ બાઈ મોટલાંબાઈના બંને બેટાઓ શેઠ નવરોજી તથા શેઠ નશરવાનજીને પાયાનો પથરો બેસાડવાની અરજ કરી હતી. તેમ કીધા બાદ શેઠ શોરાબજીનો ઉપકાર માનતાં તેમણે ભાષણ કરી જણાવ્યું હતું, કે "તેમના શિલ્પ-શાસ્ત્રી દીનશા દોરાબજી મીસ્ત્રી અસલ પુરાતન આતશક દેહોની ઢપનું નવું મકાન બાંધશે. અને ઉમેર્યું કે અસલ ઈરાની ઢપના મકાનમાં એ પુરાતન કેબલો બીરાજવાથી આપણાં હજારો વર્ષના જરથોસ્તી બાપદાદાઓની એક જુની નીશાની આપણી નજર આગળ નવેસરથી ઉભી થશે. તે સઘલો ઇરાદો મનપતીજ રીતે બર લાવવાનુ અમારા શીલપ શાશતરી ભાઈ દીનશા દોરાબજી ઉપર અમારાં માતાજી તથા અમારો શંપુરણ ભરૂશો છે." બાદ તેમણે શેઠ શોરાબજી દમણવાલા તથા એરવદ બેરામજી પેશતનજી ભરડા (જેઓ ઉદવાડાનાં ધરમ કામોની મેનેજ કરતા હતા તેમનો) તથા મી. દીનશા મીસ્ત્રીનો ઉપકાર માન્યો હતો (જામે જમશેદ તા. ૧ લી જુન ૧૮૯૩. એ. કેરશાશજી શા. પટેલનું "કટીંગ").

શેઠ દાદાભાઇ વાડીઆવાલા જુનાં મકાનનો કાટ વગેરે તા. ૨૯ મી જુન ૧૮૯૩ ને દીને વેચી નાંખવામાં આવ્યો હતો, તે જુદા જુદા મોબેદોએજ ખરીદ કર્યો હતો. એ વેચાણથી રૂ. ૨૪૫૦) ઉપજ્યા હતા.

તા. ૧૭ મી આગશટ ૧૮૯૩ ને દીને બાઈ મોટલાંબાઇએ આતશબેહેરામની પડોશની મોબેદ શોરાબજી નવરોજી દસ્તુર તથા તેમના ભાઈઓની જમીન (આગલી જમીનમાં વધારવા) રૂ. ૮૦૦૦)ની કિમતે ખરીદી હતી.

આશરે દોઢ વર્ષના અરસા બાદ તા. ૩૧ મી અકટોબર ૧૮૯૪ ને વાર બુધે રોજ ૧૬ માહ ૨ શેહેનશાહી ય. જ. ૧૨૬૪ ને દીને શ્રી ઇરાનશાહ આતશબેહેરામનું નવું મોટું મકાન બાઈ મોટલાંબાઇએ આશરે રૂ. ૯૧૦૦૦)ના ખરચે બંધાવી આપ્યું હતું. (જોવો તા. ૩-૯-૧૮૯૬ નું ટ્રસ્ટ ડીડ).

જશનની ક્રિયામાં બાઈ મોટલાંબાઇના દીકરાઓ શેઠો નવરોજી તથા નશરવાનજી મા૦ વાડીઆ હાજર થયા હતા. બાઈ મોટલાંબાઇએ શ્રી ઇરાનશાહને માટે ૫૬૨૪) તોલાનું રૂપાનું આફરગાન્યું ભેટ આપ્યું હતું. આ નવાં મકાન ઉપર નીચે પ્રમાણે તખ્તી છે:—

"શેહેનશાહી જરથોસ્તી અનજુમનનાં આતશબેહેરામ ઇરાનશાહ."

"શ્રી હિંદુસ્તાન મધે પહેલ વહેલા ઇરાનથી આવેલા જરથોસ્તી ટોલાએ શ્રી સનજાનમો સને ૯૦ યઝદેજરદીનાં સાલમો પરઠયા હતા. તેની ખેદમત ઉદવાડેનો અથોરનાંન ટોલો કરે છે. તેનું પેહેલું મકાન નારગોળવાળા બેહેદીન મીનોચેહેરજી બમનજીએ ઉદવાડામાં સને ૧૧૧૨ ઇઅજદેજરદી સાલમો બંધાવી આપીઉં હતું. તે પછી એ મકાનને વધારીને સુરતવાસી બેહેદીન ભીખાજી અદલજીએ સને ૧૧૨૧ ઇઅજદેજરદીના સાલમો બંધાવી આપ્યું હતું. તે પછી તરીજી વેલા તેને મોટું કરી મુંબાઇવાલી શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ સને ૧૧૯૯ ઇઅજદેજરદી સાલમો નવેસરથી બંધાવી આપીઉં હતું. એ મકાન જુનું થયાથી આએ છેલ્લી અને ચોથી વાર મુંબાઇવાસી બાઈ મોટલીબાઇ માનેકજી વાડીઆ તે મરહુમ શેઠ જાંહાંગીરજી નશરવાનજી વાહાડીઆની બેટીએ પોતાના મરહુમ ખાવીંદ શેઠ માનેકજી નવરોજી વાહાડીઆનાં પુનને સારૂં બીજી આજુબાજુની જમીનો વેચાતી લઈ ખરચ રૂ.....નો કરીને બંધાવી ઉદવાડાનાં તરસટીઓની મારફત અનજુમનનાં સ્વાધીનમાં આપીઉં છે અને પાક ઇરાનશાહ આતશબેહેરામ

સાહેબને રોજ ૧૬ મો મેહેર માહા ૨ જો અરદીબેહેસ્ત શેહેન-શાહી માહા ૩ જો ખોરદાદ કદમી સને ૧૨૬૪ ઇઅજદેજરદી તા. ૩૧ મી અકટોબર સને ૧૮૯૪ ઇસ્વીને વાર બુધેને દીને આ નવા મકાનમાં તખ્તનશીન કીધા છે. મી. દીનશાહ દોરાબજી મીસતરી એમ. એસ. એ. શીલપસાસ્રી."

ઉપલાં આતશબેહેરામનાં મકાનના પાયામાં મેળેલી તખ્તીની નકલ આ પ્રમાણે છે:—

"દાદાર હોરમજદની મદદથી શેહેનશાહી જરથોશતી અનજુમનના પાક આતશબેહેરામ ઇરાનશાહ શ્રી હીંદુસ્થાન મધે પેહેલવેહેલા ઇરાનથી આવેલા જરથોશતી ટોલાએ શ્રી શંજાણમાં શને ૯૦ ઇઅજદજરદીના શાલમાં પરઠેઆ હતા જેની ખીદમત આજ તુલીક શ્રી ઉદવાડાનાં શંજાણા ટોલાનાં અથોરનાનો કરે છે તેની આય ચોથી નવી ઇમારતના પાયાની શથાપનાં શ્રી ઉદવાડા મધે મુબાઇવાશી બાઇ મોટલાંબાઇ માણેકજી વાડીઆજીના તરફ તેઓના બેટાઓ શેઠ નવરોજી માણેકજી વાડીઆ શી. આઇ. ઇ. તથા શેઠ નશરવાનજી જાંગીરજી વાડીઆ જે. પી. બોમબે એવોયે રોજ ૯ આદર ઇઅજદ માહા ૯ મો આદર ઇઅજદ શેહેનશાહી માહા ૧૦ મો કદમી શને ૧૨૬૨ ઇઅજદજરદી તા. ૨૨ મી મેએ શને ૧૮૯૩ ઇશવી શંવત ૧૯૪૯ના જેઠ શુદ ૭ ને વાર શોમેને દીને કીધી. શેઠ દીનશાજી દોરાબજી મીશતરી એમ. એશ. એ. શીલપશાશતરી" (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૫૩૩).

અનજુમનને બાઇ મોટલાંબાઇએ લખેલું પત્ર.

જશનની ક્રિયા બાદ બાઇ મોટલાંબાઇએ લખેલું કાગળ શેઠ નવરોજી વાડીઆએ વાંચી સંભળાવ્યું હતું તે આ પ્રમાણે હતું:—

"મીજલસના સાહેબો લા. મુંબાઇવાસી બાઇ મોટલાંબાઇ તે જાંગીરજી નશરવાનજી વાડીઆજીની બેટીની દુવા બંદગી કબુલ કરજોજી. ઉદવાડા ગામની જરથોસ્તી અનજુમન તરફથી તેઓના મુખીઓની માંગણી કબુલ રાખીને પાક આતશબેહેરામ

સાહેબ ઈરાનશાહને તખ્તનશીન કરવાનું જુનું મકાન જે અમારા કુટુંબીઓ મરહુમ વાડીઆજી દાદાભાઈ તથા મનચેરજી પેસ્તનજીએ બંધાવી આપેલું તે પુરાણું થવાથી તેને ઉખેડી નાંખી નવેશરથી અમારા ખરચે આ નવું મકાન તેને લગતા સઘળા સરંજામો સુધાં બંધાવી આપ્યું છે અને તેને આપણી દીનના ફરમાન મુજબ સઘળી ક્રિયાઓથી પવિત્ર કરીને આજ રોજ પાક ઈરાનશાહને તખ્તનશીન કરી કુલ જરથોસ્તીઓને સારૂં વાપરતું કર્યું છે....પાક કેબલાને સદા રોશન રહેવા સારૂં જોઈતી ચાલુ ક્રિયાઓ હમેશાં થતી રહેવા ને એ મકાનોની મરામત વગેરે સારૂં એક સારી રકમ અલાહેદી કાઢી ત્રશ્ટમાં આપવાનો અમારો ઈરાદો છે....આ મકાન અમોએ અમારા મરહુમ ખાવીંદ વાડીઆજી માણેકજી નવરોજજીની વહાલી યાદમાં તેઓના પુણને સારૂં બંધાવી આપ્યું છે. તેમજ બરશનુમખાનાંની દરેમેહેરનું મકાન મારા મરહુમ સસરા નવરોજી નશરવાનજી વાડીઆના પુણને સારૂં બંધાવી આપ્યું છે. જે બેઉ મકાનોને હમેશાં સંભાળવા તથા અમારી ખાએશ મુજબ વપરાતાં રહેવાને માટે પાકો બંદોબસ્ત તથા તેને લગતી બીજી ગોઠવણો હવે પછી કરવામાં આવશે....તા. ૩૧ મી અકટોબર ૧૮૯૪ રોજ ૧૬ મો મેહેરયજદ માહા ૨ જો અરદીબેહેશ્ત અમશાસ્પંદ શેહેનશાહી શને ૧૨૬૪ યજદજરદી."

બાદ ઉદવાડાની અનજુમન તરફથી બાઇ મોટલાંબાઈને આપવા માટે લાંબું માનપત્ર શેઠો નવરોજી તથા નશરવાનજી વાડીઆને એ. બેહેરામજી પેશ્તનજી ભરડાએ વાંચી સંભળાવી એક રૂપાનાં નાળામાં એનાયત કર્યું હતું. ત્યારપછી અનજુમનની અરજ ઉપરથી બાઈ મોટલાંબાઈની એક ઓઈલ પેન્ટ સબી જે તેમના વખાણનારાંઓએ બનાવી મંગાવી હતી, તે સર દીનશાજી માણેકજી પીટીટના હાથે ખુલ્લી મેલવામાં આવી હતી.

શ્રી આતશબેહેરામનાં મકાન વગેરેનું ટ્રશ્ટ ડીડ.

બાઇ મોટલાંબાઇ વાડીઆ ઈરાનશાહ આતશબેહેરામનાં નવાં મકાનનું તથા ફંડ વગેરેનું ટ્રશ્ટ ડીડ કરનાર છે, એવી ખબર.

મળ્યાથી ઉદવાડાવાલા એ. ભીખાજી દી. ઉનવાલા તથા આશરે ૮૦) મોબેદોએ તેઓને તા. ૨૦ મી અકટોબર ૧૮૯૫ ને દીને અરજી કરી, કે હમારા ટોલાના સરદાર શેઠ શોરાબજી માણેકજી દમણવાલાનું નામ ટ્રસ્ટ ડીડમાં દાખલ કરવું, અને ટ્રસ્ટ ડીડનો ખરડો હમારી અનજુમનની વાકેફી કાજે મોકલશો તો ભવિષ્ય-માં ઘણો ફાયદો થશે. વળી તેઓએ નવાં મકાનોમાંની કેટલીક ખામીઓ ઉપર બાઈ મોટલાંબાઈનું ધ્યાન ખેચ્યું હતું.

આના જવાબમાં બાઈ મોટલાંબાઈએ તા. ૨૬ મી અકટોબર ૧૮૯૫ ને દીને કાગળ લખ્યો કે :—"તમો મોબેદોએ રોજ ૫ મો માહા ૨ જો શને ૧૨૬૫ એજદે (જરદી) લખેલી અરજી હમોને પોંચીછે. તે મધે તમોએ ઉદવાડાના આતશબેહેરામ શાહેબનાં તથા નાનખાનાનાં તથા તેને લગતાં હમે બંધાવી આપેલાં મકાનોમાં કેટલીક ખાંમીઓછે એમ લખી તે ફરીથી રીપેર થાએ તીઆરે દુર કરવા જનાવું છે તે વીશે જનાઉં છેઉં કે હમો હમારી ખુશી પરમાણે કરશું. એ બાબતમાં મોબેદોએ અમારી વચમાં આવવું નહીં.

ને વલી તમો લખો છો કે હમારી અંજુમને જુનુ મકાન તમોને શવાધીન કીધું હતું એ તમારૂં લખવું તદન ખોટું છે. હમુને જુનું મકાન તેના માલેક અમારા કુટુબી વાડીઆજી મેરવાનજીએ પોતાના ત્રસ્ટીઓની મારફતે શોપું હતું. ને હમારી મરજી મુજબની તકતીઓ મારવાની તથા બાંધકામ કરવાની ખાશ શરત કીધા પછીજ હમે એ મકાનો બંધાવી આપવાનું કબુલ રાખેલુ. ને જે પરમાણે જુનાં મકાનો વાડીઆજી મેરવાનજીએ પોતાના તરસ્ટીઓની મારફતે અંજુમનને આપેલાં હતાં તે મુજબ નવાં મકાનો પણ હમો હમારી મરજીનાં તરસ્ટીઓની મારફતે આપવાની ગોઠવણ કરીશું. તેમાં નવું કાંઈજ નથી. નાનખાનાનાં મકાનને શારૂ તમો હાલની અરજીમાં લખોછો કે છેક પાછલની બાજુએ બાંધું છે. પણ તે અમે અમારી નજરે જોએલું છે. તે શઘલાઓને પશન પડેલું છે. એ

મકાનની વરણી બાકી રહેલી છે એ વીગેરેના કામને શારૂ હમારા ઇજનેર શાથે વીચાર કરીશુ. મકાનોમાં મલાહાજો શચવાએ તેમાં તમારા કરતાં ઉદવાડાના દશતુરો તથા આગેવાનો વધારે ખાએશ રાખે છે, એવી હમારી પુરતી ખાતરી છે.

હમારાં મકાનો જેની તમો પોતે બી તારીફ લખો છો તેનીજ શામે તથા તેમાં કીરીઆ કરનારા મોબેદોની શામે ઉદવાડાના કેટલાક કમ સમજવાલા મોબેદો ઘણી અણઘટતી રીતો વાપરે છે. તેમજ જે પાક કેબલા બડલે પોતાનું જીવતર છે તેની ચાકરીમાં ખોટી ખામીઓ કરી દેશાવરના આવેલાઓના દીલ દુખાયે છે તે જાણી હમો દલગીર થઆ છે. પણ તમો ગરીબ મોબેદોને એવું કરવું ઘટારત નથી. શલા શપથી તથા આબરૂ ઇજતથી તમારૂં કામ કરો તેમાં તમોને રોજી મલશે ને આવનારા જરથોશતીઓના દીલ રાજી રેહેવાથી તમોને લાભ થશે. ને અમારાં નવાં મકાનોની ગોઠવણો ચાલુ રાખવાની હમો હમારી મરજી મુજબ કરીશું, અથવા કરાવશું તે જાણજો. હાલ એજ અરજ તા. ૨૬ મી અકટોબર શને ૧૮૯૫." (ઉદવાડાથી મળેલું છુટું કાગળ એરવદ ભીખાજી ઉનવાલાનું).

ઉપલા કાગળના જવાબમાં ઉદવાડાના એ૦ ભીખાજી દી. ઉનવાલા તથા ૫૦) આથોરનાનોએ રોજ ૨૯ માહ ૨, ૧૨૬૫ તા. ૧૩ મી નવેમબર ૧૮૯૫ ને દીને એક લાંબો કાગળ બાઇ મોટલાંબાઇને લખ્યો હતો. તેમાં અગત્યની બીના નીચે પ્રમાણે હતી:—

".....તમો સાહેબ લખો છેવ કે જે હમારાં બંધાવેલાં મકાનોમાં ખામીઓછે તે તમારા લખવા મુજબ નહીં પન હમો હમારી ખુશી પરમાણે કરીશુ. એ બાબદમાં તમો મોબેદોએ હમારી વચે આવવું નહી. એ તમો શાહેબનું લખવું હમો ગરીબોને દીલ દુખવનારૂં છે....હમારી મરજી મુજબનું તથા સવળતાનું તે (=મકાન) નહી થશે તયારે તમારા ખરચેલા પૈશાને

જશ તે કયાંથી મળવાનો, ને હમારી અડચનો તે કયાંથી ટળવાની?...નામદાર શર દીનશાજી પીટીટની દરેમેહેર બંધાતીથી તે વખતે અને બંધાઇ રહેયા પછે કેટલીક ખામીઓ ને અડચનો બતાવી તે માંહે ફેરફાર કરાવવાની અરજ કરી હતી તે હમારી અરજી ઉપર ધયાન આપી તેમાં અનેકવાર ફેરફાર કરાવેયો હતો તેયારેજ તે મકાન આજે ખરેજ ઉપયોગી થાઈ પડીઉં છે. તેમ તમો શાહેબનું પન થશે.

આગલ ચાલતાં....તમો શાહેબ લખો છો કે હમારી અનજુમને જુનું મકાન તમોને સ્વાધીન કીધું હતુ તે લખવું તમારૂં તદન ખોટટું છે. હમોને જુનું મકાન તેના માલીક હમારા કુંટુંમબી વાહાડીઆજી મેહેરવાનજીએ પોતાના ત્રશટીઓની મારફતે શોફીઉં હતું. એ બાબદમાં તમો બાઈજી શાહેબ બુલાવો ખાવો છેવ. કારણ કે ઉપર લખેલું જુનું મકાન તે ખુદ અનજુમનની માલકીનું હતુ. તેમ જો ન હતે તો એ મકાન તોડાવી તે હમારી અનજુમનની મરજી મુજબે વેચતે શું કામ. ને વેચી તેના જે પૈસા ઉપજ્યા તે હમારા ફંડમાં હમોએ નાખેયા છે તેજ પુરાવો હમો તરફથી બશ છે....વલી તમો શાહેબ લખો છેવ કે 'હમારા મકાનોની શરવે ગોઠવણો હમો હમારી મરજી મુજબે કરીશું તથા કરાવીશું.' તમો શાહેબનું એ લખવું તમારા અરજદારો અતીશે વાંધા ભરેલું વીચારે છે. હમો વાપરનારાઓને મનપતીજ જેયાં શુધી ગોઠવણો થશે નહી તેયાં શુધી એ વપરાય યમ હમો વીચારતા નથી." (ઉદવાડાથી મળેલું એ. ભીખાજી ઉનવાલાનું કાગજ્યું—નકલ).

તા. ૧૮ મી નવેમબર ૧૮૯૫ ને દીને બાઇ મોટલાંબાઈએ એ. ભીખાજી ઉનવાલા તથા બીજા મોબેદોને લખી જણાવ્યું કે "હમોએ જે આતશબેહેરામ પાદશાને શારૂ કરવાનું હતું તે કરી ચુકા. હવે પછી હમારી મરજી મુજબનું કરીશું." (ઉદવાડાથી મળેલુ કાગજ્યું). બાઈ મોટલાંબાઈએ ત્રશટ ડીડ તા. ૨ જી શપટેમબર ૧૮૯૬ ને દીને કરી શેઠો નવરોજી માણેકજી વાડીઆ,

નશરવાનજી જાંગીરજી વાડીઆ, કાવશજી ખરશેદજી જમશેદજી, જીજીભાઈ મેરવાનજી વાડીઆ તથા બેહેરામજી પેસ્તનજી ભરડાને ત્રશ્ટીઓ નેમ્યા હતા. આ ત્રશ્ટ પ્રમાણે મકાન વગેરેની ભવિષ્યની મરામત સારૂં તથા બ-તી સુખડ કાઠી વગેરે સારૂં રૂ. ૬૧૦૦૦)ની ટકા ૩ાની વ્યાજવાલી સરકારી પ્રોમીસરી નોટો જેની બજાર કિંમત તે વેળાએ રૂ. ૬૭૪૦૦)ની હતી, તેનું વ્યાજ વાપરવાની શરતે અનામત મેળવામાં આવી હતી.

પ્રકરણ પંદરમું.

ઉદવાડાના આતશબેહેરામના દરવાજા સંબંધી પ્રખ્યાત કેસ, સર દીનશાજી પીટીટવાલી દરેમેહેર.

મરહુમ શેઠો દાદાભાઇ તથા મનચેરજી પેસ્તનજી વાડીઆએ બંધાવેલું આતશબેહેરામનું મકાન દીનઆઇનિના કામ માટે નાનું તથા સંકડાસવાળું માલૂમ પડયું હતું, માટે ઉદવાડાની અનજુમને એક બીજાં મોટાં નવાં મકાનની ખાએશ બતાવ્યાથી સર દીનશાજી માણેકજી પીટીટ પેહેલા બેરોનેટે આતશબેહેરામની નજદીકમાં એક મોટી જગા રૂ. ૧૦૧૮૫)ની કિંમતે ખરીદીને તેમાંની કેટલીક જગા રસ્તામાં આપી ત્યાં આશરે રૂ. ૪૦૦૦૦)ના ખરચે એક કુશાદે દરેમેહેરનું મકાન બંધાવી આપ્યું હતું. વળી અગત પડે ત્યારે શ્રી ઇરાનશાહને અહિં લાવી રાખવા ગુંબજ બનાવ્યો હતો, તથા યોજદાથ્રેગરીના કામ માટે નવ દશ હીંધોરા મેળ્યા હતા. જશન માટે એક કુશાદે દીવાનખાનું તથા બાજ ધરવા અલાયધો ઓરડો બંધાવ્યાં હતાં. આ મકાન તા. ૩ જી જુન ૧૮૯૧ ને દીને જાહેર વપરાસ માટે ખુલ્લું મેળવામાં આવ્યું હતું. આ મકાન ઉપર નીચે પ્રમાણે તખ્તી છેઃ—

"પાક દાદાર હોરમજદની મદદ છે. આએ મકાન મુંબાઇવાલા સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાનાં બેહેસ્તનશીન ધણીઆંની લેડી શાકરબાઇ ફરામજી ભીખાજી પાંડે જેવણ મુંબાઇ મધે રોજ બેહેરામ યજદ માહ સેહેરેવર અમસાસ્પંદ શેહેનશાહી સને ૧૨૫૯ યજદેજરદી તા. ૫ મી મારચ સને ૧૮૯૦ ને વાર બુધને દને ઉમર વરસ ૬૪ ની એ બેહેસ્તનસીન થયાં છે તેવણનાં પુણને સારૂ આતશબેહેરામ તથા દરેમેહેરના કારણસર વાપરવા બંધાવી આપયું છે અને તે ઉદવાડાની જરથોસતી અનજુમનને સ્વાધીન કર્યું છે. રોજ ૨૦ મો માહ

૯ મો સેહેનસાહી સને ૧૨૬૦ યઝદેજરદી તા. ૩ જી જુન સને ૧૮૯૧ ઈસવી. વીક્રમાજીત સંવત ૧૯૪૭ વઈસાખ વદ ૧૨ ને વાર બુધે."

એ મકાનમાં સઘળી ક્રિયાઓ ચાલુ રાખવા તથા આતશ-દાદ ગાહને સુખડ ચઢાવવા તથા મકાનની મરામત કરવા વગેરે સારૂં રૂ. ૨૫૦૦૦) ની રકમ સર દીનશાજીએ ત્રશ્ટમાં આપી છે, અને તેનાં વ્યાજમાંથી ઉપલાં કામો કરવાની ગોઠવણ કરી છે.

તા. ૨ જી જાનેવારી ૧૮૯૬ ને દીને સર દીનશાજી પીટીટે ઉપલી દરેમેહેર તથા દોખમાં નજદીક બંધાવેલી સગડીનું ત્રશ્ટ ડીડ કરી પોતા સાથે શેઠો બમનજી દીનશાજી પીટીટ, જીજીભાઈ ફરામજી પીટીટ (હાલે સર દીનશાહ બીજા બેરોનેટ), માણેકજી કાવશજી પીટીટ, તથા ફરામજી દોરાબજી પાંડેને ત્રશ્ટીઓ નેમ્યા હતા.

આતશબેહેરામના દરવાજા સંબંધી ખટપટની શરૂઆત.

સર દીનશાજી પીટીટવાલી દરેમેહેર તથા બાઇ મોટલાંબાઈવાલાં નવાં આતશબેહેરામની વચ્ચેનો દરવાજો જે સર દીનશાજીવાલી દરેમેહેરના કમપાઉન્ડની દેવાલમાં મેળવામાં આવ્યો હતો અને જે એ દરેમેહેર ઈજાઇ તે દીનથી (યાને તા. ૩ જી જુન ૧૮૯૧ થી) આવજાવ માટે ખુલ્લો મેળવામાં આવ્યો હતો, તે બાઈ મોટલાંબાઇ વાડીઆના ત્રશ્ટીઓના હોકમથી તા. ૧૯ મી શપટેમબર ૧૮૯૬ ને દીનથી રાત્રે આઠ વાગ્યા પછી સવાર સુધી બંધ કરવામાં આવ્યો હતો.* તેથી ઉદવાડાની અનજુમનના મોબેદોએ સર દીનશાજી પીટીટ તથા તેમની સાથવાલા ત્રશ્ટીઓને તા. ૧૧ મી અકટોબર ૧૮૯૬ ને દીને એક લાંબો પત્ર લખી તેમાં જણાવ્યું કે:—

---

* જ્યારે આતશબેહેરામનું નવું મકાન બંધાતું હતું, ત્યારે પરકોમના મજુરો દરેમેહેર કે જ્યાં શ્રી ઇરાનશાહને મેળવામાં આવ્યા હતા, ત્યાં ઘસી નહિ આવે, માટે ઉપલો દરવાજો બંધ રાખવામાં આવ્યો હતો.

"અતરેના રહીશ બેહેરામજી પેશતનજી ભરડાએ એક બીન સત્તાનું ખોટું કામ ઉભું કીધું છે તે એ જે (પીટીટવાલી) દરેમેહેર તથા પુરાતન પાક આતશ બેહેરામ શેહેનશાહ શાહેબનાં મકાનની વચ્ચેની દીવાલમાં પાક આતશબેહેરામ શાહેબનો તથા મજકુર દરેમેહેરમાં જાવઆવ કરવાનો પુરવ દીશાનો જે દરવાજો તમારો પોતાનો અને તમો શાહેબોની સત્તાનો જ્યારથી મજકુર દરેમેહેરનું મકાન બંધાયું તેની શરૂઆતથી મુકેલો છે તે દરવાજો પેહેલાં એટલે જ્યારે પુરાતન પાક આતશબેહેરામ શાહેબનું પુરાનું મકાન હતું તે વખતથીજ રાત અને દીશ હમેશાં ખુલ્લો રહેતો આવ્યોછે. કારણ એ બંને મકાનો હમારી અનજુમનનાં પુરાતન ઈરાનશાહ આતશબેહેરામ શેહેનશાહ શાહેબને માટે તથા દરેમેહેરનાં કામો કરવાનાં કારણ શરનાજ છે. અને તે અકેક સાથે સંબંધ ધરાવનારાછે....ને એ દરવાજો કદી બંધ કરવામાં આવ્યો નથી. પણ માતર આતશબેહેરામ શાહેબનું પુરાનું મકાન ઉખેડી નવેશરથી બાંધવામાં આવતું હતું, તે વખતે ત્યાં કામ કરતા પરકોમના અટકાવ શારૂ તેટલો વખત બંધ રાખવામાં આવ્યો હતો....હાલે રોજ ૫) માહ ૧) લો શને ૧૨૬૬ ઇ. જ. તા. ૧૯ મી સપટેમબર સને ૧૮૯૬ ને વાર શનેઉથી મજકુર પુરવ દીશાનો દરવાજો...રાતે આઠ વાગેથી આતશ બેહેરામમાં રહેલો ચાકર...બંધ કરી તાળું મારે છે તે છેક સવારે પાછો ખુલ્લો કરે છે. તો એવી રીતે ખુલ્લા વહીવટનો અનજુમનની માલકીની જમીનનો ધરમાદા રશતો બંધ કરવાની શતા કોઇને પણ હોવી જોઇએ નહીં અને છેજ નહીં.... હાલ થોડુંક થયું નવો દરવાજો કે જે ઠેકાણે અસલ દરવાજો હતોજ નહીં તેમ હાલે પણ તે ઠેકાણે દરવાજો મુકવાની બીલકુલ જરૂર નહીં છતાં આતશબેહેરામનાં પછવાડેનાં કમપાઉંડ મધેનાં લગોલગનાં કાવશજી ફરામજી દશતુરનાં ઘરની સામે મુકીઓ છે....માટે હમો ગરીબ આધીન દુવાગીરોની માનપુરવક અરજ અને એલતેમાસ છે તે ઉપર તમો મેહેરબાન સાહેબોએ બનતી ઉતાવળે જેમ ગટતું લાગે તેવી રીતે ઉપાયો

કામે લેવા મેહેરબાની કરશોજી અને ઉમેદ રાખીએ છઇએ જે હમોને એવાં સંકટમાંથી મુકત કરશોજી..." (ઉદવાડે એ. ભીખાજી ઉનવાલાએ દેખાડેલું કાગજ–નકલ).

દરવાજાનું સદંતર બંધ થઈ જવું.

તા. ૧૮ મી અકટોબર ૧૮૯૬ ને દીનથી તકરારી દરવાજાને સહવારે ઉઘાડવામાં આવ્યો, ત્યારે તે પાછો બંધ કરી નહીં શકાય, એવી રીતે સર દીનશાજી પીટીટની દરેમેહેરના ટ્રશ્ટી સાહેબોના હોકમથી દરવાજાનાં ફાલકાંને ખુંટા મારી લેવામાં આવ્યા. તા. ૧૯ મી અકટોબર ૧૮૯૬ થી આતશબેહેરામના ઉત્તર ભણીના હોલના ત્રણ દરવાજાઓને રાત્રે ૮) વાગ્યાથી સહવારના ૬) વાગ્યા સુધી બાઈ મોટલાંબાઈના ત્રશ્ટીઓના હોકમથી તાળું દેવાનું શરૂ થયું, અને તેઓનાજ હોકમથી તા. ૭ મી નવેમબર ૧૮૯૬ ને દીને તકરારી દરવાજાના ખુલ્લા ગાલામાં પત્રું (corrugated iron sheet) મુકી તેની લગોલગ દેવાલ બાંધી લેવામાં આવી; અને તેથી તે માર્ગ સદંતર બંધ થઇ ગયો. (જોવો સબોરડીનેટ જડજનો છાપેલો ચુકાદો પાને ૨૦).

પારડીના મામલતદાર કને ગયલો કજ્યો.

ઉદવાડાની અનજુમન વિરૂદ્ધ ચુકાદો.

બાઈ મોટલાંબાઈ વાડીઆના ત્રશ્ટીઓએ આતશબેહેરામ તથા દરેમેહેરની વચ્ચેની દેવાલના દરવાજાના માર્ગમાં ભીંત ચણી લીધી તે માટે તેઓ સામે ઉદવાડાની અનજુમન તરફથી (૧) દસ્તુર ખુરશેદજી મીનોચેરજી (૨) એદલજી ખરશેદજી, (૩) ફરામજી ભીખાજી ગોંદા, (૪) ભીખાજી દીનયારજી ઉનવાલા તથા (૫) ભીખાજી રૂસ્તમજી દસ્તુરનાએ પારડીના મામલતદાર કસનજી રણછોડજીની કોરટમાં ફર્યાદી માંડી હતી. તે કજ્યાની જુબાની લેઇ તથા દલીલો સાંભળી માજીટ્રેટે ઉદવાડાની અનજુમન વિરૂદ્ધ તા. ૨૬મી જુન ૧૮૯૭ને દીને ચુકાદો આપ્યો, તે નીચે પ્રમાણે હતોઃ—

"વાદિઓ જણાવે છે કે પ્રતિવાદિઓએ ગેરવાજબી રીતે દરવાજાના રસ્તામાં દીવાલ બાંધીને તેઓને હરકત કીધી છે, તેથી તે હરકત દૂર કરાવવી અને હવે પછી બીજી હરકત નહિ થાય એવો હુકમ આપવો. વાદિઓએ તેઓના જુદા જુદા ઓદ્ધાથી ફરિયાદ નોંધવી છે તે નીચે મુજબ છે.

નંબર ૧લો—દસ્તુર ખુરશેદજી મીનોચેરજી—મુખ્ય દસ્તુરમાંના એક. નંબર ૨ જો—દાકતર એદલજી ખરશેદજી—ઉદવાડા અનજુમનના મેનેજર. નંબર ૩ જો—ફરામજી ભીખાજી ગોંદા. નંબર ૪ થો—ભીખાજી દીનીઆરજી ઉનવાલા. નંબર ૫ મો—ભીખાજી રૂસ્તમજી દસ્તુરના. છેલ્લા ત્રણ શખશોનો ધંધો ધર્મની ક્રિયા કરનાર મોબેદનો છે.

પારડી તાલુકાના ઉદવાડા ગામમાં આવેલાં દાદગાહ અને આતશબેહેરામનાં મકાનોનાં કમપાઉન્ડની વચ્ચે આવેલી એક દીવાલમાંના જવા આવવાના રસ્તામાં દરવાજો છે. પહેલું મકાન સર દીનશાજી માણેકજી પોટીટે બંધાવેલું છે અને બીજું મકાન મુંબાઈવાલાં મોટલાંબાઈએ બંધાવેલું છે. તકરારી દીવાલ આ કેસમાં નોંધાયલી જુબાનીથી અને મારી ખાસ તપાસથી આતશબેહેરામનાં કમપાઉન્ડની જમીન ઉપર બાંધેલી છે. પ્રતિવાદિઓને બાઈ મોટલાંબાઈએ ટ્રસ્ટીઓ નેમેલા છે.

પ્રતિવાદિઓમાંના એક અને વળી વાદિઓના શાક્ષી નસરવાનજી જાંગીરજી વાડીઆ આ તપાસ ચલાવવાને પેહેલેજ દિવસે ગુજરી ગયા, જેથી વાદિઓએ તેમનું નામ પાછું ખેંચી લીધું છે. હકીકતો તપાસતાં છેવટ પરીણામ એ નિકળે છે કે (૧) વાદિઓ અથવા કોઈબી શખશનો ખરેખરો ભોગવટો અથવા વહીવટ દાવો કીધેલી મીલકત ઉપર છે કે? (૨) તેમને આવા સુખ અથવા ભોગવટામાં પ્રતિવાદિઓ અડચણ અથવા હરકત કરે છે કે? (૩) આવી હરકત અથવા અડચણ કરવાની કીધેલી કોશેશ આ દાવો નોંધાયા અગાઉ છ મહિનામાં પેહેલવેહેલી શરૂ થઈ છે કે નહિ?

મારો ચુકાદો ઉપલા "ઈશ્યુઓ" બાબત નકાર બતાવે છે. તેનાં કારણો નીચે મુજબ. નંબર ૧ લાના વાદિ, પ્રતિવાદિના એક શાક્ષી તરીકે એવું બતાવે છે કે દાદગાહ અથવા આતશબેહેરામના મકાનોનો કોઈબી ભાગનો ભોગવટો વાદિઓનો પોતાનો નથી. વળી આગળ ચાલતાં જણાવે છે કે નંબર ૩-૪-૫ના વાદિઓએ દીવાલ બંધાવી, તેની આગમચ આતશબેહેરામમાં ધર્મક્રિયા કરવાનું બંધ કીધું હતું. વળી તે વધુ કહે છે, કે આતશબેહેરામ સાહેબનું નવું મકાન બંધાયું ત્યારથી તે છેલ્લા અકટોબર મહિના સુધી કોઈએ કેબલાના ટ્રસ્ટી દાખલ કામ કીધું નથી. આ સાક્ષીએ ખાતરીથી કહ્યું છે કે કેબલાના ટ્રસ્ટીઓ નેમાયલા છે. પણ તેઓએ તેવો ધંધો બજાવ્યો નથી. અને વાદિઓને પણ તેની તક મળી નથી. આ સાક્ષી ઘણી લંબાણ અને વજનદાર છે. ધર્મના રેવાજ અને હકો વિષે આપેલી છે. પણે તે આ કોર્ટની સત્તાને નિરૂપયોગી છે.

વળી ખુલ્લું છે કે દરવાજાનાં બારણાં આતશબેહેરામની બાજુથી બંધ કરવામાં તથા ઉઘાડવામાં આવ્યાં હતાં, એવું ખરેખર એક સાક્ષી દસ્તુર પેશુતનજી બરજોરજીએ કહ્યું છે, જે દિવાલ બાંધવાની આગમચ દરવાજાને ટાળાં મારવામાં અને ઉઘાડવામાં આવ્યાં હતાં. અને બારણાં બંધ કરતાં અટકાવવાને સર દીનશાજીનાં દાદગાહનાં કંપાઉન્ડની બાજુથી તેમના માણશો-એ દરવાજાના બારણાંને ઠેપકીને લાકડાના ખુંટા જમીનમાં ડાટયા હતા. આથી જણાય છે કે હાલના વાદિઓ સર દીનશાજીનાં હથિયારો છે. અને પ્રતિવાદિઓ બાઈ મોટલાંબાઈના ટ્રસ્ટીઓ છે જેઓએ તે કામમાં ખાસ ભાગ લીધો છે. જ્યારે ટ્રસ્ટીઓએ જોયું કે બારણાં નકામાં થઈ પડયાં છે, ત્યારે તેઓએ તા. ૭ મી નવેમબર ૧૮૯૬ ને દિવસે દીવાલ બાંધી લીધી.

વાદિઓના પુરાવાથી એવું સાબેત થયું નથી, કે તેઓએ નવેમબરની ૭ મી તારીખ સુધી દરવાજામાંથી જવા આવવાનો વહીવટ કીધો હતો. પણ નંબર ૧ લાના વાદિ ખરશેદજીના પુરાવાથી ખુલ્લું માલૂમ પડેછે, કે તે તારીખની આગમચ ઘણો

વખત સુધી તેઓના વહીવટમાં તે નહિ હતો. અને તેને પ્રતિવાદિ તથા વાદિઓના એક સાક્ષી બેરામજીના પુરાવાથી ટેકો મળ્યોછે. વાદિઓની તરફના માત્ર બે સાક્ષીઓ તપાસવામાં આવ્યા, તેમાના એક પ્રતિવાદિ બેરામજી અને બીજા કેરશાશજી શાપુરજી છે. આ કેરશાશજીએ બાઈ મોટલીબાઇનાં મકાનમાં જડેલી એક તખ્તીની નકળ રજુ કીધી. આવો કંઇબી લેખ રજુ કરવાને તેને સવાલ કીધો ન હતો. અને તેને તે ઉપરના અંગ્રેજી હરફની નકલ નહિ રજુ કરતાં ગુજરાતી નકલ તે લાવ્યો હતો. તે બેઉ લખાણની મતલબ જુદી જુદી છે. અને તે તખ્તી ઉપર કોઇની બી સહી નથી. તેથી હું વિચાર કરૂં છું કે એ બેઉ લખાણો સંબંધ વગરનાં જેવાં છે. આ શાક્ષીની બીજી તપાસ થોડા વજનની છે.

વાદિ ફરામજી જણાવેછે, કે આ મકાનો તેના પોતાના કબજામાં નથી, પણ તે અનજુમનના કબજામાં છે. વળી તે કહે છે કે નંબર ૧ લા અને ૨ જાના વાદિઓએ લાકડાંના ખુંટા (બારણાંસાથે ઠેપકીને) ડટાવ્યા હતા. જ્યારે નંબર ૧ લાના વાદિએ પોતે કહ્યું છે, કે તે સર દીનશાજીના માણશોથી થયું હતું. વળી તે પ્રતિવાદિઓની સાહેદીમાં જણાવે છે કે નં. ૧ અને ૨) જાના વાદિઓ કારોબાર મંડળીના મેમબરો તરીકે છેલ્લા ૧૪ મહિના થયા કામ કરે છે. એટલે નવી કમિટીની ઘણી આગમચથી તે બાબતના ખરાંપણાને નં. ૧ લાના વાદિ અથવા બીજા કોઇબી શાક્ષીથી તેને ટેકો મળ્યો નથી. પણ તેથી ઉલટું નં. ૧ લાના વાદિએ ખુલ્લી રીતે કહ્યું છે, કે તેણે નવી કમીટીની નેમણુક થયા પછી પણ જુના મેમબરોની સાથે કામ કીધું છે.

ખરી રીતમાં કાંઈબી નિયમસર થયલું નથી. પ્રતિવાદિઓના બીજા તપાસેલા શાક્ષીઓ નંબર ૨૮ અને ૨૯ માં દેખાડવામાં આવ્યા છે. ઉપર નોંધેલા સઘળા પુરાવાથી ચોક્ખું માલૂમ પડે છે, કે વાંધાવાલા દરવાજાની પાસે દરેક કમપાઉન્ડમાં એક કરતાં

વધુ દરવાજા છે, અને પરોણાઓ અને મોબેદો આ દરવાજાઓથી આવજાવ કરે છે.

જુબાનીઓ ઉપરથી વધારે ખુલ્લુ એમ જણાય છે, કે તેઓ ભસ્મ બીજે દરવાજેથી લઈ જઇ શકેછે અને વળી આ ભસ્મ બીજાં ગામો અને શેહેરોમાં પણ ગામની વસ્તીમાંથી થઈને લઈ જાએ છે. તેથી ખરેખર એવી કોઇ બી હરકત નહિ હતી કે જેથી મામલતદારની કોરટની મદદ લેવાની જરૂર પડે. જ્યારે જલદી તુરત ઉપાય લેવા જેવું હોય, ત્યારે ફક્ત આ કોરટનો આશરો લેવો જોઇએ. સમનો અને નોટીસ કાઢવામાં કેટલાંક અઠવાડિયાં થયાં અને પછી કમીશનરને અરજ કરવામાં આવી અને પાછળથી પાછી ખેંચી લીધી. અને કેટલાક શાક્ષીઓનાં નામ લીસ્ટમાંથી પાછાં ખેંચી લીધાં હતાં. ખરી રીતે તપાસતાં આટલું તો ખરૂં છે, કે કેટલાક હકો વગેરે વિષેની તકરાર છે, કે જેનો ચુકાદો કરવાની આ કોરટને સત્તા નથી. ખુલ્લી રીતે આ કેસ દીવાની કોરટને લગતો હતો. વાદિઓએ એવું બતાવવાની કોશેશ કીધી છે, કે આ બંને મીલકતોને લગતી દરેક ચીજના માલેક ઉદવાડાના મોબેદો હતા. અને બીજા કોઇનેબી તેમના ઉપર હક નહિ હતો. ફરામજી ભીખાજીએ આવું બતાવવાની કોશેશ વધુ કીધી છે. પણ આ મકાનનાં ટ્રશ્ટ ડીડ લખાઈ ચુકયાં છે, તેમાં હકો તથા દરેક ચીજનું વર્ણન કીધેલું છે.

હું ધારૂં છું કે જો દીવાલનુ બાંધકામ અડચણવાળું હોય, તો પણ તે આ કાયદાને લાગુ પડતું હું માનતો નથી. તે છ મહિનાની અંદરનું છે. પણ જો દરવાજો બંધ કરવા વિષે વાદિઓની જુબાનીની હકીકત ખરી હોય, તો બી હરકત તો તે તારીખની લાંબો વખત આગમચથી શરૂ થયલી છે. આ ખરી બાબતો સિવાય વાદિઓને બીજો કંઈ સાધારણ લાભ નથી. ઉપલી દિવાલ આતશબેહેરામની મીલકતમાં બાંધવામાં આવેલી છે, અને ટ્રશ્ટ ડીડ પ્રમાણે પ્રતિવાદિઓના કબજામાં છે. તેટલા

માટે વાદિઓનું કંઈ ચાલી શકતું નથી. વાદિઓને આતશબેહેરામમાં દાખલ થવામાં અને જેની સાથે તેઓને સબંધ છે, તે ધર્મની ક્રિયા બજાવવામાં તેઓને હરકત કીધી નથી. તેટલા માટે હું ખરચ શીકે દાવો કાઢી નાંખું છું–૧૮૭૬ના ૩જા કાયદાની કલમ ૧૫મી પ્રમાણે." (એ. કેરશાશજી શા. પટેલનું વર્તમાનપત્રોનાં કટીંગોનું પુસ્તક, તેમાં એમના હાથે લખેલું લખાણ, તથા એ. ભીખાજી ઉનવાલા કનેનું કાગજયું.)

એ૦ બેરામજી ભરડા કનેથી સુલેહ જાળવવાનો જામીન કાં ન લેવો તેનો ફોજદારી કેસ.

એરવદ બેરામજી ભરડા કનેથી રૂ. ૧૦૦)નો બોંડ તથા છ માસ સુલેહ જાળવવાના જામીન કાં ન લેવામાં આવે, તે બાબેનો ફોજદારી મુકદમો પારડીના વડા કોન્સટેબલે સુરતના ફરસ્ટ કલાસ માજીસ્ત્રેટ મી. જે. પી. લાખીઆની કોરટમાં માંડયો હતો. તેની સુનાવણી થયા બાદ માજીસ્ત્રેટે નીચલી મતલબનો ચુકાદો આપ્યો હતો. તકરારી દરવાજો બંધ થયો તેની વિગત રજુ કરી માજીસ્ત્રેટે કહ્યું, કે "તા. ૨૨ મી ડીસેમબર ૧૮૯૬ સુધી સઘળું સમાધાની ભર્યું હતું. પણ બીજે દીને બેહેરામજીને મુંબાઈથી શેઠ નવરોજી વાડીઆનો પત્ર મળ્યો, કે કેટલાક પારસી બદમાશો મુંબાઈથી ઉદવાડે આવી તકરારી દરવાજા મધ્યેની દીવાલ ભાંજી નાખનાર છે, તથા "આતશબેહેરામમાંથી કેબલો ઉઠાવી જણાર છે. અને તેજ દીને શેઠ નવરોજી કનેથી બેરામજીને તાર મળ્યો કે ૧૮ બદમાશો ઉદવાડે જવા નિકળી ચુકયા છે. વળી બેહેરામજીને ઉદવાડાવાલા એદલજી ખરશેદજી ભરડા તથા દરેમેહેર બાજુવાલા બીજા મોબેદોની હીલચાલની વાત પણ ખબર પડી. આથી બેહેરામજીએ પારડીની પોલીસને ખબર આપી. અને શેઠ નવરોજી વાડીઆએ પણ ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટને તારથી ખબર આપી. વડા કોન્સટેબલને ખબર પડે તે આગમચ કોન્સટેબલ મી. આતમારામને આ વાતની ખબર પડી. તેથી તે તુરત હથીઆરબંધ પોલીસ સાથે

ગયો. આ જોઈ દરેમેહેર બાજુવાલા મોબેદોએ એક બેપોઆનં દમણના સ્ટેશન ઉપર મોકલી પેલા ૧૮ બદમાશોને દમણ સ્ટેશન ઉપર ઉતારી પાડયા અને મધ્યરાત્રે ઉદવાડામાં ચુપાચુપ આણ્યા. પણ પોલીસ તૈયાર હોવાને સબબે તેઓને રાત્રે એક વાગે ઉદવાડાના સ્ટેશનપરથી વલસાડ મોકલી દીધા. પાછલથી પારડીના મામલતદારની કોરટમાં દીવાલ કાઢી નાંખવા સંબંધી કેસ માંડવામાં આવ્યો, પણ તે રદ કરવામાં આવ્યો. આ ઉપરથી જણાયછે કે બેરામજી ખબર આપનાર હતા તેમનો કશો વાંક નથી. સુલેહનો ભંગ કરવા તેમણે કશુ કીધું નથી....આથી બેરામજી કનેથી સુલેહ જાળવવાનું બંધન લખાવી લેવાનુ વાજબી નથી. માટે તેમને મુકત કરવામાં આવે છે." (ઉદવાડા દરવાજા કેસ એકઝીબીટ ના. ૩૫૯).

વલસાડની કોરટમાં ફર્યાદી.

બાઈ મોટલાંબાઈના ત્રશ્ટીઓ વિરૂદ્ધ મોબેદ કેરશાશજી શાપુરજી પટેલે* વલસાડના સેકંડ કલાસ સબોરડીનેટ જડજની કોરટમાં દરવાજાના સંબંધમાં મુકદમો ના. ૨૭૧ શને ૧૮૯૭ વાલો માંડી "સ્પેસીફીક રીલીફ એકટ" ની રૂહે દાદ માગવા ફર્યાદી માંડી હતી. તેમાં દરવાજા મધ્યે ચણી લીધેલી ભીંત વગેરેની બીના જણાવી કહ્યું હતું, કે પ્રતિવાદિએ "મારા વડીલોપારજીત ચેરાગ ગેરકાયદે અને ગેરહકથી કાઢી નાંખ્યો છે." અને તેમ કરી હરકત કરી છે. માટે સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૯ મી મુજબ રૂ. ૧૦૦) ની નુકસાની તથા

---

*આ મોબેદ તથા એમના બીજા કુટુંબીઓનું ઘર સર દીનશાજી મા. પીટીટવાલી અગીઆરી સારૂં ખરીદવામાં આવ્યું હતું (જોવો એ દરેમેહેરનું ત્રસ્ટડીડ). પટેલ ખાનદાનવાલાઓ આતશબેહેરામમાં ચેરાગ મેલતા આવ્યા છે તે બીના હવે આવશે. ઉદવાડા આતશ-બેહેરામના દરવાજા કેસ તથા તેની હાઇકોરટની અપીલ કેસના વર્તમાન પત્રોનાં "કટીંગો" ની ચાર મોટી ચોપડીઓ મને મોબેદ કેરશાશજી શાપુરજી પટેલ કનેથી મળી હતી તેમાંના ઘણાક ઉતારા અત્રે લેવામાં આવ્યા છે.

હરકત દૂર કરાવવાની દાદ માંગું છું." (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૩૭૯).

નોંધ—પાછળથી આ દાવો ખેંચી લેવામાં આવ્યો હતો.

સુરતના સબોરડીનેટ જડજની કોરટમાં મુકદમો.

ત્યારબાદ તા. ૨૦ મી નવેમબર ઇ. સ. ૧૮૯૭ ને દીને દસ્તુર ખરશેદજી મીનોચેહેરજી, શેઠ (દાકતર) એદલજી ખુરશેદજી ભરડા,* તથા મોબેદ ભીખાજી દીનયારજી ઉનવાલાએ પોતા તરફથી તથા ઉદવાડાની અનજુમન તરફથી શેઠો નવરોજી માણેકજી વાડીઆ, કાવશજી ખરશેદજી જમશેદજી (પાછળથી ચોથા સર જમશેદજી જીજીભાઈ), જીજીભાઇ મેરવાનજી વાડીઆ તથા બેરામજી પેસ્તનજી ભરડા તે બાઈ મોટલાંબાઈના ટ્રસ્ટીઓ સામે સુરતના ફરસ્ટ કલાસ સબોરડીનેટ જડજની કોરટમાં મુકદમો ના. ૨૩૯ સને ૧૮૯૭ વાલો માંડયો હતો.† આ મુકદમામાં દાવો રૂ. ૫૬૦)નો કોરટ ફી માટે અડસટવામાં આવ્યો હતો. તથા "જ્યુરીસડીકશન" માટે રૂ. ૧૦૦૦૦)નો ગણવામાં આવ્યો હતો. આ કેસ સબ જડજ લલુભાઇ પ્રાણજીવનદાસ પારખ સનમુખ ચાલ્યો હતો. વાદિઓ તરફથી કેસ ચલાવવા શેઠ માણેકશા જાંગીરશા તાલીઆરખાન (જેઓ પાછળથી ઇંગ્લાંડ ગયા હતા, અને ત્યાં અકસ્માતથી માર્યા ગયા હતા), તથા ગોલાબદાસ વકીલ તથા રઘુનાથજી તાતીઆ વકીલો હતા. પ્રતિવાદિ તરફથી ખાનબહાદુર બરજોરજી નશરવાનજી વકીલ તથા બેજનજી માણેકજી જંબુસરીઆ વકીલો હતા.

વાદિઓએ માંગેલી દાદ.

વાદિઓએ નીચે પ્રમાણે દાદ માંગી હતી:—

---

*ધરમપોરના દાકતર. એઓ રોજ દેપદીન માહા અસપંદાદ તા. ૨૮ મી આગશટ ૧૯૨૩ ને દીને ગુજરી ગયા હતા, તે આપણે ઉપર જોઇ ગયા.

†આ મુકદમાની સામે દસ્તુર પેશોતનજી મીરજાં, એ. ખરશેદ કા. કટીલા, એ. શાપુરજી બ. ભાઈજી, એ. (પાછળથી દસ્તુર) કઇઓજી પે. મીરજાં તથા બીજા આશરે ૩૫ મોબેદોએ જુદી જુદી અરજીઓ કરી હતી.

(એ). બાઈ મોટલાંબાઈએ કરેલાં તા. ૨ જી સપટેમબર ૧૮૯૬ નાં ત્રશ્ટ ડીડથી પ્રતિવાદિઓને આતશબેહેરામના વહીવટ તથા કારોબારમાં વચ્ચે પડવાનો કાંઇ પણ હક નથી, સિવાય કે લખતમાં જણાવેલા નાણાંનો ઉપયોગ તેમાં જણાવેલા કામો કરવા માટે તથા તેમાં જણાવેલા અમલા તથા જમીનના પ્રતિવાદિઓ ઉદવાડાની પારસી કોમ તરફના ત્રશ્ટીઓ છે એમ કોરટે ઠરાવવું.

(બી). દીવાલમાંના દરવાજાનો માર્ગ તથા B, C, D, મારકાવાલા દરવાજાઓ બંધ કરવાનું પ્રતિવાદિઓનું કામ ખોટું હતું એમ ઠરાવવું.

(સી). દરવાજાવાલા માર્ગમાં બાંધેલી દીવાલ ત્યાંથી કાઢી નાંખવા હોકમનામું આપવું.

(ડી). B, C, D, મારકાવાલા દરવાજા કોઈ પણ વખતે પ્રતિવાદિઓ બંધ કરે નહિ એવો હોકમ કરવો.

(ઈ). ટ્રશ્ટ ડીડમાં લખેલાં કામો કરવા સિવાય આતશબેહેરામના કારોબારમાં પ્રતિવાદીઓએ વચ્ચે આવવું નહિ એમ કોરટે ઠરાવવું.

ફર્યાદનામાં મધ્યેની દાદના સંબંધમાં રજુ કરેલી દલીલો.

ઉપલી દાદ ચાહવામાં આવી તેના સંબંધમાં નીચલી દલીલો રજુ કરવામાં આવી હતી.

(૧) કાયદા પ્રમાણે કોરટની પરવાનગી લઇ વાદિઓ આ મુકદમો લાવ્યા છે. આતશબેહેરામ તેની જમીન તેને અર્પણ કરેલી ઈમારતો તથા ચીજો ઉદવાડાના પારસી રહેવાસીઓના કબજામાં છે. તેઓએ અસલના વખતથી આતશબેહેરામનો વહીવટ ચલાવ્યો છે.

(૨) આતશબેહેરામ ઉપર દેખરેખ રાખવા તથા તેનો વહીવટ કરવા ઉદવાડાના નવ મોબેદ કુટુંબો ત્યાંના પારસી

રહેવાસીઓ તરફના પ્રતિનિધિઓ ગણાતા આવ્યા છે. અને વાદિઓ આ નવ કુટુંબોમાના છે.

(૩) બાઈ મોટલાંબાઇએ નવી ઈમારત તથા પોતે ખરીદેલી વધારાની જમીન ઉદવાડાની પારસી કોમને તા. ૩૧ મી અકટોબર ૧૮૯૪ ને દીને ઘટતી રીતે સ્વાધીન કીધી હતી.

(૪) આ તારીખ પછી બાઈ મોટલાંબાઈ તેઓ તરફના ફકત ટ્રશ્ટી હતા. અને પ્રતિવાદિઓને નવી ખરીદેલી જમીનના ફકત ટ્રશ્ટીઓ નેમવા સિવાય તેની કાંઈ પણ અસકયામત અથવા લાભ પ્રતિવાદિઓને આપવાનો બાઇ મોટલાંબાઇને હક હતો નહિ.

(૫) પ્રતિવાદિઓને એવો કશો હક નથી. માટે એવા હક આપનારાં ટ્રશ્ટ ડીડને નિરૂપયોગી ઠરાવવું જોઈએ.

(૬) તા. ૭ મી નવેમબર ૧૮૯૬ ને દીને દરેમેહેરના કમપાઉન્ડની પુર્વ દિશાની દીવાલમાંનો દરવાજાનો માર્ગ બંધ કીધો તેથી દરેમેહેર તથા આતશબેહેરામ વચ્ચે ચાલતા આવજાનો વેહેવાર અટકી પડયો છે. અને મોબેદોને તથા બીજાઓને ઘણી અડચણ પડે છે.

(૭) જે દીવાલમાં દરવાજો છે તે દીવાલ બાઇ મોટલાંબાઈએ ખરીદેલી જમીન ઉપર નથી.

(૮) દરવાજાનો માર્ગ બંધ કરવાનો પ્રતિવાદિઓને હક નથી. તા. ૭ મી નવેમબર ૧૮૯૬ ને દીને એ દરવાજાને લગતા વાંધાનું કારણ જન્મ પામ્યું છે.

(૯) આતશબેહેરામની ઉત્તર તરફના ઓરડાનાં બારણાંઓ અગાઉ રાત દીવસ ખુલ્લાં રહેતાં હતાં. પ્રતિવાદિઓએ તા. ૧૯ મી અકટોબર ૧૮૯૬ ને દીને રાતના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી મજકુર ઓરડાની પશ્ચિમ તરફની દીવાલનાં બે બારણાંઓ તથા ઉત્તર તરફની દીવાલનું એક બારણું ખોટી રીતે બંધ રાખ્યું હતું, અને બંધ રાખતા આવ્યા છે. તેથી

આતશબેહેરામમાં રોકાયલા મોબેદોને મોટી અડચણ થાય છે. આ બારણાં B, C, D, મારકાવાળાં બારણાં છે.

પ્રતિવાદિઓનું બચાવનામું.

પહેલા તથા ચોથા પ્રતિવાદિઓએ નીચે પ્રમાણે બચાવ નોંધાવ્યો હતો:—

(૧) ઉદવાડાનું આતશબેહેરામ દાદાભાઈ પેસ્તનજીએ ઈ. સ. ૧૮૩૦ માં નવેસરથી બંધાવ્યું હતું અને તેમાં વધારો કર્યો હતો. તેઓના એ કામની પીછાન તરીકે તેમને આતશબેહેરામનો વહીવટ સોંપવામાં આવ્યો હતો. તેઓ આતશબેહેરામની મરામત કરાવતા હતા, ચુનો ઢોળાવતા હતા, છાપરૂં ચળાવતા હતા, અને કાઠી તેલ સુખડ લોબાન પુરૂં પાડતા હતા. તેઓએ પોતાના વહીવટદાર તરીકે ઉદવાડાના એક દસ્તુર નામે દસ્તુર દારાબજી બેરામજીને નેમ્યા હતા.

(૨) મજકુર દસ્તુરના મરણ બાદ તેમના દીકરા મનચેરજીને વહીવટદાર નેમવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૬૩ માં દાદાભાઈએ આતશબેહેરામ તથા તેને લગતાં મકાનોના ટ્રશ્ટીઓ તરીકે મજકુર મનચેરજી જોડે બીજા ચાર જણાઓને નેમ્યા હતા.

(૩) મનચેરજીના મરણ પછી તેમના દીકરા દસ્તુર ખુરશેદજી (પહેલા વાદિ)ને તેમની જગ્યાએ ટ્રશ્ટી નેમવામાં આવ્યા હતા.

(૪) દાદાભાઈએ પોતાનાં મરણ અગાઉ મજકુર મકાનોનો વહીવટ કરનાર તથા તે ઉપર આંકોશ રાખવાનો હક ધરાવનાર તરીકે પોતાના દીકરા મેરવાનજીને નેમ્યા હતા. આ મેરવાનજીએ પહેલા વાદિને ટ્રશ્ટી તરીકેના ઓદ્દા ઉપરથી ખસેડયા હતા.

(૫) બાઈ મોટલાંબાઇએ આતશબેહેરામ નવેસરથી બંધાવી આપ્યું તેની પીછાન તરીકે આતશબેહેરામના વહીવટ ઉપર આંકોશ રાખવાનો હક તેવણને સોંપવામાં આવ્યો હતો. અને તેથી બાઈ મોટલાંબાઈને ટ્રશ્ટીઓ નેમવાનો હક હતો. જે

બાબતો વિષે ફર્યાદ કરવામાં આવી છે, તે સઘળા ટ્રસ્ટીઓ તથા મેરવાનજી દાદાભાઈની સંમતીથી કરવામાં આવી છે.

(૬) ઉદવાડાના ઘણાક પારસીઓ વાદિઓની ફર્યાદ સામે વાંધો ઉઠાવે છે. વાદિઓના પોતાના હક સંબંધમાં ફર્યાદ કરવાનું કારણ તેઓને મળ્યું નથી.

(૭) ફર્યાદનામાંના પહેલા ફકરાની બીના પ્રતિવાદિઓ કબુલ રાખતા નથી. આતશબેહેરામમાં તથા તેને લગતી ઈમારતોમાં જરથોસ્તી ધર્મ મુજબની પ્રાર્થના કરવા તથા ક્રિયાકામ કરવાનો હક ઉદવાડાના પારસી રહીશો બાકીની આખી પારસી કોમ જોડે ભોગવતા આવ્યા છે, અને હવે પછી પણ તેટલોજ હક ભોગવવાને તેમને અધિકાર રહેશે.

(૮) નવ મોબેદ કુટુંબો આતશબેહેરામનો વહીવટ કરતા આવ્યા છે, તે પ્રતિવાદિઓ કબુલ કરતા નથી. તેઓ ફકત ઈરાનશાહ આતશના પવિત્ર કેબલાની સેવા કરવાનો હક ભોગવતા આવ્યા છે. વળી ચોથા પ્રતિવાદિ નવ કુટુંબોમાંથી ઉતરી આવેલા છે.

(૯) નવું આતશબેહેરામ તેને લગતી જમીન તથા ઈમારતો સુદ્ધાં તા. ૨ જી શપટેમબર ૧૮૯૬ વાલાં લખતની તારીખ સુધી બાઇ મોટલાંબાઈના સ્વાધીનમાં ચાલું રહ્યા હતાં. અને ત્યાર પછી તે પ્રતિવાદિઓના કબજામાં છે. નવાં આતશબેહેરામની ઈમારત દાદાભાઇ પેસ્તનજી વાડીઆની સંમતિથી (નહિ કે પારસી અનજુમનની સંમતિથી) બાંધવામાં આવી હતી.

(૧૦) દરેમેહેરની પૂર્વ તરફની દીવાલ આતશબેહેરામની માલકીની છે. અને તકરારી દરવાજાનો માર્ગ સાત વર્ષ ઉપર આતશબેહેરામના તે વખતના વહીવટદારો તથા ટ્રસ્ટીઓની પરવાનગીથી ખોલવામાં આવ્યો હતો.

(૧૧) જમીનમાં લાકડાના થાંભલાઓ દાટીને સર દીનશાજીના માણસોએ દરવાજા બંધ કરવાનું કામ અશકય કરી

મેળ્યું હતું. આથી આતશબેહેરામ બીન સલામતીમાં આવી પડયું હતું.

(૧૨) દરવાજાનો માર્ગ બંધ કર્યાથી ક્રિયા કરનારા મોબેદો યા બીજા કોઈપણ આશામીને અડચણ થાય એમ નથી.

(૧૩) B, C, D મારકાવાળા ત્રણ દરવાજાઓ આતશ-બેહેરામ તથા વાસણો વગેરેની સલામતી માટે રાતના બંધ કરવામાં આવે છે.

(૧૪) ફંડના નાણાનાં સેટલમેંટની રૂહે એ નાણાનો ઘટતો ઉપયોગ કરવા પ્રતિવાદિઓ જે સત્તા વાપરતા આવ્યા છે તે તેઓને જરૂર મળવી જોઇએ.

ઉપલી તથા બીજી કેટલીક દલીલોથી પ્રતિવાદિએ ફર્યાદ નામાનો જવાબ વાળ્યો હતો.

વાદિઓએ એવું જણાવ્યું હતું કે આ મુકદમો ચલાવવાને તેઓને એક જાહેર સભાએ સત્તા આપી હતી.

મુદ્દાઓ.

જડજ રાવ બહાદુર કે. બી. મરાઠેએ તથા પાછળથી રાવ બહાદુર કૃશ્ણરામ આત્મારામ મેહેતાએ* સુધારો કરી નીચલા મુદ્દાઓ ચુકાદા માટે ઘડી કાઢયા હતા.

(૧) ઘણા અસલના વખતથી ઉદવાડાનું આતશબેહેરામ એ શેહેરના રહેવાસીઓના કબજામાં છે અને રહેવાસીઓ અથવા તેઓના પ્રતિનિધિઓ તરીકે ઉદવાડાના નવ મોબેદ કુટુંબો એ આતશબેહેરામના નીભાવ તથા તેના વહીવટના સંબંધમાં સંપૂર્ણ સત્તા ભોગવતા આવ્યા છે એવું વાદિઓ પુરવાર કરે છે કે નહિ?

(૨) અથવા જેમ પ્રતિવાદિઓ જણાવે છે તેમ મુંબાઈવાલા દાદાભાઈ પેસ્તનજીએ છેક ૧૮૩૦ ના વર્ષમાં આતશબેહેરામને

---

*વાદિઓના કેસની હકીકત તથા તેમની જબાની મી. મેહેતા સનમુખ ચાલી હતી. પ્રતિવાદિઓનો બચાવ રા. બ. લલ્લુભાઇ પ્રા. પારખ સનમુખ ચાલ્યો હતો અને તેમણેજ ચુકાદો આપ્યો હતો.

નવેસરથી બંધાવીને તથા તેને જાળવી રાખીને મોટું કરી આપ્યું તેની પીછાન તરીકે તેમને આ આતશબેહેરામનો વહીવટ સોંપવામાં આવ્યો હતો, અને નવ મોબેદ કુટુંબો ફકત પવિત્ર આતશને લગતું ક્રિયાકામ કરવાને બંધાયલા હતા તે વાત ખરી છે કે? દાદાભાઇએ પોતાની કાંઇપણ સ-તા પ્રતિવાદિઓને ત્રાનસફર કરી આપી છે કે નહિ?

(૩) વાદિઓનો આતશબેહેરામનો વહીવટ કરવાનો હક જો કાંઇ હોય તો તે ઉપર બેહેરામજી પેસ્તનજી ભરડાના વેગળા પડવાથી કેટલે દરજ્જે અસર થશે?

(૪) બાઈ મોટલાંબાઇએ જ્યારે મોટે ખરચે આતશબેહેરામ તથા તેને લગતી ઇમારતો પાછી નવેસરથી બંધાવી આપી ત્યારે આતશબેહેરામના કબજા તથા વહીવટ સંબંધમાં શા હકો તેમને મળ્યા હતા?

(૫) ટ્રશ્ટ ડીડની રૂહે તેમાં આપેલાં મકાનોના ઘટતા વહીવટ માટે કાયદા કાનુનો ઘડવાની તથા બીજી સઘળી સ-તા ટ્રશ્ટીઓ (પ્રતિવાદિઓ)ને આપવાનો બાઇ મોટલાંબાઇને હક હતો કે? આતશબેહેરામમાં બંદગી કરવા આવનારાઓને એ ટ્રશ્ટ ડીડ કેટલે દરજ્જે બાંધી લેનારૂં છે?

(૬) કમપાઉંડની દીવાલમાંનો જવા આવવાનો માર્ગ જે હાલે બંધ કરેલો છે તે દીવાલ આતશબેહેરામની મીલકત છે કે તેની પાડોશમાં આવેલી દરેમેહેરનો એક ભાગ છે? એ દરવાજાનો માર્ગ બંધ રાખવાનો પ્રતિવાદિને હક છે કે?

(૭) દરેમેહેરના ટ્રશ્ટીઓથી સ્વતંત્રપણે વાદિઓને દીવાલ-ના સંબંધમાં પણ દાદ મેલવવાને હક છે?

(૮) આતશબેહેરામમાં બંદગી કરવા આવનારાઓની સગવડને માટે લાંબા વપરાસ યા હકની રૂહે દરવાજો ખુલ્લો હમેશ રખાવવાનો દાવો વાદિઓ કરી શકે કે નહિ?

(૯) વાદિઓ અથવા સામાન્ય પારસી બંદગી કરનારાઓ તરફથી કરવામાં આવતી ધર્મ ક્રિયાઓમાં B, C, D મારકાવાલા

દરવાજાઓ દરરોજ રાત્રે આઠ વાગ્યા પછી સવારના છ વાગ્યા સુધી બંધ રાખવાથી કાંઇ અડચણ યા ખલલ થશે કે નહિ?

(૧૦) ફર્યાદનામાંની કલમોમાં માંગવામાં આવેલી દાદના સંબંધમાં કાંઇ ફેરફાર કરવાનો વાદિઓને હક છે કે નહિ?

(૧૧) બાઇ મોટલાંબાઇના વારસોની બીનસામેલગીરીને લીધે આ મુકદમો ટકી શકે નહિ એમ છે કે?

(૧૨) એડવોકેટ જનરલની પરવાનગીની ગેરહાજરીમાં એ મુકદમો શરૂઆતથીજ ટકી નહી શકે એવો છે કે અથવા તે બીનઅનુકુળ અદાલતમાં લાવ્યાથી ટકી નહિ શકે એવો છે કે?

(૧૩) કોરટની ફીના બાબમાં ફર્યાદનામાંની પુરતી આંકણી થઈ છે કે નહિ અને તેના ઉપર પુરતો સ્ટાંપ છે કે નહિ?

બંને પક્ષના શાક્ષીઓ કોણ કોણ હતા?

આ કેસમાં વાદિઓ તથા પ્રતિવાદિઓ તરફથી ઘણા શાક્ષીઓની લાંબી તપાસ ઘણા દિવસો સુધી ચાલી હતી. કેટલાક સાહેબોની ગવાહી કમીશનથી લેવાઇ હતી. શાક્ષીઓનાં નામે નીચે પ્રમાણે છે:—

વાદિઓ તરફથી—(૧) સર દીનશા માણેકજી પીટીટ (કમીશનથી). (૨) શમશુલ ઓલમા જીવનજી જ. મોદી (કમીશનથી). (૩) દસ્તુર ખુરશેદજી મનચેરજી. (૪) એ. ભીખાજી દીનયારજી ઉનવાલા. (૫) ખા. બા. બહમનજી બેરામજી પટેલ. (૬) મી. રતનજી શોરાબજી તલાટી. (૭) એ. કેરશાશજી શાપુરજી પટેલ. (૮) મી. જમશેદજી શોરાબજી એંટી. (૯) એ. શોરાબજી હોરમજી સીધવા. (૧૦) પલાન બનાવનાર હરિશ્ચંદ્ર કેરો. (૧૧) એ. ભીખાજી રૂસ્તમજી દસ્તુરના. (૧૨) એ. બરજોરજી મનચેરજી માકુજી (મેહેતાજી). (૧૩) બેહેદીન હીરજીભાઈ નથુભાઈ. (૧૪) એ. તેમુલજી પેસ્તનજી પટેલ.

પ્રતિવાદિઓ તરફથી—(૧) શેઠ દાદાભાઈ મેરવાનજી (પાછળથી નશરવાનજી) વાડીઆ. (૨) એ. બેરામજી પેસ્તનજી ભરડા. (૩) પેસ્તનજી હોરમજી દસ્તુરના (ઝાડુકશ). (૪) રૂસ્તમજી ફરામજી દસ્તુરના (ઝાડુકશ). (૫) એ. કાવશજી નવરોજી કટીલા. (૬) શેઠ (દાકતર) એદલજી ખુરશેદજી ભરડા (કમીશનથી). (૭) એ. નશરવાનજી બમનજી ઉનવાલા. (જામે જમશેદ, મુંબાઈ સમાચાર, અખબારે સોદાગરનાં તા. ૩–૮–૧૮૯૯ થી ૨૮–૯–૧૯૦૦ નાં કટીંગોનાં ત્રણ પુસ્તકો એ. કેરશાશજી શા. પટેલનાં).

સબજડજ રાવબહાદુર લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારખનો ચુકાદો.

કાગજ્યાં તથા શાક્ષીઓની લાંબી તપાસ પછી તથા તા. ૮ મી આગશટ ૧૯૦૦ ને દીને તકરારી દરવાજે નજરે નજર જોઈ જડજ મી. પારખે આશરે ત્રણ વર્ષની તપાસ પછી તા. ૨૦ મી અકટોબર ૧૯૦૦ ને દીને ચુકાદો આપ્યો હતો. દરેક મુદ્દાઓનો ચુકાદો નીચે પ્રમાણે હતો :—

(૧) ઈરાનશાહ નામથી ઓલખાતો પવિત્ર આતશ અને તેને લગતી ઈમારતો અને બીજી મીલકત ઉદવાડાના પારસી રહીશોના કબજામાં અપાયલાં છે. અને તેઓ અથવા ઉદવાડાના પારસી રહીશોના પ્રતિનિધિ તરીકે ઉદવાડાના નવ મોબેદ કુટુંબો પવિત્ર આતશ ઉદવાડે લાવ્યા તે વખતથી તેના નીભાવ તથા વહીવટના સંબંધમાં સંપૂર્ણ સ-તા ભોગવતાં આવ્યાં છે.

(૨) દાદાભાઈ પેસ્તનજીએ આતશબેહેરામ બાંધીને મોટું કરી આપ્યું તેથી તેમને આતશબેહેરામનો વહીવટ સોંપવામાં આવ્યો હતો નહિ; અને નવ મોબેદ કુટુંબો ફકત આતશની સેવા માટે દાદાભાઈને બંધાયલાં હતાં નહીં; મજકુર દાદાભાઈએ આતશબેહેરામના વહીવટને લગતી પોતાની કાંઈ પણ સ-તા પ્રતિવાદિઓને ત્રાનસફર કરી આપી હતી નહીં.

(૩) પ્રતિવાદિ બેરામજી પે. ભરડાના વેગળાં પડયાથી આતશબેહેરામના વહીવટને લગતા વાદિઓના હક ઉપર કાંઈ પણ અસર થશે નહિ.

(૪) બાઇ મોટલાંબાઇએ આતશબેહેરામની નવી ઇમારત બાંધી ત્યારે તેમને એવો હક મળ્યો હતો, કે આતશબેહેરામ તથા તેને લગતા કમપાઉન્ડ અને બીજી ઇમારતો, તથા આતશબેહેરામ-માં તેમણે મેળાવેલું આફરગાનીઉં અને બીજી ચીજો વગરેનો ઉપયોગ, એ ચીજો માટે ધારેલી નેમ મુજબ થાય છે કે નહિ તેની તપાસ રાખવી, આતશબેહેરામની ઇમારતોની મરામત પોતાના ખરચે બરાબર થાય છે કે નહિ તેની તપાસ રાખવી, તેમની તરફથી અને તેમના પોતાના ખરચે કરવા ધારેલું ક્રિયાકામ બરાબર થાય છે કે નહિ તે તપાસવું, અને જે ચીજો દરરોજના વપરાસની ન હોય તે ચીજો આતશબેહેરામના એક ઓરડામાં સારી સંભાળ હેઠલ રાખવામાં આવે છે કે નહિ તેની તપાસ રાખવી.

(૫) ઉપલા હકો તથા સ-તા પોતાના ટ્રશ્ટીઓને આપવાનો બાઇ મોટલાંબાઇને હક હતો. ટ્રશ્ટમાં અપાયલાં મકાનોના ઘટતા વહીવટ માટે કાયદા કાનુનો ઘડવાની સ-તા પોતાના ટ્રશ્ટીઓને આપવાને હક ન હતો.

(૬) તકરારી દરવાજાવાલો માર્ગ દરેમેહેરની માલકીનો છે. એ દરવાજાનો માર્ગ બંધ કરવા પ્રતિવાદિઓને હક હતો નહિ.

(૭) દરેમેહેરના ટ્રશ્ટીઓથી સ્વતંત્રપણે વાદિઓને દીવાલના સંબંધમાં દાદ મેળવવાને હક છે.

(૮) તકરારી દરવાજાનો માર્ગ જાથુકનો ઉઘાડો રાખવાને વાદિઓને હક છે. તે લાંબા વપરાસને લીધે નહિ પણ તેઓએ મેળવેલા હકની રૂહે અને મોબેદો તથા બંદગી કરનારાઓને પડતી અડચણને લીધે છે.

(૯) હા.

(૧૦) માંગવામાં આવેલી દાદ મેળવવાનો વાદિઓને હક છે.

(૧૧) બાઇ મોટલાંબાઇના વારસોની બીન સામેલગીરીને લીધે આ મુકદમો ટકી ન શકે એવો નથી.

(૧૨) એડવોકેટ જનરલની પરવાનગીની ગેરહાજરીમાં અથવા આ મુકદમો બીન અનુકુળ અદાલતમાં લાવવાને લીધે તે શરૂઆતથીજ ટકી ન શકે એવો નથી.

(૧૩) ફર્યાદનામાંની પૂરતી રીતે આંકણી કરવામાં આવી છે. અને તે ઉપર પૂરતો સ્ટાંપ છે.

ઉપલા ચુકાદાનાં કારણો.

જડજ સાહેબે ઉપલા ચુકાદાનાં કારણો આપ્યા પહેલાં શ્રી ઈરાનશાહની જુની ટુંક તવારીખ આપી હતી. મુદ્દાઓના ચુકાદાનાં કારણો આપતાં તેમણે જણાવ્યું કે:—

(૧) મુંબાઈની પારસી પંચાએતના હીશાબની એક છાપેલી ચોપડીમાં તા. ૩૦ મી જાનેવારી ૧૮૩૧ નું એક વેચાણ ખત છે. તે પ્રમાણે ઉદેપુર યાને ઉદવાડાની અનજુમને એક મોગલાઇ હક રૂ. ૫૫૦૧)ની રકમ આપીને ખરીદીઓ હતો. દસ્તુર ખુરશેદજી (પેહેલા વાદી)ના બપાવા દસ્તુર દારાબજી તથા એક બીજા દસ્તુર રૂસ્તમજી જેઓને અનજુમનના પ્રતિનિધિઓ અથવા મુખત્યારો તરીકે જણાવેલા છે તેઓએ એ હક ખરીદીઓ હતો. એ દસ્તાવેજમાં નીચલા શબ્દો છે, "શ્રી ઉદેપુરના આતશબેહેરામ સાહેબની વતી અનજુમનની તરફથી મુખત્યાર દસ્તુર દારાબજી બેહેરામજી તથા દસ્તુર રૂસતમજી તેમુલજી જોગ." આ શબ્દો ખુલ્લી રીતે દેખાડે છે, કે આતશબેહેરામ અનજુમનના સ્વાધીનમાં અપાયલું હતું. અને નવ મોબેદ કુટુંબોને લગતા દસ્તુરોએ એ બાબતમાં અનજુમનના પ્રતિનિધિઓ તરીકે કામ બજાવ્યું હતું.

(૨) જીવાજી માણેકજી દામલાએ ઈ. સ. ૧૮૪૩ માં એક પત્ર ઉદવાડાના બે દસ્તુરો તથા મોબેદો અને બેહેદીનો સુધાની ઉદવાડાની સમસ્ત અનજુમન ઉપર લખી આતશબેહે-

રામમાં કામ કરનારા બોયવાલાઓ તથા બીજા મોબેદોના વપરાસ માટે ચોક્કસ વાસણો તથા ચોપડીઓ વગેરે મોકલ્યાં હતાં.

(૩) દાદાભાઇ વાડીઆએ ઉદવાડાની અનજુમન ઉપર તા. ૫ મી ફેબરવારી ૧૮૬૩ ને દીને એક પત્ર લખ્યો હતો, કે પોતાના એક બીજાં પત્ર મારફતે નેમેલા પાંચ ટ્રસ્ટીઓને પોતાને ખરચે આતશબેહેરામમાં થતાં ક્રિયાકામ ઉપર દેખરેખ રાખવામાં તેમજ નાહાનખાનાંના માલ ઉપર સ્ત્રીઓને રહેતી અટકાવવામાં મદદ કરવી.

(૪) ઇ. સ. ૧૮૬૩ના એજ દસ્તાવેજે ઉદવાડાની અનજુમનને એક નિયમિત બંધનનું રૂપ આપ્યું હતું. એ દસ્તાવેજની મૂલ નેમ આતશબેહેરામમાં થતાં ક્રિયાકામ ઉપર આંકોશ રાખવાની તથા મોબેદોની તથા બેહેદીનોની અનિયમિત વર્તણુકનો અટકાવ કરવાની હતી. વળી અનિયમિતપણાં માટે દંડ તથા ન્યાતબહાર કાઢવા વટીકની શિક્ષા કરવાનું નક્કી થયું હતું. એ દસ્તાવેજ ઉપર મોબેદો જોડે બેહેદીનોએ પણ સહીઓ કરેલી હતી. એ ઉપરાંત કારોબારી કમિટિ અને જનરલ કમિટિમાં પણ બેહેદીનોની સામેલગીરી હતી.

(૫) સને ૧૮૬૯ વાલા એક લેખમાં આતશબેહેરામમાં થતી યોજદાગ્રેગરી તથા બીજી ક્રિયાઓને લગતા અનજુમને ઘડેલા કાયદા કાનુનો સમાવેલા છે. અને ત્યાં ખુલ્લું જણાવેલું છે કે ઉદવાડાની જરથોસ્તી અનજુમન તરફથી વાદિ દસ્તુર ખુરશેદજીના પિતાએ તેમજ નવ મોબેદ કુટુંબોના સભાસદોએ મજકુર કાયદા કાનુનો ઘડયા હતા.

(૬) તા. ૧૫ મી જાનેવારી ૧૮૮૩ને દીને ઉદવાડાની અનજુમનની કારોબાર કમિટિએ પોતાના પ્રમુખ માણેકજી કાવશજી ઉપર કાગળ લખ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે દાદાભાઇ વાડીઆએ બાંધેલી જુની ઇમારતની જગ્યાએ આતશબેહેરામ માટે એક નવી ઇમારત બાંધવાની કમિટિએ સર દીનશાજીને અરજ કરી હતી. તા. ૧ લી ફેબરવારી ૧૮૮૩

વાલા એક પત્ર પ્રમાણે મજકુર માણેકજીએ અનજુમન કમિટિને જવાબ આપ્યો હતો, કે જુનાં આતશબેહેરામનું મકાન તોડી પાડી તેની જગ્યાએ બીજા કોઈ શખશ નવી ઈમારત બાંધી આપે, તો શેઠ દાદાભાઇએ બહાલી આપી છે. વાડીઆજીએ નેમેલા પાંચ ટ્રસ્ટીઓમાં મજકુર માણેકજી એક હતા.

(૭) એક દરેમેહેર બંધાવી આપવાની અરજ અનજુમને સર દીનશાજીને કીધી હતી.

(૮) તા. ૧૪ મી જુલાઇ ૧૮૯૦ ની મદ્દેહનજરમાં ઉદવાડાની અનજુમનની કારોબાર કમિટિના પ્રમુખ તથા સભાસદોએ પોતાની સહી ઉપર આતશબેહેરામ સારૂં નવી ઈમારત બાંધવા માટે જાહેર ઉઘરાણાંથી નાણાં માંગવા અરજ બહાર પાડી હતી. તેમાં પ્રતિવાદિ બેહેરામજી ભરડાએ પણ સહી કરી હતી.

(૯) સર દીનશાજીએ કબુલ કર્યું છે, કે તેમણે બાંધી આપેલી દરેમેહેર અનજુમના અખત્યારમાં છે.

(૧૦) આતશબેહેરામમાં થતાં ક્રિયાકામની નોંધ રાખવા માટે અનજુમને એક મહેતો રાખેલો છે.

(૧૧) અનજુમનના ચોપડામાં એવાં ક્રિયાકામની નોંધો કરવામાં આવે છે.

(૧૨) બાઈ મોટલાંબાઈએ ટ્રસ્ટ ડીડમાં કબુલ કીધું છે, કે આતશબેહેરામની નવી ઈમારત તેમણે ઉદવાડાની પારસી પંચાતની અરજ ઉપરથી બંધાવી હતી.

(૧૩) તા. ૨૬ મી અકટોબર ૧૮૯૫ ના પત્રમાં બાઈ મોટલાંબાઈ જણાવે છે, કે વાડીઆજી મેરવાનજીએ પોતે નેમેલા ટ્રસ્ટીઓ મારફતે જુની ઈમારત અનજુમનને આપી હતી. અને તેઓ નવી ઈમારત પોતાની પસંદગીના ટ્રસ્ટીઓ મારફતે અનજુમનને આપવાની ગોઠવણ કરશે.

(૧૪) તપ્સીમાં પણ બાઇ મોટલાંબાઇએ કબુલ કર્યું છે, કે તેમણે પોતાના ટ્રસ્ટીઓ મારફતે નવી ઈમારત ઉદવાડાની

અનજુમનના અખત્યારમાં સોંપી છે. તેમણે એ ઇમારત અનજુમનનીજ અરજ પરથી બંધાવી હતી.

આ તથા બીજા લેખીત પુરાવા પરથી તથા મુખ જબાનીથી સંતોષ પામી જડજે જણાવ્યું, કે આતશબેહેરામ ઉદવાડાની અનજુમનના સ્વાધીનમાં છે. અને તેના નીભાવ તથા વહીવટના સંબંધમાં અનજુમન તથા ઉદવાડાનાં નવ મોબેદ કુટુંબો સંપૂર્ણ સ-તા ભોગવતાં આવ્યાં છે. વળી નવ મોબેદ કુટુંબો જેઓ પવિત્ર આતશને ઉદવાડે લાવ્યાં હતાં, તેઓ તે આતશના માલેક છે. તેને બોય દેવા, તેની આવક લેવા તથા આતશબેહેરામમાં બીજું ક્રિયાકામ કરવા તેઓને હક છે. આતશ તૈયાર કરવામાં બેહેદીનોની મદદ લેવી પડે છે, એ ખરી વાત છે. પણ તેથી એમ કહી નહીં શકાય કે પવિત્ર આતશ બેહેદીનોની પણ માલકીનો છે.* એ આતશને અડકવાનો તેમજ તે ઉપર કાઠી મેળવાનો બેહેદીનોને હક છેજ નહિ. આથી તેઓ આતશના માલેક થઇ શકેજ નહિ. આ મુકદમામાં પડેલી જુબાની એવું દેખાડતી નથી કે કોઇ પણ બેહેદીનોએ આતશની પુઠે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગયા હતા. નવ મોબેદ કુટુંબોના વડવાઓ જેઓએ આતશને તેની સલામતી માટે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેડયો હતો, તેઓજ તેના હકદાર માલેકો હતા; અથવા મોબેદો કહે છે તેમ આતશ સાથે સંબંધ ધરાવનારા સઘળા હકોના તેઓ માલેક છે....બેહેદીનો એ હક ઇલાકાઓની કોઈ પણ રીતે અદેખાઈ કરતા હતા નહિ.

---

*ઉદવાડા દરવાજા કેસમાં એ. શોરાબજી હોરમજી સીધવાએ પોતાની જુબાનીમાં કહ્યું હતું કે:—"ઉદવાડામાં બઇરાં છોકરાં બાદ કરતાં ૧૨૫ બેહેદીનો હશે. તેમાંથી અમારી તરફ ૭૫ થી ૧૦૦ માણસ છે. સંજાણા મોબેદ શીવાય ભગરીઆ મોબેદોનાં બે ઘેરો છે. તેઓ રબારી અને નવરોજજી કાપરીઆની અટકથી ઓળખાય છે." (મુંબાઇ સમાચાર તા. ૧૩ મી નવેમબર ૧૮૯૯, એ. કેરશાશજી પટેલનું કટીંગનું પુસ્તક પા. ૨૩૦)

શેઠ દાદાભાઈ પેસ્તનજી વાડીઆનો સંબંધ શો હતો?

શેઠ દાદાભાઈ ઈ. સ. ૧૮૮૫ માં મરણ પામ્યા હતા. ત્યારે નવું આતશબેહેરામ હતું નહિ, તથા પ્રતિવાદિઓ બાઇ મોટલાંબાઇના ટ્રસ્ટી હતા નહિ. માટે દાદાભાઈએ આતશબેહેરામના વહીવટની પોતાની સ-તા પ્રતિવાદિઓને ત્રાન્સફર કરી હતી નહિ. નવ મોબેદ કુટુંબોમાના કેટલાક આતશનું ક્રિયાકામ કરતા નથી. આશરે ૪૦૦) મોબેદોમાંથી ૫૦–૭૫ જણા બોય દેવાનું કામ કરે છે. સઘળાઓએ આતશનું ક્રિયાકામ કરવુંજ જોઈએ, એવું કશું લખત તેઓ તથા બેહેદીનો વચ્ચે થયલું નથી. નવ મોબેદ કુટુંબોમાના જેઓ એ કામ કરવા ઈચ્છે છે, તેઓજ તે કરી શકે છે. પ્રતિવાદિઓ કબુલ કરે છે, કે પવિત્ર આતશ આખી પારસી કોમની માલેકીનો છે. અને ઉદવાડાનાં નવ મોબેદ કુટુંબો તેઓના નોકર છે. એ કુટુંબો આતશનું ક્રિયાકામ કરે છે, તેથી એવું અનુમાન નિકળી શકે નહિ, કે મોબેદો પારસી કોમના નોકરો છે.

દાદાભાઇ વાડીઆએ ઈ. સ. ૧૮૩૦ માં આતશબેહેરામ પાછું બંધાવી આપ્યું હતું. પાછળથી વખતો વખત મરામત કરાવી હતી. ૧૮૪૩ માં એક બરશનુમગાહ બાંધીને ઈમારત મોટી કરી આપી હતી. પણ કોઈએ પણ આતશબેહેરામનો વહીવટ કરવાની સ-તા દાદાભાઇને આપી હતી નહિ. દાદાભાઈએ નેમેલા ટ્રસ્ટીઓએ આતશ સારૂં કાઠી પૂરી પાડવાનું, પાંચ ગેહોમાં બોય દેવા સુખડ પુરૂં પાડવાનું, બ-તી સારૂં તેલ પુરૂં પાડવાનું, ઝાડુકશને રાખી પગાર આપવાનું, ઈમારતને મરામત કરાવવાનું, વાસણ વગેરે આતશબેહેરામમાંજ રાખવામાં આવે છે કે નહીં તેની તપાસ રાખવાનું એ સઘળાં કામો કીધાં હતાં. પણ તેઓએ નીચલાં કામો કીધાં હતાં નહીં; જેમકે આતશબેહેરામમાં થતી ક્રિયાઓ તથા બીજી ક્રિયાઓને લગતા કાયદાકાનુનો ઘડવાનું કામ, બોયવાળાઓ વારા મુજબ બોય દે

તેની ગોઠવણ કરવાનું કામ, બરશનુમને લગતા કાયદાકાનુનો ઘડવાનું કામ, આતશબેહેરામને અરપણ થતી ભેટ સોગાદો લેવાને લગતા કાયદાકાનુનો નકકી કરવાનું કામ, જુનાં તથા નકામાં વાસણો તથા ચીજો કાઢી નાંખવાનું કામ, સુખડની માચીઓ ચઢાવવાને લગતી ગોઠવણ કરવાનું કામ, મોબેદો ઉપર તથા માણસો ઉપર આંકોશ રાખવાનું કામ, બોયવાલાઓની લાયકાતો મુકરર કરવાનું કામ, આતશબેહેરામની આવક જાવક તથા ફંડોનો હીશાબ રાખવાનું કામ, આતશબેહેરામમાં વપરાતાં વાસણો સમારવાનું કામ મુકતાદ જશન વગેરે આતશબેહેરામમાં થતાં ક્રિયા કામ ઉપર દેખરેખ રાખવા કમિટિ નેમવાનું કામ વગેરે વગેરે. આ સઘળાં કામો વાડીઆજીઓ તથા તેઓના ટ્રશ્ટીઓ કરતા હતા નહિ....અનજુમનના કામનો વિસ્તાર બહુ બેહોળો હતો....દાદાભાઈ વાડીઆએ આતશબેહેરામની ઇમારત નવેસરથી બંધાવી આપી તેના બદલામાં તેમને આતશબેહેરામનો વહીવટ સોંપવામાં આવ્યો હતો એવું કશું નથી. અને દાદાભાઇએ પ્રતિવાદિઓને કશી સ-તા ત્રાન્સફર કરી આપી નથી.

ઈ. સ. ૧૮૩૩ અને ૧૮૪૧ ના સાલમાં જ્યારે દસ્તુર દારાબજીને ચોરોનો ભય લાગ્યો હતો, ત્યારે તેમણે અનજુમન તરફથી બે વાર આતશબેહેરામના રક્ષણ અર્થે વધારાનાં માણશો રાખ્યાં હતાં. તેઓના પગારનો ખરચ દાદાભાઈ વાડીઆએ આપ્યો હતો નહિ; પણ અનજુમને આપ્યો હતો; અને તે અનજુમનના ચોપડામાં નોંધાયલો છે.

આતશબેહેરામની ઇમારતની મરામતનું કામ વાડીઆઓએ બીજા કોઈને કરવા દીધું હતું નહિ, નાહાનખાનાંનો તથા બીજા ભાગોનો ઉપયોગ બીજાં કામો માટે થવા દીધો હતો નહિ, તથા બોય માટે બીજાઓને સુખડ પુરૂં પાડવા દીધું હતું નહિ, તે વગેરે કારણથી તેમની સ-તામાં વધારો થયો હતો નહિ.

બાઈ મોટલાંબાઇ વાડીઆના હકો.

પ્રતિવાદિઓ કહે છે કે બાઈ મોટલાંબાઈએ આતશબેહેરામ બંધાવી આપ્યું, ત્યારે વાડીઆજીના સઘળા હકો તેમને ત્રાનસફર

કરી આપવામાં આવ્યા હતા. આ તદન ખોટું છે. ઈ. સ. ૧૮૯૦ માં ઉદવાડાની અનજુમને જુની ઈમારત તોડી પાડી જાહેર ઉઘરાણાંએ ભેગાં કરેલાં નાણાં વડે નવી ઈમારત બાંધવાનો ઠરાવ કર્યો, ત્યારે મેરવાનજી વાડીઆ પાસે આતશબેહેરામને લગતા કાંઇ પણ હકો બાકી રહ્યા હતા નહિ. ૧૮૯૦ ના જુલાઈ માસમાં ઉદવાડાની અનજુમને ઉઘરાણાની ટીપ ફરતી કરી હતી, તેણે પોતાના ખરચે નવી ઈમારત બાંધવા કેટલાક પથરાઓ પણ ખરીદીઆ હતા. વળી ઈમારત માટે જોઇતી જમીન સારૂં રૂ. ૮૦૦૦) આપવાને જ્યારે બાઈ મોટલાબાઇએ ના પાડી, ત્યારે અનજુમને ખુદ પોતે રૂ. ૪૦૦૦) આપ્યા હતા. એ રકમ પાછળથી બાઈ મોટલાંબાઈએ અનજુમનને પાછી આપી હતી.

મેરવાનજી વાડીઆએ ઉઘરાણાંની ટીપમાં રૂ. ૧૦૦) ભરી આપ્યા હતા અને તેમાં આશરે રૂ. ૨૦૦૦) ભરાયા હતા. એ ટીપ બાઇ મોટલાંબાઈ કને લેઇ જવામાં આવી હતી. તે વખતે બાઇ મોટલાંબાઇએ નવી ઈમારત પોતાને ખરચે બંધાવવાનો વિચાર કર્યો હતો. અને અનજુમને તેમને તેમ કરવા દીધાં હતાં. ...જ્યારે ઉઘરાણાંની ટીપ ફરતી કરીને નાણાં માંગવામાં આવ્યાં હતાં, ત્યારે મેરવાનજી વાડીઆએ જુની ઈમારતને લગતા પોતાના સઘળા હકો અનજુમનની તરફેણમાં છોડી દીધા હતા. મેરવાનજી પાસે કાંઈપણ બીજા હકો હતા નહિ. માટે બાઈ મોટલાંબાઇને આતશબેહેરામના કબજા અથવા વહીવટને લગતા કાંઈપણ હકો મેરવાનજી કનેથી મળ્યા હતા નહિ, નવી ઈમારતો બાંધી આપ્યાથી બાઈ મોટલાંબાઇને જે હકો મળ્યા હતા તે નવી ઈમારતો ખુલ્લી મેલવાની ક્રિયા વખતે બાઈ મોટલાંબાઈના દીકરાઓ તરફથી તેમજ ઉદવાડાની અનજુમન તરફથી વંચાયલા કાગળો ઉપરથી નકકી કરી શકાય છે. અને તે આ કે આતશબેહેરામની ઈમારતો જે કામ માટે બાંધવવામાં આવી હતી, તેજ કામ માટે (પણ લાંબા વખતની ચાલતી આવેલી રૂઢિ વિરૂદ્ધ નહિ એવી રીતે) તે વપરાય છે કે નહીં, તેની તપાસ રાખવાનો હક બાઈ મોટલાંબાઇને હતો. નવી ઈમારતમાં

મેળેલું આફરગાનીઉં તથા બીજી ચીજો ઘટતા કામ માટે વપરાય છે કે નહિ અને તેની સંભાળ લેવાય છે કે નહિ, તેની તપાસ રાખવાનો હક તેમને હતો. ઇમારતોની મરામત કરવાનો (પણ મોબેદો તથા બીજાઓને અડચણ ન થાય એવી રીતનો) હક તેમને હતો. પોતાના ખરચે પોતાનું ધારેલું ક્રિયાકામ બરાબર થાય છે કે નહિ, તે જોવાને તેમને હક હતો. જ્યારે મેરવાનજી વાડીઆ અથવા તેમના વારસો પવિત્ર આતશને નીભાવવા જોઇતી કાઠી સુખડ તેલ તથા બીજી ચીજો પુરી પાડવાનું બંધ કરે યા તેઓ પરવાનગી આપે ત્યારે તે પુરી પાડવાનો બાઈ મોટલાંબાઈને હક હતો. દરરોજ વપરાસમાં ન આવે એવું ફરનીચર તેમણે મેળાવ્યું હતું, તે જે ઓરડામાં રાખેલું હતું, તે ઓરડો તેમના કબજામાં રહે એવો હક તેમને હતો. પણ તે ઓરડો અનજુમનના ધર્મના કામો માટે વાપરવા માંગે, ત્યારે ખાલી કરવો જોઇએ એમ હતું. આ સઘળા હકો બાઈ મોટલાંબાઇને હતા, અને હાલે તેમના ટ્રસ્ટીઓને ટ્રસ્ટ ડીડ પ્રમાણે મળ્યા છે.

બાઈ મોટલાંબાઈના ટ્રસ્ટીઓએ અનજુમનના કામની આડે નહિ આવવાની સંભાળ રાખવી. તેઓએ અનજુમન ઉપર હાકમી ચલાવવાનો હક સ્થાપવાનો ખ્યાલજ રાખવો નહિ જોઇએ. જુનાં આતશબેહેરામને લગતું ફરનીચર પોતાની દેખરેખ હેઠલ રાખવાનો હક ટ્રસ્ટીઓને નથી.

તકરારી દરવાજાના દીવાલ.

વાદિઓ જણાવે છે કે જે દીવાલમાં એ દરવાજાનો માર્ગ છે, તે દીવાલ દરેમેહેરની માલકીની છે. અને અગાઉ તે પટેલ બેહેરામજી માણેકજી તથા બીજાઓના ઘરની દીવાલ હતી. આના ટેકામાં તા. ૧૩ મી ફેબરવારી ૧૮૮૮ નાં બે વેચાણ ખતો છે. આ ઉપર કેટલુંક વિવેચન કરી જડજ સાહેબે ઠરાવ્યું કે જે દીવાલમાં તકરારી દરવાજો છે, તે પટેલના ઘરની એક દીવાલ હતી. હાલ એ દીવાલમાં પટેલનાં ઘરનાં લાકડકામના

કેટલાક છેડાઓ છે. તેની નાની બારીઓ પણ હજી આ દીવાલમાં છે. દીવાલને મથાલે તેનાં છાપરાંનું પાણી જવાની ગટર છે. એ દીવાલ પટેલના ઘરનો ભાગ હોવાથી તે તેનીજ માલકીની હતી.* આથી નવી ઈમારત બાંધવાની તારીખ અગાઉ દરવાજાનો જે માર્ગ હસ્તી ભોગવતો હતો તે બંધ કરી નાંખવાને બાઈ મોટલાં-બાઈના ટ્રસ્ટીઓને કાંઈ પણ હક નથી. ચોરી થવાનાં બહાનાં હેઠલ તકરારી દરવાજો બંધ કરવાનો તેઓને કાંઈપણ હક નથી. ચોરી થવાના સવાલ વિષે રજુ થયલી જબાની બીલકુલ ભરોસો રાખવા લાયક નથી. ચોરીની વાત જોડી કાઢેલી છે. બેરામજી ભરડા કહે છે કે નવી દીવાલ ભાંજી નાંખીને પવિત્ર આતશને ઉંચકી લેઈ જવા માટે ચોક્કસ પારસી પોશાગીરો અથવા કસરત બાજો મુંબાઈથી ઉદવાડા ખાતે આવે છે, એવી ખબર મુંબાઈથી મળેલા તારના એક સંદેશા મારફત તેમને મળી હતી. તેમને આવો સંદેશો મળ્યો હોય એ બનવા જોગ છે. પણ તે વાત

---

* એરવદ કેરશાશજી શા. પટેલે આ કેસમાં પોતાની જુબાનીમાં કહ્યું હતું કે:—સર દીનશાજીના મીસ્ત્રીએ દરેમેહેર બાંધતી વખતે તે એફ. નીશાની આગળનો (દીવાલનો) થોડો ભાગ તોડી પાડી ત્યાં તે તકરારી દરવાજો મુકયો હતો. બંને મકાનોમાં જવા આવવાની અંજુમન વીગેરેની સગવડને માટે માંગણી પરથી તે દરવાજો મુકવામાં આવ્યો હતો ઈ. થી એફ. સુધીની જે ભુરી લીટી (પલાનમાં) છે તે બાઇ મોટલાંબાઇ તરફથી દરવાજો બંધ કરવાને દીવાલ બાંધી હતી તે દીવાલ બતાવે છે. આ સીધી દીવાલની અંદર વચમાં ચણેલાં મારાં ઘરના ઉભા પાંચ છ એરીઆંઓ (=થાંભલા) છે તથા ભારવટીયાંઓનાં મુંડાં છે તથા અમારા ઘરની બારીઓ છે. ગોખલા, ખુંટી તથા પાણી જવાની ગટર ઉપર છે. મારાં ઘરનાં છાપરાંના નેવો આ ઉપરની ગટરમાં આવેલા હતા. આ તકરારી દીવાલ સંવત ૧૯૨૮–૨૯ માં બંધાઇ હતી. એ દીવાલની અગાઉ કાચી મટોડીની દીવાલ હતી અને તે હાલનાં કરતાં ઘણી પહોળી હતી તેને હાલમાં ઘણી સાંકડી કરી નાંખવામાં આવી છે. અમારાં ઘરના નેવ આતશબેહેરામના કમપાઉંડમાં ચાર ફુટ પડતા હતા. નેવની નીચેની જગ્યા અમારી હતી. તે ૪ ફુટના નેવ જેટલી જગ્યા આતશબેહેરામને હમે આપી દીધી અને અમારો હાઠ ઉઠાવ્યો. (મુંબાઇ સમાચાર તા. ૩૦ મી સપટેમબર ૧૮૯૯. એ. કેરશાશજીનુંજ કટીંગનું પુંસ્તક પા. ૨૦૭).

વજુદ વગરની માલમ પડે છે. દરેમેહેરમાંથી આતશબેહેરામમાં જવાનો સૌથી ટુંકો રસ્તો તકરારી દરવાજો છે. આથી તે બંધ કરવાથી વારાદારોને તેમજ બંને ઠેકાણે કામ કરનારા મોબેદોને અડચણ થાય એમ છે. બેહેરામજી ભરડા કહે છે કે એવી અડચણની ફરિયાદ તેમને કાંઈપણ મળી હતી નહિ. પણ તેમણે તો વિરૂદ્ધ વલાણ પકડેલી હોવાથી તેમની કને ફરિયાદ કરવી બીન જરૂરની હતી. એવી અડચણને લગતી ફરિયાદનો મુકદમો આ કોરટમાં છેલ્લાં ત્રણ વર્ષ યા વધુ થયાં ચાલે છે અને છતાં તેમણે ઉ મારકાવાલી દીવાલ કાઢી નાંખવાનો ઠરાવ હજી સુધી કર્યો નથી. એ દરવાજો બંધ કરી નાંખવાને પ્રતિવાદિઓને હક હતો નહિ. એ કામ બાઈ મોટલાંબાઈની ખાએશની વિરૂદ્ધ છે. તકરારી દરવાજાવાળો માર્ગ બંધ કરવાનું તથા વચ્ચે આડી દીવાલ બાંધવાનું પ્રતિવાદિઓનું કામ અનજુમનના હકો ઉપર હુમલો લઇ જવા સમાન છે; અને તે બાબતમાં છુટકારો મેળવવાને તેઓને હક છે.

તકરારી દરવાજાના લાંબા વપરાસનો હક વાદિઓને મળેલો નથી. પણ પોતાને તેમજ આતશબેહેરામમાં બંદગી કરવા આવનારાઓને અડચણ થવાનાં કારણથી એ દરવાજો જાથુકનો ખુલ્લો રખાવવાને તેઓને હક છે.

બી. સી. ડી. મારકાવાળા દરવાજા.

પ્રતિવાદિઓ આ દરવાજા રાતના નવ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી બંધ રાખે છે. "ડી" મારકાવાળો ઉ-તર તરફનો દરવાજો બંધ કરવાનું કામ મોબેદો....ને ખરેખર હરકત કરનારૂં છે. એ દરવાજાની બહારના કુવાનું પાણી બંદગી કરવા અગાઉ હાથ મોઢું ધોવા વપરાય છે. એ પાણી કાઢવા માટે દોરડાં તામરી વગેરે અનજુમન ત્યાં મેલે છે. એ દરવાજો બંધ કરી મોબેદો તથા બીજા આશામીઓને અડચણ કરવાનો ટ્રસ્ટીઓને હક નથી. "બી" અને "સી" મારકાવાલા દરવાજા બંધ કરવાથી પ્રતિવાદિઓએ સેજદો કરનારાઓને આતશબેહેરામની

ઈમારત પછવાડે જતા લગભગ અટકાવી મેલ્યા છે. વાદિઓ તથા મોબેદોના નિભાવનો આધાર આશોદાદ છે. પ્રતિવાદિઓ દરવાજા બંધ કરી સેજદો કરનારાઓનો અટકાવ કરે તો વાદિઓ તથા મોબેદોની આવકમાં ઘટાડો થાય. માટે વાદિઓને દાદ ચહાવાનો હક છે.

શ્રી ઇરાનશાહને ગમે ત્યાં ખસેડી શકાય કે?

વાદિઓના વકીલે એવી દલીલ કરી છે કે પવિત્ર આતશને આતશબેહેરામની ઈમારતમાંથી ગમે તે વખતે ખસેડી લઈ જવાનો વાદિઓને હક છે. પણ તેવો કોઈપણ હક તેઓ ધરાવતા નથી. અનજુમને જો કોઈપણ વખતે એવું ધાર્યું હોય કે પોતાને ગમે ત્યારે આતશને ખસેડી લેઇ જવાને તેઓને હક છે તો બાઈ મોટલાંબાઈએ એક લાખથી વધુની રકમ ખરચી તે અગાઉ તેઓએ તે વિષે તેમને વાકેફ કરવાં જોઈતાં હતાં. જ્યારે તેઓએ બાઇ મોટલાંબાઈને આટલા બધા પૈસા ખરચવા દીધા છે, ત્યારે ઇનસાફના કાનુનની રૂહે પવિત્ર આતશને એજ ઇમારતમાં રાખવાને તેઓ બંધાયલા છે. એ આતશની આખી તવારીખની તપાસ ઉપરથી માલૂમ પડે છે, કે સેવટની જરૂરીઆતની રૂહે એ આતશને એક ઠેકાણેથી બીજે ઠેકાને ખસેડવામાં આવ્યા હતા. મુસલમાનોએ સંજાણના રાજા ઉપર હુમલો કર્યો અને તેમાં રાજાની હાર થઇ તેને લીધે એ આતશને સંજાણથી ખસેડવામાં આવ્યા હતા. વાંસદા નવસારી તથા બીજાં મથકોના મોબેદો સાથે ગંભીર ટંટા થયાથી તથા એવાંજ બીજાં કારણોને લીધે આતશને ખસેડી શકાય. પણ તે આપખુદ રીતે ખસેડી શકાય નહિ. પ્રતિવાદિઓ જો હાલની પેઠે આપખુદ રીતે વરતે, ક્રિયા કરનારા મોબેદો ઉપર જુલમ અને જાસ્તી ગુજારે....બીજાં એવાંજ કામો કરે કે જેથી મોબેદોની આવક ઘટી જાય, તોજ અનજુમનને આતશ ખસેડી લઇ જવાનો હક મળેલો કહેવાય.

સુલેહ જાળવી રાખવાના જામીન.

આ કેસ ચાલતો હતો તેટલામાં પ્રતિવાદિઓએ સુરતના ફરસ્ટ કલાસ માજીસ્ટ્રેટની કોરટમાં અરજ કરી કે સુલેહનો ભંગ થવાનો સંભવ હોવાથી વાદિઓ કને સુલેહ જાળવવા સારૂં જામીન લેવા. આથી વાદિઓ ઉપર નોટીસ નીકળી હતી તેના જવાબમાં તા. ૧૧ મી મે ૧૮૯૮ ને દીને વાદિઓએ જણાવ્યું કે તેઓ સુલેહનો ભંગ કદી કરનાર નથી. દીવાની કોરટમાં દાવો ચાલે છે અને કાયદેશીર જામીન લેવાનું કારણ નથી. છતાં ખરચ તસ્દી તથા દુઃખમાંથી બચવા હમારા સઘળા હકો કાયમ રાખી હમે નોટીસ પ્રમાણે જામીનખત લખી આપીએ છીએ. (ઉદવાડા કેસ એકઝીબીટ ના. ૩૫૩).

પ્રકરણ સોલમું.

ઉદવાડાના શ્રી આતશબેહેરામના કેસની અપીલ.

સુરતની કોરટના ચુકાદાથી નારાજ થઈ અસલ મુકદમાના પ્રતિવાદિઓ શેઠ નવરોજી માણેકજી વાડીઆ, સર જમશેદજી જીજીભાઈ, શેઠ જીજીભાઈ મેરવાનજી વાડીઆ તથા આ. બેરામજી પેસ્તનજી ભરડાએ મુંબાઈની હાઇ કોરટને અપીલ ના. ૧૦૬ વાલી સને ૧૯૦૦ના સાલની કરી હતી. તેની સુનાવણી નામદાર વડા જસટીસ સર લોરેંસ જેનકીનસ તથા જસટીસ મી. એશટન સનમુખ તા. ૧૬ મી માર્ચ ૧૯૦૩ ને દીને નીકળી હતી. અપીલ કરનારા તરફથી મી. નાનુ એંડ હોરમજી સોલીસીટરોની ફરમાસથી મી. ઈનવેરારીટી, મી. ફરામજી વીકાજી તથા મી. લાઉડસ† બારીસ્ટરો તથા મી. રૂસ્તમ પેમાસ્તર પલીડર હાજર થયા હતા. સામીપક્ષ યાને અસલ મુકદમાના વાદિઓ દસ્તુર ખુરશેદજી મનચેરજી, એ. એદલજી ખરશેદજી ભરડા અને એ. ભીખાજી દીનયારજી ઉનવાલા તરફથી મી. મુલ્લાં એંડ મુલ્લાં* સોલીસીટરોની ફરમાશથી એડવોકેટ જનરલ આ. મી. બેસીલ સ્કોટ,† આનરબલ મી. પીરોશા મે. મેહેતા† બારીસ્ટરો અને મી. હોરમજદીઆર કું. કોહીઆજી તથા મી. કૃષ્ણલાલ ઝવેરી‡ પલીડરો હાજર થયા હતા. આ કેસમાં કુલે ૬૨૭ એકઝીબીટો દાખલ થયાં હતાં.

અપીલ કરનારાઓની દલીલો.

અપીલ કરનારા સાહેબોની દલીલો નીચે પ્રમાણે હતી:—

(૧) ઉદવાડાના નવ મોબેદી કુટુંબોમાં બે તડ પડેલાં છે, અને વાદિઓ તેમાંના એકને લગતા છે. અનજુમનની બે કમિટિઓ છે. એક જુની અને એક નવી. વાદિઓ નવી કમિટિના

† પાછળથી "સર" * આ સોલીસીટરોએ અપીલનું કામ કાંઈપણ ફી લીધા વગર કીધું હતું. ‡ પાછળથી સ્મોલકોઝ કોરટના ચીફ જડજ.

સભાસદો છે. બે તડ પડી ગયાં ત્યારથી વાદિની પક્ષના મોબેદો ક્રિયાકામો સર દીનશાજી પીટીટની દરેમેહેરમાં કરે છે અને તેઓ જુની કમિટિના આંકોશ હેઠળ છે.

(૨) અગર જો પસાર થયલી ડીક્રી અમલમાં મેલવામાં આવે તો મોબેદો વચ્ચે જબરો મીનાકેસો તથા કજીયો થવાનો સંભવ છે. અને તેથી આતશબેહેરામની મીલકતને અડચણ પુગશે તથા ક્રિયાકામને અગવડ થશે.

(૩) નવી ઇમારત તૈયાર થયાને છ વર્ષ થયાં છે તે દરમ્યાન તે ઇમારત મોટલાંબાઇના તથા તેમના ટ્રસ્ટીઓના કારોબાર તથા કબજા હેઠલ છે. અને અપીલનો છેવટનો ફડચો થાય ત્યાં સુધી તે તેઓનાજ કારોબાર અને કબજા હેઠલ રહ્યાથી કાંઇપણ હેરાનગતી થનાર નથી. પણ જો તે વાદિઓના હાથમાં આવશે તો તેમાં પુષ્કળ ફેરફાર તથા નુકસાન થશે.

(૪) આતશબેહેરામનાં કીંમતી ડાગીના તથા જણસો જો વાદિઓના હાથમાં આવશે તો તે સલામત રહેશે નહિ.

(૫) નીચલી કોરટની ડીક્રીમાં તકરારી મીલકત ઉપરના કેટલાક હકો તથા વાદિના હકો વચ્ચે અથડામણ થાય છે.

(૬) તકરારી દરવાજા મધે ભરી લીધેલી ભીંત ભાંજી નાખવામાં આવે તથા B, C, D મારકાવાલા દરવાજાઓ જો આખી રાત ઉઘાડા મેલવામાં આવે તો પવિત્ર આતશની સલામતી ધાસ્તીમાં આવી પડશે. અને વાદિઓ તેમને દરેમેહેરમાં લઇ જશે. અને કીંમતી જણસો પણ ધાસ્તીમાં આવી પડશે.

(૭) આ મુકદમો ઉભો થયો તેની થોડો વખત અગાઉ નવી ઇમારતોથી પવિત્ર આતશ ખસેડવાની કોશશ કરવામાં આવી હતી. અને તેથી વાદિઓને તથા બીજા એક મોબેદને છ મહિના સુધી સુલેહ જાળવવાની જામીનગીરી સુરતના પહેલા વર્ગના માજીસ્ટ્રેટની કોરટમાં આપવામાં આવી હતી.

(૮) જો આમ પવિત્ર આતશને ખસેડવામાં આવે તો કદી સમું ન થઈ શકે એવું નુકસાન પ્રતિવાદિઓને તથા પારસી કોમને થવા પામે.

(૯) બાઈ મોટલાંબાઈના ટ્રસ્ટીઓ સઘળા પારસીઓના ઉપયોગ અને લાભને માટે કારોબાર ચલાવતા આવ્યા છે. તેઓને કશો અંગત લાભ નથી. વાદિઓ મીલકતમાં અંગત લાભ ધરાવવાનો દાવો કરે છે.

ઉપલાં તથા બીજાં કારણોને લીધે નીચલી કોરટની ડીક્રી અમલમાં મુકતાં અટકાવવી જોઇએ.

અપીલ વિરૂદ્ધ થનારાઓનો જવાબ.

અસલ વાદિઓએ નીચે પ્રમાણે જવાબ વાળ્યા હતા:—

(૧) ટ્રસ્ટીઓને ઉપલા તડ સાથે કશું લાગતું વળગતું નથી. અનજુમનના સઘળા માણસો આતશબેહેરામના મકાનમાં ક્રિયાકામ કરે છે અને કેટલાક દરેમેહેરમાં પણ ક્રિયાકામ કરે છે. જુદા પડનારાઓની સંખ્યા બહુ નાની છે.

(૨) અપીલ કરનારાઓની ધાસ્તી ખ્યાલી છે. નીચલી કોરટમાં ત્રણ વર્ષ સુધી મુકદમો ચાલ્યો હતો, છતાં કશો કજ્યો થયો નથી, કે ક્રિયાકામને અલવલ પુગી નથી.

(૩) આતશબેહેરામને અર્પણ થયલી સઘળી મીલકત અસલના જમાનાથી ઉદવાડાની અનજુમનના હસ્તકમાં છે. અને તેઓજ તેનો કબજો કારોબાર તથા આંકોશ ધરાવે છે. બેરામજી પેસ્તનજી ભરડાની વલાણથી બહુ ખમવું પડયું છે તથા અમારી તરફથી નુકસાન પુગશે એમ કહેવુ ખોટું છે.

(૪) કીંમતી ડાગીના તથા જણશોની સલામતી વિષે જે ઇશારો છે તે કોરટનું મન ભંભેરવા માટે છે. વારાદારો જોખમદાર હોવાથી લાંબો વખત થયા જણશો સલામત જળવાઇ રહી છે.

(૫) વાદિના તથા પ્રતિવાદિના હકો અથડામણમાં ન આવે માટે નીચલી કોરટે સાંગી પક્ષને આપેલા હકો (જો કે તે તેમને ઘટતા નથી છતાં) અપીલનો ફડચો થાય ત્યાં સુધી તેમને ભોગવવા દેવા હમે તૈયાર છીએ.

(૬) હમારો ગુજારો પવિત્ર આતશની જાળવણી ઉપર છે. ચોરીને લગતી વાતો તથા આતશ ખસેડવાની વાતો જોડી કાઢેલી અને ખોટી છે.

(૭) પવિત્ર આતશને ખસેડવાની કોશેશ કરવામાં આવી હતી એ વાત ખોટી છે. મુકદમો છોડી દેવાની ફરજ પાડવા અમો ઉપર સુલેહનો ભંગ કરવાનું ખોટું તોહમત અમે ત્રણ જણા તથા બીજા એક ઉપર મુકવામાં આવ્યું હતુ. પણ અમે રાજી ખુશીથી જોઇતી જામીનગીરી આપવા કબુલ્યું તેથી કાંઈ પણ તપાસ ચલાવવામાં આવી નથી.

(૮) તકરારી બાબતોમાં અપીલ કરનારાઓને કદાચ લાગતું વળગતું ન હશે. પણ બેરામજી પેસ્તનજી ભરડા જેઓ નવ કુટુંબમાના એક છે, તેઓએ આતશબેહેરામ તથા તેની મીલકતનો કારોબાર તથા કબજો પોતાને એકલાને હસ્તક લેવા કશું બાકી રાખ્યું નથી.

અપીલની સુનાવણી.

અપીલની સુનાવણી તા. ૧૬ મી માર્ચથી તા. ૧ લી એપ્રીલ ૧૯૦૩ સુધી ચાલી હતી, જે દરમ્યાન દશ સુનાવણી થઈ હતી. બંને પક્ષના ધારાના હિમાયતીઓએ મુકદમાના જુદા જુદા ૧૩ મુદદાઓ ઉપર લંબાણ તકરાર ચલાવી હતી. તથા સંખ્યાબંધ દસ્તાવેજોની સાહાદત રજુ કરી હતી. જડજોએ સમજુતી કરવા સૂચના કરી હતી. પણ બંને પક્ષે તે કબુલ રાખી હતી નહિ.

અનજુમનનો મત લેવાનો વડા જડજનો હોકમ.

બંને પક્ષોની તકરાર તથા ભાષણો પૂરાં થયાં બાદ ચીફ જસ્ટીસે જણાવ્યું કે કોઇપણ પક્ષ જીતશે કે હારશે તો આખી પારસી કોમને માટે મોટી અસર થાય એવા સવાલો આ મુકદમાના ચુકાદા ઉપરથી જન્મ પામશે, એ બનવા જોગ છે. હું કાંઈપણ નકકી પણે કહેતો નથી. પણ ધારો કે આતશ-

બેહેરામવાલી ઈમારત તથા તેને લગતો સામાન તથા તેની જમીન તથા રૂ. ૬૧૦૦૦)ની ટ્રસ્ટમાં મળેલી રકમ ઉપર પ્રતિવાદિઓને હક છે એમ અમે ઠરાવ્યે તો પછી પ્રતિવાદિઓ ગમે ત્યારે ઇમારત તોડી પાડી શકે અને જમીન તથા રકમનો ચાહે તે ઉપયોગ કરી શકે. તેમ વળી જો આ ઈમારતનો કબજો પ્રતિવાદિઓને નહિ આપતાં વાદિઓના હાથમાં જાય તો વાદિઓ પણ પોતે ચાહે તેમ કરી શકે. આમાં આ બે પક્ષનેજ લાગતું વળગતું નથી. પણ આખી પારસી કોમને લાગતું વળગતું છે અને ખાસ કરીને ઉદવાડાની જરથોસ્તી કોમને તે સાથે મુખ્ય સંબંધ છે. માટે ઉદવાડાની જરથોસ્તી કોમનો આ મુકદમા વિષે શું વિચાર છે તે જાણવાબી અગત્યતા છે. તેટલા માટે તેની એક જાહેર સભા બોલાવી તેનો વિચાર પુછવામાં આવે તો અમને ચુકાદો આપતી વખતે તે બાબત વધારે સારી રીતે ધ્યાનમાં લેવાનું બની શકે.

બંને પક્ષે શેઠ રૂસ્તમજી ધનજીભાઈ શેઠના રજીસ્ટ્રારને આ સભાનું પ્રમુખપદ લેવા ખુશી દેખાડી હતી. માટે કોરટે તેમને પ્રમુખ નેમ્યા હતા.

ઉદવાડાની જરથોસ્તી અનજુમનની સભા તથા ઠરાવો સંબંધી રીપોર્ટ.

ઉપલી ગોઠવણ પ્રમાણે ઉદવાડાના જરથોસ્તીઓની અનજુમનની સભા તા. ૨૦ મી એપ્રીલ ૧૯૦૩ અને સોમવારે બપોરે ત્રણ કલાકે મુંબાઈની હાઈ કોરટે નેમેલા પ્રમુખ શેઠ રૂ. ધ. શેઠનાના સરનશીનપણાં તળે ઉદવાડાના આતશબેહેરામનાં મકાનમાં મળી હતી. બાઇ મોટલાંબાઇનાં ટ્રસ્ટ ડીડનો ગુજરાતી તરજુમો હેંડ બીલ તરીકે વેહેંચવામાં આવ્યો હતો. મીટીંગ બાબેની જાહેર ખબર તા ૧૧ મી તથા તા. ૧૯ મી એપ્રીલ ૧૯૦૩ ના જામે જમશેદમાં આપવામાં આવી હતી.

નેમેલા વખતની બે ત્રણ કલાક આગમચ આતશબેહેરામનું મકાન સભાસદોથી ચીકાર ભરાઈ ગયું હતું. મકાનની થોડેક

દૂર સુરત તથા વલસાડથી આવેલી ખાસ પોલીસ ફોજના માણસોને ઉભાં રાખવામાં આવ્યાં હતાં. વાડીઆજીના સોલીસીટર મી. હોરમજી ચીચગરે લેખિત પ્રોટેસ્ટ રજુ કીધો કે "ગઈ કાલે અમે જોયું કે પોલીસની એક મજબુત તુકડી ઉદવાડામાં આવી છે. એ પોલીસ હથિયારબંધ છે તથા પોતા સાથે મોટી સંખ્યામાં બેડીઓ લાવ્યા છે. અને તેઓને આતશબેહેરામની નજદીકમાં ખડા કીધા છે. જે મોબેદો દેશાવરથી અમારા કુળને ટેકો આપવા અત્રે આવતા હતા તેઓએ પોલીસની વાત જાણી તેથી ઘણાઓ આવ્યા નથી. અને જેઓ આવ્યા છે તેઓ સભામાં હાજર થયા નથી. બાઈ મોટલાંબાઈનાં ટ્રસ્ટનો તરજુમો જે બીન સત્તાવાર છે તે વેહેંચવામાં આવ્યો છે. ટ્રસ્ડ ડીડ ટ્રસ્ટીઓને મોબેદોના લાભની વિરૂદ્ધ જાય એવી કેટલીક સ-તા તથા હકો બક્ષે છે. એવો ભૂલ ભરેલો વિચાર મોબેદો ધરાવે છે."

પ્રમુખ મી. શેઠનાએ મી. ચીચગરને પુછયું કે જો પોલીસને અહિંથી મોકલી દઇએ તો તમારી તરફના મત આપનારા અત્રે આવશે કે? મી. ચીચગરે કહ્યું કે હવે કયાં અમે તેમને શોધવા જઇએ?

પોલીસની હાજરીના સંબંધમાં પ્રમુખે જણાવ્યું કે મેં ધાર્યું કે આજની સભા ઘણી મોટી મલશે. અને કદાચ તકરાર કરતાં સભાસદો ઉશકેરાઈ જાય અને મારામારી થાય, એવા વિચારથી એ પોલીસ મેંજ બોલાવી છે. મી. નાનુ એંડ હોરમસજી જો આગળથી વાંધો ઉઠાવતે તો એ પોલીસને તુરત પાછી મોકલાવી દેતે. પોલીસ તો ઉલટી એઓના પક્ષના બચવા માટે બોલાવી હતી.

પછી પ્રમુખે જણાવ્યું કે આ સભા ફક્ત જેઓ ઉદવાડાના છે. તેઓનેજ (ઉદવાડીઆઓનેજ) મત આપવાનો હક છે. બહારગામના કોઈને પણ મત આપવાનો હક નથી. માટે બહારના સાહેબો જેઓ અત્રે હાજર હોય તેઓએ મકાન છોડી બહાર જવું. આ સાભળીને કામકાજ જોવા આવેલા સાહેબો

બહાર ગયા હતા; અને "હૉલ"ના દરવાજા અંદરથી બંધ કરવામાં આવ્યા હતા.

પછી પ્રમુખે હાઈ કોરટના જડજોએ પુછેલો નીચલો સવાલ સભા સનમુખ રજુ કીધો હતો:—

"વાદિઓએ માંગેલી દાદ સઘળી અથવા થોડી જો કોરટ બક્ષે તો કદાચ એમ બને કે બાઈ મોટલાંબાઈના ટ્રશ્ટીઓ અથવા વારસો બાઇ મોટલાંબાઇની સખાવતો, એટલે કે તા. ૨ જી સપટેમબર ૧૮૯૬ના ટ્રશ્ટડીડ મુજબ ટ્રશ્ટ કીધેલા રૂ. ૬૧૦૦૦)ની રકમ અને આતશબેહેરામ સારૂ તે બાઈએ ખરીદ કરેલી જમીન અને આતશબેહેરામને બક્ષેશ આપેલાં ફરનીચર અને વાસણો વિષે દાવો કરી પાછી લઇ શકે, તો આ જોખમ ખેડી મૂળ દાવામાં માગેલી દાદ કોરટના ઠરાવથી લેવાનું ઉદવાડાના જરથોસ્તી રહેવાસીઓ પસંદ કરે છે કે કેમ?" સઘળા સભાસદોએ "હા"નો જવાબ આપ્યો હતો. બાદ આ ઠરાવ ઉપર પ્રમુખે સઘળાઓની સહી લીધી હતી.

પ્રમુખે બીજો સવાલ આ પુછયો હતો:—

"બાઈ મોટલાંબાઈના ટ્રશ્ટીઓ જે સઘળા હકો તથા સત્તાઓ ટ્રશ્ટડીડની રૂહે ભોગવવાનો દાવો કરે કરે છે, તે તેમને આપી દેવાનું પસંદ કરે છે કે કેમ? જો ધરમ સંબંધી બાબતોનો કાબુ એટલે ધરમ સંબંધી ક્રિયાકામો અને બાબતો ઉદવાડાની અનજુમનના હાથમાં રહેવા દેવામાં આવે અને મજકુર અનજુમનના એ વહીવટમાં કોઈપણ રીતની હરકત કરવામાં નહિ આવે તો ધર્મ ક્રિયાઓને નહિ લગતો પણ આતશબેહેરામની ઈમારત વગેરે સંબંધીનો કાબુ એટલે કે જમીનો મકાનો અને ટ્રશ્ટ ફંડને લગતો વહીવટ બાઇ મોટલાંબાઈના ટ્રશ્ટીઓના હાથમાં રહેવા દેવા ઉદવાડાના જરથોસ્તી રહેવાસીઓ રાજી છે કે કેમ?"

સઘળાઓએ જવાબ આપ્યો, કે "ટ્રશ્ટીઓને હકો અને સત્તાઓ આપવાનું અમે પસંદ કરતા નથી. અને ઈમારત વગેરેનો વહીવટ ટ્રશ્ટીઓના હાથમાં રહેવા દેવા અમે રાજી નથી."

બાદ તા. ૨૧ મી એપ્રીલ ૧૯૦૩ ને દીને સભામાં પસાર થયલા ઠરાવો વિષે મી. શેઠનાએ અપીલ કોરટને રીપોરટ કીધો હતો. અને તેમાં જણાવ્યું હતું કે તેમણે પોતેજ તા. ૧૫ મી એપ્રીલે સુરતના પોલીસ સુપ્રીનટેનડેંટને કાગળ લખી અરજ કીધી હતી, કે પોલીસની તુકડી મોકલવી, કે જેથી સુલેહ જળવાયલી રહે. તા. ૨૦ મી એપ્રીલને દીને ત્રણ વાગ્યે તેઓ સભાનું કામ ચલાવવા ગયા, ત્યારે આતશબેહેરામનું દીવાનખાનું ચીકાર ભરાયલું હતું; સભાસદોનો મોટો ભાગ મોબેદોનો હતો. ત્યાં આસરે ૨૫૦) ઉદવાડાના પારસીઓ હતા, જેમાં બે દસ્તુરો તથા આશરે ૨૦) બહારગામના પારસીઓ હતા. બહારગામના પારસીઓને દીવાનખાનાની બહાર જવા કહેવામાં આવ્યું હતું. બાદ પ્રોટેસ્ટ વગેરેનો ઇશારો કરી પસાર થયલા ઠરાવોની હકીકત જણાવી હતી.

અપીલ કોરટનો ચુકાદો.

તા. ૨૯ મી જુલાઇ ૧૯૦૩ ને દીને નામદાર વડા જડજે અપીલ કોરટનો ચુકાદો વાંચી સભળાવ્યો હતો. તેનો સાર આ હતો કે આ મુકદમો સુરત વિભાગમાં આવેલા પારડી તાલુકાના ઉદવાડા કસબામાં આવેલાં આતશબેહેરામને લગતો છે. આતશ-બેહેરામની ટુંક તવારીખ આપી તથા સબ જડજે મુદદાઓના આપેલા ચુકાદાઓ ટાંકી વડા જડજે જણાવ્યું, કે ખાનબહાદુર બહમનજી બેરામજી પટેલના કહેવા સાથે અમે દીલસોજી ધરાવીએ છીએ, કે આ દરવાજો બંધ કરવા જેવી નજીવી બાબત પરથી આ કજીયો ઉભો થયો છે, તેથી પારસી કોમનો મોટો ભાગ નાખુશ થયો છે. સમજુતીથી નીવેડો લાવવાની સઘળી સૂચનાઓ પક્ષકારોએ ના પાડી છે.

પ્રતિવાદિઓએ કરેલો માલકીનો દાવો.

એવી તકરાર લેવામાં આવી છે કે બાઈ મોટલીબાઇએ સખાવત કર્યાથી એક સ્થાપનાર તરીકે તેમને સત્તા મળી છે. તથા આતશબેહેરામ અને તેને લગતાં બાંધકામો જે અગાઉ

દાદાભાઇને લગતાં હતાં, તેની ઉપરના હકો બાઇ મોટલીબાઇને મળ્યા છે....અસલના પાયાને લગતી શરતો વિષે કશી જબાની રજુ થઇ નથી. પહેલી ઇમારતની જમીન કોણે મેળવી હતી તે પણ અચોકકસ છે. અકેક પછી નવેસરથી બાંધનારાઓએ કરેલી શરતની વિગતો પણ અપૂર્ણ છે. કોઇબી રીતે ૧૮૩૦ માં વહાડીઆએ મકાન બંધાવ્યું ત્યાં સુધી એ અપૂર્ણતા જણાય છે. દાદાભાઇએ મકાન ફરીથી બાંધી આપતી વખતે શી શરતો કીધી હતી, તેની સિદ્ધિ નોંધ નથી.

દાદાભાઈ વાડીઆના હકો તથા તે માટે કાયદો.

દાદાભાઇએ મકાન બંધાવ્યું હતું, તેનું સમાર કામ, ચુનો ઢોલવાનું તથા નળીઆં ચાળવાનું કામ કરાવ્યું હતું. તેમણે કાઠી તેલ સુખડ લોબાન પૂરાં પાડયાં હતાં. ઓટલા તથા ઇમારતના ભાગો કેવી રીતે વાપરવા તેના ફરમાનો તેમણે આપ્યાં હતાં. પણ તેથી એમ થતું નથી કે ઇમારતનો કબજો તથા સંપૂર્ણ કારોબાર તેમને સોંપી દેવામાં આવ્યો હતો. દાદાભાઇ આ ખાતાંના પહેલા સ્થાપનાર હતા નહિ. તા. ૧૪ મી અકટોબર ૧૮૬૨ ના લખતમાં જણાવ્યા પ્રમાણે તેમણે પોતાની નવી ઇમારતમાં તે વેળાની હૈયાત ઇમારતનો કેટલોક ભાગ લીધો હતો. આતશબેહેરામને લગતી હાલની જમીન ઉપરાંતની જમીનને લગતો હક કે માલકીનો હક તેમણે મેળવ્યો ન હતો. કહેવામાં આવ્યું છે કે ઉદવાડામાં પહેલાં ઇમારત બાંધનારે ઇમારત તથા જમીનની માલકી પોતાના હાથમાં રાખેલી હોવી જોઇએ. અને તે હક પછીના બાંધનારાઓના હાથમાં આવ્યો હતો. પણ એકના હાથમાંથી બીજાના હાથમાં આમ હક જતા હોય એવો માર્ગ કાયદા મારફતે લેવાતો અમે જાણતા નથી. એવા હકો મળતા હોય એવી ભૂલ ખાઇને જેઓ બીજાની મીલકત ઉપર ખરચ કરે તેમની તરફેણમાં કાયદો જતો નથી. ખરૂં છે કે નાણું ખરચવામાં આવ્યું છે. પણ પવિત્ર આતશને બક્ષિશ કરવાના કામને પારસીઓ તરફથી મોટી પવિત્રાઇનાં કામ તરીકે લેખવામાં આવે છે. આવી મતલબથીજ આ ખરચ કરવામાં આવ્યો છે.

બાઇ મોટલાંબાઇએ કેવા સંજોગો વચ્ચે ઇમારત બાંધી હતી.

દાદાભાઈ મરણ પામ્યા અને તેમના દીકરાની જોગવાઇ આ કામ કરવા જેવી ન હતી. માટે અનજુમને એવો ઠરાવ કર્યો કે જરથોસ્તી પ્રજાને અરજ કરી મકાન સારૂં એક ઘટતું ફંડ ઉભું કરવું. બાદ ઉઘરાણાંની ટીપ ફેરવવામાં આવી હતી; તેમાં કેટલીક રકમ એકઠી થઇ હતી. આયંદેહ ફરીને બાંધવાનો સઘળો ખરચ બાઇ મોટલીબાઇએ પોતાને માથે લીધો હતો. પછી જુની ઇમારત અનજુમન તરફથી તોડી પાડવામાં આવી હતી અને તેનો કાટ રૂ. ૧૯૫૦) ની કીંમતે વેચી નાખવામાં આવ્યો હતો.

બાઈ મોટલીબાઇએ વધારાની જમીન ખરીદી મકાન બંધાવ્યું તે ખુલ્લું મેળવાની ક્રિયા તા. ૩૧ મી અકટોબર ૧૮૯૪ને દીને કરવામાં આવી હતી. તે વેળાએ તેમના બેટાઓ શેઠો નવરોજી તથા નશરવાનજી હાજર થયા હતા. બાઈ મોટલીબાઇને નામનું કાગળ વાંચવામાં આવ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે નવી ઇમારત ભેટ આપવામાં આવી છે, તથા તેમાં ભેટ આપવાની મતલબ દર્શાવવામાં આવી હતી. આતશબેહેરામ ઉપર એક તખ્તી મુકવામાં આવી છે, તેના ઉપરથી પણ એવું દેખાતું નથી, કે બાઇ મોટલીબાઈ તરફથી કાંઈ લાભો અથવા માલેકી ધરાવવામાં આવી હોય.

તા. ૨૦ મી અકટોબર ૧૮૯૫ ને દીને ઉદવાડાના ચોકકસ મોબેદો ભીખાજી દીનયારજી ઉનવાળા તથા બીજાઓએ બાઇ મોટલીબાઈ ઉપર કાગળ લખ્યો હતો, કે જેમાં તેમણે "નવી ઇમારત બંધાવવા તથા ભેટ આપ્યા"થી ઉપકાર કરેલો કહયો હતો. પણ અનજુમનનો મત પુછયા વિના તખ્તી તેમણે ઉભી કીધી હતી, તે ભૂલ ભરેલી હતી એમ જણાવ્યું હતું. આના જવાબમાં બાઈ મોટલીબાઇએ ઉપલા મોબેદો ઉપર તા. ૨૬ મી અકટોબર ૧૮૯૫ને દીને કાગળ લખ્યો હતો કે "નવી ઇમારતોના સંબંધમાં મને ગમશે તેમ કરીશ. જુની ઇમારત મેરવાનજી વાડીઆએ મને સોંપી હતી વગેરે."

તા. ૨૭ શપટેમબર ૧૮૯૬ ને દીને ત્રશ્ટ ડીડ બનાવવામાં આવ્યું હતું. તેની ઉપર પ્રતિવાદિઓ આધાર મેળે છે. પણ ત્રશ્ટ ડીડની કલમોથી બાઇ મોટલીબાઇના હકોમાં વધારો થઇ શકે નહી. અનજુમનને સિદ્ધિ યા આડકત્રી રીતે તેમાં પક્ષકાર કરવામાં આવી હતી નહિ. માટે તેને આતશબેહેરામમાં જે હકો હતા તેને અસર પુગી શકે નહિ. એક માણસ બીજાની જમીન ઉપર કાંઇ ખરચ કરે તો માલેકીના હકો તેની તરફેણમાં ઉભા થાય. પણ તે પરિણામ નીપજાવવા માટે બરાબર દર્શાવેલી ચોક્કસ શરતો સાબેત કરવી જોઇએ, જે આ બનાવમાં ગેરહાજર છે. પ્રતિવાદિઓ જે દાવો કરે છે તે બાઇ મોટલીબાઇને મળી શકે નહિ. તેમની તરફથી કોઇ પણ તે હક મેળવવાનો દાવો કરી શકે એવું માનવામાં બાઇ મોટલીબાઇને ઉ-તેજન મળે એવી રીતે ઉદવાડાની અનજુમન કોઇ પણ વખતે વરતી નથી. આ આતશબેહેરામ બાબે મોટલીબાઇએ બહુ મોટી રકમ ખરચી હતી. પણ આ ખરચ તેમણે કર્યો હતો, તે માલકીનો હક ધરાવવા અથવા દુન્યાઇ લાભો મેળવવા નહિ, પણ ધરમનો બદલો મેળવવા કર્યો હતો. તેમણે એવી વકી રાખેલી બનવા જોગ છે કે તેઓ તથા ત્રશ્ટીઓને સમારકામ કે પરઠાવવાનું કામ જેની અગત પડે તે કરવાનો પહેલો હક તેમને રહેશે.

તકરારી દરવાજાના માર્ગમાં બાંધેલી ભીંત.

આતશબેહેરામ તથા દરેમેહેર વચ્ચેની ભીંત મોટલીબાઇએ કે તેમના ત્રશ્ટીઓએ કે દાદાભાઇએ મેળવી હતી નહિ. આ ભીંત આતશબેહેરામ તથા દરેમેહેરની વચ્ચેનો માર્ગ બંધ કરે છે, કે જે માર્ગ અગાઉથી ખુલ્લો હતો. ત્રશ્ટીઓને જે મીલકત મળી નથી, તે ઉપર બાંધવાને તેમને કાંઇપણ હક ન હતો. આતશબેહેરામમાં થતી નાની ચોરીઓના અટકાવ માટે માર્ગ બંધ કરવાને બદલે ઓછા સખત ઉપાયોથી નેમ પાર પાડી શકાતે.

બી. સી. ડી. મારકાવાળા દરવાજા બંધ કરવા બાબે.

આતશબેહેરામની બહારની દીવાલના એક ભાગ ઉપર આવેલા બી. મારકાવાળો દરવાજો છે, તે મારફતે આતશબેહેરામમાં

દાખલ થવાય છે. તે જુના આતશબેહેરામની દીવાલવાળી જગા ઉપર છે. કમપાઉંડના દક્ષિણ-પશ્ચિમ ખુણામાં આવેલા કુવા તરફ જવાનો રાતની વેળાએ તે એકલો માર્ગ છે. જુના આતશ-બેહેરામમાં એજ માફક એક દરવાજો આવેલો હતો. માટે આ દરવાજો બંધ કરવાને ત્રશ્ટીઓને કશો હક ન હતો. તે બંધ કરવાનું કામ તેમની હદ ઉપરાંતનું હતું.

સી. તથા ડી. મારકાવાળા દરવાજા જ્યાં આવેલા છે તે ઈમારતનો ભાગ બાઈ મોટલીબાઇએ લીધેલી જમીન ઉપર છે. બાઈ મોટલીબાઇએ બાંધેલી નવી ઈમારતમાં તે દરવાજા મેળવામાં આવ્યા છે. તેમણે આ ઇમારત (તેના કોઈ પણ ચોકકસ ભાગોનો તફાવત રાખ્યા વગર) આપી દીધી હતી. આ દરવાજા બંધ કરવામાં પ્રતિવાદિઓની વર્તણુક ગેરવાજબી હતી.

મુકદમો માંડવાનો વાદિઓનો હક.

યાજ્ઞવલકય તથા મિતાક્ષર ઉપરથી માલૂમ પડે છે, કે એક ગામડાંની કોમ અથવા હેરફેર થતું મંડળ મીલકત મેળવવાને લાયક છે. વળી પ્રીવી કાઉનસીલવાલા "શીવરામનચેતી વિરૂદ્ધ મુઠવાચેતી"વાલા મુકદમાના ચુકાદામાં એવું સ્વીકાર્યું છે કે એક ગામડું મીલકત ધરાવી શકે (I. L. R. 12 MAD. 241). આતશબેહેરામ ઉદવાડાના પારસીઓનું છે એટલુંજ નહિ પણ તેઓએ બહુ અસલના વખતથી તેનો કારોબાર ચલાવ્યો છે. ઇરાનશાહ કોઈની પણ માલકી હેઠલ હોય એવું ગણાવવાની વિરૂદ્ધ પારસી કોમ છે. પણ આ દેખીતું છે કે અઘટીત દાવાઓ સાંમે બચાવ કરવાની સત્તા કોઈએ પણ ધરાવવી તો જોઈએ. અને જેઓએ સોગંદનામાંમાં પોતાને કારોબાર ચલાવવાની સ-તા જણાવી છે તેઓ તે ધરાવે છે એવું અમને માલૂમ પડે છે.

અનજુમન તથા કુળ અનજુમન.

છેક ૧૮૩૧ માં આતશબેહેરામના સંબંધમાં નેમવામાં આવેલાં મંડળ જેવી એક અનજુમન તૈયાર હતી. કારણ કે તા.

૩૧ મી જાનેવારી ૧૮૩૧ ને દીને ઉદેપુરનાં આતશબેહેરામની અનજુમન માટે બે દસ્તુરોએ એક મુગલાઈ હક* ખરીદીઓ હતો.

ઈ. સ. ૧૮૪૩માં એક પત્ર દસ્તુરો તથા "આખી અનજુમન" ઉપર આતશબેહેરામની દરેમેહેરને કરવામાં આવેલી વાસણની ભેટ સંબંધમાં લખવામાં આવ્યો હતો.

ઈ. સ. ૧૮૬૦નાં એક દસ્તાવેજમાં "ઉદવાડાની અનજુમન" તરફથી દસ્તુર પાસે માંગવામાં આવેલા ખુલાસાની તથા તેના જવાબની નોંધ છે. આમાં ઉદવાડાના મોબેદો તથા બેહેદીનોને ગણવામાં આવ્યા છે.

ઈ. સ. ૧૮૬૩ માં ઉદવાડાના દસ્તુરો મોબેદો અને બેહેદીનો "સમસ્ત અનજુન"માં ભેગા મળ્યા હતા. તેઓએ એક પ્રમુખ સાથે ૧૬ જણની કમિટિ નેમી હતી અને તેને ચોકકસ સત્તા આપી હતી. આ બાબતના એક દસ્તાવેજમાં "અનજુમન"ને આતશબેહેરામના સંબંધમાં એક પંચાએત તરીકે સ્વીકારવામાં આવી હતી, અને તેને દેખરેખ રાખવાની સત્તા આપેલી હતી.

ઈ. સ. ૧૮૬૩માં દાદાભાઇએ એક પત્ર "ઉદવાડાની આખી અનજુમનના સાહેબો જોગ" લખી એવી માંગણી કરી હતી, કે તેમણે નેમેલા ટ્રશ્ટીઓને તે મંડળે મદદ કરવી.

અનજુમનને નામનું એક ખાતું છે. તથા અનજુમનને વાસણો ધરાવતી જણાવી છે. તા. ૧ લી ફેબરવારી ૧૮૮૩ ને દીને માણેકજી કાવશજીએ કેટલાક મોબેદો તથા એક બેહેદીન ઉપર કાગળ લખ્યો હતો. તેમાં તેમણે "ઉદવાડાની જરથોસ્તી અનજુમન"ના વડા માણસો તરીકે લખ્યું હતું.

તા. ૨૭મી ફેબરવારી ૧૮૮૮ને દીને સર દીનશાહ પીટીટ જોગ એક કાગળ લખવામાં આવ્યો હતો તેમાં એક નવી

---

*આ હકની વિગત ૧૯ માં પ્રકરણમાં આપીશું.

ઈમારત બાંધી આપવાની માંગણી કરી હતી. અને તેથી "અનજુમન" ઉપર અસર થવાનો ઈશારો કરવામાં આવ્યો હતો. તા. ૧૪ મી જુલાઈ ૧૮૯૦ ને દીને ઉદવાડાના આતશબેહેરામ સંબંધમાં સઘળી જરથોસ્તી આલમને અરજ કરવામાં આવી હતી. આ બંને દસ્તાવેજો ઉપર ચોથા પ્રતિવાદિ બેહેરામજી ભરડાની સહી છે. તા. ૧૦ મી માર્ચ ૧૮૯૦ ને દીને ઉદવાડાના દસ્તુરો મોબેદો તથા બેહેદીનો સમસ્ત અનજુમનમાં મળ્યા હતા.

આ ઉપરથી એવો સાર નીકળે છે કે "અનજુમન" એવું મંડળ હતું, કે જેને આતશબેહેરામ તથા તેને સગતાં લઘળાં કામો ઉપર અંકુશ રાખવાનું કારોબાર ચલાવવાનું તથા દેખરેખ રાખવાનું કામ મળ્યું હતું.

આખાં હિંદુસ્તાનના પારસીઓની અનજુમન "કુલે અનજુન"ના નામથી ઓળખાય છે. અંકુશ રાખવાનું કામ તેવી અનજુમનને મળ્યું હોય એવું કશું જબાનીમાં નથી. ઉદવાડાની અનજુમન ત્યાંના નવ મોબેદી કુટુંબની બનેલી છે, એવી તકરાર વિષે કહેવાનું આ છે, કે અસલમાં ગમે તેમ હોય છતાં એ નવ કુટુંબોએ કારોબાર ચલાવવામાં ઉદવાડાના બેહેદીનોને સ્વીકાર્યા છે. અને આ મુકદમો પણ મોબેદો તથા બેહેદીનો તરફથી માંડવામાં આવ્યો છે. માટે વાદિઓ મુકદમો માંડવાને લાયક છે. આ મુકદમામાં એડવોકેટ જનરલની રજા લીધી નથી એ વાંધો ખોટો છે.

ઉદવાડાખાતેના પારસીઓની સભા.

એવું કહેવામાં આવ્યું છે કે ચુકાદો પ્રતિવાદિઓની વિરૂદ્ધમાં જશે તો રૂ. ૬૧૦૦૦) નું ટ્રસ્ટ બાજુ મેળવાને પગલાં ઘણું કરીને ભરવામાં આવશે. આ બાબત કોમને માથે એક જોખમદારી લાવી મેળે એવી હોવાથી અમે ઉદવાડાના રહેવાસીઓનો મત જાણવાનું દરૂસ્ત ગણ્યું. અને તેઓએ જોખમ છતાં એકમતે ઠરાવ પસાર કીધો છે.

વાદિઓને કેવી દાદમળી.

ફર્યાદનામાંની (એ) ફકરામાં માંગવામાં આવેલી દાદ હદ બહારની હોવાથી વાદિઓને તે બક્ષી શકાય નહિ. (બી) ફકરામાં જણાવેલી દરવાજા સંબંધી માંગેલી દાદ વાદિઓને મળવી જોઇએ. પણ પ્રતિવાદિઓએ દરવાજાને આડે બાંધેલી ભીંત તોડી પાડવા અમે તેઓને ફરમાવવાનું બંધબેસ્તું ગણતા નથી. સબબ કે તેઓને આ ભીંત તથા જમીન ઉપર કશો હક નથી. પારકી જમીન ઉપર દાખલ થઇ બાંધકામ ખસેડી લેઈ જવાનું હોકમનામું આપી શકાય નહિ. (ઇ) ફકરામાં માંગેલી દાદ કાયદાપૂર્વક હદની બહાર છે.

તકરારી દરવાજો ખુલ્લો થયો.

તા. ૬ ઠી આગશટ ૧૯૦૩ ને દીને ઉદવાડાના તમામ મોબેદો એકઠા થઇ તેઓએ પોતે હાઈ કોરટના હોકમ પ્રમાણે તકરારી દરવાજા મધ્યે ભરેલું ભીંતનું બીલ્લું તોડી પાડીને તે ખુલ્લો કીધો હતો. તેમ કરવા આગમચ આતશબેહેરામનાં મકાનમાં શુક્ર ગુજારીનું જશન કરવામા આવ્યું હતું. (જામે જમશેદ તા. ૮–૮–૧૯૦૩). તા. ૧૯ મી આગશટ ૧૯૦૩ ને દીને અનજુમને ઠરાવ કીધો કે આતશબેહેરામ સાહેબને આજે રાતના આપણા રેવાજ મુજબ ઉઠાવી લેઈ જઇ દરેમેહેરમાં મુકવા અને તે સંબંધી જે કરવું ઘટે તે અનજુમને ભેગી થઈ કરવું.

દરવાજા કેસમાં પીટીટ ખાનદાનની મદદ.

● તકરારી દરવાજા કેસના સંબંધમાં પીટીટ ખાનદાને ઉદવાડાની અનજુમનને કીંમતી મદદ કરી હતી. માટે તા. ૧૬ મી માર્ચ ૧૯૦૦ ને દીને શેઠ બમનજી દીનશાજી પીટીટ (પોતાના ખેશી શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇ સાથે) ઉદવાડે ગયા હતા, ત્યારે તેમને ઉદવાડાની અનજુમને માન આપ્યું હતું. તેઓ પાછા ઈ. સ. ૧૯૦૬ માં ઉદવાડે ગયા હતા. ત્યારે તા. ૨૧-૩-૧૯૦૬ ને દીને ઉદવાડાની સમસ્ત અનજુમને માનપત્ર

આપ્યું હતું અને તેમાં મરહુમ સર દીનશાજીનાં ભલાં કામોની યાદ આપી હતી તથા દરવાજા કેસમાં પીટીટ ખાનદાને આપેલી સગીન મદદ માટે ઉપકાર માન્યો હતો. વળી તા. ૧૪ મી નવેમબર ૧૯૦૩ ને દીને બીજા સર દીનશાહ માણેકજી પીટીટ તથા બાઇ આવાંબાઈ ફરામજી પીટીટ ઉદવાડે ગયાં, ત્યારે ઉદવાડાની અનજુમને તેઓને માનપત્ર આપ્યું હતું.

પ્રીવીકાઉનસીલમાં અપીલ કરવા હાઈ કોરટને અરજ.

તા. ૨૭ મી જાનેવારી ૧૯૦૪ ને દીને બાઈ મોટલાંબાઈના ટ્રશ્ટીઓએ હાઇ કોરટના ચુકાદા વિરૂદ્ધ પ્રીવીકાઉનસીલને અપીલ કરવાની રજા હાઇ કોરટ કને માંગી હતી. તેની સુનાવણી વડા જડજ સર લૉરેન્સ જેનકીનસ તથા મી. જસ્ટીસ બેટી સનમુખ નીકળી હતી. પક્ષકારોના બારીસ્ટરોની તકરાર સમજી ચીફ જસ્ટીસે જણાવ્યું કે આ મુકદમામાં સમાયલા સવાલો ઘણા અગત્યના છે. માટે તે પ્રીવીકાઉનસીલમાં જવો જોઇએ. અને તેથી અપીલની અરજીમાં એવો સુધારો કરવો કે આતશ-બેહેરામને લગતી મીલકતની કીંમત રૂ. ૧૦૦૦૦) ઉપરની છે. અને મુકદમો બધી રીતે પ્રીવીકાઉનસીલમાં લેઇ જવાને લાયકનો છે. તેવો સુધારો થવા બાદ અરજદારોને પ્રીવીકાઉનસીલમાં મુકદમો લેઈ જવાની સરટીફીકેટ નામદાર જડજોએ આપી હતી.

તા. ૮ મી એપ્રીલ ૧૯૦૪ ને દીને ત્રશ્ટીઓએ ખરચની જામીનગીરી તરીકે રૂ. ૫૦૦૦) તથા તરજુમાના ખરચ સારૂ રૂ. ૨૦૦૦) ની રકમો હાઈકોરટમાં ડીપાજીટ મુકી હતી. ●

શેઠ નવરોજી વાડીઆએ દેખાડેલું મોટું દીલ.

શેઠ નવરોજી વાડીઆએ જામે જમશેદના એક પ્રતિનિધિ સાથે વાત થતાં તેમને જણાવ્યું (જામે જમશેદ તા. ૨૩-૧૨-૧૯૦૫) કે "હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે રૂ. ૬૧૦૦૦) ની રકમ જે અમે ખરચને માટે આપી છે, તે અમે ચાહીએ તો પાછી

ખેંચી લઈ શકીએ. અને ખરચની રકમો અમે આતશબેહેરામ માટે આપતા રહ્યા છીએ, તે જ્યારે પણ ચાહીએ ત્યારે બંધ કરી શકીએ. પણ તેટલી હદે હું જવા માંગતો નથી. મને ઉમેદ છે કે મોબેદો સારી સમજ વાપરી નીવેડો લાવવાના કામમાં પોતાની મદદ આપવા તૈયાર થશે. આ મુકદમાને સબબે પારકી કોમોમાં આપણી કોમને બહુ નઠારૂં લાગે છે; તેમજ મોબેદોને પણ ખમવું પડે છે. પ્રીવીકાઉનસીલમાં અપીલ દાખલ થવાનીજ માત્ર ખોટી છે. તેટલાં માંડવાલ થઈ જાય એવી મારાં ખરાં દીલની ઉમેદ છે."

પક્ષકારો વચ્ચે થયલી સમજુતીનું લખત.

અંતે લગભગ દશ વર્ષે સર જમશેદજી જીજીભાઇ તથા શેઠો રૂ. ધ. શેઠના, હો. કુ. કોયાજી, દીનશા ફ. મુલ્લાં, તથા એરવદ ભીખાજી દી. ઉનવાલાની* ભેગી કોશેશથી તથા શેઠ નવરોજી વાડીઆએ મોટું દીલ દેખાડી નાંખતી કીધી, માટે આશરે દોઢ લાખ રૂપીઆના ખરચ થયા બાદ પક્ષકારો વચ્ચે સમજુતીનું લખત આઠ આનાવાલાં સ્ટાંપના કાગજ ઉપર તા. ૧૬ મી એપ્રીલ ૧૯૦૬ ને દીને થયું હતું. આ અગત્યનું લખત રજીસ્તર થયલું નથી. તે એરવદ ઉનવાલા કનેથી મેળવી આ લખનારે પોતે જોઇ તેની આબેહુબ નકલ નીચે લખી છે:—

"શ્રી પાક દાદાર હોરમજદની મદદ હોજોજી. આ ખત તારીખ ૧૬ માહે અપ્રીલ અને (આ શબ્દ ભૂલમાં "સને"ને માટે છે) ૧૯૦૬ ઈશવીને રોજે દસ્તુરજી ખુરશેદજી મીનોચેહરજી તથા શેઠ એદલજી ખરશેદજી ભરડા, મોબેદ ભીખાજી દીનીઆરજી ઉનવાલા (કે જેઓ આય ખતમાં ઉદવાડાની અથોરનાન

---

* એમની સેવાઓની પીછાનમાં એઓ ઇ. સ. ૧૯૦૪ માં રંગુનની દરેમેહેર ખોલવા ત્યાં ગયા ત્યારે દસ્તુરજી ખુરશેદજી તથા કેટલાક મોબેદોએ ઉધરાણું કરી રોજ ૨૪ માહા ૭ ય. જ. ૧૨૭૩ ને દીને શ્યાલ એનાયત કીધી હતી. તથા રંગુનની અનજુમને એમને તથા એમના બેટાઓને શ્યાલ તથા પર્સ ભેટ આપી હતી. ઉપલું લખત તા. ૧૪ મી જાનેવારી ૧૯૨૬ ના જામે જમશેદમાં પણ છપાયું હતું.

અનજુમન એ નામથી જણાવવામાં આવશે) તેઓ એક તરફ અને નવરોજી માણેકજી વાહડીઆ, કાવશજી ખરશેદજી જમશેદજી (જેઓ હાલ સર જમશેદજી જીજીભાઇ છે) તે અને જીજીભાઇ મેહરવાનજી વાડીઆજી (જેઓને આ મધે "બાઈ સાહેબ મોટલાંબાઈ વાહડયાના ટ્રસ્ટીઓ" એવા નામથી જણાવવામાં આવશે) તેઓ બીજી તરફ, એઓનાં વચ્ચે આ લખાણ કરવામાં આવીઉં છે તે નીચે મુજબ છે.

કેટલોએક વખત ઉપર બાઇ સાહેબ મોટલાંબાઈ વાહડયાના ટ્રસ્ટીઓ તથા ઉદવાડાની અથોરનાન અનજુમન એ બંન્નેની વચ્ચે શ્રી ઉદવાડાના પાક ઇરાનશાહ આતશબેહેરામ સાહેબનાં મકાનનાં સંબંધમાં કેટલીએક બાબદો વિષે તકરાર ઉભી થઇ હતી અને તેના પરીણામમાં ઉદવાડાની અથોરનાન અનજુમને બાઇ સાહેબ મોટલાંબાઇના ટ્રસ્ટીઓ ઉપર (કે જેઓમાં બેહરામજી પેશતનજી ભરડા પણ એક હતા અને જેઓ હાલ ગુજરી ગયા છે) તેઓ ઉપર સુરતના ફરસત કલાસ સબોરડીનેટ જડજ સાહેબની કોર્ટમાં દાવો સને ૧૮૯૭નાં નંબર ૨૩૯ નો નોધાવયો તે કામમાં મજકુર સુરતની કોરટમાં તપાસ ચાલયા બાદ તે કોર્ટે તા. ૨૦મી અકટોબર ૧૯૦૦ નાં રોજે પોતાનાં જડજમેંટ અને હુકમનામામાં લખયા મુજબ વાદીઓ એટલે કે ઉદવાડાની અથોરનાન અનજુમનનાં લાભમાં ખરચ સીકે ચુકાદો આપ્યો હતો તે ચુકાદાથી નારાજ થઇ પ્રતીવાદી મજકુરો એટલે બાઈ મોટલાંબાઈના ટ્રસ્ટીઓએ મુંબાઇની નામદાર હાઈ કોર્ટમાં અપીલ નંબર ૧૦૬ સને ૧૯૦૦ના સાલમાં નોંધાવી હતી. તે અપીલની સુનાવણી થવા બાદ તા. ૨૯મી જુલાઈ સને ૧૯૦૩ ને રોજ નામદાર હાઈ કોર્ટે પોતાનાં જડજમેંટ અને હુકમનામામાં દરશાવીઆ પ્રમાણે વાદીઓ એટલે ઉદવાડાની અથોરનાન અનજુમનનાં લાભમાં ખરચ સીકે ચુકાદો આપ્યો હતો તે ચુકાદા ઉપર નામદાર પ્રીવીકાઉનસીલમાં અપીલ કરવાની પરવાનગી બાઈ મોટલાંબાઈના ટ્રસ્ટીઓએ મેળવી છે. પણ હાલ આય ખત ઉપર સહીઓ કરનાર બંને પક્ષો પોતપોતાની ખુશીથી

સમજુતી ઉપર આવ્યા છે. તેનાં પરીણામમાં બાઇ મોટલાંબાઈના ટ્રસ્ટીઓ નામદાર પ્રીવીકાઉનસીલમાં પોતાની મજકુર અપીલ આગલ નહી ચલાવવાનું કબૂલ કરે છે અને નીચે લખેલા ઠરાવો બંને પક્ષો કબૂલ રાખી આ ખત નીચે પોતપોતાની સહીઓ કરે છે તે ઠરાવો નીચે પ્રમાણે છે.

૧. નામદાર હાઇ કોર્ટે પક્ષકારો વચ્ચે તા. ૨૯ મી જુલાઈ સને ૧૯૦૩ ના રોજે આપેલું ઉપર લખેલું જડજમેનટ અને હુકમનામું સઘળું કાયમ રહે છે.

૨. આતશબેહેરામની સાહેબની બોય દેતી વખતનું સુખડ અને કાઠીના રૂપયા મરહુમ શેઠ દાદાભાઈ વાડયા પોતાના પુનને માટે ઉડવાડાની અથોરનાન અનજુમનની મારફતે આપતા હતા તે હાલમાં તેઓના વારસો તેજ પ્રમાણે આપે છે. તે જ્યાં સુધી તેઓ આપે ત્યાં સુધી તેઓ પાસેથી લેવું. તેઓ આપવાનું બંધ કરે તો પછી બાઇ મોટલાંબાઈના ટ્રસ્ટીઓ પાસેથી ઉદવાડાની અથોરનાન અનજુમન સાથે તેઓ તેવી રીતની ગોઠવણ કરીને તેઓના પુનને સારૂં આપે તો લેવું. ઉપર લખેલી ગોઠવણથી એ ઉપર લખેલા સાહેબો સુખડ તથા કાઠીના જોઇતા અને ઘટટા રૂપીઆ આપવાને રાજી હોય ત્યાં સુધી કોઇ બીજા પાસેથી લેવા નહીં.

૩. જ્યાં સુધી મરહુમ શેઠ દાદાભાઇ વાહડયાના વારસો અથવા મોટલાંબાઈના ટ્રસ્ટીઓ કાઠીના જોઈતા અને ઘટતા રૂપયા તથા સુખડ બોય દેવાનું પુરૂં પાડે ત્યાં સુધી તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તે બાઈ મોટલાંબાઇના ટ્રસ્ટીઓ જોતા રહેશે.

૪. આતશબેહરામ શાહેબના મકાનમાં બાઇ મોટલાંબાઇએ અથવા તેઓના વારસોએ જે કાંઇ પણ જણસો અથવા ચીજો વાપડવાને શારૂ આપી હોય અથવા હવે પછી આપે તે સઘળી ચીજો રીવાજ મુજબે શ્રી ઉદવાડાની અથોરનાન અનજુમને દફતરે નોધાવી મુકી છે અને મુકાશે તેનાં ઉપર બાઇ મોટલાંબાઈનાં

ટ્રસ્ટીઓ દેખરેખ રાખશે. તેમજ કોઈપણ ધણીઓ બાઇ મોટલાંબાઈનાં ટ્રસ્ટીઓની મારફતે આતશબેહરામ સાહેબનાં મકાનમાં વપડાશ માટે ઉપર લખાયા મુજબે અનજુમનનાં ચાલુ દફતરે નોંધાવી કોઇપણ ચીજો મુકશે તો તેના ઉપર ઉદવાડાની અથોરનાન અનજુમન દેખરેખ રાખશે. આએ કલમમાં લખેલી સઘળી જણસો અથવા ચીજો રૂપયા દશ અંકે ૧૦) સુધીની હોય તેનો ઉપયોગ બોયના વારાદારો જે રીતે રીવાજ મુજબે કરતા આવીઆ છે તે રીતે કરશે અને રૂપયા દશની ઉપરની જે જણસો અથવા ચીજો હોએ તે જ્યારે વાપડવાને નીરઉપયોગી થાય ત્યારે તેની વ્યવસ્થા ઉદવાડાની અથોરનાન અનજુમન જે રીતે કરતી આવી છે તે રીતે કરશે.

૫. આતશબેહરામ સાહેબના મકાનમાં અને તેને લગતાં બીજા મકાનો અને બાઇ સાહેબ મોટલાંબાઇએ ખરીદેલી જગાઓમાં જો કંઈપણ વધારો સુધારો અથવા ફેરફાર કરાવવાની ઉદવાડાની અથોરનાન અનજુમનને ખાસ જરૂર પડવે તે માટે અનજુમન મજકુર પ્રથમ બાઈ મોટલાંબાઈનાં ટ્રસ્ટીઓને એલતેમાસ કરવી. તેઓ તેવી એલતેમાસ નાકબૂલ કરે તો પછી મજકુર અનજુમનને કોઇ બીજા જરથોસતી શેઠયાઓ પાસેથી તે કરાવી લેવું.

૬. શ્રી ઉદવાડાનાં આતશબેહરામ સાહેબ ઇરાનશાહના કેબલા સંબંધી સઘળા હકો અસલના વખતથી શ્રી ઉદવાડાના નવ કુટુંબની અથોરનાન અનજુમન એકલીજ ભોગવતી આવી છે તે સઘળા હકો તેવીજ રીતે મજકુર અનજુમનના કાયમ રહેશે.

૭. આતશબેહરામ સાહેબના કેબલાને મરહુમ સર દીનશાહજી માણેકજી પીટીટવાલી દરેમેહેરમાં અથવા કોઈબીજી જગ્યામાં જેમ હાલે મકાન દર સાલ વાહીટવોસ કરતી વેળાએ અથવા બીજી કોઇ વેળાએ ઉઠાવી લઈ જઇ તખતનશીન કરવા પડે છે તે મુજબ કરવાને સઘળી તરાની ગોઠવણ અને સતાઓ

ઉદવાડાની અથોરનાન અનજુમનનાં હાથમાં છે અને રહેશે. પણ વાહડયાજી નવરોજી માણેકજીની ખાહેશને માન આપી તે વિષે તેઓને અથવા બાઇ મોટલાંબાઈના ટ્રસ્ટીઓને લખી મકાન વાઇટવોશ કરાવા તથા દરૂસ્ત કરવા ફરમાશ કરવી. તેવું પુરતું અને જોઈતું વાઇટવોશ થવા બાદ મોબેદોની સવલતાએ પાક નુરી કેબલાને પાછા લાવી બાઇ મોટલાંબાઈવાલા હાલનાં મકાનમાં તખતનશીન કરવા. પણ જો બાઈ મોટલાંબાઇનાં ટ્રસ્ટીઓ તેવું પુરતું અને જોઈતું સમારકામ નહી કરાવી આપે તો પછી ઉદવાડાની અથોરનાન અનજુમન તેવી ગોઠવણ કરી અથવા કરાવી લેશે.

મજકુર દસ્તુર ખુરશેદજી મીનોચેરજી, એદલજી ખરશેદજી ભરડા અને મોબેદ ભીખાજી દીનીઆરજી ઉનવાલાએ પોતાની સહી નીચે સાખ કરનારા સખસોની હુજુરમાં કીધી છે.

(સહી) દસ્તુર ખુરશેદજી મીનોરજી O
(,,) એદલજી ખરશેદજી ભરડા O
(,,) મો. ભીખાજી દીનીઆરજી O
ઉનવાલા તા. ૧૭-૪-૧૯૦૬

સાક્ષી

(સાખ) ટેમુલજી દશતુરજી બરજોરજી મીરજાં
શાખ તા. ૧૭-૪-
(,,) નેરીઓસંગ બરજોરજી મેહેતા
સાખ તા. ૧૭-૪-૦૬

મજકુર નવરોજી માનેકજી વાડયા, સર જમશેદજી જીજીભાઈ અને જીજીભાઈ બેહરામજી (બેરામજી છેકીને ઉપર મેહેરવાનજી લખ્યું છે) વાડયાએ પોતાની સહી નીચે સાખ કરનારા શખસોની હજુરમાં કીધી છે.

સાક્ષી

(સાખ) ફરદુનજી નવરોજી
(,,) મનચેરજી ભીમજી કરંજીઆ
(,,) માણુકજી રૂસતમજી વજીફદાર

તા. ૧૮ એપરેલ ૧૯૦૬

(સહી) ન. મા. વાડીઆ O
(,,) જમશેદજી જીજીભાઈ O
(,,) જીજીભાઈ મેરવાનજી વાડીઆ O

પ્રકરણ સતરમું.

શ્રી ઈરાનશાહ સંબંધી પરચુરણ બાબતો.

નવસારીના કકલીઆ મોબેદોએ સંજાણા મોબેદો ઉપર લખેલો પત્ર.

ઈ. સ. ૧૮૯૦ માં ઉદવાડાની સમસ્ત સંજાણા અથોરનાન અનજુમનનાં પાંચ મુખીઓ ઉપર નવસારીની મલેસરની સર જમશેદજી જીજીભાઈની દરેમેહેરના સમસ્ત કકલીઆ મોબેદોએ રોજ ૫ માહા ૩ ય. જ. ૧૨૫૯ ને દીને કાગજ લખ્યો કે "હમો ઉદવારે આવી તમો શાહેબોને અરજ કરવા ઉપરથી બુજરોગોના ચાલતા આવેલા રેવાજ મુજબ શી આતશબેહેરામ શાહેબની ભશંમ તમોએ આપી તે હમો લેઈ ગીઆ છેઈએ.... હમો અને હમારી શાથનાં શરવે અથોરનાનો કદીમથી તમારા શંનજાના તોલાને મલતા છેઈએ અને શંમબંધ હમેશ શુધી કાએમ રએલો જોવા હમો શરવે ખુશી છેઈએ. અને તેથી તમારા પંથકોના રેવાજાને કંઈસી અપમાન ભરેલું નઈ કરવા તા. તમારા પંથકોથી દુર રએલા મોબેદોને બરશનુમ કીંમવા આલાદ નહી આપવાને હમારો પાકો બંદોબશ્ત છે. તે મુજબ હમો ચાલવા બંધાયલા છેઈએ. અને તમારા પંથક શાથનો હમારો શંમબંધ હમેશ જલવાએલો રે એવી અમારી ખાએશ જાએર કરીએ છેઈએ. અને તેજ માફક તમો શાએબો પન અમારા તોલા શાથનો કદીમ શંમબંધ જાળવી રાખો છેઓ તેને શારૂ ગનાં ગનાં ખુશી અને ઉપકારી છેઈએ." (એ. ભીખાજી ઉનવાળાએ દેખાડેલું કાગજ્યું.)

શ્રી ઈરાનશાહ આતશબેહેરામમાં બોય દેવાના હકનો દાવો.

એક મોબેદ નામે અરદેશર દાદાભાઈ ચારણાએ માકુજી તેમુલજી મીરજાં તથા બીજા ત્રણ જણો સામે પોતાને તેજ કુટુંબનો આશામી જણાવી ઉદવાડાના આતશબેહેરામમાં બોય દેવાનો પોતાનો હક હોવાનું જાહેર કરાવવાનો દાવો વલસાડના સબજડજની કોરટમાં માંડયો હતો. સબજડજે વાદિનો દાવો કાઢી નાંખ્યો હતો. સુરતના જડજ મી. ટી. એમ. સંજાણાએ નીચલી કોરટનો ચુકાદો ફેરવી નાંખી વાદિના લાભમાં ખરચ શીકે હોકમનામું કરી આપ્યું હતું. આ સામે પ્રતિવાદિઓએ મુંબાઈની હાઈ કોરટને અપીલ કરી હતી. તેની સુનાવણી તા. ૨૨ મી જુલાઈ ૧૯૧૪ ને દીને નામદાર વડા જડજ તથા મી. જસ્ટીસ બીમેન સનમુખ નીકળી હતી. ધારાના હિમાયતીઓની દલીલ સાંભળી લેઈ જડજોએ અપીલ ખરચ સાથે કાઢી નાંખી હતી. (જામે જમશેદ તા. ૨૩-૭-૧૯૧૪).

સંજાણ ખાતે પારસીઓ આવ્યા તે બનાવને ૧૨૦૦ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં જશન.

આપણા વડવાઓ સંજાણમાં રોજ ૨ માહ ૪ સને ૮૫ યજદેજરદીમાં જાદીરાણાના રાજ્યમાં ઉતર્યા હતા, એવું લખાણ કેટલેક ઠેકાણે મળે છે તે આપણે જોઈ ગયા, જો કે આ રોજ માહ શકમંદ છે. તે બનાવને બરાબર ૧૨૦૦ વર્ષ એજ રોજ માહ સને ૧૨૮૫ યજદજરદી તા. ૧૧ મી ડીસેમબર ૧૯૧૬ ને દીને પૂરાં થયાં તે દીને મુંબાઇની જશન કમિટિની આગેવાની હેઠલ સંજાણમાં જશન કરવામાં આવ્યું હતું. તેમાં મુંબાઈ, સુરત ઉદવાડા નવસારી વગેરે ઘણાંક શેહેરોના પારસીઓ મોટા જત્થામાં હાજર થયા હતા.

ઉદવાડાની અનજુમનના મુખત્યારો સામે ફર્યાદ.

ઉદવાડાના મોબેદ જમશેદજી પે. ઈજનેર (માકુજીના) તથા હોરમજી મનચેરજી મીરજાં તથા બીજા ચાર મોબેદોએ

અનજુમનના મુખીઓ દસ્તુર ખુરશેદજી મીનોચેહેરજી, શેઠ એદલજી ખુરશેદજી ભરડા તથા દસ્તુર પેશોતનજી મીરજી ઉપર તા. ૧૨ મી આગશટ ૧૯૧૮ ને દીને નોટીસ મોકલી હતી કે સાત દિવસમાં અનજુમનનાં ફંડો તથા મીલકતોને લગતો હીશાબ બતાવવો. તેમ ન થયાથી સને ૧૯૦૮ ના દીવાની કાયદાની ૯૨ મી કલમ મુજબ દાવો માંડવા કલેકટરની પરવાનગી મેળવવા પહેલા બે મોબેદોએ તા. ૧૮ મી સપટેમબર ૧૯૧૮ને દીને અરજી કીધી હતી. તેમાં જણાવ્યું હતું કે ૧૮૯૬ વાલા દરવાજા કેસ પછી દસ્તુર ખુરશેદજી તથા શેઠ એદલજીને ઉદવાડાના કેટલાંક ટ્રશ્ટ ફંડોના જોડયા મેનેજરો નેમવામાં આવ્યા હતા. દસ્તુર મીરજીની કાયદાસર નેમણુક થઇ નથી. છતાં તેઓ વધારાના મેનેજર તરીકે કામ કરતા હતા. એ સાહેબો ફંડોની આવક ટ્રશ્ટ પ્રમાણે ખરચવાને બદલે એકઠી કરે છે; નિયમિત હિશાબ રાખતા નથી; ટ્રશ્ટોની મીલકતોની વાજબી વ્યવસ્થા કરતા નથી. વારંવાર માંગણી છતાં અનજુમનની સભા બોલાવતા નથી. બંને દસ્તુરો આશરે ૭૫ વર્ષની ઉમરના છે વગેરે. માટે સુરતની ડીસ્ટ્રીકટ કોરટમાં દાદ મેળવવા લેખીત પરવાનગી આપવી.

ઉપલી ફર્યાદના સંબંધમાં અનજુમનની સભા.

ઉપલી ફર્યાદના સંબંધમાં તા. ૯ મી ડીસેમબર ૧૯૧૮ ને દીને સમસ્ત અનજુમનની ઉદવાડામાં સભા સર દીનશાજી પીટીટ-વાલી દરેમેહેરમાં મળી હતી. તેમાં ઠરાવ થયા કે તા. ૨૮-૧૦-૧૮૯૬ ની સમસ્ત અનજુમનની મીટીંગમાં નેમાયલા મુખત્યારોએ કરેલા કારોબાર તરફ અનજુમન પસંદગી તથા સંતોષ દેખાડે છે; અનજુમન ઉપલા ફર્યાદ ગયલા મોબેદો સામે પોતાની નાપસંદગી જાહેર કરે છે અને તેમના લખાણનું ખરાપણું સ્વીકારતી નથી. માટે કલેકટરને જણાવવું કે હાલ ચાલતા કારોબારમાં કાંઈ પણ ફેરફાર કરવાની જરૂર નથી. તથા પારડીના મામલતદારનો તા. ૨૬-૧૦-૧૯૧૮ નો હોકમ જે દસ્તુર ખુરશેદજીને મળ્યો છે તેમાં પુછાવ્યું છે કે ફંડોની વ્યવસ્થા માટે સ્કીમ કરવા માંગો

છો કે નહિ, તેના જવાબમાં જણાવવું કે તેવી સ્કીમની કશી જરૂર નથી.

ઉપલા ઠરાવો વિરૂદ્ધ ઉપલા છ મોબેદો થયા હતા. બાકીનાઓએ બહુમતિથી ઠરાવો પસાર કર્યા હતા. બંને પક્ષોને મામલતદાર સાહેબે પોતાની કોરટમાં તા. ૨૨-૧૨-૧૯૧૮ ને દીને બોલાવ્યા હતા. તથા પક્ષકારોના વકીલોની દલીલ સાંભળી હતી. બાદ કલેકટરે સમજુતી કરાવવાની કોશેશ કરી હતી જે નિષ્ફળ ગઇ હતી.

ડીસ્ટ્રીકટ જડજની કોર્ટમાં મુકદમો.

ઉપલી તકરારનો નિવેડો કાંઇપણ આવ્યો નહિ માટે ઉદવાડાના બે મોબેદો શોરાબજી હોરમજી સીધવા તથા જમશેદજી રૂસ્તમજી કટીલાએ દસ્તુર ખુરશેદજી, શેઠ એદલજી ખરશેદજી ભરડા, દસ્તુર પેશોતનજી બરજોરજી, શેઠ ઇજીઆરજી પે. ભરડા તથા શેઠ જાલભાઈ દોરાબજી ભરડા* ઉપર અનજુમનનું નવું બંધારણ ઠરાવવા, હીશાબો લેવા તથા મીલકતો જામીનગીરીઓ વગેરેનો કબજો લેવા સુરતના ડીસ્ટ્રીકટ જડજની કોર્ટમાં એડવોકેટ જનરલની પરવાનગીથી મુકદમો ના. ૧૫ સને ૧૯૧૯ વાલો માંડયો હતો. તે બાબતમાં શેઠ જાલભાઈ દો. ભરડાની તથા એડવોકેટ જનરલ સર ટોમસ સ્ટ્રેંગમેન તથા એકટીંગ એડવોકેટ જનરલ શેઠ બહાદુરજી વગેરેની કોશેશથી પક્ષકારોએ માંહોમાહે સમજુતી કરી સ્કીમનો ખરડો ઘડી કાઢયો હતો. તેના સંબંધમાં એક સભા તા. ૧૯ મી અકટોબર ૧૯૧૯ ને દીને સર દીનશાજી પીટીટવાલી દરેમેહેરમાં મળી હતી. સભાનું પ્રમુખપદ શેઠ જાલભાઇને આપવામાં આવ્યું હતું. સ્કીમનો ખરડો જેમાં ચોકકસ મીલકતો જામીનગીરીઓ તથા લેહેણી નિકળતી રકમો વિષેની વ્યવસ્થા કરવામાં આવી હતી તે સભાએ પસાર કીધો હતો. બાદ મુંબાઈની પંચાએતના ત્રસ્ટી સાહેબોને વધારાના પ્રતિવાદિઓ બનાવી સમજુતીની શરતો પ્રમાણેનું હોકમનામું સુરતના ડીસ્ટ્રીકટ જડજે કરી આપ્યું હતું.

---

*એઓ શેઠ માણેકજી દમણવાલાના ભાણેજ તથા જમાઇ થતા હતા.

ડીસ્ટ્રીકટ કોર્ટનું હોકમનામું.

પક્ષકારોના માંગ્યા મુજબ સમજુતીનું હોકમનામું કોર્ટે તા૦ ૮ મી જુલાઈ ૧૯૨૦ ને દીને કરી આપ્યું હતું તેની મુખ્ય વિગતો નીચે પ્રમાણે હતીઃ–

(૧) સ્થાવર મીલકતો જે પ્રતિવાદિ ઈજીઆરજી ભરડાના હવાલામાં હતી, તે તેમણે અનજુમન નેમે તે કમિટિને સોંપી દેવી.

(૨) બેહેરામજી ભરડા તથા ઈજીઆરજીની લેહેણી રકમો ઉદવાડાના અથોરનાન અનજુમનનાં જનરલ ફંડ જે મુંબાઇની પંચાએતના ત્રસ્ટી સાહેબોના હસ્તકમાં છે, તેમાંથી તેઓના કાયદેશીર પ્રતિનિધિઓને આપી દેવી.

(૩) રૂ. ૩૧૦૦૦) ની ટકા ૩॥ ની સરકારી નોટો "શેઠ માણેકજી દમણવાળા મેમોરીઅલ મદ્રેસા ફંડ"* ખાતે છે અને

---

* અસલ એવો વિચાર હતો કે સ્થાપવા ધારેલી મદ્રેસાને શેઠ માણેકજી દમણવાલાનું નામ આપવું. પણ પાછળથી એવો ઠરાવ થયો હતો, કે એવી મદ્રેસાને શેઠ માણેકજીના બેટા શેઠ શોરાબજી દમણવાલાનું નામ આપવું. આ બાબતનું ડેકલેરેશન ઓફ ટ્રસ્ટ શેઠ જાલભાઇએ ઇ. સ. ૧૯૧૯ માં કીધું હતું તે નીચેની મતલબનું હતું:—

આ ત્રસ્ટમાં શેઠ જાલભાઇએ જણાવ્યું હતું કે "મારી પાસે મરહુમ શેઠ માણેકજી કાવશજી દમણવાલાની યાદગારીનું ફંડ રૂ. ૩૦૫૦૦) નું છે જે ઉદવાડાની અથોરનાન તથા બેહેદીન અનજુમનનું છે, તેમજ બીજું હમો ભરડા કુટુંબનું શેઠ શોરાબજી માણેકજી દમણવાલાની યાદગારીનું ખાનગી ફંડ રૂ. ૧૫૦૦૦) નું છે. અને મારી તથા ઉદવાડાની અનજુમન વચ્ચે થયલી સમજુતીને આધારે (ઘડાયલી સ્કીમ પ્રમાણે) શેઠ માણેકજી કા. દમણવાલાની યાદગારીવાલાં ફંડના રૂ. ૩૦૫૦૦) ઉદવાડાના દવાખાનાંના ફંડમાં લઈ જવાના છે. તેથી શેઠ શોરાબજી મા. દમણવાલાની યાદગારીના રૂ. ૧૫૦૦૦) નાં ફંડમાં દમણવાલા કુટુંબે બીજા રૂ. ૧૫૫૦૦) ભરી તે ફંડ પણ રૂ. ૩૦૫૦૦) નું કીધું છે, તેનું ડેકલેરેશન ઓફ ટ્રસ્ટ કરૂં છું. એ ફંડનું નામ "શેઠ શોરાબજી માણેકજી દમણવાલા મદરેસા યાને ઝંદ અવસ્તા શાળા ફંડ" રાખવું. મદરેસા ખોલી તેમાં ઉદવાડાના આથોરનાન છોકરાઓને મોબેદીને લગતું જરૂરી શિક્ષણ ઉપરાંત જેની ખુશી હોય તેને ફારસી પેહેલવી સંસ્કૃત તથા ફાઇલોલોજી તવારીખ વગેરે શિખવવામાં મદદ કરવી. આ ફંડના કારોબાર સારૂં પેહેલી કમીટીના મેમબરો તરીકે શેઠ જાલભાઈ ભરડા

શેઠ જાલભાઈ ભરડાના હાથમાં છે, તે મુંબાઇની પારસી પંચાએ-તના ત્રસ્ટી સાહેબોનાં નામ ઉપર ચઢાવી આપવી અને તેઓએ તે ઉદવાડામાં "શોરાબજી મા. દમણવાલા" ને નામે બાંધવાની મદ્રેસા માટે તથા તેના નીભાવ માટે રાખવી.

(૪) આગળ "ઉદવાડા પારસી અનજુમન ડીસ્પેનસરી" ને નામે તથા હાલે "માણેકજી કા. દમણવાલા ડીસ્પેનસરીને"† નામે ઓળખાતી સ્થાવર મીલકત દસ્તુર ખુરશેદજી તથા બીજા પાંચ સાહેબો તથા શેઠ જાલભાઇ ભરડાનાં નામ ઉપર ચઢાવવી.

(૫) રૂ. ૩૧૦૦૦ ની ૩॥ ટકાની સરકારી નોટો જે હાલે જાલભાઈ ભરડા કને છે, તે મુંબાઇની પારસી પંચાએતના ત્રસ્ટી સાહેબોને સોંફી તેની આવકનો અરધો ભાગ ડીસપેનસરી ફરીથી બાંધવા અથવા મોટી મરામત કરવા તથા સમારકામ વગેરે સારૂં ડીસપેનસરીની કમીટીને આપવો, તથા બીજો અરધો ભાગ ડીસ-પેનસરીના ચાલુ ખરચ માટે વાપરવા.

(૬) શેઠ જાલભાઇ ભરડાએ પોતાના હાથમાંની રૂ. ૨૫૦૦૦)* ની ૩॥ ટકાની નોટો તથા રોકડ જે હોય તે મુંબાઈની પંચા-તના ત્રસ્ટી સાહેબોને હવાલે કરવી.

બાદ તા૦ ૧ લી ડીસેમબર ૧૯૨૦ ને દીને વાદિઓએ પોતાના વકીલ મારફતે અનજુમનના વહીવટદારો દસ્તુર ખુરશેદજી

તથા બીજા છ સાહેબોને નેમ્યા હતા. પાંચ વર્ષ બાદ નવી કમીટીની ચુંટણી" કરવી ઉપલું ફંડ મુંબાઇની પંચાયતના ટ્રસ્ટી સાહેબોને સોપવું વગેરે (ઉદવાડાના અથોરનાન અનજુમનનું કાયદેસર બંધારણ નામનું ચોપાન્યું પા. ૬૮–૭૨).

† દવાખાનાં ફંડની વધુ વિગત માટે જોવો પારસી પ્રકાશ દફતર બીજું પાને ૪૨૫.

‡ જોવો પંચાએતનો ઈ. સ. ૧૯૨૦ નો છપાયલો હીશાબ.

* આતશ બેહેરામ સાહેબને અર્પણ થયલી જુદી જુદી રૂપેરી તથા સોનેરી ચીજો જુની તેમજ નિરૂપયોગી થયાથી તે વખતો વખત વેચી નાખતાં જે રૂપીઆ ઉપજ્યા હતા, તે શેઠ શોરાબજી દમણવાલાની પેઢી ઉપર રાખેલા હતા, તે આ રૂપીઆ હતા.

તથા શેઠ એદલજી ભરડાને નોટીસ આપી હતી, કે પાંચ માસ થયા પણ હોકમનામાંની શરતોનો અમલ થયો નથી, શેઠ જાલભાઇ ભરડા કનેથી દવાખાનાંનાં મકાનનો કબજો લેવાયો નથી, શોરાબજી મા. દમણવાલા મદ્રેસા ખોલવા યત્ન થયો નથી વગેરે. આનો જવાબ અનજુમનના ઉપલા વહીવટદારોના વકીલોએ આપ્યો, કે યોગ્ય વખતે અનજુમનની મીટીંગ બોલાવી હોકમનામાની શરતો બરાબર અમલમાં મેલવામાં આવશે.

નોંધ—ઉપલા વહીવટદાર સાહેબો ગુજર્યા બાદ બીજા સાહેબોએ પોતાની એક કમીટી નેમી તે મારફતે એક જદ અવસ્તા સ્કુલ ચાલુ કરી હતી. કેટલાક માસ બાદ ઉપલી કલમ પ્રમાણે મદ્રેસા ખોલવામાં આવી હતી.

નોંધ—મુંબાઈની પારસી પંચાએતના ઇ. સ. ૧૯૨૦ ના છાપેલા હીશાબ (પા. ૨૯૬) ઉપરથી માલૂમ પડે છે, કે શેઠ જાલભાઈ ભરડાએ તા૦ ૧૩-૭-૧૯૨૦ ને દીને શેઠ માણેકજી દમણવાલાની યાદગારીના ફંડની ૩ા ટકાની નોટો રૂ. ૩૧૦૦૦) તથા રોકડા રૂ. ૩૨૪), તેમજ ઉદવાડાના આથોરનાન અનજુમન ફંડની ૩ા ટકાની નોટો રૂ. ૨૫૦૦૦) તથા રોકડા રૂ. ૬૫૬), તેમજ શેઠ શોરાબજી મા. દમણવાલાની યાદગારીનાં ફંડની ૩ા ટકાની નોટો રૂ. ૩૧૦૦૦) ની તથા રોકડા રૂ. ૧૯૭) મુંબાઈની પારસી પંચાએતના ત્રસ્ટી સાહેબોને આપી પોતાની ફરજ અદા કરી હતી.

મોબેદ કેરશાસજી ભાઠેલાએ બોયના હક સારૂં માંડેલો કેસ.

મોબેદ કેરશાસજી કાવશજી ભાઠેલાએ પોતાના કુટુંબીઓ મોબેદ બરજોરજી સોરાબજી માકુજીના તથા બીજા સાત મોબેદો સામે વલસાડના જોઈન્ટ સેકંડ કલાસ સબ જડજની કોર્ટમાં દાવો નં. ૯૬ સને ૧૯૧૮ નો માંડી એવી ફર્યાદ કરી હતી, કે ઉદવાડાના આતશબેહેરામમાં દરેક નવ મહિને ૧૫) દિવસ અને ગાથાના પાંચ દિવસોનો ૧/૮ મા ભાગમાં બોય દેવાનો તેનો હક

છે. પ્રતિવાદિઓ તેને તેનો હક ભોગવવા દેવા ખલલ કરે છે. તેમ કરતાં તેઓને અટકાવવા તથા નુકસાનીના રૂ. ૧૦૦) અપાવવા. વાદિએ જણાવ્યું કે તે **કુકા કામનો*** વંશજ છે, જ્યારે પ્રતિવાદિઓ **પદમ કામના*** વંશજ છે. કુકા કામ તથા પદમ કામ બંને ભાઇઓ હતા. માટે વાદિ આ કુટુંબના દિવસોનો અર્ધો ભાગ ભોગવવાનો હક ધરાવે છે. પ્રતિવાદિઓમાંના કેટલાકોએ સામે થઇ જણાવ્યું કે તે કુકા કામનો વંશજ નથી. નવ કુટુંબો કે જેઓ લગ્નના લવાજમ તથા નાવરના ઘઉં લે છે, તેઓ ફકત બોયને લાયક છે. વાદિએ કે તેના બાપદાદાએ આવો હક ભોગવ્યો નથી. નવ કુટુંબોમાના જેઓ આતશબેહેરામ સાથે ઉદવાડે આવ્યા હતા, તેઓનાજ વંશજોને બોય દેવાનો હક છે. વાદિના બાપદાદાઓ આતશબેહેરામ સાથે આવ્યા ન હતા. વાદિના વડવાઓએ ૧૦૦ વર્ષ થયાં આ હક ભોગવ્યો નથી. વળી આતશબેહેરામ ઉદવાડે આવ્યા, તેની આગળ આવેલા મોબેદોને આ હક નથી. વાદિના વડવાઓ આતશબેહરામ આવ્યા, તેની આગમચ આવ્યા હતા, માટે તેને હક નથી.

વાદિનું વધુ કહેવું આ હતું, કે તે દાદા હોરમજદયાર (જેઓ પદમ કામથી ઉતરી આવેલા તે)નો વંશજ છે. આ દાદાએ ઈ. સ. ૧૬૯૭ માં ઉદવાડામાં દખમું બંધાવવા મુખ્ય ભાગ લીધો હતો.†

કોર્ટે તે બાબત કશો પુરાવો પડયો નથી, એમ જણાવ્યું હતું. વળી લગ્નના લવાજમ તથા નાવરના ઘઉં લેવાના હકને બોયના હક સાથે કશો સંબંધ નથી. સો વર્ષ સુધી હક ભોગવ્યો નથી, એ દલીલ પ્રતિવાદિઓએજ છોડી દીધી છે. માટે કોર્ટે

---

* એમની વંશાવલિ આ પ્રમાણે:—નાગણ રામ–નરશંગ–કામ–પદમ તથા કુકા (એ. નશરવાનજી ન. ઉનવાળાનું ઝાડ તથા છાપેલી ફેહરીસ્ત પા. ૧૦૩).

† પા૦ પ્ર૦ પાને ૨૧. આ દાદા હોરમજદયાર તે રેવાયતવાળા જાણીતા દારાબ હોરમજદયારજ હતા, જો કે પારશી પ્રકાશનાં શાંકળ્યાંમાં બે જુદા પુરૂષો તરીકે જણાવ્યા છે.

જણાવ્યું કે જો કે પ્રતિવાદિઓના વાંધાઓ ટકી શકતા નથી, છતાં વાદિ સાબેત કરી શકયો નથી, કે તે કુકા કામનો વંશજ છે. આથી તેને કશી નુકસાની મળી શકે નહીં. જો તે પુરવાર કરતે તો તેને રૂ. ૩૫) નુકસાની દાખલ મળતે. બંને પક્ષે પોત પોતાનો ખરચ ભોગવી લેવો.

ઉપલા કેસની અપીલ.

ઉપલા ચુકાદાથી નારાજ થઇ વાદિ કેરશાસજી ભાઠેલાએ સુરતની ડીસ્ત્રીકટ કોરટમાં અપીલ ના. ૧૦૪ વાલી સને ૧૯૨૦ ની નોંધાવી હતી. અપીલ કોરટે તકરાર સાંભળી લેઇ ચુકાદો આપ્યો, કે નીચલી કોરટે ચુકવ્યું છે કે વાદિ નવ કુટુંબના એક-માંથી ઉતરી આવેલો છે તથા બોય દેવાની લાયકાત ધરાવે છે. પણ તે કુકા કુટુંબનો હોવાથી પ્રતિવાદિઓ જે મુદત માટે હક ભોગવે છે, તે મુદતમાં તેનો ભાગ પુરવાર કરી શકયો નથી. માટે તેનો દાવો કાઢી નાંખ્યો હતો. આ મુકદમામાં ફકત એટ-લુંજ નકકી કરવાનું છે, કે તે કુકા કામથી ઉતરી આવેલો છે કે નહી. અપીલ કોર્ટે ચુકવ્યું કે હા, તે તેમ ઉતરી આવેલો છે. વાસ્તે કોર્ટે તેનો બોય દેવાનો હક સ્વીકારી વાદિનો બંને કોર્ટનો ખરચ સામે થયલા ચાર પ્રતિવાદિઓ જેઓ છેવટ સુધી સામે રહ્યા હતા, તેઓ કનેથી અપાવ્યો હતો (ઉદવાડામાં એ. ભીખાજી ઉનવાળાએ દેખાડેલાં બે કાગજો.)

ઉદવાડાના દસ્તુરોની નેમણુંક કેમ થતી હતી?

ઉદવાડાના દસ્તુર સાહેબોની નેમણુંક કેમ થતી હતી તે બાબતની કેટલીક હકીકતો જેમ આપણને જડી આવેલી છે તેમ નિષ્પક્ષપાતપણે અત્રે રજુ કરીશું.

(૧) પારસી પ્રકાશના પહેલા દફતરમાં દસ્તુર ભીખાજી રૂસ્તમજીનાં મરણની નોંધ લેતાં કહ્યું છે, કે "સંજાણમાં પરઠેલા પહેલ વેહલા આતશબેહરામને નવસારીથી બે વર્ષ વલસાડમાં રાખી ઈ. સ. ૧૭૪૨ માં ઉદવારે લઈ આવ્યા, ત્યારે તેની સાથે બે વડા ધર્મગુરૂઓ તેમાં એક એવણ તથા બીજા દસ્તુર

રૂસ્તમજી શેહેરીઆરજી હતા. એ પછી એઓ બંધેને ત્યાંની અંજુમને પોતાના વડા દસ્તુર ઠેરવ્યા હતા." (પા. પ્ર. પા. ૪૧).

નોંધ—આપણે જોઈ ગયા, કે તા. ૨૮-૧૦-૧૭૪૦ ના લેખમાં "આ. ભીખાજી દ. રૂસ્તમજી" આમ સહી હતી. તા. ૧૬-૭-૧૭૪૩ ના પરવાનામાં "અધારૂ ભીખાજી" નામ હતું. તા. ૨૯-૮-૧૭૪૬ ને દીને શેઠ માણેકજી નવરોજી શેઠે "એરવદ શ્રી પ. ભીખાજી ગુ. દશતુર રૂશતમજી"ને લખ્યો હતો. આ ઉપરથી દીશે છે કે દસ્તુર રૂસ્તમજી ઉપલી તારીખ અગાઉ ગુજરી ગયા હતા, પણ તેમના બેટા ભીખાજી "એરવદ"જ હતા. તા. ૭-૯-૧૭૪૬ ને દીને સંજાણા મોબેદોએ શેઠ માણેકજીને કાગળ લખ્યો હતો, તેમાં મુખ્ય લખનારાઓએ પોતાને "આ. ભીખાજી ગુ. દશતુર રૂશતમજી તથા આ. રૂશતમજી ગુ. દશતુર શેહેરીઆરજી" આમ જણાવ્યા હતા. એટલે ઉપલી તારીખે ભીખાજી તથા રૂસ્તમજી બંને દસ્તુર થયા ન હતા. તા. ૩૦-૯-૧૭૪૬ ને દીને શેઠ માણેકજીએ શ્રી પ. આ. ભીખાજી રૂશતમજી તથા આ. રૂશતમજી દસ્તુર શેરીઆડજી"ને કાગળ લખ્યો હતો. તા. ૧૭-૧૧-૧૭૫૪ દિને પેશ્વા સરકારે "ભીખાજી તથા રૂશતમજી અધારૂ"ને એક પરવાનો કરી આપ્યો હતો. તા. ૧૫-૧૧-૧૭૬૪ ને દિને નવસારીનાં નવાં આતશબેહેરામ સંબંધી સંજાણા મોબેદોએ કાગળ લખ્યો હતો, તેમાં "દશતુર શ્રી ભીખાજી"નું નામ આવ્યું છે. પણ તેઓ ઈ. સ. ૧૭૫૭ માં ગુજર્યા હતા. માટે ઈ. સ. ૧૭૫૪ તથા ૧૭૫૭ ની વચ્ચે ભીખાજીને દસ્તુર બનાવવામાં આવ્યા હતા, એમ સિદ્ધ થાય છે. તેમના બાવા તો ૧૭૪૬ ની અગાઉ ગુજર્યા હતા. માટે ઓછાંમાં ઓછાં ૮ વર્ષ બાદ એઓને દસ્તુર તરીકે નેમવામાં આવ્યા હતા. (જોવો આ પુસ્તક પા. ૨૮૯, ૩૨૩, ૩૨૯, ૩૩૨, ૩૪૨, ૩૫૬, ૩૬૦).

(૨) દસ્તુર રૂસ્તમજી શેહેરીઆરજી ("મીરજી" ખાનદાનના વડા)નાં મરણની નોંધ લેતાં ઉપલાંજ પુસ્તકમાં કહ્યું છે કે "સંજાણમાં પરઠેલા પહેલવહેલા આતશબેહેરામને નવસારીથી

બે વર્ષ વલસાડમાં રાખી ઈ. સ. ૧૭૪૨ માં ઉદવાડે લઈ આવ્યા ત્યારે તેની સાથે બે વડા ધર્મગુરૂઓ તેમાં એક એવણ તથા બીજા દસ્તુર ભીખાજી રૂસ્તમજી હતા. એ પછી ઠરીઠામ થયા પછી **એઓ બંધેને ત્યાંની અંજુમને પોતાના વડા દસ્તુરો ઠેડાવ્યા હતા.**" (પા. પ્ર. પા. ૪૪).

(૩) તા. ૨૨ મી ડીસેમબર ૧૮૨૧ N. S. ને દીને વલસાડની અનજુમને મુંબાઇની અનજુમનને લાંબો પત્ર લખ્યો હતો, તે આપણે જોઇ ગયા. તેની ૧૦ મી કલમમાં કહ્યું છે કે "ને આજ દારાબજી (=દસ્તુર દારાબજી બેરામજી) છે તેને તેહોણના બાપે વલશાડ મધે હમારા દા. ફરામજીને તાં પઢવા મુકા ને લખું જે દારાબજી તમારો ફરમાન બરદાર રહેશે તેથી વરસ ૩) સુધી ઘર રાખા. ને શારી તરાં મેહેનત કરી ખબરદાર કીધો. ને તેના બાપ ગુજરા પછે દશતુરજી તાહાં જાઈને **પંચાતમાં દશતુરી અપાવી આવા.** તે દારાબજી આજ દશતુર ફરામજીની ફરમાન બરદારી કરે છે ને તેનો બદલો આજ પોચે છે. તે શાહેબોને શું લખું. તે દારાબજી તા. હમારે હીઆંનાં ૩) ૪) મલી વીકાજીભાઇને એકલકાંની શમજાવી જુઠાં તોફાન લખે છે તો શ્રીજી જે જેવું કરશે તે પામશે." (જોવો આ પુસ્તક પા. ૩૯૪).

(૪) દસ્તુર ખુરશેદજી મીનોચેહેરજીની ઉલટ પાલટ તપાસ પ્રખ્યાત ઉદવાડા આતશબેહેરામના દરવાજા કેસમાં લેવામાં આવી હતી, તેનો અહેવાલ તા. ૧૫ મી આગશટ ૧૮૯૯નાં "મુંબાઈ સમાચાર"માં પ્રગટ થયો હતો, તેની એક નકલ એ. કેરશાશજી શાપુરજી પટેલે (વર્તમાન પત્રોનાં કટીંગોની એક ચોપડીમાં) જાળવી રાખી છે તે ઉપરથી જણાય છે કે દસ્તુર ખુરશેદજીએ મી. બરજોરજી નશરવાનજી વકીલની ઉલટ પાલટ તપાસમાં નીચે પ્રમાણે જણાવ્યું હતું:—

"પારસીઓના મોબેદોના ટોળાઓમાં જે વડો હોય તેને દસ્તુર કરે છે. અંજુમન મલીને જેને સાલ આપે ને તેને કહે

કે આજથી તમને દસ્તુર કીધા તે ઉપરથી તેને દસ્તુરી મળી કહેવાય. મારાં કુટુંબમાં સાલ ઓરાડીને પહેલી દસ્તુરી ભીખાજીને મળી હતી. મારી પાંચમી પેઢીએ ભીખાજી થઇ ગયા છે. એ ભીખાજીના બાપનું નામ રૂસ્તમજી હતું. તેમને કઇ જગયાએ દસ્તુરીની સાલ ઓરાડવામાં આવી તે આજ પાંચ પેઢીની વાત હોવાથી મને માલમ નથી. મારા વાંચવામાં પારસી પ્રકાશ આવ્યું નથી. રૂસ્તમજી શહેરીઆરજી મીરજાં દસ્તુરના વડવાઓમાંના હતા. ભીખાજીને અને રૂસ્તમજીને બંનેને અંજુમને વડા દસ્તુર તરીકે નીમેલા, એમ જે પારસી પ્રકાશમાં ૪૧ મે તથા ૪૪ મે પાને છપાયું છે તે ખરૂં હશે એમ માનું છું." (જોવો . એ. કેરશાશજી શા. પટેલનાં વર્તમાનપત્રોનાં કટીંગની ચોપડી પા. ૧૫૪–૧૫૫).

ઉપલાજ દસ્તુરજી ખુરશેદજીએ પોતાની ઉલટ પાલટ તપાસમાં ઉદવાડાના આતશબેહેરામના દરવાજા કેસમાં આમ કહ્યું હતું:—

"(દરવાજાને) ખુંટા મારવા અગાઉ થોડાક દીવસ ઉપર નવી કમીટી નેમવા માટે અંજુમનની સભા બોલાવવામાં આવી હતી, એવું મારૂં ધારવું છે. કેટલા દીવસ અગાઉ તે માલુમ નથી. હમારી અંજુમનની એ સભા મેં મારાં નામથી બોલાવી હતી. હમેશાં મારાં નામથીજ એક માણસ ઘેરેઘેર જઇ સભા મળવાની હોય ત્યારે કહી આવે છે. આ વખતે અંજુમન મળવાની છે, એમજ કહેવડાવ્યું હતું. કારણ કંઈ જણાવેલું નહીં હતું. એ જે કહેવડાવેલું તે ઉદવાડાના મોબેદો તથા બેહદીનો સમસ્તને કહેવડાવેલું હતું. એ સમસ્ત અંજુમન એટલે તેમાં ઉદવાડા શીવાય તેનાં બીજાં કેટલાક માણશો જેઓ બહારગામ હતા, તેઓ પણ સમાઈ જાય છે." (મુંબાઇ સમાચાર તા. ૧૦મી આગશટ ૧૮૯૯ એ. કેરશાશજી પટેલનું ઉપલું પુસ્તક પા. ૧૬૯).

આગળ ચાલતાં ઉપલાજ દસ્તુરજીએ જણાવ્યુ હતું કે "અનજુમન મળવાની હોય છે તે વખતે ઘેરઘેર જે કહેવડાવવામાં

આવે છે, કે 'અનજુમન મલે છે ત્યાં આવજો,' એટલુંજ કહેવડાવવાનો વહીવટ ચાલુ છે. (મુંબાઇ સમાચાર તા. ૧૨ મી આગશટ ૧૮૯૯ એ. કેરશાશજી પટેલનું ઉપલું પુસ્તક પા. ૧૭૩).

(૫) દસ્તુરજી કઇઓજી પેશોતનજી મીરજાંની દસ્તુર તરીકે નેમણુક તેમના બાવાનાં ઉઠમણાંમાં કરવામાં આવી હતી, તે અનજુમનની સભા ન હતી આમ કહી ૩૦) મોબેદોએ પ્રોટેસ્ટ કરી તે દસ્તુર ખુરશેદજી ઉપર મોકલ્યો હતો. તે પ્રોટેસ્ટ સંબંધી અનજુમનની એક સભા તા. ૧૨ મી મારચ ૧૯૨૧ ને દીને બોલાવવામાં આવી હતી. તેમાં દસ્તુર ખુરશેદજીએ ખોલાશો વાંચી સમજાવતા કહ્યું હતું, કે "આપણા બુજરગવારો અને નયાગાનોથી ચાલતા આવેલા રેવાજ મુજબ અને તરીકા મુજબ દસ્તુરજી સાહેબ પેશોતનજી મીરજાંને દસતુરીની સાલ અંજુમન તરફથી મારી દસ્તુરીના વખતમાંજ મરહુમ દસ્તુરજી બરજોરજીનાં ઉઠમણાંની જાહેર મીજલસમાંજ આપી હતી, અને તે પછી આજ ૪૨ મે વરસે મારા જોડીઆ હમશરીક દસતુરજી પેશોતનજી મીરજા રોજ ૨૪ માહા ૨ સને ૧૨૯૦ ને દીને ગુજરવાથી રોજ ૨૬ માહા ૨ સને ૧૨૯૦ ને દીને તેવણનાં ઉઠમણાંની એક જાહેર મીજલસમાં તેવણના જાએનશીન વડા બેટા ભાઈ કઈઓજીને અસલ વારેથી ચાલતા આવેલા રેવાજ મુજબ દસતુરીની સાલ અનજુમન તરફથી આપવામાં આવી હતી. અને તે દસતુરીપદ આપતી વખતે મેં પોતે સમસત અંનજુમનની મળેલી જાહેર મીજલસમાં સમસત અંજુમનને બાપોકાર કહી પુછીને અને આખી મીજલસની ખુશી અને સંમતી જોઈને ઘણા સંતોશ વચે દસતુરીપદ આપી સાલ એનાયત કરી હતી. તે પછી બેહેદીન અનજુમન તરફથી દસતુરીની નેમણુકની શાલ આપી હતી....એજ મુજબ સદીઓથી અને પેઢી દર પેઢીથી ચાલતી આવેલી દસતુરી તેમનાં ગાદી વારસોને આપવામાં આવે છે. અને તેમાં કોઇએ આજ સુધી દખલ કરી નથી. મારા બપાવા ગરોથમાન બેહેસ્તનશીન દસતુરજી સાહેબ દોરાબજી

બેરામજીના ઉઠમણાંની ક્રિયા વખતે સમસત અનજુમનની મળેલી મીજલસમાં મારા બાવા બેહેસતનશીન દસતુરજી સાહેબ મીનોચેહેરજીને દસતુરીની શાલ અનજુમન તરફથી બેહેસતનશીન દસતુરજી સાહેબ બરજોરજી રૂસતમજી મીરજાંએ એનાયત કરી હતી, અને તે વખતે મારી ઉમર આશરે વીસ વરસની હતી. આજે ૪૫ વરસ ઉપર મારા બાવા દસતુરજી સાહેબ મીનોચેહેરજી બેહસતનશીન થયા, તયારે પણ તેવણના ઉઠીઆણાંમાં સમસત અનજુમનની મળેલી મીજલસમાંજ બેહેસતનશીન દસ્તુરજી સાહેબ બરજોરજી રૂસ્તમજી મીરજાંએજ દસતુરીપદની શાલ અનજુમન તરફથી મને એનાયત કરી હતી. અને જ્યારે ૪૨ વરસ ઉપર દસતુરજી સાહેબ બરજોરજી મીરજા બેહેસતનશીન થયા તયારે તેવણનાં ઉઠમણાંની ભેગી મળેલી સમસત અનજુમનની મીજલસમાં મરહુમના જાએનશીન પેસતનજી મીરજાંને અનજુમન તરફથી દસતુરીની શાલ મારી દસતુરીનાં અમલમાં આપી હતી.

એટલે ઉપર મુજબ મારી સાથે ૪ દસતુરોને દસતુરી મારી ૮૫ વરસની ઉમર દરમયાન આપવામાં આવી છે. તેમાં કોઈબી વખતે ઉઠમણાંની મીજલસ અગાઉ અનજુમન ભરીને દસતુરી આપવા માટે તજવીજ કે ગોઠવણ કરવામાં આવેલી નથી. અને તેની આગમજ પણ એવો કોઈ દાખલો બનેલો હોય એવું મારાં સાંભળવામાં કે જાણવામાં આવેલું નથી. એક દસતુર ગુજર પામવા પછી તેમના ગાદી વારસને દસતુરીની શાલ આપવામાં આવેલીઓ તે તેમનાં ઉઠમણાંની અંજુમનની મીજલસમાંજ આપવાનો રીવાજ જાએજ છે." (જામે જમશેદ તા. ૧૪ મી મારચ ૧૯૨૧ એ. કેરશાશજી પટેલનાં વર્તમાનપત્રોનાં કટીંગની ચોપડી પા. ૮-૯).

(૬) ઉપલી સભામાં કેટલાક ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, તેમાંનો ૬ ઠો ઠરાવ આ પ્રમાણે હતો:— "(પ્રોટેસ્ટના) ૯-૧૦ મા ફકરા માટે આ સમસત અંનજુમનની સભા ઠરાવે

છે કે મરહુમ દસતુરજી સાહેબ પેશોતનજીનાં ઉઠમણાંમાં મળેલી સમસત અંનજુમનની મીજલસ તે ખાનગી નહીં પણ જાહેર અનજુમનની મીજલસ હતી કે જેમાં ઉદવાડાની સમસત અનજુમન તેમજ મુંબાઈ વીગેરે દેશાવરના નામાંકીત ગ્રહસથો હાજર હતા. અને જે જે વખતે દસતુરોનાં ઉઠમણાંની મીજલસો હોય તે ખાનગી નહીં, પણ જાહેર મીજલસ કહેવાય છે. કારણકે એજ મીજલસમાં તેમનાં ગાદીનશીન દસતુર નીમાતા આવયા છે, અને વળી એજ મીજલસમાં અનજુમન તરફથી ધુપ સારવાની ક્રીયા પણ કરાવવામાં આવી હતી. અને બુજરગોના રેવાજ પ્રમાણે મરહુમ દસતુરજી પેશોતનજી મીરજાંનું નામ ગ્રહણ દરેક થતી ક્રીયાઓમાં લેવાનું અનજુમન તરફથી દસતુરજી સાહેબ ખુરશેદજીએ જાહેર કરયું હતું. અને તેને મોબેદ દોરાબજી જમશેદજી સીધવા વીગેરેએ ટેકો આપી સરવાનુમતે કબુલ રાખયું હતું. તો એ ખાનગી ક્રીયાની મીજલસ કહેવાયજ નહી. અને તેથીજ મરહુમ દસતુરજી પેશોતનજીનાં ઉઠમણાંની નોંધ અનજુમનનાં દફતરે મીનીટ બુકમાં અનજુમનના કારોબારી સાહેબોના હોકમથી અનજુમનના મહેતાજીએ લીધી છે. તે બરહક અને વાજબી છે. અને તે ઉપર વાંધો લેનારાઓ શીરફ ખોટા છે, જેથી તેઓનો વાંધો આ અનજુમનની સભા રદ કરી ઉરાડી નાંખેછે. અને તેઓનાં આવાં કૃત્ય તરફ અણગમો જાહેર કરેછે. અને વળી દસતુરજી કઇઓજીને અંનજુમનના ખરચથી દસતુરી પદની શાલ આપવામાં આવીછે તેનાં ખરચના રૂપીઆ ફંડમાંથી નહીં લેવા બાબે જે વાંધો દરશાવયો છે તે માટે આ અનજુમનની સભા ઠરાવે છે કે દસતુરીની આપેલી શાલ વીગેરેનો ખરચ રેવાજ મુજબ અનજુમનના હીસાબમાંથી લેવાનો અનજુમન પુર અધીકાર ચલાવે છે. કે જેમ અસલ વારેથી લેતા આવયા છે તેજ મુજબ અનજુમનના હીસાબમાંથી લેવામાં આવશે....."
(જામે જમશેદ તા. ૧૬ મી મારચ ૧૯૨૧. એ. કેરશાશજી પટેલનું કટીંગનું પુસ્તક પા. ૧૩૪–૧૩૫).

(૭) ઉપલી મીટીંગમાં પસાર કરેલા ઠરાવો વિરૂદ્ધ પ્રોટેસ્ટ કરનારાઓની સભા તા. ૧૦ મી એપ્રીલ ૧૯૨૧ ને દીને મળી હતી. તેનું પ્રમુખસ્થાન એરવદ જ. રૂ. કટીલાએ લીધું હતું. તેમાં એરવદ ભીખાજી દી. ઉનવાલા (જેઓ નાદરૂસ્ત તબીએતને સબબે ગેરહાજર હતા તેમ)નો પત્ર વાંચી સંભળાવવામાં આવ્યો હતો. તેમણે લખ્યું હતું કે ".....સદીઓથી ચાલતો આવેલો રેવાજ છે કે નવા દસતુર બનાવતી વેલાએ સમસત અનજુમનની સભા બોલાવી તયાં સંમતી પુછી પછીથીજ નવા દસતુરને દસતુરી શયાલ આપવી. તેજ મુજબે મરહુમ દસતુર બરજોરજી મીરજાં ગુજર પામ્યા તયારે તે વેળાના ઉદવાડા અનજુમનના નેક સરદાર મરહુમ શેઠ મા. કા. દમણવાલાએ અંજુમનના સાહેબોને એકઠા કરી પુછી સંમતી લઈ પછીથીજ દસતુર પેસુતનજીને દસતુરી શયાલ આપી હતી. તે સરવે બીના તે વખતના ઘણા બુજોરગ સાહેબોને રોશન છે. તે છતાં એ બાબદનું અંજાણપણું દસતુર ખુરશેદજી તેમજ બીજાઓ જણાવેછે જે બીના અફસોસ ઉપજાવનારી છે....." (જામે જમશેદ તા. ૨૧ મી એપ્રીલ ૧૯૨૧ એ. કેરશાશજી પટેલનું કટીંગનું પુસ્તક પા. ૧૩૭–૧૩૮).

(૮) ઉપલીજ પ્રોટેસ્ટ મીટીંગમાં મોબેદ પે. જ. ઉનવાળાએ સામી પક્ષવાળાઓએ પસાર કરેલા ઠરાવોનો રદીઓ આપતાં કહ્યું કે ".....ઉઠમણાંની મીજલસ મરહુમ દસતુરજીને ઘરે મળી હતી. તેને અનજુમનની સભાનું નામ આપી શકાયજ નહીં..... 'ઉઠમણાંની મીજલસ કદીમ રેવાજ મુજબ જાહેર મીજલસ કહેવાય' એમ બોલવું તદન લગત છે. ઉઠમણાંની મીજલસ ગંભીર ક્રીયા માટે ભેગી મળી હતી. તયાં થયલાં કામને જાહેર રૂપ આપી શકાયજ નહિ". (જામે જમશેદ તા. ૨૧-૪-૧૯૨૧ એ. કેરશાશજી પટેલનું પુસ્તક પા. ૧૩૮-૧૩૯).

દસ્તુરી બાબે ઝગડો.

ઉદવાડાના દસ્તુર પેશોતનજી બરજોરજી મીરજાં તા. ૨-૧૧ ૧૯૨૦ ને દીને ગુજરી ગયા, તેમનાં ઉઠમણાંની મીજલસમાં

તેમની જગ્યાએ તેમના બેટા કઇઓજીને દસતુર ખુરશેદજીએ દસતુરીપદની શ્યાલ આપી હતી. તેની સામે મોબેદો ભીખાજી દીનયારજી ઉનવાલા, શોરાબજી હોરમજી સીધવા તથા બીજા ૨૮ જણાઓએ પ્રોટેસ્ટ ઉઠાવ્યો હતો. આ પ્રોટેસ્ટમાં જણાવ્યું હતું કે ઉદવાડાની ખાલી પડેલી દસતુરની ગાદી ઉપર કોણની નેમણુક કરવી તે દસ્તુર ખુરશેદજીની એકલાની પસંદગી કે મુનસફીનો સવાલ ન હતો. પણ તે અનજુમનની મુનસફીનો સવાલ હતો. દસ્તુર બનાવવો એ ઘણો ગંભીર સવાલ છે વગેરે.

આ પ્રોટેસ્ટનો જવાબ આપવા દસ્તુર ખુરશેદજીની ખાએશ પ્રમાણે અનજુમનની એક સભા આતશ બેહેરામનાં મકાનમાં તા. ૧૨ મી મારચ ૧૯૨૧ ને દીને મળી હતી. આ સભામાં કરાંચીના ૩૪ મોબેદોએ દસ્તુર કઇઓજીની નેમણુક પસંદ કીધાનું કાગળ વાંચવામાં આવ્યું હતું. દસ્તુર ખુરશેદજીએ ખુલાસો કીધો, કે "ચાલતા આવેલા રેવાજ મુજબ તથા તેમણે પોતે ચાર દસ્તુરોની નેમણુક થયલી જોઈ હતી, તેની રૂહે દસ્તુરજી કઇઓજીની નેમણુક તેમના બાવાના ઉઠીઆણાંની મીજલસમાં કરી શ્યાલ આપવામાં આવી હતી. એમ કહેવામાં આવે છે કે દસ્તુરે વરશ્યાની તથા નીરંગદીનની ક્રીયાઓ કરેલી હોવી જોઇએ. પણ ઉદવાડાના દસ્તુરોના બાપબપાવાઓએ તેવી કશી ક્રિયા કરી હતી નહિ; અને તેમ કરવાની જરૂર પણ નથી. વરશ્યો લાંબી ઉમરે ગુજરે તેટલાં વચમાં કોઈ દસ્તુર ગુજરી જાય, તો તેની જગ્યાએ નેમણુક કીધા વિના કેમ ચાલે?"

બાદ પ્રોટેસ્ટ સામે નાપસંદગી દેખાડનારો ઠરાવ થયો હતો. દસ્તુર કઇઓજી મીરજાં ખાનદાનના હોવાથી તથા કેળવણી પામેલા લાયક હોવાથી અનજુમને દસ્તુર કઇઓજી વિષે પસંદગીના ઠરાવ પસાર કર્યા હતા, અને તેમને આપેલી શ્યાલનો ખરચ અનજુમન ખરચ ફંડમાંથી લેવાનો ઠરાવ થયો હતો.

નોંધ—આ સભામાં કરાંચી શેહરમાં વસ્તા ઉદવાડાના અથોરનાન સાહેબો તરફથી આવેલી શ્યાલ અને પર્સ દસ્તુર

કઈઓજીને આપવામાં આવી હતી. અને એમની તરફ પસંદગી જાહેર કરનારા ૩૬ જણની સહીનો પત્ર વાંચવામાં આવ્યો હતો. (જામે જમશેદ તા. ૧૪ થી ૧૬ મી માર્ચ ૧૯૨૧).

પ્રોટેસ્ટ કરનારાઓની સભા.

ઉપલા ઠરાવો વિરૂદ્ધ પ્રોટેસ્ટ કરનારાઓની સભા તા. ૧૦ મી એપ્રીલ ૧૯૨૧ ને દીને ઉદવાડાની ઇંગ્રેજી સ્કુલનાં મકાનમાં મળી હતી. સભા તરફ દીલસોજી દેખાડનારા તારો તથા કાગળો મુંબાઇ, સક્કર, કવેટા, રંગુન, કરાંચી, જાંબોરડી, તારાપોર વગેરે ઠેકાણેથી આવ્યા હતા. એ. ભીખાજી ઉનવાલાએ એક પત્ર લખી જણાવ્યું હતું કે "તા. ૧૨-૩-૧૯૨૧ ને દીને મળેલી સભામાં આપણા હક ઇલાકાને લગતા જરૂરી સવાલનો ફડચો કરવાને બદલે તૈયાર કરેલા ઠરાવો અનજુમને એક તરફી જઈને પસાર કર્યા છે, અને તેમ કરી આપણા ગરીબ રાંક ટોળાનાં નાહકનો મીનાકેસો તથા કડવાસનાં બી રોપ્યાં છે. પ્રોટેસ્ટ ઉપર મેં સહી મુકી હતી તેની મૂળ નેમ અનજુમનના કદીમ હક રેવાજ ઉપર પડતી અણઘટતી ત્રાપ માટે ધ્યાન ખેંચવાની હતી. કારણ કે સદીઓથી ચાલતો આવેલો રેવાજ આ છે, કે નવા દસ્તુર બનાવતી વેળાએ સમસ્ત અનજુમનની સભા બોલાવી ત્યાં સંમતિ પુછી નવા દસ્તુરને શાલ આપવી. એજ મુજબ મરહુમ દસ્તુરજી બરજોરજી મીરજાં ગુજર્યા ત્યારે તે વેળાના ઉદવાડાની અનજુમનના સરદાર શેઠ માણેકજી કા. દમણવાળાએ અનજુમનના સાહેબોને એકઠા કરી સંમતિ લેઈ દસ્તુર પેશોતનજીને શાલ આપી હતી."

સભામાં ખોલાસો કરવામાં આવ્યો, કે છાપામાં ભલતા શખશોએ ગમે તે કહ્યું હોય, પણ પ્રોટેસ્ટ કરનારાઓએ એમ લખ્યુંજ નથી, કે દસ્તુરે વરશ્યાની તથા નીરંગદીનની ક્રિયા કરેલી હોવી જોઈએ. વળી ઉઠીઆણાંની મીજલસ ખાનગી મીજલસ હતી. મીરજાં ખાનદાનની ગાદી ફકત ચાર પેઢીની છે. તેની આગમચ એ ગાદીના સ્થાપક "માકુજી" ખાનદાનના

વડવા હતા વગેરે. (જામે જમશેદ ઉપરથી તથા ઉદવાડા અથોરનાન અનજુમનનું કાયદેસર બંધારણનું ચોપાન્યું પા. ૧૨-૧૫).

બાદ ઠરાવ થયો કે આ નાખુશ વાત નહિ લંબાવતાં સભા ઠરાવ કરે છે, કે પ્રોટેસ્ટ કરનારાઓની નેમ પાર પડી છે, કેમકે અનજુમનની સંમતિ લેવામાં આવી છે.

દસ્તુર ખુરશેદજી ગુજર્યા ત્યારે પણ ઉઠેલી દસ્તુરી બાબતની તકરાર.

દસ્તુર ખુરશેદજી મીનોચેરજી રોજ ૯ માહ ૯ તા. ૧૬ મી મે ૧૯૨૩ ને દીને ગુજરી ગયા, ત્યારે તેમનાં ઉઠમણાંની મીજલસમાં તેમની દીકરીના (તથા તેમના ભત્રીજા મેહેરનોશજીના) દીકરા ફીરોઝને દસ્તુર કઈઓજી મીરજાંએ દસ્તુરીપદની શ્યાલ આપી હતી. આ મીજલસ ખાનગી હતી, એમ જણાવી નવા દસ્તુરની નેમણુક સામે પણ કેટલાક મોબેદોએ વાંધો ઉઠાવી પ્રોટેસ્ટ કીધો હતો. (જામે જમશેદ તા. ૧૫-૬-૧૯૨૩).

નોંધ—બીજેજ દિવસે યાને તા. ૧૭ મી મે ૧૯૨૩ ને દીને આશરે ૧૯ મોબેદ સાહેબોએ શેઠ એદલજી ભરડા તથા દસ્તુર કઈઓજી ઉપર નીચલી મતલબનો કાગજ લખી ચેતવણી આપી હતી, કે આગલો અનુભવ ધ્યાનમાં લેઈ આવતી કાલે નવા દસ્તુરની નેમણુક અનજુમનની બહાલી વિના થવી ન જોઇએ. છતાં ઉપર પ્રમાણે દસ્તુર કઈઓજીએ નવા દસ્તુરને શ્યાલ આપી હતી. આ ઉપરથી થોડાક દિવસ બાદ આશરે ૭૫) મોબેદોએ પોતાની સહી સાથે ઉપલા સાહેબો ઉપર પ્રોટેસ્ટ મોકલી આપ્યો હતો, કે નવા દસ્તુર ભાઈ ફીરોજની નેમણુક રેવાજી કાયદા મુજબ થઇ નથી. તથા અનજુમનના કારોબારી તરીકે પણ તેમની નેમણુક થઇ છે, તે અમને કબુલ નથી વગેરે (પ્રજામિત્ર તા. ૧૫-૬-૧૯૨૩).

તા. ૧૯ મી આગશટ ૧૯૨૩ ને ઉદવાડાના મોબેદોની એક સભા આતશબેહેરામનાં મકાનમાં મળી હતી. તે વેળાએ દસ્તુર

કઈઓજીને સરનશીનની ખુરશી આપવામાં આવી હતી. સભામાં કરાંચીના આશરે ૩૯ ઉદવાડીઆ મોબેદોએ દસ્તુર ફીરોજની નેમણુક બરાબર રીતે થઈ હતી, એ મતલબનો કાગળ લખ્યો હતો, તે વાંચવામાં આવ્યો હતો, તથા નવા દસ્તુરને એક શ્યાલ તથા પર્સ ઉપલા મોબેદો તરફથી અર્પણ કરવામાં આવી હતી. બાદ એવી મતલબનો ઠરાવ કરવામાં આવ્યો હતો કે "દસ્તુર ખુરશેદજીના ઉઠમણાંની ક્રિયા વખતે સમસ્ત અનજુમનની ભેગી મળેલી અસાધારણ જાહેર મીજલસ હજુર વડીલોના ચાલતા આવેલા સુદામત રેવાજ મુજબ ઉઠમણાંની ક્રિયા શરૂ કરવા પહેલાં....ભાઈ ફીરોજને દસ્તુરીપદ આપવા માટે (દસ્તુર કઈઓજીએ) બાપોકાર કહી સમજાવીને અને પરવાનગી માંગીને ન્યાગાનોના ચાલતા આવેલા રેવાજ મુજબ ભાઇ ફીરોજને દસ્તુરી શ્યાલ અનજુમન તરફથી એનાયત કરી હતી તે બરહક છે.....માર્ચ ૧૯૨૧ ની સભામાં દસ્તુર ખુરશેદજીએ જણાવ્યું હતું કે અસલવારેના રેવાજ મુજબ દસ્તુરી પદ ઉઠમણાંની મીજલસમાંજ આપવામાં આવે છે. ઉઠમણાંની આગમચ અનજુમન ભરવાનો રીવાજ બીલકુલ નથી....પ્રોટેસ્ટ કરનારાઓ અનજુમનમાં કડવાસ....બરપા કરે છે, તેની સામે આ સભા અણગમો તથા નાપસંદગી બતાવે છે."

પ્રોટેસ્ટ કરનારાઓએ માંગણી કરી હતી, કે શું ઠરાવ કરવામાં આવનાર છે તે શરૂઆતમાં વાંચી સંભલાવવો. તે માંગણી સ્વીકારવામાં ન આવ્યાથી કેટલાક પ્રોટેસ્ટ કરનારાઓ સભા છોડી ચાલી ગયા હતા. દસ્તુર ફીરોઝની નેમણુક તરફ પસંદગી દર્શાવનારો પુણા મધ્યેના ઉદવાડીઆ મોબેદો તરફથી આવેલો તાર જે પુણાના સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદે મોકલ્યો હતો, તે વાંચવામાં આવ્યો હતો. (જામે જમશેદ તા. ૨૧-૮-૧૯૨૩).

શ્રી ઈરાનશાહ આતશબેહેરામ પરઠાવ્યાને ૧૨૦૦ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં જશન.

આપણે જોઇ ગયા કે શ્રી ઈરાનશાહને રોજ આદર માહ આદર સને ૯૦ યજદજરદીને દીને પરઠાવ્યા હતા. તે બનાવને

૧૨૦૦ વર્ષ એજ રોજ માહ સને ૧૨૯૦ યજદજરદી તા. ૧૬ મી મે ૧૯૨૧ તથા વાર સોમે પૂરાં થયાં. તે દીને મુંબાઈની જશન કમિટિની આગેવાની હેઠલ ઉદવાડામાં જશન કરવામાં આવ્યું હતું, તેમાં મુંબાઈ સુરત નવસારી વગેરે શેહેરોના ઘણા પારસીઓએ ભાગ લીધો હતો. (જશન કમિટિનું રાહે જરથુશ્ત્ર ચોપાન્યું–જુન ૧૯૨૧ પા. ૯૪–૯૫).

મરહુમ સર રતન તાતાનાં નામનું બંધાયલું દવાખાનાંનું મકાન.

તા. ૧૨ મી એપ્રીલ ૧૯૨૩ ને દીને સમસ્ત અંનજુમનની સભા ઉદવાડાનાં અતશબેહેરામનાં મકાનમાં ધી માણેકજી કા. દમણવાલા ડીસ્પેનસરીની કારોબારી કમિટિના પ્રમુખ ખાનબહાદુર બમનજી દોરાબજી પદમજીનાં પ્રમુખપણાં હેઠલ મળી હતી, જ્યાં નીચલાં ઠરાવો પસાર થયા હતાઃ—

(૧) ધી માણેકજી કા. દમણવાળાનાં નામનું 'દવાખાનું છે તેનું મકાન જુનું થયું છે, તથા ત્યાં ઓપરેશન કરવા વગેરેની સગવડ નથી, માટે સગવડ સાથનું નવું મકાન હોસ્પીટલને રવેશનું બંધાવી આપવા લેડી નવાજબાઈ રતનજી તાતાને અરજ કરવામાં આવી હતી, તે તેમણે તથા મરહુમ સર રતનજીના બીજા ટ્રસ્ટીઓએ કબુલ રાખી રૂ. ૫૫૦૦૦) ની રકમ આપવા જણાવ્યું હતું. નવાં મકાનને સર રતન તાતાનું નામ આપવા પણ દવાખાનાનું નામ તો શેઠ માણેકજી દમણવાલાનાં નામ સાથેજ જોડાયલું રહેશે એવો ઠરાવ થયો હતો.*

---

* માણેકજી દમણવાલાનાં દવાખાનાને લગતી સખાવત રૂપીઆ એક લાખની થવા જાએ છે, તો શું રૂ. ૫૫૦૦૦) ની બીજી સખાવતને લીધે તેમનું નામ ભૂલાઈ જાએ, એવો સવાલ મીટીંગમાં પ્રમુખને પુછવામાં આવતાં તેમણે જણાવ્યું, કે "તેઓ દમણવાળા કુટુંબના હોવા છતાં ઉદવાડા અનજુમનનાં ભલાંને ખાતર તેઓ તથા તેમનું કુટુંબ કાંઈ પણ ભોગ આપવા તૈયાર છે." સર રતન તાતાવાલું મકાન તા. ૭-૫-૧૯૨૪ ને દીને ખુલ્લું મેળવામાં આવ્યું હતું તે હવે પછી જોઇશું.

(૨) ઉદવાડામાં પાસ થયલી દાઈ ન હોવાથી હેરાનગતી પડે છે, માટે મરહુમ બાઇ વીરબાઈજી માણેકજી દમણવાલાની યાદગીરીનાં નાણાં જે તેમનાં વારસો કને છે, તે લેવાની અરજ કરવી; અને તેનાં વ્યાજમાંથી એક શિખેલી દાઈ રાખવી. (રાસ્ત ગોફતાર પ્રજામિત્ર તથા પારસી તા. ૧૫-૪-૧૯૨૩).

સુલેહનો ભંગ અટકાવવા જામીન લેવા બાબેની ફર્યાદ.

તા. ૨૭ મી જુન ૧૯૨૫ ને દીને ઉદવાડાના ત્રણ મોબેદો દીનશા ભીખાજી ઉનવાલા, કેરશાશજી કાવશજી ભાઠેલા તથા પાલનજી જમશેદજી સીધવાએ ઉદવાડાના દસ્તુર ફીરોજજી ખુરશેદજી તથા દસ્તુર કઇઓજી પેશોતનજી મીરજાં તથા દસ્તુર અને મીરજાં કુટુંબ વગેરેના બીજા ૧૩ મોબેદો સામે સુરતના દક્ષિણ વિભાગના ફરસ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોરટમાં ફર્યાદ નોંધાવી, કે વિરૂદ્ધ પક્ષના સાહેબો સુલેહનો ભંગ ન કરે માટે તેમના જામીન લેવા. તેઓએ લાંબું ફર્યાદનામું રજુ કર્યું હતુ તેનો સાર નીચે પ્રમાણે હતો:—

ઉદવાડાનાં શ્રી ઇરાનશાહ અતશબેહેરામને લગતાં અનેક ફંડો તથા જાગીરોનો વહીવટ દસ્તુર ખુરશેદજી મીનોચેહરજી, દસ્તુર પેશોતનજી બરજોરજી તથા શેઠ એદલજી ખુરશેદજી ભરડા ચલાવતા હતા. પરંતુ તેઓ અશકત થયા ત્યારથી આજુબાજુના સાહેબોએ એ વહીવટ ગેરરિતિએ ચલાવવા માંડયો છે. આથી ઉદવાડાના મોબેદોમાં બે પક્ષ પડયા છે. ફર્યાદ પક્ષ વધુમતિમાં હોવાથી સામાવાળાઓ આપખુદ કૃત્યો કરી તેમને હેરાન કરે છે. દસ્તુરો ફીરોજજી તથા કઇઓજીની દસ્તુરો તરીકેની નેમણુક અનજુમને કરી નથી, તેથી ફર્યાદ પક્ષ તેઓને વડા તરીકે સ્વીકારતો નથી. આથી દ્વેષભાવને સબબે ફર્યાદ કરનારાઓ આતશબેહેરામમાં ક્રિયાકામ કરે છે, ત્યારે સામી પક્ષવાલા સાહેબો દખલ કરે છે. નીરંગદીન, નાવર તથા બીજી ક્રિયા અટકાવવાના ચાર પાંચ દાખલા આપી ફર્યાદ કરનારાઓએ અરજ ગુજારી

હતી, કે જો તાકીદે પગલાં નહિ ભરવામાં આવશે, તો સુલેહનો ભંગ થવાનો સંભવ છે. માટે સામેવાલા સાહેબોના યોગ્ય જામીન લેવા. (ફર્યાદ પત્રની નકલ ઉપથી).

ઉપલો કજ્યો માજીસ્ટ્રેટ મી૦ કે. એલ. પંજાબીની કોરટમાં સાંભળવામાં આવ્યો હતો. આ કજ્યાની લગભગ ૪૦ સુનાવણી થઈ હતી. ફર્યાદ પક્ષ તરફથી સરદાર દાવર તેમુરસ્પ કાવશજી મોદી બેરીસ્ટર, મી૦ પહોંચાજી જમશેદજી વકીલ તથા મી૦ રૂસ્તમ અ. એંટી વકીલો હાજર થયા હતા. દસ્તુર પક્ષ તરફથી મી૦ કાવશજી બરજોરજી વકીલ તથા મી૦ નવરોજી ભી. પારડીવાલા વકીલ હાજર થયા હતા.

[નોંધ—ઉપલી ફર્યાદી નોંધાયા બાદ માસ અકટોબર ૧૯૨૫માં મોબેદ દોરાબજી પેશોતનજી મીરજાંએ મોબેદો દીનશા ભીખાજી ઉનવાલા તથા પાલનજી જ. સીધવા વગેરે પાંચ જણ ઉપર સુલેહનો ભંગ ન થાય માટે જામીન લેવાનો કેસ માંડયો હતો. તે કેસ મી૦ પંજાબી આગળ રજુ થયો છે.]

પુષ્કળ જુબાની લેવાયા બાદ કેટલાક સાહેબો અને ખાસ કરીને મુંબાઇવાલા મી૦ જાંહાંગીર જમશેદજી વીમાદલાલ સોલીસીટરનાં વચ્ચે પડયાથી સુલેહની શરતો ઘડવામાં આવી હતી, તેથી કોરટમાં કજ્યાની સમાધાની નોંધાવવાનો ઠરાવ થયો હતો. સુલેહની શરતો નીચે પ્રમાણે હતી:—

સમજુતીની શરતો.

"હાલ કેટલોક વખત થયો ઉદવાડાના અથોરનાનો વચે તકરારો ઉપસ્થીત થઈ છે અને તેના સંબંધમાં ફોજદારી કજીયા માંડવામાં આવેલા છે તે દુર કરવા તેમજ દસતુર સાહેબોનું માન તથા ઇજ્જત હંમેશાં જળવાઈ રહે તે માટે પક્ષકારો વચે નીચે પ્રમાણે સમજુતી થઈ છે, તે મુજબ ઉદવાડાની સમસ્ત અનજુમનની તેમજ અથોરનાન અનજુમનની સભા બોલાવી ઠરાવ કરી અનજુમનને દફતરે નોંધી પક્ષકારોએ જે જે

ફોજદારી પ્રકરણો ઉભાં કરયાં છે, તે ખેંચી લેવાં. પહેલી કલમ બાબત સમસત અનજુમનની બહાલી લેવી અને બાકીની કલમો માટે અથોરનાન અનજુમનની બહાલી લેવી.

૧—બંને પક્ષો કબુલ કરે છે, કે બંને દસતુરજીઓની નીમણુંક સમસત અનજુમનની બહુમતીથી થતી રહેશે. આ નીમણુંક મરહુમ દસતુરજીના ઉઠમણાં વેળા ઉઠમણાંની ક્રીયાની આગમજ થશે. બંને દસતુરજીઓની નીમણુંક તેઓના વારસો તથા કુટુંબમાંથીજ થશે. એટલે દસતુર કુટુંબ તથા મીરઝાં કુટુંબમાંથીજ થશે. મરહુમ દસતુરજીએ પોતાની પાછળના દસતુરને નીમાવા માટે કાંઈ ખાએશ દેખાડી હોય તો તે ઉપર અનજુમન ધયાન પહોંચાડશે, પરંતુ તે ખાહેશ અનજુમનની પસંદગીની આડે આવી શકશે નહી. અનજુમને વીચાર ચલાવી ઉપર લખયા પ્રમાણે ઉઠમણાંની ક્રીયાની આગમજ દસતુરજીની નીમણુંક કરવાને બની આવે તે સારૂ મીજલસ એક કલાક આગમજ ભેગી મળશે, અને તેમ કરવાને માટે અનજુમનની કારોબારી કમીટી જોઈતી તમામ ગોઠવણો કરશે. આ સમજુતીથી હાલના દસતુરજી સાહેબોની નીમણુંકની તકરારનો છેડો આવયો છે. અને દસતુરજીઓની નીમણુંક બાબતની આ ગોઠવણ છેવટની ગણાશે. બંને પક્ષોએ હાલના દસતુરજીની નીમણુંક બાબતની તકરારમાં એક બીજા સામે જે અંગત આક્ષેપો કેઠે પણ મુકયા હોય તે સરવે બંને પક્ષો આ થકી ખેંચી લે છે.

૨—નીરંગદીન અનજુમનના મહેતાજી આગળ નોંધાવવામાં આવશે. મહેતાજી નોંધવા બાબેની બંને દસતુરજી સાહેબોને ખબર આપશે અને જો તેમને અંજુમને નીરંગદીન સંબંધમાં ઘડેલા નીયમોને લીધે યા નીરંગદીન કરનાર મોબેદોની લાયકાત બાબે કાંઈ વાંધો લાગે તો તેનો નીરણય અંજુમનની કમીટી પાસે કરાવવાનો બંને દસતુરજી સાહેબોને અધીકાર રહેશે. જો અંજુમનની કમીટી કોઈ નીરંગદીન નોંધવા ના પાડે, તો કમીટીએ તુરત અથોરનાન અંજુમન બોલાવી તે સવાલનો નીરણય

કરાવવો. નાનમાં બેસવાની પરવાનગીની ચીઠી મહેતાજી આપશે. નીરંગદીન ઝાલવા અગાઉ વડા દસતુરજી સાથે નીરંગદીન કરનારા મોબેદોએ હમાજોર કરવી. આ લેખ ઉપર બંનેની સહી થયા પછી એક વરસ સુધી આ હમાજોર વડા દસતુરજીને ઘેર કરવી અને તયાર પછી નીરંગ ઝાલવાની આગળી સાંજે બંને દસતુરજી સાહેબોને આગળથી ખબર આપવી, અને આતશબહેરામ સાહેબના મકાનમાં નીરંગ ઝાલતી વેળાયે બને દસતુરજી સાહેબો, અગર તેઓ પઈકી જેઓ હાજર હોય તેમની સાથે હમાજોર કરવી. એક વરસ પછી દસતુર સાહેબોને ઘર જવાનો રીવાજ બંધ થશે. દસતુર સાહેબોના માન અરથે નીરંગદીનના પરગણા વખતે તેમજ વદીદાદ વખતે નીચે મુજબ બોલી રજા લેવી. 'દસતુર સાહેબો, તથા અંજુમનના સાહેબો, રજા છે'?

૩—નવજોત આતશબહેરામ સાહેબનાં મકાનમાં થનાર હોય, તો તે માટે ઈજન કરનારાને દસ્તુર સહેબોને ઘેર ખાસ ઈજન કરવું. દસતુર સાહેબો જો આતશબેહેરામમાં હાજર હોય તો દસતુર સાહેબોને નવજોત કરવા અરજ કરવી. તેઓ સાહેબની જો નવજોત કરવાની ખુશી ન હોય, તો બીજા મોબોદોએ કરવી.

૪—નાવરની મીજલસમાં પધારવા માટેનો તેમજ જ્યારે પણ ગામના ઈજન હોય તો દસતુર સાહેબોને ઘેર ખાસ ઈજન કરવું અને દસતુર સાહેબોએ તયાં પધારવું. દસતુર સાહેબો કોઈ કારણસર મીજલસમાં હાજર ન હોય તો નાવરની ક્રીયા યા બીજી કોઈ ક્રીયા અટકે નહી.

જ્યાં જ્યાં આતશબહેરામ સાહેબના મકાન એવા શબદો વાપરયા છે, તેમાં દીનશાજીની દરેમહેરનો પણ સમાવેશ થઇ જાય છે.

૬—આ શરતોને છેવટની આખી અંજુમનને બંધાણકારક કરવા માટે સમસત અંજુમનની તથા અથોરનાન અંજુમનની મીટીંગ બોલાવી તેમાં રજુ કરવી અને તે ઉપર બહાલી મેળવવી

અને બંને પક્ષોએ તેની બહાલી મેળવવા માટે મતો આપવાં, તેમજ દરેક પ્રકારે મદદ કરવી અને એ ઉપરાંત કાંઈ કાયદેસર પગલાં લેવા પડે, તો તેમાં પણ બંને પક્ષોએ દરેક પ્રકારની મદદ કરવી તથા સમંતી આપવી અને એ થયા પછીથી ફોજદારી કોરટમાં જે ૫ (=પાંચ) અરજીઓ કરેલી છે તે ખેંચી લેવી." (જોવો જામે જમશેદ તા. ૧૬-૭-૧૯૨૬).

શરતો બહાલ રાખવા અનજુમનની સભા.

ઉપલી શરતોનો ખરડો બહાલ રાખવા ઉદવાડાની અનજુમનની એક સભા તા. ૧૮ મી જુલાઇ ૧૯૨૬ ને દિને આતશબેહેરામના હોલમાં બોલાવવામાં આવી હતી. પ્રમુખપદ ખાનબહાદુર બમનજી દોરાબજી પદમજીને આપવામાં આવ્યું હતું. પ્રમુખે ટુંકમાંજ જણાવ્યું, કે સુરતની કોરટમાં સામસામા મુકદમા નોંધાયા છે, તે સંબંધમાં પક્ષકારો વચ્ચે સમજુતીની શરતો થઈ છે, તે બહાલ રાખવા આ સભા બોલાવવામાં આવી છે. અને આ શુભ પરીણામ આવ્યું છે, તે મી૦ જહાંગીર વીમાદલાલની અથાગ મેહેનત તથા ખંતીલી કોશેશને આભારી છે.

બાદ કાવશજી જ. ઉનવાલા, ફરામરોજ પે. પટેલ, શોરાબજી એ. સીધવા, રૂસ્તમજી ભી. અંધ્યારૂજીના તથા બીજા ૪૨ સાહેબોનો પ્રોટેસ્ટ વાંચી સંભાળાવવામાં આવ્યો હતો. તેમાં લખવામાં આવ્યું હતું કે "ઉદવાડાના હાલના દસ્તુરોની નેમણુંક કદીમથી ચાલતા આવેલા રેવાજ મુજબ થઈ નથી, તે ઉપરથી ઉદવાડાના અથોરનાનોના જે બે પક્ષો છે, તેમાં દસ્તુરી ઝગડાને અંગે મતફેરી પડવાથી સુરતના દક્ષિણ વિભાગના ફ. ક. માજીસ્ટ્રેટની કોરટમાં દીનશા ભી. ઉનવાલા તથા બીજાઓએ દસ્તુરો ફીરોજજી તથા કઈઓજી તથા બીજાઓ ઉપર ૧૯૨૫ના જુન માસમાં સુલેહના ભંગ માટે જામીન લેવા અરજી કરેલી તે ઉભી છે. બાદ ઉપલાજ દીનશા ઉનવાલા તથા બીજાઓ ઉપર ૧૯૨૫ ના અકટોબરમાં દોરાબજી પે. મીરજાં એ સુલેહના ભંગ માટે ઉપલીજ કોરટમાં અરજી કરી છે જેનું

કામ ચાલ્યું નથી. એ ઉપરાંત બીજા સાહેબોએ સામસામી ફર્યાદો નોંધાવી છે. દીનશા ઉનવાલા વાલા મુકદમાનું કામ પુરૂં થવા આવ્યું, તેટલાં સમજુતીની કોશેશ થઈ, તે પ્રોટેસ્ટ કરનારાઓને કબુલ નથી. દસ્તુરોની ભવિષ્યની નેમણુક બંને દસ્તુર કુટુંબોમાં જ્યાં સુધી દસ્તુરપદ માટે કોઈ લાયક શખશ મલશે, ત્યાં સુધી તે (નેમણુક) મરનાર દસ્તુરજીનાં ઉઠમણાંની મીજલસની પહેલાં અનજુમનની ખાસ મીટીંગ જાહેર જગ્યામાં રેવાજ મુજબ બોલાવી કરવામાં આવશે. પણ તે કુટુંબમાંથી લાયક નહિ હોય, તેવાની નેમણુક પ્રોટેસ્ટંટો કરશે નહિ. નીરંગદીનનાં પરગણાં વખતે તથા વંદીદાદ શરૂ કરતી વખતે પ્રોટેસ્ટંટો ત્યાં હાજર રહેલી અનજુમનના સાહેબોની રેવાજ મુજબ રજા લેશે. પણ દસ્તુરોનું નામ દેઈ રજા લેશે નહિ. ઉદવાડાના અથોરનાનોને આતશબેહેરામમાં અથોરનાનોનાં યા બેહેદીનોનાં બચ્ચાંની નવજોત કરવાનો હક છે, તે દસ્તુરોને પ્રોટેસ્ટંટો આપશે નહિ. પણ મરજીમાં આવશે તોજ દસ્તુરો પાસે નવજોત કરાવશે. જ્યારે ગામમાં સરઅવસરે અનજુમનનાં ઈજનો થાય, ત્યારે બંને દસ્તુરોને ઈજન કરી બોલાવવા યા ન બોલાવવા તે ઘરધણીઓની મુનસફી ઉપર રહેશે. સભામાં મુકાનારી સમજુતીની શરતો તેમને કબુલ નથી, વગેરે." (જામે જમશેદ તા. ૧૭ મી જુલાઈ ૧૯૨૬.)

પ્રોટેસ્ટ વંચાયા બાદ એરવદ દોરાબજી જ. સીધવાએ દરખાસ્ત કરી કે સભા મુલતવી રાખવી. પણ તેની તરફેણમાં ૮૪ મતો તથા વિરૂદ્ધમાં ૧૧૦ મતો પડયાથી તે ઉડી ગઇ હતી. તેથી પ્રોટેસ્ટ કરનારા સાહેબો હોલ છોડી ગયા હતા. બાદ નીચલા ઠરાવો પસાર થયા હતા:—

પેહેલો ઠરાવ એરવદ કેરશાસજી ખરશેદજી ગોંડાએ રજુ કીધો, તેને મોબેદ રૂસ્તમજી જ. ગોંદાએ ટેકો આપ્યો હતો, તે નીચે પ્રમાણે હતો:—

"ઉદવાડાની સમસ્ત અનજુમનની આ સભા મેહેરબાન સુરતના દક્ષિણ પ્રાંતના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની

કોરટમાં પક્ષકારો વચ્ચે જે સમજુતીની શરતો થઈ છે અને જે સભા સનમુખ વાંચી સંભળાવવામાં આવી છે, તે માહેલી નીચલી પહેલી શરત જે દસ્તુરજી સાહેબોની નેમણુંકના સંબંધમાં છે, તેને બહાલી આપે છે." બાદ ઉપર આપેલી પેહેલી શરત વાંચી સંભળાવવામાં આવી હતી. ઉપલો ઠરાવ હાજર રહેલાઓએ સર્વાનુમતે પસાર કર્યો હતો.

બીજો ઠરાવ એ. ઈજદયારજી પેસ્તનજી ભરડાએ મેળ્યો હતો, જે ઉપર લખેલી શરતો બીજીથી છટ્ટીને બહાલી આપવા માટે હતો. તેને ટેકો મળવે તે પસાર થયો હતો.

બાદ દસ્તુર ફીરોજજીએ પ્રમુખનો આભાર માનતાં મી. વીમાદલાલે જેહેમત ઉઠાવી હતી તે માટે ઉપકાર માન્યો હતો, તેને દસ્તુર કઈઓજીએ ટેકો આપ્યો હતો. (જામે જમશેદ તા. ૨૦ મી જુલાઈ ૧૯૨૬).

માજીસ્ટ્રેટના ચુકાદો.

માજીસ્ટ્રેટે તા. ૧૧ મી આગશટ ૧૯૨૬ ને દિને નીચલી મતલબનો ચુકાદો આપ્યો હતો:—

"ફર્યાદિઓ તેમજ જવાબદારો ધર્મગુરૂ વર્ગને લગતા છે. જવાબદારોમાના બે સાહેબો હિંદુસ્તાન મધ્યેના એક સર્વથી પુરાણાં અને સર્વથી વધુ માન પામેલાં આતશબેહેરામના વડા છે. કાંઇક ધાર્મિક ક્રિયાઓ બાબે તકરાર ઉભી થઈ, ત્યાં સુધી તેઓ એક બીજા સાથે સુલેહસંપથી રહ્યા હતા. ઉદવાડામાં બે પારટી છે. એક દસ્તુર પારટીને નામે ઓળખાય છે અને બીજી વિરૂદ્ધ પારટી છે. દસ્તુર પારટી બહુમતિમાં છે. મુખ્ય વાંધો બે દસ્તુરોની નેમણુકના સંબંધનો અને નીરંગદીન, નવજોત, નાવર અને બીજી ક્રિયાઓ માટે તે દસ્તુરોએ કેવો ભાગ લેવો જોઇએ તેના સંબંધમાં છે. જવાબદારો તરફથી એવું દેખાડવા સારૂં ઘણી સાહાદતો રજુ કરવામાં આવી હતી, કે કહેવાતા સઘળા બનાવોમાં ફર્યાદિઓ છેડછાડ કરનારી પારટી જેવા હતા. અને જવાબદારોએ કશુ ગેરવાજબી કામ કર્યું ન હતુ.

જવાબદારો એવો દાવો કરે છે, કે તેઓ દસ્તુરો હોવાથી તેઓને એવું દબાણ ચલાવવાનો હક હતો, કે ક્રિયાઓ નિયમસર કરવી, અને ફકત તેટલુંજ તેઓએ કર્યું હતું. અને તેઓએ ફકત એવુંજ જણાવ્યું હતું કે ચાલી આવેલી રસમ અને રેવાજ મુજબ ક્રિયા થવી જોઇએ. અને ફકત ફર્યાદિઓની આપખુદી ભરેલી વર્તણુકને સબબેજ ફર્યાદિવાળા બનાવો બન્યા હતા. ક્રિયાઓની રાહ રસમ અને દસ્તુરોની નેમણુક કરવાનાં ધોરણ બાબે અતિઘણી જુબાનીઓ રજુ કરવામાં આવી હતી. પણ આ સઘળી બાબતોમાં છેવટનું કાંઈ નકકી કરી શકાય તેવી કશી જુબાની શોધી કાઢવામાં હું નિષ્ફળ નિવડયો છું. દસ્તાવેજી જુબાની ઘણી થોડી છે....પક્ષાપક્ષની લાગણી ઘણી તીક્ષ્ણ હોવાથી મોઢેની જુબાની હેરફેર પડી છે. સઘળી જુબાની નોંધવામાં આવી હતી અને વળતી ફર્યાદનું કામ પૂરૂં થાય ત્યાં સુધી ચુકાદો મુલતવી રાખવામાં આવ્યો હતો. જ્યારે વળતી ફર્યાદનું કામ ચાલુ હતું, ત્યારે તપાસ મુલતવી રાખવાની અરજ બંને પારટીઓ તરફથી એવું જણાવીને કરવામાં આવી હતી, કે તકરારની સમજુતી થવાનો સંભવ હતો....તા. ૨૩-૬-૧૯૨૬ ને દિને બંને પારટીઓએ પોતાના વકીલો મારફતે અરજ કરી જણાવ્યું, કે પારટીઓ વચ્ચેના વાંધાની છેવટની માંડવાલ થઇ હતી. અને જે ગોઠવણ થઇ હતી તેની નકલ પણ તેની સાથે જોડવામાં આવી હતી. તેઓએ મુકદમાની તપાસ વધુ મુલતવી રાખવાની માંગણી એવી ધારણાથી કરી હતી, કે અનજુમન જે ઉદવાડાના સઘળા મોબેદો ઉપર અમલ કરનારૂં મંડળ છે, તેની આગળ લખત રજુ કરવાનું બની શકે. કોરટે ફરીને તપાસ મુલતવી રાખી હતી, કારણ કે આટલી બધી કડવી લાગણી પેદા કરનારી ફર્યાદ મધેની સઘળી મુખ્ય તકરારી બાબતોની સમજુતી આ લખત મધે થઈ હતી; અને તેટલા માટે સુલેહનો ભંગ થવાનું કશું કારણ રહ્યું ન હતું. તે પછી તા તા. ૧૮-૭-૧૯૨૬ ને દિને અનજુમનની સભા અગાઉથી ઘટતી નોટીસ આપી બોલાવવામાં આવી હતી અને ત્યાં ઉદવાડાની ભેગી અનજુમનને એકમતે

તે લખત પસાર કર્યું હતું. આ લખત ઉપર ફર્યાદિઓએ અને જવબદારોએ સહી કરી હતી. અને તા. ૨૩-૬-૧૯૨૬ ને દિને આ કોરટ જોગી એક અરજીમાં બંને પારટીના વકીલોએ જણાવ્યું હતું, કે સમજુતી સંપૂર્ણ રીતે થવા પામી હતી. આ ઉપરથી હું ઠરાવું છું, કે તે લખત ધમકી આપીને જબરદસ્તીથી કે ખોટી રીતે કરવામાં આવ્યું હતું નહિ....તે લખત ઉપર ઘટતી રીતે બોલાવવામાં આવેલી અનજુમને બહાલી આપી હતી. તે લખતમાં દસ્તુરોની નેમાણુંક કરવા બાબેનું ધોરણ વર્ણવવામાં આવ્યું છે. અને જુદી જુદી ક્રિયાઓનાં કામકાજનુ વર્ણન આપવામાં આવ્યું છે, કે જે તકરાર હેઠળનું હતું. અને લખત કે જેની ઉપર અનજુમને બહાલી આપી હતી તે મધ્યે સમાવવામાં આવેલી આ સઘળી શરતો મુજબ ચાલવા જવાબદારોએ એક સ્ટેટમેંટ મારફતે કબુલ્યું છે, અને તેઓ લખી જણાવે છે કે તેઓ કાયદો હાથમાં લેશે નહિ, અને આ લખત મુજબની ક્રિયા કરવાને વિરૂદ્ધ પારટી નિષ્ફળ નિવડશે, તો તેવા બનાવમાં તેઓ મારફાડ ચલાવશે નહિ. પણ તે વિરોધીઓ સામે કાયદાપૂર્વક કામ લેશે.

ભેગી અનજુમનની સતાવાર બહાલીથી બે પારટીઓ વચેના વાંધાની મુખ્ય બાબતોની સમજુતી આ પ્રમાણે થયલી હોવાથી અને લખતની સઘળી બાબતો મુજબ સંપૂર્ણ રીતે વર્તવાને જવાબદારોએ પોતાની રાજીખુશી જણાવી છે, અને કારણ કે જવાબદારો સારો સંસારી દરજ્જો ધરાવનારા આબરૂદાર માણશો છે, અને વિરોધીઓ સાથના ક્રિયાકામ બાબેના આ વાંધા એક તરફ મુકતાં તેમાં સંપૂર્ણરીતે સુલેહભર્યા માણસો છે, માટે હું જોવું છું કે ભવિષ્યમાં સુલેહનો ભંગ જવાબદારો કરે એવો સંભવ નથી. ફોજદારી કાયદાની ૧૦૭ મી કલમ ભવિષ્યની સલામતી મેળવવા અર્થે છે. માટે એવું સાબેત થયલું હું જોતો નથી કે ભવિષ્યમાં સુલેહનો ભંગ કરવાની ધારણા જવાબદારો રાખતા હોય, અથવા તેઓ તેમ કરે એવો સંભવ હોય. ૧૧૯ મી કલમ સઘળા જવાબદારો સામે જે

હુકમો ૧૧૨ મી કલમ હેઠળ મેં કાઢયા હતા, તે હું રદ કરૂં છું, અને સઘળા જવાબદારોને છોડી મુકું છું." (જોવો તા. ૧૮ મી આગશટ ૧૯૨૬ નું જામે જમશેદ).

નોંધ—ઉપલા ચુકાદા બાદ પ્રોટેસ્ટ કરનારા કેટલાક સાહેબોએ મી૦ જહાંગીર વીમાદલાલનાં કામ સામે વાંધો કાઢી કયસરેહિંદમાં લખાણો કર્યાં હતાં, અને મી૦ વીમાદલાલે તેના જવાબો આપ્યા હતા.

પ્રકરણ અઠારમું.

ઉદવાડાના દસ્તુરો તથા મોબેદોની ટુંક હકીકત.

નવસારીના સંજાણા દસ્તુરો.

શ્રી ઇરાનશાહને ઉદવાડે લાવવામાં આવ્યા, તે વખતની આગમચ ખુદ નવસારીમાં સંજાણા ટોળાના દસ્તુરો હતા, તે યાદ રાખવું જોઇએ છે. એવા એક દસ્તુર હોશંગ આશા હતા. ઇંગ્લાંડની બોડલીન લાએબ્રેરીમાં વંદીદાદ સાદેનો એક હસ્ત લેખ છે, કે જે મુંબાઇની માણેકજી શેઠની અગીઆરીવાળા શેઠ માણેકજીએ ઉદવાડાના દસ્તુર ભીખાજી રૂસ્તમજી કને ઈ. સ. ૧૭૩૬ માં લખાવ્યો હતો, તેના કોલોફોનમાં હોશંગ આશાને દસ્તુરાન દસ્તુર કહ્યા છે. તે કોલોફોનનં આ પ્રમાણે ફારસીમાં છે:— "મુબદ ભીખા બીન દસ્તુર રૂસ્તમ બીન દસ્તુર બેહરામ વલદ દસ્તુર ખુરશીદ બીન દસ્તુરાન દસ્તુર હુશંગ આસા લકબે સંજાનાન પરેસ્તારે દરગાહે આતશ વહરામ સાખ્ત સાકેન કસ્બે નુસારી." ઇ. સ. ૧૬૦૧ વાલી કાઉશ માહીઆરની રેવાયતમાં પણ એમને દસ્તુર કહ્યા છે. વળી કીસ્સે સંજાણના લખનાર બહમન કેકોબાદ જે દસ્તુર હોશંગના શિષ્ય હતા, તેમણે પણ પોતાના ઉસ્તાદ હોશંગને દસ્તુર કહ્યા છે. (જોવો દાકતર જીવનજી મોદીનું પુસ્તક Dastur Bahman Kaikobad and the Kisseh-i-Sanjan pp. 80–81 અને પ્રો૦ હોડીવાલાનું પુસ્તક Studies in Parsi History pp. 321–323).

ઉપલા કોલોફોનમાંના **દસ્તુર બેહેરામ ખુરશેદનું** નામ ઇ. સ. ૧૬૯૧ વાલા લેખમાં જડે છે (પા. પ્ર. પા. ૮૪૮). ત્યાં તેમને દસ્તુર કહ્યા છે. તેમના બેટા રૂસ્તમનું પણ નામ ત્યાં છે, પણ વાજબી રીતે ત્યાં દસ્તુરનો એલકાબ તેમને લગાડયો નથી. કારણ કે બાપ દસ્તુર હોય, ત્યારે દીકરો પણ દસ્તુરી ભોગવે એ બનાવાજોગ નથી.

ઇ. સ. ૧૬૩૭ વાલી રેવાયતના કર્તા દસ્તુર બરજોર કામદીન પણ દસ્તુર હતા, કારણ કે એ રેવાયતના કોલોફોનમાં તેઓ પોતાને "દસ્તુર બરજો ઇબ્ન કવામુદદીન" તરીકે ઓળખાવે છે (દારાબ હોરમજદયારની છાપેલી રેવાયત વોલ્યુમ ૧ લું, દાકતર જીવનજી મોદીનો દીબાચો પા. ૫).

વળી આપણે ઉપર જોયું તેમ ઇ. સ. ૧૪૮૬ની તથા ૧૫૧૧ની રેવાયતોમાં "હીરબદે હીરબદાન ખુરશેદ"નું નામ મળે છે, કે જેમને "**દસ્તુર ખુરશેદ**" પણ કહ્યા છે. તેઓ "બુજોરગે સંજાનાન," "સંજાણાઓના વડવા" કહેવાતા હતા.

કીસ્સે સંજાણવાલો ખુજેસ્તાના બાપ ખુશમસ્તાને દસ્તુર તરીકે ઓળખાવે છે. તેઓ શ્રી ઈરાનશાહને નવસારીમાં લાવવામાં આવ્યા હતા, તેની આગળ (ઈ. સ. ની ૧૪ મી સદીમાં) થઈ ગયા હતા. પણ ઇ. સ. ૧૪૭૮ વાલી નરીમાન હોશંગની રેવાયતમાં નવસારીના ફકત "આથોરનાનો, મુખીઓ તથા હીરબદો"ને કાગળ લખાયલો છે, ત્યાં કોઇ પણ દસ્તુરનું નામ નથી. તેથી ઉપલા સાલની અગાઉ કેથે પણ દસ્તુર હતા કે તે સવાલ છે. કદાચ દસ્તુર ખુરશેદ પેહેલ વેહેલા દસ્તુર હોય.

નોંધ—યાદ રાખવું જોઇએ છે કે કેટલાક સાહેબોને દસ્તુરી ન મળવા છતાં માનાર્થે તેમની વિદ્વત્તાને માટે "દસ્તુર" કહેતા હતા. દાખલા તરીકે રેવાયતવાલા દારાબ હોરમજદયારને ઘણેક ઠેકાણે દસ્તુર કહ્યા છે; પણ પોતાના અનેક કોલોફોનોમાં તેઓ પોતાને "હીરબદ જાદહ હીરબાદ" જણાવે છે. કીસ્સે સંજાણવાલા બહમન કેકોબાદને દસ્તુર કહેવા માટે મુસ્તકીમ

સાહાદત મળી નથી. તેમના બાપ કેકોબાદને કાઉશ માહીઆરની ઈ. સ. ૧૬૦૧ની રેવાયતમાં* દસ્તુર કહ્યા છે, પણ તેમના બપાવા હમજ્યારને દસ્તુર કહ્યા નથી. બીજા હાથ ઉપર કીસ્સે સંજાણમાં (બેત ૪૧૪–૪૧૫ માં) ખુદ બહમન પોતાના બાપને દસ્તુર કહેતા નથી, પણ બપાવાને દસ્તુર કહે છે. આથી ગુંચવાડો પેદા થાય છે. ઇ. સ. ૧૫૧૧ની તથા તે પછીની રેવાયતોમાં ઘણા દસ્તુરોનાં નામો આવે છે, પણ તેઓ ખરેખર દસ્તુર હતા કે તે નક્કીપણે કહેવાઈ શકાતું નથી. આંકવેટીલ ડુ પેરોં પોતાના સુરતવાસી એક ગુરૂનું નામ દસ્તુર-મોબેદ કાઉસ જણાવે છે, તે આપણું ખાસ ધ્યાન ખેંચે છે.† (જોવો દાકતર જીવનજી મોદીનું પુસ્તક આંકવેટીલ પા. ૨૧૦).

ઉદવાડાના દસ્તુરો.

ઈ. સ. ૧૭૪૨ માં શ્રી ઇરાનશાહને ઉદવાડે લેઈ જવામાં આવ્યા, ત્યારે તેમની સાથે બે વડા ધર્મગુરૂઓ હતા. પાછળથી અનજુમને આ બંને ધર્મગુરૂઓને દસ્તુરો બનાવ્યા હતા. આ દસ્તુરોથી ઉદવાડા મધ્યે બે દસ્તુરોની ગાદી સ્થપાયલી છે, તે આજ દીન સુધી ઉતરી આવેલી છે. એક ગાદી "દસ્તુર"નાં નામથી તથા બીજી "મીરજી"ના નામથી હાલે ઓળખાય છે. દસ્તુર ખાનદાનના દસ્તુરો નીચે પ્રમાણે થયા છે.

---

*જોવો એ. માણેકજી ઉનવાલાની દારાબ હોરમજદયારની છાપેલી રેવાયત વો. ૨. પા. ૪૫૧ લીટી ૧૦ મી.

†આંકવેટીલ ડુ પેરોં પોતાનાં પુસ્તકમાં સુરતવાલા "દસ્તુર" દારાબ ઉરફે કુમાના દાદાદારૂ અથવા દાદદારૂનું નામ અનેક ઠેકાણે ટાંકે છે. વંદીદાદની પોતે બનાવેલી નકલના પેહેલવી કોલોફોનમાં "દસ્તુર" દારાબ પોતાને "મોબેદ દારાબ બીન સોહરાબ" કહે છે તથા ફારસી કોલોફોનમાં "દારાબજી મોબેદ સોહરાબ" કહે છે. (દાકતર જી. મોદીનું આંકવેટીલ પા. ૨૬૨). ઇઠોતેર રેવાયતમાં તો એમનું નામ "દસ્તુર દારાબ વલદે દસ્તુર સોરાબ" આમ છે, (મુલ્લાંફીરોજ કેતાબખાનામાંની ઇઠોતેર રેવાયત પા. ૨૬, લીટી ૧૬-૧૭). વળી (દસ્તુર) કાઉસ રૂસ્તમે (મુલ્લાંફીરોજના બાપે) તો ઇઠોતેર રેવાયતની પોતાને હાથે બનાવેલી નકલમાં એમને "દસ્તુરે દસ્તુરાને ઝમાન...દસ્તુર દારાબ વલદે સોહરાબ" કહ્યા છે.

(૧) દસ્તુર **ભીખાજી રૂસ્તમજી***—એઓ રોજ ૨૧ માહ ૧૨ શે. ૧૧૨૬ યજદજરદી તા. ૪ થી અકટોબર ૧૭૫૭ N. S. ને દીને ૭૫ વર્ષની ઉમરે ગુજર્યા હતા.

(૨) ઉપલા દસ્તુરનાં મરણ બાદ તેમના દીકરા†**બેહેરામજીને** ઉદવાડાની અનજુમને દસ્તુર નેમ્યા હતા. તેઓ રોજ ૧૬ માહ ૮ શે. ૧૧૫૫ યજદજરદી તા. ૨૫ મી મે ૧૭૮૫ N. S. ને દીને ગુજરી ગયા હતા.

(૩) ઉપલા દસ્તુરનાં મરણ બાદ તેમના બેટા **દારાબજી બેહેરામજીને** ઉદવાડાની અનજુમને દસ્તુર નેમ્યા હતા. એ ઓદ્ધો ૭૦ વર્ષની લાંબી મુદત સુધી ભોગવી એઓ ૮૯ વર્ષની ઉમરે રોજ ૧૭ માહ ૨ શે. ૧૨૨૫ યજદજદી તા. ૧૧ મી નવેમ્બર ૧૮૫૫ N. S. ને દીને ગુજરી ગયા હતા.

(૪) ઉપલા દસ્તુરની પછી તેમના બેટા **મીનોચેહેરજી દારાબજી** દસ્તુર નેમાયા હતા. તેઓ ૬૫ વર્ષની ઉમરે રોજ ૨૪ માહ ૫ શે. ૧૨૪૬ યજદજરદી તા. ૧૦ મી ફેબરવારી ૧૮૭૭ N. S. ને દીને ગુજર્યા હતા.

(૫) ઉપલા દસ્તુરની પછી તેમના બેટા **ખુરશેદજી મીનોચેહેરજીની** નેમણુક થઈ હતી. એઓ રોજ ૯ માહા ૯ સને ૧૨૯૨ યજદજરદી તા. ૧૬ મી મે ૧૯૨૩ N. S. ને વાર બુધને દીને ૯૦ વર્ષની ઉમરે ગુજરી ગયા હતા. એમણે અનેક ધર્મસ્થલોનાં ક્રિયાકામો કર્યાં હતાં— જેમકે ઈ. સ. ૧૮૮૧માં પારડીની દરેમેહેર તથા ધર્મશાળાની ક્રિયા તથા ત્યાંનુંજ દખમું પરથાવવાની ક્રિયા, ઈ. સ. ૧૮૮૮માં નારગોલનું દખમું ઈંજવાની ક્રિયા, ઇ. સ. ૧૮૯૧ માં ઉદવાડાની સર દીનશાજી પીટીટવાલી દરેમેહેર તેમજ સગડી ઈંજવાની ક્રિયા, ઈ. સ. ૧૮૯૪ માં

---

* એમના વડિલો નીચે પ્રમાણે:—ભીખા-રૂસ્તમ-બરજોર-(બહેરામ)-ખોરશેદ-કેકોબાદ-નરશંગ-આશા-કામદીન-ચાંઇઆં-આસ્તીન-ખોરશેદ-કામદીન.

† પારશી પ્રકાશ પા. ૬૫. કેટલાકો પ્રમાણે એઓ દસ્તુર ભીખાજીના ભાઇ હતા.

ઉદવાડાનાં હાલનાં આતશબેહેરામનાં મકાનની ક્રિયા, ઈ. સ. ૧૯૦૬ માં વલસાડનાં નવાં દખમાંનો તાણો પુરવાની ક્રિયા, ઈ. સ. ૧૯૦૭ માં સરોડાની દરેમેહેરની ક્રિયા, ઈરાનથી આપણા વડવાઓ હિંદમાં આવ્યા તેને ૧૨૦૦ વર્ષ પુરાં થયાં, ત્યારે ઈ. સ. ૧૯૧૬ માં મુંબાઈની જશન કમિટિ હસ્તકનાં સંજાણમાં કરેલાં જશનની ક્રિયા, તથા શ્રી ઈરાનશાહને ૧૨૦૦ વર્ષ પુરાં થયાં, ત્યારે ઉપલીજ કમિટિ હસ્તક ઈ. સ. ૧૯૨૧ માં ઉદવાડામાં થયલાં જશનની ક્રિયા વગેરે. દસ્તુર ખુરશેદજી ઈ. સ. ૧૯૦૮ માં મુંબાઈ આવ્યા હતા, ત્યારે અત્રેનાં વાડીઆજીના આતશબેહેરામમાં દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણાની આગેવાની હેઠળ દસ્તુર ખુરશેદજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. (જોવો જામે જમશેદ તા. ૧૮ મી મે ૧૯૨૩, રૂસ્તમ બ. પેમાસ્તરનું લખાણ). મરહુમની યાદગારીનાં ફંડમાં એમનાં વસીઅત નામાંમાં ફર્માવ્યા પ્રમાણે રૂ. ૧૦૦૦) તથા જુદી જુદી આશામીએ રૂ. ૧૩૫૦) ભરીઆ હતા.

(૬) ઉપલા દસ્તુરની પછી એમની દીકરી (જે એમના ભત્રીજા મેહેરનોસજી ફરામજી દસ્તુર સાથે પરણી હતી તે)ના બેટા ફીરોઝને દસ્તુર તરીકે નેમવામાં આવ્યા છે. (જામે જમશેદ તા. ૨૩ મી મે ૧૯૨૩). તેઓ મરહુમ દસ્તુરના પાલક થયાથી દસ્તુર ફીરોઝ ખુરશેદજી તરીકે ઓળખાય છે.

મીરજાં ખાનદાના દસ્તુરો નીચે પ્રમાણે છે:—

(૧) **દસ્તુર રૂસ્તમજી શેહેરયારજી***—એઓ શ્રી ઈરાનશાહને ઉદવાડે લાવનાર બીજા ધર્મગુરૂ હતા. પાછળથી એમને ત્યાંની અનજુમને દસ્તુર ઠેડવ્યા હતા. એઓ ૭૫ વર્ષની ઉમરે રોજ ૨૮ માહ ૭ શે. ૧૧૩૧ યજદજરદી તા. ૧૩ મી મે ૧૭૬૨ N. S. ને દીને ગુજર્યા હતા.

---

* એમના વડિલો નીચે પ્રમાણે:—રૂસ્તમ-શેહેરયાર-મીનોચેહેર-બરજોર-કામદીન-કુકા-હોરમજદયાર-પદમ-કામ-નરશંગ-નાગણ-રામ.

(૨) ઉપલા દસ્તુરનાં મરણ બાદ તેમના વડા બેટા **બેહેરામજી રૂસ્તમજીને** દસ્તુર નેમ્યા હતા. એઓ ૫૫ વર્ષની ઉમરે રોજ ૨૦ માહ ૧૦ શે. ૧૧૬૦ યજદજરદી તા. ૨૭ મી જુલાઇ ૧૭૯૧ N. S. ને દીને ગુજરી ગયા હતા.

નોંધ—ઉપલા દસ્તુરના એક ભાઈ કાઉશજી રૂસ્તમજી પોતાના બાપ સાથે હતા, ત્યારે નવસારીમાં તથા પછી સુરત જઈ ત્યાં ફારસી ભાષા શિખ્યા હતા. મુસાફરીનો શોખ લાગ્યાથી ઇ. સ. ૧૭૪૧ માં તેઓ સુરતથી દીલ્હી ગયા હતા. ત્યાં કોઈના લાગવગથી એમને પાદશાહની દરબારમાં ઓળખાણ થઇ હતી; અને રાજ્યને લગતું કામકાજ કરી આપ્યાથી પાદશાહે એમને "મીરજાં ખુશરૂ બેગ"નો એલકાબ આપ્યો હતો, તથા જાગીર* અને કેટલુંક ઈનામ આપ્યાં હતાં. એમનાજ આ એલકાબ ઉપરથી એમનું કુટુંબ "મીરજા"નાં નામથી ઓળખાય છે. ઈ. સ. ૧૭૬૦ માં એઓ દીલ્હીથી શેઠ શોરાબજી કાવશજી નેકસાઅતખાનની સાથે સુરત આવ્યા હતા. અને ત્યાંજ જીંદગી ગુજારી હતી. એઓ ૬૫ વર્ષની ઉમરે રોજ ૨૧ માહ ૧ શે. ૧૧૫૧ યજદજરદી તા. ૨ જી નવેમબર ૧૭૮૧ N. S. ને દીને ગુજરી ગયા હતા.

(૩) ઉપલા દસ્તુરનાં મરણ બાદ એમના ભાઇ કાઉશજી રૂસ્તમજી મીરજાં ખુશરૂબેગના વડા દીકરા **ટેહેમુલજી કાઉશજી મીરજાંને** ઈ. સ. ૧૭૯૧ માં તેમના કાકાની જગ્યાએ દસ્તુર નેમવામાં આવ્યા હતા. તેમને જરથોસ્તી દીનઆઇનને લગતી ઘણી માહીતગારી હતી, તથા ફારસી પેહેલવી તથા અવસ્તા ભાષાઓનું જ્ઞાન સારૂં હતું. એઓ બંદુક તલવાર વગેરે હથિયારો સારીપેઠે વાપરી જાણનારા તથા ચુનંદા ઘોડેસ્વાર હતા. એઓ ૭૦ વર્ષની ઉમરે રોજ ૧૮ માહ ૧૦ શે. ૧૧૯૦

---

*આ જાગીરનાં સરકારી લખતોની નકલો આ લખનાર ઉપર એ. હોરમજી શા. મીરજાં તથા એ. શોરાબજી મા. મીરજાએ મોકલી હતી. જમીન સરકારી દફતરોમાં "ખુશરૂ બેગ તેમુલજી"નાં નામે છે.

યજદજરદી તા. ૧૮ મી જુલાઈ ૧૮૨૧ N. S. ને દીને મરણ પામ્યા હતા. એમના નબીરા મુંબાઈ સમાચારના અધિપતિ એ૦ તેમુલજી રૂસ્તમજી મીરઝાંએ તા. ૧૭–૭–૧૮૩૪ નાં સમાચારમાં એમનાં પેહેલવી તથા ફારસી જ્ઞાનની તારીફ કરી હતી.

(૪) ઉપલા દસ્તુર ટેહેમુલજીનાં મરણ બાદ તેમના વડા દીકરા રૂસ્તમજી ટેહેમુલજી મીરજાંને દસ્તુર ઠેડવ્યા હતા. એઓ ૫૫) વર્ષની ઉમરે રોજ ૧૯ માહ ૯ શે. ૧૨૦૮ યજદજરદી તા. ૧૫ મી જુન ૧૮૩૯ N. S. ને દીને ગુજરી ગયા હતા. એમણે ઇ. સ. ૧૮૧૬ માં કીસ્સે સંજાણની નકલ પોતાના ખુશ ખતથી લખી હતી. એઓ ફારસી ઉપરાંત પેહેલવી પણ સારૂં જાણતા હતા.

(૫) ઉપલા દસ્તુરનાં મરણ બાદ તેમના દીકરા બરજોરજી રૂસ્તમજીની દસ્તુર તરીકે નેમણુંક થઇ હતી. એઓ રોજ ૩૦ મો માહ ૩ જો ગે. ૧૨૪૯ યજદજરદી તા. ૧૮ મી ડીસેમબર ૧૮૭૯ N. S. ને દીને ૫૯ વર્ષની ઉમરે ગુજર્યા હતા. એઓ ફારસી, પેહેલવી ઉપરાંત હકીમું જાણતા હતા. એમણે ઉદવાડામધ્યે પેહલ વેહેલી ફારસી મકતબ ખોલી હતી. (અથોરનાન નામું પા. ૫૫૫). ઉદવાડામાં દવાખાનું ન હોવાથી એક ધર્માદા દવાખાનું ખોલી પોતાની ગીરોથી મુફત દવા ઉદવાડાનાં તથા આસપાસનાં ગામોનાં હજારો ગરીબોને એઓ આપતા હતા. એ પ્રમાણે પોતાની જીંદગીની આખેરી સુધી મુફત દવા એમણે આપી હતી.

(૬) ઉપલા દસ્તુરની પછી તેમના બેટા પેશોતનજી બરજોરજી મીરજાંની નેમણુંક થઇ હતી. તેઓ રોજ ૨૪ માહ ૨ શે. ૧૨૯૦ યજદજરદી તા. ૨ જી નવેમબર ૧૯૨૦ N. S. ને દીને ૭૪ વર્ષાની ઉમરે ગુજર્યા હતા. એઓ દસ્તુરી પદ ઉપર આવ્યા, ત્યારે એમના કુટુંબીઓએ વાંધો લીધો હતો, કે એઓ મરાતબ થયા નથી, ધર્મજ્ઞાન શિખેલા નથી વગેરે. પણ તે વેળાની અનજુમનના સરનશીન શેઠ માણેકજી કા. દમણવાલાની સમજાવટથી તેમને મુંબાઇમાં અભ્યાસ કરવા જવાનું નક્કી

થયાથી ઉપલો વાંધો પતી ગયો હતો. તેમણે દસ્તુર પેશોતનજી બેરામજી સંજાણાના હાથ તળે બે ત્રણ વર્ષ સુધી અવસ્તા પેહેલવીનો અભ્યાસ કરી સંગીન ધર્મ કેળવણી લીધા બાદ દસ્તુરી ઓદ્ધાનો અખત્યાર લીધો હતો. તેઓ ધર્મજ્ઞાનમાં બહુ કાબેલ હતા. ઈ. સ. ૧૮૯૫ માં એઓ જામનગરની અગીઆરી ખુલ્લી મેલવાનું જશન કરવા ગયા, ત્યારે એમને ત્યાંના મહારાજાએ રાજદ્વારી માન આપી સરકારી ઓદ્ધેદારોને એમને એસ્તેકબાલ લેવા મોકલ્યા હતા, તથા તા. ૧૬-૩-૧૮૯૫ ને દીને કીંમતી શાલ ભેટ આપી હતી.

(૭) ઉપલા દસ્તુરની પછી તેમના વડા બેટા કઇઓજીને દસ્તુર તરીકે નેમવામાં આવ્યા છે. એઓ અવસ્તા પેહેલવીના અચ્છા અભ્યાસી છે. કેટલાંક વર્ષો સુધી એમણે ખાનગી ઇંગ્રેજી સ્કુલ તથા "ફ્રી" અવસ્તા કલાસ કાઢયો હતો.

ઉદવાડાનાં નવ અથોરનાન કુટુંબો.

ઈ. સ. ૧૪૧૯ માં શ્રી ઇરાનશાહને નવસારીમાં લેઇ ગયા હતા. તે વેળાએ તેમની ખીદમતમાં ત્રણ મોબેદો ચાંઈઆં શાયર, ખોરશેદ કામદીન, તથા નાગન રામ ત્યાં ગયા હતા. આ ત્રણ સાહેબોથી ઉદવાડાનાં હાલના નવ કુટુંબો ઉતરી આવેલાં છે, તે નીચે પ્રમાણે છે:—

હોરમજદયાર*—શાયર—કામ–શહીઆર–ચાંઈઆં†	નાગોજ	(૧)
	શાયર	(૨)
	હોરમજદયાર	(૩)
હોરમજદયાર—ધનપાલ–નાગોજ–કામદીન–ખોરશેદ†	જેશંગ	(૪)
	આશદીન	(૫)
	ચાદા	(૬)
હોરમજદયાર—કામ—રામ— નાગણ†	આશા	(૭)
	નરસંગ	(૮)
	વાછા	(૯)

* એમની વંશાવલિ આ પ્રમાણે હતી:—ખોશમશસ્તા–ખોજસ્તા–બહમનયાર–હોરમજદયાર. એ. નશરવાનજી ન. ઉનવાલાની હસ્તલેખિત ફેહરીસ્તમાં (છેલ્લે પાને) અનુક્રમ નીચે પ્રમાણે છે:—

ના. (૧) વાલા નાગોજ ચાંઇઆના વંશજો અંધીઆરૂજીના અટક ધરાવે છે.

ના. (૨) વાલા શાયર ચાંઇઆના વંશજો ઉનવાલા તથા ગોંદા કહેવાય છે.

ના. (૩) વાલા હોરમજદયાર ચાંઇઆના વંશજો ભાધાની અટકથી ઓળખાય છે.

ના. (૪) વાલા જેશંગ ખોરશેદના વંશજો ગોરા, મગોલ તથા કટીલાની અટકથી જણાયલા છે.

ના. (૫) વાલા આશદીન ખોરશેદના વંશજો દસ્તુરના તથા જામાસ્પભાઇજીના (વલસાડા) કહેવાય છે.

ના. (૬) વાલા ચાંદા ખોરશેદના વંશજો ભાઇજી (બરજોર-ભાઇજી)ની અટક ધરાવે છે.

ના. (૭) વાલા આશા નાગણુના વંશજો ચારણાં તથા પટેલ તરીકે જાણીતા છે.

ના. (૮) વાલા નરશંગ નાગણુના વંશજો સંજાણા, બેહેરામજીના, મીરજાં, માકુજીના, શેહેરયારજીના, ભરડા, ભાઠેલા, દમણીઆ, કટકીના, છોઇના, દેભા, વગેરે અટકોથી ઓળખાય છે.

ના. (૯) વાલા વાછા નાગણુના વંશજો સીધવાની અટક ધરાવે છે.

નોંધ—સંજાણા મોબેદોના અસલથી ચાલતા આવેલા રેવાજ પ્રમાણે દરેક કુટુંબીઓની શ્રી ઇરાનશાહની બોય દેવાની

---

† ખુરશેદ–આશદીન–જેશંગ–ચાંદ (ચાંદા)

નાગણુ–નરશંગ–વાછા–આશા

ચાંઇઆં–નાગોજ–શાએર–હરમજદયાર

ઉપલી વંશાવલિને મથાળે લખ્યું છે કે "એ અશળ ભાગીઆ ૩ એ. હરમજદીઆર બહમનીઆરથી તેનાં એક એકમાં ત્રણ તરંણ થયા ભાગ ૯ નવ શરખા છે."

કેટલી કેટલી (અથવા ખરી રીતે બોલીએ તો કેટલામી કેટલામી) "**પાંતી**" છે, તેની યાદીઓ ઉદવાડાની જુની ફેહરીસ્તમાં જડે છે. અને તે દરેક બોય દેનાર સાહેબ જાણે છે. આ ફેરીસ્ત કંઈક જુદી રૂઢિએ એરવદ નશરવાનજી નવરોજી ઉનવાળાએ છપાવી પ્રગટ કરી છે, અને તેની સાહદતો આપણે ઠેકઠેકાણે ટાંકી છે. તેમાં દરેક કુટુંબની "**પાંતી**"ની જુદી જુદી સંખ્યા આપેલી છે. "**પાંતી**"નો અર્થ નીચે પ્રમાણે છેઃ–

સંજાણા મોબેદોનાં ૯) કુટુંબો હોવાથી દરેકનો બોય દેવાનો વારો નવ માસે આવે છે. માટે "પાંતી" એટલે "નવ માસનો તેટલામો ભાગ." દાખલા તરીકે ૫૪ પાંતી (અથવા ૫૪મી પાંતી) એટલે નવ માસનો ૫૪મો ભાગ; યાને જે કુટુંબની ફેહરીસ્તમાં ૫૪ પાંતી હોય તે નવ માસનો ૫૪મો ભાગ, યાને $\frac{૯}{૫૪}$ મહીના, એટલે $\frac{૯ \times ૩૦}{૫૪} = ૫$ દિવસ બોય દે. એજ પ્રમાણે ૬૪૮ પાંતી એટલે નવ માસનો ૬૪૮મો ભાગ યાને $\frac{૯ \times ૩૦}{૬૪૮} = \frac{૫}{૧૨}$ દિવસ યાને ૧૦ કલાક બોય દે અથવા બોયમાં રહે.

નવ કુટુંબનો બોય દેવાનો વારો.

સાહેર, ધનપાલ તથા કામ એ ત્રણ ભાઇઓનો બોય દેવાનો વારો આ પ્રમાણે હતો :—

સાહેરનો વારો ફરવરદીન, તીર, મેહેર અને દેએ મહિનામાં હતો, ધનપાલનો વારો અરદીબેહેશ્ત, અમરદાદ, આંવાં તથા બહમન મહિનામાં હતો, તથા કામનો વારો ખુરદાદ, શેહેરેવર આદર તથા સફનદાર મહિનામાં હતો. આથી ૯ કુટુંબોમાં મહિનાની વેંહેંચણી નીચે પ્રમાણે થતી આવેલી છે.

અંધ્યારૂજીનું કુટુંબ – ફરવરદીન, દેએ, મહેર, તીર.

ઉનવાલા કુટુંબ – તીર, ફરવરદીન, દેએ, મેહેર.

ભાધા કુટુંબ – મહેર, તીર, ફરવરદીન, દેએ.

કટીલા કુટુંબ – અરદીબેહેસ્ત, બહમન, આંવાં, અમરદાદ.

દસ્તુરનું કુટુંબ – અમરદાદ, અરદીબેહેસ્ત, બમન, આંવાં.

ભાઈજી કુટુંબ – આંવાં, અમરદાદ, અરદીબેહેસ્ત બહમન.

પટેલ કુટુંબ – ખુરદાદ, સફનદાર, આદર, શેહેરેવર.

મીરજાં કુટુંબ – શેહેરેવર, ખુરદાદ, સફનદાર, આદર.

સીધવા કુટુંબ – આદર, શેહેરેવર, ખુરદાદ, સફનદાર

(એ. નોશેરવાન નવરોજી ઉનવાલાની ઉદવાડાના આથોરનાન ટોળાનાં નવે કુટુંબની વંશાવલિનાં ઝાડોનું પુસ્તક પા. ૨ તથા વંશાવલિ પા. ૧૬).

દમણવાલા કુટુંબના વડવાઓ.

બેહેરામજી ભીખાજી ભરડા— એમના બાવા આ. ભીખાજી ભરડા જેઓ તારાપોરના વતની હતા, તેઓ ઈ. સ. ૧૭૪૬ માં પીંઢારાઓની લૂટને લીધે ઉદવાડે જઈ રહ્યા હતા. તેમના બેટા બેહેરામજી પણ ઉદવાડામાં વસ્તા હતા. તેમણે દમણમાં વેપાર કરવા માંડયો, માટે ઇ. સ. ૧૮૧૫ થી દમણમાં જાથુકના જઈ વસ્યા હતા. એઓ ય. જ. ૧૨૦૧ ના રોજ ૧૦ માહા ૯ તા. ૭ મી જુન ૧૮૩૨ N. S. ને દીને ગુજર્યા હતા.

કાવશજી બેહેરામજી દમણવાલા— ઉપલા બેહેરામજીના બીજા દીકરા, અફીણનો વેપાર કરતા હતા. પોરટુગીજ સરકારને હસ્તકનાં ગામોમાં જગાતનો ઈજારો એમણે રાખ્યો હતો. ઇ. સ. ૧૮૨૫ માં ઉદવાડા મધ્યે એક ધર્મશાળા વગેરે એમણે બંધાવી હતી; તથા કેટલાક કુવા અભાડા દમણની પાસેનાં ગામોમાં બંધાવ્યા હતા. એઓ ય. જ. ૧૨૨૩ ના રોજ ૧૩ માહા ૧૦ તા. ૫ મી જુલાઈ ૧૮૫૪ N. S. ને દીને ગુજર્યા હતા.

માણેકજી કાવશજી દમણવાલા— "માકુજી" કુટુંબના મૂળ પુરૂષ. નરશંગ નાગણથી ઉતરી આવેલા કીસ્સે સંજાણના કર્તા વીકજી કુકા (બહમન કેકોબાદ) થી ભરડા કુટુંબ અથવા શેઠ કુટુંબ ઉતરી આવ્યું છે. શેઠ માણેકજી કા. દમણવાલા એ કુટુંબના હતા. તેઓનો જન્મ ઈ. સ. ૧૮૨૮ માં ઉદવાડામાં

થયો હતો. તેઓ સાહસીક વ્યાપારી તથા પરગજુ પારસી અને ઉદવાડાની અનજુમન કમિટિના પ્રમુખ હતા, અને તેમણે ભારે ઉલટથી કામ બજાવ્યું હતું. તેમને દમણ ધરમપોર વાંસદા વગેરે શેહેરોના ઇજારા મળ્યા હતા. તથા મોટા જાગીરદાર હતા. ધરમપોર રાજ્યની સેવાના બદલામાં એમને ૪ ગામો ઇનામમાં મળ્યાં હતાં. એમણે ઇ. સ. ૧૮૬૩ માં ઉદવાડાની આથોરનાન અનજુમનને સમજાવી એક કારોબારી કમિટિ નેમી હતી. એઓ રોજ ૨૪ માહા ૫ શે. ૧૨૫૯ યજદજરદી (તા. ૭ મી ફેબરવારી ૧૮૯૦)ને દીને ગુજરી ગયા હતા. (પા. પ્ર. બીજું દફતર પા. ૩૬-૩૭- ૧૧૩-૨૧૭-૪૯૫).

શોરાબજી માણેકજી દમણવાલા— ઉપલા શેઠ માણેકજીના દીકરા. એમનો જન્મ ઇ. સ. ૧૮૫૦ માં થયો હતો. એમના બાપની પછી એઓ ઉદવાડાની અનજુમન કમિટિના પ્રમુખ થયા હતા. ઇ. સ. ૧૮૯૪ માં દમણની ઇંગ્રેજી રાજ્યમાંથી આયત થતી જણશો ઉપર ટકા ૨૦ ની જકાત લેવાતી હતી, તેથી લોકોનો ધંધો પડી ભાગ્યો હતો, માટે પોરટુગીજ સરકારમાં લડત ચલાવી જકાત ૫) ટકાની એમણે કરાવી હતી, તેના આભારમાં દમણના લોકોએ એમને માનપત્ર આપ્યું હતું. દમણમાં પહેલી મરકી તથા દુકાલ વખતે એમની સેવાની પીછાનમાં પોરટુગાલના "નાઇટ"નો ખેતાબ એમને મળ્યો હતો. અનજુમન કમિટિના ગેરવહીવટથી કંટાળી એમણે ઇ. સ. ૧૮૯૪ માં પ્રમુખ તરીકેનું રાજીનામું આપ્યું હતું. એઓ રોજ ૨૭ માહા ૩ સને ૧૨૬૯ ય. જ. (તા. ૧૦-૧૨-૧૯૦૦)ને દીને ગુજર્યા હતા (જામે જમશેદ તા. ૫-૨-૧૮૯૭. પા. પ્ર. ત્રીજું દફતર પા. ૬૯૫, ૭૬૯).

ઉદવાડાનાં પટેલ કુટુંબના વડવાઓ.

એરવદ માણેક નવરોજ પટેલ. મુંબાઇની માણેકજી શેઠની અગીઆરીવાલા માણેકજી નવરોજી શેઠ ઉપર ઇ. સ. ૧૭૪૬ માં ઉદવાડાના સંજાણા મોબેદોએ ફર્યાદ કરીને કાગળ લખ્યો હતો, તે ઉપર સહી કરનારાઓ મધ્યે એક જાણીતા

મોબેદ માણેક નવરોજ પણ હતા (પા. પ્ર. પાને ૮૬૦). માંડવીના મહારાણાના રાજ્ય અમલમાં મજકુર માણેકજીને તથા તેમના પછી તેમના બેટાઓ કેરસાસજી તથા હોરમસજીને પારડી કસબો તથા ઉદવાડા, કોલક, બાલદા, સુકેસ વગેરે ગામોનો ઈજારો પંચસાલા પટે દર વર્ષ ૧ ના રૂ. ૧૧૫૦૧) સારૂં મળ્યો હતો, કે જેની રૂહે મજકુર ગામોની મેહેસુલ આબકારી રેવેન્યુ તથા જકાત વગેરે વસુલ કરવાનો તથા તે માટે દરેક અમલ કરવાનો હક તેઓને મળ્યો હતો. વળી પારડીનો કીલ્લો જે હાલે મોજુદ છે, તે પણ ઉપલા ઈજારદારોના વહીવટમાં હતો. ઉપલા પટાને લીધે આ ઈજારદારોને પટેલની અટકથી ઓળખવામાં આવતા હતા. તેઓ હાલનાં ઉદવાડાનાં નવ કુટુંબોમાંના પટેલ કુટુંબના વડવા ગણાય છે. રાજ્યની સારી સેવા બજાવવાના બદલામાં તેઓને કેટલીક જમીનો જાગીર દાખલ જાત ઈનામમાં મળી હતી. ઉપલો પટો દર પાંચ વર્ષે મહારાણા તરફથી બદલી આપવામાં આવતો હતો.

મજકુર હોરમજી માંડવીના મહારાણા હમીરશૈહીજીના ઘર ખટલાનો પણ કેટલોક કારભાર કરતા હતા. તેઓ મોટો લાગવગ ધરાવતા હતા; અને લગ્ન તથા શુભ પ્રસંગે તેમને ખાસ ઈજનો રાજાને ત્યાંથી આવતાં હતાં. સંવત ૧૮૮૧ ના પહેલા શ્રાવણ વદ ૧ (તા. ૩૦ મી જુલાઈ ૧૮૨૫) નાં એક કાગળ ઉપરથી જણાય છે કે, મજકુર હોરમજીએ મહારાણા હમીરશૈહીજી સારૂ પુણેથી એક હાથી રૂ. ૩૨૫૦) ની કીંમતે ખરીદી મંગાવી આપ્યો હતો. એમને તે વખતના દમણના ગવરનર સીનોર અન્તોન મારી સાથે પણ સારો ઘરોબો હતો. સંવત ૧૮૭૯ ના માહ વદ ૩ (તા. ૨૯ મી જાનેવારી ૧૮૨૩) ના કાગળ ઉપરથી માલૂમ પડે છે, કે દમણથી બે કેદીઓ એમના ગામમાં નાશી આવ્યા હતા, તેઓને પકડી મોકલવા ઉપલા ગવરનરે એમને અરજ કરી હતી.

મજકુર કેરસાસજી તથા હોરમજીને ધરમપુર સ્ટેટના ગામોનો ઈજારો પણ મળ્યો હતો. તેમજ તેઓ ધરમપુરના

મહારાણા વિજયદેવ રાણા સાથે સારી મોહબત ધરાવતા હતા, કે જે બાબત સંવત ૧૮૮૧ના જેઠ વદ ૧૦ (તા. ૧૦મી જુન ૧૮૨૫)ના કાગળ ઉપરથી દેખાય છે. તેઓએ દુકાળના વખતમાં પારડીમાંનું તલાવ ખણાવી મોટું કરાવ્યું હતું, કે જે કામથી અનેક દુકાલ્યાંઓને આશરો મળ્યો હતો. કહે છે કે તે વખતે અનજુમનની ત્રીજી ખુરશી ઉપર બેસનાર પટેલ કુટુંબના વડીલો હતા, અને અનજુમનની બેહેતરીનાં કામોમાં સારો ભાગ લેતા હતા. કેરસાસજીનાં મરણ બાદ તેમના બેટા શાપુરજી પોતાના કાકા હોરમજી સાથે ઇજારો ચલાવતા હતા. બાદ એમના કેટલાક સગાઓએ એમના પટાની મુદત પુરી થાય તે આગમચ રૂ. ૨૧૦૦૦)ની રકમ માંડવીના રાજાને આગળથી આપી, ઉપલાં ગામોનો ઇજારો ખુંચવી લીધો હતો. પણ કહે છે કે ઇંગ્રેજ સરકારના સુરતના રેસીડેંટનું તથા રાજાનું ધ્યાન ઉપલી બાબત ઉપર ખેંચાવાંમાં આવતાં માત્ર સાત દિવસમાંજ પટો પાછો આગલા ઇજારદાર પટેલોનેજ મળ્યો હતો. સામાવાલાઓએ રાજાને આપેલા રૂ. ૨૧૦૦૦) પાછા લેવાની માંગણી કરી, પણ તે રૂપીઆ રોકડા ન આપતાં તેના અવેજમાં રાજાએ ઉદવાડામધ્યે દરિયા કીનારા તરફની કેટલીક જમીન આપી હતી, જેમાંની કેટલીક હાલે વેચાઇ ગઇ છે, અને બાકીની તેઓના વારસોના સ્વાધીનમાં છે.

હોરમજીની પછી સંવત ૧૮૯૬ સુધી શાપુરજી તથા મજકુર હોરમજીના વારસો ઇજારો ચલાવતા હતા. સંવત ૧૮૯૫માં માંડવીના રાજા વજેસિંહજી ગુજર્યા બાદ તેમને કાંઇ પણ સંતાન ન હોવાથી માંડવીનું રાજ્ય ઇંગ્રેજ સરકારના હાથમાં આવ્યું. ત્યાર પછી મજકુર ઇજારો ખતમ થયો હતો. માંડવીના રાજાએ પટેલ કુટુંબીઓને બાલદા, પારડી તથા ઉદવાડા ગામોની જે જમીનો આશરે ૧૩૬) એકર ઇનામમાં મળી હતી, તેની નવી સનદ ઇંગ્રેજ સરકારે દસ્તાવેજી પુરાવાને આધારે બહાલ રાખી હતી. કેરસાસજી તથા હોરમજીએ ઉપલી જમીનોમાંથી ઉદવાડામધ્યે "ગભાણિયું" નામે ઓળખાતું ખેતર ધર્માદા

આપ્યું હતું. તેની ઉપજમાંથી તેઓના વખતથી આજ સુધી ઉદવાડાના શ્રી ઈરાનશાહ આતશબેહેરામનાં મકાનમાં દીવા ચાલુ થતા આવ્યા છે. અને જ્યારથી સર દીનશાહજી મા. પીટીટવાલી દરેમેહેર બંધાઇ, ત્યારથી આતશબેહેરામના દીવામાંથી એક દીવો કમી કરી તે એક દીવો ઉપલી દરેમેહેરમાં કરવામાં આવે છે, કે જે આજ દિન સુધી ચાલુ છે.* આ ઉપરાંત ઉદવાડાના મોબેદોને બરશનુમ લેવાના વપરાસ માટે બરશનુમગાહની જમીન પણ ઉપલી ઇનામી જમીનમાંથી ઉદવાડા અનજુમનને ધર્માદા આપી હતી. છતાં હજુર આશરે ૨૫) એકર જમીન હોરમજી પટેલના વારસોના કબજામાં છે. (ઉદવાડાવાલા એરવદ ખરશેદજી પેસ્તનજી પટેલ કનેથી મળેલાં ૨૩ કાગજ્યાં ઉપરથી).†

મીરજાં કુટુંબના વડવાઓ.

એ૦ કાઉશજી રૂસ્તમજી મીરજાં— દસ્તુર રૂસ્તમજી શેહેરયારજીના બીજા બેટા હતા, અને પોતાના કાકા નવરોજીના પાલક થયા હતા. તેઓ ફારસી તથા અવસ્તાના અભ્યાસી હતા. તેઓ તે વેળાના નવાબ રૂસ્તમખાનની ફરમાસથી ઇ. સ. ૧૭૪૧ માં દીલ્હી ગયા હતા. ત્યાનાં પાદશાહ મેહમુદશાહે તેમની

---

* ઉદવાડાના દરવાજાકેસમાં એ. કેરશાશજી શા. પટેલે પોતાની જુબાનીમાં કહ્યું હતું, કે "માંડવીના રાજા તરફથી આમારા કુટુંબને ઇનામી જમીન ૧૦૦ થી ૧૨૫ એકર મળેલી છે. તેમાંથી ૧૦–૧૧ એકર જમીન આતશબેહેરામને અર્પણ કરેલી છે. તેમાંથી બે ચેરાગ રોજ થાયછે, તેને લગભગ ૧૦૦–૧૨૫ વર્ષ થયાં છે. તે જમીનની ઉપજ અમે લઇએ છીએ.. અમે ચેરાગ બાળીએ છીએ. અસલ જ્યારે એકજ મકાન હતું ત્યારે હડી દીવા થતા હતા–એટલે બે દીવા આખી રાત ને એક દીવો ઓટલાપર ૯-૧૦ વાગ્યા સુધી થતો હતો અને સર દીનશાજીની દરેમેહેર બંધાયા પછી એક દીવો ત્યાં થાય છે અને એક આતશ બેહેરામમાં થાય છે. અને અરધો દીવો કાઢી નાંખવામાં આવ્યો છે." (મુંબાઈ સમાચાર તા. ૩૦ મી સપટેમબર ૧૮૯૯. એ. કેરશાશજી પટેલનાં કટીંગનું પુસ્તક પા. ૨૦૫).

† આ લખનારને કેટલીક વિગતો પટેલ કુટુંબીઓ તરફથી મળી હતી, તેવીજ વિગત તેઓએ એ૦ નશરવાનજી ન. ઉનવાલાને આપી હતી એમ તેમનાં વશાવલિનાં પુસ્તક ઉપરથી માલૂમ પડશે; પા. ૧૦૧ ક. ગ.

સેવાઓની કદરશનાશીમાં "મીરજાં ખુશરોબેગ"નો ખેતાબ આપ્યો હતો. આ ઉપરથી એમનું કુટુંબ "મીરજાં"ની અટક ધરાવે છે, તે આપણે ઉપર જોઈ ગયા. દીલ્લીનાં પુસ્તક ખાનામાં વડા હોવાથી ત્યાંની કેટલીક કીંમતી ચોપડીઓની નકલો કરી પોતાના મિત્ર સુરતના કદમી દસ્તુર કાઉશ ફરેદુન મુનજજમ ઉપર એમણે મોકલી હતી. એમને સુરતની પાસે કેટલીક જાગીરો મળી હતી, જે હાલે પણ મીરજાં કુટુંબીઓના હાથમાં છે. પાદશાહનાં ખાનગી પત્રો તથા મોહોર રાખવાનો ઓદ્દો એઓ ધરાવતા હતા. ઇ. સ. ૧૭૬૦ માં સુરતમાં પાછા આવ્યા હતા. એઓ સારા ઘોડેસ્વાર તથા શીકારી હતા. ઇ. સ. ૧૭૮૧ માં તા. ૨ જી નવેમબર રોજ ૨૧ માહ ૧ ય. જ. ૧૧૫૧ ને દીને ગુજર્યા હતા. (પા. પ્ર. પા. ૬૦ તથા જામનગરવાલા એ. ફરામરોજ ફીરોજજી મીરજાંએ આપેલી ખબર ઉપરથી).

એ૦ તેમુલજી રૂસ્તમજી મીરજાં* —અવસ્તા ફારસી વગેરે જાણતા હતા. પોતાના ખેશી મોબેદ ફરદુનજી મરજબાનજીના હાથ હેઠળ અભ્યાસ કરી "મુંબાઈ સમાચાર" પત્રમાં જોડાયા હતા. તા. ૧૩-૮-૧૮૩૨ ને દીને મોબેદ ફરદુનજીએ "મુંબાઈ સમાચાર" સાથનો સંબંધ છુટો કરી એ૦ તેમુલજીની અધિપતિ તરીકે નેમણુંક કરી હતી. તે ઓદ્દો બે વર્ષ ભોગવી તા. ૮-૭-૧૮૩૪ ને દીને ૨૬ વર્ષની ઉમરે ગુજરી ગયા હતા. એમને માટે તા. ૧૭ મી જુલાઇ ૧૮૩૪ નાં મુંબાઈ સમાચારમાં લખ્યું હતું કે:- "હેના બપાવાએ જે-હેનું નામ તેહમતન રાખું હતું તેવો શરીરે બલવાન તેહમતન નહી હતો. તેની જગોએ નીશચે ગનેઆંન અને વીદેઆ ને શબુધીનો તેહમતન એટલે જે બલવાન હતો."

શેઠ નસરવાનજી ફરામજી મીરજાં—એએ! બી૦ એ૦ તથા એલ૦ એલ૦ બી૦ થઈ ઇ. સ. ૧૮૮૯ માં ભાવનગરમાં

---

* મીરજાં કુટુંબના કેટલાક સાહેબોનાં મરણના રોજ માહ વિષે જોવો એ૦ નશરવાનજી ન. ઉનવાલાની વંશાવલિ પા. ૧૧૨-૧૧૬.

સબજડજ નેમાયા હતા, અને ત્યાર બાદ ત્યાંની કાઉનસીલના મેંમબર થયા હતા. ત્યાંથી રીટાયરડ થયા બાદ બેંગલોર જઈ વસ્યા હતા. અને ત્યાં અગીઆરી બંધાવવા રૂ. ૪૦૦૦૦) ની રકમ ભેગી કરી હતી. પણ તે બંધાય તે આગમચ ગુજરી ગયા હતા. બેંગલોરની જરથોસ્તી અનજુમને તા. ૪-૮-૧૯૨૦ ને દીને એમનાં મરણ માટે દિલગીરીનો ઠરાવ કર્યો હતો.

શેઠ નશરવાનજી દારાંજી મીરજાં— મુંબાઈના જાહેર-બાંધ કામ ખાતામાં હતા. એમને "ખાન સાહેબ" નો ખેતાબ મળ્યો હતો (પા. પ્ર. વો. ૪ પા. ૪૫). એઓ જાણીતા આરકીટેકટ હતા. તેમના બેટા શેઠ દારાં પણ આરકીટેકટ છે.

એ૦ કઇઆજી કાઉશજી રૂસ્તમજી મીરજાં— પુણામાં બાજીરાવની દરબારમાં ઘડીઆલી હતા. બાજીરાવનું રાજ્ય ગયા પછી તેનાં બે મોટાં ઘડીઆલો લીલાંઉમાં વેચાયાં, તેમાંનું એક તેમણે ભાવનગર રાજ્ય માટે ખરીદ કર્યું હતું. તે લેઈ તેઓ ભાવનગર રાજ્યના ઘડીઆલી થયા હતા. ત્યાં તેમણે દેશી કારીગરી તથા સાંમાન વાપરી એક મોટું મીનારાનું ઘડીઆલ બનાવી આપ્યું હતું, (પા. પ્ર. પા. ૩૧૩). એમનાં મરણ બાદ ઈ. સ. ૧૮૩૭ માં એમના બેટા **દીનયારજી** ભાવનગરના ઘડીઆલી થયા હતા. એમણે ખેતીના ઉપયોગ માટે "પંપ" તથા બીજાં સાંચાકામ બનાવ્યાં હતાં. (પા. પ્ર. પા. ૭૭૭). એમના બીજા બેટા **દારાજી** પણ સારા ઘડીઆલી હતા. વૈદાંનો અભ્યાસ કરી ઈ. સ. ૧૮૫૫ માં ભાવનગરનાં ધર્માદા દવાખાનાંના તબીબ નેમાયા હતા. (પા. પ્ર. દ. ૨ જુ પા. ૩૨૫. ન. ન. ઉનવાલાની વંશાવલિ પા. ૧૧૫, જામે જમશેદ તા. ૩-૪-૧૯૨૫). નવાનગર રાજ્યમાં એ૦ **માહયારજી** ક. **મીરજાં** (ઈ. સ. ૧૮૩૬ માં), **તેમુલજી** મા. **મીરજાં**, તથા **એદલજી** ખ. **મીરજાં** પણ બાહોશ ઘડીઆલી હતા. એ૦ માહયારજી ફારસી સારૂં જાણતા હતા, તથા તેમણે "ફાલનામાં" નો ગુજરાતી તરજુમો કરી પ્રકટ કર્યો હતો,(પા. પ્ર. વો૦ ૨ પા. ૨૦૨). એ૦ માહયારજી પછી તેમના બેટા **ટેમુલજી** (જેઓ "બાપુજી" નાં એલકાબથી ઓળખાતા

હતા તેઓ) ઘડીઆલી નેમાયા હતા. એમણે જામનગરમાં નળ મારફતે પાણી પુરૂં પાડવાની યોજના એ૦ **એદલજી ખરશેદજી મીરજાં** (પાછળથી મ્યુનીસીપાલ કમીશનર વગેરે) જોડે અમલમાં મુકી હતી. એમના એક બેટા **અરદેશર ટે૦ મીરજાંએ** જામનગરના મ્યુનીસીપાલ કમીશનર, તથા વોટર વર્કસ સુપરીનટેનડેંટના ઓદ્દા ભોગવ્યા હતા; તથા બીજા બેટા **પીરોજશાહ** પ્રેસમેનેજર હતા.

એ૦ ટેમુલજી માહયારજી મીરજાં—એમણે ઈ. સ. ૧૮૯૫ માં જામનગરમાં એક અગીઆરી બંધાવી હતી, તે તા. ૧૫-૩-૧૮૯૫ને દીને દસ્તુર પેશોતનજી બ. મીરજાંને હાથે ખુલ્લી મેલવામાં આવી હતી. આ વખતે જામનગરના મહારાજાએ એ૦ ટેમુલજીને કીંમતી સરોપાવ આપ્યો હતો. (પા. પ્ર. વો૦ ૩ પા. ૫૨૩). પારસીઓના ઉતારા માટે એક નાનો હોલ અગીઆરીનાં કમપાઉંડમાં એ૦ ટેમુલજીએ બંધાવ્યો છે. તેઓ રોજ ૧૦ માહ ૮ ય. જ. ૧૨૬૮ને દીને ગુજર્યા હતા.

બાઈ બાનુબાઈ ફરામજી મીરજાં—"મેટ્રીક" થયલાં બાનુ છે. એમણે ઈ. સ. ૧૮૯૪ માં "દાનાવોની નસીહતો" નામની ચોપડી પ્રકટ કરી હતી.

નોંધ—મીરજાં કુટુંબના વડીલોની કેટલીક હકીકત જામનગરની મીરજાં અગીઆરીવાલા એ૦ ફરામરોજ ફીરોજજી મીરજાંએ ભેગી કરી મોકલી હતી, તેનો કેટલેક અંશે અત્રે ઉપયોગ કર્યો છે.

એરવદ તેમુલજી બરજોરજી મીરજાં—દસ્તુર બરજોરજીના વડા દીકરા હતા. જ્યારે દસ્તુર પેશોતનજીની દસ્તુર તરીકે નેમણુંક થઈ, ત્યારે તેઓ ત્રણ વર્ષ સુધી જંદપેહેલવીનો અભ્યાસ કરવા મુંબઈની સર જ. જી. મદ્રેસામાં ગયા હતા, ત્યારે તેમના વતી તેમુલજીએ કામચલાઉ દસ્તુર તરીકે કામ બજાવ્યું હતું. એ. તેમુલજી દેશી હકીમું શીખ્યા હતા, અને તેનો લાભ જાત પરજાત સઘળાંને

છુટથી આપતા હતા તથા દવા પણ મુફ્ત આપતા હતા. અને તેથી બહુ લોકપ્રિય થઈ પડયા હતા. એઓ રોજ ૭ માહા ૧૨ સને ૧૨૮૪ ય. જ. ને દીને આશરે ૭૩ વર્ષની ઉમરે ગુજર્યા હતા. એઓએ ઝંદ અવસ્તાની કેલવણી લીધી હતી. શેઠ માણેકજી દમણવાલાએ ઉદવાડાનાં ધર્માદા દવાખાનાનું ફંડ ઉભું કરી રૂ. ૧૫૦૦૦) ની રકમ તેમના ભાઈ દાદાભાઈના ઉઠમણામાં આપી હતી, તે ફંડ વિષે ભારે મેહેનત કરી એ૦ તેમુલજીએ રૂ. ૩૦૦૦૦) ની રકમ ભેગી કરી હતી. ઈ. સ. ૧૮૯૫ માં જામનગર ખાતે એરવદ ટેમુલજી માહીઆરજી મીરજાંએ એક અગીઆરી બંધાવી હતી ત્યાં એક માસની મુસાફરી પગ રસ્તે કરી એ૦ માણેકજી શાપુરજી મીરજાં, એ૦ ટેમુલજી તથા તેમના બેટા એ૦ રૂસ્તમજી પવિત્ર આલાત લેઈ ગયા હતા. જામનગરના જામસાહેબે તેમને શ્યાલ એનાયત કરી હતી. (જામે જમશેદ તા. ૧૪-૮-૧૯૧૪).

ઉનવાલા કુટુંબના વડવાઓ.

એ૦ ટેમુલજી કાઉશજી ફરામજી ઉનવાલા—એઓ અવસ્તા પેહેલવી સારૂં જાણતા હતા. ઇજશને વંદીદાદ વીસ્પર્દ વગેરેનાં પુસ્તકો શ્રેષ્ટ સફાઈદાર (જાણે છાપેલા હોય એવા) અવસ્તા તથા પેહેલવી હરફે એમણે જુદી જુદી આશામીઓ માટે લખ્યાં હતાં. એઓ પોતાના વખતમાં નામીચા નકલનવેશ હતા. ગુજરાતી વીરાફનામાં ચિત્રો સાથે એમણે લખ્યાં હતાં, તેની એક નકલ એ. ભીખાજી દી. ઉનવાલા કનેથી આ લેખકના જોવામાં આવી હતી. એઓ રોજ ૧ માહા ૭ સને ૧૨૬૦ ય. જ. (તા. ૧૬-૩-૧૮૯૧) ને દીને ગુજર્યા હતા.

એ૦ જમશેદજી નવરોજી હોરમજી ઉનવાલા— દમણના પંથકી નેમાયા હતા. ઇ. સ. ૧૮૬૩ માં અનજુમન કમીટીના એક મેમબર નેમાયા હતા. એઓ રોજ ૨૦ માહા ૧૨ સને ૧૨૭૪ ય. જ. ને દીને ૭૬ વર્ષની ઉમરે ગુજર્યા હતા.

એ૦ ફરામજી નશરવાનજી ઉનવાલા— લગભગ ૧૨૫ નીરંગદીન એમણે કરી હતી તથા કેટલીક દરેમેહેરો ઇંજીવાનું કામ તથા અનેક યોજદાથ્રેગરીનાં કામો કર્યાં હતાં. એઓ રોજ ૨૩ માહા ૫ ય. જ. ૧૨૮૭ ને દીને ગુજર્યા હતા.

ફરામરોજ રૂસ્તમજી ઉનવાલા—બી. એ., એલ. સી. ઇ., એ. એમ., આઈ. સી. ઇ. થયા હતા. સરકારી ખાતાંમાં એકઝીકયુટીવ એનજીઅરનો ઓદ્ધો ભોગવી ટુંક ઉમરમાં રોજ ૮-૩-૧૨૮૫ ય. જ. ને દીને ગુજર્યા હતા.

નોંધ—ફરામરોજ નવરોજી ઉનવાલા સ્ટીમ એનજીનીઅર, શોરાબજી ભીખાજી ઉનવાલા મીલ હેડ સ્ટોર કીપર, તથા જાંગીર ભીખાજી ઉનવાલા આરટીસ્ટ, ટુંક ઉમરમાં ગુજરી ગયા હતા. (એ. નશરવાનજી ન. ઉનવાલાનાં ઝાડની ચોપડી પા. ૧૫ તથા વંશાવલિ પા. ૧૫-૧૬).

એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલા—એમનું નામ આપણે ઠેકઠેકાણે આ તવારીખમાં વાપર્યું છે. ઉદવાડાના પ્રખ્યાત દરવાજા કેસમાં ૧૦ વર્ષ સુધી ભારે મેહેનત તથા પૈસાના ભોગે લડત ચલાવી ઉદવાડાની અનુમનના હકોનું રક્ષણ કરી એમણે નામના મેળવી હતી. ઇ. સ. ૧૯૦૪ માં રંગુનમાં "કેપટન અગીઆરી" ઇંજવા એઓ ગયા હતા, ત્યારે એમનાં કામની કદરસનાશીમાં એમને ઉદવાડાના દસ્તુર ખુરશેદજી તથા કેટલાક મોબેદોએ શ્યાલ આપી હતી. તથા રંગુનમાં ત્યાંની અંજુમને એમને તથા એમના બેટાઓ **એ. બરજોરજી** તથા **એ. દીનશાજીને** શ્યાલો તથા પર્સો ભેટ આપી હતી. છેલ્લાં ૧૦૦ વર્ષની ઉદવાડાની તવારીખ એઓ જેવી રીતે જાણતા હતા, તેવું જ્ઞાન બીજા કોઈને ન હતું. આ તવારીખનાં કામમાં એમણે પુશ્કલ જુનાં કાગજ્યાં, લેખો, દસ્તાવેજો, પરવાના, હસ્ત લેખિત ગ્રંથો, એકઝીબીટો, કેસની ફાઈલો વગેરે દેખાડી તેનો ઉપયોગ કરવા મને ધીર્યાં હતાં. મરહુમ આ તવારીખ પ્રગટ થયેલી જોવા બહુ આતુર હતા. એઓ રોજ ૧૦ માહ ૫ ય. જ. ૧૨૨૬

(તા. ૧-૨-૧૮૫૭)ને દીને જન્મ લેઇ રોજ ૧ માહ ૬ ય. જ. ૧૨૯૫ (તા. ૬-૨-૧૯૨૬)ને દીને ગુજર્યા હતા. એમના એક બેટા જાંગીર સારા આરટીસ્ટ હતા. તેમણે ૯ કુટુંબોની વંશાવલિનાં ઝાડો કરવા એ. નશરવાનજી ન. ઉનવાલા (તે મજકુર ભીખાજીના ભત્રીજા)ને મદદ કરી હતી.

કટીલા કુટુંબના વડવાઓ.

એ. કાવશજી શાપુરજી કટીલા—વર્તમાન પત્રોમાં લખાણો કરવા માટે જાણીતા હતા. ઉદવાડાની ફેહરીસ્ત જે ૭૫ વર્ષથી આગળ ચલાવવાની અધુરી હતી, તે ય. જ. ૧૨૭૬ સુધી એમણે ચલાવી હતી. ઉદવાડા મધ્યેની ધાર્મિક સંસ્થાઓની ખામીઓ તથા બેદાદી માટે એમણે વર્તમાન પત્રોમાં વારંવાર લખ્યું હતું. એઓ રોજ ૨૩ માહા ૧૦ ય. જ. ૧૨૮૯ (તા. ૨૯-૬-૧૯૨૦)ને દીને આશરે ૪૦ વર્ષની ઉમરે ગુજર્યા હતા.

નોંધ—ઉદવાડાનાં નવ કુટુંબીઓમાંના જે જે નામાંકિત સાહેબોની નોંધ મને મળી છે, યા તેઓ વિષે મને ખબર મળી છે, તેની ટુંક તફસીલ ઉપર રજુ કીધી છે. કોઈ સાહેબો વિષે નોંધ રહી ગઇ હોય, તો તે માટે દિલગીરી સાથે એટલુંજ જણાવીશ, કે મેં તો અનેકવાર વર્તમાન પત્રો મારફતે ખબર માંગી મારી ફરજ અદા કરી હતી.

પ્રકરણ ઓગણીસમું.

સંજાણા મોબેદોના સંબંધમાં આવેલા પ્રખ્યાત પુરૂષો અને તેમનાં વંશજો વિષે ટુંક નોંધ.

મેહેરજીરાણા કુટુંબના દસ્તુરો.

શ્રી ઈરાનશાહ આતશબેહેરામ નવસારીમાં ઈ. સ. ૧૪૧૯થી ૧૭૪૨ સુધી, યાને આશરે સવા ત્રણસેં વર્ષ રહ્યા હતા, તે વેળાએ ભગરીઆઓ તથા સંજાણાઓ એકત્ર રહેતા હતા. આપણે ઉપર સંજાણા દસ્તુરોની ટીપ આપી ગયા છીએ. માટે અત્રે ભગરીઆઓના દસ્તુરોની ટીપ* તથા બીજાં નામાંકિત સાહેબોની ટીપ આપીશું–ખાસ કરીને એટલા માટે કે કેટલાક દસ્તુરોનાં નામો સંજાણા મોબેદો સાથના લેખો પરવાના વગેરેમાં જોવામાં આવે છે

(૧) પહેલા દસ્તુર મેહેરજી રાણા—એઓ અકબર પાદશાહની દરબારમાં ગયા હતા. એમને પાદશાહે ૨૦૦ વીંઘાં જમીન ઈનામમાં આપી હતી. ઇ. સ. ૧૫૮૦ના એક લેખમાં જણાવ્યા પ્રમાણે સંજાણાઓ પોતાની આવકનો એક ભાગ અગીઆરી સંબંધમાં આપતા હતા, તે ઉપલા દસ્તુરને સોંપતા હતા, તે આપણે જોઈ ગયા. એમને માટેનું કેટલુંક લખાણ, લેખો વગેરે ઉપરથી આપણે જોઈ ગયા છીએ. એઓ સંવત ૧૬૪૭ રોજ ૮ માહ ૧૨ તા. ૧ લી નવેમબર ૧૫૯૧ N. S.ને દીને ગુજર્યા હતા.

---

*આ નોંધો પારસી પ્રકાશ તથા જામાસ્પજી મેહેરજીરાણાના હસ્ત લેખો ઉપરથી લીધી છે.

(૨) **દસ્તુર કેકોબાદ મેહેરજી** રાણા–ઉપલા દસ્તુરના ત્રીજા બેટા. એઓ પણ અકબરની દરબારમાં ગયા હતા, અને વળી પાદશાહ તરફથી લડાઈમાં ઉતર્યા હતા. એમના બાપને મળેલી ૨૦૦ વીંઘાં જમીન ઉપરાંત બીજાં ૧૦૦ વીંઘાં જમીન એમને ઈનામમાં મળી હતી. એઓ સંવત ૧૬૭૫ રોજ ૧૨ માહ ૧૨ તા. ૨૯ મી અકટોબર ૧૬૧૯ N. S ને દીને ગુજર્યા હતા.

(૩) **દસ્તુર મેહેરનોશજી**—ઉપલા દસ્તુર કેકોબાદના દીકરા. સંવત ૧૭૨૦ રોજ ૧ માહ ૧૦ તા. ૭ મી આગસ્ટ ૧૬૬૪ N. S.*ને દીને ગુજર્યા હતા. ઈ. સ. ૧૬૨૬ વાલી રેવાયતમાં એમનું નામ છે.

(૪) **દસ્તુર માણેક**—ઉપલા દસ્તુરના નાના દીકરા. એઓ દીલ્લી જઈ ચાર વર્ષ ત્યાં રહયા હતા, અને તે અરસા દરમ્યાન પોતાના બેટા રૂસ્તમજીને દસ્તુરીનું કામ સોંપ્યું હતુ, કે જે રૂસ્તમજી ય. જ. ૧૦૯૨ ના રોજ ૧૫ માહ ૫ તા ૧૧ મી મારચ ૧૭૨૩ N. S. ને દીને ગુજરી ગયા હતા. દસ્તુર માણેક સંવત ૧૭૭૯ રોજ ૧૬ માહા ૯ તા. ૧૦ મી જુલાઈ ૧૭૨૩ N. S. ને દીને ૭૨ વર્ષની ઉમરે ગુજર્યા હતા. આ દસ્તુરે તા. ૮ મી ફેબરવારી ૧૬૮૭ વાલા લેખ ઉપર સહી કીધી હતી, કે જે લેખ પ્રમાણે ભગરીઆઓએ શોરાબજી અસપુજી તથા બીજા બેહેદીનોને લખી આપ્યું હતું, કે ક્રિયાકામ બેહેદીનો પોતાની મરજીમાં આવે તેની પાસે કરાવે.

(૫) **દસ્તુર જમશેદજી**—ઉપલા રૂસ્તમજી માણેકજીના વડા દીકરા, પોતાના બાપાવાની જગાએ આશરે ૧૨–૧૩ વર્ષની ઉમરે દસ્તુર થયા હતા, માટે એમના પિત્રાઈ ફરદુનજી કામ ચલાવતા હતા. એઓ રોજ ૧ માહા ૧૦ સંવત ૧૮૧૭ તા. ૧૫ મી જુલાઈ ૧૭૬૧ N. S. ને દીને મરણ પામ્યા હતા.

---

*પારસી પ્રકાશમાં જુના રોજ માહ વગેરેની મુકાબેલ ઇંગ્રેજી તારીખો છે, તે મોટે ભાગે O. S. ની છે.

એમનું નામ ઈ. સ. ૧૭૩૨ વાલા મીનોચેહેર હોમજી મોબેદો સાથેના તથા સંજાણાઓ સાથેના "કદીમ રાહા ઉપર ચાલવાના" લેખોમાં નામ છે.

(૬) **દસ્તુર શોરાબજી**—ઉપલા રૂસ્તમજી માણેકજીના બીજા દીકરા. એઓ રોજ ૩૦ માહા ૬ સંવત ૧૮૩૫ તા. ૧૧ મી એપ્રીલ ૧૭૭૯ N. S. ને દીને ગુજર્યા હતા. એમના વખતમાં **શ્રી** ઈરાનશાહવાલાં જુનાં મકાનમાં નવસારીના આતશબેહેરામ પરઠાવવામાં આવ્યા હતા. અને તેની પહેલી બોય પોતે દીધી હતી ઈ. સ. ૧૭૭૬ માં નવસારીની અનજુમને મુંબઈવાલાઓને લખ્યું હતું, કે મુંબાઇમાં વરસ્યો કરી શકાય નહિ, તે પત્ર ઉપર દસ્તુર શોરાબજીની પહેલી સહી હતી.

(૭) **દસ્તુર કાવશજી**—ઉપલા શોરાબજીના વડા દીકરા. સંવત ૧૮૫૦ રોજ ૧૮ માહા ૧ તા. ૨૭ મી અકટોબર ૧૭૯૩ N. S. ને દીને ગુજર્યા હતા. એઓ તથા એમના ભાઈ ફરામરોજ સુરતવાલા પ્રખ્યાત દસ્તુર રૂસ્તમજી બેરામજી સંજાણાના શાગેર્દ હતા.

(૮) **દસ્તુર ફરામરોજ**—ઉપલા શોરાબજીના બીજા દીકરા. રોજ ૬ માહા ૧૦ સંવત ૧૮૬૨ તા. ૧૦ મી જુલાઈ ૧૮૦૬ N. S. ને દીને ગુજર્યા હતા.

(૯) **દસ્તુર નોશરવાનજી**—ઉપલા શોરાબજીના ત્રીજા બેટા. રોજ ૨૭ માહા ૧ સંવત ૧૮૭૮ તા. ૩૦ મી અકટોબર ૧૮૨૨ N. S. ને દીને ગુજર્યા.

(૧૦) **દસ્તુર રૂસ્તમજી**—ઉપલા નોશરવાનજી વડા દીકરા. રોજ ૨૯ માહા ૪ સંવત ૧૮૯૩ તા. ૨૬ મી જાનેવારી ૧૯૩૭ N. S. ને દીને ગુજર્યા હતા.

(૧૧) **દસ્તુર કેકોબાદ**—ઉપલા રૂસ્તમજીના બેટા. રોજ ૧૯ માહા ૪ સંવત ૧૯૨૭ તા. ૮ મી જાનેવારી ૧૮૭૧ N. S. ને દીને ગુજર્યા હતા.

(૧૨) **દસ્તુર માહયારજી**—ઉપલા કેકોબાદના દીકરા. સંવત ૧૯૩૦ રોજ ૧૯ મહા તા. ૮ મી નવેમબર ૧૮૭૪ N. S.ને દીને ગુજર્યા હતા. (જોવો પારસી પ્રકાશ તથા જામાસ્પજી મેહેરજી રાણાનો હસ્તલેખ ના. ૨ પા. ૬૭–૬૯).

(૧૩) **દસ્તુર દારાબજી**—ઉપલા માહયારજીના બેટા હતા તે જાણીતું છે. તેઓ રોજ ૧૫ માહા ૫ સંવત ૧૯૬૩ તા. ૨૬ મી જાનેવારી ૧૯૦૭ N. S. ને દીને ગુજરી ગયા હતા.

(૧૪) **દસ્તુર કેકોબાદજી**—હાલના દસ્તુર. કેટલાંક વર્ષો સુધી એમણે અવસ્તા પેહેલવીનો અભ્યાસ કર્યો હતો. એઓ બહુ છટાથી બોલનાર સારા વક્તા છે. નવસારીનાં અતશબેહેરામનું નવું ભવ્ય મકાન બંધાઇ તૈયાર થયું છે, તે માટે એમણે બીજાઓ ભેગા નાણાં મેલવવા બહુ શ્રમ ખેંચ્યો હતો.

કેટલાક જાણીતા દસ્તુરો વગેરે.

દસ્તુર દારાબ પાહલન—એમણે ઈ. સ. ૧૬૯૦ માં "ખોલાસે દીન" તથા "ફરજીઆતનામે" નામની ફારસી કેતાબો લખી હતી, જે હાલે દા. જીવનજી મોદીએ છાપી પ્રકટ કરી છે. એમના બાપ પાહલન ફરેદુન ભગરીઆ તથા બેહેદીનો વચ્ચેની ઈ. સ. ૧૬૮૬ ની લડાઈમાં ૧૨ મોબેદો કેદમાં પડયા હતા, તેમાના એક હતા. દસ્તુર દારાબને એમની કાબેલ્યાતને લીધે નવસારી અનજુમને ઈ. સ. ૧૭૨૬ માં પોતાના દસ્તુરની બીજી બેઠક આપી હતી. ઈ. સ. ૧૭૩૨ વાલા મીનોચેહર હોમજી મોબેદો તથા સંજાણાઓ સાથેના "કદીમ રાહ ઉપર ચાલવાના" લેખોમાં એમનું નામ પહેલું જોવામાં આવે છે. તેઓ રોજ ૨૩ માહા ૧૧ સંવત ૧૭૯૦ તા. ૧૨ મી સપટેમબર ૧૭૩૪ N. S. ને દીને ગુજરી ગયા હતા.

દસ્તુર બરજોરજી દારાબજી પાહલનજી—દસ્તુર દારાબ પાહલણના દીકરા તેમની પછી દસ્તુર થયા હતા. એઓ રોજ ૭ માહ ૧ ય. જ. ૧૧૪૦ (૨૨ મી અકટોબર ૧૭૭૦ N. S.)ને

દીને ગુજર્યા હતા. નવસારીનાં નવાં આતશબેહેરામ પરઠાવવાને લગતી ક્રિયા કરાવવામાં એમણે ઘણી મદદ કીધી હતી. સંવત ૧૭૯૩ના રોજ ૨૨ માહ ૫ ફાગણ શુદ ૧૩ (તા. ૧૪ મી મારચ ૧૭૩૭ N. S.)ને દીને ભગરીઆઓએ પોતપોતામાં એક લેખ કીધો હતો, તેમાં જણાવ્યું હતું કે "એક એક સાથે વડું....તો ગુનેગારી રૂ. ૧૦ આપુ....શ્રી દરેમેહેરમાં એકએકની અદાવત કરીએ નહી... ઈઆ હશા મશકરી કરીએ નહીં."

નોંધ—આ લેખ ઉપર એ. (પાછળથી દસ્તુર) જમશેદજી રૂસ્તમજી મેહેરજીરાણાની પહેલી સહી છે. પછી ઉપલા એ. (દસ્તુર) બરજોરજીની સહી છે, પછી એ. (પાછળથી દસ્તુર) જામાસ્પજી આશાજીની સહી છે. રોજ ૫ માહ ૧ સં ૧૭૯૧, તથા રોજ ૬ માહ ૨ સં. ૧૭૯૧ તથા રોજ ૧૮ માહ ૭ સં. ૧૮૦૫ વાલા લેખોમાં પણ ઉપલાજ અનુક્રમે ઉપલા દસ્તુરોનાં નામો જડે છે. માટે મેહેરજીરાણાવાલા પહેલી ગાદીના દસ્તુરો હતા, દારાબ પાહલણના બીજી ગાદીના દસ્તુરો હતા તથા જામાસ્પ આશાના ત્રીજી ગાદીના દસ્તુરો હતા. (પા. પ્ર. પા. ૩૧, ૩૮, નવસારી પ્રકાશ તા. ૧૮ મી તથા ૨૫ મી મે ૧૯૨૪).

દસ્તુર ખરશેરજી—ઉપલા બરજોરજીના દીકરા રોજ ૨૭ માહ ૧, ૧૧૭૨ ય. જ. (તા. ૪ થી નમેમબર ૧૮૦૨ N. S)ને દીને ગુજર્યા હતા. નવસારીની ગીરદી વેળાએ એઓ સુરતના રૂસ્તમપરામાં જઈ વસ્યા હતા.

દસ્તુર બરજોરજી—ઉપલા ખરશેદજીના બેટા (પા. પ્ર. પા. ૧૪૧).

દસ્તુર જામાસ્પ આશા—એઓ જામાસ્પ વેલાયતીના શાગેર્દ હતા. તેમની કનેથી અવસ્તા પહેલવી શીખ્યા હતા. તથા ફારસી ને અરબી જાણતા હતા, તે ઉપરાંત સંસ્કૃત પણ સારૂં જાણતા હતા. તા. ૧૬-૪-૧૭૩૨ N. S. વાલા મીનોચેહેર હોમજી સાથવાલા લેખમાં એમનું નામ અંધ્યારૂ જામાસ્પજી આશાજી છેલ્લું છે. એમ માલૂમ પડે છે, કે આ વેળાએ તેઓ

દસ્તુર થયા હતા નહિ. ઇ. સ. ૧૭૩૫ના બેહેદીનો સાથેના પરવાનાવાલા લેખમાં, તથા ૧૭૪૧ માં ખુરશેદજી દેશાઈવાલાં ગીરવીખતમાં, તથા ૧૭૪૯માં નવસારીની અનજુમને મુંબાઈની અનજુમનને રવાનના પગ લાંબા રાખવાની ભલામણ કરી હતી, તે લેખમાં દસ્તુર જામાસ્પજીનું નામ જોવામાં આવે છે. એઓ મુંબાઈ તથા પુનાવાલા જામાસ્પ આશાના ખાનદાનના વડવા હતા. સંજાણા ભગરીઆ કેસોમાં ગાયકવાડની દરબારમાં કેસ લડવા દેશાઈ ખુરશેદજી સાથે એઓ પણ સોનગઢ ગયા હતા. ત્યાં સુબેદારજી કને ૧૬ સંસ્કૃત શ્લોકો એમણે શુદ્ધ રીતે પઢી દેખાડયા હતા. એઓ રોજ ૧૪ માહા ૧૦ સંવત ૧૮૦૯ તા. ૩૦ મી જુલાઈ ૧૭૫૩ N. S. ને દીને ગુજરી ગયા હતા. (પારસી પ્રકાશ શાંકળ્યું).

નોંધ—તા. ૧૧ મી સપટેમબર ૧૮૪૩ ને દીને પુણાની અનજુમનના કેટલાક પારસીઓએ સર જમશેદજી જીજીભાઈને કાગળ લખ્યો હતો, તેમાં જણાવ્યું હતું કે આ૦ તેહેમુલજી મનોચેરજી હોજદાર આફરગાનમાં "દસ્તુર જામાશ દસ્તુર આશા"ને બદલે "દસ્તુર જામાસપ ઓશતા આશા" એ પ્રમાણે નામ દે છે, તેથી અનજુમનનું દીલ આજુરદે થયું છે. તેહેમુલજીએ અદાવતથી નામ ફેરવ્યું છે. નવસારીની અનજુમનને લખેલા કાગળના જવાબમાં તેઓએ જણાવ્યું છે કે "દસ્તુર જામાસપ દસ્તુર આશા" નામ ખરૂં છે....વાસ્તે એ વાતનો બંદોબસ્ત કરો. આ કાગળના જવાબમાં સર જમશેદજીએ શેઠ શોરાબજી રતનજી પટેલ તથા પુણાની અનજુમનને તા. ૧૬ મી સપટેમબર ૧૮૪૩ ને દીને લખ્યું કે "હમો કંઈ અંધ્યારૂ લોકોના શરસ્તાથી વાકેબ નથી, અશતા (=ઓશતા)ની જીકર બાબે શેઠ ખુરશેદજી માણેકજી અથવા મુંબઈની અંજુમનના અકાબરો અથવા શેઠ ખાનદાનના સાહેબોને લખીને તેનો ખોલાશો મંગાવ્યો હતે, તો બેહેતર હતું....હમો અત્રેના દશતુર એદલજી સંજાણાને એ વાત પુછી હતી, જે અશતા તે શાને કે છે, તે જવાબ દીધો જે જે ધની હેરબદ નહી થાએઓ હોએ તેને. તારૂં પુછીઉં જે

જામાશપ આશા પોતે થાઆ હતા* તારે ના કહીઉં. તારે અમે ફરીથી પુછીઉં તમો શી રીતે આફરગાનમાં યાદ કરો છેઓ. જવાબ દીધો જે ગુજરેલા સાહેબોને ઈજતને સારૂં. હવે આ. તેહેમુલદારૂને પણ મુનાસબ છે, જે આ આવા બુજરોગ સાહેબ થઈ ગીઆ હોએ તેનાને ઈજત સાથે....બોલવું બેહેતર છે. બીજું....હવે હમારા છોકરા ભાઈ ખુરશેદજીને મને કીધો છે જે આવા કજીઆ તંતામો કસું બોલે નહી. જશન પણ કરાવે નહીં"....(જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્તલેખ ના. ૧ પા. ૧૧૨-૧૧૪).

દસ્તુર જમશેદ જામાસ્પ આશા—જામાસ્પ આશાના બીજા દીકરા. પોતાના બાપના હાથ હેઠળ અવસ્તા પેહેલવી તથા ફારસી શીખ્યા હતા. ઈ. સ. ૧૭૬૦ માં તા. ૧૬ મી ડીસેમબરે આંકવેટીલ ડુ પેરોં નવસારી ખાતે નીરંગેસ્તાન કેતાબને માટે એમની મુલાકાતે ગયો હતો. અને તેમની સાથે "ફારસી તથા પેહેલવીમાં વાત કરી હતી" (દાકતર જી. જ. મોદીનું આંકવેટીલ પા. ૨૩૩). એમણે ફારસી બેતોમાં "દીવાને જમશેદ" વગેરે કેતાબો લખી હતી. સુરતમાં પદાની દખમાંના ખર્ચનો ફાલો નવસારીની અનજુમનને માથે રૂ. ૧૦૯૧ નો આવ્યો હતો, તે દેશાઈ ખુરશેદજીએ આપ્યો હતો, તે ભગરસાથ રાસખાતાંમાંથી

---

*અત્રે એબારત બરાબર દીસ્તી નથી. જામાસ્પજીના બાપ આશાની આ હકીકત છે. એઓ સંવત ૧૭૦૫ ના ગાથા ૩ ને દીને ગુજર્યા હતા.

નોંધ—સં. ૧૭૯૩ ના રોજ ૨૨ માહ ૫ વાલા લેખમાં "એ જામાસ્પ આશાજી" એ પ્રમાણે સહી છે. સં. ૧૭૯૧ ના રોજ ૫ માહ ૧ વાલા લેખમાં એમને "એ. જામાસ્પજી આશાજી," તથા સં. ૧૭૯૧ ના રોજ ૬ માહ ૨ વાલા લેખમાં "એરવદ જામાસ્પજી વીરધમાન આશાજી," તથા સં. ૧૮૦૫ ના રોજ ૧૮ માહ ૭ વાલા લેખમાં "દસ્તુર શ્રી ૫ જાંમાશજી ગુ આશાજી" એ પ્રમાણે "એડ્રેસ" કરેલાં છે. સં. ૧૭૯૫ ના રોજ ૨૭ માહ ૭ વાલા લેખમાં "એરવદ શ્રી ૫ જાંમાસજી આશાજી" "એડ્રેસ" છે (નવસારી પ્રકાશ તા. ૧૮ તથા ૨૫ મી મે ૧૯૨૪, ફરેદુન કાંગાકૃત ભગરસાથ અનજુમનની તવારીખ પા. ૫૩૬, ૫૫૨).

લેવાના (ઈ. સ. ૧૭૬૧ ના) લેખ ઉપર એમણે પણ સહી કરી હતી. ઈ. સ. ૧૭૭૬ માં નવસારીની અનજુમને મુંબાઈવાલાઓને લખ્યું હતું, કે મુંબાઈમાં વરશ્યો બની શકે નહીં, તે કાગળ ઉપર એમની પણ સહી હતી. એઓ રોજ ૨૦ માહા ૪ સંવત ૧૮૪૩ તા. ૨૯ મી જાનેવારી ૧૭૮૭ N. S.ને દીને ગુજર્યા હતા.

દસ્તુર બમનજી જમશેદજી જામાસ્પ આશા—ઉપલા જમશેદજીના બીજા દીકરા. પોતાના બાપના હાથ તળે અવસ્તા, પેહેલવી, ફારસી શીખ્યા હતા. ય. જ. ૧૧૯૫ નાં રોજ ૬ માહ ૫ તા. ૫ મી ફેબરવારી ૧૮૨૬ N. S. ને દીને ગુજર્યા હતા. એમના ભાઈઓ ખરશેદ તથા દારાબજી દસ્તુર તરીકે માન ધરાવતા હતા.

દસ્તુર એદલજી બમનજી જામાસ્પ આશાના—ઉપલા બમનજીના વડા બેટા. નવસારીના ત્રીજા દસ્તુરની જગા ચલાવતા હતા. એઓ ય. જ. ૧૨૦૫ રોજ ૯ માહ ૧૨ તા. ૩ જી સપટેમબર ૧૮૩૬ N. S. ને દીને ગુજર્યા હતા.

દસ્તુર જામાસ્પજી એદલજી જામાસ્પ આશાના—ઉપલા એદલજીના બેટા. ઈ. સ. ૧૮૨૪ માં શેઠ શોરાબજી રતનજી પટેલે મુંબાઈની અનજુમનની પરવાનગીથી એમને પુણે લેઈ જઈ ત્યાં દરેમેહેર દોખમાં વગેરેની ક્રિયા કરાવી હતી તથા ત્યાંના દસ્તુર ઠેડવ્યા હતા. એમનાં ઉપરીપણાં હેઠલ હૈદરાબાદ, ઔરંગાબાદ અને શોલાપુરનાં દખમાં તથા દરેમેહેરોની ક્રિયા થઇ હતી. પંથકોની વાંટણી તથા પેટા-વાંટણીનો અત્રે ઠીક ખ્યાલ આવે છે. એઓ ય. જ. ૧૨૧૫ના રોજ ૨૪ માહ ૭ તા. ૧૯ મી એપ્રીલ ૧૮૪૬ N. S. ને દીને ગુજર્યા હતા.

નોંધ—ઉપલા દસ્તુરના બેટાઓ **નશરવાનજી** તથા **હોશંગજી** પુણાના પ્રખ્યાત દસ્તુરો થઈ ગયા છે, તે બીના જાણીતી છે. **હાલે દસ્તુર કેકોબાદ આદરબાદ** છે, જેઓ સરદાર તથા **શમશુલ** ઓલમા છે, તથા **અવસ્તા** પેહેલવીના મોટા "સ્કોલર" છે. મુંબાઇવાલા મહા વિદ્વાન **દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી** દસ્તુર

દારાબજી જમશેદજી જામાસ્પ આશાના બેટા દસ્તુર એદલજીના બેટા દસ્તુર મીનોચેરજીના બેટા હતા, એટલુંજ કહેવું બસ છે. દસ્તુર જામાસ્પજીના બેટાઓ દસ્તુરો કેખશરો તથા મીનોચેહેર પછી હાલે દસ્તુર મીનોચેહેર કેખશરૂ દસ્તુર છે.

સંજાણા અટકવાલા ભગરીઆઓ તથા બીજા કુટુંબોના વડવાઓ.

એ. લીમરા એ. રેલીઆ—માડન કુટુંબના વડા રોજ ૫ માહા ૧૧ સંવત ૧૬૮૭ તા. ૧૯ મી સપટેમબર ૧૭૩૧ N. S. ને દીને ગુજર્યા.

એ. આસદીન એ. કાકા—હોજદાર તથા નાનીઆ કુટુંબના વડા. રોજ ૧૦ માહા ૪ સંવત ૧૬૯૪ તા. ૨૪ મી ફેબરવારી ૧૬૩૮ N. S. ને દીને ગુજર્યા હતા. એમણે પાંચે પોલની ફેહરેસ્ત બનાવી હતી. એઓ નવસારીના ખબરદાર તથા પટેલ એરવદ હતા.

એ. ચાંદના એ. કાકા—સકલાતવાલા, બોશરા, બુધેલા કુટુંબોના વડા. સં. ૧૬૮૭ રોજ ૨૭ માહા ૪ તા. ૧૫ મી મારચ ૧૬૩૧ N. S. ને દીને ગુજર્યા હતા.

એ. કુકા એ. સોરાબ રાણજી--રાણજી તથા મોદી કુટુંબોના વડા. સં. ૧૭૪૦ રોજ ૫ માહા ૩ તા. ૮ મી જાનેવારી ૧૬૮૪ N. S. ને દીને ગુજર્યા હતા.

એ. માણેક એ. પીશીતન ઉદવાડેના સંજાણા—એ. પેસ્તન માણેકના બાપ તે નોસારીમાં જીવા ચાંદા શાએરના પાલક થઈને નોસારીના સંજાણા કુટુંબના વડા હતા. એઓ સં. ૧૭૪૪ રોજ ૨૪ માહ ૮ તા. ૨૫ મી જુન ૧૬૮૮ N. S. ને દીને ગુજર્યા હતા.

દસ્તુર રૂસ્તમજી બેરામજી સંજાણા—મુંબાઈના સંજાણા દસ્તુરોના વડવા તથા સુરતના જાણીતા દસ્તુર અવસ્તા પેહેલવી ફારસી તથા સંસ્કૃતમાં પ્રવીણ હતા. એમણે ખોરદે અવસ્તા,

હાદોક્ષ નુશ્ક વગેરેનો તરજુમો કીધો હતો ઈ. સ. ૧૭૭૭ માં મુંબાઈમાં મરકીથી ઘણાં રવાનો થતાં હતાં, ત્યારે મુંબાઈવાલાઓએ નવસારીની અનજુમનને કાચું દખમું બાંધી વપરાય કે નહિ તે વિષે પુછાવ્યું હતું, તેનો જવાબ નવસારીવાલાઓએ લખ્યો હતો, તે પત્ર ઉપર દસ્તુર રૂસ્તમજીની પણ સહી હતી. એઓ ય. જ. ૧૧૬૦ ના રોજ ૨૩ માહ ૧૦ તા. ૩૦ મી જુલાઈ ૧૭૯૧ N. S. ને દીને ગુજર્યા હતા.

દસ્તુર દારાબજી રૂસ્તમજી સંજાણા—ઉપલા રૂસ્તમજીના બેટા. એઓ પોતાના દીકરા એદલજી સાથે મુંબાઈ આવી વાડીઆની દરેમેહેરના પંથકીનું કામ ચલાવતા હતા. ય જ. ૧૧૯૦ ના રોજ ૨૫ માહ ૭ તા. ૨૫ મી એપ્રીલ ૧૮૨૧ N. S. ને દીને ગુજર્યા હતા.

દસ્તુર એદલજી દારાબજી સંજાણા—દારાબજીના વડા બેટા. પોતાના બપાવાના હાથ હેઠળ અવસ્તા પેહેલવી ફારસી તથા સંસ્કૃત શીખ્યા હતા. પ્રખ્યાત દસ્તુર મુલ્લાં ફીરોજ એમના હાથ તળે અવસ્તા શીખ્યા હતા. ઈ. સ. ૧૮૨૩ માં સુરતમાં પરઠેલાં શેઠ દાદાભાઈ મોદીના વિધવા જાઈજીના આતશબેહેરામનું ક્રિયાકામ તથા ઈ. સ. ૧૮૩૦ માં મુંબાઈમાં વાડીઆના આતશ-બેહેરામનું ક્રિયાકામ એમણે કર્યું હતું. એમણે "ખોરેહ વહીજક" તથા બીજા ઘણાં પુસ્તકો લખ્યાં હતાં. એઓ ય. જ. ૧૨૧૬ ના રોજ ૫ માહા ૧૨ તા. ૨૮ મી આગશટ ૧૮૪૭ ને દીને ગુજર્યા હતા. એમના પછી એમના નાના ભાઇ બેહેરામજી દસ્તુર થયા હતા, કે જેઓ રોજ ૨૪ માહા ૫ તા. ૧૫-૨-૧૮૫૭ ને દીને ગુજર્યા હતા.

નોંધ—દસ્તુર બેહેરામજી પછી જાણીતા મહા વિદ્વાન **દસ્તુર પેશોતનજી**, દસ્તુર થયા હતા. હાલે શમશુલ ઓલમા **દસ્તુર દારાબજી પેશોતનજી** દસ્તુર છે, એઓ અવસ્તા પેહેલવી ફારસી જરમન વગેરેના નામાંકિત "સ્કોલર" છે.

શેઠ ખાનદાનના વડવાઓ.

એ. રૂસ્તમ એ. માણેક—દીલ્લીની દરબારમાં પાદશાહ ઔરંગજેબ આગળ જઇ ઇંગ્રેજોને સુરતમાં વેપાર સારૂં કોઠી બનાવવા જગા આપવાની અરજ એમણે કરી હતી, જે મંજુર રહી હતી. ઇ. સ. ૧૬૮૫ માં નવસારીના ભગરીઆઓ તથા સંજાણા મોબેદો વચ્ચે લેખ થયો હતો, કે એક બીજાના પંથકમાં ક્રિયાકામ કરવું નહીં તથા સંજાણાઓએ નવસારીમાં આતશબેહેરામની બોય દેવી, પણ બીજી કાંઈ ક્રિયા કરવી નહી, તે લેખ ઉપર રૂસ્તમ માણેકની પેહેલી સહી હતી. ઇ. સ. ૧૬૯૩ માં ભગરીઆઓ જેઓ ઉપર આઠ વર્ષ સુધી ઇરાનશાહ આતશબેહેરામમાં જવાનો અટકાવ હતો, તેઓ સારૂં રૂસ્તમજીએ રજા મેળવી હતી. સુરતમાં રૂસ્તમપરૂં એમનાં નામ ઉપરથી જાણીતું છે. દીલ્લીના મોગલ શેહેનશાહ ઔરંગજેબે જરથોસ્તીઓ તેમજ હિંદુઓ ઉપર જજીઆ વેરો નાંખ્યો હતો. જે તે ન ભરે તેને જેલમાં નાંખવામાં આવતા હતા. શેઠ રૂસ્તમજીએ હજારો રૂપીઆ ભરી દેઇ લોકોને બંદીખાનેથી છોડાવ્યાં હતાં. એઓ રોજ ૧૭ માહા ૧૦ સંવત ૧૭૭૭ તા. ૩૦ મી જુલાઇ ૧૭૨૧ O. S.ને દીને ૮૬ વર્ષની ઉમરે ગુજર્યા હતા. ભગરીઆ શેઠ ખાનદાનના એઓ વડવા હતા. (રતનજી ફ. વાછાકૃત મુંબાઇનો બહાર પા. ૪૩૬-૪૩૭).

એ. નવરોજી રૂસ્તમજી શેઠ—ઇંગ્રેજ કુ. સાથના વાંધાનો ફડચો કરાવવા ઇ સ. ૧૭૨૪ માં ઇંગ્લંડ ગયા હતા. એમના નામ ઉપરથી "નવરોજી હીલ" (અત્રેની "ડુંગરી")નું નામ પડયું હતું. એઓ રોજ ૨ માહ ૭ તા. ૧૩ મી એપ્રીલ ૧૭૩૨ O. S.ને દીને ગુજર્યા હતા.

એ. માણેકજી નવરોજી શેઠ—ભગરીઆઓ તથા સંજાણાઓ વચ્ચે સુલેહ કરાવવા એમણે બહુ કોશેશો કરી હતી. મુંબાઇની માણેકજી શેઠની વાડી તથા અગીઆરીના સ્થાપક હતા. એમણે નવસારીમાં દખમું બંધાવ્યું હતું તથા મુંબાઇનાં દખમાં સારૂં

મોટો ફાલો આપ્યો હતો. એઓ રોજ ૧૨ માહા ૭ તા. ૧૯મી એપ્રીલ ૧૭૪૮ O. S.ને દીને ગુજર્યા હતા. એમના જમાઈઓ શોરાબજી તથા દાદાભાઇ તથા શેઠ મનોચરજીએ નવસારીનું આતશબેહેરામ બરપા કરવા સારૂં ફાલા આપ્યા હતા.

નોંધ—શેઠ મા. ન. શેઠનાં ધર્મખાતાના મુતવલીઓ શેઠ માણેકજી મેરવાનજી શેઠ, શેઠ મેરવાનજી માણેકજી શેઠ, શેઠ અરદેશર મેરવાનજી શેઠ, શેઠ જાલભાઈ અરદેશર શેઠ જાણીતા પ્રખ્યાત સાહેબો હતા. હાલે શેઠ કાવશજી જાલભાઈ શેઠ દશમા મુતવલી છે. માણેકજી શેઠની વાડી મ્યુનીસીપાલીટીએ લીધી છે તેની કીંમત રૂ. ૧૦૧૨૬૯૦ મળી છે.

શેઠ મનોચેહેરજી ખુરશેદજી પહેલાં માણેકજી શેઠને ત્યાં ચાકરીએ હતા. પાછળથી વલંદાઓને ત્યાં દલાલી કરવા લાગ્યા હતા. એઓ બે વાર દીલ્લી ગયા હતા. ઈ. સ. ૧૭૬૧ માં અનજુમન સારૂં ધર્મશાળા એમણે બાંધી આપી હતી. ઈ. સ. ૧૭૬૭ માં એમણે નારગોલમાં દખમું બંધાવ્યું હતું. એઓ રોજ ૬ માહા ૪ તા. ૧૬મી જાનેવારી ૧૭૮૪ N. S.ને દીને ગુજર્યા હતા. એમના બાવા ખુરશેદજી નવરોજી પણ માણેકજી શેઠને ત્યાં કીલીદારની નોકરી ઉપર હોવાથી તેઓ "ખજાનચી" કરીને ઓળખતા હતા.

નોંધ—ઉપલા સાહેબોની વધુ વિગત વિષે તથા બીજા શેઠ ખાનદાનવાળા સાહેબો વિષે જોવો શેઠ જાલભાઈ અરદેશર શેઠની "શેઠ ખાનદાનની વંશાવલિ," તથા રતનજી ફ. વાછાકૃત મુંબાઇનો બહાર પા. ૪૨૭–૪૫૩.

દેશાઈ ખાનદાનના વડવાઓ.

દેશાઈ તેહેમુલજી રૂસ્તમજી—નવસારીના મોટા દેશાઈ ખાનદાનના વડવા. એમને દીલ્લીના શેહેનશાહ કનેથી નવસારી કસબા તથા પારચોલ પ્રગણાની ચોધરાઈ ઈ. સ. ૧૭૦૦ માં મળી હતી. ઈ. સ. ૧૭૧૪ માં નવસારીના પોલીઆ દેશાઈના વંશના દારાબજી રૂસ્તમજી દેશાઇ કનેથી એમણે દેશાઇગરાંનો

ભાગ વેચાતો લીધો હતો. નવસારીના લોકો મોગલાઈ અમલદારોથી કંટાળી ગયા હતા, તેથી ઈ. સ. ૧૭૨૦માં સુંગઢ ખાતે એઓ પીલાજી ગાયકવાડને જઈ મળ્યા, અને કહ્યું કે "સુરતના અઠાવીશીના પ્રગણામાં થાણાં બેસાડવા આવશે, તો (સઘળા જમીનદારો) તુરત તમારે તાબે થશે." સુરતના નવાબ રૂસ્તમ અલીખાનને આ વાતની ખબર પડયાથી તેમને તથા તેમના આખાં કુટુંબને કેદ કરવામાં આવ્યું હતું. પાછળથી પીલાજી ગાયકવાડ અમદાબાદની ચઢાઇ ઉપરથી પાછો ફરતાં સુરત આવી તેણે એમનાં કુટુંબને છોડવ્યું હતું. એમણે પોતાનું મોત ૭ દીન આગળથી બરાબર પારખ્યું હતું. ય. જ. ૧૦૯૭ના રોજ ૭ માહા ૮ તા. ૧૯મી મે ૧૭૨૮ O. S. ને દીને એઓ ગુજર્યા હતા. એમના બાપાવા એ. હોમજી એ. ફરેદુન (મરણ રોજ ૪ માહા ૭ સંવત ૧૭૦૮) દેશાઈ, શીરવાઈ તથા અવાસીઆ કુટુંબના વડવા હતા.

દેશાઈ ખુરશેદજી તેમુલજી—દેશાઈ તેમુલજીના વડા દીકરા. ઈ. સ. ૧૭૨૮માં એમનાં બાપનાં મરણથી પીલાજીરાવ ગાયકવાડે નવસારી કસબાની ચોધરાઈ તથા દેશાઈગિરૂં એમને અપાવ્યાં હતાં. નવસારીની ગરીબ રૈયત ઉપરના અણઘટતા વેરા એમણે માફ કરાવ્યા હતા. ઇ. સ. ૧૭૬૫માં નવસારીની અનજુમનનાં નવાં આતશબેહેરામ બરપા કરાવવામાં એમણે આગળ પડતી આગેવાની લીધી હતી. એમણે નવસારીમાં જમન સારૂં "ખુરશેદ વાડી" બંધાવી આપી હતી. સંજાણાઓ વિરૂદ્ધ સરકારમાં કજ્યા લડવા તથા બંદોબસ્ત કરવા ઘણીક વેળાએ બીજાઓ ભેગી એમણે આગેવાની લીધી હતી. એઓ સુરતમાં રોજ ૧૨ માહ ૫ તા. ૨૨મી ફેબરવારી ૧૭૭૯ N. S. ને દીને ગુજર્યા હતા. એમને માટેનું પુષ્કળ લખાણ આ પુસ્તકમાં આગળ આવી ગયું છે.

દેશાઈ મીનાચેરજી ખુરશેદજી—દેશાઇ ખુરશેદજીના દીકરા. એમણે ઇ. સ. ૧૭૯૫માં નવસારીની પુરાણી દરેમેહેર નવેસરથી

પાછી પોતાને પૈસે બાંધી હતી. ઈ. સ. ૧૮૦૦ માં ઇંગ્રેજ સરકાર તથા આનંદરાવ ગાયકવાડ સાથે ચોક્કસ કોલકરાર કરાવી આપવા મદદ કરી હતી. ગાયકવાડે એમને કેટલીક જાગીરો આપી હતી, તથા ઇંગ્રેજ સરકારે રૂ. ૨૪૦૦) નું સાલીઆણું બાંધી આપ્યું હતું. ઇ. સ. ૧૮૧૦ માં એમણે તથા નશરવાનજી વાડીઆએ નવસારીનાં આતશબેહેરામનું મકાન નવેસરથી બંધાવી આપ્યું હતું. એઓ ય. જ. ૧૧૮૦ ના રોજ ૨૪ માહા ૨ તા. ૨૯ મી નવેમબર ૧૮૧૦ N. S. માં ગુજર્યા હતા.

દેશાઈ નવરોજી મીનોચેરજી—દેશાઈ મીનોચેરજીના બીજા દીકરા. ગણુદેવી, કોશ, અનાવળ વગેરેમાં મામલતદાર હતા. ઇ. સ. ૧૮૦૧ માં ઇંગ્રેજ સરકારે સુરત લીધા બાદ એમણે ચોરીઆશી વગેરે પ્રગણાઓમાં મામલતદારી કીધી હતી. ઈ. સ. ૧૮૧૧ માં ગાયકવાડ તરફથી પાલખીમાં બેસી ફરવાનો પરવાનો એમને મળ્યો હતો. અને તે માટે એમને દર વર્ષે રૂ. ૧૦૦૦) નું લવાજમ વંશપરંપરા બાંધી આપવામાં આવ્યું હતું, કે જે આજ સુધી એમના વારસોને મળે છે. એઓ ય. જ. ૧૧૮૮ ના રોજ ૨૪ માહા ૬ તા. ૨૭ મી માર્ચ ૧૮૧૯ N. S. ને દીને ગુજર્યા હતા.

નોંધ—દેશાઈ કાવશજી મનચેરજી તા. ૧ લી જુન ૧૯૨૪ ને દીને ગુજર્યા હતા. પછી અરદેશર માણેકજી દેશાઇ નેમાયા છે. (જામે જમશેદ તા. ૩-૬-૧૯૨૪).

પોલીઆ દેશાઈના વડવાઓ.

દેશાઈ બેહરામ ફરેદુન—નવસારીના પોલીઆ દેશાઈ ખાનદાનના વડવા. એઓ ચાંગા આશાના નબીરા મનોચેહર બહમન જેઓ મોગલાઈ સરકાર તરફથી દેશાઈગરૂં ચાલાવતા હતા તેમના કારભારી હતા. પાછળથી દીલ્હી જઈ દેશાઇગરૂં પોતે મેળવ્યું હતું. એઓ ય. જ. ૯૯૧ ના રોજ ૧૮ માહા ૫ તા. ૨૭ મી માર્ચ ૧૬૨૨ O. S. ને દીને ગુજર્યા હતા.

દેશાઈ બહમનજી બેહરામજી—ઉપલા બેહેરામના બીજા બેટા. ય. જ. ૧૦૨૪ના રોજ ૧૮ માહા ૮ તા. ૧૭ મી જુન ૧૬૫૫ O. S. ને દીને ગુજર્યા હતા.

દેશાઈ શેહેરયારજી બહમનજી—ઉપલાના બેટા ય. જ. ૧૦૩૭ના રોજ ૧૦ માહા ૧૦ તા. ૪ થી આગશટ ૧૬૬૮ O S.ને દીને ગુજર્યા હતા.

દેશાઈ ખુરશેદજી બેરામજી—(મરણ ૧૬૭૮), **શોરાબજી બેહરામજી** (૧૬૭૮), **ટેમુલજી શોરાબજી** (૧૬૯૩), **હોમજીભાઈ ટેમુલજી** (૧૭૦૧), **માણેકજી હોમજી** (૧૭૩૦) જાણીતા દેશાઈઓ હતા.

દેશાઈ જીવણજી માણેકજી—માણેકજી હોમજીભાઈના બેટા. ઈ. સ. ૧૭૩૨ વાલા મીનોચેરહોમજી સાથવાલા તથા સંજાણાઓ સાથના લેખોમાં એમનું નામ તથા ૧૭૩૫ વાલા પરવાનામાં વડા દેશાઈની આગળ એમની સહી જોવામાં આવે છે. પણ ઈ. સ. ૧૭૪૯માં નવસારીથી મુંબાઈની અનજુમનને રવાનનાં પગ લાંબા રાખવાની ભલામણ કરવામાં આવી તે કાગજમાં એમનું નામ વડા દેશાઈની પછી આવે છે. એઓ ય. જ. ૧૧૪૩ના રોજ ૨૧ માહ ૧ તા. ૪ થી નવેમબર ૧૭૭૩ N. S. ને દીને ગુજર્યા હતા.

ત્યારપછી **તેહમુલજી જીવણજી**—(૧૭૭૮), **બરજોરજી જીવનજી** (૧૮૨૧), **જામાસ્પજી તેહમુલજી** (૧૮૩૦), **તેહમુલજી જામાસ્પજી** (૧૮૫૪) પોલીઆ દેશાઈ હતા.

નોંધ—સં. ૧૮૫૭ ચૈત્ર વદ ૧૧ (તા. ૧૦ મી એપ્રીલ ૧૮૦૧ N. S.) ને દીને દેશાઈ મનચેરજી ખુરશેદજી ઉપર મુંબાઈના કેટલાક સાહેબોએ કાગળ લખ્યો હતો તેમાં લખ્યું હતું કે "હમોએ દીન પંદર થએઆ સાંભરીઉં છે, જે પોરીઆના દેશાઈઓને કેદ કીધા છે, ને તે ઉપર તસ્દી ઘણી પડી છે. તથા ચોટામાં કાઢી ઓરતો પાસે હકીમનાં માણસો માર મરાવે છે. તે

મધે નાહનાં બરજોરજી ઉપર ઘણી હલાકી છે....પોરીઆવાલાના બે છોકરા શ્રી મુંબાઇ આવા છે, તે પણ ઘણી આજીજી કરતાં કરતાં હમારે પાસ આવા છે. તે વારે હમો પાંચ ભાઇઓ બેસીને વીચારીઉં, જે એ દેશાઇજી સાથે કદી નોકરી કીધી હશે (?) પણ દેશાઇ ઘણા નેક છે. માટે ગુજરી વાતને વીસરી જવું ખુબ છે. તેમને એજ લાજમ છે, જે હરકોઇની બદીપર નેગાહ રાખવી લાજમ નથી....બીજું પારસી ખસુ ટીપુ સુરતથી આવો તેણે શુકર ગુજારી કીધી છે....જે તમારા નામથી જણ બેને દેશાઇએ મુકાવા, તેથી હમો ઘણા ખુશી થાએઆ. માટે હમારી સારી તરાહથી નીશાં છે, કે આપણો કાગળ પોતા વાર હરકત રાહથી પોરીઆવોનો છુટકો થશે, ને હમુને સરફરાજી હાંસલ થશે. માટે હવેથી ગુજરી વાતને વીસરીને એ લોકોનાં બચાં તથા ઓરત સામું નેગાહ રાખવી સજાવાર છે." (જામાસ્પજી મેહેરજીરાણાનો હસ્ત લેખ ના. ૨ પા. ૪૦).

નવસારીનાં દોરડી કુટુંબના વડીલો.

મુલ્લાં જામાસ્પ તથા મુલ્લાં હોશંગ—ચાંદજી કામદીન તથા તેમના ભત્રીજા હોશંગ રાણજી કામદીન (જેઓ ભગરીઆઓના વડા જરથોસ્ત મોબેદથી ઉતરી આવ્યા હતા તેઓએ) મોગલ શેહેનશાહ જાંગીર ઇ. સ. ૧૬૧૮ માં અમદાવાદ આવ્યો હતો, ત્યારે ફુલોનાં સુગંધી અત્તરોની ચાર બરણીઓ તેને સારૂં તેઓએ ભેટ મોકલી હતી તે ઉપરથી શેહેનશાહે ફરમાન બહાર પાડી તેમને "મુલ્લાં જામાસ્પ" તથા "મુલ્લાં હોશંગ" એવા ખેતાબો આપ્યા હતા, અને નવસારીની પાસે "રત્નાગર" નામની જાગીર તથા રૂ. ૧૦૦) ભેટ આપ્યાં હતાં. મુલ્લાં હોશંગ ઇ. સ. ૧૬૩૧ માં ગુજર્યા હતા.

શેરાબજી બરજોરજી મુલ્લાં જામાસ્પ—એક વિદ્વાન સ્કોલર હતા. તેમને "હાફેજજી" ને નામે ઓળખવામાં આવતા હતા.

મેહેરનોશજી તથા ફરામરોજ દોરાબજી બરજોરજી મુલ્લાં જામાસ્પ (દોરડી)—એઓ ઈ. સ. ૧૭૪૨ ને સુમારે ભગરીઆ-સંજાણાઓની ખટપટમાં ભગરીઆઓ તરફથી ઉલટથી ભાગ લેતા હતા; અને તેથી અનેક લેખોમાં તેમનાં નામો જડે છે. મેહેરનોસજી રોજ ૧૧ માહ ૬ ય. જ. ૧૧૧૧ તા. ૨૧-૩-૧૭૪૨ ને દીને ગુજર્યા હતા. ફરામરોજને ગંદેવીના પારસીઓએ ૧૮ વીંઘાં જમીન બક્ષીશ આપી હતી.

પ્રખ્યાત શેઠ દાદાભાઈ નવરોજી તથા દોરડી કુટુંબના બીજા જાણીતા સાહેબો—મેહેરનોશજીના બેટા બચાજીના બેટા ફરામજીના બેટા હોરમસજીના બેટા પાલનજીના બેટા **નવરોજીના** બેટા પ્રખ્યાત **દાદાભાઈ નવરોજી** હતા. તેઓ વેલાતની પારલામેંટના પેહેલા હિંદી મેમબર તરીકે ચુંટી કઢાયા હતા. મેહેરનોશજીના ત્રીજા બેટા નવરોજીના બેટા કાઉશજીના બેટા **મીનોચરજીના** બેટા ખુરશેદજીના બેટાઓ **બેરામજી** (ઇ. સ. ૧૮૩૧-૧૯૧૧) તથા **દાદાભાઇ** (અથવા દોરાબજી) જાણતા પુરૂષો તથા ગ્રંથકારો હતા. બેરામજીના બેટા દાકતર જાંગીર હાલે નવસારીમાં તબીબ છે. (A Farman of Emperor Jahangir નામનું રૂસ્તમ બ. પેમાસ્તરનું પુસ્તક પા. ૯-૧૮).

હોડીવાલા કુટુંબ.

જમશેદજી શોરાબજી હોડીવાલા (પા. પ્ર. ૧૭, ૩૪, ૯૧) ના ચાર બેટા-ખરશેદજી, બરજોરજી, ફરામજી, દાદાભાઈ. ખરશેદજીના ૪ બેટાઓમાં બીજા દીનશાજીના બેટા હોરમજીના બેટા પ્રોફેસર શાપુરશા હોડીવાલા (જુનાગઢવાલા). દાદાભાઈના બે બેટા શોરાબજી તથા શાપુરજી-શાપુરજીના બીજા બેટા કાવશજીના બેટા શાપુરજી (= આ ગ્રંથકાર).

પ્રકરણ વીસમું.

ઉદવાડાનાં ધર્મસ્થળો, ધર્મખાતાં પંથક, વસ્તી, દખમાં વગેરે.

(૧) રોજ ૨૪ માહા ૭ શે. ૧૦૬૬ યજદેજરદી (તા. ૨૪ મી મે ૧૬૯૭ N. S.) સંવત ૧૭૫૩ના વૈશાખ શુદ ૩ને* દીને ઉદવાડા મધ્યેના સમસ્ત બેહેદીનોએ પથરનું એક દખમું બાંધ્યું હતું, તથા તેની ગુંબજવાલી એક સગડી તથા કુવો બાંધ્યાં હતાં. આ વખતે શ્રી ઈરાનશાહ ઉદવાડામાં આવેલા ન હતા. પણ ત્યાં પારસીઓ ખેતી સારૂં તથા બીજા રોજગાર સારૂં જઈ વસેલા હતા. તેઓનાં રવાન છેક વલસાડનાં દખમે ચઢાવવા ત્યાં લેઇ જવા પડતાં હતાં, અને ચોમાસાંમાં બહુજ હાડમારી પડતી હતી. આથી બેહેદીનો દખમાં સારૂં જગ્યા માંગવા સરકારમાં ગયા, કે જ્યાંથી તેમને એવી રજા મળી, કે જે ખરચ પડે તે સરકારમાંથી લેઈ દખમું બાંધવું. પરંતુ પરજ્ઞાતના પૈસે દખમું બંધાવવાની બેહેદીનોએ ના પાડી. પછી એવી ગોઠવણ થઇ કે જેથી બે વર્ષ સુધી પારસીઓ ઉપરનો વેરો માફ કરવામાં આવ્યો, અને તેના ફાજલ પડેલા પૈસામાંથી ઉપલું દખમું બંધાવ્યું હતું એવી દંતકથા છે (પારશી પ્રકાશ પા. ૨૧).

(૨) રોજ ૨૯ માહા ૭ શે. ૧૧૯૯ યજદજરદી તા. ૨૮ મી એપ્રીલ ૧૮૩૦ N. S. ને દીને શેઠ પેસ્તનજી ખુરશેદજી મોદી ખંભાતવાલાએ પોતાના પિતા શેઠ ખુરશેદજી જમશેદજી મોદી પુનાવાલા, અસલ રહેનાર ખંભાતના, તેમની નઇઅતે ઉદવાડામાં બીજું દખમું તથા સગડી બંધાવી આપ્યાં હતાં. (પા. પ્ર. પાને ૨૧૩, ૨૨૫, તથા મુંબાઈ સમાચાર તા. ૨૨-૩-૧૮૩૦).

---

* હિંદુ યા પારસી માહમાં કાંઇ ભૂલ દીશે છે.

આ દખમાં સારૂં જેટલી જોઇએ તેટલી જમીન માંડવીના માહારાજા શ્રી હમીરશૈહીજી દુરજનશૈહીજીએ સંવત ૧૮૮૪ના કારતક વદ ૬ તા. ૯ મી નવેમબર ૧૮૨૮ N. S. ને દીને ધરમખાતે આપી હતી, (પા. પ્ર. પા. ૮૯૪). આ જમીન બાબતનાં લખતો નીચે પ્રમાણે હતા:—

(૧) શીકો "શ્રી રાજ મહારાજધીરાજ માહારણા (=રાણા) શ્રી હમીરશૈહીજી આદેશાત મેહેતા રાવજી નાતોજી જત કીલે પારડી મોજે ઉદેપારમા અધારૂ તથા પારશી લોકો નવુ દખમુ બંધાવે છે તેને કોઇની હરકત હીલો થવા દેવો નહી તાકીદ જાણવી. શ. ૧૮૮૪ના વરખે કારતેક વદ ૬ દીને" મોહોર

(૨) શીકો "શ્રી-રાજ માહારાજધીરાજ મહારણા શ્રી હમીરશૈહીજી દુરજનશૈહીજી આદેશાત કીલે પારડી તાલુકે મોજે ઉદેપોર તા. કોલક ગાંમનાં અધારૂં તથા પારશી લોકની કોમ શમશત જત તમોને તમારી કોમને શારૂ દખમુ નવું શ્રી ખંભાતનાં શેઠ પીશતંનજી ખરશેદજી એવણ બંધાવે છે તે જમીનને શારૂ શરકારને અરજ કરી તેથી શરકારે મેહેરબાન થેઇને જે જગો ખારેજ તમોને પશંન પડે તેટલી જગો શ્રી ધરમખાતે તમોને શરકારથી આપી છે. એ જમીન ઉપર કોઇનો દરદાવો નહી. એ લખુ પરમાણુ શહી શ. ૧૮૮૪ના વરખે કારતેક વ. ૬ દીને" સી

(ઉદવાડાવાલા એ૦ ખરશેદજી પેસ્તનજી પટેલ કનેથી મળેલાં કાગજ્યાં મધ્યે ઉપલાં બે લખતોની જુની નકલો છે). આ દખમાંની સામેની સગડી ઉપર નીચે મુજબ તખ્તી મારેલી છે:—

"પાક પરવરદેગારની મદદથી રોજ ૧૧ મો ખુરશેદ માહા ૯ મો આદર શને ૧૧૯૭ ઈઅજદજરદી શંવત ૧૮૮૪ ને દીને ખોદાતાલાની બખશીશથી શ્રી ઉદવાડા મધે પાક જરથોસતી ફીરકાનાં રવાનો અશો ફરોહરોને વાશતે દુખમું અનોશરવાંની ગરોશમાંન મકાંની બેહેદીન ખુરશેદજી જમશેદજી શેઠ મોદી પુનાંવાલા અશલ રહેનાર ખંમબાયતનાં તેવોના વારેશ મોદી પેસતનજી ખુરશેદજીએ તાંણો પુરાવી કામ જારી કરી તમાંમ તઈઆર કરાવી રોજ ૨૬ માહ ૭ મે ઈંજવાનું કામ જારી કરી રોજ ૨૯ મારેશફંદ માહા ૭ મેહેર ઈજદ શને ૧૧૯૯ ઈઅજદજરદી શંવત ૧૮૮૬ના વઈશાખ શુદ ૬ બુધે એ દીને તમામ પંચાયતના શાહેબો સાથે મીઅજદ કરીને જશન કરીઉં છે શહી."

(૩) બીજી સગડી શેઠ કાવશજી બેરામજી ભરડા (દમણુવાલા તે શેઠ માણેકજી કાવશજી દમણવાલાના બાવા, મરણ તા. ૫ મી જુલાઈ ૧૮૫૪) એ બંધાવી હતી, કે જેની કેટલીક મરામત મરહુમ શેઠ જાલભાઈ દોરાબજી ભરડાએ કેટલોક ખરચ કરી કીધી હતી.

નોંધ—ઉદવાડામાં હાલનાં દખમાંની નજદીકમાં દખમાંના આકારનો પથરનો બાંધેલો (ફરતી દીવાલનો) જુનો ગરકો છે, તેનો ઉપયોગ અગાઉના વખતમાં બહારનાં રવાનો માટે થતો હતો.

નોંધ—દખમાંની ઉત્તર તરફની ડુંગરની દાંતીની જગા અનજુમને ખરીદેલી આશરે ૩૬) ગુંઠા છે. તથા નવા દખમાંવાલી તથા તેના કમપાઉન્ડની જગા જે માજી રાજાના વખતની ઈનામી છે, તે આશરે ૩૯ ગુંઠા છે. તથા જુનાં દખમાંવાલી તથા તેના કમપાઉન્ડની જગા અનજુમનના કબજામાં અસલની છે તેનું માપ...છે. તથા દખમાંવાલા ડુંગરની જગા જે સરકાર કનેથી જાથુકને ગણોતે ઈ. સ. ૧૮૮૨ થી રાખેલી છે તે આશરે ૩૦) એકર ને ૯) ગુંઠા છે.

(૪) રોજ ૨૦ માહા ૯ શે. ૧૨૬૦ યજદજરદી તા. ૩ જી જુન ૧૮૯૧ N. S. સંવત ૧૯૪૭ વૈશાખ વદ ૧૨ ને વાર બુધને દીને સર દીનશાજી માણેકજી પીટીટે ઉદવાડાનાં દખમાં આગળ સગડીનું એક બીજું મકાન ઉદવાડાની અનજુમનની અરજ ઉપરથી તેમના બેટા શેઠ કાવશજી દીનશાજી પીટીટની નેક યાદમાં બાંધી આપ્યું હતું. આ સગડીનું મકાન ૭૫ ફીટ લાંબું તથા ૨૫ ફીટ પહોળું છે.

નોંધ—મોદી તથા ભરડા તથા પીટીટવાલી સગડીઓને લગતી જગ્યા આશરે ૧) એકર ને ૨૪ ગુંઠા છે.

બરશનુમખાનાં.

(૧) સંવત ૧૮૩૦ (ઈ. સ. ૧૭૭૪)માં સુરતવાલા શેઠ ધનજી મનચેરજી નામના એક બેહેદીને ઉદવાડામાં એક બરશનુમખાનું બંધાવી આપ્યું હતું.*

(૨) રોજ ૩૦ માહ ૬ શે. ૧૨૧૩ યજદજરદી સંવત ૧૯૦૦ ચૈત્ર શુદ ૭ તા. ૨૬ મી માર્ચ ૧૮૪૪ N. S. ને દીને શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસ્તનજી વાડીઆએ ઉપલાં બરશનુમખાનાંની તથા બીજી જગા ઉપર નવું બરશનુમખાનું બંધાવી આપ્યું હતું. એ વિષે શોરાબજી હોરમજી સીધવાના હાથની લખેલી એક નોંધ પોથીમાં લખ્યું છે, કે "ઉદવારાની અનજુમનનું બરશનુમ લઇ દશ દીવસ બેશવાનું ધનજી મનચેરજીએ બંધાવી આપેલું જુનું મકાન અનજુમનના હોકમથી ઉખેરી નખાવી, તેનો કાટ અનજુમને લઇ અનજુમનની રાજીખુશીથી

---

* ઉદવાડા દરવાજા કેસમાં એ. કેરશાશજી પટેલે પોતાની જુબાનીમાં કહ્યું હતું કે "જુનાં (દાદાભાઇવાલાં) મકાનની સામે એકજ કમપાઉંડમાં જે નહાનખાનું આવેલું હતું, તે નહાનખાનું ધનજી મનચેરજી નામના મુંબાઇના (?) એક બેહેદીને બંધાવી આપ્યું હતું. તેણે એ નહાનખાનું બંધાવી આપ્યાને સો દોઢસો વર્ષ થયાં હશે એમ કહેતી છે. ત્યારબાદ ૭૦ વર્ષે તેને તોડી નાંખી તેજ જગ્યા ઉપર દાદાભાઇ વાડીઆએ એક નવું નહાનખાનું બંધાવી આપ્યું હતું" (મુંબાઇ સમાચાર તા. ૩૦ મી સપટેમબર ૧૮૯૯, એ કેરશાશ પટેલનું કટીંગનું પુસ્તક પા. ૨૦૬).

બીજી વારનું મકાન શેઠ દાદાભાઈ પેસ્તનજી વાડીઆએ બંધાવી ઉદવારાની અથોરનાન અનજુમનને સપુરત કરી દીધું હતું....એ મકાન બંધાવતાં જમીનની કોતાઈ પડી, તે તે વખતના દારાબજી બેહેરામજી દસ્તુરે પોતાનાં સગાઓના પોતાના તાબાનું ઘેર કાપીને આશરે ૬ ગજ જગા લાંમબી પોહોલી શમચોરસ જગા આપી હતી. એ આપેલી જગા વીશે તા. ૬ ઠી શપટેમબર ૧૮૪૩ નું (બ્યાન) દારાબજી દસ્તુરે દાદાભાઈ વાડીઆ પર લખેલાં કાગજમાં છે."

(૩) બાઈ મોટલાંબાઈ માણેકજી વાડીઆએ રોજ ૧૨ મહા ૯ શે. ૧૨૬૪ યજદજરદી તા. ૩૦ મી મે ૧૮૯૫? ને દીને એક બરશનુમ ખાનું બંધાવી આપ્યું હતું.

આ મકાન ઉપર નીચે પ્રમાણે તખ્તી છે:—"આએ નાનખાનાનું મકાન મુંબઈવાશી બાઇ શાહેબ મોટલાંબાઈ માંણેકજી વાડીઆ તે મરહુમ શેઠ જાંગીરજી નશરવાનજી વાહાડીઆની બેટીએ પોતાના મરહુમ શશરા શેઠ નવરોજી નશરવાનજી વાડીઆના પુનને સારૂ પોતાના ખરચે જમીન સુધાં બંધાવીને ટ્રસ્ટીઓની મારફતે અનજુમનને શવાધીન આપીઉ છે રોજ ૧૨ મો મોર ઈઅજત માહા ૯ મો આદર ઇજત શેહેનશાહી માહા ૧૦ મો દેએ કદમી શને ૧૨૬૪ ઈઅિજદજરદી ઠી તા. ૩૦ મી મેહે શને ૧૮૯૫ ઈશવી. દીનશા દોરાબજી મીશતરી એમ. એશ. એ. શીલપ શાશતરી."

(૪) ગામની બહાર એક બહુ જુનો બરશનુમગાહ છે. બાઈ મોટલાંબાઇએ એક બીજો બરશનુંમગાહ પોતાના ઉપલાં નહાનખાનાનાં કમપાઉન્ડની જગ્યામાં ઉપલાજ સાલમાં બંધાવી આપ્યો હતો.

ઉદવાડાની સર દીનશાજી પીટીટવાલી દરેમેહેર.

તા. ૩ જી જુન ૧૮૯૧ ને દીને સર દીનશાજી માણેકજી પીટીટે ઉદવાડાની અનજુમનની ખાએશથી શેઠો દાદાભાઈ તથા

મનચેરજી પેસ્તનજી વાડીઆનાં પુરાતન આતશ બેહેરામનાં મકાનની નજદીકસાં એક મોટી જગ્યા આશરે રૂપીઆ દશ હજારની કીંમતે ખરીદીને તેના ભાગ ઉપર એક રોણુકદાર અને કુશાદે દરેમેહેર રૂ. ૪૦૦૩૭ ના ખરચે બંધાવી આપી હતી. સબબકે ઓતશબેહેરામનું ઉપલું મકાન નાનું સંકડાસવાળું તથા દીનઆઈનિનાં કામો માટે પુરતું નહિ એવું માલુમ પડયું હતું. અગત્ય પડે ત્યારે પુરાણાં મકાનમાંથી શ્રી ઈરાનશાહને અહિં લાવી રાખવા માટે એક કુશાદે ગુંબજ બનાવ્યો હતો તથા યોજદાયેગરીનાં કામ માટે નવ દશ હીંદોરા આણી રાખ્યા હતા. વળી જશન વગેરે માટે એક મોટું દીવાનખાનું તથા બાજ ધરવા અલાહેદો ઓરડો બનાવ્યાં હતા. એ મકાન લેડી શાકરબાઈ દીનશાજી પીટીટનાં પુણ્યને માટે બાંધી જરથોસ્તી કોમના વપરાસ માટે અર્પણ કર્યું હતું. વળી એ મકાનમાં સઘળી ક્રિયા જારી રાખવા તથા તેના નીભાવ મરામત વગેરે સારૂં રૂ. ૨૫૦૦૦) ની રકમ મુંબાઈની પારસી પંચાએતને સર દીનશાજીએ અનામત રાખવા આપી અને તેના વ્યાજમાંથી ઉપલું કામ કરાવવાનું ઠરાવ્યું છે.

ઉપલું મકાન ખુલ્લું મેલવાને દિવસે જશન કરવામાં આવ્યું હતું, ત્યારે આ કામનાં અહેસાનમાં ઉદવાડાની અનજુમનના અકાબર શેઠ શોરાબજી માણેકજી દમણવાલાએ પોતા તરફથી તેમજ અનજુમન તરફથી સર દીનશાજીને માનપત્રો આપ્યાં હતાં, તથા શ્યાલો આપી હતી. તથા સર દીનબાજીનાં વખાણ કરી કેટલાક સાહેબોએ ભાષણો કર્યાં હતાં. સર દીનશાજીએ જવાબ આપતાં કહ્યું હતું, કે "આવાં કામો બજાવવા હું મારી ફરજ સમજું છું. પરવરદેગારે મને ધન બખશ્યું છે, તે આવાં કામમાં વપરાય તેમાં હું પોતાને ભાગ્યશાળી ગણું છું. ખેદાતાલાની મરજી હશે, તો હજીબી મારેથી બને તેમ આવાં ઘણુ કામો ઉઠાવી લઈશ." (જામે જમશેદ તા. ૬ ઠી જુન ૧૮૯૧).

આ મકાન ઉપર તખ્તી મારી છે, તે આપણે આગળ આપી ચુકયા છીએ.

ધર્મશાળાઓ તથા બાગ.

(૧) તા. ૧૫ મી આગશ્ટ ૧૮૬૮ ને દીને લેડી આંવાંબાઈ જમશેદજી જીજીભાઈએ ઉદવાડામાં આવતા જરથોસ્તીઓ સારૂં દરિયા કીનારે એક મોટી ધર્મશાળા રૂ. ૪૭૫૦૦) ના ખરચે બંધાવી આપી હતી. આ મકાન ઉપર નીચે પ્રમાણે તખ્તી છેઃ—

"શ્રી દાદાર હોરમજદની મદદથી આએ મકાંન શ્રી મુંબઈવાલાં બાઈ સાહેબ આંવાબાઈ તે મરહુંમ શર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટનાં ધણીઆંણીએ પોતાના ખરચથી દેશાવરથી આવનારા જરથોસતી કોમના લોકોનેજ ઉતરવાના સુખને સારૂં તથા જશન મીજલશ વગેરે શર અવસરે ગામના જરથોસતીઓને વાપરવા બંધાવીઉં શને ૧૨૩૭ ઈઅજદેજરદી શેહેનશાહી શને ૧૨૬૮ ઈસિવી શંવત ૧૯૨૪ વીકરમાજીત. એ મકાનપર એકંદર ખરચ રૂ. ૪૭૫૦૦) થઓછે".

આ ધર્મશાળા તા. ૧૫ મી માર્ચ ૧૮૬૯ થી વપરાસમાં આવી હતી.

(૨) તા. ૨૦ મી મે ૧૯૦૧ ને દીને ઉદવાડાના રેલવે સ્ટેશન પાસે શેઠ જમશેદજી શોરાબજી એંટીએ ધર્મશાળા બંધાવી આપી હતી (જામે જમશેદ તા. ૨૫ મી મે ૧૯૦૧)

(૩) શેઠ દીનશા દોરાબજી મીસ્ત્રીએ ઉદવાડાખાતે જરથોસ્તીઓના ઉતારા સારૂં તા. ૯ મી જાનેવારી ૧૯૦૧ ને દીને "ફરેદુન બાગ" બંધાવી આપ્યો હતો.

(૪) અનજુમનનાં બે નશાખાનાં છે. તેમાનું એક હાલે વપરાય છે તથા એક બીસ્માર હાલતમાં છે. એક ત્રીજું નશાખાનું શેઠ દીનશા દો. મીસ્ત્રીએ થોડાંક વર્ષો ઉપર બાંધ્યુ હતું, તે ચોક્કસ કારણોને લીધે વપરાસમાં આવ્યું નથી.

દવાખાનાં.

શ્રી ઇરાનશાહ સાથે ઉદવાડે આવ્યા પછી ઘણાં વર્ષો સુધી સંજાણા મોબેદોનું કોઈ પણ પ્રકારનું દવાખાનું હતું નહિ. દસ્તુર

બરજોરજી મીરજાં હકીમું શીખેલા હોવાથી કેટલાંક વર્ષો સુધી એમણે ધર્માદા દવાખાનું ચલાવ્યું હતું. ઈ. સ. ૧૮૬૩ માં શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ શ્રી ઇરાનશાહને સેજદો કરવા ઉદવાડે ગયા હતા, તેમને અરજ કરવામાં આવતાં તા. ૧ લી મે ઇ. સ. ૧૮૬૪ ને દીને તેમનાં દમણ મધ્યેનાં દવાખાનાંની એક શાખા શેઠ માણેકજી કા. દમણવાલાની આગેવાની હેઠળ તેમનાજ ઘરમાં ખોલવામાં આવી હતી. ઉપલું દવાખાનું આશરે ત્રણેક વર્ષ ચાલુ રહ્યું હતું. બાદ તેનો ખરચ આપવાનું બંધ થયું.* પણ શેઠ માણેકજીએ ઈ. સ. ૧૮૬૭ થી અનજુમનના ઉઘરાટના ખરચથી એ દવાખાનું ચાલુ રાખ્યું હતું. બાદ શેઠ માણેકજીની સુચનાથી અનજુમનનું "ચીનનું ફંડ" (જે રૂ. ૬૧૦૦૦) નું

---

*આ દવાખાનાં માટે એરવદ ઇજીઆરજી પે. ભરડા કને એક લેખ રોજ ૧૫ માહ ૯ શને ૧૨૩૬ ય. જ. તા. ૪ થી જુન ૧૮૬૭ નો છે તે ઉપરથી જણાય છે કે "...મજકુર (ઉદેપોર) ગામમાં ડીસપેનસરી ઇઆને દવાખાનુ ડાકતર શુધાંનું એક પરઉપકારી શાહેબે વરશ ૩ થએઆં સથાપીઉં હતું, તે દવાખાનાંનો લાભ ગામ અને પરગામનાં શરવે દરદીઓએ લઇ તનદરોશતી અને શુખાકારી મેલવી... મગર આશમાંની ગરદેશથી મજકુર ખાતું તારીખ ૧લી જુન ૧૮૬૭ને દનથી બંધ થઇઉ છે...એ ડીસપેનસરી બંધ થએઆથી બીમાર લોકો એલાજ વગર ઇજા ભોગવે તે કારણથી એ દવાખાંનું હમેશાં ચાલુ રેહે હેવી તદબીરથી એ વીશે ધરમી દાતા શાહેબને અરજ કરી એ ખાતું હમેશા ચાલુ રેહે હેવો ઉપાએ શોધવો. લેકીન એમ કરતાં વખત ઘણો લંમબાણ જોઇએ...માટે હાલે એ ખાતુ વરશ ૧ શુધી ચાલુ રાખવા શારૂ શરવે જરથોશતીઓએ માહોમાહે સમજી રૂ. ૬૦૦)ની રકમ કાધી છે." આગળ ચાલતાં લખ્યું છે, કે એક વર્ષના ખરચનો અડસટો રૂ. ૧૫૦૩) થાય છે, તે માટે સખી ગૃહસ્થોને અરજ કરવામાં આવી હતી. તેની રૂહે કુલે રૂ ૯૭૪॥ મળ્યા હતા.

નોંધ—એ. ઈજીઆરજી પે. ભરડા કને જળવાઈ રહેલાં તા. ૨૯-૩-૧૮૮૨ નાં કાગજ ઉપરથી જણાય છે, કે દસ્તુર ખરશેદજી મનચેરજી તથા દસ્તુર પેશોતનજી તથા પેસ્તનજી ઇજીઆરજી તથા પટેલ ભીખાજી દારાબજીએ શેઠ માંણેકજી કા. દમણવાલાને લખ્યું હતું કે "...દવાખાનાંના દાકતરની જે ભુલ થઇ છે, તે આપ દયાલુ સાહેબે શદાની રેહેમદીલી મુજબ માફ કરી તમો શાહેબ તરફથી મજકુર દવાખાનાંને જે આશરો મલેચ તે જારી રાખવો..."

હતું, તથા જેની આવકમાંથી દર સાલ ગરીબ જરથોસ્તીઓને અનાજ આપવામાં આવતો હતો, તે અનાજ આપવાનું બંધ કરી ઉપલાં ફંડની આવક દવાખાનાંના ખરચ પેટે વાપરવામાં આવતી હતી ઉપલાં ફંડની આવક રૂ. ૯૦૦) થતી હતી, પણ ખરચ વર્ષ દહાડે રૂ. ૧૨૦૦) નો થતો હતો, માટે બાકીની રકમ શેઠ માણેકજી પોતાની ગીરોથી આપતા હતા. શેઠ માણેકજીના ભાઇ શેઠ દાદાભાઇ રોજ ૯ માહ સને ૧૨૪૨ યજદજરદી (તા. ૨૯ મી સપટેમબર ૧૮૭૨ N.S.) ને દીને ગુજર્યા, ત્યારે શેઠ માણેકજીએ એક સારી રકમ દવાખાનાંનાં ફંડમાં આપી હતી. જે પાછળથી વધી રૂ. ૪૨૦૦૦) ની થઈ હતી. શેઠ માણેકજીની પછી તેમના બેટા શેઠ શોરાબજીએ તથા તેમની પછી શેઠ જાલભાઇ ભરડાએ દવાખાનાંનો કારોબાર ચલાવ્યો હતો. દવાખાનાનાં વહીવટ સંબંધી ઈ. સ. ૧૯૧૭ ના મુકાદમાના ૭૨૯ ના હાઈ કોરટના હોકમનામાંની રૂહે એક સ્કીમ ઘડી કાઢવામાં આવી હતી, જેની રૂહે સાત મેંમબરોની કમીટી નેમાઈ હતી, કે જે દવાખાનાંનો કારોબાર ચલાવે છે. આ સાત મેમબરોમાં બે લાઈફ મેમબરો છે, તથા બાકીનાની ચુંટણી દર ચાર વર્ષે અનજુમન કરે છે.

ઉપલાં રૂ. ૬૧૦૦૦) તથા રૂ ૪૨૦૦૦) નાં ફંડોની આવક પણ પુરતી ન હોવાથી ઉઘરાણાંનું ફંડ કરવામાં આવ્યું હતું. ઇ. સ. ૧૮૬૪ થી ૧૯૧૯ સુધી દવાખાનાં માટે શેઠ માણેકજી દમણવાલાનું મકાન મુફ્ત વપરાતું હતું. તથા ખરચની ખોટ તેઓ તથા તેમના વારસો ભરતા હતા. માટે શેઠ માણેકજીની કીમતી સેવાઓ ધ્યાનમાં લેઇ "ઉદવાડાની પારસી અનજુમન ડીસ્પેનસરીનું" નામ ફેરવી તેને "માણેકજી કાવશજી દમણવાલા ડીસ્પેનસરી" એવું નામ આપવામાં આવ્યું હતું. શેઠ માણેકજીના વારસોએ તેમની યાદગારીમાં રૂ. ૩૧૦૦૦ તથા ઉપલાં મકાન સાથે જમીનનો તુકડો અંનજુમનને ભેટ આપ્યાં. આ જમીન ઈ. સ. ૧૯૧૯ ના મુકદમા ના. ૧૫ નાં સમજુતીનાં હોકમનામાંની રૂહે કમીટીનાં નામ ઉપર ફેરવી આપવામાં આવી હતી. ઉપલા

રૂ. ૩૧૦૦૦ ની ૩૫ ટકાની નોટો જે શેઠ જાલભાઈ ભરડાના હાથમાં હતી, તે મુંબાઈની પંચાયતના ત્રસ્ટી સાહેબોને એવી શરતે સોંપવામાં આવી હતી, કે વ્યાજનો અરધો ભાગ ડીસપેનસરીના નીભાવ, સમારકામ વગેરે સારૂં ખરચવો તથા અરધો ભાગ ચાલુ ખરચ માટે વાપરવો. ઉપલું શેઠ માણેકજીવાલું મકાન જુનું થયલું હોવાથી તથા તેમાં કેટલીક અગવડો હતી, માટે તક મળતાં એક નવું મકાન બંધાવવાનો વિચાર કરી રાખ્યો હતો. કમિટિએ ય. જ. ૧૨૯૦ (ઈ. સ. ૧૯૨૧) માં લેડી નવાજબાઈ રતનજી તાતા ઉદવાડે ગયા હતાં, તે વેળાએ નવું મકાન બંધાવી આપવાની તેમને અરજ કરી હતી, તે ઉપરથી રૂ. ૫૫૦૦૦) લેડી તાતા તથા સર રતનજી તાતાના બીજા ત્રસ્તીઓએ આપી નવું મકાન બંધાવી આપ્યું હતું. તે મકાનને "સર રતન તાતાનું" નામ આપ્યું છે, તથા દવાખાનાંનું નામ "શેઠ માણેકજી કાવસજી દમણવાલાનું દવાખાનું" કાયમ છે. એ મકાન ખુલ્લું મેલવાની ક્રિયા લેડી તાતાના ખેશી સર ફીરોજ ખરશેદજી શેઠનાએ તા. ૭ મી મે ૧૯૨૪ને દીને કરી હતી. (જોવો જામે જમશેદ તા. ૧૭ મી મે ૧૯૨૪).

નિશાળો.

(૧) ઉદવાડામાં ઘણી પુરાતન સ્કુલ શેઠ જીજીભાઈ દાદાભાઈની જંદ અવસ્તાની સ્કુલ હતી, જ્યાં હોશંગજી ખ. સીધવા શિક્ષક તરીકે હતા.

(૨) સર જમશેદજી જીજીભાઈ જંદ અવસ્તા સ્કુલ તા. ૧ લી જુલાઇ ૧૮૬૪ ને દીને ખોલવામાં આવી હતી, ત્યાં વર્ષો સુધી મોબેદ બરજોરજી મ. માકુજીએ તથા ત્યાર પછી એ. નેરીઓશંગ બ. માકુજીએ શિક્ષકો તરીકે કામ કર્યું હતું, (એ. ઇજીઆરજી પે. ભરડા કનેનું છપાયલું હેંડબીલ).

(૩) ઈ. સ. ૧૮૭૪ માં ત્રીજાં ધોરણ સુધી ઇંગ્રેજી શિખવવાની સ્કુલ શેઠ માણેકજી કાવશજી દમણવાલા મારફતે પુણેવાલા શેઠ દોરાબજી પેસ્તનજી ઘાસવાલાના ખરચે ખોલવામાં આવી હતી. તે થોડાંક વર્ષ ચાલુ રહી હતી.

(૪) આશરે ફેબરવારી ૧૯૦૫ માં એ. ભીખાજી ઉનવાલાની સુચનાથી બાઇ આવાંબાઈ કાવશજી પીટીટની મદદથી એક કલાસ ચાલુ કરવામાં આવ્યો હતો. તેમાં દસ્તુર (તે વેલાએ એરવદ) કઇઓજી મીરજાં શિક્ષક તરીકે હતા. (સાંજ વર્તમાન તા. ૧૧-૧૨-૧૯૦૫).

(૫) આશરે છ માસ બાદ લગભગ ૧૨૫ મોબેદોએ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈ ચેરીટી ફંડના ત્રસ્ટીઓને અરજ કરી, તેની રૂહે એક ઇંગ્રેજી સ્કુલ ખોલવામાં આવી હતી. એ સ્કુલના કેટલાક વિદ્યાર્થિઓ ગ્રેજુએટ, વકીલો તથા દાકતરો તરીકે બહાર પડયા છે.

(૬) એરવદ ફરામજી ભી. ગોંદાએ પણ યોજદાગ્રેગરીના કલાસો કાઢયા હતા. એવા નાના કલાસો ગામમાં અસલના વખતથી ચાલુ હતા.

(૭) ઈ. સ. ૧૯૦૫ માં એરવદ (પાછળથી દસ્તુર) કઈઓજી પે. મીરજાંએ એક ખાનગી ઇંગ્રેજી સ્કુલ કાઢી હતી તથા ઈ. સ. ૧૯૧૦ માં અવસ્તા શિખવવાનો ફ્રી કલાસ કાઢયો હતો, (જામે જમશેદ તા. ૨૯-૬-૧૯૨૫).

(૮) **ઉદવાડા અથોરનાન જંદ અવસ્તા સ્કુલ**—આપણે ઉપર જોઈ ગયા, કે કોર્ટના તા. ૮ મી જુલાઇ ૧૯૨૦ નાં સંમતિનાં હોકમનામાં પ્રમાણે રૂ. ૩૧૦૦૦ ની નોટો ઉદવાડામાં શેઠ શોરાબજી માણેકજી દમણવાલાને નામે બાંધવાની મદ્રેસા તથા તેના નિભાવ માટે મુંબઈની પારસી પંચાયતના ત્રસ્ટીઓ કને રાખવામાં આવી હતી. પણ તેના સંબંધમાં કાંઈ પણ પગલાં ન ભરાયાથી એરવદો ફરામરોજ પે. પટેલ, દીનશા ભી. ઉનવાલા, ખરશેદજી પે. પટેલ, બરજોરજી દા. શેહેરયારજી તથા જમશેદજી પે. કટીલાની કોશેશથી તા. ૧૫-૧૨-૧૯૨૪ ને દીને એક જંદ અવસ્તા સ્કુલ ઉદવાડામાં આવી હતી. આ સ્કુલ માટે એ. રૂસ્તમજી શા. શેહેરયારજીએ મકાન પુરૂં પાડયું હતું, (સાંજ વર્તમાન તા. ૧૯-૧૨-૧૯૨૪).

નોંધ—મુંબાઈવાલા પ્રખ્યાત **શેઠ મેરવાનજી મનચેરજી કામા**એ પોતાના પિતાજીનાં નામની શેઠ મનચેરજી ફરામજી કામા અથોરનાન ઇન્સ્ટીટયુટ" સ્થાપી તેમાં રૂપીઆ પચીશ લાખ આપ્યા છે. તેના ફંડમાંથી દર માસે રૂ. ૧૦૦) નું ડોનેશન ઉપલી સ્કુલને આપવા તેમણે કબુલ કર્યું છે. (જામે જમશેદ તા. ૯-૧૧-૧૯૨૫).

(૯) **શેઠ શોરાબજી માણેકજી દમણવાલા મદ્રેસા**—તા. ૩ જી મે ૧૯૨૫ ને દીને દસ્તુરો ફીરોજ ખુરશેદજી દસ્તુર તથા કઇઓજી પે. મીરજાંની આગેવાની હઠેલ બાઇ કુંવરબાઈ જાલભાઇ દોરાબજી ભરડાના મકાનમાં એક મદ્રેસા ખોલવામાં આવી હતી. જશનની ક્રિયા બાદ બંને દસ્તુરજી સાહેબોએ તથા એરવદો દોરાબજી જમશેદજી સીધવાએ* તથા રૂ. જ. ગોંદાએ કેટલુંક વિવેચન કર્યું હતું. દસ્તુર કઇઓજીએ કોરટના સંમતિનાં હોકમનામાંનો ઇશારો કરી જણાવ્યું, કે "એવો ઠરાવ થયો હતો, કે શેઠ જાલભાઈ દોરાબજી ભરડા પાસે શેઠ માણેકજી કા. દમણવાલાની યાદગારીનું ફંડ છે, તે અત્રેનાં દવાખાનાંનાં ફંડમાં આપવું, અને દવાખાનાં માટે વપરાતું મકાન જે શેઠ માણેકજી દમણવાલાનું છે, તે પણ ઉદવાડાની અનજુમનને આપવું, તથા મજકુર દવાખાનાંને શેઠ માણેકજીનું નામ આપવું. અને શેઠ શોરાબજી મા. દમણવાલાની યાદગારીનું ફંડ જે શેઠ જાલભાઈ પાસે છે, તેમાંથી શેઠ શોરાબજીનાં નામથી મદ્રેસા સ્થાપવી તથા ઉદવાડાની અનજુમન કમીટી નેમે તેઓએ મદ્રેસાનો કારોબાર ચલાવવો. આ કમીટી નેમવા બે ત્રણ વાર અનજુમન ભરી કોશશ કરવામાં આવી. પણ થોડાક સાહેબોની તકરારને લીધે કમીટી નેમી શકાય નહિ, તેથી લાંબો વખત નીકળી ગયો બાદ દસ્તુરો ખુરશેદજી તથા પેશોતનજી મીરજાંનાં ગુજર પામ્યાથી તેમની જગ્યાએ નેમાયલા દસ્તુરોની નેમણુક માટે થોડાક સાહેબોએ વાંધો કાઢયો, અને છેક કોર્ટ સુધી ગયા

---

*એ. દોરાબજી જ. સીધવા રોજ ૧૬ માહ ૪ તા. ૨૩ મી ડીસેમબર ૧૯૨૬ ને દીને ગુજર્યા હતા.

માટે વધુ ઢીલ થઈ. પણ તે દાવાઓ ઉડી ગયા બાદ તા. ૩૧ મી માર્ચ ૧૯૨૫ ને દીને અનજુમનની સભા બોલાવી મદ્રેસા કમીટી મોટી બહુમતિથી નેમવામાં આવી, તે કમીટીએ મદ્રેસા ખોલી છે. બાઈ કુંવરબાઈ જાલભાઈ ભરડાએ પોતાનાં મરહુમ ધણીનું મકાન મદ્રેસાનું જાથુકનું મકાન થાય, ત્યાં સુધી વગર ભાડે આપ્યું છે." મજકુર કમીટીમાં બંને દસ્તુરો, એ. ઈજીઆરજી પે. ભરડા, શેઠ શાવકશા બમનજી પદમજી તથા શેઠ માણેકજી દો. કોટકોટીઆને નેમવામાં આવ્યા હતા, (જામે જમશેદ તા. ૭-૫-૧૯૨૫).

ધર્મખાતાં.

(૧) ઈ. સ. ૧૮૩૪ માં ઈંગ્રેજ તથા ચીનની સરકારો વચ્ચે વાંધા ઉઠયાથી ત્યાંના વ્યાપાર સંબંધમાં ઘણીક નુકસાની થવાની ધાસ્તી રાખવામાં આવતી હતી. પણ તે વાંધાઓ પતી ગયાથી સઘળી મુશ્કેલી દૂર થઈ ગઈ અને વ્યાપારમાં નુકસાન જવાની ધાસ્તી મટી ગઈ. આ ઉપરથી ચીનમાં કંતાન ખાતે વસનારા પારસી વ્યાપારીઓએ તા. ૨૨ મી સપટેમબર ૧૮૩૪ ને દીને પોતપોતામાં એક લીસ્ટ ઉભું કીધું હતું, અને તેમાં જે રકમ એકઠી થઈ તે વ્યાજે મુકી તેની પેદાયશમાંથી ઉદવાડાના ગરીબ મોબેદો તથા બેહેદીનોને દર વર્ષે અનાજ વેહેંચી આપવાનો બંદોબસ્ત કરવાને ઠેડવ્યું હતું. કારણકે મુંબાઈમાં તથા સુરતમાં અતશબેહેરામ પરઠાયાથી ઉદવાડાખાતે જરથોસ્તીઓનું જવું કમતર થયાથી ત્યાંના લોકો ઘણી મુશ્કેલીમાં આવી પડયા હતા. આ લીસ્ટમાં ૪૦૨૯ ડોલર ભરાયા હતા. તેની રકમ વ્યાજ સાથે રૂ. ૧૦૭૩૫પાા૭ા ની થઇ હતી. તે તા. ૫ મી નવેમબર ૧૮૩૪ ને દીને શેઠ વીકાજી મેહેરજી તારાપોરવાલા ઉપર મોકલી આપવામાં આવી હતી. તે વિષે શેઠ વીકાજીએ તા. ૨૦ મી ડીસેમબર ૧૮૪૩ ને દીને એક સરકયુર મારફતે નાણાં ભરનારાઓનો વિચાર લેઈ તા. ૧૧ મી એપ્રીલ ૧૮૪૪ ને દીને મુંબાઇની પંચાએતમાં ખાતું પડાવી તે રકમ આપી હતી. અને એવો બંદોબસ્ત કીધો હતો કે તેનાં વ્યાજમાંથી દર વર્ષે

મુકતાદને ટાંકણે ઉદવાડાના મોબેદો તથા નાવારેસ બેહેદીનોમાં અનાજ વેહેંચવો. ઇ. સ. ૧૯૧૭ના મુકદમા ના. ૭૨૯ માં હાઇ કોરટના તા. ૧૨-૧૧-૧૯૧૭ના ઠરાવ પ્રમાણે આ ખાતાની આવક ઉદવાડાનાં દવાખાનાં માટે વાપરવાની છે. (પારસી પ્રકાશ પા. ૨૭૩ તથા ૪૬૦. મુંબાઇ પંચાએતનો હીશાબ ૧૯૧૯ ઇસ્વી પા. ૪૦).

(૨) તા. ૧૧ મી એપ્રીલ ૧૮૪૪ ને દીને સર જમશેદજી જીજીભાઇએ ઓતશબેહેરામનું જુનું રૂપાંકામ વેચાવી તેની ઉપજેલી રૂ. ૧૦૯૮ની રકમ તથા શ્રી ઇરાનશાહની તીજોરીમાંથી નિકળેલી રૂ. ૪૩૫ની રકમમાં પોતે રૂ. ૪૬૭ ઉમેરી રૂ. ૨૦૦૦) નું એક ખાતું "ઉદેપુરના આતશબેહેરામ બાબત" નું મુંબાઇની પારસી પંચાયતમાં પડાવ્યું હતું.

(૩) તા. ૧ લી અકટોબર ૧૮૭૨ ને દીને શેઠ માણેકજી કા. દમણવાલાની આગેવાની હેઠળ "ઉદવાડાનાં દવાખાનાનું ફંડ" હસ્તીમાં આવ્યું હતું.

(૪) તા. ૯ મી જાનેવારી ૧૮૯૪ ને દીને વાડીઆજી દાદાભાઇ તથા મનચેરજી પેસ્તનજીનું આતશબેહેરામવાલું મકાન જુનું થયાથી તે ભંજાવી નાંખ્યું હતું. ત્યારે તે શેઠોની ભલી યાદમાં રૂ. ૫૦૦) નું ખાતું ઉદવાડાની અનજુમને મુંબાઇની પારસી પંચાયતમાં પડાવ્યું હતું.

(૫) ઉપલાં સિવાય બીજાં જુદાં જુદાં ફંડો નીચે પ્રમાણે છેઃ- (ક) ઉદવાડાનાં તથા તેની નજદીકનાં ગરીબ જરથોસ્તીઓને આશરો આપવાનું ફંડ. (ખ) ઉદવાડાનાં જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંડ. (ગ) ઉદવાડાની આથોરનાન અનજુમનનું જનરલ ફંડ. (ઘ) ઉદવાડાના જરથોસ્તી બેહેદીન અનજુમન ફંડ. (ઙ) ઉદવાડાનું દવાખાનાં ફંડ. (ચ) સર જમશેદજીએ સ્થાપેલું ગાહામબાર ફંડ. (જોવો મુંબાઇની પારસી પંચાયતનો હીશાબ ૧૯૧૯ પાને ૪૦, ૬૦, ૮૫, ૮૯).

નોંધ—ઈ. સ. ૧૯૨૨ માં "બે ઉદવાડયા આથ્રવનોએ" "ઉદવાડાના આથોરનાન અનજુમનનું કાયદેસર બંધારણ...." નામનું ચોપાન્યું બહાર પાડયું હતું તેમાં (પા. ૩૦–૩૨, ૬૮ ઉપર) જુદાં જુદાં ધર્મ ફંડો તથા ઉદવાડા અનજુમનની માલેકીની ટ્રસ્ટની મીલકતોનું વિગતવાર ધ્યાન છે.

ઉદવાડા નેટીવ જનરલ લાયબ્રેરી ફંડ.

ઇ. સ. ૧૮૬૫ માં શેઠ માણેકજી કા. દમણવાલાની આગેવાની હેઠળ એક લાયબ્રેરી જાહેર ઉધરાણાંથી સ્થાપવામાં આવી હતી. તેનુ. ફંડ રૂ. ૧૦૦૦) નું થયું હતું. તે રૂપીઆની સરકારી લોન લેવામાં આવી હતી, કે જે હાલે સાંભળવા મુજબ દસ્તુરજીઓનાં નામ ઉપર છે. આ લાયબ્રેરીનું કામકાજ પાછળથી મંદ પડી ગયું હતું, માટે તા. ૨૨ મી મે ૧૯૦૬ ને દીને શેઠ જાલભાઈ દો. ભરડાએ સભાસદોની એક સભા બોલાવી ફંડને સારા પાયા ઉપર મેલવાની કોશશ કરી હતી. અને પોતે દર સાલ રૂ. ૫૦) ની મદદ આપવાનું જણાવ્યું હતું. એ ફંડમાં એમણે તથા એમનાં સાસુ બાઈ વીરબાઇજી મા. કા. દમણવાલાએ તથા એમનાં ધણીઆની બાઇ કુંવરબાઈએ અમુક રકમો ભરી આપી હતી. થોડાક વખત ઉપર લાયબ્રેરીનું કામ ચાલુ થયું હતું, પણ ટુંક વખતમાંજ લાયબ્રેરી પાછી મંદ હાલતમાં પડેલી છે.

ઉદવાડાની બઝમે ખાદેમાને ઈરાનશાહ.

ઉપલાં નામનું એક મંડળ તા. ૧૦ મી નવેમબર ૧૯૧૮ ને દીને એરવદો ભીખાજી દી. ઉનવાલા, ફરામરોજ પે. પટેલ તથા કાવશજી શાપુરજી કટીલાની કારસાજીથી બરપા થયું હતું. તેના આશરે ૬૦ સભાસદો છે. આ મંડળ દર વર્ષે ૧૯ જશનો સરતાપા ઇજશની તથા બાજની ક્રિયા સાથે કરે છે. તેની નેમ ઉપલાં જશનો કરવા ઉપરાંત ઉદવાડાના આથોરનાનની ધાર્મિક, નૈતિક તથા સાંસારીક બહેતરી કરવાની છે. આ મંડળ

તરફથી "પાવ મહેલની ક્રિયા" એવાં નામનું પુસ્તક છપાઈ બહાર પડયું હતું. આ મંડળ કને નાનું ફંડ છે.

મોગલાઇ હક. ઉદવાડાની અનજુમનને લગતો વજીફો વેચ્યો તેનાં વેચાણનું નાણું.

પાંચ દીનદાર સાહેબોએ શ્રી ઇરાનશાહના ખરચ માટે મોગલાઈના હકવાલો એક વજીફો ઉદવાડાની અનજુમનને અપાવ્યો હતો, તેનો લેખ નીચે પ્રમાણે હતો :—

શંવત * ૧૮૮૭ના વરખે માહા વદ ૩ વાર રવીઉ રોજ ૧ મહા ૫ શને ૧૨૦૦ શેહેનશાઈ ઈઅજદેજરદી તા. ૩૦ મી જાનેવારી ૧૮૩૧ અંગ્રેજી. તા. ૧૫ મી માહે શાબાંન શને ૧૨૪૬ હીજરી એ દીને શી ઉદેપોરનાં આતશબેહેરામ શાહેબની વતી અનજુમનની તરફથી મુખતીઆર દશતુર દારાબજી બેહેરામજી તથા દશતુર રૂશતમજી ટેમુલજી જોગ લખતંગ શી શુરતનાં રહેવાશી બેહેદીન શોરાબશાહા તાલેઈઆરખાનજી બીન નેકશાહેતખાનજી. જત હમોએ તમો પાશેથી રૂ. ૫૫૦૧) અંકે પંનચાવન શો ને એક નીચે રૂપઈઆ શતાવીશ શેહે ને શાડી પચાસથી બમના પુરા નવા રોકડા ભરૂચી સકાઈ લીધા તે રૂપઈઆને બદલે હમારી ચોકી કશબે નોશારીની મંડઈની મોગલાઇની હમારા બુજરગોની જર ખરીદ કીધેલી હમારા બાપને વીરાશત મધે અરધ ભાગે આવેલી તે મધે હમારો તીજો હીશો ખાશ આજ દીને એ રૂપીઆ મજકુર બદલે તમોને વેચાતો આપેઓ તેનો કરાર એ જે આજ દીનથી એ મોગલાઈ મજકુર હમારા કબજથી કાડીને તમારા કબજામે વેચાતી આપીને હમોએ હાથ ઉઠાવેઓ છે. ને હેની કીમતનાં રૂપઈઆ મધેથી રૂ. ૫૦૦) હમોએ બે આનાંમે લીધા છે ને એ મોગલાઈ હમારી બીજી મીલકતો શાથે પેશતનજી કાલાભાઇને તાંહાં ગીરો મુકેલી હતી. તેવોને એ બાકી રૂ. ૫૦૦૧) અમોએ ભરાવીઆ ને તેઓના કબજથી એ મોગલાઈ છોડવીને

* સંવત ૧૯૦૩ના વર્ષનો મુંબાઈ પારસી પંચાયતનો પોથો પા. ૭૮.

તમારા કબજમે વેચાતી આપીને એ રૂપીઆ કુલે લખેઆ પરમાણે હમોએ લીધા. તે હમારા થએઆ. હવે આજ દીનથી એ મોગલાઈની આમંદની તથા જેહેનું લેવાજેમ દશતુર હોએ તો શુદામત પરમાણે તમો લેઓ શહી તે ઉપર હમારો અમારા ફરજનદાંન ફરજંદ વારશ વકીલોનો તમો ઉપર તમારાં ફરજન વારશ વકીલો ઉપર દાવો દખલ પોહોચે નહિ. જે દાવો કરે તે રદ બાતેલ થાએ. હવે પછી એ મોગલાઈ તમારૂં દીલ ચાહે તે કરો તે સાથે હમારો દાવો નહીં. તથા એ મોગલાઈની આમંદની છે તે મધે કોઈ દેશાઇ પતેલ તથા દરૂનો લાજમો કદીમથી કાંઇ છે નહીં. એ આમંદની હમારા બાપીકા તીજા હીશાની તમો લેઓ શહી. એ મધે જે કોઇ હીશેદાર વારેશદારથી ઈઆ ગીરોદાર કરજદારના દાવાથી હીલો હરકત પોહોચે તેનો જવાબ અમો દેઉ શહી. એ શરતે એ મોગલાઈ તમોને રૂ. ૫૫૦૧) બદલે હમારી રાજી રજીવંદીથી અકલ હોશીઆરીથી દેલખુશીથી વેચાતી આપીને એ કબાલો લખી આપેઓ તે પરમાણે પાલુ પલાવું કબુલ મંજુર શહી. બીજું હમોએ ખરીદદાર મજકુરો એ કબાલા મધે એકરાર કરીએચ જે એ મોગલાઈની આમદ ખરીદ કીધી છે તે શી આતશબેહેરામ ઉદેપોરનાં છે તેહોનનાં ખરચને કાજે નેક નામ દીન દોસ્ત દીન માજદીએશનીનાં તોલા મધેથી એ મધે નીચે નાંમો લખેઆં છે તે નેક કેરદારોએ પોતાની મકદુર મુજબ રૂપઈઆ ભરીને પોતાનાં જાવેદાનનાં શવાબને વાસ્તે એ વજીફો શી આતશબેહેરામ શાહેબને વાસ્તે અપાવેઓછે. ને તેનાં આગેવાન હમોણે કુલ મુખતીઆર કીધા છે તે હમોએ મોગલાઇની આમદ મધે શી આતશબેહેરામ શાહેબનાં ખરચ શંડલ લોબાંનો તથા બોએનાં દેનારાવોને માહીઆંનનો તથા ગંહબારોનો કરીએ શહી. એ આંમદ લીધામાં તથા ખરચ કરવામાં હમો કુલ મુખતાર છઈએ. એ આંમદને હમારેથી ઈઆ હમારા કાએમ મકાનથી વેચાએ નહીં. ઈઆ ગીરો મુકાય નહીં. એ કરાર હમો ખરીદદારો કરેઓ છે તે હમો પાલુ પલાવુ શહી. એ રૂપઈઆનાં આપનારાવોનાં નામ લખેલાં છે.

૧૯૫૮ શેઠ માણેકજી મેહેરવાન વખારીઆનાં રૂ. ૧૯૫૮ની વીગત–રૂ. ૪૫૭ આતશબેહેરામને શંડલ લોબાંન પોચે–રૂ. ૧૫૦૧ બોએના દેનારાવોને દર માહી રૂ. ૭ા સાડા શાત પડામનનાં પોચે.

૧૪૧૭ આ. જમશેદજી બેહેરાંમજી લશકરીના ગહમબાર ૨) દર શાલ કરવા શારૂ. (?)

૧૦૦૧ વાડીઆ જાંગીરભાઇ તથા નવરોજી નશરવાંનજીનાં રૂ. ૧૦૦૧ શવાબ ખાતે.

૧૨૫ બેહેરામજી ભીખાજીનાં રૂ. ૧૨૫ શવાબ ખાતે.

૧૦૦૦) નેકનામ શોરાબજી બેરામજી છીબડના રૂ. ૧૦૦૦ શવાબ ખાતે.

એ જણ ૫) નેક નાંમોએ મલીને એ રૂપઇઆ પુરા કરી આપેઆ છે. તેથી શબાબકાર શખશોને શી આતશબેહેરામ શાહેબ હર દો જેહાનમો મદદગાર છે.''

આ લખતપર શોરાબશા તાલેઆરખાનની સહી છે. તથા નવ જણાની શાખ છે.

(ઉદવાડાથી મળેલું એ. ભીખાજી ઉનવાલાનું અસલ કાગળ.)

નોંધ—આ વજીફો કેટલાંક વર્ષ બાદ રૂ. ૫૦૦) માં વેચી નાખવામાં આવ્યો હતો.

જાંગીર નશરવાનજી વાડીઆ રોડ.

બાઇ મોટલાંબાઇએ પોતાના મરહુમ બાવાજીનાં નામથી ઉદવાડાનાં નવાં સ્ટેશનથી ગામ સુધીનો પાકો નવો રસ્તો બંધાવ્યો, તે તા. ૬ ઠી નવેમબર ૧૮૯૬ ને દીને ખુલ્લો મેલવામાં આવ્યો હતો. આ રસ્તો લગભગ ચાર માઇલ લાંબો છે. આ રસ્તો કિકલી, કુલસર તથા કોલર ગામોમાં થઇને જાય છે. એ રસ્તા પાછળ રૂ. ૨૮૦૦૦) નો ખરચ થયો હતો તથા તેની મરામત સારૂં બાઈ મોટલાંબાઇએ રૂ. ૨૬૦૦૦) સરકારને આપ્યા હતા. રસ્તો ખુલ્લો મેલવાની ક્રિયા વખતે મજકુર બાઇના બેટાઓ શેઠો નવરોજી તથા નશરવાનજી માણેકજી વાડીઆ હાજર થયા હતા; તથા સુરતના કલેકટર મી. રેંડના હાથે તે ખુલ્લો મેલાવ્યો હતો. આ રસ્તાને નાકે નીચે મુજબ તખતી છેઃ—

"જાંહાંગીર નશરવાનજી વાડીયા રોડ. આએ રસ્તો બાઇ મોટલીબાઇ માણેકજી વાડીયા તે જાંહાંગીર નશરવાનજી વાડીયાનાં બેટીએ પોતાના ખરચથી સરવે આલમના મુફત વપરાસને માટે અને ઉદવાડાના પુરાતમ આતશબેહેરામને સેજદો કરવા આવનારા જરથોસ્તીઓ સારૂં બંધાવ્યો છે. એ રસ્તો બાંધવાને બાઈ મોટલીબાઇએ રૂ. ૨૮૦૦૦) ની રકમ આપી છે. અને રસ્તાની મરામત સારૂં બીજા રૂ. ૨૬૦૦૦) સરકારને આપયા છે. જેના વ્યાજમાંથી એ રસ્તાની દર વરસે મરામત થાય છે. આએ રસ્તો સને ૧૮૯૫ માં સુરતનાં કલેકટર મી૦ એફ. એસ. પી. લેલી આઈ. સી. એસ. ના વખતમાં શરૂ કીધો હતો. અને તા. ૬ થી નવેમબર ૧૮૯૬ મુબારક રોજ દેપદીન માહા અરદીબેહેશત ૧૨૬૬ યઝદેજરદીને દીને સુરતના કલેકટર ડબલ્યુ. સી. રેનડ આઈ. સી. એસ. એઓએ બાઇ મોટલીબાઇના પુત્રો મી૦ નવરોજી માણેકજી વાડીયા સી. આઈ. ઇ. અને નશરવાનજી જાંગીર વાડીઆ જે. પી. અને ઉદવાડાના આગેવાન રહીશો તથા બીજાઓના મોટા મેલાવડાની હાજરીમાં ખુલ્લો મુકયો હતો. એ રસ્તો ખાન બહાદુર ફરદુનજી કુંવરજી તારાપોરવાલા બી. એ. એલ. સી. ઈ. તે સુરતના એકજીકુટીવ એનજીનીયરની દેખરેખ હેઠલ બાંધ્યો છે." (રાસ્ત ગોફતાર તા. ૮ મી નવેમબર ૧૮૯૬).

ઉદવાડામાં જરથોસ્તીઓની વસ્તી.

ઉદવાડાનાં જરથોસ્તીઓની હાલની વસ્તીનો અડસટો નીચે પ્રમાણે એરવદ ભીખાજી દીનયારજી ઉનવાલાની ગણત્રી પ્રમાણે છેઃ-

આથોરનાન	પુરૂષ	આશરે	૪૧૩.
,,	સ્ત્રી	,,	૪૪૮.
,,	છોકરાં	,,	૪૯૨.
		કુલે	૧૩૫૩
આથોરનાન ઘરો		આશરે	૨૩૦

બેહેદીન	પુરૂષ	આશરે	૩૩
,,	સ્ત્રી	,,	૩૩
,,	છોકરાં	,,	૩૫
		કુલે	૧૦૧
બેહેદીનોનાં	ઘર	આશરે	૪૦

નોંધ—ઉદવાડાની પાસે આવેલાં "સોલફલીઆ" ગામના બેહેદીનોની વસ્તી ઉપલી ગણત્રીમાં લેવામાં આવી નથી.

ઉદવાડાના સંજાણાઓને લગતાં પંથકો.

ઉદવાડાના સંજાણાઓને લગતાં પંથકો આ છે:— દીવ, દમણ, તારાપોર, જાંયબોરડી, દવીએર, નારગોલ, સરોંડા, પારડી.

નોંધ—આ પંથોકોના સંબંધમાં એવી ગોઠવણ હતી કે દર ત્રણ વર્ષે બે નવા મોબેદોને યોજદાથ્રગરીનું ક્રિયાકામ કરવા ઉદવાડાની અંનજુમન તરફથી પંથકોમાં મોકલવામાં આવતા હતા. અંનજુમન દર મોબેદ દીઠ દર મહિને રૂ. ૧) તેમની કનેથી લેતી હતી. મોબેદોની કાંઈ પણ કસુર થતી, તો તે પંથકની અનજુમન ઉદવાડાની અનજુમનને ફર્યાદ કરતી અને ઉદવાડાની અનજુમન યા તેની કમિટિ ચુકાદો આપતી. અને મોબેદોને રાખવા યા ન રાખવા તેની ગોઠવણ કરતી હતી.

નારગોલ—અહિંની અનજુમને મોબેદોના પગારો ઘટતા પ્રમાણમાં વધારી આપ્યા નહિ, માટે ઇ. સ. ૧૯૧૮ થી ઉદવાડાની અનજુમનના કારોબારીઓ મોબેદોને મોકલી શકયા નથી. હાલે ત્યાંના પંથકીઓ યોજદાથ્રેગરીનાં કામો કરે છે.

દવીએર—પગારનાજ વાંધાને સબબે આશરે ૧૦-૧૨ વર્ષ સુધી અહિં મોબેદો મોકલી શકાયા ન હતા. પણ ઇ. સ. ૧૯૨૪ માં પગારની ગોઠવણ કરી બે મોબેદોને લેઇ જવામાં આવ્યા છે.

જાંયબોરડી—ઈ. સ. ૧૯૧૬ માં અહિંનાં નવાં આદરાનની ક્રિયા ઉદવાડાની અંનજુમન હસ્તક થઇ હતી. તે વેલાએ બે મોબેદો રેવાજ મુજબ મોકલવામાં આવ્યા હતા.

સરોંડા—ઇ. સ. ૧૯૦૬ માં સુરતની પાસેના ઉમરા ગામનાં આદરાન મુંબાઇવાલા શેઠ જીજીભાઇ દાદાભાઇનાં ધર્મખાતાના ત્રશ્ટીઓએ ત્યાં આણ્યા, ત્યારે રેવાજ મુજબ ઉદવાડાની અનજુમને બે મોબેદો મોકલવાની ગોઠવણ કરી હતી.

પારડી—ઇ. સ. ૧૮૮૧ માં શેઠ હોરમજી ગોડાભાઇએ અગીઆરી કીધી, ત્યારે ઉદવાડાની અનજુમને રેવાજ મુજબ બે મોબેદો મોકલ્યા હતા.

નોંધ—સંજાણ પ્રથમ પંથક હતુ, પણ હાલે ત્યાં પારસીઓની વસ્તી બીલકુલ નથી. સંજાણની નજદીકમાં મરોલી અથવા મનોરી ગામમાં ચાર પાંચ ઘરો છે, તથા તડગામમાં દશ બાર ઘરો છે, તેનું કામ નારગોલની અગીઆરીમાં થાય છે.

કવેટા, સક્કર, કરાંચી, કચ્છભુજ, જામનગર, કલીકટ, મીરજ, રંગુન, જંગબાર, ચીન વગેરેમાં સંજાણા (ઉદવાડીઆ) મોબેદો પંથકપણું ચલાવે છે, પણ તેઓ ઉદવાડાની અનજુમનને જવાબદાર નથી. કલીકટ તથા મીરજ સિવાય ઉપલાં સઘલાં શેહેરામાં અગીઆરી છે, જે સંજાણા મોબેદોએ ઇંજી હતી.

દમણમાં યોજદાથ્રેગરીનું કામ થતું નથી. હાલે ત્યાં બે સંજાણા મોબેદો ફકત બાજ ઇંજવા વગેરેનુંજ કામ કરે છે. આ દમણને "એલારી દમણ" કહે છે. "પેલારી દમણ" (યાને દમણ ગંગાનદીની પેલે પારના ગામ) માં હાલે જરથોસ્તી વસ્તી નથી. પણ પંદરેક વર્ષ ઉપર ત્યાં એક અગીઆરી હોવાથી એક મોબેદ રહેતો હતો. (એ. ભીખાજી દી. ઉનવાલાએ મોકળેલી હકીકત ઉપરથી).

વધારો.

ઈરાનનાં તથા હિંદુસ્તાનનાં આતશબેહેરામો વગેરે *

"આતશબેહેરામ" આ શબ્દ અવસ્તા "આતરશ્" તથા "વેરેથ્રઘ્ન" શબ્દો ઉપરથી નિકળ્યો છે. અવસ્તા ભાષામાં આ શબ્દ મળતો નથી. પણ પેહેલવીમાં "આતશે વાહરામ" જુદી જુદી રીતે લખાયલો મળેછે. અને ફારસીમાં તેનો બીગડેલો આકાર "આતશે બેહેરામ" થયો છે. જ્યારે આપણી પુરાતન શેહેનશાહતોના પાદશાહો પોતાના દુશ્મનો ઉપર ફ-તેહ મેળવતા હતા, યા નવાં નામિચાં શેહેરો વસાવતા હતા, યા મોટાં કામો સંપૂર્ણ કરતા હતા, ત્યારે નવા આતશો બરપા કરી લોકોનો ભકિતભાવ ઉશ્કેરી તેઓમાં નવાં જોર તથા જોસનો ઉમેરો કરતા હતા, અને વેરેથ્રઘ્ન" યાને બેહેરામ યજદ જે ફ-તેહ ફીરોજીનો યજદ છે, તેનું નામ આવા નવા બરપા કરેલા આતશ સાથે જોડી નાંખી તેને "આતશે બેહેરામ" (યાને ફ-તેહ આપનાર આતશ) તરીકે ઓળખતા હતા.

પુરાતન જમાનામાં આતશ રાખવાની પવિત્ર લાયક જગાને "દાઈત્યગાતુ" (દાદગાહ) કહેતા હતા. હાલે "દાદગાહ" શબ્દને આપણે આતશઆદરાન પછીના યા ઘરના આતશ માટે વાપર્યે છીએ. પણ જુના વખતમાં તેનો એક અર્થ "આતશકદેહ" થતો હતો. વંદીદાદમાં આતશને દાદગાહે લેઈ જવાના કામને પુણ્યનું કામ ગણ્યું છે. અવસ્તા જમાનામાં જુદા જુદા ૧૬ પ્રકારના આતશોને (જેમકે નશો બાળતા આતશને, કચરો બાળતા આતશને, કુંભારના આતશને, સોનારના આતશને તથા બીજા આતશોને) અમુક ક્રિયાઓથી પવિત્ર કરી સાથે એકઠા કરવામાં આવતા હતા. રેવાયતો તથા પાછલી ચોપડીઓમાં જુદા જુદા આતશોને

* આતશબેહેરામોની હકીકત તથા હિંદમાંની અગીઆરીઓની ટીપ શેઠ હોરમજી દુબાશની ઈચ્છા પ્રમાણે અત્રે દાખલ કીધીછે.

પવિત્ર કરી આતશબેહેરામ બરપા કરવાની હકીકતો આપેલી છે. આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે પુરાતન જમાનાથી આતશબેહેરામોને ભારે ક્રિયાઓથી બરપા કરવામાં આવતા હતા.

આ આતશબેહેરામોને પાદશાહી દરજ્જો આપેલો છે. તેમને પાદશાહો પ્રમાણે તાજ તથા તખ્ત, તલવાર તથા ભાલા, ઢાલ ગુરજ તીર કમાન વગેરે અર્પણ થયાં છે. આતશ-નિયાએશમાં આતર્શ સ્પેન્તને "રથેશ્તાર" (લડવૈયો) કહ્યો છે, તે દેખાડે છે કે આતશને પાદશાહ ગણી તેને લડાઇનાં મેદાનમાં સાથે રાખવામાં આવતો હતો અને તેથી લડનારાઓમાં જોર, જોશ, ઉલટ તથા ઉમંગ પેદા થતા હતા.

જુના કદીમ આતશો.

પાદશાહ હોશંગ જયારે એક પહાડ તરફ કુચ કરતો હતો, ત્યારે તેણે એક મોટો સાપ જોયો. તેને મારવા એક મોટો પત્થર હોશંગે ફેંકયો. સાપ સટકી ગયો. પણ પત્થર પહાડ સાથે અથડયો, ત્યાં આતશ બરપા થયો. તેને "આદર ખોરદાદ" નામ આપી તેની ખુશાલીમાં "જશને સદેહ"નું જશન પાદશાહ હોશંગે જારી કીધું.

હોશંગના બેટા તેહેમુરસ્પે "આતશ સ્પેનિશ્ત," "આતશ વાજિશ્ત" તથા "આતશ બેરેજીસવંઘહ" એવાં ત્રણ આતશ-બેહેરામો બનાવ્યાં હતાં. જમશેદ પાદશાહે "આતશ સ્પેનિશ્ત"ને "આતુન ફરોબગ" નામ આપીને ગદમન હુમંદ નામના પહાડ ઉપર સ્થાપ્યા હતા.

પાદશાહ ફરેદુને તેમજ કેખુશરૂના બાપ શ્યાવક્ષે કંગદેજમાં આતશબેહેરામો બનાવ્યાં હતાં. લોહોરાસ્પે "નઓ બહાર" નામનું આતશબેહેરામ બનાવ્યું હતું. તેનું મકાન અરદેશર બાબેગાનના વખત સુધી ટકી રહયું હતું.

તેહમુરસ્પે "આતશે બેરેજીસવંઘહ" સ્થાપ્યું હતું. તેને "રએવંત" પહાડ ઉપર પાદશાહ ગુશ્તાસ્પે નવેસરથી તખ્તનશીન

કર્યું હતું. જમશેદ પાદશાહના "આતુન ફરોબગ"ને તેણે કાબુલમાં રોશન કીધા હતા. તથા હજરત જરથોશ્તે આણેલા "આજરે મેહેર બુરજીન"ને ગુશ્તાસ્પે તખ્તનશીન કીધા હતા. (દસ્તુર જામાસ્પજીનું પુસ્તક હિંદુસ્તાનનાં આતશબેહેરામો પા. ૩૧-૩૨).

બુનદેહેશના ૧૭માં બાબમાં પુરાતન જમાનાના ત્રણ જુનાં આતશબેહેરામોની હકીકત જળવાઈ રહી છે તે નીચે પ્રમાણે છેઃ-

"તેહમુરસ્પની પાદશાહીમાં જ્યારે માણસો સરેસઓક બળદની પીઠ ઉપર ખનીરસમાંથી બીજા મુલકોમાં પસાર થતાં હતાં, ત્યારે રાત્રે દરિયાની વચ્ચે પવને એક આતશગાહ બુજાવી નાંખી. તે આતશગાહની અંદર જે પ્રમાણે બળદની પીઠ ઉપર ત્રણ જગ્યાએ આતશ બરપા કરેલો હતો તેવો આતશ હતો. તે (આતશગાહ)ને પવને આતશ સાથે દરિયામાં નાંખી દીધી. (તે વખતે) તે ત્રણે આતશો ત્રણ ખોરેહની માફક આતશની જગ્યા અને મકાન ઉપર બળદની પીઠ ઉપર પ્રગટી નિકળ્યા કે તેથી સઘળું રોશન થાય અને માણસો દરિયામાંથી પાછાં પસાર થાય છે. અને જમશેદે (પોતાની) પાદશાહીમાં સઘળું કામ એ દરેક ત્રણ આતશોની મદદથી ઘણું સરસ રીતે કર્યું હતું, અને તેનાથી આતશ ફરોબા ખારજમમાં ગદમન હુમદ પહાડમાં દાદગાહે સ્થાપેલો છે, કે જે (દાદગાહ) જમશેદે બનાવી હતી. અને જમશેદના ખોરેહને જોહાકના હાતથી આતર ફરોબાએ બચાવ્યું. ગુશ્તાસ્પ પાદશાહની પાદશાહીમાં દીનના ખુલાસા પ્રમાણે ખારજમમાંથી કાબુલના મુલકમાં કાબુલસ્તાનમાં રોશન પહાડ ઉપર તે (આદર ફરોબા)ને સ્થાપ્યો કે જેમ ત્યાં હાલમાં (બુનદેહેશવાલાના વખતમાં) જારી છે."

ખોલાસો—એમ માલૂમ પડે છે કે લોકો સરેસઓક બળદ (યાને મોટાં વહાણ)માં બેશી દરિયાની મુશાફરી કરતાં હતાં, ત્યારે રાત્રે એક અમુક ચળકતો સેતારો જાણે દરિયામાં પડી દેખાતો બંધ પડયો યાને કે અસ્ત પામ્યો. પણ તુરતજ બીજા ત્રણ સેતારા નજરે પડયા. આ કુદરતી બનાવની ખુશાલીમાં

જમશેદે આતશ ફ્રોબા નામનો આતશ સ્થાપ્યો. પાછળથી ગુશ્તાસ્પ પાદશાહે તેને બીજે ઠેકાણે લેઈ જઈ સ્થાપ્યો.

બુનદેહેશવાલો કએખુશરૂ પાદશાહને માટે કહે છે કે:—

"કએખુશરૂની પાદશાહી સુધી આદરગુશસ્પ એજ રીતે દુનિયાની પાસબાની કરતો હતો. જ્યારે કએખુશરૂએ ચએચસ્ત સરોવરની મૂર્તિઓનાં મકાનો ખોદી કાઢયાં, ત્યારે (તેના) ઘોડાની યાળ ઉપર તે બેઠો અને સીહા અંધકારને મારી દૂર કીધું અને (સઘળું) રોશન કીધું કે તેથી મૂર્તિઓનાં મકાનો ખોદી કહાડયાં. તેજ જગ્યાએ અસ્નવંદ પહાડ ઉપર તેણે દાદગાહમાં આદર ગુશસ્પને સ્થાપ્યો."*

ખોલાસો—આ દંતકથા પણ કાંઈક કુદરતી દેખાવનું વર્ણન રજુ કરે છે. એમ માલૂમ પડે છે કે જ્યારે પાદશાહ કએખુશરૂએ મૂર્તિઓનાં મકાનો ખોદી કહાડી પુણ્યનું કામ કર્યું, ત્યારે રાત્રે આકાશમાંની ઘોડાની રાશી (યાને ઘોડાના આકારવાલા સેતારાઓના ઝુમખા)ના કાન ઉપરનો સેતારો બહુ પ્રકાશિત થયો, તેથી કએખુશરૂને પોતાનાં કામમાં બહુ સવળતા મળી. તેથી તેણે આદર ગુશસ્પ નામના આતશને બરપા કીધો.

આગળ ચાલતાં બુનદેહેશવાલો કહે છે કે "ગુશ્તાસ્પ પાદશાહના રાજ્ય સુધી આદરબુરજીન મેહેર એજ પ્રમાણે દુનિયામાં ઉગી નિકળ્યો અને રક્ષણ કરવા લાગ્યો....જ્યારે અનોશેહરવાન જરથોસ્ત યકીન ઉત્પન્ન કરવાને માટે દીનને ચલણમાં લાવ્યા, ત્યારે ગુશ્તાસ્પ પાદશાહ અને (તેના) ફરજંદો ખોદાતાલાની દીન ઉપર સાબેત હતા. ગુશ્તાસ્પે રએવંદ પહાડ, જ્યાં કહે છે કે પુશ્તે વિશ્તાસ્પાન (ટેકડી) છે, તે ઉપર (તે આતશને) દાદગાહમાં સ્થાપ્યો."

ઉપલા ત્રણે આતશો સાસાનીઅન શેહેનશાહ અરદેશર બાબેગાનના વખતમાં રોશન જળતા હતા, તેનો ઈશારો

---

*આતશ નિયાએશમાં કએખુશરૂનાં નામ સાથે અસ્નવંદ પહાડ, કયાની ખુરેહ તથા ચએચસ્ત સરોવરને યાદ કરવામાં આવ્યાં છે.

"કારનામકે અર્તખ્શીરે પાપકાન"માં પણ આવેલો છે. (જોવો દસ્તુર કેકોબાદ આદરબાદનું કારનામે પા. ૩).

બીજી હકીકતો ઉપરથી માલૂમ પડે છે, કે કએખુશરૂએ "દેજે બહુમન" કીલ્લો ફતેહ કીધો, તેની યાદગારીમાં **આદર ગુશસ્પ** બરપા કીધો હતો. શાહ ગુશતાસ્પે અરજાસ્પ સાથના જંગમાં પહેલી જીત મેળવી તેની ખુશાલીમાં **આદર બુરજીન** સ્થાપ્યો હતો. જ્યારે જરથોસ્ત પેગંબર નવી દીન લાવ્યા, ત્યારે ગુશતાસ્પે જમશેદ પાદશાહે સ્થાપેલા આદર ફરોબાને ખ્વારીજમમાંથી ખસેડી કાબુલીસ્તાનમાં પરઠયો હતો.

બીહીસ્તુનની ખીલારોકી તખ્તીમાં પાદશાહ દારાયસ કહે છે, કે "ગઉમાત મગુસે ભાંજી નાંખેલાં આતશકદેહો ફરીથી નવેસરથી મેં બરપા કીધાં હતાં."

સાસાનીઅન જમાનામાં આતશબેહેરામો.

પેહેલવી કારનામેમાં લખ્યું છે કે જ્યારે અરદેશર બાબેગાને દરિયો નજરે જોયો, ત્યારે યજદાંનાં શુકરાનાં કીધાં, અને ત્યાંનાં ગામનું નામ "બનાક અર્દશીર" રાખ્યું, અને દરિયાના કિનારા ઉપર **દશ આતશબેહેરામો** સ્થાપવા ફરમાવ્યું (ઉપલુંજ પુસ્તક પા. ૧૩).

એજ પુસ્તમાં બીજે ઠેકાણે (પા. ૨૪ ઉપર) લખ્યું છે, કે અરદેશરે કુલાલનો કિલ્લો ખોદીને વેરાન કરવાનો હોકમ કીધો, તે જગાએ "કુલાલનું ગામ" એવે નામે ઓળખાતું ગામ વસાવ્યું અને ત્યાં **સાત** આતશબેહેરામો પરઠ્યાં.

એજ પુસ્તકમાં ત્રીજે ઠેકાણે (પા. ૩૧ ઉપર) કહ્યું છે કે અરદેશરે તે જગા જેને "રખ્શે શાપુર" કહે છે, તે વસાવવાનો હોકમ કીધો, અને ત્યાં **દશ** આતશબેહેરામો તખ્તનશીન કરવાનો હોકમ કીધો. અને ઘણી દોલત અને ખજાનો આદરાનશાહના મકાનમાં મોકલ્યો, અને ઘણાં સવાબનાં કામો કરવાનો હોકમ કીધો.

એજ પુસ્તકમાં ચોથે ઠેકાણે (પા. ૧૪-૧૫ ઉપર) કહ્યું છે કે અરદેશર પાર્સમાં પાછો આવ્યો અને એક શેહેર જેનું નામ "ખોરેહ અરદેશર" કરીને બોલાય છે તે વસાવ્યું....અને ઘણાં આતશબેહેરામો પરઠાવવા ફરમાવ્યું.

અરદેશરના પ્રધાન દસ્તુર તનસરના એક પેહેલવી લેખના તરજુમા ઉપરથી માલૂમ પડે છે, કે અરદેશરે જુદી જુદી સ્વતંત્ર સલતનતોને એકત્ર કરી એકજ ધર્મ તથા એકજ રાજ્યની સત્તા હેઠલ મુકવાનું યાદગારીભરેલું કામ કર્યું હતું, તેની ખુશાલીમાં તેણે આતશબેહેરામો બરપા કીધાં હતાં.

ઈરાનની શીરવાન નદીની બાજુએ પાયકુલી નામની જગા છે, ત્યાં આવેલાં શીજ શેહેરમાં આજર અક્ષ નામનું એક નામિચું આતશકદેહ હતું. ત્યાં દરેક સાસાનીઅન પાદશાહને તખ્તનશીન થતાંજ આતશને સેજદો કરવા જવું પડતું હતું. આ તરીકો પાદશાહ અરદેશરેજ પ્રથમ દાખલ કીધો હતો. (દસ્તુર ખુરશેદજી એ. પાવરીના રેસાલા ભાગ ૩ જો પા. ૪૯).

એદ્રીસી નામનો ભૂગોલવેત્તા ઇ. સ. ૧૨ મી સદીને શુમારે કહે છે કે "ફીરોજ યજદજરદે નવેસરથી સમારેલાં કાજરૂન શેહેરમાં એક મોટું આતશબેહેરામ હતું, તેનો આતશ ત્યાં હજારો વર્ષ થયાં બળતો હતો."

નોશીરવાન આદિલે "આજર ગોશીદ" નામના આતશબેહેરામ સ્થાપ્યા હતા. (દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૩૨).

ઈબ્ન હઉકલ (ઈ. સ. ૯૦૨-૯૬૮) કહી જાય છે કે "તેના વખતમાં ખીફ્રેહ, કલાદન તથા મસુબાંન નામના આતશબેહેરામો હતાં." (વધુ માટે જોવો દસ્તુર પાવરીનું પુસ્તક પા. ૭૬).

હિંદનાં આતશબેહેરામો.

આરબ લોકોને હાથે શિકસ્ત પામ્યા પછી હિંદુસ્તાનમાં આપણા વડવાઓ આવ્યા ત્યારથી આજ દિન સુધીમાં આઠ આતશબેહેરામો બરપા થયાં છે, તેના એહવાલનું એક પુસ્તક

દસ્તુરજી જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પઆસાનાએ ઇ. સ. ૧૮૯૯ માં પ્રકટ કર્યું હતું. હિંદનાં જુદાં જુદાં આતશબેહેરામો નીચે મુજબ છે:—

(૧) **શ્રી ઈરાનશાહ આતશબેહેરામ**—ઈ. સ. ૭૨૧ માં સંજાણમાં બરપા થયલાં શ્રી ઈરાનશાહ આતશબેહેરામ હાલે ઉદવાડામાં છે.

(૨) **નવસારીનું આતશબેહેરામ**—ઈ. સ ૧૭૬૫ માં નવસારીમાં નવું આતશબેહેરામ સ્થાપવામાં આવ્યું હતું. તેની વિગત આ પુસ્તકના. ૩૬૧, ૩૬૫–૩૬૯ તથા ૩૮૪ માં પાનાં ઉપર આપેલી છે. એ આતશબેહેરામ બરપા કરવાની આગેવાની દેશાઈ ખુરશેદજી તેમુલજીએ લીધી હતી. અને તેની પહેલી બોય દસ્તુર શોરાબજી રૂસ્તમજી મેહેરજીરાણાએ દીધી હતી

(૩) **મુંબાઈનું દાદીશેઠનું આતશબેહેરામ**—રોજ ૧૭ માહ ૧ કદમી ૧૧૫૩ ય જ. (તા. ૨૯ મી સપટેમબર ૧૭૮૩) ને દીને મુંબાઇમાં શેઠ દાદીભાઇ નોશરવાનજી દાદીશેઠે પહેલવેહેલા કદમી આતશબેહેરામ બનાવી તે તખ્તનશીન કીધા હતા. તેની સઘળી ક્રિયા કાઉશ રૂસ્તમ જલાલે કદમી તરીકા પ્રમાણે કીધી હતી. (પા. પ્ર. પા. ૬૩, બ. બે. પટેલકૃત પારસી ધર્મસ્થળો પા. ૧૫, દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૯).

સુરતનું મોદીનું આતશબેહેરામ—ઇ. સ. ૧૮૧૦ માં શેઠ દાદાભાઈ નશરવાનજી મોદી ૫૦ વર્ષની ઉમરે ગુજરી ગયા, ત્યારે તેમનાં માતાજી બાઇ નવાજબાઇએ સુરતમાં એક આતશબેહેરામ સ્થાપવાનો વિચાર કર્યો. પણ તેઓ ઈ. સ. ૧૮૧૮ માં ગુજરી ગયાં. તેમનાં મરણ બાદ તેમના વહુ જાઇજી (તે શેઠ દાદાભાઇના વિધવા)એ પોતાના ભાઇઓ શેઠો જમશેદજી તથા હોરમજી બમનજી વાહાડયાની મદદ લેઈ રોજ ૧૭ માહ ૨, શેહેનશાહી ૧૧૯૩ ય. જ., તા. ૧૯ મી નવેમબર ૧૮૨૩ ને દીને સુરતમાં સૈયદપુરી ભાગળ આંગળ એક આતશબેહેરામ સ્થાપ્યુ હતું. આ આતશબેહેરામના સંબંધમાં એક અગત્યનો



શેઠ હોરમસજી બમનજી વાડીયાજીનું આતશબહેરામ મુંબઈ.

મુકદમો ઉભો થયો હતો. શેઠો જમશેદજી તથા હોરમજી વાડીઆએ સુરતમાં શેહેનશાહી આતશબેહેરામ બરપા કરવાની રજા સુરતની અનજુમન પાસેથી રજા મેળવી, ત્યારે તેજ વેળાએ કદમીઓ માટે એક બીજાં આતશબેહેરામ બાંધવાની તૈયારી સુરતના શેઠ પેશતનજી કાલાભાઇ વકીલે પણ કરવા માંડી. આથી સુરતમાં મજબુત જીકર ઉભી થઈ, અને જેમ નવસારીમાં નવાં આતશબેહેરામ સ્થાપતી વેળાએ જીકર કરવામાં આવી હતી (જોવો આ પુસ્તક પા. ૩૬૧), કે એક મુલકમાં એકજ પાદશાહ (યાને આતશબેહેરામ) હોય, માટે સુરતમાં પણ બે આતશબેહેરામ બરપા કરી શકાય નહિ. માટે ઉપલા વાડીઆજી શેઠોએ ઈ. સ. ૧૮૧૯ માં રૂ. ૨૫૦૦૦)ની નુકસાનીનો દાવો સુરતની અદાલતમાં શેઠ પેસ્તનજી કાલાભાઇ ઉપર માંડયો. અને તેનાં કારણો તરીકે આમ કહેવામાં આવ્યું કે આતશબેહેરામ પરઠાવવાની રજા સાત વર્ષ ઉપર તેઓએ અનજુમન પાસેથી માંગી હતી, તથા પ્રતિવાદિ પંચાયતના અકાબરોની પરવાનગી વગર આતશબેહેરામ કરે છે અને વળી એકજ શેહેરમાં બે આતશબેહેરામ થાયજ નહિ. આ મુકદમો સુરતના જડજ જી. ડબલ્યુ. એનડરસન સનમુખ નિકળ્યો હતો. શેઠ પેશતનજી કાલાભાઇ તરફથી એવો બચાવ લાવવામાં આવ્યો હતો, કે તેઓ થોડુંકની વાટ ઉપર ભયભરેલી માંદગીમાંથી ઉઠયા હતા, ત્યારે આતશબેહેરામ પરઠાવવાની માનતા લીધી હતી. વળી એમનો ટોળો કદમી છે. પંચાયતની રજા લેવાની કશી જરૂર નથી તથા એક શેહેરમાં બે યા વધુ આતશબેહેરામો બંધાવવાની ધર્મ પ્રમાણે કશી મનાઈ નથી. વાદિઓ તરફથી મોદી ખુરશેદજી ડોશાભાઈ, દસ્તુર દાદાભાઇ રૂસ્તમજી અને સુરતના ૧૬૦૦ જણે કોરટમાં એક મેહેજર રજુ કીધો, કે વાદિઓએ અવલથી રજા માંગેલી છે, અને એક શેહેરમાં કદિ બે આતશબેહેરામ થયલા નથી. નવસારીથી દસ્તુર નોશરવાનજી શોરાબજી તથા ૨૫૦ જણની સહીનો કાગજ રજુ થયો કે "નવસારીનું આતશબેહેરામ ત્યાંની અનજુમનની પરવાનગી લેઈ બાંધવામાં

આવ્યું હતું." ભરૂચથી દસ્તુર અસપનદયારજી કામદીનજી તથા ૪૦૦ જણની સહી સાથનો એવીજ મતલબનો કાગજ આવ્યો હતો. અને ઉદવાડાથી પણ ૩૭ સાહેબોની સહીનો એવોજ મેહેજર રજુ થયો હતો. છેવટે ઈ. સ. ૧૮૨૨ માં કોરટે શેઠ પેશતનજી કાલાભાઇની તરફેણમાં ચુકાદો આપ્યો. આ ઉપરથી વાદિઓએ સદર અદાલતમાં અપીલ કરી. આપીલ કોરટના જડજ મી. જેમ્સ સધરલેંડે એવી સમજુતી બંને પક્ષો વચ્ચે કરાવી, કે બંને પક્ષે આતશબેહેરામ બાંધવા, પણ વાદિઓએ પહેલાં યાને તા. ૧૯ મી નવેમબર ૧૮૨૩ ને દિને પરઠાવવા, અને પછી ગમે ત્યારે શેઠ પેશતનજીએ પોતાના આતશબેહેરામ પરઠાવવા. (વધુ માટે જોવો પારસી પ્રકાશ પા ૧૬૧-૧૬૨, ૧૭૪, દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૧૦).

(૫) **સુરતનું પેશતનજી કાલાભાઈવાલું આતશબેહેરામ**- રોજ ૩ જો માહ ૩ જો શેહેનશાહી (માહ ૪ થો કદમી) ય. જ. ૧૧૯૩ તા. ૫ મી ડીસેમબર ૧૮૨૩ ને દીને શેઠ પેશતનજી કાલાભાઈ વકીલે કદમી તરીકા મુજબ આતશબેહેરામ બનાવી સુરતમાં શાહપોર નામની જગ્યામાં બરપા કીધા હતા. (પારસી પ્રકાશ પા. ૧૭૬, દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૧૧) *

---

* તા. ૨૭-૧૦-૧૮૨૩ ના મુંબાઈ સમાચારમાં જાહેર ખબર આપી હતી કે "દીનબેહે માજદીઅશનીનાં હોકમ પરમાણે જે ૧૦૦૧ આતશ શોલ ભાતના લીધા જોઇએ તે લીધા. અને તે એક એક આતશ ઉપર દીનના હોકમ મુજબ ઇજસ્ની તથા વીશકરદ તથા વંદીદાદ પઢવાની તે પઢીને તમામ આતશને ખાલેસ કીધા જોઇએ તે કીધા. અને શોલ પાતરાં શોલે ભાતનાં આતશનાં જુદાં જુદાં જોઇએ તે કીધાં. તાર બાદ તે શોલે પાતરાં ઉપર વરશ એકના ગાહામબાર લીધા જોઇએ તે દીનના હોકમ મુજબ અરદીબેહેશ્ત મહિનાના ગહંમબારથી તે દેએ મહીનાના ગહંમબાર શુધી ગહંમબાર પાંચ લીધા. તારબાદ અશપનદાદ મહીનાના હોરમજદ રોજથી તે અનેરાં રોજ શુધી શોલે પાતરાં ઉપર દર રોજ ઇજશની શોલ શોલ કરવી જોઇએ તે કીધી. અને તાર પછે અનેરાન રોજની પાછલી રાતે શોલે પાતરાંનું એક પાતરૂં કીધું જોઇએ તે કીધું છે. તારબાદ તે એક પાતરાં ઉપર છઠા ગહંમબાર ગાથાના લીધા જોઇએ તે લીધા છે" (પા. પ્ર. પા. ૧૭૭).

(૬) **મુંબાઇનું શેઠ હોરમજી વાડીઆનું આતશબેહેરામ**–રોજ ૧૭ માહ ૨ ય. જ. ૧૨૦૦ તા. ૧૭ મી નવેમબર ૧૮૩૦ને દીને મુંબાઈ મધ્યે ચંદનવાડીના રસ્તા ઉપર શેઠો બહમનજી, રૂસ્તમજી તથા અરદેશર હોરમજી વાડીઆએ પોતાના બાવા મરહુમ શેઠ હોરમજી બહમનજી વાડીઆની નિયતે શેહેનશાહી આતશબેહેરામ પરઠાવ્યું હતું. એ કેબલાની સાચવણી માટે ચીંચપોકલી તરફ મોટી પેદાયશવાળી જાગીર અલાહેદી કાઢેલી છે. (પારસી પ્રકાશ પા. ૨૩૨ દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૧૧–૧૨).

(૭) **મુંબાઇનું શેઠ કાવશજી બેરામજી બનાજીનું આતશબેહેરામ**–રોજ ૧૭ માહ ૪ કદમી ય. જ. ૧૨૧૫ તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૪૫ને દીને મુંબાઇ મધ્યે ગીરગામના રસ્તા ઉપર કરેલવાડીની સામે શેઠો ફરામજી, ખુરશેદજી તથા રૂસ્તમજી કાવશજી બનાજી અને દાદાભાઈ રૂસ્તમજી બનાજીએ મરહુમ શેઠ કાવશજી બેહરામજી બનાજી તથા બાઈ જાઇજી બનાજીની નિયતે આતશબેહેરામ બનાવી પરઠાવ્યું હતું. ખરચ પેટે શેઠ ખુરશેદજીએ રૂ. ૧) લાખ તથા શેઠ દાદાભાઈએ અરધો લાખ રૂ. આપ્યા હતા. બાકીના શેઠ ફરામજીએ આપ્યા હતા. એ આતશબેહેરામના નિભાવ માટે શેઠ ફરામજીએ વીકરોલી તથા કાંનજુર નામે બે ગામો અલાહેદાં કાઢી તેની ઉપજમાંથી દર વર્ષે રૂ. ૨૫૦૦) નો ખરચ કરવા ફરમાવ્યું હતું. (પારસી પ્રકાશ પા. ૪૬૬, દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૧૨–૧૩).

(૮) **જરથોસ્તી અનજુમનનું મુંબાઈનું નવું આતશબેહેરામ**–આ પુસ્તકનાં ૪૩૮ તથા ૪૩૯ માં પાનાં ઉપર આપણે જોઈ ગયા, કે ઇ. સ. ૧૮૩૨ માં મુંબાઈના કેટલાક સાહેબોએ નવસારીના ભગરીઆ પંથકને અરજ કરી હતી, કે મુંબાઈમાં નાવર મરાતબ કરવાની રજા આપવી. પણ નવસારીવાળાએ રજા આપવા ના પાડી. ઇ. સ. ૧૮૫૦ માં સર જમશેદજી

જીજીભાઈ નવસારીમાં ગયા હતા, ત્યારે દસ્તુર બેરામજી દારાબજી સંજાણા તથા ૫૦ મોબેદોએ તેમને પત્ર લખ્યો, કે મુંબાઈમાં (વાડીઆજીવાલા) આતશબેહેરામ બરપા થયાં છે; ત્યારે સઘળાં કામો મુંબાઈમાં સઘળાં ધર્મનાં કામો થાય છે, પણ ફકત નાવર મરાતબ કરી શકાતા નથી "માટે એ અડચણ ટાલી નાંખવા સારૂં ઘટતો ઉપાય કરીને નવસારીની અનજુમન પાસેથી હમોને મુંબાઈ મધે નાવર મરાતબ કરવાનો હક અપાવવો." આ પત્રમાં વધુ ઉમેરવામાં આવ્યું હતું કે "હમો સારી પેઠે જાણીએ છીએ કે....જો નાવર મરાતબનો હક મુંબાઈખાતે આપ્યામાં આવે, તો (નવસારીના મોબેદો તથા દસ્તુરોની પેદાયશોમાં) વધારે ઘટાડો થાય....માટે હમો નીચે પ્રમાણેના લવાજમો નવસારીની અનજુમનને આપવા કબુલ છીએ–(૧) મુંબાઇના આતશબેહેરામના વારાના રૂ. દશ હજારથી વધારે હાલમાં એકઠા થયા છે, તેમાંથી રૂ. બે હજાર નવસારીના મોબેદોની અનજુમનને આપીએ. (૨) દર નાવરે નવસારીની અનજુમનને રૂ. ૫) આપીએ. (૩) દર મરાતબે રૂ. ૨) આપીએ. (૪) દર વર્ષે શ્યાલના રૂ. ૭૫) આપીએ."

ઉપલાં પત્રની વિરૂદ્ધ મુંબાઇની માણેકજી શેઠની અગીઆરીના ૨૫૦ મોબેદોએ નવસારીની અનજુમન ઉપર પત્ર લખ્યો કે "ઉપલી અરજી તમો કબુલ કરશો તો તમારા કીધાને હમો માન આપીશું નહિ." ઈ. સ. ૧૮૮૨ માં મુંબાઈના ભગરીઆ મોબેદોએ વાડીઆજીનાં આતશબેહેરામનાં બોયનાં એકઠાં થયલાં નાણાં મેળવવાની ફર્યાદ હાઇ કોરટમાં માંડી. હાઈ કોરટે ચુકાદો મોબેદોની તરફેણમાં આપ્યો. પણ નાણાં મેળવવાની શરતો એવી ગુંચવણભરી નાંખી, કે તે નાણાં આજ સુધી એમજ પડી રહ્યાં છે. ઇ. સ. ૧૮૮૪ માં વાડીઆજીના આતશબેહેરામમાં નાવર કરવામાં આવ્યા. પાછળથી ખટપટો થઈ અને પોલીસ કોરટે પણ કબ્જા ગયા. ભગરીઆ મોબેદો આ આતશબેહેરામમાંથી નિકળી જઈ દાદીશેઠના આતશબેહેરામમાં (ત્યાંના ટ્રસ્ટીઓની રજા લેઇ) કામ કરવા લાગ્યા. જ્યારે નવસારીવાળાઓએ જોયું કે વાડીઆજીના આતશબેહેરામમાં ગંદેવીઆ મોબેદો પાસે પણ

બોય દેવાડવામાં આવે છે, ત્યારે તેઓએ એ આતશબેહેરામ સાથે સંબંધ ધરાવતા ભગરીઆઓ સાથનો સંબંધ તોડી નાંખ્યો, અને ભાગલામાંથી દૂર કીધા. મુંબાઈમાં ભગરીઆઓ સારૂ નવાં આતશબેહેરામ બનાવવાની ચળવળ શરૂ થઈ. ફંડ ઉઘરાવતાં વર્ષો સુધી મુશકેલી ઉભી થઈ. તા. ૨૩ મી મે ૧૮૮૬ ને દીને દસ્તુરની જામાસ્પાજીના હાથે એક આતશક-દેહનો પાયો નખાયો, અને તે તા. ૨૧ મી આગશટ ૧૮૮૭ ને દીને ઇંજવામાં આવ્યું. અને ત્યાં ભગરીઆઓ માટે દશ હિંડોળા મુકવામાં આવ્યા. આતશબેહેરામ બાંધવા સારૂં એક કમિટિ નેમાઇ, જેના પ્રમુખ શેઠ જાલભાઇ અરદેશર શેઠ થયા. અંતે રોજ ૩ જો માહા ૨ જો શેહેનશાહી ૧૨૬૭ ય. જ. તા. ૧૭ મી અકટોબર ૧૮૯૭ ને દિને નવા આતશબેહેરામને અનજુમનના ઉઘરાટથી બાંધેલાં એક મોટાં નવા મકાનમાં તખ્તનશીન કરવામાં આવ્યા. આ આતશબેહેરામની પેહેલવહેલી બોય (નાયબ) દસ્તુર કેખશરૂ જામાસ્પજીએ દીધી હતી આ આતશબેહેરામ બનાવવાના કામમાં દસ્તુર જામાસ્પજીએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો. અને તેમનેજ પેહેલા દસ્તુર નેમવામાં આવ્યા હતા. (દસ્તુર જામાસ્પજીનું પુસ્તક પા. ૧૩-૩૫).

જરથોસ્તીઓએ હિંદુસ્તાનમાં સ્થાપેલી દરેહમેહેરો તથા તેઓએ સ્થાપેલાં આતશ દાદગાંઓની ટીપ.

મુંબઈ મધ્યેની દરેહમેહેરો તથા ત્યાંનાં આતશ દાદગાંઓ.

ઠેકાણાં	કોણે પરઠેલાં	રોજ	માહ	ય. જ.
કરેલવાડી-કાવસજી	બેરામજી બનાજી (આતશ બેહરામમાં) (કદમી)*	૨૦	૧	૧૨૧૪
કાંદાવાલો મોહલો	—નશરવાનજી હીરજીભાઇ કરાંની ...	૨૦	૬	૧૨૧૬
કોટમાં	—માણેકજી દોરાબજી સરાફ	૨૬	૨	૧૧૬૦
,,	બનાજી લીમજી	૯	૯	૧૦૭૮
,,	બજારગેટ—માણેકજી નવરોજી શેઠ ...	૯	૯	૧૧૦૨
,,	મોટલાંબાઈ જેહાંગીર નશરવાનજી વાડીયા ...	૨૦	૯	૧૨૩૨
,,	જોદાવરા મોબેદો માટે પંચાયતે અને અંજુમને મળી બાંધેલી	૩	૫	૧૧૯૫
,,	મનચેરજી ખરશેદજી લંગડાના	૧૫	૭	૧૨૧૭
,,	અરદેશર દાદીભાઇ દાદીશેઠ (કદમી) ...	૧૭	૧	૧૧૭૩
,,	પીરોજબાઇ તે દાદાભાઇ માણેકજી વાછાનાં વિધવા	૩	૯	૧૨૫૦
કોલાબે	—જીજીભાઇ દાદાભાઇ	૧૭	૬	૧૨૦૫
ખેતવાડી	—કાવસજી માણેકજી હાશબરનર (કદમી) ...	૯	૯	૧૨૦૧
,,	પાલનજી ખરશેદજી કામા (કામા બાગમાં)...	૧૭	૯	૧૨૩૮
ગ્રાંટરોડ	—પલેહાઉસ—સોરાબજી હોરમજી રાંનજી ...	૩	૮	૧૨૩૭
,,	ચીકલવાડી—દોરાબજી એ. જમસીના અથવા મીઠાઇવાલા	૯	૯	૧૨૮૦
,,	ચર્નીરોડ જંકશન—બાલારામ સ્ટ્રીટ મેરવાનજી માણેકજી પટેલ	૨૨	૧૨	૧૧૭૭

* જે જે દરેમેહેરો આગળ (કદમી) લખેલું છે તે તે દરેમેહેરો (કદમી) જાણવી, જ્યારે બાકીની બધી શેહેનશાહી છે.

ગીરગાંમ-બેકરોડ-અસલાજી ભીખાજી ... ...
ગોવાલ્યા તલાવ-ફોરજેટ સ્ટ્રીટ-સુનાબાઇ હીરજી જીવણજી રેડીમની ૨૦ ૧૨ ૧૨૧૧
ચોપાટી-મોદી સોરાબજી વાછા ગાંધીના વારસો (કદમી) ૧૭ ૬ ૧૨૨૭
ડનકનરોડ-હોરમજી ધનજીભાઈ પટેલ ૧૭ ૫ ૧૨૦૩
ધોબીતલાવ-રૂશતમજી સોરાબજી ભરૂચા તથા ઈડાંવાલા (દાદગાં) ૧૬ ૧૨ ૧૨૧૨
,, આવાંબાઇ અરદેશર ખરશેદજી વાહડયાએ પેતાની દીકરી સુનાબાઇનાં પુણ્ય માટે બંધાવેલું મકાન ખુલ્લું મુકયું ... ૨૪ ૭ ૧૨૩૧
,, હોરમજી માણેકજી ભીવડીવાલાના ત્રસ્ટીઓએ હોરમજીનાં ધણીયાણી પુતલીબાઇની યાદમાં પરથાવી ખુલ્લી મુકી ૧૨ ૧૧ ૧૨૯૪
,, ચરનીવાડી-હોમજી બમનજી વાડીઆએ સ્થાપેલાં પોતાના આતશ બેહરામમાં પરઠાવેલી ૨૦ ૨ ૧૧૭૫
પરેલ-લાલબાગ-દાદાભાઇ તથા મનચેરજી પેશતનજી વાડીયા ૨૦ ૧૧ ૧૨૦૩
,, લાલબાગ-દીનબાઇ ન. પીટીટે જ. ન. પીટીટ આરફનેજમાં પરઠાવેલી ૩ ૭ ૧૨૬૬
બહારકોટ-મનચેરજી બમનજી શેઠના ૧૭ ૨ ૧૧૫૬
,, શાપુરજી સોરાબજી કપાવાલા ૧૭ ૨ ૧૦૨૮
ભાયખલા-બમનજી મેરવાનજી મેવાવાલા ૧૭ ૪ ૧૨૨૦
મજગાંમ-ફરામજી નશરવાનજી પટેલ (કદમી) ... ૧૧ ૩ ૧૨૧૫
,, નાનાભાઇ જમશેદજી સપલાની નઇયતે ... ૧૪ ૮ ૧૨૩૬
,, અનજુમનને ખરચે ૯ ૫ ૧૨૭૬
મરીનલાઇનસ-જમશેદજી દાદાભાઇ આમરીઆ (સોડાવાટરવાલા) ૨૮ ૨ ૧૨૪૪
મહાલક્ષ્મી-બેરામજી કાવસજી બાટલીવાલા .. ૨૦ ૪ ૧૨૩૪
,, હોરમજી દાદાભાઇ શાએર (કદમી) ... ૧૭ ૭ ૧૨૧૪
માહીમ-મનચેરજી બમનજી કુપરે સ્થાપેલું અને પાછળથી શાપુરજી જ. દાજીએ બંધાવેલું (દાદગાં)... ૪ ૨ ૧૨૩૬

માહીમ–એદલજી રૂસતમજી સુનાવાલાએ ધણીયાણી સુનાબાઇની નઇયતે બંધાવેલું (દાદગાં) ...	૧૭	૯	૧૨૮૨
વાલકેશ્વર-શોરાબજી ખરશેદજી થુડીનાની નઇયતે (કદમી)	૭	૯	૧૨૨૮
દાદર–નવરોજી કાવસજી નાલીએરવાલા	૩	૧૦	૧૧૯૧
વાંદરે નશરવાનજી રતનજી તાતા	૨૦	૬	૧૨૫૩

☞ મુંબઇની ઉપલી જાહેર દરેમેહેરો, તથા આતશ આદરાંનો ઉપરાંત બીજી કેટલીક દાદગાંઓની દરેમેહરો છે જેવી કે (૧) બહારકોટની અલાઇબાગની, (૨) કોલાબેની પાંડે સેનેટરીએમની, (૩) ગીરગામની આલબલેસ બાગમાંની, અને (૪) વાલકેશ્વરમાં રેડીમનીની.

શેઠ ફરામજી કાવસજી બનાજીનું આતશબહેરામ (કદીમી) - મુંબઈ.

દેશાવરો ખાતે દરેમેહેરો તથા આતશ દાદગાંઓ.

ઠેકાણાં	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ	માહ	ય. સને
અંકલેશ્વર	નરશંગ ધમપાલ			૯૧૯
અજમેર	નવરોજી રૂસતમજી કલીઆણીવાલાનાં પુણ્યને માટે	૮	૧૧	૧૨૬૭
અંદેરી	અરદેસર ભીખાજી પટેલ	૯	૯	૧૨૭૭
આબુરોડ	અંજુમનને ખરચે	૩	૨	૧૨૯૧
અહમદનગર	જમશેદજી પેશતનજી પલાનટી ...	૯	૮	૧૨૧૬
અમદાબાદ	ખરશેદજી બેરામજી નાનાવટી (દાદગાં)...	૨૩	૧૦	૧૨૧૫
,,	કાકરીયા રોડ અરદેશર ડોશાભાઇ વાડીયા અને શાપુરજી ધનજીભાઈ મીસ્ત્રીએ પરઠાવેલા.	૩	૮	૧૨૯૪
અમરોલી	હોરમજી બમનજી વાડીયા	૧૭	૨	૧૧૭૩
,,	કાનજીભાઇ દોરાબજી મીઠાઈવાલા ...	૯	૪	૧૨૬૩
અડાજણ	સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટ.	૨૦	૯	૧૧૯૬
આલપાઈ	નવરોજી કાવસજી નાલીએરવાલા ...			
ઇગતપુરા	અંજુમનને ખરચે	૫	૧૦	૧૨૫૬
ઇછાપોર	કાવશજી ધનજીભાઇ પાંઉવાલા તથા ભત્રીજા.	૫	૮	૧૨૧૬
ઇનડોર	હોરમજી માણેકજી ભમગરા	૧૦	૮	૧૨૪૮
ઉદવાડા	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે બંધાવેલી દરેમેહેરને લગતું મકાન ...	૨૦	૯	૧૨૬૦
ઉરન	કુંવરજી તથા બેરામજી એદલજી ઉમરીગર ...	૨૩	૨	૧૨૭૪
એડન	કાવશજી દીનશાજી એડનવાલા	૨૦	૧	૧૨૫૩
એલાવ	આ૦ કાઉસ ખુરશેદજી કામદીન... ...	૨૦	૧૨	૧૦૯૧
આંકોલા	દ૦ નશરવાનજી જામાસપજી જામાસ્પઆશા.	૨૪	૨	૧૨૩૯
કચ્છ-ભુજ	પેસતનજી સોરાબજી ભુજવાલા ...	૨૩	૯	૧૨૭૪
કરંજ	પેશતનજી, હીરજીભાઈ, પીરોશા હોરમજી પસ્તાકયા	૨૭	૪	૧૨૨૫
કરાંચી	ડોસાભાઇ મેરવાનજી વાડીયાની યાદગારી માટે.	૯	૯	૧૨૩૯
,,	સદરમાં હીરજીભાઇ જમશેદજી બેહરાંના ...	૯	૮	૧૨૧૮

કલકતા–ધનજીભાઇ બે૦ મેહતાના અંજુમનનાં આતશ આદરાન	૯	૯	૧૨૫૯
,, રૂશતમજી કાવસજી બનાંજી (કદમી) ...	૧૭	૧	૧૨૦૯
કલ્યાણી–એદલજી બેરામજી મોદી	૧૭	૨	૧૧૫૮
કવેતા–અનજુમનના ઉધરાટથી...	૧૭	૯	૧૨૫૨
કુદીઆના–મનચેરજી કુંવરજી ભાટેના, હોરમજી માણેકજી કુદીઆનાવાલા	૭	૭	૧૨૧૯
કેરમાન–(ઈરાંન)–બાગે સતારે ખાનુગ–અરબાબ સરૂષ જહાંગીર, ધણીયાણી શીરીનબાઈ, મરહુમ સાલા અરબાબ દીનયાર રૂશતમ, તથા જમાઈ અરબાબ રૂશતમ ફરરોખે મરહુમ બેટી બાનુ રૂશતમ ફરરોખના પુણ્ય માટે સ્થાપી (કદમી).	૧૭	૭	૧૨૯૩
ખજોત–બેહરામજી હીરાજી કોહલા	૧૮	૯	૧૨૧૫
ખંબાત–પેસતનજી ખરશેદજી મોદી ખંબાતવાલા ...	૧૭	૪	૧૨૧૩
ખેરગામ–મોતીબાઇ તે બમનજી જ૦ મુલાંના વિધવા...	૫	૯	૧૨૫૧
ગનદેવી–હોરમસજી ભીખાજી ચીનાઇ, વલસાડવાલા...	૭	૯	૧૨૦૩
ચીકલી–દોરાબજી તથા ફરામજી હોરમસજી ગજદર...	૧૭	૬	૧૨૪૨
જંગબાર–દોરાબજી દીનશાહ એદનવાલા (દાદગાં) ...	૧૩	૯	૧૨૬૪
જામનગર–ટેમુલજી માહીઆરજી મીરજાં	૧	૭	૧૨૬૪
જાહાંબોરડી–અંજુમનના ખરચે...	૨૦	૯	૧૨૮૫
તવરી–એદલજી વ્યાજખોરા	૧૪	૬	૧૨૩૮
,, અંજુમનને ખરચે	૩	૮	૧૨૩૮
તારાપોર–વીકાજી મેહેરજીભાઇ તારાપોરવાલા ...	૯	૯	૧૧૮૯
તેહેરાન–(ઇરાનમાં)–અંજુમનને ખરચે (કદમી) ...	૨૬	૪	૧૨૮૬
થાણા–કાવસજી તથા દોરાબજી રૂસતમજી પટેલ ...	૯	૭	૧૧૫૦
દમણ–મેરવાનજી નવરોજી માણેકજી	૮	૬	૧૨૦૭
,, રતનબાઈ હોરમજી મનચેરજી કામા ...			૧૨૧૫
દવીહેર–નવાજબાઈ તે જહાંગીરજી નવરોજી ધાસીઆનાં ધણીઆણી	૩	૯	૧૨૨૪
દીવ–જહાંગીર નશરવાનજી વાડીઆજી	૨૬	૫	૧૧૯૯
દુમસ–સુરતની અનજુમને	૨૬	૬	૧૨૦૭

દેવલાલી–રતનબાઈ જમશેદજી ચીનાઇ	૧૭	૨	૧૨૮૬
નવસારી–વડી દરેમેહર			૫૫૧
,, સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ...	૨૦	૬	૧૨૨૨
,, મલેશરની અંજુમને	૧૯	૧	૧૧૬૭
,, મીનોચેર હોમજીવાલાઓએ બાંધેલી ...			૧૧૫૮
નાગપોર–હીરાબાઇ નશરવાનજી માણેકજી મુલ્લાં ...	૨૦	૨	૧૨૬૫
નારગોલ–માણેકજી રૂ. નારગોલવાલા તથા ભાઇઓ...	૧૧	૧૦	૧૨૫૧
(એનું અસલ મકાન દાદાભાઇ નશરવાનજી મોદીનું બંધાવેલું હતું)			
નીમચ–કાવસજી જીવણજી મેવાવાલાની નઈયતે ...	૫	૫	૧૨૬૭
પારડી–હોરમજી ગાંડાભાઇ (દાદગાં)	૧૭	૯	૧૨૫૦
પુણા–નાનાપેટ–સોરાબજી રતનજી પટેલ	૮	૧૧	૧૧૯૩
,, કેંપ–સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટ.	૩	૩	૧૨૧૪
,, કદમી અને શેનશાહી અંજુમનને ખરચે (કદમી).	૩	૩	૧૨૬૩
બદનેરા–અંજુમનને ખરચે	૬	૪	૧૨૫૮
બારડોલી–નવસારીવાલા એદલજી નવરોજી મેહેતા ...	૯	૪	૧૨૫૫
બાલાપુર–હેદ્રાબાદ દખણ–વીકાજી તથા પેશતનજી મેહરજી.	૨૦	૬	૧૨૦૮
બીલીમોરા–દાદાભાઇ ધનજીભાઈ અને સોરાબજી શાપુરજીએ બાંધેલી અંજુમનને ખરચે ચાલતી.	૯	૯	૧૨૬૮
,, નવરોજી જમશેદજી વાડીઆ (દાદગાં) ...	૨૦	૧૦	૧૧૯૭
બેલગામ–પેસતનજી ખુરશેદજી બોઇસે ભાઇઓ એદલજી તથા નાનાભાઈનાં પુણ્ય માટે (દાદગાં) ...	૨૪	૩	૧૨૬૧
બોધાન–(સુરત નજદીકનાં કામ સ્ટેશનથી ૧૬ માઇલ દૂર) અંજુમનના ખરચે (દાદગાં) ...	૨૦	૪	૧૨૯૪
ભગવાગામ–જમશેદજી શોરાબજી ભગવાગર ...	૩	૯	૧૨૨૮
ભરૂચ–જુની અગીઆરી			
,, હોરમજી બેરામજી વખારીઆની નઈયતે ...	૨૫	૬	૧૨૫૨
,, કોટ–હોમાજી દારાબજી (હોમાવારા)ની દરેમેહેર.	૩	૫	૧૧૨૯
,, ખરાસવાર હીરાંબાઇ તે નવરોજી કાવસજી નારયલવાલાનાં વિધવા	૯	૯	૧૨૦૦
,, કોટ–સોરાબજી ધનજીભાઇ ખંબાતા ...	૨૪	૧	૧૨૨૭

ભરૂચ–બહારકોટ-દસ્તુર કામદીનજી ફરદુનજી ...			૧૧૪૭
,, ,, રૂસતમજી માણે૦ હીરાવરાના સુરતવાલા.			૧૦૯૬
ભાઠાગામ–વીરજીભાઈ બમનજી સુરતવાલા ..	૧૭	૬	૧૧૭૩
ભાવનગર–દોરાબજી શાપુરજી ઉમરીગરના વારસો ...	૨૮	૮	૧૨૬૦
ભેશાન–દાદાભાઇ તથા મનચેરજી પેસ્તનજી વાડીયા...	૧૧	૫	૧૨૧૫
મઉ–અંજુમનને ખરચે	૯	૬	૧૨૧૫
મંદરોઇ–અંજુમનના ઉધરાટથી-નસરવાનજી માણેકજી પીટીટ	૧૨	૪	૧૨૨૯
મદરાસ–ફીરોઝ મનચેરજી કલબવાલાએ પોતાના બેટા જાલનાં પુણ્ય માટે	૨૯	૧૧	૧૨૭૯
મહુવા–અનજુમનના ખરચે	૯	૪	૧૨૨૭
મેઘોરભાત–(ગંનદેવીની પાસે) અંજુમનનાં ખરચે...	૫	૪	૧૨૫૩
માંડવી–અંજુમનના ખરચે	૩	૯	૧૨૪૩
રાજકોટ–અંજુમનના ખરચે	૩	૯	૧૨૪૪
રંગુન–બેજનજી કાવસજી ખંબાતા			૧૨૩૬
રાંદેર–દારાશાહ દોરાબજી રાંદેલીઆ	૧૭	૯	૧૨૦૩
લાનોલી–કાવસજી દીનશાહ એડનવાલા	૨૨	૯	૧૨૬૮
લાહોર–અરદેશર બેહેરામજી લીંબુવાલા-કુપર ...	૧૭	૧૧	૧૨૬૨
વ્યારાગાંમ–દીનબાઇ નશરવાનજી પીટીટ	૬	૩	૧૨૬૫
વડોદરા–આનંદપુરા-ધનબાઇ દાદાભાઇ ભીમજી ઉમરીગરે પોતાના ધણી દાદાભાઇનાં પુણ્યમાટે બંધાવેલી.	૭	૫	૧૨૧૫
,, બેરામજી નશરવાનજી શીરવાઇ (દાદગાં) ...	૨૦	૨	૧૨૩૮
,, સ્ટેશન નજદીક-ફરામજી કાવશજી કંટરાકટરના વસીયતનામાંની રૂએ બેટા પેસતનજીએ પરહાવેલી	૧૭	૬	૧૨૯૩
વલસાડ–નવરોજી પેશતનજી કાપડીઆ (દાદગાં) ...	૨૬	૪	૧૨૪૯
,, મોટાભાઇ શાપુરજી તથા ધણીયાણી ...	૧૬	૯	૧૨૧૯
,, હોરમજી ભીખાજી ચીનાઈ (દાદગાં) ...			૧૧૮૯
વેશુ–એડનવાલા માણેકજી રતનજી પટેલ	૩	૯	૧૨૫૮
સકર–સીંધ–હોરમસજી મામા દરમેહેર–અંજુમનને ખરચે (દાદગાં)	૧૨	૭	૧૨૮૬

સકર–સીંધ–એ દરેહમેહરનું નવુ મકાન ઉધરાણાંથી બંધાયું	૩	૨	૧૨૯૩
સરોડા–ખ. ફ. પારખ તથા ત્યાંના એક વતની મળીને			૧૨૩૩
સીકંદરાબાદ–દખણ–વીકાજી તથા પેસતનજી મેહરજી	૯	૧૨	૧૨૦૮
,, એદલજી સોરાબજી ચીનાઇવાલી અંજુમનની દરેહમેહર–એદલજી સોરાબજી ચીનાઇનાં કુટુંબે તથા અંજુમને મળીને પરથેલી	૩	૧૨	૧૨૮૯
,, એનું મકાન–અનજુમનને ખરચે બંધાયલું ...	૨૦	૬	૧૨૯૧
સીગનપોર–નવરોજી જમશેદજી વાડીઆ	૧૭	૨	૧૨૧૯
સોનગર–વ્યારા–અનજુમનને ખરચે			૧૨૩૧
સુમારી–હોમીયાર પહાલણ (બીજી વાર જમશેદજી શોરાબજી હોડીવાલા આ લખનારના બપાવાના બપાવાએ બંધાવી હતી. જોવો પા. પ્ર. પા. ૧૭)			૧૦૪૦
,, દાદાભાઇ તથા કાવસજી પાલનજી ચઉના ...	૨૭	૭	૧૨૫૬
સુરત–કેલાંની વખાર–અનજુમનને ખરચે... ...	૩	૮	૧૨૦૮
,, ગોપીપરે–જાંગીર નશરવાંનજી વાડીઆ (દાદગાં)	૧	૭	૧૨૧૦
,, ,, દોરાબજી નસરવાનજી મીસતરી (દાદગાં)	૨૯	૧૦	૧૨૩૫
,, નાનપરે–એદલજી તથા રતનજી બેરામજી બીશાની	૧૭	૪	૧૨૦૭
,, ,, આ૦ જમશેદજી માણેકજી ઉનવાલા (દાદગાં)	૧	૧૨	૧૨૩૮
,, ,, ચોકી મોહલા–માણેકજી એદલજી અરમાનીના તથા દલાલ			
,, ,, પાલીયા મોહલા–જમશેદ જાઇયા નામના પારસીએ બંધાવેલી			
,, માછલીપીટ–"બાગે પારસા"–અનજુમનને ખરચે	૧૭	૬	૧૨૬૫
,, રૂસતમપરે–પેશતનજી નશરવાનજી બાટલીવાલા	૨૨	૧૨	૧૧૧૯
,, ,, સર જમશેદજી જીજીભાઇ પેહલા બારોનેટ	૧૭	૨	૧૧૯૩
,, ,, દેશાઇ મનચેરજી ખુરશેદજી ...	૨૦	૧૨	૧૧૭૫
,, ,, રૂશા૦ અસપંદીઆરજી આરીટનવાલા	૧૭	૪	૧૧૯૨
,, લકરકોટ–ગોટીનાં ખાનદાનવાલાઓએ બાંધેલું...	૧	૭	૧૧૬૫

સુરત–સૈયદપુરે–દાદાભાઇ અને મનચેરજી પેસતનજી વાડીઆ	૨	૧૦	૧૨૧૩
,, ,, મુંબઇના વાડીઆજીવાલાઓએ સ્થાપેલી	૯	૪	૧૨૫૮
,, બીબીની વાડી–અનજુમનને ખરચે			
,, શાહપોર–ફરાંમજી હો. કોમીસરીએટવાળાનાં પુણ્ય માટે ધણીયાણી બાનુબાઇએ કુકાવાળી પારસી આરફનેજમાં (દાદગાં)	૯	૫	૧૨૮૫
સતારા–અનજુમનને ખરચે			
સોલાપુર–વીકાજી તથા પેસતનજી મેહેરજી	૯	૫	૧૨૧૪
હાંસોટ–ભીખાઈજી તે સર દીનશાહ માણેકજી પીટીટ પેહલા બારોનેટનાં બેટીનાં પુણ્યને માટે ...	૨૬	૧૧	૧૨૬૮
હૈદ્રાબાદ–દખણ–ચંદરઘાટમાં–માણેકબાઈ ન. ચીનાઇ	૩	૨	૧૨૭૪

નોંધ—અગીઆરીઓ તથા દાદગાહની ટીપ ય. જ. ૧૨૯૫ સાલનાં મી૦ શેરાબજી મં. જાગોસવાલાં પારસી પંચાંગ ઉપરથી લીધી છે.

(1)

The Religion of the Civilized world.*

—:o:—

There were periods in the history of the world when the worship of Ormuzd threatened to rise triumphant on the ruins of the temples of all other Gods. If the battles of the Marathon and Salamis had been lost and Greece had succumbed to Persia, the State religion of the Empire of Cyrus, which was the worship of Ormuzd, might have become the religion of the whole civilized world. Persia had absorbed the Assyrian and Babylonian Empires; the Jews were either in Persian captivity or under Persian sway at home; the sacred monuments of Egypt had been mutilated by the hands of Persian soldiers. The edicts of the king-the king of kings-were sent to India, to Greece, to Scythia, and to Egypt, and if 'by the grace of Ahura Mazda,' Darius had crushed the liberty of Greece, the purer faith of Zoroaster might easily have superseded the Olympian fables. (Prof. Max Muller).

સુધરેલી દુનિયાનો મઝહબ.

—:o:—

દુનિયાની તવારીખના એવા પણ પ્રસંગો હતા, કે જ્યારે હોરમજદની પરસ્તેશ બીજા સઘળા દેવતાઓની બાકી રહેલી પૂજા ઉપર

* શેઠ હોરમજી અ. દુબાશે એવી ખાએશ જણાવી હતી, કે જરથોસ્તી ધર્મ વિષે પરકોમના વિદ્વાનોએ જે ઉંચાં મતો આપ્યાં હતાં, તેમાંના થોડાંકના ઉતારા આ પુસ્તકમાં દાખલ કરવા. મીં૦ કેખુશરૂ અ. ફીટરે આ ઉતારા The Enlightened Non-Zoroastrians on Mazdayasnism by J. J. Motivala and B. N. Sahiar A. D. 1897-99 નાં પુસ્તકમાંથી ચુંટી આપ્યા છે, તે મેં અહિંતહિં ફેરફાર સાથે દાખલ કીધા છે.

ફ્તેહમંદી મેળવવાની અણી ઉપર હતી. જો મૅરેથોન અને સેલેમીસની લડાઇઓમાં યુનાનીઓ હાર્યા હોત, અને યુનાન (ગ્રીસ) દેશ ઇરાનીના તાબામાં ગયો હોત, તો સાઇરસની શહેનશાહતનો રાજ્યધર્મ યાને અહુરમજદની પરસ્તેશ આખી સુધરેલી દુનિયાનો ધર્મ થયો હોત. ઇરાને એસીરીઅન અને બેબીલોનીઅન રાજ્યોને પોતાની શહેનશાહતમાં જોડી લીધાં હતાં. યાહુદીઓ ઇરાનીઓના હાથમાં કેદ પડેલા હતા, અથવા તો તેઓની સત્તા હેઠળ સ્વદેશમાં હતા; અને મીસર દેશના પવિત્ર યાદગારીનાં બાંધકામો ઇરાંની સીપાહોને હાથની ભાંજફોડથી ખરાબ થયાં હતાં. શહેનશાહોના શાહના ફરમાંનો હિંદુસ્તાન, યુનાન, સીથીઆ, અને મીસર દેશમાં રવાનાં કરવામાં આવતાં હતાં. અને એવા વખતમાં જો "પાક અહુરમજદની મહેરબાનીથી" દારાયસે યુનાનનાં સ્વતંત્રપણાનો નાશ કીધો હોત, તો અશો જરથુસ્ત્રની વધારે પવિત્ર દીને ઓલીમ્પીઅન દંતકથાઓને લગતી પૂજા ઉપર સહેલાઇથી સર્વોપરીપણું મેળવ્યુ હોત. (પ્રોફેસર મેક્ષ મુલર).

(2)

The Religion of Culture.

We are able to assert that the original form of Zoroastrianism, the philosophical and religious ideas of its founder and of its first professors can be represented, at least in their general features, upon the basis of the Gatha texts, and that such a glimpse into the earliest ages of one of the purest and most sublime religions which have existed, must be considered as exceedingly instructive (p. 5)...The religion of Zorathustra is a religion of culture, of spiritual and moral progress and proficiency. It penetrates through all conditions of human life, and it considers every action of life, as for instance, the clearing of the soil, the careful tending of the herds,

and the cultivation of the fields, from the standpoint of religious duty. "(Zarathushtra in the Gathas, and in the Greek and Roman Classics," translated from the German of Drs. Geiger and Windischman, by Dastur Darabji Dastur Peshotanji Sanjana, B. A. p. 25).

કેળવણીનો મઝહબ.

——:o:——

જરથોસ્તી ધર્મનો અસલ તરીકો, તેના સ્થાપક અને તેના પહેલા ગુરૂઓની ફીલસુફી અને ધાર્મિક વિચારોનો સામાન્ય ખ્યાલ ગાથાના આધારે મેળવી શકાય છે. અને દુનિયામાં થઇ ગએલા સર્વથી અશો અને સર્વથી ઉમદા ધર્મોમાંના એક ધર્મનું સર્વથી આગળા જમાનાનું આટલું જ્ઞાન ઘણુંજ બોધકારક ગણાવુ જોઇએ, એમ કહેવાને અમે શકિતવાન છીએ....(અશો) જરથોસ્તનો ધર્મ મીનોઇ અને નીતિની બાબતોનો વધારો કરવાની અને સંપૂર્ણતા મેળવવાની કેળવણીનો ધર્મ છે. માણસજાતની જીંદગીની સઘળી હાલતોમાં તે દાખલ થાય છે. અને જીંદગીનું દરેક કામ, દાખલા તરીકે જમીનને સાફ કરવી, ગાય ઢોરોની બરાબર બરદાસ્ત કરવી, અને ખેતરોને ખેડવાં એ (સઘળાં)ને તે ધર્મની ફરજ તરીકે ગણે છે. ("ગાથાઓમાં અને યુનાની અને રૂમી વિદ્વાનોનાં લખાણોમાં જરથોસ્ત" વિષેના ડા૦ ગાઇગર અને વિન્ડીશમેનના જરમન લખાણોનો, દસ્તુર દારાબજી દસ્તુર પેશોતન સનજાના, બી. એ. નો તરજુમો પાનું ૨૫).

(3)

Living Religion.

The spark of the sacred Fire has never been quenched, the holy flame continues to blaze, and the religion of Zoroaster still lives on. Yes, and whatever may be the changing fates it will live on, so long as there are successors worthy to bear the

name of the Master, as are the Parsis to-day, those faithful followers of the creed of the prophet of Ancient Iran. (Zoroaster the Prophet of Ancient Iran, by A. W. Williams Jackson, p. 142).

જીવતો જાગતો ધર્મ.

પવિત્ર આતશની ચણગારી કદી પણ બુજાઇ ગઇ નથી. પવિત્ર આતશ હજી રોશન છે. અને (અશો) જરથોશ્તનો ધર્મ હજી હૈયાત છે. અને તેની ઉપર ગમે એટલા હાદેસાઓ વીત્યા છતાં જ્યાં સુધી કદીમ ઇરાનના તે પેગમ્બરની દીનનાં ફર્માન પ્રમાણે ચાલનારા તથા તેનાં નામને જેબ આપનારા હાલના પારસીઓ સરખા દીનદારો હૈયાત રહેશે, ત્યાં સુધી તે પણ હૈયાત રહેશે. (એ. વી. વીલીઅમ્સ જેકસનનું "જરથોશ્ત, કદીમ ઇરાનનો પેગમબર" નામનું પુસ્તક પાનું ૧૪૨.)

(4)

The Practical Religion.

Shall we embrace the religion of Zoroaster, which certainly gives us the best embodiment of this all.....prevailing law (of polarity) and presents it to us in the form best adapted for a great many of the realities of practical life? (Modern Science and Modern Thought, by Samuel Laing. P. 353).

એક વ્યવહારૂ ધર્મ.

(અશો) ઝરથોશ્તનો ધર્મ જે આ સઘળા પ્રસાર પામેલા (ધ્રુવાકર્ષણના) કાયદાનું સૌથી સરસ રૂપ રજુ કરે છે, અને વ્યવહારૂ જીંદગીને લગતી ઘણી બીનાઓ સાથે બંધ બેસે એવી રીતની તેની સમજણ આપે છે, તે ધર્મને આપણો પોતાનો કરી ગણીએ તો કેમ? (સેમ્યુઅલ લેંગની અર્વાચીન વિદ્યા અને અર્વાચીન વિચાર" પાનું ૩૫૩.)

(5)

The Sublime Religion.

My object is not to write a critical essay on the origin and development of Zoroastrian religion, but to show that in its fundamental ideas and essential spirit it approximates wonderfully to those of the most advanced modern thought, and gives the outline of a creed which goes further than any other to meet the practical wants of the present day, and to reconcile the conflict between faith and science, (p. 198). The doctrines of this "excellent religion" are extremely simple...It is evident that this simple and sublime religion is one to which, by whatever name we may call it, the best modern thought is fast approximating. Men of science like Huxley, philosophers like Herbert Spencer, poets like Tennyson might all subscribe to it; and even enlightened Christian divines, like Dr. Temple, are not very far from it when they admit the idea of a creator behind the atoms and energies, whose original impress, given in the form of laws of nature, was so perfect as to require no secondary interference, (p. 203). The Parsi has no reason to tremble for his faith, if a Galileo invents the telescope or a Newton discovers the law of gravity. ...Nay even he may remain undisturbed by that latest and most fatal discovery, that man has existed on earth for untold ages and instead of falling from a high estate, has risen continuously by slow and painful progress from the

rudest origins. (A Modern Zoroastrian, by Samuel Laing p. 205).

ઉત્તમ મઝહબ.

મારી મકસદ કાંઇ જરથોસ્તી ધર્મની ખુબી કે ખામી દેખાડનારો રેસાલો લખવાની નથી. મારે તો એટલુંજ દેખાડવાનું છે, કે એ ધર્મના જે મુળ વિચારો છે અને એનું જે ખાસ તત્વ છે, તે સઘળું આ જમાનાના સૌથી આગળ વધેલા દાનાવોનાં મતો સાથે અજાયબ રીતે મળતું આવે છે, અને એક એવા ધર્મનું ખોખું તૈયાર કરી આપે છે, કે જે આપણને આપણી હાલની હાલતને બરાબર માફક આવે અને જેથી યકીન અને વિદ્યા વચ્ચેની અથડાઅથડીનું સમાધાન થાય. (પાનું ૧૯૮)...આ ઉત્તમ ધર્મનાં શિક્ષણો ઘણુંજ સહેલાં છે...આ સાદા અને બુલંદ ધર્મને ગમે તે નામથી આપણ ઓળખીએ, પણ આ દેખીતું છે, કે તે એક એવો ધર્મ છે, કે જેનાં મતો તરફ હાલના સર્વથી આગળ વધેલા દાનાવો ઉતાલળે ઢળતા જાય છે. હક્ષલી જેવા વિદ્વાનો, હરબર્ટ સ્પેનસર જેવા ફીલસુફો, ટેનીસન જેવા કવિઓ તેને કબુલ મંજુર રાખતા જણાય છે. અને વલી ડા૦ ટેમ્પલ જેવા વિદ્વાન ખ્રીસ્તી પાદરીઓ વટીક એ ધર્મથી ઘણા વેગળા રહ્યા નથી. કારણ કે તેઓ પણ કબુલ કરે છે, કે બારીકમાં બારીક રજકણો અને અનેક ગેબી શક્તિઓની પેલી મેર એક પેદા કરનાર સાહેબ રહેલા છે, કે જે સાહેબે કુદરતના કાયદાઓની બનાવટ ઉપર શરૂઆતથીજ એવો તો સંપૂર્ણ છાપ બેસાડયો છે, કે કોઇ બીજાને વચ્ચે પડવાની કાંઈ જરૂર રહી નથી (પાનું ૨૦૩). અગર જો કોઇ ગેલીલ્યો દુરબીનની શોધ કરે અથવા કોઈ ન્યુટન, ગુરૂત્વાકર્ષણનો કાયદો જાહેર કરે, તો તેથી એ પારસીઓને પોતાના ધર્મ વિષે કાળજી રાખવાનું કાંઈ કારણ નથી.

.....ના, એટલુંજ નહિ, પણ હાલ જે એવી શોધ થઈ છે, કે માણસજાત તો દુનિયામાં અગણિત જમાનાઓ થયાં હસ્તી ધરાવે છે, અને ઉંચી સ્થીતિ પરથી ગબડી પડવાને બદલે કમીનામાં કમીની હાલતમાંથી ધીમો પણ મકકમ સુધારો કરતાં કરતાં વધારે અને વધારે સારી હાલત પર આવતી ગઇ છે, તે શોધ માટે પણ એક પારસીને

કાંઇ બીહવાનું નથી. (સેમ્યુઅલ લૅંગની કેતાબ નામે "હાલનો જરથોસ્તી પાનું ૨૦૫).

(6)

Homage to the Sun.

If I had been brought up a Parsee, I should have been a devout worshipper of the morning sun, and offered up soul-melting homage to the departing god of day. (Human Science or Phrenology, by Prof. O. S. Fowler).

ખુરશેદની નિયાયેશ.

જો મને પારસી દાખલ ઉછેરવામાં આવ્યો હોત, તો હું ઉગતા સૂર્યનો ભાવિક ભક્ત થયો હોત; અને દિવસના રૂખસત લેતા (આથમતા) યઝદ (ખુરશેદ)ની દીલ પીગળાવનારી નમાજ કરતે. (પ્રોફેસર ઓ. એસ. ફાઉલરની "મનુષ્ય વિદ્યા અથવા કપાલશાસ્ત્ર" નામની ચોપડી.)

(7)

Exalted Monotheism.

This grand religious system has been little known and studied. Its magnitude and influence has been underrated. Yet ages have proved unequal to the effort for its overthrow.

... Millions upon millions have been put to death for their adhesion to the pure religion, yet wherever it survives it is manifest as the wisdom justified by her children. The moral virtues (truth, chastity, industry and universal beneficence), which are found inculcated in the earliest fragments of the Avesta, and which were characteirstic of the Persians of the age of Cyrus, are even now the peculiarities of this

remarkable people (p. 16) The Zaroastrian religion is a very exalted monotheism. It was such in its inception; it continued such all through the times when evil and persecution overshadowed its fortunes; it is such now as professed by the Parsis. Zoroastrianism is still a faith that inspires a people to virtue and goodness. (Philosophy and Ethics of the Zoroasters by Alexander Wilder p. 18.)

એક ખુદાને માનનારો મઝહબ.

—:o:—

ધર્મનો આએ મહાન તરીકો થોડો જણાયલો છે, અને તેનો અભ્યાસ ઘણો કમતી થયલો છે. તેની મોટાઇ અને અસરની કદર બરાબર બુજાઇ નથી. તો પણ તેને નાબુદ કરવાની કોસેશમાં જમાનાઓ અસમર્થ પુરવાર થયા છે...એ પાક ધર્મને વળગી રહેવા માટે લાખો માણસો કતલ થયાં, તોપણ જ્યાં જ્યાં તે હજુર હસ્તી ધરાવે છે, ત્યાં ત્યાં તે દીન પાળનારાઓ દેખાડી આપે છે, કે તેમાં મોટું ડહાપણ સમાયલું છે. નીતિમાન સદ્‌ગુણો, સચાઇ, પાક દામાન, ઉદ્યોગ, મહેનત અને સાર્વજનિક દયા જે અવસ્તાના પહેલા કકડા બુકલામાં માલુમ પડે છે, અને જે સાઇરસના જમાનાના ઇરાનીઓનાં લક્ષણો હતાં, તે હજી પણ આ પ્રખ્યાત લોકોના ખાસ ગુણો છે. (પાનું ૧૬)... જરથોસ્તી મહજબ ઘણા ઉંચ પ્રકારનો એક ખુદાને માનનાર ધર્મ છે. શરૂઆતમાં તે તેવો હતો, અને દુઃખ અને આફતના વખતે પણ તે તેવોજ રહ્યો, અને પારસીઓ હાલમાં તે (ધર્મ) પાળે છે, ત્યારે પણ તે તેવોજ રહ્યો છે. જરથોસ્તી મઝહબ હજી એક એવો ધર્મ છે, કે જે એક કોમને નેકી અને ભલાઇ તરફ દોરવે છે. (એલેકઝાનડર વાઇલ્ડરની "જરથોસ્તી ફીલસુફી અને નીતિ" પાનું ૧૮).

(8)

Religion worthy of admiration.

Of all the religions of Indo-European origin, of all the religions of the ancient gentile world, it may

fairly be claimed to have been the most noble and worthy of admiration for the depth of its philosophy, the spirituality of its views and doctrines, and the purity of its morality. (Oriental and Linguistic Studies, by William Dwight Whitney. p. 191).

વખાણને પાત્ર મઝહબ.

તેની ઉંડી ફીલસુફીને લીધે, તેનાં મીનોઇ જ્ઞાન અથવા મતોને લીધે અને તેનાં સ્વચ્છ નીતિશાસ્ત્રને લીધે ઇન્ડો-યુરોપીઅન મૂળના તેમજ અસલી મૂર્તીપુજન લોકોના સઘળા ધર્મોમાં તે સર્વથી ઉમદા અને વખાણને લાયક હોવાનો વાજબી રીતે દાવો કરી શકે. (પાનું ૧૦૧ વીલ્યમ ડવાઇટ વ્હીટનીનો "પૂર્વદેશીય મત અને ભાષાશાસ્ત્રનો અભ્યાસ," પાનું ૧૯૧).

(9)

A Simple Religion.

The simple and in all things humane law, Persia left-that nothing has surpassed the ever living law, and which ever remains the path of the future—that is heroic agriculture, the courageous effort of good against evil, the life of pure light in work and justice. Thence the morals of the man and the worker—not the idler,...or the monk-a morality not of abstention and dreaming but of active fruitful energy. It is all comprised in:- Be pure to be strong. Be strong to be pure. (La Bible de 1' Hummanite, by Michelet).

એક સાદો મઝહબ.

હંમેશગી સુધી ટકી શકે એવો સાદો અને દરેક રીતે દયાળુ ઇરાની ધર્મ જે ભવિષ્યનો રસ્તો છે, અને જે પહેલવાની ખેતી, બુરાઇ સામે ભલાઇની હીમતવાન કોશેશ, અને વ્યવહારમાં તથા ઇન્સાફ

આપવામાં નેક મનશાનીથી ચાલવા વિષનો છે, તે ધર્મ કરતાં વધારે સરસ બીજો કોઇ થયો નથી, એ ધર્મ માણસને માણસીઅતપણું શિખવનારો છે, વખત ગાળી કહાડનારાઓ...કે વેરાગીઓના ધર્મ જેવો એ ધર્મ નથી. દુનિયાનો ત્યાગ કરનારો કે હવામાં કીલ્લા બાંધનારો તે નથી, પણ એ ધર્મ પ્રમાણે તો આપણને ચાલાક અને ઉપયોગી થવાનું છે. એ આખો ધર્મ આટલા બોલોમાં સમાઇ જાય છે, કે શક્તિવાન થવા સારૂં અશો થાઓ, અને અશો થવા સારૂં શકિતવાન થાઓ.—("લા બીબ્લે ડ લ હુમાનીટ"–મીશલે).

(10)

Influence of Parsism.

On the influence, Parsism had upon (different religions) we cannot dwell here at any length. So much, however, may be stated that the most cursory reading of the sacred Parsi books will show, in a variety of points, their direct influence upon several creeds. (Chamber's Encyclo. Vol. VII. P. 300)

જરથોસ્તી મઝહબે કરેલી અસર.

પારસી ધર્મે (જુદા જુદા ધર્મો) ઉપર જે અસર ફેલાવી, તે વિષે લંબાણથી અમે અહીં જણાવી શકતા નથી. આટલું તો કહી શકાય, કે પારસીઓના પવિત્ર પુસ્તકોનું ઉપર ટપકેનું વાંચણ પણ, (અનેક) ધર્મો ઉપરની તેની સીદ્ધી અસર વિષે જુદી જુદી સાબેતીઓ દેખાડે છે,—("ચેમબ્બર્સની વિદ્યામાળા" પુસ્તક ૭, પાનું ૩૦૦).

(11)

Strongest Claim on our interest.

Of the great creeds of Asia (the Zoroastrian System), albeit numbering in our time comparatively a mere handful of adherents, has perhaps the strongest of all claims on our interest...The Parsi or

Zoroastrian faith, on the other hand meets us, as if composed of ideas all familiar to us, all open, if not to acceptance yet at least to recognition as normal products of human speculation on the world such as we find it. Nay, so much is there in this old creed of Persia in harmony with our popular belief to-day that we inevitably learn to regard it with a sort of hereditary interest, as a step in the pedigree of thought, much more direct in our mental ancestry than the actual faith of our Odin-worshiping forefathers according to the flesh. Maimonides says that the Jews "derived all their knowledge of the angels from the Persians at the captivity," and truly a perusal of the Zend-Avesta affords the best explanation of that mass of ideas concerning good and evil spirits, current so long in Christendom and yet supported by such slender authorization from the canonical writings of either Testament. (Studies of Ethical and Social subjects, by Frances Power Cobbe, p. 91).

આપણી દીલસોજી માટે વધારે મોટો હક ધરાવે છે.

——:o:——

એશીઆના...મોટા ધર્મમાં (જરથોસ્તી ધર્મ) પાળનારાઓની સંખ્યા બીજા સાથ સરખાવતાં હાલ મુઠીભર હોવા છતાં આપણી દીલસોજી સારૂં તે સૌ કરતાં વધારે મોટો હક ધરાવે છે...બીજા હાથ ઉપર જરથોસ્તી ધર્મ જે વિચારોથી ભરપૂર છે, તે આપણને સારી રીતે જાણીતા થઈ ચુકેલા એવા છે, અને આ દેખીતી દુનિયા સંબંધી જે તર્કો માણસજાતે દોડાવેલી, તેનાં કુદરતી પરીણામો તરીકે જો કે આપણ એ વિચારોને એકદમ અખત્યાર તો નહિ કરીએ, તોપણ

તેઓનું ખરાપણું કબુલ રાખ્યા વગર તો આપણને છુટકોજ નથી. એટલુંજ નહિ પણ એ કદીમ ઈરાની તરીકામાં આપણાં લોક વિચારને અનુસરતું એટલું બધું તો મળી આવે છે, કે તે આપણી બાપીકી મતા સરખું ગમતું લાગે છે. અને "એડીન" નામના દેવની શારીરીક સમજ સાથની પુજા કરનારા આપણા બાપદાદાઓના ધર્મ કરતાં એ તરીકામાં સમજાવેલી વાતો આપણી વંશપરંપરા ઉતરતી આવેલી માનસિક સમજને વધારે માફક આવતી, તથા તે સમજ એક પગલું આગળ લઇ જનારી છે. મેમોનાઇડિસ જણાવે છે, કે "ફરેસ્તાઓ વિષેનું જે સઘળું જ્ઞાન યાહુદીઓ ધરાવે છે, તે તેઓએ બંદીખાનામાં ઈરાનીઓ પાસેથી મેળવ્યું હતું," અને ભલી અને બુરી શકિત વિષેના જે વિચારો ખ્રીસ્તી ધર્મમાં લાંબો વખત થયાં જાયજ છે, અને તોપણ તેઓને બંને ટેસ્ટમેંટોમાંથી એકબી ટેસ્ટમેંટનાં લખાણથી બહુજ જુજ ટેકો મળે છે. તેઓની સૌથી સરસ સમજ ખરૂં જોતાં તો ઝંદ અવસ્તાનાં વાંચનથીજ મળે છે. (ફ્રાન્સીસ પાવર કૉબનો, "નીતિ અને સંસાર સંબંધી બાબતો"નો અભ્યાસ પાનું ૯૧.)

(12)

What human belief would be now, had Zoroaster never existed?

Should we indeed in a future world be permitted to hold high converse with the great departed, it may chance, that in that "Bactrian Sage" who lived and taught almost before the dawn of history, we may find the spiritual patriarch, to whose lessons we have owed such a portion of our intellectual inheritance, that we might hardly conceive what human belief would be now, had Zoroaster never existed. (Studies of Ethical and Social Subjects, by Frances Power Cobb. p. 96).

જરથોસ્ત જનમ્યા ન હોત તો આજે માણસજાતનું યકીન કેવું હોત?

ભવિષ્યની દુનિયામાં ગુજર પામેલા મહાન લોકો સાથે સંભાષણ કરવાની જો આપણને ખરેખર છુટ મળે, તો દૈવયોગે એવું બને કે પેલા "એકટ્રીયન (બલ્ખના) દાનાવ (જરથોસ્ત) કે જે સાહેબ ઇતિહાસકાળની અગાઉ હૈયાતી ભોગવી ગયા છે, અને શિક્ષણ આપી ગયા છે, તે સાહેબને મીનો માર્ગ બતાવનાર મહાન રાહબર તરીકે આપણે પીછાની શકીએ, કે જે મહાન રાહબરના શિક્ષણોને આપણી બુદ્ધિને લગતા વારસાના એવા ભાગ માટે આપણે આભારી છીએ, કે જો જરથુસ્ત પેદા નહિ થયા હોત, તો માણસજાતનું યકીન આજે કેવું હોત, તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. (ફ્રાન્સીસ પાવર કૉબનો "નીતિ અને સંસાર સંબંધી બાબતોનો અભ્યાસ" પાનું ૯૬).

(13)

Noblest Religion.

Zoroastrianism is one of the noblest, simplest, most sublime religions in the world. If there is any religion whatsoever, which deserves the love and loyalty of its adherents, yours is such a religion. If there is a religion backed by a body of men of high intelligence, moral courage, having a spirit of loyalty to it, and at once the tact for business and vast wealth–the reward of generations of industrious workers–it is to be found among the Parsis of Bombay. (Col. Henry S. Olcott, vide The Times of India. 22nd, January 1896).

સર્વથી બુલંદ મઝહબ.

——:o:——

જરથોસ્તી ધર્મ દુનિયાના સર્વથી ઉમદા, સર્વથી સાદા અને સર્વથી બુલંદ ધર્મોમાંનો એક છે. જો કોઇબી એવો ધર્મ હોય, કે

જે તેના શાગેરદોનો ચાહ અને તેની ફીદાગીરી મેળવવા લાયક હોય, તો તે તમારો ધર્મ છે. ઉચ્ચ જ્ઞાન નીતિમાન હિંમત, ધર્મ તરફ ફીદાગીરી તથા ઉદ્યોગી બાપદાદાઓના પુણ્યના પ્રતાપથી મેળવેલી ધંધાની તથા બહોળા વેપારની કુનેહ ધરાવનારા લોકોના આશરા સાથનો જો કોઇબી ધર્મ હોય, તો તે મુંબઇના પારસીઓનો છે. ("ટાઈમ્સ ઓફ ઇન્ડીયા," ૨૨ મી જાનેવારી ૧૮૯૬ નાં અંકમાં કરનલ હેનરી એસ, ઑલકોટનું લખાણ.)

(14)

The Scientific Religion.

The old faith of Zoroaster once illuminated the whole Trans-Himalayan world, dominated the minds of the enormous mass of people, nearly twice the present population of India and swayed the religious thoughts of the cultured Greeks and Romans. It is in agreement with the most recent discoveries of modern science. (Quoted in the preface of the Enlightened Non-Zoroastrians).

હાલની વિદ્યાને બંધબેસ્તી દીન.

(અશો) જરથોસ્તના કદીમ ધર્મે એકવાર હીમાલય પર્વતની પેલી બાજુની તમામ ખલકતને રોશ્ની આપી હતી, અને તેણે હિંદુસ્તાનની હાલની વસ્તી કરતાં લગભગ બેવડી સંખ્યા જેટલાં લોકોનાં મનો જીતી લીધાં હતાં, અને સુધરેલા યુનાની તથા રૂમીઓના વિચારો ઉપર અસર કીધી હતી. હાલની વિદ્યાની સર્વથી છેલ્લામાં છેલ્લી શોધોને તે મળતો આવે છે.

વધારો

શું ઈ. સ. ૭૦૦ને શુમારે ગુજરાત અથવા કાઠીઆવાડમાં પારસીઓનું નાનું રાજ્ય હતું?

આપણે જોયું કે ઈ. સ. ૬૯૭ને શુમારે પારસીઓએ વિજ્યાદિત્ય (જાદી રાણા)ને કર આપ્યો હતો. કનીંગહેમની Ancient Geography પા. ૩૧૯ પ્રમાણે ઈ. સ. ૭૨૦ને શુમારે કૃશણ નામનો પહલવ (પહેલવી અથવા પારસી) રાજા ઈલાપુર યાને સોમનાથમાં રાજ્ય કરતો હતો.* એક વધુ સાહદત આપણને રાવ બહાદુર શંકર પાંડુરંગ પંડિતની ચોપડી જેની બીજી આવૃત્તિ ફરગ્યુસન કોલેજવાલા પ્રો. ઉદગીકરે બહાર પાડી છે, જેનું નામ "ગૌડવહો" છે તે ઉપરથી મળે છે. આ પુસ્તક કઠણ પ્રાકૃત ભાષામાં કાવ્ય રૂપે લખાયલું છે. "ગૌડવહો" એ સંસ્કૃત "ગૌડવધો"નો બીગડેલો આકાર છે. અને તેનો અર્થ "ગૌડ અથવા મગધ લોકો યાને ઉત્તર બંગાલના લોકોના રાજાનો વધ" થાય છે. ઉત્તર હિંદુસ્તાનમાંનાં કનોજ શેહેરનાં રાજા યશોવર્માની સીફતમાં વાક્પતિ નામના કવિએ આ ઇતિહાસિક કાવ્ય લખ્યું હતું. તેમાં ગૌડ રાજાને ઠાર કીધો તેનું વર્ણન છે. આ પ્રાકૃત પુસ્તકનો સંસ્કૃત તરજુમો અહિંતહિં ટીકા સાથે કોઈ નહિ જણાયલા હરિપાલ નામના શખશે કીધો હતો. વર્ષાદની મોસમ પૂરી થયા બાદ શોણ નદી પસાર કરી યશોવર્મા રાજા વિંધ્યા પર્વત ભણી ગયો. પછી તેણે ગૌડના રાજા સાથે મોટી લડાઈ કરી. ત્યારબાદ તે વંગ અથવા પૂર્વ બંગાલમાં ગયો અને ત્યાંના રાજાને હરાવ્યો. બાદ તે મલય અથવા દક્ષિણ સંયાદ્રિ પહાડ (જે મુંબાઈ ઈલાકામાં માઇ

*જુવો મારૂં પુસ્તક Parsis of Ancient India પા. ૨૫.

સુરથી પશ્ચિમના ઘાટની તલેટી સુધી આવેલો) છે ત્યાં લડાઈ કરવા ગયો. ત્યાં દખણનો રાજા તેને શરણ થયો. પછી તે પશ્ચિમ કોશટા ઉપર આવેલા સમુદ્ર કિનારા ઉપરના વાલિના દેશમાં ગયો, કે જે વાલિ એક મોટા બળવાન વાંદરારૂપી પુરૂષ હતો અને જેની સાંમે જ્યારે રાવણ લડવા ગયો ત્યારે તેણે રાવણને ઝટ પોતાની બગલમાં ઉંચકી લીધો હતો. ત્યાર બાદ તે પારસીક (પારસી) લોકો સાંમે લડવા ગયો અને ભારે લડાઇ કરી તેઓના ઘણાકોને કતલ કીધા. આ બાબત ઉપલાં પુસ્તકનાં ૪૩૧-૪૩૯ માં શ્લોકોમાં આવી છે. તેમાં માત્ર ખુનખાર લડાઈનું બ્યાન છે. માત્ર છેલ્લો શ્લોક અગત્યનો છે તે પ્રાકૃતમાં આ પ્રમાણે છે:—

इय से जयपेरन्तो पुहईवइणो परिक्खय-पहाणो ।
तुमुलो महाहवो आसि चिरयरं पारसीएहिं ॥

ઉપલા પ્રાકૃત શ્લોકનો સંસ્કૃત આકાર નીચે પ્રમાણે છે:—

इति तस्य जयपर्यन्तः पृथिवीपतेः परिक्षयप्रधानस ।
तुमुलो महाहव आसीच्चिरतरं पारसीकैः सह ॥

સારાંશ— "એ પ્રમાણે લાંબા વખત સુધી દુનિયાના રાજા (યશોધર્મા) એ પારસીઓ સાથે તે જય પામ્યો ત્યાં સુધી ભારે ખુમખરાડ તથા દુઃખવાળું મોટું જંગ કીધું."

પછી યશોવર્મા નર્મદા નદીના કિનારા ઉપર ગયો અને ત્યાં કેટલોક વખત રહી મરૂદેશ યાને મારવાડ તરફ ચઢાઈ લેઈ ગયો. બાદ તે પંજાબમાંના શ્રીકંઠ યાને થાનેશ્વર તરફ ગયો. પછી કુરૂક્ષેત્ર તથા અયોધ્યા જઈ પોતાને દેશ પાછો ફર્યો.

કવિએ જે બ્યાન કીધું છે, તે ઉપરથી ખુલ્લું દીશે છે કે પારસીઓ યશોવર્માના વખતમાં નર્મદા નદીની પાસેના મુલકમાં

રાજ્ય કરતા હતા. રાવ બહાદુર પંડિત કહે છે કે The Parasikas (occupying some part of Kathiawad or Sind) were conquered by Yasovarma. When the blood ran to their faces, it appeared blue (Introd. p. 104).

બીજે ઠેકાણે તે કહે છે કે Yasovarma then marches upon the Parasikas and conquers them after a very long and hard-fought battle, in which many of his enemies were slain (p. 27).*

આ રાજા યશોવર્મા ઈ. સ. ૬૯૫ ને સુમારે રાજ્ય કરી ગયા હતા. તે કાશ્મીરના રાજા લલિતાદિત્યનો સમકાલિન હતો. કેટલાક વિદ્વાનો લલિતાદિત્યનો સને ઈ. સ. ૭૨૬ ઉપર મેલે છે. ગમે તેમ હોય પણ ઈ. સ. ૭૦૦ને શુમારે યશોવર્માએ પશ્ચિમ કોશ્ટા ઉપર રાજ્ય કરતા પારસી લોકોને શિકસ્ત આપી હતી. તે વેળાએ ત્યાં પારસીઓનું નાનકડું રાજ્ય હતું. એજ વેળાએ આપણા કેટલાક તાયફાઓ ઈરાન વતન છોડી ધર્મના રક્ષણાર્થે ગુજરાત તરફ આવ્યા હતા. આપણા આ વડિલો ગુજરાત તરફજ ધર્મના રક્ષણ સારૂં કાં આવ્યા હતા તેનું કારણ આજ માલુમ પડે છે કે તે તરફ પારસીઓનું નાનકડું રાજ્ય હતું.

---

*પ્રો. હોડીવાલાએ કામા ઇન્સ્ટીટીઉના જરનલના ૮ મા વોલ્યુમમાં આ પારસીઓના વસવાટની જગા છેક દક્ષિણે જણાવી "પારસીઓ" આપણા જરથોસ્તીઓ હોય નહિ આમ અનુમાન કાઢયું છે. પણ રાવ બહાદુર પંડિતના ઉપલા મત પ્રમાણે તે ખોટું ઠરે છે.

BOOKS BY THE AUTHOR

1 Parsis of Ancient India, 1920 (published by Mr. J. E. Saklatwalla).*

2 Zarathushtra and His Contemporaries in the Rigveda, 1913.

3 Indo-Iranian Religion 1925 (published by the Cama Institute.)

૪ ગુજરાતી શૈલી તથા લેખન પદ્ધતિ ૧૯૨૨ (પ્રકટ કરનાર પારસી લેખક મંડળ).

૫ દીની કબીસો, ૧૯૨૨ (પ્રકટ કરાવનાર એક જરથોસ્તી).

૬ ફરવરદેગાનના દિવસો, ૧૯૦૫.

૭ જુદદીન સવાલ સંબંધી રીપોર્ટની તપાસ ૧૯૦૪.

૮ ધાર્મિક તથા ઈતિહાસિક ભાષણો ૧૯૨૭ (રાહનુમાએ માજદ-યસ્નાન સભા તરફથી—હવે પછી છપાશે).

*The Parsis of Ancient India. By Shapurji Kavasji Hodivala. 10 x 6½, vi+152 pp., 1 plate. Dorab Saklatwalla Memorial Series No II. Bombay, 1920.

This book is a very complete collection of all records, literary, epigraphical, and numismatic, dealing with the connexion between Persia and India from the earliest times to the sixteenth century A.D The author has done his work most thoroughly, and little can have escaped him, and his discussion of the references to Pahlavas in inscriptions is particularly full. Considerable critical ability is shown in the exhaustive discussion of Dr. Spooner's theory of a "Zoroastrian Period in Indian History," which, however fascinating it may appear to the Parsi community, Mr. Hodivala reluctantly finds inconsistent with the facts of history. A very satisfactory index adds to the value of the book.

J. ALLAN.

(Royal Asiatic S. Journal.)

અનુક્રમણિકા.

(નોંધ-અંકને પાનાં સમજવાં.)

અઇબાદગારે વજોર્ગ મિત્રો ૮૬
અકબર પાદશાહ ૧૫૦, ૧૫૧, ૧૫૮
અતીકુલ્લા (કાજી) ૨૨૩, ૨૩૧, ૨૩૮
અનંતદેવ ૮૪
અરદેશર ૯૪-૯૫
અરદેશર કોટવાલ ૨૪૪
અરદેશર દાદાભાઈ ચારણા ૫૬૧
અરદેશર નોશીરવાન કેરમાની (દસ્તુર) ૧૫૦
અલફખાન ૯૪, ૯૬, ૧૦૯
અલબીરૂની ૮૨
અલાઉદીન ખીલજી ૯૬, ૧૧૦
અસપનદયાર કામદીનજી (દસ્તુર) ૭, ૧૮, ૩૨, ૩૮, ૫૦, ૫૧, ૯૫, ૬૫૮
અસપનદયારજી બમનજી ૧૪૯
અસપનદયારજી શોરાબજી પટેલ ૨૦૬
અસપનદયાર શોરાબ (રેવાયત) ૧૩૫
અહમદશાહ ૯૮
અંકલેસર ૭૯, ૯૧, ૧૨૭, ૧૨૯, ૧૪૬, ૧૪૭, ૧૪૯, ૩૪૦
આઉદીન (કાજી) ૧૮૪, ૧૮૭, ૧૯૯
આકા ધારૂ ૬૫, ૨૦૫
આઝીઝ ૬૯
આતશબેહેરામો ૬૫૦-૬૬૧
આબે ગ્યુઓન ૨૬, ૭૯
આમલી (પંથક) ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૪૨, ૪૮૮
આરબો ૨, ૩, ૧૪, ૧૬, ૧૭, ૪૦, ૧૧૯

આલાત ૧૩૧
આશા કામદીન ૧૩૫, ૧૩૬
આશા ફરેદુન ૮૬
આસતીન હીરા ૧૩૯
આસદીન કાકા ૬૨૦
આંવાંબાઇ જમશેદજી જીજીભાઇ (લેડી) ૬૩૫
ઇજસ્ની ૪૩૪, ૪૩૫
ઇજીઆરજી પેસ્તનજી ભરડા ૪૬૬, ૪૮૩, ૪૮૪, ૫૬૩, ૫૬૪, ૫૮૭, ૬૩૬, ૬૪૧
ઇદ્રીસી ૮૨
ઇનવેરારીટી ૫૩૮
ઇબ્ન હઉકલ ૮૨
ઇબ્રાઇમ ગજનવીદ ૮૨
ઇમામુદીન ઉશમાની (કાજી) ૨૩૦
ઉદવાડા (ઉદેપુર) ૧૦, ૧૧, ૧૩, ૭૨, ૨૮૭, ૨૯૬ ૩૦૭–૯, ૩૧૨, ૩૧૫, ૩૧૯, ૩૨૬, ૩૨૮, ૩૨૯, ૩૪૪, ૩૪૫, ૩૫૪, ૩૫૮, ૩૬૪, ૩૮૨, ૩૮૩, ૩૮૯, ૩૯૨-૯૬, ૩૯૯, ૪૦૨, ૪૧૨, ૪૪૪, ૪૪૯–૬૪, ૪૭૪, ૪૮૪, ૪૯૧, ૪૯૨, ૪૯૫
ઉદવાડાની જુની ફેહરીસ્ત ૧૦૧
ઉદવાડા દરવાજા કેસ ૨૯૯, ૪૧૨, ૪૫૮, ૪૬૨, ૪૬૩, ૪૬૫, ૪૬૯, ૪૭૪, ૪૭૬, ૪૮૧, ૪૯૨, ૪૯૩
ઉલાડી દમણ ૪૮૭
ઉલુઘખાન ૯૬
એજદીઆરજી બેરામજી ભરડા ૪૬૨, ૪૬૪,
એદલજી ખુરશેદજી ભરડા ૪૭૫–૭૮, ૪૮૦, ૫૦૯, ૫૧૦, ૫૧૪, ૫૧૬, ૫૨૪, ૫૩૮, ૫૫૪, ૫૫૮, ૫૬૨, ૫૬૩, ૫૬૬, ૫૭૮, ૫૮૧
એદલજી નવરોજી દેશાઇ ૨૧૧, ૪૧૦
એદલજી નશરવાનજી કુટાર ૪૮૪
એદલજી ફરામજી શેઠના ૪૨૦

એદલજી બમનજી જામાસ્પ આશા ૬૧૯
એદલજી બરજોરજી પટેલ ૨૧૦
એરચજી શોરાબજી મેહેરજીરાણા ૯, ૧૦૫, ૩૫૮, ૩૬૫
એલફીનસ્ટનની તવારીખ ૯૭
એલાવ ૧૪૮
એંકવેટીલ ડુ પેરાં ૯૫, ૧૦૭, ૧૫૦, ૧૮૮, ૧૮૯ ૧૯૩, ૨૦૭, ૩૧૬, ૪૯૧, ૫૯૩
ઓગીલબી ૭૯, ૧૦૩
ઓડીરીક ૮૩
ઓમર (ખલીફ) ૨૨, ૨૫, ૨૭
ઓવીંગટન (રેવરંડ) ૨૫
કઇઓજી કાઉશજી મીરજાં ૬૦૭
કઇઓજી પેશોતનજી મીરજાં (દસ્તુર) ૫૧૬, ૫૭૨, ૫૭૬, ૫૭૮, ૫૭૯, ૫૮૫, ૫૮૭, ૫૯૮, ૬૩૯, ૬૪૦
કકલીઆ મોબેદો ૩૭૪, ૫૬૦
કરતલબખાન ૧૯૩
કરાટી ૨૩૪, ૨૪૨, ૨૫૦
કલ્યાણ (પંથક) ૧૭૬, ૨૦૦, ૨૩૫, ૩૦૬, ૪૮૮
કલ્યાણરાય ૯૧
"કલેકટેડ સંસ્કૃત રાઇટીંગસ" ૬૪, ૮૬, ૧૦૬
કવેર (દ્વીપ) ૩૦
કાઉશજી રૂસ્તમજી મીરજાં ૬૦૫
કાઉશ માહયાર (રેવાયત) ૧૧૭, ૧૫૯, ૫૯૧, ૫૯૩
કાઉશ રૂ. સરોડેવાલા ૧૧
કાકા આસદીન ૧૪૨, ૧૪૫, ૧૫૫
કાકા ધનપાલ ૧૪૦
કાદીસીઆની લડાઇ ૨
કાફસ ૧૭, ૧૮
કામદીન કુકા ૧૩૭, ૧૩૮
કામદીન ચાંઇઆં ૧૩૯, ૧૪૦

કામદીન જરથોસ્ત ૮૪, ૮૫, ૧૫૦
કામદીન શાપુર (રેવાયત) ૧૩૫, ૧૫૩, ૧૫૯
કાવસજી એરચજી દેશાઇ ૩૬૬
કાવશજી ખરશેદજી જમશેદજી ૪૯૭, ૫૦૫, ૫૧૬, ૫૫૫
કાવશજી જ. ઉનવાલા ૫૮૫
કાવશજી જામાસ્પજી ભાઇજી (ભંદારી) ૧૯૫
કાવશજી જાલભાઇ શેઠ ૧૧૪, ૪૩૭, ૬૨૩
કાવશજી દીનશાજી પીટીટ ૬૩૨
કાવશજી નવરોજી કટીલા ૪૨૪
"કાવશજી પટેલ ક્રોનોલોજી" ૧૦૦
કાવશજી ફરામજી દસ્તુર ૫૦૮
કાવશજી ફરામજી શેઠના ૩૭૧
કાવશજી બેરામજી દમણવાલા ૬૦૧, ૬૩૧
કાવશજી બેરામજી બનાજી ૬૫૯
કાવશજી શાપુરજી કટીલા ૬૧૧, ૬૪૩
કાવશજી શોરાબજી (દસ્તુર) ૬૧૪
કાવેરી ૩૪૯, ૩૯૭, ૪૮૪, ૪૮૯, ૪૯૦
કીસ્સે આતશબેહેરામે નવસારી ૨૦, ૭૪, ૩૬૭, ૩૮૭, ૪૪૭, ૪૪૯, ૪૫૦
કીસ્સે જરથુસ્ત્રીઆને હિંદુસ્તાન ૩, ૧૩, ૧૪, ૧૯, ૩૨, ૩૩, ૭૦, ૯૫, ૧૦૬, ૧૨૮, ૧૯૧, ૧૯૭, ૩૧૪
કીસ્સે સંજાણ ૧, ૨, ૪, ૭, ૧૮, ૨૮, ૨૯, ૩૮, ૩૯, ૪૦, ૬૮, ૭૯, ૯૧, ૯૨, ૯૫–૧૦૦, ૧૦૨, ૧૦૭, ૧૦૯, ૧૧૧, ૧૧૬, ૧૧૭, ૧૨૮, ૧૩૭, ૧૫૭, ૧૬૦, ૫૯૧
કુકાજી મેહેરજી દેશાઇ ૨૧૯, ૨૨૨, ૨૨૭, ૨૨૯, ૨૩૧, ૨૩૨, ૨૩૬, ૨૩૮, ૨૪૫, ૨૪૮, ૨૫૦, ૨૫૩, ૨૫૫, ૨૫૬, ૨૬૩, ૨૬૪, ૨૬૭–૬૯, ૨૭૪, ૨૭૫, ૨૯૯, ૩૦૦, ૩૦૫
કુકા શોરાબ રાનજી ૬૨૦
કુટાર ભાઇઓનું શાહનામું ૧૬
કુમાના દાદદાર ૨૦૮

કુંવરજી નાનાભાઈ મોદી (પુંજીઆ) ૧૮૧, ૧૮૮, ૧૮૯, ૧૯૧, ૧૯૨, ૨૩૯
કુંવરબાઇ જાલભાઈ ભરડા ૬૪૦, ૬૪૧, ૬૪૩
કૃષ્ણલાલ ઝવેરી ૫૩૮
કે. એલ. પંજાબી ૫૮૨
કેકોબાદ આદરબાદ (દસ્તુર) ૫૭૯, ૬૧૯
કેકોબાદ દારાબજી (દસ્તુર) ૬૧૫
કેકોબાદ મેહેરજીરાણા ૧૫૧, ૧૫૩, ૬૧૩
કેકોબાદ રૂસ્તમજી (દસ્તુર) ૬૧૪
કેખશરૂ જમાસ્પજી જામાસ્પઆશા (દસ્તુર) ૬૨૦
કેદારજી બાવા ૧૦૫, ૩૨૭, ૩૫૩
કેનેરી ગોફા ૮૦
કેમપબેલ (સર જેમસ) ૯૬
કેરશાશજી કાવશજી ભાઠેલા ૫૬૬, ૫૬૮, ૫૮૧
કેરશાશજી ખરશેદજી ગોંડા ૫૮૬
કેરશાશજી નવરોજી પટેલ ૬૦૩
કેરશાશજી શાપુરજી પટેલ, ૨૫૯, ૨૯૬, ૩૧૦, ૪૭૧, ૪૭૪, ૪૮૨, ૪૯૨, ૪૯૭, ૫૧૨, ૫૧૪, ૫૧૫, ૫૨૩, ૫૨૪, ૫૨૯, ૫૩૪, ૫૭૦, ૫૭૨–૭૫, ૬૦૪, ૬૩૨
કેરશાશજી હોરમજી પટેલ ૪૬૪
કેશરે હિંદ ૩૭૦
કેસલી પાટી (પંથક) ૧૭૬, ૨૩૪
કોહીસ્તાન ૧, ૨, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૭
ખંડેરાવ દાભાડે ૨૧૬
ખંભાત ૨૩, ૭૯, ૯૦, ૯૧, ૧૨૭, ૧૨૯, ૩૪૦, ૩૬૧
ખરશેદજી કા. કટીલા ૫૧૬
ખરશેદજી નશરવાનજી ચીનાઇ ૪૮૦
ખરશેદજી પેસ્તનજી પટેલ ૬૦૪, ૬૩૦, ૬૩૯
ખરશેદજી બરજોરજી (દસ્તુર) ૬૧૬
ખરશેદજી માણેકજી બરડી ૨૮૬

ખુરશેદ (દસ્તુર) ૧૦૯, ૧૧૮, ૧૧૯, ૧૩૪, ૫૯૨
ખુરશેદ આસદીન ૧૫૩
ખુરશેદજી કેકોબાદજી (દસ્તુર) ૨૭૦
ખુરશેદજી આદરવાનજી ૧૮૨
ખુરશેદજી એ. પાવરી (દસ્તુર) ૬૫૫
ખુરશેદજી જમશેદજી મોદી ૬૨૯, ૬૩૨
ખુરશેદજી ડોશાભાઇ મોદી ૬૫૭
ખુરશેદજી તેમુલજી દેશાઇ ૬૩, ૭૫, ૧૧૩, ૧૧૪, ૧૯૬, ૨૧૨, ૨૧૭–૧૯, ૨૨૨, ૨૨૭, ૨૩૧, ૨૩૨, ૨૩૬, ૨૩૮, ૨૩૯, ૨૪૫, ૨૪૮–૫૦, ૨૫૩, ૨૫૬, ૨૬૦, ૨૬૨-૨૬૪, ૨૬૬-૬૯, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૮૦, ૨૯૦, ૨૯૯, ૩૦૫, ૩૦૯, ૩૧૧, ૩૧૫, ૩૨૦, ૩૨૪, ૩૨૫, ૩૩૦, ૩૩૩–૩૭, ૩૫૨, ૩૬૨, ૩૬૪, ૩૬૬–૭૪, ૩૭૬, ૩૮૫, ૩૯૦, ૪૦૬–૧૧, ૪૨૦, ૪૨૬, ૪૮૯, ૬૧૭, ૬૧૮, ૬૨૪, ૬૫૬,
ખુરશેદજી નવરોજી ૨૯૧, ૩૬૨, ૩૬૩
ખુરશેદજી પીરોજજી– ૧૨, ૧૯, ૩૩, ૭૭, ૧૦૨, ૧૬૭, ૨૮૮, ૩૮૧, ૩૯૧
ખુરશેદજી બરજોરજી દારાબ પાહાંલન (દસ્તુર) ૩૬૬
ખુરશેદજી બેરામજી ૧૭૬, ૩૨૨
ખુરશેદજી મનચેરજી દસ્તુર ૪૭૩–૮૦, ૪૮૩, ૪૮૪, ૫૦૯, ૫૧૦, ૫૧૬, ૫૨૩, ૫૨૬, ૫૩૮, ૫૫૪, ૫૫૮, ૫૬૨, ૫૬૩, ૫૬૫, ૫૭૦, ૫૭૧, ૫૭૬, ૫૭૮, ૫૭૯, ૫૮૧, ૫૯૪, ૬૩૬
ખુરશેદજી માણેકજી શરાફ ૪૩૭, ૪૩૯, ૪૪૨, ૪૪૩, ૬૧૭
ખુરશેદજી રૂસ્તમજી કામા ૧૮
ખુરશેદજી શાપુરજી ૩૨૨
ખુરશેદજી હોશંગજી ૩૧૫, ૩૮૧
ખુરશેદજી ધનપાલ ૧૩૫, ૧૩૬
ખુસ્મસ્ત દસ્તુર ૯૦, ૧૧૭

ખુશરૂ પહેલો ૬૦
ખેરગામ કેસ ૧૨૯, ૧૩૯, ૧૪૦, ૧૬૪, ૧૬૫, ૧૭૧, ૧૮૪, ૧૮૬, ૨૨૭–૩૦, ૨૩૬, ૨૭૧–૭૪, ૨૯૨, ૩૦૦, ૩૦૫, ૩૦૬, ૩૪૩, ૩૫૨, ૪૮૩
ખોજસ્તા ખુશ્મસ્તા ૧૦, ૧૨, ૯૩, ૫૯૨
ખોરશેદ કામદીન ૧૦, ૧૨, ૭૮, ૯૯, ૧૦૧, ૧૧૫–૧૮, ૧૩૨, ૧૩૮, ૧૬૩, ૧૮૩, ૫૯૮
ખોરાસાન ૭, ૧૭, ૧૮, ૨૨, ૨૬, ૭૦, ૮૪
ગણુદેવી ૧૭૬, ૧૯૯, ૨૨૬, ૨૩૪, ૨૪૧, ૨૪૨, ૪૮૮
ગાયકવાડ ૨૧૬, ૨૬૨, ૨૭૦, ૨૯૧
ગુસ્તાસ્પશાહ કે નરીમાન ૧૫, ૧૭
ગોદારા પંથકો ૧૪૭, ૧૪૯, ૨૬૦
ગોદાવરા મોબેદો ૧૨૭, ૧૨૯, ૧૪૬–૪૯
ગોનડોફારીસ ૬૯
ગોલાબદાસ વકીલ ૫૧૬
ગંગાજીરાવ (ગાયકવાડ) ૨૧૭, ૨૧૮, ૨૪૪, ૨૬૬, ૨૬૭, ૨૭૦, ૨૭૧, ૨૭૪, ૨૮૦, ૨૮૨, ૨૯૦, ૨૯૭, ૪૦૬, ૪૪૯, ૪૫૦
ગ્રોઝ (જે. એચ.) ૪૧૨, ૪૧૭, ૪૧૮
ચાચા વાછા ૯૩
ચાલુકય વંશ ૧૮
ચાહીલ સાંગન ૯૦
ચીતોડ (લડાઇ) ૧૧૦
ચીનાઇવાલી અગીઆરી (વલસાડ) ૧૨, ૧૯
ચેઉલ ૮૨, ૮૩, ૯૧, ૧૭૬, ૨૦૦, ૨૩૫, ૨૫૨, ૩૦૬, ૪૮૮
ચંદ્રગુપ્ત ૬૯
ચાંઇઆં આસદીન ૧૩૪, ૧૩૫
ચાંઈઆં સહીઆર (સાઐર) ૯, ૧૦, ૧૨, ૭૮, ૯૯, ૧૦૧, ૧૧૫-૧૮, ૧૩૨, ૧૩૪, ૧૩૮, ૨૯૪, ૫૯૮
ચાંગા આશા (ચાંગા શાહ) ૯, ૧૦, ૧૨, ૭૮, ૯૯, ૧૦૦, ૧૦૭, ૧૧૦-૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૩૦-૧૩૨, ૧૩૪, ૧૫૮

ચાંદણા કામદીન ધનપાલ ૧૫૪
ચાંદા (મોબેદ) ૬૪
જમશેદ જામાસ્પ આશા (દસ્તુર) ૬૧૮
જમશેદજી અસપનદયારજી ગોંદા ૪૬૪
જમશેદજી જીજીભાઇ (સર) ૪૦૩, ૪૩૯, ૪૪૧, ૪૯૭, ૫૩૮, ૫૫૪, ૫૫૯, ૬૧૭, ૬૩૫, ૬૩૮, ૬૪૨
જમશેદજી નવરોજી ઉનવાલા ૪૬૨, ૪૬૪, ૬૦૯
જમશેદજી નાનાભાઈ ગજદર ૪૯૩
જમશેદજી પે. માકુજીના ૫૬૧
જમશેદજી પેસ્તનજી સંજાણા (વલસાડના) ૩૫૮, ૩૬૫, ૩૯૬
જમશેદજી બમનજી વાડીઆ ૬૫૬, ૬૫૭
જમશેદજી બામબોટવાલા ૧૦૨
જમશેદજી બોગાભાઈ મોદી ૧૧૨, ૪૨૯
જમશેદજી ભીખાજી ૨૯૧, ૪૧૭
જમશેદજી રૂસ્તમજી કટીલા ૫૬૩, ૫૭૫
જમશેદજી રૂસ્તમજી મા. હોમજી (દસ્તુર) ૨૨૨, ૨૨૩, ૨૨૭, ૨૩૧, ૨૩૭, ૨૪૫, ૨૫૦, ૨૬૦, ૨૬૪, ૪૨૦, ૬૧૩
જમશેદજી શોરાબજી એંટી ૫૨૩, ૬૩૫
જમશેદ દાદા ૨૧૯
જયભટ ત્રીજો ૩૯
જયાશ્રય મંગલરાજ ૩૯
જરથોસ્ત મોબેદ ૮૪
જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડલી ૭, ૧૪૫
જશન કમિટિ (મુંબઇ) ૫૬૧, ૫૭૯, ૫૮૦
જશાજી જીવનજી જશાવાલા ૪૧૭
જાદી રાણા ૪, ૧૫, ૩૨, ૩૯, ૪૦, ૫૧, ૬૬, ૬૮
જામાસ્પ ઇરાની ૨૦૭, ૨૦૮
જામાસ્પજી આશાજી (દસ્તુર) ૬૩, ૨૨૨, ૨૩૧, ૨૪૫, ૨૫૦, ૨૬૪, ૨૬૭, ૨૬૮, ૨૬૯, ૨૭૪, ૨૭૬, ૨૮૪, ૨૮૫, ૩૬૪, ૬૧૬–૧૮

જામાસ્પજી એદલજી જામાસ્પઆશા (દસ્તુર) ૬૧૯
જામાસ્પ ભાઈજી ૧૭૦, ૧૮૨, ૧૮૩, ૧૯૫, ૩૯૧
જામાસ્પજી મીનોચેહેરજી (દસ્તુર) ૧૮, ૮૪, ૪૩૪, ૬૧૯, ૬૫૫, ૬૫૬, ૬૫૮, ૬૫૯, ૬૬૧
જામાસ્પજી શોરાબજી મેહેરજીરાણા ૨૩, ૨૪, ૭૧, ૬૫, ૧૦૫, ૧૧૩, ૧૧૪, ૧૩૮, ૧૩૯, ૧૪૭–૪૯, ૧૫૨, ૧૫૪, ૧૬૫, ૧૬૬, ૧૭૧, ૧૭૩, ૧૮૨, ૧૮૪–૮૮, ૧૯૧, ૧૯૯, ૨૦૧, ૨૦૨, ૨૦૬, ૨૦૭, ૨૦૯, ૨૧૨, ૨૧૪, ૨૧૫, ૨૨૧, ૨૨૫, ૨૨૬, ૨૨૯, ૨૩૬, ૨૪૧, ૨૪૨, ૨૪૭–૪૯, ૨૫૩, ૨૫૪, ૨૫૬–૬૦, ૨૬૩, ૨૬૫–૬૯, ૨૭૨–૭૬, ૨૮૦, ૨૮૮, ૨૯૦, ૨૯૨, ૨૯૫, ૩૦૦, ૩૦૬, ૩૦૭, ૩૨૦–૨૮, ૩૩૧, ૩૩૯, ૩૪૨–૪૫, ૩૫૦, ૩૫૩, ૩૫૪, ૩૫૯, ૩૭૧, ૩૭૫, ૩૮૮, ૩૯૭, ૪૦૩, ૪૧૧, ૪૧૯, ૪૨૦ ૪૨૬, ૪૨૮. ૪૨૯, ૪૩૭–૪૧, ૪૪૫, ૬૧૮
જામાસ્પ (મુલ્લાં) ૬૨૭
જામાસ્પી ૮૯, ૯૦, ૧૫૧
જામે જમશેદ ૪૭૫, ૪૭૭, ૪૭૮, ૪૯૫, ૪૯૬ ૫૫૪, ૫૬૧, ૫૭૩, ૫૭૪–૭૯, ૫૮૫–૮૭, ૬૪૦
જાલ કામદીન ૧૩૫, ૧૩૬ ૧૪૧
જાલભાઇ અરદેશર શેઠ ૧૧૪, ૬૬૧
જાલભાઇ દોરાબજી ભરડા ૪૭૦, ૫૬૩–૬૬, ૬૩૧, ૬૪૩
જાસ્ક ૬, ૧૨, ૨૫
જાસા રેવાયત ૯૩
જાંગીર (શાહ) ૧૫૦
જાંગીર જમશેદજી ધીમાદલાલ–૫૮૨, ૫૮૫, ૫૮૭, ૫૯૦
જાંગીર નશરવાનજી વાડીઆ ૪૯૯, ૫૦૦, ૬૪૬, ૬૪૭
જાંગીર પેસ્તનજી કરકરીઆ ૧૯૫
જાંગીર બેરામજી દોરડી (દાકતર) ૨૪૫
જીજી દેશાઇ ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૮૭
જીજીભાઇ જમશેદજી મોદી ૧૧૨
જીજીભાઇ દાદાભાઇ ૪૩૯
જીજીભાઇ મેરવાનજી વાડીઆ ૫૦૫, ૫૧૬ ૫૩૮, ૫૫૫, ૫૫૯

જીરાફત ૧૭
જીવનજી જમશેદજી મોદી (દાક્તર) ૧૭, ૩૪, ૭૭, ૮૫, ૮૬, ૯૨, ૯૬, ૧૦૭, ૧૦૮, ૧૧૨, ૧૧૩, ૧૧૭-૧૯, ૧૩૮, ૧૪૬, ૧૫૦, ૧૫૨–૫૮, ૧૬૦, ૧૮૯, ૧૯૩, ૨૦૮, ૨૧૬, ૨૧૮, ૨૧૯, ૨૫૬, ૨૭૩, ૨૭૪, ૨૮૯, ૩૦૬, ૩૧૬, ૩૨૯, ૪૯૨, ૫૨૩, ૫૯૧–૯૩, ૬૧૮
જીવનજી માણેકજી દામલા ૫૨૬
જીવનજી માણેકજી હોમજી (દેશાઇ) ૨૧૮, ૨૧૯, ૨૨૨, ૨૨૭, ૨૨૯, ૨૩૧, ૨૩૨, ૨૩૬, ૨૩૮, ૨૪૫, ૨૫૦, ૨૫૩, ૨૫૬, ૨૬૦, ૨૬૩, ૨૬૭–૬૯, ૨૭૪, ૨૭૭, ૨૯૯, ૩૦૫, ૬૨૬
જુઆર ૩૦૬, ૪૮૮
જેશંગ કામદીન ૧૪૨
જોન ડેવીસ ૨૩
જોન વીલસન ૯૫
જોરડેનસ ૬૪, ૮૩
ઝકરીઆ અલ કાઝવીની ૮૩
ઝીંગોજીરાવ ૨૧૬
ડગલાસ (જેમસ) ૪૧૬
ડાંગ (પંથક) ૩૦૬, ૪૮૮
ડોશાભાઈ કરાકા ૯૬, ૨૮૯
તવડી (પંથક) ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૪૨, ૨૯૫, ૪૮૮
તારાપોર ૧૪૧, ૩૯૧, ૬૪૮
તીરભંગદાસ (રાજા) ૯૮
તેગબેગખાન ૨૫૬, ૩૦૩, ૩૩૯, ૩૪૧
તેમુરસ્પ કાવાશજી મોદી ૫૮૨
તેમુરસ્પજી જ. દેશાઇ ૩૬૬
તેમુલજી કાઉશજી ઉનવાલા ૬૦૯
તેમુલજી કાઉશજી મીરજાં (દસ્તુર) ૫૯૬
તેમુલજી પેસ્તનજી પટેલ ૫૨૩
તેમુલજી બરજોરજી મીરજાં ૫૫૮, ૬૦૮

તેમુલજી મનોચેરજી ૬૧૭
તેમુલજી માહયારજી મીરજાં ૬૦૮
તેમુલજી રૂસ્તમજી ૨૦૬, ૬૦૬, ૬૨૩
તેમુલજી શોરાબજી ૧૯૮, ૧૯૯
થાણાં ૯૧, ૧૭૬, ૨૩૫, ૩૦૬, ૪૮૮
દનતોરા નદી ૧૨૭, ૧૨૯, ૧૩૮ ૧૪૧, ૧૮૨, ૪૮૭, ૪૮૮
દમણ ૨૪, ૧૦૯, ૧૩૮, ૧૪૧, ૧૮૨, ૨૩૩, ૨૪૯, ૨૮૧, ૩૧૫, ૩૨૬, ૪૫૬, ૪૮૭, ૪૮૮, ૬૪૮
દરેમેહેરો ૬૬૧–૭૦
દવીઅર ૬૪૮
દાજી જેશંગ ૨૬૧
દાદા કાઉશા ૩૯૬
દાદાચાનજી (મોબેદો) ૧૯૪, ૨૧૯, ૨૨૪,
દાદાજી જમશેદજી બરજોરજી ૨૪૮, ૨૫૩
દાદા બેરામજી (પટેલ) ૨૩૩, ૨૫૦
દાદાભાઇ નવરોજી (દાકતર) ૧૩૦, ૧૪૦, ૨૪૫, ૩૦૦, ૪૮૬, ૪૯૦, ૬૨૮
દાદાભાઇ નશરવાનજી મોદી ૬૫૬
દાદાભાઈ પેસ્તનજી વાડીઆ ૪૧૧, ૪૬૨, ૪૬૩, ૪૬૬, ૪૯૩, ૪૯૪, ૪૯૬, ૪૯૮, ૪૯૯, ૫૦૧, ૫૦૬, ૫૧૯, ૫૨૦, ૫૨૪, ૫૨૭, ૫૩૦, ૫૩૧, ૫૪૬, ૫૫૬, ૬૩૨, ૬૩૩, ૬૪૨
દાદાભાઇ બેરામજી ૪૬૩
દાદાભાઇ માણેકજી દેશાઇ ૨૭૫
દાદાભાઇ માણેકજી શેઠ ૩૬૮, ૩૭૧, ૩૭૩, ૩૮૪
દાદાભાઇ મેરવાનજી વાડીઆ ૫૨૪
દાદીભાઇ નોશરવાનજી દાદીશેઠ ૬૫૬
દાદુપંથ ૩૨૭
દાભાઇ મેદાશા પટેલ ૯૦
દામાજીરાવ ગાયકવાડ ૧૦૪, ૨૧૬, ૨૬૭, ૨૭૦, ૨૭૨, ૨૭૩, ૨૮૬ ૨૮૯, ૨૯૨, ૨૯૯, ૩૦૧, ૩૦૩, ૩૨૩, ૩૨૭, ૩૩૪, ૩૬૩, ૩૭૭, ૩૮૦, ૪૪૯–૫૧

દારાબજી અસપનદયારજી ભાધા ૪૭૪, ૪૭૫, ૪૭૭, ૪૭૮
દારાબજી દાદાભાઈ ૨૪૧
દારાબજી બચાભાઇ દેશાઇ ૩૮૩
દારાબજી બમનજી કુમાના ૪૬૪
દારાબજી મનાજી તલાટી ૩૭૫
દારાબજી માહયારજી (દસ્તુર) ૪૮૪, ૬૧૫
દારાબજી રૂસ્તમજી સંજાણા ૬૨૧
દારા નશરવાનજી મીરજાં ૬૦૭
દારાબ પાહાલણ (દસ્તુર) ૧૪૬, ૨૨૦, ૨૨૨, ૨૨૩, ૨૨૭, ૨૩૧, ૨૩૭, ૨૪૫, ૬૧૫
દારાબ પેશોતન સંજાણા (દસ્તુર) ૮૯, ૬૨૧
દારાબ હોરમજદયાર (રેવાયતવાલા) ૭૬, ૧૦૮–૧૦, ૧૧૭–૨૧, ૧૩૫, ૧૩૮, ૧૫૮–૬૦, ૩૫૦, ૪૯૧, ૫૬૭, ૫૯૨
દાંતીવેર ૩૯૭
દીનકરદ ૪૩૪, ૪૩૫
દીનપનાહ ઇતરપાત દીનપનાહ ૧૮, ૮૩, ૮૪
દીનશા દોરાબજી મીસ્ત્રી ૪૯૮, ૫૦૦, ૬૩૫
દીનશા પા. સીધવા ૪૪૪
દીનશા ફરદુનજી મુલ્લાં ૫૫૪
દીનશા ભીખાજી ઉનવાલા ૫૮૧, ૫૮૫, ૫૮૬, ૬૩૯
દીનશા માણેકજી પીટીટ (સર) ૭૪, ૪૭૪, ૪૮૦, ૪૯૭, ૫૦૧, ૫૦૩, ૫૦૬, ૫૦૭, ૫૦૯, ૫૧૧, ૫૧૫, ૫૨૦, ૫૨૭, ૫૩૯, ૫૫૦, ૫૫૩, ૫૫૭, ૫૬૨, ૬૩૨, ૬૩૩
દીનશા માણેકજી પીટીટ (બીજા સર) ૫૦૭, ૫૨૩
દીવ ૩, ૮–૧૦, ૧૩, ૨૯, ૪૦, ૭૦, ૧૩૦, ૧૫૫, ૧૭૬, ૨૦૦, ૨૩૫, ૨૫૨, ૨૬૩, ૨૬૫, ૨૯૦, ૩૦૬, ૪૮૮, ૬૪૮
દુરજેસીંગ ૩૦૮, ૪૪૯
દેવજી રાવજી તાકપીર ૨૭૩, ૨૭૫, ૨૮૧–૮૩
દેહણું ૯૨, ૧૨૭
દોરાબજી જમશેદજી સીધવા–૫૮૬, ૬૪૦

દોરાબજી નાનાભાઇ પટેલ ૫૧૪, ૫૧૫
દોરાબજી પેસ્તનજી ઘાસવાલા ૩૬૯
દોરાબજી પેસ્તનજી મીરજાં ૫૮૫
દોરાબજી બેરામજી (દસ્તુર) ૪૪૧, ૪૪૩, ૪૫૮, ૪૯૩, ૫૨૬, ૫૭૦, ૫૭૨, ૫૯૪, ૬૪૪
દોરાબજી ભીખાજી ભરડા, ૪૬૪
ધનપાલ જેશંગ સંજાણા ૧૩૪, ૧૩૫
ધનજી પટન (પદમ) ૧૯૩
ધકનજી ખાન મકનજી ૯૨
નરસંગ સાએર ૧૫૩
નરસિંહરાવ દિવટીઆ ૧૧
નરીમાન હોશંગ (રેવાયતવાલા) ૧૦૭, ૧૦૮, ૧૧૧, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૪, ૧૩૪
નવરોજ કેકોબાદ ૨૦૩
નવરોજી કેરશાશજી ૨૪૫
નવરોજી જામાસ્પજી ૧૮૨
નવરોજી નશરવાનજી વાડીઆ ૫૦૧
નવરોજી ભીખાજી ૧૭૧, ૩૮૯
નવરોજી બચાજી દાજી ૪૧૯
નવરોજી માણેકજી વાડીઆ—૪૯૮–૫૦૧, ૫૦૪, ૫૧૪, ૫૩૮, ૫૪૭, ૫૫૫, ૬૪૬, ૬૪૭
નવરોજી મંચેરજી દેશાઇ ૬૨૫
નવરોજી રતનજી કુટાર ૪૮૫
નવરોજી રૂસ્તમજી ૨૪૮, ૨૭૦, ૨૭૬, ૨૭૭, ૩૫૨–૫૪, ૩૭૬–૭૮, ૩૮૦, ૪૧૭, ૪૫૬, ૬૨૨
નવરોજી રૂસ્તમજી હવાલદાર ૪૪૧
નવસારી ૬, ૮–૧૪, ૨૪, ૨૫, ૭૭, ૭૮, ૯૧, ૯૩, ૯૯–૧૦૩, ૧૧૦, ૧૨૧–૨૪, ૧૨૭–૩૪, ૧૩૮–૩૯, ૧૪૩–૪૫, ૧૫૦, ૧૫૩, ૧૫૪, ૧૫૮, ૧૬૦–૬૫, ૧૭૦–૯૪, ૧૯૯, ૨૦૧, ૨૦૩, ૨૦૮–૨૯, ૨૩૩–૪૯, ૨૫૪–૬૦, ૨૬૩–૭૦, ૨૭૩–૭૮, ૨૮૧–૯૫, ૨૯૯, ૩૦૨–૪, ૩૦૭, ૩૧૫, ૩૨૧–૨૨, ૩૨૬–૨૭,

૩૩૨, ૩૩૮, ૩૩૯, ૩૪૨–૩, ૩૪૯, ૩૫૬, ૩૫૮, ૩૬૧–૬૬, ૩૬૯–૭૧, ૩૭૭, ૩૮૦–૮૨, ૩૮૬, ૩૯૧, ૪૦૪, ૪૦૬, ૪૨૫–૩૧, ૪૩૮–૩૯, ૪૪૯, ૪૮૭

નવસારી આતશબેહેરામ ૩૬૧, ૩૬૫–૬૯, ૩૮૪

નવસારી પ્રકાશ ૧૭૪, ૩૭૦, ૬૧૮

નવસારી ફેહરીસ્ત ૮૮

નવાપરા ૩૬૦, ૪૮૮

નશરવાનજી જામાસ્પજી જામાસ્પઆશા (દસ્તુર) ૬૧૯

નશરવાનજી દારાજી મીરજાં ૬૦૭

નશરવાનજી નવરોજી ઉનવાલા ૧૩, ૭૭, ૧૧૬–૧૮, ૧૩૪–૩૯, ૧૪૧, ૧૫૩, ૧૬૦, ૧૬૧, ૧૮૧, ૧૮૩, ૨૦૨, ૨૯૪, ૪૭૫, ૫૯૮, ૬૦૫, ૬૦૬

નશરવાનજી ના. બોઇસ ૪૪૪

નશરવાનજી ફરામજી મીરજાં ૬૦૬

નશરવાનજી પાલનજી મુનશી–૫૪, ૫૭

નશરવાનજી બમનજી ઉનવાલા ૫૨૪

નશરવાનજી બમનજી શેઠ ૩૬૮, ૩૭૧

નશરવાનજી માણેકજી વાડીઆ ૩૬૫, ૩૬૬, ૪૯૮–૫૦૧, ૫૦૫, ૫૧૬ ૫૪૭, ૫૫૩, ૫૫૯, ૬૨૫, ૬૪૬ ૬૪૭

નશરવાનજી શોરાબજી દસ્તુર ૬૧૪

નહપાન ((ક્ષત્રપતિ) ૩૧૦

નાગણ રામ ૧૦, ૧૨, ૭૮, ૯૯, ૧૦૧, ૧૧૫, ૧૧૮, ૧૩૨, ૧૩૮, ૧૩૯, ૪૯૧, ૫૯૮

નાગોજ ઘઇઆં ૧૩૯–૪૧

નાદરશા રૂ. મોગલ ૪૪૪

નાધલાભાઇ દેશાઇ ૪૧૦

નાનાભાઈ બમનજી શેઠ ૧૧૩, ૪૨૦, ૪૨૯

નાનાભાઇ બેરામજી જીજીભાઈ ૫૫૨

નાનાભાઇ ભીમજી મોદી (પુંજીઆ) ૧૧૪, ૧૮૯, ૨૩૯, ૨૪૦, ૨૫૬, ૨૫૭, ૨૯૧, ૩૦૬, ૩૦૭, ૩૪૧, ૩૪૨, ૩૬૨, ૩૬૩, ૩૭૧

નારગોલ ૧૧, ૨૬૧,

નાનુ એંડ હોરમસજી ૫૩૮, ૫૪૩

નીરંગેસ્તાન ૨૦૮
નીહાવંદ ૨, ૧૬
ન્યુ સ્ટાઇલ (N. S.)ની સમજણ ૧૦૪
નેજાઅ શેકન ૨૧૦
નેરીઓશંગ ધવલ ૧૦, ૧૨, ૬૩, ૬૫, ૭૧, ૮૭, ૨૦૫
નેરીઓશંગ બરજોરજી માકુજી ૪૧, ૬૫, ૫૫૮, ૬૩૮
નોશરવાન મેહેરજી (પટેલ) ૧૮૮, ૧૯૮, ૧૯૯
નોશીરવાન ખુશરૂ (રેવાયત) ૧૦૮
નોશરવાનજી શોરાબજી (દસ્તુર) ૪૩૧, ૪૩૭
પહોંચાજી જમશેદજી વકાલ ૫૮૨
પ્રજામિત્ર ૫૭૮
પારડી ૩૧૧, ૩૧૩, ૩૧૭, ૬૪૮, ૬૪૯
પાર નદી ૧૨૭, ૧૨૯, ૩૧૦, ૩૧૧
પારસી (દ્વીપ) ૩૦
પારસી પ્રકાશ ૨૦, ૬૩, ૮૦, ૮૬, ૧૦૮, ૧૧૨–૧૯, ૧૪૭, ૧૪૯, ૧૫૨, ૧૫૫, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૭૭, ૧૮૨–૮૪, ૧૮૬–૮૯. ૧૯૪, ૧૯૫, ૨૦૨, ૨૦૬, ૨૦૯, ૨૧૧, ૨૧૪, ૨૨૧, ૨૨૭, ૨૩૪, ૨૩૬, ૨૪૨, ૨૪૩, ૨૪૭, ૨૫૭, ૨૬૭, ૨૭૦, ૨૮૯, ૨૯૩, ૨૯૬, ૩૦૦, ૩૦૪, ૩૦૬–૮, ૩૧૪, ૩૨૪, ૩૨૫, ૩૩૧, ૩૩૯, ૩૪૩, ૩૪૪, ૩૬૫, ૩૭૧, ૩૮૪, ૩૯૬, ૪૦૩, ૪૧૪–૨૦, ૪૨૬, ૪૩૧, ૪૪૧, ૪૪૨, ૪૪૬, ૪૫૬, ૪૯૨, ૪૯૩, ૫૯૨, ૬૨૯, ૬૪૨, ૬૫૮, ૬૫૯
"પારસીઝ ઓફ એન્શીએંટ ઈંડિયા"–૫, ૨૯, ૩૧, ૬૪, ૬૯, ૮૦–૮૩, ૮૬, ૧૧૦, ૩૧૦
પાલનજી જમશેદજી સીધવા ૫૮૧
પાલનજી દાદાભાઇ ભંડારી ૧૯૫
પાલનજી બરજોરજી દેશાઇ ૯૬
પાલનજી મેરનોસજી તંબોલી ૩૨૦
પાહલણ ફરેદુન ૧૯૯
પાહલી હોમા ૩૮૫
પીરોશા મેરવાનજી મેહેતા (સર) ૪૮૫, ૫૩૮

પીલાજીરાવ (ગાયકવાડ) ૨૧૬, ૨૧૮, ૨૧૯, ૪૪૯, ૪૫૦
પુલકેશી (રાજા) ૬૯
પેશુતન ખુરશેદ ૧૪૮, ૧૪૯
પેશોતન ચાંદા ૨૧૩
પેશોતનજી બરજોરજી મીરજાં (દસ્તુર) ૪૭૩, ૪૭૫–૭૮, ૪૮૨–૮૪, ૫૧૬, ૫૬૨, ૫૬૩, ૫૭૨–૭૫, ૫૮૧, ૫૯૭
પેશોતનજી બેરામજી સંજાણા (દસ્તુર) ૬૨૧
પેશોતન રામ સંજાણા ૧૫૦
પેશોતન હોરમજદયાર ૮૭
પેશ્વા (સરકાર) ૨૧૬
પેસ્તનજી એજદીઆરજી ભરડા ૪૬૩, ૪૬૪, ૪૬૬, ૪૮૩
પેસ્તનજી કાલાભાઇ વકીલ ૬૫૭, ૬૫૮
પેસ્તનજી ખુરશેદજી દેશાઇ ૨૭૦, ૨૮૫, ૩૨૫, ૩૨૮
પેસ્તનજી જીનાભાઇ કુમાના ૪૭૬, ૪૭૭
પેસ્તનજી ફરામજી તલાટી ૪૭૨
પેહેલવી ટેકટસ ૮૯
પોરટુગીઝો ૨૬૨
પોલ હોરન ૧૫
પોલીઆ દેશાઇઓ ૬૨૫, ૬૨૬
ફરામજી નશરવાનજી ઉનવાલા ૬૧૦
ફરામજી નશરવાનજી બાટલીવાલા ૪૪૬
ફરામજી દોરાબજી પાંડે ૫૦૭
ફરામજી ભીખાજી ગોંદા ૪૭૫–૭૭, ૫૦૯–૧૩, ૬૩૯
ફરામજી માણેકજી સંજાણા ૪૪૧
ફરામજી રૂસ્તમજી (દસ્તુર) ૩૫૬, ૩૬૫, ૩૯૬–૯૮, ૪૦૧
ફરામજી રૂસ્તમજી શેઠના ૨૫૭
ફરામજી વીકાજી ૫૩૮
ફરામ મેહેર પેસ્તનજી ૨૨૬
ફરામરોજ દારાબજી ૨૨૯, ૨૩૨, ૨૫૬
ફરામરોજ પે. પટેલ ૫૮૫, ૬૩૯, ૬૪૩

ફરામરોજ ફીરોજજી મીરજાં ૬૦૬
ફરામરોજ રૂસ્તમજી ઉનવાલા ૬૧૦
ફરામરોજ શોરાબજી (દસ્તુર) ૬૧૪
ફ્રાનસીસ મુનીઝ ૨૬૧
ફ્રાયર (ડાકતર જોન) ૧૭૮, ૪૧૫, ૪૧૬
ફરબક્ષ નોરોજ (રેવાયત) ૧૦૮, ૧૩૪
ફરેદુનજી અ. રબાડી ૯૫, ૨૪૩
ફરેદુનજી ફેરશાસ્પજી દાદાચાનજી—ખર, ખ,
ફરેદુનજી રતનજી કાંગા–ખ ૬, ૮૬, ૧૩૧, ૧૭૩, ૧૭૭, ૧૮૧, ૧૮૨, ૧૮૫, ૧૮૬, ૧૯૧, ૨૦૨, ૨૦૯, ૨૧૧, ૨૨૦, ૨૨૧, ૨૩૦, ૨૩૬, ૨૩૭, ૨૪૭, ૨૫૨, ૨૬૧, ૨૬૯, ૨૯૦, ૩૨૧, ૩૬૬, ૪૨૦, ૬૧૮
ફરેદુન પદમ ૧૩૫, ૧૩૬
ફરેદુન ફરામરજ રૂ. ખુ. સંજાણા ૭૬
ફરેદુન મરજબાન ૧૫૮
ફારસ ૨૨
ફીરદુસી ૧૬
ફીરૂજન ૨
ફીરોજ ખુરશેદજી (દસ્તુર) ૫૭૮, ૫૭૯, ૫૮૫, ૫૮૭, ૫૯૫, ૬૪૦,
ફુહરર (રેવરંડ) ૫૧
બગવાડા ૪૫૬, ૪૫૭, ૪૬૦, ૪૬૧,
બચાજી નોશરવાનજી (કોટવાલ) ૨૪૫, ૨૫૬, ૨૭૪
બમનજી જમશેદજી જામાસ્પઆશા (દસ્તુર) ૬૧૯
બમનજી દીનશાજી પીટીટ ૫૦૭, ૫૫૨
બમનજી બચાજી દાજી ૪૧૯
બમનજી બેરામજી પટેલ (ખા. બા.) ૯૬, ૧૧૨, ૨૮૭, ૨૮૯, ૨૯૬, ૪૯૨, ૫૨૩, ૫૪૫
બમનજી રૂસ્તમજી શેઠ ૪૧૭
બમનજી લીમજી ૨૮૩, ૪૧૭
બમનજી હોરમજી વાડીઆ ૪૩૯

બરજોર કામદીન (રેવાયત) ૧૧૭, ૧૩૭, ૧૬૦, ૧૬૧, ૧૭૩, ૨૭૦, ૩૫૦, ૫૯૨
બરજોરજી એદલજી કોટવાલ ૪૮૪
બરજોરજી ખરશેદજી દસ્તુર ૧૮૦, ૧૮૧, ૧૮૪, ૧૮૬, ૬૧૬
બરજોરજી દારાબજી ૨૫૦, ૨૬૦, ૨૬૪, ૬૧૫
બરજોરજી નવરોજી દેશાઇ ૪૮૪
બરજોરજી નશરવાનજી તલાટી ૪૭૧
બરજોરજી નશરવાનજી વકીલ ૫૧૬, ૫૭૦
બરજોરજી ફરામજી શેઠ ૧૧૩, ૪૨૦
બરજોરજી મનચેરજી ૨૭૦, ૫૨૩, ૬૩૮
બરજોરજી રૂસ્તમજી (દસ્તુર) ૪૬૨-૬૬, ૫૭૩, ૫૭૭, ૫૯૭
બરજોર નવરોજ ૧૦૪, ૧૦૫
બરજોર સહીઆર ૧૮૮
બ્લીક (એ. એચ.) ૧૬
બહમન અસપંદયાર પુંજીઆ (રેવાયત) ૧૩૭, ૧૮૯, ૩૫૦
બહમન કેકોબાદ ૧, ૧૭, ૭૯, ૧૧૬, ૧૩૭, ૧૫૭, ૧૬૦ ૧૬૧, ૫૯૧, ૫૯૨
બહમનજી દારાબજી દેશાઇ ૪૮૪
બહમનજી દોરાબજી પદમજી (ખા. બા.) ૪૭૪, ૪૮૦, ૪૮૫
બહમન દાદા (દારાબજી) મીનોચેહેર હોમજી ૨૧૯, ૨૨૧, ૨૫૦
બાનુબાઈ ફરામજી મીરજાં ૬૦૮
બાબુરાવ દાભાડે ૪૪૭
બારોટ ૧૦, ૧૨, ૧૪, ૯૨, ૧૦૯
બાલાજી બાજીરાવ (પેશ્વા) ૩૪૪, ૪૫૧, ૪૫૪, ૪૫૬
બ્રીગ્સ (એચ. જી.) ૨, ૩, ૨૧, ૯૫, ૯૬, ૯૮
બીલાઝોરી ૧૫, ૧૭, ૧૮
બીલીમોરા (પંથક) ૧૭૧, ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૪૨ ૩૮૮, ૪૮૮,
બુનદેહેશ ૮૯, ૧૫૫
બેરામજી કાવશજી ૨૪૮
બેરામજી ખુરશેદજી દોરડી ૬૨૮

બેરામજી જ. ઉનવાલા ૪૪૪
બેરામજી દાદા (સંજાણા) ૨૪૮, ૨૫૩
બેરામજી દારાબજી સંજાણા (દસ્તુર) ૪૪૧, ૬૬૦
બેરામજી પેસ્તનજી ભરડા ૪૭૩, ૪૭૫–૪૭૯, ૪૮૬, ૪૯૬, ૪૯૮, ૫૦૧, ૫૦૫, ૫૦૮, ૫૧૪, ૫૧૬, ૫૨૨, ૫૨૪, ૫૩૪, ૫૩૫, ૫૩૮, ૫૪૧, ૫૫૧
બેરામજી ભીખાજી (દસ્તુર) ૪૪૩, ૫૯૪
બેરામજી રૂસ્તમજી દસ્તુર ૫૯૪, ૫૯૬
બેલી (સર ઇ. સી.) ૯૬–૯૮
બેહેરામ કામદીન ૧૩૫, ૧૩૬
બેહેરામ ખુરશેદ (દસ્તુર) ૧૧૮, ૧૩૪, ૧૩૫, ૨૦૨, ૩૫૭, ૫૯૩
બેહેરામ ગોર (શેહેનશાહ) ૬૯
બેહેરામજી ફરદુનજી ૧૭૬, ૬૨૫
બેહેરામ મીનોચેહેર–૨૨૪
બેહેરામશાહ ચાંગાશાહ ૧૧૧, ૧૧૨
બેસીલ સ્કોટ (સર) ૫૩૮
બોમબે ગેઝેટીઅર ૪–૧૦૬
ભગર કમિટિ ચોપાન્યું ૩૬૬ ૩૭૦
ભગરીઆઓનાં પંથક ૪૮૮
ભગરીઆ મીનોચેહેર હોમજી કેસનું ચોપાન્યું ૧૭૨–૭૭, ૧૮૧, ૧૮૬, ૨૨૦, ૨૨૪, ૨૨૯–૩૩, ૨૩૭, ૨૩૯, ૨૫૦, ૨૫૧, ૨૬૧, ૨૬૫, ૩૨૨, ૩૮૯
ભગરીઆ (મોબેદો) ૨૦, ૮૪, ૮૬, ૧૨૭, ૧૩૨, ૧૩૩, ૧૩૮–૪૦, ૧૪૪, ૧૫૪-૫૭, ૧૬૨, ૧૬૯-૭૩, ૧૭૬, ૧૭૭, ૧૮૦-૮૩, ૧૮૭, ૧૯૦, ૧૯૧, ૧૯૪–૯૮, ૨૦૧–૯, ૨૧૩, ૨૧૭-૬૨, ૨૬૫–૬૭, ૨૭૦–૮૦, ૨૮૮, ૨૯૦–૯૨, ૨૯૬, ૨૯૯, ૩૦૦, ૩૦૩, ૩૦૪, ૩૦૯, ૩૧૧, ૩૨૦, ૩૩૨, ૩૫૮, ૩૬૩, ૩૬૪, ૩૭૦, ૩૭૨, ૩૭૪, ૪૦૩–૮, ૪૧૪, ૪૧૮, ૪૩૦, ૪૩૭, ૪૪૯–૫૧, ૪૮૩–૮૯
ભગરીઆ–સંજાણા મારામારી ૧૮૭
ભગવાનલાલ (પંડિત) ૮૪

ભરૂચ ૭૯, ૮૩, ૮૪, ૯૦, ૯૧, ૧૨૭, ૧૨૯, ૧૪૩, ૧૬૯, ૨૪૮, ૨૪૯, ૩૧૫, ૩૨૪, ૩૨૫, ૩૩૨, ૩૪૦, ૩૬૧, ૪૩૯

ભાઇજીદારૂ ખુરશેદજી ૩૯૦

ભીખાજી એદલજી સુરતવાલા ૪૯૨, ૪૯૩

ભીખાજી કાનજી ૩૮૯

ભીખાજી જમશેદજી (દસ્તુર) ૩૦૬, ૩૦૭, ૩૬૩, ૩૭૧

ભીખાજી દીનયારજી ઉનવાલા–૫૪, ૧૦, ૭૬,–૭૮, ૧૦૧, ૧૧૬–૧૮, ૧૩૪–૩૭, ૧૬૩, ૨૯૪, ૩૦૫, ૩૨૩, ૩૫૨, ૩૫૩, ૪૪૪, ૪૫૦, ૪૫૧, ૪૫૭–૬૧, ૪૬૪, ૪૭૬, ૪૭૭, ૪૯૬, ૫૦૨–૪, ૫૦૯, ૫૧૦, ૫૧૬, ૫૨૩, ૫૩૮, ૫૪૭, ૫૫૪, ૫૫૮, ૫૬૦, ૫૬૮, ૫૭૫–૭૭, ૫૯૪, ૬૧૦, ૬૩૯, ૬૪૩

ભીખાજી દોરાબજી પટેલ ૪૬૪. ૪૬૬, ૪૮૩

ભીખાજી રૂસ્તમજી બેરામજી (દસ્તુર) ૨૨૭, ૨૩૧, ૨૭૭, ૨૮૧–૮૩, ૨૮૮, ૨૮૯, ૩૧૫–૨૦, ૩૨૩, ૩૨૯, ૩૩૧, ૩૩૩, ૩૪૨–૪૫, ૩૫૨–૫૭, ૩૭૭. ૩૮૪, ૪૫૩, ૪૫૪, ૫૦૯, ૫૧૦, ૫૨૩, ૫૬૯, ૫૯૦

ભીખાજી રૂસ્તમજી ભાદા ૪૭૦

ભીખા બેરામ (પાંડે) ૪૧૭

ભીમરડી (પંથક) ૧૭૬, ૨૩૫, ૪૮૮

મકરાન ૧૭

મનચેરજી કાવશજી મનસુખ ૭૧

મનચેરજી કાવશજી લશકરી ૪૧૮

મનચેરજી ખુરશેદજી ગોરા ૪૬૪

મનચેરજી ખુરશેદજી દેશાઇ ૩૬૫, ૩૬૬, ૩૮૫, ૪૩૧, ૬૨૪

મનચેરજી ખુરશેદજી શેઠ ૩૬૮, ૩૭૨

મનચેરજી દોરાબજી (દસ્તુર) ૪૧૨, ૪૬૨–૬૬, ૫૯૪

મનચેરજી પેસ્તનજી ખરેઘાટ–૫૫, ૩૩, ૩૭, ૫૧, ૧૪૮, ૧૭૧, ૨૪૧, ૨૮૮, ૨૯૯, ૩૦૧, ૩૦૩, ૩૦૪, ૩૧૪, ૩૧૭, ૩૨૩, ૩૩૯, ૩૭૮, ૪૦૬, ૪૨૦, ૪૩૦, ૪૪૬ ૪૫૧, ૪૬૦

મનચેરજી પેસ્તનજી વાડીઆ–૪૪૧, ૪૪૫, ૪૯૩, ૪૯૪, ૪૯૬, ૪૯૯, ૫૦૧, ૫૦૬, ૬૩૨, ૬૪૨

મનચેરજી બમનજી શેઠના ૪૨૦, ૪૨૯, ૪૩૮

મનચેરજી બેરામજી દસ્તુરના ૪૬૪, ૪૭૫, ૪૭૭, ૪૭૮
મનચેરજી બેરામજી સીધવા ૪૬૪, ૪૭૪,
મનચેરજી મનાજોગી ૪૧૭,
મનાજી કુકાજી તલાટી ૨૧૩, ૨૧૭, ૨૪૭, ૩૭૫
મનોચેહેરજી ખુરશેદજી ૧૮૪, ૬૨૩
મનોચેહેરજી બરજોરજી ૧૮૦, ૧૮૧, ૧૮૭
મનોચેહેર હોમજી ૧૯૪, ૨૧૩, ૪૦૫
મનોરી ૧૩
મરદાન ફરોખ ૮૧
મરવત (પરગણુ) ૧૪૭, ૧૪૯
મરોલી (પંથક) ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૪૨, ૨૫૪
મલેશર ફલીઉં ૧૭૬, ૨૨૫, ૨૪૨
મસુદી ૮૧
મહમદ બેગડો ૧૦૯
મહમુદ (સુલતાન) ૯૪, ૯૬, ૧૦૯
મહમુદ તગલખ ૯૬, ૯૮
મહુવા ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૩૯, ૨૪૨, ૨૫૪, ૪૮૮
માકુજી તેમુલજી મીરજાં ૫૬૧
માણેક ચાંગાશાહ ૧૧૧, ૧૧૨, ૧૧૪
માણેકજી કાવશજી દમણવાલા ૪૬૩, ૪૬૪, ૪૬૯, ૪૭૧, ૪૭૮, ૫૨૭, ૫૬૩–૬૬, ૫૭૫, ૫૮૦, ૫૯૭, ૬૦૧, ૬૦૯, ૬૩૬, ૬૩૮, ૬૩૯
માણેકજી જમશેદજી રૂસ્તમજી ૩૮૪
માણેકજી દાદાભાઈ ૪૬૨–૪૬૪
માણેકજી દો. કોટકોટીઆ ૬૪૧
માણેકજી નવરોજી પાવડી ૨૪૫
માણેકજી નવરોજી વાડીઆ ૪૯૯, ૫૦૧
માણેકજી નવરોજી શેઠ ૬૩, ૭૫, ૧૧૩, ૧૧૪, ૨૭૬, ૨૭૭, ૨૮૭, ૩૦૬–૯, ૩૧૪, ૩૧૬, ૩૨૮–૩૧, ૩૪૨, ૩૪૩, ૩૬૮, ૪૧૪, ૪૧૮, ૪૨૦, ૪૨૫, ૪૩૮, ૪૪૧, ૪૪૨, ૫૯૧, ૬૨૨, ૬૬૦

માણેકજી પેસ્તનજી રાનજી ૨૨૬, ૨૫૦
માણેકજી બમનજી ઉનવાલા ૨૫૪
માણેકજી મેરવાનજી શેઠ ૪૩૭, ૬૨૩
માણેકજી રૂસ્તમજી ઉનવાલા ૭, ૮, ૩૨, ૬૩, ૬૪. ૧૦૬, ૧૦૯, ૧૧૦, ૧૧૮, ૧૧૯, ૧૩૫, ૧૩૮, ૧૫૯, ૧૬૦. ૫૯૩
માણેકજી હોરમજી ૨૧૯
માણેક દસ્તુર પાલનજી ૨૬૪
માણેક દાદાચાનજી ૨૧૯, ૨૫૦
માણેક નવરોજ પટેલ ૬૦૨
માણેક પેસ્તન રબાડી ૧૯૪
માણેક મેહેરનોસ (દસ્તુર) ૧૯૯, ૬૧૩
માણેક રૂસ્તમ સુરતના ૧૮૭
માણેકશા જાંગીરશા તાલયારખાન ૫૧૬
માધવજી બાવા ૨૮૨, ૨૮૩, ૩૭૬, ૩૮૪
માનડેસલો (જે. ઓ.) ૨૨, ૨૭, ૭૯
માસ્ટર (સર સ્ટીનશેમ) ૨૩, ૧૭૮, ૪૧૫
માહયારજી કા. મીરજાં ૬૦૭
માહયારજી કેકોબાદ (દસ્તુર) ૬૧૫
માહયાર ફરેદુન ૮૬
માહયાર (મોબેદ) ૮૧
માહાદજી નીલકંઠ ૩૭૭, ૩૮૦
મીનોચેહેર કેખશરૂ જામાસ્પઆશા (દસ્તુર) ૬૨૦
મીનોચેહેર બહમન નારગોલવાલા ૪૯૨, ૪૯૯
મીનોચેહેર હોરમજી (મોબેદો) ૨૦, ૧૯૪, ૧૯૫, ૨૧૭, ૨૧૯–૨૩, ૨૨૫, ૨૩૪, ૨૩૬, ૨૪૨–૫૧, ૩૨૧, ૩૫૮, ૩૭૩, ૪૦૩–૯
મીસર બીન મુખાલીહલ ૮૨
મીહરપાન કેખશરૂ ૯૦
મુંબાઈ ૧૩૦, ૧૪૬, ૧૫૨, ૧૭૪, ૧૭૬, ૨૦૦, ૨૩૫, ૨૫૨, ૩૦૬, ૩૪૩, ૪૦૬, ૪૧૬, ૪૫૬, ૫૮૮
મુંબાઈનું પંથક ૪૧૪

મુબાઇનો બહાર ૪૧૪, ૪૧૭
મુંબાઇ સમાચાર ૨૯૬, ૪૭૪, ૪૯૨, ૪૯૪, ૫૩૪, ૫૯૭, ૬૦૪, ૬૨૯, ૬૩૨
મુલ્લાં એંડ મુલ્લાં ૫૩૮
મુહમદ ઇમામુદીન કાસીમ ૪૦
મેરવાનજી દાદાભાઇ વાડીઆ ૪૯૬, ૪૯૮, ૫૦૨, ૫૦૪, ૫૨૦, ૫૩૨, ૫૩૩
મેરવાનજી મનચેરજી કામા ૬૪૦
મેરવાનજી માણેકજી શેઠ ૬૨૩
મેહેધર (પથક) ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૪૨
મેહેરજી ચાંદના કરકરીઆ ૧૯૦, ૧૯૪
મેહેરજીભાઇ (માહ્યાર) નવરોજી કુઆર–૬૫, ૫૬, ૩. ૭૦. ૧૧૮–૨૪, ૧૬૨, ૧૬૫, ૧૬૭, ૨૬૫, ૨૯૦, ૩૪૫, ૩૫૬, ૩૭૮, ૩૮૪, ૩૯૮,–૪૦૨
મેહેરજી રાણા (દસ્તુર)–૧૩૯, ૧૪૨, ૧૪૪, ૧૫૦–૫૮, ૧૭૫, ૬૧૨
મેહેરજી રાણા (લાયબ્રેરી) ૯, ૧૩, ૩૩, ૩૪, ૮૮, ૧૦૫, ૧૦૭, ૧૩૯, ૧૪૭, ૧૭૩, ૧૮૭, ૧૮૮, ૨૦૧, ૨૨૧, ૨૨૬, ૩૬૫
મેહેરજી સંચાર ૧૪૭, ૧૪૯
મેહેરનોસ કેકોબાદ (દસ્તુર) ૧૭૨, ૧૭૩, ૧૭૫, ૬૧૩
મેહેરનોસજી દારાબજી દોરડી ૨૪૫, ૨૫૬
મેહેરનોસજી ફરામજી દસ્તુર ૫૯૫
મેહેરનોસજી બેરામજી ૩૮૩, ૩૯૯
મેહેરનોસજી મીનોચેહેરજી ૨૨૧, ૨૨૪, ૨૫૧, ૨૫૨
મેહેરનોસ હોરમજદ ભાઠેલા ૪૯૧, ૪૯૨
મોટલાંબાઈ જાંગીરજી વાડીઆ ૪૮૦, ૪૯૫, ૪૯૭, ૫૦૦, ૫૦૨, ૫૦૪, ૫૧૦, ૫૧૧, ૫૧૭–૧૯, ૫૨૨, ૫૨૫, ૫૨૬, ૫૩૧, ૫૩૬, ૫૪૪, ૫૪૬–૪૮, ૫૫૫–૫૭, ૬૩૩, ૬૪૬
મોટાભાઇ શાપુરજી ૪૦૨
મોટીબાઈ બમનજી મુલ્લાં ૪૮૩, ૪૮૪
મોરારદાસ સુંદરદાસ કાનુનગો ૨૩૦
મોરારાવ કેદારજી ગાયકવાડ ૨૯૧
મોવદ કામદીન ૮૫, ૮૬

યજદજરદ શેહેરયાર ૧, ૨, ૫, ૧૬, ૨૧, ૨૨
યશવંતરાવ દાભાડે ૪૪૬
યુલ (કરનલ એચ.) ૨૪
રઘુનાથ તાતીઆ વકીલ ૫૧૬
રતનજી ફરામજી વાછા ૧૪૮, ૧૭૧, ૨૪૧, ૩૩૧, ૩૩૯, ૪૧૪, ૪૧૫, ૪૧૭, ૪૨૦, ૪૩૦
રતનજી શોરાબજી તલાટી ૪૭૨, ૫૨૩
રતન તાતા (સર) ૫૮૦
રવાનને પદાન બાંધવા વિષે ૨૦૫, ૨૦૭
રાઘવ ગીરદી ૩૮૪, ૩૮૭, ૪૨૭
રાઘોબા ૩૮૫, ૩૮૬, ૩૮૮
રાણા કામદીન ૮૫, ૮૬
રાણા જેશંગ ૮૭, ૧૩૯, ૧૪૦, ૧૫૦, ૧૫૭, ૧૫૮
રામનગર (પંથક) ૩૦૬, ૪૮૮
રામ પેશોતન ૮૬, ૮૭
રાવજી ખંડેરાવ ૩૦૫-૭
રાહે જરથુસ્ત્ર ૫૮૦
રીનોડ ૧૬, ૧૭
રૂસ્તમ અરદેશર એંટી ૫૮૨
રૂસ્તમ જ. બામબોટ ૭૫
રૂસ્તમજી ખુરશેદજી દેશાઇ ૧૯૯
રૂસ્તમજી ખુરશેદજી મોદી ૨૪૪, ૩૪૨
રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ ૬૩૬
રૂસ્તમજી જામાસ્પજી મેહેરજીરાણા ૨૦, ૭૪, ૮૪, ૮૫, ૯૩, ૧૫૪, ૨૦૪, ૨૩૭, ૨૭૬, ૩૭૦, ૩૮૭, ૪૪૭, ૪૪૯, ૪૫૧, ૪૮૬
રૂસ્તમજી ટેમલજી (દસ્તુર) ૩૯૭, ૪૦૧, ૪૦૨, ૪૪૩, ૫૨૬, ૫૯૭, ૬૪૪
રૂસ્તમજી ટેમુલજી દેશાઇ ૨૭૫, ૩૬૨, ૩૯૯
રૂસ્તમજી દોરાબજી નાનાભાઇ (જનરાલ) ૪૧૬, ૪૧૭
રૂસ્તમજી ધનજીભાઇ શેઠના ૫૪૨, ૫૪૫, ૫૫૩

રૂસ્તમજી નશરવાનજી (દસ્તુર) ૨૧૧, ૪૩૭, ૪૪૦, ૬૧૪
રૂસ્તમજી નશરવાનજી મુનશી ૪૯૫
રૂસ્તમજી ના. બોઇસ ૪૪૪
રૂસ્તમજી બહમનજી ઉનવાલા ૨૧૦
રૂસ્તમજી બેરામજી સજાણા ૨૦૬, ૬૨૦
રૂસ્તમજી બેહમનજી ૨૬૪, ૨૬૫
રૂસ્તમજી બેહેરામજી (દસ્તુર) ૨૦૬
રૂસ્તમજી ભી અંધ્યારૂજી ૫૮૫
રૂસ્તમજી માણેકજી પાવડી ૪૨૫
રૂસ્તમજી માણેકજી શેઠ ૨૦૩, ૨૨૫. ૨૭૬, ૨૮૫, ૪૧૭, ૪૩૮, ૬૨૨
રૂસ્તમજી શેહેરયારજી (દસ્તુર) ૨૬૬. ૨૮૯, ૩૧૬, ૩૧૭, ૩૧૯, ૩૩૧, ૩૪૨, ૩૪૪, ૩૪૮, ૩૫૫, ૩૫૭, ૩૮૩, ૩૮૪, ૫૬૯. ૫૯૫, ૬૦૫
રૂસ્તમજી હોરમજી પેસ્તનજી ૨૫૩
રૂસ્તમ બ. પેમાસ્તર ૨, ૪૦, ૫૨, ૪૭૫, ૫૩૮
રૂસ્તમ ૫રૂ ૨૦૩. ૨૧૦. ૨૨૫, ૨૫૩, ૩૭૧, ૩૭૪, ૩૭૬, ૩૮૭, ૩૮૮
રૂસ્તમ ફરોખજાદ ૨
રૂસ્તમ મીહરપાન ૮૧. ૯૦
લલુભાઇ પ્રાણજીવનદાસ પારખ ૫૧૬, ૫૨૧, ૫૨૪
લવજી વાડીઆ ૪૧૯
લાઉડસ (સર) ૫૩૮
લાભું ૪૦૩
લીટન (કેપટન) ૩
લોરડ (રેવરંડ હેનરી) ૪, ૬, ૨૯, ૧૦૨, ૧૦૩
લોરેન્સ જેનકીન્સ (સર) ૫૩૮. ૫૫૩
વજરકર્દ ૨૦૮
વરીઆવ ૬, ૭૯, ૧૨૭, ૧૨૯, ૧૪૭
વલસાડ ૧૧–૧૪, ૭૫, ૭૮, ૧૨૭, ૧૬૧, ૧૬૩–૭૧, ૧૮૨, ૧૯૫, ૨૩૪, ૨૪૯, ૨૮૫, ૨૮૭, ૨૮૮, ૨૯૪–૩૦૦, ૩૦૨, ૩૦૮, ૩૦૯, ૩૧૨–૧૭, ૩૨૪, ૩૨૬, ૩૨૮–૩૦, ૩૩૩, ૩૩૬, ૩૪૩–૪૫, ૩૫૪, ૩૫૬, ૩૫૮, ૩૬૪, ૩૭૭,

૩૮૨, ૩૮૩, ૩૮૮, ૩૮૯, ૩૯૧, ૩૯૪, ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૦૨, ૪૮૭–૯૦
વસષ્ઠ (પંથક) ૨૩૪, ૨૫૨, ૩૦૪, ૩૦૬, ૪૮૪, ૪૮૮
વંદીદાદ (પેહેલવી) ૪૭, ૮૭, ૮૯, ૯૦, ૨૦૮, ૪૩૪
વંદીદાદ સાદે ૩૧૬
વાસકોડી ગામા ૧૭૦
વાંકાનેર ૭૯
વાંસદા ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૭૫–૭૮, ૯૨, ૧૦૦, ૧૩૨, ૩૦૬, ૪૮૮
વિજયાદિત્ય ૨૯–૩૨, ૩૮, ૩૯. ૭૪
વિનયાદિત્ય ૨૯–૩૨, ૩૮, ૩૯
વીકાજી મેહેરજી તારાપોરવાલા ૧૪૭, ૬૪૧
વીરબાઇજી માણેકજી દમણવાલા ૫૮૧
વીસ્તાસ્પ યસ્ત ૧૫૫
વીસ્પર્દ ૮૮, ૯૦
વેઆરા (પંથક) ૩૦૬, ૪૮૮
વેગજી કેકોબાદ ૧૩૭, ૧૬૦, ૧૬૧
વૈતરણી ૩૯૭, ૪૮૪, ૪૮૯
શકરાજી પંથ ૩૫૭, ૩૭૭
શાકરબાઈ દીનશા પીટીટ (લેડી) ૫૦૬
શાપુર (પાદશાહ) ૧, ૩૭
શાપુર જામાસ્પ ૧૨૩
શાપુરજી કેરશાસ્પજી પટેલ ૬૦૪
શાપુરજી ખુરશેદજી વાછા ૩૮૪
શાપુરજી બેરામજી ખુરશેદજી ૨૨૭, ૨૩૧, ૨૬૬
શાપુરજી માણેકજી સંજાણા ૩, ૭૦, ૧૦૬, ૧૦૭, ૧૨૮–૩૦, ૧૩૩, ૧૪૪, ૧૬૯, ૧૭૦, ૧૯૧, ૧૯૨, ૧૯૫–૯૭, ૨૫૯, ૨૬૭, ૨૮૫, ૩૦૦, ૩૦૨, ૩૦૮, ૩૦૯, ૩૬૫, ૪૪૯
શાપુરજી રાણા ૧૬૧, ૧૬૩–૬૭
શાપુરજી રૂસ્તમજી મીરજાં ૪૬૪
શાપુરજી શોરાબજી ન. દસ્તુર ૨૮૯

શાપુરશા હોરમસજી હોડીવાલા (પ્રો.)–૩, ૭, ૧૮, ૩૩, ૭૬, ૮૪, ૮૬, ૮૭, ૯૧, ૯૩, ૯૬, ૧૦૮–૧૧, ૧૧૯, ૧૨૧. ૧૨૩, ૧૨૪, ૧૩૭, ૧૪૧, ૧૫૩, ૧૫૬, ૧૫૭, ૧૬૧, ૧૭૫, ૧૮૯, ૨૬૫, ૬૨૮
શાપુર શેહેરીઆર (શામરો) ૧૦૫, ૧૨૫, ૨૩૩, ૨૭૦, ૨૮૩, ૨૯૦, ૨૯૩–૯૮, ૩૦૨, ૩૦૯, ૩૧૧, ૩૧૨, ૩૨૦, ૩૨૭, ૩૩૧, ૩૩૬, ૩૪૫, ૩૪૯, ૩૫૨, ૩૫૪. ૩૫૬–૫૮. ૩૬૭, ૩૭૬, ૩૭૭, ૩૮૦–૮૨, ૩૯૧, ૩૯૨, ૩૮૯
શાયર ખુરશેદ ૧૧૯, ૧૩૫, ૧૩૬, ૧૩૯, ૧૪૦
શાવકશા બમનજી પદમજી ૬૪૧
શાહજાત શાત ફરખો ૮૪
શાહુ રાજા ૨૧૬, ૪૫૧
શેહેરયારજી દા. ભરૂચા ૭
શેહેરયારજી નવરોજી ૨૫૬
શેહેરયાર ફરદુનજી ૨૨૩, ૨૩૩, ૨૫૬, ૨૭૦, ૨૮૩, ૨૯૦, ૨૯૪-૯૮. ૩૨૬, ૩૪૫, ૩૫૨, ૩૫૩, ૪૮૯
શેહેરયારજી મનોચેહેરજી ૨૦૨
શોરાબ અસ્પુ ૧૮૮, ૧૯૭–૯૯, ૨૧૩
શોરાબ જામાસ્પ સંજાણા ૨૬૪, ૨૯૦
શોરાબજી કરવાજી ૪૧૭
શોરાબજી કાવશજી નેકસાઅતખાન ૪૪૬, ૪૪૭
શોરાબજી નવરોજી દસ્તુર ૪૯૮
શોરાબજી નશરવાનજી તલાટી ૪૭૧
શોરાબજી બમનજી દાજી ૨૬૪
શોરાબજી બરજોરજી મુલ્લાં જામાસ્પ ૬૨૭
શોરાબજી બેરામજી ૧૭૬
શોરાબજી મનચેરજી શેઠ ૩૬૮, ૩૭૧, ૩૬૩
શોરાબજી માણેકજી દમણવાલા ૪૬૯, ૪૭૦, ૪૭૪, ૪૭૮-૮૧, ૪૯૪-૯૭, ૫૦૨, ૫૬૪, ૫૬૫, ૬૦૨, ૬૩૪, ૬૪૦
શોરાબજી મા. મીરજાં ૫૯૬
શોરાબજી રતનજી પટેલ ૬૧૭

શોરાબજી રૂસ્તમજી (દસ્તુર) ૩૬૫, ૬૧૪, ૬૫૬
શોરાબજી શાપુરજી શેઠ ૪૩૧
શોરાબજી હોરમજી સીધવા ૪૪૪, ૫૨૩, ૫૨૯, ૫૬૩, ૫૭૬, ૬૩૨
શોરાબશા તાલીઆરખાન ૬૪૪
સદ્દર ૧૫૫
સબદરખાન (નવાબ) ૩૪૦
સરભોણ (પંથક) ૨૦૦
સરોડા ૬૪૮
સર્વોત્તમશંકર ૩૪૪, ૩૪૫, ૩૫૬
સલાબતખાન (નવાબ) ૧૮૮, ૪૦૪
સંજાણ ૬–૧૨, ૧૪, ૧૯–૨૧, ૩૮, ૭૨–૮૦, ૮૪, ૯૧, ૯૨, ૯૫, ૧૨૭, ૧૩૦, ૧૪૦, ૧૪૧, ૧૭૦, ૨૬૧, ૨૯૫, ૩૧૭, ૪૮૭, ૫૬૧
સંજાણની લડાઈ ૯૨–૯૮, ૧૦૨, ૧૦૯
સંજાણા (મોબેદો) ૧૨, ૭૫, ૭૮, ૧૦૧, ૧૧૦, ૧૨૭, ૧૩૧–૩૩, ૧૩૮–૪૫, ૧૫૦, ૧૫૨, ૧૫૪, ૧૫૭, ૧૬૦, ૧૬૨, ૧૬૫, ૧૬૯, ૧૭૦. ૧૭૪. ૧૭૫, ૧૮૦–૮૭, ૧૯૧–૯૬, ૨૦૧–૩, ૨૧૯, ૨૨૬–૩૩, ૨૫૫, ૨૫૭, ૨૬૨, ૨૬૩, ૨૬૬–૮૩, ૨૮૬–૯૧, ૨૯૬–૩૦૦, ૩૦૩–૬, ૩૧૧–૧૪, ૩૧૬, ૩૨૫, ૩૨૯, ૩૩૩, ૩૬૧, ૩૭૨, ૩૮૯, ૪૧૪, ૪૨૫, ૪૫૦, ૪૮૩–૯૦, ૫૬૦
સંજાણાઓનાં પંથક ૪૦૨
સંજાણા ભગરીઆ કીસ્સો ૩૧૦
સંસ્કૃત શ્લોકો ૪૦ff, ૫૦ff, ૬૨. ૬૬
સાંજ વર્તમાન ૧૭, ૯૨
સિદ્ધરાજ જયસિંહ ૮૫
સિંધ ૮૨
સિંહલ દ્વીપ ૩૦
સીકંદ ગુમાનીક વીજાર ૮૧, ૧૫૫
સીઆજીરાવ (સર) ૨૧૬
સુરત—૫, ૧૧–૧૪, ૨૨–૨૭, ૧૨૩, ૧૨૭, ૧૪૮, ૧૪૯, ૧૭૦, ૧૭૪, ૧૭૫, ૧૮૬, ૧૮૮, ૧૯૧, ૧૯૩, ૧૯૮, ૨૦૦, ૨૦૫-૧૧,

૨૨૫, ૨૩૨–૪૩, ૨૪૭–૪૯, ૨૫૩–૫૫, ૨૫૮, ૨૫૯, ૨૭૦, ૨૭૨, ૨૭૬, ૨૭૮, ૨૮૧, ૨૮૨, ૨૯૧, ૨૯૨, ૩૦૩, ૩૦૬, ૩૦૭, ૩૨૧, ૩૩૦, ૩૩૯, ૩૪૦, ૩૪૨, ૩૪૯, ૩૬૧, ૩૬૨, ૩૭૦, ૩૭૧, ૩૮૪, ૩૯૭, ૪૦૦, ૪૦૪, ૪૦૬, ૪૨૫, ૪૨૭, ૪૩૯, ૪૫૬, ૪૮૮, ૬૪૯

સુરત્યા મોબેદો ૧૯૪, ૨૦૮, ૨૯૧, ૨૯૨, ૩૦૪, ૪૨૫

સુરાબજી અસપનદીઆદ ૧૭૨

સેઓદપુણી (પંથક) ૧૭૬, ૨૦૦, ૨૩૪, ૨૪૨, ૪૮૮

સોનગઢ ૧૩૦, ૨૧૬, ૨૩૬, ૨૬૩, ૨૬૭–૭૪, ૨૭૭, ૨૭૮, ૨૮૧, ૨૮૨, ૨૯૭, ૨૯૯, ૩૦૦, ૩૦૫, ૩૦૬, ૩૨૮, ૩૩૫, ૩૫૨, ૩૮૮

સોરાબ કેકોબાદ ૧૯૦

સૌરાષ્ટ્ર ૩૦

સ્ટેવોરીનસ (જે. એસ.) ૧૭

હમજીઆર રામ સંજાણા ૭૫–૭૭, ૧૦૨, ૧૩૪, ૧૩૫, ૫૯૩

હમીરશૈહીજી ૬૦૩, ૬૩૦

હરબરટ (સર ટી.) ૨૧

હરમજદયાર ફરામરજ કામદીન ૭૬, ૧૬૧

હરમજીઆર બહમનયાર ૧૦૧, ૫૯૯

હીરજીભાઇ નથુભાઇ ૪૬૪, ૫૨૩

હીરજી મેહેરજી ૧૫૭

હીરજી વાછા મોદી ૧૭૪, ૧૭૫, ૪૧૫, ૪૧૭

હીરબદ દાદા ૧૩૪

હીરબદ બાચહ ૧૩૪

હીરા દાદાચાનજી ૨૧૯

હેમીલટન (કેપટન) ૨૫, ૭૯

હોમજી બેરામજી દાદીશેઠ ૪૧૭

હોમ બહમનયાર ૮૫, ૧૦૨

હોરમજદયાર કામદીન ૧૧૭, ૧૬૧

હોરમજદયાર કું. કોબાજી ૫૩૮, ૫૫૩

હોરમજદયાર પદમ ૧૩૫, ૧૩૬, ૧૩૯, ૧૫૩

હોરમજદયાર રામયાર ૮૭, ૧૫૦
હોરમજી અરદેશીર દુબાશ—૬૫, ૫૭, ૬૫૦
હોરમજી ચીચગર ૫૪૩
હોરમજી નવરોજી પટેલ ૬૦૩
હોરમજી બમનજી વાડીઆ ૬૫૬, ૬૫૭, ૬૫૯
હોરમજી બમનજી શેઠના ૪૩૯
હોરમજી મનચેરજી મીરજાં ૫૬૧
હોરમજી શા. મીરજાં ૫૯૬
હોરમજદ શેહેર ૩, ૮–૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૨૨, ૨૬
હોશંગ આશા (દસ્તુર) ૧૩૬, ૧૩૭, ૧૫૭, ૧૯૧
હોશંગ ઘોરી (સુલતાન) ૯૬–૯૮
હોશંગજી જામાસ્પજી (દસ્તુર) ૮૬, ૬૧૯
હોશંગ (દસ્તુર) મેમોરીઅલ વોલ્યુમ ૪૦, ૬૫
હોશંગજી બરજોરજી વાણીઆ ૪૭૧
હોશંગ સ્યાવક્ષ ૧૨૩

જશન કમિટી.
(સ્થાપી સને ૧૯૦૩ ઈસવી)

મુંબઇની જરથોસ્તી જશન કમિટીની **મૂળ નેમ** આપણી કોમના નર-નારીઓ તથા બાળકોના જીગરોમાં આપણા બુલંદ મઝહબ, તેને શિખાડેલી નેકી-નીતિ, ધર્મ-ક્રીયાઓ તથા જરથોસ્તી તરીકત તરફ ભક્તિ-ભાવ ખીલવવાની; તેમજ આપણા કદીમ ઇરાન વતનના આપણા પાદશાહ-પેહલવાનો અને ન્યાગાનો તરફ માન અને એહસાનની લાગણી બરપા કરીને, ધાર્મિક અને કોમ-હિતકારી જુસ્સો ખીલવવા અને જારી રાખવાની; તેમજ જરથોસ્તી ધર્મના ફરમાનો મુજબ અષો, નીતિમાન, ધાર્મિક તથા પરમાર્થી જીંદગી ગુજારવાના વિચારોનો આપણી કોમમાં ફેલાવો કરવાની છે. આ મૂળ નેમ જશનો, હમ-બંદગી, મોનાજાત, વાએજો, શાહ-નામાંના દાસ્તાનોના સંગીત કીર્તનો અને વાંચનો, ધાર્મિક અને નીતિના ગાયનો, વીગેરે સાથના ધાર્મિક મેળાવડાઓ મારફતે, તેમજ ઈનામના રેસાલાઓ, લખાણો, ઈનામની પરીક્ષાઓ તથા બીજાં ઘટતાં સાધનો મારફતે પાર પાડવાની છે. એ ઉપરાંત, અન્ન-ફળ-શાકના નિર્દોષ ખોરાક વિષે આપણી કોમમાં પ્રજા-મત કેળવવાની પણ જશન કમિટીની એક ઉપ-નેમ છે.

જશન કમિટીના પેટ્રનો, દીલસોજ લાઈફ મેમબરો અને દીલસોજ સાધારણ સભાસદો.

જશન કમિટીના ફંડમાં એકકી વખતે રૂ. ૧,૦૦૦ યા વધુ ભરનાર ધાનુ અથવા ગ્રહસ્થ જશન કમિટીના **પેટ્રન** (patron) લેખાશે. જશન કમિટીના **દીલસોજ લાઈફ મેમબરનું** એકજ વખતનું લવાજમ રૂ. ૧૦૧) અને **દીલસોજ સાધારણ સભાસદનું** વાર્ષિક લવાજમ રૂ. ૬) રાખવામાં આવ્યુ છે. જશન કમિટીનું ત્રીમાસિક—**રાહે જરથુશ્ત્ર—સર્વે પેટ્રનો, દીલસોજ લાઈફ મેમબરો અને દીલસોજ સાધારણ સભાસદોને કાંઇબી લવાજમ વગર મફત મોકલી આપવામાં આવે છે.**

જશન કમિટીની ખોરદેહ અવસ્તા (નાના કદની) આના ૬.
(મોટા કદની) આના ૮.

(તા૦ ૩૧ મી મે, ૧૯૨૭ સુધી)

જશન કમિટીના સભાસદો.	બાનુઓ	ગ્રહસ્થો	જુમલે.	
(૧) ઓનરરી દીલસોજ જીંદગી સુધીના સભાસદો ...	૦	૨	૨	દીલસોજ લાઇફ મેમબરો અને દીલસોજ સાધારણ સભાસદો.
(૨) દીલસોજ જીંદગી સુધીના સભાસદો	૪૯	૧૦૨	૧૫૧	
(૩) દીલસોજ સાધારણ સભાસદો	૯૯	૨૨૪	૩૨૩	
જુમલે ...	૧૪૮	૩૨૮	૪૭૬*	
(૪) કારોબાર કમિટીના જીંદગી પર્યન્તના સભાસદો...	૧	૧૯	૨૦	
બધા મળીને ...	૧૪૯	૩૪૭	૪૯૬	જશન કમિટીના સર્વે સભાસદો.

જશનો.

જશન કમિટી તરફથી દર મહીને એક અથવા વધુ જશનો (હમ–બંદગી, મોનાજાત, વાએજો અથવા શાહ–નામાંના દાસ્તાનો (સંગીત) અને વાંચનો તથા ધાર્મિક અને નીતિના ગાયનો વગેરે, સાથે) કરવામાં આવે છે. આ જશનોનો ખરચ "જશન ફંડ" માંથી કરવામાં આવે છે.

ધર્મ–નીતિની કેળવણી.

જશન કમિટી તરફથી ૧૯૧૯ ના સાલથી નિશાળોના જરથોસ્તી છોકરાઓ અને છોકરીઓને જરથોસ્તી દીન–આઇન અને તરીકત, નેકી–નીતિ તથા કદીમ ઇરાનની તવારીખને લગતી કેળવણી આપવામાં આવે છે. જુન ૧૯૧૯ થી ૮ નિશાળોમાં આ જરથોસ્તી ધર્મ, નીતિ અને ઇરાનની તવારીખની કેળવણી આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં ૧૬ નિશાળોમાં આ ધર્મ–નીતિનું શિક્ષણ જશન કમિટીએ રોકેલા ૫ ધર્મ–શિક્ષકો તરફથી આપવામાં આવે છે અને નજદીક ૩,૦૦૦ છોકરાંઓ એ તાલીમ લે છે.

* આ ૪૬૫ દીલસોજ લાઈફ મેમબરો અને દીલસોજ સાધારણ સભાસદોમાંથી ૯૫ દેશાવરના છે, અને ૩૮૧ મુંબઈના છે.



(જોવો પાને ૧૯ એ૦ ખુરશેદજી ફીરોજજીનું કાગળ).



(જોવો પાન ૭૭ ઇરાનશાહ માટેની નોંધનું વલસાડનું કાગળ).



[illegible] પાને ૧૪૯ ૧૪૩ સંવત [illegible] નો લેખ.



(જોવો પા. ૨૮૯ સંવત ૧૭૬૭ નો પરવાનો).



(નંબર ૫૧. ૩૨૩ સંવત ૧૭૮૬ ના પરવાના).



[illegible]



શાપુર શામશાના કેદીના છુટકારાનુ સાધન.



શાપુર શામરાના કલ્યાના ચુકાદાનું સાધન ।



(શાપુર શામરાના કબ્યાન ચુકાદાનું સાધન



શાપુર શામરાના કન્યાના ચુકાદાનું સાંચન).



[illegible]



કેવેશ પા ... બીજો પરવાનો .



[illegible] પા[illegible] [illegible] ચોથો પરવાનો.



છઠ્ઠો પા. [illegible] સાતમો પરવાનો [illegible]



[illegible] પા [illegible] પરવાનો

દેવચંદ્ર પા : શ્રીદેવ પરંપરાનો .



(જૂનો પા. [illegible] ઈ. સ. [illegible] નો પરવાનો).



(જેવો પા [illegible] ઈ સ. [illegible] નો પરવાનો).

लाल बहादुर शास्त्री राष्ट्रीय प्रशासन अकादमी, पुस्तकालय
Lal Bahadur Shastri National Academy of Administration Library
मसूरी
MUSSOORIE

अवाप्ति सं०
Acc. No.....

कृपया इस पुस्तक को निम्नलिखित दिनांक या उससे पहले वापस कर दें।

Please return this book on or before the date last stamped below.

दिनांक Date	उधारकर्ता की संख्या Borrower's No.	दिनांक Date	उधारकर्ता की संख्या Borrower's No.

Gu1
295
Hod

8323

अवाप्ति सं.
ACC No.....

वर्ग सं.
Class No.....

पुस्तक सं.
Book No.....

लेखक
Author Hodiwala, S.K.

शीर्षक
Title Pak Iranshahni Towarikh

LIBRARY
LAL BAHADUR SHASTRI
National Academy of Administration
MUSSOORIE

*Accession No.*_____

1. Books are issued for 15 days only but may have to be recalled earlier if urgently required.
2. An over-due charge of 25 Paise per day per volume will be charged.
3. Books may be renewed on request, at the discretion of the Librarian.
4. Periodicals, Rare and Reference books may not be issued and may be consulted only in the Library.
5. Books lost, defaced or injured in any way shall have to be replaced or its double price shall be paid by the borrower.

Help to keep this book fresh, clean & moving